23125

23125

નૂતન બાલશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

આદ્ય સંપાદક : ગિજુભાઈ બધેકા

સંપાદક : તારાબેન મોડક

વર્ષ : ૨૮ અંક : ૧

જાન્યુઆરી : ૧૯૫૩

જ્યારે શિખવા માટે અધીરાઈ જણાઈ આવે છે ત્યારે જ્ઞાન સારી રીતે આપી શકાય છે. અને એ જ બીજ વાવવાના દિવસો છે એમ સમજવું. આ સમયે બાલમન ફળદ્રુપ જમીન જેવું હોય છે. આ જમીનમાં જે કંઈ પડે તેનાં મૂળ ફૂટે છે અને તેનું પરિણામ મનની મૂળભૂત રચના ઉપર થાય છે.

: સંપાદક મંડળ :

જમુભાઈ દાણી, પૂનમચંદ શાહ, નરેન્દ્ર બધેકા,

હેમલતા માળવી, મંજરી રાયજી

વાર્ષિક લવાજમ : ૪ રૂ. છૂટક નકલ : ૬ આના

નૂતન બાલશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

આદ્ય સંપાદક : ગિજુભાઈ બધેકા

સંપાદક : તારાબેન મોડક

વર્ષ : ૨૮ અંક : ૧

જાન્યુઆરી : ૧૯૫૩

જ્યારે શિખવા માટે અધીરાઈ જણાઈ આવે છે ત્યારે જ્ઞાન સારી રીતે આપી શકાય છે અને એ જ બીજ વાવવાના દિવસો છે એમ સમજવું. આ સમયે બાલમન ફળદ્રુપ જમીન જેવું હોય છે. આ જમીનમાં જે કંઈ પડે તેનાં મૂળ ફૂટે છે અને તેનું પરિણામ મનની મૂળભૂત રચના ઉપર થાય છે.

: સંપાદક મંડળ :

જમુભાઈ દાણી, પૂનમચંદ શાહ, નરેન્દ્ર બધેકા,

હેમલતા માળવી, મંજરી રાયજી

વાર્ષિક લવાજમ : ૪ રૂ. છૂટક નકલ : ૬ આના

અનુક્રમણિકા

૧. ગ્રામ બાલશિક્ષા કેન્દ્ર
માટે વિનતિ ... ... તારાબેન મોડક
૨. બાલવર્ગ ને બાલમંદિર ... અનુતાઇ વાઘ
૩. બાળકનું ગણિત-શિક્ષણ... શેષ નામલે
૪. ચીનમાં બાળકો ... કપિલાબેન મહેતા
૫. બાલકલ્યાણ પરિષદ ... ... નામલે
૬. ઉત્સાહનો ભંગ ... ... ઇંદુમતી દેવ
૭. સંઘ સમાચાર ... ... સં.

બાળ વિભાગ

૧. ફેરીવાળો ... ... સરલાતાઇ દેવધર
૨. ઢીંગલીનું ઘર ... ... કપિલા ઠાકોર
૩. બાલવિનોદ

સંપાદકીય

મુંબઇ-રાજ્ય સરકારે યોજેલી પૂર્વ પ્રાથમિક શિક્ષક પ્રમાણપત્ર પરીક્ષા બોર્ડની મુદત ગયા મહિનાની આખરે ખલાસ થવાથી આ બોર્ડ બંધ થયું છે અને તેના કામની વ્યવસ્થા હવે શિક્ષણ ખાતા તરફથી થવાની હોય એવાં ચિહ્ન લાગે છે. બંધ થએલા બોર્ડ પર સરકારી અને બીન સરકારી સભાસદોનો સમાવેશ થયો હતો તેથી પૂર્વ પ્રાથમિક શિક્ષણક્ષેત્રમાં અનુભવી પણ બીન સરકારી સભાસદોનું માર્ગદર્શન આ પરીક્ષા બાબત મળતું હતું પણ હવેથી શિક્ષણખાતા મારફતે આ વ્યવસ્થા થવાની હોવાથી રાજ્યના શૈક્ષણિક વિભાગનાં ઇન્સ્પેકટર્સ પાસે તે તે વિભાગનાં બાલ અધ્યાપન મંદિરોની પરીક્ષા લેવાનું કામ સોંપાશે. આ રીતે સોંપાએલું કાર્ય, પૂર્વ પ્રાથમિક શિક્ષણતંત્રના અભ્યાસને બરોબર ન જાણનારી વ્યક્તિના હાથમાં જશે, અને તેનું પરિણામ વિદ્યાર્થીને, સંસ્થાને ભોગવવું પડશે.

મુંબઇ રાજ્યમાં નૂતન બાલશિક્ષણ સંઘ જેવી ૨૬ વર્ષનો અનુભવ જેને છે એવી સંસ્થા છે. આ સંસ્થા માત્ર મુંબઇ રાજ્યમાં જ નહિ પણ સૌરાષ્ટ્ર, કચ્છ, રાજસ્થાન, મધ્યભારત, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બંગાળ, મદ્રાસ જેવાં અનેક રાજ્યોમાં પોતાની શાખાઓ દ્વારા કામ કરી રહ્યું છે. તેથી નૂ બા. સંઘ એક અખિલ ભારતીય સ્વરૂપનું, પૂર્વ પ્રાથમિક શિક્ષણ નિયંત્રણક બોર્ડ સ્થાપે અને મુંબઇ જેવા પૂર્વ પ્રાથમિક શિક્ષણમાં આગળ ગણાતા રાજ્યને આ બોર્ડ પર આપણા પ્રતિનિધિ તરીકે નીમે એ બાલશિક્ષણ પ્રગતિની દૃષ્ટિથી બરોબર છે.

સરકારે બોર્ડ સ્થાપી તેની પર બીન સરકારી પ્રતિનિધિ લેવાનો પ્રયોગ કરી જોવો જોઇએ. આ પ્રયોગ એક તો સરકારને બહુ જ મોંઘો પડે છે તેથી તેમની સભા મર્યાદિત થઇ જાય છે, અને સભા મર્યાદિત થાય કે કાર્ય પણ મર્યાદિત બની જાય છે. આપણાં અનેક કાર્યમાં આ વિષય પર પૂરતું ધ્યાન કેન્દ્રિત કરવા યોગ્ય અવકાશ ન મળવાથી સભાનું કાર્ય યાંત્રિક બને છે. આ બોર્ડનું સંચાલન સરકારી અધિકારીઓ પાસે હોવાથી તેઓની મર્યાદામાં જ બોર્ડના કાર્યની પ્રગતિ ગૂંગળાતી હતી. એની જગ્યાએ સંઘનું જો સંચાલન હોય તો સંઘ આ જ કાર્યને વરેલો હોવાથી બાળ કેળવણી આગળ પગલાં ભરે એવું અનુમાન કરવા માટે કોઇ વાંધો દેખાતો નથી. સંઘ પાસે ઉત્સાહ છે, અનુભવ છે અને અનુભવી કાર્યકર્તાઓ પણ છે. તેથી સંઘના કાર્યને ઉત્તેજન આપીને જ અત્યારની પરિસ્થિતિમાં બાળ કેળવણીનું કાર્ય સારામાં સારી રીતે થશે એમ અમારું માનવું છે.

નૂ બા.શિ. સંઘની ફેરફાર કરેલી ઘટના સંપૂર્ણપણે લોકશાહી સ્વરૂપની હોવાથી આ દેશની ૧૫૦ થી ૨૦૦ બાલશિક્ષણ સંસ્થાનું વ્યવસ્થિત પ્રતિનિધિત્વ સંઘની શિક્ષણ સમિતિ પાસે હશે. તે જ પ્રમાણે આ સમિતિમાં દરેક અધ્યાપન સંસ્થાનું પણ પ્રતિનિધિત્વ રહેશે. બાલશિક્ષણતજ્ઞોને પણ આ સમિતિ પર લઇ શકાય. આ પ્રકારની સમિતિ જ બાલશિક્ષણનો શિક્ષણક્રમ ઘડી શકશે. તેમના અનેક પ્રશ્નોની મર્યાદા ઠરાવશે, પરીક્ષાનું તંત્ર નિર્માણ કરી તેમાં પ્રયોગ અને પ્રગતિ વગેરે કરી શકશે આમ કરવાથી દેશના બાલશિક્ષણ કાર્યને બરોબર જ પ્રોત્સાહન મળશે એવો અમારો મત છે. સં.

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૮ : અંક ૧] મુંબઈ [જાન્યુઆરી : ૧૯૫૩

ગ્રામ બાલશિક્ષા કેન્દ્ર, ઓડી માટે

મિત્રોને વિનતિ

ગ્રામ બાલશિક્ષા કેન્દ્ર, ઓડીની આ સંસ્થા માટે આપ યથાશક્તિ મદદ કરશો એવી મારી વિનતિ છે.

ગ્રામબાલ શિક્ષા કેન્દ્રની સ્થાપના

ગયાં ૨૬ વર્ષથી નૂતન બાલશિક્ષણ સંઘનું કાર્ય ચાલુ છે. પ્રથમ તે શહેરમાં પ્રચાર પામ્યું. સંઘ-સંચાલકોને પછી તે ગામડાની જનતામાં લઈ જવાની આવશ્યકતા લાગી. ૧૯૪૦થી એ દિશામાં વિશેષ પ્રયત્નો થયા. ૧૯૪૦ થી ૪૫માં સંઘે એ દિશામાં ત્રણ ઠેકાણે ગરીબ વસ્તીમાં પ્રયોગો કર્યા. ત્યાર પછી ૧૯૪૫ ના નવેંબર માસમાં ઓડીમાં ગ્રામબાલ શિક્ષા કેન્દ્રની સ્થાપના, શ્રી. બાળાસાહેબ ખેરના શુભ-હસ્તે કરવામાં આવી.

કેન્દ્રનું કાર્ય : પ્રથમ ગ્રામબાળકો માટે બાલવાડી શરૂ કરવામાં આવી. પછી ૧૯૪૬માં માર્ચથી મે આખર સુધી, ત્રણ માસનો બાલ-ક્રીડાંગણ શિક્ષણક્રમ યોજવામાં આવ્યો. પછી ઓગસ્ટથી પૂર્ણ અભ્યાસક્રમનું ગ્રામબાલ અધ્યા-પન મંદિર ચાલુ કરવામાં આવ્યું. શરૂઆતમાં કસ્તુરબા સ્મારક ટ્રસ્ટ તરફથી હિંદના અનેક ભાગોમાંથી ગ્રામસેવિકાઓ આ શિક્ષણ લેવા માટે આવતી. અત્યારે મુંબઇ સરકારે મંજૂર કરેલો, બાલઅધ્યાપન શિક્ષણક્રમ ગુજરાતી અને મરાઠી ભાષામાં ચલાવવામાં આવે છે.

અહીંના અધ્યાપન કાર્યની વિશેષ દૃષ્ટિ: (૧) શિક્ષણ-સાહિત્ય શિક્ષકો પોતે હાથે બનાવે છે. (૨) શિક્ષણ-સાધનો, બને ત્યાંસુધી સ્થાનિક અને સસ્તી વસ્તુઓમાંથી બનાવવામાં આવે છે. (૩) સ્થાનિક વસ્તુમાંથી જ બાળ-કોને હસ્તવ્યવસાય અપાય છે. (૪) શિક્ષકો સ્વાવલંબી જીવન જીવે છે. (૫) સામુદાયિક પદ્ધ-તિથી જીવવાનો પ્રયત્ન થાય છે. (૬) દેશના સામાજિક, રાજકીય અને આર્થિક પ્રશ્નો સમજે છે અને તે કાર્ય કરતી સ્થાનિક સંસ્થાઓના કાર્યમાં જાતે ભાગ લે છે. (૭) સાંસ્કૃતિક કાર્યક્રમઃ ભારતની સંસ્કૃતિને પોષક, એવી રીતથી કરવો. (૮) સર્વ ધર્મો માટે સમભાવ રાખી, ઉચ્ચ નીચ, સ્પૃશ્યાસ્પૃશ્ય, જાતિભેદ નષ્ટ કરવાની દૃષ્ટિએ કાર્યક્રમ યોજે છે.

મોટાં શહેરોમાં ઇચ્છા છતાં બાલકોને આ સર્વ કામો કરવાની મુશ્કેલી હોય છે. અહીં વિદ્યાર્થીઓ ચોવીસ કલાક વસતીગૃહમાં અને અધ્યાપકો સાથે રહે છે તેથી, અધ્યાપનનું કાર્ય યોગ્ય દિશામાં થઇ શકે છે.

કેન્દ્રીય બાલવાડી : અધ્યાપન, મંદિરના વિદ્યાર્થીઓને બાળકેળવણીના કાર્યનો પ્રત્યક્ષ પરિચય અને અનુભવ મળે તે દૃષ્ટિએ કેન્દ્રમાં સાધનસંપન્ન એવી એક કેન્દ્રીય બાલવાડી ચલાવવામાં આવે છે. એમાં સંસ્કારી શિક્ષણક્રમ ઉપરાંત ગ્રામીણ દૃષ્ટિથી અનેક કલા અને વ્યવસાય યોજવામાં આવે છે.

ઘર-આંગણાંની બાલવાડીઓ : ફેબ્રુઆરીથી તે મે આખર સુધીમાં આદિવાસી અને પછાત વસ્તીમાં તેમના જ આંગણામાં અને વાડીમાં અલ્પ અને મામૂલી સાધનથી ૪-૫ ઠેકાણે બાલવાડી ચલા-વવામાં આવે છે. તેમાં સ્વચ્છતા, રમત, શારીરિક હિલચાલ, ગીતો તથા એક બીજાં સાથે સંઘ-ર્ષમાં આવ્યા વગર પ્રેમથી મિત્રભાવે, સહકારથી તથા હળીમળીને વર્તવું. વ્યવસ્થિત રીતે સાદી,

સરળ ભાષામાં વિચાર વ્યકત કરવા તથા સમજી લેવા વગેરે બાબતો ઉપર ખાસ ધ્યાન અપાય છે. બાળકના મા–બાપ તથા અન્ય વડીલ મંડળની સામે જ આ બાલવાડીઓ ચાલતી હોવાથી તેના દ્વારા અપ્રત્યક્ષ પણે પછાત વર્ગનાં મોટેરાઓને સામાજિક પ્રવૃત્તિ તથા બાળકને ઉછેરવાનું શિક્ષણ આપવાનું કાર્ય ખૂબ અસર કારક રીતે થતું હોય છે. બાલશિક્ષણ અતિશય ખર્ચાળ હોવાથી ગામડાંનાં ગરીબ બાળકો માટે તે શકય નથી, એવી જે સર્વમાન્ય ગેરસમજૂતી છે, તે આ બાલવાડી જોવાથી દૂર થઈ શકે છે

ફી ન લેવી : આ તત્વ અહીં કેન્દ્રીય તથા આંગણાની બાલવાડીમાં આગ્રહપૂર્વક પળાય છે. કેન્દ્રીય બાલવાડીમાં પછાત વર્ગનાં બાળકો માટે નાહવાની પ્રવૃત્તિ, કપડાં ઉકાળીને ધોવા, ખરજ માટે મલમ, કાન તથા આંખના રોગ માટે દવા, વાળ ધોવા, વાળ ઓળવા, તેલ નાખવું વગેરે સગવડતા વિના મૂલ્યે આપવામાં આવે છે. ઠંડીમાં કપડાં પણ આપવામાં આવે છે. તે ઉપરાંત, શિક્ષણના એક અંગ તરીકે બધાં બાળકોને બપોરે નાસ્તો આપવામાં આવે છે. દૂરનાં બાળકોને લઈ આવવા માટે બળદગાડીની વ્યવસ્થા પણ વિનામૂલ્યે જ કરવામાં આવી છે. શિક્ષણ, નાસ્તો અથવા બળદગાડી માટે ફી ન લેવામાં દયા અથવા પરોપકારવૃત્તિ કરવાની દૃષ્ટિ નથી, પરંતુ એમાં એક મહત્વનું તત્વ છે. પૈસાદાર વર્ગનાં બાળકો બાળમંદિરમાં જઈ શકે, પૈસાદારનાં જ બાળકો ગાડીમાં જઈ શકે અને ગરીબ બાળકો પગે જાય. પૈસાદાર વર્ગનાં બાળકો સરસ કપડાં પહેરી શકે છે અને ગરીબનાં બાળકો ફાટેલાં, તૂટેલાં ગંદાં તથા અધૂરાં કપડાં પહેરે એ આર્થિક વિષમતાનું દૃશ્ય, કટુ અનુભવ અને તેની કટુ છાપ આ અર્ભકના સંસ્કારક્ષમ મન ઉપર ન પડે તેથી એક આના ફી સ્વીકારવામાં આવતી નથી. અને પિતાની આર્થિક પરિસ્થિતિ પ્રમાણે પૈસાદાર કે ગરીબ વચ્ચેનો ભેદભાવ કાઢી નાખવામાં આવ્યો છે. આ ખર્ચ પૂરો પાડવાની જવાબદારી ગામપિતા ઉપર નાંખવામાં આવી છે. તેણે તે જવાબદારી, ગામની શકિત પ્રમાણે આનંદથી સ્વીકારી છે, આ પ્રમાણે નાસ્તો, તેલ, સાબુ અને ગાડીનો બધો ખર્ચ ગામના કાર્યકર્તાઓએ ભેગો કરી આપવાનું સ્વીકાર્યું છે. તેમાં અમારી વાર્ષિક તૂટીનો પંચમાંશ ભાગ ભરપાઇ થશે એવી અપેક્ષા છે.

ગ્રામબાલ શિક્ષાકેન્દ્રની ઉપરની માહિતી ઉપરથી જણાઇ આવશે કે દેશોન્નતિની દૃષ્ટિથી ગ્રામીણ ક્ષેત્રમાંનું આ બાલશિક્ષણનું કાર્ય દરેક ઉપાયે ચાલુ રાખીને તેનો શકય તેટલો વિસ્તાર પણ કરવો જ જોઈએ.

તા. પમી ડિસેમ્બર ૧૯૫૨ને દિવસે બાલકલ્યાણની જાગતિક પરિષદનું મુંબઇમાં ઉદ્ઘાટન કરતી વખતે ભારતના પ્રધાન મંત્રીએ નીચે પ્રમાણેના ઉદ્ગાર કાઢયા હતા.

"ખરું જોતાં ગ્રામીણ વિભાગમાં કાર્યકર્તાની ખોટ છે, એમ કહેવા કરતાં વધુ પૈસાની ખોટ છે." ગ્રામ બાલ શિક્ષા કેન્દ્ર ટકાવવાની દૃષ્ટિથી મારો આગ્રહ એ ફકત આપણી સંસ્થા અખંડ ચાલવી જોઇએ એવી સામાન્યતઃ દેખાઇ આવતી મમ-ત્વની ભાવના ન હોઇ દેશની પ્રાથમિક, સૌથી મહ-ત્વની જરૂરીઆતમાંની એક છે એમ મનમાં થએલી ખાત્રી એના મૂળમાં છે. તેથી જ આ વિનતિપત્ર મારા મિત્રોને તથા આ કાર્યનું જેને મહત્વ સમજાયું છે તેમને હું મોકલું છું. દર વર્ષે રૂ. ૧૦૦ ની મદદ પોતે જ અથવા પોતાના વર્તુલમાંથી ભેગા કરીને મને આપી શકે એવા ૫૦,૭૫ નો મારો મિત્રવર્ગ છે એની મને ખાત્રી છે.

અહીં કાર્ય છે. યોગ્ય ક્ષેત્ર છે. ત્યાગવૃત્તિથી આ જ કાર્યમાં રંગાઇને મેં આટલાં વર્ષ કાર્ય કર્યું છે; અને તે કાર્યનો વાર્ષિક ૫/૬ હજારની ખોટ ભરપાઇ કરીને ટકાવનારો મિત્ર વર્ગ પણ છે. આ જ શ્રદ્ધાથી આ વિનતિપત્ર તમને મોકલી રહી છું. આશાજનક ઉત્તર જલદીથી આપો એવી વિનતિ છે.

આપની,
તારાબેન મોડક

બાલવર્ગ અને બાલમંદિર

'અમારા પૂનામાં ૨૫ બાલમંદિરો છે.' સિંધુ-તાઇએ આપેલી આ માહિતી સાંભળી મને ખૂબ ગર્વ થયો. શાબાશ વિદ્યાનું પિયર પૂના ! બાલ-શિક્ષણની ચળવળમાં પણ તે આગળ જ અને મનમાં થયું 'જોઇ તો આવું આ શાળા. કેવી વસ્તીમાં છે, કોણ ચલાવે છે, તેમને શું શું મુશ્કેલીઓ છે અને શા શા ફાયદા છે.'

બીજા દિવસથી ફરવાનું શરૂ કર્યું. બધા સંચાલકોએ ખૂબ આનંદપૂર્વક શાળા બતાવી. સાધારણ એ અથવા ત્રણ ઓરડા, થોડી ખુલ્લી જગ્યા; આટલી જગ્યામાં લગભગ ૧૦૦ જેટલાં બાળકો દેખાયાં. પૂરી ભરીને આટલાં વાલીઓ પોતાનાં બાળકોને શાળામાં મોકલે છે એ જોઇ મને આનંદ થયો.

૧૧ વાગતાં જ નાનાં નાનાં બાળકો નાની ઝોળીમાં પાટી પેન; બાવાનો ડબ્બો મૂકી શાળામાં જવા તૈયાર થઇ જાય છે. કોઇ મોટરમાં, કોઇ ગાડીમાં તો કોઇ રામાઓ સાથે શાળામાં જતાં. હાથ પગ ધોઇ, પ્રાર્થના કરી અક્ષરજ્ઞાન કે અંક-જ્ઞાન શરૂ થાય છે. લગભગ દોઢ વાગ્યા સુધી આ કાર્યક્રમ ચાલે છે. ત્યાર પછી અભિનય ગીતો કે વાર્તા કહેવામાં આવે છે. પછી નાસ્તાનો કાર્યક્રમ અને પછી થોડો વખત બહાર રમવાનું. ત્યાં ઘણે ખરે ઠેકાણે લપસણું રાખવામાં આવે છે. કોઇ કોઇ જગ્યાએ હિંચકો પણ હોય છે. ત્રણ સાડા ત્રણ વાગે બાળકો ઘેર જાય છે. આ જાતનો કાર્યક્રમ લગભગ બધી જ શાળામાં જોવામાં આવ્યો.

આ પ્રમાણે બાળકોના ત્રણ ચાર કલાક સરખી ઉમ્મરના જ મિત્રો સાથે ખૂબ આનંદમાં જાય છે, તેમને નિરાંતે રમવાનું મળે છે, જે એમને માટે ઘણું સારું કહેવાય. આ માટે સંચા-લકોને ધન્યવાદ.

પુના, મુંબઇ, અમદાવાદ, સુરત વગેરે શહે-રોમાં આવાં બાલમંદિરો ખૂબ હોય છે. એમાં બાળકોની સંખ્યા પણ ભરપૂર હોય છે. આની પરથી જણાઇ આવે છે કે બાલશિક્ષણનું મહત્વ શહેરોનાં વાલીઓના લક્ષમાં આવ્યું છે પણ બારીકાઇથી જોતાં એમ નથી.

ફરજિયાત શિક્ષણની સાથે જ, ૭ વર્ષ પૂર્ણ થયા સિવાય શાળામાં કોઇને લેવાય નહિ એવો સરકારે નિયમ કર્યો છે અને સાથે સાથે બાલવર્ગ પણ બંધ કર્યો છે. સાધારણ સુશિક્ષિત ઘરોમાં બાળક ૪–૪॥ વર્ષનો થતાં જ અભ્યાસની ઇચ્છા દેખાડે છે. આવે વખતે ૬ વર્ષ સુધી શું કરવું એ પ્રશ્ન વાલીઓ સામે ખડો થાય છે. ઘરે બારાક્ષર પાકી પહેલીનો અભ્યાસ પૂરો કરાવવો, આ એક રસ્તો તેમની પાસે છે. આના કરતાં પહેલીનો અભ્યાસ પૂરો કરાવી આપનારી શાળાઓ હોય તો વાલીઓને સહેલું ને સારું થઇ પડે છે. તેથી આવી શાળામાં બાળકોની ગીરદી દેખાય છે. થોડીક જ શાળાઓ બાજુએ મૂકી ઘણીખરી શાળાઓમાં પહેલીનો અભ્યાસ પૂરો કરાવવા પર જ વધારે ભાર અપાય છે. આ ઊભી થયેલી ગરજને લઇને જ આ શાળાઓ આવી થઇ પડી છે.

આવી શાળાઓથી વાલીઓની તાત્કાલિક મુશ્કેલીઓ દૂર થાય છે તે માટે સંચાલકોનો આભાર માનવો જોઇએ; તેમ છતાં આવી શાળા-ઓને 'બાલકમંદિર' અથવા 'બાલમંદિર' નામ આપવાથી ગેરસમજ થાય છે એ તરફ, વાલીઓનું લક્ષ દોરવા ઇચ્છું છું. આવી શાળાઓને 'બાલવર્ગ'નું નામ આપવું જોઇએ.

'બાલવર્ગ' અને 'બાલમંદિર'માં અભ્યાસક્રમ અને તે શિખવાની પદ્ધતિમાં આસમાન જમીનનો ફરક હોય છે.

બાલમંદિરમાં ૨॥ વર્ષથી ૬ વર્ષ સુધીનાં બાળકો હોય છે. આ વખતે બાળકોની જરૂરિયાત (૧) ઇંદ્રિયોનો વિકાસ (૨) ભાષાવિકાસ (૩) આજુબાજુની વ્યાવહારિક ક્રિયા પર કાબુ મેળવવો (૪) જગતનો પરિચય કરવાની દૃષ્ટિથી પ્રત્યેક વસ્તુનું નિરીક્ષણ, પરીક્ષણ અને પ્રયોગ (૫) સ્વાવલંબી થવું, આટલું હોય છે અને આ

શિખવામાં. મદદ કરવી એ જ બાલમંદિરનું મુખ્ય કામ છે. ઉપરનો અભ્યાસ બાળકો પોતાની મેળે જ કરે છે. તેમની પર કોઇ પણ જાતનું બંધન કે ફરજિયાતપણું નથી હોતું કે આજે તારે અક્ષર કરવાના છે ને કાલે ગણિત, વગેરે.

બાલમંદિરની જગ્યા, બાળકો છૂટથી હિલચાલ કરી શકે એવી હોય છે. તેમનો શારીરીક અને માનસિક વિકાસ થાય એ માટે પૂરેપૂરી કાળજી લેવાય છે, અને તેની વ્યક્તિગત નોંધ ઝીણવટથી રખાય છે. આ નોંધ પરથી બાળકનું મન સમજવાનો પ્રયત્ન થાય છે, અને તેથી તેના વિકાસમાં કયાં મુશ્કેલીઓ નડે છે તે સમજાય છે. એ મુશ્કેલીઓ દૂર કરી કે તેનો વિકાસ થવા માંડે છે. પાણીના વહેતા પ્રવાહમાં જો પાંદડાંનો ઢગલો આવે તો પ્રવાહ અટકે છે; પણ તે પાનનો ઢગલો બાજુએ કરી દઈએ તો પાણીનો પ્રવાહ પાછો સરળ રીતે વહેવા માંડે છે. તે જ પ્રમાણે બાળકોનો પણ વિકાસ થાય છે.

આવા આ બાલમંદિરમાં ૭ વર્ષે બાળકનો પહેલા ધોરણ સુધીનો અભ્યાસ થતો નથી, એમ નથી; તેમ છતાં થશે જ એવું પણ શિક્ષકો કહી શકતા નથી. કારણ તે બાળકની અંતર્ગત શક્તિ ને ગતિને અવલંબે છે.

બાળકો જલદી જલદી શીખે એ વિચારથી તેને ઘેર શિખવવા શિક્ષક રાખવાનો કે બાળશાળામાં મૂકી જબરદસ્તી કરવાનો કંઇ અર્થ નથી. બાળકને ભૂખ ન હોય છતાં, 'સરસ પોચો દૂધભાત છે તે ખા,' કહી બળજબરીથી ખવડાવવા જેવું જ તે છે. આમ બળજબરીથી ખાધેલો ભાત તેને પચતો નથી, તેમ જ જોર જુલમથી શિખવાયલું કે પ્રાપ્ત કરેલું જ્ઞાન બાળકના વિકાસ માટે ઉપયોગી નથી. એવું જ્ઞાન તેને ભારરૂપ લાગે છે.

બાળકને જન્મથી જ 'મારે મોટાં થવું છે' એ પ્રેરણા તેને અંદરથી ધકેલતી હોય છે અને વિકાસને રસ્તે દોરતી હોય છે. તેથી આ વિકાસની અંતર્ગત ભૂખ જાગૃત રાખવા તેને માટે અનુકૂળ વાતાવરણ તૈયાર કર્યું હોય તો તે શીખશે કે નહિ તેની ચિંતા કરવાની જરૂર રહેતી નથી. તે શીખશે જ અને જે શીખ્યું છે તે પચશે પણ ખરું. આ તેના સ્વભાવિક વિકાસને મદદરૂપ થશે. માટે આઠી વર્ષથી જ તેની જરૂરિયાતો સંભાળપૂર્વક પૂર્ણ કરવી અને તેના સ્વાતંત્ર્યની આડે ન આવવું એટલું ધ્યાનમાં રાખવું જરૂરી છે. આની પર બાલમંદિરમાં ખાસ ભાર અપાય છે.

બાળમંદિરો મોંઘાં છે એમ એક આક્ષેપ છે. પણ બાળવર્ગમાં જેટલી ફી હોય છે તેટલી જ સાધારણ બાલમંદિરમાં હોય છે, કંઇ વધારે હોતી નથી. તેથી બાલવર્ગમાં મોકલનારા વાલીઓ માટે આ પ્રશ્ન ઊઠતો જ નથી. તેમ છતાં, તમારાં બાળકોને તમે 'બાળવર્ગ'માં મોકલો છો કે 'બાલ' મંદિરમાં' તેનો સુજ્ઞ વાલીઓએ વિચાર કરવો જોઇએ.

અનુતાઈ વાઘ

બાળકનું ગણિતશિક્ષણ

શિક્ષણ સંબંધી ખૂબ વિચાર પૂર્વક યોજના કરવામાં આવી છે. તેમાં બાળકોની બધી જ મુશ્કેલીઓનો વિચાર કર્યો છે તેથી આપણે પદ્ધતિસર અંકપરિચય કરાવી આપ્યો હોય અને ગણિત બાબત યોગ્ય અનુભવ બાળકોને આપ્યો હોય તો ગણિત પણ બાળકો ખૂબ હોંસથી કરે છે.'

તે બોલ્યાં, 'હું કંઇ જોને ફક્ત આંક ગોખાવતી નથી. તેને પ્રત્યક્ષ કંઈ ને કંઇ વસ્તુ લઈ ગણવા આપું છું. તમે પણ તમારી શાળામાં

લેખાંક પહેલો : ગણિતની શરૂઆત

'નાનપણથી બરોબર મોઢે કરવાની ટેવ પાડી હોય તો આગળ શિક્ષણમાં મદદ થાય છે' આ વિચારથી કમલાતાઇ રોજ સાંજે પોતાના ચાર વર્ષના ચિતુને પહેલાં સંસ્કૃત ને મરાઠી શ્લોક ને પછી સો સુધી ગણાવતાં હતાં.

એક દિવસ તેમણે મને પૂછ્યું, 'તમારી મોન્ટેસોરી પદ્ધતિમાં તમે અંકજ્ઞાન કેવી રીતે આપો છો?' મેં કહ્યું, 'મોન્ટેસોરી પદ્ધતિમાં અંક

આમ પ્રત્યક્ષ જ્ઞાન આપો છો?" મેં પૂછ્યું, "તમારું શિખવવાનું પરિણામ કેવું આવ્યું છે?" તે બોલ્યા, "હું કેટલીવાર તેની પાસે ગણાવું છું પણ કોણ જાણે તેને યાદ જ નથી રહેતું. વસ્તુ જુએ કે બે, ચાર, છ ગમે તેમ બોલે છે પણ વસ્તુને અને એના ગણવાને કંઈ સંબંધ જ નથી હોતો." મેં કહ્યું, "મને લાગે છે કે હવે પછી તમે ગણિત શિખવવાનો પ્રયત્ન જ ન કરતાં." તે બોલ્યાં "કેમ?"

'આ પેધ્ધતિથી ગણિતની શરૂઆત કરી કે ગણિત માટે 'કંટાળો' ને 'આળસ' ઉત્પન્ન થાય છે.' એટલું જ નહિ પણ તમે એક પ્રકારનું બાળકોને માનસિક નુકસાન કરો છો.' તેમણે પૂછ્યું ' કઈ રીતે, માનસિક નુકસાન?'

'હમણાંથી જ તમને લાગે છે કે તેને યાદ રહેતું નથી. તમારું આવું જ 'શિક્ષણ' આગળ પણ ચાલુ રહેશે અને વિનુ અંક ગણવામાં ભૂલો કરશે એટલે તમે કહેશો એને ગણિત બિલકુલ આવડતું જ નથી. અને તમારી સાથેનાં બધાં પણ એમ કહેવા લાગશે, અને વિનુને અન્યાય થશે. તેને ફરી ફરી ગણવા આપશો. તેને આ બરોબર સમજણ ન પડવાથી મનમાં ગોટાળો ઉત્પન્ન થાય છે અને પછી આ વિષય માટે કંટાળો આવે છે. એક વાર કંટાળો આવે કે તેની પ્રગતિ અટકી જાય છે અને આ વિષયની પ્રગતિ અટકી કે આ બાળક ડોબું છે એવી છાપ પડી જાય છે.

તેણે કહ્યું, "મારે શું કરવું, તે તો કહો." "કહું છું તો ખરો," મેં કહ્યું, "તમે થોડા દિવસ તો અંક શિખવવાનું બંધ કરો એટલે પછી એ બધું જ ભૂલી જશે અને ત્યાર પછી વ્યવસ્થિત રીતે શરૂઆત કરી શકાશે." "પણ કેટલા દિવસ શીખવવું બંધ રાખું? હવે તો તેને પાંચમું બેસવા આવ્યું છે." મેં કહ્યું, "એમ જોતાં તો અમારી પધ્ધતિ પ્રમાણે પણ મોડું તો થયું જ છે. અમારા બાલમંદિરમાં અઢી વર્ષથી અમે બાળકોને દાખલ કરીએ છીએ."

તે બોલ્યા, 'તેના બાપુનો મત છે કે બાળકને બને એટલો મોડો શાળામાં દાખલ કરવો. આટલી નાની ઉમ્મરથી શિક્ષણનો તેના મન પર શા માટે બોજો નાખવો? પછી તો જન્મભર શીખવાનું જ છે. થોડો વખત તેને રમવા દો.' એવું એમનું કહેવું છે.

મેં કહ્યું, 'તેમનું કહેવું અમુક રીતે તો બરુ જ છે; હમણાં આપણી જે સામાન્ય શાળાઓ છે અને તેમાં જે જાતની બાળકોને શિક્ષણ આપવાની પ્રથા છે, શિક્ષણ પ્રત્યેની સંકુચિત અને રૂઢ કલ્પના છે ત્યાં સુધી બાળકોને બને તેટલું શાળામાં મોડું જ મોકલવું યોગ્ય છે. પણ અમારા બાલમંદિરોનું તંત્ર આનાથી જુદું જ હોય છે. અમારે ત્યાં બાળકોને શિખવવાનું હોતું જ નથી. બાળકો પોતાને ગમે તે કામ કરતાં હોય છે. અમે, તેને શું કરવું છે તે જોઈ પ્રવૃત્તિ ને તેના યોગ્ય સાધનો આપીએ છીએ. આવશ્યક એટલી સૂચના આપીએ છીએ અને પછી તેઓ શીખે છે. અમારા બાલમંદિરમાં શિક્ષણની વ્યાખ્યા એટલી વ્યાપક છે કે બાળક ક્રીડાંગણમાં જઈ રમતું હોય તે પણ અમારી દૃષ્ટિએ તો શિક્ષણ જ છે. ક્રીડાંગણમાં રમતાં રમતાં બાળકો સહકારની ભાવના, બીજાને મદદ કરવી વગેરે શીખે છે. આ જાતનું શિક્ષણ અમારી દૃષ્ટિથી તો ગણિત કે લેખન, વાંચન કરતાં પણ વધુ મહત્ત્વનું છે. તેથી જ બાપુ જો નવીન પધ્ધતિથી ચાલનારાં બાલમંદિરોમાં પણ જલદી દાખલ કરવા વિરુદ્ધ હોય તો તે બરોબર નથી. તેમણે એકવાર અમારી શાળા આવીને જોવી જોઈએ.

તે બોલ્યાં, "તેમનું કહેવું એમ છે કે ગણિત જેવા વિષયનો બોજો નાનપણથી બાળક પર નાખવો બરોબર નથી જ. મને લાગે છે કે તેની મરજી પ્રમાણે જેટલું શીખવું હોય તેટલું શિખવવું. તે શીખવા નામરજી બતાવે તો હું તેના પર કંઈ જબરદસ્તી નથી કરતી. પણ મને એમ લાગે છે કે એક વાર શીખવાનો સમય ચાલી જાય પછી એને કાયમનું જ નુકસાન થાય છે. આપણા મતનું શું કહેવું એ તો બદલી પણ શકાય! તેમને આજે લાગે છે કે ન શીખવાનુ

પણ કાલે કહેશે કે શીખવ્યું હોત તો સારું થાત. એટલે હું એને ઘરે જ થોડું થોડું શીખવું છું. તમે આ વિષયનો અભ્યાસ કર્યો છે માટે જ હું તમને પૂછવા આવી કે આ બરોબર છે કે નહિ?" મેં કહ્યું, "બાળકોને ગણિતની શરૂઆત કયારે કરાવવી એ વિષય પર બધા શિક્ષણતત્ત્વો જ કયાં એકમત છે? કોઇ કહે છે કે જીવનમાં જ્યારે આ વિષયની જરૂરિયાત લાગે ત્યારે શિખવવાની શરૂઆત કરવી. કોઈ કહે છે કે ગણિતિક થવું એ માનવી મનનું વિશેષ લક્ષણ છે. mind of man is essentially mathematical ગણિત દ્વારા જ માનવી મન પોતાની યોગ્ય પ્રગતિ કરી શકે છે. ગણિત એ મનના વિકાસનું એક સાધન છે. તેથી તેને શીખવ્યું હોય કે નહિ તો પણ ગણિતના ક્ષેત્રમાં પણ ભાષા જેવું જ સ્વાભાવિકપણું આવે છે. અને ભાષા પ્રમાણે આમાં પણ તે પ્રગતિ કરવાનો પ્રયત્ન કરે છે. બાલમનના આ પ્રયત્નને તેની આજુબાજુનું યોગ્ય વાતાવરણ મળ્યું કે તેની પ્રગતિ વધારે જલદીથી થાય છે. તેથી ગણિત કયારે શરૂ કરવું એ પ્રશ્નનો ઉ-તર હું એમ આપીશ કે બાળકના વાતાવરણમાં ગણિત વિષયનો યોગ્ય અનુભવ મળે એવી વ્યવસ્થા કરવી અને પછી બાળક જ્યારે આ દિશામાં પોતાની મેળે પ્રયત્ન કરે ત્યારે ગણિતની શરૂઆત કરવી. દરેક બાળક પરત્વે આ શરૂઆત જુદે જુદે સમયે થાય છે. પણ બાળકની સામે ગણિતનું વાતાવરણ જેટલું જલદી નિર્માણ કરી શકાય તેટલું વધારે સારું એવું મારું માનવું છે.

બાળકના મનનો વિકાસ હંમેશ તેના અનુભવ દ્વારા થાય છે. અનુભવ એટલે મન અને આજુબાજુના જગતની આઘાત પ્રત્યાઘાત–ક્રિયા. આ આઘાત પ્રત્યાઘાતમાંથી જ બાલમન ઘડાય છે. તેથી 'ગણિતની શરૂઆત આ વિષયની જ્યારે જીવનમાં જરૂર પડે ત્યારે કરવી' એમ કહેનારાઓને મારું કહેવું છે કે જીવનમાં ઉત્પન્ન થનારી જરૂરયાત આપોઆપ ઉત્પન્ન થતી નથી. અને વળી હું ગણિતશિક્ષણ તરફ ગણિતશિક્ષણની દ્રષ્ટિથી નથી જોતો પણ બાલમનના વિકાસના એક મહાની સાધન તરીકે જોઉં છું. આ સાધનનો ઉપયોગ કયું બાળક કયારે કરે છે એ જાણવું મારી દ્રષ્ટિએ મહત્વનું છે. એની પરથી બાલમનનું વલણ, મર્યાદા સ્પષ્ટ થાય છે અને તે પ્રમાણે શિક્ષક એના મનના વિકાસનો પોષક બની શકે છે. માટે જ બાલમંદિરમાં અમે આ વિષયનું વાતાવરણ એકદમ શરૂઆતથી જ ઊભું કરીએ છીએ. પણ બાળકો તો પોતપોતાની શકિત પ્રમાણે આ વાતાવરણનો ઉપયોગ કરે છે. તે બોલ્યાં, "તમારું કહેવું એમ છે કે ગણિત કયારે શીખવવું એ મોટાએ ન ઠરાવવું પણ બાળક કયારે શીખવાની તૈયારી કે ઇચ્છા બતાવે છે તે જોવું?"

મેં કહ્યું, "તમે મારું કહેવું બરોબર સમજ્યાં છો; આપણે આવું ધોરણ રાખીએ એટલે બાળકોને ગણિતનો બોજો લાગતો નથી. જો બોજા જેવું લાગશે તો તે ગણિતની દિશા તરફ જશે જ નહિ. અમારી શાળામાં આવા જ એક અમેરિકન શિક્ષણ તજ્ઞ આવ્યા હતા. તે વખતે ચાર પાંચ વર્ષનાં બાળકો ૪૭૨૬, ૮૨૦૮ વગેરે જેવી મોટી મોટી રકમ, આપેલી ચિઠ્ઠી પ્રમાણે લાવતાં હતાં, કોઇ બાળકો આ રકમનો સરવાળો પણ કરતાં હતાં, અને આ અમેરિકન બોલતાં હતાં 'બિચારાં છોકરાં, કેટલી નાની ઉમ્મરે બિચારાને ગણિત કરવું પડે છે' અને શિક્ષકો તરફ તે કરુણાજનક દ્રષ્ટિથી જોતા હતા. અમે જાણે કોઇ શિક્ષણનો રસ્તો ભૂલેલા શિક્ષકો હોઇએ એવી ભાવનાથી અમારી તરફ જોતા હતા. "પણ આટલા નાનપણથી આ આપવાની જરૂર શું"? અમે તેને કહ્યું, 'બાળકો પોતાની મેળે જ કરે છે. જુઓ ત્યાં પેલું બાળક રાશી ગણવામાં કેટલું તલ્લીન છે!

'ગમ્યા મારું શિક્ષક' એવો અભિપ્રાય બાંધી તે જતા રહ્યા હશે. આ બધું હું એને માટે કહું છું કે 'આટલા નાનપણથી ગણિત શિખવવાની જરૂર નથી' એવું તમારા બાપુ જ નથી માનતા પણ જગતમાં એમના જેવા તો કેટલાએ લોકો છે.

કદાચ એમના કહેવાનો કોઇ બીજો અર્થ હશે. તે આપણે પ્રયોગ કરી નિશ્ચિત કરવો જોઇએ. પણ અમે ગણિત વિષયને મનોવિકાસના એક સાધન તરીકે જ જોઇએ છીએ. માનવી મન એ મૂળતઃ ગણિતિક છે (Mind of man is essentially mathematical) ફ્રેંચ તત્વજ્ઞને લાધેલા આ સત્યનો પ્રત્યક્ષ અનુભવ પ્રતિક્ષણે આપણને બાળમંદિરમાં મળતો હોય છે. બાલ-મંદિરના નિરાગ્રહી વાતાવરણમાં પોતપોતાની પ્રેરણાને અનુસરીને રમનારાં બાળકોની રમતો ને કામમાં બાળકના મનનું ગણિતિક સ્વરૂપ અમને દેખાઈ આવે છે.

તે બોલ્યાં, "પણ ગણિતનું વાતાવરણ એટલે શું તે તમારે મને બરોબર સમજાવવું જોઇએ. વિનુને શિખવવાનું હું બંધ કરીશ પણ મને રચનાત્મક (Positive) સૂચનાઓ તો આપો. ઘરમાં ને ઘરમાં ગણિતનું વાતાવરણ કેવી રીતે ઊભું કરી શકું તે તો મને કહો.."

મેં કહ્યું, "એ આપણે આગળ ચર્ચીશું."

(અપૂર્ણ) —શેષ નામદો

ચીનમાં બાળકો

દુનિયામાં દરેક દેશના રીતરિવાજ, ભાષા, વાતાવરણ અને હવાપાણી જુદા જુદા હોય છે, પણ મનુષ્ય સ્વભાવ તો જ્યાં જઇએ ત્યાં સરખો જ દેખાય છે. દરેક દેશ પોતાની પ્રજાને પોતાની રીતે સમૃદ્ધ કરવા મથી રહ્યો છે પ્રજા-ઘડતરનો પાયો મુખ્યત્વે બાળપણમાં જ ઘડાય છે, એ વસ્તુ ચીનની નવી લોકશાહી સરકાર પણ સારી રીતે સમજી ગયું છે. ઓકટોબર ૧૯૫૨ના પહેલા અઠવાડિયામાં ભરાયેલી એશિયન એન્ડ પેસિફિક રીજનની શાંતિ પરિષદમાં હું એક હિન્દી પ્રતિનિધિ તરીકે રાજધાની પેકિંગ શહેરમાં ગઇ હતી. પરિષદ તા. ૨જી ઓકટોબરથી તા. ૧૨મી સુધી ચાલી હતી. શાંતિ-પરિષદના પ્રતિનિધિઓને ચીનના થોડા વિભાગમાં ફેરવવામાં આવ્યા હતા. હું ચીનમાં દોઢ મહિનો ફરી. તેમાં ત્યાંનું નવઘડતર ખ્યાલમાં લેવા મેં યથાશક્તિ પ્રયત્ન કર્યો. ખાસ કરીને બાળકોની ચળવળનાં કેટલાંક દ્રષ્યો જે મને જોવા મળ્યાં તેનું ચિત્ર દોરવા પ્રયત્ન કરીશ.

તા. ૨૧ મીએ સવારના હોંગકોંગથી નીકળી મેં ૧૧ વાગે ચીનની હદ પરના એક ગામડામાં પ્રવેશ કર્યો. સાંજના ૬ વાગે કેનટોન શહેરના સ્ટેશને ગાડી પહોંચી, ટ્રેનના ડબ્બામાંથી હું ઊતરતી હતી, ત્યાં હસતી એક નવેક વર્ષની બલિકાએ આવી મને ફૂલતોરા આપ્યા અને મારો હાથ પકડી મને લઇ ગઇ; જાણે હું એને ઘેર જવાની ન હોઉં! મારી માફક તે દિવસે ઊતરેલા બીજા અઢારેક પ્રતિનિધિઓને એ રીતે બાળકોએ સ્નેહભર્યા ઘેરી લીધાં. સ્ટેશનથી બહાર નીકળતાં સુધીમા એમના મીઠા ગુંજન 'શાંતિ અમર રહો' (હોપીંગ વનસે) ના એક સરખા મધુરા નાદોએ અમારા દિલમા શાંતિની પ્રેરણા ઉછાળી. અમને હોટલમાં મૂકી હેતથી વળગી એ બાલસંઘના સભ્યો વિદાય થયા. બીજે દિવસે સવારના હું એરોપ્લેનમાં પેકીંગ જવા એરોડ્રોમ ગઇ. ત્યાં આગલા દિવસનાં જેવાં, બીજા બાલસંઘનાં બાળકોએ દરેકના હાથમાં ફૂલતોરા આપી 'હોપીંગ વનસે'નું શાંતિ ગુંજન અમારા કર્ણોમાં જગાવ્યું. હું એરોપ્લેનમાં બેઠી ત્યારે મને થયું કે આ બાળસંઘનાં બાળકો સાથે આવ્યાં હોત તો કેટલો આનંદ થાત! કેવાં ભૂલકાં જેવાં સશક્ત લાગતાં હતાં! જાણે કેટલાયે પરિચિત ન હોય? બધાં સ્નેહાળ અને આનંદિત લાગતાં હતાં, એમને અમે અજાણ્યા નહિ લાગતાં હોઇએ?

સાંજના એરોપ્લેન પેકીંગ ઊતર્યું. નીચે ઊતરતાં મેં સામે ભૂરા પાટલૂન, સફેદ કમીસ અને લાલ રૂમાલ ગળે બાંધેલા ગણવેશમાં બાળસંઘના સભ્યોને સૂત્રોનો પોકાર ગજાવતા સાંભળ્યા. મને થયું, હાશ, અહિંયા પણ બાળસંઘ છે. સામેથી દોડતાં આવી દરેક પ્રતિનિધિને હાથમાં ફૂલછડી આપી, ભેટી, એક એક બાળક હસતાં હસતાં અમને લઇ ગયાં. જ્યાં સુધી ચીનમાં હું ફરી ત્યાં સુધી મેં દરેક મોટાં શહેરોમાં તેમ જ

નાનામાં નાનાં ગામડામાં આ બાળસંઘો જોયાં, દરેક ઠેકાણે મેં બાળસંઘનાં બાળકોનો એક જ પોશાક, એક જ જાતની શિસ્ત–પાલનની રીતથી ૧૫ વર્ષના ગાળાવાળાં લાખો બાળકો આ સંઘનાં (યંગ પાયોનિયર્સ ઑફ ચાઇના) સભ્ય બને છે, તેમ જ એકસરખાં પ્રફુલ્લિત, આનંદિત મુખડાં જોયાં. ભણતર શાળામાં ભણે છે, તેની સાથે આ બાળસંઘમાં જોડાઈ હિંમતવાન બને છે. સમુહ આનંદ તેમ જ સમુહમાં શિસ્તપાલન મેળવતાં આ બાળસભ્યો ૧૬ વર્ષે અભય યુવક અગર યુવતી તરીકે ઘડાઇ યુવક સંઘમાં જોડાય છે.

દરેક કારખાનામાં, મીલોમાં, નિશાળોમાં તેમ જ જ્યાં જ્યાં સ્ત્રીઓ કાર્ય કરતી હોય તેમનાં બાલુડા સારુ બાળગૃહ ચલાવવામાં આવતું હોય છે. શેંઘાઇના એક જુદા કારખાનામાં મેં એક બાળગૃહમાં એકસો બાળકો જોયાં સમયપત્રક જોયું ત્યારે લાગ્યું કે આ બાળછાત્રાલય હશે. મેં પૂછ્યું કે રાતનાં બાળકોને માતાઓ ઘેર કેમ નથી લઇ જતી? જવાબમાં માહિતી મળી કે જ્યાં સ્ત્રી કામદારને વધારે શ્રમનું કામ કરવાનું હોય છે ત્યાં આ જાતની સગવડ મળે છે. કામદાર બહેન બાળક સાથે રાતના ઉજાગરા વેઠે અને બીજે દિવસે કામ કરવું પડે તેથી તેનું શરીર ઘસાય. રજાને દિવસે તે પોતાને ઘેર બાળકને લઇ જાય છે. પોતાનું દૂધ પાતી માતાઓ એમના કામને સમયે દૂધ પિવડાવવા બાળગૃહમાં આવે છે, તેવી જ રીતે છેલ્લા રાતના અને વહેલા સવારમાં આવી દૂધ પીવડાવી જાય છે. બાળ ઉછેર વૈજ્ઞાનિક પદ્ધતિથી થતો હોવાથી બાળકો શારીરિક તંદુરસ્તીમાં ખૂબ જ ખીલેલાં ફૂલની માફક તાજગી ભર્યાં અને શોભીતાં દેખાતાં હતાં.

બાળગૃહોમાં બાળકોને સંભાળનાર પરિચરિકાઓ પૂરતા પ્રમાણમાં હોય છે. ત્રણ બાળકો વચ્ચે સંભાળનાર એક બાઇ ગણી શકાય. રસોડું, ધોબીખાતું વગેરે સંસ્થામાં હોય છે. તાત્કાલિક ઉપાયનું એક નાનું દવાખાતું તથા ડોકટરની સગવડ પણ હોય છે.

બાળગૃહ માફક બાળમંદિર (નર્સરી) હોય છે. દરેક ઠેકાણે બાળમંદિરો લગભગ સરખે ધોરણે ચાલતાં જોવામાં આવ્યાં. નર્સરીઝના આંકડા મેં મેળવ્યા હતા. ચાર લાખ સત્તાવન હજાર બસો (૪,૫૭,૨૦૦) બાળકો અને ૬૫૦૦૦ નર્સરીઝ છે. એમ દેખાડવામાં આવ્યું હતું. આ ચાર્ટસ ૩૦ પ્રાંતોમાં ચાલતી નર્સરીઝનાં હતાં. આમાંની થોડી નર્સરીઝ મેં શહેરો તથા ગામડામાં જોઇ.

બાળમંદિરોનાં બાસ ત્રણ વિભાગ ધ્યાન ખેંચતા હતા. ચિત્રવિભાગના ખંડો, સંગીત વિભાગના ખંડો જુદા હોય છે. (ચિત્ર વિભાગ) (સંગીત વિભાગ) તથા ત્રીજો (ઢીંગલી–ગૃહો વિભાગ) (ડોલ હાઉસ) હોય છે. ચિત્ર વિભાગના ખંડોની ભીંતો ઉપર બાળ–રમતો, બાળ–વાર્તાઓ, જુદાં જુદાં જંનાવરો, પ્રાણીઓ અને થોડાં કુદરતી દ્રષ્યોનાં કાયમી ચિત્રો ચીતરેલાં હોય છે. બાળક ઊતારી શકે તેટલી ઊંચાઇએ ખંડની દીવાલો પર બાળકોનાં ચિત્રોની (આલ્બમો) ચોપડીઓ લાઇન બંધ ટીંગાડેલી જોઇ. નાની બુરશીઓ, ડ્રોઇંગ પાડવાનાં ઢળતાં ટેબલો, રંગનાં સાધનો વગેરે કલાત્મક રીતે ગોઠવેલાં જોયાં. સંગીતખંડમાં સંગીતનું વાતાવરણ પથરાયેલું જોવામાં આવતું હતું. એક બાજુ પિયાનો, આજુબાજુ જુદાં જુદાં વાદ્યો ગોઠવેલાં હતાં. ભીંતોનો રંગ ખુલ્લા રંગનો રંગેલો હતો. બારીબારણાં ચટાઇઓના પડદાથી શણગારેલાં જોવામાં આવ્યાં. બાળમંદિરનાં બાળકોના આરે-એસ્ટ્રી ગોઠવાયેલા જોયા, અને વગાડતાં જોયાં. સૂરો સાથે મેળવનાર બાળકો પોતાના વાદ્યસાધન સાથે એક સૂર અને તાલમા મગ્ન બની જુદાં જુદાં વાદ્યો વગાડતાં હતાં. બાળમંદિરોની પ્રવૃન્તિમાં ઢીંગલીગૃહની રચનામાં બાળકોનો સંસાર બહુ મીઠો લાગતો. વચલા ખંડના બાજુબાજુના વરંડામાં ઢીંગલીગૃહો માંડેલાં જોયાં. કોઇ જગાએ ખંડમાં પણ આવાં ગૃહો હતાં (ડોલ અને બેર) ઢીંગલીઓ અને રીંછ. ઘઘર બેર, બેબી બેર, ફાધરબેરનું કુટુંબ ચૂલા ઉપર ચાનું પાણી ઉકાળતાં અને નાસ્તો તૈયાર કરતાં. ટેબલ ઉપર ગોઠવતાં બુરશીઓ ઉપર આખા બેર કુટુંબને બવડાવતાં. બાળકોને આદર્શ કુટુંબનાં ઘડવૈયા બનતાં જોયાં. નાનાં રમકડાંના બાટલાની ચાદરો પાથરવી, ઉપર ઓઢવાના ને કલાભરી રીતોથી વાળીને

ગોઠવતાં, કચરો કાઢતાં, સામાન સાફ કરતાં બાળકોને સુઘડતાનાં સર્જકો બનેલાં જોઈ આનંદ થતો.

બાળમંદિરોમાં બાળકોની સંખ્યા મોટા પ્રમાણમાં હોય છે. સો, દોઢસો, બસો સુધી જોવામાં આવી. બધું અંદાજના આંકડા મેળવતાં બાળક દીઠ રૂ. ૩૦) થી ૪૦) પડતા જણાયા. ખોરાક, સગવડ અને વ્યવસ્થા શહેરો અને ગામડાંઓનાં બાળમંદિરમાં સરખી જણાતી. ફક્ત શહેરનાં મકાનો અને ગામડાંઓનાં મકાનોમાં ફરક દેખાતો. હુન્નરોની સંખ્યામાં પણ હાલ કામદાર–નગરો નવાં બંધાવા માંડયાં છે. તેમાં બાળગૃહ, બાળમંદિર, માધ્યમિક શાળાઓ સારુ ખૂબ જ વિશાળ નવું બાંધકામ થતું જોવામાં આવ્યું. મોટે ભાગે કામદારનાં બાળકોનાં બેબીગૃહ બાળમંદિરો છાત્રાલય સાથે ચાલતાં જોયાં.

એક વખત મેં ચીનના હેલ્થ મિનિસ્ટર બહેન મેડમ લી. ટીંચ. ચ્યુમની મુલાકાત લીધી હતી. જેમાં બીજા વિષયોની ચર્ચા સાથે બાળ છાત્રાલય વિષે મેં પ્રશ્ન પૂછેલો કે આ રીતે નાનપણથી છૂટા પડેલાં બાળકો કૌટુંબિક જીવનથી અજાણ નથી રહેતાં ? જવાબમાં મને જણાવ્યું અને સમજાવ્યું કે બેબી હોમ અને નર્સરીઝમાં બાલગૃહ અને બાલમંદિરમાં જે પરિચારિકાઓ રોકવામાં આવે છે તેમણે બાળમાનસ અને બાળકેળવણી વિષેનો ખાસ અભ્યાસ કરેલો હોય છે. જ્યારે મા છૂટી હોય છે, રજા પર હોય છે, ત્યારે તે બાળકને લઈ જાય છે. માતાઓને શિક્ષણ એમનાં કાર્યક્ષેત્રોમાં પૂરતું આપવામાં આવે છે. માતાઓની સભાઓ, જમણો સાથે ગોઠવી માતાઓ અને પરિચારિકાઓ વચ્ચે ખૂબ જ સુમેળ સાધવાની યોજના હોય છે. બાળઉછેરમાં ખાસ બાળકમાં અભયતાનાં, હિંમતના અને શ્રમના ગુણો કેળવવા પ્રત્યે પૂરતું ધ્યાન આપવામાં આવે છે. આ આખી યોજના રાજવહીવટમાં સમાએલી છે, જેથી એની વિચારણાની ચર્ચાઓ તથા આર્થિક વ્યવસ્થા વિચારપૂર્વક ગોઠવેલી હોય છે. જરૂર પડે પાછો એમાં ફેરફાર થઇ શકે છે. ત્રણ વર્ષના ગાળામાં ચાર ગણા વધેલા ઉત્પાદનના આંકડા જે દેખાય છે, તેનાં કારણોમાંનું એક કારણ આ પણ માની શકાય કે બાળકોના સુખમાં રાજી રહેતા અને જવાબદારીમાંથી રાહત મેળવનાર કામદારો તનમનથી વધુ શ્રમકાર્ય કરી શકે છે.

અમે જ્યાં બાળમંદિરો જોવા જતાં ત્યાં બાળકો સામાં આવી સ્વાગત કરતાં. 'અમર રહો'નાં સૂત્રો બોલતાં. છૂટથી અમારા હાથ પકડી એમનાં બાળમંદિર, રમકડાં, ભણતરનાં સાધનો બધું દેખાડતાં. બાળમંદિરો એમને ઘર જેવાં લાગતાં. ત્યાં એમને કોઇનો ધાક હોય એવું નહોતું જણાતું. એમના મનોભાવ છૂટથી વ્યકત કરતા જોયાં. એના એક બે દાખલા અહીં ટાંકું છું.

એક બાળમંદિરમાં ગયાં જ્યાં બસો બાળકો હતાં. મોટા બગીચામાં રમતાં. બાળકો સાથે અમારું પ્રતિનિધિ મંડળ રમવા બેઠું. બાળકો છૂટથી બધાં પાસે આવે. એમને અમે બધી રીતે જુદા લાગતાં હતાં. છતાંએ ગભરાતાં ન હતાં. પૂ. રવિશંકર મહારાજે એક બાળકને રમાડવા લીધું. એ બાળક કંઇ કહેતું હતું. શું કહે છે તે સમજ ન પડી. એણે એમને ખેંચી નીચે બેસાડયા. ઉઘાડા પગ તરફ જોતાં જોતાં છેક માથેથી ટોપી કાઢી પોતાને માથે મૂકી અને વળગી બધું પૂછવા લાગ્યું. એની કાલી ભાષા સમજાતી ન હતી પણ હેતાળ ભાવ જોઇ આનંદ થતો. એક બાળક મારી પાસે આવી ચીની ભાષામાં વાતો કરવા લાગ્યું. મેં મારી સાથેના ઇન્ટરપ્રિન્ટરને સમજાવવા કહ્યું, થોડી ગડમથલે એની ભાષા સમજાઇ. એ કહેતું હતું કે આજે એ એને ઘેર જવાનું છે; ત્યાંથી ખાવાનું લાવશે તે મને આપશે. મને બાળકોની આ અભયવૃત્તિના ગુણો જોઇ આનંદ થતો. ચીનનાં બાળકો સાચાં શાંતિચાહકો નીવડશે. એમના માનસ ઉપર આઘાત, પ્રત્યાઘાતોની અસર નહિ હોય. બાળક બોલતાં શીખે છે, તેની સાથે જ બાળક (હોપીંગ વનસે) 'શાંતિ અમર રહો'ની તાળી વગાડતાં શીખે છે. બધે જ રાષ્ટ્રીય બે સૂત્રો સંભળાતાં (હોપીંગ વનસે) શાંતિ અમર રહો. (ચેરમેન માઓત્સેતુંગ વનસે) 'પ્રમુખ માઓન્સેતુંગ અમર રહો.' આ ઘોષણાઓ સાથે મારા કાનમાં હિંદના રાષ્ટ્રીય સૂત્રોનાં પડઘા અથડાતા. 'જય હિંદ' 'જય જવાહર'.

કપિલાબહેન મહેતા

આંતર રાષ્ટ્રીય બાલકલ્યાણ વિષયક અભ્યાસ પરિષદ

ભારતીય બાલકલ્યાણ મંડલ (The Indian Council for Child Welfare) અને આંતર રાષ્ટ્રીય બાલકલ્યાણ સંઘના (The International Union for Child Welfare) ના સહકારથી અને ભારત સરકારની મદદથી મુંબઇમાં પાંચમીથી તે બારમી ડિસેમ્બરના સપ્તાહ દરમ્યાન આંતર રાષ્ટ્રીય બાલકલ્યાણ વિષયક અભ્યાસ પરિષદ યોજવામાં આવી હતી. પરિષદનું ઉદ્‌ઘાટન ભારતના પંતપ્રધાન શ્રી. જવાહરલાલ નહેરૂને હસ્તે મુંબઇના કુપરેજ મેદાનમાં શુક્રવાર તા. પમીને રોજે સાંજે ૬–૧૫ વાગે કરવામાં આવ્યું. શનિ-૯–૩૦ વાગે શરૂ થએલા પહેલા અધિવેશનમાના પ્રમુખપદે ભારતના આરોગ્યમંત્રી રાજકુમારી અમૃતકૌર હતા. તેમના પ્રાસ્તાવિક ભાષણથી જ પરિષદની શરૂઆત થઇ, અને ત્યાર પછી તા. ૧૨ મીની સાંજ સુધી બધાં મળીને આઠ અધિવેશનો થયાં. તેમાં બાલકલ્યાણ વિષયક કુલ નવ વિષયો ઉપર તે તે વિષયમાં રસ હોય એવા મંડળે (Group) ચર્ચા કરી પરિષદને જોડીને આંતરરાષ્ટ્રીય બાલકલ્યાણ પ્રદર્શનની યોજના કરી હતી. આ પરિષદ જગતિક બાલકલ્યાણની દ્રષ્ટિથી મહત્વની હોવાથી શિક્ષણ પત્રિકાના વાચકો માટે આ પરિષદના કાર્યનું રેખાચિત્ર અહીં રજૂ કરીએ છીએ.

આંતરરાષ્ટ્રીય બાલકલ્યાણ સંઘ (The International Uuion for Child Welfare)

આ નામથી જગૃતિક કાર્ય કરનારી સંસ્થા હાલના સ્વરૂપમાં જિનીવામાં ઇ. સ. ૧૯૪૬માં સ્થાપન થઇ હતી. આ સંસ્થામાં જ, આ પહેલાં જિનીવામાં જ ૧૯૨૦માં સ્થાપન થએલી બાલરક્ષણ આંતરરાષ્ટ્રીય સંઘ (Save the Child International Union) અને બ્રસેલ્સમાં ૧૯૨૧માં સ્થાપેલી બાલકલ્યાણ પ્રોત્સાહક આતરરાષ્ટ્રીય મંડળ (The International Association for the promotion of Child Welfare) આ બન્ને સંસ્થા વિલીન થઇ છે. જગતના કુલ ૩૮ રાષ્ટ્રનું સભ્યાસદ્‌ત્વ આ સંસ્થાને પ્રાપ્ત થયુ છે. આ સંસ્થાનું સર્વ કાર્ય ૧૯૨૩ની સાલમાં જાહેર કરેલી અને ફરી ૧૯૪૮માં સુધારેલા બાળકોના હકકોની ઘોષણા ઉપર અવલંબે છે. આ યુનેસ્કો અને બીજાં અનેક આંતરાષ્ટ્રીય સંસ્થા એ આ સંસ્થાને સલાહકાર તરીકે સ્વીકારે છે.

ભારતીય બાલકલ્યાણ મંડળ (Indian Council of Child Welfare) ભારતના આરોગ્યમંત્રી રાજકુમારી અમૃતકૌર આ મંડળના પ્રમુખ છે. તે જ પ્રમાણે શ્રી જવાહરલાલ નહેરૂના પુત્રી સૌ. ઇંદિરા ગાંધી આ મંડળના ઉપ-પ્રમુખ છે. આ મંડળનું કાર્યાલય ૬, સિકંદર રોડ નવી દિલ્હીમાં છે.

શ્રી. જવાહરલાલ નહેરૂનુ ભાષણ : પરિષદના ઉદ્‌ઘાટન સમયે કરેલા ભાષણમાં તેઓએ કહ્યું હતું કે 'ભારત જેવા જે દેશની સામે અન્ન, વસ્ત્રો અને આશરો જેવી જીવનની મૂળ-ભૂત જરૂરીઆતો પૂરી પાડવાનો પ્રશ્ન સમગ્ર દેશ સામે ઉગ્ર છે તે દેશમાં બાલકલ્યાણના પ્રશ્નનું નિરાકરણ આદર્શવાદની ભૂમિકા ઉપરથી નહિ પરંતુ વાસ્તવિક અને વ્યાપક દ્રષ્ટિકોણથી થવું જોઇએ. ગામડાંમાં જ્યાં કાર્યકર્તાઓ મળતા નથી ત્યાં આપણામાંના સૌથી વધુ લોકોએ જવું જોઇએ. દેશના આ સર્વવ્યાપી બાળકોના પ્રશ્નોનું સરળતાથી નિરાકરણ કેવી રીતે કરી શકાય એનો વિચાર અહીં થવો જોઇએ

શ્રી. રાજકુમારી અમૃતકૌર : પહેલા દિવસના અધિવેશનમાં પોતાના પ્રાસ્તાવિક સ્વરૂપના ભાષણમા તેઓએ કહ્યું કે આજનાં બાળકો આવ-તી કાલના મહાન પુરુષો થવાના હોવાથી ભાવિ પેઢીને સમાજકલ્યાણની વાત સાધ્ય થાય તે આપણે જોઇ શકીએ એવું આપણને લાગતું હોય તો આપણે આજનાં બાળકોના કલ્યાણ માટે કમર કસવી જોઇએ. બાલકલ્યાણ એ દરેક કુટુંબ સામે મૂળભૂત પ્રશ્ન હોઇ, એ કુટુંબદ્વારા દેશની સાથે પણ છે. બાલકલ્યાણના કાર્યક્રમદ્વારા જીવનઘોરણ

ઊંચું લઇ જવું અને જેમ ઘરમાં તેમ જ રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં સૌખ્ય વૃદ્ધિની દૃષ્ટિથી કાર્ય થઇ શકશે.

અજ્ઞાયાના ડો. એલન ફીલ્ડ :–એમણે કહ્યું કે પૂર્વ રાષ્ટ્રનાં બાળકો અર્ધા ભૂખ્યાં ભૂખ્યા વસ્તીવાળા વાતાવરણમાં, ગંદી કરીને રહેનાર તથા જેમને શૈક્ષણિક સગવડતાઓ મળતી નથી એવાં એ બાળકો છે. એનાથી ઊંધું પાશ્ચાત્ય દેશનાં બાળકોને આ બાબતોની સગવડ જરૂર કરતાં વધુ મળે છે. પૌર્વાત્ય દેશનાં બાળકોની માંદગી સ્પષ્ટ જ હોય છે. પરંતુ પાશ્ચાત્ય દેશનાં બાળકો માનસિક વિકારોથી પીડાતાં હોય છે. આ રોગ ગૂંચવણભર્યા હોય છે અને એનું પૃથક્કરણ કરવું પણ અઘરું હોય છે. તેમની સુખસગવડોને બદલે તેમને પૌરુષયુક્ત ગ્રામીણ જીવનનો અનુભવ લેવા દેવો એ જ એક ઉપાય દેખાય છે. બાલકલ્યાણનું જાગતિક-કાર્ય એક બીજાની ભૂલોમાંથી જ નવા પાઠો શીખવાથી થાય છે.

ડેન્સના ડો. ક્રેલ્હર: એમણે કહ્યું કે બાળકની ભૌતિક જરૂરીઆતોની અવહેલના થતી હશે તો એ સુખ સગવડનો કંઇ પણ ફાયદો થશે નહિ.

તે જ દિવસે બપોરે બીજા ખુલ્લા અધિવેશનમાં ડો. જે. સુનોલિની, શ્રી કપિલાબેન બાંડવાલા અને વર્ધાના શ્રીમતી સાઇકસે પોતપોતાના પ્રબંધ વાંચ્યા. આ અને એની આગળના ખુલ્લા અધિવેશનમાં કુલ નવ વિષયો ઉપર પ્રબંધ વંચાયા. આ પ્રબંધના જ વિષયો લઇને ચર્ચા માટે કુલ એટલા વિભાગો પાડવામાં આવ્યા, દરેક વિભાગે પોતે પોતાના વિષય ઉપર ચર્ચા કરી અને ચર્ચાનો મત અને નિર્ણયો, સારાંશના રૂપમાં, ફરી ખુલ્લા અધિવેશનમાં, બધાના વિચાર માટે રજૂ કરવામાં આવ્યા હતા. આ જૂદા જુદા વિભાગમાં જે ચર્ચા કરવામાં આવી હતી તેમાંથી એ વિભાગોનો ટૂંક સાર નીચે પ્રમાણે છે.

ચર્ચાવિભાગ પહેલો

વિષય :–કુટુંબમાં બાળકનું શારીરિક પાલન પોષણ. આ વિષયની ચર્ચામાં ચાલીસ સભ્યો અને તેર નિરીક્ષકે ભાગ લીધો હતો. આ ચર્ચા-વિભાગની કુલ ત્રણ બેઠકો થઇ હતી

શારીરિક પાલન પોષણના પ્રશ્નની સાર્વિક અને વૈયક્તિક દૃષ્ટિ કોણથી તપાસણી કરવામાં આવી. સાર્વિક યોજના : ગ્રામીણ વિભાગમાં આરોગ્ય કેન્દ્ર અને સમાજ કેન્દ્રમાં વધારો થવો જોઇએ. (અ) ઘર એ બાળકનું પહેલું અને મહત્વનું વાતાવરણ હોવાથી તેમાં સ્વચ્છતા, હવા અને પ્રકાશની પૂરતી સગવડ કરવી જોઇએ. ઘર બધે ઠેકાણે સરખાં હોવાની જરૂર નથી. સ્થાનિક પરિસ્થિતિને તે અનુરૂપ હોવાં જોઇએ અને તેમાં કુટુંબના જીવનને આવશ્યક એવું એકાંતપણું (Privacy) હોવું જોઇએ. (બ) આહાર (Nutrition) સ્થાનિક અન્નવસ્તુનું ઉત્પાદન કેવી રીતે વધે, અન્ન કેવી રીતે તૈયાર કરવું વગેરેનું શિક્ષણ લોકોને આપવું. દરેક વિભાગમાં થતી અન્ન-વસ્તુમાં કેટલાં પોષક તત્વો છે તેનાં કોષ્ટકો તૈયાર કરીને શિક્ષણમાં એનો સમાવેશ કરવો. દૂધનો પૂરવઠો કેટલાંએક દેશમાં પૂરતો ન હોવાથી ગામડાંઓમાં પણ તેની ઉપર નિયંત્રણ મૂકીને તે ગર્ભવતી સ્ત્રીઓને અને નાનાં બાળકોને મળે એવી સગવડ કરવી. દૂધ ઉપરાંત ઇંડાં, લીલોતરી અને સોયાબીન્સનો ઉપયોગ પ્રોટીન્સ-દ્રવ્ય માટે કરવાનો પ્રચાર પણ શક્ય તેટલો કરવો. જ્યાં માછલી મળવાની શક્યતા હોય ત્યાં માછલીના ઉત્પાદનના ઉદ્યોગને ઉત્તેજન આપવું.

અનેક વિભાગમાં મરડો, અતિસાર સાંસર્ગિક રોગ અને આંતરડાં ઉપરની કૃમિ એવા રોગથી પણ પોષણનો દોષ દેખાઇ આવે છે, અને તેથી તે વાતાવરણમાંની સ્વચ્છતા અને આરોગ્ય સુધારવાની જરૂર દેખાય છે. (ક) માતૃકલા અને કુટુંબનું અર્થશાસ્ત્ર એ વિષય શાળા અને કારખાનામાં કામના સમય દરમ્યાન શિખવાડવા. આરોગ્ય નિદર્શકે (Health Visitors) બારંબાર કુટુમ્બોની મુલાકાતો લેવી, નિદર્શક કેન્દ્રો અને અંશત. લોકશિક્ષણમાંથી પિતૃક વ્યવસાય (Parent-craft) શિક્ષણ સારું થઇ શકે છે આ શિક્ષણ સહેલું, પ્રગતિમય વ્યાવહારિક અને તે તે પ્રદેશની અનુકૂળતાને અનુસરીને હોવું જોઇએ ચિત્રપટ...જેવાં સાદા ચક્ષુશિક્ષણ ઉપાયનો ઉપયોગ થઇ શકે. દૈનિક સંવર્ધન શાળા (Day Nurseries) હાલની પરિસ્થિતિમાં આવશ્યક છે પરંતુ સમાજસેવાના સર્વાંગી કાર્યમાં તેનો સમાવેશ કરવો જોઇએ.

વ્યક્તિગત કાર્ય : જ્યાં સુવાવડ ઘરે કરવી સુરક્ષિત ન લાગતી હોય એવે ઠેકાણે બે અથવા ચાર બાટલાની સારી સૂતિકાગૃહો કાઢવાં જોઇએ. સુરક્ષિત સુવાવડના પ્રશ્નની સાથે બાળકનો જન્મ પછીના પાલનપોષણના પ્રશ્નને પણ એટલું જ મહત્વ આપવું જોઇએ. ગર્ભવતી અને દુગ્ધશ્રાવની સ્થિતિમાં માતાના આહાર બાબતમાં વધુ ધ્યાન આપવું જોઇએ. જ્યાં બાળકોને પ્રતિપોષક આહાર આપી શકાય ત્યાં દીર્ઘકાલ સ્તનપાનની પદ્ધતિ ટાળવાનો ઉપાય યોજવો. કપડાં અંગે ઉષ્ણ દેશમાં પાંચ વર્ષ સુધી બાળકને કપડાં ન હોય તો સારું.

ચર્ચાવિભાગ બીજો :

વિષય : બાળકનું પાલનપોષણ અને ગૃહ શિક્ષણમાં પ્રાથમિક સિદ્ધાન્ત. આ વિભાગની ચર્ચા જે મુદ્દાઓ ઉપર કેન્દ્રિત થઇ તેમાંના મુખ્ય મુદ્દા નીચે પ્રમાણે છે.

(૧) ઘરમાંના બાળકના પાલનપોષણમાં પિતાનું સ્થાન.

(૨) નાગરિક શિક્ષણની શરૂઆત કયારે અને કયાં કરવી ?

(૩) જે માતાને ઘરકામ ઉપરાંત બહારનું કામ કરવું પડે છે, તેની બાળક પર થતી અસર.

બાળકના માનસિક અને ભાવનાત્મક જીવનના સંરક્ષણ માટે પ્રેમ, નિયંત્રણ, અન્ય બાળકોનો સહવાસ વગેરે આવશ્યક હોવાથી ઘરના સ્વાભાવિક પ્રશ્ન સાથે—

(૧) બાહ્ય જગતનો સંબંધ હોવો જોઇએ તેથી—બાળકલ્યાણની યોજનાઓમાં બાળકના પાલન પોષણની દૃષ્ટિથી વાલીઓના શિક્ષણનું મહત્વ પહેલું સમજવું જોઇએ.

(૨) તે માટે કાર્યકર્તાઓએ શિક્ષણ એ સૌથી મહ-ત્વની વાત છે એમ માનવી જોઇએ.

(૩) આવા કાર્યકર્તાઓની ખોટ હોવાથી આંતરરાષ્ટ્રિય સંઘટનાને આ બાબતમાં મદદ કરવા માટે પ્રમુખશ્રીએ વિનંતી કરવી જોઇએ. તે જ પ્રમાણે બધા રાષ્ટ્રના સ્થાનિક, સરકારી, અને બીનસરકારી સંઘટનાને માટે શિષ્યવૃત્તિ પૈસા ઉધાર આપવાની સગવડ કરવા માટે પણ વિનંતી કરવી.

(૪) પિતૃક શિક્ષણના કાર્યક્રમમાં રેડિયો, પિતૃક વર્ગ, વાલીઓના સંઘ, ચિત્રપટ, પ્રકાશિત સાહિત્યનો ઉપયોગ કરીને યોજના થાય એ જોવું જોઇએ.

(૫) વાલીઓ બાળકના પાલન પોષણની પોતાની જવાબદારી સારી રીતે પાર પાડી શકે એ દૃષ્ટિથી સમાજે વાલીઓને મદદ કરવી એ સમાજનું કર્તવ્ય છે. આ દૃષ્ટિથી, કુટુમ્બની દૃષ્ટિથી તેને યોગ્ય નિર્વાહ મળવો જોઇએ. આર્થિક મદદ મળવી પણ જરૂરની છે. માતાને જ્યાં કામ કરવું જ પડે એવી પરિસ્થિતિ હોય ત્યાં સંવર્ધન કેન્દ્રો તથા પૂર્વ પ્રાથમિક સંસ્થાની યોજના કરીને વાલીઓને મદદ કરવી જોઇએ. તે જ પ્રમાણે કુટુંબને બાળકના પાલન પોષણ અંગે સામુહાયિક રીતે મદદની યોજના કરવી જોઇએ.

—શેષ નામલે.

ઉત્સાહનો ભંગ

'મા, મા, થોડું કાપડું છીણી આપું કે ? જોજે તો ખરી હું કેટલું સરસ છીણું છું ! કેમ ? નહિ ? હું કંઇ બોલીશ નહિ. શું કહે છે ? હું હાથ કાપીશ એમ ? વારુ, ત્યારે. આ બધો કચરો ભારી દઉં ? શું કહે છે, કે હું આખા ઘરમાં કચરો કરીશ ? ત્યારે હું કરું શું ? તું જ મને કહે. ઝાડને પાણી પાઉં ? કેમ નહિ ? હું બધે ભીનું કરીશ અને પાણી ઢોળીશ. એમ ! તું તો મને કંઇ કરવા દેવાની જ નથી; ત્યારે હું મારા બાપ પાસે જાઉં છું. બાપા, આપો, હું કપરકાબી મૂકી દઉં. શું હું ધમ કરીને ફેંકી નાખીશ ? ત્યારે તમારે ચિઠી મોકલવી છે ને ? લાવો, વિજુના કાકાને ઘેર આપી આવું. તમે એમ કહો છો કે હું ખોઇ નાખીશ ? અરે સરસ રીતે બી સા માં મૂકીને લઇ જઈશ. અરે, શું હું ભણવા બેસું ? પણ આજે કંઇ અભ્યાસ કરવાનો જ નથી. માને કહ્યું કે ચિત્રો પાડવા માટે કાગળ, પેન્સિલ, રંગીન ચોક આપ; તો તે કહે છે કે બધુ બરાબ કરી નાખશે. બીજા છોકરાને બોલાવી ઘરમાં નાટક કરું કે ? ત્યારે બોલી કે ના રે; ઘરમાં એ બધી ધમાલ ન જોઇએ. મેં કહ્યું કે વિમાન, હોડી બનાવવા કાતર આપ. ત્યારે કહે છે કે હાથ કાપી બેસીશ, અને આખા ઘરમાં કચરો કરીશ. અમને કંઇ કરવા દેતી જ નથી. બસ આખો વખત ભણવા જ બેસાડે છે. હું તો વિજુને ઘેર જાઉં છું. તેની મા તો કેટલી મજા કરાવે છે, ગીતો શીખવે છે, વાર્તા કહે છે, તેની શાળામાં પણ ખૂબ મજા હોય છે અને તમે તો બસ, ધોલ જ પાડો છો અને થપ્પડ મારો છો.

ધનંજય દેવ

બાલશિક્ષણ અને સંઘ સમાચાર

સંઘની વૈવાર્ષિક ચૂંટણી

ચૂંટણી માટે કુલ વીસ પ્રાદેશિક શાખાની યોજના કરવામાં આવી છે. આ યોજના પ્રમાણે દરેક પ્રાદેશિક શાખાના પ્રદેશ અને આ પ્રદેશનાં સંઘનાં સભાસદોનાં નામની યાદી તે તે શાખા સંચાલક પાસે કેન્દ્રીય કાર્યાલયમાંથી મોકલવામાં આવી છે. આ યાદીમાંના સભાસદોએ યોગ્ય સ્થાનિક શાખામાં અથવા જ્યાં ભિન સ્થાનિક શાખાની એક જ નગરશાખા હોય એવી નગરશાખામાં યોજવાનું કાર્ય પ્રાદેશિક શાખાનાં સંચાલકોનું છે. દરેક સ્થાનિક શાખાએ પોતાની શાખાના જૂના નવા સભાસદો પાસેથી પ્રવેશ પત્રકો ભરી લેવાં જોઈએ. જૂના સભાસદોની વર્ગણી વસૂલ કરવી નહિ કારણ શિક્ષણ-પત્રિકાના કાર્યાલય તરફથી તે વસૂલ કરાય છે; પરંતુ પ્રવેશ પત્રક તો ભરી લેવાં અને એ રીતે નવા ને જૂના સભાસદોની નિશ્ચિત યાદી પોતાના પ્રાદેશિક સંચાલકોને મોકલી આપવી. સંઘનું વર્ષ એપ્રિલથી શરૂ થાય છે પણ સ્થાનિક શાખાના સભાસદ કોઈ પણ મહિનાથી થઈ શકે છે. સ્થાનિક શાખાની ચૂંટણી સામાન્યતઃ ૧૮-૩-૫૩ની અંદર થઈ જવી જોઈએ. પણ જે શાખાથી આટલી મુદતની અંદર થઈ ન શકે તેણે પ્રાદેશિક શાખા સંચાલકને કહી મુદત લંબાવવી.

'સક્રિય' સભાસદ

દરેક સ્થાનિક શાખાના કાર્યકારી મંડળમાં કુલ જે ૯ સભાસદો હોય છે તેમાંથી એક જગા સક્રિય સભાસદ માટે જુદી રાખવામાં આવી છે. આ જગ્યા માટે ફક્ત સક્રિય સભાસદો જ ઊભા રહી શકે છે. એક શાખા જે પોતાના શાખાના કાર્યકારી મંડળમાંના 'સક્રિય' સભાસદને ચૂંટે તો ઘટના પ્રમાણે આ સક્રિય સભાસદ ઓછામાં ઓછા ૬ વર્ષ સુધી સંઘના કાર્યકારી મંડળ પર રહી શકે છે. આ સક્રિય સભાસદ એટલે શાખાનું અવયવ. તેના કાર્ય પર શાખાનો વિકાસ આધાર રાખે છે.

આ સભાસદ શાખાના કાર્યકારીમંડળનો પદાધિકારી હોય કે ન હોય, શાખાનું કાર્ય સતત ચાલુ રહે એ જોવાની નૈતિક ને આંતરિક જવાબદારી આ કાર્યકર્તા પર વિશેષપણે હોય છે. ટૂંકમાં, સક્રિય સભાસદ એટલે શાખાના બધા કાર્યકર્તાઓને કાર્યતત્પર કરનારું એક તત્ત્વ છે.

નગર પ્રાદેશિક શાખાની રચના

નગર પ્રાદેશિક શાખા બે પ્રકારની છે. એક સ્થાનિક શાખા અને તેમાંથી બનેલી નગરશાખા અને બીજી અથવા સોની ઉપરના સભાસદોની ભિન સ્થાનિક શાખાની બનેલી એક જ શાખા તે નગર શાખા. જે નગર શાખામાં સ્થાનિક શાખા છે તેની ચૂંટણી તા. ૧૮: ૧: ૫૩ સુધીમાં થવી જોઈએ. ભિન સ્થાનિક શાખાની નગર શાખાઓના કાર્યકારી મંડળની ચૂંટણી તા. ૩૧: ૧: ૫૩થી ૧૫: ૨: ૫૩ સુધીમાં કરવાની છે. આ વાત કાર્યકર્તાઓએ ધ્યાનમાં લેવી.

કાયમી સભાસદોના પ્રતિનિધિની ચૂંટણી

કાયમી સભાસદ એટલે જૂની ઘટનાના સર્વ પ્રકારના આજીવન સભાસદ. નવી ઘટનામાં એને માટે પ્રદાતા, દાતા, હિતેચ્છુ અને આજીવન સભાસદ નામો યોજ્યાં છે.

આ સર્વ સભાસદોના પ્રતિનિધિની ત્રણ જગા નૂ. બા. શિ. સંઘના નિયંત્રણ મંડળ પર ભરવાની છે. જેને આ જગા માટે ઊભા રહેવું હોય તે પોતાનું નામ કેન્દ્રીય કાર્યાલયમાં આપે તો બસ. આ સર્વ સભાસદો પર કેન્દ્રીય કાર્યાલય પરથી ઘટના સંબંધી ખુલાસો કરતું પત્રક મોકલી આપવામાં આવ્યું છે. સંઘના કાર્યનું મહત્વ ધ્યાનમાં લઈ આ કાર્યનું મમત્વ રાખનારા લોકોએ આગળ આવી પોતાનાં નામ કાર્યાલયને આપવાં એવી આગ્રહપૂર્વક વિનંતી છે.

એક આના ફંડ

નૂતન બાલ શિક્ષણ સંઘના કેન્દ્રીય કાર્યાલય અને પ્રાદેશિક કાર્યાલયને આર્થિક મદદ મળે એમ ધારીને આ ફંડની યોજના કરવામાં આવી છે. માટે જ આ ફંડમાંથી બને તો કોઇ પણ સ્થાનિક શાખાએ પોતાનો ભાગ માગવો નહિ સ્થાનિક શાખાને બનતી મદદ કરવાનું કામ પ્રાદેશિક અને કેન્દ્ર શાખાને કરવાનું હોય છે અને આ કાર્ય માટે આ શાખાને પ્રત્યક્ષ ક્ષેત્ર ન હોવાથી સ્થાનિક શાખાએ ખુશીથી 'એક આના ફંડ' આ કાર્ય માટે આપવું. આ વખતના ફંડનો હિસાબ હજુ સુધી કોઇ કોઇ શાખાઓએ મોકલ્યો નથી. તો **તા. ૨૫ જાન્યુઆરી સુધીમાં કેન્દ્રીય કાર્યાલયને મોકલી આપે એમ વિનંતી છે.** કેન્દ્રીય કાર્યાલયને આ હિસાબ મધ્યવર્તી વ્યવસ્થાપક મંડળ પાસે રજૂ કરવાનો છે. તો આ કામમાં હવે ઢીલ થવી ન જોઇએ. સર્વ સંસ્થા અથવા શાખા પાસે હિસાબ લઇ ઠરાવેલા સમયની અંદર તે મોકલી આપવો.

પ્રાદેશિક શાખાવૃત્ત

મદ્રાસ નગર પ્રાદેશિક : તા. ૨૨–૧૨–૫૨ ના રોજ મુંબઇ શાખાના પ્રમુખ તારાબેન પ્રેમચંદના વરદ હસ્તે આ શાખાની સ્થાપના થઇ. સ્થાપના સમારંભમાં આંતરરાષ્ટ્રીય પરિષદના બાળકેળવણીમાં રસ ધરાવતા કેટલાક પ્રતિનિધિ તથા સ્થાનિક ભાઇબહેનોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. શ્રી. પી. કે. જપી તથા પ્રો. ધીરુભાઇએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. અત્યારે દક્ષિણ ભારતમાં આ એક જ નૂ. બા. શિ. સંઘની શાખા હોવાથી દક્ષિણ ભારતના બધા સહાયક સભ્યો આ શાખાના સભ્યો ગણાશે.

વડોદરા નગર પ્રાદેશિક

રવિવાર તા. ૨૮-૧૨-૫૨ના રોજ શ્રી. શેષ નામલેના શુભ હસ્તે શિશુભારતી સંસ્થાની સ્થાનિક શાખાની સ્થાપના કરવામાં આવી. ટૂંક સમયમાં વડોદરાની અન્ય બાળશિક્ષણ સંસ્થાઓમાં વધુ શાખાઓ સ્થપાશે એવા સમાચાર નગર શાખા સંચાલક શ્રી. કમળાશંકર પંડિત તરફથી જાણવા મળ્યા છે.

વડોદરા જિલ્લા પ્રાદેશિક

આ શાખાના પ્રદેશમાં આવતા ડભોઇ, વાઘોડિયા, બહાદરપૂર અને સખેડા આદિ સ્થળે સંઘની સ્થાનિક શાખાઓ સ્થપાશે એવા સમાચાર, વડોદરા જિલ્લા પ્રાદેશિક શાખા સંચાલક શ્રી. નટુભાઇ બુરાનપુરિયા પાસેથી આવ્યા છે.

મહેસાણા જિલ્લા પ્રાદેશિક : આ પ્રદેશમાં ચકુબાઇ બાલમંદિર વિસનગર, મ્યુ. બાલમંદિર વડનગર, કેળવણી મંડળ વા. ક. બાલમંદિર ઉંઝા. કનોલ મ્યુ. બાલમંદિર કલોલ, લાડોલ બાલમંદિર લાડોલ, નૂતન બાલમંદિર, મહેસાણા, આ ૭ બાલમંદિરનું નિરીક્ષણ હાલના નિરીક્ષક શ્રી. પ્રભુભાઇ ઉપાધ્યાયે કર્યું હતું. તે જ પ્રમાણે આ સર્વ સંસ્થા મહેસાણા જિલ્લામાં સ્થાનિક શાખા સ્થાપન કરનાર છે એમ સમાચાર આવ્યા છે.

ખેડા જિલ્લા પ્રાદેશિક. શાખાના સંચાલક અને મધ્ય ગુજરાત શાખાના મંત્રી શ્રી દેવદત્ત પટેલનું કાર્ય હવે શ્રી. સોમાભાઇ કિશાભાઇ સંભાળી લેશે. શ્રી. સોમાભાઇ સ્વ. ગિજુભાઇના એક પ્રખર શિષ્ય છે. ખેડા જિલ્લાના બાળ કેળવણીના ક્ષેત્રમાં તેઓ જાણીતા છે. સંઘના કાર્યને બધી રીતે મદદરૂપ થવા અને આ પ્રદેશના કાર્યને સંગઠિત કરવા શ્રી. સોમાભાઇ પ્રયત્ન કરશે.

કલકત્તા પ્રાદેશિક

શ્રી. ધનદુમેન પરળીકર તથા શ્રી. જ્ઞાનવંતીદેવી લાટ જાન્યુઆરીના બીજા અઠવાડિયાથી શાખાના કાર્યને વેગ આપવા પ્રયત્ન કરશે. આ શાખાનું કાર્ય શ્રી. રતનલાલ જોશી તથા શ્રી. ધનદુમેન પરળીકરને સોંપાયું છે.

સૌરાષ્ટ્ર પ્રાદેશિક

જોગવર નગર, ધ્રાંગધ્રા, લીંબડી અને વિરમગામમાં જયંતિ સપ્તાહ ખૂબ ઉત્સાહથી મનાવવામાં આવ્યું. સૌરાષ્ટ્ર ગૃહખાતાના પ્રધાન અને શ્રી. સંત બાલજીએ લીંબડી બાળમંદિરની મુલાકાત લીધી હતી.

ચં.

બાળ વિભાગ

ફેરીવાળો

ફેરીવાળો ફેરીવાળો આવ્યો રે આવ્યો
બાળકનાં રમકડાં એ લાવ્યો
રે લાવ્યો.

લાલ ચાંચ—લીલો રંગી.
પોપટભાઈ છે ઉમંગી.
બે આનામાં બે આનામાં
લેશો કે ? બોલો.

સસલા ભાઇ લંબ કાનના
હોડે તૃણ તૃણ ખાયે પાંદડાં.
ચાર આનામાં, ચાર આનામાં,
લેશો કે ? બોલો.

ઢીંગલો અમારો છે આ નાનો
ઓછી કિમંતે લ્યો મનનો.
પાંચ આનામાં, પાંચ આનામાં,
લેશો કે ? બોલો.

સરલાબાઇ દેવધર.

ઢીંગલીનું ઘર

ત્રણ દિવસથી એકધારો વરસાદ પડયા જ કરે છે. બચુ, બબલી હર્ષદ અને મંજરી સૌ કંટાળીને બબડતાં હતાં, 'અમારું રમવાનું ગયું. રજા નકામી ગઈ. વરસાદને કેમ કહેવાય કે જરા થોભી જા—અમારે રમવું છે; હોડીઓ તરાવી તરાવીને પણ અમે તો કંટાળ્યા.'

બબલી એકલી એકલી આજે કંઇ કરી રહી હતી. અમને કાંઈ પહેલાં એમાં રસ ન પડયો. પછી થયું, જોઇએ તો ખરાં એ આટલી બધી શેમાં મશગૂલ છે.

ચાર દિવસ પહેલાં અમે બધાં નવા જોડા લાવ્યા હતા. તેના બાલી બોખાં બાએ કોઇકવાર બપ લાગે માની રાખી મૂકેલાં. બબલીએ ડબ્બા, કોડીનાં બાકસો લઇ કંઇક બનાવવા માંડયું. અમને થયું, અમે શું કરીશું? લાવને બબલી શું કરે છે તે જોઈએ. બબલીએ ડબ્બાનું ઘર બનાવ્યું. દવાની બાટલીના સળીવાળા પૂઠાનું છાપરું બનાવ્યું. આ જોઇ અમને પણ વિચાર પર વિચાર આવવા માંડયા ને કાંઇક બનાવવાની હોંશ થવા માંડી. ઝાડુની સળીઓ લઈ બારીના સળિયા કર્યા. મંજરીએ લાલ કાગળના ઇંટ જેવા કટકા કાપી દીવાલ પર ચોંટાડયા

23125

એટલામાં હર્ષદ પોતાના ભેગા કરેલાં છીપલાં, કોડીઓ લઈને આવ્યો. છાપરા પર હર્ષદે કોડીઓ ચોંટાડી. છાપરું તો શોભી ઊઠ્યું. ઘર તો જાણે બંગલા જેવું લાગ્યું.

ઘર પાસે બાગ બનાવ્યો. હર્ષદનું કામ આગળ વધ્યું. ઢીંગલીના ઘરના બાગમાં નાનાં કુંડાં કર્યાં. ગોળ ટોપીના ડબ્બા પર ઝીણો કાગળ મૂકી ઉપર ફૂવારો બનાવ્યો. નીચે રંગીન કાગળની રંગીન માછલીઓ બનાવી, અખરોટના છોતરાંનો કાચબો બનાવ્યો. બાગમાં નાના નાના છોડનાં લીલાં પાન ઉપર રંગબેરંગી ફૂલની શોભા કરી દીધી. પિસ્તાનાં છોતરાંનાં કુંડાળાં કરી વચમાં ઊંચાં ઝાડ ઊભાં કર્યાં. અમારી અક્કલ તો જાણે દોડવા લાગી. અમારી ઢીંગલી પૈસાદાર હતી. એના દીવાન—ખાનામાં કાંડીની પેટીના મેજ, ખુરશી, દીવાન ને બેઠક બનાવ્યાં.

આંગણામાં મોટા બોખાની મોટી ડૉજ ગાડી બનાવી. બહાર દીવાલ પર બે મોટા દીવા મૂકયા.

આટલું કરતાં કરતાં હર્ષદને વિચાર આવ્યો. એક ઘરની ચોકી કરવા કૂતરો તો જોઈએ જ. બબલીયે સફેદ કૂતરો કાઢી ઉપર લાલ ડાઘ પાડી દીધાં. લાલિયો સરસ બન્યો. જાણે હમણાં જ ભસી ઊઠશે એવું લાગતું.

હવે રહી ઢીંગલી. ઢીંગલી તો અમે કબાટમાંથી કાઢી. એનાં કપડાં નાની કાપલીમાંથી બનાવ્યાં. બાએ ઢીંગલીને શણગારવામાં અમને મદદ કરી. કદાચ અમારાથી એ આટલી સુંદર ન બનાવાત.

ઘર પૂરું થયું. કચરાની ટોપલી ખાલી થઈ, ધોળી કોડીનું છાપરું, શંખલાનું તોરણ, લાલ ઈંટોની દીવાલ, લીલો બાગ, ઘેરાં પાનવાળાં ઝાડ, આ બધું દીપી ઊઠ્યું. બધાં દૂરથી જોવા લાગ્યાં. સોએ વિચારી લીધું કે કંઈ રહી તો નથી જતું ને! ઢીંગલીનું ઘર તો આબેહુબ બની ગયું. દિવસ પૂરો થયો. બહાર ધોધમાર વરસાદ પડતો હતો પણ ઢીંગલીનું ઘર બનાવવામાં અમે સૌ પડી ગયાં એટલે વરસાદ પડતો હતો તે પણ ભૂલી ગયાં. આજનો દિવસ મજામાં ગયો.

સાંજના, મોટાભાઈ માટે ઢીંગલીનું ઘર એમને બારણામાં પેસતાં જ દેખાય તેમ મૂકયું.

"અરે, આ શું! કંઈ નવું ખરીદયું લાગે છે!" મોટાભાઈ તરત જ બોલી ઊઠયા."

મોટાભાઈને ઢીંગલીનું ઘર બહુ જ ગમ્યું.

કપિલા ઠાકોર

બાલવિનોદ

(૧)

દિવાળીમાં શશી માટે નવી કફની કરાવી. પહેલે દિવસે એ એની બ સંભાળ રાખતો હતો, મોટી બાને કહે, "મોટી બા, તમારી હીરાની વીંટી મારી કફનીને લગાડશો નહિ; નહિ તો એના મેલથી મારી કફની મેલી થશે."

[૨]

શશીના બાપુજીના બૂશકોટનુ બટન તૂટી ગયું તો શશીએ કહ્યું, "બાપુજી, બટન તૂટ્યું." બાપુજીએ કહ્યું, "શું કરું, તારી બા મને ટાંકી નથી દેતી." તરત શશીએ ઉત્તર આપ્યો, "પણ મારું બમીસ ફાટે તો તરત મારી બા સીવી દે છે. બટન તૂટે તો તરત ટાંકી દે છે. તમે તમારી બાને કહો ને!"

(૩)

ચાર વર્ષની જ્યોતિને મોટી બાએ કહ્યું "જ્યોતિ, તારી બા તારા જેવડી હતી ત્યારે રેડીઓમાં બોલતી હતી." એટલે જ્યોતિએ ઉત્તર આપ્યો, "મોટીબા, હું આ રેડિયામાં ઘૂસું કેમ અને સમાઉં કેમ?"

(૪)

શશી ગિલોડીથી બૂબ ગભરાતો. એક દિવસ એમે બધાં રાણીના બાગમાં ગયાં હતાં. સિંહ ઊંઘી ગયો હતો. શશીએ એને બાજીજી કરી પણ તે ઊઠ્યો નહિ. આખરે શશીએ કહ્યું, સિંહ, હવે ઊઠે છે કે હું ગિલોડીને લઈ આવું?" ગિલોડીથી ગભરાઈને સિંહ ઊઠશે એમ એને લાગ્યું.

હેડ ઓફીસ મુંબઇ, ૫૪ શાખાઓ અને ૧૦ સેફ ડીપોઝીટ વૉલ્ટ.

• અમારા સ્પેશ્યલ સેવિંગ્સ ડીપોઝીટ ખાતામાં ૨-૧/૪ % લેખે વ્યાજ આપવામા આવે છે. અને રૂા. ૧૦૦૦થી ખાતું ખોલાય છે.

• અમારી ૬ વર્ષ અને ૩ વર્ષની ફેક્ષ સરટીફીકેટો લગભગ ૩-૧/૨ % અને ૨-૩/૪ % વ્યાજ આપે છે.

• અમારાં સેવિંગ્સ બેંક ખાતાઓમાં ૧-૧/૨ % ટકા લેખે વ્યાજ આપવામાં આવે છે અને રૂા. ૨૦ થી ખાતું ખોલાય છે

નાણાની બચત કરવામાં દેનાબેંક તમને મદદ કરશે

ગિજુભાઇની
લખેલી
રંગબેરંગી
થી
ક
ણ
*
સ
સ
લી
આજે જ મંગાવો
એક રૂપિયો
: પ્રાપ્તિસ્થાન :
શિક્ષણ પત્રિકા કાર્યાલય,
શાંતારામ નારાયણ લેન
વાલકેશ્વર મુંબઇ ૬.

Regd. No. 2241.

હિન્દનો

અગ્રગણ્ય

સ્વદેશી સ્ટોર્સ

×—●—×

તમારી જરૂરિયાતો ખરીદવાનુ

એક માત્ર

ભરોસાપાત્ર સ્થળ

: આજે જ પધારો :

ધી બ્રોડવે સ્વદેશી

કો-ઓપરેટિવ સ્ટોર્સ કં. લિ૦

સર ફિરોઝશાહ મહેતા રોડ

ફોર્ટ, મુંબઇ ૧.

ફોન: ૨૦૪૪૩

: શાખા :

મહાત્માગાંધી રોડ, પૂના

જેમ્સ સ્ટ્રીટ, સિકંદરાબાદ

વ્યાજબી ભાવે ક્લીઅરીંગ, ફોરવર્ડીંગ, શીપીંગ અને સ્ટોરીંગની સગવડો માટે તેમ જ દુનિયાના કોઇપણ સ્થળે રેલ્વે, સ્ટીમર અથવા વિમાન દ્વારા તમારો માલ નિકાસ કરવા માટે-

મળો -

તુલસીદાસ ખીમજી

(૫૭ વરસની જૂની સ્થપાએલ)

ક્લીઅરીંગ—ફોરવર્ડીંગ—શીપીંગ—ક્રેટ ઇન્સ્યુરન્સ—ટ્રાવેલ અને ટુરીસ્ટ એજન્ટસ

૪૬, ચર્ચગેટ સ્ટ્રીટ, મુંબઇ ૧.

ફોન : ૩૨૦૮૪-૫-૬

ગ્રામ : : NACHIKETA.

શિક્ષણનું સર્વ સાહિત્ય

નૂતન કેળવણીના સિધ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જેસંદ તલકશી એન્ડ સન્સ,

૧૪૬, હોર્નબી રોડ, મુંબઇ ૧.

આગ—અકસ્માત—જિંદગી

મોટર દરિયાઇ વર્કમેન્સ કોમ્પેન્સેશન

સર્વ પ્રકારનું વીમાકામ

સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને

સંતોષકારક મહેનતાણું :

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મગાવો.

ધી ઇન્ડોઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—

૩૧૫-૩૨૧ પ્રોસ્પેકટ ચેમ્બર્સ, હોર્નબી રોડ

મુંબઇ

મુદ્રક અને પ્રકાશક : શ્રી બાબીબેન મૂલજી દયાળ, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ-૬

મુદ્રણ-સ્થળ : પ્રતિમા પ્રિન્ટરી,, ગામદેવી, મુંબઇ-૭.

નૂતન બાલશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

આદ્ય સંપાદક : ગિજુભાઈ બધેકા

સંપાદક : તારાબેન મોડક

વર્ષ : ૨૮ અંક : ૨ જો

ફેબ્રુઆરી : ૧૯૫૩

જીવનની કેળવણી

કેળવણી એ જીવનનું એકમેવ શાસ્ત્ર છે. કેળવણીના સાર્વભૌમ છત્ર નીચે જીવનના દરેક ક્ષેત્રમાં બધાં શાસ્ત્રોથી આપણું જીવન ચલાવવું જોઇએ. આર્થિક, સામાજિક, રાજકીય, નૈતિક અને આધ્યાત્મિક–આ બધી જીવન-પ્રવૃત્તિ સાથે કેળવણીનો અખંડ સંબંધ હોવો જોઇએ. પહેલાના સમયમાં જીવન ઉપર આવી સર્વવ્યાપી સત્તા ચલાવનારા શાસ્ત્રને ધર્મશાસ્ત્ર કહેતા હતા.

આચાર્ય ભાગવત

: સંપાદક મંડળ :

જમુભાઇ દાણી, પૂનમચંદ શાહ, નરેન્દ્ર બુધેકા,

હેમલતા આળવી, મંજરી રાયજી

વાર્ષિક લવાજમ : ૪ રૂ. છૂટક નકલ : ૬ આના

સંપાદકીય

સંઘનું ગ્રામ બાલશિક્ષા કેન્દ્ર

ગિજુભાઇના મૃત્યુ પછી સંઘના કાર્યને માર્ગદર્શન મળે એ દૃષ્ટિથી ૧૯૪૦માં ભાવનગરમાં સંઘના કાર્યકર્તાઓનું જે મહત્ત્વપૂર્ણ સંમેલન ભરાયું હતું તેમાં સંઘે ગ્રામ–બાળકોના શિક્ષણના ક્ષેત્રમાં પ્રત્યક્ષ પ્રયોગ અને કાર્ય કરવાનો નિર્ણય લીધો. આ નિર્ણયને પ્રોત્સાહન આપવા માટે સંઘના પ્રમુખ શ્રી. સૌ. સરલાદેવી સારાભાઇએ રૂા. ૧૦,૦૦૦નું દાન જાહેર કર્યું. તે પ્રમાણે આંબલા, વેડછી અને મુંબઇમાં (સેવામંદિર) ગ્રામ વસ્તી અને પછાત હોય એવી મજૂર વસ્તીમાં બાળકની દૃષ્ટિથી ખૂબ જ મહત્વના પ્રયોગો થયા. શિક્ષણના પ્રયોગની દૃષ્ટિથી આ કામનું ખૂબ જ મહત્વ લાગવાથી સંઘે ૧૯૪૯માં પોતાનું ગ્રામ બાલ શિક્ષા કેન્દ્ર ભોડીમાં શરૂ કર્યું. ગયાં સાત વર્ષથી શ્રી. તારાબેન મોડક પોતે ત્યાં રહીને કેન્દ્રનું કાર્ય કરતા હતા. આ કેન્દ્રે ગ્રામ બાલશિક્ષણ અંગેના પ્રશ્નોનો જે અનુભવ મેળવ્યો છે તે આ પંચ વાર્ષિક યોજનાના કાળમાં ખૂબ મહત્વનો છે. મુંબઇ રાજ્યે બાલશિક્ષણ માટે જે કંઇ ખર્ચ કરવાનો છે તે બધો ગીચ અને પછાત વસ્તીનાં બાળકો માટે કરવાનું ધોરણ સ્વીકાર્યું છે; તેથી ભોડીમાં ગ્રામ બાલશિક્ષાકેન્દ્રે મેળવેલો અનુભવ સરકારી શિક્ષણ ખાતાને ખૂબ ઉપયોગી થઇ પડશે. પંચ વાર્ષિક યોજનાના ઉત્પાદક કાર્યમાં સ્ત્રીઓને પણ સહભાગી બનાવાશે તો જ બાળકોના શિક્ષણ તથા સંગોપન માટે શિશુ સંગોપન ગૃહોનો, બાલમંદિરોનો ગ્રામવિસ્તારમાં વધારો થઇ શકશે. આ બધી પરિસ્થિત ધ્યાનમાં લઇને નૂતન બાલ શિક્ષણ સંઘે ગ્રામ બાલ શિક્ષા કેન્દ્ર વ્યવસ્થિત રીતે ચલાવવું જ જોઇએ એવો સાર નીકળે છે.

માર્ચ મહિનામાં સંઘના નવા નિયંત્રણ મંડળની જે બેઠક યોજવામાં આવી છે તેનો સંઘના ગ્રામ બાલશિક્ષણ સંસ્થાને વધુમાં વધુ કાર્યક્ષમ કેવી રીતે બનાવી શકાય એનો વિચાર કરવો જોઇએ. સંઘની આ સંસ્થાને મુખ્ય મુશ્કેલી પૈસાની છે, આ કેન્દ્રમાં સંઘના ઉત્તમમાં ઉત્તમ કાર્યકર્તા છે. ગ્રામીણ વિભાગમાં કામ કરવાની પાત્રતા અને અનુભવ એમની પાસે છે. આવી સ્થિતિમાં સંઘે આ કેન્દ્ર માટે દર વર્ષે પાંચ થી સાત હજાર રૂપિયા સુધીની રકમ મળતી રહે એવી કંઇક કાયમી યોજના બધાંએ મળીને વિચારવી જોઇએ. બોડીનું કેન્દ્ર બધી રીતે સંઘનું છે આ કેન્દ્ર ચલાવવાની થોડી ઘણી જવાબદારી દરેક પ્રાદેશિક તેમ જ સ્થાનિક સંસ્થા ઉપર છે. સ્થાનિક સંસ્થાને પોતાની અનેક મુશ્કેલીઓ છે એ ખરું, પરંતુ આવી પરિસ્થિતિમાં આ સંસ્થાની જવાબદારી બધી સંસ્થાઓ મળીને સ્વીકારે તો સંઘનું ગ્રામ બાલ શિક્ષા કેન્દ્ર એક સમૃદ્ધ પ્રયોગકેન્દ્ર બનશે અને તેમાંથી સંઘને અને આપણા દેશમાં થનાર સર્વ પ્રકારના ગ્રામીણ બાલશિક્ષણના પ્રયત્નને સ્ફુર્તિ મળશે એમા શંકા નથી.

ગયા મહિનાની શિક્ષણ પત્રિકામાં શ્રી. તારાબેને આ કેન્દ્રની સહાયાર્થે પોતાના અનેક મિત્રોને વિનંતી કરી છે. આ વિનંતીને અનુસરીને બહારના શિશુવિહાર સંસ્થામોના બાલમંદિર તથા બાલઅધ્યાપન મંદિરના ગુજરાતી તથા મરાઠી વિદ્યાર્થી, શિક્ષક તથા અધ્યાપક વર્ગે શિશુવિહાર મંડળ તથા મુંબઇ શાખાના ઉપક્રમે મુંબઇ રાજ્યના કામચલાઉ રાજ્યપાલ શ્રી મંગળદાસ પકવાસાના પ્રમુખપદે એક વિવિધ મનોરંજન કાર્યક્રમ યોજ્યો છે, આ કાર્યક્રમનું અડધું ઉત્પન્ન ગ્રામ બાલશિક્ષા કેન્દ્રને આપવાનું ઠરાવ્યું છે. શિશુવિહારનો આ દાખલો સંઘ સાથે જોડાએલી અનેક સંસ્થા લે તો ગ્રામબાલ શિક્ષા કેન્દ્રને કોઇ પણ દિવસ ખોટ આવશે નહીં..

સંઘના નવા નિયંત્રણ મંડળની પહેલી બેઠક આ જ ગ્રામ બાલ શિક્ષા–કેન્દ્રમાં થનાર છે. આ બેઠકમાં આ કેન્દ્ર માટે કાયમી યોજના કરીને કેન્દ્રના કાર્યકર્તાઓને નિશ્ચિંત કરવામાં આવે એવી અમારી અપેક્ષા છે.

—શે ના. નાગલે.

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૯ : અંક ૨] મુંબઈ [ફેબ્રુઆરી ૧૯૫૩

રમકડાં તથા શૈક્ષણિક સાધનો

પૂર્વ–પ્રાથમિક શિક્ષણમાંનાં ઘણાંખરાં સાધનો રમકડાંના સ્વરૂપનાં છે, એમ કહી શકાય. આ શૈક્ષણિક સાધનોમાં તથા બાળકોને જે રમકડાં આપવામાં આવે છે તેમાં ફરક છે; પરંતુ નાનાં બાળકો રમકડાંનો જે ઉપયોગ કરે છે તે જ વિશેષ રીતે થવો જોઇએ એવો આ શૈક્ષણિક સાધનનો એક ઉદ્દેશ છે. આ કલ્પનાની સ્પષ્ટતા થવા માટે રમકડાંથી બાળકોને શો ફાયદો થાય છે તે ધ્યાનમાં લેવું જોઇએ.

નાનાં બાળકો સ્વભાવતઃ જ ક્રિયાશીલ હોય છે. હાથ પગ હલાવવા, જે કંઈ સંવેદના પ્રાપ્ત થાય તે ગ્રહણ કરવી, તેમાં સુખદુઃખનો પોતાની સમજણ પ્રમાણે અનુભવ લેવો. આવા પ્રકારનાં બાળકોનાં કામો હમેશ ચાલુ હોય છે. બાળકો જેમ જેમ મોટાં થતાં જાય છે તેમ તેમ તેમની ક્રિયાશીલ વૃત્તિ પોષવા માટે રમકડાંનો, સાધન તરીકે ઉપયોગ થાય છે. રમકડાં બાળકોને સંવેદનાનો અનુભવ કરાવી આપે છે. આ સંવેદનના અનુભવમાં બાળકોને આનંદ મળે છે, તેથી તેમને રમકડાંનું આકર્ષણ લાગે છે. તદ્દન નાનાં બાળકોના પારણાને રંગબેરંગી પોપટ–ચકલી બાંધેલાં હોય છે. તેના રંગ તથા આકાર તરફ બાળક કેટલોય સમય સુધી એકાગ્રતાથી જોતું રહે છે. જો આ રમકડાંને ગતિ આપવામાં આવે તો બાળકોને વધુ આનંદ મળે છે. એક નવો જ અનુભવ બાળકને એમાંથી મળે છે. ઘૂઘરાના અવાજમાં પણ વળી એક જુદી જ સંવેદના મળે છે, અને બાળક અવાજની દિશામાં જુએ છે. રમકડું હાથમાં લઇને, મોઢામાં નાખીને, પછાડીને, ફેંકીને બાળક જુદી જુદી સંવેદના મેળવતું હોય છે. એમાં પોતાના સ્નાયુનો ઉપયોગ કરવાનો અવકાશ પણ તેને મળે છે. ક્રિયા કરવાની બાળકની શક્તિ વધે એટલે સ્વેચ્છાએ વધુ અનુભવ મેળવવા માટે બાળકના પ્રયત્નો શરૂ થાય છે. તેના આ કામમાં રમકડાંનો ઉપયોગ તે કરે છે. એવો ઉપયોગ એ કરી શકે એ દૃષ્ટિથી મોટેરાંઓ તેને રમકડાં આપે છે. તેથી જુદી જુદી સંવેદના પ્રાપ્ત કરવી તથા પોતાના સ્નાયૂનો કોઈ પણ પ્રકારની ક્રિયા કરવામાં ઉપયોગ થાય આ બન્ને બાબતો ધ્યાનમાં લેવાથી ખૂબ નાનાં બાળકોને પણ રમકડાંથી ફાયદો થતો હોય છે.

બાળકો જેમ જેમ મોટાં થતાં જાય છે તેમ તેમ આજુબાજુના વાતાવરણનું આકલન કરવાનું તેમનું કામ ખૂબ પ્રયત્નપૂર્વક શરૂ થાય છે. સંવેદના ગ્રહણ કરવાની સાથે સાથે જુદી જુદી ભાવનાનો અનુભવ લેવાની તેની શક્તિ વધતી જાય છે. મોટેરાંઓની કૃતિનું અનુકરણ કરવાની પણ એમને ઇચ્છા જાગે છે. આવે વખતે ઘણીવાર બાળક પોતાની આજુબાજુ કાલ્પનિક વાતાવરણ નિર્માણ કરતું હોય છે. તેના આ કામમાં પણ તે રમકડાંનો ઉપયોગ કરી લેતું હોય છે.

બાળકની કલ્પકતાનું બીજું સ્વરૂપ તેમની સર્જનપ્રવૃત્તિમાં દેખાઇ આવે છે. પોતાની બુદ્ધિનો ઉપયોગ કરીને કંઇક નવીન, વિશેષ કલ્પના કૃતિમાં આણવાનો તેનો પ્રયત્ન હોય છે. આ કામમાં પણ તેને રમકડાં ઉપયોગી થઇ પડે છે. લાકડાની સાદી ઇંટ તથા ધનથી બાળકો કલાકોના કલાક સુધી રમતાં હોય છે. એમાંથી ઘર બનાવે છે, જુદા જુદા આકારો રચે છે. આ કામમાં શંખ, છીપલાંનો પણ તેઓ રમકડાં જેવો ઉપયોગ કરતાં હોય છે. ખરું જોતાં આ રીતે તેઓ સ્વયંશિક્ષણ લેતાં હોય છે. આ પ્રવૃત્તિમાં તેમને

કંટાળો આવતો નથી. આનંદથી તેઓ આ શિક્ષણ લેતાં હોય છે. આનાથી, બાળકોના મન ઉપર કોઇ પ્રકારની તાણ (tension) આવતું નથી, અને તેમનું શિક્ષા લેવાનું કામ ચાલુ છે એની જાણ પણ તેમને હોતી નથી. નિસર્ગ તેમનો ખરો શિક્ષક બને છે. તેણે જ તેમને રમવાની વૃત્તિ આપી છે. આ નૈસર્ગિક વૃત્તિથી મનરંજન કરીને તેઓ મનોવિકાસ સાધી શકે છે, અને આ કામમાં જુદી જુદી રીતે રમકડાનો ઉપયોગ કરી લેવાય છે.

પરંતુ રમકડાંથી અનાયાસે શિક્ષણનું કામ સધાતું હોય છે તો પણ તેમાં નિશ્ચિતપણું નથી. રમકડાંથી બાળકોને લાભ થતો હોય તો પણ તેનું કંઇ પ્રમાણ નથી. તેથી બાળકોની રમવાની નૈસર્ગિક વૃત્તિનો શિક્ષણના કામમાં ઉપયોગ કરી લઇને એને યોગ્ય શિક્ષણ મળે એવી યોજના થાય એ આવશ્યક છે. આ બાબત તરફ ફ્રોબેલે પહેલું ધ્યાન ખેંચ્યું. શિક્ષણનું કામ એટલે બાળકોને રમત લાગવી જોઇએ, તેમાં તેમને રસ પડવો જોઇએ અને આનંદથી એમણે શાળામાં આવવું જોઈએ. ફ્રોબેલે ફક્ત આવો વિચાર જ રજૂ કર્યો છે એવું નથી, પરંતુ એ વિચારને પ્રત્યક્ષ આચરણમાં મૂકવાનો સફળ પ્રયત્ન પણ તેમણે કર્યો છે. પોતાનાં શૈક્ષણિક સાધનોને એમણે 'બક્ષિસ' એવું નામ આપ્યું છે. વાલીઓ બાળકોને રમકડાં ભેટ આપતાં હોય છે તેવા જ રીતે આ સાધનો બાળકોને આપવા એવો એમનો ઉદ્દેશ હતો. તેથી રમકડામાં જેવી સ્વાભાવિક આકર્ષકતા હોય છે તેવી તેમણે પોતાનાં સાધનોમાં આણી. ઉદાહરણ તરીકે, બૉલનો દાખલો લઇ શકાય. રમવાની વૃત્તિ શિક્ષણમાં ઉપયોગી થઇ પડે છે અને રમકડાંના ગુણ શિક્ષણનાં સાધનમાં હોવા જોઇએ, આ બે નવી કલ્પના બાલશિક્ષણમાં લાવવા માટે ફ્રોબેલનું નામ હંમેશાં યાદ રહેશે.

ફ્રોબેલનાં, રમકડાં જેવા દેખાતાં શૈક્ષણિક સાધનો આજ બાળમંદિરમાં દેખાતાં નથી. કારણ તેમની બાલોદ્યાન પધ્ધતિથી ચાલતી શાળાઓ ખૂબ જ થોડી છે. જે કંઇ આવી પદ્ધતિની શાળાઓ છે તેમાં પણ વધારે સાધનો જોવાનાં મળતાં નથી. આજના શૈક્ષણિક વિચારની દૃષ્ટિથી આ સાધનો હાલ બહુ ઉપયોગી જણાતાં નથી આ સાધનો અંગે બે ત્રણ આક્ષેપો મૂકવામાં આવ્યા છે. એક તો આ સાધનોનો ક્રમ નિશ્ચિત છે અને તે જ ક્રમમાં તેનો ઉપયોગ થવો જોઇએ એ દૃષ્ટિથી એનો એ ક્રમ નક્કી કરવામાં આવ્યો છે. આનાથી બાળકોના સ્વાતંત્ર્ય ઉપર એક પ્રકારનું બંધન આવે છે. બીજું એ કે આ સાધનો વર્ગ-શિક્ષણની દૃષ્ટિથી બનાવ્યાં છે, એટલે જેટલાં બાળકો હોય તેટલાં દરેક પ્રકારનાં સાધનોની જરૂર પડે. શિક્ષકના માર્ગદર્શન પ્રમાણે જ બાળકે અનુકરણ કરવું જોઇએ એવું રમતનું સ્વરૂપ હોવાથી બાળકને પોતાની બુદ્ધિનો ઉપયોગ કરીને રમવાનો અવકાશ ઓછો થઇ જાય છે; અને રમતના સ્વરૂપમાં પણ કલ્પનાને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

મોન્ટેસોરી પદ્ધતિની ઇન્દ્રિયશિક્ષણ વગેરેનાં સાધનો પણ રમકડાંના સ્વરૂપનાં છે. આજે તેનો ઉપયોગ ઘણી બાલશાળાઓમાં થાય છે. ફ્રોબેલનાં સાધનો કરતાં આ સાધનોમાં ખૂબ ફરક છે આ સાધનોના ઉપયોગમાં બાળકને વધુ સ્વાતંત્ર્ય મળે છે. કયા સાધનથી રમવું એ બાળક નક્કી કરે છે. સાધનોનો ખાસ નિશ્ચિત ક્રમ નથી, પણ રમવાનું સાધન નક્કી કર્યા પછી તે સાધનનો કેવી રીતે ઉપયોગ કરવો એના ઉપર થોડે ઘણે અંશે બંધન છે. કારણ, આ સાધનના ઉપયોગદ્વારા ચોક્કસ પ્રકારનો અનુભવ મળવો જોઇએ એવો એનો હેતુ છે. તેથી બાળક રંગની તકતીનો બંગલો બનાવતું હોય તો રંગની તકતીનો શૈક્ષણિક હેતુ કેમ સાધ્ય થાય? પણ આ એક બંધન માન્ય કરવું જ પડે છે. રમકડાં અને શૈક્ષણિક સાધનોમાં આ એક મૂળ ફરક જ છે. પરંતુ એનાથી આ સાધનમાંનું આકર્ષકપણું ઓછું થઇ જતું નથી. આ સાધનોથી રમતાં બાળકોની ક્રિયાશીલતાને અવકાશ મળીને બુદ્ધિને પોષણ મળે એવી યોજના છે. મેડમ મોન્ટેસોરીએ ઇન્દ્રિયશિક્ષણનાં જે સાધનો તૈયાર કર્યાં છે તે તદ્દન સાદાં તથા આકર્ષક છે. તેમાં કેટલાંક શાસ્ત્રીય તત્વો છે. એટલે દરેક પ્રકારની સંવેદનાનો અનુભવ

મળે એ દૃષ્ટિથી જુદાં જુદાં સાધનો બનાવ્યાં છે. આકાર, રંગ અવાજ સ્પર્શ, શીતોષ્ણભેદ; વજન વગેરે જુદી જુદી સંવેદના આપનાર સાધનો બનાવ્યાં છે. આ સાધનોમાંનું બીજું શાસ્ત્રીય તત્ત્વ એટલે સાધનોમાં જોડી જોડી તથા ક્રમ શોધવાની રમત છે. આવા પ્રકારની રમતમાં બાળકની બુદ્ધિને પોષણ મળે છે. પોતા ની મેળે પોતાની ભૂલ શોધી શકે એવી આ સાધનોની યોજના છે. આટલું બધું હોવા છતાં બાળકોને શિક્ષણ લે છે એવું એનું ભાન હોતું નથી. રમતાં રમતાં અજાણતાં બાળક શિક્ષણ મેળવી શકે છે.

રમતની વૃત્તિને સંપૂર્ણ રીતે અવકાશ આપીને રમકડાંનો જ શિક્ષણમાં ઉપયોગ કરી લેવાની એક પ્રયોજન પદ્ધતિ પણ ગણી શકાય. આ પદ્ધતિમાં સામુદાયિક રમતને પણ સારો એવો અવકાશ મળે છે. કેટલાંક બાળકોએ ભેગાં મળીને પોતાનું જરૂરી એવું કામ કરવું એવું આ પદ્ધતિનું સ્વરૂપ છે. ઢીંગલી માટે ઘર બાંધવાનું નક્કી કર્યું તો કોઈ બાળકો ભેગાં મળીને લાકડાના ધનનું ઘર તૈયાર કરે છે. આવા પ્રકારની રમતમાં કલ્પના કરતાં નિર્માણ વૃત્તિને વધુ અવકાશ મળવો જોઈએ એવો ઉદ્દેશ હોય છે. જે નિર્માણ કરવાની ઇચ્છા જાગૃત થાય તે સારી રીતે વ્યક્તિગત અથવા સામુદાયિક રીતે કામ કરીને પાર પાડવી, એવો આ શિક્ષણનો મર્મ છે. પ્રત્યક્ષ શિક્ષણનું કામ અપ્રત્યક્ષ રીતે થતું હોય છે. આવશ્યકતા એ શોધની અને ક્રિયાની જનની છે. આવશ્યકતા પૂરી પાડવામાં મનની આ બધી શક્તિઓ ઉપયોગમાં આવે છે. તેનો સહકાર તથા સહયોગ સારી રીતે સાધી શકાય છે. ક્રિયા એ સહેતુક હોવાથી વિકાસને વધુ અવકાશ મળે છે અને તેની ગુણતરી પરિણામ ઉપરથી નક્કી કરી શકાય છે બધું જોતાં પ્રયોજન પદ્ધતિની યોજના જીવનવ્યવહારમાં ઉપયોગી થઈ પડતી ક્રિયાઓને વેગ આપતી હોય છે.

ઢીંગલીને માટે કપડાં સીવવા કરતાં પોતાને માટે રૂમાલ સીવવો એ પ્રયોજના વધુ વાસ્તવિક છે. આ દૃષ્ટિથી ઢીંગલીની તથા એના જેવી રમતોને આ પદ્ધતિમાં સ્થાન મળ્યું છે.

રમવાની વૃત્તિમાં સ્વયંસ્ફુર્તિ, મનોરંજન, નવીનતા, સર્જન અને થાક દૂર કરવાની બાબતનું મિશ્રણ દેખાઈ આવે છે. આ બધી બાબતોની શિક્ષણમાં જરૂર છે પણ શિક્ષણની વિશેષતા એટલે નિશ્ચિત કરેલું કૌશલ્ય પ્રાપ્ત કરવું અને તે પ્રાપ્ત થાય ત્યાં સુધી સતત પ્રયત્ન કરવો એ છે. તેને માટે રમતની વૃત્તિમાંના જુદા જુદા ગુણોનો ઉપયોગ કરી લેવાય છે. રમવામાં ઉપરના ગુણોને અવકાશ મળે છે. તેથી ચોક્કસ પ્રકારની ક્રિયાને અવકાશ મળે-એ દૃષ્ટિથી રમવા જેવાં સાધનો તદ્દન નાનાં બાળકોના શિક્ષણમાં ખૂબ જ ઉપયોગી હોય છે. આ દૃષ્ટિથી વિચાર કરીએ તો રમકડાં અને શૈક્ષણિક સાધનો વચ્ચેની નિકટતાનો સંબંધ દેખાઈ આવે છે. બાળવયનાં શિક્ષણસાધનો એટલે ચોક્કસ પદ્ધતિથી ઉપયોગ કરવાનાં રમકડાં જ હોવાં જોઈએ, એમ જ કહેવું પડે. આજની નવીન શિક્ષણપદ્ધતિમાં આ તત્ત્વ માન્ય થએલું દેખાઈ આવે છે એ આનંદની વાત છે.

—સ. આ. કેળકર

શૈક્ષણિક માનવશાસ્ત્ર

લેખાંક ત્રીજો

માનવી-શરીરમાં નીચેના માપ મહત્ત્વનાં હોય છે. (૧) એકંદર ઊંચાઈ ૨) ઊંચાઈ બેસીને આ ઊંચાઈ એકંદર ઊંચાઈના અડધા કરતાં થોડી વધારે (૫૨-૫૩ ટકા) હોવી જોઈએ. (૩) છાતીનો ઘેરાવો આ ઊંચાઈનો અડધો હોવો જોઈએ. (૪) બાહુવિસ્તાર-બન્ને હાથો બાજુમાં લાંબા કરતાં આગળીઓને છેડેનું અંતર ઊંચાઈ જેટલું અથવા થોડું વધારે હોય છે.) હાથને જે પ્રમાણે ઓછું-વત્તું કામ પડે તે પ્રમાણે આનો વિસ્તાર દેખાઈ આવે છે. પુરુષોમાં બાહુવિસ્તાર ઊંચાઈ કરતાં ૪-૫ ઇંચ વધારે હોય છે. સ્ત્રીઓમાં ઊંચાઈ કરતાં ઓછો અથવા થોડો વધારે હોય છે. હાથનો વ્યાયામ કરવાથી હાથના વિકાસને નાનપણથી પોષણ મળે છે. (૫) વજન-આના ઉપરથી

એકંદર શરીરની સાધારણ કલ્પના આવી શકે છે. આનુ ઊંચાઇ સાથે ચોકકસ પ્રમાણ નથી પરંતુ સાધારણરીતે એકંદર ઊંચાઇમાં એક મીટર કરતાં જેટલા સેન્ટીમીટર વધુ હોય તેટલું કિલોગ્રામ હોવું જોઇએ. આ માપ સંપૂર્ણ વિકાસ થયા પછીના છે. (એક મીટર=૩૯.૩૭ ઇંચ, એક કિલોગ્રામ = ૨.૨ પૌંડ.)

જીવનને આવશ્યક ઇન્દ્રિયો, ધડ અને માથાના ભાગમાં હોવાથી એકંદર ઊંચાઇમાં આ ભાગના પ્રમાણને મહત્ત્વ મળે છે. એકંદર ઊંચાઇ અને બેસીને ઊંચાઇના પ્રમાણ પ્રમાણે શરીરના બંધારણના ત્રણ પ્રકાર થઇ શકે છે.

(૧) સાધારણ અથવા મધ્યમ ઊંચા: આ માણસોની બેસીને ઊંચાઇ એકંદર ઊંચાઇના ૫૨, ૫૩ ટકા હોય છે. (૨) ઠીંગણા: આ માણસોની બેસીને ઊંચાઇ એકંદર ઊંચાઇના ૫૪ ટકા અથવા વધુ હોય છે, છાતીનો ઘેરાવો પણ ઊંચાઇના અડધા કરતાં વધુ હોય છે, પણ આહુવિસ્તાર ઓછો હોય છે. (હાથથી કામ કરનારાઓનો થોડો વધુ પણ હોઇ શકે) ઊંચાઇ ઓછી હોય તો પણ વજન તેના પ્રમાણમાં સારું હોય છે; તેથી તે ઉપરના પ્રમાણ કરતાં વધુ હોય છે. (૩) ઊંચા તથા સાધારણ પાતળા: એમની બેસીને ઊંચાઇ ૫૧ ટકા કરતાં ઓછી હોય છે અને છાતી પણ અડધી ઊંચાઇ કરતાં ઓછી હોય છે. (દીર્ઘ શ્વાસની કસરત કરવાથી મોટી વયે છાતીનો ઘેરાવો વધી શકે છે) વજન ઉપરના પ્રમાણ કરતાં ઓછું હોય છે. પગની જેમ આહુવિસ્તાર ઊંચાઇ કરતાં થોડો વધુ હોય છે.

સરખી ઊંચાઇ હોવા છતાં શરીરબંધારણના ઉપરના જુદા જુદા પ્રમાણથી જુદાં જુદાં પરિણામ જણાઇ આવે છે..... બેસી ઊંચાઇ વધુ હોવાથી તેમનું શારીરિક જીવન વધુ જોરદાર હોય છે. રુધિરાભિસરણ તથા પાચન સારું હોવાથી આવા માણસો વધુ ખાનારા હોય છે. વજનના પ્રમાણમાં પગ નાના હોવાથી બેસીને કરી શકાય એવો ધંધો તે પસંદ કરે છે. તેથી સાધારણ રીતે તેઓ જાડા હોય છે. ઊંચા માણસોમાં છાતી નાની હોવાથી શરીરને પ્રાણવાયુ ઓછો મળે છે. એનાથી પાચન ઓછુ થાય છે. એમનું મગજ પણ નબળું હોય છે. રુધિરાભિસરણ જોરમાં ન થવાથી ચામડી ફિક્કી હોય છે, ગાલ બેઠેલા હોય છે, અને તેમનાથી વધુ શ્રમનું કામ થતું નથી. તેથી કાવ્ય અને કલામાં એમને રસ જાગે છે અશકત હોવાથી એમનામાં વધુ કમાવાની શકિત હોતી નથી અને તેથી જીવનમાં ચિંતા રહ્યા કરે છે.

જુદા જુદા માનવવંશમાં એકંદર ઊંચાઇ અને બેસીને ઊંચાઇનું પ્રમાણ જુદું જુદું હોય છે. ચીની લોકો ઠીંગણા હોવા છતાં તેમની બેસીને ઊંચાઇ વધારે હોય છે. ઓસ્ટ્રેલિયાના ટાસ્માનિયન આદિવાસી લોકો વધુ ઊંચા તથા પાતળા હોય છે. એથી એમની જાત ઘણુંખરું નાશ પામી છે. લોકોમાં મધ્યમ પ્રમાણના લોકો વધુ હોય છે અને થોડા ઊંચા લોકો પણ હોય છે. યુરોપમાં ઘણુંખરું લોકો મધ્યમ પ્રકારના હોય છે. ચીની લોકોમાં ધડનો વિકાસ સારો થયો હોવાથી તેમની સંસ્કૃતિ એક જ સપાટી ઉપર કાયમ રહી છે. તેમનામાં પ્રામાણિકપણું અને શ્રમ કરવાની શકિત પણ ખૂબ જ હોય છે. સાથે સાથે શિસ્તને બરાબર પાળવાવાળા હોય છે. તેમની સંસ્કૃતિ અતિ પ્રાચીન છે અને તેમના રાજ્યનો વિસ્તાર થઇને તે હજારો વર્ષ સુધી ટકયું છે. હાલ અમેરિકામાં દેખાઇ આવતા બધા દેશના મજૂરોમાં ચીની મનુષ્યની બરોબરી કોઇ કરી શકતુ નથી. યુરોપના લોકોનો ઇતિહાસ જુદો જ છે. મધ્યમ ઊંચાઇના લોકોની ચળવળ અને સંસ્કૃતિનું સ્વરૂપ પણ જુદું છે. એના ઉપરથી જે લોકોનું શરીરનું બંધારણ મધ્યમ પ્રકારનું છે તેમના શારીરિક અવયવોનો તેમના જીવનવિકાસ સાથે કેવી રીતે સંબંધ છે એ ધ્યાનમાં આવશે.

આર્થિક પરિસ્થિતિ—ગરીબોમાં વધારે ઠીંગણા લોકો અને શ્રીમંતોમાં ઊંચા લોકો વધુ પ્રમાણમાં મળી આવે છે. આ બન્ને પ્રકારના લોકો દ્વારા, સામાજિક અથવા આર્થિક પ્રગતિ થતી

નથી. મધ્યમ પ્રકારના, બુદ્ધિશાળી લોકોદ્વારા પ્રગતિ થતી હોય છે. પુરુષો કરતાં સ્ત્રીઓ વધુ ઊંચી હોય છે અને એમની કમરનાં હાડકાં પુરુષોની કમરનાં હાડકાં કરતાં વધુ પહોળાં હોય છે પણ ઊંચાઇમાં ઓછાં હોય છે. કરોડરજ્જુ, છાતીનો ભાગ તથા કમરના હાડકાંમાંનો ભાગ પુરુષોમાં વધુ ઊંચો હોય છે, ત્યારે સ્ત્રીઓમાં ગરદનનો ભાગ તથા પેટનો ભાગ વધુ ઊંચો હોય છે. સ્ત્રીઓમાં ધડનું પ્રમાણ વધારે હોવાથી તેમની પાચનશક્તિ સારી હોય છે અને તેના પ્રમાણમાં શારીરિક શ્રમ ઓછો થાય તો ચરબી વધીને જાડા થવા તરફ વલણ હોય છે. કરોડ, છાતી, પેટ તથા કમરનો ભાગ પુરુષોમાં ૨૨, ૫૮।।, ૧૧।।, તથા ૮ ટકા પ્રમાણ હોય છે તો સ્ત્રીઓમાં ૨૪, ૫૫।।, ૧૩।। તથા ૬।।। એમ હોય છે. સ્ત્રીઓ સાધારણ રીતે ઠીંગણી હોવાથી એકંદર ઊંચાઇના પ્રમાણમાં તેમનું કરોડરજ્જુનું પ્રમાણ થોડું વધુ હોય છે. આથી વાસ્તવિકરીતે પુરુષો કરતાં તેમની કાર્યક્ષમતા વધુ હોઇ શકે છે. આજ સુધી તેમને બધાં જ કામો કરવાની છૂટ નહોતી તેથી તેમની શક્તિને અવકાશ મળ્યો નહોતો. પરંતુ હવે તેઓ બધાં કામો કરવા લાગી છે. તેથી તેઓ પુરુષો કરતાં વધુ કાર્યક્ષમ બની શકે એવી શક્યતા છે.

વય પ્રમાણે પગથી ઉપરના ભાગો સાથે જાડું પ્રમાણ

જન્મત : બાળકની ઊંચાઇના પ્રમાણમાં બેસીને ઊંચાઇ ૬૮ ટકા, છાતીનો ઘેરાવો ૭૦ ટકા તથા માથાની ઊંચાઇ ૨૦ ટકા હોઇ શકે છે. પૂર્ણ વિકાસ પછી તેનું પ્રમાણ ૫૨, ૫૫, તથા ૧૦ એમ થાય છે. આની ઉપરથી બાળકનો વિકાસ થતી વખતે તેમનો ફક્ત આકાર જ વધે છે એમ નથી પરંતુ તેમના જુદા જુદા ભાગની જરૂરિયાત પ્રમાણે જુદા જુદા પ્રમાણમાં વિકાસ થતો હોય છે, એ સ્પષ્ટ દેખાઇ આવે છે.

એકંદર ઊંચાઇમાં બેસીને ઊંચાઇનું જે પ્રમાણ હોય છે તેને શરીરના બંધારણનું સૂચક ચિહ્ન કહે છે સાધારણરીતે જન્મતઃ આ આંકડો ૬૮ હોય છે. તે એક વર્ષે ૬૫, ત્રીજે વર્ષે ૬૨, પાંચમે વર્ષે ૫૯, સાતમે વર્ષે ૫૬, નવમે વર્ષે ૫૫, અગિયારમે વર્ષે ૫૩ તથા તેરમે વર્ષે ૫૧ થાય છે. ૧૫–૧૬ આ યુવાવસ્થાની શરૂઆતનાં વર્ષોમાં પગની લંબાઇ વિશેષ વધે તો આ આંકડો ૫૧ થાય છે; પણ ૧૭–૧૮ વર્ષે તે ફરીને ૫૨ થાય છે. પહેલાં કહ્યું એ પ્રમાણે ઠીંગણા લોકોમાં આ પ્રમાણ ૫૪ની ઉપર હોય છે તથા ઊંચા અને પાતળા માણસોમાં ૫૧ કરતાં પણ આ પ્રમાણ ઓછું હોય છે. આ આંકડા ઉપરથી બાળકની અથવા મોટા માણસની એકંદર ઊંચાઇની ખબર પડતી નથી. વિકાસ થવાની વયમાં જો વિકાસ બરાબર ન થાય તો આ આંકડો વધુ હોય છે. સાધારણ ઊંચા માણસોમાં પણ ધડનો વિકાસ જ્યારે સારો થાય છે ત્યારે પણ આ આંકડો વધુ હોય છે.

શિક્ષણમાં બાળકના યોગ્ય વિકાસનું મહત્ત્વ

હાલ જુદી જુદી વયની ઊંચાઇનાં તથા વજનનાં બાળકોને નકકી કરેલા વિષયોનું શિક્ષણ આપવામાં કેવા પ્રકારની ભૂલો થાય છે તેની કલ્પના પહેલાના દ્વંદ્વયુદ્ધની માહિતી ઉપરથી સ્પષ્ટ થશે. પૂર્વે એક વ્યકિતએ બીજાનું અપમાન કર્યું એટલે એ પહેલી વ્યકિતને દ્વંદ્વયુદ્ધનું આવ્હાન આપે. તેમાં અન્યાય ન થાય એ દૃષ્ટિથી તેમના બન્નેના મહદનીશ, બન્નેની તલવારો સરખી લંબાઇની છે અને તેઓ ચોકકસ લંબાઇએ ઊભા રહે છે એવી કાળજી લેતા હોય છે. પણ બન્નેનાં શરીરનો બાંધો તથા ઊંચાઇ સરખી છે કે કેમ એ કોઇ જોતું નહોતું. એથી ઊંચી તથા સાધારણ પાતળી વ્યકિત અશકત હોય તો પણ તેના હાથ લાંબા હોવાથી તેમની તલવાર લાંબે સુધી પહોંચતી અને પગ લાંબા હોવાથી તે ચાર ડગલામાં વધુ અંતર ચાલી શકતી. ઠીંગણી વ્યકિત ચપળ હોય તો ઉપરની મુશ્કેલીઓનો પણ સામનો કરી શકે છે. પણ શરીરના બાંધાનો વિચાર ન કરતાં સરખી

લંબાઈની તલવાર આપવી એ યોગ્ય ન્યાય ન્હોતો. તે જ પ્રમાણે ડ્રીલ-કસરત કરાવતી વખતે જુદા જુદા બાંધાના તથા વજનનાં બાળકોને એક જ સરખી કસરત કરાવવી યોગ્ય નથી. તેવી જ રીતે થોડું અંતર દોડવાની શરતમાં ઊંચા છોકરાઓ જીતે છે તેથી તેમને ઇનામ આપવાથી તેના અશક્તપણા તરફ દુર્લક્ષ થાય છે અને તે દૂર કરવાનો પ્રયત્ન થતો નથી જેમાં વધુ સમય કામ કરવું પડે છે (દા. ત. ૨–૩ માઇલ દોડવું) તેમાં ધડનું પ્રમાણ વધુ હોય તે બાળકો ઇનામ મેળવે છે. તેથી શિક્ષકે આ બન્ને પ્રકારનાં બાળકોને જુદા જુદા પ્રકારનો વ્યાયામ કરાવીને શરીરના બંધારણનો દોષ દૂર કરવો જોઇએ. ઠીંગણાં બાળકોને પગનો વ્યાયામ અને ઊંચા બાળકોને છાતીનો વ્યાયામ વધુ કરાવવો. તેવી જ રીતે જુદા જુદા શરીરબંધારણનાં બાળકોને એક જ શરતમાં ભાગ લેવા દેવાં નહિ, ધંધાની પસંદગી કરતી વખતે જેમના હાથ પગ લાંબા હોય એમણે ખેતી કરવી તથા ઠીંગણાં લોકોએ સુથારીકામ, લુહારનું કામ અથવા યંત્ર ચલાવવાનું કામ કરવું. હાલના યાંત્રિક યુગમાં ઊંચા લોકોની જરૂરિયાત ઓછી થતી જાય છે અને મધ્યમ અથવા ઠીંગણા લોકોની જરૂરિયાત વધારે છે

જીવનસંગ્રામમાં સફળ થવા માટે બાળકના ધડનો, છાતીનો અને શક્તિનો વિકાસ થાય એવો પ્રયત્ન કરવો જોઇએ. માથું અને ધડ એમાં પણ ફકત ધડની ઊંચાઇ વધુ મહત્વની લાગે છે. જન્મતઃ ફકત ધડની ઊંચાઇ એકંદર ઊંચાઈના પ્રમાણમાં અડધી હોય છે અને મોટી વયે એ ૩૬ ટકા હોય છે. ઠીંગણા માણસોમાં આ પ્રમાણ ૩૪॥ જેટલું ઓછું પણ હોય છે. નાની વયે ધડનો વિકાસ સારી રીતે થાય છે. તો આ પ્રમાણ વધીને ૩૮ સુધી થાય છે. તેમાં ધડની ઊંચાઈ ૨૩–૨૪" હોય છે. બેસીને ઊંચાઇ ૩૬–૩૭ હોય તો ફકત ધડની ઊંચાઈ ૨૫–૨૬ હોય છે. ધડની ઊંચાઇ ઓછી હોય તો છાતી નાની હોય અને પ્રાણવાયુ ઓછો મળવાથી એકંદર તબિયત અશક્ત રહે છે. ધડની ઊંચાઈ વધારવા માટે દીર્ઘશ્વસન, ધડ આગળ પાછળ ને બાજુમાં વાળવાનો વ્યાયામ નાનપણથી કરાવવો મહત્વનો છે.

મા. સ. કેળકર

વાતાવરણનું મહત્વ

મધમાખીઓના મધપૂડામાં એક રાણીમાખી હોય છે. તે જ ઇંડાં મૂકવાનું કામ કરે છે. બધાં જ ઇંડાં એક જ પ્રકારનાં હોય છે. નર-માખીઓ ઉત્પન્ન કરવી હોય તો રાણીમાખી જુદી જાતનાં ઇંડાં મૂકે છે. પણ બીજી રાણીમાખી ઉત્પન્ન કરવા જુદી જાતનાં ઇંડાં હોતાં નથી. શરૂઆતમાં ઇંડામાંથી જે ઇયળ થાય છે તેને ત્રણ દિવસ સુધી એક વિશિષ્ટ પ્રકારનો ખોરાક (Royal Jelly) આપવામાં આવે છે. આ જ ખોરાક જો સાત દિવસ સુધી આપવામાં આવે તો સાદા ઇંડામાંથી રાણીમાખી તૈયાર થાય છે. પણ રાણીમાખી તૈયાર કરવા માટે શરૂ-આતથી જ ઇયળને જુદી જાતનો ખોરાક આપવો પડે છે. આમ જો ન થાય તો રાણીમાખી ઉત્પન્ન થતી નથી. આ ઉદાહરણ પરથી સ્પષ્ટ દેખાઇ આવે છે કે વાતાવરણ અથવા પરિસ્થિતિ નૈસર્ગિક સુપ્ત શક્તિના વિકાસમાં કેટલું મહ-ત્વનું છે.

વાતાવરણ કેટલું મહત્વનું છે એ બીજી ઘણી રીતે સ્પષ્ટ જણાઇ આવે છે. એક પ્રયોગમાં ચિમ્પાન્ઝી વાંદરાનાં નાનાં બચ્ચાંને મનુષ્યના વાતાવરણમાં નાનાં છોકરાંઓની સાથે જ ત્રણ વર્ષ ઉછેર્યાં. આ બચ્ચાંનો માનસિક વિકાસ ખૂબ ઝડપથી થયો. નાનું બાળક બોલે નહિ પણ પોતાની ભાષા બરોબર સમજે છે; તે જ પ્રમાણે આ બચ્ચું પણ બરોબર સમજતું થયું. છોકરાંઓ કરતાં આ બચ્ચું બે ત્રણ મહિના નાનું હતું. તેમ છતાં કુદરતી રીતે જ તેના સ્નાયુઓ વધારે શક્તિમાન હોવાથી તે છોકરાંઓ કરતાં વધારે સારી રીતે કામ

કરી શકતું હતું. છોકરાંઓ કરતાં માનસિક વિકાસની ગતિ પણ તેની વધારે હતી એટલે છોકરાંઓ કરતાં પોતાની ભાષાના વધારે શબ્દો તેણે ગ્રહણ કર્યા હતા, પણ બે ત્રણ વર્ષની અંદર ભાષાનો વિકાસ જે છોકરાંઓમાં થાય છે તે આ બનાવમાં થઇ શક્યો નહિ. બાહ્ય વાતાવરણનું પરિણામ અંતસ્થ સુપ્ત શક્તિ પર થતું હોય છે. પણ જો મૂળમાં જ કંઇ હોય નહિ તો વાતાવરણમાંથી નવું કંઇ ઉત્પન્ન થઇ શકતું નથી. મનુષ્યોનું અને વાંદરાઓનું સ્વરયંત્ર સરખું હોય તો પણ તેમની સુપ્ત શક્તિમાં બહુ મોટો ફરક હોય છે. આ પ્રયોગ લાંબો વખત કરી શકાય તેમ ન હતું કારણ તેનું પરિણામ કદાચ છોકરાંઓ પર બહુ સારું ન આવત.

મનુષ્યના વાતાવરણનુ પરિણામ વાંદરા પર કેવું થાય છે એ પ્રયોગ શક્ય છે તેમ જાનવરોના વાતાવરણનું પરિણામ મનુષ્ય પર કેવું આવે છે તે પ્રયોગ કરવો મનુષ્ય દૃષ્ટિથી યોગ્ય નથી લાગતો. તેમ છતાં કોઇકવાર આકસ્મિક કારણોને લઇને જંગલનાં જનાવરો સાથે ઉછરેલાં છોકરાંઓની વાતો સંભળાય છે. તેની પરથી આપણને થોડી કલ્પના આવી શકે છે. એવો એક છોકરો ફ્રાન્સના એવેરાન જંગલમાંથી થોડાં વર્ષ પર મળી આવ્યો હતો. તેને મનુષ્ય બનાવવાનો પ્રયોગ પાંચ વર્ષ સુધી ઇટાર્ડ નામના શિક્ષણશાસ્ત્રીએ કર્યો હતો. પણ તે બહુ સફળ ન થયો. આ છોકરાની જન્મથી જ બુદ્ધિ ઓછી હતી અથવા તો પોતાનો બાલપણનો મૂલ્યકાળ જનાવરોના વાતાવરણમાં ગાળ્યો હોવાથી બુદ્ધિવિકાસ અટકયો હતો, એ ચોકકસ કહી શકાતું નથી. બીજું, જે છોકરાંઓ આવા જનવરોના વાતાવરણમાં ઉછરેલાં મળે છે તેમને એવડી હાનિ થાય છે એમ દેખાઇ આવે છે. જનાવરોનું વાતાવરણ મનુષ્ય–બાળકોથી બરોબર ગ્રહણ કરી શકાતું નથી. તેમ મનુષ્ય જીવન પણ તે અપનાવી શકતું નથી; તેથી સુપ્ત શક્તિના આવિષ્કાર ને વિકાસની દૃષ્ટિથી યોગ્ય વાતાવરણની આવશ્યકતા છે જ. પણ આ વાતાવરણ યોગ્ય સમયે જ મળવું જોઇએ. યોગ્ય સમય વીતી જાય તો વાતાવરણનું પરિણામ એટલું સારું નથી આવતું.

બાળકના જીવનવિકાસમાં વાતાવરણનું કાર્ય ત્રણ પ્રકારનું હોય છે એક તો શરીરવિકાસ બરોબર થાય તે માટે જુદાજુદા સ્નાયુસંચાલનને યોગ્ય વાતાવરણ મળવું જોઇએ. બૌદ્ધિક વિકાસ પર પણ વાતાવરણનો આધાર રહે છે. ભાવનાત્મક વિકાસ પર તો વાતાવરણની જ અધિક છાપ પડતી હોય છે. આ ત્રણે બાબત પર માનસશાસ્ત્રજ્ઞોએ જુદા જુદા પ્રયોગો કર્યા છે. નાનપણથી જો પોષક વાતાવરણ મળ્યું હોય તો બાળક પોતાના સ્નાયુ પર બરોબર કાબૂ મેળવી શકે છે. જોડકાં છોકરાંઓમાં આવો એક પ્રયોગ કર્યો હતો. એક જ બીજમાંથી બનેલાં આ જોડકાંઓની સર્વ સાધારણ શક્તિ સરખી જ હોય છે. આવા જોડકાંમાંનાં એકને પોતાના સ્નાયુ બરોબર વાપરવાને અવકાશ મળે એવું ખાસ વાતાવરણ આપ્યું અને બીજાંને આવું વાતાવરણ ન મળ્યું. મોટાં થતાં સ્નાયુસંચાલનમાં પહેલું બાળક હંમેશ વધારે કુશળ દેખાઇ આવતું. પણ સ્નાયુસંચાલન કરતાં બૌધ્ધિક વિકાસ પર જ વધારે પરિણામ દેખાઇ આવ્યું. અહીં પણ એક જ બીજાં જોડકાં બાળકો પર જુદા જુદા પ્રયોગો કર્યા પણ એ વિષે માનસશાસ્ત્રજ્ઞો હજુ પણ ચોકકસ મત આપવા તૈયાર નથી. તેમ છતાં બૌધિક વિકાસ માટે વાતાવરણની જરૂર પડે જ છે એ તો બધાને જ માન્ય છે. જુદા જુદા વાતાવરણમાં ઉછરેલાં જોડકાં બાળકોમાં ૧૦ થી ૨૦ સુધી બુદ્ધિમાપન અંકમાં ફરક પડે છે.

ભાવનાત્મક આવિષ્કાર કે વિકાસ પર મુખ્યત્વે વાતાવરણની જ છાપ દેખાઇ આવે છે. બાળકો ઉદ્ધત કે ખરાબ વર્તન બતાવનારાં હોય તેનું કારણ વાતાવરણ જ છે. યોગ્ય વાતાવરણ મળતાં આ જ બાળકો સારાં, સમજુ બને છે. ગુન્હેગાર બાળકો માટે યોગ્ય વાતાવરણ નિર્માણ કરનારી થોડી સંસ્થાઓનું કામ ખરેખર પ્રસંશનીય જ છે. જગત સામે અને શિક્ષણતજ્ઞો સામે આ એક

મોટો પ્રશ્ન છે. આ બાળકો માટે યોગ્ય વાતાવરણ ઉત્પન્ન કરવું કંઈ સહેલું કામ નથી, તેમ છતાં તે અશક્ય પણ નથી.

યોગ્ય વાતાવરણમાં બાળકોને સતત સ્વયં-વિકાસ કરવા દેવો એ બાળશાળાઓનું કામ છે. શારીરિક, બૌધ્ધિક ને ભાવનાત્મક વિકાસ સમાજશીલતાને પોષક થાય એવું વાતાવરણ નિર્માણ કરવા બાલમંદિરોમાં જુદી જુદી રીતે અવકાશ મળે અને કૌશલ્ય વધે એવું વાતાવરણ નિર્માણ કરવા બાલમંદિરોમાં જુદી જુદી રમતો હોય છે. કોઈ રમતો વૈયક્તિક તો કોઈ રમતો સમૂહગત હોય છે. બાળકે બન્નેમાં સ્વેચ્છાએ ભાગ લેતું હોય છે. સ્નાયુસંચાલન સાથે બૌદ્ધિક વિકાસ પણ થતો હોય છે. સામે આવતી મુશ્કેલીઓ દૂર કરવા બાળક જ્યારે પ્રયત્નશીલ બને છે ત્યારે તેને પોતાની બુદ્ધિનો પણ ઉપયોગ કરવો પડે છે. મેળવેલા અનુભવનો નવી પરિસ્થિતિમાં ઉપયોગ કરી લેવામાં પણ બાળક બૌદ્ધિક વિકાસ સાધે છે. આ કામ સૂક્ષ્મપણે સતત ચાલુ જ હોય છે. શારીરિક અને બૌધ્ધિક વિકાસ માટે યોગ્ય વાતાવરણ નિર્માણ કરવા પર જેટલું ધ્યાન અપાય છે તેટલું ભાવનાત્મક વિકાસને અનુરૂપ વાતાવરણ ઉત્પન્ન કરવા પર હજુ સુધી અપાયું નથી. આજનાં નવાં બાલમંદિરો આ કામ કરી રહ્યાં છે. સ્વાવલંબન, સ્વચ્છતા, પરસ્પર સહકાર ને સહાનુભૂતિ—આ બાબતોને આજનાં બાલમંદિરોમાં મહત્વનું સ્થાન છે, અને તે આ દૃષ્ટિથી આવશ્યક જ છે.

સ. આ. કેળકર

વાલી શિક્ષક સંઘ

દેશવ્યાપી કરવાની યોજનાઓ કરો.

દરેક બાલશિક્ષણ સંસ્થામાં નૂતન બાલશિક્ષણ સંઘની સ્થાનિક શાખા સ્થાપવાનું આંદોલન આપણે શરૂ કરવું જોઈએ. આ સ્થાનિક શાખા એટલે સંવર્ધન અને કેવળ શિક્ષણના જ હેતુથી પ્રેરિત થએલા નાના નાના વાલીઓના સંઘ. દરેક બાલશિક્ષણ સંસ્થામાં આવો એક સંઘ હોવો જોઈએ. બાલશિક્ષણમાં વાલી શિક્ષકની સંઘટના એ બધી જ રીતે ઉપયોગી છે. આ સંઘટનાને લીધે બાલશિક્ષણની દૃષ્ટિ અત્યંત આવશ્યક એવો સહકાર વધશે. ઘર અને શાળા એકમેકની મુશ્કેલીઓ સમજીને બાળકની દૃષ્ટિથી એકબીજાને પૂરક થવાનો પ્રયત્ન કરશે. શિક્ષણની બદલાતી કલ્પના પ્રમાણે વાલીઓનું શિક્ષણ આ સંઘટના આપી શકશે. દરેક ઘરની ઉત્તમોત્તમ વાતો શાળામાં મળશે અને તેથી શિક્ષણસંસ્થા એ ખરેખર સામાજિક સંસ્કારનું કેન્દ્ર બનશે. વાલીઓ શિક્ષણના પ્રશ્નો પ્રત્યે જાગૃત થશે અને તેથી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા અને સરકારની શિક્ષણ વિષયક રીતીનીતિની યોજના થતી હોય તે વખતે આપણે આપણાં બાળકોના શિક્ષણ વિષેના આપણા વિચારો સ્પષ્ટ રીતે માંડી શકીએ તો તેનું પરિણામ પણ શિક્ષણ ખાતાનાં કાર્યમાં સારું આવશે

દરેક સંસ્થામાં વાલી શિક્ષક સંઘટનાના પ્રતિનિધિ મળીને દરેક ગામની વાલી શિક્ષક સંઘટના થાય; અને આવા ગામે ગામની સંઘટના મળીને જિલ્લા પ્રાદેશિક સંઘની સંઘટના નિર્માણ કરી આ સંઘટનાને દેશવ્યાપી બનાવી નૂ. બા. શિ. સંઘ એટલે વાલી શિક્ષક સંઘ અને સમાજ સેવકોનો દેશવ્યાપી સંઘ એ જાતનું સ્વરૂપ આપણે આપણા સંઘને આપવું જોઈએ.

હમણાં સંઘની સ્થાનિક શાખાની ચૂંટણી ચાલુ છે. તરત જ આ સ્થાનિક સંઘટનામાંથી પ્રાદેશિક સંઘટના બનશે. ત્યાર પછી દરેક પ્રાદેશિક શાખાના પ્રતિનિધિનું ભેગું મળેલું સંઘનું અખિલ ભારતીય સ્વરૂપનું સર્વસત્તાધારી નિયંત્રણ મંડળ (Governing Body) તૈયાર થશે. માર્ચની ૨૧, ૨૨, ૨૩મીએ આ મંડળના સંઘના ગ્રામ બાલ શિક્ષા કેન્દ્ર ખોડીમાં ૧૯૫૩—૫૪નો કાર્યક્રમ યોજવા માટે સભા રાખવામાં આવી છે. આ

સભામાં હાજર રહેનારા દરેક પ્રતિનિધિએ ન્. ભા. શિ. સંઘના આ વાલી શિક્ષક સંઘટનાને દેશવ્યાપી અને કાર્યક્ષમ કરવાના વિચારથી જ જવું. આનાથી જ સંઘના ખરેખરા કાર્યનો પ્રચાર થશે. આવતે વર્ષે દરેક પ્રાદેશિક શાખાએ સ્થાનિક શાખાનો સહકાર સાધીને દરેક ગામમાં બાલ-શિક્ષણ સંસ્થામાં વાલી શિક્ષક સંઘ સ્થાપવાનો પ્રયત્ન કરવો. વર્ષભર આ એક જ કાર્યક્રમ હાથમાં લીધો હોય તો સંઘની બધી જ બાલ-શિક્ષણ યોજનાઓ પાર પડશે એવો મને વિશ્વાસ છે.

આ સંઘટનાનો પ્રસાર અને કાર્યક્ષમતા, આપણે આ સંઘટના દ્વાર શું શું કરી શકીએ એ શિક્ષણની દૃષ્ટિથી દરેક બાળકને, વાલીને, શિક્ષકને, સંસ્થાને આપણે કયા કયા લાભ આપી શકીએ તેની પર જ આધાર રાખે છે. તેથી જ આ બધાંના લાભ માટે જ સ્થાનિક શાખા અને પ્રાદેશિક શાખાનો કાર્યક્રમ આપણા પ્રદેશમાં યોજવો જોઈએ. ચૂંટણી પૂરી કાર્યકારી મંડળ અને પદાધિકારીની પણ ચૂંટણી પૂરી થાય પછી શું કરવું એ પ્રશ્ન સ્થાનિક અને પ્રાદેશિક શાખા સામે ઊભો થાય છે. આવે વખતે સંઘના દરેક કાર્યકર્તાએ આ વિષે પોતાના વિચારો રજૂ કરવા જોઇએ. દરેક સ્થાનિક શાખાએ પોતાની સંસ્થાના વિકાસની દૃષ્ટિથી, પોતાની સંસ્થાના બાળશિક્ષણની દૃષ્ટિથી, વાલી-ઓના શિક્ષણની દૃષ્ટિથી અને શિક્ષક પાસેથી શિક્ષણનું કાર્ય ઉત્તમ રીતે પાર પાડવાની દૃષ્ટિથી શું શું કરવું જોઇએ એની યાદી તૈયાર કરવી જોઇએ. તેમાં સ્થાનિક શાખા પોતે પોતાના પર જ આધાર રાખી શું શું કરી શકે એની યાદી જુદી જ રાખવી જોઇએ. પ્રાદેશિક અથવા કેન્દ્રીય સંઘટનાના સહકારથી શું શું કરી શકે તેની પણ યાદી જુદી રાખવી અને તે પ્રમાણે સ્થાનિક કાર્યકારી મંડળે પોતાનું કાર્ય નિશ્ચિત કરવું. તેમ જ પ્રાદેશિક અથવા કેન્દ્રીય સંઘટનાએ જે કંઇ કરવું જોઇએ તેની સૂચ-નાઓ આપણે પ્રાદેશિક કાર્યકારી મંડળને આપવી જોઇએ. આ પ્રકારના પ્રત્યક્ષ સંઘના વિચારોને કાર્યકર્તાઓ તરફથી મેળવી તે ખૂબ ઊંચે સુધી જવી જોઇએ.

દરેક સ્થાનિક શાખાના પ્રશ્નો જુદા જ હોય એ સ્વાભાવિક છે. દરેક સંસ્થાનો વાલીવર્ગ પણ જુદો જ હશે. તેથી પોતાની સંસ્થાની દૃષ્ટિથી પોતે શું કરી શકે, તે જ પ્રમાણે પ્રાદેશિક અને કેન્દ્રીય સંસ્થાના સહકારથી શું કરી શકાય તેની કલ્પના પણ તે ક્ષેત્રમાં અને તે સંસ્થાના જ વાલી, શિક્ષકો અથવા કાર્યકર્તા-ઓને જ આવી શકે એ પણ સ્વભાવિક જ છે, તેથી પહેલાં આ વાલીઓ અને શિક્ષકોને પોતાની મુશ્કેલીઓ જણાવવાનો પ્રસંગ મળવો જોઇએ. આના અનુસંધાનમાં આપણે શું કરવું જોઇએ અને શાખાનો કાર્યક્રમ પૂર્ણ થાય એ દૃષ્ટિથી કેટલા પૈસાની જરૂર છે એ નક્કી કરવું જોઇએ અને તે પ્રમાણે પૈસા મેળવવાની યોજના કરવી જોઇએ.

મારા મત પ્રમાણે સ્થાનિક શાખાએ નીચે પ્રમાણેનો કાર્યક્રમ હાથમાં લેવો જરૂરી છે.

૧) દરેક સ્થાનિક શાખાએ પોતાનું ભૌગો-લિક ક્ષેત્ર નક્કી કરી લેવું. એક જ ગામમાં અનેક શાખાઓ હોય તો ગામ શાખાઓએ આ ભૌગોલિક મર્યાદા કામની દૃષ્ટિથી નિશ્ચિત કરવી.

૨) આ ભૌગોલિક ક્ષેત્રમાં કેટલાં કુટુંબો છે ને તેમની પરિસ્થિતિ કેવી છે તે ધ્યાનમાં લેવું. દરેક કુટુંબ કેટલી જગ્યા વાપરે છે અને તેમાં નાનાં મોટાં બોળકો કેટલાં છે. આ આર્થિક સ્થિતિ કેવી છે, કુટુંબની વિશિષ્ટતા શું છે, વાલી-ઓની ઉમ્મર વગેરેની નોંધ લેવી.

૩) કુટુંબની પરિસ્થિતિ પ્રમાણે ગર્ભવતી સ્ત્રીનો આહાર ને આરોગ્યના પ્રશ્નો માટે શાખા શું શું કરી શકે તેનો વિચાર કરવો.

૪) નવા જન્મેલા બાળકની નોંધ લઇ આ બાળકના સંગોપન માટે વાલીઓના શિક્ષણની દૃષ્ટિથી ઉપયોગી થઈ પડનારી યોજના રજૂ કરવી.

૫) શારીરિક અથવા માનસિક રીતે નબળા બાળકની નોંધ લઇ વાલીઓને એ બાબત માર્ગ-દર્શન કરવાની યોજના.

૬) દરેક ગામમાં શિશુગૃહો, બાલવાંચનાલયો, બાલસંગ્રહાલયો, બાલકમંડળ જેવી સંસ્થાઓ ઊભી કરવા માટે ગામપંચાયત અથવા સ્થાનિક

સ્વરાજ્ય સંસ્થા પાસેથી જેટલી મદદ મળે તેટલી મેળવવી. સરકારી યોજનાઓ સાથે સંપર્કમાં રહી બાળકના સર્વાંગી શિક્ષણની દૃષ્ટિથી જે જે મેળવવા જેવું હોય તે મેળવવું.

૭) બાલગીત, સંગીત, સાહિત્ય, રમત, પર્યટન વગેરેને ઉ-તેજન આપવું.

૮) બાળકોની માવજત ને આરોગ્યને ઉ-તેજન આપવું.

૯) વાલીઓના શિક્ષણની દૃષ્ટિથી વ્યાખ્યાનો, કીર્તનો, સંમેલન, પ્રદર્શન, મેજીક લેન્ટર્ન્સ, ચિત્રપટ, ઉત્સવ વગેરે કાર્યક્રમ યોજવા.

૧૦) વાલીઓ માટે વાંચનાલયો, અભ્યાસ-મંડળોને ઉ-તેજન આપવું. ટૂંકમાં બાલશિક્ષણનો પ્રશ્ન માત્ર બાલમંદિરો માટે જ મહત્વનો છે એ કલ્પના આપણે દૂર કરવી જોઈએ. દિવસની દરેક પળે બાળકને શિક્ષણ મળતું જ હોય છે. તેના મનની રચના થતી જ હોય છે. આ દૃષ્ટિથી બાળકનું ઘર, તેનું કુટુંબી જીવન, તેનું સામાજિક જીવન આ બધાને આપણે બાલ-શિક્ષણનાં સાધનો તરીકે જ ગણવાં જોઈએ. શિક્ષણના આ વિશાળ કાર્યમાં વાલીઓને પણ આપણા સહભાગી બનાવવા જોઈએ.

સંઘની સ્થાનિક શાખા એટલે નાના નાના વાલી શિક્ષક સંઘ. આ સંઘને તાલુકાવાર, જિલ્લાવાર ફેલાવી આપણે દેશવ્યાપી સંઘટના નિર્માણ કરવી જોઈએ. વાલીઓને, બાળક અને શિક્ષકને વિદ્યાર્થી એ એક જ માધ્યમ બન્નેને ભેગા કરે છે.

આ બાળકોના શિક્ષણસંબંધી આપણી કલ્પના વ્યાપક બનાવવી જરૂરી છે. આ કલ્પના વ્યાપક બની એટલે દેશનું, દરેક કુટુંબનું અને સમાજનું દરેક બાળક આપણા પોતાના બાળક જેવું જ લાગશે. અને આ બાળકો દ્વારા જ આપણે આપણી દેશવ્યાપી સંઘટના અધિક કાર્યક્ષમ બનાવી દેશની ખરેખરી પુનર્રચના કરી શકીશું.

નિયંત્રણ મંડળે વાલીશિક્ષક સંઘ દેશવ્યાપી બનાવવાનું કાર્ય જ હાથમાં લેવું એવી મારી વિનંતી છે, ના

આંતરરાષ્ટ્રીય બાલકલ્યાણ પરિષદ

(ચર્ચા વિભાગ ત્રીજો)

પિતૃક શિક્ષણની દૃષ્ટિથી આરોગ્ય-સેવા અને સેવકનું સ્થાન

આ ચર્ચામાં વિવિધ રાષ્ટ્રના ૪૫ પ્રતિનિધિ-ઓએ ભાગ લીધો હતો. બાલસંવર્ધનની દૃષ્ટિથી વાલીઓના શિક્ષણ માટે કયા પ્રકારના આરોગ્ય-સેવક ઉપયોગી થઇ પડશે. આ પ્રશ્ન ઉપરથી ચર્ચાની શરૂઆત થઈ અને છેવટે કઇ કઈ આરોગ્ય-સેવાની યોજના કરવી જોઇએ તેની સૂચના કરવામાં આવી હતી. નીચે પ્રમાણેની બાબત બહુમતીથી કરવામાં આવી હતી.

(૧) સરકારી પ્રકલ્પ અને સામુદાયિક કાર્યક્રમ-આરોગ્યની યોજનામાં ગર્ભવતી સ્ત્રીઓ અને બાળકોને ખાસ મહત્વ મળવું જોઇએ.

(૨) બાલકલ્યાણ એ આરોગ્ય-સેવાના કાર્યનું એક આવશ્યક અંગ બનવું જોઇએ, અને તે પ્રમાણે આરોગ્ય-સેવકોએ કાર્ય કરવું જોઈએ.

(૩) આરોગ્ય-સેવકોના નીચે પ્રમાણે પ્રકારો હોવા જોઇએ અને તેમનો એક બીજાની સાથે સંપૂર્ણ સહકાર હોવો જોઇએ.

(અ) ડોકટર્સ, પરિચારિકા (Nurses) સૂતિકા (Midwives) વગેરે ધંધાદારી કાર્યકર્તા (જેમણે સૂતિકાશાસ્ત્ર, આરોગ્ય અને સામુદાયિક સંયોજનના વિષયોની તાલીમ લેવી જોઇએ.)

(બ) Auxiliary કાર્યકર્તાઓ.

(i) (Semitrained) સાધારણ તાલિમ પામેલા કાર્યકર્તા.

(ii) સ્વયંસેવક કાર્યકર્તા.

(૪) દરેક કાર્યકર્તાને બાલકલ્યાણ વિષયક જરૂરી જ્ઞાન હોવું જોઇએ.

(૫) બાલ ઉછેર અને આરોગ્ય માટે વાલીઓને આવશ્યક માહિતી આપવી જોઇએ. તેમને

શું અને કેમ કરવું એ અંગેની સરળ અને વ્યાવહારિક માહિતી આપવી જોઇએ. જન્મપૂર્વ સંગોપન, જન્મોત્તર સંગોપન, આહાર, સ્વચ્છતા બાલવિકાસની જુદી જુદી અવસ્થાનું જ્ઞાન આપવું જોઇએ.

(૬) વાલીઓને નીચે પ્રમાણે મદદ કરી શકાય.

(અ) વ્યક્તિગત નિદર્શન: આરોગ્ય-સેવકોએ દરેક કુટુંબને તેમને ઘરે જઇને મળવું. તેમની આર્થિક, સામાજિક અને રીતભાત તથા પરિસ્થિતિનો વિચાર કરીને સ્વચ્છતા અને અને બાલસંવર્ધન વિષે સૂચનો કરવાં.

(બ) સામુદાયિક નિદર્શનો, વ્યાખ્યાનો, ચિત્રપટો, પ્રદર્શનો, કેમ્પ્સ, કારખાનાંઓ; ચર્ચાવર્તુળો, ચિત્રો, પોસ્ટર્સ તથા ચલચિકિત્સાલયો દ્વારા સામુદાયિક નિદર્શનો કરવાં.

(ક) સામાજિક સંસ્થા અને સંઘ એનો સહકાર સાધીને બાલશિક્ષણ અને બાલકલ્યાણ માટે વાલીઓને મદદ કરવા માટે યોજનાઓ ઘડવી જોઇએ.

ચર્ચા વિભાગ ચોથો

વિષય: બાલસંવર્ધન સુધારા અને પિતૃક શિક્ષણના કાર્યમાં શિક્ષણ ખાતા અને સામાજિક સંસ્થાની સહાય.

આ ચર્ચામાં સો ઉપર પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. તેમણે કરેલી સૂચનાનો ટૂંક સાર નીચે પ્રમાણે છે.

બાલશિક્ષણ-સંવર્ધન

(૧) જે ઘરમાં પ્રેમનું અને સંરક્ષણ મળે (security) એવું વાતાવરણ હોય છે ત્યાં બાળકનો ઉછેર સૌથી ઉત્તમ રીતે થાય છે. આ બાબત ઉપર ભાર દેવામાં આવ્યો હતો. સમાજસેવાના ખાતાએ બાળકનું સંવર્ધન સારી રીતે કેમ થઇ શકે એ શિખવવાનો પરિશ્રમ લેવો જોઇએ. શિક્ષકોએ કેવળ બાળકોને જ નહિ તો વાલીઓને પણ શીખવવું એ એમની ફરજ સમજવી જોઇએ. જ્યાં વાલીઓમાંથી માતા અને પિતા એમ બન્નેને કામ ઉપર જવું પડતું હોય ત્યાં બાળકોને દિન સંગોપનાલયમાં મોકલવાનું યોગ્ય સમજવું જોઇએ.

(૨) જ્યાં કુટુંબનું વાતાવરણ ડહોળાએલું (disturbed) હોય અને જેથી બાળકો તરફ દુર્લક્ષ થાય એવાં બાળકોને બાલસંસ્થામાં મૂકીને તેમનું સંવર્ધન કરવું વધુ ફાયદાકારક થઇ પડશે. આવી આવી બાલ સંસ્થા શક્ય તેટલી નાની હોવી જોઇએ જેથી દરેક બાળક તરફ વ્યક્તિશઃ ધ્યાન આપી શકાય.

(૩) આ સંસ્થામાંનો શિક્ષણક્રમ જીવનની મૂળભૂત જરૂરિયાત ઉપર અવલંબેલો હોવો જોઇએ.

વાલીઓનું શિક્ષણ

(૧) વાલી શિક્ષક સંઘટના અથવા વાલીઓને અને શિક્ષકોને એકત્ર લાવનાર કોઇ પણ પ્રકારની યોજના ખૂબ જ જરૂરી હોવાનું કહેવામાં આવ્યું હતું.

(૨) સમાજ કેન્દ્રનો ઉપયોગ વાલીશિક્ષણ માટે કરીશકાય, તેવી જ રીતે કારખાનાં-મંડળોમાંથી વાલી શિક્ષકોનો કાર્યક્રમ યોજવો.

(૩) યુવક અને યુવતીઓ માટે લગ્નજીવન, બાલ સંવર્ધન વગેરે વિષયો ઉપર વ્યાખ્યાનો યોજવાં. આ કાર્યમાં ધાર્મિક સંસ્થાઓનો ઉપયોગ કરી શકાય.

(૪) પિતૃક શિક્ષણ માટે ગ્રામીણ વિભાગમાં ઘેરે ઘેર જતા કાર્યકર્તાના શિક્ષણ માટે ગ્રામીણ મંડળો તરફથી યોજના કરાવી લેવી.

—નૂ. બા. શિ. સંઘની સામાન્ય સભાની નોટિસ—

શનિવાર તા. ૨૧ માર્ચના રોજ બપોરના અઢી વાગે સંઘના ગ્રામબાલશિક્ષા કેન્દ્રમાં સંઘની વાર્ષિક સામાન્ય સભા રાખવામાં આવી છે. આ સભા આગળ સંઘના ચાલુ વર્ષનો અહેવાલ તથા સન ૧૯૫૧-૫૨ ના ઑડિટેડ હિસાબો રજૂ કરવામાં આવશે. દરેક પ્રકારના સભ્યને આ સભામાં હાજરી આપવા વિનતિ છે. જે સભ્યો આ સભામાં હાજરી આપવા ઇચ્છતા હોય તેઓએ પોતાનાં નામો માર્ચની ૧૦ મી સુધીમાં ૧૧૮ હિંદુકોલની, દાદર, મુંબઇ ૧૪ ના સંઘના મુખ્ય કાર્યાલય પર મોકલવાં.

મંત્રીઓ નૂ. બા. શિ. સંઘ.

અખિલ ભારતીય શિક્ષણ પરિષદ

અખિલ ભારતીય શિક્ષણ પરિષદનું ૨૬ મું અધિવેશન નાગપુરમાં તા. ૨૫ થી તે ૩૧ ડિસેમ્બર ૧૯૫૨ સુધી હતું. શિક્ષણ–સંસ્થાના અખિલ ભારતીય સંઘ તરફથી એની યોજના કરવામાં આવી હતી. દર વર્ષે આવી જાતની પરિષદ જુદા જુદા પ્રાંતમાં ભરવામાં આવે છે. ગયે વર્ષે આ પરિષદ મુંબઇ પ્રાંતમાં, મુંબઇમાં ભરાઇ હતી. આ શિક્ષણ સંઘ સાથે નૂતન બાલ શિક્ષણ સંઘ જોડાએલું છે. નાગપુરમાં નૂ. બા. શિ. સંઘ તરફથી શ્રી. સ. આ. કેળકર પ્રતિનિધિ તરીકે ગયા હતા. જુદા જુદા પ્રાંતમાંથી તથા મધ્યપ્રાંતમાં અને ખુદ નાગપુરમાંથી લગભગ બે હજાર લોકોએ આ પરિષદમાં ભાગ લીધો હતો. પૂર્વ શાલેય શિક્ષણથી માંડીને વિશ્વવિદ્યાલયીન શિક્ષણ સુધી અને શિક્ષણના જુદા જુદા વિભાગો (સ્ત્રીશિક્ષણ, સમાજ શિક્ષણ, વગેરે) એકંદર દસ વિભાગો અંગે વિચાર વિનિમય થયો. તેમાંથી (બાલ્યાવસ્થાનું શિક્ષણ તથા ઘરમાંથી મળતું બાલશિક્ષણ) વિભાગમાં થએલા કાર્યનો ટૂંક સાર પત્રિકાના વાંચકો માટે નીચે આપ્યો છે.

એ વિભાગના પ્રમુખ શ્રી રમાબાઇ તાંબે તથા શ્રી. પ્રમીલાબાઇ દાણી એ સ્થાનિક મંત્રી હતા. શરૂઆતમાં શ્રી ફડકેએ જુદા જુદા પ્રાંતમાં શિશુ–શિક્ષણને અંગે થતા કામની માહિતી આપી. આ ક્ષેત્રમાં નૂ. બા. શિ. સંઘ તરફથી થતા કામનો તેમણે ગૌરવપૂર્વક ઉલ્લેખ કર્યો. મુંબઇ પ્રાંતમાં આ અંગે વિશેષ પ્રકારનું કામ થાય છે એનો પણ ઉલ્લેખ કર્યો હતો. જે પ્રમાણે સમાજ–શિક્ષણની પરિષદ અખિલ ભારતીય શિક્ષણ પરિષદની સાથે થાય છે તેમ શિશુ–શિક્ષણની પણ સ્વતંત્ર પરિષદ આ શિક્ષણ–પરિષદની સાથે થવી જોઇએ એવું સુચન શ્રી ફડકેએ કર્યું હતું. આવતે વર્ષે બાલક સાહિત્યનું ખાસ પ્રદર્શન ભરવું અને જુદી જુદી ભાષામાં બાલ–સાહિત્ય રજૂ કરવું એવી એમણે ઇચ્છા પ્રગટ કરી હતી. થોડાં વર્ષે પૂર્વે આ વિષય ચર્ચા માટે મૂકયો હતો, અને નિબંધની હરીફાઇ પણ રાખી હતી. આવી હરીફાઇ ફરીને રાખવામાં આવે એવું એમણે ફરી સૂચન કર્યું હતું.

પરિષદ માટે સભા આગળ બે વિષય હતા. (૧) બાલોન્નતિ (૨) મોન્ટેસોરી પદ્ધતિ–અને હિંદુસ્તાનના વાતાવરણમાં તે ચલાવવાની શકયતા.

નાગપુરના શ્રી હેમેસાન શિસ્ત અને આનંદ" એ વિષે એક નિબંધ વાંચ્યો હતો. હોશિયાર માતા પ્રેમથી બાળકને શિસ્તનું શિક્ષણ કેવી રીતે આપી શકે એ એમાં સ્પષ્ટ કર્યું હતું. કુ. કમલ પરાંજપેએ પણ એક નિબંધ વાંચ્યો હતો અને તેમાં સ્વેચ્છાએ શિક્ષણ લેવાથી બાળકના વ્યકિતત્વના વિકાસનો સારો પાયો નંખાય છે એમ કહયું હતું. સૌ. મયાદેવી બાલચંદ્રે પોતાના કામની માહિતી આપી હતી. સૌ. પ્રમીલાબાઇ વરાડ પાંડેએ હિંદુ ધર્મમાંના જુદા જુદા સંસ્કાર બાળકના વિકાસ માટે કેવા પ્રેરક છે, તેનું મૉન્ટેસોરી શિક્ષણ સાથે કેવું સામ્ય છે એ કહ્યું. શ્રી. કેળકરે હિન્દુસ્તાનની પરિસ્થિતિને યોગ્ય એવું બાલશિક્ષણનું કામ કેવી રીતે કરવું એ કહીને નૂ. બા. શિ. સંઘના પ્રયોગની માહિતી આપી તથા ગામડામાં બાલશિક્ષણના પ્રશ્નનો ઉકેલ લાવવા માટે બોર્ડીના બાલવાડીના કાર્યથી તથા કસ્તુરબા ટ્રસ્ટ તરફથી ચલાવાતી ફિરસીસ, જુસ્ટન તથા આસોલકર બાલવાડીના કામથી દિશાસૂચન મળી રહે છે એમ સભા–સમક્ષ કહ્યું હતું.

આ પરિષદના સન્માનનીય પ્રમુખ પ્રો. દિવાનચંદ્ર શર્માએ બે બાબતો ઉપર ભાર મૂકયો (૧) શિશુશિક્ષણ અંગે ગામડાનાં બાળકોનો વિચાર કરવો જોઇએ. (૨) સ્વાતંત્ર્ય અને શિસ્તનો સમન્વય થવો જોઇએ. નાગપૂર વિશ્વ વિદ્યાલયના ઉપકુલગુરુ અને પરિષદના સ્વાગત પ્રમુખ શ્રી કુન્જીલાલજી દુબે એ બાળકના ઘરમાં તથા ખાસ કરીને માતા પાસેથી મળવાના શિક્ષણનું મહત્વ સમજાવ્યું.

સભાએ પ્રસાર કરેલા ઠરાવો :

(૧) પૂર્વ પ્રાથમિક શાળાને માન્યતા આપવા માટે સ્થાનિક સરકારે નિશ્ચિત કક્ષા નક્કી કરવી એવો આ સભાનો મત છે.

(૨) પૂર્વ પ્રાથમિક શાળાને જગાની ખૂબ જ મુશ્કેલી હોય છે એ ધ્યાનમાં લઈને સરકારે તથા સામાન્ય જનતાએ આવી સંસ્થાને તથા શાળાને વ્યવસ્થા કરી આપવી જોઈએ. આ માટે મંદિરો, સિનેમાગૃહો તથા અન્ય જગાનો ઉપયોગ કરવા દેવો એવો આ સભાનો મત છે.

(૩) શિશુ-શિક્ષણની પદ્ધતિ તથા તત્ત્વો આ વિષય મેટ્રિકની પરીક્ષા માટે એક ઐચ્છિક વિષય તરીકે રાખવો જોઈએ.

(૪) બાલશિક્ષણ ઉપર આખા જગતનું ધ્યાન કેન્દ્રિત થાય એ દ્રષ્ટિથી આ વિભાગના પરિષદ વખતે બીજી વિભાગી પરિષદ ન થાય એવી આ સભા શિક્ષણસંઘના અધિકારીઓને વિનંતી કરે છે. આવતે વર્ષે પરિષદ ચર્ચા માટે 'પૂર્વપ્રાથમિક શિક્ષણનું અધ્યાપન' આ વિષય સૂચવવામાં આવ્યો હતો.

પૂર્ણાહૂતિ વખતે પ્રમુખ મહાશયે શિશુ શિક્ષણનાં મહત્ત્વને ટેકો આપ્યો અને સામાન્ય જનતાએ એને બધી રીતે પ્રોત્સાહન આપવું એવી વિનંતી કરી

—એ. આ. કેળકર

બાળકોનું તહોમતનામું*

તહોમત નં. ૧ (આચાર્ય સામે)

રંગીન ચાકથી અમે પાટિયા ઉપર ચિત્ર કાઢીએ છીએ તો ચાક લઈ લે છે. અમને આંક નથી ગમતા તોય ગોખાવે છે. 'સિનેમા બતાવીશ' એમ વચન આપે છે પણ બતાવતા નથી. અમારી સાથે લંગડી રમવા આવતા નથી. કી મોડી લાવીએ તો ઘેર કાઢી મૂકે છે. વર્ગમાં જ ગોંધી રાખે છે ને રમવા નથી દેતા.

તહોમત નં. ૨ (માતાજી સામે)

અમે ધાંટો પાડીને કવિતા ગાઈએ છીએ તો અમને વઢે છે. 'હું મામાને ત્યાં જાઉં, શાક લઈને આવું છું', એમ કહી સિનેમા જોવા ચાલી જાય છે. કયારેક હું રોટલી વણવા બેસું તો 'બાયલો' કહીને કાઢી મૂકે છે. 'બહાર રમ, બહાર જા, જરાક માથું ઓછું પકાવ' એમ જ બોલ્યા કરે છે.

તહોમત નં. ૩ (પિતાજી સામે)

અમારા બાપા સવારે વહેલા દુકાને ચાલ્યા જાય છે ને રાત્રે અમે સૂઈ જઈએ પછી આવે છે. હું એનો દીકરો છું તે એના ખીસામાંથી પૈસા લઉં તો દબડાવે છે. ઘરમાં પેસે કે 'ચોપડી લે, દાખલા ગણ; આંક બોલી જા. ભણ, ભણ નહિતર ડોબો રહીશ' એવી ગાળ દે છે.

તહોમત નં. ૪ (પ્રજાસેવક સામે)

મોટાંઓ જીમખાનામાં અને ક્લબોમાં રમતો રમવા જાય છે પણ અમને ઘરમાં, શેરીમાં કે મેદાનમાં કયાંય કોઈ રમવા જ નથી દેતું. બધાં મેદાન મોટાંઓ જ લઈ લે છે.

સિનેમામાં બધી ફિલ્મો મોટાંઓ માટે જ આવે છે. અમને બાપા એવી ફિલ્મ બતાવે છે. પરીની, મુસાફરીની, તોફાનની, પ્રાણી-પંખીની, એવી ફિલ્મ બતાવતા જ નથી.

ઘરમાં અમને સારાં માસિકો, વર્તમાનપત્રો મળતાં નથી. ચોપડીઓ પણ બધી મોટાંઓ માટેની જ આવે છે. કબાટ ને ખુરશી ને ટેબલ બધું મોટાંઓ માટે જ ભરે છે.

અમને નાટક કરવાનું મન થાય છે પણ જવું કયાં? ઘરમાં બા ના પાડે છે ને રંગભૂમિમાં મોટાંઓ જ ધમાલ કરે છે અમને તો પેસવા જ નથી દેતા. ત્યારે અમારે નાટક કયાં ભજવવું?

અમને કોઈ વાર ઘરમાં ને કોઈવાર નિશાળમાં માબાપ ને શિક્ષક મારે છે. તે એમને જેલમાં કેમ નથી નાખતા? એની સામે કેસ કેમ નથી ચલાવતા?

નિશાળમાં અમને ગણિત, વ્યાકરણ, એવું ભણાવે છે અને થકવીને મડદાં જેવાં કરી નાખે છે. અમારું તો કોઈ સાંભળતું જ નથી

જમુભાઈ દાણી

* [તા. ૭-૨-'૫૩ના રોજ મુંબઈ રેડીઓ મથકેથી સહકારી વિદ્યામંદિરનાં બાળકોએ ભજવેલી નાટિકામાંથી.]

બાલશિક્ષણ અને સંઘ—સમાચાર

(૧) મુંબઇ સરકારે સ્થાપેલા પૂર્વ પ્રાથમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષા બોર્ડની મુદત પૂરી થવાથી આ વખતની પરીક્ષાની વ્યવસ્થા શિક્ષણ ખાતું કેવી રીતે કરશે એ વિષે બાલશિક્ષણ કાર્યકર્તાઓને સ્વાભાવિકરીતે ચિંતા થાય છે. આ બાબતમાં રાજ્યના શિક્ષણ ખાતાના ઉપમંત્રીને સંઘના કાર્યકર્તાઓ મળી આવ્યા. ઉપમંત્રીએ કાર્યકર્તાનું કહેવું સાંભળી લઇને પરીક્ષા માટે પડેલાનું ધોરણ કાયમ રાખવાની દ્રષ્ટિથી એકાદી તાત્કાલિક ઉપસમિતિ નિમવાના કાર્યકર્તાના સૂચનને અનુમતિ આપી છે.

'મુંબઇ રાજ્યના શિક્ષણખાતાના ઈન્સ્પેક્ટર્સ' માટે બે મહિનાનો કોર્સ સંઘના ગ્રામબાલ શિક્ષા કેન્દ્ર તરફથી ચલાવવાની શક્યતા છે કે નહિ એ અંગે શિક્ષણખાતા તરફથી પૂછવામાં આવ્યું છે. એ અંગે સંઘના કાર્યકર્તાઓએ પોતાની તૈયારી જણાવી છે. પરંતુ આ શિક્ષણક્રમ ત્રણ અઠવાડિયાં બોર્ડીમાં થાય તથા શિક્ષણ ક્રમમાં અખિલ ભારતમાંના અન્ય રાજ્યે પણ પોતાના શિક્ષણાધિકારી મોકલવાની સગવડ હોવી જોઇએ, તે જ પ્રમાણે બાલશિક્ષણ સંસ્થાના સંચાલન કરનારા સંચાલકોને પણ આ વર્ગમાં દાખલ કરી લેવાની સગવડ હોવી જોઇએ એવી માગણી સંઘના કાર્યકર્તાઓએ કર્યાનું જાણવા મળ્યું છે.

(૩) મુંબઇના નૂતન બાલ શિક્ષક સંઘે નૂતન બાલશિક્ષણ સંઘ મુંબઇ નગર શાખાને એક ટોકી પ્રોજેક્ટર અને પોતાના વાંચનાલયમાંના પુસ્તકો એક વર્ષ માટે વાપરવા આપવાનું ઠરાવ્યું છે.

(૪) નૂ બા. શિ. સંઘનું ગ્રામ બાલશિક્ષા કેન્દ્ર તથા મુંબઈનું શિશુવિહાર આ બન્ને સંસ્થાને આર્થિક સહાય કરવાની દ્રષ્ટિથી શિશુવિહાર બાલ અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓએ એક વિવિધ મનોરંજન કાર્યક્રમ તા. ૭ મી ફેબ્રુઆરીને દિવસે યોજ્યો હતો.

(૫) નીચેની બાલશિક્ષણ સંસ્થામાં સંઘની સ્થાનિક શાખાની ચૂંટણી થઇ અને કાર્યવાહી મંડળની સ્થાપના થયાના સમાચાર મળે છે.

(૧) બાલવાડી, બોર્ડી, (૨) સેવામંદિર, મુંબઇ. (૩) મરાઠી શિશુ વિહાર, દાદર, (૪) ગુજરાતી શિશુ વિહાર, દાદર. (૫) હર્ષ બાલમંદિર શિવ (૬) મદ્રાસ નગર પ્રાદેશિક, (૭) ચકુબાઇ બાલમંદિર, વિસનગર. સં.

અનુક્રમણિકા

૧. રમકડાં તથા શૈક્ષણિક સાધનો. સ. આ. કેળકર
૨. શૈક્ષણિક માનવશાસ્ત્ર (૩જો) મા. સ. કેળકર
૩. વાતાવરણનું મહત્ત્વ... સ. આ. કેળકર
૪. વાલી–શિક્ષક સંઘ... ... .ના.
૫. આંતર રાષ્ટ્રીય બાલ કલ્યાણ પરિષદ
૬. અખિલ ભારતીય શિક્ષણ પરિષદ...કેળકર
૭. બાલશિક્ષણ ને સંઘ સમાચાર...
૮. બાળકોનું તોફાનીપણું—જમુભાઇ દાણી

બાળવિભાગ

૧. ઘડિયાળ...માધવલાલ દ્વિવેદી
૨. ટિલ્લુની કરામત (ખંડ ચોથો) અનુતાઇ

જોઇએ છે

સંસ્કારી, ટ્રેઇન્ડ, "કમ્પેનીઅન ટીચર શિક્ષક" અથવા ગવર્નેસ''

હિંદુ કુટુમ્બમાં, ચાર વર્ષના બાળક સાથે ઘેર રહેવા તૈયાર હોય તેવા–ગુજરાતી, હિંદી, કે અંગ્રેજી ભાષામાંથી એકનું સારું જ્ઞાન આવશ્યક.

: પૂરી વીગત સાથે લખો :

ભારતીદેવી સારાભાઇ

શાહી બાગ, અમદાવાદ

બાલ પોથી ભાગ ૭

ઘડિયાળ

ઘડિયાળમાં ટકોરા વાગે
ટન ..... ટન ..... ટન
સૂતેલા નિંદરથી કટકટ કરતું
ટન..... ટન ..... ટન.
લોલક એનું કટ કટ કરતું
આડા અવળી જાય;
અંધારે અજવાળે એ તો
સરખુ ચાલ્યું જાય....
કાંટા એના નાના મોટા
ચક્કર ચકકર ફરતા;
એક..... બે..... ત્રણ
એ તો બાર ઉપર જઈ મળતા.
મોટો કાંટો ફરે મિનિટે
નાનો એક કલાકે...
સૌથી નાનો સેકન્ડ ઉપર
દોડી જાય ઝપાટે ...
પગ વિનાનું ચકકર એનું
રાત દિવસ એ ચાલે;
અટકે ત્યારે દોડાદોડી
કરવી પડતી મારે...

આધવલાલ દ્વિવેદી

ટિલ્લુની કરામત

(ખંડ ચોથો)

બાબાએ મીનીના ગળામાં ઘૂઘરા બાંધ્યા, અને બાબાને તો મીની ખૂબ જ ગમવા લાગી. બાબો તેને દૂધ આપે, દૂધ ભાત ખવડાવે, બોળામાં બેસાડે, પેટ પર બેસાડે એટલું જ નહિ પણ સૂતી વખતે પણ સાથે ને સાથે જ. બિલ્લીબાઇ તો બાબાના ખૂબ લાડકા બન્યા. એને તો ખૂબ મજા પડવા લાગી. તેમ છતાં ટિલ્લુ તો યાદ આવે જ. 'આ ટિલ્લુએ મારી ફજેતી કરી. એની ખબર તો લેવી જ પડશે.' બિલ્લી વિચાર કરવા લાગી. પણ ગળાની ઘુઘરી! ઘુઘરા છુમછુમ બોલે કે ઉંદરો દરમાં ભાગે છે. બિલ્લી તો બાબાના પગને પોતાનું શરીર ઘસે અને શરીર ઘસાતાં ઘસાતાં માથું પણ ઘસે.

બાબાને ઘુઘરા વાગે. તેણે એક બે વાર બિલ્લીને દૂર કરી,

ટિલ્લુ છેવટે એક દરમાં કૂદયો. ખેતરમાં તો જોઈએ એટલાં દર હતાં. કયાંકથી અંદર જવાય અને કયાંકથી બહાર પાછા નીકળાય. બિલ્લી દોડતાં દોડતાં થાકી ગઈ હતી. ગઇ કાલથી બહુ ખાવાનું મળ્યું ન હતું. તે લોથપોથ થઈને એક ઝાડ નીચે જઈને પડી. એટલામાં ત્યાં બાબો આવ્યો. "અરે, મીની તો અહીં છે." તે મીનીને શોધતો હતો. ગઇ કાલથી મીની એની સાથે રમી પણ ન હતી.

બાબાએ મીનીને ઊંચકી લીધી. "ચાલ બહેન, ધૂધરી કાઢી નાખી એટલે રીંસાઇ ગઇ છે કે શું?" એમ કહી એ તેને ઘેર લઇ ગયો. વાડકો ભરી દૂધ આપ્યું. તેના ગળામાં ફરી ઘૂઘરા બાંધ્યા. "હવે ખુશી થઇ ને?" બાબો તેને પંપાળતો પંપાળતો પૂછવા લાગ્યો. બિચારી બિલ્લીબાઈ! મિયાઉં મિયાઉં કરતી રહી પણ તે 'ના, ના' કહે તે બાબાને શું ખબર પડે?

બિલ્લીએ માથું હલાવ્યું. ઘઘરા વાગ્યા છુમ, છુમ, છુમ! ઉંદરોએ સાંભળ્યું છુમ, છુમ, છુમ! બધા જ નાચવા લાગ્યા. છુમ, છુમ, છુમ.

અનુતાઇ

પણ એ માને શાની? એ તો પાછી આવીને શરીર ઘસે. છેવટે બાબાએ તેના ગળાની ધુઘરી કાઢી નાખી. બિલ્લી તો ખુશ ખુશ થઇ. 'ટિલ્લુભાઇ, હવે તમારી મજા છે!" તેણે ટિલ્લુનું દર શોધી કાઢયું, અને ત્યાં એ બેસી રહી. બિલકુલ ખસે જ નહિ. ટિલ્લુ ઘરમાં સપડાઇ ગયો. શું કરવું તે સમજાય નહિ. ટિલ્લુના મિત્રો બિલ્લીની સામે આમતેમ દોડવા લાગ્યા. તો પણ બિલ્લીબાઇ તો ખસે જ નહિ. હવે પંચાત થઇ. છેવટે ટિલ્લુએ અંદરથી જ બીજી બાજુ દર કરવાનું શરૂ કર્યું. તેના મિત્રોએ પણ તેને ગૂપચપ મદદ કરી. એક દિવસની અંદર નવું દર તૈયાર થઇ ગયું. ટિલ્લુ એમાંથી ભાગી ગયો

મીનીને ખબર જ ન પડી. એ ત્યાં જ વાટ જોતી બેઠી. ટિલ્લુને બહુ મજા પડી. તે બિલ્લીની પાછળ ગયો. ચીં ચીં કરવા લાગ્યો. બિલ્લી ફરીને જુએ તો ટિલ્લુ! "અરે લુચ્ચા, બહાર કેવી રીતે આવ્યો?" એ તો એકદમ ટિલ્લુને પકડવા દોડી. ટિલ્લુ ભાગ્યો. એક ખેતરમાં જઈ પહોંચ્યો. બિલ્લી પણ તેની પાછળ ખેતરમાં ગઈ. ટિલ્લુ ભાગે, બિલ્લી પણ ભાગે, બબ્બ વખત આમ ચાલ્યું.

—શિક્ષણ સાહિત્ય—
ક્યાંથી મેળવશો ?

(૧) બાળ મંદિરને ઉપયોગી સાધનો
(૨) નર્સરી શાળાઓને ઉપયોગી પ્રમોધક સાહિત્ય.
(૩) મજૂર કલ્યાણ કેંદ્રને ઉપયોગી સાધનો
(૪) પૂર્વ પ્રાથમિક કેળવણીને ઉપયોગી સાધનો
(૫) નઈ તાલીમ કેળવણીને ઉપયોગી સાધનો
(૬) પ્રાથમિક શાળા—કેળવણીને ઉપયોગી સાધનો
(૭) માધ્યમિક કેળવણીને (હાઇસ્કુલને) ઉપયોગી સાધનો
(૮) વ્યાયામ કેળવણીને ઉપયોગી સાધનો
(૯) વૈજ્ઞાનિક કેળવણીને ઉપયોગી સાધનો
(૧૦) અધ્યાપન મંદિરની કેળવણીને ઉપયોગી સાધનો

ઉપર મુજબની સંસ્થાઓને ઉપયોગી તમામ સાહિત્ય નજરે જોવા
અવશ્ય મુલાકાત લો, અગર સૂચિપત્ર મંગાવો.

જેચંદ તલકશી એન્ડ કું.

એમ્પાયર બિલ્ડીંગ, ભોરીબંદર, ટ્રામ જંકશન સામે, મુંબઇ ૧

દેવકરણ

DEVKARAN NANJEE BANKING CO. LTD.

હેડ ઓફીસ મુંબઇ, ૫૪ શાખાઓ અને ૧૦ સેફ ડીપોઝીટ વોલ્ટ.

* અમારા સ્પેશ્યલ સેવિંગ્સ ડીપોઝીટ ખાતામાં ૨-૧/૪ % લેખે વ્યાજ આપવામા આવે છે. અને રૂા. ૧૦૦૦થી ખાતું ખોલાય છે.

* અમારી ૬ વર્ષ અને ૩ વર્ષની કેશ સર્ટીફીકેટો લગભગ ૩-૧/૨ % અને ૨-૩/૪ % વ્યાજ આપે છે.

* અમારા સેવિંગ્સ બેંક ખાતાઓમાં ૧-૧/૨ % દર લેખે વ્યાજ આપવામાં આવે છે અને રૂા. ૨૦ થી ખાતું ખોલાય છે

નાણાંની બચત કરવામાં દેનાબેંક તમને મદદ કરશે

ગિજુભાઇની
લખેલી
રં ગ બે રં ગી
થા
ક
ણ
સા
હિ
ત્ય

આજે જ મંગાવો
એક રૂપિયો
પ્રાપ્તિસ્થાન :
શિક્ષણ પત્રિકા કાર્યાલય,
શાંતારામ નારાયણ લેન
વાલકેશ્વર મુંબઇ ૬.

Regd. No. 2241.

હિન્દનો

અગ્રગણ્ય

સ્વદેશી સ્ટોર્સ

×—◉—×

તમારી જરૂરિયાતો ખરીદવાનું

એક માત્ર

ભરોસાપાત્ર સ્થળ

: આજે જ પધારો :

ધી બોમ્બે સ્વદેશી

કો-ઓપરેટિવ સ્ટોર્સ કં. લિ૦

સર ફિરોઝશાહ મહેતા રોડ

ફોર્ટ, મુંબઇ ૧.

ફોન: ૨૦૪૪૩

: શાખા :

મહાત્માગાંધી રોડ, પૂના

જેમ્સ સ્ટ્રીટ, સિકંદરાબાદ

વ્યાજબી ભાવે ક્લીઅરીંગ, ફોરવર્ડીંગ, શીપીંગ અને સ્ટોરીંગની સગવડો માટે તેમ જ દુનિયાના કોઇપણ સ્થળે રેલ્વે, સ્ટીમર અથવા વિમાન દ્વારા તમારો માલ નિકાસ કરવા માટે

અમો –

તુલસીદાસ ખીમજી

(૫૦ વરસની જૂની સ્થપાએલ.)

ક્લીઅરીંગ—ફોરવર્ડીંગ—શીપીંગ—ક્રેટ

ઇન્સ્યુરન્સ—ટ્રાવેલ અને ટુરીસ્ટ એજન્ટસ

૪૬, ચર્ચગેટ સ્ટ્રીટ, મુંબઇ ૧.

ફોન : ૩૨૦૮૪-૫-૬

ગ્રામ : : NACHIKETA.

ગુજરાતી શિક્ષણ-પત્રિકા

સર્વ લેખક, કવિઓને આ માસિકમાં લેખો-કાવ્યો મોકલવાનું આમંત્રણ છે.

લેખો સારા અક્ષરે લખો.

લેખો માટે :

શ્રી. શેષ નામલે

હિન્દુ કોલની, દાદર, મુંબઇ ૧૪.

× × ×

લવાજમ-વ્યવસ્થા માટે

શ્રીમતી બાબીબેન મૂળજી

શાંતારામ નારાયણ લેન,

વાલકેશ્વર, મુંબઈ ૬.

આગ—અકસ્માત—જિંદગી

મોટર દર્લેયાઇ વર્કમેન્સ કોમ્પેન્સેશન

સર્વ પ્રકારનું વીમાકામ

સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને

સંતોષકારક મહેનતાણું :

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મંગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—

૩૧૫-૩૨૧ પ્રોસ્પેકટ ચેમ્બર્સ, હોર્નબી રોડ

મુંબઇ

મુદ્રક અને પ્રકાશક : શ્રી બાબીબેન મૂલજી દયાળ, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ-૬

મુદ્રણ-સ્થળ : પ્રતિમા પ્રિન્ટરી,, ગામદેવી, મુંબઇ-૭.

નૂતન બાલશિક્ષણ સંઘના

શિક્ષણ પત્રિકા

આદ્ય સંપાદક : ગિજુભાઇ બધેકા

સંપાદક : તારાબેન મોડક

વર્ષ : ૨૯ અંક : ૩ જો

આર્ય : ૧૯૫૩

સાચો શિક્ષક

સાચો શિક્ષક સમાજ પાસેથી કશું માગતો નથી; એને સત્તાની સ્પૃહા નથી; એ આંતરિક રીતે સમૃધ્ધ હોય છે; એને બાહ્ય વસ્તુની પરવા નથી હોતી. એનું જ્ઞાન અનુભવમાં હોય છે.

એ કાંઈ માહિતી આપનારો જ માત્ર નથી. એ તો જ્ઞાનનો માર્ગદર્શક છે.

નવો સમાજ રચવા શિક્ષકે જાતે આવા શિક્ષક થવાનું છે.

જે. કૃષ્ણમૂર્તિ

: સંપાદક મંડળ :

જમુભાઇ દાણી, પૂનમચંદ શાહ, નરેન્દ્ર બધેકા,

હેમલતા માળવી, મંજરી રાયજી

વાર્ષિક લવાજમ : ૪ રૂ.. છૂટક નકલ : ૬ આના

સંપાદકીય

ન. બા. શિક્ષણ સંઘની બદલાએલી ઘટના પ્રમાણે સંઘની પુનર્રચનાનું કાર્ય લગભગ પૂર્ણ થવા આવ્યું છે. **બોડીઁમાં માર્ચની તા. ૨૧, ૨૨, અને ૨૩ તારીખે** સંઘના નવા નિયંત્રણ મંડળની જે સભા થશે તેમાં આગળનાં ત્રણ વર્ષ માટે સંઘના કેન્દ્રીય વ્યવસ્થાપક મંડળ અને શિક્ષણ મંડળની રચના કરવામાં આવશે. સંઘના નિયંત્રણ મંડળની આજ બેઠકમાં સંઘના કાર્ય માટે માર્ગદર્શન કરનાર કાર્યકર્તાઓનાં ભાષણોની યોજના કરવામાં આવી છે. ત્યારબાદ ૧૯૫૩-૫૪ના કાર્યક્રમનો વિચાર અને અંદાજ પત્રક વગેરે બાબતો અંગે નિર્ણય લેવામાં આવશે. નિયંત્રણ મંડળના સભાસદોને સંઘની સામે ઊભેલા પ્રશ્નોની માહિતી મળે અને નિયંત્રણ મંડળની બેઠકમાં સંઘના કાર્યકર્તા તરફથી યોગ્ય માર્ગદર્શન મળે એ દૃષ્ટિથી કેન્દ્રીય કાર્યાલય તરફથી સંઘના કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે, અને તે સંઘની પ્રાદેશિક શાખા અને નિયંત્રણ મંડળના સભાસદોને મોકલવામાં આવી છે.

આ રૂપરેખામાં સંઘના ચાલુ કામનો, તેમ જ સંઘના મૂળભૂત પ્રશ્નોનો વિચાર કરવામાં આવ્યો છે. સંઘની નવી ઘટના પ્રમાણે સંઘના કેન્દ્રીય કાર્યાલયનું ઉત્પન્ન ઘણું ઓછું ઉપજશે. ફક્ત સભાસદોના લવાજમનું ઉત્પન્ન સ્થાનિક શાખા, પ્રાદેશિક શાખા અથવા કેન્દ્રિય કાર્યાલયમાંથી કોઇને પણ પૂરું થઇ શકશે નહિ. સંઘના સભાસદોમાં હાલ લગભગ ચાર હજાર સહાયક સભાસદો છે. અન્ય સભાસદોની સંખ્યા ૫૦૦ ની ઉપર નથી. આ બધા સભાસદોના લવાજમનું જે ઉત્પન્ન રૂ ૨૫૦૦ આવશે તેમાંથી અડધો ભાગ સંઘની બધી સ્થાનિક શાખામાં તથા એક ચતુર્થાંશ ભાગ બધી પ્રાદેશિક શાખામાં વહેંચાઇને કેન્દ્રી કાર્યાલયને પા ભાગ મળશે આ ઉત્પન્ન ઉપર કોઇ પણ પ્રકારના કાર્યાલયનું કાર્ય થવું શક્ય નથી. સંઘના આર્થિક પ્રશ્નના ઉકેલની દૃષ્ટિથી સંઘના બધા કાર્યકર્તાઓ નિશ્ચિત અને પૂરક એવી યોજના કરીને જ આ પ્રશ્નનો ઉકેલ લાવશે તો જ સંઘની ચાલુ જવાબદારી સંઘ સંભાળી શકશે.

સંઘની હાલની જવાબદારીઓમાં 'શિક્ષણ પત્રિકા' એ સંઘની શરૂઆત થઇ ત્યારનું મુખ પત્ર હોવાથી તે ચાલુ રહેવી જ જોઇએ. સદ્‌ભાગ્યે ગુજરાતી, મરાઠી અને હિંદી શિક્ષણ પત્રિકાની હાલની આર્થિક પરિસ્થિતિ આર્થિક દૃષ્ટિથી ચિંતાજનક નથી. કરકસરથી પત્રિકાનું કાર્ય ચલાવવાથી અને જરૂરી પુનઘટના કરવાથી પત્રિકા સંઘને ભારરૂપ થઇ પડશે નહીં એવાં ચિહ્નો હવે જણાય છે.

સંઘનું બીજું મહત્વનું કાર્ય એટલે ગ્રામ બાલ શિક્ષાકેન્દ્ર. આ કેન્દ્ર એટલે સંઘના શિક્ષણ અને કલ્યાણની લડતનો પ્રાણ છે. આ કેન્દ્રને કાર્યક્ષમ બનાવીએ તો જ સંઘ રાષ્ટ્રીય પુનર્રચનાના કાર્યમાં પોતાનું કર્તવ્ય યોગ્ય રીતે પાર પાડી શકશે. સંઘના બધા કાર્યકર્તાઓએ આ કેન્દ્ર ચાલુ રાખવાની દૃષ્ટિથી પોતાના બધા પ્રયત્નો એકત્ર કરવા જોઇએ. અને આ કાર્ય માટે આવશ્યક એવા વાર્ષિક પાંચ હજાર રૂપીઆ મેળવવા જોઇએ.

સંઘનું ત્રીજું મહત્ત્વનું કાર્ય એટલે સંગઠના. આ કાર્યને ત્રીજું ગણ્યું તેમ છતાં તે પણ એક મૂળભૂત કાર્ય છે. આ કાર્યથી જ સંઘના સર્વ કાર્યમાં એકસૂત્રતા આવશે. સંઘના કાર્યનો હાલનો વિસ્તાર જોતાં તેનો તાંત્રિક વ્યવહાર એટલો વિસ્તાર પામ્યો છે કે તેને માટે કાયમી કેન્દ્રીય કાર્યાલય ચલાવવું આવશ્યક છે.

આ ઉપરાંત કેન્દ્રીય કાર્યાલયે દરેક પ્રાદેશિક અને સ્થાનિક શાખાને સંઘનું કાર્ય ચલાવવાની દૃષ્ટિથી ઉપયુક્ત સેવા યોજવી જોઇએ. આવી સેવામાં સંઘે કરવા જેવાં એટલે કે (૧) બધાને સલાહ માર્ગદર્શન મળે એ દૃષ્ટિથી શિક્ષણતજ્ઞની નિમણૂક (૨) બાલશિક્ષણના પ્રચલિત પ્રશ્નો અંગે વાલી, શિક્ષક તથા સંચાલકો માટે નાની પુસ્તિકાઓ પ્રગટ કરવી. (૩) ફરતા બાલશિક્ષણ પ્રદર્શનની યોજના કરવી. (૪) શિક્ષણ સમિતિ દ્વારા અભ્યાસક્રમ, શિક્ષણ વિષયક રીતિનીતિ, પરીક્ષા, શિક્ષણક્રમ વગેરે નિયંત્રણોની યોજના કરવી. (૫) સંઘના સંઘટનાનો પ્રચાર કરવો. તેને માટે સરકારી, બીનસરકારી મદદ મેળવવી. આ બધાં કાર્યો માટે સંઘ શું શું કરી શકે એ વિચારવું જોઇએ.

સંઘનું નિયંત્રણ મંડળ આ બધા પ્રશ્નો અંગે વિચાર કરીને સંઘને કેવા પ્રકારનું માર્ગદર્શન કરે છે એના ઉપર જ સંઘની આગળની પ્રગતિ અવલંબે છે. સંઘના કાર્યકર્તાઓ પોતાની જવાબદારી સમજીને આ નિયંત્રણ મંડળની બેઠકમાં હાજરી આપી એને સફળ બનાવશે એવી અમને શ્રધ્ધા છે.

સંપાદક

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા



વર્ષ ૨૮ : અંક ૩] મુંબઈ [માર્ચ ૧૯૫૩

શિક્ષણમાં સહકારની આવશ્યકતા

નવા રાષ્ટ્રના ભાવિઘડતર માટે શિક્ષણ પધ્ધતિની વિચારણા અને સુધારણા એ ઘણો મહત્વનો પ્રશ્ન છે આપણા દેશની પ્રગતિ માટે આપણી આજની કેળવણીને, જીવનને અનુકૂળ અને અનુરૂપ બનાવવાની પ્રથમ - જરૂરિયાત છે. સામાન્ય રીતે બધી બાબતોમાં સરકાર કે સંસ્થાઓ ઉપર આધાર રાખવાની આપણને ટેવ પડી ગઇ છે. પણ કોઇ સંસ્થા કે સરકાર સમાજના સક્રિય સહકાર વગર પ્રગતિ સાધી શકે નહિ. સરકાર અને સામાજિક સસ્થાઓને વ્યકિતગત રીતે, બને તેટલો સહકાર આપવો એ પ્રત્યેક નાગરિકની ફરજ છે.

બાળકેળવણી એ શિક્ષણ સંસ્થાઓની જવાબદારી ગણાય છે, પરંતુ માબાપના સક્રિય સાથ વગર શિક્ષણસંસ્થાઓ બાળકની સર્વાંગી કેળવણી સાધી શકે નહિ. માબાપ અને શિક્ષકોના પરસ્પરના સહકાર વગર બાળકને સાચી કેળવણી આપવી અશકય છે. બાળકની કેળવણી એ શિક્ષક અને માબાપની સંયુકત જવાબદારીનો વિષય છે. જ્યાં સુધી આપણો સમાજ આ દૃષ્ટિ નહિ સ્વીકારે ત્યાં સુધી સાચી કેળવણી શકય નથી

બાળકોનું શારીરિક, માનસિક અને સામાજિક ઘડતર યોગ્ય રીતે થાય એ માટે માબાપ અને શિક્ષકે સાથે મળી અનેક નાના મોટા પ્રશ્નોની વિચારણા કરવી આવશ્યક છે. બાળક અને તેના કુટુંબના વ્યકિતગત સંજોગો, રહેણીકરણી, આર્થિક સાધનો અને આસપાસનું વાતાવરણ, માબાપને ઓળખ્યાં વગર શિક્ષક કે શિક્ષણસંસ્થા જાણી શકે નહિ, અને એ જાણ્યા વગર શિક્ષક બાળકના વ્યકિતગત ઘડતરમાં મદદ કરી શકે નહિ. એ દૃષ્ટિએ પણ પોતાનાં બાળકોનાં હિત અને યોગ્ય ઘડતર માટે પ્રત્યેક માબાપે પોતાનાં બાળકોના શિક્ષકો અને શિક્ષણસંસ્થા સાથે પરિચય કેળવવો જોઇએ. પરંતુ સામાન્ય રીતે આપણી આજની વસ્તુસ્થિતિ નિરાળી છે.

'પ્રત્યેક બાળક એ આપણા સમાજનું અંગ છે; રાષ્ટ્ર કે સમાજનું ઘડતર આજનાં બાળકોને હાથે ઘડાવાનું છે,' આવું આવું આપણે બધી બાજુએથી અનેક વખત સાંભળીએ છીએ. છતાં બાળકો પ્રત્યે જેટલું ધ્યાન અપાવું જોઇએ તેટલું અપાતું નથી અને પરિણામે રાષ્ટ્રઘડતરનું કામ પણ અધૂરું ને કાચું રહે છે. એ રાષ્ટ્રઘડતરનું કામ સંગીન રીતે કરવું હોય તો આજના બાળકની સર્વાંગી કેળવણી સંગીન પાયા પર રચાવી જોઇએ. આ દ્રષ્ટિએ ઘર, શિક્ષણસંસ્થા, સમાજ અને સરકારનો સક્રિય સહકાર સાધીને કામ કરવું જોઇએ

ઘર અને શાળાનો યોગ્ય સમન્વય ન હોવાને કારણે બાળકને હંમેશાં એમ લાગ્યા કરે છે કે એ બે જુદી દુનિયામાં વસે છે. ઘર અને શાળાનું વાતાવરણ, પદ્ધતિ, નિયમો વગેરેના ભેદના કારણે બેમાંથી કયું સ્વીકારવું એ ન સમજતાં બાળક મૂંઝાય છે અને બેમાંથી એક પણ માર્ગ એ યોગ્ય રીતે ગ્રહણ કરી શકતુ નથી, એ જ રીતે આપણા સમાજ અને શિક્ષણસંસ્થાનો મેળ પણ હજુ સુધી બરાબર સધાયો નથી એટલે એ ઘર્ષણની અસર બાળકના મન પર પડે છે અને એની મૂંઝવણમાં વધારો થાય છે. આ બધું જોતાં ઘર, શાળા અને સમાજને એકરૂપ થવાની ખાસ જરૂર છે. આજની વિપરીત વસ્તુસ્થિતિ ટાળવા ને બાળકની સર્વાંગી કેળવણીનું ઉન્નત અને આવશ્યક કાર્ય સાધવા ત્રણેએ પોતાની દ્રષ્ટિ, પધ્ધતિ

અને બંધારણમાં જરૂરી ફેરફાર કરવાની ઘણી આવશ્યકતા છે.

માતાપિતા દ્વારા બાળક જીવનની પ્રાથમિક પ્રવૃત્તિઓ શીખે છે એટલે એ બાળકના પ્રથમ શિક્ષક છે. બાળક શાળામાં જતું થાય તે પહેલાં એની અમુક ટેવો દૃઢ થએલી હોય છે પોતાના ઘરના ને આસપાસના સમાજના વાતાવરણમાંથી અનુકરણશીલ બાળક કેટલું બધું શીખી લે છે તેની કલ્પના ઘણાં માબાપોને હોતી નથી. આ કારણસર બાળકની અવલોકન શક્તિને અને અનુકરણશક્તિને યોગ્ય દ્રષ્ટિ આપી, યોગ્ય માર્ગે વાળવી એ પ્રત્યેક માબાપની ફરજ છે.

બાળક જેમ મોટું થતું જાય છે અને જુદા જુદા સંજોગો અને અનુભવોમાંથી પસાર થતું જાય છે તેમ તેમ તે જીવન, ચારિત્ર્ય અને દૃષ્ટિ ઘડતું જાય છે. શાળામાં જેમ બાળક અભ્યાસક્રમના વિવિધ વિષયોનું જ્ઞાન મેળવે છે તે જ પ્રમાણે પોતાના ઘરના અને સમાજના વાતાવરણમાંથી પણ અનેક વિષયોનું જ્ઞાન મેળવે જ જાય છે. અને પ્રત્યક્ષ જીવનમાંથી પોતાની જાતે મેળવેલું આ જ્ઞાન શાળામાં શિક્ષક દ્વારા અપાયેલા જ્ઞાન કરતાં એના મન ઉપર વિશેષ ઊંડી અને સ્થાયી છાપ પાડે છે. એ દૃષ્ટિએ પ્રાથમિક કે માધ્યમિક શાળામાં જે કાંઈ વિકાસ બાળક સાધવાનું છે તેનો ખરો આધાર એને ઘર દ્વારા જે કેળવણી મળી હોય છે એના પર રહે છે.

ઘર એ બાળકની પ્રથમ અને સૌથી મહત્વની શાળા છે. એ શાળામાં બાળકને યોગ્ય અને સાચું જ્ઞાન મળે એ માટે માબાપે પોતે પૂરતી પૂર્વતૈયારી કરવી જરૂરી છે. જેમ ડોકટર, વકીલ કે શિક્ષક થવા માટે અમુક વિષયોના જ્ઞાનની જરૂર રહે છે તેમ માતપિતા પાસે પણ બાળઉછેર અને બાળકેળવણીના વિષયોના જ્ઞાનની અપેક્ષા રહે.

નાની વયમાં બાળકની કુતૂહલવૃત્તિ ઘણી પ્રબળ હોય છે. એનું વિકસતું મન નવું જ્ઞાન મેળવવા હંમેશા તત્પર હોય છે એની કલ્પનાશક્તિ તીવ્ર હોય છે અને વૃત્તિઓ વિશેષ ચપળ હોય છે યોગ્ય રીતે કેળવાએલાં માતાપિતા જ આ શક્તિઓ અને વૃત્તિઓને વેગ આપી યોગ્ય દિશામાં વાળી શકે છે. જ્યારે બાળક કુતૂહલવૃત્તિથી પ્રેરાઇ પ્રશ્નો પૂછે છે ત્યારે માતાપિતાએ એની જિજ્ઞાસાવૃત્તિ સંતોષાય એવા ઉત્તર આપવા જોઇએ. પરંતુ યોગ્ય જ્ઞાનના અભાવે બાળકની જિજ્ઞાસા તરફ દુર્લક્ષ થાય છે અને પરિણામે બાળકની એ વૃત્તિ અણવિકસી રહે છે અને બહુધા બીજી દિશામાં વળે છે. માતાપિતાનું આજનું વિશેષ પડતું પ્રવૃત્તિમય જીવન પણ બાળકની જિજ્ઞાસાવૃત્તિને દાબી દેવામાં કારણભૂત થઇ પડે છે. આમ નવા જ્ઞાનની તૃષ્ણા ન સંતોષાતાં બાળક પોતાના મિત્રો તરફ વળે છે અને મિત્રો દ્વારા પોતાની જિજ્ઞાસા સંતોષવા અને પ્રશ્નનો ઉકેલ મેળવવા મથે છે. પણ એના મિત્ર પાસે સારું જ્ઞાન જોઇતા પ્રમાણમાં હોતું નથી એટલે એને મિત્રો દ્વારા જે જ્ઞાન મળે તેમાં તે પોતાની કલ્પનાના અંશો ઉમેરી પોતાની જાતે પ્રશ્નનો ઉકેલ ઘડી લે છે—જે ઘણીવાર અર્ધસત્ય કે અસત્યથી ભરપૂર હોય છે.

ધીમે ધીમે જેમ બાળકના મનનો વિકાસ થતો જાય છે, જેમ એના જ્ઞાનની મર્યાદા વિસ્તૃત થતી જાય છે અને તર્કશક્તિ ખીલતી જાય છે તેમ તેમ પોતાનું પૂર્વજ્ઞાન સુધારતો જાય છે; પણ નાનપણમાં જડ કરી બેઠેલા ખોટા ખ્યાલો ઘણી વખત પુખ્ત વય સુધી ટકી રહે છે. એટલા માટે જ માબાપે નાનપણથી જ બાળકને યોગ્ય મર્યાદામાં જીવનના વિવિધ વિષયોનું પ્રાથમિક જ્ઞાન આપવાની જરૂર છે. અલબત્ત આ જ્ઞાન સીધી રીતે આપવાની બિલકુલ જરૂર નથી. એથી ઘણી હાનિ થવાનો પણ સંભવ રહે છે. પણ જેમ બાળકની જિજ્ઞાસા જાગૃત થાય તેમ તેને એ જ્ઞાન અપાય એ આવશ્યક છે.

માતાપિતા માત્ર પોતાના બાળકને ઓળખે એટલું જ પૂરતું નથી. જે વાતાવરણમાં એ રહે છે, રમે છે, ફરે છે એનાથી માબાપે સારી રીતે પરિચિત રહેવું જોઇએ. આ ઉંમરે બાળકના મન પર આસપાસના વાતાવરણ ને વસ્તુસ્થિતિની

છાપ જલદીથી પડી જાય છે; એટલા માટે એના મિત્રોને ઓળખવાની જરૂરિયાત પણ માબાપ માટે રહે છે. એના મિત્રોને વખતો વખત મળવું, બની શકે તો એ મિત્રોના માબાપને ઓળખવા કે એમના વિશે માહિતી મેળવવી એ પણ પોતાના બાળકના હિત ખાતર માતાપિતા માટે ખૂબ જરૂરનું છે. પોતાના બાળકનાં મિત્રોમાં વધુ રસ લેવાથી માબાપ પ્રત્યે બાળકનો સદ્‌ભાવ ને મૈત્રી પણ વધે છે. માતાપિતા આ રીતે પણ બાળકનો વિશ્વાસ મેળવી શકે છે. છેક નાનપણથી બાળકનો વિશ્વાસ પ્રાપ્ત કરનાર માતાપિતા બાળક મોટું થયા પછી પણ એનો એ વિશ્વાસ ટકાવી રાખી શકે છે અને એ વિશ્વાસ દ્વારા બાળકને યોગ્ય કેળવણી આપી શકે છે. માત્ર માતાપિતા તરીકે રહેવાથી જોઇએ એટલી નિકટતા સાધી શકાતી નથી. પણ બાળકના મિત્ર બનીને રહેવાથી એનું સાન્નિધ્ય સાધી શકાય છે. પછી બાળક ગમે તે વયે પણ પોતાની મૂંઝવણો, મુશ્કેલીઓ ને કોયડાઓ માબાપ સમક્ષ ખુલ્લે દિલે રજૂ કરી એમની દોરવણી મેળવી શકે છે અને ભવિષ્યમાં માતાપિતા પ્રત્યેની પોતાની જવાબદારીઓ સારી રીતે ને પ્રેમથી અદા કરી શકે છે.

આ રીતે જ શિક્ષકે પણ બાળકને સંપૂર્ણપણે ઓળખવાની જરૂર છે. શિક્ષક માત્ર પોતાના વિષયો જાણે એ પૂરતું નથી; કારણ કોઇપણ જાતનું જ્ઞાન આપતાં શિક્ષકે બે વિષયોઃ પૂરતી રીતે જાણવાની જરૂર છે–એક, જ્ઞાનનો વિષય અને બીજો, એ જ્ઞાનને લેનાર બાળક. જ્યાં સુધી શિક્ષક બાળકને પૂરતી રીતે ઓળખે નહીં ત્યાં સુધી એ વિદ્યાર્થીને સાચા રીતે શિક્ષણ આપી શકતા નથી. બાળકને બરાબર ઓળખવા માટે એનાં માતાપિતા, એનું કૌટુમ્બિક જીવન, એના સંજોગો ને સોબત, એના શોખ, વલણ, અભિરુચિ અને શક્તિ એ બધાંથી શિક્ષકે પરિચિત થવું જોઇએ. આ રીતે શિક્ષકે બાળકનો સર્વાંગી પરિચય મેળવ્યો હોય અને બાળકના અંગત જીવન અને વિષયોમાં રસ દાખવ્યો હોય તો શિક્ષક બાળકનો વિશ્વાસ પ્રાપ્ત કરી શકે છે, અને એક રીતે પોતાનું શિક્ષણકાર્ય સરળ બનાવી શકે છે. આ રીતે બાળકને ઓળખવા માટે શિક્ષકે એના માતાપિતાનો સંપૂર્ણ સહકાર મેળવવો એ પણ આવશ્યક છે.

સમાજના ભવિતો આધાર આજના બાળક પર છે, એ તો બધાં સ્વીકારે છે; એટલે એ બાળકની કેળવણી માટે સમાજે યોગ્ય અને પૂરતી સગવડ આપવી જોઇએ. શિક્ષણની સાચી જવાબદારી સમાજને માથે જ હોવી જોઇએ અને એ રીતે શાળા કે શિક્ષક સાથે ઘર કે માતાપિતાનો સંબંધ સાધવાનું, સહકાર સ્થાપવાનું કાર્ય સમાજ જ સારી રીતે કરી શકે.

જ્યાં સુધી શાળા, શિક્ષક, ઘર, માતાપિતા અને સમાજ વચ્ચે યોગ્ય સુમેળ ન થાય, એકમેકનો સાચો અને સીધો સંપર્ક ન સધાય ત્યાં સુધી બાળકની સર્વાંગી કેળવણીનું કાર્ય અધૂરું જ રહેવાનું. સર્વના સહકાર વડે બાળક સામાજિક દૃષ્ટિએ ઉપયોગી અને અસરકારક જીવન જીવી શકે એ જ શિક્ષણનું મહત્ત્વના હેતુ, સર્વની સમક્ષ હોવો જોઇએ.

પુષ્પા વકીલ

બાળકનું ગણિત-શિક્ષણ

(લેખાંક બીજો : ગણિતનું વાતાવરણ)

'ગણિતનું વાતાવરણ એટલે ચોકસાઇનું વાતાવરણ....ગણિતનું વાતાવરણ એટલે તર્કશુદ્ધ વાતાવરણ–જીવનની મર્યાદાઓની સ્પષ્ટતાનું વાતાવરણ.' કમલાતાઇ મારી સામું જોતા જ રહ્યા. 'તમે શું કહો છો તે નથી સમજાતું.'

મેં કહ્યું, ગણિતજ્ઞ એટલે માત્ર કાગળ પર આંકડાઓનો જ વ્યવહાર કરનાર એમ હું માનતો નથી; તેથી ગણિતશિક્ષણની શરૂઆત પણ માત્ર આંકડાઓથી જ થઇ શકે એમ નથી સામ્ય વિરોધ સમજીને તુલના કરવી, અનુમાન કરવાં, વસ્તુઓ વચ્ચેના સંબંધો શોધવા, પ્રમાણ સાચવવું, કલ્પવું, નિર્ણયો લેવા વગેરે બૌદ્ધિક ક્રિયાઓમાં બાળક

ગણિતની જ શરૂઆત કરે છે અને એ માનસિક ક્રિયાઓનો વિકાસ એટલે જ સાચી ગણિત-કેળવણીનો વિકાસ, એમ હું માનું છું. આંકડાઓ આપણા ગાણિતિક ખ્યાલને વિકસાવે છે પણ તેથી માત્ર આંકડાઓમાં જ બાળકને આપણે મર્યાદિત કરીએ તો બાળકમાં વ્યવહાર શૂન્યતા વધશે અને પછી બીજગણિત શીખવાથી તે પૂર્ણ અવ્યવહારી બનશે. ગાણિતિક ખ્યાલની આ પ્રકારની ખીલવણી યોગ્ય છે એમ કેમ કહેવાય?

'તો ગણિતની શરૂઆત અંકગણિતથી નહિ પણ વ્યવહાર ગણિતથી થવી જોઇએ, એમ જ તમે કહેવા માગો છો ને?' કમલાતાઇએ વચ્ચે જ પૂછ્યું. મેં કહ્યું, તમે મારી વાત જ બરાબર પકડી છે. પરંતુ, એ વ્યવહાર ગણિતનું વાતાવરણ ઘરમાં, કેવું હોય એ જ તમે જાણવા માગો છો; ખરું ને?'

કમલાતાઇએ સહેજ હસીને, ડોક હલાવીને કહ્યું, 'હા જ તો.'

મેં કહ્યું, મારો બાબો દોઢ વર્ષનો છે. એનાં રમકડાંમાં એક રંગના છ દડાઓ છે અને છ વાટકીઓ છે. તે વાટકીઓ પર દડાઓ મૂકે છે ને મોટેથી બોલે છે: 'ચાર' 'ચાર' 'ચાર', અને રાજી રાજી થાય છે. હું માનું છું કે આ રમતમાં જ તેના ગણિત-શિક્ષણની શરૂઆત થઇ ગઇ. છાપાંઓમાં બાળકનું ચિત્ર જોઇ એ કહે છે 'બાળ' 'બાળ' 'બાળ'. કંઇક સરખી વસ્તુઓ જોઇને જાણે કહેતો ના હોય 'આ સરખી છે' 'આ સરખી છે.' કંઇક સરખાપણાનો ગણિતની ભાષામાં કહીએ તો કંઇક 'આન' અથવા આપનો ખ્યાલ તેને પહોંચ્યો છે અને સરખામણું શીખવાનો તેને આનંદ થતો દેખાય છે. ગણિતમાં જે અનેક બૌધિક ક્રિયાઓ હું ગણાવી ગયો તે ક્રિયાઓને અવકાશ આપતું વાતાવરણ, એને હું ગણિતનું વાતાવરણ કહું છું. એની સાથોસાથ કુટુંબમાં જો આજુબાજુની વ્યક્તિઓમાં ચોકસાઇ, જીવનની મર્યાદાઓની સ્પષ્ટ સમજણ, વિચારોમાં તર્કશુદ્ધતા વગેરે સંસ્કાર જો બાળક પર નાનપણથી જ પડતા હોય તો એ ગણિતનું જ પોષક વાતાવરણ ગણવું.'

'બાલમંદિરમાં તમે એવાં કોઈ વ્યવહાર-ગણિતનાં સાધનો વસાવો છો ખરાં?' કમલાતાઇએ પૂછ્યું. મેં કહ્યું 'તમે સુંદર પ્રશ્ન પૂછ્યો. ઘણા લોકોને અને શિક્ષકોને પણ બાલમંદિરમાં એવાં વ્યવહાર-ગણિતનાં કંઇક સાધનો હોય છે એવો ખ્યાલ સરખો પણ હોતો નથી. બાલમંદિર એટલે જે વાતાવરણનો સ્વામિ બાળક છે જે વાતાવરણમાં બાળક મુક્ત રીતે પોતાની જીવન-ઊર્મિઓને અનુસરીને વ્યવહાર કરી શકે એવું સ્થળ. એટલે બાલમંદિર બાળકને ઘર કરતાં પણ વધુ અનુકૂળ લાગે. ત્યાં બાળકના પ્રમાણમાં જ બધી જીવન વપરાશની વસ્તુઓ હોય છે; તેથી બાળકના વ્યવહારને, ઘરમાં તેવી અનુકૂળતા ન હોવાથી જે મર્યાદાઓ આવી જાય છે તે મર્યાદા અહીં હોતી નથી. આથી બાળકની ક્રિયાશીલતા બાળમંદિરમાં વિશેષ ખીલે છે. રસોડાથી માંડીને અનેક બૌધ્ધિક અને ભાવનાત્મક અનુભવ બાળક અહીં કરે છે. મેડમ મોન્ટેસોરીનાં સાધનો આમ કહેવાય છે ઇન્દ્રિય-શિક્ષણનાં પણ પણ તેની દ્વારા જેટલું ઇન્દ્રિય શિક્ષણ થતું હશે તેના કરતાં બાળકનું વ્યવહાર-ગણિત-શિક્ષણ વધુ થાય છે એવું મારું માનવું છે. મેં પહેલાં એક સરખી વાટકીઓ અને દડાઓની વાત કરી તેની જેમ જ એક સાધન મેડમ મોન્ટેસોરીએ શોધ્યું છે; એનું નામ શૂન્ય કુમાંકની દફ્ફાપેટી. એમાં બધા દડા સરખા આકારના હોય છે. ૨-૨॥ વર્ષનાં બાળકો એ સાધન પર રમવામાં મશગૂલ બને છે. એમાં એક સરખા દડા બાળકની આગળ રજૂ થાય છે. એકના જેવો બીજો અને બીજા જેવો ત્રીજો દડો બાળક જુએ છે, તેનું સરખાપણું પારખે છે, તેને દરેક સરખાં દેખાતાં કાણાંઓમાં બેસાડે છે અને ફરી રાજી રાજી થાય છે. ઇન્દ્રિય-કેળવણીનાં આગળનાં બધાં જ સાધનોમાં ખરું જોતાં ગાણિતિક પ્રબોધન છે. દરેકમાં સામ્ય વિરોધ શોધવો, ક્રમ સમજવો, તુલનાઓ કરવી વગેરે ગાણિતિક ખ્યાલોનો જ, મેડમ મોન્ટેસોરીનાં સાધનો દ્વારા વિકાસ થાય છે. વધુ ઊંડા જઇને જોઇએ તો સંવેદનનું પરિશીલન

એટલે સંવેદનની ગણત્રી જ હોય છે. (sense discrimination is sense calculation) તેથી જે વાતાવરણમા બાળકને સૂક્ષ્મ સંવેદનનો અનુભવ મળી શકે છે અને તે અનુભવનાં પુનરાવર્તનો કરવાનાં મળે છે તે વાતાવરણ માત્ર ઇન્દ્રિયોને જ નહીં પરંતુ ગણિત વિષયને પણ પોષક હોય છે. વ્યવસ્થા, ચોકસાઈ, સ્પષ્ટતા, સ્વચ્છતા અને બૌદ્ધિક ક્રિયાઓનો પરિપોષ બાળકના ગણિત વિષયના ખ્યાલો વિકસાવવામાં મદદરૂપ થઈ પડે છે. એથી ઊલટું, જ્યાં અવ્યવસ્થા, અચોકસાઈ, અસ્પષ્ટતા અસ્વચ્છતા અને વગર હિસાબી વાતાવરણ હોય ત્યાં બાળકના ગાણિતિક ખ્યાલો વિકસવા માટે ઓછો અવકાશ રહે છે એ દેખીતું છે.

'નાગલેભાઈ' કમળાતાઇએ વચ્ચે જ મને રોકયો અને પૂછયું, 'હું સહેજ વિષયાંતર કરું છું પણ મહત્માજીએ ઉદ્યોગ દ્વારા શિક્ષણની જે હિમાયત કરી છે તેની સાથે તમારા વિચારો ઘણા બંધબેસતા દેખાય છે. કોઈ પણ ઉદ્યોગ ગણત્રી રાખીને કરીએ તો જ ગાણિતિક ખ્યાલ વધે એ મને પણ સ્વાભાવિક લાગે છે.'

'ઉદ્યોગ એટલે હેતુપૂર્વકનો વ્યવસાય. જ્યાં નિશ્ચિત હેતુ તરફ પહોંચવાનું થાય છે ત્યાં ગણત્રી આવી જ' મેં કહ્યું. તેથી બાલમંદિરોના વાતાવરણમાં હસ્તવ્યવસાયને પણ જે મહત્વ અપાય છે તે પણ ગણિત માટે પોષક જ વાતાવરણ. 'તમે બાલમંદિરોના બહુ હિમાયતી લાગો છો' કમલાતાઇએ કહ્યું. 'પણ મારો મૂળ પ્રશ્ન તો ઘરમાં હું મારા પાંચ વર્ષના વિનુને ગણિત કેમ આપું છું, એ છે.' વ્યવહાર ગણિત માટે ઘર કરતાં બાળમંદિર બાળકને વધુ અનુકૂળ છે એમ મેં કહ્યું ખરું, પરંતુ તેનો અર્થ ઘર કંઈ જ કરી ન શકે, અથવા ઘરમાં બાળકના ગાણિતિક ખ્યાલોનો વિકાસ કરવાની કોઇ શકયતા નથી એમ મારો કહેવાનો અર્થ ન કરશો. ખરું જોતાં, આપણે જે પ્રકારની આજે ચર્ચા કરી તેમાંથી તો અર્થ એમ નીકળે છે કે ગણિત વિષય માત્ર આંકડાઓ પૂરતો જ મર્યાદિત નથી; તે જીવનવ્યાપી છે. એ ગણત્રી કરવાની તકો બાળકને ઘરમાં પણ મળવી જોઇએ. વ્યવસ્થા, ચોકસાઇ, સ્પષ્ટતા અને બૌદ્ધિક ક્રિયાઓનો પરિપોષ જે ઘરમાં પણ થતો હોય તો બાલમંદિરના કાર્યને તે વધુ પોષક બનશે, એ દેખીતું જ છે.

'કેટલાક લોકો એમ માને છે' કમલાતાઇએ આગળ ચલાવ્યું, 'કે બાળકનો વિકાસ વ્યવસ્થિત વાતાવરણ કરતાં અવ્યવસ્થિત વાતાવરણમાં જ વધુ થઈ શકે છે.' 'કેવી રીતે' મેં પૂછયું.

'એ લોકો એમ માને છે કે અવ્યવસ્થિત વાતાવરણ હોય તો બાળક વ્યવસ્થા તરફ પોતાની મેળે જવાનો પ્રયત્ન કરશે; અને પોતાના વલણથી જો બાળક વ્યવસ્થા તરફ જાય તો એના જેવું વિકાસને પોષક શું છે?

'બાળક પોતાની મેળે જ વ્યવસ્થા (order in life activities) તરફ જવાનો પ્રયત્ન કરે તે જ વિકાસને પોષક તો ખરું જ; પરંતુ બાળકને વ્યવસ્થા તરફ જવા માટે વ્યવસ્થાનો કંઈક ખ્યાલ આપવાની તો વ્યવસ્થા જોઇએ ને!

આ ઉંમર એવી હોય છે કે જે વ્યવસ્થા આપણે આ વખતે રજૂ કરીએ તે વ્યવસ્થા સમજવા અને તેને આત્મસાત્ કરવા બાળકનો પ્રયત્ન હોય છે. તમે આપો તે વ્યવસ્થા સ્વીકારવા તરફ એનું વલણ હોય છે; એટલે આપણે વ્યવસ્થાને બદલે જો એને અવ્યવસ્થાનું વાતાવરણ આપશું તો તેમાંથી વ્યવસ્થા તરફ જવાનો તેને ખ્યાલ મળવાની કોઇ શકયતા હું જોતો નથી. આપણે વ્યવસ્થાને નામે બાળકના વ્યવસ્થાની દિશામાં થતાં અયશસ્વી ને તેથી જ અવ્યવસ્થિત થતા પ્રયત્નોને બંધ ન કરીએ, વખોડી ન કાઢીએ એ હું સમજી શકું છું.

પરંતુ વ્યવસ્થાનો ખ્યાલ વિકસાવવા માટે ઘર કે બાળમંદિરનું વાતાવરણ અવ્યવસ્થિત રાખવું એમાં તો મને વિચારદોષ જ લાગે છે. આપણે તો બાળકને વ્યવસ્થા જ આપવાનો પ્રયત્ન કરવો

જોઇએ. બાળકનું દેખીતું અવ્યવસ્થિત વર્તન તેના વ્યવસ્થા તરફ જવાના અયશસ્વી પ્રયત્નો તરીકે ગણીને તેના તરફ આપણી સહાનુભૂતિ રહેવી જોઇએ અને જરૂર જણાય તો તેને મદદ આપવી જોઇએ.'

'મને આજે ગણિતના વાતાવરણનો ખ્યાલ તો મળ્યો, પણ હજી આપણે મૂળ પ્રશ્ન પર નથી આવ્યા!' કમલાતાઇએ કહ્યું. મેં કહ્યું, કોઇ પ્રશ્નને લાંબો અને ટૂંકો જવાબ હોય છે. લાંબો અને બને ત્યાં સુધી પ્રશ્નના વિવિધ અંગોને ધ્યાનમાં રાખીને જવાબ આપવાનું મેં ધાર્યું છે.

'તો આપણે અંકગણિતની ચર્ચા હવે પછી કરવાના; એમજ ને?'

મેં કહ્યું 'હા'.

(અપૂર્ણ) —શેષ નાગલે

વડીલો આમ શા માટે કરતા હશે?

[૧]

'મારી આટલી વાત રાખો; અમારો મનસુખ તમને સોંપ્યો છે, બરાબર ભણાવજો.'

ફૂટપાથ ઉપર બેસી જોષ જોતા ચકરડી પાથડીવાળા જોષી સામે જે કુતૂહલ ભરી નજરે કોઇ નિરાશાવાદી પોતાનો હાથ લંબાવી ઉભડક પગે બેઠો હોય તેમ, એક દિવસ એક ઘરડાં માજીને બાલમંદિરનાં પગથિયાં ઉપર ઉભડક બેસી દસ રૂપિયાની નોટ હાથમાં રાખી શિક્ષિકા સાથે ઉપરની વાતચીત કરતાં મેં સાંભળ્યાં.

ઘરડાં માજીની વાત સાંભળી શિક્ષિકાબેન જવાબ દેવાની તૈયારી કરતા હતા તેવામાં માજીએ દસની નોટ સામી ધરી દીધી.

વાર તહેવારે વાલીઓ તરફથી નાસ્તા માટે આવતું દૂધ, કથાનો પ્રસાદ, બાધા આખડી છોડાવવા પ્રસંગે અપાતો નાસ્તો વગેરેથી શિક્ષિકાબેન પરિચિત હતા અને વિવેક વાપરી નાસ્તો સ્વીકાર્ય હોય તેવો સ્વીકારતા, બાકીના માટે ઘટિત જવાબ આપી પાછો ઠેલતા; પણ ઉપરનો પ્રસંગ પહેલી જ વારનો હતો.

ધનાઢ્ય, ભય, લાલચ અને શિક્ષાથી અપાતા શિક્ષણનાં અનિષ્ટ પરિણામો શિક્ષિકાના મન ઉપર બરાબર ઘૂંટાઇ ગયા હતા. એક જ મિનિટમાં નિર્ણય કરી સંયમપૂર્વક જે જવાબ આપવો જોઇએ તે આપી માજીને મનસુખની ચિંતામાંથી મુક્ત કરી એમને ઘર તરફ વળાવ્યા.

વાલીસંપર્ક આવા પ્રસંગોએ બાલશિક્ષણનું મોટું કામ કરી આપે છે. મનસુખની બા છેલ્લા બેએક વર્ષથી સૂકી ઘાસણી (ક્ષય)થી પીડાય છે. મનસુખના પિતાને સમય અને સૂઝ નથી કે મનસુખને કેમ ઉછેરવો! માંદગીને ખાટલેથી મોકલાયેલી આ દસની નોટ ઘરડાં માજીએ તેથી સામી ધરી.

સમૂહજીવન અને ભેદભાવ નહિ રાખવાના સિધ્ધાંતોની તાલીમ આપતાં બાલમંદિરોમાં આવાં દ્રશ્યો કેમ ઊભાં થતાં હશે?

તે દિવસનું બાલમંદિરનું કામ પૂરું થયું ત્યારે શિક્ષિકાબેન નિયામકને પૂછતા હતા, 'વડીલો આમ શા માટે કરતા હશે?'

[૨]

'મારા નૂરાને બરાબર ભણાવજો.' બરાબર બારને ટકોરે પ્રાર્થના શરૂ થઇ. દસ મિનિટે પ્રાર્થના પૂરી થઇ. સંગીત શરૂ થવાની તૈયારી હતી, ત્યાં શિક્ષકના બ્લા ઉપર હળવેકથી કોઇનો પંજો, પાછળની બારીના સળિયામાંથી પડ્યો અને શિક્ષકે પાછળ નજર કરી એટલે એક વડીલ પાંચ રૂપિયાની નોટ સામી ધરી ઉપરની વાત બોલ્યા.

નૂરમહમદની ઉમર પાંચ વર્ષની હતી. પિતા બાટકીનો ધંધો કરતા. તાજેતરમાં એમણે બીજી વાર લગ્ન કર્યું હતું. નવી માતા તરફથી કોઇ પ્રકારનો અણછાજતો વર્તાવ ન હોવા છતાં નૂરમહમદના પિતાના મનમાં વહેમ ઊભો થયો હતો કે નવી મા નૂરાને બરાબર નહિ સંભાળે; એટલે બાલમંદિરમાં શિક્ષિકા સંભાળે, બાકીની સંભાળ દુકાને બેસાડી એ પોતે લે.

નૂરમહમદની નવી માતા દર્દ બાનુ પોતે ચાર

ગુજરાતી ભણ્યા હતા અને પોતાના ગામની એક કન્યાશાળાના આચાર્યા પાસે જતાં આવતા. એ૨-માન છોકરાને પારકું સમજી અણઘટિત રીતે વર્તવાને બદલે વધારેમાં વધારે કાળજી લઈ એને મોટો કરવાનો નિશ્ચય કરીને જ સાસરે આવ્યા હતા.

નૂરમહમદને બાલમંદિરે મૂકવા પોતે આવતા. જેટલી બાળકો એક જ હારમાં વ્યવસ્થિત રીતે તાલબદ્ધ ગાતાં, તે પોતે એક ધ્યાને સાંભળતાં; ધક્કા મુક્કી વગર પાણી પીતાં બાળકોને તે જોયા કરતાં. પછાડ્યા વગર સાધનો લે મૂક કરતી બાળકોની ટુકડીઓને એકધ્યાને જોતા.

બાળકોને અપાતા મુક્ત વ્યવસાયના નિયમનથી ચાલતી પ્રવૃત્તિઓનું પોતાની દ્રષ્ટિએ અવલોકન કરતા.

દર્દબાનુ શિક્ષક સાથે એક દિવસ વાત કરતાં બોલ્યા, 'અમારા ઘરમાં નૂરો રહેતો જ નથી. જો ઘરમાં હોય તો આવું જ કરે; પણ એના બાપ દુકાને જ બેસાડી રાખે છે, એટલે મને તો કાંઈ ખબર નથી કે નૂરો શું શીખ્યો?'

શિક્ષકે ઘટિત જવાબ આપ્યો. પણ શિક્ષકે બાલમંદિરનું કામ પૂરું થયા બાદ નિયામકને પૂછ્યું, 'આટલી બધી અવિશ્વાસની લાગણીથી નૂરમહમદ ઉપર શી અસર થશે?'

બાબુભાઈ શાહ

સ્વયંસ્ફુરિત અભિનય

આપણે બાલમંદિરમાં સ્વયંસ્ફૂર્તિને મહત્ત્વ આપીએ છીએ પણ આ 'સ્વ' (પોતાપણું) જાગૃત થઈને તેને સ્ફૂર્તિ આવવા માટે પૂરતો સમય આપવો પડે છે; ત્યારે જ તેનું કાર્ય દેખાય છે....

બાલમંદિરમાં ગીતો બાબત પણ આવું જણાઈ આવે છે. બાળકોએ ગીતો સ્વયંસ્ફૂર્તિથી ગાવાં જોઈએ એટલું જ નહિ પણ અભિનય ગીતોનો અભિનય પણ સ્વયંસ્ફુરિત હોવો જોઈએ. સ્વયં-સ્ફૂર્તિથી થતું દરેક કામ કંઈક જુદું પડી જાય છે. એમાં કંઈક વધારે ઝમક હોય છે.

બાળકોને ગીતો શિખવવાનાં એટલે તે અભિ-નય ગીતો જ હોવાં જોઈએ એમ ઘણાં માને છે. ઘણાંખરાં બાલમંદિરોનો સંગીતનો કાર્યક્રમ જોઈશું તો તેમાં વધારે અભિનયગીતો જ હશે; અને તેમાં પણ ઘણીવાર તો બાળકો શબ્દોનો અર્થ ન સમજ્યાં હોય તો પણ તેનો અભિનય બરોબર કરે છે. અર્થ સમજ્યા વગર ગીતો ગાવાં તે તો પોપટની જેમ બોલ્યાં જેવું જ થયું. આમ હોય તો એની પાસેથી અર્થાનુકૂલ સ્વયંસ્ફૂરિત અભિ-નયની અપેક્ષા કઈ રીતે રાખી શકાય? તેમ છતાં બાળકોને ખાસ અભિનય શીખવી તૈયાર કર્યાં હોય છે. ખાસ કરીને કોઈ સંમેલન પ્રસંગે જે અભિનય-ગીતો કરવામાં આવે છે તે આ જાતનાં હોય છે.

ત્યારે કરવું શું? બાળકોએ હાથ જોડી બેસી રહી ગીતો ગાવાં? ના, ના, એમ નહિ. પણ ત્યારે શીખવ્યા વગર બાળકો અભિનય કેવી રીતે કરી શકે? આ જાતનો પ્રશ્ન ઘણાને જરૂર થશે. આ પ્રયોગ કરી જોવા જેવો છે.

સંગીતમાં સ્વરમાધુરી ને તાલબદ્ધતાનો સમાવેશ થતો જ હોય છે. તે જ પ્રમાણે અર્થમાધુરીનો પણ સમાવેશ ગીતમાં થવો જરૂરી છે. શાસ્ત્રીય સંગીત સાંભળતી વખતે આપણે સ્વર અને તાલ પર વધારે ભાર આપીએ છીએ. ભાવગીતમાં અર્થ-માધુર્યને પ્રથમ સ્થાન આપીએ છીએ. આમ હોવા છતાં શાસ્ત્રીય રીતે ગવાતાં ગીતો પણ કવિ અર્થમાધુર્ય માટે જ રચતો હોય છે. પણ ગાયક આલાપ સાથે લલકારતી વખતે અર્થ તરફ દુર્લક્ષ આપે છે. અર્થ તરફ ધ્યાન ન આપવાથી ગાયક ઘણીવાર યતિભંગનો દોષ પણ કરે છે, અને સહૃદય, રસિક અને મર્મજ્ઞ શ્રોતાથી આ ઘણીવાર ખમાતું પણ નથી. ગમે તે હોય પણ સંગીતનો સૂર આપણા કાન પર પડ્યો કે આપણે અજા-ણ્યે જ હાથ વડે તાલ આપવા લાગીએ છીએ એ ઘણાનો અનુભવ હશે. હાથ નહિ તો પગથી તાલ આપીએ છીએ અથવા તો ફક્ત ડોકું જ તાલ સાથે હાલતું જણાય છે. ચાલતાં ચાલતાં તાલબદ્ધ સૂર સંભળાયો કે પગલાં પણ તે જ

પ્રમાણે પડે છે. આ બધું થોડેઘણે અંશે ગીતની તાલબદ્ધતા પર આધાર રાખે છે. સંગીતનો સૂર અને તેની સાથે તેના શબ્દો સંભળાય કે સ્વભાવિકપણે જ આપણા મનમાં તે શબ્દોનો અર્થ ખુલ્લો થાય છે અને તેનો ભાવ આપણા હૃદયને સ્પર્શે છે. તે ભાવને અનુકૂળ એવા ભાવ આપણા મોઢા પર દેખાઇ આવે છે અને અજાણ્યે જ આપણે જુદા જુદા હાવભાવ અને મુદ્રાઓ કરવા લાગીએ છીએ. પણ આ બધું ક્યારે? જ્યારે આપણે એ ગીત સાથે એકરસ થઇએ ત્યારે જ.

બાળકો માટે પણ આમ જ થાય છે. સંગીત ઘણાંને ગમતું હોય છે. ગીતનો અર્થ ન સમજ્યો હોય તો પણ ઘણીવાર બાળકો તે પ્રેમથી સાંભળે છે, અને ગાવાનો પ્રયત્ન કરે છે. એમાં તેમને સફળતા પણ મળે છે. પણ અર્થ સમજ્યો નથી હોતો તેથી, સ્વરને તાલમાં ગાતાં આવડ્યાં છતાં તેમાં તે સમરસ થઇ શકતું નથી. સુંદર તાલબદ્ધ ગીત સાંભળતાં જ બાળક તાલ આપવા લાગે છે, અને ફક્ત ગીત સાંભળવાની પણ તેમને મજા પડે છે. તાલબદ્ધ સ્વરમાધુર્ય, તેની સાથે અનુપ્રાસ વગેરે શબ્દાલંકારની અભિરુચિ અને તેમાં જો અર્થસુલભતા હોય તો બાળકોને એવાં ગીતો ખૂબ જ ગમે છે; અને બાળકો એવાં ગીતોમાં જરૂર સમરસ થઇ જશે.

આપણે જ્યારે બાળકોને એક ગીત સંભળાવીએ છીએ ત્યારે એનો રાગ ગમી જાય તો તેઓ પણ પહેલાં એક બે વાર સાંભળ્યા કરે છે. પછી ધીમે ધીમે એના શબ્દો પર તેમનું ધ્યાન જાય છે અને ધીરે ધીરે તે શબ્દોનો અર્થ તેમના ધ્યાનમાં આવે છે. એ જેમ જેમ અર્થ સમજતો જશે તેમ તેમ એમનાં મોઢા પર પણ આનંદ જણાઇ આવે છે. પછી જેમ જેમ અર્થ વધારે ને વધારે સમજતો જશે તેમ તેમ તેનું મન સમરસ થઇ જશે અને પછી અજાણ્યે જ, સ્વભાવિકપણે જ, તેનું શરીર અર્થ સહિત હિલચાલ કરવા લાગશે. આનું નામ જ સ્વયંસ્ફુરિત અભિનય.

અધ્યાપનમંદિરની વિદ્યાર્થિનીઓને પોતાનો પાઠ કેવી રીતે વધારે સારો જશે એની હમેશા ઉત્સુકતા રહે છે, અને એવું જ હોવું જોઇએ. અને વિદ્યાર્થી મટી શિક્ષક થાય ત્યારે પણ આવો ઉત્સાહ રહેવો જોઇએ. તેમને ઘણીવાર એમ લાગે છે કે સંગીતના પાઠમાં જો અભિનય ન હોય તો પાઠમાં રંગ કેમ આવે? ગીતો બાળકોને કેમ ગમે? બાળકો સામે બેસી આપણે ગીતની એક એક લીટી ગાવાની અને આપણી પાછળ બાળકોએ તે ઝીલવાની એમ કર્યું હોય તો બાળકોને બહુ ગમતું નથી; તો પછી કરવું શું? એમને ગીતો ગાતાં કઇ રીતે શીખવવું? આ એક મોટો પ્રશ્ન થઇ પડે છે. પણ આ બાબત એક બે વાર મેં પ્રયોગ કરી જોયો છે અને નીચે પ્રમાણે અનુભવ મને થયો છે, એક વિદ્યાર્થીએ નીચેનું ગીત પાઠ માટે લીધું.

પાટા ઉપર ગાડી, દોડે દોટો કાઢી,
વાંકીચૂકી, ઊભી આડી,
છુક છુક છુક છુક છુક છુક

જંગલ આવે, ઝાડી આવે,
નદી ઝરણાંનાં નીર ફૂદાવે
કાળા ચીસો પાડી, મોટા ડુંગર ફાડી,
વાંકી ચૂંકી, ઊભી આડી,
છુક છુક છુક છુક છુક છુક.

ગીતનો રાગ સારો છે, તાલબદ્ધતા છે અને તેનો અર્થ પણ સમજાય તેવો છે. માટે જ આ ગીત પસંદ કર્યું. આ ગીતમાં અભિનય થઇ શકે એમ છે, તો અભિનય પણ કર્યો હોય તો ખૂબ સરસ પાઠ જશે એમ તેને લાગ્યું. પણ અમારે જોવું હતું કે સ્વયંસ્ફુરિત અભિનય થાય છે કે નહિ. તેથી ગોળ પર બેસી બાળકોને ગીત સંભળાવવાનું નક્કી કર્યું.

બધાં બાળકો ગોળ પર બેઠાં. પાઠની શરૂઆત થઇ. બેસીને હાથથી જ તાલ આપીને ગીત ગાઇ સંભળાવ્યું. જેટલી વાર બાળકો 'ગાઓ' કહે તેટલી વાર બેસીને જ ગીત ગાવાનું નક્કી કર્યું હતું.

બે વાર ગાયા પછી પેલા બહેન ત્રીજી વાર ગાવા લાગ્યા ત્યારે બાળકો પણ બહેનની સાથે તાલ આપવા લાગ્યાં અને વચ્ચે વચ્ચે ગાવા પણ લાગ્યાં. બીજી લીટી તો લગભગ બધાં જ ગાવા લાગ્યા. અભિનય ગીત બે ત્રણ ચાર વાર બેસીને જ ગાયું અને તેથી શિક્ષિકાને પણ કંઈ ભૂલી ગયાં હોય એમ લાગ્યા કરે. પણ બંધન હોવાને લીધે કંઈ ઇલાજ ન હતો. બાળકો ઉપર ધીરેધીરે ગીતનું પરિણામ થતું હતું એ તેમના હસવા પરથી જણાતું. કળી કેવી ધીમે ધીમે ખીલે છે; તે ખીલતી દેખાતી નથી પણ ખીલે એટલે થાય છે કે "અરે કળી ખીલી ગઈ." બાળકોનો વિકાસ પણ દર ક્ષણે જ થતો હોય છે. પણે તે થોડો થોડો વિકાસ આપણને દેખાતો નથી. ગીતમાં પણ ધીરેધીરે રસ વધતો જતો હતો. પાંચમી વાર ગીત ગવાયું ત્યારે બાળકો એક બીજા સામે જોઇ, શિક્ષક સામે જોઇ, થોડેથોડે અભિનય, જગ્યા પર બેઠાં બેઠાં જ કરવા લાગ્યાં. અભિનય કરતી વખતે તેમને થોડો સંકોચ લાગતો હતો, હસવું આવતું હતું. તેમનું આમ જોવાનું પણ કારણસર હતું. છઠ્ઠીવાર બાળકોએ કહ્યું 'ફરી વાર આ ગીત ગાઓ' એટલે પાછું શરૂ કર્યું. શિક્ષિકાને એક સરખું એકનું એક ગીત ગાવાનો કંટાળો આવ્યો હોય એમ લાગ્યું. પણ બાળકોએ જ માગણી કરી હતી એટલે જરા ઉત્સાહ પણ લાગતો હતો એમ જણાતું હતું. આ વખતે તો બાળકોએ બેઠાંબેઠાં જ અભિનય કરવાનું શરૂ કર્યું. આજે બહેન બેઠાંબેઠાં જ અભિનય કેમ કરતાં હશે તેનું એમને આશ્ચર્ય થતું હતું. તે જ પ્રમાણે એક વાર ગોળ પર ઊભા કર્યાં. લગભગ બધાં જ બાળકો ઊડ્યાં. બહેન બેસીને જ ગાતાં હતાં અને બાળકોનો અભિનય શરૂ થયો. તેઓ જ એક બીજાંને સૂચના આપતાં હતાં—એક બીજાનું જોઇ સુધારી લેતાં હતાં. આ જ પ્રમાણે ઘણાં ગીતો સુંદર અભિનય સાથે ગવાયાં. પછી અભિનયમાં જરા નિશ્ચિતપણું આવે એ દૃષ્ટિથી છેલ્લી એકવાર બહેને ઊભા થઇ બાળકો સાથે અભિનય કર્યો. આ પ્રમાણે બીજાં સ્વયંસ્ફુરિત અભિનયગીતો ગવાયાં. તેમાં તો જુદી જુદી જાતનો અભિનય કરવાનો હતો. એ કરતી વખતે તો બાળકો જ અમારા ગુરુ બન્યાં. એક ગીતમાં છાશ વલોવવાનું આવતું હતું. શહેરના ચાર પાંચ વર્ષના બાળકે તો હાથેથી જ છાશ વલોવતાં જોઇ હોય તો એ કઇ જાતનો અભિનય કરી શકે? પણ એમણે તો બન્ને હાથ આગળ લઇ હાથમાં બોટી બોટી રવાઇ લઇ, બે હથેલીઓ ઘસી, બેઠાં બેઠાં જ અભિનય કર્યો. પેલા શિક્ષિકાબહેનને થયું આમ કેમ કરે છે? પણ તેમણે જે સ્વાભાવિક વસ્તુ જોઇ હતી એને અનુસરીને જ અભિનય કર્યો હતો. એકંદરે આ અનુભવ પરથી એમ સમજાયું કે ગીતોનો અર્થ જો સહેલો હશે તો બાળકો તે અર્થને અનુસરીને સ્વયંસ્ફુરિત અભિનય કરવા લાગશે. એને ગમે અને સમજાય એવાં ગીતો હોવાં જોઇએ. તે સમજવાં અને ગમાડવાં માટે ભરપૂર સમય પણ આપવો જોઇએ અને આપણી પાસે પણ આટલો સમય આપવાની ધીરજ હોવી જોઇએ.

તા. પરાંજપે

શ્રી જયુભાઇ પ્રેમજી કોઠારી

સ હ કા રી વિ દ્યા મં દિ ર ના

પ્રાથમિક-માધ્યમિક વર્ગો માટે

તાલીમ પામેલા, ભાવનાશીલ ને અનુભવી શિક્ષકો

જુનથી જોઇએ છે.

— લાયકાત, અનુભવ, પગાર વગેરે વીગત સાથે લખો —

શ્રી જયુભાઇ ઠાણી

સહકારી વિદ્યામંદિર, સહકાર નિવાસ, ૧૭ તારદેવ રોડ, મુંબઇ ૭.

મરાયા મોન્ટેસોરીની કેળવણી અંગેની કલ્પના

પ્રસ્તાવના.

૪૮ાલીમાં બાલવિકાસ અંગે કામ કરતી વખતે મરાયા મોન્ટેસોરીએ શૈક્ષણિક સાધનો તથા શિક્ષણવિષયક દૃષ્ટિ પ્રાપ્ત કરી અને ત્રિકસાવી. આ બન્નેનું પરિણામ હિન્દુસ્તાન ઉપર પણ થયું.

આ ઘણાં વર્ષોથી દેખાઇ આવે છે. તે સમયે સ્વ. ગિજુભાઇ બધેકાએ મોન્ટેસોરી પદ્ધતિ પ્રમાણે બાલશિક્ષણની યોજનાની શરૂઆત કરી. તેમને અને તેમના અનુયાયી શિક્ષકો એમરાયા મોન્ટેસોરીનાં પુસ્તકો વાંચીને એમનું શિક્ષણવિષયક તત્ત્વજ્ઞાન પોતાનું કર્યું. ગુજરાત, કાઠીઆવાડ હિન્દુસ્તાનના બીજા ભાગોમાં શ્રી. ગિજુભાઇએ બાલશિક્ષણમાં નવી દૃષ્ટિ રૂઢ કરી અને તે મોન્ટેસોરીના વિચારોથી ઓતપ્રોત છે. બીજું વિશ્વયુદ્ધ થવાથી મૅડમ મોન્ટેસોરીને હિન્દુસ્તાનમાં આવવું પડયું. અહીં તેમણે અધ્યાપનના વર્ગો ચલાવ્યા. તેમના પ્રત્યક્ષ માર્ગદર્શન હેઠળ આજે સેંકડો શિક્ષકો હિન્દુસ્તાનના જુદાજુદા ભાગમાં બાલશિક્ષણનું કામ કરે છે. એમણે હિન્દુસ્તાનમાં જે કાંઇ વ્યાખ્યાનો કર્યાં એને આધારે લખાએલું ('આહક મન' Absorbent Mind) નામનું તેમનું પુસ્તક ૧૯૪૯ની સાલમાં મદ્રાસના થિઓસોફિકલ પબ્લિશિંગ હાઉસે પ્રસિદ્ધ કર્યું. તેમનો ઘણાં વર્ષોનો અનુભવ તથા કલ્પના આ વ્યાખ્યનોમાં પ્રગટ થયાં છે આ પુસ્તક કેટલાંયે શિક્ષકોને તેમના શિક્ષણના કામમાં માર્ગદર્શન માટે ઉપયોગી થઇ પડે તેવું છે.

હિન્દુસ્તાનમાંની મોન્ટેસોરી ચળવળથી શિક્ષણતજ્ઞ વિચાર કરવા લાગ્યા. પણ સરકારી આશ્રય આ પદ્ધતિને મળ્યો નહિ, આ કાર્યમાં તનતોડીને મંડેલા કાર્યકર્તા ઓ હિન્દુસ્તાનની સ્વાતંત્ર્યની લડતમાં ભાગ લેતા હતા. તેમણે મોન્ટેસોરી પદ્ધતિથી પૂર્ણ પ્રાથમિક શિક્ષણ ચલાવવા માટે જાનગી રાત ઘન પણ મેળવ્યું. આ દેશના શિક્ષણમાં નવી શક્તિ ઉત્પન્ન કરવા માટે તેમના વિચારોનો ઉપયોગ કરનાર વ્યક્તિઓનું લક્ષ મોન્ટેસોરી તરફ ખેંચાયું, એ આ ઉપરથી દેખાઇ આવે છે. એમનું મૃત્યુ થવાથી એમના શિક્ષણવિષયક વિચારોની છણાવટ તથા તપાસ કરવાનો સમય હવે આવ્યો છે.

બાળક અને તેનું વાતાવરણ : એ અંગેના તેમના વિચારો

તેમનું 'ગ્રાહક મન' એ પુસ્તકમાંનું પહેલું જ વાકય આ પ્રમાણે છે "આ પુસ્તક એટલે બાળકોની મહાન શક્તિની કદર કરવાનો અમારો એક પ્રયત્ન છે."

'બાળકને મળનારી શક્તિ અજ્ઞાત છે અને આ અજ્ઞાત શક્તિ ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરે છે." "બાળકની રચનાત્મક શક્તિ સજીવ અને પ્રવર્તક છે એ વાત હજારો વર્ષ સુધી અજ્ઞાત રહી હતી." "બાળક પોતે એક અત્યંત ચિકિત્સક શિક્ષક છે.....એથી કોઇ પણ ક્ષેત્રમાં બાળક હશે તો તે પ્રગતિ કરશે" "એક પેશીમાંથી પૂર્ણ અવયવમાં રૂપાન્તર પામવું એ એક અતર્કય ઘટના છે. આ વસ્તુસ્થિતિ તો છે જ; પરંતુ આ વાત એટલી ચમત્કારિક છે કે કોઇ સમજી શકતું નથી. એ શબ્દ, પૂર્વે શાસ્ત્રજ્ઞોને શાપ જેવો લાગતો હતો. પણ આજ આ વિષય ઉપર (જીવશાસ્ત્ર) જે કોઇ પુસ્તકો વાંચશે તેમને આ જ શબ્દ વપરાતો જણાશે.

મરાયા મોન્ટેસોરીનું બાળકો માટેનું દૃષ્ટિબિન્દુ બતાવવા માટે ઉપરનાં અવતરણો સુયોગ્ય થઇ પડશે. પોતાને માર્ગદર્શન તથા પ્રકાશ મળવો જોઇએ એટલે પૂર્વે ઇસુ ખ્રિસ્તના જન્મની અંતરથી રાહ જોનાર ભાવિક લોક હતા, તેમની જ યાદ મેડમ મોન્ટેસોરી કરે છે. નિરાશાના અંધકારમાંથી પોતાને બહાર કાઢે એ માટે પયગંબરના જન્મની વાટ તે પવિત્ર લોકો જોતા હતા. બાળકનો સ્વભાવ અલૌકિક—આધ્યા-

ત્મિક છે અને એમાં બળનો ભરેલો છે, એ તરફ કોઇનું ધ્યાન ખેંચાયું નથી, એમ મેડમ મોન્ટેસોરી વિશ્વાસપૂર્વક જણાવે છે. બાળપણ અંગેનો આ પ્રકારનો આધ્યાત્મિક વિશ્વાસ માનવ-જાતિ માટે નવો નથી. 'બાળક ઈસુ'ની કલ્પ-નામાં ખ્રિસ્તી જગત માટે જેમ આશાનું પ્રતીક છે, તેવી જ રીતે 'બાળ કૃષ્ણ' ની કલ્પનામાં હિંદવાસીઓ માટે દેખાય છે. બાળકની વાણીમાં ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે, એ કલ્પના ઉપરનાં પ્રતીકોથી હજારો વર્ષથી મનુષ્ય માનતો આવ્યો છે. મરાયા મોન્ટેસોરીને આ પ્રતીક દરેક બાળકમાં દેખાય છે.

પરંતુ બાળક માટેની આ કલ્પનામાં શો અર્થ સમાએલો છે? મનુષ્યની જે શક્તિની શોધ ન લાગી હોય તેનો અર્ક એટલે બાળક! તેને જે સમાજમાં ધકેલી દેવામાં આવે છે ત્યાં એની આ શક્તિની કિંમત અંકાતી નથી, અને તેમને કચરાની ટોપલીમાં ફેંકવામાં આવે છે. તદ્દન સ્પષ્ટ શબ્દમાં કહીએ તો નૈતિક દૃષ્ટિથી ઊંચી કક્ષાનું બાળક અનૈતિક સમાજમાં ધકેલાય છે, ત્યાં સમાજ તેને બગાડે છે અને તેના અધઃ પતનનું કારણ બને છે.' એમ મેડમ મોન્ટેસોરી કહે છે. પવિત્ર બાળક અને અપવિત્ર સમાજ એ બન્નેમાં વિરોધ તથા દુશ્મનાવટ જાણે કે દેવદૂત જ પાપી લોકમાં આવ્યો હોય એવું લાગે છે. શરીરથી વિકૃત હોય તેવા લોક, ધર્મોપદેશ અને બાળક એ સર્વસામાન્ય મનુષ્યથી જુદા છે અને તેનામાં સારું અથવા ખરાબ કરવાની અલૌકિક શક્તિ છે એમ આપણા જૂના વખતના લોકો માનતા હતા. આ જ કલ્પનાનો અવશેષ ગૂઢ તથા ચમત્કારિક કલ્પનામાં મળી આવે છે. સામા-ન્ય જીવન પ્રેરણાદાયી કરવા માટે રસ્તાને નાકે કોઈ વાટ જોતું ઊભું છે એ આશા પણ તેમાંની જ છે.

ઉપરની ગૂઢ કલ્પનામાં હવે વિશ્વાસ ઓછો થતો જાય છે. તેને ઠેકાણે મનુષ્યોના પ્રશ્નો તરફ જોનાર વાસ્તવિક દૃષ્ટિકોણ તરફ આપણે ઢળ્યા છીએ. અનુભવથી જે જ્ઞાન થશે અને શાસ્ત્રીય સંશોધન દ્વારા જે નક્કી થશે તેને આજકાલ માન્યતા મળે છે. મૃત્યુ-લોકમાં સ્વર્ગમાંથી બાળક અવતરે છે, કલ્પના આધુનિક શાસ્ત્રને માન્ય નથી. જે વાતા-વરણમાંથી બાળક ઉત્પન્ન થાય છે તેનો જ તે એક ભાગ હોય છે એમ આજની માન્યતા છે. બાળકની 'અવ્યક્ત અને અજ્ઞાત શક્તિ' આદર્શ વાતાવરણમાં વિકાસ પામી શકશે એમ આજે કોઇ માનતું નથી. બાળક વાતાવરણ સાથે અનુ-કૂળ (adjust) થવા માટે પોતાના બધા ભંડા-રનો દરેક ક્ષણે જીવનમાં ઉપયોગ કરે છે.

વ્યક્તિ અને તેનું વાતાવરણ એમાં પણ આવા જ પ્રકારનું ઐક્ય છે એમ માનવું વધુ સારું છે. જીવને પોતાનામાં આવા જ પ્રકારનું ઐક્ય દેખાય છે. જીવનશાસ્ત્રની આ શાળાને અંગ્રેજીમાં ecology કહે છે માનસશાસ્ત્ર અને સમાજ-શાસ્ત્ર ઉપર એનો ખૂબ જ પ્રભાવ પડ્યો છે. વ્યક્તિનો વિકાસ થવા માટે આદર્શ વાતાવરણની જરૂર છે, એમ કહેવું જેટલું લાગે છે તેટલું સરળ તથા નિરુપ-દ્રવી નથી; ખૂબ વર્ષો પહેલાં પ્લેટોને આ કલ્પના સૂઝી હતી. કુટુંબ તથા સંપત્તિનું મમત્વ જરા પણ ન જાગે એવા આદર્શ વાતાવરણમાં રાજ્યના શાસકવર્ગનું શિક્ષણ થવું જોઇએ એવી એની કલ્પના હતી. આ સાધ્ય માટે 'સામૂહિક વિવાહ' એ એનો ઉપાય હતો. એમિલીને ઉછેરવા માટે રુસોએ આદર્શ વાતાવરણનું ચિત્ર દોર્યું હતું. બાળકની આકાંક્ષાઓ દાબી દેનાર તથા ન્યૂન નિર્માણ કરનારા વાતાવરણમાં બાળકને ઉછેરવા કરતાં બંધનરહિત વાતાવરણમાં બાળકને ઉછેરવું જોઇએ, એવી એક વિચારસરણી પહેલા મહા યુદ્ધ પછી નીકળી. વિકાસમાં મુશ્કેલીઓ ઊભી કરનાર તથા વિકૃત બનાવનાર વાતાવરણથી મુક્ત, આદર્શ વાતાવરણમાં ઉછરેલા બાળકની માહિતી હવે મળી છે. જે સમાજમાં એને રહેવાનું છે તેમાં મોટી વગે સમરસ થઈ જવામાં બાળકને મુશ્કેલી આવે છે. એ માટે બધા નિરીક્ષકો એકમત છે. આ બાળકો એક તો પોતે જ નિર્માણ કરેલા

કાલ્પનિક આદર્શ જગતમાં જવા માટે વાટ જોતાં હોય છે; અથવા સામાજિક સંબંધમાં તેનું સમતોલપણું જળવાઇ રહેતું નથી. વચલો માર્ગ તથા એકેયની કલ્પના તેઓ માન્ય કરતા નથી. તેમાંના કેટલાક અભિમાની લોક બીજાંની દ્રષ્ટિ સમજવા પ્રયત્ન ન કરતાં બીજાં ઉપર તથા સમાજ ઉપર ખોટા આરોપ કરનારા તથા જલદીથી ગુસ્સે થઈ જનાર તરીકે ઓળખાય છે.

પોતાની છૂપી, અવ્યક્ત શક્તિ પ્રગટ થવી જોઇએ તેથી આદર્શ વાતાવરણમાં જેમને શિક્ષણ આપવામાં આવે છે તે વ્યક્તિ સમાજમાં નવો ચીલો પાડશે એવું આજે કોઇ માનતું નથી. પોતાના વાતાવરણમાં ઐક્ય પ્રાપ્ત કરવાની દૃષ્ટિથી જ વ્યક્તિને શિક્ષણ મળતું હોય છે. તેણે આ ઐક્ય શક્ય તેટલા જોરથી વ્યક્ત કરવું જોઇએ. બાળકની શક્તિ એટલે કૃપણનો ધનભંડાર નહિ! તે જોરમાં પોતાનું કામ કરતો હોય છે. તેમનું આ શિક્ષણ આગળ પ્રગતિ કરતું જ હોય છે...કોઇ કોઇ સમયે અવ્યવસ્થિત રીતે વ્યક્ત થાય છે. પરંતુ હંમેશ તે જોરમાં ઊછળતી હોય છે. બાળકની પોતાને માટેની કલ્પના એટલે બીજું કંઈ નહીં પરંતુ વાતાવરણમાંથી મળેલા અનુભવનું પરિણામ હોય છે. ઐક્ય માટેની વધુમાં વધુ સ્પષ્ટ સમજણ વગર કંઇ પણ ચમત્કારિક વ્યક્ત થતું નથી. ગીતાના લેખકે 'આત્મ'નું વર્ણન ખૂબ જુદી રીતે કર્યું છે. એમ સૂચિત કર્યું કે આત્મા માટે લાગુ પડતી ક્રિયા અથવા ભૌતિક શક્તિના પરસ્પર કાર્યનું સ્વરૂપ છે. ગર્વથી આંધળા બનેલા એમ માને છે કે મેં આ કર્યું. પતંજલિના યોગ સૂત્રના ભાષ્યકાર વિજ્ઞાન ભિક્ષુ થઈ ગયા. તેઓ એમ કહે છે કે, ઇંદ્રિયજ્ઞાન, બુદ્ધિ, તારતમ્ય, સ્વત્વ વગેરે બાબતો પ્રકૃતિ નામના તત્ત્વનું કાર્ય છે.—અને એ સમજવું પુરુષત્વનો સાક્ષાત્કાર થતા પહેલાં આવશ્યક છે. બાળક એ વાતાવરણ દ્વારા ઘડી શકાય છે. પોતાના વાતાવરણમાં તેની પ્રતિક્રિયા ચાલુ હોય છે. આ બધી બાબતો ભૌતિક છે પરંતુ આ પણ ચૈતન્યનો જ સ્વભાવ છે; આ ઉપર નિરીશ્વર ભૌતિકવાદની છાપ ન પડે તેથી નામાંકિત હિંદી તત્ત્વવેત્તાનો ઉલ્લેખ કર્યો છે. અનુભવ લેનાર વ્યક્તિની કલ્પના તેની સાથે સંકળાએલા વાતાવરણમાંથી જ કરવી જોઇએ; તે જ પ્રમાણે વાતાવરણની કલ્પના વ્યક્તિ ઉપરથી કરવી છે, માનસિક સ્વરૂપની જાણ જીવશાસ્ત્રના મૂળ તત્ત્વથી જ થાય છે.

મરાયા મોન્ટેસોરીની આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનની આ ટીકા તેનું મહત્વ ઓછું કરવા માટે કરી છે, એમ માનવું યોગ્ય નથી. યુરોપમાં મોટા રાજકીય તથા સામાજિક ફેરફાર થતી વખતે મેડમ મોન્ટેસોરીએ પોતાનું કામ શરૂ કર્યું હતું એ ભૂલવું ન જોઇએ. તે સમયે હેપ્સબર્ગ સામ્રાજ્ય જોરમાં આવતું હતું અને સ્વાતંત્ર્ય, બંધુતા તથા સમાનતાની ઘોષણા પણ જોરમાં થતી હતી. ઇટાલીની રાષ્ટ્રિય ચળવળનું આખરી પરિણામ હજી જણાવાનું હતું. પ્રૌઢ મતદાન અને પૂરતો ખોરાક ન મળતાં લોકોથી ભરેલી નીચ વસ્તી આ બન્ને બાબતો એક સાથે જોવા મળતી હતી. આ વિરોધી બાબત તરફ લોકોનું ધ્યાન તરતનું જ ખેંચાયું હતું. આવે વખતે સ્ત્રી-સુલભ એવા અંતર્જ્ઞાનથી મરાયા મોન્ટેસોરી, આ કાર્ય કરવા માટે આગળ આવ્યા. તેમણે મનુષ્યની મહત્તા વધારવાનો પ્રયત્ન કર્યો. શિક્ષણનો ધ્યેયવાદ નિર્માણ કરવા માટે તેમણે નવી કલ્પના પ્રસ્તૃત કરી. તેમાં તેમણે પોતાના સાંસ્કૃતિક સંગ્રહનો સારો ઉપયોગ કર્યો મનુષ્યની મહત્તા વધારવા માટે તેમણે જે ધ્યેયવાદ નિર્માણ કર્યો તેમાં તેમના કાળનાં વિરોધી તત્ત્વોનો સમાવેશ થાય છે. વિસ્તૃત થનાર શાસ્ત્રીય જ્ઞાનના પ્રકાશમાં તેની છણાવટ કરવી આવશ્યક છે.

વિકાસક અવસ્થા માટેની કલ્પના

'આહક મન'ના ૭૬—૭૭ પાનાં ઉપર તેઓ કહે છે કે બધાં મનુષ્યો સરખા હોવાનો એક કાળ હોય છે! એવું આધ્યાત્મિક દૃષ્ટિથી કહી શકાય. નવું જન્મેલું બાળક માનસદૃષ્ટ્યા ગર્ભાવસ્થામાં હોય છે. જન્મેલાં બધાં બાળકો સરખાં હોય એ એવું આપણે માનવું જોઇએ. તેથી આ વયનાં

બાળકોને શિક્ષણ આપવાનો એક જ માર્ગ છે.....
સાક્ષાત્કાર થવાનો એક સમય આવે છે, તે સમયે દરેક મનુષ્ય સરખી જ રીતે વર્તે છે.....
આપણે સાક્ષાત્કારની રીત તરફ જોવું જોઇએ.
વ્યક્તિ ભવિષ્યમાં શું બનશે એ વિશે વધુ વિચાર કરવાની જરૂર નથી. કારણ, તેમાં આપણે ફેરફાર કરી શકતા નથી. એક તો આપણને તેની ખબર નથી અને આપણને તે ખબર પડે તો તે પ્રાપ્ત કરવાની આપણી પાસે શક્તિ નથી. દરેકમાં એક આંતરિક વ્યક્તિત્વ હોય છે. તે આપોઆપ વિકાસ પામે છે. આપણી મદદની તેને જરૂર નથી, અને આપણે તેમાં કંઈ ફેરફાર કરી શકતા નથી. દા. ત. આપણે કોઇને અસામાન્ય બુદ્ધિવાન અથવા સેનાપતિ અથવા કલાકાર બનાવી શકતા નથી. અવ્યક્ત શક્તિનો વિકાસ સાધીને સેનાપતિ અથવા નેતા થવામાં તે વ્યક્તિને આપણે ફક્ત મદદ કરી શકીશું.'

ઉપરનાં અવતરણોનો અર્થ સમજવો ખરેખર મુશ્કેલ છે. કારણ મેડમ મોંન્ટેસોરીના મતની વિરુધ્ધમાં કેટલું ય શાસ્ત્રીય જ્ઞાન પ્રાપ્ત થયું છે. એમનો કહેવાનો મર્મ એટલો જ કે, મનુષ્ય મૂલતઃ જુદી દુનિયાનું છે. હવે દુનિયામાં ચાલતા કાયદાની તેને એક વિશિષ્ટ ભવિતવ્ય પ્રાપ્ત થાય છે અને તે પહેલાં જ નક્કી થાય છે. આ ભવિતવ્યની પાછળ પણ હેતુ હોય છે. દરેક વ્યક્તિને ભવિતવ્યની કલ્પના આવે એ દૃષ્ટિથી શિક્ષકે ભક્તિપૂર્વક વાટ જોવી જોઇએ.

પોતાના લખાણમાં મેડમ મોન્ટેસોરીએ વિકાસક અવસ્થાઓ માટે શોકુંક લખ્યું છે. વિકાસની જે અવસ્થાઓ મનાય છે તે પહેલેથી નક્કી થએલી હોતી નથી, પરંતુ સામાજિક તથા સાંસ્કૃતિક પરિસ્થિતિથી તે ઉત્પન્ન થાય છે એમ માનવાને આજ ચોક્કસ આધાર છે. એક સમાજમાં બાળકને પ્રથમ ધન પદાર્થ ખાવા માટે અપાય છે. જ્યારે બીજા સમાજમાં ધન પદાર્થ મોડેથી અપાય છે. કોઇ વિશિષ્ટ સ્વભાવની સ્ત્રીઓમાં માતા થવાની ભાવના જ હોતી નથી. તેમને એમ લાગે છે કે ગર્ભધારણ તેમના ઉપર એક શિક્ષા તરીકે લાદવામાં આવે છે. આથી પ્રસવ સમયે મુશ્કેલીઓ ઊભી થાય છે અને કોઇ કોઇ વાર શસ્ત્રક્રિયા કરવાની જરૂરીઆત ઊભી થાય છે. બાળકની ભાવનાત્મક રચનામાં એની તથા શિશુકાળમાં અને એની પહેલાં બનેલી બાબતોની અસર થાય છે. કોઇ કોઇ સંસ્કૃતિ વિશિષ્ટ માનસિક રોગ ઉત્પન્ન કરે છે એ વાત હવે જગ જાહેર છે. હિસ્ટીરીઆ યુરોપમાં ૧૯મી સદીની આખરે સામાન્ય રીતે દેખાઇ આવ્યો. એકાદી બાબત મનમાં ઘર કરવાનો માનસિક રોગ પહેલાં વિશ્વયુદ્ધ પછી વધારે જણાય છે. હાલનાં ગયાં દશ વર્ષ દરમ્યાન માનસિક રોગથી ઉત્પન્ન થનાર શારીરિક રોગ વધારે પ્રમાણમાં દેખાઇ આવે છે. જેમને માનસદૃષ્ટ્યા પછાત માનવામાં આવે છે એવાં બાળકોને સમધારણ બાળકોની સાથે જગતમાં ઘણે ઠેકાણે સાથે રાખવામાં આવે છે. પ્રાયોગિક જીવશાસ્ત્ર તથા અનુવંશિક શાસ્ત્રથી સારી પ્રજા કેવી રીતે ઉત્પાદન કરવી એ અંગેના આપણા જ્ઞાનમાં ખૂબ જ વિકાસ થયો છે. મનુષ્ય પોતાનું ભવિષ્ય સારું અથવા ખરાબ કરી શકે છે એવી આપણી માન્યતા છે. આ માન્યતા યોગ્ય છે કે નહીં એ વિષે અહીં ચર્ચા કરવાની નથી. બાળકનું વ્યક્તિત્વ પહેલેથી નિશ્ચિત થએલું હોય છે. એને તેનો વિકાસ કરવા માટેનું યોગ્ય વાતાવરણ આપવું જોઇએ. બાળકને સંવેદના ઉત્પન્ન થવા માટે અને બાળક વિકાસનાં પગથિયાંમાંથી પસાર થઇ શકે ત્યાં સુધી આપણે વાટ જોવી જોઇએ; એવો વિચાર આજના પ્રાયોગિક જીવશાસ્ત્રના વાતાવરણમાં રહેલા શિક્ષકને કરવો ખૂબ કઠિન લાગે છે. કારણ વિકાસની અવસ્થાઓ તથા વ્યક્તિત્વના જુદા જુદા પ્રકાર એ કલ્પના કેટલાંક વર્ષો પૂર્વે ખૂબ પ્રચલિત હતી. કેટલાંકે તો એને ધાર્મિક સ્વરૂપ આપ્યું હતું. વિકાસના પ્રકાર તથા અવસ્થા એ સર્વસામાન્ય હોતા નથી, એ માનવ શાસ્ત્રજ્ઞોએ પુરવાર કર્યું છે. એકાદી વિશેષ પ્રકારની સંસ્કૃતિમાં વિકાસ પામનાર વ્યક્તિ, વિકાસની નિશ્ચિત અવસ્થામાંથી પસાર થાય છે એ ચોક્કસ છે. પરંતુ આ વિકાસક અવસ્થાનું ઝીણવટથી નિરીક્ષણ કરીશું તો એટલું તો સ્પષ્ટ દેખાઇ

આવે છે કે ફેરફારની ખૂબ જ શકયતા છે. વિકાસક અવસ્થામાંનો ફેરફાર પ્રવર્તક શકિતનો દ્યોતક છે. આ પ્રવર્તક શકિત કેળવણીમાં ઉપયોગી છે. આથી વિકાસક અવસ્થા પ્રમાણે જ ફેરફાર કરનાર આ શકિત તરફ ધ્યાન આપવું જ ઘટે.

તૈયાર કરેલું વાતાવરણ તથા ચોકકસ સંવેદનશીલતા

'શિક્ષકો સાથેના વાર્તાલાપ' (Talk to Teachers) વિલયમ જેમ્સના આ પુસ્તકમાં એમણે લખ્યું છે કે સહજ પ્રવૃત્તિનો ચોક્કસ કાળે વિકાસ થાય છે. વિકાસની દરેક અવસ્થાનો વધુમાં વધુ ઉપયોગ કરી લેવો એમ શિક્ષકોને સૂચન કર્યું છે. સંવેદનક્ષમતા થવાનો કાળ તથા પ્રકાર ચોકકસ રીતે બતાવવા માટે મેડમ મોન્ટેસોરીએ ખાસ પરિશ્રમ લીધો. બાળકના અનુભવને પુનરાવર્તન મળે અને એમાં સૂક્ષ્મતા આવે એ દૃષ્ટિએ એમણે ચોકકસ પ્રકારનાં સાહિત્યો પણ બનાવ્યાં. તેમની પદ્ધતિ પ્રમાણે તૈયાર થએલા શિક્ષકના ધ્યાનમાં આ બાબત-સંવેદનક્ષમતા-ખાસ કરીને લાવવામાં આવે છે. એનો અર્થ એમ કે મોન્ટેસોરી પધ્ધતિમાં બાળક અંગેના અભ્યાસ તથા અવલોકનને ખૂબ જ મહત્વ છે. મરાયા મોન્ટેસોરીનાં પાછલાં વર્ષો દરમ્યાન બાળકના વર્તન (Behaviour) અંગેના કેટલાએક મુદ્દાઓ પર પ્રકાશ પડયો છે, એનું કારણ સમાજવિષયક શાસ્ત્રનો વિકાસ થયો છે. જે બાળકની સંવેદન ક્ષમતા તરફ ખાસ ધ્યાન આપવામાં આવ્યું અને જેને હમેશની સામાન્ય પદ્ધતિથી ઉછેરવામાં આવ્યું એવા બે બાળકમાં શો ફરક છે. તે નકકી કરવા માટે સંશોધન કરવાની જરૂર છે. તો જ મોન્ટેસોરી પદ્ધતિની વિશિષ્ટતાની કલ્પના આવશે.

મરાયા મોન્ટેસારીનો મહત્વનો એટલે 'બાળકના દૃષ્ટિકોણમાંથી વિચાર કરવાને તેમણે પ્રવૃત્ત કર્યા છે. 'પણ આ વિચાર ઉપર તત્વજ્ઞાન તથા ધાર્મિકતાનું આવરણ એમણે નાખ્યું છે તે કેટલાકને માન્ય નથી. બાબત પર અસર કરનારી અજ્ઞાત એવી શકિત હોય છે. દા. ત. બાળકને પોતાના શરીર અંગેના વિચારો ચાલુ હોય છે. કુટુંબ અંગે તે વિચાર કરતું હોય છે. આવા સુપ્ત શકિતઓ તરફ જોઈએ તેટલું ધ્યાન ખેંચાયું નથી. મરાયા મોન્ટેસોરીએ બાળક અંગેનો જે વિચાર કર્યો છે તે ખાસ કરીને તેના શાળાના વાતાવરણ અંગેનો છે. બાળકના સામાજિક જીવન અંગે વિચાર પ્રગટ કરવા માટે એમણે એક પ્રકરણ લખ્યું છે. હિટલર અથવા મુસોલિનીને જે પ્રકારના સમાજની રચના કરવી હતી અથવા મક્કા જતાં મુસલમાન સમૂહમાં જે સમાજનું દર્શન થાય છે તેવા પ્રકારના મિલનસાર સમાજની તેમની કલ્પનાની ઝાંખી છે. સમાજમાં હળીભળી શકે એ વય પહેલાં બાળક પોતાની સજીવતાથી સૂક્ષ્મ રીતભાતના સામાજિક સંબંધના તાણાવાણા નિર્માણ કરે છે. આ બાબતને જેટલું મહત્વ આપવું જોઈએ તેટલું તેમણે આપ્યું નથી. દુષ્કળ, સ્થળાંતર, વિમાની હલ્લા વગેરે પ્રકારના આકસ્મિક પ્રસંગો મનુષ્ય સમાજમા બનતા હોય છે બાળકના વિકાસમાં તેની શી અસર થાય છે, એ વિશે પણ તેમણે પોતાનાં લખાણમાં કંઈ ઉલ્લેખ કર્યો નથી. સમાજની સ્થિરતા પ્રમાણે આવા આકસ્મિક પ્રસંગો પણ સમાજનું અંગ છે

મોન્ટેસોરીના વિચારમાં કેળવણી માટેની શી પ્રતિમા છે એનું સ્વરૂપ તેમના 'આહકમન' પુસ્તકમાં મળી આવે છે બાળક વાતાવરણમાંથી જ વિકાસ સાધતું હોય છે. હવા, પાણી, દૂધ, માનું દર્શન વગેરે બધું કંઈ ગ્રહણ કરવાથી માંડીને બાળક જીવનની શરૂઆત કરે છે, પણ જલદીથી બાળક જે નથી જોઈતું તે ફેંકી દે છે. આખરે વાતાવરણમાં ભળી જાય છે અને એમાં ઉમેરો પણ કરે છે. શોષણ, ધારણા, ત્યાગ, ચઢાઈ, શિકાર એ બધી વાતોમાંથી જીવનનું ખરું સ્વરૂપ પ્રગટ થાય છે. મેડમ મોન્ટેસોરીએ ખૂબ મહત્વનું એવું એક કાર્ય—એટલે શોષણ કરવાની ક્રિયાની પસંદગી કરી અને આ કાર્યના મહત્વ તરફ એમણે ધ્યાન આપ્યું પરંતુ જુદા જુદા દૃષ્ટિકોણ એકત્ર કરવા માટે આજના શિક્ષકે પોતાના કામમાં વધુ સંગ્રાહક વૃત્તિ રાખવી જોઈએ. બધાં દૃષ્ટિબિન્દુનું મિલન થાય એવું દૃષ્ટિબિન્દુ નિર્માણ કરવાની કોઈ એક શિક્ષણતજ્ઞ પાસેથી અપેક્ષા રાખવી ઠીક નથી. મરાયા મોન્ટેસોરીએ એક અત્યંત મહત્વની બાબત ઉપર ભાર આપ્યો છે, તે બાબત એટલે નાનકડા બાલજગત તરફ જલદીથી દુર્લક્ષ થવાનો સંભવ છે. ડો. પુરુશોત્તમ

૧૯૫૨-૫૩ નો એક આના ફાળો.

નીચેની પ્રાદેશિક શાખાઓએ, તેમના નામ આગળ લખેલી રકમની એક આનાની ટિકિટો બાળકોની મદદથી ખપાવી છે. આ ફંડની અડધી રકમ શાખાના કાર્ય માટે આપવામાં આવી છે તથા અડધી રકમ સંઘના કેન્દ્રીય કાર્ય માટે ઉપયોગમાં લેવાશે. કેન્દ્રીય કાર્યાલય અને પ્રાદેશિક કાર્યાલયો બધી નાની મોટી સંસ્થાઓ અને કાર્યકર્તાઓનો આ કાર્ય માટે આભારી છે.

વડોદરા નગર પ્રાદેશિક	૧૦૯-૦
વડોદરા જિલ્લો	૮-૧૨
સુરત નગર	૮૪૩-૦
થાણા જિલ્લો	૧૦૦-૦
નાગપૂર નગર	૧૪-૦
મદ્રાસ નગર	૨૦-૦
નિપાણી	૫-૦
આગર	૧૦૦-૦
મહેસાણા જિલ્લો	૧૫૦-૦
મુંબઇ નગર પ્રાદેશિક	૧૧૫૦-૭-

મુંબઇનો એક આના ફંડમાં સહકાર:

આ વખતે મુંબઇની સંસ્થાઓનો સહકાર મુંબઇને યોગ્ય તેવો જ હતો. મુંબઇની આ સાધિક ભાવના બદલ સંઘ મુંબઇની બાલશિક્ષણ સંસ્થા અને બધાં કાર્યકર્તાઓને અભિનંદન આપે છે.

પ્રાદેશિક શાખાનું સ્થાનિક સંસ્થાનું

નામ	નામ	
મરીના બાલશિક્ષણ	મંદિર.	૩૦-૦
	—ચર્ચગેટ	
હંસરાજ પ્રેમજી શિશુ શિક્ષણ	મંદિર	૫૯-૦
	—વાલકેશ્વર	
હાસમીયા હાઈસ્કુલ	—ભીંડીબજાર	૧૨-૮
ડાયમંડ જ્યુબીલી નર્સરી સ્કુલ		૮-૫-
	—ભીંડીબજાર	
વાડી નર્સરી સ્કુલ	—મઝગામ	૭-૧-
સાધના બાળમંદિર	—કાંદાવાડી	૮-૦-
નરસિંહ વીરજી જેઠા બાળમંદિર	—વી.પી.રોડ	૨૮-૬
ભ. સ. તારદેવકેન્દ્ર બાળમંદિર	—તારદેવ	૧૪-૮
ગોરધનદાસ કરસનદાસ ભાટિયા બા.મં.	વડગાદી	૨૯-૧૨
સુમન બાળમંદિર	—કોટ	૨૦-૦
ચિલડ્રન્સ એકેડેમી	—ગામદેવી	૧૯-૧૦
કેશવજી કરસનદાસ ભાટિયા બાળમંદિર	-કોટ	૧૧-૩
સહકારી વિદ્યામંદિર	—તારદેવ	૫૦-૦
શિશુ વિહાર	—દાદર	૯૩-૭
કચ્છી દશા ઓસવાળ પાઠશાળા	મરજીદમંદર	૩૪-૧૦
ભ. સ. ટી. એન. માળવી બાળમંદિર	ઓપેરા હાઉસ	૫૦-૦
બાળવર્ધક સ્કૂલ	-ભીંડીબજાર	૧૦-૦
ભ. સ. જયહિંદ એસ્ટેટ બાળમંદિર	ભૂલેશ્વર	૧૨-૮
મોરારજી વસનજી બાળમંદિર	ઘાટકોપર	૭-૩
હર્ષ બાળમંદિર	-શીવ	૧૮-૯
શિશુ મંદિર,	અંધેરી	૭-૮
નૂતન બાલ શિક્ષણ મંદિર,	વિલેપારલા	૩૭-૧૩
સંસ્કાર બાળમંદિર	માધવબાગ	૬૫-૬
શિશુ સદન,	ઘાટકોપર	૧૦-૦
રૂક્ષ્મણીબેન પરીખ બાળમંદિર	વીલેપારલા	૫-૦
કચ્છી વીશા બાળમંદિર	ભાતબજાર	૨-૩
મનોરમા હઝરત બાળમંદિર		૧૦-૦
ગુ. હિ. સ્ત્રી મંડળ બાળમંદિર	માટુંગા	૮-૨
ભ. સ. સેવામંદિર	એલાસીસ રોડ	૨૬-૧૫
ગોવિંદજી માધવજી ભાટિયા બાળમંદિર	કાલબાદેવી	૧૬-૦
ક્ષત્રિય શિશુવિહાર	પ્રાર્થના સમાજ	૩૦-૦
લોકમાન્ય હાઉસીંગ સોસાયટી	-માહીમ	૯-૧૪
રમા માધ પરાંજપે બાળમંદિર	વિલેપારલા	૩૩-૦
શિશુ વિકાસ	-સાયન	૩-૦
તાલમકી વાડી	-તારદેવ	૨૧-૦
સરસ્વતી બાળમંદિર	-માહિમ	૧૦-૦
મારવાડી વિદ્યાલય	-સેન્ડહર્સ્ટ રોડ	૧૧-૧૨
પાઠારે સમાજ બાળમંદિર	-ગામદેવી	૧૦-૦
ગોકળીબાઇ હેમરાજ	હાઇસ્કુલ	૪૫-૭
શકુન્તલા જૈન	હાઈસ્કુલ	૨૦-૦
નૂતન બાળમંદિર અને પ્રાથમિકશાળા	-મલાડ	૧૫-૬
શેઠ એન. એલ.	હાઇસ્કુલ	૪૨-૦
સ્વાધીન બાળમંદિર	-ચર્ચગેટ	૨૫-૦
આદર્શ બાળમંદિર	-ખાર	૧૨૯-૦
	કુલ	૧૧૨૧-૭

ગિજુભાઇ જયંતિમાં વ્યક્તિગત ફાળો

શ્રી. પુષ્પાબેન રમણભાઇ વકીલ	૧૫-૦
,, કોકિલાબેન ચોકસી	૧૦-૦
,, સુલોચનાબેન ભટ્ટ	૧-૦

બાલશિક્ષણ અને સંઘસમાચાર

ગુજરાત નઇ તાલીમ : ચોથું સંમેલન મુનિશ્રી સંતબાલજીના ક્ષેત્ર ગુંદીમાં તા. ૨૮ ૧–૫૩ થી ૨–૩–૫૩ સુધી યોજવામાં આવ્યું. પ્રમુખપદે નૂ બા. શિ. સંઘના ઉપપ્રમુખ શ્રી. નાનાભાઈ ભટ્ટ હતા. નઇ તાલીમને ધોરણે ચાલતી સંસ્થાઓનું સંગઠન કરવામાં આ સંમેલન સફળ બન્યું છે.

નૂતન બાલ શિક્ષક સંઘ મુંબઈ : આ જાન્યુઆરીથી સંઘ ચોથા વર્ષમાં પ્રવેશ કરે છે. ૧૯૫૨ નો ટૂંક અહેવાલ જોતાં આ સંઘે બાલ-શિક્ષકોમાં ભ્રાતૃભાવ વધારવામાં કીમતી ફાળો આપ્યો છે. શિક્ષકોના પાક્ષિક સંમેલનોનો કાર્ય-ક્રમ વધુ ને વધુ આકર્ષક બનતો જાય છે. મુશ્કેલીમાં સપડાએલા શિક્ષકો માટે આર્થિક સહાયની યોજના સંઘે કરી છે. શિક્ષકસંઘને અભિનંદન.

અમદાવાદ પ્રાદેશિક શાખા: ૧ બાડિયા ૨ શાહપુર શાહીબાગ દરિયાપુર ૩ એલીસબ્રીજ ૪ મણિનગર એવી ચાર સ્થાનિક શાખાઓની ચૂંટણી થઇ છે. પદાધિકારીઓ પણ ચૂંટાયા છે. ચારસો ઉપરાંત સભ્યો નોંધાયા છે.

મહેસાણા પ્રાદેશિક: વીસનગર, વડનગર, પાટણ, શિહપુર અને લાડોલ એવી પાંચ સ્થાનિક શાખાઓ સ્થાપન થઇ છે અને તેના હોદ્દેદારો ચૂંટાયા છે.

મુંબઇ પ્રાદેશિક: કુલ તેર સ્થાનિક શાખાઓ સ્થાપન થઇ છે. તેના સભ્યોની સંખ્યા ૬૨૫ ઉપરાંત થઇ છે.

થાણા પ્રાદેશિક : ભિવંડી, બોડી, ઉમરગાંવ અને વાડે ચાર શાખાઓ સ્થાપન થઇ છે, એવું જાણવા મળ્યું છે. અન્ય શાખાઓના સમાચાર હજી આવ્યા નથી.

સ્વ ગોવીંદજી માધવજી ભાટિયા બાલ મંદિર કાલબાદેવીમાં વાલીઓની સભા આગળ શ્રી. નામલેનું 'વાલી શિક્ષક સંઘની આવશ્યકતા' એ વિષય પર ભાષણ થયું હતું.

કચ્છી દશા ઓશવાળ બાલમંદિર તેમ જ શિશુમંદિર વાલકેશ્વરમાં પણ વાલીઓની સભા યોજવામાં આવી હતી.

સહકારી વિદ્યામંદિર–બાલમંદિર મુંબઇ : શિક્ષણસચીવ શ્રી દિનકરરાવ દેસાઈને પ્રમુખપદે રંજન મહોત્સવ ઉજવાયો હતો અને સો જેટલાં બાળકોએ વસંતોત્સવમાં ભાગ લીધો હતો. વેશ-ભૂષા બાળજગતને અનુરૂપ હતી.

મીઠાપુર ઓખામંડળ: મીઠાપુર બાલ-મંદિરે તેના નવા મકાનના ઉદ્ઘાટન પ્રસંગે એક બાલસંમેલન તથા બાલકેળવણીના પ્રદર્શનની યોજના કરી હતી. મનોરંજન કાર્યક્રમમાં હજાર પ્રેક્ષકોએ ભાગ લીધો હતો. સંસ્થાના ઉત્સાહી કાર્યકર્તાઓને ધન્યવાદ.

દક્ષિણ સતારા જિલ્લામાં સંઘના કાર્ય-કર શ્રી. અનુતાઇએ પ્રવાસ ખેડયો હતો. કીર્લો-સ્કર વાડી, સાંગલી, તાસગાંવ. તાસગાંવની બાલ-કેળવણીની સંસ્થાઓએ સંઘના કાર્યને સારો આવકાર આપ્યો હતો. શ્રી મનુતાઇ અભ્યંકર તથા શ્રી. શાંતાબાઇ જિલ્લાની શાખા સ્થાપવા પ્રયાસ કરી રહ્યા છે.

અનુક્રમણિકા

૧. શિક્ષણમાં સહકારની આવશ્યકતા ... પુષ્પા વકીલ
૨. બાળકનું ગણિત–શિક્ષણ (૨)... શેષ નામલે
૩. વડીલો આમ શા માટે કરતા હશે? ... બાબુભાઇ શાહ
૪. સ્વયંસ્ફુરિત અભિનય ... તા. પરાંજપે
૫. મરાયા મોન્ટેસોરીની કેળવણી–કલ્પના ... ડો. પરશરામ
૬. એક આના ફાળો ... ...
૭. બાલશિક્ષણ ને સંઘ–સમાચાર [બાલવિભાગ–આવતે અંકે]

–શિક્ષણ સાહિત્ય–
ક્યાંથી મેળવશો?

(૧) બાળ મંદિરને ઉપયોગી સાધનો
(૨ નર્સરી શાળાઓને ઉપયોગી પ્રબોધક સાહિત્ય
(૩) મજૂર કલ્યાણ કેંદ્રને ઉપયોગી સાધનો
(૪) પૂર્વ પ્રાથમિક કેળવણીને ઉપયોગી સાધનો
(૫) નઈ તાલીમ કેળવણીને ઉપયોગી સાધનો
(૬) પ્રાથમિક શાળા–કેળવણીને ઉપયોગી સાધનો
(૭) માધ્યમિક કેળવણીને (હાઇસ્કુલને) ઉપયોગી સાધનો
(૮) વ્યાયામ કેળવણીને ઉપયોગી સાધનો
(૯) વૈજ્ઞાનિક કેળવણીને ઉપયોગી સાધનો
(૧૦) અધ્યાપન મંદિરની કેળવણીને ઉપયોગી સાધનો

ઉપર મુજબની સંસ્થાઓને ઉપયોગી તમામ સાહિત્ય નજરે જોવા
અવશ્ય મુલાકાત લો, અગર ચિપત્ર મંગાવો.

જેચંદ તલકશી એન્ડ સન્સ

એમ્પાયર બિલ્ડીંગ, ભોરીબંદર, ટ્રામ જંકશન સામે, મુંબઇ ૧

DEVKARAN NANJEE BANKING CO. LTD

હેડ ઓફીસ મુંબઇ, ૫૪ શાખાઓ અને ૧૦ સેફ ડીપોઝીટ વોલ્ટ.

૦ અમારા સ્પેશ્યલ સેવિંગ્સ ડીપોઝીટ ખાતામાં
૨-૧/૪ % લેખે વ્યાજ આપવામા આવે છે. અને
રૂ. ૧૦૦૦થી ખાતું ખોલાય છે.

૦ અમારી ૬ વર્ષ અને ૩ વર્ષની ફેરા સરટીફીકેટો
લગભગ ૩-૧/૨ % અને ૨-૩/૪ % વ્યાજ આપે છે.

૦ અમારા સેવિંગ્સ બેંક ખાતાઓમાં
૧-૧/૨ % ટકા લેખે વ્યાજ આપવામાં આવે છે
અને રૂ. ૨૦ થી ખાતું ખોલાય છે

નાણાંની બચત કરવામાં દેનાબેંક તમને મદદ કરશે

ગિજુભાઇની
લખેલી
રંગબેરંગી
બી
કુ
ણ્ડ
*
સ
સ
લી
આજે જ મંગાવો
એક રૂપિયો
પ્રાપ્તિસ્થાન :
શિક્ષણ પત્રિકા કાર્યાલય,
શાંતારામ નારાયણ લેન.
વાલકેશ્વર મુંબઇ ૬.

Regd. No. 2241.

હિન્દનો

અગ્રગણ્ય

સ્વદેશી સ્ટોર

×—○—×

તમારી જરૂરિયાતો ખરીદવાનુ

એક માત્ર

ભરોસાપાત્ર સ્થળ

: આજે જ પધારો :

ધી બોમ્બે સ્વદેશી

કો-ઓપરેટિવ સ્ટોર્સ કં. લિ૦

સર ફિરોઝશાહ મહેતા રોડ

ફોર્ટ, મુંબઇ ૧.

ફોન: ૨૦૪૪૩

: શાખા :

મહાત્માગાંધી રોડ, પૂના

જેમ્સ સ્ટ્રીટ, સિકંદરાબાદ

વ્યાજબી ભાવે કલીઅરીંગ, ફોરવર્ડીંગ, શીપીંગ અને સ્ટોરીંગની સગવડો માટે તેમ જ દુનિયાના કોઇપણ સ્થળે રેલ્વે, સ્ટીમર અથવા વિમાન દ્વારા તમારો માલ નિકાસ કરવા માટે

મળો –

તુલસીદાસ ખીમજી

(૫૦ વરસની જૂની સ્થપાએલ)

કલીઅરીંગ—ફોરવર્ડીંગ—શીપીંગ—ક્રેટ

ઇન્સ્યુરન્સ—ટ્રાવેલ અને ટુરીસ્ટ એજન્ટસ

૪૬, ચર્ચગેટ સ્ટ્રીટ, મુંબઇ ૧.

ફોન : ૩૨૦૮૪-૫-૬

ગ્રામ : : NACHIKETA.

ગુજરાતી શિક્ષણ-પત્રિકા

સર્વ- લેખક, કવિઓને આ માસિકમાં લેખો-કાવ્યો મોકલવાનું આમંત્રણ છે.

લેખો સારા અક્ષરે લખો.

લેખો માટે :

શ્રી. શેષ નામલે

હિન્દુ કોલની, દાદર, મુંબઇ ૧૪.

× × ×

લવાજમ-વ્યવસ્થા માટે

શ્રીમતી બાબીબેન મૂળજી

શાંતારામ નારાયણ લેન,

વાલકેશ્વર, મુંબઈ ૬.

આગ—અકસ્માત—જિંદગી

મોટર: દરિયાઇ વર્કમેન્સ કોમ્પેન્સેશન

સર્વ પ્રકારનું વીમાકામ

સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને

સંતોષકારક મહેનતાણું :

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મંગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—

૩૧૫-૩૨૧ પ્રોસ્પેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ

મુંબઇ

મુદ્રક અને પ્રકાશક : શ્રી બાબીબેન મૂલજી દયાળ, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ-૬

મુદ્રણ-સ્થળ : પ્રતિમા પ્રિન્ટરી, ગામદેવી, મુંબઇ-૭.

નૂતન બાલશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

આદ્ય સંપાદક : ગિજુભાઈ બધેકા

સંપાદક : તારાબેન મોડક

વર્ષ : ૨૯ , અંક : ૪ થો

એપ્રીલ : ૧૯૫૩

નવા ઘડતર

વધુને વધુ ઉત્પાદન માટે આપણે નવી નવી યોજનાઓ ઘડીએ છીએ. પરંતુ ઉત્પાદકોના ઘડતર માટે જ્યાં સુધી આપણી પાસે યોજના નથી ત્યાંસુધી આપણા બધા પ્રયત્નો અપૂર્ણ રહેશે. ઉત્પાદકોનું ઘડતર બાળકોના હાથમાં છે. ઉત્પાદકોને ઘડનારાં બાળકોની જ્યાં સુધી અવગણના થાય છે ત્યાં સુધી કાર્યક્ષમ ઉત્પાદક મળવાનાં નથી. ઉત્પાદક કાર્યક્ષમ ન હોય તો કેવળ વધુ ને વધુ ઉત્પાદનની યોજનાઓ કેવી રીતે સફળ થશે ?

: સંપાદક મંડળ :

જમુભાઇ દાણી, પૂનમચંદ શાહ, નરેન્દ્ર બધેકા,

હેમલતા બાળવી, મંજરી રાયજી

વાર્ષિક લવાજમ : રૂા. ૪

છૂટક નકલ : ૬ આના

સંપાદકીય—

સંઘના નવા બંધારણ પ્રમાણે ચૂંટણી કરીને રચવામાં આવેલાં નિયંત્રણ મંડળનું પ્રથમ અધિવેશન બોડીમાં (જિ. થાણા) માર્ચની તા. ૨૧, ૨૨, અને ૨૩ એમ ત્રણ દિવસ માટે યોજવામાં આવ્યું હતું. પરંતુ આ અધિવેશનનું કાર્ય, બેઠકનો સમય વધારીને બે જ દિવસમાં પુર્ણ કરવામાં આવ્યું હતું. આ અધિવેશન નક્કી કરેલા સમય કરતાં ઓછા સમયમાં પૂર્ણ કરવામાં આવ્યું હતું. તેમ છતાં સંઘના કાર્યકર્તાઓના સંઘટનાની દૃષ્ટિથી આ અધિવેશન ધાર્યા કરતાં વધુ સફળ થયું હતું એવો બહુસંખ્યક સભાસદોનો મત છે. ચૂંટણી કરીએ એટલે પક્ષાપક્ષી, ખેંચતાણ અને તેમાંથી અનિચ્છનીય પરિણામ ઉદ્‌ભવવાનો સંભવ હોય છે; પરંતુ સંઘના આ નવરચિત પહેલા નિયંત્રણ મંડળના પદાધિકારીઓ અને વ્યવસ્થાપક મંડળ અને શિક્ષણ સમિતિની ચૂંટણીમાં આવો કોઇ પણ અનુચિત પ્રકાર ન હતો. સંઘની ચૂંટણી સંઘના કાર્યને અનુલક્ષીને ખૂબ જ જવાબદારીપૂર્વક અને સંઘટિતપણે કરવામાં આવી હતી. એ માટે સંઘનું પહેલું નિયંત્રણ મંડળ પ્રશંસાને પાત્ર બન્યું છે એમાં શંકા નથી.

આ અધિવેશનનું બીજું મહત્વનું કાર્ય એટલે ૧૯૫૩–૫૪ નો કાર્યક્રમ અને તેનું આર્થિક અંદાજપત્રક તૈયાર કરવાનું. આ અંદાજપત્રકમાં નીચેની બાબતો ખાસ ધ્યાન ખેંચતી હતી, (૧) સંઘનો ચાલુ કાર્યક્રમ વધુ કાર્યક્ષમ બનાવવાને પ્રયત્ન (૨) ખર્ચમાં શકય તે કરકસર કરવાને પ્રયત્ન અને (૩) બાલશિક્ષણની દૃષ્ટિથી પ્રચાર યોજના. અંદાજ પત્રકમાં ચાલુ કાર્ય વધુ કાર્યક્ષમ કરવાની દૃષ્ટિથી (૧) ગ્રામ બાલશિક્ષણ કેન્દ્ર માટે ત્યાંના કાર્યકર્તાઓની કલ્પના પ્રમાણે પાંચ હજાર સુધીની રકમ કાઢી છે અને આ આર્થિક મર્યાદામાં રહીને કાર્યકર્તાઓને પોતાનાં કાર્યક્રમની યોજના કરવા માટે સંપુર્ણ સગવડતા આપવામાં આવી છે. (૨) ગ્રામ બાલશિક્ષા કેન્દ્રમાંની આંગણ બાલવાડીના પ્રયોગનું વધુ મહત્વ સમજાવી તેને માટે એક સ્વતંત્ર શિક્ષક રાખીને આ કાર્ય માટે જુદી રકમ કાઢવામાં આવી છે; તેવી જ રીતે આ પ્રયોગ અંગેનું સાહિત્ય તૈયાર કરવા માટે સ્વતંત્ર રકમની યોજના કરવામાં આવી છે. (૩) શિક્ષણ પત્રિકાનું મુદ્રણ અને પ્રકાશન વધુ આકર્ષક બનાવવાની યોજનાનું સુચન થયું હતું. (૪) કેન્દ્રીય કાર્યાલયને કાર્યક્ષમ કરવાની દૃષ્ટિએ સંઘના મુખ્ય મંત્રીના કાર્યાલયમાં વૈતનિક કાર્યકર્તાની સગવડ આપવામાં આવી છે (૫) વાલી શિક્ષક માટે નાની પુસ્તિકાની યોજના કરવામાં આવેલ છે. (૬) પ્રચારની દૃષ્ટિએ સ્વતંત્ર પ્રચારકની યોજના કરવામાં આવી છે અને પ્રદર્શન સાહિત્ય તૈયાર કરવા માટે રૂા. ૫૦૦ સુધીની રકમ ફાળવામાં આવી છે.

ખર્ચમાં કરકસરની દૃષ્ટિથી અમદાવાદમાં પ્રમુખની દેખરેખ નીચે રખાયેલું હિસાબોનું ખાતું; ઇંદોરમાં ચાલતું હિંદી શિક્ષણ પત્રિકાનું કાર્યાલય, તે જ પ્રમાણે ગુજરાતી પત્રિકાનું કાર્યાલય આ બધાં છુટાં છુટાં કાર્યાલયો એક ઠેકાણે લાવીને ખર્ચ ઓછો કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. સંઘના કાર્યના પ્રચારની દૃષ્ટિએ પ્રકાશનો તથા પ્રદર્શનની યોજના કરવામાં આવી છે અને તે માટે જરૂરી ખર્ચની યોજના કરવામાં આવી છે.

આ ખર્ચ માટે આવક મેળવવાની જવાબદારી પુર્વે ફકત વ્યવસ્થાપક મંડળની હતી, તે હવે પછી નિયંત્રણ મંડળની રહેશે અને તેથી કેન્દ્રીય ખર્ચમાં દરેક પ્રાદેશિક શાખાને ભાગે નિશ્ચિત ફાળો નક્કી કર્યો છે. આવતા વર્ષના ખર્ચ માટે મુંબઇએ રૂા. ૨૫૦૦; અમદાવાદે રૂા. ૧૫૦૦; નો ફાળો એકત્ર કરવાનું સ્વીકાર્યું છે. બીજી પ્રાદેશિક શાખાઓએ રૂપિઆ ૧૦૦૦, સુધીનો ફાળો એકત્ર કરવાનું સ્વીકાર્યું છે. આ જવાબદારીથી સંઘમાં સંઘ–ભાવના જાગશે એવી અમને ખાત્રી છે.

ત્રીજી મહત્વની બાબત એટલે નિયંત્રણ મંડળે યોજેલી શિક્ષણ સમિતિ. સંઘનું શૈક્ષણિક નેતૃત્વ હવે પછી આ શિક્ષણ સમિતિ પાસે રહેશે. આ સમિતિમાં, બાલશિક્ષણમાં પ્રત્યક્ષ કામ કરતા બાલશિક્ષક, બધાં સંબંધિત બાલ અધ્યાપન

(અનુસંધાન પેજ ૧૩ ઉપર)

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૮ : અંક ૪] મુંબઈ [એપ્રિલ ૧૯૫૩

આધુનિક પ્રશ્ન

ઈંદિરાબાઇનો સંસાર

ઈંદિરાબાઈના કુટુંબમાં છ જણ છે. તેઓ બે અને ચાર છોકરાં. બે વર્ષનો તેઓમાં ફરક હોવાથી સાથી મોટો છોકરો ૭ વર્ષનો અને સૌથી નાનો છ મહિનાનો. તેઓ વસઈ રહેતાં હતાં. બાળકોના પિતા સવારના ૬૦૦ો લઈ કામ પર ચાલી જતા. એક કારખાનામાં તેઓ કામ કરતા. રાત્રે તેઓ ખૂબ મોડા પાછા ઘેર આવતા. તેથી બાળકો માતાને જ વધારે મળતાં. નાહી ધોઈ, જમીને મોટાં બે છોકરાં નિશાળે જતાં. ખરું જોતાં મોટો છોકરો જ નિશાળે જતો હતો. તેનાથી નાની છોકરી તો અમસ્તી જ તેની સાથે શાળામાં જતી હતી. નાનાંબે છોકરાં સાથે માતાનો દિવસ જતો. સાંજ પડે એટલે એ લોકોની બાવાની ધમાલ. કારણ, જો જરા પણ મોડું થાય તો પાછી છોકરાંઓની કચકચ.

આથી, બાપ અને છોકરાં તો ભાગ્યે જ એકમેકને મળતાં. એક રવિવારે માત્ર તેઓ ઘરે હોય. પણ બાળકો તેમની સાથે બહુ ભળી શકતા ન હોવાથી પિતા ઘરે હોય તે તેમને ગમે નહિ. મોટાં બે છોકરાં તો અડોશી પડોશીને ત્યાં જ વખત કાઢે. ત્રીજું છોકરું માતાની સાથે સાથે જ હોય; અને સૌથી નાનું તો છ જ મહિનાનું હોવાથી ફક્ત માને જ ઓળખે એમાં કંઈ નવાઈ નહિ.

પરિણામ એ આવ્યું કે પોતાના જ ઘરમાં બાળકોને પોતાના પિતા મહેમાન જેવા લાગે અને એમની સાથે પારકું જ લાગ્યા કરે. પિતાને પણ છોકરાંઓ સાથે બોલવાનો, તેમને રમતાં જોવાનો કે તેમની ચિંતા કરવાનો કોઈ જાતનો વખત ન હતો.

બાળકને માંદું પડે ત્યારે પણ બાપથી તો કંઈ જ કરી શકાય નહિ. તેમની નોકરી જ એવી હતી કે તેમનાથી કંઈ થઈ શકતું નહિ. તેઓ એક તો દૂર રહે; ને મિલના કંપાઉન્ડમાં જ રહેતા હોત તો આટલી પંચાતી પડત નહિ; બપોરે જમવા પણ ઘરે આવી શકત, અને સવારે આટલા જલદીથી નીકળવાની જરૂર રહેત નહિ.

અહીં ઈંદિરાબાઈના તો હાલ પૂછશો જ નહિ. બધું જ એની એકલીને માથે પડ્યું હતું. દવા લેવા તેણે જવાનું; બજાર, રેશન બધું જ તે કરે; ઉપરાંત નાનાં છોકરાં. પતિને ખાતર વહેલા ઊઠી રસોઇ કરવાની. બાળકો માટે ૧૦ વાગે, બપોરનો ને સાંજનો નાસ્તો પણ તૈયાર રાખવાનો, અને ફરી પાછો રાત્રે ૮/૯ વાગે પોતાના પતિ માટે ગરમાગરમ રસોઇ તયાર રાખવાની. બીજે ઘરે પતિની સવાર સાંજ જે મદદ મળે તે એને, તો બિલકુલ મળતી નહિ.

બાળકો પણ ચીઢિયાં, હઠીલાં ને લઢકણાં બની ગયાં હતાં. માતા થાકેલી હોવાથી તે શાંતિથી કે હસતાં રમતાં બાળકો સાથે બોલી કે તેમનું સાંભળી શકતી ન હતી. તે એકદમ ગીડાઈ જતી અને તેથી બાળકોની કચકચ વધે અને તેમની આ કચકચથી ઇંદિરાબાઈનું માથું વધારે પાકી જતું; રડવા, રીસાવાની કટકટ તેનાથી બિલકુલ સહન થતી ન હતી; તેમાં વળી છેક નાનુ છોકરું જરા ચાલતાં શીખ્યું, દાંત આવવા લાગ્યા ને તેની ઊલટીઓ શરૂ થઇ. હવે તો તેનો જીવ હેરાન થઇ ગયો. કંઈ થાય ને મારે થપ્પડ. છોકરાંની કટકટ જલદી અટકે એ માટે યોજેલો આ ઉપાય ઘણી વાર વધારે ત્રાસદાયક થઇ પડતો હતો. છોકરાંઓ જોર જોરથી રડે અને વધારે હઠ કરે.

હવે આનો ઉપાય શું, તે એને સૂઝે નહિ પહેલી ને બીજી સુવાવડ વખતે તે પિયર ગયાં. ત્યાં મા, ભાભી, ભાઈનાં છોકરામાં તેનો વખત સારી રીતે પસાર થતો. હવે મા તો ઘરડી થઇ હતી અને ચાર ચાર છોકરાંને લઇને પણ કેમ જવાય! જ્યાં જાય ત્યાં જગ્યા ઓછી, રેશનને લીધે માવાની કટકટ; જ્યાં જાય ત્યાંના લોકોને તો ત્રાસ જ ને! તેથી વર્ષોથી કંટે

જવાયું નહિ, વિશ્રાંતિ મળી નહિ અને નવા લોકોને મળી, જરા મનને આનંદ પણ મળ્યો નહિ. જેવો દિવસ, તેવું જ અઠવાડિયું, મહિનો ને વર્ષ.

વળી ઘરમાં ને ઘરમાં તે શું? કશે ફરવા જવું, સિનેમા નાટકો જોવા જવું કશું જ નહિ. કારણ એકલો જીવ અને ચાર અચ્ચા ઉચ્ચાં સંભાળવાં કેમ તે જ મોટો પ્રશ્ન હતો. એક દિવસ તેના પતિએ મુંબઈમાં એક પ્રદર્શન ભરાયું હતું તે જોવાનું નક્કી કર્યું. તે વખતે ચાર નહિ પણ બે જ હતાં તો પણ બન્નેને ઊંચકીને તો ફરવાનું જ. ગાડી પકડવાની ને દાદર ચડવા ઊતરવાના. મુંબઈની ભીડ ને માણસની ગરદીથી સંભાળવાનું. આટલું કર્યા પછી ઘેર આવીને ચૂલાની પૂજા, જાત, દાળ રંધે ત્યારે ખાવા મળે. મુંબઈની દુકાનમાંથી કંઈ લઈને ખાવાનો વિચાર તો થાય પણ દોઢ બે રૂપિયા બચે તો પણ પેટ ભરાય એટલું કયાંથી મળે? ત્યાં ને ત્યાં જ છોકરાંઓને બવડાવી પોતે બે જણ ઘરે જઈને જ ખાવાનું નક્કી કર્યું.

આજુબાજુના પણ લગભગ બધાં જ ઘરોમાં આ જ સ્થિતિ હતી. તેથી કોણ કોને મદદ કરે? કદાચ કોઈક વાર કોઈ ચૂલા પર ભાત ચઢાવી અથવા તો છોકરાંને પોતાને ત્યાં જમવા લઈ જાય પણ આના સિવાય કોઈ વધારે શું કરી શકે?

આવી સ્થિતિમાં ઇંદિરાબેનને કદી ચોપડી ઉઘાડવાનો તો વખત જ ન મળતો, એક તો હંમેશ માથું ચઢેલું જ હોય. જીવવાનો જ એક પ્રકારનો તેને કંટાળો જ આવી ગયો હતો. અધો પોણો કલાક મળે ત્યારે સીવણ, થીગડાં મારવાનાં, લૂગડામાંથી પહેરણ બનાવવાં વગેરે કામ રહેતું. હવે એણે પાપડ વગેરે બનાવવું તો છોડી જ દીધું હતું. એક અથાણું જેમ તેમ કરી બનાવી રાખતી. રસોઈમાં કોઈ વાર તે ઉપયોગી થઈ પડતું. તહેવાર હોય તે દિવસે તો તેના પેટમાં ફાળ જ પડતી. તેનો પતિ કહે, 'આજે નિરાંતે જમવાનું મળશે. થોડાં, બળુનાં પાતરાં બનાવ અને ખીર નહિ તો કંઈ બીજી ગળી વસ્તુ. કેટલા દિવસથી બરોબર જમ્યો જ ન હોઉં એમ લાગે છે' તે સવારે સાત વાગે ભાત ખાય ને રોટલી શાક સાથે લઈ જાય. રાત્રે થાકેલો પાકેલો આવી જેમ તેમ ખાય, તે ઇંદિરાબેન કર્યા નહોતી જાણતી! તેને પણ સારું સારું રાંધી પીરસવાનું મન થતું પણ બે નાનાં છોકરાંને ફાવતું નહિ. પોતાને સાંભળવાનું કહે તો બાળકો રડીને ત્રાસ આપે વળી તેને પોતાને સંભાળતાં આવડતું નહિ. તરત જ કંટાળી જતા, નહિ તો ગુસ્સે થઈ થપ્પડ મારી બેસતા. છોકરાંઓને પણ એમની સાથે પારકાપણું લાગતું. તેના કરતાં રસોડામાં બેસી રહેવું એમને વધારે ગમતું, એમની પર બરોબર ધ્યાન ન અપાય તો કદી દાઝી પણ જતા.

એકંદરે મેટ્રિક સુધી અભ્યાસ હોવાથી તેમના પતિને કુટુંબનું પોષણ કરવા જેટલો પગાર મેળવવો પણ બહુ મુશ્કેલ થતો. તે રાત્રે ઘેર આવે ત્યારે કંકાસ, કાળજી, કોઈ માંદું છે વગેરે વાતો તેને કાને પડતી અને તેથી તેના કૌટુંબિક જીવનની મધુરતા તો સૂકાવા જ લાગી હતી. આવા કંટાળેલા વાતાવરણમાં ઉછરતાં બાળકોને તો ગર્ભથી જ જાણે ઉલ્લાસ, આનંદ, વિનોદ, હાસ્ય, હોંસ કે ઉલ્લાસનો લગભગ અભાવ જ હતો. તેથી લડવું, મારામારી કરવી, હઠ કરવી, કોઈને હેરાન કરવા, ભાંગફોડ કરવી આમ વિચિત્ર રીતે જ વર્તતા. પરિણામે તેઓ ખૂબ માર ખાતાં ઘણી વાર તો રડી રડીને ભૂખ્યા જ ઊંઘી જતાં. ઇંદિરાબેનને પણ કોઈ વાર બરાબ લાગતું તો કોઈ વાર ચીડ ચઢતી. આવા હઠીલા ને લડકણાં છોકરાં મારે નસીબે કયાંથી આવ્યાં છે એમ જ તેમને લાગતું અને તેમનાં નસીબનો જ દોષ કાઢી કોઈ વાર આંસુ પાડતાં તો કોઈવાર ભૂખ્યાં જ સૂઈ જતાં.

આનો ઉપાય શું? આવી પરિસ્થિતિનું કારણ શું? તે કેવી રીતે દૂર કરી શકાય? કોઈ રસ્તો બતાવશે બરં?

—તારાબેન મોડક

ડૉ. મૉન્ટેસોરી અને ડૉલ્ટન યોજના

ડૉ. મોન્ટેસોરીનું પહેલું બાલઘર ૧૯૦૬માં સ્થાપન થયું. ત્યાર પછી ઘણે વર્ષે એટલે ૧૯૧૬માં ડૉલ્ટન યોજના તૈયાર થઈ, અને તરત જ બીજે વર્ષે તે અમલમાં આવી. હેલન પાર્કહર્સ્ટ નામના બહેને ડેલ્ટન નામના શહેરમાં પોતાના વિદ્યાલયમાં પ્રથમ પ્રયોગ કર્યો હોવાથી તેનું નામ 'ડૉલ્ટન યોજના' પડયું. અમેરિકામાં જન્મ થયો હોવા છતાં ઇંગ્લંડમાં આનો અને આવી બીજી યોજનાનો પ્રચાર વધારે પ્રમાણમાં થયો છે. ખાસ કરીને સ્ત્રીઓએ આ બાબતમાં આગેવાની લઈને યોજનાઓ કરી છે. તેમાં ડૉ. ઓગ્રોવન હેરીસનું નામ મુખ્યત્વે ઉલ્લેખનીય છે. તેમની 'હાવર્ડ યોજના' અને 'ડૉલ્ટન યોજના'માં ઘણું જ સામ્ય છે. 'જુદી જુદી પરિસ્થિતિમાં કામ કરવા છતાં અમારા બન્નેના વિચારોમાં આટલું સામ્ય હોવંનું મુખ્ય કારણ એટલે અમે બંનેએ મોન્ટેસોરી પદ્ધતિનો અભ્યાસ કર્યો છે.' એમ ડૉ. હેરિસે એક છાપામાં ઉલ્લેખ કર્યો છે. આ પરથી ડૉ. મોન્ટેસોરીને તેઓ ગુરુસ્થાને માનતા હશે તેમ સિદ્ધ થાય છે.

ડૉ. મોન્ટેસોરી પાસેથી પ્રેરણા મેળવી હોવા છતાં તેનો ઉપયોગ નવીન ક્ષેત્રમાં કરવાનું માન હેલન પાર્કહર્સ્ટને જ આપવું ઘટશે. એમ જો જોઈએ તો 'મોન્ટેસોરી પદ્ધતિ' પણ કેવળ ડૉ. મોન્ટેસોરી એકલાના જ વિચારોનું મૂર્તસ્વરૂપ નથી. એમની પહેલાં રૂસો, પેસ્ટાલોઝી, ફ્રોએબેલ જેવા શિક્ષણશાસ્ત્રીઓ થઈ ગયા તેમના શિક્ષણ વિષયક નવીન વિચારોનો વારસો આ બહેનને મળેલો હતો. વાતાવરણમાંની કલ્પનાનો સ્વીકાર કરી શ્રદ્ધાપૂર્વક તેને મૂર્તસ્વરૂપમાં મૂકવું, નવીન પ્રયોગ કરવો, એ ઘણું હિંમતભર્યું કામ છે. તે કામ ઘણા થોડા માણસો કરી શકે છે. તેમાં કોઈ કોઈ વિચારો વાતાવરણમાંથી મેળવવા અશક્ય હોવા છતાં તેનો યોગ્ય ઉપયોગ જે જે વ્યક્તિએ કર્યો હશે તેમનાં નામ ધ્યાનમાં લેવા જેવાં છે. તે સમયે વ્યક્તિસ્વાતંત્ર્ય; સ્વયંશિક્ષણ ને તેની સાથે સાથે જઈ શકે એવી વૈયક્તિક જવાબદારીની કલ્પના વાતાવરણમાં ઘૂમતી હતી; પરંતુ આ નવીન વિચાર-પ્રવાહને અટકાવી દઈને તેનો વિરોધ કરનારાઓની સંખ્યા પણ બહુ મોટી હતી. આ પ્રચંડ બહુમતિનો વિરોધ તથા અસહકાર હોવા છતાં નવીન કલ્પનાને મૂર્તસ્વરૂપ આપવું એ કંઈ નાનુસૂનું કામ ન હતું. આ નવીન વિચાર વર્ગપદ્ધતિનો વિરોધ કરનાર છે, અને વર્ગપદ્ધતિ જૂની હોવાને અંગે તે બદલવી નહિ, એવા મતવાળાં અનેક શિક્ષકો ને વાલીઓ તે સમયે હતાં ને હજુ પણ છે. શિક્ષણને નવું સ્વરૂપ આપવું જોઈએ એમ મોઢેથી કહે છતાં શીખવતી વખતે જૂની જ પદ્ધતિને વળગી રહેનારા ઘણા ખરાં શિક્ષકો હોય છે. વ્યકિતગત શિક્ષણ કરતાં વર્ગશિક્ષણનું આકર્ષણ વધારે હોવાનું બીજું મહત્વનું કારણ એટલે વિદ્યાર્થીઓ સમક્ષ પોતાના જ્ઞાન અને વકતૃત્વનું પ્રદર્શન કરી તેમના પર પોતાના વ્યક્તિત્વની છાપ પાડવાની શિક્ષકોને હોંશ હોય છે વિદ્યાર્થીઓની દ્રષ્ટિએ વિચાર કરીએ તો વર્ગશિક્ષણને બિલકુલ અવકાશ ન આપીએ તો પણ તેનું પ્રમાણ ખૂબ ઓછું કરી નાખવું જોઈએ. કારણ, સમૂહ સામે બોલતી વેળાએ જે વાત વિદ્યાર્થીએ પોતે વાંચી, અવલોકન કરી કે પ્રયોગથી શોધી શકાય તે કહેવાનો મોહ જાગે એ સ્વાભાવિક છે. વિદ્યાર્થીઓના વ્યકિતવિકાસ માટે પોતાનું વ્યકિતત્વ પાછળ ખેંચી લેવા માટે જરૂર પડતો સંયમ શિક્ષકો કેવી રીતે કેળવશે અને કેમ પસંદ કરશે?

આટલો વિરોધ હોવા છતાં વર્ગપદ્ધતિ ધીમે ધીમે નાબૂદ કરવાનું કાર્ય ડૉલ્ટન સંધ કરે છે. વર્ગપદ્ધતિ જવાથી વિદ્યાર્થી આત્મકેન્દ્રિત થઈ જશે, એવી બીક રાખવાની જરૂર નથી. ઉલટાનું ડૉલ્ટન યોજના પ્રમાણે વર્ગોનું રૂપાંતર પ્રયોગ-શાળામાં થવાથી અને ત્યાં બધી કક્ષાના વિદ્યાર્થીઓ એક જ સમયે કામ

કરતા હોવાથી જુદી જુદી ઉમરના ને કક્ષાના વિદ્યાર્થીઓને એકત્ર થવાની તક મળે છે. વર્ગમાં એક બીજા સાથે ચર્ચા કરવી, બે કે વધારે વિદ્યાર્થીઓએ ભેગા મળી અભ્યાસમાં એક બીજાને મદદ કરવી વગેરે બાબતોને ઉ-તેજન આપવામાં આવે છે. વર્ગપદ્ધતિમાં શિક્ષક એક વર્ગમાંથી બીજા વર્ગમાં જાય છે, પરંતુ ડોલ્ટન યોજના પ્રમાણે બાળકોને જે જે વિષયનો અભ્યાસ કરવો હોય તે તે વિષયોની પ્રયોગશાળામાં તેઓ જાય છે, ત્યાં આગળ તે તે વીષયોનાં પુસ્તકોનો અને તેને લગતાં સાધનોનો સંગ્રહ હોય છે.

શિક્ષકોનું કામ શિખવવાનું નહીં હોય, માર્ગદર્શન કરવાનું કે સલાહ આપવાનું હોય છે. વિદ્યાર્થીઓને પ્રયોગશાળામાંનાં સાધનોની માહિતી આપવી, અભ્યાસમાં કંઈ શંકા હોય તો તેનું નિરાકરણ કરવું વગેરે કાર્ય શિક્ષકે કરવાનું હોય છે. અર્થાત વાતાવરણ શાંત રહે, વિદ્યાર્થીઓની ગર્દી ન થાય, એવી શિસ્ત જાળવવાની જવાબદારી શિક્ષકની જ હોય છે, જે કે આ બાબતની મોટા ભાગની જવાબદારી વિદ્યાર્થીઓ પર જ હોય છે. મોન્ટેસોરી શાળામાં સ્વયમ્‌શિસ્ત પાળવામાં આવે છે, તે જ તત્ત્વ ડોલ્ટન યોજનામાં માન્ય કરેલું છે.

ડોલ્ટન યોજના પ્રમાણે વિદ્યાર્થીઓ પર બીજી એક વધારે મહત્વની જવાબદારી નાખેલી હોય છે; તે એ છે કે મુકરર કરેલા સમયમાં નકકી કરેલો સ્વાધ્યાય પૂરો કરવાનો હોય છે. ડોલ્ટન યોજનાના માહિતીપત્રકમાં વિદ્યાર્થીઓની ઉમર ૮ થી ૧૧ વર્ષની નકકી કરવામાં આવી છે. આ ઉમરમાં આવા પ્રકારનું જવાબદારીભર્યું કામ આપવામાં બિલકુલ હરકત નથી. બાલમંદિરનાં બાળકોને આવા પ્રકારની જવાબદારી સમજવી ને તે પાળવી શકય નથી. પણ ધીમે ધીમે બાળકોને પોતાની જવાબદારીથી કામ કરતાં કરવાં, તેઓને સ્વાવલંબી બનાવવાં એ એક મહત્ત્વનું તત્ત્વ મોન્ટેસોરી પદ્ધતિમાં છે.

નકકી કરેલો અભ્યાસ પૂરો કરવાનું બંધન હોવા છતાં, તે કરતી વેળાએ સમયપત્રક પોતે પોતાનું ઠરાવવાનું વ્યકિત-સ્વાતંત્ર્ય બાળકોને આપવામાં આવે છે. બાળમંદિરનાં બાળકો જે પ્રમાણે કોઈ પણ પ્રવૃત્તિ પોતાના મનનું સમાધાન થાય ત્યાં સુધી કરી શકે છે તે પૂરી કરીને બીજા વિષય હાથ ધરે અથવા કંટાળો આવે તો થોડો વખત એ વિષય મૂકી દઇ બીજો વિષય શરૂ કરી શકે છે, સ્વયંપ્રેરણાને અવકાશ મળવાથી, ઇચ્છા વિરુધ્ધ અભ્યાસ કરવાથી ફોકટ જતો સમય ને શકિત બચે છે. દરેક જણ પોતપોતાની ગતિથી આગળ વધી શકે છે, અને પોતપોતાની પધ્ધતિથી અભ્યાસ કરી શકે છે. પોતાના પ્રયત્નથી શીખવાની ટેવ પાડવાથી આત્મ વિશ્વાસ ઉત્પન્ન થાય છે. આ સ્વાધ્યાય-પદ્ધતિ આગળના જીવનમાં ખૂબ જ ઉપયોગી થઇ પડે છે. વિદ્યાર્થી-જીવનમાં શું કે ત્યાર પછી પણ બીજાના ઉપર આધાર રાખવાથી તેટલા સમય પૂરતું સમાધાન થશે. પરંતુ આખું જીવન વિતાવવા માટે તો સ્વાધ્યાય પદ્ધતિ જ કામ લાગશે. બાળપણથી પાડેલી સ્વયંશિક્ષણની ટેવ જ ઉપયોગી નીવડશે. આ જ પધ્ધતિથી જો પૂર્ણ પ્રાથમિક, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ આપવામાં આવે તો મહાવિદ્યાલયનું (કોલેજ) શિક્ષણ વધારે યશસ્વી થશે. માધ્યમિક શાળામાં પરીક્ષામાં થતી અનાવશ્યક ભૂતો બંધ થશે. પોતાને જેમાં રસ હોય તે સમજવામાં જરૂરી થઇ પડતું સહાનુભૂતિપૂર્ણ અને ઉ-તેજનાત્મક વાતાવરણ મળવાથી આગળના જીવન-નિર્વાહના માર્ગમાં ભૂલ થવાનો એટલો બધો સંભવ રહેશે નહિ. તેમજ જો સદ્‌ભાગ્યે નવરાશનો સમય મળ્યો તો તે કેમ વીતાવવો એ પ્રશ્ન પણ ઉપસ્થિત થશે નહિ. નર્વાનર્મિત પ્રેરક રમત-દ્વારા કળા અને આનંદને સ્વાભાવિક રીતે પોષણ મળ્યું હોવાથી પોતાના આનંદ માટે બીજા પર આધાર રાખવો પડશે નહિ. તેથી ડા. મોન્ટેસોરીએ અને હેલન પાર્કહર્સ્ટે વિચારપૂર્વક કરેલા સ્વયંશિક્ષણના તત્ત્વના પ્રચારને આપણે વધારે પ્રમાણમાં પ્રત્યક્ષમાં ઉતારવાનો પ્રયત્ન કરશુ તો દરેકને પોતાના જીવનવિષયક પ્રશ્નો ઉકેલવાં સહેલાં થઇ પડશે તેમાં મને જરા ય શંકા નથી.

કમલિની દામલેના
મરાઠી લેખ પરથી.

અહીં ધ્યાન આપશો કે ?

એક ક્રિશ્ચિયન મીશનરી સ્કૂલમાં મને કામ હોવાથી જવાનું થયું. તે શાળા વિષે મને કંઈ જ માહિતી ન હતી. શાળા પાસે આવતાં જ મને એક મોટું રમવાનું મેદાન દેખાયું અને એક મોટું, ચાર માળનું મકાન દેખાયું. મીશનનાં લોકો કેળવણી માટે કેટલો બધો ખર્ચ કરે છે! તેમાં વ્યવસ્થા અને સૌન્દર્યની દૃષ્ટિ પણ કેટલી હોય છે! આ સ્કૂલમાં આગળ એક સુંદર બાગ હતો, એ બધું જોતો જોતો હું અંદર દાખલ થયો. ને જોયું તો શાળા બંધ હોય એમ લાગ્યું. બુધવાર હોવા છતાં શાળા બંધ! કારણ શું હશે? શાળાનો સમય બપોરનો તો નહિ હોય! આવા આવા વિચારો મનમાં આવ્યા. કોઈ મળે તો બરોબર તપાસ કરું એમ થયું; પણ મુખ્ય દરવાજા પાસે એક માલી ખુરસી જ હતી, બીજું કોઈ જ નહિ. દૂર બારડાઓને પણ તાળાં હતાં. આ જોઈ ભીંત પરની સુંદર છબીઓ ને પાટિયા પરની માહિતી નિરાંતે વાંચી હું બહાર નીકળ્યો. રસ્તા પર, શાળા વિષેની માહિતી કોને પૂછું એમ વિચાર કરતો હતો; ત્યાં સામેથી એક ૬-૭ વર્ષની, ફ્રોકમાં ને માથે ટોપી ને હાથમાં છત્રી લઈને આવતી છોકરી દેખાઈ. એ ક્રિશ્ચિયન હશે એમ તો મને લાગ્યું જ. પણ રંગે તે હિંદુસ્તાની! તેમ છતાં મેં તેને અંગ્રેજીમાં જ પૂછ્યું.

'આ શાળા વિષે તું મને માહિતી આપીશ કે? આજે શાળા બંધ છે? રોજ શાળાનો શો સમય હોય છે? આજે શાળા કેમ બંધ છે?'

મારા દરેક પ્રશ્નનો ઉત્તર તેણે બરાબર આપ્યો. તેને અંગ્રેજી બોલવાની સારી ટેવ હતી. ઉચ્ચાર પણ સારા હતા. તેણે કહ્યું, 'હા, હું માહિતી આપીશ. આ શાળા બુધવારે બંધ રહે છે. શાળાનો સમય બપોરનો છે.'

મેં પૂછ્યું, 'અહીં ટ્રેનીંગ સ્કૂલ છે તેનો શો સમય છે?'

'તેનો પણ સમય બપોરનો જ છે. પણ અહિં હાઇસ્કૂલ ને પ્રાઇમરી શાળા બંને છે. પ્રાઈમરી શાળા સવારની હોય છે. તમારે કોઇને શાળામાં દાખલ કરવા છે?'

મારી અને તેની ઉમ્મરમાં લગભગ ૩૦ વર્ષનો તો ફરક હશે જ. પણ બાપ જેટલા ઉમ્મરનાં પારકા માણસ સાથે વાતો કરતાં તે બિલકુલ અચકાઇ નહી. ટ્રેનમાં જેમ આપણે એકમેક સાથે ઓળખાણ કરી એકબીજાની માહિતી મેળવીએ છીએ તેવું જ એનું વર્તન હતું.

'મારે કોઇને શાળામાં મૂકવું નથી.'

'ત્યારે શું તમારે શાળાના કોઇ સંચાલકને મળવું છે?'

'હા'

'કેમ કંઈ નોકરી જોઇએ છે?'

'એવું જ કંઈ કામ છે.'

'ત્યારે તમે સેન્ટ પીટર્સના ફાધરને મળો. એમને કોઇક માણસ જોઇએ છે.'

મને નોકરી શોધી આપવા આ સાત વર્ષની છોકરી તૈયાર થઇ તે જોઇ ખૂબ હસવું આવ્યું. અને મારે શા માટે મળવું છે તેનું કારણ કહ્યું

'ના, હું નોકરીની શોધમાં નથી પણ મારે એક મરાઠી પુસ્તક બતાવવું છે'

'તો અહીં એક પાસે જ મરાઠી શાળા છે, તે આજે ચાલુ છે.' આમ બોલી તે શાળાનો રસ્તો પણ એણે મને બરાબર બતાવી દીધો.

'તું પેલી શાળામાં જાય છે?' સામેનું મોટું મકાન બતાવતાં મેં પૂછ્યું.

'ના, હું કોન્વેન્ટમાં જઉં છું. આજે અમને પણ રજા છે.'

'તમારી કોન્વેન્ટમાં એકદમ નાનાં બાળકો માટે કિન્ડરગાર્ડનનો વર્ગ છે ખરો?'

'હા છે. એ છોકરાને આજે રજા નથી. તમારે એ વર્ગ જોવો છે? અમારી શાળા પાસે જ છે.'

'ના, આજે તો નહીં. કોઇ બીજી વાર આવીશ. મારે પાછું અહીં આવવાનું જ છે.' એમ બોલી અંગ્રેજી પદ્ધતિ પ્રમાણે થેંકયુ કહી મેં રજા લીધી.

ત્યાંથી બસ સ્ટેન્ડ પર ગયો. ત્યાં મિત્રને ઘરે પણ અને પાછો ઘેર આવ્યો તો પણ પેલી છોકરી જ યાદ આવ્યા કરતી હતી. જેને જેને કહી શકાય તેને આ હકીકત કહી સંભળાવી અને ફરી ફરી આ પ્રસંગ આંખ સામે ઊભો કર્યો. એકાદ ખીલતી, સુંદર કળીને જોઈને મનને જે આનંદ થાય છે તેનાથી પણ વધારે આનંદ આ ખીલતી માનવકળીને જોઈને થયો.

તેના બોલવામાં કેટલી સ્પષ્ટતા, ચોકકસપણું, સહૃદયતા ને માનવતા ઝરતી હતી ! તેનામાં કોઇ પણ જાતનો ક્ષોભ ન હતો. ઉમ્મરે નાની હોવા છતાં જાણે પૂર્ણ માનસવિકાસ થએલા મોટા માણસની જેમ જ બોલતી હતી. બોલતી વખતે તેની છત્રી વડે સુંદર ચાળા કરતી હતી. મને તો પોતાની સ્કુલનો એક મિત્ર જ ન સમજી હોય એમ જ લાગતું હતું. કોઇ માનસશાસ્ત્રજ્ઞો મનના વિકાસના ચાર ભાગ છે એમ માને છે. તેમની પ્રમાણે વિકાસના બીજા ભાગમાં બાળક મોટા માણસની જેમ જ વર્તે છે. તે વખતે પોતાનામાં પરિસ્થિતી પર પૂર્ણ કાબૂ આવ્યાનો આત્મ-વિશ્વાસ હોય છે, આજે મેં જાણે એનું મૂર્તિમંત ચિત્ર જ ન જોયું હોય ! આ છોકરીને પોતાના વાતાવરણમાંની સામાન્ય એવી દરેક વસ્તુની માહિતી હતી. તેની આંખો ને કાન ખુલ્લા હોવાથી થએલી સંવેદનાનો સ્વીકાર અને ઉપયોગ કરવામાં બુદ્ધિ સારું કાર્ય કરી રહી હતી. મારી તપાસ કરવામાં અને મારા સંબંધી કલ્પના કરવામાં આ બધાનો તે યોગ્ય રીતે ઉપયોગ કરી રહી હતી. તેના વિચાર તર્કશુદ્ધ લાગ્યા. એ બધા ઉપર મુગટમણિની જેમ તેની સહૃદયતા ને સહકારની ભાવના, મને નોકરી મેળવવામાં મદદરૂપ થઈ શકશે માટે જગા બતાવવાનું કામ પણ તેણે સ્વાભાવિક રીતે જ કર્યું હતું.

આપણી આજુબાજુના વાતાવરણમાંથી આવાં કેટલાં બાળકો મળી આવે છે ! આપણા ઘરનાં બાળકો આવાં છે ખરાં ?

આ છોકરીનો મનોવિકાસ યોગ્ય રીતે થએલો દેખાય છે તેનું કારણ તેનું વાતાવરણ જ છે. તેનામાં માનવતા અને સહકાર દેખાઇ આવ્યાં. તેના વાતાવરણમાં અન્ય વ્યકિતઓ પણ તેની સાથે આ જ પ્રમાણે વર્તતી હશે. કોઇ કોઇ ક્રિશ્ચિયન સમાજમાં વાતા-વરણ વધારે ખુલ્લું અને ઘણીવાર મળતાવડું હોય છે. આનું પરિણામ આ છોકરીમાં દેખાઇ આવ્યું. હિંદુસમાજમાં પણ બાળક પર પ્રેમ રાખતાં અને ખુલ્લા વાતાવરણમાં ઉછેરતાં અનેક કુટુંબો હોય છે. તેની છાપ બાળક પર જરૂર પડે છે. હિંદુ, મુસલમાન કે ક્રિશ્ચિયન સમાજ એ મુખ્ય મુદ્દો નથી પણ બાળકને કઇ રીતે ઉછેરવું, તેનામાં કયા ગુણો ઉત્પન્ન કરવા, પોતાનું કુટુંબ સમો, રાષ્ટ્ર કેવો હોવો જોઇએ તે જોવાનું છે. આ બાબત જો આપણે થોડો વિચાર કરીએ, તે પ્રમાણે વર્તીએ તો આપણે કેટલું કરી શકીએ તેનો ખ્યાલ આવશે. આજે આ મારું કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર અમારા આદર્શ નથી પણ આવતી કાલનું કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર અમારા આદર્શ પ્રમાણે બને તે માટે શું આપણે આપણા બાળકના સર્વ પ્રકારના વિકાસ તરફ વધુ ધ્યાન નહીં આપીએ !

સ. આ. કેળકર.

બાળકોને સંબોધવા કઈ રીતે ?

"જગદીશ ભાઇને તમે તુંકારે કેમ સંબોધ્યા ? બાલમંદિર ચલાવતા એક કાર્યકર અમારા બાલમંદિરની મુલાકાતે આવ્યા ત્યારે ઉપરની વાત શિક્ષિકા બેનને પૂછી.

'જગદીશને 'જગા' કે દિલીપને 'દીપા' ન કહેવાય, પણ જગદીશ તો કહેવાય જ. જગદીશ-ભાઇ ૩॥ વર્ષનું બાળક છે. એમના કુંટુમ્બમાં કે સમાજમા 'જગદીશભાઇ' કયારેય પણ વ્યાપક ન બની શકે એવું સંબોધન છે એટલે અમે તો આ ધોરણ રાખ્યું છે.' શિક્ષિકાને બદલે નિયામકે ઉપરનો જવાબ આપ્યો.

'કાંઈક અંશે આપની વાત સાચી છે.' મુલાકાતીએ પોતાનો અભિપ્રાય દર્શાવ્યો 'પણ જગદીશભાઇને તું, તાં પણ કેમ કરાય ? '

'તોછડાઇથી તું, તાં કરવું અને ઘરમાં મા અથવા વડીલો પ્રેમ અને સ્નેહથી એક નામે બોલાવે, એમાં કાંઇ ફેર ખરો કે નહિ ?' નિયામકે પૂછ્યું.

'હા, એ બરું. સ્વાભાવિક તો જે રીતે મા સંબોધે છે તે જ કાનને સાંભળવું અને જીભે ચડે એવું સંબોધન છે.' મુલાકાતી બહુજ લાગણીવશ થઇ બોલ્યા.

'તો સાડાત્રણ વર્ષના બાળકને 'જગદીશભાઇ, તમે દોડશો નહિ, તમે બેસી જાઓ' એમ કહેતી વખતે શિષ્ટાચારનો અતિરેક લાગે છે; એટલું જ નહિ પણ આ પ્રકારનું સંબોધન બોધમાં ઘરની બહારે કયારે ય પણ તમે વ્યાપક થએલું જોયું છે?' નિયામકે પોતાનો આ વિષય પરત્વેનો ઊંડો અનુ-ભવ જણાવ્યો.

'ના, વ્યાપક થવું બાજુએ રહ્યું પણ ઘેર જતાંની સાથે જ એ બાળક પોતેજ હીજરાવા માંડે છે. બાળકોને સન્માનવાનું તો મધ્યમવર્ગના વડીલો સમજતા નથી તો...ભાઇ કહીને કેમ બોલાવે?' મુલાકાતીને કાંઇક ગળે વાત ઊતરી હોય એવું લાગ્યું.

'એટલે જ સ્વાભાવિકપણે જે જીભે ચડી જાય, છતાં બોલવામાં તોછડું ન જણાય, બાળક જે સંબોધનથી હીજરાય નહિ એટલું લક્ષમાં લઇ લઇએ તો 'ભાઇ' વગર સંબોધાય.' નિયામકે સામાન્ય નિયમની સૂઝ પાડી. બાલગીતો અને બાલ વાર્તામાં આવતી 'ચકલી બેન', 'વાઘ મામા', 'શિઆળભાઇ' સામાન્ય ક્રમમાં ચકલી, વાઘ અને શિઆળ જ રહ્યાં છે'

'તો પછી આ પ્રથા શરૂ કેમ થઇ અને હજી ટકી કેમ ?' મુલાકાતી જરા મુંઝાઇને બોલ્યા.

'કોઇ અનિષ્ટને મૂળમાંથી કાઢવું હોય તો તે વખતે સુચવાયેલો સુધારો પણ જલદ પ્રકાર અથવા જલદ માત્રામાં જ હોય છે, પછી સુધારો વ્યાપક બની જાય એટલે એમાં જે સ્વાભાવિકપણું હોય તે ઉપર આવે અને તેટલું જ ટકે; બાકીના ભાગ માટે ફરીવાર પ્રયત્ન કરવો રહે અને તે જુદા પ્રકાર થી. જો જગાને 'જગલા' કહેવાનુ બંધ કરવું હતું તો જગા સુધી જીભને વાળવી અને સંતોષ લેવો તે કરતાં છેક 'જગજીવનભાઇ' સુધી મહેનત કરવી તે વખતે જરૂરી હતી. આજે હવે બાળકોને સન્મા-નવાં, સ્વાતંત્ર્ય આપવું, ઇંદ્રિયવિકાસ રૂંધવો નહિ, એમને સ્વાવલંબી થવા દેવાય છે, વગેરે બાબતો સારી પેઠે ઘરમાં પણ સમજાવા લાગી છે, પછી સંબોધનની બાબતમાં પણ હવે કોઇ 'જગલો' ધરાદા પૂર્વક કહેશે નહિ અને કહેવા છતાં તેને અનિષ્ટ તો સમજશે.' નિયામકે વડીલો અને સામાન્ય જનતાના માનસની અનુષાંગિક બાબત કહી.

'ત્યારે તો હું કાંઇક કરૂં" આમ ગણુગણુતા મુલાકાતી બીજા વિભાગો જોવા તરફ વળ્યા.

—સંગ્રાહક :- બાબુભાઇ શાહ

શું તમારી પદ્ધતિમાં પણ બાળકોને શિખવવાનું હોય છે ?

'આ શું, તમારી અરુણાનાં હાથમાં સોય ? તમે એના હાથમાં સોય આપી ?' મારી ૨॥ વર્ષની છોકરી તેની સંભાળનારી બાઈનાં ગળાની માળાનાં ઝીણાં મોતી પરોવવામાં મદદ કરતી હતી. અને લગભગ આખી માળા તેણે જ પરોવી હતી. અમારી બાજુમાં રહેતાં બહેને અરુણાને જોતાં આ પ્રશ્ન મને પૂછ્યો હતો. મારી બાજુવાળા બહેનને મારી ને મારી છોકરીને માટે ખૂબ જિજ્ઞાસા થતી. પણ આમ સીધો પ્રશ્ન તો પહેલી જ વાર પૂછ્યો હતો. મેં પૂછ્યું, 'કેમ શું થયું ?' એને પણ સોય કેમ પકડવી અને મોતી કેમ પરોવવાં તે બરોબર આવડે છે, અને નવાઈ જેવું તો એ છે કે ગઈ કાલથી એને એક પણ વાર સોય વાગી જ નથી.' 'નહિ તો પણ તમારી અરુણા નાનપણથી જ શાંત છે. ભાંગફોડ નહિ; ધમાલ નહિ. તે દિવસે હું આવી ત્યારે કપ રકાબી ઉંચકીને તે રસોડામાં મૂકી આવી હતી. તમને કંઈ હેરાનગતિ નથી. અમારી શીલા એવી નથી હં ! તમારી અરુણા જેવી હોત તો તમે મોન્ટેસોરી પદ્ધતિ ઘોઈ નાખી હોત, ખૂબ જ તોફાની એ તો છે.'

'કોઈ તોફાની હોય છે પણ ખરા. કદાચ તમે કહો છો એવી શાંત અરુણા હશે પણ ખરી. પણ બાળકોમાં તોફાન કે મસ્તી કરવાનું નેવું ટકા કારણ તો આપણે જ હોઈએ છીએ.'

'બહુ થયું હવે. તમારી 'પત્રિકા'માં પણ એમ જ. જાણે બાળકોનો તો કોઈ દિવસ દોષ જ ન હોય. તેઓ તો કંઈ ખરાબ કરે જ નહિ. અમે મા બાપ જ એમને ખોટે રસ્તે લઈ જઈએ છીએ. તમારા તારાબેન તો બાળકોના ઘણા ખરા દુર્ગુણોની જવાબદારી અમારી પર જ નાખતાં હોય છે."

'વાહ, કોઈ બાળકોનાં દુર્ગુણો કે દુર્વર્તન માટે તમે કોઈ જવાબદારી લેવા તૈયાર નથી. પણ છોકરો ૧૪ વર્ષે મેટ્રીક થાય કે કલાસમાં પહેલો આવે ત્યારે શિક્ષકની સાથે યશ ખાવાની હરિફાઈમાં ઊતરી પડો છો. ખરાબ બાબતોમાં બધી જ જવાબદારી તેના પર સોંપી, તેનો વાંક કાઢી, કોઈ વાર તો એને માર બવડાવવાનું પણ તમે છોડતાં નથી. હું આ સોય માટે કહું છું, આ જુઓ, સોય, કાતર, છરી, છીણી આ વસ્તુઓ વાગે એવી હોવા છતાં આપણને રોજ કામ લાગતી જ હોય છે રસોડામાં સવારની ધમાલમાં આપણે શાક સમારી કે છીણીને આપણે છરી કે છીણી એમને એમ નાખી ચૂલા પાસે જઈએ છીએ. એટલામાં બેબી આવી બાકીના મૂળા છીણી નાખે છે. પહેલાં તે ગભરાતી ને અચકાતી હતી પણ તેનાં મૂળ સ્વભાવમાં જ વસ્તુ વાપરી જોવાનું ને અનુભવથી શીખવાનું હોવાને લીધે તે છીણવા લાગી હતી. કદાચ હાથ કપાય કે ન પણ કપાય પણ એટલામાં આપણું ધ્યાન એ તરફ જાય કે આપણે ધૂમાધૂમ પાડી મૂકીએ છીએ. તે સાંભળીને હાથ વાંકાચૂકા થઈ જાય ને વાગી જાય એટલે વધારે ધાંટા પાડી પાટા બાંધવા બેસીએ છીએ. હું તો કહું છું જ કે પહેલેથી જ જો નાનું બાળક હોય તો ખુલ્લી વસ્તુઓ નાખી જવી જ નહિ, પણ સાધારણ ૨, ૨॥ વર્ષનું હોય તો ધાંટાધાંટ ન કરતાં આપણને વખત હોય તો કેમ છીણવું તે બતાવવું અને વખત ન હોય તો 'હમણાં નહિ, પછી હું તને બતાવીશ; સાંજે તું મને મૂળો છીણી આપજે' એમ કહેવું. આપણને જ્યારે વખત હોય ત્યારે જરૂર એને કરી બતાવવું. કારણ આપણે ઉતાવળમાં બોલી ભૂલી જઈએ છીએ પણ બાળક ભૂલતું નથી. છીણી વગેરે વસ્તુ યોગ્ય રીતે વાપરતાં બતાવીએ તો ઘણી વસ્તુ એને આવડી જાય.'

'બરાબર, એટલે જાણે શાળામાં જેમ પાઠ આપીએ છીએ તેમ જ આપતા રહેવાનું, એમ જ ને ?"

'મારું કહેવું એમ નથી. પણ વસ્તુનો દુરુ-

પયોગ થાય અને પરિણામ બરાબર આવે એનાં કરતાં વસ્તુનો ઉપયોગ બાળકોને બતાવી તેની ટેવ પાડીએ તો વધારે સારું, તેને આમ એકવાર સમજાશે પછી કંઈ પણ વસ્તુ જોશે તો તમને પૂછવા આવશે કે આ ફ્રેમ વાપરવાની? માત્ર તે વાપરવાની રીત નક્કી કરેલી હોવી જોઈએ. તમે જ કહો છો કે અરુણાએ વ્યવસ્થિત રીતે કપ રકાબી ઉપાડ્યાં હતાં. એણે બરોબર હજુ ઘરનું એક પણ કાચનું વાસણ ફોડ્યું નથી. એક દિવસ બપોરે ચાહની તૈયારી કરતી હતી. તે બોલી, 'હું કપરકાબી ગોઠવું?' મને જરા બીક લાગી. આવા મોંઘા કપ રકાબી તેનાં હાથમાં આપું? મેં કહ્યું, 'ગોઠવ, પણ પહેલાં રકાબી મૂક, અને બે હાથે બરોબર પકડ. રકાબી જો પડી તો ફુટી જશે; વાડકીની જેમ પાછી ઊંચકી નહિ લેવાય, એ તો કાચની છે.' તે દિવસે તેણે બરોબર ગોઠવ્યું અને ત્યાર પછી એ કામ તો પોતે જ કરતી. પછી ગેલરીમાં ચક્કર લઈ જવાની હતી. તે બોલી 'મા, તારી રકાબી લઈ જઉં પછી કપ લઈશ; બરોબર પકડીશ.' મેં લઈ જવા દીધી ત્યાર પછી તો હું કોઈક વાર જાણી જોઈને તેને બોલાવીને આમ કરવા દેતી હતી. આથી તેને ખૂબ ગર્વ લાગતો. તમે કહો છો કે અરુણા શાંત છે અને તમારી શીલા તોફાની છે એટલે એનાથી કહી આમ થાત જ નહિ."

'એટલે, તમારી પધ્ધતિમાં પણ બાળકોને શિખવવાનું જ હોય છે! મને લાગતું હતું કે આ પધ્ધતિમાં તો બાળકોએ સ્વતંત્રપણે જ વર્તવાનું હોય.' —સુશીલા જોશી

નિયંત્રણ મંડળના પહેલા અધિવેશનમાં પસાર થયેલાં કેટલાંક મહત્ત્વના ઠરાવો

ઠરાવ નં. ૧ : સંઘનું નવું બંધારણ અમલમાં આવતાં જુના વ્યવસ્થાપક મંડળના સભ્યો શ્રી. નાનાભાઈ ભટ્ટ, શ્રી સરલાબેન સારાભાઇ અને શ્રી તારાબેન મોડક નિવૃત્ત થાય છે. આજસુધીની તેમની સેવાઓને સંઘ પોતાની અંજલી અર્પે છે અને તેમને સંઘનું કાયમી માનનીય સભ્યપદ સ્વીકારવાની વિનંતિ કરે છે.

ઠરાવ નં. ૨ : વ્યવસ્થાપક મંડળના બધાંજ નિવૃત્ત સભ્યોએ આજ સુધી જે સહાય કરી છે તે બદલ સંઘ તેમનો આભાર માને છે અને તેઓ ભવિષ્યમાં પણ માર્ગદર્શન અને સલાહ-સૂચનો પ્રદાન કરતાં રહેશે એવી દૃઢ શ્રદ્ધા જાહેર કરે છે.

ઠરાવ નં. ૩. શ્રી. શાંતિભાઇ રાવળ મારફત સંઘના કાર્યકર્તાઓને અપાયેલી રૌપ્ય-મહોત્સવની પાકી પાવતીઓ બાબત દરેકને વ્યક્તિગત પત્ર લખવો; અને માગણી કરવા છતાં તે ન મળે તો તે વ્યક્તિઓ સામે યોગ્ય પગલાં ભરવાની પ્રમુખશ્રીને સત્તા આપવામાં આવે છે.

ઠરાવ નં. ૪. સંઘનું કેન્દ્ર કાર્યાલય હવેથી શિશુ વિહાર, ૧૧૮, હિંદુ કોલોની; દાદરમાં રાખવું એમ સર્વાનુમતે નક્કી કરવામાં આવે છે. તેમજ હીંદી અને ગુજરાતી પત્રિકાનું સંચાલન અને સંપાદન હવેથી કેન્દ્રિય કાર્યાલય દ્વારા કરવાનું નક્કી કરવામાં આવે છે.

ઠરાવ નં. ૫. નવા બંધારણ અંગે કોઇપણ જાતના સુચનો કરવાનાં હોય તો તે સંઘના ઉપ-મંત્રી શ્રી યશસ્વતીબેન ભટ્ટ, બાડીયા બાળ-મંદિર, બાડીયા, અમદાવાદ, એ સીરનામે લખી જણાવવા વિનંતિ છે.

ઠરાવ નં. ૬ :- સંઘ સાથે જોડાયેલાં બાળ-મંદિરોનું નિરીક્ષણ હાલમાં જેમ ચાલે છે તેમ ચાલુ રાખવાનું શ્રી પ્રભુભાઇ ઉપાધ્યાય, સંચાલક શ્રી આદર્શ બાળમંદિર બાર ને સોંપવામાં આવે છે. આ ઉપરાંત તેમને સુચવવામાં આવે છે કે બાળમંદિરોના નિરીક્ષણ માટેની નવી યોજના તૈયાર કરી શિક્ષણ સમિતિની સુચનાઓ સાથે વ્યવસ્થાપક સમિતિની આગામી બેઠકમાં રજુ કરવી.

ઠરાવ નં. ૭ :- ૧૯૫૩-૫૪ ના બજેટ માટે સંઘની જુદીજુદી પ્રાદેશિક શાખાઓ પર નીચે મુજબ આર્થિક જવાબદારી સંઘના આ વર્ષના અંદાજ-પત્રકમાં સોંપવામાં આવી છે:-

મુંબઇ	રૂા. ૨૫૦૦	વડોદરા	રૂા. ૨૫૦
પૂના	રૂા. ૨૫૦	અમદાવાદ	,, ૧૫૦૦
મદ્રાસ	,, ૧૫૦	થાણા-જીલ્લો	,, ૧૫૦
મહેસાણા	,, ૧૫૦	ઇદોર	,, ૨૫૦
નાગપુર	,, ૧૫૦		

પૂ શ્રી રવિશંકર મહારાજનો

બાળકોને સંદેશ.

[શ્રી. મૂળદેવ પંડ્યા પ્રેષિત, પૂ. શ્રી. રવિશંકર મહારાજના પૌત્ર ચિ. કૃપાશંકર વિષ્ણુપ્રસાદ વ્યાસના ઉપનયન સંસ્કાર વિધિ પ્રસંગે, પોતે ભૂદાન પ્રવૃત્તિઓમાં રોકાયેલા હોઇ, તેમણે પાઠવેલ પત્રનો સારાંશ બાળકો તેમજ વાચકોઓ માટે ઉપયોગી હોઇ, અહિં પ્રગટ કરીએ છીએ. —સં.]

ચિ. કૃપાશંકર રાધનપુર

તા. ૨૯-૧-૧૯૫૩.

તને ઉપવિત સંસ્કાર પ્રાપ્ત થશે તેમાં હું હાજર નથી રહી શકતો તેથી મને દુઃખ થાય છે. તને પણ લાગશે તો ખરુને! પણ તારે મનમાં નહી લાવવું જોઇએ. હું તારી પાસે જ છું એમ તારે માનવું.

ઉપવિત સંસ્કારનું મહત્વ અત્યારે દેશ-કાલાનુસાર ઘટયુ છે છતાં એ મહાન સંસ્કાર છે. વિદ્યાર્થી પવિત્ર અને કુશળ આચાર્યની પાસે ઓછામાં ઓછા ૨૫ વર્ષની ઉમ્મર સુધી બ્રહ્મચર્યનું પાલન કરતો; સદાચારનું શિક્ષણ મેળવતો અને તે શિક્ષણને સાધ્ય કરવા જે જે સુટેવોની જરુર હોય તે પાડતો. એટલે હવે તારે શ્રેષ્ઠ માણસ બનવા માટે પ્રયત્ન કરવો પડશે. તારે માથે શી શી ફરજો આવવાની છે અને અત્યારે શી છે તે તારે સમજી લેવાની અને તેને અદા કરવા માટે શાન્તા તથા વિનુથી માંડીને બધા વડીલોની આજ્ઞા સમજીને તેનુ પાલન કરતાં શીખવું જોઇએ.

બરોબરીઆ સાથે પ્રેમથી વર્તવુ અને મોઢા-માંથી અસભ્ય (ગાળ વગેરે) કદાપી ન બોલવા જોઇએ. ખૂબ ખંતપૂર્વક સમજીને અભ્યાસ કરવો અને તેમાં જે કંઈ નવુ નવુ જાણવાનુ મળે તેનો કેવી રીતે જીવનમાં ઉપયોગ કરવો તે વિચારતા રહેવું. દિવસમાં નવરાશ એક ઘડીની ન મેળવવી. વખતનો ઉપયોગ ન કરનાર જીવનમાં કંઇ મેળવી શકતો નથી. આખો દિવસ કંઇને કંઇ પણ ઉપયોગી કાર્યમાં મચ્યા રહેવાની ટેવ પાડવી જોઇએ.

જેટલા મહાપુરૂષો આ દુનિયામાં થયા છે તે બધાએ વખતનો સદુપયોગ કરીને જ એ શ્રેષ્ઠત્વને પામ્યા છે.

ચા, બીડી, પાન, સોપારી જેવા વ્યસનો તો આપણા કુટુમ્બમાં છે જ નહી એટલે તેમાંથી તો તૂ મુક્ત જ રહીશ. ખાવાની બાબતમાં તૂં જીભ ઉપર ખુબ કાબુ રાખજે. જમતી વખતે પેટ તતડે એટલું કદાપી ના ખાવું.

બજારૂ ફળ સિવાયની બીજી વસ્તુ ખાવાની હોય તે ખાવાનો વિચાર કદાપી ન કરવો કારણ કે શરીર પૈસા અને મન ત્રણે બગડે છે. શરીર મજબુત બનાવવું જોઇએ. મજબુત શરીર હોય તોજ આપણે ધારેલું કામ કરી શકીએ.

વધુ તને શું લખું? જે કંઇ સારી ટેવો હોય તે તારે અત્યારથી જ પાડવી. આ સમયે જો સારી ટેવો નહી પડે તો મોટપણે પડવાની નથી. સારી ટેવોજ માણસ બનવામાં મદદરૂપ થાય છે. આ મારો પત્ર તૂં બરોબર વાંચજે અને સમજવા પ્રયત્ન કરજે.

પ્રભુ તારો કાયમ માર્ગદર્શક બનો.

જોજ લી.

રવીશંકર શી. વ્યાસના

શુભાશીષ

પેલી વાદળી

ઓ પેલી વાદળી આવીને જાય;
આવીને જાય આવીને જાય.
ધીમી ચાલે છે! ના દોડતી જાય;
દોડતી જાય દોડતી જાય
દરિયાની એ દિકરી આંખ સમાન;
આંખ સમાન આંખ સમાન.
ચમકે જો વિજળી ઝણકારા થાય;
ઝણકારા થાય ઝણકારા થાય.
આંખો મીચું હું ત્યાં ઉડી શું જાય;
ઉડી શું જાય ઉડી શું જાય.
બને હાથી ઘોડા વાદળી કેવી દેખાય;
કેવી દેખાય કેવી દેખાય.
અમે ટોળે મળ્યાં વાદળી અમને રમાડ;
અમને રમાડ અમને સમાડે.

—મુળદેવ પંડ્યા

એકદમ વેળાસર

આજ કેટલા દિવસથી શેઠજી વાટ જોતા હતા; તે આજે ગવર્નરની પાર્ટીનું આમંત્રણ આવ્યું. શેઠજીએ તુરત મુનીમને બોલાવ્યા.

'આમ જુવો, આવતી કાલે બરાબર ૭ વાગે મારે ગવર્નરને બંગલે જવું છે. એક મિનિટ પણ મોડું ન થવું જોઇએ. સમજ્યા કે? તેથી મોટર ડ્રાઇવરને હુમણાંથી જ કહી દો કે મોટર એકદમ વેળાસર લઇ આવે. કયારે આવવાનું કહેશો? ચાર વાગે જ આવાનું કહો એટલે હું નીકળીશ બરાબર પાંચ વાગે. ત્યાં સાડાં પાંચે પહોંચવું એજ ઠીક; નકામું મોડું ન થવું જોઇએ. ગવર્નરની પાર્ટી છે. શું ભભકો છે? છમાં પાંચ ઓછી હશે ત્યાં સુધી દરવાજામાં મોટરમાંજ હું બેઠી થઇશ. તેજ ઠીક છે.

મુનીમ 'જી સાહેબ', કહી નમસ્કાર કરી નીચે ગયા. તાબડતોબ નોકરને બુમ મારી કેટલી મોટી જવાબદારી તેના પર આવી હતી! ગવર્નરની પાર્ટી! શું નકામો ભભકો છે! સિપાઈ, આમ જો; ભૂલ્યા વગર એકદમ આ કામ થવું જોઇએ; સમજ્યો કે? શેઠજીને ગવર્નરની પાર્ટીમાં આવતી કાલે જવું છે. બરાબર સમયસર ત્યાં પહોંચવું જોઇએ. તેથી હુમણાં ને હુમણાં પહેરાવાળાને મોટર ડ્રાઇવર પાસે જવા કહે; તેને કહે બરાબર ત્રણ.....નહીં; આમ જો; બરાબર બે વાગે મોટર જોઇએ છીએ, એક મિનિટ પણ મોડું ન થવું જોઇએ, જા, દોડ, નકામુ મોડું ન થાય,'

નોકર તરત જ પહેરાવાળાને કહેવા ગયો. 'અરે ગફારખાન, ચાલ જલદી જા, જોઉં. પેલા રામસિંગ ડ્રાઇવરને ઘેર જા ને તેને કહે કે આવતી કાલે એકદમ વેળાસર—એક નહિ—બરોબર બાર વાગે અહીં હાજર થાય. એક મિનિટ પણ મોડું નહિ ચાલે. સમજ્યો કે? ગવર્નરની પાર્ટી-પાર્ટીની સઘળી માહિતી એક વખત હિન્દુસ્તાનીમાં એક વખત ગુજરાતીમાં ને છેવટે પોતાના ઘાટ પરની મરાઠી ભાષામાં એકદમ સમજાવી દીધી.

ગફારખાનના લક્ષમાં સંદેશાનું મહત્વ એકદમ આવ્યું 'અચ્છા અભી જાતા હું' એમ કહી તેણે તરતજ કપડાં પહેરી લીધા.

નોકરને સંદેશો એણે બરાબર કહેયો. પણ પોતાની ગાંઠના બે કલાક પેલી તરફ ખેંચ્યા; બાર વાગે જવું છે તો દશ વાગે જ કેમ ન આવે? એમાં શું બગડવાનું છે? એણે ગવંડરની વાત બરાબર સમજાવીને કહી અને વળી એમ પણ કહ્યું કે 'મોડું થાય તો ગવંડર ફાંસી આપે છે. ખબર છે?

'અરે એમાં શું છે? મને કયારે ય થયું છે? મને શું સમજે છે? મેં મીલીટરીમાં નહિ તો પણ પોલિસમાં નોકરી કરી છે. મને બધી ખબર છે.'

રાતના જ બધી કપડાની તૈયારી કરી. રામસિંગ બરાબર આઠે જ શેઠજીને બંગલે આવ્યો. ને મોટર સાફસુફ કરીને સાડા આઠે જ પોર્ચમાં લઇ આવ્યો પોતે પણ જરા આરસામાં જોઇ મોં ઠીક ઠીક કરી લીધું.

દશ વાગ્યા સુધી તો રાહ જોવાની જ હતી. પણ અગિયાર થયા. બાર થયા. તોય શેઠજીનો પત્તોજ નહિ. છેવટે બે વાગ્યા સુધી રાહ જોઇ નોકરને પુછી એકદમ ચોકકસ કર્યું પરતું શેઠજી તો સુતા હતા. રામસિંગને થયું આજની પાર્ટી બંધ રહી હશે આવતી કાલને બદલે બુલથી આજની વરદી આપી હશે.

તેણે ગફારખાન પાસે જઇ પોતાની શંકા વિશે પૂછયું; આખરે બંનેએ નકકી કર્યું કે પાર્ટી બંધ રહી છે. રામસિંગ મોટર ગેરેજમાં મુકી ઘરે ચાલ્યો ગયો. દરમ્યાન ચાર વાગ્યા.

શેઠજીએ ઉપરથી મોટરનો અવાજ સાંભળ્યો હતો તેમને ડ્રાઇવર ચાર પહેલાં આવ્યો તે ગમ્યું.

બરોબર પાંચે શેઠજી સફેદ કડક અસ્ત્રીવાળો પેશાક પહેરી નીચે ઊતર્યા. જુએ છે તો પોર્ચમાં મોટર ન હતી. થોડી રાહ જોઇ ખાતરી કરી. મુનીમે નોકરને, નોકરે પહેરાવાળાને પૂછીને તુરત જવાબ આપ્યો ત્યારે ખબર પડી કે સોફર રામસિંગ સવારના આઠ વાગે સમયસર આવી, ચાર વાગે પાર્ટી બંધ રહી છે એમ સમજી ઘેર ગયો છે.

શેઠજીના મોઢાનું નૂર ઊડી ગયું. પણ ફરી બધાએ દોડાદોડ કરી રામસિંગને બોલાવી, પોણા ૭ વાગે શેઠજીને રવાના કર્યા. તેમની છાતી ધડકતી હતી. પરંતુ ગવર્નરને બંગલે પાંચ મિનિટ વહેલા જ પહોંચ્યા. કારણ તેમણે ઘડિયાળ દશ મિનિટ આગળ મૂકયું હતું.

બાળશિક્ષણ અને સંઘ સમાચાર

* **સંઘના નવા પ્રમુખ :** મુંબઇ રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી. મોરારજીભાઇ દેસાઇની, સંઘના પ્રમુખપદ માટે બોડીમાં મળેલા સંઘના પહેલા નિયંત્રણ મંડળના અધિવેશનમાં સર્વાનુમતે ચૂંટણી કરવા આવી છે. સંઘના કાર્યકર્તાઓની વિનતિને માન આપીને મુખ્ય પ્રધાને સંઘનું નેતૃત્વ સ્વીકાર્યું છે.

* **સંઘનું નવું વ્યવસ્થાપક મંડળ :** નવા બંધારણ પ્રમાણે થોજેલા સંઘના વ્યવસ્થાપક મંડળમાં જૂના વ્યવસ્થાપક મંડળના પાંચ સભાસદ, છ નવા પદાધિકારીઓ, શિક્ષણ સમિતિના પ્રમુખ તથા મંત્રી અને અન્ય આઠ સભાસદ મળીને ૨૧ સભાસદ રહેશે. તેમનાં નામો આ પ્રમાણે છે:– **જૂના સભાસદો :** શ્રી. તારાબેન પ્રેમચંદ, શ્રી. બાબીબેન મૂળજી દયાળ, શ્રી. પ્રભુભાઇ ઉપાધ્યાય, શ્રી. જમુભાઇ દાણી અને શ્રી. કમળાશંકર પંડિત, **પદાધિકારીઓ** (૧) પ્રમુખ : શ્રી. મોરારજીભાઇ દેસાઇ ઉપાધ્યક્ષ : આચાર્ય શ્રી. શં. રા. ભીસે; (૩) કાર્યાધ્યક્ષ : શ્રી. સરલાદેવી સારાભાઇ (૪) કોષાધ્યક્ષ : શ્રી. વા. રા. પટવર્ધન– (૫) મુખ્ય મંત્રી : શ્રી. શે. ના. નામલે (૬) ઉપમંત્રી: શ્રી. યશવતીબેન ભટ્ટ. **નવા સભાસદો:** (૧) શ્રી. માલિનીતાઇ પરાંજપે, (૨) ડો. શ્રી નાનુભાઇ દેસાઇ (૩) શ્રી. અનુતાઇ વાધ (૪) શ્રી. ઇશ્વરલાલ આચાર્ય (૫) શ્રી. શાલિનીતાઇ મોઘે (૬) શ્રી. સરલાતાઇ દેવધર (૭) શ્રી નાનશા ઠાકોર (૮) શ્રી. શાંતિભાઇ રાવળ.

સંઘનું પહેલું નિયંત્રણ મંડળ : મુંબઇ પ્રાદેશિકના પ્રતિનિધિ : (૧) શ્રી. મોરારજીભાઇ દેસાઇ (૨) શ્રી. સરોજબેન પોંધે. (૩) શ્રી. વા. રા. પટવર્ધન (૪) શ્રી. મનુતાઇ આગટે (૫) શ્રી. કપિલાબેન મહેતા (૬) શ્રી. સરલાતાઇ દેવધર (૭) શ્રી. દેશપાંડે (૮) શ્રી. ચૈતનબેન પરીખ (૯) શ્રી. નિર્મળાબેન હંસરાજ (૧૦) શ્રી. મૃદુલાબેન શેઠ (૧૧) શ્રી. લક્ષ્મીબેન નાણાવટી (૧૩) શ્રી. શે. ના. નામલે. **અમદાવાદ પ્રાદેશિક પ્રતિનિધિ:** ડો. નાનુભાઇ દેસાઇ (૨) ડો. ગણપતરાય ગો. પટેલ. (૩) શ્રી. ઇંદિરાબેન જસુભાઇ લાલભાઇ (૪) શ્રી યશવતીબેન ભટ્ટ, (૫) શ્રી. રંજનબેન દલાલ, (૬) શ્રી. હરપ્રસાદ ભટ્ટ, (૭) શ્રી. નાનશા ઠાકોર. (૮) શ્રી. કૂલશંકર ભગત, (૯) શ્રી. રેવાશંકર કામેશ્વર મહેતા, (૧૦) શ્રી. મહીપતભાઇ પટેલ. **થાણા જીલ્લા પ્રાદેશિક પ્રતિનિધિ** (૧) આચાર્ય શ્રી. શં. રા. ભીસે, (૨) શ્રી. અનુતાઇ વાધ (૩) શ્રી. મદનરાવ રાઉત (૪) શ્રી. જયંતભાઇ શુકલ, (૫) શ્રી. પદ્માવતી પિંપળખરે, (૭) શ્રી. સુંદરરાવ કાસળકર. **મહેસાણા જિલ્લા પ્રાદેશિક પ્રતિનિધિ :** (૧) શ્રી. શાંતિભાઇ રાવળ, (૨) શ્રી. ઇશ્વરલાલ માધવલાલ આચાર્ય (૩) શ્રી. સીતારામ મોહનલાલ આચાર્ય (૪) શ્રી. પૂનમચંદ કુલચંદ શાહ, (૫) શ્રી. ગોવિંદપ્રસાદ લક્ષ્મીરામ યાજ્ઞિક, (૬) શ્રી. શાંતિલાલ કેશવલાલ.

પુના નગર પ્રાદેશિક (૧) શ્રી માલિનીતાઇ પરાંજપે, (૨) શ્રી મનોરમાતાઇ ગોખલે (૩) શ્રી. બકુલાબાઇ અભયંકર (૪) શ્રી. તારાબાઇ પરાંજપે (૫) શ્રી. સિંધુ આઠે **ઇંદોર નગર પ્રાદેશિક** (૧) શ્રી. શ્યામ સુંદર ઝંવર, (૨) શ્રી. મે. વા. મોઘે (૩) શ્રી. ભગીરથ શર્મા (૪) શ્રી શાલિનીબાઇ મોઘે. **વડોદરા નગર પ્રાદેશિક:–** (૧) શ્રી. પ્રભુદાસભાઇ પટેલ. (૨) શ્રી. કમળાશંકર પંડિત (૩) શ્રી. રામપ્રસાદ સે. પંડ્યા (૪) શ્રી. વસુમતીબેન જ. મહેતા. **નાગપુર નગર પ્રાદેશિક:–** (૧) શ્રી વિમલાબાઇ દેશપાંડે (૨) શ્રી સિ. ન. તામ્હન (૩) શ્રી. સુશીલાબાઇ વૈદ્ય, (૪) શ્રી. શાંતાબાઇ ક્ષીરસાગર.

કાયમી સભાસદના પ્રતિનિધિ (૧) શ્રી. સરલાબેન સારાભાઇ (૨) શ્રી. જયશ્રીબેન રાયજી (૩) શ્રી. મંગળાબાઈ કરંદીકર **સ્વીકૃત સભાસદ :** (૧) શ્રી. હરજીવનભાઇ દીક્ષિત (૨) શ્રી.

કુસુમબેન શાહ (૩) શ્રી. કાંતિલાલ કારિયા (૪) શ્રી પૂર્ણિમાબેન પકવાસા (૫) શ્રી, ચંદુભાઇ ઝવેરી.

આ રીતે સંઘના પહેલા નિયંત્રણે મંડળમાં કુલ ૬૯ સભાસદ જુદા જુદા વિભાગમાંથી ચુંટાઇને આવ્યા છે. કચ્છ, સૌરાષ્ટ્ર, ખેડા જિલ્લા, દક્ષિણ સતારા, કોલ્હાપૂર, સોલાપૂર, મદ્રાસ જોધપૂર, એમાંથી કોઇ ઠેકાણે પ્રદેશિક શાખા સ્થાપિત થઇ છે કોઇ ઠેકાણે એની તૈયારી ચાલે છે પરંતુ હજી સુધી ત્યાંના પ્રતિનિધિઓના નામો કેન્દ્રિય કાર્યાલયને મળ્યાં નથી.

☆ **સંઘની શિક્ષણ સમિતિ:** આ સમિતિમાં નિયંત્રણ મંડળમાં ચુંટાઇને આવેલા પ્રતિનિધિઓમાંથી પચ્ચીસ ટકા બાલશિક્ષક, અધ્યાપનમંદિરના મુખ્યાધ્યાપકો અને બાલશિક્ષણ તજ્ઞ લેવામાં આવે છે તે પ્રમાણે આ સમિતિમાં નીચે પ્રમાણેના સભાસદો ચૂંટવામાં આવ્યા છે. **શિક્ષક સભાસદ** (૧) શ્રી જમુભાઇ દાણી (૨) શ્રી પ્રભુભાઇ ઉપાધ્યાય (... (૩) શ્રી. મૃદુલા બેન શેઠ (૪) શ્રી મનોરમાબેન ગોખલે (૫) શ્રી. તારાબેન પરાંજપે (૬) શ્રી. કમળાશંકર પંડિત (૭) શ્રી. શાલિનીબાઇ મોંઘે, (૮) શ્રી. ઇશ્વરલાલ આચાર્ય (૯) શ્રી. રંજનબેન દલાલ (૧૦) શ્રી શાંતિભાઇ રાવળ (૧૧) શ્રી. અનુતાઇ વાઘ (૧૨) શ્રી. મદનરાવ રાઉત. **અધ્યાપન મંદિરના અધ્યાપકો:** (૧) શ્રી. તારાબેન મોડક, (૨) શ્રી શે. ના. નામલે (૩) શ્રી કમલિનીબાઇ દામલે (૪) શ્રી. નરેન્દ્રભાઇ બધેકા, (૫) શ્રી. સુશીલાબેન કુસુમગર **સ્વીકૃત સભાસદ:** (૧) હરપ્રસાદ ભટ્ટ (૨) શ્રી. એસ. આર. ભટ્ટ (૩) શ્રી ભાસ્કરરાવ કર્વે (૪) શ્રી ચન્દ્રવદન શાહ (૫) શ્રી સ. આ કેળકર. (૬) શ્રી પ્રુલશંકર ભગત. આ પ્રમાણે ૨૩ સભાસદની આ સમિતિ બનાવવામાં આવી છે.

સંઘના માનનીય સભાસદ:

(૧) શ્રી. નાનાભાઇ ભટ્ટ તથા શ્રી સરલાદેવી સારાભાઇ (૩) શ્રી તારાબેન મોડક બાલશિક્ષણમાં આપેલી અસાધારણ સેવા માટે તેમને સંઘના માનનીય સભાસદપદ અર્પણ કરવામાં આવ્યું હતું.

બાળશિક્ષણ અને સંઘ સમાચાર

* **એક આના ફાળો:** ગયા મહીનાની પત્રિકામાં શરતચુકથી અમદાવાદ નગર પ્રાદેશીક શાખાનો રૂા ૧૮૧–૪–૦ તથા નાગપુર શાખાના રૂા ૫–૦–૦ એક આના ફાળાના હીસાબ માંપવાનો રહી ગયો હતો તો એની નોંધ લેશો

(સંપાદકીય–ટાઇટલ પેજ ૨ થી ચાલુ)

મંદિરના મુખ્યાધ્યાપકો અને બાલશિક્ષણ તજ્ઞ મંડળી એમાં રહેશે. આ સમિતિની બેઠક આ અધિવેશનમાં થઇ શકી નહિ. પરંતુ આ સમિતિએ મુંબઇ રાજ્યે સ્થાપન કરેલા પૂર્વ–પ્રાથમિક શિક્ષક પ્રમાણપત્ર પરીક્ષા બોર્ડની ધરતી પર સંઘનું એક અખીલ ભારતીય બોર્ડ નીમીને તેને જુદા જુદા રાજ્યની માન્યતા મળે એ માટે પ્રયત્ન કરવા માટે એક ઉપસમિતિની યોજના કરવામાં આવી છે.

ચોથી મહત્વની બાબત એટલે સંઘના પ્રમુખપદે મુંબઇ રાજ્યના મુખ્ય મંત્રી શ્રી. મોરારજીભાઇ દેસાઇ; ઉપપ્રમુખપદે શ્રી. આચાર્ય ભીસે; કોષાધ્યક્ષ તરીકે શ્રી. વા. રા. પટવર્ધન, મંત્રીપદે શ્રી. શેષ નામલે અને શ્રી યશવતીબેન ભટ્ટ, આ નવી વ્યકતીઓ સંઘના પદાધિકારીઓ તરીકે આવેલ છે. સંઘના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી સરલાદેવી સારાભાઇ કાર્યાધ્યક્ષના પદે રહીને સંઘને માર્ગદર્શન કરશે તે જ પ્રમાણે શ્રી તારાબેન મોડક અને શ્રી. નાનાભાઇ ભટ્ટ સંઘના માનનીય સભાસદ બન્યા છે. આ બધી ઘટનાથી સંઘની સંઘટનામાં ફકત નવીન બળ જ નિર્માણ થયું છે એવું નથી પરંતુ તેને જુની, અનુભવી વ્યકતીઓના માર્ગદર્શનનો લાભ પણ મળ્યો છે આ રીતે સંઘકાર્યની દૃષ્ટિથી સંઘના પહેલા નિયંત્રણ મંડળે સંઘના કાર્યની જે રીતે શરૂઆત કરી છે, તે સંઘના નવા કાર્ય માટે કોઇને પણ આશા ઉત્પન્ન કરનારી છે. સંઘના નવા કાર્યકર્તાઓને અમે ખાસ અભિનંદન આપીએ છીએ. શે. ના. નામલે

બાલ ગીતો

રેલ ગાડી

ચાલી જાય, ચાલી જાય
રેલ ગાડી ચાલી જાય...
દોડી જાય, દોડી જાય
પૂર ઝપાટે દોડી જાય....

આગળ એંજિન ભખ ભખ
છુક છુક કરતું ચાલ્યું જાય;
ડબ્બા એની પાછળ પાછળ
ખટ ખટ કરતા ચાલી જાય—
આડી અવળી વાંકી ચૂંકી,
સીધી એ તો ચાલી જાય;
ડુંગર જંગલ ઝાડી વીંધી
પૂલ એળંગી આગળ જાય....
સ્ટેશન આવે ઊભી રહેતી
પાણી લેવા કાજ;
મુસાફરોને લે તી—મૂકતી
સર સર દોડી જાય.....

માધવલાલ દ્વિવેદી

નાનાં બાળકો માટે

આ છે કૂતરો
જરાયે ના બીતો
ભોં ભોં ભસતો
ઘર સંભાળતો.

આ છે મીની માશી
મ્યાઉં મ્યાઉં કરતી;
ઉંદર દેખાતો તો
ટપ.... એ કરતી.

આ છે ઘોડો
ગાડીને જોડો;
કુદકા મારતો
લડાઈમાં જતો.

આ છે ઊંદર મામા
દરમાં રહેતા;
રાત પડતા
ઘરમાં બધે ફરતા.

આ છે પોપટ
મીઠું મીઠું બોલતા
સવાર પડતાં
રામ રામ બોલતા.

આ છે વાઘ મામા
જંગલમાં ફરતો;
જોરથી ઘૂરકતા
દેખાય તેને ખાતા.

આ અમારી ગાયમાતા
કોઠા માં રહેતી
સવાર પડતાં
મીઠું દૂધ દેતી.
આ છે કૂકડાભાઇ
રોફમાં ફરતા
સવાર પડતાં
કૂક ક...ડે કૂક કરતા.

આ છે હાથી ભાઈ
જંગલમાં રહેતા
ડોલતા ડોલતા ચાલે
સૂંઢથી પાણી પીતા.
આ છે ગધેડો
માટીમાં આળોટતો
હોંચી હોંચી કરતો
ને બબ ભાર વહેતો.

ચા. દેવધર.

રાજા બિંબીસારનો યજ્ઞ

બરા બપોરા સમય હતો. એક ભરવાડ ઘેટાં બકરાનું એક મોટું ટોળું લઈ ઉતાવળમાં શહેર તરફ એને હાંકીને જતો હતો. એ બકરાં ઘેટાંના શરીર ઉપર સિંદુરના થાપા હતા.

સિધ્ધાર્થ રાજ્ય છોડીને, યશોધરા અને રાહુલને છોડીને, અહીં તહીં ભટકતો હતો. એણે આ ભરવાડને જોયો. 'અરે ભાઇ! સાંજે ઠંડા પહોરે ઘરે લઇ જવાનું છોડીને આવે બરે તડકે તેમને કયાં લઇ જાય છે? અને એમને દોડાવે છે કેમ? આટલી ઉતાવળ શી છે?'

"તને બબર નથી? રાજા બિંબીસાર બૂબ મોટો યજ્ઞ કરે છે. આજે છેલ્લો દિવસ છે. આ બધાં ઘેટાં બકરાંનું બલિદાન આપવાનું છે એટલે જ આજે આટલી ઉતાવળ કરું છું."

આમ કહીને એણે ઘેટાં બકરાંને સાદ દઇને બબ દોડાવ્યાં. સિધ્ધાર્થને આ જોઇ, સાંભળી બબ દુ:ખ થયું. શું કરવું તે સૂઝયું નહિ. આ તે કેવો ધર્મ? આટલાં બધાં જીવનું બલિદાન આપવાનું? અરે! આ ભોળાં પ્રાણીઓને શી બબર કે એને આજે મારવા માટે આટલું દોડાવે છે?

એમાં એક લવારું બિચારું લંગડું હતું. એનાથી જલદી જલદી દોડાતું નહોતું. તેને વાર-વાર લાકડી મારીને ભરવાડ જલદીથી ચલાવતો હતો. સિધ્ધાર્થથી

આ ન જોવાયું. એણે એ લવારાને બળે લીધું અને ભરવાડની સાથે તે ચાલવા લાગ્યો.

મોટું એવું શહેર હતું. મહારાજા બિંબીસારનો મોટો એવો રાજમહેલ હતો. રાજમહેલની સામેજ એક મોટા મંડપમાં યજ્ઞ ચાલતો હતો. ગામે ગામથી બ્રાહ્મણો આવ્યા હતા. મોટેથી મંત્રોચ્ચાર ચાલતા હતા. યજ્ઞકુંડમાંથી અગ્નિની જવાળા ઊંચે ઊંચે જઈ રહી હતી.

છેવટની આહૂતિનો સમય આવ્યો. રાજા આહૂતિ આપવા માટે ઊભા થયા. એટલામાં જ ઘેટાં બકરાં સાથે ભરવાડ ત્યાં જઈ પહોંચ્યો. પાસે જ ઘેટાંને કાપવાનો સ્તંભ, લોહીથી તરબોળ હતો. પાસે જ હાથમાં ચકચકતો છરો લઈને માથાં વાઢનાર ઊભો હતો. એ દરેક ઘેટાને ફૂલનો હાર ચઢાવતો અને કપાળમાં તિલક કરતો

પહેલો બકરો સ્તંભ પાસે આવ્યો. માણસે છરો ઊંચકયો. એક ક્ષણમાં જ એ બકરાનું ડોકું શરીરથી છુટું પડયું હોત, પણ એટલામાં જ પાછળથી એક મોટો અવાજ આવ્યો: 'થોભો! થોભો! બકરાને મારશો નહિ. યજ્ઞમા આવી આહુતિ આપશો નહિ.' સાંભળતાં જ મારાના હાથમાંથી છરો પડી ગયો. સભા સ્તબ્ધ થઈ ગઇ. રાજા અને બ્રાહ્મણ જોઈજ રહ્યા.

સાધુવેશમાંનો સિધ્ધાર્થ આગળ આવ્યો. લોકો અંદર અંદર બોલવા લાગ્યા: 'આ કોણ? આ સાધુ અહીં કયાથી? આંધ ઉપર આ લવારું શા માટે રાખ્યું છે?'

સિદ્ધાર્થ રાજા પાસે આવ્યો ને બોલ્યો, "અરે રાજા બિંબિસાર, આ તને શું સુઝે છે? આ ગરીબ ઘેટાં બકરાંને શા માટે મારે છે? આવું લોહી રેડીને તને શું પુણ્ય મળવાનું છે? આવું લોહી પીનાર તારા દેવ દેવી પણ કેવાં?" રાજા બોલ્યો, 'મહારાજ, શું દેવીને બલિ–આહતિ આપવી ન જોઈએ?'

સિદ્ધાર્થ: "દેવોને બલિ? શા માટે? આપણને થોડુંક જ વાગે છે તોય કેટલું દુઃખ થાય છે! આપણો જીવ આપણને વહાલો હોય છે તો શું આ મૂંગા જના-

વરોને નહિ હોય ! રાજા ! કોઇને મારી નાખવાથી દેવ કોઇ દિવસ પ્રસન્ન થાય ! આ મૂંગા પ્રાણીને જવા દે. બસ બંધ કર આ યજ્ઞ, અને રજા આપ આ બ્રાહ્મણોને. ધર્મનો સાચો માર્ગ આમ હિંસા કરવાથી ન મળે.'

રાજાએ સિદ્ધાર્થના ચરણમાં માથું મૂકયું. તેમનો હાથ પકડીને તેમને પોતાના સિંહાસન ઉપર બેસાડયાં. યજ્ઞ બંધ થયો. ઘેટાં બકરાંને છોડી દીધાં. તે દિવસથી રાજા બિંબીસારના રાજ્યમાં યજ્ઞ બંધ થયો. પછી રાજાએ સિધ્ધાર્થને ત્યાં જ રહેવાનો આગ્રહ કર્યો. પરંતુ સિધ્ધાર્થ તપ કરવા માટે ત્યાંથી ચાલી નીકળ્યો.

હેડ ઓફીસ મુંબઇ, ૫૪ શાખાઓ અને ૧૦ સેફ ડીપોઝીટ વોલ્ટ.

૦ અમારા સ્પેશ્યલ સેવિંગ્સ ડીપોઝીટ ખાતામાં ૨-૧/૪ % લેખે વ્યાજ આપવામા આવે છે. અને રૂા. ૧૦૦૦થી ખાતું ખોલાય છે.

૦ અમારી ૬ વર્ષ અને ૩ વર્ષની ફેકસ સરટીફીકેટ્સ લગભગ ૩-૧/૨ % અને ૨-૩/૪ % વ્યાજ આપે છે.

૦ અમારા સેવિંગ્સ બેંક ખાતાઓમાં ૧-૧/૨ % લેખે વ્યાજ આપવામાં આવે છે અને રૂા. ૨૦ થી ખાતું ખોલાય છે

નાણાની બચત કરવામાં દેનાબેંક તમને મદદ કરશે

ગિજુભાઇની
લખેલી
રં ગ બે રં ગી
બા
ળ
*
સ
સ
હી
આજે જ મંગાવો
એક રૂપિયો
પ્રાપ્તિસ્થાન :
શિક્ષણ પત્રિકા કાર્યાલય,
શાંતારામ નારાયણ લેન.
વાલકેશ્વર મુંબઇ ૬.

અનુક્રમણિકા

૧. આધુનિક પ્રશ્ન ... તારાબેન મોડક
૨. ડૉ. મોન્ટેસોરી અને ડેન્ટલ યોજના: કમલિનીબેન દામલે.
૩. અહિ ધ્યાન આપશો કે ? સ. આ. કેળકર
૪. બાળકોને સંબોધવા કઇ રીતે ?... બાબુભાઇ શાહ
૫. શું તમારી પદ્ધતિમાં પણ બાળકોને શીખવવાનું હોય છે... સુશીલા જોષી
૬. નિયંત્રણ મંડળના અધિવેશનમાં પસાર થયેલાં કેટલાંક ઠરાવો.....
૭. પૂ. શ્રી. ૨. મહારાજનો બાળકોને સંદેશ..... પ્રે. મૂળદેવ પંડયા
૮. ચેલી વાદળી..... મૂળદેવ પંડયા
૯. એકદમ વેળાસર.....
૧૦ બાળ શિક્ષણ અને સંઘ સમાચાર.....

બાળ વિભાગ

૧. રેલગાડી..... માધવલાલ દ્વિવેદી
૨. નાનાં બાળકો માટે..... સ. દેવધર
૩. રાજા બિંબીસારનો યજ્ઞ .....

Regd. No. 2241.

શિક્ષણ–પત્રિકા અંગે—

'શિક્ષણ–પત્રિકા'નો આગામી અંક ઘણા ફેરફારો સાથે રજુ કરવાનો અમારો વિચાર છે.

સંઘ સમાચાર તેમજ બોર્ડીમાં મળેલા નિયંત્રણ મંડળના પ્રથમ અધિવેશનમાં પસાર કરાયેલાં કેટલાંક મહત્ત્વના ઠરાવો, જે પ્રસ્તુત અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવેલ છે તે પરથી અમારા સભ્ય તેમજ ગ્રાહક બંધુઓ વિશેષ માહીતિ મેળવી શકશે

અમોને આશા છે કે શિક્ષણ–પત્રિકાને નવું સ્વરૂપ આપવામાં લેખક ભાઇ–બહેનો તેમજ અન્ય કાર્યકર્તાઓ પોતપોતાનો સહકાર અમોને, પહેલાંની જેમજ, ધીરતાં રહેશે.

—સંપાદક.

ગુજરાતી શિક્ષણ–પત્રિકા

સર્વ લેખક, કવિઓને આ માસિકમાં લેખો–કાવ્યો મોકલવાનું આમંત્રણ છે.

લેખો–સારા અક્ષરે લખો

લેખો માટે:

શ્રી. શેષ નામલે

હિન્દુ કોલની, દાદર, મુંબઇ ૧૪.

× × ×

લવાજમ–વ્યવસ્થા માટે

શ્રીમતી બાબીબેન મૂળજી

શાંતારામ નારાયણ લેન,

વાલકેશ્વર, મુંબઈ ૬

આગ—અકસ્માત—જિંદગી

મોટર: હાવેયાઇ વર્કમેન્સ–કોમ્પેન્સેશન

સર્વ પ્રકારનું વીમાકામ

સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને

સંતોષકારક મહેનતાણું:

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મંગાવો.

ધી ઇન્ડોએન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—

૩૧૫–૩૨૧ પ્રોસ્પેકટ ચેમ્બર્સ, હોર્નબી રોડ

મુંબઇ

હિન્દનો અગ્રગણ્ય સ્વદેશી સ્ટોર્સ

×—○—×

તમારી જરૂરિયાતો ખરીદવાનું એક માત્ર ભરોસાપાત્ર સ્થળ

: આજે જ પધારો :

ધી બોમ્બે સ્વદેશી કો–ઓપરેટિવ સ્ટોર્સ કં. લિ.

સર ફિરોઝશાહ મહેતા રોડ

કોટ, મુંબઇ ૧

ફોન: ૨૦૪૫૩

: શાખા :

મહાત્મા ગાંધી રોડ, પૂના

જેમ્સ સ્ટ્રીટ, સિકંદરાબાદ

મુદ્રક અને પ્રકાશક : શ્રી બાબીબેન મૂલજી દયાળ, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ–૬

મુદ્રણ–સ્થળ : પ્રતિમા પ્રિન્ટરી, ગામદેવી, મુંબઇ–૭.

શ્રી નૂતન બાલ શિક્ષણ સંઘ
સંચાલિત

શિક્ષણ-પત્રિકા

વર્ષ : ૨૮ અંક : ૫ મો
મે, ૧૯૫૩

સંસ્થાપક :
સ્વ. ગિજુભાઇ બધેકા

તંત્રી :
તારાબેન મોડક

સંપાદક મંડળ :
જમુભાઇ દાણી
પૂનમચંદ્ર શાહ
નરેન્દ્ર બધેકા
હેમલતા માળવી
મંજરી રાયજી

બાળ શિક્ષણ

મોટા બાળકનું શિક્ષણ ઉપયોગી છે ને તેની પાછળ મોટો ખર્ચ કરવો જોઇએ એ માન્યતા બરાબર નથી. વિચારકો તો એમ કહે છે કે બાળકના શરૂઆતના વર્ષમાંજ ખરી કેળવણીનો પાયો નંખાય છે. એ પછી જે શિક્ષણ મળે છે તે તો ચણતર જેવું છે. જે પાયો કાચો હોય તો ઇમારત તૂટી જ પડવાની.

—શ્રી નાનાભાઇ ભટ્ટ

વાર્ષિક લવાજમ :
રૂા. ૪-૦-૦ : :
કાર્યાલય :
૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઇ. ૧૪. : :
છૂટક નકલ
૬ આના

અનુક્રમણિકા :

		લેખક
૧	બાલમંદિરમાં સમૂહ શિક્ષણ	....ના
૨	પ્રાથમિક શિક્ષકો એટલું નહિ કરી શકે ?	સ. આ. કેળકર
૩	દિનુની નિર્દયતા	....નામલે.
૪	ગામડામાં શિક્ષણ	તારાબેન મોડક
૫	બાળકનું ગણિત શિક્ષણ	....શેષ નામલે.

૬ **બાળ વિભાગ**

૧	આપણા દેશની પહેલી અગનગાડી	....સ. દેવધર
૨	આંબોરે આંબો	નટવરલાલ શુકલ
૩	ગાંધીજીની બકરી	મુળદેવ પંડ્યા
૪	વિનોબાનું ભૂદાન યજ્ઞ	....શેષ નામલે
૫	ગોપીચંદ	મોંઘીબેન બધેકા

૭ પ્રકીર્ણ

૮ બાલશિક્ષણ અને સંઘ સમાચાર.

૯ સંપાદકીય

આપણે આગળ વધીએ !

હેડ ઓફીસ મુંબઇ, ૫૪ શાખાઓ અને ૧૦ સેફ ડીપોઝીટ વોલ્ટ.

- **અમારા સ્પેશ્યલ સેવિંગ્સ ડીપોઝીટ ખાતામાં ૨-૧/૪ % લેખે વ્યાજ આપવામા આવે છે. અને રૂ. ૧૦૦૦થી ખાતું ખોલાય છે.**
- **અમારી ૬ વર્ષ અને ૩ વર્ષની કેસ સર્ટીફીકેટ લગભગ ૩-૧/૨ % અને ૨-૩/૪ % વ્યાજ આપે છે.**
- **અમારા સેવિંગ્સ બેંક ખાતાઓમાં ૧-૧/૨ % ટકા લેખે વ્યાજ આપવામાં આવે છે અને રૂ. ૨૦ થી ખાતું ખોલાય છે**

નાણાની બચત કરવામાં દેનાબેંક તમને મદદ કરશે

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો.

કે– "શિક્ષણ પત્રિકા" એ નૂતન બાલ શિક્ષણ સંઘનું મુખપત્ર છે. તેથી તેના ગ્રાહકો સંઘના સદસ્ય આપમેળે જ તેના બ ધારણની રૂએ બની જાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" એ બાળ જીવન ના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે– "શિક્ષણ પત્રિકા" હવેથી દરેક મહિનાની પહેલી તારીખે પ્રગટ થશે.

કે– "શિક્ષણ પત્રિકા" ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર 'પત્રિકા" ના રેપર પર લખેલો હોય છે. પત્રવ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરૂરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" ના ગ્રાહક કોઇ પણ માસથી થઇ શકાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" માં બાળ શિક્ષણ તેમ જ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામા આવી છે. તેથી તે બાબતના સમાચારો તા, ૧૫ મી સુધીમા કાર્યાલયને મોકલાવી આપવા જરૂરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" માં પ્રકાશન અર્થે આવતાં લખાણો સારાં અક્ષરો મા અને કાગળની એકજ બાજુએ લખાયેલા હોવાં જરૂરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" (ગુજરાતી અને હિંદી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સીરનામે કરવા વિનંતિ છે.

—શ્રી રમણીકલાલ તુરખિયા

વ્યવસ્થાપક " શિક્ષણ પત્રિકા "

૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૮ : અંક ૫] મુંબઇ [મે, ૧૯૫૩

બાલમંદિરમાં સમૂહ-શિક્ષણ

આપણે ત્યાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પદ્ધતિમાં પાઠોને ઘણું મહત્વનું સ્થાન આપવામાં આવ્યુ છે. પ્રાથમિક અને માધ્યમિક શાળાનાં શિક્ષકોનું શિક્ષણ અને તેમની પરીક્ષા 'પાઠ' વગર થઇ જ શકતી નથી. અહીં અપાતા પાઠનું સ્વરૂપ જોઇએ તો (૧) પાઠ માટે મર્યાદિત વિષય હોય છે. (૨) પાઠ આખા વર્ગને ઉદ્દેશીને અપાય છે (૩) પાઠમાં પાઠ્ય વિષયની માહિતી અને તેનું મહત્વ યોગ્ય સાધનો દ્વારા રજુ કરવાનો શિક્ષકનો પ્રયત્ન હોય છે (૪) રજુ કરેલો પાઠ વિદ્યાર્થિઓએ યથાર્થ રીતે ગ્રહણ કર્યો છે કે નહિ તે પણ શિક્ષકે જોવાનું હોય છે.

પ્રાથમિક અને માધ્યમિક શાળામાં કોઈ પણ પાઠ વ્યક્તિગત હોતો નથી; તેથી વ્યક્તિગત પાઠ અને સમૂહ પાઠ એવા શબ્દપ્રયોગની યોજના ત્યાં કરવામા આવતી નથી. પરંતુ બાલમંદિરની શિક્ષણ પધ્ધતિ મુખ્યત્વે વ્યક્તિગત હોવાથી ત્યાં અપાતા પાઠોમાં વ્યક્તિગત અને સમુહગત એવો ભેદ કરવામાં આવે છે. પરંતુ એ રીતે બાલમંદિરમા અપાતા પાઠ જેવું છે કે તેથી તે કંઇ જુદું છે તેની સ્પષ્ટતા થવી જોઇએ.

પૂર્વ પ્રાથમિક શિક્ષણ મુખ્યત્વે વ્યક્તિગત અને ક્રિયાત્મક પ્રવૃત્તિ દ્વારા યોજવામાં આવે છે; એ સ્થિતિમાં બાલમંદિરમાં સમુહમાં પાઠ આપી શકાય કે કેમ એવી કેટલાક શિક્ષકોના મનમાં શંકા હોય છે. સામુદાયિક રીતે ત્યાં શિક્ષક બાળકોને શીખવે તો તેમાં બાળકનું સ્વાતંત્ર્ય શી રીતે સચવાય? ત્યાં બાળકનુ સ્વયં શિક્ષણ કેવી રીતે થઇ શકે ? મોન્ટેસોરી પધ્ધતિમાં શરુઆતમાં સમુહ પાઠ જેમ બને તેમ ઓછા કરવાનું મેડમ મોન્ટેસોરીનું સૂચન હતું ' the collective lessons, in fact, are of very secondary importance and have been almost abolished by us (Montessori Method old edition page 108) તેથી મોન્ટેસોરી પધ્ધતિમા વ્યક્તિગત પાઠોના તંત્રને જેટલું મહત્વ આપવામા આવ્યું છે તેટલું મહત્વ સમુહ પાઠોને આપવામાં આવ્યું નથી તેથી બાલમંદિરના સમુહ પાઠોનું તંત્ર જેટલું વિકસવું જોઇએ તેટલું વિકસ્યું નથી.

આપણા દેશમાં છેલ્લે છેલ્લે મેડમ મોન્ટેસોરીના જે શિક્ષણક્રમો યોજાયા હતા તેમાં કરેલા ભાષણોમા સમુહ પાઠોના સ્વરુપ વિષે તેમણે પોતાનું દ્રષ્ટિબિંદુ રજુ કર્યું છે. 'વ્યક્તિગત કામ એ આપણી કેળવણીનો પાયો છે. એવું મેં વારંવાર કહ્યું છે; કારણ દરેક વ્યક્તિએ પોતે જ પોતાનો વિકાસ કરવાનો હોય છે એ મેં અનુભવ્યું છે, તેથી દરેકે પોતાની શક્તિ અને શક્યતાઓ મુજબ કામ કરવું એ જરૂરનુ છે. પરંતુ આજે એક સિધ્ધાન્ત છે તેને તમે કેળવણીમાં ન બદલી શકાય એવું સૂત્ર (dogma) અથવા અફર નિયમ કે જેને કોઇ અપવાદ ન હોઇ શકે એમ માનશો નહિ; કારણ વ્યક્તિઓ ખાસ કરીને જે વ્યક્તિઓએ થોડો ઘણો વિકાસ સાધ્યો છે તે સમુહમાં પણ કામ કરી શકે છે.' આગળ જઇને મેડમ મોન્ટેસોરી સૂચવે છે કે આપણી પ્રવૃત્તિમાં ત્રણ પ્રકારો સામાન્ય રીતે દેખાય છે. એક પ્રકાર એવો છે કે જે પૂર્ણ વ્યક્તિગત હોઇ બાળક પોતે વ્યક્તિશ: કાર્ય કરીને તેમા પોતાનો વિકાસ સાધી શકે છે. આ પ્રકારની પ્રવૃત્તિમાં ઇન્દ્રિય કેળવણીના સાધનો પરની પ્રવૃત્તિનો સમાવેશ કરી શકાય. બીજા પ્રકારની પ્રવૃત્તિ કે જે સહેજ અઘરી હોય છે અને જેમાં બીજાના સહકારની જરૂર હોય છે તેમા એકજ વ્યક્તિથી બધું થઇ શકતુ નથી. સમૂહ જોઇતો હોય છે, જેમકે આંગણુ સફાઇ, શાળા સફાઇ, બાગકામ, રમત ઇત્યાદિ અને ત્રીજા પ્રકારની પ્રવૃત્તિ એ સર્વ સામુદાયિક પ્રવૃત્તિ કે જેમાં પ્રવૃત્તિનું યશ સમુહની એકએક વ્યક્તિ પર અવલંબિત હોય છે. જેમકે શાતિની રમત. આ પ્રવૃતિમા એક પણ બાળક જો સહકાર ન આપે તો રમત થઇ જ શકતી નથી. સમુહના બધાંજ બાળકોના સહકારથી જ એ પ્રકારની પ્રવૃતિનો હેતુ સાધ્ય કરી શકાય છે. મોન્ટેસોરીના કહેવા પ્રમાણે જીવન વ્યવહારની ઘણી ખરી પ્રવૃતિ બીજા પ્રકારમાં ગણી શકાય

બાલમંદિરમાં સમુહ પાઠોનું સ્વરૂપ કેવું હોવું જોઇએ તે નિશ્ચિત કરવામાં મેડમ મોન્ટેસોરીના ઉપર જણાવેલા વિચારો ઉપયોગી થશે એમ હું માનું છું. એમના મૂળભૂત વિચારોના પ્રકાશમાં અને અત્યારે આપણા દેશમાં જે સમ-દ્રષ્ટિવાદી-વિચારોની વિશેષ જરૂર દેખાય છે તે ધ્યાનમાં લેતા બાલમંદિરના આ સમુહ પાઠોને વિશેષ મહત્વ પ્રાપ્ત થાય છે. વ્યક્તિના વિકાસને જે કંઇ પૂર્ણતા પ્રાપ્ત થાય છે તે તેના સમાજ જીવન જીવવાની રીતને લીધે હોય છે. એવી સામાજીક દ્રષ્ટિ બાળકને કે કોઈ પણ વ્યક્તિને માત્ર આત્મ સંતોષી પ્રવૃત્તિને લીધે પ્રાપ્ત થઇ શકશે નહિ. સમુહ પ્રવૃતિ દ્વારા જ વ્યક્તિની દ્રષ્ટિ સામાજીક બનવામાં વધુ સરળતા અને શકયતાં છે. બાલ મંદિરમાં માત્ર વ્યક્તિગત શિક્ષણ પર ભાર મૂકીને આપણે નવા માનવીનો પૂરો વિકાસ સાધી શકીશું નહિ એટલું જ નહિ પણ તેને ચાલુ યુગમાં જીવવા માટે અયોગ્ય માનવી બનાવશું; તેથી આપણા દેશના બાલ-મંદિરોમાં સમુહ પાઠનું તંત્ર વિકસાવવા આપણો સૌનો પ્રયત્ન આવશ્યક છે. બાલમંદિરનું શિક્ષણ માત્ર વ્યક્તિગત હોય છે એવો સમાજનો ખ્યાલ આપણે બની શકે તે પ્રકારે દૂર કરવો જોઇએ. બાલમંદિરનું વ્યક્તિગત શિક્ષણ એ વ્યક્તિના સામાજીક શિક્ષણને પોષતું બનવું જોઇએ તેમજ ત્યાનું સામાજીક શિક્ષણ પણ દરેક બાળકના વ્યક્તિતત્વને પોષતું બનાવવાની જરૂર છે.

હવે બીજી એક શંકા છે કે બાલમંદિરમાં સમૂહ પાઠોને જો વ્યક્તિગત શિક્ષણ જેટલું જ મહત્વ આપીએ તો બાલમંદિરમાં સ્વયં શિક્ષણ અને સ્વાતંત્ર્યનું વાતાવરણ રહી શકે ખરું? અહીં આપણે આપણી સ્વયંશિક્ષણની કલ્પના વધુ વ્યાપક કરવાની જરૂર દેખાય છે સ્વય શિક્ષણ માત્ર પોતા માટે અને પોતે કરેલી જ પ્રવૃતિમાં સ્વયંશિક્ષણ હોય છે અને સમુહ પ્રવૃતિમાં તે હોતું નથી એમ આપણે માનવું બરાબર નથી. દાખલા તરીકે કોઈ પણ રમત સૌના સહકારથી રમી શકાય છે અને તે એક સમુહ પ્રવૃતિ છે છતાં તેમાં દડાપેટી જેવું જ સ્વયં શિક્ષણ છે એ કોણ ના કહી શકશે? અથવા શાંતિની રમતમા સ્વયં શિક્ષણ નથી એવુ કોણ કહી શકશે? પ્રવૃતિ વ્યકિતગત હોય કે સામુહિક હોય તે દરેકમાં સ્વયં શિક્ષણની શકયતા રહેલી છે જ.

હવે સમુહ પ્રવૃતિમાં વ્યકિત સ્વાતંત્ર્ય જળવાય છે કે નહિ તે પણ આપણે વિચારીએ. કોઇ એક પ્રવૃતિ સામુહિક બની એટલે તેમા વ્યકિતના મત અથવા માન્યતાને બહુ અવકાશ રહેતો નથી વ્યકિતગત અનુકુલતા પ્રતિકૂલતાને પણ સ્થાન રહેતુ નથી. તેથી બાલમંદિરમાં સમુહ પ્રવૃતિ વિકસાવીએ તો તેથી બાળકોના વ્યકિતગત સ્વભાવ વિશે-ષોનું શું? બાળકનો રસ, તેનુ ગમવું ન ગમવું, તેનું શું સ્થાન? શુ સમુહ પ્રવૃતિનાં નામે અથવા સમુહ શિક્ષણના નામે આપણે તેની સ્વતંત્રતા મર્યાદિત કરવાની છે? તો પછી આજે પ્રાથમિક શાળાઓમાં જે વર્ગ પધ્ધતિ ચાલે છે તે ઢબે આપણા બાલમંદિરો ચલાવવાની આપણે હિમાયત કરીએ છીએ કે શું? સમુહ પ્રવૃતિ અને સ્વાતંત્ર્યનો સિધ્ધાંત સાચવવાની કંઇક શકયતા છે ખરી! મને લાગે છે, સમુહ પ્રવૃતિમાં જોડવા માટે આપણે બાળકની સમતિ મેળવી શકીએ તો સમુહ પ્રવૃતિ અને સ્વાતંત્ર્યમા જે વિરોધ આપણે જોયો તે શમી જશે. માત્ર આપણું સંમતિ લેવાનુ મંત્ર આપણે બની શકે તેટલું શુધ્ધ રાખવું જોઇએ; એમા શિક્ષકનો મતાગ્રહ શિક્ષકની અનુકૂલતા અથવા સગવડ આપણી શિસ્ત વિશેની કલ્પનાઓ આપણે બાળક પર ન લાદીએ તે ખુબ ખ તથી જોવુ જોઇએ બાળકના મન પર કોઇપણ પ્રકારની ફરજ પાડવા કરતાં એના બુધ્ધ તત્વને અથવા વિવેક શકિતને જગાડીને આપણે એની અનુમતિ અથવા સંમતિ મેળવીએ તો કોઇ પણ સમુહ પ્રવૃતિમા આપણે બાળકનું સ્વાતંત્ર્ય મર્યાદિત કરતા નથી. પણ એથી ઉલટું એનુ ક્ષેત્ર વધુ વિકસાવીએ છીએ દાખલા તરીકે આગણ સફાઇના કાર્યક્રમમા બાળક સ્વખુશીથી જોડાય અને આંગણ સફાઇનો સવનો હેતુ પાર ઉતારવામા સહભાગી બને તેમાં બાળકનુ સ્વાતંત્ર્ય હણાઇ જવાની કોઇ શકયતા નથી. શાંતિની રમત જેવી સર્વ સમુહ પ્રવૃતિમાં સર્વ બાળ-કોની સમતિ આપણે લેવાનો પ્રયત્ન કરવો પડશે.

એ રીતે બાલમંદિરમા સમુહ પ્રવૃત્તિને વ્યકિતગત પ્રવૃત્તિ જેટલું જ સ્થાન આપવામા કોઇ શાસ્ત્રનો અથવા સિધ્ધાંતનો વાંધો આવતો નથી, એટલું જ નહી પણ બાલમંદિરનાં મુળભુત સિધ્ધાંતોને આપણે વધુ વ્યાપક બનાવવાની દ્રષ્ટિએ આપણે આ સમુહ પ્રવૃત્તિના પાઠોનુ તંત્ર વિકસાવવાની જરૂર છે તે જોયું. હવે પછીના લેખોકમા બાલમંદિરમા યોજવા જેવા સમુહ પાઠો માટે કેટલો અવકાશ છે તે શોધીને પાઠોની યોજના રજુ કરીશ. ના.

—૦—

પ્રાથમિક શાળાના શિક્ષકો એટલું નહિ કરી શકે?

ખરી કેળવણી આપણને આપણા જીવન વ્યવહારમાંથી મળે છે. તેમાં આપણો કૌટુંબિક તથા સામાજીક જીવનનો સમાવેશ થાય છે. બાળક પહેલાં પોતાનું બાળપણ પોતાના કુટુંબમાં વ્યતિત કરે છે. તે સમયે સમાજનાં સંપર્કમાં એ ખુબ જ ઓછો આવે છે. આ કૌટુંબિક જીવનમાં બાળક પોતાને ઘડવાનું ઘણું બધું મહત્ત્વનું કામ કરતું હોય છે. તે જ્યારે પ્રાથમિક શાળામાં આવે છે, ત્યારે સમાજ જીવનની વધુ માહિતી મેળવી લેવાની તથા પોતાના ઘડતરમાં સામાજીક જીવનનો ઉપયોગ કરી લેવામાં તેના કામની શરૂઆત થયેલી હોય છે. પ્રાથમિક શાળામાં અભ્યાસકાળ દરમ્યાન એના આ ઘડતરના કાર્યમા માર્ગદર્શન મળવુ જોઇએ એ દૃષ્ટિથી તથા બાળકને સમજી લેવાની દૃષ્ટિથી બાળકના સામાજીક તથા કૌટુંબિક જીવનની જાણ કરી લેવી જોઇએ

પ્રાથમિક શાળાનું મુખ્ય કામ કેળવણીની શરૂઆત કરવી એવું મનાય છે. કેળવણી એટલે બાળકોને પોતાને ઘડવાનું કામ. આ કામમાં પ્રાથમિક શાળાના જીવનમા જે સ્વરૂપનું શિક્ષણ મળે છે તેનો ઉપયોગ થાય જ છે. કારણ જીવન વ્યવહારમાં આ ઔપચારિક બાબતના જ્ઞાનથી બાળકને મદદ થાય છે.

કેળવણીના કામમાં બુદ્ધિ, ક્રિયા તથા ભાવના આ ત્રણે બાબતનો સમન્વય થવો જોઇએ. પણ આજ સુધી આપણી તરફ જે ઔપચારિક કેળવણી અપાતી હતી તેમા ફકત બુદ્ધિ તરફજ અને તે પણ જુના દૃષ્ટિકોણથી જોવાતી ક્રિયાના શિક્ષણને મહત્વ નહોતું. અને ભાવનાના શિક્ષણ તરફ સંપૂર્ણ રીતે દુર્લક્ષ થતુ હતુ હવે મૂયોદ્યોગ પદ્ધતિ શરૂ થયા પછી ક્રિયાની બાબતોને કેન્દ્રસ્થાન મળ્યું છે. અને તેથી બુધ્ધિ વિકાસ તરફ ધ્યાન અપાય છે તેજ પ્રમાણે કોઇ કોઇ ભાવના ખાસ કરીને સામાજીક ભાવનાને કેળવણીમાં સ્થાન મળ્યું છે; એ સારી વાત છે. પણ ભાવનાની કેળવણીમાં આત્મવિષયક ભાવનાની કેળવણીને યોગ્ય મહત્વ આપવુ જોઇએ. અને વસ્તુ. વ્યકિત, સમાજ અને નૈતિક કલ્પના આ બાબતમાં વ્યકિતના દૃષ્ટિકોણમાથી વિચાર કરીને તે માટે યોગ્ય તેવી સ્થિરવૃત્તિ જાગૃત થવી જોઇએ. પણ આ બાબત ફકત શાળામાં તથા ફકત શિક્ષણનાજ માર્ગદર્શનથી થનાર નથી. તેથી શિક્ષકે આ અંગે વિચાર કરીને જે કરવા જેવું હોય તે કરવું જોઇએ

ક્રિયાને શિક્ષણમાં સ્થાન મળવાથી હવે એ ત્રૂટિ દૂર થઇ છે પણ આ બાબતનું ખરૂં મહત્વ શિક્ષકના મનમાં હસવું જોઇએ. આપણી બુદ્ધિનો વિકાસ થવા માટે આપણાથી થતી જુદી જુદી ક્રિયાનું કેટલુ મહત્વ છે એ જાણીતા શરીર શાસ્ત્રજ્ઞ એરેક્ષિસસ કેટેલે બતાવ્યું છે. તેથી મુયોદ્યોગ પદ્ધતિ એટલે કોઇ નવું તૂત છે એ દૃષ્ટિકોણથી વિચાર ન કરવો જોઇએ. આ પદ્ધતિ ઉપર શિક્ષકનો સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઇએ.

આપણા દેશની દૃષ્ટિથી વિચાર કરીએ તો પ્રાથમિક શિક્ષણનો ખરો પ્રશ્ન આપણા ગામડાની શાળાઓનો છે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરવાનું આપણી સરકારે નકકી કર્યું છે પણ એ કેમ થઇ શકતું નથી એનો વિચાર શિક્ષકે સહાનુભુતિથી કરવો જોઇએ. નાના ભાડરડાને સંભાળવા તથા શકય હોય તો બીજુ કંઇ કામ કરીને કુટુંબને આર્થિકરીતે મદદ કરવાનું કામ ગામડાના પ્રાથમિક શાળાના વયના બાળકો કરતા હોય છે તેથી આ બંને કાળમાં જો એ બાળકોને મદદ મળે તો પ્રાથમિક શાળાનો લાભ તેઓ લઇ શકે. આ દૃષ્ટિથી પ્રાથમિક શાળાને જોડીને પુવપ્રાથમિક શિક્ષણનો પણ એક વર્ગ હોવો જોઇએ. તો જ બાળકો સંભાળવાનું કાય શાળામા થઈ શકે મુળોદ્યોગમાથી જે પ્રાપ્તી થાય તે બાળકોને મળવી જોઇએ અને આ પ્રાપ્તિ જે કંઇ બીજું કામ કરીને મેળવતા હોય તેનાથી થોડી ઘણી વધારે જ હોવી જોઇએ બાળકો શિક્ષણ ન લેતા પોતાનો સમય ભાંડરડાને સભાળવામા વ્યતીત કરે છે અથવા આર્થિક પ્રાપ્તિ મેળવે છે. એ કંઇ બગાડ કામ નથી. આ ખરૂ જીવન છે. અને જીવન ઉત્તમ રીતે જીવવું એજ બાબતની કેળવણીજ લેવાની હોય છે તેથી આ બાબતો શાળામાં આવતા બાળકોને સારી રીતે શિખડાવવી જોઇએ, ભવિષ્ય કાળના જ જીવન માટે જે શિક્ષણ કોઇ એક વાર કદાચ ઉપયોગી થઇ પડશે તેને ખરૂં શિક્ષણ ન કહેવાય.

હજી બીજી એક ખાસ બાબત તરફ પ્રાથમિક શિક્ષકનું ધ્યાન ખેંચવાનુ મન થાય છે. પ્રાથમિક શાળાના ઔપચારિક શિક્ષણમા ભાષા અને ગણિત આ બાબતોનું શિક્ષણમા ખાસ સ્થાન છે. આ બંને બાબતોના શિક્ષણની શરૂઆત પોતાના જીવનમા બાળક શાળામા આવે છે

એ પહેલાંજ થયેલી હોય છે. પણ લેખન અને અંક ગણિત વિગેરે જે કંઇ બાળક શાળામાં શીખે છે. તે આ સમયે અત્યંત મહત્વનું હોય છે પરંતુ આ બંનેના શિક્ષણ માટે બાળકની દ્રષ્ટિથી ખાસ કંઈ અક્ષર સુંદર થવા જોઇએ એવું બધાને લાગે છે પણ તે સાધ્ય કરવા માટે બાળકને જરૂરી મદદ મળતી નથી. રેતીયા અક્ષરથી જો બાળકના આવા શિક્ષણની શરૂઆત થાય તથા કોતરેલા પાટિયા ઉપર બાળક ચોકથી અક્ષરે ઘુંટશે તો અક્ષરને સુંદર વલણ મળવામાં મદદ થશે. આ તરફ શિક્ષકે ધ્યાને રાખવું જોઇએ. આ સાધનો પણ ઉપરના વર્ગમાં બાળકોની મદદથી શાળામાં ઓછા ખર્ચમાં થવા શકય છે. વાચનમાં મુખવાંચન કરતાં સાર્થવાંચન તથા ક્રિયાવાંચનને વધુ મહત્વ આપવું જોઇએ. વ્યાકરણમાં ક્રિયાત્મક વ્યાકરણને મહત્વ આપવું જોઇએ. આ બધું રમત દ્વારા શીખવી શકાય છે. આ બાબતો આજે પુર્વપ્રાથમિક શિક્ષણમાં શરૂ થઈ છે, પણ તે પ્રાથમિક શાળામાં પણ લેવી જોઇએ. પુર્વ પ્રાથમિક શાળામાં આ બાબતો વ્યકિતગત શિક્ષણના સ્વરૂપમાં છે, પ્રાથમિક શાળામાં પણ થોડા પ્રમાણમાં આ રીતે રસ જાગૃત કરી શકાય તો ફાયદો જ થાય પણ તે જ્યાં સુધી શકય નથી. ત્યાં સુધી આ બાબતો વર્ગ શિક્ષણ ની દ્રષ્ટિથી જરૂરી ફેરફારો સાથે અમલમાં આણવા જેવી છે.

ભાષા કરતાં ગણિતના શિક્ષણનું ખાસ મહત્વ છે, આ વિષય બાળકને અઘરો લાગે છે તેનું કારણ તેમની બૌધ્ધિક કક્ષાને યોગ્ય એવી પદ્ધતિથી આ વિષય શિખવાડાતો નથી. તેથી એકથી નવ સુધીની સંખ્યાને તથા ચિહ્નોનો બાળકને બરાબર પરિચય થાય એવી અનેક રમતો બતાવવી જોઇએ. પછી દશમાશ પદ્ધતિ બાળકનો સમન્વય એવી રીતે આપવી જોઇએ તે જ પ્રમાણે ચાર મૂળકૃત્યોનો પરીચય, શુન્યનો યોગ્ય ઉપયોગ, વૃદ્ધિ લેવી વિગેરે બાબતોનું જ્ઞાન જ્ઞાનેન્દ્રિયગમ્ય અને તે દ્વારા બુધ્ધિગમ્ય થવા જોઇએ. આ બાબતમાં પુર્વ પ્રાથમિક શિક્ષણમા ઘણી બધીર મતો છે. તેનાથી પ્રાથમિક શિક્ષકોએ પરિચિત થવું જોઇએ. ગણિતના શિક્ષણમાં બુધ્ધિ કરતા યાત્રિકતાનો જ ઉપયોગ વધુ થાય છે એમ જે કહેવાય છે તે યોગ્ય નથી, મારી દ્રષ્ટિથી મહત્વની એવી થોડીક બાબતો અંહિ સંક્ષેપમાં મુકવાનો પ્રયત્ન કર્યો છે. મારા શિક્ષક ભાઇ બહેનોએ એનો વિચાર કરવો જોઇએ એવી વિનંતિ છે

સ. આ. કેળકર

વાલીઓ સાથે વાતચીત

દિનુની નિર્દયતા

☆

દિનુના બાની ફરિયાદ એવી હતી કે હાલમાં દિનુ ખુબ નિંદાખોર બન્યો છે. દોઢ પોણાબે વર્ષની તેની વય છે. આખો દિવસ કંઇને કંઈ તેની ધમાલ ચાલુ જ હોય છે. જ્યાં મુશ્કેલી હશે, જ્યાં પડવા આથડવાની બીક હશે જ્યાં ગંદવાડ, ગંદકી, કચરો, ધુળ હશે ત્યાંજ એ ખાસ ધમાલ કરતો હશે. એથી એમના જીવને સતત ચિંતા રહ્યા કરતી. જ્યારે એને આવી ધમાલ મચાવવામાં ખુબ જ આનંદ થતો. આ બધી બાબતમાં કોઇવાર લાડથી તો કોઇવાર ઓટી ખોટી ધાક ધમકી આપી, કોઇવાર "ડાહ્યો દિકરો" "ગાંડો છોકરો" એવા શબ્દોથી ઉત્તેજન આપી અથવા નિરુત્સાહી કરી એની આ બાલ-લીલા તરફ તેઓ વાત્સલ્ય ભાવથી જોતા. હમણા હમણાં તો એની રમતમાં નવો જ પ્રકાર દેખાય છે. એમ એની બા કહેતા. તેના બાળપણથી ઘરમા એક બિલાડી પાળી છે. પાળી છે એમ કહેવા કરતા એ ઘરમાંથી જતી નથી અને તેને ખાવાનું પીવાનું આપવા માંડયું એટલે પાળ્યા જેવી જ થઇ ગઈ છે. દિનુ નાનો હતો ત્યારે બિલાડીની સાથે સારી રીતે રમતો. તેના માથા ઉપર, શરીર ઉપર હાથ ફેરવીને પંપાળતો. અને

હવે બિલાડીને દેખે ત્યાંથી હાથમાં જે આવે તે મારે. અમે એને ઘણીવાર સમજાવ્યો કે "મરાય નહિ" "માર નહિ" પણ તેનો કંઇ ઉપયોગ થતો નથી અને કોઇ કોઇ વાર તો બિચારી બિલાડી આરામથી શાંતિથી ખુણામાં પડી હોય અને દિનુભાઇની નજર પડે એટલે લાકડી લઇને કે હાથમાં જે આવે તે લઇને એના માથામાં મારે. "મારે આ બાબતમાં શું કરવું? મને તો ચિંતા થાય છે." દિનુના બા સંચિતભાવે બોલ્યાં

મેં કહ્યું 'એની કાળજી પહેલેથી લેવી જોઇતી હતી હવે એનો શું ઉપયોગ? બીજાને અને બિલાડીને મારવાનું તમારું જ જોઇને શીખ્યો છે."

દિનુની બાએ કહ્યું, "તમે કહો છો તે એક રીતે ખરુ છે. જ્યારે જ્યારે આ બિલાડી ખાવા માટે ફાંફા મારે ત્યારે હું પણ તેના ઉપર ખીજવાતી, મારી પણ લેતી એને ગમે તેટલું ખાવાનું આપીએ તો પણ એને સંતોષ થતો નહિ. એટલે આ તપેલીમાં મોઢું નાંખ; પેલીમાં નાખ એવું કર્યા કરતી. એટલે કોઇ કોઇવાર એને મારવી પડતી. દિનુ અમારું જ અનુકરણ કરે છે એવું મને પણ લાગે છે પણ ખરું કહ્યું કે જ્યારે દિનુ બિલાડીની સાથે આટલી નિર્દયતાથી વર્તવા લાગ્યો ત્યારે જ અમને ભાન થયું કે અમારે આવી રીતે વર્તવું નહોતુ જોઇતુ."

મેં કહ્યું "દિનુ બિલાડીની સાથે આવી રીતે વર્તે છે એ તમારું કોઇનું અનુકરણ કરે છે એ ખરું પણ કોઇ બીજું પણ કારણ હોઇ શકે." એટલે એમને તરત પૂછ્યું "બીજું કારણ કયું હોઇ શકે?"

"તમે દિનુ ઉપર ગુસ્સે થાવ છો ને? કોઇવાર એને ખોટું ખોટું મારો છો ને? આવી તમે જે એની સાથે રમત રમો છો તેવી જ રીતે દિનુની પણ બિલાડી સાથેની એ રમત કેમ ન હોઇ શકે? એનાથી કાંઇ તમને મોટેરાંઓને મારી શકાતું નથી તમને મારે તો તમે તરત ગુસ્સે થઇ જાવ છો ને સામે મારો છો. તેથી આવા બધા પ્રયોગ બિલકુલ આત્મવિશ્વાસથી બિલાડી ઉપર કરી શકાય છે. એટલે એ બિલાડીને મારતો હશે. બિલાડીને મારવાની પાછળ તેની ભાવના ક્રુરતાની અથવા નિર્દયતાની બાસ ન હોય તેથી એના વર્તન બદલ ચિંતા કરવાનું કારણ નથી. ગરીબ પ્રાણીઓ ને સતાવવાનો હેતુ નથી."

દિનુની બાએ વચ્ચે જ પૂછ્યું "પણ મુંગા પ્રાણીઓને આવી રીતે રમતમાં પણ મારવું સારું કહેવાય?"

"મુંગા પ્રાણીઓને મારવું સારું તો નથી. પરંતુ આ પ્રકારનું વર્તન અટકાવવા માટે તમે જે ઉપાય યોજો છો તેનાથી એનું મારવાનું અટકતું નથી, પરંતુ આવા પ્રકારનું વતન વધશે એ ઉપરાંત તમે એની પ્રવૃત્તિની આડે આવો છો એવું દિનુને લાગવા માંડશે કે તમારી સામે એ મોકળે મને ન વર્તવાનું શીખશે."

"તો શુ કરવું જોઇએ એવુ તમને લાગે છે?" મે કહ્યું, "પહેલી વાત એટલે કે જ્યારે દિનુ બિલાડીને મારે ત્યારે તમારે એ તરફ ધ્યાન ન આપવું. એ બાબત તરફ એનું બાસ ધ્યાન ન બેચાય એવી રીતે તમે વર્તજો."

"બીજી વાત એટલે કે તક મળે ત્યારે, બિલાડીને આવી રીતે માર ખાવો ગમતો નથી એવું એના ધ્યાનમાં લાવો. બીજી વાત એટલે બિલાડીની સાથે વર્તવાની તમારી રીત બદલવી જોઇએ. શકય હોય તો આ બિલાડી ઉપર કેમ વાત્સલ્ય દાખવી શકાય તે તમે બતાવો. દિનુની સાથેની તમારી વર્તણુક બદલો. તે એક વ્યક્તિ છે એમ સમજીને તેની સાથે વર્તો તે એક આપણી માલિકીનુ રમકડું છે એવી રીતે તેની સાથે વર્તવાનું બંધ કરો બે અઠવાડિયા પછી દિનુના વર્તનમા શુ ફરક પડે છે તે મને જણાવો." એમ જણાવી મે દિનુની બા સાથેનો વાર્તાલાપ પૂરો કર્યો.

— **નાભલે.**

——o——

શ્રમમાં જ માનવીનો વિકાસ રહેલો છે મફત લેવામા અને મફત દેવામા તેનું પતન થાય છે. ઓશિયાળાપણું ભોગવવામાં વિનાશ છે લેવું નહિ, પરંતુ આપવું, એમાંજ શ્રમની સાર્થકતા છે.

——o——

ગામડામાં શિક્ષણ

★

(ઓડી કેન્દ્રના વાર્ષિક સમારંભ પ્રસંગે
શ્રી તારાબેન મોડકે કરેલું ભાષણ)

ગ્રામ બાલશિક્ષા કેન્દ્ર માટે આજનો યોગ એટલે અનેક દૃષ્ટિથી ખાસ મહત્ત્વનો સમજવો જોઇએ.

આજ નૂ. બા. શિ. સંઘનું નિયંત્રણ મંડળ એટલે આ કેન્દ્રનો આગો નવો સંચાલક વર્ગ અહિં મોટી સંખ્યામાં હાજર છે એમાંથી અનેક મિત્રજન અનેક પ્રસંગે કોઈ ને કોઇ કારણસર આજ સુધી વ્યક્તિગત રીતે અહિં આવી ગયા છે. પરંતુ આજ સંઘના સંચાલકની દૃષ્ટિએ એકઠા થયા હોવાથી તે જ પ્રસંગે કેન્દ્રનો વાર્ષિક ઉત્સવ હોવાનો આ પહેલો જ પ્રસંગ છે.

આવા આ પ્રસંગે મુંબઇ રાજ્યના મુખ્ય પ્રધાન પ્રમુખપદે રહીને ગામડાના બાલશિક્ષણ તરફ સરકારી દૃષ્ટિ ફેરવે છે. તેમના સ્થાનથી મુંબઈ રાજ્યની જ નહિ પરંતુ ભારતની કેન્દ્ર રાજ્ય તથા બીજી રાજ્યની પણ દૃષ્ટિ દેશના આવા આ મુળભૂત ગણાતા પણ સંપૂર્ણ રીતે દુર્લક્ષિત થએલા અત્યંત મહત્ત્વના પ્રશ્ન તરફ ખેંચી છે એમ કહેવામાં વાંધો નથી.

તે જ પ્રમાણે ઓડીની ગ્રામ જનતા અનેક વાર અમારા નાના મોટા ઉત્સવમાં ભાગ લેતી જ હોય છે. પણ આજ તેઓ ખાસ પોતાનો ઉત્સવ છે એવી ભાવનાથી ભાગ લે છે, એમા જરાએ શંકા નથી. એક તો આ કેન્દ્રની બાલવાડી એ કઈ અંશે તેમનાજ શ્રમનું ફળ છે. કારણ આ વર્ષથી તેમણે તેની ૧/૫ આર્થિક જવાબદારી પોતાના માથે લીધી છે. અને બીજું એટલે તેમનામાંથી લગભગ બધાંજ નૂ. બા. શિ. સંઘના સ્થાનિક શાખાના સભાસદ હોવાથી આ વખતે યજમાન તથા સંચાલકની એવી બેવડી જવાબદારી એમના પર આવી છે. પણ તેથી આ પ્રસંગે તેઓ વધુ સમરસ થએલા છે.

એથી મહત્ત્વની બાબત એટલે ગ્રા. બા. શિ કેન્દ્રનું ભવિષ્ય બધી બાજુનો વિચાર કરીને નક્કી કરવાનો સમય પણ આવી લાગ્યો છે. આવો મહત્વનો નિર્ણય લેવાને સમયે જ આ ત્રિવેણી સંગમ અહિં થયો છે એ મારી દૃષ્ટિથી શુભ અવસર છે. ગ્રા. બા. શિ. કેન્દ્ર ચાલુ રહે કે નહિ રહે; છે તે સ્વરુપમાં રહે કે બીજા સ્વરૂપમાં પ્રગટે, છે એ સ્થળે રહે કે બીજે ગમે ત્યાં જાય એ માટે મારો કોઇ પણ પ્રકારનો આગ્રહ કે ઇચ્છા નથી. પરંતુ આ શુભસંયોગ ગામડામાં તેમજ શહેરમા, પછાત તથા ગરીબ અને અજ્ઞાન કુટુંબમાં નાનાથી મોટા થતા આપણા દેશના બાળકોને લાભદાયી થાય એટલું હું મનથી ઇચ્છુ છુ.

તમારો વધુ સમય ન લેતાં આ કેન્દ્રની ભાવી સ્થિતિ અ ગે મારા વિચાર ટુકમાં રજુ કરું છું. તેના ઉપર સ ઘે તથા સરકારે સંપૂર્ણ રીતે વિચાર કરવો એવી મારી આગ્રહભરી વિનતિ છે.

(૧) આ કેન્દ્રમાં શું ચાલે છે તેની ઘણાને ખબરજ નથી. તેથી આ શા માટે ચાલુ રાખવું એવા વિચારો તેમના મનમાં આવે છે. તેમાંથી તેને કોઇ સ્પષ્ટ રીતે બોલીને બતાવે છે; કોઇ મનમાજ રાખે છે.

(૨) બીજું ઘણાં જણ અહિં આવે છે. પરદેશના ખાસ મહેમાનમાંથી માડીને તે આપણા ડૉ તારાચદ; શ્રી હુમાયુન કબીર જેવા કેટલાએ ભારતપ્રસિદ્ધ તત્વજ્ઞ વ્યક્તિઓ આવીને જોઇ જાય છે. સામાન્ય વર્ગની તો કેટલીએ વ્યક્તિઓ આવે છે. અમે બધાનુ પ્રેમપૂર્વક સ્વાગત કરીએ છીએ. કેટલાંએ જણ આની થોડે ઘણે અ શે સ્તુતિ પણ કરી જાય છે. પણ તેમને આ કાર્યનું મહત્વ સમજાયું છે કે નહિ આનું યોગ્ય મૂલ્યાકન કર્યું છે કે નહિ, એની મને હમેશા શંકા રહે છે.

તેથી મારા મત પ્રમાણે સરકારે પહેલી બાબત એ કરવી જોઇએ કે તજ્ઞ વ્યક્તિઓની એક સમિતિ નીમી કાર્યનું સિંહાવલોકન અને અત્યાર સુધી થયેલા કામમા શા ફેરફારની જરૂર છે તે અ ગેનું માર્ગદર્શન કરવું. આ બાબત શિક્ષણ વિષયક સંશોધનની દૃષ્ટિથી અને દેશના રચનાત્મક કાર્યની દૃષ્ટિથી આવશ્યક છે.

ભારતની પંચવાર્ષિક યોજનામાં ગ્રામ બાલ-શિક્ષણને સ્થાન છે એવું આપણા વડા પ્રધાન મુંબઇમા

બાલકલ્યાણ પરિષદનું ઉદઘાટન કરતાં બોલ્યા હતા. તેથી એ યોજનાના યોજકો આ યોજનાનુ મહત્વ જોઇ આ કાર્યનો સમાવેશ આ પછી પંચવાર્ષિક યોજનામાં થવો જોઇએ; એવી મારી બીજી સૂચના છે. તે જ પ્રમાણે આપણી સરકારની શક્તિ આ કાર્ય માટે પૂરી પડે એમ નથી એમ મારો કરવાનો ભાવાર્થ નથી પણ આપણી સરકારની, દેશના હિતની દૃષ્ટિથી જરૂરીઆતો નક્કી કરવાની દૃષ્ટિ જુદી છે. પૂર્વ પ્રાથમિક શિક્ષણ પૂરતું બોલું તો સરકાર પાસે ગામડાના બાલશિક્ષણ કાર્યની ઉપયોગિતા નક્કી કરવાનું યોગ્ય માપ જ નથી એવું લાગે છે. દા. ત. અહિંની બાલવાડીને પુર્વે રૂ. ૮૦૦ની ગ્રાન્ટ મળતી હતી તે હવે રૂ ૪૦૦ થઈ છે અને ઉપર લખાઇને આવ્યું છે કે આવતે વર્ષે મળશે જ, એમ નથી.

સંઘના કાર્યની દૃષ્ટિથી સૌથી વધુ નિષ્ફળતા લાગતી હશે તો એ જ વાતની લાગે છે કે બાળશિક્ષણનું મહત્વ સંઘ હજી કોઇને સમજાવી શકયું નથી. સંઘના કાર્ય ઉપર હંમેશાં એક ટીકા થતી હોય છે, "આ બાલમંદિર એટલે શ્રીમંતોનો છંદ છે અને તે આપણા દેશને પરવડશે નહિ." પણ આ એક છંદ જ છે, કે આવશ્યક બાબત છે, શ્રીમંતોના બાળકોને જ જરૂરી છે કે ગરીબોને પણ આવશ્યક છે. અને બધાને જ અવશ્યક છે એમ લાગ્યા પછી જે પૂરી આપી શકતા નથી એવા વર્ગ સુધી કેમ પહોંચાડવાનુ એ પ્રશ્ન આપણે હલ કરવાનો છે. તેથી અહિં એકત્ર થએલા બધાંને આની ખરેખરી જરૂરીઆત લાગતી હોય તો આપણે બધાંએ ગ્રામ બાલશિક્ષણનો સમાવેશ પંચવાર્ષિક યોજનામાં કરવા માટે પ્રયત્ન કરવો જોઇએ બાલ-શિક્ષણનું મહત્વ જે કોઇને માન્ય ન હોય તેમને પોતાના મનના વિચારો સ્પષ્ટરીતે સંઘના કાર્યકર્તાઓ આગળ વ્યક્ત કરવા જોઇએ. માત્ર એક બીજાને સમજીને છુટથી ચર્ચા કરવા માટે બધાંઓ તૈયાર રહેવું જોઇએ.

(૩) શ્રી મોરારજીભાઇ દેસાઇ તથા અન્ય રચનાત્મક કાર્યકર્તાઓ આગળ મારે એક ત્રીજી વાત કહેવી છે. તે એ કે ગ્રામબાલ-શિક્ષણનું કાર્ય કરતા જે કેન્દ્રો કે મંડળો હોય તેમને આ અધ્યાપન કેન્દ્રમા પોતાને ખર્ચે શિક્ષણ લેવા માટે કાર્યકર્તાઓને મોકલવા જોઇએ. ફકત આ જ જીલ્લા પુરતું જોઇએ તો પણ કેટલાંએ સર્વોદય કેન્દ્રો થાણા જીલ્લામાં ચાલુ છે આદિવાસી મંડળ, હરિજન સેવા કેન્દ્ર વિગેરે ચાલુ છે. તેમને ગામડામાં રહીને કામ કરવાને તૈયાર હોય એવા કાર્યકર્તાઓને અહિં મોકલાવીને પછી બાલશિક્ષણનું કાર્ય ચલાવવાની સગવડ તેમને કરી આપવી જોઇએ. આજ, અંહિ કોને આવવું, તેને કામ કયાં કરવું વિગેરે બધા જ પ્રશ્નો શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓની સામે હોય છે ગામડામાં જઇને કામ કરવાની ઇચ્છા હોય તો પણ આખરે અમદાવાદ કે મુંબઇમાં જ નોકરી મળી શકે છે એટલે ત્યાં જવુ પડે છે. ત્યાં નોકરી કરવા માટે સરકારમાન્ય પ્રમાણપત્રની જરૂર પડે છે તે માટે સરકારમાન્ય પરીક્ષાની જરૂર રહે છે. શહેરી સાધનો જોઇએ છે ખાસ અધ્યાપકો જોઇએ છે તેથી ગામડામા રહીને પણ ઘણે અંશે શહેરની નજર દૃષ્ટિ રાખીને ચાલવું પડે છે. તેમ છતાં ગ્રામીણ વિભાગમાં તથા ગરીબ વસ્તીમાં કામ કરતી સસ્થાએ અહિંના અધ્યાપન મંદિરનો (Training Centre) લાભ લેવો જોઇએ ગ્રામીણ ભાગનું બાલશિક્ષણ શહેર-પ્રમાણે બાલકોની ફી અથવા ફકત દાનની સહાય વડે થઈ શકતું નથી. સંઘ નક્કી કરે તો મહા-મુશ્કેલીએ એ એક કેન્દ્ર ચલાવી શકે પણ તેનો પ્રચાર સરકારે જ કરવો જોઇએ. બાલશિક્ષણનું સ્વરૂપ પણ ગામડાની ખાસ પરિસ્થિતિને અનુસરીને હોવું જોઇએ. ત્યાં શહેરી બાબતનું અંધ અનુકરણ ન હોવું જોઇએ. સંઘે છેલ્લાં પચ્ચીસ વર્ષ બાલ-શિક્ષણના ક્ષેત્રમા કાર્ય કર્યું છે. દેશની સામે મહત્વનો પ્રશ્ન એટલે ગામડાનું બાલશિક્ષણ કેવું હોવું જોઇએ અને એને અમલમા કેમ મુકવું આ પ્રશ્નનો યોગ્ય રીતે ઉકેલ આણવા માટે સંઘના કાર્યકર્તાઓનો ઉપયોગ કરવા જેવો છે આનો વિચાર ગામડામા કામ કરતી સંસ્થાઓએ જરૂર કરવો જોઇએ.

છેલ્લે શ્રી અનુતાઈ વાઘે આ કેન્દ્રના ભવિષ્યના કાર્ય માટે ખાસ નોંધેલી બાબતો તરફ આપ સર્વનું ધ્યાન ખેંચી હું ભાષણ પૂર્ણ કરીશ

ગામડાનું બાલશિક્ષણ ગામડાની પરિસ્થિતિને અનુસરીને હોવું જોઇએ, એટલુ જ નહિ પરંતુ પ્રાથમિક શિક્ષણ પણ તેવું જ હોવું જોઇએ. હાલ મૂલ્યોદ્યોગ પદ્ધતિને આધારે પ્રાથમિક શિક્ષણ ચાલે છે. પહેલાનું પુસ્તકીય જ્ઞાન બંધ થયું છે તે સારું જ છે. પણ શિક્ષણ એ પ્રત્યક્ષ જીવનમાંથી જ મળતું હોય છે. આપણા જીવનના આજના પ્રશ્નો યોગ્ય રીતે હલ કરવાની દ્રષ્ટિ શિક્ષણથી મળવી જોઇએ. ગામડામાં પ્રાથમિક શિક્ષણ ફરજીયાત હોવા છતાં બાળકો જતાં નથી એનું એક કારણ મોટા ભાઇ-બ્હેનોને ઘરે રહીને નાના બાળકોને સંભાળવા પડે છે, અને બીજું કારણ એટલે જે બાળકો ગાય, ભેંસ ચરાવવા, નાની નાની ચીજ વસ્તુ વેચીને કુટુમ્બનો આર્થિક પ્રશ્ન હળવો બનાવવા મદદરૂપ થઇ પડતા હોય છે આ બંને બાબતો એમના જીવનમાં આવશ્યક છે. તેથી શાળામા આવીને આ બન્ને બાબતો સારી રીતે કરી શકાય તથા ભાવી જીવનની દ્રષ્ટિએ પણ મદદ થાય એવું શાળાનુ સ્વરૂપ હોવુ જોઇએ. તેથી શાળામાં નાના બાળકોને સંભાળવાની વ્યવસ્થા (ક્રેશ) તથા બાલવાડી હોવી જોઇએ. આવા જ શિક્ષણ કેન્દ્રો ઉભા કરીને મોટા છોકરાઓને પ્રાથમિક શિક્ષણ આપવું જોઇએ. મૂલ્યોદ્યોગ વડે મોટા છોકરાઓ જે કંઇ આજીવિકા મેળવે, અને આ પ્રાપ્તિ પણ બીજું કઇ કામ કરતાં મળે એનાથી થોડી વધારે હોવી જોઇએ. આવા પ્રકારના મૂલ્યોદ્યોગના તત્ત્વોને આધારે શિક્ષણ આપવાના મૌલિક પ્રયોગ કરવાની મને ખૂબ આવશ્યકતા લાગે છે પરંતુ આ પ્રયોગ અમલમા મૂકવાની હજી સુધી તક મળી નથી. પ્રત્યક્ષ જીવનનો એટલે જ જીવવાનો પ્રશ્ન તેમાંજ ઉદ્યોગ પણ આવી જાય છે આ જ પ્રાથમિક શિક્ષણનું નૈસર્ગિક કેન્દ્ર થઇ શકે છે, એવી મારી ભૂમિકા છે.

મારા આ વિચારો ભવિષ્યનો માગ નક્કી કરતી વખતે આપ સૌ લક્ષમા લેશો એવી મારી વિનંતિ છે.

લેખાંક ત્રીજો.

બાળકનું ગણિત શિક્ષણ.

ગણિત શિક્ષણ કેવું હોવું જોઇએ. ?

'ગયા વખતે બાલ માનસના ગણિતના વિકાસને પોષતું વાતાવરણ ઘરમાં અને બાલમંદિરમાં કેવી રીતે પેદા કરી શકાય તેનો વિચાર કર્યો હતો. આજે અંકગણિત કેમ શીખવી શકાય તે જાણવું છે ને ?' મેં પુછ્યું,

કમલાતાઇએ કહ્યું, "આજ તો મારો મૂળ પ્રશ્ન હતો તમારા બાલમંદિરનાં ગણિત શિક્ષણ તંત્રમાથી હું વિનુ માટે કંઇ લઇ શકું કે નહિં તે મારે જોવું છે." "ગણિત કેમ શીખવવું તે પ્રશ્નનો જવાબ જો દરેકને પોતાને જ શોધવો પડે તો દરેક જણે બાળક, કેવી રીતે શીખે છે તેનું બરાબર અવલોકન કરવુ જોઇએ. શિક્ષણની નવીન અને શાસ્ત્રીય પધ્ધતિ પ્રમાણે પ્રત્યક્ષ શીખવ્યા કરતાં બાળક પોતાની મેળે કઇ રીતે શીખે છે તે જોઇ તેને આવશ્યક મદદ કઇ રીતે કરી શકાય એજ ખરો મહત્વનો પ્રશ્ન છે.'

"એટલે ?" કમલાતાઇ એકદમ આશ્ચર્યથી બોલી ઉઠ્યાં, "શું દરેક બાળક પોતાની મેળે જ ગણિત શીખે છે, એમ તમારું કહેવુ છે ? 'ગણિતનું નામ સાંભળતા જ ગભરાઇ જઇ 'ના રે ભાઇ, ગણિત નહિ જોઇએ' કહેનારાં છોકરાઓ મેં જોયાં છે.'

મેં કહ્યું, 'કમલાતાઇ ! તમારો અનુભવ ખોટો છે એમ મારું કહેવું નથી, તમારા વિનુને ગણિતના કંટાળો છે એમ તમે કહ્યું હતું ને ? પણ મારું એમ કહેવું છે કે ઘણુખરું આ કંટાળાને આપણે બાળકમાં

(અનુસંધાન પાના ૧૩ પર)



આપણા દેશની પહેલી અગનગાડી

☆

તે દિવસે .....
સોળ એપ્રીલ અઢારસો તેપ્પન
આખા મુંબઇમાં ધમાલ હતી.
બધાં લોકોની ધાંધલ હતી
અગનગાડી આવતી હતી,
પાટા પર દોડવાની હતી
માણસોને લઈ જનાર હતી
કોઇના મનમાં બીક હતી,
કોઇના મનમાં ગુસ્સો હતો,
કોઇનો આનંદ માતો નો તો.
કોઇ ને મુખ કુતૂહલ હતું.
માણસોને બેસાડશે કેમ ?
જાશે કેમ ગામે ગામ ?
પાડી તો નહિ નાંખે. ?
મારી તો નહિ નાંખે ?
જોવા તો જવું જ જોઇએ.
બાળકોને પણ લેવા જોઇએ.
ચાલો ચાલો
જલદી ચાલો
ઝટપટ કરો
નાહી લ્યો
જમી લ્યો
ચાલતા ચાલતા જવુ પડશે
સમયસર પહોંચવું જોઇશે

જ્યાં જુઓ ત્યાં ગરદી ગરદી
માણસોની ધકકા ધકકી
માણસોના ટોળે ટોળા
અગાસીમાં - બારીમાં.
ઝાડમાં - બાગમાં.
જંગલમાં - ખેતરમાં
રસ્તા ઉપર - ડુંગર ઉપર
માણસો જ માણસો !
ગામે ગામથી લોકો આવ્યા
શહેરે શહેરથી લોકો આવ્યા
દેશ દેશથી લોકો આવ્યા
આનંદ ઉત્સવમાં ભાગ લેવા
કોઇના હાથમાં નાળીએર
કોઇના હાથમાં કંકુ અક્ષત
કોઇના હાથમાં ફુલ હાર
બોરી બંદર ઉભરાયું
માણસોથી ભરાયું
ફુલોથી શણગારાયું
ગાડી ઉભી સ્ટેશનમાં
માણસોના મેળામાં
તાળીઓનો ગડગડાટ
માણસોનો કિલકિલાટ
જોવા માટે પડાપડી
દર્શન માટે ધક્કા મુક્કી

શોરબકોર ને કોલાહલ
સાડા ત્રણ થયા
તોપના તો ધડાકા
બેન્ડવાજા વાગ્યા
ગાડી નીકળી
જોરમાં ચાલી
ને .. .. લોકોએ જોઇ
નાળીએર વધેર્યું
ફુલ હાર પહેરાવ્યા
કંકુ-અક્ષત પધરાવ્યા
માથુ નમાવ્યુ
પ્રાર્થના કરી
" ભગવાન ગાડીને સુખરૂપ
પહોચાડજે !
ભગવાન ગાડીને સુખરૂપ
લાવજે ! "
આ તો કોઇ નવા જ દેવ,
બળદ નહિ
ઘોડો નહિ
બળદ વગર
ઘોડા વગર
ચાલશે કેમ ?
દોડશે કેમ ?

–સ. દેવધર.

આંબા રે આંબા

બેતરમાં આંબો, બાગમાં આંબો,
આંબે આવ્યો મોર, કોયલડી બોલે,
કે-વું બોલે - કુ-ઉ, કુ-ઉ,
આંબે આવી કેરી, બાલુડાં બોલે,

નાની કેરી લઉં,
મોટી કેરી લઉં,
બાને જઇ દઉં,
બા કરે ચટણી,
બા કરે ચીરીયાં,

ખીચડીમાં ખઉં,
રોટલામાં ખઉં,
દાળ ભાતમાં ખઉં,
કેવી મઝા ભાઇ, કેવી મઝા !
કેરી બાવાની, કેવી મઝા !!

—નટવરલાલ શુકલ

ગાંધીજીની બકરી (વાર્તાગીત)

દાદાજી પેપર વાંચતા'તા
વાંચતા'તા ને કહેતા'તા
આમ થયું તેમ થયું
એવું બધું બોલતા'તા (૧)
ગાંધીજીની બકરી મરી ગઇ
અમે બધાંએ વાત પૂછી
સાંભળો ત્યારે સંભળાવું
બધી વાત જણાવું (૨)
પહેલાં બાપુજી માંદા પડયા
સૂતા સૂતા કહેવા લાગ્યા
ગાયનું નહિ, ભેંશનું નહિ
કોઇનું દૂધ મારે પીવું નહિ (૩)
કસ્તુરબા વચ્ચે બોલી ઉઠયાં
દૂધ વિના બાપુજી કેમ ચાલે

બજાર સગડીથી શુ પેટ ભરાય
બાપુ બકરીનુ દૂધ ના પીવાય (૪)
ગાંધી-બાપુ હસી પડયા
હા હા હા કહીને હસી રહયા
નાની મજાની બકરી રાખી
બેં બેં કરતી આવી ઉભી (૫)
વાસણ્યારો રોજ નાખે
પાંદડાં તાણી વીણી નાખે
વીણી કાગળનાં ટુકડા બાપુ
બકરીને આપે છે દાપુ (૬)
બકરી જેવાં બાપુજી
સુકલકડા તે લાગેજી
બકરીનું દૂધ પીવા લાગ્યા
તાજા માજા થવા લાગ્યા (૭)

બાપુ બકરીને કહે ચાલ
નિર્મળા નિર્મળા આમ આવ
બધાં બકરીને બોલાવે
નિર્મળા નિર્મળા ઘૂમ પાડે (૮)
નિર્મળા એક દહાડો માંદી પડી
માંદી પડીને ટપ થઇ ગઇ
એક બે ત્રણ ચાર એમ ઘણા
દિવસ થયા
ને બાપુજી સ્વર્ગે ગયા—અમર
થયા (૯)
બાપુના આગળ-બકરી ગઇ
બાપુને દૂધ દેવા ગઇ
બકરી કરતાં શું આપણે ગયા
ગાંધી બાપુને નજરે ના જોયા (૧૦)

—મૂળદેવ પંડયા.

(લેખકના તાજેતરમાં પ્રગટ થનાર 'બુલકાંનાં ગીત' પુસ્તિકામાથી)

વિનોબાનો ભૂદાન યજ્ઞ

એમનું નામ વિનાયક ભાવે,
બાપુજીના એ સૌથી મહાન શિષ્ય.
એમને 'વિનોબા' કહે છે.
પૃથ્વી પરનું પાણી સૌનું
જેમ હવા સૌની
તેમ જમીન પણ સૌની
એમ વિનોબા કહે છે,
પરમેશ્વરનું પાણી છે
હવા પણ તેણે જ સૌને આપી છે

તેમ જમીન પણ તેની જ છે,
જેને જોઇએ તેને તે મળવી જોઇએ,
મહેનત કરે તેને આપણે
આપવી જોઇએ.

પોતે મેહનત કરી શકે
એટલી જ જમીન એક
કુટુંબે રાખવી જોઇએ
વધુ હોય તો વહેંચવી જોઇએ
એવી જમીનની વહેંચણીને
વિનોબા 'ભુદાન યજ્ઞ' કહે છે
ભુ એટલે જમીન
અને દાન એટલે વહેંચણી

યજ્ઞ એટલે યોજના
જમીનની સમાન વહેંચણી
એનું જ નામ ભુદાન યજ્ઞ
ભુદાન યજ્ઞથી ખેતી સુધરશે
અન્ન ફળ ને ફુલો
હવા અને પાણી જેમ સૌને
પુષ્કળ મળશે
બધા લોક સુખી થશે

એમ વિનોબા કહે છે,
વિનોબા ના વિચાર
લોકો સમજવા લાગ્યા છે
હજારો લાખો એકર જમીનનું
દાન
તેઓ કરવા લાગ્યા છે
'ધન્ય વિનોબા' 'ધન્ય વિનોબા'
સૌ કહેવા લાગ્યા છે.

—શેષ નામલે

ગોપીચંદ

તિલકચંદ બંગાળના રાજા હતા. તેમની રાણીનું નામ મીનળદેવી હતું. બંન્ને બહુ ભલા હતા. બધી વાતે સુખી હતા માત્ર બાળક ન હોવાનું એકજ દુઃખ તેમને હતું.

રાણીએ અનેક વ્રત કર્યા. છેવટે રત્નાકરનું કઠણ વ્રત શરૂ કર્યું. બાર વર્ષના સતત તપ પછી રત્નાકર પ્રસન્ન થયા. બ્રાહ્મણના વેશમાં રાણીની પાસે જઇ કહ્યું. 'મીનળદેવી, તારે જે જોઇએ તે માંગ, તારા વ્રતથી હું પ્રસન્ન થયો છું"

રાણીએ કહ્યું "દેવ પ્રસન્ન થયા હોય તો બંગાળના રાજાને વારસ આપો, બીજુ કંઈ મારે નથી જોઇતું"

રત્નાકર બોલ્યા, "તથાસ્તુ! રાણી તને એક પુત્ર થશે તે સિવાય આ અમુલ્ય રત્નની ભેટ આપું છું." આમ કહી રત્નાકર રાણીના ગળામાં હાર પહેરાવી અદૃશ્ય થઈ ગયા

રાણીના આનંદનો પાર ન રહ્યો, મહેલમાં જઇ અત્યંત આનંદ સાથે બાઇ પી મસ્ત રહેવા લાગ્યા.

થોડા સમય બાદ રાણીને એક પુત્ર થયો. રાજાના હર્ષનો પાર ન રહ્યા, દૂર દેશનાં જ્યોતિષોને બોલાવી તેની પાસે કુંડળી કરાવી.

જ્યોતિષોએ ડોકાં ધુણાવ્યાં. કોઇ કંઇ બોલે નહિ. રાજાએ બહુ આગ્રહ કર્યો. જે હોય તે સ્પષ્ટ કહો. છેવટે જ્યોતિષોએ કહ્યું કે "સર્વ ઉત્તમ છે, રાજપુત્ર બત્રીસ લક્ષણો છે દીર્ઘાયુષી છે. પણ ..... "પણ શું? જે હોય તે કહોને"

'તેમનું એવુ છે કે સોળમે વર્ષે રાજપુત્ર રાજ્ય છોડીને જશે અને સાધુ થશે. બરાબ કદજ નથી. લાખોમાં એક હોય તેવા કુંવર છે. તેમનું નામ ગોપીચંદ રાખો."

× × × ×

ગોપીચંદના જન્મ પૂર્વની વાત છે. જલંધરનાથે મૌનવ્રત લીધું હતુ. વનમાં એક ઝાડ નીચે બેસી તપ શરૂ કર્યું. એક વખત ત્યાં ચોર આવ્યા જુવે છે, તો ત્યાં કોઇ મુની તપ કરતા દેખાયા. તેમણે પગે પડી પ્રતિજ્ઞા લીધી કે. "આજની ચોરી સારી થઈ તો તેમાંથી સૌથી મૂલ્યવાન વસ્તુ મુનીશ્રી-તમને અર્પણ કરશું"

મુનીશ્રીને મૌનવ્રત તેથી તેઓ કઇ બોલ્યા નહિ. તેમજ તેમણે આંખો ઉઘાડી જોયુ પણ નહિ.

ચોર નીકળીને ઠેઠ ગયા તિલકચંદ રાજાના મહેલમાં. સીડી મૂકી ઉપર ચડયા. જામદારખાનું લુંટયું. ત્યારપછી રાણીના ઓરડામાં જુવે છે તો ખીંટી પર અમુલ્ય રત્નનો હાર અંધારામાં પણ ઝગમગતો હતો. હાર લઇ પાછા જંગલમાં મુની તપ કરતાં હતાં ત્યાં આવ્યાં ને મુનીના ગળામાં હાર પહેરાવી, ચોર ચાલ્યા ગયા.

આ તરફ રાજમહેલમાં બીજે દિવસે હાહાકાર થઇ ગયો. "ચોરી થઇ, ભંડાર ચોરાયો, રાણીના રત્નનો હાર ગયો." જ્યાં ત્યાં એક જ વાત, રાજાએ હાથી ઘોડા લઇ આખા રાજ્યમાં સિપાઇઓને તપાસ કરવા મોકલ્યા. "ગમે ત્યાંથી ચોરને શોધી કાઢો, હાર તો મળવો જ જોઇએ."

"કેમ ન મળે ? જરૂર હાર મળવો જ જોઇએ" તેમ બોલતી ફોજ જ્યાં ત્યાં તપાસ કરવા લાગી. તેમાંની એક ટુકડીને જાલંધરનાથ દેખાયા. ગળામાં અમુલ્ય રત્નનો હાર ચમકતો હતો. તેણે દોડતે ઘોડે જઇ રાજાને ખબર આપી.

રાજાએ કહ્યું "જોયો હમણાં ને હમણાં એ સાધુડાને લઇ આવો ! આ સારો ધંધો, દિવસે મૌનવ્રત અને તપ ! અને રાત્રે ચોરી ! પકડી લાવો એને; પણ થોભો, હું જ આવું છું.

બધાં જંગલમાં ગયા. જાલંધરનાથને ઘણુંય પ્રશ્ન પુછયા. પકડીને ખુબ હલાવ્યા. અને ભાલા ટોંચ્યા તો પણ કંઇ ઉત્તર નં મળ્યો.

રાજાએ હુકમ કર્યો. "તેને બાંધો ને નાખો પેલા કુવામાં, જોઇએ તો ખરા કે કેમ બોલતો નથી."

સિપાઇઓએ તેને એક ચાદરમાં બાંધી પાસેના કુવામાં નાખ્યો, પણ જુવે છે તો ચાદર છુટીને તેના હાથમાં ને સાધુ અધ્ધર કુવામાં પલાંઠી વાળીને બેઠેલા હતા.

રાજાએ કહ્યું, "આ તો જાદુગર લાગે છે. આ કુવામાં ધુળ ને માટી નાખી પૂરી દો."

પણ શું ચમત્કાર ! માટીના ટોપલાના ટોપલા-નાખ્યા પણ તેના શરીરને સ્પર્શતા જ નથી. પત્થર ફેંકયા પરંતુ તેને લાગતા નથી. તેની આજુબાજુ પત્થરની સરસ ભીંત થઇ. વચ્ચે જાલંધર બેઠેલા હતા તેમના તેમ રહ્યા. છેવટે રાજાએ ને તેમના માણસોએ ઘોડાની લાદ નાખી કુવો પુર્યો. તેમાં જાલંધર પુરાયા.

તે વેળાએ માત્ર મુનીએ વ્રત છોડયું. અને અંદરથી શ્રાપ આપ્યો. "રાજા ગુનેગાર સમજી તેં મારા હાલ કર્યા છે. તેથી તારૂં પણ સત્યાનાશ જશે. તારા કુળનો નાશ થશે. ને તું છ મહિનાની અંદર મૃત્યુ પામીશ."

શ્રાપના શબ્દો માત્ર રાજાને કાને જ પડયા. એ શબ્દો તેમના કાનમાં રાત દિવસ ધુમ્યા કરે.

× × × ×

સોળ વર્ષના ગોપીચંદ રાજા ચોકમાં ન્હાય છે. રાણીઓ તેને નવડાવે છે. પટરાણી નેણાવતી રાજાના હાથ પગ ચોળે છે.

રાજાની પીઠ પર ટપ ટપ પાણી પડયું. "અરે આ શું ? વરસાદ નથી; કંઇ નથી ને આ પાણી કયાંથી પડયું ?"

રાજાએ ઉંચું જોયું. જુવે છે તો ઝરૂખામાં માતા મીનળદે ઉભા છે તેમની આંખોમાંથી અશ્રુધારા વહે છે. ને તેના જ ટીપાં પોતાની પીઠ પર પડે છે.

સ્નાન કર્યા વગર રાજા ઉઠયા, કપડાં પહેરીને મા પાસે ગયા. "મા, બંગાળની માતા આજ આમ કેમ રડે છે ? આપણા રાજ્યમાં તને શું દુ:ખ છે તે કહે."

[વધુ રસિક ભાગ આવતા અંકે]

આપણી ગણિત શીખવવાની પધ્ધતિ દ્વારા નિર્માણ કરીએ છીએ. એકવાર આ વિષય તરફ બીક અને અરુચિ ઉત્પન્ન થઇ એટલે આ વિષયની પ્રગતિ અટકી જાય છે અને પછી જેમ જેમ બાળકને આ વિષયનું મહત્વ સમજાવવાનો આગ્રહ કરીએ છીએ તેમ તેમ તેનો આ વિષય પરનો વિશ્વાસ ઓછો થતો જાય છે. તેથી જ મેં તમને કહ્યું હતું કે વિનુને થોડા દિવસ શીખવવાનું બંધ રાખો. વાતાવરણનું મહત્વ વિસ્તારપૂર્વક સમજાવવાનું કારણ એ જ કે તમે હવે પછી વિનુનેં પ્રત્યક્ષ ગણિત શીખવવાને બદલે ગણિતનું વાતાવરણ તેની આસપાસ નિર્માણ કરવાનો પ્રયત્ન કરજો. આવા વાતાવરણમાં સ્વયંસ્ફૂર્તિથી બાળક ગણિતનુ જ્ઞાન કેવી રીતે મેળવવાનો પ્રયત્ન કરે છે તેનું તમારે અવલોકન કરવું જોઇએ. દરેક બાળકમાં પોતાની આવી બુધ્ધિ હોય છે જ અને આ બુધ્ધિનો ઉપયોગ કરી દરેક બાળક તેની આજુબાજુનાં જગતને અને વ્યવહારને સમજવાનો પ્રયત્ન કરતું હોય છે. તેના સ્વાનુભવથી જ જગતની સાથેનો તેનો પરિચય વધતો હોય છે. ભાષાને લીધે આ પરિચયને નિશ્ચિત સ્વરૂપ મળતું હોય છે. અનુભવનાં આ નિશ્ચિત સ્વરૂપને આપણે જ્ઞાન કહીએ છીએ.'

'પણ નામજોશીભાઇ, ગણિતનું જ્ઞાન, ભાષાજ્ઞાન કરતાં જુદું જ હોય છે.' 'કમલતાઇ, એ કઇ રીતે જુદું છે તે તો કહો!' કમલાતાઇના વિચારો સમજવાની દ્રષ્ટિથી મેં પૂછ્યું,

'ભાષાજ્ઞાન એટલે તેનો બાળકને સહેલો પ્રત્યક્ષ અનુભવ મળે છે. ભાષા તેનાં વાતાવરણમા બોલાતી હોય છે. ભાષામાં શરૂઆતમા શબ્દોને સ્થૂળ વસ્તુની મદદ મળે છે. 'મા' શબ્દનાં પરિચય માટે મા પ્રત્યક્ષ સામે જ હોય છે, દૂધ, પાણી, ખાવાનું, કપ, રકાબી ચમચો એવા અનેક શબ્દોનો પ્રત્યક્ષ અનુભવ બાળકને મળી શકે છે. ભાષાજ્ઞાનનાં સાધનો કુદરતે અને માણસે નિર્માણ કર્યાજ હોય છે. પણ ગણિતજ્ઞાનનું તેમ નથી' કમલતાઇએ કહ્યું. મેં કહ્યું, 'ભાષાગણિત પણ જેમ કુદરતી છે અને મનુષ્યોનાં વ્યવહારમાં પણ છે આપણી ભાષા ગણિતનાં શબ્દોને લીધે જ વિકસિત થઇ છે, એકવચન અને બહુવચન આપણે ભાષામા વાપરીએ છીએ તેમાં એકની અને અનેકની કલ્પના પહેલેથી હોવી જોઇએ તો જ વાક્ય પ્રયોગ થઇ શકે છે. આપણાં વ્યવહારમાં ઘણેખરે ઠેકાણે ગણિતનો ઉપયોગ કર્યા સિવાય આગળ વધી શકાતું નથી. 'શશી ત્રણ ચોકલેટ લાવ્યો' 'ત્રણ બટન તૂટી ગયા' વગેરે વ્યવહારમાં અને ભાષા પ્રયોગમા ગણિતનો સંબંધ સાધ્યા સિવાય ભાષામા નિશ્ચિત અર્થ આવતોજ નથી એટલે જીવનની શરૂઆતમાં ભાષા અને ગણિત બે-ને વચ્ચે ભેદ પાડી શકાય જ નહિ. મનનો વિકાસ અનુભવ અને ભાષા દ્વારા થતો હોય છે. અને આ શરૂઆત '' ભાષાનું અંગભૂત ગણિત છે.

'જીવનની શરૂઆતમાં ગણિત ભાષાના જ સ્વરૂપનું હોય તો પણ ભાષામાં શબ્દો અને ગણિતના શબ્દોમા ફરક છે જ એમ તમે પણ કબુલ કરશો.' કમલાતાઇ ફરી પાછો પોતાનો વિચાર દૃઢ કરતાં બોલ્યા, મેં કહ્યું, 'તમે કહો છે, તે ફરક મને પણ માન્ય છે' 'કપ' 'રકાબી' 'ચમચો' વગેરે શબ્દોને સામાન્ય જ્ઞાન થવા માટે તે વસ્તુઓ પ્રત્યક્ષ દ્રષ્ટિગોચર હોવાથી સહેલ પડે છે. પણ 'એક' 'ચાર' 'પાંચ' વગેરે ગણિતનાં શબ્દોનો અર્થ સાપેક્ષ હોવાથી તેનો અર્થ સમજવા માટે બાળકની બુધ્ધિ થોડે અંશે વિકસેલી હોવી જોઇએ, 'ચાર બાળકો' 'ચાર વર્ગ' 'ચાર ગામ' આ પ્રત્યેક ઠેકાણે 'ચાર' નો અર્થ જુદો જ દેખાય છે તેમ 'કપ' 'રકાબી' જેવા શબ્દોનો અર્થ બદલાતો નથી. 'કપ' આ શબ્દનો અર્થ નિશ્ચિતપણે મૂર્ત છે તે બાળક જોઇ શકે છે તેમ 'ચાર' એ શબ્દ બાળક મૂર્તપણે જોઇ શકતો નથી આવા શબ્દોનું સામાન્ય જ્ઞાન થાય તેથી તેના વિષે વધારે કલ્પના હોવી જોઇએ. તેથી બાળક પહેલા ભાષા શીખે છે. અને તેની ગણિતને લગતી બુધ્ધ જેમ જેમ વિકાસ પામતી જાય છે તેમ તેમ તેની ભાષા નિશ્ચિત અર્થવાહી બનતી જાય છે'' '' એટલે તમે એમ કહેવા માગો છે, કે ભાષાના વિકાસથી જ ગણિતની શરૂઆત થાય છે?'' કમલતાઇ બોલી ઉઠ્યા.

''ગણિતની શરૂઆત ભાષામાથી જ થાય છે આપણે નિશ્ચિતપણે સમજીએ તો ભાષાને જેમ આપણે પહેલા સ્થૂળ વસ્તુના અનુભવ દ્વારા શીખીએ છીએ તે જ પદ્ધતિ બાળકને ગણિત શીખવવામાં ઉપયોગી થશે બાલમંદિરમાં આવી જ પદ્ધતિનો ઉપયોગ

કરવામાં આવે છે. ગણિતનો મુખ્ય આધાર પરિમણા પર હોય છે. ગણિત એટલે પરિમાણ ગણત્રી, પરિમાણનો દુરૂપયોગ પરિમાણ દ્વારા જ અંકને મુર્ત સ્વરૂપ આપી શકીએ છીએ. માટે જ બાળકના ગણિત શિક્ષણની શરૂઆત નિશ્ચિત પરિમાણને આધારે જ થવી જોઇએ. '

' આ તમારા વાકયનો અર્થ હું સમજી શકતી નથી ' કમલાતાઈ વચ્ચે બોલી ઉઠયાં, તમે તમારૂં કહેવું વધારે સ્પષ્ટ કરો. "

મેં કહ્યું, " બાળકો કઇ રીતે શીખે છે તેની આપણે ઉપર જે ચર્ચા કરી તેનો અર્થ એ કે બાળકને ગણિત શીખવવું હોય તો પહેલાં નિશ્ચિત પરિમાણ પસંદ કરી તેને આધારે જ અંકના નામ બાળકને શીખવવા જોઇએ, એકવાર અક ને મોઢે કરવા અથવા એકવાર આંગળા પર ગણાવવું અને બીજીવાર ચિંચુકા, મણી અથવા પથ્થર વગેરે લઇ ગણાવવું એ ચાલુ પદ્ધતિ બાળકનાં મનમાં ગુંચવણ જ ઉત્પન્ન કરે છે. તમે શરૂઆતમાં વિનુને આ પ્રમાણે જ શીખવતાં હતાં. એમ ન કરતાં અંક ગણવા માટે શરૂઆતમાં આ વસ્તુ દ્વારા અંક પરિચય કરાવવો જોઇએ,

' તેથી જ તમારા બાલમંદિરમાં હું જ્યારે જ્યારે જાઉં છું ત્યારે બાળકો લાલભૂરા પટ્ટાવાળી લાકડીઓ લઇ એ ગણતાં હોય છે; કમલાતાઇ બોલ્યા. " મેં કહ્યું, ' બાલમંદિરમાં અંક પરિચય કરાવવા ખૂબ વિચારપૂર્વક અને કાળજીપૂર્વક યોજના કરવામાં આવી છે.

' યોજના ' શબ્દ સાંભળી કમલાતાઇ બોલી ઉઠયાં, ' પંચવાર્ષિક યોજના જેવી તો આ યોજના નહિ ને ? ' મેં કહ્યું, ' મેં યોજના શબ્દ-આ વિષયનાં મહત્વની દૃષ્ટિથી વાપર્યો છે. ગણિત ગંગોત્રીની ઉગમમાં જ દિશાની ઝીણી પણ ભુલ થઇ તો પણ તેનું આગળ જતાં પરિણામ ભયાનક આવે છે. અહીં જરાક કાળજી લીધી તો તેનો એટલો જ મોટો ફાયદો પણ દેખાઇ આવે છે. જેમ બી વાવતાં ખૂબ કાળજી-પૂર્વક યોગ્ય સમયનો વિચાર કરવો પડે છે તેમ જ ગણિતનું બી વાવતાં કરવું પડે છે.'

' તમારા આ વિવેચન પરથી તો એમ લાગે કે તમારી આ બધી યોજનાઓ સમજવા માટે બાલ અધ્યાપન મંદિરનાં વિદ્યાર્થી જ બનવું પડે ' મેં કહ્યું, ' દરેક વાલીને બાલ અધ્યાપન મંદિરમા આવવાની જરૂર નથી. પણ વાલી તે જ બાળકનો પહેલો ગુરૂ હોઇ તેણે શિક્ષણ વિષયક થોડી મૂળભુત મહત્વની વાતો સમજી લેવી જોઇએ. શિક્ષણ બાબતની સંપૂર્ણ માહિતી (details) મેળવવાનો બાસ પ્રયત્ન કરવાની જરૂર નહિ, પણ શિક્ષણ વિષયક સામાન્ય સિદ્ધાન્તોનો પરિચય તેમને હોય તો વાલીઓ બાલ-શિક્ષણ પ્રત્યેની જવાબદારી યોગ્ય રીતે પાર પાડી શકે છે. હવે પછીની ચર્ચામા અંક પરિચય ના વિષય પર આગળ ચર્ચા કરીશું.

–શેષ નામલે.

સાભાર સ્વીકાર :

નવલે પાણી ના સંગ્રાહક ભાઇ શ્રી. શાંતિકુમાર પંડયા ' જુગા પડયા ' નામથી લેખક તરીકે જાણીતા છે. બાળકોનો એમને પ્રત્યક્ષ અનુભવ છે. તેથી એમણે સંગ્રહેલા ગીતો અને રાસ પાછળ બાલ શિક્ષણની દ્રષ્ટિ છે. પુસ્તકમાં રજુ કરવામા આવેલા ૫૫ ગીતોમો બાળકોની જુદી જુદી કક્ષાઓને ધ્યાનમા લઇને ચાર વિભાગો કર્યા છે. સંગ્રહમાં વિવિધતા છે, તેમજ વિષયોની પસંદગી બાલભોગ્ય છે. શિક્ષકો અને વાલીઓ આ પ્રયત્નને જરૂર વધાવી લેશે. પ્રાપ્તિસ્થાન : ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, ગાંધી માર્ગ, અમદાવાદ.

બાલ શિક્ષણ પત્રિકા– મોમ્બાસામાં આવેલી દેવબાઇ નર્સરી સ્કૂલ તરફથી પ્રકટ થાય છે. સંપાદક શ્રી. હેમુભાઇ અને શ્રી. શારદાબેન રાજ્યગોર છે. ચાર પાનાની આ પત્રિકા વાલીઓને ઉત્તરોત્તર વિશેષ ઉપયોગી થશે એવું એના અત્યારના સ્વરૂપ પરથી લાગે છે.

(શેષ આગામી અંકે)

– પ્રકીર્ણ –

૧ ગ્રામ બાલ શિક્ષા કેન્દ્ર–
બોડીઁઆં કન્યા છાત્રાલય.

મુંબઇથી ૮૦ માઇલ ઉત્તરમાં દરિયા કિનારા પર બોડીઁ ગામ છે. ત્યાં હવા પાણી અને ફળ ફુલ વાડી તથા કેળવણીની સંસ્થાઓને લીધે આ ગામ જાણીતું થયું છે. ગોખલે એજ્યુકેશન સોસાયટી તરફથી ત્યાં આચાર્ય શ્રી. ભિસેજીના નેતૃત્વ હેઠળ જે સંસ્થાઓ ચાલે છે તેમાં હકીમજી હાઇસ્કૂલ પ્રસિદ્ધ છે. આ હાઇ-સ્કૂલને જોડીને વિદ્યાર્થિઓ માટે શારદાશ્રમ નામનું મોટું છાત્રાલય છે પરંતુ વિદ્યાર્થિનીઓ માટે ત્યાં કોઇ પ્રકારની છાત્રાલયની સગવડ ન હતી. શ્રી. ભિસેજીના સહકારથી બોડીઁના નૂતન બાળ શિક્ષણ સંઘના ગ્રામ બાલ શિક્ષા કેન્દ્રે બહારગામની કન્યાઓ રહીને એ હાઇસ્કૂલનો લાભ લઇ શકે એ દ્રષ્ટિએ એક કન્યા છાત્રાલય જૂનથી ખોલવાનું વિચાર્યું છે ગ્રામ બાલ કેન્દ્રના કેળવણીના વાતાવરણમાં, ઉગતી પેઢીની કન્યા ઓને રહેવાની સગવડ કરી આપવા માટે સંઘ તથા શ્રી. તારાબહેનને ધન્યવાદ. ગુજરાતી તેમજ મરાઠી વાલીઓ આ તકનો સારો લાભ લેશે એવી આશા રાખીએ છીએ.

૨. આવકારદાયક વિચાર

'ગરીબ વાલીઓને ' શિક્ષણ પત્રિકા'નો લાભ મળી શકે એવી કોઇ યોજના છે કે?' આફ્રીકાથી શ્રી. કોકિલાબેન પૂછાવે છે. પત્રિકા માતા પિતાને બાળ ઉછેર બાબત સારા પ્રમાણમાં ઉપયોગી થઈ શકે તેવી મને લાગે છે. કુવામાં હોય તો હવાડામાં આવે, એ નીતિએ માતા-પિતા પાસે હશે તો તેઓ બાળકોને આપી શકશે. તો માતા-પિતા કે જેઓ શિક્ષણ પત્રિકા મેળવવા અશકત છે તેમાથી કોઇને પણ જે એની મદદ થઇ શકે તો તે વધુ ઉત્તમ ! તેમ મને લાગ્યું છે. જે કોઇ વ્યક્તિ એ રીતે રકમ ભરવા ઇચ્છે તો તે માટે આપને ત્યાંથી વ્યવસ્થા છે કે તે જાણવા મારી ઇચ્છા છે. તો જણાવી આભારી કરશો.'

બહેન શ્રી. કોકિલા બહેને સુચિત કરેલા આ નવા સૂચન અંગે નૂતન બાલ શિક્ષણ સંઘનું વ્યવસ્થાપક મંડળ જરૂર વિચાર કરશે. અને પત્રિકા ગરીબોને પણ મળે તે માટે માર્ગ કરી આપે એવું અમે ઇચ્છિએ છીએ.

ના.

બાલશિક્ષણ અને સંઘ સમાચાર.

શિક્ષણ પત્રિકાનું નવું કાર્યાલય : નૂ બા. શિ સંઘના નિયંત્રણ મંડળના આદેશ મુજબ ગુજરાતી અને હિંદી પત્રિકાનો કાર્યાલયો એક કરવામાં આવ્યા છે કાર્યાલયના વ્યવસ્થાપક તરીકે શ્રી રમણીકલાલ તુરખીયાની નીમણુક કરવામાં આવી છે. આગામી જૂન માસથી શિક્ષણ પત્રિકા દર મહિનાની ૧૦ ૧૨ મીની બદલે હવે તા. ૧લીએ ટપાલમા રવાના કરવામા આવશે અને તે બધા સભ્યોને દર મહીનાની તા. ૫મી પહેલા મળી જશે. પત્રિકાની વ્યવસ્થા અંગેનો સઘળો પત્ર વ્યવહાર શ્રી રમણીકલાલ તુરખીયા વ્યવસ્થાપક "શિક્ષણ પત્રિકા" ૧૧૮, હિંદુ કોલોની, દાદર મુંબઇ નં ૧૪ ના સરનામે કરવો ખાસ કરીને જેને પત્રિકાના અંકો સમયસર મળતા નથી અથવા તો જેના અંકો ગેરવલ્લે પડતા હોય છે તેઓ તરતજ પોતાની ફરિયાદો કાર્યાલયમા નોધાવે તેમજ પત્રિકાના નવા વર્ષના લવાજમો પણ હવેથી આજ સરનામે મોકલાવે એવી સૌ સભ્યોને (ગ્રાહકોને) વિનંતિ કરવામાં આવે છે.

મુંબઇ પ્રાદેશિક શાખા : તા. ૧૧–૪–૫૩ના રોજ નૂ બા શિ. સંઘની મુંબઇ નગર પ્રાદેશિક શાખા-ની સભા મળી હતી તેમા શાખાએ ૧૯૫૩–૫૪ માટે યોજવાના કાયક્રમ પર વિચારણા ચલાવી હતી. ચર્ચાની અંતે ઑકટોબરની રજાઓમા ૧૯૪૮મા યોજાયું હતું તે પાયા પર બાળકેળવણીના પ્રચારની દ્રષ્ટિએ બાળ-શિક્ષણ નગર તથા સંસ્કાર વર્ગની યોજના,ફરતા વાચના-

લયની યેાજના તથા શૈક્ષણિક ચિત્રપટેા સ્થાનિક શાળાએામાં બતાવવાની તેમજ સ્થાનિક શાળાઓ વધારવાની યેાજના ઘડવા માટે જુદી જુદી સમિતિએા નીમવામાં આવી હતી.

અમદાવાદ પ્રાદેશિક શાખા : ગયા માસમાં આ શાખાની એક સભા ડૉ. શ્રી. નાનુભાઇના પ્રમુખપદે મળી હતી તેમાં ૧૯૫૩–૫૪ના કાર્યક્રમનેા વિચાર કરવામાં આવ્યેા હતેા. સ્થાનિક શાળાએા તથા તેના સભ્યેા વધારવા અંગેની યેાજના તેમજ અધ્યાપન મંદિર તથા બાળ કેળવણીના પ્રચાર અંગેની યેાજના પર વિચાર થયેા હેાવાનું જણાય છે.

મહેસાણા જીલ્લા પ્રાદેશિક શાખા : આ શાખા તરફથી મહેસાણામાં એક સંપૂર્ણ બાલ મંદિર તથા એક બાલવાડીનેા પ્રયેાગ કરવા ધાર્યું છે. આ કાર્ય માટે કેાઈ સારા શિક્ષક કાર્યકરની શેાધ અત્યારે ચાલુ છે.

ઇન્દેાર નગર પ્રાદેશિક શાખા : જૂનથી બાલનિકેતન તરફથી ચાલેતું બાલ અધ્યાપન મંદિર ફરીથી ચાલુ કરવામાં આવે છે. સંઘમાન્ય બાલ અધ્યાપન મંદિરેામાં આ હિંદી ભાષી ભાઈ બ્હેનેા માટે આ એકજ બાલ અધ્યાપન મંદિર ચાલે છે તે સબંધમાં વધુ માહિતિ માટે સંચાલિકા બ્હેન શ્રી. શાલિની બ્હેન મેાઘે ૬૩, આલાપુરા, ઇન્દેારના સરનામે લખવું.

બાલ અધ્યાપન મંદિરેાના નવા વર્ષના સત્રેા: દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન મંદિર ભાવનગર સૌરાષ્ટ્ર (માત્ર ગુજરાતી ભાઇ બ્હેનેા માટે) નૂ. આ શિક્ષણ સંઘનું ગ્રામ બાલ અધ્યાપન મંદિર બેાર્ડી જી. થાણા શિશુવિહાર બાલ અધ્યાપન મંદિર, દાદર મુંબઇ, ૧૪. (બંને ગુજરાતી અને મરાઠી ભાઇ બ્હેનેા માટે) તેમજ શિશુ વિહાર બાલ અધ્યાપન મંદિર પૂના (માત્ર મરાઠી ભાઇ બ્હેનેા માટે) જૂનમાં શરૂ થશે. આ દરેક સંસ્થામાં અત્યારે નવા વર્ષને માટે વિદ્યાર્થીઓની ભરતી શરૂ થઇ છે. દરેકની વધુ માહિતી માટે તે તે સંસ્થાને લખવુ.

સૂચના:—સ્થળ સંકેાચને લીધે કેટલાંક સમાચારેાને આ અંકમાં સ્થાન આપી શકાયું નથી જે આગામી અંકમાં પ્રગટ થશે. —સં.

ગ્રામ બાલ શિક્ષા કેન્દ્ર, બેાર્ડી

તા. ૨૫, ૨૬ અને ૨૭ એપ્રીલ ને દિવસે શ્રી. તારાબેન મેાડકના આમંત્રણથી સંઘના શ્રી. બા. શિ. કેન્દ્રમાં સંઘના મિત્રમંડળનું એક નાનુ સંમેલન યેાજવામાં આવ્યું હતું. આમંત્રિત મિત્રેામાંથી શ્રી. માલતીબાઇ બેડેકર, શ્રી કપિલાબેન મહેતા, શ્રી. ચારૂશિલાબાઇ ગુપ્તે, શ્રી. કુસુમબાઇ નારગેાળેકર તથા શ્રી. ભાનુબેન શાહે બાલ સિક્ષણ વિષયક દેશ-પરદેશના પેાતાના અનુભવેા કહી સંભળાવ્યા હતા

તા. ૨૮ તથા ૨૯ એપ્રીલના દિવસેાએ સંઘના નિયંત્રણ મંડળે ખાસ નિમેલી અધ્યાપન શિક્ષણ સમિતિની સભા મળી હતી. સંઘ તરફથી સ્થાપિત થનાર પૂર્વ-પ્રાથમિક બાલ અધ્યાપન નિયંત્રણ મંડળ અંગેના પ્રશ્નને વેગ આપવા માટે આ સભામાં વિચાર થયેા હતેા.

થાણા જીલ્લા પ્રાદેશિક : સંઘના વ્યવસ્થાપક મંડળના સભ્ય શ્રી. બાબીબેન મુળજીને હસ્તે દહાણુમાં તા. ૨૬ ને દિવસે થાણા જીલ્લા પ્રાદેશિકનુ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ હતું; એવા સમાચાર શ્રી વીરેન્દ્રભાઇ અઢિયા તરફથી મળ્યાં છે.

ઇંદેાર નગર પ્રાદેશિક : આવતા જૂન મહિનાથી ઇંદેારમા બાલ નિકેતનમા સંઘ-તરફથી હિંદી ભાષી વિદ્યાર્થિઓ માટે બાલ મંદિર શરૂ કરવાનુ નક્કી થયું છે. વધૂ માહિતી માટે શ્રી. શાલિનીબેન મેાઘે સંચાલક બાલ અધ્યાપન મંદિર, ૬૩, આલાપુરા, 'ઇંદેાર,' ને સરનામે પત્રવ્યવહાર કરવેા.

અધ્યાપન મંદિરનું નવું સત્ર : ગ્રામ બાલ અધ્યાપન મંદિર, બેાર્ડી તથા શિશુ વિહાર બાલ અધ્યાપન મંદિર દાદર–મુંબઇ તથા પૂના આ ત્રણે સંસ્થા જુનની તા ૧૨ મી થી શરૂ થશે

શ્રી સેવક ભેાજરાજ ઉર્ફે દાદા : બાલકના જી બારી અથવા અખિલ હિંદ બાલક સંઘના સંસ્થાપક તથા મંત્રી શ્રી દાદાની અખિલ વિશ્વ શિશુ-સંગઠનના આંતરરાષ્ટ્રીય મંડળમાં ભારતના પ્રતિનિધિ તરીકે ચૂંટણી થઇ છે તેમને અમારા અભિનંદન !

સંપાદકીય :

આપણે આગળ વધીએ !

નવા બં[illegible] ધારણ પ્રમાણે દરેક પ્રાદેશિક શાખા
એટલે નગર અ[illegible] વવા જીલ્લાના મર્યાદિત ક્ષેત્રમાં સંઘનું
કાર્ય વિકસાવવા[illegible] ની દ્રષ્ટિથી સ્વયંશાસક હોય એવા નાના
નાના નૂતન બ[illegible] ાલ શિક્ષણ સંઘ જ છે. એ બધા
નાના નાના સં[illegible] ઘના પ્રતિનિધિઓએ ભેગા મળીને વિચાર
કરવાનું સ્થળ [illegible] એટલે સંઘનું નિયંત્રણ મંડળ. આ
નિયંત્રણ મંડળ[illegible] ના માર્ગદર્શન પ્રમાણે સંઘનું મધ્ય-
વર્તી વ્યવસ્થા[illegible] મક મંડળ સંઘનું કાર્ય કરે છે. આ
પ્રમાણે સંઘન[illegible] ની નવી રચના પ્રમાણે પ્રત્યક્ષ કાર્ય કર-
નારી શાખા [illegible] તરફથી જ સંઘના કાર્યને વેગ મળતો
રહે એવી આ[illegible] શા છે. પ્રાદેશિક અને સ્થાનિક શાખા
ઉપર નવાં બં[illegible] ારણ પ્રમાણે આવેલી આ જવાબદારી
જો પ્રાદેશિક [illegible] અથવા સ્થાનિક શાખા ન સ્વીકારે તો
સંઘના વિકાસ[illegible] માટે માર્ગ નથી. તેથી દરેક વિભા-
ગના કાર્યકર્તાએ[illegible] પોતાના વિભાગમાં સંઘનો ઉદ્દેશ
સફળ કરવાની દ્રષ્ટિએ, જે કરવાની શકયતા હોય તેનો
ચોકકસ કાર્યક્રમ ઘડીને ૧૯૫૩-૫૪ ના કાર્યની રૂપરેખા
આલેખવી જોઈએ.

આ દ્રષ્ટિથી ગયા મહિનામાં મુંબઇ, અમદાવાદ, મહેસાણા જીલ્લાના પ્રાદેશિક શાખાના કાર્યકર્તા મંડળમાં જે વિચાર કરવામાં આવ્યો હતો તે સંઘના કાર્યની દ્રષ્ટિથી અતિશય આવશ્યક એવો પ્રયત્ન થયો છે, એવો અમારો મત છે. પ્રાદેશિક શાખાના આ કાર્યક્રમમા દરેક પ્રાદેશિક શાખા તેના ભૌગોલીક ક્ષેત્રમા રહી સ્થાનિક શાખાને કઇ કઇ રીતે ઉપયોગી થઈ પડશે એનો વિચાર પ્રથમ પહેલેથી થવો જોઇએ. મુંબઇ પ્રાદેશિક શાખાએ આ દ્રષ્ટિથી બે ઉપયોગી થઇ પડે એવા કાર્યક્રમો યોજેલા જણાય છે. પહેલો કાર્યક્રમ એટલે સ્થાનિક શાખાના સભાસદો માટે બાલશિક્ષણ વિષયક ફરતા પુસ્તકાલયની યોજના અને બીજો કાર્યક્રમ એટલે ચિત્રપટ દ્વારા વાલી શિક્ષક અને બાળકો માટે શિક્ષણ યોજના આ બે જ યોજના જો વ્યવસ્થિત રીતે અમલમા મૂકાય તો એના વડે બાલ શિક્ષણ વિષેના નવા વિચારોનો સુંદર રીતે પ્રચાર થઇ શકશે. અને તેમાથી નવું જ કાર્યક્ષેત્ર વિકસાવવાની શકયતા નિર્માણ થશે. આ બન્ને કાર્યક્રમની સાથે મુંબઇ શાખાએ પોતાના પ્રદેશના બાલ મંદિરોની પરિસ્થિતિનો વિચાર કરીને સ્થાનિક શાખાઓ શકય તેટલી વધારવાની યોજના પણ હાથ ધરી છે.

આ ઉપરાંત ઓકટોબરની રજામાં પંદર દિવસ માટે બાલ શિક્ષણ નગર અને શિક્ષકો માટે સંસ્કાર વર્ગ વગેરે યોજવા અંગે શાખાના કાર્યકર્તા મંડળમાં વિચાર થયો હતો. અમદાવાદ પ્રાદેશિક શાખામાં અમદાવાદમાં બાલ અધ્યાપન મંદિર કેવી રીતે શરૂ કરી શકાય એનો વિચાર તથા મહેસાણા જીલ્લા પ્રાદેશિક શાખા તરફથી એક સંપૂર્ણ બાલ મંદિર અને એક બાલવાડી ચલાવવાનો વિચાર ચાલે છે. સંઘની દરેક શાખા જાગૃત રહીને જો પોતાનું કાર્ય કરે તોજ સઘના કાર્યના વિકાસ માટે આપણાથી આશા બાંધી શકાય એ આપણે સૌએ ધ્યાનમાં લેવું જોઇએ.

સંઘના દરેક કાર્યનો મૂળભૂત ઉદ્દેશ બાળક માત્રને તેના સર્વાંગી વિકાસને પોષી શકે એવી યોજના બનાવી તેને અમલમાં મૂકવી એ છે. આ દ્રષ્ટિએ જન્મથી જ સંગોપાનથી માંડીને તે બાળકના બાર ચૌદ વર્ષ સુધીના બધાંજ પ્રશ્નો સંઘના બાલશિક્ષણના વ્યાપક વ્યાખ્યામાં આવી શકે છે. બાલસંગોપન, બાલ આરોગ્ય, માતાપિતા શિક્ષણ, શિક્ષક શિક્ષણ, બાલ-સાહિત્ય, બાલશૈક્ષણિક સાધનો, શિશુગૃહો, બાલમંદિરો પ્રાથમિક શાળા, આ બધાં સઘના ક્ષેત્રનાજ કાર્યો છે. આ કાર્યો ઉત્તમ રીતે થાય એ દ્રષ્ટિથી બાલ વાચનાલયો સગ્રહાલયો, વાલી-શિક્ષક વાચનાલયો, અભ્યાસ મંડળો, નાના મોટા પ્રદર્શનો, વ્યાખ્યાનો, ચિત્રપટ, બાલમેળા, સભા, પરિષદો વિગેરે કાર્યક્રમો જ્યાં જ્યા શકય હોય તે પ્રમાણે યોજવા જોઇએ.

દરેક પ્રાદેશિક શાખાના કાર્યકર્તા મંડળમાં બાલશિક્ષણ અંગેનો પ્રત્યક્ષ અનુભવ હોય એવા કાર્યકર્તાઓ છે. આપણા વિભાગમા આપણી બાલ-શિક્ષણની સંસ્થામાં શું થવું જોઇએ એની બધાંને કલ્પના છે. આપણી મર્યાદામા રહીને કાર્યક્રમની યોજના કરીને શાખાએ તેને અમલમા મૂકવાનો પ્રયત્ન કરવો જોઇએ. મધ્યવર્તી વ્યવસ્થાપક મંડળે શાખાના કાર્યક્રમને શકય તે રીતે મદદ કરવાની પોતાની ઇચ્છા વ્યક્ત કરી છે તો સંઘના નાના-મોટા બધાં કાર્યકર્તા અને શાખા પોતાના કાર્યક્રમની વ્યવસ્થિત રૂપરેખા દોરીને કાર્ય શરૂ કરી દેશે, એવી અમે આશા રાખીએ છીએ.

હિન્દનો

અગ્રગણ્ય

સ્વદેશી સ્ટોર

×—◉—×

તમારી જરૂરિયાતો ખરીદવાનું
એક માત્ર
ભરોસાપાત્ર સ્થળ

: આજે જ પધારો :

ધી બોમ્બે સ્વદેશી
કો-ઓપરેટિવ સ્ટોર્સ કં. લિ૦

સર ફિરોઝશાહ મહેતા રોડ,
ફોર્ટ, મુંબઇ ૧
ફોન : ૨૦૪૪૩

શાખા :
મહાત્મા ગાંધી રોડ, પૂના
જેમ્સ-સ્ટ્રીટ, સિકંદરાબાદ.

-શિક્ષણ સાહિત્ય-
ક્યાંથી મેળવશો ?

(૧) બાળ મંદિરને ઉપયોગી સાધનો
(૨) નર્સરી શાળાઓને ઉપયોગી પ્રબોધક સાહિત્ય
(૩) મજૂર કલ્યાણ કેંદ્રને ઉપયોગી સાધનો
(૪) પૂર્વ પ્રાથમિક કેળવણીને ઉપયોગી સાધનો
(૫) નઈ તાલીમ કેળવણીને ઉપયોગી સાધનો
(૬) પ્રાથમિક શાળા-કેળવણીને ઉપયોગી સાધનો
(૭) માધ્યમિક કેળવણીને (હાઇસ્કુલને) ઉપયોગી સાધનો
(૮) વ્યાયામ કેળવણીને ઉપયોગી સાધનો
(૯) વૈજ્ઞાનિક કેળવણીને ઉપયોગી સાધનો
(૧૦) અધ્યાપન મંદિરની કેળવણીને ઉપયોગી સાધનો

ઉપર મુજબની સંસ્થાઓને ઉપયોગી તમામ સાહિત્ય નજરે જોવા અવશ્ય મુલાકાત લો, અગર સૂચિપત્ર મંગાવો.

જેચંદ તલકશી એન્ડ સન્સ.

એમ્પાયર બિલ્ડીંગ, બોરીબંદર. ટ્રામ જંકશન
સામે, મુંબઇ ૧.

આગ-અકસ્માત-જિંદગી

મોટર, દરિયાઈ, વર્કમેન્સ કોમ્પેન્સેશન
સર્વ પ્રકારનું વીમાકામ
સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને
સંતોષકારક મહેનતાણું :
એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય
મંગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—
૩૧૫-૩૨૧ પ્રોસ્પેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ,
મુંબઈ.

શ્રી ન્યૂ. ઇ. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : શ્રી રમણીકલાલ તુરખીયા, ૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઇ ૧૪
મુદ્રણ સ્થાન : ભારતી પ્રિન્ટરી, માટુંગા, મુંબઇ ૧૯

બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ-૨૮ : અંક-૬ ઠ્ઠો : જુન, ૧૯૫૩

અભ્યાસનો પહેલો વિષય

ઘર એટલે જીવન-કેળવણીની પહેલી શાળા. જન્મ પછીની પહેલી જ ક્ષણથી અહિંની કેળવણી શરૂ થાય છે. પોતાની આજુ-બાજુના લોકો કેમ વર્તે છે એજ બાળકનો અભ્યાસનો પહેલો વિષય હોય છે. આ અભ્યાસમાંથી બાળક પોતાના જીવનના કાયમી વલણો નિર્માણ કરે છે. જીવન પ્રત્યેની સદ્‌ભાવના અને આત્મ-વિશ્વાસ અથવા અસદ્‌ભાવના અને અવિશ્વાસ એ અભ્યાસમાંથી જ બાળક પામતું હોય છે.

સંસ્થાપક :
સ્વ. ગિજુભાઇ બધેકા

તંત્રી :
તારાબેન મોડક

વાર્ષિક લવાજમ : ૩૫. ૪-૦-૦ : : કાર્યાલય : ૨૨૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઈ. ૧૪. : : છૂટક નકલ ૬ આના

નૂતન બાળ શિક્ષણ સંઘ

એટલે

વાલીઓ શિક્ષકો અને બાળ પ્રેમીઓનું બનેલું અખિલ ભારતીય સંગઠન.

સંઘના પદાધિકારીઓ :—

પ્રમુખ: શ્રી મોરારજીભાઇ દેસાઇ.
ઉપપ્રમુખ: આચાર્ય શ્રી ભિસે.
કાર્યાધ્યક્ષ: શ્રી સરલાદેવી સારાભાઇ.
કોષાધ્યક્ષ: શ્રી વા. રા. પટવર્ધન
મંત્રીઓ: શ્રી શેષ ના. નામજે.
શ્રી યશસ્વતી બેન ભટ્ટ.

સ્થાનિક શાખા :—

કોઇપણ બાળ કેળવણીની સંસ્થા, વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓમાંથી ઓછામાં ઓછા સંઘના ૨૫ સભ્યો બનાવી, સંઘ માન્ય શાખા સ્થાપી શકે છે. આ જાતની શાખાને સ્થાનિક શાખા કહેવાય છે.

પ્રાદેશિક શાખા :—

કોઇપણ જીલ્લામાં ઓછામાં ઓછી ચાર સ્થાનિક શાખા સ્થપાયેલી હશે તો તે વડે સંઘની જીલ્લા પ્રાદેશિક શાખા સ્થાપી શકાય છે. અને આ જીલ્લા શાખાના પ્રતિનિધિ સંઘના અખિલ ભારતીય નિયંત્રણ મંડળમાં ચૂંટાઈ શકે છે.

સંઘનું પ્રચાર સાહિત્ય :—

સંઘનું બંધારણ, પ્રવેશ પત્રકો, સુચના–માહિતી વિ. સંઘને લગતું પ્રચાર સાહિત્ય મેળવવા માટે નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવા વિનંતી છે

મંત્રી, શ્રી નૂતન બાલ શિક્ષણ સંઘ
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ, ૧૪.

સંપાદક મંડળ :— જમુભાઇ દાણી, પૂનમચંદ શાહ,
નરેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ, હેમલતા માળવી, મંજરી રાયજી,

અનુક્રમણિકા.

૧	સંપાદકીય	લેખક.
૨	સંસ્કારનો વારસો	'ઓજસ'
૩	લેખન કળા	મૃદુલાબેન શેઠ
૪	બાળકનું ગણિત શિક્ષણ	શેષ નામજે
૫	**બાળવિભાગ**	
	કોણ કોણ આવેછે	ર. કોઠારી.
	ચકલીના બે બચ્ચાં	
	ધોળીયો કુતરો	
	ગોપીચંદ	
૬	બા એ કહયું બેન મને મારશે.	તા. પરાંજપે
૭	બાળ શિક્ષણ અને સંઘ સમાચાર	

શિક્ષણ પત્રિકા અંગે
આટલું ધ્યાનમાં રાખશો.

કે– " શિક્ષણ પત્રિકા " એ નૂતન બાલ શિક્ષણ સંઘનુ મુખપત્ર છે, તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના આપ મેળેજ તેના સભ્યો બની જાય છે.

કે– " શિક્ષણ પત્રિકા " એ બાળ જીવન ના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા–પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે

કે– " શિક્ષણ પત્રિકા " દરેક મહિનાની પહેલી તારીખે પ્રગટ થાય છે.

કે– ' શિક્ષણ પત્રિકાના " ના દરેક ગ્રાહક નો ગ્રાહક નંબર ' પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે. પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરૂરી છે.

કે– " શિક્ષણ પત્રિકા " ના ગ્રાહક કોઇ પણ માસથી થઇ શકાય છે.

કે– " શિક્ષણ પત્રિકા " માં બાળશિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામા આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫મી સુધીમા કાર્યાલય ને મોકલાવી આપવા જરૂરી છે.

કે– " શિક્ષણ પત્રિકા " માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

કે– " શિક્ષણ પત્રિકા " (ગુજરાતી અને હિંદી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતિ છે.

—શ્રી રમણીકભાઇ તુરખિયા
વ્યવસ્થાપક " શિક્ષણ પત્રિકા "
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

ભૂલ સુધારો:—આ અંકમાં પાના ૮મા પર નીચે " અનુસંધાન પાના ૧૩ પર " પ્રેસની ભૂલને લીધે છાપવાનું રહી ગયેલ છે તો તે સુધારીને વાંચવા વિનંતિ છે

"બાલવિભાગમાં પાના ૯ પર જે કાવ્ય મૂકવામા આવ્યું છે, તેમાં તેના રચયિતા **શ્રી ર. કોઠારી** નું નામ પણ મૂકવાનું રહી જવા પામ્યું છે, તો તે પણ સુધારીને વાંચવા વિનંતિ છે. સં.

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૮ : અંક ૬] મુંબઇ [જુન ૧૯૫૩

સંપાદકીય

શું તમારૂં બાલમંદિર જોઇએ તેવું છે ?

બાલમંદિર એ એક આપણી રાષ્ટ્રીય સંસ્થા છે એ દ્રષ્ટિથી તેના પ્રશ્નો જાણી લેવાનું અને તેનો ઉકેલ લાવવાનું આપણે કયારે શીખીશું ? આપણા બાળકોની કેળવણી એ આપણો સર્વ-સામાજીક અથવા રાષ્ટ્રીય પ્રશ્ન છે. બાળકોની કેળવણી માટે માતા-પિતા અથવા વાલીઓ કુટુંબની મર્યાદામાં રહી ઘણું કરી શકે છે પરંતુ બાળકના સર્વાંગી વિકાસ માટે માત્ર માતા-પિતા કે એકલા કુટુંબના પ્રયત્નથી બાળકેળવણીનો પ્રશ્ન ઉકેલી શકાશે નહિ.

આપણામાંના ઘણા બાલમંદિરો પર માત્ર ટીકા કરતા હોય છે; બાલમંદિરોના, બાલશિક્ષકોના દોષ કાઢતા હોય છે. " બાલમંદિરો કેળવણીના નામે બાળકોનુ શોષણ કરવા લાગ્યા છે. " " બાલમંદિર એ કમાણીનો ધંધો છે' બાલમંદિર એ ધતિંગ છે ' એ પ્રકારની ટીકા જ્યાં ત્યાં સંભળાય છે. પણ પ્રશ્ન તો એ છે કે માત્ર ટીકા કરવાથી આપણા બાલમંદિરો એ એક આપણી રાષ્ટ્રીય કાર્યક્ષમ સંસ્થા તરીકે વિકસશે ખરા ? આપણા બાળકોનું આરોગ્ય, ઉછેર અને સર્વાંગી દોરવણીની જવાબદારી કોની ? માતા-પિતા તરીકે અથવા વાલી તરીકે આપણે આપણા બાળકો બાલમંદિરોમા મોકલીએ છીએ; એ બાલમંદિરોને નભાવવા માટે ફી પણ આપીએ છીએ અને છતાં એ બાળમંદિરો કેવા ચાલે છે, ત્યા આપણા બાળકોનું પોષણ થાય છે કે શોષણ થાય છે એ વિષે આપણે બેદરકારી રાખીએ તો આખરે નુકશાન કોનું થશે?

ઉનાળાઓની રજા પછી નવા વર્ષ માટે ફરીથી બાલમંદિરો ખુલશે. આ સમયે જેના જેના ઘરમાં બાળક અઢી કે ત્રણ વર્ષના થયાં હશે તે સૌને પોતાના બાળકોને કયા બાલમંદિરમાં મોકલવાં, આજુબાજુમા બાલમંદિર નહિ હોય તો એ બાળકોને માટે શુ કરવું એવા પ્રશ્નો ઉભા થતાં હશે. જે વાલીઓના બાળકો બાલમંદિરમા જતા હોય તે બધાને પોતાના બાળકને બાલમંદિરમાં જે અનુભવ થયો હોય તેના પરથી બાલમંદિરના સંચાલકોને અથવા શિક્ષકોને કંઇક કંઇક સૂચનો કરવાનું મન થતું હશે; એ સર્વને અમારો એક પ્રશ્ન છે : શું તમારૂં બાલમંદિર જેવું હોવું જોઇએ તેવું છે ?

આ પ્રશ્નનો જવાબ મેળવવા તમે બાલમંદિરની મુલાકાત લેશો બાલમંદિર પર માત્ર ટીકા કરવાના મોહમા પડયા વગર એ બાલમંદિરના પ્રશ્નો એટલે કે મુશ્કેલીઓ સમજવા પ્રયત્ન કરશો. આગળ જઇને આ બાલમંદિર માટે શું શું કરી શકાય તે વિચારશો તમને તે સંબંધમા જે જે વિચારો આવે તે નોંધી લેશો. એક વાલી તરીકે બાલમંદિરના સંચાલકને પૂછશો કે આ બાલમંદિરના વાલીઓ અને શિક્ષકો સાથે મળી આ બાલમંદિરના પ્રશ્નો અને પ્રગતિ અંગે કંઇક વિચારી શકે એવી કોઇ વ્યવસ્થા છે કે નહિ ?

"શિક્ષણ પત્રિકા"ના વાંચક વાલીઓ તો જાણતા હશે કે નૂતન બાલશિક્ષક- સંઘે આપણા દેશમા એક પ્રભાવશાળી વાલી-શિક્ષક સંગઠન શરૂ કર્યું છે દરેક બાલમંદિરમા તેના વાલીઓ તથા શિક્ષકોમાથી પચ્ચીસ સભ્યો નોંધાય કે તરતજ વાલી શિક્ષક સંઘ સ્થાનિક શાખા શરૂ કરી શકે છે એવી સ્થાનિક શાખા જીલ્લાની શાખામા પોતાના પ્રતિનિધિ મોકલી શકે છે અને જીલ્લાની શાખા પોતાના પ્રતિનિધિઓ આગળ જતા અખિલ ભારતીય સંઘમાં મોકલી શકે છે. આ સંગઠનનો ઉદ્દેશ આપણી બાળકેળવણીને વધુને વધુ કાર્યક્ષમ બનાવવાનો છે આપણી બાળ કેળવણીની સંસ્થાઓ કેવી હોવી જોઇએ તે વિચારવા માટે વાલીઓ શિક્ષકો અને સંચાલકોએ સાથે બેસીને વિચારવુ જોઇએ. આપણા જીવન વિકાસની દરેક પ્રવૃતિમાં આપણે સક્રિય અને રચનાત્મક ભાગ લેવાની જરૂર છે. ચારેકોર રચનાત્મક કાર્યના પડઘમ વાગી રહયા છે ત્યારે નવી પ્રજા નિર્માણનો જે મૂળભૂત પ્રશ્ન છે તે માટે આપણે વાલીઓ અને શિક્ષકો કાને હાથ દઇને કેમ સ્વસ્થ બેસી શકીએ!

'બાલમંદિર' ને આપણી રાષ્ટ્રીય સંસ્થા તરીકે આપણે વિકસાવવાની છે. એમા હલકા ધંધાદારી તત્વો દાખલ થતા હોય તો તે દોષ આપણી બેદરકારીનોજ છે. ચાલો; આપણા બાલમંદિરોને આપણી નવી પ્રજાનું આરોગ્ય અને સર્વાંગી વિકાસને પ્રેરક અને પોષક સમ બનાવવા આપણે મથી રહીએ.

—શેષ નાભલે.

સંસ્કારનો વારસો

" એમનું જોડું અખંડ રહેજો. "

સ્ટેશનમાં પહોંચ્યો ને ગાડી આવી. પૂલ પસાર કરવો એ મારા જેવા માંદા માણસ માટે મોટું કામ હતું. અને ગરદી તો એટલી હતી કે ચાલવું પણ મુશ્કેલ હતું.

દિવાળીની રજાઓ પૂરી કરી લોકો પાછાં વળી રહ્યાં હતાં.

હું પૂલ ઉતરી, ગાડી સામે ઉભો રહયો. એ ગરદીમાં આપણો નંબર લાગે એ બિલકુલ અસંભવિત હતું. એટલે બધી આશા છોડીને જ હું એક બાજુ ઉભો રહયો.

થોડીવારે સામેના ડબ્બાની બારીમાં મારી નજર ગઇ. વચ્ચેના બાંક ઉપર થોડી જગ્યા હતી.

બારીમાં એક દશ વર્ષની છોકરી બેઠી હતી.

'બહેન, જરા આ થેલી સામે બાંક ઉપર મૂકી દઇશ' મેં વિનંતિ રૂપે કહ્યું.

એણે તરત જ આનંદથી મારા હાથમાંથી થેલી લઇ લીધી અને એના નાના ભાઇએ હાથ લંબાવતાં કહ્યું:-

"લાવો, તમારી પેટી હું મુકી દઉં:-" અને એણે એ ભારે પેટી ઉપાડી, પણ એ એને માટે ઘણી ભારે હતી. એ એના પિતાએ જોયું અને એમણે ઉઠી પેટી ઉપાડવામાં મદદ કરી.

ગરદી ઓછી થતાં હું ડબ્બામાં દાખલ થયો. અને જોયું તો મારી થેલીમાંથી બધાં સંતરા ડબ્બામાં વેરાઇ ગયેલાં છે. અને પેલાં ભાઇબેન અને એમના પિતા એ ભેળાં કરી રહ્યાં છે. અને માતા થેલી ધરી રહી છે.

"ગાંડી, સંભાળીને મુકીએ ના ?"

એમના પિતા બોલ્યાં અને મારા તરફ ફેરી બોલ્યા.

"માફ કરજો હોં ! આ તમારાં સંતરાં બધાં ય પડી ગયાં. '

'એમાં શું ? એ-તો હમણાં ભેળાં થઇ જશે. ' સંતરા ઉપાડતો હું બોલ્યો.

ગાડી ઉપડી અને અમે સૌ પોતપોતાની જગાએ બેઠાં.

બંને ભાઇ-બહેન બારી પાસે બેઠાં અને એમનાં મા-બાપ બે બાજુ બેઠાં હતાં.

બંને ભાઇ-બહેન બધોય વખત બહાર દેખાતાં ખેતરોના પાક, પસાર થતાં ઝાડ કે દૂર દેખાતા ડુંગરાઓ વિષે ચર્ચા કર્યા કરતાં હતાં અને જયારે મતભેદ જાગે કે ન ખબર હોય ત્યારે મા-બાપની મદદ લે.

મેં જોયું કે હરેક વખત મા કે બાપ ખૂબજ પ્રેમથી અને શાન્તિથી એમના સવાલના જવાબો આપતાં હતાં. એટલું જ નહિં પણ ઘણીવાર તો એકાદ નાના પ્રશ્નના જવાબમાં ઘણાં વિસ્તૃત વિષય ઉપર એ લોકો ઉતરી જતાં હતા.

વળી કયારેક મા-બાપ ને બાળકો મળી કંઇ કંઇ ગમ્મત પણ ઉડાવતા જતાં હતાં. ઘડિયાળ જોઇ થાંભલા ગણતા ગાડીની ઝડપ માપવાની રમત છોકરાઓને બહુ મજા આપતી હતી

એ લોકો પોતાની અંદર એટલાં મશગુલ હતા કે આસપાસ જે કંઈ ઝઘડા કે ધુમધરાડા થતા તેમા આ લોકોનું ભાગ્યેજ ધ્યાન જતું.

અને બીજાઓ પણ ભાગ્યેજ આ લોકો તરફ ધ્યાન દેતાં.

માત્ર હું એમનુ નિરીક્ષણ કરી રહયો હતો. આમ અમે જંકશને પહોચ્યાં.

એ આખુંય કુટુમ્બ સ્ટેશનમાં સામેનાં સ્ટોલ પર ગયું. અને બધાંએ ચહા-પાઉનો નાસ્તો કર્યો અને પછી બાળકોએ ચોકલેટ-પીપર ખરીદી. અને સૌ પાછાં ડબ્બામાં આવ્યા.

ગાડી ઉપડી.

છોકરો ચોકલેટ પેકેટ ખોલતાં નાચી ઉઠયો.

'બા, બા, જો, જો, આ તો તે દિવસવાલી જ ચોકલેટ. બહુ સરસ હોય છે, જો ખાઇ જો ;

'નહિ બાબા, તું જ ખા.

'નહિ તારે ખાવી જ પડશે.

એમ કહેતાં બેઠો થઇ એણે ચોકલેટ માના મ્હોંમાં પરાણે ઘોંચી ! ને મા હસતી હસતી એ ચાવવા લાગી.

'કેમ સરસ છે કે નહિ?'

દિકરો ને મા એકબીજા તરફ પ્રેમ ઘેલી નજરે જોઇ રહ્યા.

હવે દિકરો બાપ-તરફ વળ્યો.

બાપા એમનું પ્રિય તમાકુવાળા પાનનો આનંદ લઈ રહ્યાં હતા.

'મોટાભાઇ, જુઓ આ સરસ ચોકલેટ છે. ખાઇ જુઓ, છે ને બા?'

મા એ હસતાં માથું હલાવ્યું.

પણ બાપાને એમના 'જનમેલા' પાન પાસે ચોકલેટની શી કિંમત?

"નહિ ભાઇ, તું તારે ખા.'

પણ દિકરો એમ હારે એમ કયા હતો! એણે જુલમ શરૂ કર્યો

'પણ બાબા, મેં પાન ખાધું છે.

'તો થુંકી નાખો.

'પણ બાબા ....

'નહિ મોટાભાઇ, આ એક તો ખાવી જ પડશે.' આખર પિતાને પાન થુંકી નાખવુ પડયું; એમને પાનવાળા મ્હોંમાં એ ચોકલેટનો કેવો સ્વાદ આવ્યો હશે એ તો એ જ જાણે!

પણ એમનું મ્હોં તો હસી રહયું હતું.

'કેમ મોટાભાઇ, કેવી છે?'

'સરસ સરસ.'

પછી બંન્ને ભાઇ-બહેન પાછાં બારીમાં જમ્યા. અને એક બીજાને ચોકલેટની લેવદેવ કરતાં ફરી બહારની ચર્ચા કરવા લાગ્યાં.

'બેબી, મારી પાનદાન આપ તો?'

પિતાએ હુકમ કર્યો ને બેબીએ ઉઠીને પાનદાની અભરાઇ ઉપરથી આપી.

એ લોકો વચ્ચે વચ્ચે માને ફરી ફરી ચોકલેટ પરાણે ખવરાવતાં. અલબત્ત હવે પિતાને આગ્રહ નહોતાં કરતાં.

એટલામાં ડબ્બામાં એક બાજુ કંઇ ગડબડ થઈ.

'બાઇને ફીટ આવી, ફીટ આવી, અરે પકડી રાખજો.'

અને લોકો ઉભાં થઈને ઘેરી વળ્યાં.

અહીથી હું પણ ઉભો થઇ ગયો.

એટલામા છોકરાની માએ તરત જ થેલીમાંથી એક શીશી કાઢી ને પિતાને આપી.

પિતા પેલી સ્ત્રી પાસે ગયા ને લોકોને આઘા કરીને પેલી બાઇને એમોનિયા સુંઘાડવા લાગ્યા.

થોડીજ વારમાં બધું પતી ગયું ને પિતા પાછા આવ્યાં. અહીં બધોય વખત છોકરાંની માં, એ બાજુ કાળજીથી જોતી જ ઉભી હતી.

બધું શાન્ત થઇ ગયું.

પણ મારો વિચાર પ્રવાહ ચાલ્યો:

આ લોકો, જેમને આપણે મધ્યમવર્ગનો નીચલો થર કહીએ એમાના છે, કપડા પણ સાવ સામાન્ય છે કોઈ ટાપટીપનો ચમત્કાર નથી, છતાં એ બધાંના કપડાં કેટલાં વ્યવસ્થિત અને સાફ છે! અને છેક બાળકો સહિતના પગમા મોજાં ને જોડાં છે. અલબત્ત બહુજ સસ્તામાંનાં. પણ જીવનની બધી આવશ્યક વસ્તુઓ એમની સાથે હશે એની મને ખાત્રી છે.

વિશેષતા તો એ છે કે સામાન્ય જનોના મ્હોં પર એમની ગરીબાઇ વંચાય છે, તે આ લોકો ઉપર કયાય દેખાતી નથી. જાણે ગરીબાઇ એ એમણે સ્વેચ્છાએ સ્વીકારેલી વસ્તુ હોય એમ લાગતું હતું.

લગભગ બાર પંદર વર્ષના લગ્નજીવન પછી પણ એ દંપતી પરસ્પર કેટલા પ્રેમાળ ભાવે વર્તે છે!

મારાથી છેવટ મૌન ન રખાયું:

'આપ કયાં છુટ્ટી ગાળવા ગયા હતા?'

'હા અમારે ગામ ગયેલાં, હવે પાછાં ચાલ્યાં નોકરી ઉપર.'

'આપ શું કરો છો?'

'હું શિક્ષક છું.' અને પોતાની પત્ની તરફ ચીંધતા બોલ્યા:

"એ પણ શિક્ષિકા છે"

એમના પત્નીને મેં નમસ્કાર કર્યા. એમણે પ્રતિ નમસ્કાર કરતાં પૂછ્યું:

'તમે કંઇ બીમાર લાગો છો:

મેં મારી વાત કરી. અને એમ વાતો કરતાં કરતાં જ એમનુ ઉતરવાનું સ્થાન આવી પહોંચ્યું.

અને મેં જોયું કે એ બધાંએ જરાયે ગરબડ વગર બધો સામાન પોતાનામાં વહેંચી લીધો.

મેં કહ્યું. 'ગાડી અહીં બહુજ થોડી થોભશે, તમે બધાં એમજ ઉતરી જાઓ. હું બારીમાંથી બધો સામાન આપીશ."

'નહિ, એવી કંઈ જરૂર નથી. જુઓતો આ બધોય સામાન લેવાઈ ગયો.'

મેં જોયું તો એ બધાંય સામાન ઉપાડીને ઉતરવા તૈયાર થઈ ગયેલાં.

ગાડી ઉભી રહી અને એ લોકો નમસ્કાર કરીને ઉતરી પડ્યાં.

ગાડી ઉપડી ને એ બધાં સાથે હું હાથ હલાવતો બારીમાંથી એ બધાંને જોઈ રહ્યો.

અને થોડીજ વારમાં તો એ લોકો દેખાતાં બંધ થઈ ગયા.

પણ જેમ અણદીઠાં ફુલોની ફોરમ આપણને મસ્ત કરી મૂકે છે તેમ એ લોકોની મીઠી સુવાસ હું લઈ રહ્યો હતો કે :

કેવું સુંદર હતું એ પ્રેમ સભર ગોકુળિયું. અને કેવાં હતા એ પ્રેમલૂક વિકસતાં પ્રેમળ સંતાનો!

એ તો સુફળ હતા એ પ્રેમ ભરપુર દામ્પત્યના

અને મારા મ્હોમાથી એકજ ઉદ્‌ગાર નીકળી પડ્યો

'એમનુ જોડુ અખંડ રહેજો.'

—'ઓજસ'

લેખન–કળા

સુંદર અક્ષર એ પણ કળાનોજ વિભાગ છે, તેમ હું માનું છું, અને જો શરૂઆતથીજ એ તરફ ધ્યાન આપી, યોગ્ય માર્ગદર્શન મળે, તો જરૂર ત્રણથી છ વર્ષ સુધી બાળક બાળમંદિરમાં રહે છે, તે સમય દરમ્યાન એ કળા સારી રીતે બીલવી સુંદર લેખન લખતાં શીખી શકે છે. આ કળા તરફ શરૂઆતથી ધ્યાન ન આપવામાં આવે તો પાછળથી તેમાં સફળ થવું ઘણું મુસ્કેલ પડે છે; તેમ અનુભવ પરથી માનું છું.

આ લેખમાં બાળકને સુંદર અક્ષર લખતા કેવી રીતે શીખવવું અને બાળમંદિરમાં બાળક રહે (બાળવર્ગ સુધી) તે દરમ્યાન કેટલું લેખન થવુ જરૂરી છે, તે વિષે લખીશ.

મેડમ મોન્ટેસોરીનાં ઇન્દ્રિય વિકાસનાં સાધનોની સાથે સાથે બાળક ચિત્રકામ, માટી કામ કરી આ અક્ષરોને આંગળીઓ ફેરવી અને ચલમૂળાક્ષર પેટીનો ઉપયોગ કરી લેખન માટે તૈયાર થયું હોય છે, હવે તેને પાટિયાં પર અક્ષરો લખતાં કરવાનું હોય છે.

શરૂઆતમાં પાટિયા પર રેતીઆ અક્ષરનાં માપનાં અક્ષરો ને સ્વરસંજ્ઞા (ા, ી, ુ, ૂ) વિ. કોતરાવી તેના પરજ ચોકથી બાળકને લખવા આપવાથી અક્ષરોના વળાક માટે હાથ તૈયાર થઈ જાય છે. અને કામ ઘણું સરળ થઈ પડે છે. આ રીતે અક્ષરો લખતા આવડ્યા પછી પાટિયા પર લગભગ ૨॥×૩ માપના ખાના દોરી, ઉપરના ખાનામા બાળકનો જે તરફનો વળાક હોય તેવા અક્ષરો પહેલા લખી આપી, નીચેના ખાનાઓમા તેજ અક્ષરો લખવા કહેવુ દાખવા તરીકે કોઇ બાળકના હાથનો વળાંક ડાબી બાજુનો હોય તો ખાનામા **વ | દ | ઘ | ધ |** આવા અક્ષરો લખી આપવા. વળાક કઇ તરફનો છે, તે જોવા માટે બાળકને ગોળ પાડવા કહેવુ, જેથી શિક્ષકને તેના હાથનો વળાક (કઇ બાજુનો છે, તેની તુરત ખબર પડશે)

બાળક પાટિયા પર અક્ષરો લખી બતાવે, તે વખતે ખરાબ અક્ષરો લખ્યા છે, તેમ ન કહેતા જે અક્ષર સારો લખાયો હોય તે બતાવી, " આવા અક્ષર લખો " તેમ કહેવું. શરૂઆતથી જ અક્ષરો સુંદર ન હોય તો શિક્ષકે ચલાવી ન લેતા તેના જ અક્ષરો ફરી ફરીને લખવા આપવા. તેને શરૂઆતથી જ સાગ

અક્ષરો માટે ફરી ફરીને બાળક પ્રયત્ન કરે એ તરફ બાળકનું ધ્યાન ખેંચવુ પ્રયત્ન દ્વારા બાળક પોતાના અક્ષરો સુંદર કરી શકે છે એમ એના ધ્યાનમા લાવવું. આ બાબતમાં શિક્ષકે બિલકુલ બેદરકારી ન રાખવી જોઇએ. આ રીતે બધા અક્ષરો ને સ્વરસંજ્ઞા લખતાં આવડયા પછી-પાટિયા પર દોઢ ઇંચ પહોળી ડબલ લાઇન દોરી આપી, સાદા શબ્દો જેવા **પગ, રમ,** સારા અક્ષરે બને લીંટીને અડીને લખી આપી તેવીજ રીતે તેજ શબ્દ નીચેની લીંટીઓમા બાળકને લખવા કહેવું. આ રીતે ધીરે ધીરે ત્રણ અક્ષરોવાળાને બધી બારાક્ષરીવાળા શબ્દો લખતા કરવા ડબલ લાઇન દોરી આપી સાંકડી લીંટીમાંજ લખવાનુ હોય છે અને પહોળી લીટીમાં હોતું નથી તે ખાસ સમજાવવું, જેથી ડબલ લાઇનની ચોપડીમા લખતી વખતે બાળકને મુશ્કેલી ન પડે.

અ, ન, પ, ય, સ, જેવાં અક્ષરોમા ઉભી લીંટીને ક્યાં, કેટલી વાળવી, લીટી કરી દેવાથી ચાલેજ નહિ આ જાતનો ખાસ આગ્રહ રાખીને બતાવવું, તેમજ જરૂર હોય ત્યાંની વચ્ચેનું ગોળ મોંડુ દેખાય તે રીતેજ લખાવવું જોઇએ, અને અક્ષરો લખાવવા, તેમજ બારાક્ષરીવાળા શબ્દો લખતા પહેલા પણ કાનો ઉભી લીટી કરીને લખી દેવાનો હોતો નથી, પરંતુ કાનાની લીંટીને નીચેથી વાળવાની હોય છે. જેમકે ા ૈ રસ્વઉ, દીર્ઘઉ, માત્રા વિગેરે સ્વર સંજ્ઞાઓ પણ ગોળ મોંડુ કરીને જ લખવાના હોય છે, માત્ર આડી લીંટી કરી દેવાથી ન ચાલે તે બતાવવું ઉપરાંત સ્વરસંજ્ઞાઓ અક્ષરની લીંટીમાંજ નથી લખવાની હોતી, પરંતુ ડબલ લાઇનમા જે પહોળી લીંટી હોય છે તેમાં અક્ષરને અડાડીને લખવાની હોય છે. આવીજ રીતે ા, ી, ૅ સ્વરસંજ્ઞા અક્ષરની બાજુમાંથી કેમ લખવી, જેમકે **વિમાન, લાલ, ખીર** વિ. પાટિયા પર સુંદર રીતે લખી પાઠ આપવો જોઇએ. આપણા અમુક અક્ષરો જેવાકે **ઉ, ર, ણ, ઇ, ધ, ઊ,** વિ એ લીંટીની ઉપરને નીચે લેવાના હોય છે, એવા બધા અક્ષરો પણ લખી બતાવવા, અને તેજ પ્રમાણે બાળક પણ લખે એવો ખાસ આગ્રહ રાખવો.

ધીમે ધીમે આપણે સ્થુળમાંથી સુક્ષ્મમાં બાળકને લઈ જવાનુ હોય છે, આથી પાટિયા પર ઉપર પ્રમાણેનું લેખન થયા, પછી ડબલ લાઇન વાળી ચોપડી આપી, એક પાના પર શરૂઆતમા ચાર ઉભી લીંટી સરખે ભાગે દોરી આપી તે લીંટી પાસેથીજ અક્ષર લખી આપવા દા. ત. કે **|ર|સ|ન્ય|શ|** તે અક્ષરની નીચેનાં ખાનામાં ઉભી લીંટી પાસેથીજ ઉપર લખેલ અક્ષર જોઇ લખવા કહેવું. આ રીતે આવડયા પછી એક પાનાના બે ભાગ પાડી, લીટી દોરી ઉપર સુંદર અક્ષરે શબ્દ લખી આપી શબ્દની નીચેની લીટીમા તેજ શબ્દ લખવા કહેવું. શબ્દ લખતી વખતે શરૂઆતમા બાળક "**પ ગ**" આમ બે અક્ષર વચ્ચે જગ્યા રાખીને લખશે, તે વખતે બે અક્ષર વચ્ચે જગ્યા રાખીએ તો તે શબ્દ લખ્યો ન કહેવાય, પરંતુ અક્ષર લખ્યો ગણાય તેથી શબ્દ લખતી વખતે બને અક્ષરો સાથે, જગ્યા રાખ્યા વગર લખવાના હોય છે, તે બરાબર સમજાવવું આ વખતે એક શબ્દની બરાબર નીચે જ કરી શબ્દો લખવાથી એ શબ્દ સુંદર વ્યવસ્થિત હારમા આવે એમ લખવા માટે આગ્રહ રાખવો. એટલે નીચે પ્રમાણેનું લેખન થશે

રમ	**નખ**	**નળ**
રમ	**નખ**	**નળ**
રમ	**નખ**	**નળ**

શબ્દ શરૂઆત લીંટીને અડાડીને જ કરવી એ બાજુ બાળકનું ધ્યાન ખેંચવું. બારાક્ષરીવાળા શબ્દોનું લેખન ઉપર પ્રમાણે પુરૂં થયા પછી જુદા જુદા શબ્દોવાળી કાપલીઓ જે બાળકો વાચતાજ હોય છે, તે જોઇને લખવા કહેવું. તેમજ પશુ, પક્ષી, વાહન અનાજ, ફળ વિ. ટ્રે ની કે બીજી કોઇ પણ વસ્તુ ચિટ્ઠી, ચિત્રચિટ્ઠીની કાપલીઓ અથવા પુનરાવર્તનના પૂઠા કે ચોપડીઓમાથી જોઇ શબ્દો લખવા આપવા આવા પ્રકારના લેખનને અનુ લેખન કહેવાય

આ ઉમરના બાળકો બારાક્ષરીવાળા બધા શબ્દો વાચતા હોય છે, તેમજ ચલમૂળાક્ષર પર લખી, ફળ, ફુલ, શાક, પશુ, પક્ષી, વાસણ, ફર્નીચર વિ. ની શબ્દ પોથીઓ વારંવાર વાચી શબ્દ ભંડોળ વધારી તૈયાર થઈ ગયા હોય છે, તે થી આગળ તેમને જોયા વગર જાતે નામો લખવા આપવાં જેમકે "પશુના નામ"

"મિઠાઈના નામ" આ રીતે ઉપર લખેલું હોય તેની નીચે નામ સહેલાઇથી બાળક પંદરથી વીસ નામો લખી બતાવશે. આ પ્રકારના લેખનને સ્વયંલેખન કહેવાય કોઈક બાળકને જરૂર પડે તો નામ યાદ કરવામા શિક્ષકે મદદ કરવી. સમુહમાં વાતચીત વખતે મૌખિક નામો બંને તેટલા વધારે બાળકો-પાસેથી કઢાવવાની રમત વારંવાર રમાડવી, જેથી સહેલાઇથી બાળકો લખી શકે

ત્યાર પછી શબ્દોનું શ્રુતલેખન સ્પષ્ટ ઉચ્ચાર કરી. રસ્વાઇ, દીર્ઘાઇ, તેમજ અનુસ્વારના ઉચ્ચારનો ભેદ સમજાવી બહુજ ધીમેથી લખાવવું શરૂ કરવું. શ્રુતલેખન શરૂ કરતાં પહેલાં તારીખની એક જગ્યા મુકરર કરી, ત્યાં કેવી રીતે તારીખ લખાય, તે બતાવી, રોજ બાળકને તે પ્રમાણેજ તારીખ લખવાની ટેવ પાડવી. સાથે સાથે પાનાને વાળી, બે સરખા ભાગ કરી, પ્રુટથી લીટી કેમ દોરાય તે બતાવી, તેમને જાતે લીંટી દોરતા કરી દેવા. આગળ ચિત્ર જોઇ તેમાંથી શબ્દો લખવા પણ બતાવવું.

શિક્ષકે વિષયનું મથાળું પહેલી ભુરા રંગની લીંટીમાં બે લાઇનને અડાડીને અક્ષરો લખી કરવું અને બાળકને પણ તેજ રીતે મથાળું લખવાની ટેવ પાડવી.

જુદા જુદા નામોની સાથે બીજી રમત તરીકે બાળકને પૂછવું, "કયો અક્ષરો વાળા શબ્દો લખશો?" ધારો કે "**ત**" વાળા કહે-તો તેજ અક્ષરથી શરૂ થતા શબ્દો લખે. જેમકે તલવાર, તાળું, તલાટી વિ. આવી રીતે અંતાક્ષરી એટલે કે શબ્દનો છેલ્લો અક્ષર આવે, તેના પરથી શબ્દો લખવા. દા. ત: રમત લખ્યું તો છેલ્લો અક્ષર "**ત**" આવ્યો તો '**ત**' ઉપરથી શરૂ થતો અક્ષર "તજ" લખવો. આ શબ્દમા "**જ**" છેલ્લો આવે છે તો "જમરૂખ" લખવું. આવી રમત સમુહમાં મૌખિક રમાડવાથી શબ્દભંડોળ વધે છે, તેમજ ખૂબ ગમ્મત પડે છે. આ સમય દરમ્યાન મૌખિક અને સાધનો સાથે વ્યાકરણ ઠીક થયુ હોય છે, તેથી એકવચન, બહુવચન અને નરજાતિ, નારીજાતિ પાનાના બે ભાગમાં એક એક બંનેના શબ્દો લખી આપી આગળ લખવા કહેવું. દાખલા તરીકે.

નરજાતી	નારીજાતિ	એકવચન	બહુવચન
વાઘ	**વાઘણ**	**ચાવી**	**ચાવીઓ**

હવે નાના વાક્યોની શરૂઆત કરીએ. વાક્યો લખાવવાની શરૂઆત કરતાં પહેલાં શિક્ષકે વાક્યમાં, એક શબ્દ લખી ડાબા હાથની પહેલી આગળી મુકીને બીજો શબ્દ લખ્યા પછીજ આગળી ઉચકીને બે શબ્દની વચ્ચે કેટલી જગ્યા રાખવી જોઇએ તે તરફ ધ્યાન ખેચી શબ્દે શબ્દે આગળી મુકીનેજ વાક્ય લખો બતાવવું, ત્યાર પછી શિક્ષકે એક વાક્ય લખી આપી નીચેની લીંટીઓમાં તેજ વાક્ય એવીજ રીતે શબ્દ વચ્ચે જગ્યા રાખી લખવા કહેવું. આગળ નીચે પ્રમાણેનાં વાક્યો પણ લખાવી શકાય આ દરેકમા પહેલું વાક્ય શિક્ષકે લખી આપવું. જેમકે "કાગડાને ચાચ હોય છે." આ વાક્યમા બાળકે માત્ર પહેલો શબ્દ એટલે કે પક્ષીનું નામ બદલી બાકીનું વાક્ય એનું એજ લખવાનું હોય છે આ રીતે "ચાર પગ હોય છે." "મને ભાવે છે" "કયા કયા રમકડા ગમે?" 'બે પાંખ હોય છે.' "રાણીબાગમા શુ શુ છે?" 'સુથાર શું શુ બનાવે?" વિગેરે આમા પહેલું વાક્ય લખેલું હોય તે વાચી બાળક આગળ આખું પાનુ ભરો સહેલાઇથી વાક્યો લખી શકે છે.

દા. ત: **સુથાર બુરશી બનાવે.**
સુથાર ટેબલ બનાવે.
સુથાર બાટલો બનાવે.

અનુલેખન માટે "વાચન વિજળી," "નિસરણીના પગથિયા" કે એવી બીજી ચોપડીઓ કે જેમા નાના એક-સરખા વાક્યો હોય તેમાથી લખવા કહેવું. વધારે લખવા ન આપતાં શરૂઆતમાં સાત કે આઠ લીંટીનુ અનુલેખન આપવું, શબ્દે શબ્દે આગળી રાખીને જગ્યા બાલી રાખે તે તરફ બાસ ધ્યાન દોરવુ.

'બાળ વિનોદ" "નૂતન લેખન" કે "સ્વયંલેખન (બાળવર્ગ માટે) આવે છે. તેમાનુ એક જેના ચિત્રો જોઇ શું છે તે બાળક સ્પષ્ટ રીતે ઓળખી શકે તે લખાવવુ શરૂ કરવું.

સુંદર અક્ષરે બાળક લખતું થાય, પછી ચિત્ર જોઇ અંદર શું શું છે, તે વાક્યમા લખવા કહેવું. આને માટે પૂંઠા પર ચિત્ર લેગાડી, નીચે તેમા શું શુ છે, તે વિષે વાક્યો લખી રાખવા. આવા ચારેક પૂંઠા જુદા જુદા ચિત્રોના તૈયાર કરવાં, જેથી બાળકોને વાચનનું પુનરાવર્તન થશે, અને ચિત્રો જોઇ કેવી રીતે વાક્યો લખાય

તે પણ સમજશે. ગાય, ઘોડા, કુતરો, પોપટ, એવાં જાણીતાં પાળી શકાય તેવાં પશુ, પક્ષીનાં ચિત્રો આપી તેના વિષે પણ લખવા આપી શકાય. આમાં 'કેવું હોય?" "શું શું ખાય" ને "શું કામમાં આવે "એટલું પાંચ કે છ વાકયમાં લખે તો ઘણું થયું માનવું. ઘોડાને કેશવાળી હોય છે, અને ગાયને ગળે ઘાબળી હોય છે, તે ચિત્ર બતાવી શરીરના કયા ભાગને શુ કહેવામા આવે છે, તે સમજાવવું.

બાળક આટલા લેખનની સાથે સારી રીતે વાકયો વાંચતું પણ થઇ ગયું હોય છે, તેથી આગળ જોડાક્ષર પર લઇ જવાનુ રહે છે. પ્રથમ વાંચનથી શરૂઆત થાય છે, જોકે ચલમૂળાક્ષર પેટી પર વાચન ને લેખન બંને સાથે થાય છે હવે જોડાક્ષર કેવી રીતે લખવા તેને પાટ વ્યવસ્થિત રીતે પાટિયા પર ડબલ લાઈનિ દોરી શિક્ષકે આપવો, આમાં અર્ધા અક્ષરો કેવી રીતે અને કયાં જોડવામાં આવે છે, તેમજ જુદા જુદા પ્રકાર કેવી રીતે અને કયાં લખાય છે, તે સ્પષ્ટ ઉચ્ચાર સાથેજ લખી બતાવવાં, જેમકે **ચાલ્યા, આવ્યા, લલ્લુ, ટટ્ટુ, અકકલ, ગર્વ, મૂદ્દગ, નમ્ર, ટ્રામ,** વિગેરે, દરેક પ્રકારના બે ત્રણ શબ્દો લખી ન બતાવતા વધારે લખી બતાવવા. ત્યારપછીજ જોડાક્ષરવાળા શબ્દો બાળકને લખવા આપવા.

બાળવર્ગ સુધીના બાળકોનું આટલું લેખન થવું જ જોઇએ, જેથી આગળ તેમને મુશ્કેલી ન પડે. પહેલેથીજ આ રીતે લેખન લખવામા આવે તો સહેલાઇથી ઉપર લખ્યા મુજબનું બધું લેખન પુરું થઇ શકે છે, તેમા કોઇ જાતની કરજ પાડવી પડતી. નથી

સર્વ પ્રથમ તો શિક્ષકજ સારા અક્ષરે બે લાઇનને અડાડીને વ્યવસ્થિત રીતે લખતા હોવા જોઇએ અને તો જ બાળકને પણ મોતીના દાણા જેવા અક્ષરે સુંદર લેખન લખતા કરી શકાય.

શિક્ષકે ખૂબ ધીરજ રાખી ગમે તેવાં અક્ષરો કે સ્વરસંજ્ઞા લખ્યા હોય તો તે ચલાવી ન લેતા વારંવાર ભૂંસી આપી કરી લખવાનો આગ્રહ રાખવો થોડા દિવસ સુધી આ રીતે આગ્રહ રાખી ધ્યાન રાખવામા આવે તો જરૂર બાળક સુંદર અક્ષર લખતું થઇ જાય છે, જે આગળ ઉપર તેને આશિર્વાદરૂપ થઇ પડે છે

ઘણા વાકયોમા "ખાસ આગ્રહ" રાખવો તેમ લખવામા આવ્યુ છે, તેનો અર્થ એવો નથી થતો કે ત્યારે ને ત્યારેજ ફરજીઆત હાથ પકડીને લખાવવું, પરંતુ તે સમયે ન લખવું હોય તો ભૂંસી દે, માત્ર જ્યારે લખે ત્યારે યોગ્યજ રીતે લખે તે જોવુ. થોડું પરંતુ વ્યવસ્થિત ને સારા અક્ષરે લખેલું હોય તો તેટલાજથીજ સંતોષ માનવો.

—**મૃદુલાબેન શેઠ.**

બાળકનું ગણિત શિક્ષણ.

લેખાંક-૪થો.

ગણિતના સાધનો

"આ શું? કોથળી ભરીને લાકડીઓ ઘા શેના છે? આજે કંઇ નવો જ કાર્યક્રમ લાગે છે!" સહેજ આશ્ચર્ય સાથે કમળાબેન બોલ્યા.

તેમની શેતરંજી ઉપર મેં કોથળી મુકીને મેં કહ્યુ, "આજે હું થોડા ગણિતના રમકડાં લાવ્યો છું. તમે કહો છો એવી લાકડી અને ઘન એમાં છે. ગયે વખતે જે અંક પરિચય યોજનાની વાત થઇ હતી તેની પૂર્વ તૈયારી એમાં છે."

"એટલે? આજે પણ તમે અંક પરિચય કેવી રીતે કરાવવો તે નહિં જ કહો કે શું?

"એમ કાંઇ ઉતાવળે આંબા થોડા જ પાકતા હશે!' કમળાબેનને જરા ઠંડા પાડવાની દૃષ્ટિએ મેં કહ્યુ. એક બાજુ મારું બોલવાનું ચાલતું હતુ ને બીજી બાજુ હાથથી કોથળીમાંની લાકડીઓ અને ઘન કાઢીને તેનું વર્ગીકરણ હું કરતો હતો. લાલ લાકડીઓનો ઢગલો, ચોકલેટી ચિતિઓનો ઢગલો ને ગુલાબી ઘનનો ઢગલો એમ ત્રણ ઢગલા કર્યા.

"ઘન અને લાકડીઓનો સુંદર બંગલો કરી શકાય, પણ પછી બંગલા અને ગણિતનો સંબંધ શું હશે.....? બંગલાના ઘન કહીએ તો ઘન બધાં

સરખા દેખાતા નથી" વિચાર વમળમાં અટવાયેલાં કમળા બેનના મનને હું નિરખી રહ્યો. એટલી વારમાં મેં કહ્યું, "સામાન્ય રમકડાં કરતા આ રમકડાં બૂબ જુદા પ્રકારનાં છે. આ રમકડા હાલ જે સ્વરૂપમાં દેખાય છે તે સ્વરૂપ જાણીતા બાલશિક્ષણ તજ્ઞ સ્વ. મેડમ મોન્ટેસોરીએ એને આપ્યુ છે. તેમ છતા આ રમકડાં બૂબ જુનાં છે. કહેવાય છે કે ફ્રાન્સના બળવાના સમયમાં પણ ગાંડા બાળકોની સંસ્થામા આ રમકડાંનો ઉપયોગ કરવામાં આવતો હતો મોન્ટેસોરીએ સર્વ-સામાન્ય બાળકો માટે આ રમકડાંનો ઉપયોગ કેવી રીતે કરવો એ બતાવ્યું અને એને આ સ્વરૂપ આપ્યું છે.

"આ રમકડાંઓમાં એવું તે શું વિશેષ છે?"

"ગણિત એટલે ગણત્રી અને ગણત્રી માટે પહેલા નિશ્ચિત પરિમાણો લઇને આપણે શરૂઆત કરવી જોઇએ, એવું મેં કહ્યું હતું તે તમને યાદ છે ને?"

"નિશ્ચિત પરિમાણો એટલે તમે શું કહો છો?"

"ફકત નિશ્ચિત પરિમાણો જ નહિ પરંતુ પરિમાણો દૃશ્ય (જોઇ શકાય એવા) અને સ્થુલ હોવા જોઇએ. પરિમાણો એ ગણત્રીનું માપ અથવા એકમ છે. એ બે પ્રકારના હોઈ શકે એક પ્રકાર કાલસૂચક પરિમાણોનો અને બીજો પ્રકાર સ્થળસૂચક પરિમાણનો. સેકન્ડ, મિનિટ, કલાક, દિવસ. મહિના ને વર્ષ આને આપણે કાલસૂચક પરિમાણો કહીએ છીએ તેવી જ રીતે ઇંચ, ફુટ, વાર અથવા સેંટિમીટર, મીટર વિગેરે પ્રકારના પરિમાણોને સ્થળસૂચક કહીએ છીએ એમાંનાં કાલસૂચક પરિમાણો અદૃશ્ય અને ફકત સૂચના દ્વારા સમજાવી શકાય એવા હોવાથી આ પરિમાણોના આધારે અંક પરિચય કરાવવો બાળકની દૃષ્ટિએ સગવડતાભર્યું નથી. પરંતુ સ્થળવાચક પરિમાણમા તેમ નથી. આપણને દેખાતી દરેક વસ્તુને જે લંબાઇ પહોળાઇ ઊંચાઇ હોય છે તે પ્રત્યક્ષ એ વસ્તુની મદદથી બતાવી શકાય છે. તેથી જ સ્થળસૂચક પરિમાણો ઉપર જ બાળકના ગણિત-શિક્ષણનો પાયો નખાવો જોઇએ."

"તેથી ગણત્રી શીખવવા માટે આપણે પ્રત્યક્ષ વસ્તુઓ જ લેવી જોઇએ એમ જ તમારૂં કહેવું છે ને!" કમળાબેને વચ્ચે જ પોતાની જીજ્ઞાસા વ્યકત કરી.

મેં કહ્યું, "પ્રત્યક્ષ વસ્તુ લેવી જોઇએ એ તો બરાબર છે, પરંતુ આ વસ્તુ લેવામાં બાળકની દૃષ્ટિએ હજી વધુ ઝીણવટથી વિચાર થવો જોઇએ. ગણત્રી માટે કોડી શંખલા, કાંકરા, મોતી જેવી વસ્તુ લઇને ગણિતની શરૂઆત ઘણા જણ કરે છે. પરંતુ આવી વસ્તુ દ્વારા બાળકના મનમાં કેવો ગુંચવાડો ઉભો થાય છે એ ઘણા જ થોડા જણના ધ્યાનમા આવે છે"

પ્રત્યક્ષ સાબિતી માટે મે કમળાબેનની સામે લાલ લાકડીની સીડી ક્રમશ ગોઠવીને મૂકી અને બીજી બાજુ દશ કોડી ગણીને ઢગલો કર્યો અને પછી પૂછ્યું "આ લાકડીમા મણની લાકડી કઇ હશે?"

કમળાબેન સૌથી નાની લાકડીના હિસાબે મણ-ગણી લાંબી જે લાકડી હતી તે ઊંચકીને બોલ્યા. "આ મણની હશે ને?"

મેં કહ્યું, "બરાબર હવે કોડીમાથી ત્રણ આપો તો!'

આ વખતે ત્રણ કાઢતી વખત તેઓ 'એક' 'બે' ત્રણ એમ બોલીને ત્રણ કોડી ઉચકીને મને આપી

મે કહ્યું, 'આ કોડી ફરીને ગણો તો!"

તેઓ ફરીથી ગણવા લાગ્યા. એક કોડી ઉચકીને બોલ્યા "એક" બીજી ઊંચકીને ફરી બોલ્યા, "બે" અને ત્રીજી વાર ફરી એક કોડી ઊંચકીને તેઓ બોલ્યાં, "ત્રણ"

મે કહ્યું "તમારા હાથમા કંઇક જાદુ છે"

'કેમ જાદુ?"

"પહેલાં જે એક કોડી ઉચકી તેને તમે કહ્યું, 'એક' ફરી બીજીવાર જે એક કોડી ઊંચકી તેને તમે 'બે' એમ નામ આપ્યું અને ફરી તમે એક કોડી ઉચકી ને તેને 'ત્રણ' એમ નામ આપ્યુ આવીજ રીતે આગળ એક એક કોડી ઉચકીનેં તેને 'ચાર' 'પાચ' એવા નવા નામો આપશો, ખરૂં ને?"

"ના! ના! મારા હાથમાંની એક કોડીને કંઇ હું 'ત્રણ' કહેતી નથી. પણ પહેલા ગણેલી બે કોડીમાં એક મેળવીને જે કંઇ થાય છે તેને હું 'ત્રણ' કહું છુ"

મેં ખુલાસો કર્યો "જે બાળકને હજી અંકની ઓળખ નથી, તે બાળક તમારી કલ્પનામા જે ચરવાળો થતો હોય તે કેમ સમજે?" અજાણતા આપણે કેવો ગુંચવાડો કરીએ છીએ એ કમળાબેનના ખ્યાલમા આવ્યું.

બા ળ વિ ભા ગ



કોણ કોણ આવે છે ?

[આ ગીત બાળકોની બે ટોળી વચ્ચે ગાઇ શકાય છે. સાગરના મોજાંની વાત આવે ત્યારે ઉંચા નીચા થઇ મોજાં જેવા ચાળા કરી શકાય છે. જે લીંટીઓ ગાવી હોય એવો અભિનય નક્કી કરી શકાય છે.]

પહેલી ટોળી :
કોણ કોણ આવે છે ?
કોણ કોણ આવે છે ?
સાગર તીરે, મોજાં ધીરે,
છમ છમ છમ-છમ ગાવે છે. કોણ કોણ ?

બીજી ટોળી .
હું આવું ને,
બધાં આવે,
આખી દુનિયા આવે છે.

પહેલી ટોળી :
કોણ કોણ આવે છે ?
કોણ કોણ આવે છે ?
નદી તીરે મીઠી લહેરે,
સરસર હોડી જાવે છે. કોણ કોણ ?

બીજી ટોળી :
હું આવું ને.....

પહેલી ટોળી :
કોણ કોણ આવે છે ?
કોણ કોણ આવે છે ?
સરવર પાળે વડની ડાળે
એના પોપટ ઝૂલે છે. કોણ કોણ ?

બીજી ટોળી .
હું આવું ને ....

પહેલી ટોળી :
કોણ કોણ આવે છે ?
કોણ કોણ આવે છે ?
લપસણીયા પર બાગને ખુણે,
લપસમ લપસા ચાલે છે. કોણ કોણ ?

બીજી ટોળી :
હું આવું ને .....

પહેલી ટોળી :
કોણ કોણ આવે છે ?
કોણ કોણ આવે છે ?
ઘરને ખુણે, બંધ બારણે
બેસી રહેવા, ખાલી હાથે. કોણ કોણ ?

બીજી ટોળી :
કોઇ નહિં
કોઇ નહિં
કોઈ નહિં

ચકલીનાં બે બચ્ચાં

એક ચકલી હતી અને એક ચકલો હતો. એમનો એક માળો હતો.

માળો તો કોઇના ઘરની ભીંતમાં.

ચકલીને તો બે સરસ બચ્ચાં આવ્યાં. નાનાં નાનાં બચ્ચાં. પોચાં પોચાં બચ્ચાં. પાંખો તો એમની સાવ નાની. બચ્ચાંને ભુખ લાગે ત્યારે 'ચીં...ચીં...ચીં' કરીને રડે. બચ્ચાં રડે અને ચકલી ઉડીને બહાર જાય. બહાર જઇને એમને માટે ખાવાનું લઇ આવે. બચ્ચાં માં પહોળું કરે એમાં એ ખાવાનું મૂકી દે. બચ્ચાં ખાઇને પાછાં છાંના રહી જાય.

એમ કરતાં કરતાં બચ્ચાં મોટાં થયાં. એમની નાની નાની પાંખો ધીમે ધીમે મોટી થઇ.

એકવાર તો ચકલો અને ચકલી બચ્ચાંને મુકી બહાર ગયાં. નવી નવી પાંખો આવેલી, એટલે એમને ઉડવાનુ મન તો થાય જ ને?

બે'ને બચ્ચાં તો ઉડયાં. થોડીવાર 'ફ્ ર્ ર્ ર્..ર્.' પાંખો ફફડાવી. પણ એમની નાની પાંખો તો થાકી ગઇ. બિચારાં તો ઘરના આંગણામાં આવીને પડયાં. પાછું ઉડીને માળામાં તો અવાય નહિ.

પણ આંગણામાં થોડાં છોકરાં રમે. એમણે બચ્ચાંને જોયાં. બચ્ચાં જોઇને તો બધાં રાજી થઇ ગયાં. પણ 'ચીં...ચીં..ચીં' કરીને રડતાં બચ્ચાંની એમને દયા આવી. એમને થયું કે આ બચ્ચાંને એમના માળામાં મૂકી દઇએ. પણ બચ્ચાંના માળાની તો કોઇને ખબર નહિં.

એટલામાં તો બહારથી ચકલો અને ચકલી આવ્યાં. માળામાં તો બચ્ચાં ન મળે.

એમણે તો 'ચેં ચે ચી ચી' કરીને ધમાલ કરી મૂકી. બચ્ચાંની શોધમાં આખા ઘરમાં ઉડવા માડયાં.

છોકરાંઓએ આ અવાજ સાંભળ્યો. એમને થયું કે જરૂર આ બચ્ચાં એમનાં હશે. ઘરમાં જઇને જોયું તો ચકલી વારે વારે ભીંતના ગોખવાળો માળો જોઇ આવે ને પાછી ઉડી જાય.

બધાં મળી નિસરણી લાવ્યાં અને માળામાં બચ્ચાં ગોઠવી દીધાં.

ચકલો અને ચકલી તો માળામાં બચ્ચાં જોઇને ખુશ ખુશ થઇ ગયાં.

પણ પછી બચ્ચાં માટે કાયદો નીકળ્યો. 'એકલાં એકલાં ઉડવાનું નહિં. બા બાપુ હોય ત્યારે જ ઉડવાનુ'

હવે તો બન્ને બચ્ચાં મોટા ચકલી ચકલા જેવા થઈ ગયાં. એમને સરસ ઉડતાં આવડે છે. 'ફ્ ર્ ર્—ર્' કરતાંકને બીજે ઝાડે, એક ડાળેથી 'સ્ ર્ ર્ ર્' કરતાંકને બીજી ડાળે.

ધોળીયો કુતરો

આ રહ્યું એ પુતળું.



અમારા ગામમાં એક બાગ અમે બનાવ્યો છે. એમાં એક પુતળું છે. એ પુતળું જોવા લોકો બહાર ગામથી પણ આવે છે. છોકરાંઓને તો એ પુતળું બહુ ગમે છે.

એ કોનું પુતળું છે એ તમને ખબર છે?

એ પુતળું ધોળીયા કુતરાનું છે.

આ પુતળું અમારા ગામે કેમ કરાવ્યુ એ તમે જાણો છો?

અમારો ધોળીઓ કુતરો ગામમાં બધાંને વહાલો. ધોળા લાંબા વાળ એના. એતો બહુ રૂપાળો. નાનાં છોકરાઓ

સાથે રમે. રાત્રે ગામની ચોકી કરે. ચોર જેવું કંઇ દેખાય તો 'ખાઉ ..... ખાઉ .....' ભસે.

ચોમાસાના દા'ડા હતા એકવાર ખૂબ વરસાદ આવ્યો. એક દિવસ પડયો. બે દિવસ પડયો ને સાત સાત દિવસ સુધી અટકયોજ નહિ. હેલી થઇ ગઇ, હેલી અમારા ગામની નદીમાં તો પૂર આવ્યાં. પૂરનાં પાણી તો વધવા માડયાં, એટલાં વધ્યાં, એટલાં વધ્યાં કે કિનારા પર પાણી ચઢી ગયાં. લોકોનાં ઘરો તૂટી પડયાં. ઢોર ખેંચાઇ ગયાં, અરે માણસો પણ તણાવા માંડયાં.

એક ઘરમાંથી તો બિચારાં ખાટલા પર સુતેલાં ત્રણ બાળકો પણ તણાવા માંડયાં. ખાટલો તો ભર રેલમાં આવીને એંચાવા લાગ્યો. આવા પાણીમાં પડીને છોકરાઓને કોણ બચાવે. બધાં કિનારે ઉભા રહીને વિચારો કરે કે 'હવે શુ કરવું' ત્યાં તો ધોળીઓ કુદી પડયો પાણીનાં મોટાં મોજા સામે આવે પણ ધોળીયો શેનો ડરે, ખાટલાએ પહોંચ્યો, ખાટલાની તૂટલી પાટીના છેડા એણે મોંથી પકડી લીધો અને ધીમે ધીમે ખેંચવા માંડયો. લોકો તો જોતાજ રહી ગયાં બધા સમજ્યા કે સાથે ધોળીઓ પણ તણાયો. પણ ધીમે ધીમે ધોળીઆએ ખાટલો નદીના કિનારા તરફ આણ્યો. ધોળીઓ તણાતો જાય ને ખાટલો બાજુએ આણતો જાય. આખરે ધોળીયો, છોકરા, ને ખાટલો કિનારે આવ્યાં. ગામનાં લોકો તો દોડયાં. છોકરાંના મા બાપ તો રાજીના રેડ થઇ ગયાં. ગામના લોકો તો ખુશ ખુશ થઇ ગયાં.

પૂર ઉતરી ગયાં, ધીમે ધીમે લોકો પોતાના ઘરમાં સ્થિર થતાં ગયાં. પણ તે દિવસના થાકથી ધોળીયો માંદો પડી ગયો. બધાંએ એની દવા તો ખૂબ કરી પણ એની માંદગી વધી.

એક દિવસ ધોળીઓ મરી ગયો :
આખા ગામ પર શોક પથરાઈ ગયો. છોકરાંઓ તો રડયાં. કોઇએ ખાધું પણ નહિ.

આવા સારા કુતરાની યાદગીરી રાખવા અમે એનું પુતળુ બનાવ્યું.
ધોળીઓ ગયો પણ એની યાદ કાયમ માટે રહી.

ગોપીચંદ

(ગયા અંકથી આગળ)

"બેટા તારું સોનાં જેવું શરીર જોઇ બરાબ લાગ્યું. તારા બાપાની કાયા પણ આવીજ સુંદર હતી, મજબુત હતી, પરંતુ તે પણ બેલાસ થઇ !"

"મા, ત્યારે કહે જોઉં આ શરીરનો નાશ ન થાય તેવો કઈ ઉપાય છે ?"

"મહાન તપસ્વીના આશીર્વાદ મેળવીશ તો તું અમર થઇશ."

"એવો તપસ્વી કોણછે, તને બબર છે ?"

"હા એક છે ખરા, પેલી તરફના જંગલમાં એક પુરાયેલો કુવો છે, તેમાં જાલંધર-નાથ નામના એક મહાન તપસ્વીને પૂરવામાં આવ્યા છે, તેને પ્રસન્ન કર જેથી તે તને અમર બનાવશે, પણ આમ જો, હું કહું તેમ કર."

મીનળદેવીએ બરદના લોટની ત્રણ મોટી પુતળી કરી આપી ને કહ્યું, "બેટા ગોપીચંદ, તારા બાપાએ આ મુનીને વિના કારણ ત્રાસ આપ્યો હતો. તેથી પહેલાં તો તને શ્રાપ જ દેશે, માટે તું આ એક એક પુતળી આગળ મૂકજે ને પછી તુ આગળ જજે, તે કહે તેટલુ બધુ કરી તેમને પ્રસન્ન કરજે તો તને અમર કરશે."

આખુ ગામ ગોપીચંદ સાથે નીકળ્યું છે, સર્વેની આંખોમાં પાણી આવ્યા છે, માત્ર ગોપીચંદ હોંશથી આગળ ચાલે છે.

"આ જ તે કુવો," એક જુના મહિતગાર માણસે કહ્યું. કુવાના કાંઠા પર એક બરદની પુતળી મૂકી પાછળ પોતે ઉભા રહી ગોપીચંદે એક બૂમ પાડી.

"નવ નાથના નાથ રે.
બોલો હે મારા નાથ રે"
શરણે આવ્યો એક શિષ્ય રે.
ઉગારો હો તેને મારા નાથ રે."
ગુફામાંથી અવાજ આવ્યો એ કોણ છે?"
"હું બંગાળના રાજા તિલકચંદનો પુત્ર.
મને અવાજ આવ્યો "ખાખ થઈ જા!"

અડદની પુતળી બળીને ખાખ થઇ ગઈ. એવી રીતે ત્રણ વખત થયું. ત્રણે પુતળીઓ બળી ગઇ. પછી ગોપીચંદ આગળ આવ્યા.

ત્રણ ત્રણ વેળા નાથ રે
શબ્દો મારા ફોકટ ગયા
ચોથી વેળા ગુરૂજી વિનવું રે
દયા કરો શ્રી નાથ રે
શરણ આવેલો પાછો જાય
તો યોગીનુ તપ નિષ્ફળ રે

ગોપીચંદે સાષ્ટાંગ દંડવત કર્યા ને જવાબની રાહ જોતા પડી રહ્યા.

જાલંધરનો ગુસ્સો ઉતર્યો. તેમણે પુછયું. "અહિં શા માટે આવ્યો?"

ગોપીચંદ—અમર થવા

જાલંધર—જા જઇને રાજ્ય કર અમર જ છે.

ગોપીચંદ—નહીં ગુરૂદેવ, એમ કંઈ અમર થઇ શકે? મને રાજ્ય નથી જોઇતુ. કંઇ નથી જોઇતું. તમે મારા ગુરુને હું તમારો શિષ્ય. તમારી પાસે મને રાખો.

જાલંધર—ભાઈ, સાધુનો વેશ લેવો કંઈ સહેલો નથી. તું રેશમી કપડાં પહેરનારો, મખમલના ગાદલા પર સુનારો, સુગંધી અત્તરોથી નહાવાવાળો, આ શરીરને રાખ લગાડી અહિં કેવી રીતે રહેશે?

ગોપીચંદ—મહારાજ એક વખત પરીક્ષા તો કરો. મને એ રાજવસ્ત્રો નથી જોઇતાં. ને એ રાજ્ય સુખ પણ નથી જોઇતું. તમારી સાથે વનમાં રહીશ. અને ધુણીની રાખ શરીરે લગાડીશ.

જાલંધર—પરીક્ષા કરું? આ જો મારો બાર ગાગરનો હાંડો છે. તું ઉપાડી શકીશ? એને કોઇને હાથ લગાડવા દેતો નહિ, જા નદી પર જઈ પાણી ભરી આવ.

ગોપીચંદ—ગુરૂદેવ બીજે કયાંય પણ મોકલો અને કંઈ પણ કામ કહો. મારા રાજ્યમાં પાણી કેવી રીતે ભરું? નદી પર બધી સ્ત્રીઓ મને જોશે ને આખા ગામમાં વાતો કરશે

જાલંધર—તો નહિ ભરતો પાણી, જા રાજ્ય સંભાળ, બા પી ને મઝા કર. તારાથી આ વેશ નહિ લઇ શકાય.

ગોપીચંદ વિચાર કરવા લાગ્યા. શું કરવું, કંઇ સુઝતું નથી નકકી કર્યું ને નદી પર ગયા પાણી ભર્યું. પણ આટલો ભારે હાંડો માથા પર શી રીતે ઉંચકી મુકીશકે? એ વિચારતા હતા એટલામાં દરબારી કામવાળીઓ ત્યાં આવી.

"મહારાજ આ શુ? લાખ લાખ હાથી ઘોડા દરબારમાં ઝુલે છે, અને બંગાળના રાજા પાણી શા માટે ભરે છે?

ગોપીચંદ—"કયાં છે બંગાળના રાજા? હું તો એક જોગી છું. મને આ હાંડો ચઢાવી આપો જોઉં. ગુરૂજી મારી વાટ જોતા હશે.

ગોપીચંદ પાણી ભરી ગુફા પાસે આવ્યા. જાલંધર ત્રિકાળજ્ઞાની હતા. તેઓ તરત જ લાઠી આગળ આવ્યા, ને ધૂમ પડીને બોલ્યા "સ્ત્રીઓનો હાથ લાગ્યો છે ફેંકી દે એ પાણી." ગોપીચંદે પાણી ફેકી દીધું. તેની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી, જાલંધરનોથે ગોપીચંદના માથા પર હાથ ફેરવ્યો.

"બેટા રડીને કેમ ચાલશે? આમ કંઈ સાધુ થવાય? ઠીક ચાલ પાણી ભરતા ન આવડયુ તો આવતી કાલે શહેરમાં જઇ ભિક્ષા માંગી લાવ એટલે થયું."

ગોપીચંદ—ગુરુજી મારા શહેરમાં હું જ ભિક્ષા માંગુ? મને બીજે કયાકે મોકલોને!

જાલંધર—અરે તો સુખેથી રાજ્ય કરને? તને આ ભગવા પહેરવાનું કોણ કહે છે?

—સમપૂર્ણ—(વધુ આવતા અંકે)

(અનુસંધાન પાના ૮થી આગળ)

મેં કહ્યું. "ગણત્રીની વસ્તુઓ આવી છુટ્ટી હોય તો દરેક અંક હોય એટલી વસ્તુ રાખવા માટે આપણી વસ્તુનો સરવાળો બતાવવો જોઇએ. પરંતુ આ લાકડીઓ દરેક અંકનુ પરિમાણ સહેલાઇથી દેખાડી શકે છે." લાકડીઓ ઉંચકીને દેખાડી મેં સમજાવતાં કહ્યું કે આ 'એ' આ 'ત્રણ' જાણે કે આ 'કપ' આ 'રકાબી' વિગેરે ભાષાના શબ્દોની જેમ ચોકકસ વસ્તુ બાળકને દેખાય છે અને તે પ્રમાણે 'એ' અથવા 'ત્રણ' નું મૂતરૂપ પ્રત્યક્ષપણે સહેલાઇથી બાળક ગ્રહણ કરી શકે છે."

"આ લાલ દશ લાકડીઓ જુઓ. અને આ દશ કોડીઓ જુઓ. આ લાકડીઓમાં સૌથી નાની લાકડી ૧૦ સેંટિમીટર લંબાઇની છે અને સૌથી મોટી એટલે દશની લાકડી એક મીટરની છે ૧ થી ૧૦ સુધીના દરેક અંકના રૂપો સ્વતંત્રરીતે બાળકને આ લાકડીઓમાં પ્રત્યક્ષ દેખાય છે. આ કોડીઓના ઢગલામાં એવા રૂપો દેખાતા નથી. તે આપણને તૈયાર કરવા પડે છે. અંકના મુલ્યનું સમગ્ર ચિત્ર પ્રત્યક્ષ ન દેખાવાથી અંકના સ્થુલ સ્વરૂપની તુલનાત્મક કલ્પના બાળક કરી શકતું હોતું નથી તેમાંથી એ ત્રણ કે ચાર બતાવતી વખતે આપણે એને જે પદ્ધતિ બતાવીએ છીએ, તેનાથી બાળકને આપણા બોલેલા અંકનો અને રચના કરેલા અંકના રૂપનો સંબંધ જોડતા આવડતો નથી. તેથી કેટલાંએ દિવસો સુધી પાંચ વધારે કે સાત વધારે (પરિમાણ ની દૃષ્ટિથી મોટો) એવી સતત શંકા એના મનમાં રહે છે. તેથી અંકના રૂપની નિશ્ચિત કલ્પના આપવા માટે આપણે છુટી વસ્તુઓ કરતાં આવા પ્રકારના યોજનાબદ્ધ સાધનનો ઉપયોગ કરવો જોઇએ.

આ કલ્પના સમજી શકવાથી કમળાબેનનો ચહેરો પ્રફુલ્લિત થયો. અને તરત તેઓ બોલ્યાં " પણ તમારી લાલ લાકડીઓ ઉપર બાળકને ગણવા માટે દશ સેંટીમીટર ઉપર રંગીન પટ્ટા દોરીને જો કંઈ નિશાની કરી હોતે તો આ સાધન ગણત્રીની દૃષ્ટિથી આના કરતાં પણ વધુ સહેલું થઇ પડતે; એવું તમને નથી લાગતું ?"

મેં કહ્યું; " તમારૂં કહેવું તદ્દન બરાબર છે. પણ તમને મેં જે લાલ સીડી બતાવી તે પ્રત્યક્ષ અંક પરિચયનું સાધન નથી. પ્રત્યક્ષ અંકપરિચય જે સાધનથી થાય છે તેનું નામ પટ્ટાવાળી સીડી છે. અને તેમાં તમે કહો છો તેવા પ્રકારની ગણવાની સગવડતા છે. "

" તો પછી આ રમકડું શેનું ?" તરતજ કમળાબેને પ્રશ્ન કર્યો.

મેં જવાબ આપ્યો " શરૂઆતમાં જ મેં કહ્યું ને કે આ અંકપરિચયની પૂર્વ-તૈયારી છે. "

કમળાબેને વચ્ચે જ કહ્યું " હજી પણ મને તમારી 'પૂર્વતૈયારી ' નો અર્થ સમજાતો નથી. "

" પૂર્વતૈયારી એટલે પ્રત્યક્ષ કામની શરૂઆત કરતાં પહેલા ઉપયોગી થઇ પડે એવા સાધનોનો સબંધ જોડવો. તે સાધનો કામ કરવાની દૃષ્ટિથી યોગ્ય છે કે નહિ તે જોવુ; કામ માટે આપણા મનને તૈયાર કરવું; આ બધી બાબતને આપણે પૂર્વતૈયારી કહીએ છીએ. બાળકને મૂળાંકનો પરિચય કરી આપવો હોય તો તે કાર્ય કરવા માટે કયા સાધનો યોજવા, બાળકનુ મન એને માટે કેવી રીતે તૈયાર કરવુ વિગેરે આપણે વિચારવું જોઇએ આ અંકપરિચય નિશ્ચિત સબંધ (સંકળાયેલા) એવા પરિમાણો દ્વારા આપવો એવું આપણે નકકી કર્યું પરંતુ બાળકના મનને એ માટે તૈયાર કરવાની દ્રષ્ટિથી તેને જુદા જુદા પરિમાણોનો અનુભવ પણ આપણે આપવો જોઇએ. આજે આણેલા આ ગણિત રમકડાનો હેતુ અંકપરિચય નથી પરંતુ પરિમાણ–પરિચય કરવો એ છે "

" આ લાકડીઓ " કમળાબેન વચ્ચે જ બોલ્યાં, " મને લાગે છે તેમ લંબાઇના પરિમાણો હશે ! નહિ ?"

મેં કહ્યું, " તમારા ખ્યાલમાં બરાબર આવ્યું છે. આ ચોકલેટી ચિતિ મા લંબાઇ સરખી છે; પહોળાઇ અને ઉંચાઇમાં ક્રમશ : ફેરફાર કર્યો છે. અને ગુલાબી ઘનમા તો લંબાઇ, પહોળાઇ અને ઉંચાઇ આ ત્રણે પરિમાણોનો ક્રમશ : ફેરફાર કરવામાં આવ્યો છે. આ લાકડીઓ અથવા આ ઘન ફકત ક્રમશ: ગોઠવવામાં પણ બુદ્ધિનો ઉપયોગ કરવો પડે છે. ખરૂ કે નહિં ?"

કમળાબેનના મનમાં હવે આ બધાં સાધનોની એક એક ખૂબી ધ્યાનમાં આવવા મંડી. તેમણે કહયું " એકાદી લાકડી મૂકી કે તરત એની પછીની લાકડી કઇ એ શોધવાનૂં અથવા એક ઘન કે ચિતિ ગોઠવી કે એના પછી કયો ઘન કે ચિતિ ગોઠવવી એનો દરેક વખતે

બાળકને વિચાર કરવો પડશે. અને ધારો કે ખોટો ધન કે લાકડી ગોઠવી તો તરત રચનાની પ્રમાણ બદ્ધતા બગડશે અને પ્રમાણબદ્ધતા બંગડે કે બાળક પોતાની મેળે યોગ્ય ધન શોધવાનો પ્રયત્ન કરશે.''

''ખરેખર આમાંથી પરિમાણોનો સ્પષ્ટ ખ્યાલ બાળકને આવશે એમાં મને જરાયે શંકા નથી.''

—શેષ નામને

બાએ કહ્યું, ''બેન મને મારશે''

પ્રદીપને શાળામાં આવ્યાને ત્રણ-ચાર દિવસ જ થયા હતા. મા-બાપ સારા સુશિક્ષિત હતા. ઘરમાં એ બન્ને સિવાય કોઈ ન્હોતુ, એટલે પ્રદીપને અન્ય બીજા કોઇની સાથે ભળવાની ટેવ પડી ન્હોતી. માતા-પિતાને છોડીને એ કોઇ પણ વખત રહ્યો ન્હોતો. તો પણ પ્રદીપ, ખુબ બોલકણો અને રમતિયાળ હોવાથી તે તરતજ શાળાના વાતાવરણમાં ભળી જશે એવું મને લાગતું હતુ

પહેલે દિવસે તે શાળામાં મારી જોડે આવ્યો ત્યારે ઓફીસમાં મેં એની સાથે વાતચીત કરી પછી અમે વર્ગમાં જવા નીકળ્યા. તેની બાને જરા વિચાર થઇ પડ્યો. ઓફીસમાં થોભવું કે પ્રદીપ સાથે વર્ગમાં જવું, કે ઘરે જ જતા રહેવું? તેઓએ પ્રશ્નાર્થ મુદ્રાથી મારી સામે જોયું. એટલે મેં તરત એમને કહ્યું ''તમને શાળા જોવી હોય તો ચાલો વર્ગમાં નહિ તો પ્રદીપ અને હું વર્ગમાં જઇએ છીએ અને તમે અહિં જ થોભો; અને જો તમને બેટી થવાનો સમય ન હોય તો અમને નમસ્તે કરીને તમે ઘરે જાઓ'' અમારી આ પ્રમાણેની વાતચીત પ્રદીપ સાંભળતોજ હતો. એનું રમતિયાળ મન વર્ગમાં જવાને ઉત્સુક હોવાથી એણે એ વાતચીત તરફ ખાસ લક્ષ આપ્યું નહિં ખરૂં જોતા તે જ ક્ષણે જો તેની બા ચાલી ગયા હોત તો પ્રદીપને બાંસ કંઇ લાગત નહિ. પરંતુ તેમને જવાનું મન ન થયું એટલે મેં ફરીને એમને કહ્યું, ''તમે અહિં થોભો છો? કે વર્ગમાં આવો છો? અમે હવે વર્ગમાં જઇએ છીએ.'' પ્રદીપભાઇના બા હજી કંઇ આખરી નિર્ણય પર આવી શકયા નહિ. સાધારણ રીતે બે ચારના સમુહમાં ભળી શકનાર ને રમતિયાળ બાળક હોય તો એ જલ્દીથી વર્ગમાં આવીને રમવા માંડે છે. એની બા ઓફીસમાં બેઠા છે એવું એને સમજાવી થોડો સમય બાદ એને બાની યાદ આવતા જો તે ઓફીસમાં જોવા જાય અને ''હું ઓફીસમાં બેઠી છું'' એમ કહીને બેઠેલી બા બાળકને જણાવ્યા વગર જ જો ઘરે જતી રહે તો બાળકને બૂબ નિરાશા ઉત્પન્ન થાય છે અને બા ઉપરનો પોતાનો વિશ્વાસ ઓછો થઇ જાય છે અમારે શિક્ષકોને તો એમનો વિશ્વાસ મેળવવાનો જ હોય છે તેમાં પણ આથી મુશ્કેલી ઉભી થવાનો સંભવ હોય છે બાળકની અને શિક્ષકની પહેલી જ મુલાકાતે જો આવી મુશ્કેલી ઉભી થાય તો બાળકના હિતની દૃષ્ટિએ આ તદ્દન જ અયોગ્ય થઈ પડે છે. તેથી આવું કઇ બનવા ન-પામે એ દૃષ્ટિથી મે એમને સલાહ આપી કે ''સમય હોય અને તમારી ઇચ્છા હોય તો થોભો નહિતો અમને કહીનેજ બેર જજો. બાળક બૂબ રડતું હોય તો પણ કેટલીયે વાર વાલી એને મુકીને જતા રહે છે તે વખતે બાળક બુબ જ રડે છે; બાળોટે છે; પરંતુ થોડીજ વારમા સાધનથી રમવા લાગે છે. વચ્ચે વચ્ચે ઘર યાદ આવી જતાં, ઘર કયારે જવાનું? એવું પૂછતાં હોય છે અને શિક્ષકના આધારે એ રહેતા હોય છે. આમ બહુ બહુ તે ત્રણ ચાર દિવસમાં આવું બાળક શાળાના વાતાવરણમાં ભળી જાય છે.

પ્રદીપની બાને મારી સલાહ ગળે ઉતરતી હતી પરંતુ પ્રદીપને છોડીને ઘર જવાનું મન થતુ ન્હોતું એટલે પ્રદીપ ને પોતાની પાસે બોલાવીને પૂછવા લાગ્યા ''જાઉં ને હું ઘરે? તું અહિં રમીશને? રડશે તો નહિ ને?'' એટલે પ્રદીપને પણ બાને છોડવાનું મન ન થયું એણે કહ્યું ''તમે જાવ નહિ'' એટલે એની બાએ કહ્યું, ''સારૂં, હું નહિં જાઉ પણ તું રડ નહિ.'' આમ

વાતચીતમાં લગભગ દશ મિનિટ પસાર થઈ હશે. બાને છોડીને વર્ગમાં આવીને રમવા તૈયાર થએલા પ્રદીપભાઇ બાની સોડમાં ભરાઇ ગયા. બાના મોહથીજ પ્રદીપ બાને વળગી રહ્યો. અને બાને હવે છોડવાને તૈયાર ન થયો. આખરે મેં કહ્યું, "ચાલો આપણે બધાં જ વર્ગમાં જઇએ. હવે પ્રાર્થનાનો સમય થયો છે. આજે તમે શાળામાં જ રોકાવ અને શાળાનું કામકાજ જોઇને પ્રદીપની સાથે જ ઘરે જજો" એમણે મારૂં કહેવું માન્ય રાખ્યું. અને વર્ગમાં ગયાં. પ્રદીપ બાળકોમાં ન બેસતાં તેની બા પાસે બેઠો. બાળકો વચ્ચે આવવાનો પણ મેં જાણી જોઇને જ આગ્રહ ન કર્યો. બા પાસે બેસીને એણે બાળકોના ગીતો સાભળ્યાં મા ને તો એમ લાગતું જ હતું કે એણે બાળકોમાં જવું જોઇએ. અમારી સાથે હળવું જોઇએ. ગીતો ગાવા જોઇએ, કંઇ નહિ તો ફક્ત તાળીઓ વગાડે એવો એ સતત પ્રયત્ન કરતાં હતા. અને તેથી એમની બા એના હાથ પકડીને તાળી પડાવવાનો પ્રયત્ન કરતા ત્યારે પ્રદીપે હાથની મુઠી વાળી દીધી. હું વચમા વચમાં એમને કહેતી હતી, ઇશારાથી સમજાવતી હતી કે, "રહેવા દો આજે ફક્ત એમને એમ બેસવા દો" પણ એ એમને માન્ય નહોતું.

આવી રીતે સંગીતનો કાર્યક્રમ મા ને દિકરાએ સાથે બેસીને સાંભળ્યો. ત્યાર પછી વર્ગની શરૂઆત થઈ. બાળકો સાધનથી રમવા લાગ્યા પ્રદીપની બાને એમ થતુ હતું કે પ્રદીપે પણ સાધનથી રમવું જોઇએ. પણ તે બાનો હાથ છોડવાને તૈયાર નહોતો. પ્રદીપને જુદા જુદા સાધનો આગળ લઇ જઇને આ જો ત જો' એમ કહેતા હતાં. તે વખતે મેં એમને વિનંતિ કરી 'આજ પહેલો જ દિવસ છે એને વર્ગમાં ફરવા દો, સાધનો જોવા દો, બાળકો શું કરેછે તે જોવા દો, આમ રમ તેમ કર એવો આગ્રહ ન કરો, જોવા તો દો એ શું કરે છે તે?" એમણે હસતા હસતા એ સુચના તો માન્ય કરી. એમને પોતાની ભૂલ સમજાતી હતી. એ અકળાઇ ગયા હતા. આટલા બધાં બાળકો રમે છે અને ફક્ત પોતાનો પ્રદીપ જ ફક્ત આટલા સુદર સાધનોને હાથ પણ લગાડતો નથી. એનું એમને દુખ થતું હતું.

પછી નાસ્તાનો સમય થયો. પ્રદીપ માટે ડબ્બો લાવ્યા નહોતા એટલે એ બંન્ને ઘેર જવા નીકળ્યા, "કાલથી અહિંજ વર્ગમાં બેસી ને રમવાનુ" એમ કબુલ કરાવ્યુ. તેમ છતાં પ્રદીપે છેલ્લે સુધી એમ જ ઉત્તર આપ્યો કે" તમે બેસશો તો જ હું બેસીશ"

બીજે દિવસે પ્રદીપ ડબ્બો લઇને આવ્યો. આવ્યા એટલે તરત મેં કહ્યું કે "આજ શું તમે પ્રદીપને મુકીને જવાના છો? તેમણે કહ્યું, જોઉ છું. જરાવાર રહીને પ્રદીપ પણ શું કહે છે તે પુછી જોઉ." આમ કહેતી વખતે તેઓ ઇશારાથી મને સમજાવતા હતા કે તમે પ્રદીપને લઇ લો તો હું ચુપચુપ એને જણાવ્યા વગર જતી રહું. એટલે મેં તરત કહ્યું, "તમે હવે જાવ કારણ જો તમે બોટી થશો તો ફરી કાલની જેમ થશે." પરંતુ એમનાથી પ્રદીપને મૂકીને જવાતું નહોતું. એટલે મે કરીને કહ્યું. "જુઓ, તમારે બોટી થવું હોય તો ઓફીસમાં બેસો પણ જતી વખતે મને અને પ્રદીપને કહીને જ જજો, એમને એમ ચુપચુપ ચાલી ન જતા." મારી આ સ્પષ્ટ સૂચનાથી એમનો પ્રદીપને ફસાવીને જવાનો કાર્યક્રમ તો મુલ્તવીજ રાખવો પડયો. અને પછી પ્રદીપના દેખતા એને કહીને જવાની હિમ્મત એમને ન થઇ એટલે એ ઓફીસમાં બેઠા. એટલે મેં પ્રદીપને કહ્યું,' ચાલો આપણે વર્ગમાં જઇએ, બા આજે વર્ગમાં આવશે નહિ પણ ઓફીસમાં બેઠા બેઠા વાંચશે.' પ્રદીપ મારૂં કહેવું માન્ય રાખીને મારી સાથે વર્ગમાં આવ્યો. પણ ત્યાં દર પાંચ-દશ મિનિટ પછી "એક વાર બાને જોઇ આવું—છુ ' એમ કહીને ઓફીસમાં જઇને," બા તું બેસજે હ ; મને મુકીને ચાલી ન જતી. એમ કહેતો. આમ બીજો દિવસ પસાર થયો. પ્રદીપની સારી એવી પ્રગતિ થએલી મને લાગી નાસ્તા વખતે એણે બધાંની સાથે બેસીને જ નાસ્તો કર્યો પણ એ દરમ્યાન એની બા ઓફીસમાં બેસી રહ્યા હતા.

ત્રીજે દિવસે જયારે બન્ને શાળામાં આવ્યા એટલે મેં પ્રદીપને કહ્યુ, "આજે આપણે બાને ઘેર જવાનું કહીએને! તમે નાસ્તો કરી લેશો એટલે તેડવાને આવશે" પ્રદીપે પહેલાં તો ઝટ લઇને હા કહી દીધી. એટલે એની બાને મેં જવાની સૂચના કરી. એટલે પ્રદીપને કહીને ચોકકસ કરવા માટે, "જાઉ ને હું જલદીથી આવીશ તૂં રડશે નહિ ને? તૂં અહિં રમશેને?" આમ બે ચાર વાર પ્રશ્નો પુછવાથી

પ્રદીપનો વિચાર બદલાઇ ગયો, અને કહ્યું, "ના. તમે ઘર જશો નહિ; અહિં જ બેસો." બાને પણ પ્રદીપને દુઃખી કરવાની ઇચ્છા ન્હોતી એટલે મેં કહ્યું, "આજનો દિવસ બેસો પણ હવે એક બે દિવસમાં એ તમને જવાનું કહે એટલે તમારે તરત જતાં રહેવું.

આજે વર્ગમાં લગભગ એક કલાક સુધી પ્રદીપ રમ્યો. આજે એને વારે વારે ઓફીસમાં જવાની જરૂર ન પડી. પણ પછી ઓફીસમાં જઇને બા જોડે વાતો કરતો જોયો. હું એમની વાતચીત સાંભળી શકતી ન્હોતી. પરંતુ એણે બાને જવાની રજા આપી હોય એવું મને લાગ્યુ, કારણ એની બા ઘેર જવાની તૈયારી કરતા હતાં. બે-ત્રણ મિનિટમાં પ્રદીપ જરા હતાશ થએલો મારી પાસે આવીને બેઠો અને બીજા બાળકોનું કામ જોવા લાગ્યો. એની બા મારી રજા લેવા આવ્યા મેં કહ્યું, "કેમ મળીને રજા! પ્રદીપને જલદીથી જ બાળમંદિરમાં ફાવી જશે એવું મેં તો પહેલે જ દિવસે અનુમાન કર્યું હતું." એટલે એની બાએ કહ્યું, "એ કંઇ એમ થોડો એકલો બેસવાને તૈયાર થતે!"

"તો તમે કેવી રીતે જવાને તૈયાર થયા? આપણે નકકી કર્યું છે એ પ્રમાણે એની રજા લઇને જ જાવ. એ હમણા રમવામાં છે એટલે તરત રજા આપશે.

એટલે એમણે કહ્યું, "એણે મને જવાની રજા આપી છે."

મેં ફરીને પુછ્યું, "એ રજા કેવી રીતે આપી એ તો કહો?"

એટલે એમણે ખૂબ ધીરેથી પ્રદીપ તરફ જોતા કહ્યું. "કે હમણાં જ્યારે એ ઓફીસમાં આવ્યો હતો ને ત્યારે મેં પુછ્યું, "જઉં કે?" એટલે એણે ના પાડી, એટલે મેં કહ્યું, આમ રોજ રોજ જો હું બેસું તો તારા બેન મારા ઉપર ગુસ્સે થશે અને મને મારશે. આમ કહ્યું એટલે મને તરત જવાની રજા આપી." આટલું બધું કહેતા પ્રદીપના બાને પોતાના વિજયનો આનંદ થતો હતો.

આ સાંભળીને મારે કહેવું જ પડ્યું. "આવી રીતે તમે રજા મેળવી છે તો એ ખરી રજા નથી પરંતુ મારી બીકને લીધે એણે તમને રજા આપી છે.

(ક્રમશઃ)

બાળ શિક્ષણ અને સંઘ સમાચાર

–શ્રી ચંદ્રવદન શાહ તથા શ્રી કુસુમબેન શાહ શૈક્ષણિક પ્રવાસેથી પાછા આવ્યા છે. એ શિક્ષણ પ્રેમી દમ્પતિને શિક્ષણ પત્રિકા વતી અમારા અભિનંદન.

–શ્રી દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન મંદિર, ભાવનગર તા. ૧લી જુલાઇના રોજ ઉઘડશે. સૌરાષ્ટ્ર સરકાર પ્રમાણિત શિક્ષણ ક્રમ મૅટ્રીક તથા વ. ફા. શિક્ષણ તેમજ તેથી ઓછું ભણેલાઓને માટે 'બાલવાડી શિક્ષક' ક્રમની વ્યવસ્થા કરવામાં આવી છે. વિશેષ માહિતી માટે આચાર્યને લખવું.

–શ્રી હરભાઇ ત્રિવેદી સંચાલિત ઘરશાળા, ભાવનગર તરફથી ચાલતા બાલ અધ્યાપન મંદિરમાં લાયકાતનું ધોરણ ઉચું લેવામાં આવ્યું છે તેમજ સંસ્થાને સૌરાષ્ટ્ર સરકારની માન્યતા મળી છે એવું જાણવા મળ્યું છે. વિશેષ માહિતી માટે સંસ્થાના આચાર્યને લખવું.

–શ્રી ગ્રામ બાલ અધ્યાપન મંદિર બોડી, વાયા ધોલવડ જીલ્લો થાણા તા ૧૨–૬–૫૩. ના રોજ ઉઘડશે એવા સમાચાર ભૂલથી ગઇ પત્રિકામાં છપાયા હતા. એ સંસ્થા તા. ૧લી જુલાઇ–૫૩ ના રોજ ઉઘડશે. નવા વિદ્યાર્થીઓને અત્યારથીજ પ્રવેશ અપાય છે.

–મુંબઇ રાજ્યના પૂર્વ પ્રાથમિક શિક્ષક પ્રમાણ પત્ર પરીક્ષાના પરિણામો પહેલી જુને જાહેર થવાની શકયતા છે એમ જાણવા મળ્યુ છે.

–ઓલ ઇંડીયા ફેડરેશન ઑફ એજ્યુકેશનલ એસોશિએશન્સના ચાઇલ્ડ હુડ એંડ હોમ એજ્યુકેશન વિભાગના મંત્રીપદે શ્રી ફડકેની જગાએ શ્રી એલ. એન. સકસેના ચૂંટાયા છે.

–નૂતન બાલ શિક્ષણ સંઘની દરેક નવી પ્રાદેશિક શાખાની કાર્યવાહીએ પોતાની શાખામાં ૧૯૫૨–૫૩માં થએલ કાર્યનો અહેવાલ અને હિસાબો મધ્યસ્થ કાર્યાલય પર મોકલવા માટે સંઘના મંત્રી તરફથી જુદા પરિપત્ર વડે વિનંતિ કરવામાં આવી છે.

બાળ મંદિરમાં શું જોશો?

(૧) **શિક્ષક, શિક્ષિકા અને બાળકો આનંદી છે કે નહિ?** માનસિક તાણમાંથી ('Nervous Tensions') તેઓ મુકત દેખાય છે કે નહિ? ધાક ધમકીના વાતાવરણ દ્વારા તેઓ અપ્રસન્ન દેખાય છે? કે એમના કાર્યમાં ઉત્સાહ અને સ્વાભાવિકતા દેખાય છે? બાલમંદિરના વાતાવરણમાં પણ વ્યવસ્થા કરતાં પણ પ્રસન્નતાને મહત્વ છે. અપ્રસન્નતા એ સારા બાળમંદિરનું અંગ નથી.

(૨) **બાળકો પ્રવૃત્તિમય દેખાય છે કે?** તમે બાળમંદિરમાં જાવ ત્યારે તમે ત્યાં જેટલો સમય વિતાવો તે સમય દરમ્યાન બાળકો પોતપોતાની પ્રવૃત્તિ શોધીને તેમાં તન્મય થએલાં દેખાતા હતા કે અહિં તહિં ભટકતાં સૂચનાની વાટ જોતાં દેખાતાં હતાં તેઓ જે કંઇ કરતાં હતાં તેમાં કંઇક રચનાત્મક પ્રયત્ન દેખાતો હતો કે તેઓ ફકત સમય પસાર કરવા માટે રમતાં હતાં?

(૩) **બાળમંદિરનો વિભાગ, ફિડાંગણું, આંગણું બાગ ને ઓસરી વ્યવસ્થિત અને સ્વચ્છ દેખાતી હતી કે ત્યાં બેદરકારી, નિષ્કાળજી ને અવ્યવસ્થા તમને દેખાતી હતી?** બાલમંદિરની સુંદર વ્યવસ્થા એ સારા સંચાલનનુ અંગ સમજવું. બધી વસ્તુ સૌ સૌની જગ્યાએ વ્યવસ્થિત અને મહત્વના ટાપ-ટીપમાં હોવી એ બાલશિક્ષણની દૃષ્ટિથી ખૂબ જ મહત્વનું હોય છે. જ્યાં અવ્યવસ્થા અને ગોટાળો હોય ત્યાં બાળકોની કયા પ્રકારની કેળવણી થશે?

(૪) **બાળમંદિરના કાર્યકર્તાઓમાં સંઘવૃત્ત (Team spirit) દેખાતી હતી?** જ્યાં દરેક વ્યક્તિ પોતાનું કાર્ય દક્ષતાથી પાર પાડીને બીજાને ઉપયોગી થઇ પડવાના ઉત્સાહથી શાળાનું હિત ધ્યાનમાં લઇને કામ કરતા કાર્યકર્તાઓ હોય છે ત્યાંના વાતાવરણમાં સુઘડતા અને એકતા દેખાય છે. નહિ તો, "આ કામ મારૂં નથી." "આ કામ એનું છે." "મારૂં કામ તો મેં કરી લીધું" એવી સંકુચિત વૃત્તિ હોય છે ત્યાં બાળ-મંદિરનું વાતાવરણ યંત્રવત્ બને છે.

(૫) **બાળમંદિરમાં તમારાં બાળકોને પુરતી જગ્યા છે કે નહિ?** એક નાની ઓરડીમાં એકદમ પાસે પાસે બેસાડેલા ને ગીચ ભરેલા બાળકો દેખાય છે, કે તેની પ્રવૃત્તિને અને હિલચાલને વેગ મળે એવી પ્રકાશવાળી, હવાવાળી અને મોકળી જગા છે? બાળકના આરોગ્યની દૃષ્ટિથી બાળકની હિલચાલને ખુલ્લી જગા હોવી પોષક અન્નના જેટલીજ, મહત્વની છે.

(૬) **બાળમંદિરમાં શિક્ષક-શિક્ષિકાઓની સંખ્યા પૂરતી છે?** સાધારણરીતે ૨૫ બાળકોની સંખ્યા થાય એટલે એક શિક્ષક અથવા શિક્ષિકા હોવા જોઇએ.

(૭) **સાધનો અને પ્રવૃત્તિ પૂરતા પ્રમાણમાં છે?** ફકત સાધનો વધારે હોય અથવા ઇમારત અને સાધનની સુંદરતાથી બાળમંદિર ઉત્તમ છે એમ કહી ન શકાય, પરંતુ સાધનો અથવા પ્રવૃત્તિને અભાવે ક્રિયાત્મક શિક્ષણ ઉત્તમ થવું શકય નથી ક્રિયાત્મક શિક્ષણ કહ્યું એટલે સાધનો હોવા જ જોઇએ સાધનોમા વિવિધતા હોવી જોઇએ અને તેનો યોગ્ય ઉપયોગ થવો જોઇએ.

—શેષ નામલે.

હેડ ઓફીસ મુંબઇ, ૫૪ શાખાઓ અને ૧૦ સેફ ડીપોઝીટ વોલ્ટ.

- આપણા સ્પેશ્યલ સેવિંગ્સ ડીપોઝીટ ખાતામાં ૨-૧/૪ % લેખે વ્યાજ આપવામા આવે છે. અને રૂ. ૧૦૦૦થી ખાતું ખોલાય છે.
- અમારી ૬ વર્ષ અને ૩ વર્ષની ફેરા ફ્લકટીફીકેટો લગભગ ૩-૧/૨ % અને ૨-૩/૪ % વ્યાજ આપે છે.
- અમારા સેવિંગ્સ બેંક ખાતાઓમાં ૧-૧/૨ % ટકા લેખે વ્યાજ આપવામાં આવે છે અને રૂ. ૨૦ થી ખાતું ખોલાય છે

નાણાની બચત કરવામાં દેનાબેંક તમને મદદ કરશે

હિન્દનો

અગ્રગણ્ય

સ્વદેશી સ્ટોર

×—○—×

તમારી જરૂરિયાતો ખરીદવાનું
એક માત્ર
ભરોસાપાત્ર સ્થળ

: આજે જ પધારો :

ધી બોમ્બે સ્વદેશી
કો-ઓપરેટિવ સ્ટોર્સ કં. લિ૦

સર ફિરોઝશાહ મહેતા રોડ,
ફોર્ટ, મુંબઇ ૧
ફોન : ૨૦૪૪૩

શાખા :
જેમ્સ સ્ટ્રીટ, સિકંદરાબાદ.

નોંધ લ્યો

સંસ્કારી, ટ્રેઇન્ડ, "કમ્પેનીઅન ટીચર શિક્ષિકા
અથવા ગવર્નેસ"

હિન્દુ કુટુંબમાં, ચાર વર્ષના બાળક સાથે ઘેર
રહેવા તૈયાર હોય તેવા ગુજરાતી, હિન્દી,
કે અંગ્રેજી ભાષામાંથી એકનું સારું
જ્ઞાન આવશ્યક.

: પૂરી વિગત સાથે લખો :

ભારતીદેવી સારાભાઇ
શાહી બાગ, અમદાવાદ

અંગ-અકસ્માત-જિંદગી

મોટર, દરિયાઈ, વર્કમેન્સ કોમ્પેન્સેશન
સર્વ પ્રકારનું વીમાકામ
સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને
સંતોષકારક મહેનતાણું :
એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય
મંગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—

૩૧૫-૩૨૧ પ્રોસ્પેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ,
મુંબઈ.

શ્રી નૂ. બા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : શ્રી રમણીકલાલ તુરખિયા, ૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઇ ૧૪
મુદ્રણ સ્થાન : ભારતી પ્રિન્ટરી, માટુંગા, મુંબઈ ૧૯.

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ-૨૮ : અંક-૭મો : જુલાઇ, ૧૯૫૩

જીવનના ઉષાકાળે બાળક પોતાની મા પાસેથી જે કંઇ શીખે છે તેની સરખામણી જો આપણી સરકારી સગવડોથી મળતી કેળવણી સાથે કરીએ તો સરકારી કેળવણીના પ્રયત્નો માખીના ડંખની જેમ પરિણામ શુન્ય અને સાગરના બિંદુની જેમ અલ્પ લાગશે. પ્રથમના ત્રણ વર્ષના ગાળામાં બાળક પોતાની મા પાસેથી જીવનનો પાયો નંખાય તેટલું મેળવી લેતું હોય છે.

—રાજગોપાલાચાર્ય.

સંસ્થાપક :
સ્વ. ગિજુભાઇ બધેકા

તંત્રી :
તારાબેન મોડક

વાર્ષિક લવાજમ : રૂા. ૪-૦-૦ : : કાર્યાલય : ૧૧૮, હિન્દુ કૉલની, દાદર, મુંબઇ. ૧૪. : : છૂટક નકલ ૬ આના

નૂતન બાળ શિક્ષણ સંઘ

એટલે

વાલીઓ શિક્ષકો અને બાળપ્રેમીઓનું બનેલું અખિલ ભારતીય સંગઠન.

સંઘના પદાધિકારીઓ :—

પ્રમુખ: શ્રી મોરારજીભાઇ દેસાઇ. ઉપપ્રમુખ: આચાર્ય શ્રી ભિસે.

કાર્યાધ્યક્ષ: શ્રી સરલાદેવી સારાભાઇ. કોષાધ્યક્ષ: શ્રી વા. રા. પટવર્ધન

મંત્રીઓ: શ્રી શેષ ના. નામલે, શ્રી યશસ્વતી બેન ભટ્ટ.

સ્થાનિક શાખા : કોઇપણ બાળ કેળવણીની સંસ્થા, વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓમાંથી ઓછામાં ઓછા સંઘના રૂપ સભ્યો બનાવી, સંઘ માન્ય શાખા સ્થાપી શકે છે. આ જાતની શાખાને સ્થાનિક શાખા કહેવાય છે

પ્રાદેશિક શાખા : કોઈ પણ જીલ્લામાં ઓછામાં ઓછી ચાર સ્થાનિક શાખા સ્થપાયેલી હશે તો તે વડે સંઘની જીલ્લા પ્રાદેશિક શાખા સ્થાપી શકાય છે. અને આ જીલ્લા શાખાના પ્રતિનિધિ સંઘના અખિલ ભારતીય નિયંત્રણ મંડળમાં ચૂંટાઈ શકે છે.

સંઘનું પ્રચાર સાહિત્ય : સંઘનું બંધારણ, પ્રવેશ પત્રકો, સુચના–માહિતી વિ. સંઘને લગતું પ્રચાર સાહિત્ય મેળવવા માટે નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવા વિનંતી છે

મંત્રી, **શ્રી નૂતન બાલ શિક્ષણ સંઘ.**
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ, ૧૪.

સંપાદક મંડળ :— જમુભાઇ દાણી, પુનમચંદ શાહ,
નરેન્દ્રભાઇ બધેકા, હેમલતા માળવી, મંજરી રાયજી,

અનુક્રમણિકા.

૧	સંપાદકીય .. (ગામડાની બાળ કેળવણીનો પ્રશ્ન)		
૨	સંસ્કારનો વારસો	....	'ઓજસ'
૩	બાળમંદિરમાં 'વર્ગસંચાલન' અને 'પાઠ'		શેષ નામલે
૪	વાલીઓ સાથે વાતચીત	....	શૈશવવાદી
૫	બાએ કહ્યું : "બેન મને મારશે."		તા.પરાજપે
	બાળ વિભાગ		
૬	ગોપીચંદ	....	મોંઘીબેન બધેકા
૭	નગાધિરાજ હિમાલય	....	સરલાબેન દેવધર
૮	આવ રે વરસાદ	....	ર. ઠાકોરી
૯	એક ટીપું	....	"
૧૦	બાળકનું ગણિત શિક્ષણ	....	શેષ નામલે
૧૧	મા બાપોની ફરજ	....	
૧૨	બાળ-શિક્ષણ અને સંઘ સમાચાર...		
૧૩	ટૂંકી નોંધ	....	

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો.

કે– " શિક્ષણ પત્રિકા " એ નૂતન બાલ શિક્ષણ સંઘનું મુખપત્ર છે, તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપ મેળેજ બની જાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબધે બાળકોના માતા – પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતુ એક માત્ર માસિક છે.

કે– " શિક્ષણ પત્રિકા " દરેક મહિનાની પહેલી તારીખે પ્રગટ થાય છે.

કે– " શિક્ષણ પત્રિકાના " ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર ' પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે. પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરૂરી છે.

કે– " શિક્ષણ પત્રિકા " ના ગ્રાહક કોઇ પણ માસથી થઇ શકાય છે.

કે– " શિક્ષણ પત્રિકા " માં બાળશિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫મી સુધીમાં કાર્યાલય ને મોકલાવી આપવા જરૂરી છે.

કે– " શિક્ષણ પત્રિકા " માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમા અને કાગળની એકજ બાજુએ લખાયેલા હોવાં જરૂરી છે.

કે– " શિક્ષણ પત્રિકા " (ગુજરાતી અને હિંદી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતિ છે.

—શ્રી રમણીકલાલ તુરખિયા
વ્યવસ્થાપક " શિક્ષણ પત્રિકા "
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૮ : અંક ૭] મુંબઇ [જુલાઇ, ૧૯૫૩

સંપાદકીય

ગામડાની બાળ કેળવણીનો પ્રશ્ન

ગામડાની બાળ-કેળવણીનો પ્રશ્ન એજ સાચી રીતે આપણા દેશની કેળવણીનો પ્રશ્ન છે; એ આપણે જાણીએ છીએ છતાં આ પ્રશ્નની ઉત્કટતા હજીએ માત્ર શબ્દો પુરતી જ મર્યાદિત દેખાય છે. સેંકડે ૮૨.૮ જેટલા લોકો ગામડામાં વસે છે. એ બહુ સંખ્યક જનતાના બાળકોની ઉપેક્ષા કરીને આપણો દેશ પ્રગતિના પગલાં ભરી શકશે એવી કોઇની કલ્પના હોય તો તે વૃથા પ્રલાપ છે.

ગામડાની બાળ કેળવણીનું સ્વરૂપ હવે સ્પષ્ટ થયું છે. ગામડાની બાળ કેળવણીના પ્રશ્નનો ઉકેલ માત્ર પ્રાથમિક શાળાના મકાનો ચણવાથી અને શાળાની ચાર દિવાલોમાં બાળકોને ભણાવનાર શિક્ષકો નીમવાથી આવી શકશે નહિ. ગામડાની બાળ કેળવણીનો પ્રશ્ન ગામડાની આર્થિક. સામાજીક અને સાંસ્કૃતિક સમસ્યાઓ સાથે સંકળાએલો છે. તેનો વિચાર જો કેવળ શિક્ષણની ભૂમિકા પરથી કરીએ તો તેને માટે આપણે આજે જે ખરચ કરી રહ્યા છીએ તે નિષ્ફળ જશે; એ વાત હવે આપણે સમજવી ઘટે છે.

નૂતન બાળ શિક્ષણ સંઘના પ્રયોગો :

૧૯૪૦માં ભાવનગરમાં યોજાએલા સંમેલનમા સંઘ ગામડાની બાળ કેળવણીના પ્રશ્નને વર્યો છે ત્યારથી સ્વ. ગિજુભાઇના સાથીદાર અને સંઘના એક સંસ્થાપક શ્રી. તારાબેન મોડકના નેતૃત્વમાં સંઘે ગામડાની બાળ કેળવણીના પ્રશ્ન તરફ મીટ માંડી છે. ૧૯૪૪ની સાલમાં સંઘે બોર્ડી મુકામે સંઘનું પોતાનું ગ્રામ બાલ શિક્ષા કેન્દ્ર શરૂ કર્યું. તેના પરિણામે ગામડાની બાળકેળવણી અંગે સંઘને જે અનુભવો થયા છે તેનો લાભ ગામડાની બાળ કેળવણીમાં રસ લેતી સંસ્થાઓ અને સરકારી કેળવણી ખાતું યોગ્ય રીતે ઉઠાવે તો ગામડાની કેળવણી વિષે આપણા ખોટા ખ્યાલો પર થતું ખોટું ખરચ અને શ્રમ બચાવીને કંઇક વ્યાપક અને રચનાત્મક કાર્ય આપણે કરી શકીશું.

નવા પ્રયોગનું સ્વરૂપ :

એ તો વાત જાણીતી છે કે ગામડાની પ્રાથમિક શાળાઓમાં બાળકોની ઉપસ્થિતિ પુરતી હોતી નથી. શિક્ષકો અને શાળાધિકારીઓ અને નેતાઓ કહેતાં:– 'અહીંના લોકો બહુ પછાત છે. કેળવણીનું કશું મહત્ત્વ સમજતા નથી' તેનો જવાબ વાળતાં શ્રી તારાબેને ધારાસભામાં જણાવ્યું હતું કે પ્રાથમિક શાળાઓમાં બાળકોની ગેરહાજરીનું કારણ લોકોનું પછાતપણું નહિ પણ લોકોની ગરીબી છે. પ્રાથમિક શાળાઓ પર ખર્ચાતાં લાખો અને કરોડો રૂપિયા બચાવવા હોય તો પ્રાથમિક શાળાઓ સાથે પૂર્વપ્રાથમિક કેળવણીની કંઇક વ્યવસ્થા કરો. પરંતુ માત્ર પ્રાથમિક કેળવણીના વિસ્તારની રટ લાગી ગએલી ને સભાએ શ્રી તારાબેનને પોતાનો ખરડો પાછો ખેંચી લેવા માટે ફરજ પાડી. આજે તો એમ દેખાય છે કે ગામડાની પ્રાથમિક કેળવણી સફળ બનાવવી હોય તો માત્ર બાલવાડી કે પૂર્વપ્રાથમિક શાળાજ નહિ પણ એ બાલવાડીમા અને પ્રાથમિક શાળાઓમાં ગ્રામજનોના બાળકો હાજરી આપી શકશે એવું સ્પષ્ટ દેખાય છે.

આ વર્ષથી સંઘે પોતાના કેન્દ્રમાં આંગણ-બાળ વાડીઓની સાથે સાથે ઘોડીયા ઘર સાથેની બાલવાડીનો પ્રયોગ કરવાનું વિચાર્યું છે. ગામડાની કેળવણીમાં રસ લેતી પ્રજા નૂતન બાલશિક્ષણ સંઘના નવા પ્રયોગને નવું માર્ગદર્શન મેળવવાની અપેક્ષાથી જોશે એ વિશે અમને શંકા નથી.

–સં.

—: ત્રણ ઘર :—

અમારી આખી ચાલમાં મહેન્દ્રભાઇને ઘેર મારી બેઠક.

તે દિવસે સ્હાંજે મહેન્દ્રભાઇ અને હું ફરવા નીકળ્યા ત્યારે એમનો નાનો કનુ શીડી લગાવી ચડતો હતો. અને નીચે પડોસીના છોકરાઓ—કાન્તિ, રમણુ, શશી, જગુ, અને કનુ આ સર્કસનો ખેલ જોઇ રહ્યા હતા.

'કેમ ભાઇ, આ શુ કરછ.?

"બાપુજી, ઉપર એક લાકડી પડી છે એ ઉતારૂં છું"

અને અમે ચાલ્યા ગયા.

બીજે દિવસે સવારે મેં ચાલમાં કંઇક ગડબડ થતી સાંભળી ને હું ઘરમાંથી બહાર નીકળ્યો.

શશીની મા સાવિત્રીબેન, જગુની મા પોતીમાને સંભળાવી રહ્યાં હતાં:

'એક નાના એવા લાકડીના ટુકડાના વસ્તારમાં મારા શશીનુ શેર એક લોહી બાળી નાખ્યું. હું તો કહું છું સૌનો ભગવાન છે ના! અમારાં કાળજાં બાળે છે એવા એના ય ભગવાન બાળશે.'

સાવિત્રીબેન જરા દુઃખી અવાજે બોલતાં હતાં.

જગુની મા પોતીમા બોલી ઉઠયાં:

"ના બાઇ, આ તે કંઇ સારૂં કે'વાય? અને એમ આપણી વસત તે શાની દઇ દઇએ? એમ ન બોલીએ તો તો આપણું સારૂં ઘર પણ લુંટી જાય.'

મને થયું કે આ ઝગડો કાં તો કાલવાળી લાકડીમાંથી થયો લાગે છે. એટલે હું મહેન્દ્રભાઇના ઘરમાં ગયો.

મહેન્દ્રભાઇ અને એમનાં પત્ની મેનાબેન બેઠાં હતાં. અને બહાર ચાલમાં ચાલતો સંવાદ સાંભળી રહ્યાં હતાં.

મેં જતાં જ પૂછ્યું:

'મહેન્દ્રભાઇ, આ શાની રામાયણ છે?'

મહેન્દ્રભાઇ ગંભીર ભાવે બોલ્યા : 'આમને જ પૂછો.'

હું પૂછું તે પહેલાં જ મેનાબેન બોલી ઉઠયાં:

'અને આ બધી મોકાણ, એક નમાલા એવા લાકડીના ટુકડાની છે. ગઇ 'કાલે સ્હાંજે કનુએ છાપરા પરથી એક લાકડી ઉતારી .....'

'હા, એ તો અમે ફરવા નીકળ્યા ત્યારે કનુ ઉતારતો હતો.'

'હા બસ, એ જ લાકડી! હવે જુઓ તો, છોકરાએ કેટલી મહેનત કરીને લાકડી ઉતારી! અને તમે જુઓ છો ના, આપણે છાપરે ચડવું એ કંઇ જેવું તેવું જોખમ છે? અને જ્યાં નીચે ઉતારી ત્યાં આ શશી કહે છે કે 'લાકડી આપી દે, લાકડી મારી છે.' બોલો!'

'હા, શશી ત્યારે ત્યાં ઉભો હતો ખરો.'

'હાં ને જુઓ, એ કેવો મીઠો? કનુ ઉતારે છે ત્યારે પોતે મૂંગો જ ઉભો રહે છે ને છોકરાએ જીવના જોખમે ઉતારી એટલે થઇ બેઠો ધણી! ત્યાર પહેલાંજ કહેવુ'તું ના, કે ભઇ લાકડી મારી છે, આ તો ઉતારવાની ભાણી ન મળે ને ઉતારી એટલે થઇ બેસવું ધરાર ધણી!'

'એ તો ખરૂં. લાકડી કરતાં તો ઉતારવાનુ જોખમ મોટું!'

'હાં ...બરાબર. કે'નારા કહી ગયા! અને એમાં તો આ કાલ સ્હાંજથી શશીની મા જેમ આવે તેમ બોલ્યા કરે છે. તે ય મેં તો છોકરાને કહી દીધું કે 'બળી લાકડી. દઇ દે, એવા લાકડાના ટુકડાને શું કરવો છે? આપણે ત્યાં કયાં ઓછા છે? અને આપણે કારખાનેથી જોઇએ એટલા ટુકડા લઇ લે પણ એ છોકરો ય કંઇ મમતીલો ઓછો છે?— આખર એ ય છોકરૂંના? એ હઠ છોડતો નથી—અને આનો અંત આવતો નથી.'

'કનુ કયાં છે?' મહેન્દ્રભાઇએ વચ્ચેજ પ્રછયું.

'એ ઉપર મેડીમાં વાંચે છે.'

'એને અહીં બોલાવો તો.'

'અરે, એ રમા, તારા ભાઇને બોલાવજે તો. કહે કે તારા બાપુજી બોલાવે છે.'

કનુ આવ્યો. એના મ્હોં પર ભય અને મકકમતા—બેય ભાવ ભેળા હતા. એ આવીને મહેન્દ્રભાઈ સામે ઉભો રહ્યો.

'શું કહો છો, બાપુજી?'

મહેન્દ્રભાઇ ગંભીર વદને બોલ્યા:

કનુ, લાકડી શશીને આપી દે ને?'

મહેન્દ્રભાઇ મોટે ભાગે બાળકોને કદિય વઢતા નહિ અને છોકરાંઓને એમની બીક લાગતી નહિ.

'ના બાપુજી, હું નહિ આપું. એ તો મેં ઉતારી છે. એટલે મારીજ કહેવાય.'

મેનાબેન વચ્ચે જ બોલી ઉઠ્યાં:

'હાં ભાઇ. એ તો ખરૂં છે પણ હવે આપી દે એટલે આ કજીઆનું મોં કાળું થાય'

'ના બા, હું નહિ જ આપું. તો પછી હું ઉતારતો તો ત્યારે શશીએ કેમ મને ન કહ્યું કે એ મારી છે? ત્યારે તો મૂંગી માશી થઇ ઉભોજ રહ્યો ને ઉતારી એટલે ભઇસાહેબ ઘરાક થઇ બેઠા!'

'કનુ, જો, સાંભળ.' મહેન્દ્રભાઈ બોલ્યા 'એલા પહેલી વાત એ કર; એ લાકડી તારી છે?'

કનુ જરા ઢીલો પડ્યો.

'ના....મારી તો નથી, પણ મેં ઉતારીને?'

'તો ધાર કે લાકડી તારી હોત ને શશીએ ઉતારી હોત તો તું ન માગત કે?'

કનુ વિશેષ નરમ પડ્યો.

પણ તરતજ એનું મગજ ચાલ્યું:

'પણ તો બાપુજી, હું જ ઉતારી લેત. હું શશીને ઉતારવાજ ન દેત.'

મહેન્દ્રભાઇના મ્હોં પર આછું સ્મિત આવ્યું:

'બરૂં કનુ. તું એમ ન કરે. પણ ત્યારે કનુ, વાત એમ છે કે તું છાપરે ચડી શકે છે. ને શશી નથી ચડી શકતો, એટલે એણે આ યુકિત કરી! એ તો એલા, જેનાં શરીર નથી ચાલતાં એ બધાય આ જગતમાં માથું ચલાવીને આમ જ પોતાના અધિકાર જમાવે છે!"

જો કે આ છેલ્લી વાત કનુ સમજ્યો કે નહિ એ કોણ જાણે, પણ એ જવાબ આપી શકયો.

મહેન્દ્રભાઇ આગળ બોલ્યા:

"જો કનુ, આપણું કામ માત્ર આટલું કે જે વસ્તુની માલિકી આપણી નથી અને જે માલિક છે, એને તે વસ્તુ આપી દેવી જોઇએ. પછી આપણને ગમે તેટલી મહેનત પડી હોય. આમાંથી તારે શીખવાનું એટલું કે હવે પછી જે વસ્તુ તારી ન હોય તે તારે લેવા પ્રયત્ન ન કરવો, અને કરવો તો એ તારા માટે નહિ, પણ એ જેની હોય તેને આપી દેવા માટે જ કરવો.'

કનુ મુંઝાઇ ગયો.

કનુ, જો આમ આપણે એક બીજાની વસ્તુઓ ઉપાડવા માંડીએ તો પછી આપણી કોઇ વસ્તુ સલામત ન રહે. તો તો કાલે આપણે જરા આઘા પાછા થઇએ કે કોઇ આ રેડિઓ પણ ઉપાડી જઇ શકે, અને એણે એ ઉપાડી જવાની મહેનત કરી છે માટે એ એનો થઇ જાય કે?'

હવે કનુ સમજી ગયો. એ બોલ્યો:

'બરૂં બાપુજી. હું લાકડી પાછી આપી દઉ છું.'

એમ કહેતાંકને એણે પોતે જે કબાટ પાસે ઉભો હતો, એની પાછળથી લાકડી બહાર કાઢી.

મને તો એ જાદુ જેવું લાગ્યું!

છોકરાઓ છુપાવવાની કળામાં બહુ હોશિયાર હોય છે.

એ લાકડી લઇને જેવો દેવા જાય છે તેવોજ હરૂ ઘરમાં આવ્યો:

'કનુ, કનુ, શશી તારા કારખાનામાંથી ચાર પાંચ લાકડીઓ ચોરી ગયો'

કનુના કપાળમાં કરચલીઓ પડી, એ બોલી ઉઠ્યો:

'અરે, એ શું લઇ જતો' તો! ચાલ જોઉં છું; કેમ લઇ જાય છે તે?'

'કનુ, મહેન્દ્રભાઇ બોલી ઉઠ્યા:

'નહિ, નથી જવું, ચાર લાકડી લીધી ના? કંઇ વાંધો નહિ. એ તો તું એની એક લાકડી લે તો એ તારી ચાર લે જ તો!'

'પણ બાપુજી, હું તો એને પાછી આપવા જ જતો'તો.'

'હા તે જા, આપી આવ.'

ત્યાં સામે જ બારણાં સામે શશી અને જગુ આવ્યા. શશીના હાથમાં ચાર પાંચ પટ્ટીઓ હતી. એ મિજાજથી કનુ સામે જોઇ રહ્યો હતો અને એની બાજુમા જ ઉભેલો જગુ બંધુ હસી રહ્યો હતો.

શશી મિજાજથી બોલ્યો.

'ભલે ના દેતો મારી લાકડી, જો આ તારી પાંચ લાકડી હું લઇ જાઉ છું.'

'એ....મ?'

કનુ બોલતોક ને દોડ્યો. પણ એણે બે પગલાં ભર્યાં ત્યાં તો મહેન્દ્રભાઇ મોટેથી બોલી ઉઠ્યા:

'કનુ!'

અને કનુ થંભી ગયો.

મહેન્દ્રભાઈ ઉઠીને બારણે ગયા ને પેલા શશી, જગુ ભાગવા જતા હતા, તેમને કહ્યું:

'શશી, કંઇ વાંધો નહિ. હજુય તારે જોઇએ તો હું તને બીજી લાકડીઓ આપીશ.'

અને કનુ તરફ ફરતા ઉમેર્યું.

'કનુ જા, શશીને એની લાકડી આપી દે.'

'પણ બાપુજી. એણે આપણી પાંચ લાકડીઓ તો લઈ લીધી છે.'

'એ તારે જોવાનું નથી. તારે તો એ જોવાનું છે કે તારા હાથમાં લાકડી છે. એ તારી નથી અને શશીની છે. એટલે એને આપી દે.'

કનુ કચવાતે મને આપી આવ્યો.

'લે.'

એણે બીજમાંજ લાકડી શશી પાસે ફેંકી.

શશી જરાક મુંઝાયો પછી એણે પોતાના હાથમાંની બધી લાકડીઓ નીચે ફેંકી દીધી ને બોલ્યો:

'તો લે, આ તારી લાકડીઓ.'

પણ ત્યાં તરતજ જગુ બોલી ઉઠ્યો:

'અરે, શાનો આપી દે છે! દેતો નહિ, દેતો નહિ, શાની આપીએ? અને કનુના બાપુએ તો તને આપી દીધી છે.'

પણ શશીએ લાકડીઓ લીધી નહિ, બોલ્યો:

'ના,ના. એવો ચોરીનો માલ કોણ લે?'

'હવે જા, જા. એમાં ચોરી શાની? હું તો ન જ છોડું. આપણે બેટા તો રોજ કનુના લાકડાં ઉપાડી જઇએ છીએ! —એનાથી થાય એ કરી લે!'

એમ કહેતોકને એ ભાગી ગયો.

મહેન્દ્રભાઇ એની પાછળ હસતા જોઇ રહ્યા.

શશી જરા ઝંખવાતો લાકડી લઇ ચાલ્યો ગયો.

કનુ લાકડીઓ લઇ ઘરમાં આવ્યો.

ત્યારપછી એ વાત લાંબી ન ચાલી. પણ થોડીવારે ફરી ચાલમાં પોતીમાનો અવાજ આવ્યો:

'કેમ સાવિત્રી! શશીની લાકડી મળી ગઇ ના?'

'હા મા, છેવટ આવી ખરી! પણ મા, માણસને બીજાની ચીજ વસત લેતાં શરમે ય નથી આવતી!'

'અરે, એ તો કીધું છે ના કે થાય તેવા થઇએ તો ગામ વચ્ચે રહીએ.'

'ના મા. આપણાથી એના જેવુ તો' થવાય'

'અરે, નહિ તો એ બધા સીધાં ચાલે કે?'

પોતીમા આગળ બોલ્યા:

'તને નથી ખબર, સાવિત્રી. એ તો મારા જગુએ શશીને કીમિયો શીખવાડ્યો કે એ તારી લાકડી ચોરી ગયો તો તું એના લાકડાં ચોરી જા. ને એમ કર્યું તેંયે સટ કરતીને લાકડી બહાર આવી! એ તો ચમત્કાર વન્યા નમસ્કાર નો' થાય!'

'એ મ કે? ત્યારે કો'નો! પણ શશીએ હીક નો કર્યું.' સાવિત્રી હસતી બોલી.

અહીં ઘરમાં મહેંન્દ્રભાઇના મ્હોં પર આછું સ્મિત ફરકી રહ્યું હતું. પણ મેનાબેનનો ક્રોધ હાથ ન રહ્યો એ બોલી ઉઠ્યાં:

'લ્યો, થાવ ઘરમની પૂંછડી!—સાભળ્યું?—

—તોભાં બાપ, આ ચાલથી તો!'

—'આજસ'

શિક્ષકો જોઇએ છે.

પાલણપુરમાં એક સ્થાપિત સંસ્થા માટે સિનિયર ટ્રેઇન્ડ, મોન્ટેસોરી ટ્રેઇન્ડ અને હસ્ત ઉદ્યોગો તથા લલિત કળાના જાણકાર એમ ત્રણ શિક્ષકો જોઇએ છે. પગાર રૂ. ૧૧૦ થી રૂ. ૧૨૫ બોંધવારી સહિત. પ્રમાણપત્રો સાથે તાકીદે લખો.

માનદ્ મંત્રી; શ્રી પાલણપુર જૈન શિશુશાળા અને બાલમંદિર; પાલણપુર (ઉ. ગુ.)

બાલમંદિરમાં 'વર્ગસંચાલન' અને 'પાઠ'

બાલ અધ્યાપન મંદિરની વ્યવહારિક (Practical) પરીક્ષામાં આ વિષયને ખૂબજ મહત્ત્વનું સ્થાન અપાયું છે. પરંતુ આ વિષયનો હેતુ, કાર્યપદ્ધતિ અને પરીક્ષાનીતિ જોઇએ તેટલી સ્પષ્ટ દેખાતાં નથી. 'વર્ગસંચાલન' અને 'પાઠ' આ બંન્ને શબ્દ બાલમંદિરના શિક્ષણના સ્વરુપ સાથે સુસંગત લાગતા નથી. તેમ એ નૂતન-શિક્ષણના દ્યોતક પણ નથી. પરંતુ નવા યોગ્ય શબ્દ ન મળવાથી કહો કે મન ઉપરની જૂની પરંપરાગત ભાષાના છાપની અસર કહો, આ શબ્દોને પૂર્વ-પ્રાથમિક શાળાના અને બાલઅધ્યાપન મંદિરના અભ્યાસક્રમમાં દાખલ કર્યા છે.

વર્ગસંચાલન : બાલમંદિરમાં 'વર્ગ' જ હોતો નથી. તો પછી વર્ગસંચાલન કેવી રીતે હોઇ શકે? 'વર્ગ' એટલે સમાન કક્ષાના વિદ્યાર્થિઓનો સમૂહ. આવા વિદ્યાર્થિઓના સમૂહનાં વર્ગમાં વિદ્યાર્થિઓ એક બીજાને શીખવે એવી કલ્પના હોતી નથી. આવા વર્ગમાં બાળકના વ્યક્તિગત અભિરૂચિના વિકાસની સગવડ હોતી નથી તેથીજ મેડમ મોન્ટેસોરીએ વર્ગ શિક્ષણની સામે વિરોધ કર્યો હતો. એનું સ્મરણ ખૂબ થોડી વ્યક્તિઓએ રાખેલું હોય એવું લાગે છે. સરખી કક્ષાના બાળકોના સમૂહમાં શિક્ષણની આપલે ઓછી થાય છે. આપણે બીજાને શીખવતી વખતે વધુ શીખી શકીએ છીએ એ તત્ત્વને આધારે બાલમંદિરમાં નાના-મોટા બાળકો હોવા જોઇએ એવી મોન્ટેસોરીની માન્યતા હતી. શાળામાં વર્ગ નિર્માણ કરનારી બીક દૂર કરીને શિક્ષણનો પ્રવાહ બાલમંદિરના એક વિભાગમાંથી બીજા વિભાગમાં છૂટથી વહી શકે એવો હોવો જોઇએ. બધાં બાળકોને બાલમંદિરમાં પ્રત્યેક વિભાગમાં આવવા-જવાની છૂટ હોવી જોઇએ. આ છે બાલમંદિર શિક્ષણ યોજનાનું સ્વરૂપ. તેવી જ રીતે મોન્ટેસોરીની બીજી માન્યતા એ હતી કે શિક્ષણ વ્યક્તિગત અભિરૂચિ, બુદ્ધિ અને શક્તિને અનુસરીને યોજવું જોઇએ. એની રૂચિ સ્વયં શિક્ષણની હોવી જોઇએ. સમૂહ શિક્ષણમાં વ્યક્તિની જરૂરિયાત ખાસ ધ્યાનમાં લઇ શકાતી નથી. તેથી જ બાલમંદિરમાં મોન્ટેસોરીએ 'વર્ગોને' નાબૂદ કર્યા છે. બાલમંદિરમાં વર્ગ હોતા નથી પરંતુ નાના-મોટા બાળકોનો સમૂહ હોય છે. તેથી વર્ગસંચાલનના સ્થાને સમૂહ સંચાલન એવો શબ્દ યોજીએ તો જુના કરતાં નવું શિક્ષણ જુદું જ જણાશે.

વર્ગસંચાલન અને સમૂહ સંચાલનમાં ફેર.

વર્ગસંચાલનમાં એક શિક્ષકની યોજના છે. પરંતુ સમૂહ-સચાલન માટે ઓછામાં ઓછા બે શિક્ષકોની જરૂર હોય છે. એક શિક્ષક એક ઠેકાણે બેસીને વ્યક્તિગત નિદર્શન કરતા હોય છે. અને બીજા સમૂહમાં ફરતા રહીને જ્યાં જરૂર હોય ત્યાં બાળકોને મદદ કરતાં હોય છે. વર્ગસંચાલનમાં બધા વિદ્યાર્થિઓના એક શિક્ષક અને એક વિષય હોય છે. જ્યારે સમૂહ-સંચાલનમાં ઓછામાં ઓછા બે શિક્ષક અને અભ્યાસ માટે અનેક વિષયના વિદ્યાર્થિઓ અભ્યાસ કરી શકે છે. વર્ગસંચાલનમાં શિક્ષણનો કાર્યક્રમ શિક્ષકોએ તૈયાર કરેલો હોય છે જ્યારે સમૂહ શિક્ષણમાં દરેક વિદ્યાર્થી પોતાની ઇચ્છા પ્રમાણે કામનો ક્રમ યોજી શકે છે. આટલો મૂળભૂત ફરક વર્ગસંચાલન અને સમૂહ-સંચાલનમાં હોવાથી આપણે 'વર્ગસંચાલન' શબ્દને શિક્ષણ ક્રમમાં શા માટે દાખલ કરવો જોઇએ તે મને સમજાતું નથી. વર્ગસચાલનની સાથે આવતો 'પાઠ' શબ્દ પણ આવી જ ગેરસમજ નિર્માણ કરે છે.

'પાઠ' : પાઠનું તંત્ર વર્ગ શિક્ષણમાં વિકાસ પામેલું છે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં જ્યાં વર્ગ-પદ્ધતિથી શીખવાડાય છે ત્યાં પાઠ આપવાનું શૈક્ષણિક તંત્ર નિર્માણ થયું અને તે વિકાસ પામીને તેને નિશ્ચિત સ્વરૂપ પ્રાપ્ત થયું છે. પાઠને સમયની અને વિષયની નિશ્ચિત મર્યાદા હોય છે. પરંતુ સમૂહ-સંચાલનમા શિક્ષક જે વ્યક્તિગત અને સામુદાયિક નિદર્શનો કરે છે તેનો વિષય નિશ્ચિત હોય તો પણ તેને સમયની મર્યાદા હોતી નથી. વર્ગમાં પાઠોના પુનરાવર્તનની ખાસ જરૂર હોતી નથી. શિક્ષકે એક વખત પાઠ આપ્યો કે શિક્ષકની દૃષ્ટિથી તેનું કાર્ય

(અનુસંધાન પાના ૮ પર)

સુભાષની સંકોચવૃત્તિ

રવિવારની એ સાંજ હતી. દૂર દૂર ચાલતા જવાના ઉત્સાહમાં અમે વાંદરાની ખાડીના પુલ ઉપરથી પસાર થતા હતા. એટલામાં જ અમારા એક પ્રોફેસર મિત્ર અમને મળ્યા. તેમની સાથે એમનો એક પાંચ-છ વર્ષનો પુત્ર સુભાષ હતો. એક બીજાને નમસ્કાર કર્યા પછી મેં એમને પૂછ્યું, "અહિં આટલે દૂર કઇ તરફ જાવ છો?"

પ્રોફેસરે કહ્યું, "ઘણું ખરું રવિવારે સુભાષને લઇને હું દૂરનું કોઈ એકાદું સ્થળ એને બતાવવા લઇ જાઉ છું. આજે મેં એને આ વાંદરાની ખાડી બતાવી."

નાનકડા સુભાષને પણ કંઇક કહેવાનું મન થયુ હોય એમ લાગ્યું. એમ તો એની અને મારી ઓળખાણ નહોતી પરંતુ એની ઇચ્છા જાણીને હું એને કેટલાયે વખતથી ઓળખતો હોઉં એવા સ્વરમાં પૂછ્યું, "કેમ સુભાષ! દર રવિવારે નવા નવા સ્થળ જુઓ છો ને?"

"મેં ગેટ વે ઓફ ઇંડિયા, રેલ્વે શતાબ્દિ મહોત્સવની રોશની, ચર્ચગેટ રેલ્વે સ્ટેશન, મુંબઈ રાજ્યનું મુખ્ય ન્યાયાલય, રાણીનો બાગ, ક્રાફર્ડ-માર્કેટ, ભાઉનો ધક્કો, એસ્પ્લેનેડ મેદાન વિગેરે મુંબઇના બધાં સ્થળો જોયા છે." તેના બોલવામાં અવર્ણનીય ઉત્સાહ હતો. જરા વધારે ઊંડા ઉતરતાં મેં પૂછ્યું, "કેમ! આ વાંદરાની ખાડી ઉપર શું શું જોયું?"

સુભાષે ઉત્તર આપ્યો, "આ માહિમનો ઉપ-સાગર, આ ખાડી, આ ખાડીના પુલની નીચે એકવાર પ્રવાહ અંદર આવે છે અને એકવાર જોઇએ તો તે બહાર જાય છે.

મેં પૂછ્યું. "એમ કેમ હશે?"

"સમુદ્રને ભરતી અને ઓટ હોય છે ને!"

"ભરતી ઓટ હોય એમાં શું થઇ ગયું?" મેં પૂછ્યું.

"ભરતી આવે એટલે પાણી પુલની નીચેથી બહાર જાય છે અને ઓટ હોય તો બહાર ગયેલું પાણી ફરીને અંદર આવે છે."

"બાડી ઉપર બીજુ શું જોયું?"

"અહિં જુદા જુદા પક્ષીઓ જોવા મળ્યા. આપણા દેશના નહિ પરંતુ દૂર દૂરના પક્ષીઓ અહિ આવે છે. તમને સી ગલ્સ ખબર છે?" હવે સુભાષે મને પ્રશ્નો પૂછવાની શરૂઆત કરી. તેની વય અને વર્ણનમા તેની આત્મીયતા સૂક્ષ્માવલોકન, તીવ્ર સ્મરણ અને બોલવામાં અસ્ખલિતપણુ વિગેરે જોઇને હું ચકિત થઇ ગયો. થોડીવાર તેની સાથે વાતચીત કરીને મે ફરીથી એના પિતા સાથે વાત શરૂ કરી.

"સુભાષને લઇને ફરવાથી તમારા સુભાષને બૂબ ફાયદો થયો છે એવું મને લાગે છે."

"શો ફાયદો થયો હોય એમ તમને લાગે છે?"

"તમારા આ ફેરવવાથી મુંબઈના જુદા જુદા સ્થળોનું તેને જ્ઞાન થાય છે એટલે ઉપર છલ્લો ફાયદો થયો છે એવું નથી પણ એના વ્યક્તિત્વ ઉપર આ કાર્યક્રમની અસર થઇ છે. પાંચ-છ વર્ષના સર્વસામાન્ય બાળકને આવી રીતે કોણ ફરવા લઇ જાય છે? પરંતુ જે બાળકને આવી તક સાંપડે છે તેમને બીજાને કહેવા જેટલાં અનુભવ પણ પ્રાપ્ત થતાં હોય છે. આપણે મોટેરાંઓ પણ એવું જ કરીએ છીએ." શ્રી પાટીલ થોડા દિવસ ઉપર જાપાન ફરી આવ્યા એટલે જાપાન અંગેની માહિતી કેટલા રસથી બધાંને કહેતા ફરે છે. એજ વાત ચીન, અમેરિકા, રશિયા વિગેરે દેશમાં ફરી આવેલા આપણા મિત્રોની છે સ્વાનુભવ પ્રાપ્ત થયા પછી મૂગા પણ બોલવા મંડી પડે છે. બાળકોની પણ એવી જ સ્થિતિ થાય છે. આ સુભાષ પોતે જોયેલા સ્થળોનું રસ-પૂર્વક વર્ણન પોતાની વયના મિત્રો આગળ કરતો હશે તેની અંદરની સંકોચવૃત્તિ દૂર થઇને બીજામાં ભળી જવાની વૃત્તિ જાગૃત થઇ હશે અનુભવનુ આપલે કરવાનું તે શીખ્યો હશે. તેના વડે પોતાના વિચારો બીજાની સામે મૂકી શકે છે અને બીજાના વિચારો રસિકોની જેમ સમજી પણ શકે છે.

"તમે કહો છો એવું મારા અનુભવમાં બન્યું છે." પ્રોફેસરે વસ્તુસ્થિતિની ચોખવટ કરી શરૂઆતમાં દરેક બાબતનો સુભાષને સંકોચ થતો. તેને બહાર બોલવું ગમતું નહોતું, બીજા બાળકો સાથે ભળવાની પણ તેની વૃત્તિ ઓછી હતી. અને આઠ-દશ મહિનાના આ મારા કાર્યક્રમથી તેનામાં ઘણા માનસિક ફેરફાર પણ થયા છે પણ આમા એક વાતને હું તદ્દન વળગી રહ્યો છું."

"તે કઈ બાબત?" મેં પૂછ્યું.

"હું સુભાષને ફરવા લઈ જાઉં છું પણ તેને બધું શીખવી દેવાની 'શિક્ષકી અદા' હું કદી ધારણ કરતો નથી. ખૂબ સંયમ રાખીને તે પૂછે એની જ માહિતી હું સ્પષ્ટ રીતે તેને આપું છું."

મેં કહ્યું, નૂતન બાલશિક્ષણનું રહસ્ય ખરેખર ઘણા થોડા જણાને સમજાય છે. તમારા આ કાર્યક્રમને મારા હાર્દિક અભિનંદન આપું છું." એમ કહી બન્ને જણની રજા લઈ અમે આગળ ગયા.

—શૈશવવાદી.

બાએ કહ્યું : "બેન મને મારશે."

(ગતાંક થી સંપૂર્ણ)

એટલે-વિનંતિ કરું છું કે આજ તો તમે ઘેર ન જ જાવ. આવી રીતે મારી બીકને લીધે જો એણે રજા આપી છે તો એને હવે હંમેશ મારી બીક જ લાગશે."

આ સાંભળીને પ્રદીપના બાનો ઉત્સાહ ઓસરી ગયો અને ફરી વિનવવાનો પ્રયત્ન કરતા બોલ્યા, "અરે! તમે 'એને' મારશો એમ મેં નથી કહ્યું, તમે 'મને' મારશો એમ મેં કહ્યું છે."

આ સ્પષ્ટીકરણથી મેં વધુ આગ્રહપૂર્વક કહ્યું, "હા! એટલે તમે આજનો દિવસ ન જાવ-રોજ પ્રદીપ માટે બેસો છો; આજ મારે માટે બેસો. પોતાની બાને પણ જો મારે એ બેન પ્રદીપને ગમશે ખરાં કે? એ તો કહો?"

ઓફીસમાં પ્રદીપને એની બા-સાથે વાતચીત થયા પછી એ વર્ગમાં આવીને સાધનોથી રમતો હતો પરંતુ એનું ધ્યાન અમારા બંન્ને તરફ હતું

પ્રદીપની બા-સાથેની વાતચીત ઉપરથી મને પ્રદીપની વર્તણુંકનો ઉકેલ મળી ગયો એને શાળા ગમી હતી. પરંતુ બાથી છૂટા પડવું એથીયે વધારે બાને જ એનાથી દૂર થવું જરા મુશ્કેલીભર્યું લાગતું હતું. હવે પ્રદીપ એક બે દિવસમાં પોતાની મેળે તેની બાને ઘરે જવાની રજા આપશે, એમ હું માનતી હતી. એટલામાજ પ્રદીપની બાએ એને કહ્યું, "બેન મને મારશે." નવા બાળમંદિરનું આકર્ષણ, મિત્રોની ઓળખ, શિક્ષકો માટે નિર્માણ થતો વિશ્વાસ વિગેરે સર્વ દૂર કરીને તેની જગ્યાએ ઉપરના ફકત ત્રણ જ શબ્દો મનમા ભય ઉત્પન્ન કરવા માટે પૂરતા હતા. પ્રદીપ માટે કરેલી મારી બધી તપશ્ચર્યા ધૂળમાં મેળવાઈ ગઈ એથી મને જરા દુઃખ થયું. પછી પ્રદીપની બાને બિલકુલ શાંતિથી તેમની ભૂલ બતાવી. તેમ છતાં તેમણે કહ્યું, 'હવે એણે કહ્યું, છે તો જવા દો ને!' એટલે મે કહ્યું, 'નહિ! નહિ! આજે તો હવે તમે મારે માટે રોકાવ જ! એમા જ પ્રદીપનું હિત છે આવતી કાલે જોઈએ તો તો એને મૂકીને તરત જતા રહેજો; પણ આજ તો ન જ જાવ."

આખરે એ રોકાયા. પ્રદીપ આ બધું જોતો હતો હું એની પાસે ગઈ એટલે એણે તરત પૂછ્યું, 'બા ત્યાં બેઠા છે?" મેં કહ્યું, "હા" "તમે એને મારશો તો નહિને?" પોતે ખાત્રી કરી લેવા માટે મને પૂછ્યું. મેં એને ધીરજ આપતા કહ્યું, "અરે! ના રે! હું તો કોઈને મારતી જ નથી અહિં કોઈ કોઈને મારતુ નથી મારવાનું હોય જ નહિ" પણ બા એ કહ્યુ ને કે હું બાળમંદિરમાં બેસીશ તો બેન મારશે" પ્રદીપે ફરી કહ્યું 'અરે, બાએ તો અમસ્તુ જ કહ્યું હતું. એમને ખબર જ નહોતી. કે બાળમંદિરમાં મારવાનુ હોતું જ નથી." એમ કહીને મેં તેનું સમાધાન કર્યું. આટલી વાતચીત પછી પ્રદીપ ફરીને આનંદમા આવી ગયો. અને બોલી ઉઠ્યો, "હું બા ને કહી આવુ કે બેન મારતા

નથી?" મારી રજા લઇને એ ઓફીસમાં ગયો ને બાને કહી આવ્યો. તે દિવસે પ્રદીપ ઘેર જવા નીકળ્યો ત્યારે મેં એને કહ્યું, "પ્રદીપભાઈ, હવે આપણી ઓળખાણ થઈ છે ને! એટલે કાલે બા મૂકવા આવે એટલે એને ઘેર જવાનું આપણે કહીશું કારણ અહિં બધાં નાના નાના જ બાળકો છે. એમની બા ઘરે જ હોય છે" પ્રદીપને એ ગળે ઉતર્યું, અને ખરેખર બીજે દિવસે આવતાની સાથે એણે કહ્યું, "બાને ઘેર જવાનું કહો" બા પણ નમસ્તે કરીને ઘરે ગયા. —તા. ૫૨ાંજપે.

(પાના ૫ થી આગળ)

પૂર્ણ થાય છે. પરંતુ પૂર્વપ્રાથમિક વયના બાળકો આગળ જે નિદર્શનો કરવા પડે છે. તેના પુનરાવર્તનો, કોઇ કોઇવાર મહિનો બે મહિના સુધી, સતત કરવા પડે છે. નિદર્શનનું તંત્ર વિદ્યાર્થીને પુરેપુરો ખ્યાલ આવે ત્યાં સુધી બાલમંદિરના શિક્ષક નિદર્શન કરતા રહે છે. એટલે પાઠનું કાર્ય શિક્ષક અને વિદ્યાર્થીની દૃષ્ટિએ આવશ્યક સમય સુધી ચાલુ જ રહે છે.

પાઠ અને નિદર્શનોના હેતુ એમાં પણ બહુ મહત્ત્વનો ફરક છે. નિદર્શનનો હેતુ સૂચનો પુરતો મર્યાદિત હોય છે. નિદર્શન થયા પછી બાળકે તે સૂચના સ્વીકારવી જ જોઇએ એવો આગ્રહ બાલમંદિરના શિક્ષકથી બાળક ઉપર લાદી શકાતો નથી પરંતુ વર્ગપદ્ધતિમાં પાઠો સૂચનાત્મક હોતા નથી. પાઠનો વિષય અને તેની સફળતા વિદ્યાર્થીના ગ્રહણ કરવા ઉપર જ અવલંબે છે.

પાઠ અને નિદર્શનના મૂળમાં જે માનસશાસ્ત્રીય વિચારસરણી છે તે પણ તદ્દન જુદી છે. માનસ-શાસ્ત્રની ભાષામાં પૂર્વ પ્રાથમિક શિક્ષણનું સ્વરૂપ કહેવું એટલે ઉપબોધાત્મક (Subconscious) છે એમ કહી શકાય પરંતુ પ્રાથમિક અથવા માધ્યમિક શિક્ષણ એ મુખ્યત : સંબોધાત્મક (Consicous) ક્રિયા ઉપર આધાર રાખે છે. આનો અર્થ પૂર્વપ્રાથમિક શિક્ષણનો આધાર અજાગૃત મન પર પડતા સંસ્કારો ઉપર છે જ્યારે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનો આધાર જાગૃત કક્ષાએ થતા પ્રયત્ન ઉપર છે. નિદર્શનનો હેતુ (Conscious) જાગૃત કક્ષા પાઠની માફક પ્રત્યક્ષ હોતો નથી, એ પણ અજાગૃત (Subconcious) કક્ષા પર સૂચનાત્મક (Suggestive). હોય છે.

પાઠ અને નિર્દશન વચ્ચે ત્રીજો મહત્ત્વનો ફરક એટલે પાઠ અને નિદર્શનના સ્વરૂપ અંગેનો છે. પ્રાથમિક અથવા માધ્યમિક શિક્ષણમાં પાઠ એટલે એકાદ વિષય અંગેના જ્ઞાનની અથવા માહિતીની નાજુઆત કરવી એ હોય છે. નિદર્શન એ ફકત માહિતીની રજુઆત નથી પણ તેનો સંબંધ એકાદી પ્રવૃતિના તંત્ર સાથે હોય છે. બાલમંદિરના શિક્ષક એ પ્રવૃતિ તંત્રનું નિદર્શન કરતા હોય છે. પરંતુ પાઠ આપનાર શિક્ષક આ માહિતીને વિદ્યાર્થીએ ગ્રહણ કરવી જોઇએ એટલે પાઠના તંત્રની યોજના કરતા હોય છે. હાલના ક્રિયાત્મક શિક્ષણના યુગમા 'પ્રવૃતિ પાઠ' એવો એક શબ્દ હાલ સાંભળવામા આવે છે પરંતુ પ્રવૃતિ પાઠનો હેતુ અને પ્રવૃતિ નિદર્શનનો હેતુ જુદો હોવાથી તે બંન્ને સરખા છે એ ભૂલભરેલું ગણાશે. બાલમંદિરનું નિદર્શન પ્રવૃતિમય રહે તો પણ એ માત્ર સૂચનાત્મક હોય છે. વિદ્યાર્થી આ સૂચનનો ઉપયોગ પોતાની કલ્પના પ્રમાણે કરી લે છે.

બાલમંદિરમાંનો સમૂહ પાઠ : ઉપરના ખુલાસાથી બાલમંદિરમાં સમૂહ પાઠને બિલકુલ સ્થાન નથી એવો અર્થ કરશો નહિ. જ્યારે એકાદી પ્રવૃતિ એક બીજાની મદદથી કરવાની હોય છે ત્યારે એવી પ્રવૃતિના નિદર્શનજ ફકત પાઠનું સ્વરૂપ પ્રાપ્ત થાય છે. દા. ત. 'શાંતિનો પાઠ' 'રમતનો પાઠ' અથવા 'સાધન સફાઈનો પાઠ' અથવા 'આંગણ સફાઈ' ના પાઠોનું સ્વરૂપ ફકત નિદર્શન જેવું મર્યાદિત રહી શકતું નથી. આવા પાઠમાં પાઠનો હેતુ પ્રવૃતિમાંની મુશ્કેલીઓ અને આવશ્યક માહિતી વિષય પાઠને આધારે શિક્ષકને કહેવી પડે છે. આ પ્રકારના પાઠનું તંત્ર પ્રાથમિક અથવા માધ્યમિક શાળામાં આપવામાં આવતા પાઠના જેવું જ હોય છે. આ અંગેનો વધુ વિચાર આગળ ઉપર અનુકૂળતાએ કરીશું. —શેષ નામલે



ગોપીચંદ

(ગયા અંકથી આગળ)

ગુફાના દરવાજામાં લાઠી લઇને ઉભા હતા. ગોપીચંદ ફીકકા પડી ગયા. જલંધરે બૂમ મારી. "ફેંકી દે એ લોટ. એક જ ઠેકાણેથી ભરી લીધો ને? આપણને તે નહિ ચાલે."

ગોપીચંદને ભૂખ લાગી હતી. લોટ ફેંકી શકતો ન હતો. જલંધરે લાઠી ઊગામી. ગોપીચંદને રડવું આવ્યું. જલંધર શાંત થયા. ગોપીચંદને પાસે ખેંચી લીધા. "બેટા, તું જોગી નથી થવાનો? તો આવું બધું શી રીતે કરી શકાય. ઠીક ત્યારે કાલે મહેલમાં જા અને નેણાવતી રાણી પાસે જઇ "મૈયા ભિક્ષા આપો" એમ કહે. પછી તું જોગી થયો એમ હું કહીશ."

"ગુરૂદેવ આ શું કહો છો? નેણાવતીને 'મૈયા' કહું? અગ્નિદેવની સાક્ષીથી તેની સાથે મારા લગ્ન થયા છે. હજારો માણસો વચ્ચે તેનો હાથ ઝાલી મંગળફેરા ફર્યો. ગુરુદેવ બીજુ કંઇ પણ કહો. જે કહેશો તે કરીશ."

"જા બેટા, સુખેથી રાજ્ય કર: નકામો ભાંજગડમાં શું કામ પડે છે?" ફરી ગોપીચંદના મનમાં વિચાર માળા શરૂ થઇ. આખી રાત વિચારમાં વિતાવી. છેવટે રાણી પાસે જઇ ભિક્ષા માંગવાનું નકકી કર્યું. વહેલી સવારે ગોપીચંદ રાજમહેલમાં ભિક્ષા માંગવા ગયા. રાણીની દાસીઓએ રાજાને જોયા. દોડતી રાણી પાસે ગઇ. "ઉઠો! ઉઠો! રાણી સાહેબ, સારી સાડી ને ચોળી પહેરો. વાળ ઓળો. આપણે આંગણે આજે ભિક્ષુક આવ્યા છે. જુઓ તો ખરા, કોણ છે? મહારાજા જ લાગે છે?"

"તારૂં કહેવું ખરૂં હશે તો સોનાથી તને મઢીશ પણ જો ખોટું હશે તો જીવ લઇશ."

દાસી—એક વખત આવી જુઓ તો ખરા. પછી આપને યોગ્ય લાગે તેમ કરજો.

રાણીએ દરવાજામાંથી ડોકું કાઢી જોયુ ને પૂછયુ. "સાધુ મહારાજ, કયાંથી આવ્યા છો? કયાં જવાના છો? તમારા મા-બાપ કોણ અને તમારૂં નામ શું?"

સાધુએ જવાબ આપ્યો. "મિનળદેવી મારી મા ને બાપનું નામ તિલકચંદ. મારૂં નામ ગોપીચંદ. હતો બંગાળનો રાજા; થયો છું જલંધરનો શિષ્ય. આજે તમારા મહેલમાં ભિક્ષા લેવા આવ્યો છું."

રાણી—એટલું શું દુઃખ તમારા પર

પડયું કે સાધુનો વેશ લીધો? છોડી દો એ વેશને ફરીથી રાજા થાઓ"

"રાણી, ભગવા ધારણ થોડાં જ કાઢી નાખવા માટે કર્યા છે? ચાલો, મને ભિક્ષા આપો, મને મોડું થાય છે."

"તો પછી મને સાથે લઇ ચાલો. તમે જોગી; હું જોગણ. તમે ભગવી કફની પહેરી તો મારે આ શણગાર શા માટે જોઇએ?"

"રાણી, જોગી થયો છું, ત્યાં તને સાથે લઈ જઇ કેમ ચાલે? મારો ગુરુદેવ જાલંધરને તે કેમ ચાલે?"

"મહારાજ તમારી સાથે કોણ રહેશે; સુખ-દુઃખની વાતો કોને કહેશો. મને સાથે લો, હું તમારી સેવા કરીશ."

રાણી ગુરુને ગમે તેમ બોલવા અને કહેવા લાગી "ગમે તેમ થાય હું જવા નહિ દઉં." ગોપીચંદ પોતાનું મન મક્કમ કર્યું. જાલંધરની આજ્ઞા યાદ આવી. 'મૈયા' ભિક્ષા આપો. મને મોડું થાય છે. "મૈયા જલ્દી પીરસો."

ઝોળી લઇ ગોપીચંદ ગુફામાં આવ્યા. જાલંધરે તેને બાથમાં લીધો. "બેટા આજે તેં મારૂં મન જીતી લીધું છે. હું તારા પર પ્રસન્ન થયો છું. તારી કાયા અમર થઇ છે. જા, હવે સુખેથી રાજ્ય કર."

"ગુરુદેવ રાણીને "મૈયા" કહીને આવ્યો હવે પાછો જઇ શું કરૂં? તમે મારા ગુરુ; હું તમારો ચેલો. હંમેશને માટે તમારી પાસે જ રાખો."

જાલંધર—તો પછી બેટા, તારી માતાની રજા લઇ આવ. આપણે અહિંથી બીજી જગાએ જઇએ."

"ગુરુજી, રાણીને તો રડાવીને આવ્યો પણ આ પાસે મારૂં ચાલશે નહિ. મારાથી તેના શબ્દો પાછા ઠેલાશે નહિ. તમે મારી સાથે ચાલો."

ગુરુ ને શિષ્ય રાજમાતા મીનળદેવી પાસે આવ્યા. માતાએ પુત્રને જોગી થવા મોકલ્યો હતો ખરો પરતુ આજે તેણીથી સાધુવેશમાં તેને જોઈ શકાતો ન હતો.

"બેટા, તને મેં અમર થવા માટે મોકલ્યો હતો. કંઇ આ રીતે હમેશને માટે જોગી થવા નહોતો મોકલ્યો."

"મા, જોગી થયા સિવાય અમર શી રીતે થઇ શકાય? અમર તો થયો. રાજ્ય લઇ હવે શું કરૂં?"

માતાની આંખોમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. આખુ ગામ રડવા લાગ્યું. માતાના કલ્પાંતથી ગોપીચંદની આંખોમાંથી પણ અશ્રુ વહેવા લાગ્યા. જાલંધરનું મન પણ ગળગળું થયું. છેવટે તેને દયા આવી. તેમણે મીનળદેવીને કહ્યું. કે "રાણી નેણાવતીને પુત્ર થશે. બાર વર્ષ બાદ અમે પાછા આવશું ને તેનો રાજ્યાભિષેક કરશુ. હવે કલ્પાંત કરવું છોડી દો."

છેવટે મીનળદેવીએ કઠણ મન કરી પોતાના પુત્રને જવાની પરવાનગી આપી ને જતાં જતાં કહ્યું "બેટા, ગમે ત્યાં જા. દેશ-પરદેશ જા; પણ ધારાનગરી ન જતો. ત્યાં તારી બ્હેન છે. તેનાથી આ તારો જોગીવેશ જોઇ નહિ શકાય."

ગુરુને શિષ્ય ચાલ્યા જાય છે. અનેક ગામો ને દેશો ફરે છે. ઉપદેશો આપે છે. સંસારની માયા છૂટી ગઇ. દીન દુઃખિઓને મદદ કરે છે. ભુલેલાને માર્ગદર્શક થાય છે. ચાલતાં ચાલતાં ધારાનગરીમાં આવ્યા. મોટો તહેવારનો દિવસ હતો. નદી પર બધા સ્નાન કરવા માટે આવ્યા હતાં. રાણીની દાસીએ ગોપીચંદને જોયા અને રાણીના ભાઇ તરીકે

બોળખ્યા. દોડતી રાણી પાસે ગઈ. ગામ બહાર બાગમાં એક જોગીરાજ આવ્યા છે. તેની સાથે એક બાળ જોગી આવ્યા છે. તે, મને લાગે છે કે તમારા ભાઇ જ છે."

રાણીને આ વાતમાં સત્ય ન લાગ્યું. તેઓ વિચારમાં પડયા. છેવટે રથ જોડી બાગમાં આવ્યા.

ભાઇ-બ્હેન ભેટયાં. બ્હેને પ્રશ્નો પર પ્રશ્નો પૂછવા માંડયાં "શું થયું? કોઇએ અપમાન કર્યું? કે કોઈ ગુસ્સે થયું? મારી ભાભી પર શા માટે રિસાયા? મારી માની હઠ પૂરી ન કરી શકે?"

"કંઇ થયું નથી. કોઇની સાથે રિસાયો નથી. મારી કાયાનું કલ્યાણ કરવા માટે જોગી થયો છું, બ્હેન!"

બ્હેનની આંખોમાં પાણી સમાયા નહિ. કેટલુ સમજાવ્યું તોય તેનું મન શાંત ન થયું. છેવટે જાલંધરનાથે રજા આપી કે બાર વષ ધારાનગરીમાંજ રહેવું.

નદીની સામે કાંઠે બાગમાં નાથનો મઠ બાંધ્યો. બાળ જોગી રોજ ગામમાંથી ભિક્ષા માંગી જાય છે બાર વર્ષ ત્યાંજ ગાળ્યા પછી બ્હેન સાથે ગુરુ ને શિષ્ય પોતાના રાજ્યમાં આવ્યા બધા સામે લેવા આવ્યા. હાથી પર બેસાડી વાજતે ગાજતે ગામમાં લઇ ગયા. બાર વર્ષના રાજપુત્રને રાજ્યાભિષેક આપી ગુરૂ ને શિષ્ય ગિરનાર પર તપ કરવા ચાલ્યા ગયા.

[શ્રી મોંઘીબેન બધેકાના લોકગીત કથાના આધારે]

નગાધિરાજ હિમાલય.

હિમાલય હિમાલય.
ઉંચા ઉંચા શિખરો છે.
મોટી મોટી ભેખડો છે.
ઊંડી ઊંડી ખીણો છે.
પર્વતની માળા છે.

એકનું નામ નાગા પર્વત.
એકનું નામ નંદા દેવી.
કાંચનગંગા ને ધવલગિરી.
ગોરીશંકર સૌથી ઊંચું.
બધાં પર્વતોમાં ઊંચુ શિખર.

જ્યાં ત્યાં બરફ જ બરફ.
વસ્તી નહી. ઝાડી નહી.
ચઢાય કેમ? જવાય કેમ?
દેશ દેશની ટુકડીઓ આવે.
શિખરે પહોંચવા પ્રયત્ન કરે.

દશ ટુકડીઓ હારી ગઇ.
અગિયારમી સફળ થઇ.
આઠ ટુકડીઓ બ્રિટનની.
બે ટુકડીઓ સ્વિડનની.

ચઢતા ચઢતા ઠરી ગયાં.
બરફની અંદર દટાઇ ગયાં.
કોઈ અડધે રસ્તે ગયાં.
કોઇ પોણે રસ્તે ગયાં.
ટોચ સુધી કોઇ નહિ.

આ વર્ષે વિજય મળ્યો.
શેર્પા તેનસિંગ ટોચે પહોંચ્યો.
હિલેરી પણ સાથે પહોંચ્યો.
શિખરની ટોચે ધ્વજ રોપ્યો.

ભારતનો ને નેપાળનો
બ્રિટનનો અને યુનોનો
ટુકડી નાયક કર્નલ હંટ.
શેર્પા તેનસિંગ ભારતનો

કેવો છે શેર્પા તેનસિંગ.
હતો ફકત હમાલ.
કરી એણે કમાલ
ચાર ટુકડીઓ સાથે ગયો.
ચોથી વાર ઉપર પહોંચ્યો.

કર્નલ હન્ટે સાથે લીધો.
હમાલ તરીકે નહિ!
માર્ગદર્શક તરીકે નહિ!
સાથીદાર તરીકે સાથ આપ્યો.

ચઢવાની તેને હોંશ.
પહોંચવાનો પણ ઉત્સાહ.
ભૂખ નહિ, થાક નહિ.
બીક નહિ, કટાળો નહિ.

કુશળ ને ચપળ
બધાને આશ્ચર્ય થય.
બધાં તેની પ્રશંસા કરે.
નેપાળનો એ તારો બન્યો.
શેર્પા તેનસિંહ અમર રહો!

—સરલાબેન દેવધર.

એક ટીપું

એક ટોળી : એક ટીપું રે,
એક ટીપું, રે,
બોલ બોલ રે,
કયાંથી આવ્યું ?

બીજી ટોળી : એક ટીપું રે,
હું ટીપું,
વાદળમાંથી, હું આવ્યું,
એક ટોળી : એક ટીપું રે,
એક ટીપું,
બોલ બોલ રે,
તું કેમ આવ્યું ?
બીજી ટોળી : એક ટીપું રે,
હું ટીપું,
વરસાદ થઈને હું આવ્યું,
એક ટોળી : એક ટીપું રે,
એક ટીપું,
બોલ બોલ રે,
તું શું લાવ્યું ?
બીજી ટોળી : એકું ને મન,
આનદ ભરવા,
બાળક ને,
છબછબીયાં કરવાં,
બા ને બહેનનાં,
ટાંકા ભરવા,
રસ્તા મેલા, સાફ કરવા,
સુકાં ઝાડ,
ને તાજા કરવા.
બાગ બગીચા, ફુલે ભરવા,
એક ટીપું,
હું એક ટીપું,
પાણી લાવ્યું, પાણી લાવ્યું,

—ર. કોઠારી.



દડકો

આવ રે વરસાદ

આવ રે વરસાદ !
ધેબરીયો પરસાદ !
ઊની ઊની રોટલી
ને કારેલાનું શાક !
તોફાની છોકરીને
દેડકે તાણી – આવ રે વરસાદ !
દેડકે તાણી
તે વાત અમે જાણી
ને તોફાની છોકરી
થઇ ગઇ સાણી – આવ રે વરસાદ !
હવે રડતી નથી
ને રીસાતી નથી
અરે બાને તો,
બીલકુલ પજવતી નથી–આવ રે વરસાદ !



બાળકનું ગણિત શિક્ષણ.

લેખાંક–પાંચમો.

અંક પરિચય.

[આગળની લેખમાળામાં પરિચય માટે બાળકના મનની પૂર્વ તૈયારી કરવાની દ્રષ્ટિએ મોન્ટેસોરીના 'લાલ સીડી' 'ચોકલેટી ચિતિ' અને 'ગુલાબી મનોરા' આ નામથી જાણીતા ઇન્દ્રિય શિક્ષણના રમકડાંઓનો ઉપયોગ કેવી રીતે થાય છે એ અંગેની માહિતી અપાઇ હતી. આ લેખમાં મોન્ટેસોરીના સાધનો દ્વારા પ્રત્યક્ષ અંક પરિચય કઇ રીતે આપવામાં આવે છે એ સંવાદ રૂપે આપવામાં આવ્યું છે. સં.]

હું આજે સવારે જ્યારે શ્રી. કમળાબેનને "લઇ આવ" કહેવાથી તે જલદીથી ઘર કે લાકડી ઘેર ગયો ત્યારે વિનય અને તેઓ બંન્ને ગણિતના લાવતો.–

રમકડાં લઇને રમવામાં મશગૂલ હતા. વિનય આંખો બંધ કરીને ફક્ત હાથનો ઉપયોગ કરીને મિનારો બનાવવામાં મશગૂલ હતો. કમળાબેન પોતાના દિકરાની આ બૌદ્ધિક પ્રવૃતિ ખૂબ આશ્ચર્યથી જોતા હતા મિનારાના ૭–૮ ઘન બરાબર ગોઠવાઇ ગયા પણ છેવટના બે નાના ઘન ગોઠવતી વખતે આખું શરીર અને મન એકાગ્ર કરીને, આંખ વધુ દ્રઢતાથી બીડીને અને ખૂબ ધીમેથી થયેલી મિનાની રચનાને હાથથી સ્પર્શીને વિનયે નવમો ઘન ગોઠવ્યો. "શાબાશ! વાહ! વાહ!" કમળાબેન બોલી ઉઠયા અને તરત એમનું લક્ષ મારા તરફ ખેંચાયું. મને પણ એમની પ્રવૃતિ જોઇને ખૂબ આનંદ થયો. મોઢા ઉપર આંગળી મૂકીને ઇશારાથી મેં એમને ચૂપ રહેવા કહીને વિનયની પ્રવૃતિમાં વિક્ષેપ પાડવાની ના કહી. એટલામાં વિનયે દશમો ઘન મૂકીને આંખ ખોલી. અને તાળીનો ગડગડાટ શરૂ કર્યો. એના આ આનંદમાં અમે પણ તાળી પાડીને એને અભિનંદન આપ્યા એથી ઉત્તેજીત થઇ આ સાધનો વડે કેટલી જૂદી જૂદી રમતો એને આવડે છે એ બતાવવા માટે એણે રમતો શરૂ કરી.

બાળમંદિરમાં આ સાધનો અઢીથી ત્રણ વર્ષના બાળકોને આપવામાં આવે છે. પરંતુ વિનયની વય સાડા ચારથી પાંચ વર્ષની હોવાથી ફક્ત એક મહિનામાં જ તેણે કમળાબેન જેવા સમજુ અને પ્રેમાળ માતાના માર્ગદર્શન હેઠળ પોતાની બુદ્ધિ અને કૌશલ્યને કસવા માટે આ સાધનનો ઉપયોગ કર્યો. એક મહિનાના ગાળા દરમ્યાન એ આ ત્રણે સાધનોની રચના આંખો બંધ કરીને કરી શકતો હતો. એટલું જ નહિ પરંતુ બાજુમાંના ઓરડામાના સાધનના ઢગલામાંથી "ચાર લાવ" "ચારનો ઘન

"અંક પરિચયની આ પૂર્વ તૈયારી એકાદા શિક્ષક કરતા પણ વધુ કુશળતાથી અને સ્વાભાવિક રીતે તમે કરી લીધી છે," કમળાબેન તરફ જોઇને હું બોલ્યો

"હવે આજે પણ તમે અંક પરિચય કેવી રીતે કરાવવો એ તમે કહેવાના છો કે નહિ?" એમની મે કરેલી પ્રશંસા ઉપર પડદો નાખવાની દ્રષ્ટિથી એમણે મને પૂછ્યું, અને વળી આગળ ચલાવ્યું "આ સાધનથી સાધનનો પરિચય થયો એના કરતા પણ વિનયને એક મોટો ફાયદો થયેલો મને લાગે છે."

મે પૂછ્યું, એ મોટો ફાયદો તે કયો?

એમણે કહ્યું, "જ્યારથી આ સાધન વડે એણે રમવાની શરૂઆત કરી છે ત્યારથી તેની મારી સાથે વર્તવાની રીતમા ઘણો ફેરફાર થયો છે."

અને મે કહ્યું, "તમારા વર્તનમાં પણ આમૂળ ક્રાંતિ થયાનું મને લાગે છે એનું શું! તમારામાં પહેલાનો આગ્રહ અને અધીરાઇ ઓછી થઇ ગઇ છે અને તમે વિનયને સમજાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા છો. પહેલા પાટી અને પેન આપીને તમે જે એના પાછળ પડતા હતા તે પણ છોડી દીધું છે ને શું!"

કમળાબેને કહ્યું "આ સાધનોથી તેજ હવે રમે છે અને મને પણ કહે છે કે રમ. એટલે મારે આગ્રહ કરવાનો પ્રશ્ન જ રહેતો નથી."

"તમારો વિનય સાથેનો આ માનસિક સંબંધ સુધર્યો એ ખરેખર જ પરિમાણોના પરિચય કરતાં પણ ઘણો મોટો ફાયદો છે એમ મને લાગે છે અને

તેથી જ કહ્યું છું કે તમો પૂર્વતૈયારી કરવમાં તદન પહેલી શ્રેણીમાં પાસ અને હવે આજે મૂળ અંક વિષેની ચર્ચા કરીએ.

એકથી નવ સુધીના અંકને આપણે મૂળાંક કહીએ છીએ. કોઇ પણ દેશની અંકપદ્ધતિમાં મૂળાંકની આ જ મર્યાદા છે. જૂદી જૂદી ભાષામાં આ મૂળાંકનુ લેખન (લીપી) જૂદા જૂદા પ્રકારનું છે તેજ પ્રમાણે મૂળાંકનુ નામ પણ જૂદા જૂદા હોય છે. ભારતીય ભાષા અથવા અંગ્રેજી ભાષાનાં અંક ચિહનો અને અંકનામો જો ઝીણવટથી તપાસીશું તો તેમાં ગમત પડે એવું સામ્ય મળી આવે છે. આ ચિહનો અને આ નામો દરેક ભાષામાં કઇ કઇ રીતે આવ્યા હશે એ અંગેની માહિતી ભેગી કરીએ તો તેમાંથી બાળકોને મજા પડે એવી ઉપયોગી અને સુંદર વાર્તા કહેવા માટે લખી શકાય. ગણિત અંગેની જિજ્ઞાસા ઉત્તેજીત કરવા માટે આવી વાર્તાઓ બનાવવી આવશ્યક છે. પરંતુ આ વિષય ફકત સૂચવીને હું ફકત મૂળાંકના પરિચય તરફ વળું છું. મૂળાંકના પરિચયની દૃષ્ટિએ એ તે મૂળાંકની રાશીનો પરિચય કરી આપવો જોઇએ. બીજી વાત એટલે મૂળાંકના ચિહનોનો પરિચય કરી આપવો. તેજ પ્રમાણે ત્રીજી વાત એટલે મૂળાંકના ચિહનો અને રાશી એનો સમન્વય બાળકના મનમાં થાય એ જોવું જોઇએ. પછી ચોથી વાત એટલે આ સમન્વયનું દૃઢીકરણ કરવું. અને છેવટે અંક પરિચય ઉત્તમ રીતે થયો છે કે નહિ તેની પરીક્ષા કરવી. આ બધી બાબત વ્યવસ્થિત રીતે થવી જોઇએ. મોન્ટેસોરી પદ્ધતિમા આ બધી બાબતો બાળક પોતાને પ્રયત્ને અને આનંદથી શીખી શકે એ દૃષ્ટિથી સાધનોની ક્રમશ: યોજના કરી છે.

(૧) **મૂળાંક રાશી પરિચય :** મને "રાશી એટલે શું ?" એ પહેલોજ પ્રશ્ન કમળાબેન પૂછ્યો.

મેં કહ્યું : રાશી એટલે ઢગલે ગણી શકાય એવી વસ્તુનો ઢગલો. ફળમાં–અનાજ વિ. માં રાશી વિગેરે શબ્દનો ઉપયોગ કરીએ જ છીએ. અંગ્રેજીમાં Quantity શબ્દનો અને રાશીને અર્થ એકજ છે.

" તમે અત્યાર સુધી 'પરિમાણ' શબ્દ વાપરતા હતા અને હવે નવો શબ્દ વાપર્યો તેથી મે પૂછ્યું હતું " કમલાબેને ખુલાસો કર્યો,

મેં કહ્યું. " અંક પરિચય કરી આપવાની દૃષ્ટિથી નિશ્ચિત પરિમાણોની રાશી આપણે કેવી રીતે લેવી જોઇએ એ અંગેની ચર્ચા પહેલા એક વખત કરી હતી. મોન્ટેસોરીએ બાળકોને અંકની રાશીનો પરિચય આપવાની દૃષ્ટિએ જે સાધનની યોજના કરી છે તેને ગુજરાતીમાં પટ્ટાવાળી સીડી એવું નામ આપ્યુ છે,

" **પટ્ટાવાળી સીડી** " : લાલ સીડી પ્રમાણે એમાંની એકની રાશી દશ સેંટીમીટર લંબાઈની છે. (પહોળાઇ અને જાડાઇ ૧×૧) પછી ક્રમશ : બેથી તે દશ સુધીની રાશી એક એક ડેસીમીટર વધીને છેવટની 'દશ' ની રાશી એક મીટર લંબાઇની છે. બેથી આગળની રાશીની લાકડીઓ ઉપર લાલ અને ભૂરા એવા પટ્ટા છે. બેની લાકડી ઉપર બે પટ્ટા છે. અને ત્રણની લાકડી ઉપર ત્રણ પટ્ટા છે એ પ્રમાણે દશની લાકડી ઉપર દશ પટ્ટા છે.

" **પટ્ટાવાળી સીડીનો ઉદ્દેશ્ય** : બાળકના મનમાં અંકનો નામ અને અંકની રાશીનુ સાહચર્ય નિર્માણ કરવું એ એક ઉદ્દેશ્ય છે "

આ લાકડીઓના પટ્ટાની મદદથી બાળકોને સરવાળા બાદબાકી પણ શીખવી શકાય છે " કમળાબેન વચ્ચેજ કંઇ નવું સૂચવવાના ઉત્સાહમા બોલ્યા.

મેં કહ્યું " કોઇ પણ વસ્તુનો અનેક રીતે ઉપયોગ કરનારને કરતા આવડે તો પણ તેનો ચમત્કાર આપણે બાળકની સામે એકજ સમયે મૂકવાથી બાળકના મનમાં મુશ્કેલી ઉભી થાય છે. એ આપણે લક્ષમાં લેવું જોઇએ. આપણે બોલીએ એટલે તરતજ બાળકના મનમાં 'સામાન્ય બોધ' નિર્માણ થઇ જતું નથી. સામાન્ય બોધ એટલે એકાદી બાબત માટેની સર્વ સામાન્ય કલ્પના. આ આ કલ્પના ફરી ફરીને અનુભવ મળવાથી વિકાસ પામે છે. આજ સમયે એકજ વસ્તુનો અનેક સમયે

અનેક ઉપયોગી કલ્પના બાળકની સામે મૂકવાથી બાળકના મનમાં ગોટાળો ઉત્પન્ન થવાનો સંભવ હોય છે. આવો ગોટાળો ઉભો ન થાય એ દ્રષ્ટિથી શરૂઆતમાં આપણે સરવાળા બાદબાકી કે બીજું કોઇ કામો બાળકને ન બતાવવા. પણ બાળકના મનની સ્થિતિ ધ્યાનમાં લઈને શરૂઆતમાં આપણે બાળકને દરેક રાશી અને તેનું નામ અને એનો સ્પષ્ટ પરિચય કેવી રીતે આપી શકાય એ જ ઉદ્દેશ્યના આધારે આપણે આ સાધન ઉપરની રમતો યોજવી જોઈએ

પટ્ટાવાળી સીડી ઉપરની રમતો : રાશી અને અંકના નામના પરિચયની રમત. કોઇ પણ વસ્તુનો પરિચય કરી આપવા માટે ત્રણ પદના (ત્રિપદ પદ્ધતિનો) ઉપયોગ કરવામાં આવે છે. એમાંનું પહેલું પદ એટલે બાળકની સામે વસ્તુ મૂકવાની અને તે વસ્તુ બતાવીને તેનું નામ કહેવું. ધારો કે કેરી ફળના નામનો પરિચય કરી આપવાનો હોય તો પ્રત્યક્ષ કેરી બતાવીને કહેવું. 'આ કેરી છે' આવું કેટલીયે વાર જરૂર હોય તો થોડા દિવસ સુધી ઓળખાણ આપ્યા પછી બીજા પદની શરૂઆત કરવી. બીજા પદમાં આપણે વસ્તુનું નામ બોલવું અને તે વસ્તુ બતાવતા કહેવું "કેરી બતાવો". ત્રીજા પદમાં વસ્તુનું નામ ન લેતાં પ્રત્યક્ષ વસ્તુ બતાવીને પૂછવું, 'આ શું છે?' આ પ્રકારના ત્રણ પદના તંત્ર ફ્રેંચ શિક્ષણતજ્ઞ ડો. સેગ્વિને પહેલાં યોજેલું હોવાથી એને "સેગ્વિનની ત્રિપદ પદ્ધતિ" કહેવાય છે. કોઇ પણ વસ્તુના નામનો પરિચય કરી આપવા માટે આ તંત્રનો ઉપયોગ કરવા બાળકના મન પર બોજો (tension) પડતો નથી.

એકથી દશ સુધી દરેક આંકની રાશી છે."

કમળાબેન વચ્ચેજ બોલી ઉઠયા. "પટ્ટાવાળી સીડીમા એકથી દશ સુધીની જૂદી જૂદી લંબાઇની લાકડીઓ છે એજ તમારૂં કહેવું છે ને?"

મેં કહયું "તદ્દન સાચું, રાશી શબ્દ તમને નકકામો અઘરો લાગે છે, ખરૂં ને? પરંતુ તેનો વારંવાર વપરાશ કરવાથી તે સહેલો લાગે છે હવે આ સાધનમાં લાકડીઓની રાશી છે તેથી આપણાથી લાકડી શબ્દ વાપરી શકાય પરંતુ લાકડીને બદલે ઈંટો, કેરી, પેરૂ અને પાણી જેવા કોઇ પણ પદાર્થ હોય તો પણ આપણું કામ ફકત રાશી શબ્દ વાપરવાથી પૂર્ણ થાય છે તેમ રાશી શબ્દ અંગ્રેજીમાંનો Quantity શબ્દ બધે ઠેકાણે ઉપયોગી થઈ પડે તેવો છે તેથી તે જ શબ્દ વાપરવો એવુ મેં કહયું હતું"

રાશી પરિચયની આ પહેલી રમતમાં પરિચય માટે પહેલા ફકત, પહેલી બે જ રાશી લઇને રમતની શરૂઆત કરવી, આ બે રાશી બાળકની સામે રાખી ત્રિપદ પદ્ધતિ પ્રમાણે શરૂઆત કરવી. 'આ એક' 'આ બે' પુનરાવર્તનની દ્રષ્ટિથી 'આ એક' અને 'આ બે' ફરીને પુનરાવર્તનની દ્રષ્ટિથી 'આ એક' અને 'આ બે' પછી પૂછવું 'એક બતાવો' 'બે બતાવો' અને છેલ્લે પૂછવું, 'આ શું?' 'આ શું?' આ રીતે પહેલી બે રાશીનો પરિચય થયા પછી આગળની બે લેવી. આ જ પ્રમાણે બધી રાશીનો પરિચય કરી આપવો. આ પરિચય થતો હોય ત્યારે લાલ સીડી પ્રમાણે જ રચના કરવાનું બાળકને સૂચવવું. આ પરિચય દૃઢ કરવાની દ્રષ્ટિથી રમવાની

"**રાશી પરિચય** : પટ્ટાવાળી સીડીમાં રમતો હવે આપણે બીજી વાર લઈશું. **–શેષ નામલે.**

માબાપોની ફરજ

બાળકો પ્રત્યે માબાપોની ફરજ છે કે બાળકોને જેમ ફાવે તેમ રમવા દેવા. જે રીતે ફાવે તે રીતે તેને વસ્ત્રો પહેરવા દેવા. વધારે પડતા કપડાં બાળકોના શરીર પર લાદવા નહિ. પગમાં જોડા ચંપલ પહેરવા માટે બહુ આગ્રહ ન રાખવો. ઉઘાડા પગે ફરવાથી પગના તળીયા મજબુત બને છે. જ્યારે સખત તાપ પડતો હોય ત્યારે ઉઘાડા પગે ફરવા ન દેશો. ઠંડીની ઋતુમાં વધારે પડતાં ગરમ વસ્ત્રો બાળકો પહેરે એવો આગ્રહ ન રાખવો.

ઝાડ પર ચડવું, તરવા જવુ, ઘોડેસ્વારી કરવી, વ્યાયામશાળાઓમાં કસરત કરવી, બુદ્ધિપૂર્વકની રમતો રમવી આ બધું બાળકોના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. બાળકોમાં ખડતલપણું આવે છે. નાજુકાઇ દૂર થાય છે. માંદગી આવતી નથી, મનોબળ વધે છે. (તંદુરસ્તી)

બાલશિક્ષણ અને સંઘ સમાચાર

નૂ બા. શિ. સંઘની શિક્ષણ સમિતિ અને મ. વ્યવસ્થાપક મંડળની સભાઓ જે તા. ૨૭ અને ૨૮ જૂનના રોજ મળવાની હતી તે અનિવાર્ય સંયોગોને લીધે મુલતવી રખાઇ છે. હવે તે તા. ૪ અને તા ૫ મી જુલાઇના રોજ મુંબઇમાં મળશે. આ સભામાં અન્ય કાર્યક્રમ સાથે બાલમંદિરોના નિરીક્ષણ અંગે તેમજ સંઘના પ્રચાર કાર્ય અંગે વિચારણા કરવામાં આવશે.

–હિન્દી શિક્ષણ પત્રિકાનું કાર્યાલય મુંબઇમાં લાવવામાં આવ્યું છે. સંઘનું કેન્દ્રીય કાર્યાલય હવેથી તેની વ્યવસ્થાનું કાર્ય કરશે. દર માસની પહેલી તારીખે ગુજરાતી પત્રિકા; તા ૭ મીએ હિન્દી પત્રિકા અને તા. ૧૫ મીએ મરાઠી પત્રિકા પ્રગટ કરવામાં આવશે.

–સિધ્ધપુરને આંગણે શેઠ શ્રી મગનલાલ પ્રભુદાસ બાળમંદિરનું ઉદ્‌ઘાટન શનિવાર તા. ૧૩–૬–૫૩ના રોજ શ્રી રતીલાલ નાથાલાલના શુભ હસ્તે થયું છે.

–સોરંગપુરે, અમદાવાદમાં બાલવિહાર બાલ-મંદિર અને પ્રાથમિક શાળાની ઉદ્‌ઘાટન વિધિ તા. ૩૧–૫–૫૩ના રોજ નૂ બા શિ. સંઘની અમદાવાદ પ્રાદેશિક શાખાના પ્રમુખ શ્રી ડો. નાનુભાઇ દેશાઇના પ્રમુખપદે શેઠ શ્રી ચતુભાઇ બેંકરના શુભ હસ્તે કરવામાં આવી છે.

–શ્રી હર્ષ બાળમંદિર, શીવ મુંબઇ શાખા તરફથી તા. ૨૨–૬–૫૩ના રોજ ઉજવાએલા વાલી દિન પ્રસંગે શ્રી કેદારનાથજીએ વાલીઓને ઉદ્દેશીને મનનીય પ્રવચન કર્યું હતું ચારિત્ર્ય, માનવતા અને સત્યાગ્રહાદિ જીવન મૂલ્ય એજ કેળવણીનો સાચો આદર્શ છે એમ એમણે પોતાની લાક્ષણિક શૈલીમાં સમજાવ્યું હતું. મુંબઇ રાજ્ય તરફથી યોજવામાં આવેલી ૧૯૫૨–૫૩ સાલની પૂર્વપ્રાથમિક શિક્ષક પ્રમાણ પત્ર પરીક્ષામાં મુંબઇ, બોર્ડી, પૂના અને સોલાપુરના ચારે કેન્દ્રોમાં કુલ ૨૦૯ વિદ્યાર્થિઓ ઉત્તીર્ણ થયાં છે. દરેક કેન્દ્રની વિગત નીચે મુજબ છે:—

કેન્દ્ર	કેટલાબેઠા ?	વર્ગ ૧	વર્ગ ૨	વર્ગ ૩	પાસ
સોલાપુર	૩૫	—	૬	૧૭	૨૩
પૂના	૧૯	૧	૯	૮	૧૮
બોર્ડી	૨૧	—	૮	૧૦	૧૮
મુંબઇ	૧૩૫	૫	૫૦	૫૨	૧૦૭

પ્રથમ વર્ગમાં પાસ થયેલ વિદ્યાર્થિઓના નામો:

(૧)	ઇંદુ વામન વસુ	મુંબઇ	૫૨૩
(૨)	કુસુમ ભાલચંદ્ર ચિતલિયા	,,	૫૦૮
(૩	શ્રી તરૂલતા વામન રણજીત	,,	૫૦૮
(૪)	શીલા શિવરામ નવરે	પૂના	૫૦૮
(૫)	લલિતા નાનુજી દળવી	મુંબઇ	૪૯૬
(૬	મંદાકિની યાદવરાવ પાલકર	,,	૪૭૯

—: માનવતા :—

—હું વસું છું તેના કરતાં ત્રણેક માઇલ દૂર એક ગામડામાં જગા પટેલ નામના એક ખેડુતભાઇ વસે છે. તે ભાઇ ખેતીનોજ ધંધો કરે છે. અને એ ભાઇને ' હાડ ' નું સારૂં જ્ઞાન છે તેમની પાસે હાડકું ખસ્યું હોય, ભાંગ્યું હોય તો હાડના દર્દોના નિવારણ માટે આસપાસના લોકો ઘણી વખત આવે જાય છે અને હજુ સુધી એવો કોઇ દાખલો નથી કે જગા પટેલે હાથમાં લીધેલું કાર્ય સફળ ન થયુ હોય ! એ ભાઈ ' હાડ ' દવામાં એટલા તો પ્રવીણ છે કે તેમણે, મુંબઇ અમદાવાદ માં ડીગ્રી ધરાવતા ડોકટરોથી પણ ન પતેલા કેસો પતાવી આપ્યા છે.

અમારા છાત્રાલયના ગૃહપતિનું ખસી ગયેલું હાડકું સરખું કરવા માટે જગાભાઇ આવેલા. જગાભાઇએ માત્ર દશેક મિનિટમાં તે ખસી ગયેલુ હાડકુ ઠેકાણે લાવી દીધું.

એ દિવસે બોર્ડીંગની કાર્યવાહી સમિતિની સભા હતી તે સમયે અચાનક કચ્છ સરકારના અમલદારો પણ અહિં આવેલા અને બોર્ડીંગના ચોગાનમાં બેસી વાતોચીતો કરતા હતા તેવામા લોકોમાંથી કોઇએ આ હાડવૈદની વાત કરી ત્યારે એક અમલદારે કહયું: " પટેલ ! તમે ગામડામાં પડયા છો તેના કરતાં કોઇ શહેરમાં હાડવૈદની દુકાન નાખો ને ? "

જગા પટેલે ઉભા થઇ જવાબ આપ્યો: " સાહેબ, પૈસાદારો માટે તો ઘણાય છે પણ ગરીબ માણસોનું શું ? " [અ. આ.] —હે. ન. વોરા.

ટૂંકી નોંધ

લોક ભારતી : તા. ૨૮ મી મે ને બુદ્ધ જ્યોતિના પુનિત દિને સૌરાષ્ટ્ર ના એક ખૂણામાં આવેલ સણોસરા ગામને આંગણે પૂ. કાકાસાહેબના શુભ હસ્તે ગ્રામ જીવન માટે નવી આશા ઓને સર્જતી લોક ભારતી ગ્રામ વિદ્યાપીઠનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. અમારે મન સૌરાષ્ટ્રને માટે જ નહિ પરંતુ આખા દેશની કેળવણીની દુનિયામાં નવા યુગની આગાહી કરતી આ એક વિશેષ ઘટના છે. કોઇએ સાચે જ કહ્યું છે કે લોકભારતી આ સૌરાષ્ટ્રને એક બ્રાહ્મણ ભેટ છે. લોક-ભારતીના શિલ્પકાર શ્રી. દક્ષિણા-મૂર્તિની પ્રેરણાથી જેમણે પોતાનું જીવન કેળવણીને સમર્પિત કર્યું છે એવા તપોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ છતાં યુવાનોને પણ શરમાવે એવા અદમ્ય ઉત્સાહી મુ. કેળવણીકાર પૂ. શ્રી. નાનાભાઇ ભટ્ટ છે. એમના કેળવણીમય જીવનની ચડતી પડતીમાં પૂ નાનાભાઇ હંમેશ સાચા માર્ગ પર રહ્યા છે. જીવનના જૂના અને નવા મૂલ્યોનો સુંદર સમ-ન્વય થયો છે. લોક ભારતી વિશે કોડિયામાં પૂ. નાનાભાઇ લખે છે 'અહીંના આચાર્યો સદ્‌વિદ્યા માત્ર વિદ્યાર્થિઓને આપવાની ચીજ છે એમ માનીને વિદ્યાર્થીને પોતાનું જીવન અલગ રચાવાનો પ્રયત્ન કરશે નહિ પણ પોતેજ ગ્રામવિદ્યાનું જીવન જીવી બતાવશે.' લોકભારતી ગ્રામ વિદ્યા-પીઠમાં પૂ. નાનાભાઇનું અનેક વર્ષોથી સેવેલું સ્વપ્ન સાકાર પામો અને આ સમગ્ર દેશની તે સ્ફૂર્તિ કેન્દ્ર બને એજ અમારી પ્રભુ પાસે લોકભારતીના જન્મ પ્રસંગે પ્રાર્થના છે.

–સ્થળ સંકોચને લીધે મોડાં આવેલા સમાચારો આપી શકાયાં નથી. આગામી અંકમાં લેવાશે. —સં.

હીરાબેને જીવી બતાવ્યું છે

ગ્રામબાળ શિક્ષા કેન્દ્રના યુવાન ઉત્સાહી કાર્યકર શ્રી. હીરાબેન જયંતભાઇ શુકલ તા. ૧૧ મી જૂનના દિવસે પરલોક પામ્યા છે આ સમાચાર જણાવતા અપાર દુઃખની લાગણી અમે અનુભવીએ છીએ. પરણ્યા પછી હીરા-જયંતની જોડીએ બાળ કેળવણીના ક્ષેત્રમાં સેવા-ભાવથી પદાર્પણ કર્યું હતું. પ્રેમી પંખીડાની જેમ બંન્ને એક બીજા પાસેથી જીવનની પ્રેરણા મેળવી ગૃહમાં અને સેવાના ક્ષેત્રમાં પ્રેમ અને ઉત્સાહથી કાર્યરત હતા. નૂ બા. શિ સંઘના સ્ફૂર્તિ સમા શ્રી. તારાબેન માટે બન્નેને ગુરૂભાવના હતી છેલ્લા ૭ વર્ષથી તેઓ મુ. તારાબેનના આદેશ મુજબ સંઘના અનેક પ્રકારના કાર્યોમાં રત રહેતા. શ્રી. હીરાબેન સૌની વચ્ચેથી આવી રીતે એકાએક ચાલ્યા જશે એવી છેલ્લી ઘડીસુધી કોઇની કલ્પના ન હતી તેથી એમના અવસાન અંગે ઘણાઓએ શંકા જ સેવી હતી. મોડીની ગ્રામ બાલવાડીના એક ખંતીલા માયાળુ કાર્યકર, શ્રી. જયંતભાઇના જીવન સાથી અનેક કાર્યકરોના એક ઉત્સાહી મિત્ર અને શ્રી તારાબેનના એક ચુનંદા શિષ્યા ચાલ્યા જવાથી સૌને અપાર દુઃખ થયું છે. શ્રી. હીરાબેનના બે બાળકો માતા-વિહોણા થયા છે. મરણ કેટલું ક્રૂર થઈ શકે તેનો પરિચય તેમના મરણ પછી સૌને થયો શ્રી જયંતભાઇ અને એમના અન્ય કુટુંબીજનોના દુઃખમા અમો સહાનુભૂતિ દર્શાવીએ છીએ અને પરમેશ્વર સ્વર્ગસ્થ આત્માને શાંતિ આપે અને કુટુંબીજનોને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે, એવી પ્રાર્થના કરીએ છીએ.



હેડ ઓફીસ મુંબઇ, ૫૪ શાખાઓ અને ૧૦ સેફ ડીપોઝીટ વોલ્ટ.

- અમારા સ્પેશ્યલ સેવિંગ્સ ડીપોઝીટ ખાતામાં ૨-૧/૪ % લેખે વ્યાજ આપવામા આવે છે. અને રૂા. ૧૦૦૦થી ખાતું ખોલાય છે.
- અમારી ૫ વર્ષ અને ૩ વર્ષની ફેરા સર્ટીફીકેટ્સ લગભગ ૩-૧/૨ % અને ૨-૩/૪ % વ્યાજ આપે છે.
- અમારા સેવિંગ્સ બેંક ખાતાઓ મા ૧-૧/૨ % ટકા લેખે વ્યાજ આપવામાં આવે છે અને રૂા. ૨૦ થી ખાતું ખોલાય છે

નાણાની બચત કરવામાં દેનાબેંક તમને મદદ કરશે

નૂતન બાળ શિક્ષણ સંઘ

એટલે

વાલીઓ શિક્ષકો અને બાળ પ્રેમીઓનું બનેલું અખિલ ભારતીય સંગઠન.

સંઘના પદાધિકારીઓ :-

પ્રમુખ: શ્રી મોરારજીભાઇ દેસાઈ. ઉપપ્રમુખ: આચાર્ય શ્રી બિસે.
કાર્યાધ્યક્ષ: શ્રી સરલાદેવી સારાભાઈ. કોષાધ્યક્ષ: શ્રી વા. રા. પટવર્ધન
મંત્રીઓ:-શ્રી શેષ ના. નામલે. શ્રી યશસ્વતી બેન ભટ્ટ.

સ્થાનિક શાખા : કોઈપણ બાળ કેળવણીની સંસ્થા, વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓમાંથી ઓછામાં ઓછા સંઘના ૨૫ સભ્યો બનાવી, સંઘ માન્ય શાખા સ્થાપી શકે છે. આ જાતની શાખાને સ્થાનિક શાખા કહેવાય છે.

પ્રાદેશિક શાખા : કોઈપણ જીલ્લામાં ઓછામાં ઓછી ચાર સ્થાનિક શાખા સ્થપાયેલી હશે તો તે વડે સંઘની જીલ્લા પ્રાદેશિક શાખા સ્થાપી શકાય છે. અને આ જીલ્લા શાખાના પ્રતિનિધિ સંઘના અખિલ ભારતીય નિયંત્રણ મંડળમાં ચૂંટાઇ શકે છે.

સંઘનું પ્રચાર સાહિત્ય : સંઘનું બંધારણ, પ્રવેશ પત્રકો, સૂચના-માહિતી વિ. સંઘને લગતું પ્રચાર સાહિત્ય મેળવવા માટે નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવા-વિનંતી છે.

મંત્રી, **નૂતન બાલ શિક્ષણ સંઘ.**
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

: સંપાદક મંડળ :

રામનારાયણ પાઠક, હરપ્રસાદ ભટ્ટ, જયંતભાઈ ઓઝા, હેઅલતાબેન માળવી, મંજરીબેન રાયજી, રમેશભાઇ કોઠારી

અનુક્રમણિકા

લેખ.	લેખક.
૧. આહાર અને આરોગ્ય.....	વિહારી.
૨. બાળ-વાર્તાની પસંદગી...	પ્રો. કે. યુ. ભામરા.
૩. કેળવણીની સમસ્યા.....	(પંચવાર્ષિક યોજના)
૪. શાંતિનો સમૂહ પાઠ.....	શેષ નામલે.
૫. સંસ્કારનો વારસો..... ...	"ઓજસ"
૬. જ્ઞાનેન્દ્રિય શિક્ષણ-માનસશાસ્ત્રીય શિક્ષણ...	સ. આ. કેળકર.
૭. બાળકનો હઠાગ્રહ...	હે. માળવી.
૮. મે. મોન્ટેસોરીનો કર્મયોગ	
૯. બાળ શિક્ષણ અને સંઘ સમાચાર.	

બાળ-વિભાગ

(૧) કૃષ્ણ-કનૈયો..... (૨) દેડકાભાઇ કૂદી પડયા ..
(૩) અભિલાષા... (૪) કોનું શું....?.... (૫) લુચ્ચું બગલું

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો.

કે- "શિક્ષણ પત્રિકા" એ નૂતન બાલ શિક્ષણ સંઘનું મુખપત્ર છે, તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપ મેળેજ બની જાય છે.

કે- "શિક્ષણ-પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા-પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે- "શિક્ષણ પત્રિકા" ગુજરાતી, હિંદી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમે તા. ૧ લી, ૭ મી અને ૧૫ મીએ પ્રગટ થાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર "પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે. પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરુરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" ના ગ્રાહક કોઈ પણ માસથી થઇ શકાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" માં બાળશિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫મી સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા જરુરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" (ગુજરાતી અને હિંદી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતિ છે.

—શ્રી રમણિકભાઈ તુરખિયા
વ્યવસ્થાપક "શિક્ષણ પત્રિકા"
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઈ ૧૪.

નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૮ : અંક ૮] મુંબઇ [ઓગષ્ટ, ૧૯૫૩

આહાર અને આરોગ્ય

આપણા બાળકોનો વિકાસ રૂંધાએલો કેમ લાગે છે?

[આરોગ્ય આહાર ઉપર આધાર રાખે છે એ વાત હવે નવી નથી પણ આરોગ્યની દ્રષ્ટિએ આહારનો વિચાર કરીને અમલમાં મૂકવાનો પ્રયત્ન ઘણા થોડા લોકોજ કરે છે. આહારનો વિચાર કરતી વખતે જીવન સત્વ અંગેની માહિતી હોવી જરૂરી છે. જનતાને આવા જીવનસત્વોની સંપૂર્ણ માહિતી આપવાની દ્રષ્ટિએ કેન્દ્ર સરકારના પ્રકાશન ખાતાએ લેખમાળા શરુ કરી છે. તેના પહેલા લેખમાં "અ" જીવન સત્વ અંગેની માહિતી આપી છે. એ શિક્ષણ પત્રિકાના વાંચકોને ઉપયોગી થઇ પડશે એટલે એ અહિં આપી છે. સં.]

"અ" જીવનસત્વ પૂરતા પ્રમાણમાં લેવાથી આરોગ્ય સારુ રહે છે અને આયુષ્ય વધે છે. જીવન સત્વની જાણ થતા પહેલાં ડોકટરો શક્તિવર્ધક ઔષધ તરીકે કોડલિવર ઓઇલ આપતા. આ તેલમાંના 'અ' અને "ડ" સત્ત્વને લીધે અનેક રોગોનો સામનો કરવાની રોગીની શક્તિ વધી જાય છે અને તેથી કાન, નાક, ગળુ, આંખ વિગેરેના શરદી, ઉધરસ, નબળા હાડકા જેવા રોગો સહેલાઇથી ટાળી શકાય છે.

બાળકના શરીરમાં શરુઆતમાં-આ જીવન સત્વનું પ્રમાણ તદ્દન ઓછું હોય છે. માતાના દુધમાં વધુ જીવન સત્ત્વ ન હોવાથી ધાવતા બાળકોને પૂરતા જીવન સત્વો મળતા નથી. તેથી હાલમાં પાંચમાં-છઠ્ઠા મહિનાથી દુધની ઉપરાંત બીજો ખોરાક આપવાની ડોકટરો સૂચના કરે છે. બાળક જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ તેનું પોષણ ફકત માતાના દુધથી પૂરું થતું હોતું નથી. દરેક બાળકને ૩૦૦૦ થી ૭૦૦૦ યુનિટસ જીવનસત્વો આરોગ્યની દ્રષ્ટિએ મળવા જરૂરી છે મોટા માણસોને ૭૦૦૦ યુનિટસ તથા સગર્ભા સ્ત્રીઓને ૮૦૦૦ યુનિટસ મળવા જોઇએ એ જાતનું પ્રમાણ છે.

નીચેના કોઠામાં અડધા રતલની વસ્તુમાં 'અ' જીવન સત્વ કેટલા યુનિટસમાં હોય છે તે બતાવવામાં આવે છે:—

પદાર્થ	યુનિટસ	પદાર્થ	યુનિટસ
દુધ	૧૭૮	ખજુર	૬૦૦
ચીસ	૨૭૩	લીલા મરચાં	૪૫૪
કોડલિવર ઓઇલ	૨૦૦૦	કોલી ફલાવર	૩૩૦
માંસ	૧૩૦૦	કોથમીર	૧૫૭૦
પાકેલું પપૈયું	૨૦૨૦	ગાજર	૨૦૦૦ થી ૪૦૦૦
પાકેલી કેરી	૪૨૦૦	ટામેટા	૩૨૦
કાચી કેરી	૧૮૬૦	પાલખ ભાજી	૨૬૦૦
ફુદીના	૭૦૦	કુમી	૨૦૦૦

શરીરમાં 'અ' જીવન સત્વના ઓછા હોવાના લક્ષણોમાં ચામડી સુકી પડી જવી, પાચનક્રિયા બરાબર ન રહેવી, ઉત્સાહ મંદ પડવો, રતાધળાપણું વિગેરે થાય છે. આ જીવનસત્વનું પ્રમાણ ખૂબ જ ઓછું થઇ જાય તો શરીરનું વજન ઓછું થઇ જાય છે. શરીરમાં અશક્તિ વધે છે એ ઉપરાત બાળકોનો વિકાસ અટકયો હોય એવું લાગે છે અને કિડનીમાં પથરી જેવા રોગો થવાનો સંભવ રહે છે.

—વિહારી.

હિન્દનો

અગ્રગણ્ય

સ્વદેશી સ્ટોર

×—◉—×

તમારી જરૂરિયાતો ખરીદવાનું
એક માત્ર
ભરોસાપાત્ર સ્થળ

: આજે જ પધારો :

ધી બોમ્બે સ્વદેશી

કો–ઓપરેટિવ સ્ટોર્સ કં. લિ૦

સર ફિરોઝશાહ મહેતા રોડ,
ફોર્ટ, મુંબઇ ૧
ફોન : ૨૦૪૪૩

શાખા :
મહાત્મા ગાંધી રોડ, પૂના
જેમ્સ સ્ટ્રીટ, સિકંદરાબાદ.

–શિક્ષણ સાહિત્ય–
ક્યાંથી મેળવશો ?

(૧) બાળમંદિરને ઉપયોગી સાધનો
(૨) નર્સરી શાળાઓને ઉપયોગી પ્રબોધક સાહિત્ય
(૩) મજૂર કલ્યાણ કેન્દ્રને ઉપયોગી સાધનો
(૪) પૂર્વપ્રાથમિક કેળવણીને ઉપયોગી સાધનો
(૫) નઇ તાલીમ કેળવણીને ઉપયોગી સાધનો
(૬) પ્રાથમિક શાળા–કેળવણીને ઉપયોગી સાધનો
(૭) માધ્યમિક કેળવણીને (હાઇસ્કુલને) ઉપયોગી સાધનો
(૮) વ્યાયામ કેળવણીને ઉપયોગી સાધનો
(૯) વૈજ્ઞાનિક કેળવણીને ઉપયોગી સાધનો
(૧૦) અધ્યાપન મંદિરની કેળવણીને ઉપયોગી સાધનો

ઉપર મુજબની સંસ્થાઓને ઉપયોગી તમામ સાહિત્ય નજરે જોવા અવશ્ય મુલાકાત લો, અગર સુચિપત્ર મંગાવો.

જેચંદ તલકશી એન્ડ સન્સ.
એમ્પાયર બિલ્ડીંગ ખોરીબંદર, ટ્રામ જંકશન સામે, મુંબઈ ૧.

આગ–અકસ્માત–જિંદગી

મોટર, દરિયાઈ, વર્કમેન્સ કોમ્પેન્સેશન
સર્વ પ્રકારનું વીમાકામ
સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને
સંતોષકારક મહેનતાણું :
એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મંગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.
—: હેડ ઓફિસ :—
૩૧૫–૩૨૧ પ્રોસ્પેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ,
મુંબઈ.

શ્રી નૂ. બાં. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : શ્રી રમણીકલાલ તુરખિયા, ૧૧૮, હિન્દુકોલોની, દાદર, મુંબઇ ૧૪
મુદ્રણ સ્થાન : ભારતી પ્રિન્ટરી, આદુંગા, મુંબઈ ૧૯.

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ–૨૮ : અંક–૮ મો : ઓગષ્ટ, ૧૯૫૩

> બાળકને કામનો થાક હોતો નથી. કામ વડે તેની શક્તિ વધે છે. કામ વડે જ તેનો વિકાસ થાય છે. કામ વડે તેનો ઉત્સાહ વધે છે 'મને કામથી મુક્ત કરો' એવી માગણી બાળકે કોઇ દિવસ કરી નથી. એથી ઉલટું 'મને કામ કરવા દો; તે પણ મને પોતાને એકલાને કરવા દો' એવો તેનો આગ્રહ હોય છે. વિકાસ માટે સતત કામ એજ એનું જીવન હોય છે. કામ વગરનું જીવન એને માટે મરણ છે.
>
> –મેડમ મોન્ટેસોરી.

સંસ્થાપક :
સ્વ. ગિજુભાઈ બધેકા

તંત્રી :
તારાબેન મોડક

વાર્ષિક લવાજમ :- ૩। ૪–૦–૦ : :

કાર્યાલય : ૧૧૮, હિન્દુ કૉલોની, દાદર, મુંબઇ, ૧૪. : :

છૂટક નકલ ૬ આના

બાળ-વાર્તાની પસંદગી

વાર્તાઓ પ્રત્યે બાળકને હંમેશા આકર્ષણ હોય છે. લોકગીતો, કહેવતો, લોકવાર્તાઓ અને લોક સંગીતની જેમજ દરેક દેશના સ્થળ–કાળને અનુકૂળ એવી લાક્ષણિક બાલવાર્તાઓ પણ હોય છે. બાળકની અભિરૂચિને પોષે એવી કેટલીક ખાસીયતો એ વાર્તાઓમાં હોય છે. પરંતુ સમાજના સ્થળ–કાળ અને પરિસ્થિતિ મુજબ એ વાર્તાઓમાં મોટાઓનાં મંતવ્યોનું પ્રતિબિંબ દેખાતું હોય છે. જે વસ્તુને મોટાઓ પોતાના જીવનમાં મહત્વની ગણતા હોય છે તેનો જ રંગ આ વાર્તાઓમાં દેખાય છે. આ વાર્તાઓનુ પરિશીલન કરીએ તો તેમાં તે–તે કાળનું સમાજ–જીવન, તેની ભાવનાઓ અને વ્યવહારિક જીવનનું અંતરંગ આપણે જાણી શકીએ અને તેથી પેઢીઓની પરંપરામાં રહેલું સાતત્ય અને સાંસ્કૃતિક વિકાસના દર્શન કરી શકીએ.

આ વાર્તાઓને કેળવણીનું એક સાધન ગણવામાં આવે છે. વાલીઓ અને શિક્ષકો તેના દ્વારા બાળકોના કુમળા મન પર સારા વર્તાવ અંગેના નિયમો, પોતાની જીવન શ્રધ્ધા, આશા, અપેક્ષાઓ, બીક, માન્યતાઓ, સ્વપ્નો, રીતિરિવાજો અને શંકાઓનુ મુદ્રણ સારી રીતે કરી શકે છે. મૂળ વાર્તાની વસ્તુમાં પ્રસંગને અનુકૂળ ફેરફારો થવાથી એ વાર્તામાં પેઢીઓ પછી આવતી પેઢીઓનાં માનસનો ખ્યાલ ક્રમશઃ મળે છે. અને લાંબા ગાળાનાં લોક જીવનનો અનુભવ, આપણે તેમાં કરી શકીએ છીએ.

આ બાળવાર્તાઓમાં બાળકો અને મોટાઓની ભાવનાઓને મુક્ત માર્ગ મળતો હોય છે પરિસ્થિતિના કંકાસમાંથી દૂર રાખેલા આ વાર્તાના કલ્પિત વાતાવરણમાં બંન્નેના મનને એક પ્રકારનો આશરો મળતો હોય છે. એ વસ્તુ બંન્ને બાળક અને મોટાઓ માટે સાચી હોય છે. મોટાઓનું માનસ રોજની અનુર્મિલ પરિસ્થિતિથી કંટાળી ભાગવાનુ પસંદ કરતું હોય છે: પરિસ્થિતિના કલહમાં, મુશ્કેલીઓનો સામનો કરતા તે અણગમતા વાતાવરણથી દૂર જઈને દિવા–સ્વપ્નોની દુનિયામાં પ્રવેશ કરે છે. દિવાસ્વપ્નની આ દુનિયા જીવનની અણગમતી વાસ્તવિકતાથી તેને ક્ષણિક વિસામો આપે છે; આશાભર્યા તરંગોથી તેનું મનોરંજન કરે છે. તેના આ દિવાસ્વપ્નોમાં બે પ્રકારનાં ચિત્રો જોવામાં આવે છે. એક ચિત્ર તે જીવનની બધી મુશ્કેલીઓનું હોય છે જેમા દરેક અનિષ્ટ ઘટના પ્રતિકોના રૂપમાં દેખાય છે. પરિસ્થિતિથી ત્રાસ પામેલું મન આ અનિષ્ટોમાં કદંક વધુ પડતું અનિષ્ટ જોતું હોય છે. બીજા પ્રકારના ચિત્રોમાં મનુષ્યની ઇચ્છાઓનાં કલ્પિત વિજયનાં દર્શો આપણને દેખાય છે. પરિસ્થિતિની અસહ્ય વેદનાઓ છતા મનુષ્યને ટકાવી રાખવામા આ મનોવાછિત વિજય આશ્ચર્યકારક અને અદૃશ્ય રીતે સહાયકારક બનતો હોય છે. જ્યાં એ પહોંચી શકતો નથી ત્યાંનું સુખ પણ એના વડે માણી શકે છે. પરી કથાઓ એ જ પરિસ્થતિને લઈને નિર્માણ થઇ છે. અને હજારો વર્ષોથી એ કથાઓની પકડ મનુષ્યના મન પર રહી છે. તેનું કારણ સમજી શકાય તેમ છે. એ વાર્તાઓમાં નૈતિક શિખામણ અને સારા વર્તનને લીધે થતી પરીઓની કૃપાથી આ વાર્તાઓ દ્વારા મોટાઓને આનંદ થાય છે. વાસ્તવિક જીવનનાં દુઃખોથી દૂર ભાગવાની તેમની જરૂરિયાતને તે પોષે છે. પોતાનાં બાળકોને આ પરિઓની દૈવી શક્તિનો લાભ લેવા આગળ કરીને તેઓને સારા બનાવવાની મોટાઓની ઇચ્છાને તેમાં અવકાશ મળે છે. ઘણાં વાલીઓ તેથી બાળકોને પોતાની આશાની મૂર્તિનું સાધન બનાવતા હોય છે. તેથી તેમનો માનસિક ભાર હલકો થાય છે. જીવનની મુશ્કેલીઓનો સામનો કરતા થતા પરાભવોને કારણે નિરાશાને તેમાં આશરો મળે છે. તેથી વાર્તામાં આવતી આ ઈષ્ટ અને અનિષ્ટ પરાઓને કાલ્પનિક પાત્ર ગણવાને બદલે તેને બાળકની કલ્પના-શક્તિ વિકસાવવાનું અને તેને ન્યાય, કળા ને સંસ્કાર શીખવવાના સાધન તરીકે જ મોટાઓ પણ માનવા લાગ્યા છે.

બાળકોનાં મન પર પરી કથાની શી અસર થતી હશે તે સમજવાનો પ્રયત્ન કરીએ. મોટાં કરતાં પણ બાળકોનાં જીવનનાં પ્રશ્નો વધારે મુશ્કેલીભર્યા અને અસહાય હોય છે. તેનું અપરિપક્વ મન, નબળાઇ અને

અપૂર્ણતાને લીધે તેની સામાજીક મુંઝવણો અનેક પ્રકારની હોય છે. તેની ઇચ્છાશકિત અને બુધ્ધિ ઘડાતી હોય છે તે પરિસ્થિતિમાં તેનાં વાલીઓ, સમાજ અને વાતાવરણ તેને સતત એક બાજુથી બીજી બાજુએ ખેંચી રહ્યા હોય છે. એણે એકાએક આમ કરવુ જોઇએ, તેમ કરવું જોઇએ, વિરોધી વાતો સમજવી જોઇએ, રીતિ રિવાજો, નિયમો, ભાવો અને પરિસ્થિતિને અનુસરવું જોઇએ એવી એની પાસેથી અપેક્ષા રખાય છે. તેથી આ પરિસ્થિતિ અને ખેંચતાણમાંથી બાળકને પણ મોટાઓની જેમ ભાગવાનું અને પરી કથા જેવી સુખદ દુનિયામાં ઘડીભર વિસામો લેવાનું મન થાય એ સ્વભાવિક જ છે. તેથી વાર્તાઓ અને ખાસ કરીને પરી કથાઓ વિશિષ્ટ ઉમ્મરનાં બાળકો માટે એક કાયમી અને મોટું આકર્ષણરૂપ બની રહે છે. જીવનની મુશ્કેલીઓનો તેમાં જલદ અને ભાવનાત્મક ઉકેલ તેમને મળી રહે છે.

પરંતુ વાસ્તવિકતાથી આ રીતે દૂર જઇ તરંગોમાં રાચવાથી બાળકની દબાઈ ગએલી લાગણીઓને ક્ષણિક અવકાશ મળે છે તેથી બાળકના મનનુ સમતોલપણું જળવાય છે એ વસ્તુ માન્ય રાખીએ તો પણ તે દ્વારા દરેક વ્યકિતને પોતાનું જીવન સુખી કરવા અને જીવનની ધમાલ સામે ઝઝુમવાની જે શકિતની જરુર હોય છે તે શકિત દિવાસ્વપ્નોમાંથી મળી શકે નહિ. ઘણાં મોટાંઓ પણ એવાં હોય છે કે જેમને નવલિકાઓ વાંચવાનો કે રોજ સિનેમા જોવાનો વધુ પડતો શોખ હોય છે. સિનેમા અથવા નવલિકા કોઈ વાર આપણું મન પ્રસન્ન કરે છે. તેમાં જે જીવનનાં અનુભવો કલાત્મક રીતે ગૂથેલા હોય છે તેની સાથે આપણે તન્મય બની જઇએ છીએ અને તેને લીધે આપણી પોતાની દબાઈ ગએલી લાગણીઓને રસ્તો કરી આપીને આપણે આનંદ મેળવીએ છીએ એ વાત તો સાચીજ છે, પરંતુ નવલિકા વાંચન અને ચિત્રપટો દ્વારા મનની પ્રસન્નતા મેળવવી એ એક વાત છે અને તેનો રોજ ને રોજ નશો કરવો એ બીજી વાત છે. તરંગોની દુનિયામાં આમ સતત રહેવાથી નબળાઇ, અસ્થિરતા ને અશકિત એટલી બધી વધે છે કે જેથી સમધારણ જીવવાનું અશકય બને છે. એમાંથી માનસિક પરાવલંબન એટલી હદે વધી જાય છે કે અંતે એવી વ્યકિત દુઃખીજ થાય છે.

વાર્તાઓનું બાળકનાં જીવનમાં અત્યંત મહત્વનું સ્થાન છે. પરંતુ બાળકનું વલણ પરિસ્થિતિની વાસ્તવિકતા કરતાં તરંગો તરફ વધુ હોય છે તે ધ્યાનમાં લેતાં વાર્તાઓ બાળકનું ઘણું નુકશાન કરી શકે છે. બાળકને તે નબળું, પરાવલંબી ને બીકણ બનાવી શકે છે. પરીકથાઓની તો બાળકનાં મન પર બહુ માઠી અસર થાય છે મનુષ્યનાં મનનું પૃથક્કરણ કરીએ તો અંધશ્રધ્ધા લાગણીઓની કેટલી ઉંડી અસર વાર્તાઓ નિર્માણ કરી શકે છે તેનો ખ્યાલ આપણને મળશે. વાર્તાનાં વાતાવરણનાં આ ભલા મિત્રો અને શત્રુઓ બાળકનાં મનની દુનિયાનો એટલો બધો કબજો મેળવી લે છે કે તેની સામે બાળકની પોતાની માનસિક પ્રગતિ અટકી જાય છે. પરિણામે બાળક તરંગી બને છે. જીવનમાં સુખનિર્માણ માટે તે દૈવી પરીઓ પર મીટ માંડે છે અને કડવા અનુભવો માટે પરીઓના દેશનાં શત્રુઓનો દોષ કાઢે છે. નાનાં નાનાં બાળકોમાં બીક અને વગર પાયાની આશાઓની મહેલાતો બાંધવાની ટેવ એ બે વસ્તુઓ પરીકથાઓના અતિરેકમાંથી બાળકોમાં દેખાય છે. જેઓ એમ માને છે કે પરીકથાઓની અસર ટૂંક સમય માટે બાળકનાં મન પર રહે છે અને જ્યારે તેઓ મોટા થાય છે ત્યારે તે દેખાતી નથી તેમણે પોતાનાં મનનોજ જરા વધુ ઉડાણથી અભ્યાસ કરવો જોઇએ. દરેકના મનમાં અંધશ્રધ્ધાની કેવી કેવી અસરો હજી રહી છે અને તેને લીધે મનની પ્રગતિમાં તે કેવા પ્રકારનો ભાગ ભજવે છે તેનો ખ્યાલ દરેકને થશે. બુધ્ધિપૂર્વક ભલે આપણે પરીઓ પરનો વિશ્વાસ ફગાવી દીધો હશે પરતુ નાનપણથીજ આપણી પોતાની પર અવિશ્વાસ, અને કોઈ પણ બનાવ માટે બહારનું કારણ શોધવાની આપણી વૃત્તિ તે આપણી કુમળી ઉંમરમાં સાંભળેલી પરીકથાઓનાં પરિણામો જ છે એવું આપણને સમજાશે.

ઉપરનાં વિવેચનનો અર્થ એમ ન કરવો કે પરીકથાઓનો કળા, સાહિત્ય અને જીવનમા કશો ઉપયોગ નથી. જ્યારે કોઇ નિષ્ણાત સાહિત્યકાર પરી કથા લખે છે ત્યારે તે પ્રતિકાત્મક અથવા રૂપકાત્મક હોય છે. તેમાં જીવનની ફિલસૂફી પ્રતીત થાય છે. એની કથાઓને આપણાં સાહિત્યમાં કાયમી સ્થાન હોય છે. પરંતુ અત્યારે જેમ મોટાઓ માટે ખરાબ અને ઉતરતી શ્રેણીનું સાહિત્ય લોકોનાં હીન ભાવોને ઉ-તેજીત કરીને તેમને એક પ્રકારનો નશો ચઢાવવાની દૃષ્ટિએજ પીરસાય છે તેમજ અત્યારે જ્યાં ત્યાં સંસ્કારહીન કલ્પના શકિત છુટ્ટી કરીને સામાન્ય લેખકોએ લખેલું સાહિત્ય આપણી નજરે પડે છે. એમાં બાળકોની નિર્મળ શ્રધ્ધાનું, તેમની વિશ્વાસુ વૃત્તિનું શોષણ થાય છે. બાળ-

કોના મન પર થતો આ બળાત્કાર આપણે જેમ બને તેમ વહેલો અટકાવીએ તોજ બાળકનાં વ્યકિતત્વનાં વિકાસનો માર્ગ સરળ કરી શકીશું.

જીવનની ઘટનાઓને કલાત્મક રૂપ આપતી પરીકથાઓ અથવા પુરાણ કથાઓનું અન્ય રૂપકાત્મક અથવા પ્રતીકાત્મક જીવન સાહિત્યની જેમ બાળકનાં જીવનમાં તેનું સ્થાન જરુરી છે. પણ બાળકની સાહિત્ય સમજવાની માનસિક તૈયારી હોય ત્યારેજ એને યોગ્ય સ્થાન મળી શકે. એવા સાહિત્યનું રહસ્ય ને તેનું સૌંદર્ય એ ગ્રહણ કરી શકે. ત્યારે આવું સાહિત્ય બાળકને જરુર આપવું. આ પ્રકારનું સાહિત્ય બાળક આગળ ધરીએ ત્યારે તેમાં તેની માનસિક અવસ્થાનો વિચાર અનિવાર્ય છે. ત્રણ વર્ષની ઉમ્મરે બાળક એની સામે નં થતી ઘટનાઓનો ખ્યાલ કરી શકે છે. ભાષા દ્વારા ભૂત ભવિષ્યની ઘટનાઓને સમગ્ર રીતે અંકિત પણ કરી શકે છે છતાં તેનું મન જે કાંઇ પ્રત્યક્ષ થતુ હોય, સામે દેખાતું હોય તેના પરજ વધુ એકાગ્ર થઈ શકતું હોય છે. શબ્દો દ્વારા કલ્પનાઓમાં રમવાની એના મનને ટેવ હોતી નથી. ક્રિયા અને ભાષાના સંબધો તે તરતજ બાંધી શકે છે. ક્રિયાઓ અને દરેક પ્રકારની હિલચાલ દ્વારા આજુ. બાજુની દુનિયાનો પ્રત્યક્ષ અનુભવ લેવાનુ તેને ગમતું હોય છે. કલ્પનાના શબ્દોમાં તેને રસ હોતો નથી. શબ્દો ગ્રહણ કરવાની દૃષ્ટિથી ચિત્રો, નકશાઓ તરફ વધુ આકર્ષણ હોય છે. આજુબાજુની છુટ્ટી વસ્તુઓના અને સાદા પ્રસંગોના વર્ણનોને જયારે અનુભવનો આધાર મળે છે ત્યારે તેની કલ્પનાશકિત વધુ ખીલે છે અને તેની ભાષામાં પ્રગતિ થાય છે.

ચોથા વર્ષમાં રોજના જીવનની ક્રિયાઓ અને પ્રત્યક્ષ વ્યવહારનાં બંધનોથી ભાષા મૂકત થવા માંડે છે. તેનું મન ભાષા દ્વારા હવે અજ્ઞાત દુનિયાને પણ સમજવાનો પ્રયત્ન કરતું દેખાય છે. સંવાદ, પ્રશ્નોત્તરી અને જવાબો બાળકનાં મન પર ઊંડી અસર કરતા હોય છે. વર્ણનાત્મક વાર્તાઓમાં પ્રસંગોનું જે શબ્દોમાં રૂપાંતર થાય છે તે તરફ તે ખૂબ આકર્ષાય છે. ખરી રીતે આ સમયે તે ભાષા દ્વારા પોતાની કલ્પનાશકિત ખીલવવાનો પ્રયત્ન કરતું હોય છે. પરંતુ તેની તર્કશકિત મોટાંઓની જેમ કાર્યકારણોનું પરિશીલન કરીને કાર્ય કરતી નથી. તેને વડીલોના શબ્દોમાં સ્વાભાવિક વિશ્વાસ હોય છે. એવી પરિસ્થિતિમાં તેનાં મનનું પોષણ પરીકથાઓ અને અદ્‌ભૂત કથાઓથી કરીએ તો તેની બુધ્ધિનું જે નુકશાન થાય તેની સાથે કોઇ જાતની તુલના ન કરી શકાય. જીવનનાં વાતાવરણ પ્રત્યેની તેની જાગ્રતિ તેથી મંદ થશે.

પાંચમાં અને છઠ્ઠા વર્ષમાં બાળકની વિચાર શકિતમાં વધુ પરિપકવ નિર્ણયો અને સામાન્ય બોધ જોવામાં આવે છે. આ વખતે તે દરેક ઘટના કેમ બને છે, શા માટે બને છે, તેનાં કાર્યકારણ પરત્વે વધુ જિજ્ઞાસા બતાવે છે. કોઈ પણ ઘટનાનો કાર્યકારણ ભાવ સમજવાની દૃષ્ટિએ તેના પ્રયત્નો તે સતત ચાલુ રાખી શકે છે તેમાં સંવાદિતા અને સમતોલપણું જાળવીને કોઈ પણ વાર્તાના પ્રસંગો અને તેના ભાવો તે સમજવા મથે છે. ત્રીજા અથવા ચોથા વર્ષમાં જયારે બાળકનો શબ્દ ભંડોળ તૈયાર થાય છે ત્યારે તેને શબ્દો માટે પ્રત્યક્ષ અનુભવનાં ચિત્રો અને ચાર્ટસની મદદ આપવામા આવી હોય તો તેના પાંચમાં અને છઠ્ઠા વર્ષમાં તે પશુ, પંખી, જીવજંતુ, વાહનો, શોધખોળની વાર્તાઓ તેમજ દેશ દેશના નેતાઓ, સંશોધકો, કલાકારોની અને તેમનાં કાર્ય અંગેની વાર્તાઓ બહુ સરળતાથી સમજી શકે છે.

બે થી છ વર્ષની ઉમ્મર દરમ્યાન બાળક એક બાજુએ કુદરતની દુનિયાનો પરિચય અને બીજી બાજુએ મનુષ્ય, મનુષ્ય નિર્મિત સંસ્કૃતિ, તેના રીત રિવાજો, ભાવો અને કલ્પનાઓનું આત્મજ્ઞાન કરતુ હોય છે. તેની ખીલતી લાગણીઓ અને વાતાવરણ પ્રત્યે વિકસતી જાગૃતિ એ બન્નેને સંરક્ષણ, પ્રેમ, મદદ અને કુદરત અને માનવ વચ્ચેનાં સહકારની ઘણી જરૂર હોય છે. બાળકને આ સમયે અપાતી વાર્તાઓ સત્ય અને વાસ્તવિકતા પર રચાએલી હોવી જોઇએ. આ વાર્તાઓમાં રચનાત્મક જીવનનાં એવા ચિત્રો રજુ થવા જોઇએ કે જેથી કરીને બાળકમાં પોતા પ્રત્યે આત્મવિશ્વાસ અને સમાજ અને વાતાવરણ પ્રત્યે લાગણી ને સમજુતિ થશે.

આ પ્રકારની વાર્તાઓ સાથે નાના પ્રવાસો, ચિત્રો, ચિત્રપુસ્તિકાઓ, સાદા પ્રયોગો વગેરેથી બાળકની લાગણીઓ ખીલે છે એટલું જ નહિ પરંતુ તેની બૌધ્ધિક પ્રગતિમાં તર્કશકિત, કલ્પના શકિત અને આજુબાજુનાં વાતાવરણ પ્રત્યેની—જાગ્રતિ ઘણી વધે છે. વાલીઓ અને શિક્ષકો બાળકનાં વ્યકિતત્વની આ કેળવણી તરફ જો દુર્લક્ષ આપે અને માત્ર લેખન, વાંચન અને અંકોને મહત્વ આપે તો તે બરાબર નથી.

વાસ્તવિક વર્ણનાત્મક વાર્તાઓ સાથે ચિત્રો, નકશાઓ અને પ્રત્યક્ષ અનુભવ કરી શકાય એવી વસ્તુઓની મદદથી બાળકનાં પહેલાં છ વર્ષમાં એવો પાયો નાખી શકાય છે કે જેથી બાળક ઉત્તરોત્તર વધુ ઉંચો અને સુક્ષ્મ સાહિત્યનો આનંદ મેળવી શકશે.

—પ્રો. કે. યુ. ભામરા.

પંચવાર્ષિક યોજકોની દૃષ્ટિએ

કેળવણીની સમસ્યા

રાષ્ટ્રની યોજના બાદ તેની પ્રગતિમાં કેળવણીને તેના પાયા જેટલું મહત્વ હોય છે. કેળવણીના સમગ્ર તંત્ર યોજનાના વિવિધ ક્ષેત્રમાં જે પ્રકારની વ્યકિતઓની જરૂર છે તે પ્રકારની તાલીમ પામેલી વ્યકિતઓ ઘડાય તેવી દૃષ્ટિ ધરાવતી યોજનાની જરૂર રહેશે. યોજનાની સફા ળતાનો ઘણો આધાર આપણી કેળવણી પરજ રહે છે.

આપણી આજની પરિસ્થિતિ

(૧) દેશની આબાદી તથા વિશાળતા જોતાં કેળવણી માટે જે કંઇ સગવડો આપણે ત્યાં છે તે ઘણીજ અધૂરી છે. ૭ થી અગિયાર વર્ષના માત્ર ૪૦ ટકા બાળકો માટે કેળવણીની સગવડો છે. અગિયારથી સત્તર વર્ષના ૧૦ ટકા અને સત્તરથી ત્રેવીસ વર્ષના તો માત્ર ૯ ટકા વ્યકિતઓને આજે રાજ્યો કેળવણીની સગવડ આપી રહ્યાં છે.

(૨) કેળવણીની આજની યોજના અનેક રીતે સદોષ છે. કેળવણીની ઉપલી કક્ષાઓ પર વધુ પડતું ખરચ થાય છે. ૧૯૪૯–૫૦માં કેળવણીના કુલ ખરચમાંથી માત્ર ૩૪.૨ ટકા જેટલું ખરચ પ્રાથમિક કેળવણી પર કરવામાં આવ્યું. ખરું જોતાં કોઇ પણ કેળવણીની વ્યવસ્થિત યોજનામાં પ્રાથમિક કેળવણી પર મોટા ભાગનું ખરચ થવું ઘટે. બીજું કેળવણીની સગવડો ગામડામાં અને શહેરોમાં એક સરખી નથી. એટલુંજ નહિં પણ સમાજના જુદા જુદા વિભાગોમાં પણ કેળવણીની સગવડો સરખી રાખવામાં આવી નથી.

(૩) કેળવણીમા આ બગાડનું પ્રમાણ ચિંતા ઉપજાવે એવું છે. ૧૯૪૫–૪૬નાં પહેલા ધોરણમાં જેટલા બાળકો દાખલ થયા તેમાંથી માત્ર ૪૦ ટકા બાળકો ચોથા ધોરણ સુધી, ૧૯૪૮—૪૯ માં પહોંચ્યા. એનો અર્થ એ કે આ વર્ષો દરમ્યાન કેળવણી પર કરવામાં આવેલું ૬૦ ટકા ખરચ નકામું ગયું. કેળવણીમાં તાત્વિક અને જ્ઞાન વિષયક શિક્ષણને વધુ પડતું મહત્વ મળ્યું છે તેથી વિદ્યાર્થિઓની વ્યવહારિક કાર્યક્ષમતા, સ્વતંત્ર બુધ્ધિ અને આરોગ્ય ઘટતું દેખાય છે. એના પરિણામે બધા સ્વતંત્ર વ્યવસાયને બદલે નોકરી મેળવવાનું વધુ પસંદ કરતા દેખાય છે.

(૪) તાલીમ પામેલા શિક્ષકો બાબતની પરિસ્થિતિ પણ અસમાધાનકારક છે. ૧૯૪૯—૫૦ માં પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાઓમાં તાલીમ પામેલા કુલ શિક્ષકોની સંખ્યા સેંકડે ૪૧.૪ અને ૪૬.૪ જેટલી હતી. બાલવાડીઓ અને પ્રાથમિક શાળાઓમા જ્યાં સ્ત્રી શિક્ષકો માટે વધુ અનુકૂળ ક્ષેત્ર હોય છે ત્યા સ્ત્રી શિક્ષકોની ઘણીજ અછત છે શિક્ષકોના પગારોનું ધોરણ ઘણુ જ નીચું હોવાને લીધે શિક્ષણનું ધોરણ પણ નીચું રહયું છે.

(૫) ઉચ્ચ શિક્ષણ ઘણુંજ મોંઘુ થયું છે તેથી ગરીબીને લીધે ઘણા હોંશિયાર વિદ્યાર્થિઓ એ શિક્ષણ લઇ શકતાં નથી.

(૬) પરીક્ષાઓ અને પાઠાંતર પર કેળવણીનું બિનજરુરી વલણ રહયું છે તે બાળકોની સ્વતંત્ર બુધ્ધિ અને સંશોધક વૃત્તિને પોષક નથી.

(૭) સગવડોના અભાવે ઘણી શિક્ષણ સંસ્થાઓ બાળકોની શારીરિક તેમજ માનસિક તંદુરસ્તી માટે કાંઇ પણ પગલા લઇ શકતી નથી

(૮) આપણી પોતાની સંસ્કૃતિ તરફ સર્વ સામાન્ય દુર્લક્ષ્ય થાય છે તેના પરિણામે શિક્ષણ પામેલો વર્ગ આમ જનતાથી અલગ થતો જાય છે.

આજની જરૂરિયાત

આ બધી પરિસ્થિતિ ધ્યાનમાં લેતા આજની આપણી કેળવણી વિશેની જરૂરિયાતો નીચે મુજબ ગણાવી શકાય:

(૧) કેળવણીની પધ્ધતિ અને તેની જુદી જુદી કક્ષાઓ અને શાળાઓ અખંડ લાગે એ રીતે તેની પુનર્યોજના થવી જોઇએ.

(૨) તાંત્રિક અને વ્યવસાયિક શિક્ષણના ક્ષેત્રમા તેમજ બૂનિયાદી તથા સામાજીક કેળવણીના ક્ષેત્રમાં વિધ વિધ વિભાગોનો વિસ્તાર કરવાની જરૂર છે.

(૩) આજની માધ્યમિક અને ઉચ્ચ કેળવણી એક સુત્ર બનવી જોઇએ તેમજ ગ્રામિણ વિસ્તારોની જરૂરિયાતોની દૃષ્ટિએ ઉચ્ચ કેળવણી માટેની યોજનાઓ થવી જોઇએ.

(૪) ગ્રામિણ ક્ષેત્રોમાં સ્ત્રી કેળવણી માટે સગવડોનો વિસ્તાર કરવો જોઇએ.

(૫) સ્ત્રી શિક્ષકો બુનિયાદી શિક્ષકો માટેની તાલીમની વ્યવસ્થા થવી જોઇએ અને તેના પગારો અને નોકરીના નિયમો અંગે સુધારા થવા જોઇએ.

(પંચવાર્ષિક યોજનાના અહેવાલોના આધારે)

શાંતિનો સમૂહ પાઠ

બાળકો સ્વભાવતઃ જ ચંચળ હોય છે. એમને સતત કંઈ ને કંઈ કરવુ હોય છે. એટલે તેઓ શાંત કેવી રીતે બેસશે ? મોટા બાળકો પણ શાંત બેસી શકતા નથી. શાળા અને શાંતિ એ બંન્નેનું સાહચર્ય કદાપી શકય નથી તો પછી કોણ કહેશે કે બાળકોને શાંતિ ગમે છે ! આવા બાળકોના સ્વભાવમાંજ જો શાંતિ ન હોય તો શાંતિનો સમૂહ પાઠ કેવી રીતે યોજી શકાય ?

શાંતિનો પહેલો સમૂહ-પાઠ.

બાલ મંદિરમાં આ શાંતિની રમતને કેવી રીતે સ્થાન મળ્યું છે એ વિષે મોન્ટેસોરી પધ્ધતિના પ્રણેતા મેડમ મોન્ટેસોરીએ પોતાનો એક આશ્ચર્યજનક અનુભવ પોતાના પુસ્તકમાં નોંધ્યો છે. રોમના "કાસા બૉબિની" બાલ-મંદિરમાં તેમણે બાલશિક્ષણ વિષયક પ્રયોગ શરુ કર્યો હતો. એક દિવસ બાલમંદિરમાં દાખલ થતા બાગમાં પોતાના ચાર મહિનાના બાળકને હાથમાં લઈને ઉભેલી એક સ્ત્રી તરફ મેડમનું ધ્યાન ખેંચાયું. ઈટાલીમાં તે સમયની પધ્ધતિ પ્રમાણે કપડામાં બાળકને ખૂબ વિટાળેલું હતું. એના ચહેરા ઉપર મૂર્તિમંત શાંતિ હતી. સહજ વાત્સલ્ય ભાવથી મેડમે એ બાળકને તેડી લીધું, અને બાળમંદિરના ઓરડામાં આવ્યા. એટલી વારમાં બાળમંદિરમા આવેલા બાળકોનું લક્ષ મેડમ તરફ તથા એ બાળક તરફ ખેંચાયું. અને એ બાળકો મેડમની આજુબાજુ વીંટળાઈ ગયા. વર્ગની એક મોટી ખુરશી પર બાળકને લઈને બેસતા તેઓ બાળકોને ઉદ્દેશીને બોલ્યા, "તમારે માટે હું આ નાનો શિક્ષક લઇ આવી છું." શિક્ષક કહ્યું એટલે બધા બાળકો એ નાના બાળક તરફ કૂતુહલથી જોવા મંડયા. એટલે મેડમે ગમ્મતમાં કહ્યું, તમારામાંથી કોને આ બાળકની જેમ શાંત બેસતા આવડે છે ?' એમને લાગ્યું બાળકો આ પ્રશ્ન હસવામાં કાઢી નાખશે. પરંતુ એમ ન થતા ઉલટું પ્રત્યેક બાળકો પોત પોતાની જગા ઉપર જઈને શાંત બેસવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

આ ગમ્મત આગળ ચાલુ રાખવાની દૃષ્ટિથી મેડમે કહ્યું, "આ બાળકના પગ જૂઓ. બિલકુલ હલતા નથી. તમારા એવા છે કે ?" ટપોટપ બાળકોએ પોતાના પગની હિલચાલ બંધ કરવા માંડી.

"આના તો હાથ પણ હલતા નથી !" તરતજ બાળકોએ પણ પોતાના હાથ તે બાળકની જેમ સ્થિર કર્યા

મેડમે આગળ જઈને ખૂબ ધીમા અવાજે કહ્યું કે "આના શ્વાસોચ્છવાસનો પણ અવાજ થતો નથી. આવો; અહિંઆ આવીને સાંભળો." એટલે એક પછી એક બાળકો પગલાનો અવાજ ન કરતા ખૂબ હળવેથી એ બાળકની પાસે આવી એનો શ્વાસોચ્છવાસ કેટલો ધીમેથી ચાલે છે એ સાંભળીને જવા લાગ્યા.

થોડીવારમાં વર્ગમાં એકદમ શાંતિ છવાઇ ગઇ. આટલો સમય ન સંભળાતો ઘડિયાળનો ટિક ટિક અવાજ પણ હવે સ્પષ્ટ રીતે સંભળાવા લાગ્યો. આવા પ્રકારની શાંતિ એક મિનિટ સુધી છવાઈ હશે. પરંતુ આ નવા પ્રસંગમાંથી મેડમ મોન્ટેસોરીને બાળકની એક નવી શક્તિના દર્શન થયા. શરીરના એક એક અવયવ ઉપર સંપૂર્ણ કાબૂ મેળવવાની દૃષ્ટિએ બાળકને કઇ રમત આપી શકાય એનું સંશોધન એઓ કેટલાય સમયથી કરતા હતા. તે દિવસના પ્રસંગ ઉપરથી એમને નવું માર્ગદર્શન મળ્યું, અને શાંતિના સમૂહ પાઠને તે વખતથી મોન્ટેસોરી પધ્ધતિમાં એક વિશેષ પ્રકારનું સ્થાન પ્રાપ્ત થયું છે.,

શાંતિના પાઠનું સ્વરૂપ અને હેતુ.

મેડમ મોન્ટેસોરીએ આ પાઠને "Game of Silence" (શાંતિની રમત) અથવા "Excercise of Silence" (શાંતિનો અભ્યાસ) એમે કહ્યું છે. તેજ પ્રમાણે આ પાઠની યોજના હિલચાલના શૈક્ષણિક વિભાગમાં કરી છે. જીવન વ્યવહારના સ્વાધ્યાયમાંથી બાળક ધીમે ધીમે પોતાની હિલચાલને પોતાની ઇચ્છા પ્રમાણે ચોકકસ હેતુ માટે નિયત્રીત કરે છે. આ દરેક પ્રકારના પાઠમાં હિલચાલને યોગ્ય વલણ આપવું એ હેતુ હોય છે. પરતુ શાંતિના પાઠમાં શરીરના દરેક અવયવોનું નિરોધાત્મક નિયંત્રણ હોય છે. હિલચાલનો વિકાસ થતો હોય તે સમયે તે વિકાસનું પરિણામ શાંતિના સામુદાયિક પાઠમાં થાય એ દૃષ્ટથી આ પાઠની યોજના થવી જોઈએ. તેથીજ આ પાઠ શરૂઆતના નવા બાળકો માટે ન યોજવો જોઇએ. શરીરના દરેક અવયવોનું નિરોધાત્મક નિયંત્રણ એ આ પાઠનો મુખ્ય હેતુ હોવા છતાં આ પાઠમાં બાળકની શ્રવણશક્તિની પરીક્ષા

આપો આપ થાય છે. તેથી બાળકના સાંભળવા અંગેની મુશ્કેલીઓ શિક્ષકના ધ્યાનમાં આવી શકે છે. તેવીજ રીતે આ પાઠના અભ્યાસથી બાળકને પોતાની હિલચાલનું નિયંત્રણ કેવી રીતે કરવું એ સમજ્યા-આવડ્યા પછી શાળાની સર્વસાધારણ શિસ્ત Discipline ઉપર પણ આ પાઠનું પરિણામ થવું જોઇએ. એટલે કે બાળકને શિસ્ત જાળવવામાં એ પાઠ બહુ મદદરુપ થઇ પડે છે. આ શક્ય બને છે એવું મેડમ મોન્ટેસોરીએ અનુભવ્યું હતું.

વાતાવરણ કેમ તૈયાર કરવું.?

શાંતિને પ્રેરક એવું વાતાવરણ હંમેશ સ્વચ્છ હોવું જોઇએ. એની સાથે એ વાતાવરણમાંની દરેક વસ્તુ નિયત સ્થાને હોવી જોઇએ એટલે કે વ્યવસ્થિત હોવી જોઈએ.

યાં પાઠ આપવાનો હોય ત્યાં પ્રકાશ મર્યાદિત કરવા માટે બારી તથા બારણાને પડદા હોય તો વધારે અનુકૂળ થઈ પડે. આગળ વાતાવરણમાં પ્રસન્નતા નિર્માણ કરવાની દૃષ્ટિએ મર્યાદિત સુશોભનને પાઠની પૂર્વ તૈયારીમાં અવકાશ મળવો જોઇએ. વાતાવરણનો બીજો ભાગ એટલે બાળકો હોય છે. આ પાઠનું સ્વરુપ લક્ષમાં લેવાથી દરેક બાળકનો સહકાર મેળવવાની દૃષ્ટિએ દરેક બાળકની સંમતિ મેળવી લેવી જોઇએ.

કુશળ શિક્ષક આ વાતાવરણ બાળકના સહકારથી કેવી રીતે તૈયાર કરે છે, એ બતાવવા માટે એક બાળમંદિરમાં જોયેલા પાઠનું વર્ણન અહિં આપું છું. બપોરના લગભગ દોઢનો સુમાર હશે. બાળકોનું કામ લગભગ પૂરું થવા આવ્યું હતુ. એટલામાં શિક્ષકના કાન આગળ એક બાળક ગણગણ્યુ, "આજે આપણે શાંતિની રમત રમીએ ?" શિક્ષિકાબેને મંજીરા વગાડીને બધાનું ધ્યાન પોતાની તરફ ખેચ્યું, "પ્રમોદભાઈ શાંતિની રમત રમવાનું કહે છે. કોને કોને આ રમત ગમે છે ? જેમને ગમતી હોય તે હાથ ઉંચો કરે." લગભગ બધા બાળકોએ હાથ ઉંચા કર્યા. ફરીને એમને દરેકની પાસે જઇને પૂછ્યું, "એકદમ હાથ-પગ ન હલાવતા કોને શાંત બેસતા આવડે છે ? હાથ ઉંચો કરે." તરત બધા બાળકોએ હાથ ઉંચા કર્યા. આ પાઠમાં દરેકે દરેક બાળકની સંમતિ લેવી જરૂરી હોય છે તેથી દરેકને પૂછીને એ બેન સહકારની ખાત્રી કરી લેતા હતા. પછી પાઠની પૂર્વતૈયારી કરવા માટે જુદા જુદા બાળકોના નામ દઈ તેમને જુદા જુદા કામ સોંપ્યા. અવાજ ન કરતા બારી બારણા બંધ કરવા. બારી-બારણાના પડદા સરકાવવા, બધી આવરા અવર અને સાફસુફ કરવી, ફુલોનું સુશોભન તથા સુંગધી ધૂપ કરવો વીગેરે કામો વ્યવસ્થિત રીતે પૂરા થયા પછી નક્કી થયા પ્રમાણે અર્ધવર્તુળમા બે-ત્રણ હાર કરીને બેસી ગયા. શિક્ષિકાબેનની નાની ખુરશી બાળકોની સામે અર્ધવર્તુળના મધ્યબિન્દુ પાસે મૂકી હતી.

પાઠનું નિદર્શન:

શિક્ષિકાબેન પોતાની નાની ખુરશી ઉપર આવીને બેઠા. બાળકોની હજી પણ શરીરની હિલચાલ ચાલુ હતી. શિક્ષિકાબેને પોતાના બંન્ને હાથ ઉપર ઉચા કરીને ઝંડાની માફક ફરકાવ્યા. તરત બાળકો શાંત થઇ ગયા પછી ધીમા અવાજમા બેમને કહયુ, " આજની રમતમાં હુ તમારી પાછળ જઇને ઉભી રહીશ. ત્યાંથી ખૂબ ધીમેથી એક એક બાળકનું નામ લઈશ. જેમનું નામ લઇશ એમને જગા ઉપર બેમીને હાથ ઉચો કરવો. શુ કરવાનું છે તે બધાને સમજ્યું છે ને ?" બધાંના હાથ ઉચા થયા. "કસરત" બોલીને શિક્ષકે હાથ ઉંચા નીચા કરવાની શરુઆત કરી. કસરત પુરી થયા પછી તરતજ "શાંતની રમત શરુ..." એવી એમને આજ્ઞા આપી.

" પગ શાંત "
" હાથ શાંત "
" બધુજ શાંત "

પોતાની ખુરશી ઉપરથી તેઓ ઉઠયા અને બાળકોની પાછળ ગયા. ત્યાંથી, "કલ્પનાબેન" "કપિલાબેન" "સતીશભાઇ" એમ નામો અવાજ નકરતા બોલવા લાગ્યા. બે-અઢી મિનિટમાં બધાંના નામો લેવાઇ ગયા. "શાતિની રમત પૂર્ણ."

ફરીને બાળકોની હિલચાલ શરુ થઈ. એક બાળકી બોલી, " બેન ફરીને એક વાર રમીએ. " બેન ફરીને ખુરશી ઉપર બેઠા. હાથ ઝંડાની જેમ ફરકાવ્યા. બાળકો શાંત થયા.

" કોને આ રમત ફરીને રમવી છે ?" બે-ત્રણ જણ સિવાય બધાંના હાથ ઉપર થયાં. એટલે બેન બોલ્યા "ફરીને બધાંના નામ બોલવાના કે જુદા જુદા અવાજ બોળખવાં ?"

બાળકોએ કહયું, " જુદા જુદા અવાજ ઓળખીશું."

તદ્દન ધીમો અવાજ આવશે. બધાંએ શ્વાસોચ્છવાસ પણ ખૂબ શાંતિથી લેવો. ફરીથી પહેલાની જેમ કસરત થઈ. પછી

"પગ શાંત"
"હાથ શાંત"

"બધું શાંત" વિગેરે સૂચનો મળવાથી બાળકો શાંત થયા. બેન બધાંની પાછળ ગયા. વાડકીનો. કોડીનો, લાકડીનો વિગેરેનો ખૂબ ધીમેથી અવાજ કર્યો. બે મિનિટ સ્તબ્ધ થઇને બાળકો જુદા જુદા અવાજ સાંભળતા હતા. "શાંતિની રમત બંધ." બેન ખુરશી ઉપર આવ્યા. અને પૂછ્યું., "વાડકીનો અવાજ કોને કોને સાંભળ્યો હતો? હાથ ઉંચા." તરત થોડા નાના હાથ ઉંચા થયા. એજ પ્રમાણે બધા અવાજ માટે પૂછ્યું. બાળકોને મઝા પડી. બેને કહ્યું, "આજે હવે બસ. બારણા ઉઘાડો, બારી ઉઘાડો, પડદા સરકાવો" આટલું બોલીને બેન મારી સાથે વાતો કરવા માટે આવ્યા.

મેં કહ્યું, "ખરેખર તમારો પાઠ ઉત્તમ પ્રકારનો થયો. તમે જુદી જુદી વખતે આવીજ રીતે રમતનો પ્રકાર બદલો છો કે?"

"બાળકોને ઝડપી ફેરફારો માફક આવતા નથી પણ વચમાં વચમાં જો ફેરફાર કરીએ તો બાળકને એમા વિશેષ મઝા પડે છે."

"તો પછી તમે કેવી રીતે ફેરફાર કરો છો?"

"રમતના તો કેટલાએ પ્રકાર થઈ શકે છે. કોઇ વાર બાળકોના નામ લેવા. કોઈ વાર પ્રાણીના નામ, કોઈ વાર પક્ષીના નામ, કોઈ વાર વાસણના નામ, કોઈવાર શહેરના નામ તો કોઇવાર મહાન પુરૂષોના નામ. આમ જુદી જુદી રમતજ રમતા."

મેં પૂછ્યું, "શાંતિની રમતને પ્રાર્થનાનું સ્વરુપ આપીએ તો કેમ? એટલે બેને તરત કહ્યું, પ્રાર્થનાનુ સ્વરુપ આપીએ કે તેમાં ધાર્મિકપણું તથા ગાંભીર્ય આવે છે. રમતને રમતનું સ્વરુપ રહેવું જોઇએ. બાલમંદિરમાં જુદી જુદી પ્રાર્થના અમે લઇએ છીએ પરતુ શાતિની રમતમાં અમે પ્રાર્થના લેતાજ નથી." બેનને બીજું કામ હતું એટલે બેન તરતજ ત્યાંથી મારી રજા લઇને ગયા. શિક્ષિકાબેનનો શાંતિનો સમૂહ પાઠ હંમેશનો મારા ધ્યાનમાં રહી ગયો.

—શેષ નામલે.

સંસ્કારનો વારસો

"આ બધા દોષ કોના?"

રામશંકર જોષી મારા કાકા થાય. હું મારે ગામ જાઉં ત્યારે તેમને મળવા મારે જવું પડે.

ઉનાળાની રજાઓમાં હું એમને ઘેર ગયો.

શેરીમાં રવિ અને કનક રમતા'તા. રવિ ત્રણ વર્ષનો અને કનક પાંચ વર્ષનો છે.

મને જોયો કે તરત બંન્ને 'ઓહો! જતુભાઇ આવ્યા!' કહેતાકને વળગી પડ્યા. અને શેરીની ધૂળ અને પોતાની માલેકીની છીંટના મિશ્રણનાં પોતાના શરીર ઉપર કાઢેલ ચીતરામણની મારા લુગડાં ઉપર છાપકામ કરવા લાગ્યા.

હજુ મારે ત્યાં 'બોળાનો ખુંદનાર' કે ખુંદનારની મા 'રન્નાદે'એ દીધાં નહોતાં તેથી મને આ છાપકામ જરાકે ગમ્યું નહિ. પણ હું કંઈ બોલી શક્યો નહિ.

મોટા કનકે હાથે ટીંગાતા ટીંગાતાંજ બૂમ મારી:
'એ બા, જો, જતુભાઈ આવ્યા!'

અમે ઘર નજીક પહોંચ્યાં ત્યાં ઉમી કાકી બહાર આવ્યાં. ઉમી કાકી રાંધતાં હોય એમ એમના 'અબોટિયા'ના રંગ ઉપરથી લાગ્યું.

'આવ ભાઈ, કેદિ આવ્યો?'
'હજુ કાલે જ આવ્યો, કાકી!'

મેં કાકીને પ્રણામ કરતાં કહ્યું અને જોડા કાઢી અંદર ગયો.

'કેમ કાકા ક્યાં ગયા છે ?'

'દેવચંદ શેઠને ઘેર ગયા છે. આપણા રમણિકના વિવા' કર્યા ત્યારે શેઠે પૈસા ધીરેલા. તેનું નામું કરવા ગયા છે. હમણાં આવશે. પણ ભાઈ તું તો વિવા'માં આવ્યોજ નહિ ? ભલા, તું ઉઠીને ન આવ ત્યારે બીજું કોણ આવે ? તારા કાકાની અત્યારે અવસ્થા. તું આવ્યો હોત તો કામમાં લાગત ના ?'

'કાકી, પરીક્ષા હતી એટલે ન અવાયું.

ત્યાં બાજુના ઓરડામાંથી નાની બેબીનો રડવાનો અવાજ આવ્યો.

'હીરા લક્ષ્મી ! બેબી કેમ રડે છે ?'

કાકીએ બેઠાં બેઠાં જ પૂછ્યું.

જવાબ ન મળ્યો !

'હીરા ?'

પણ જવાબ નહિ !

કાકી બીજ્યાં :

'હીરકી ? સાંભળતી નથી ?'

'શું છે એ...એ એ...?'

કુમારી હીરાલક્ષ્મીનો ક્રોધપૂર્ણ ઉત્તર આવ્યો:

'અમે રાખીએ તો છીએ. ન રહે એમાં અમે શું કરીએ ?'

'પણ એને તેડને ? તેડને ?'

'હા, આખો દિ' તેડ્યાજ કરીએ ! હું નથી તેડતી. હું મારી ઢીંગલીની ઘાઘરી કરું છું.'

'બળી તારી ઢીંગલી. તેડછ કે નહિ ? નહિંતર આવીને દઉં એક ઢીંકો ?'

'નહિં તેડું જા.'

'ઠીક, અહીં લાવ પછી તારી વાત છે. તારી એ ઢીંગલીને તો હું ચૂલામાંજ નાખી દઉ, તું જોને !

અહાહા ! આ તે કંઈ છોકરાં છે ! માણહના છોકરાં તો પોતાનાં ભાંડરડાંને કેવાં રાખે ? જનુ, મારો તો આખો દિ' આ વેઠમાંજ જાય છે. નહિ દેવનાં, નહિ દર્શનનાં, નહિ માળાના, નહિ પૂજાના, હું તો કાંઈને કાંઠે આવી ગઈ છું.'

ઊભી કાકીએ ત્રણ કામ સાથે કર્યાં :

મને આપવીતી કહી. બેબીને હીરા પાસેથી લીધી અને હીરાને પડખામાં ચૂંટીનો વળ દીધો.

હીરા રડતી ચાલી ગઈ.

રતિ અને કનક આ દરમ્યાન મારો બોળો ખૂંદતાં મારી પેન અને ઘડિયાળ કાઢી અનેક જાતના અખતરા કરી મારા તરફ હસી મને આનંદ (?) આપી રહ્યા હતા !

'તમે રમણિકને બહુ વહેલો પરણાવી દીધો.'

મેં વાત ચલાવી.

'શાનો વહેલો ? આ ભાદરવે સોળમું બેસશે. વળી આવું ઘર ફરીફરીને મળે ? તું જ કે'ને ?'

હું કંઈ ન બોલ્યો.

વાત આગળ ન ચાલત. પણ ત્યાં રમણિક નિશાળેથી આવ્યો.

'બાપા, રમુ, જને તારા કાકાને દેવચંદ શેઠને ત્યાંથી બોલાવી લાવને. કહેજે: જનુ આવ્યો છે.'

રમણિક ગયો.

કાકી રસોડામાં જઈ પાછાં આવ્યાં.

'રમણિક શું ભણે છે ?'

'ચોથી અંગ્રેજી; પણ જનુ; કોણ જાણે કેમ, હવે ભાઈ સાહેબને ભણવું ગમતું નથી ! પરણ્યા એટલે જાણે ખીંડુ વળ્યું—લે આ તારા કાકા આવ્યા.'

મેં ઉઠી કાકાને નમસ્કાર કર્યા.

'હેં માળા ! આવ્યો, આવ્યો તે દહ દિ' મોડો આવ્યો ?'

'પણ કાકા, પરીક્ષા હતી.'

'હવે જોઈ તારી પરીક્ષા ? એમ ભાણના વિવા'માંય ન અવાય ?'

હું મૂગો રહ્યો.

ત્યાં ઊભી કાકી બોલ્યાં:

'હું જનુને કહું છું કે રમુને ભણવાની શીખામણ દીયે.'

ને કાકી રમુ તરફ ફર્યાં:

'જો, આ જનુ વીસ વરસનો થયો તોય ભણે છે કે નહિ ?'

કાકા ગંભીર થઈને બોલ્યા:

'પણ એના નસીબમાં જ અમારી જેમ વેઠ કરવાની લખી હોય, તે કયાંથી સારી મતિ સૂઝે ? અમે તો કહીએ છીએ કે 'ભાઈ, ભણો, વખત બહુ ખરાબ છે. કોઇ કોઇનું નથી.' આ મારા બાવડાંમાં તો હજુ બળ છે. ભગવાન મને તારો ઓશિયાળો ન બનાવે. હું તો ગમે ત્યાંથી ઉંધાંનું ચત્તું કરી લઉં એવો છું. જનુ, આ વિવા'માં ત્રણ હજાર નાંખ્યા. બોલ ? નહિં તો મારા જેવો ત્રીશ રુપરડીનો કારકૂન કયાંથી કાઢે ? પણ એ તમારાથી થાય ? ભણશો તો કંઇક કમાશો. નહિ તો જુવાનીમાં તો જાણે ઠીક પણ ઘડપણમાં દુઃખી-દુઃખી થઈ જશો.

આ જુઓ, પેલો, દેવશંકર જેશીનો દીકરો મોહન. પરણ્યો એટલે કળ્યો કરીને થયો જુદો. ભણ્યો ઉંઠાં સુધી એટલે માંડ પુરૂં કરે. તેમાં બાય-ડીને આવી સુવાવડ. નોખા થયા પછી કોણ સંભાળ લે ! આ જો બાયડી માંદી પડી ને મરી ગઈ ! દેવશંકર જેશી ગુજરી ગયા. ને જો, અત્યારે મા બિચારી ગામનાં દળણાં દળીને પૂરું કરે છે ! અને દિકરો કોણ જાણે કયાં મુંબઈમાં ભટકે છે !

પણ ભાઇ બધી નશીબની વાત છે ! રમુના નસીબમાંજ વિદ્યા નહિ હોય તો કયાંથી ભણવાનો ? ખરું ના જનુ ?

હું માત્ર હસ્યો.

'ઠીક કાકા, ત્યારે હું જઈશ' હું ઉઠ્યો.

'ના, ના. બેસ, બેસ. બેય જનુને ચા તો પા ?'

'હા...'

કાકી બોલતાં અચકાયાં:

'પણ ઘરમાં ચા બાંડ થઇ રહયાં છે.'

'તો શું થયું ? લે રમુ, મોતીલાલની દુકાનેથી બે પૈસાની ચા ને એક આનાની બાંડ લઈ આવ.'

કાકાએ પૈસા રમણિક તરફ ફેંકયા.

'ના કાકા, મેં હજુ હમણાં જ ચા પીધી છે.'

'ના, નો એમ તે ચાલે ?'

એમ કહેતા કાકા પણ મારી સાથે ઉઠ્યા.

'ઠીક ત્યારે બીજી વાર વાત.'

હું બહાર નીકળ્યો.

હું કયારનો ગુંગળાતો હતો. બહારની તાજી હવા મળી ત્યારે મને શાંતિ વળી.

અને મનમાં પ્રશ્નો ઘોળાવા માંડયા:

કાકાને ત્રીશ રુપરડીનો પગાર ! તેમાંથીજ દેવની પાસેથી માગી લીધેલ સાત સાત સંતાનોનું ભરણપોષણ કાકાને કરવાનું ! એમાંથી જ બધાંય છોકરાઓને પરણાવવાના ! તેમાંથી જ નાતના પટેલો તેમને કહે છે તેવી બાપદાદાની 'ભોટી' આબરુ જાળવવા ત્રણ ત્રણ હજારના ખર્ચ પણ કરવાના !

પછી કાકાથી બાળકોના શિક્ષણ પાછળ ધ્યાન ન અપાય તેમાં દોષ કોનો ?

અને કમાણી ટૂંકી હોય તેથી કાકાને 'ઉધાચત્તા' કરવાં પડે તેમાં દોષ કોનો ?

* * * *

કાકીને નવ નવ જણાનું ભડિયારૂં કરવાનું હોય, તેમાંય કાકાને ઓફીસે જવાનું હોય, અને રમુ, મનુ ને વિનુને નિશાળે જવાનું હોય એટલે અગિયાર પહેલાંજ પતાવવાનું હોય. આ વેઠ વચ્ચે બિચારી કાકીને કાયાના કલ્યાણ માટે પાંચ માળા ફેરવવી હોય અને ભીડભંજનને 'પાણી ચડાવવા' જવાનું હોય—આટલી ઉતાવળ હોય ત્યાં વચ્ચે રવિ, કનક કે હીરા કામમાં મારે ને આડાં આવે ત્યારે કાકી ખીજાઈને કોઇને તમાચો તો કોઇને ધુબ્બો મારી શેરીમાં રમવા તગડી મેલે એમાં દોષ કોનો ?

* * * *

રવિ, કનક કે હીરા ઘરમાં વાસણ કાઢવા જાય, વાસણ માંઝવા દોડે, રોટલી કરવા લાગે કે કાકી સાથે પાણી ભરવા જાય ત્યારે કાકી ધક્કા મારીને શેરીમાં કાઢી મૂકે. પછી તેઓ શેરીમાં સાંવરણીને બદલે હાથથી ધૂળ વાળી બોટું ઘર બનાવે, સાચાં વાસણને બદલે ઠીંકરાનાં બોટાં વાસણ માંજે. રોટલીને બદલે ધૂળમાં પાણી નાખી કણક બનાવે કે બોટાં ઠીંકરાંના બેડા લઈ બોટું બોટું પાણી ભરે, ને ઢીંગલા ઢીંગલી જમાડવાની ને પરણાવવાની રમત રમવા લાગે.

આ બધા બોટા આનંદનું જ્યારે વ્યસન લાગે ત્યારે કાકી હીરાને સાચી બબલી સાચવવા આપે અને ઘરમાં સાચું કામ કરવા ફરજ પાડે, ત્યારે બેબીના કરતાં પોતાની બોટી ઢીંગલી ઉપર વધુ પ્રેમ આવે. ઘરનાં વાસણ કરતાં ઠીંકરાંના વાસણ માંઝવામાં મઝા આવે.

અને પરિણામે આખી જિંદગી સાચો આનંદ મૂકી તરંગી આનંદમાં તેઓ જીવતાં થઇ જાય એમાં દોષ કોનો ?

* * * *

રમણિક કે મોહન હજુ ભણતા હોય ત્યાં જ બાપાને પોતાના એ જીવતા ઢીંગલાઓને પરણાવવાના કોડ જાગે. પછી એ રમુ, મોહનને—પરણેલા ગૃહસ્થને—નિશાળમાં કાવ્ય કે વાર્તાની નાયિકામાં પોતાની પત્ની દેખાય ત્યાં શિક્ષક અચાનક અઘરા પ્રશ્નો પૂછે, અને ન આવડે ત્યારે વઢે અને ત્યારે રમુ, મોહનને પોતાની પત્ની પાસેની પોતાના મોટાઇ અહીં ઘવાતી લાગે અને ભણતરમાંથી મન ઉઠી જાય એમાં દોષ કોનો ?

* * * *

બાપા મોહનનુ માન ન જાળવતા હોય. બી મોહનની પત્ની ઉપર જુલમ કરતા હોય. ત્યારે પોતાના ટૂંકા પગારથી પણ જુદા રહેવાનું મોહન પસંદ કરે અને ટૂંકા પગારમાંથી મા બાપને મદદ ન કરી શકે તેમાં દોષ કોનો ?

* * * *

બાપા ગુજરી જાય. પોતાનું માંડ પૂરૂ થતું હોય તેથી મોહન નિરાધાર માને મદદ ન કરી શકે તેથી મા પારકાં દળણાં દળી પેટ ભરે તેમાં દોષ કોનો ?

* * * *

પત્નીને સુવાવડ આવે. હૉસ્પિતાલમાં મૂકવાની શક્તિ ન હોય, ઘરે કોઇ કરનારું ન હોય. માને મદદ ન કરતો હોય એટલે મા પણ મદદ ન કરે. તેમાં સુવાવડ કથળે અને પરિણામે પત્ની અને બાળક મરી જાય તેમાં દોષ કોનો ?

* * * *

અને આથી આપણાં બાળ મરણ અને સ્ત્રી મરણના આંકડા ઉંચા જાય તેમાં દોષ કોનો ?

* * * *

આ બધા દોષ કોના ?

કોના દોષ હશે આ બધા ?

આપણુ સદાય જેના ઉપર નાખીએ છીએ એ નસીબનો દોષ હશે ?

કે પછી આપણુ પેઢી ઉતાર આપી જતા સંસ્કાર વારસાનો દોષ હશે ?

—ઓજસ.

જ્ઞાનેન્દ્રિયનું શિક્ષણ - માનસશાસ્ત્રીય ભૂમિકા

આ શિક્ષણનુ મહત્વ .

કોઇ પણ જાતનું જ્ઞાન મેળવવા માટે આપણે જ્ઞાનેન્દ્રિયની મદદ લઇએ છીએ. તેમાં બે બાબત ખાસ ધ્યાન ખેંચે છે. પહેલી એટલે કે આપણી દરેક જ્ઞાનેન્દ્રિયની સ્વભાવિક (natural) કામ કરવાની શક્તિ અને બીજી તે શક્તિનો ઉપયોગ જુદા જુદા કાર્ય માટે કરી લેવાની આપણી ટેવ. જ્ઞાનેન્દ્રિયની સ્વભાવિક અથવા કુદરતી શક્તિ આપણે વધારી શકતા નથી. કોઇ એક જ્ઞાનેન્દ્રિયમાં કાંઇક ખોડ હોય અથવા ઉપજી આવી હોય અને તે ડોકટરી ઇલાજથી દૂર થઇ શકે તેમ ન હોય તો ત્યાં બીજો કોઇ પણ જાતનો ઇલાજ થઇ શકતો નથી. દાખલા તરીકે અવાજ સાંભળવાની આપણાં કાનની શક્તિ મર્યાદિત છે. બધીજ જાતનો અવાજ આપણે સાંભળી શકતા નથી; અને તેમાં પણ કાને ઓછું સાંભળનારા માણસો હોય છે જેઓ ઝીણો અવાજ તો સાંભળી શકતા જ નથી. તેવી જ રીતે જેની ઘ્રાણેન્દ્રિય તીવ્ર નથી હોતી તેને બધાંજ પ્રકારની વાસ આવતી નથી. આપણી જ્ઞાનેન્દ્રિયની કામ કરવાની શક્તિ ઘણી વિશાળ હોય છે. તેમ છતાં તે બધી શક્તિ આપણે કંઇ દરરોજ ઉપયોગમાં લેતા હોતા નથી. આ કુદરતી શક્તિની આપણને હંમેશના વ્યવહારમાં જરૂર પડતી નથી. આપણું રોજનું કાર્યનું

ક્ષેત્ર આપણી જ્ઞાનેન્દ્રિયની શક્તિ કરતાં ઘણું ઓછું હોય છે. સાધારણ રીતે ત્રણ માઇલે દૂર રહેલી વસ્તુ જોવાની શક્તિ આપણી આંખમાં હોય તો પણ એવો પ્રસંગ આપણા રોજના વ્યવહારમાં ખાસ આવતો નથી. તેમજ એક રંગની બે છાયાનો ફરક ઓળખવાનો પ્રસંગ સામાન્ય જીવનમાં ભાગ્યેજ ઉભો થાય છે.

પણ જ્ઞાનેન્દ્રિયની કુદરતી શક્તિ કરતાં તે શક્તિ ઉપયોગમાં લાવવાની આપણી ટેવ વધારે મહત્વની છે. જેવી આપણી ટેવ હોય છે તેવું આપણે સુક્ષ્મ અને સ્પષ્ટ જ્ઞાન ગ્રહણ કરીએ છીએ. સંગીતનાં સ્વર ઘણાં પારખી શકે છે, પણ તેની તેમને ટેવ હોતી નથી. તેથી ઘણીવાર ગીતનો રાગ ઓળખાતો નથી; તેથી ગીતનો રસાસ્વાદ ચાખી શકતા નથી. તેથી જ જ્ઞાનેન્દ્રિયનો યોગ્ય ઉપયોગ કરવાની ટેવ આપણને લાભદાયી હોય છે. આ ટેવ પડાવવાનું કામ શૈક્ષણિક સ્વરુપનું જ છે.

બાળક પોતાની જ્ઞાનેન્દ્રિયનો ઉપયોગ નાનપણથી જ કરતું હોય છે. કંઈ ખાસ વસ્તુ દેખાય એટલે તેની સામે ટગર ટગર જોઈ રહે છે. વસ્તુ હાથમાં લેવાની અને મોઢામાં નાખી સ્પર્શ અને સ્વાદ લેવાનો પ્રયત્ન કરતું હોય છે. એટલે કે એ વસ્તુનું પરીક્ષણ કરે છે. આ તેની ક્રિયા ભલે નિરર્થક લાગે પણ તેમાં જ તેનું સ્વયંશિક્ષણ ચાલુ હોય છે. તે પોતાની જ્ઞાનેન્દ્રિયનો ઉપયોગ કરતું હોય છે અને તેની દ્વારા પોતાનાં વિકાસમાં મદદ કરતું હોય છે. અને સાથે સાથે જ્ઞાનેન્દ્રિયનો ઉપયોગ કેમ કરવો તેનું પણ જ્ઞાન મેળવતું હોય છે. બાળકની આ ક્રિયાનું શૈક્ષણિક મહત્વ આજના બાલ-શિક્ષણમાં ધ્યાનમાં લેવાયું છે. નાનપણમાં ઇંદ્રિય શિક્ષણને અનુકૂળ એવી કુદરતી સ્થિતિ હોય છે. તેથી તેને યોગ્ય મદદ મળવી જોઇએ. તેથી જ આ શિક્ષણને પોષક એવું વાતાવરણ બાલશિક્ષણમાં કેવી રીતે ઉત્પન્ન કરી શકાય તે બાબત શિક્ષણ શાસ્ત્રીઓએ વિચાર કર્યો. સર્વ પ્રકારનાં જ્ઞાનનો આધાર આપણી જ્ઞાનેન્દ્રિયો છે તેથી તેનો ઉપયોગ યોગ્ય રીતે કરવાની ટેવ ખાસ મહત્વની છે. અને તેથી જ બાલશિક્ષણમાં ઇન્દ્રિય શિક્ષણનો ભાગ તે શિક્ષણનું એક આવશ્યક અંગ છે.

પણ ઇન્દ્રિય શિક્ષણનુ મહત્વ ફક્ત ટેવ પડે તેટલા પૂરતું જ નથી. તેનું એક બીજું પણ મહત્વનું કારણ છે. સંવેદનાને લીધે આપણને જે જ્ઞાન મળે છે તેની સ્પષ્ટ છાપ મન પર પડતી હોય છે. તે સંવેદનાનો અર્થ સમજવાનું કામ પણ અજાણ્યે જ શરુ થાય છે. આમ અજાણ્યે થતું બુધ્ધિનું કામ ઘણું જ મહત્વનું છે. અને બાળકોની દૃષ્ટિથી મુશ્કેલી વગરનું હોય છે. તેથી ઇંદ્રિયશિક્ષણની સાથે જ બુધ્ધિનો ઉપયોગ થાય એવા કામોની શરૂઆત થાય છે. બુધ્ધિ વિકાસની દૃષ્ટિથી આ અજાણ્યે થતું બુધ્ધિનું કામ અને તેને મળનારા ખાસ ઉત્તેજનને જ વધારે મહત્વ મળે છે.

સુક્ષ્મ અને સ્પષ્ટ સંવેદના ગ્રહણ કરવાની આપણને ટેવ હોય તો તેનો ઉપયોગ સુક્ષ્મ અવલોકનમાં થઈ શકે છે અને તેથી આપણી કર્મેન્દ્રિય પર વધારે કાબુ મેળવી સ્નાયુ સંચાલનનું કામ યોગ્ય રીતે થઈ શકે છે. બીજાની ક્રિયાનું અનુકરણ કરવામાં અને પોતાની ક્રિયાનું મૂલ્ય માપન કરવામાં સુક્ષ્મ અવલોકનની મદદ મળે છે અને પછી શો સુધારો કરવો તેની કલ્પના આપણને આવે છે. સુંદર ચિત્ર દોરવા આપણો હાથ રંગકામ અને ચિત્રકામ માટે તૈયાર હોવો જોઇએ પણ સાથે સાથે તેવો હાથ તૈયાર કરવામાં અને તે હાથ વડે કાઢેલા ચિત્રનું મૂલ્યમાપન કરવા માટે આંખોથી કરેલા સુક્ષ્મ અવલોકનની પણ મદદ મળે છે. આંધળા માણસો નખ વડે ચિત્ર કાઢે છે પણ તેમાં તેમને સ્નાયુ સંવેદનાની મદદ લેવી પડે છે.

તેથી જ જ્ઞાનેન્દ્રિયનાં શિક્ષણ દ્વારા સૂક્ષ્મ અને સ્પષ્ટ સંવેદના ગ્રહણ કરવાની ટેવ પડે એ મૂખ્ય કામ છે જ પણ એ ટેવ બુધ્ધિનાં વિકાસના કામમાં અને કર્મેન્દ્રિયો પર કાબુ મેળવવામાં મદદરૂપ બને છે.

વિચારની પાર્શ્વભૂમિ

શિક્ષણમાં જ્ઞાનેન્દ્રિય મારફતે થતા અનુભવને મહત્વ આપવું જોઇએ. એ વિચાર ઘણો જ જૂનો છે. પણ આને માટેનો વિશેષ વિચાર પાશ્ચાત્ય શિક્ષણશાસ્ત્રી રૂસો, પેસ્ટોલોત્ઝી, ફ્રોબેલ અને મોન્ટેસોરીએ કર્યો છે. રૂસોના વિચારને પોતાની તરફથી કોઇ જાતનું પ્રયોગ સ્વરુપ મળ્યું નહિ. પણ તેનાં જ વિચારને આધારે પેસ્ટોલોત્ઝીએ શાળા કાઢી અને ફ્રોબેલે પોતાની કિન્ડર-ગાર્ટન પધ્ધતિ કાઢી.

કુદરતી વિકાસને અને કુદરતમાંથી મળતી પ્રેરણાને શિક્ષણમાં વિશેષ સ્થાન આપવું જોઇએ એમ રૂસો કહે છે. કુદરત સાથે વધારે નિકટનો પરિચય કરી જુદી જુદી સંવેદનાનો અનુભવ બાળકો સ્વયં પ્રેરણાથી કરી શકે માટે

જન્મથી ૧૨ વર્ષ સુધી અભાવાત્મક શિક્ષણ બાળકોને મળવું જોઇએ એમ તેમનું માનવું છે. અભાવાત્મક શિક્ષણનો અર્થ રીતસર, નિયંત્રીત અને પૂર્વનિયોજિત સ્વરૂપનું જે શિક્ષણ અપાય છે-તે ન આપવું. કુદરત એ જ ખરો શિક્ષક છે એમ માની બાળકોને સંપૂર્ણ સ્વાતંત્ર્ય આપવું જોઇએ. તેને જે અનુભવ મળશે તેનો ઉપયોગ બાળક જ્ઞાન વધારવામાં કરશે અને તેમ કરતાં પોતાનામાં નિયમન લાવતા શીખશે.

પેસ્ટોલોત્ઝીને રૂસોની આ નવી નવી કલ્પનાઓ ખૂબ ગમી અને તેને પ્રત્યક્ષ અમલમાં લાવવાનો પ્રયત્ન કર્યો. આમ કરવાથી તેને પ્રત્યક્ષ વ્યવહારમાં નડતી મુશ્કેલીઓની કલ્પના આવી, બાળકોને જ્ઞાન મેળવવામાં શબ્દો કરતાં જ્ઞાનેન્દ્રિયનો અનુભવ લેવા દેવો એ દૃષ્ટિથી પેસ્ટોલોત્ઝીએ પદાર્થ–પાઠ આપવાની વિશેષ પધ્ધતિ અમલમાં મૂકી. તેમાં પહેલાં બાળકોને પદાર્થ બતાવવામાં આવે છે પછી રૂપ, રંગ, સ્પર્શનો અનુભવ લઈ તે પદાર્થ માટે અને તેના ગુણધર્મ બાબત ચર્ચા કરાય છે. દા. ત. ગુલાબના ફૂલને પ્રત્યક્ષ જોઇને, વાસ સૂંઘી, અડકીને બાળકને તેને વિષેનો ખ્યાલ આવે છે. આવી વસ્તુનો પ્રત્યક્ષ પરિચય થયા પછી તે વસ્તુના નામનો પરિચય અપાય છે. કારણ અનુભવ વગર ફક્ત શબ્દ શીખવાથી બાળકને શિક્ષણ મળતું નથી. આ રીતે પેસ્ટોલોત્ઝીએ જ્ઞાનેન્દ્રિયનાં અનુભવને શિક્ષણમાં વ્યવહારિક-સ્થાન આપ્યું.

ફ્રોએલનું કાર્ય વધારે મહત્વનું છે. કારણ પેસ્ટોલોત્ઝીએ પ્રાથમિક શાળા ચલાવી ત્યારે ફ્રોએલે પૂર્વ પ્રાથમિક શિક્ષણનો વિચાર કર્યો. પૂર્વ પ્રાથમિક શિક્ષણમાં જ્ઞાનેન્દ્રિયના અનુભવને ઉચ્ચ સ્થાન આપવું જોઇએ એમ તે ચોક્કસ પણે માનતો. તેથી કુદરત અને પોતાની મેળે જ ઘડાતા અનુભવ પર આધાર રાખવો તે એને માન્ય નહોતું. જ્ઞાનેન્દ્રિયનો અનુભવ એટલે જુદા જુદા ગુણધર્મ સમજવા તે. તેથી જ્ઞાનેન્દ્રિયનાં જુદા જુદા અનુભવો પ્રત્યક્ષ મેળવી શકાય એ દૃષ્ટિથી એણે પોતે જ સાધનો તયાર કર્યા. આ જાતનાં ખાસ સાધનો બનાવનાર અને તેનો ઉપયોગ કરનાર એવો પહેલો શિક્ષક તે આ જ. પણ ફ્રોએલનો શિક્ષણનો ભાર સૂચન પધ્ધતિ પર હતો. જ્ઞાનેન્દ્રિયનાં સાધનો દ્વારા શા અનુભવ મળે છે. તેની સૂચના ગીતો દ્વારા થતી. બીજું તે સમયે વ્યક્તિગત શિક્ષણની કલ્પના ન હોવાથી વર્ગશિક્ષણ અપાતું હતું. એટલે બાળકના સ્વયંશિક્ષણને નહિ જેવું જ સ્થાન હતું. જ્ઞાનેન્દ્રિયનું શિક્ષણ એટલે સંવેદનાનુ વર્ગીકરણ અને સૂક્ષ્મ ફરક સમજવો. આની કલ્પના ફ્રોએલની કિન્ડરગાર્ટન પધ્ધતિમાં જોવા મળતી નથી. ફ્રોએલનું જ્ઞાનેન્દ્રિયનું શિક્ષણ એટલે વસ્તુમાંના સામાન્ય ગુણધર્મની ઓળખ જુદા જુદા સાધનો દ્વારા જ કરાવવી તે.

ડો. મોન્ટેસોરીએ પોતાની શિક્ષણ પધ્ધતિમાં ઘણી નવીનતા દાખલ કરી તેમનાં સમયમા જુદાં જુદાં શાસ્ત્રીય જ્ઞાનમાં ઠીક ઠીક વધારો થયો હતો. આ શાસ્ત્રીય જ્ઞાનની તેમના વિચારો પર ખૂબ અસર થઈ અને તેનુ પરિણામ તેમની શિક્ષણ પધ્ધતિ પર આવ્યું. પોતેજ ડોકટર હોવાથી શરીરશાસ્ત્રનો સારો અભ્યાસ કર્યો હતો. કુદરતી ખોડ દૂર કરવાના જે પ્રયોગો પચાસ વર્ષ પહેલાં ઇટાર્ડ ને સેગ્વિને કર્યા હતા તેને વિષે તેમને પૂર્ણ માહિતી હતી. તેમણે પોતે જડબુધ્ધિવાળા બાળકોનાં Asylum માં કામ કર્યું હતું. અને ત્યાં તેમને ચોક્કસ પ્રકારનો અનુભવ મળ્યો હતો. જ્ઞાનેન્દ્રિયનો અનુભવ બુધ્ધની કક્ષા પ્રમાણે મેળવવાનો પ્રયત્ન કર્યો હોય તો વિકાસમાં મદદરૂપ થાય છે, અને કુદરતી ખોડ દૂર થાય છે તે અનુભવ થોડે અંશે ઇટાર્ડ ને સેગ્વિનને પણ થયો હતો. તેમનાં જ ઇન્દ્રિયશિક્ષણ અને સ્નાયુનિયંત્રણનાં સાધનો ડો. મોન્ટેસોરીએ વાપરી જોયા અને તેમાં થોડા સુધારા કર્યા. જેથી કરી સામાન્ય બાળકો સાથે મંદબુધ્ધિવાળા બાળકો પરીક્ષામાં બેસી શકયાં અને તેઓ પાસ પણ થયાં. ત્યારે ડો. મોન્ટેસોરીને લાગ્યું કે સામાન્ય બાળકોની શિક્ષણ પધ્ધતિ ખોટી છે. તેમા જો ફેરફાર થાય તો આ બાળકોનો વિકાસ હજુ પણ સારો થઈ શકે. આ કલ્પનાનો પ્રત્યક્ષ પ્રયોગ કરતાં પહેલા તેમણે શિક્ષણ શાસ્ત્રનો ઉંડો અભ્યાસ કર્યો. પછી રોમમાં પછાત વર્ગનાં બાળકોને શીખવવાની શરૂઆત કરી. અને ત્યાં પોતાની કલ્પના અનુસાર પ્રયોગો તેઓ કરી શકયાં. અહિં તેમણે સામાન્ય બાળકો માટે ઇન્દ્રિયશિક્ષણનાં સાધનો કયા ને કેવાં હોવાં જોઇએ તે પ્રયોગો કરી શોધી કાઢયું. ઇન્દ્રિયશિક્ષણનું ખરૂં મહત્વ આ પ્રયોગો દ્વારા સમજાયું અને શિક્ષણમાં ફેરફાર કરવા જેવા થોડા મહત્વનાં તત્વો સમજાયા. દરેક સંવેદન ગ્રહણ કરી તેમાંનુ સરખાપણું અને તારતમ્ય જાણવું એ ઇન્દ્રિયશિક્ષણનુ વિશેષ તત્વ છે. શિક્ષણનું સ્વરૂપ વ્યકિતગત ને સ્વયંજ્ઞાન આપનારૂં જોઇએ, જ્ઞાનેન્દ્રિયનું એકીકરણ કરી દરેક પ્રકારની જ્ઞાનેન્દ્રિયને કસરત મળવી જોઇએ, પોતાની ભૂલ

મેડમ મોન્ટેસોરીનો કર્મયોગ

૩૦ મી ઑગષ્ટે મે. મોન્ટેસોરીની વર્ષ ગાંઠ આવે છે. મે. નો જન્મદિન એટલે દુનિયાના બાલ યુગનો પ્રારંભ : એવું કેટલાક દેશોમાં માનવામાં આવે છે: ભારતના બાલયુગને મે. મોન્ટેસોરી પાસેથી જ પહેલી પ્રેરણા મળી છે. તેથી આ દિવસ ભારતમાં મેડમની જયંતિ તરીકે ઉજવવામાં આવે છે.

બાળકે જે અનેક જીવન રહસ્યોનું દર્શન મને કરાવ્યું છે. એમાં 'કામ (પ્રવૃત્તિ)થી મનને સ્થિરતા પ્રાપ્ત થાય છે. એ જીવન રહસ્ય સૌથી વધુ મહત્વનું છે. દુનિયાના કેટલાએક દેશોના બાળકો પર થએલા પ્રયોગોથી મને એની પ્રતીતિ મળી છે. હું માનું છું કે શિક્ષણ અને વિકાસશાસ્ત્રની રચના આ જ સિધ્ધાંત પર થવી જોઈએ.

બાળકના જીવનમાં કામને માટે જે ઉત્સાહ દેખાય છે તે આ મૂળભૂત, અંતઃ પ્રેરણાનું જ પરિણામ છે. કારણ કામ કર્યા વિના બાળકના વ્યક્તિત્વની રચના જ થઇ શકતી નથી. બાળકને જો કામ ન મળે તો તે વિકૃત બને છે. માત્ર કામ દ્વારાજ મનુષ્ય પોતાની જીવન રચના કરી શકે છે. કામ એ જ જીવનની સાચી સંપત્તિ છે. કામની માનસિક અને શારીરિક આરોગ્ય પર જે અસર થાય છે તેની જગા બીજી કશાથી ભરી શકાતી નથી. ભૌતિક સુખ અને પ્રેમનો પણ ઉપયોગ એના વગરે થતો નથી. એકવાર મન વિકૃત બને કે પછી તો શિક્ષણ અથવા આદર્શો પણ નકામા જ નીવડે છે. પરંતુ કામ માત્રથી એ વિકૃતિ ચાલી જાય છે, અને માણસનું મન ફરીથી સ્થિરતા પ્રાપ્ત કરી શકે છે.

બાલ્યાવસ્થામાં કામને લીધે બાળક જો પરમ સમાધાન આરોગ્ય અને નવજીવનનું સર્જન કરી શકે છે, તો પછી પ્રૌઢાવસ્થામાં પોતાના કામનો કંટાળો કેમ આવે છે, એ એક પ્રશ્ન છે. કદાચ અત્યારના સમાજમાં પ્રચલિત થએલી કામની વહેચણી કોઈ ભૂલભર્યા સિધ્ધાંતો પર આધાર રાખતી હશે. ચાલુ સમાજમાં માણસને મોટે ભાગે જે કામ મળે છે તેનું નિર્માણ મનુષ્યની સ્વાભાવિક પ્રેરણારૂપે નહિ પણ તેની વિકૃતિમાંથી જ થાય છે. કામોના મૂળમાં સ્વામિત્વ, સત્તા, મમત્વ અને લોભ વગેરેની વિકૃતિઓ ઊંડે ઊંડેથી જોવામાં આવે છે. એનું કામ મનુષ્યની અંતઃપ્રેરણામાંથી નહિ પણ પરિસ્થિતિના સંજોગોમાંથી નિર્માણ થાય છે, અને વિકૃત મનુષ્યની વાસનાઓ તેમાં ભાગ ભજવતી હોય છે. આ પ્રકારના કામથી મજુરીનું ફરજીયાત સ્વરૂપ પ્રાપ્ત થાય છે, તેથી મનની પ્રગતિ અટકે છે, અને જીવન કષ્ટમય અને ઉદાસીન બને છે.

પરંતુ જ્યાં અને જ્યારે જ્યારે સંજોગવશાત માનવની અંદરની સ્વયંપ્રેરણાના ફળ તરીકે આપણને કામ જોવા મળે છે, ત્યાં મોટી મંડળીના કામમાં પણ રંગરાગ સાવ જુદા હોય છે, એ કામમાં માણસ તન્મય બને છે, અને તે ખૂબ રસથી કરતો દેખાય છે. એવા કામને લીધે મનુષ્ય લોભમમત્વાદિ વાસનાઓથી પર થઈને ઉચ્ચ કક્ષા પરથી કાર્ય કરતો દેખાય છે. શોધકો અને સંશોધકોના કાર્યમાં આપણે કામનું આ સ્વરૂપ જોઈ શકીએ છીએ, પૃથ્વીના અજ્ઞાન પ્રદેશોની શોધ કરનારાઓનું સાહસ અને વીરતા ભર્યા કામોમાં અને પ્રતિભાસંપન્ન કવિઓની રચનાના કામમાં તેનો સાચો અનુભવ આપણને થાય છે. પ્રતિભાસંપન્ન વ્યક્તિઓજ ઉંડે ઉંડે દટાઈ ગએલી માનવી અંતઃપ્રેરણાને આવી રીતે કામે લગાડી શકે છે. આ અંતઃપ્રેરણા પૃથ્વીના પડ ફોડીને આવતા ઝરણા જેવી અથવા શુષ્ક વાતાવરણમાં નવચેતન ભરી દેનાર વર્ષા જેવી પ્રભાવી હોય છે. તેને લીધેજ માનવ સંસ્કૃતિની સાચી પ્રગતિ થાય છે. વ્યક્તિના અથવા સમાજના કર્મયોગને એનું અધિષ્ઠાન મળવાની જરૂર છે.



કૃષ્ણ કનૈયા

કૃષ્ણ કનૈયાને માખણ ભાવે
દૂધ ભાવે; દહિં ભાવે
ધીમે સટકી પાસે જાય
છાનો માનો માખણ ખાય
ખાઈ ને ખવરાવી જાય
ચકલીને ખવરાવી દે
વાનરને ખવરાવી દે
જશોદા માતા દોડી આવે
ચકલી વાનર ભાગી જાય
જશોદા માતા કાનાને તેડે
અંદર લાવી બેસાડી દે
મોર પોપટ રમવા આપે
પોતે અંદર કામે જાય
કનૈયા ને તો ફાવી જાય
ફરીને માખણ ચોરી જાય
ખાઈ ને ખવરાવી જાય

* * *

એક દિવસ તો ગમ્મત થઈ
જશોદા માતા અંદર ગઈ
ધમ ધલોણું ધમકાવી
છાશમાંથી માખણ કાઢી
કાનાનું ભાન ભૂલી
કાનો બહાર સરકી આવ્યો
આમ તેમ જોવા લાગ્યો
માટીનું એક ઢેકું લીધું
મોઢામાં ઝટ મૂકી દીધું
બલદેવે તે જોઈ લીધું
ઝટ આવી કાઢવા માંડ્યું
કૃષ્ણ કનૈયો સાંભળે નહિ
ઢેકું બહાર કાઢે નહિ
બળદેવ ભાઈ તો અંદર ગયા
માને બહાર ખેંચી લાવ્યા
માતાએ તો અવતાર જોયા
મોઢું તો રંગાએલું
માટીથી લીંપાએલું,
જશોદાજી ગુસ્સે થયાં.
"માટી પહેલા થૂંકી નાંખ,
સીધો તું માનશે નહિ !
માર વગર થૂંકશે નહિ.
જશોદા માતાનો ક્રોધ !
જશોદા માતાનો ગુસ્સો !
કાનો તો ગભરાઈ ગયો
મેં કંઈ માટી ખાધી નથી.

મારા મોઢામાં કંઈ નથી,
મોટા ભાઈ તો ખોટું બોલે;
અમથી તારી મજાક કરે.
યશોદા મૈયા પાસે ગયા
કૃષ્ણના મોમાં જોવા લાગ્યા,
આશ્ચર્ય ચકિત થઈ ગયા.
મોઢામાં તો માટી નહિ
એમાં તો હતો સૂર્ય–ચન્દ્ર !
આકાશ ને પાતાળ !
જંગલ ને પહાડ !
ગોકુળ ને વૃંદાવન !
આખી પૃથ્વી આખું જગ.

આને કંઈ સમજાય નહિ
આને કંઈ સુઝ નહિ
એનો કંઈ ઉકેલ નહિ
એ તો કોઈ માણસ નહિ
એ સ્વર્ગનો દેવ લાગે
આને હું નકામી લઢી
આને હું નકામી વઢી
આનંદમાં ને આશ્ચર્યમાં
અંદર ફરી કામે લાગી
કૃષ્ણની લીલા ચાલુ રહી.

–સરલાબેન દેવધર.

દેડકા ભાઈ તો કૂદી પડ્યા ને કાગડા ભાઈ તો રડી પડ્યા

એક હતો કાગડો. કોકો એનું નામ. એનું રખડવાનું કામ. રસ્તે ગમે તે મળે તેને હુપ્પા કરી જવાની જ એને ટેવ. એક દિવસ એને એક દેડકાભાઈ કૂદકા મારતા દેખાયા. કોકોભાઈ કાગડો તો હરખાયો. એ તો ઉડ્યો ને ચાંચથી દેડકાને પકડ્યો. પકડીને સીધો લઈ ગયો છાપરા ઉપર. ઉડીને કોકોભાઈ તો થાકી ગએલો જરા આરામ કરવા બેઠો. એટલામાં દેડકો તો હસવા માંડ્યો.

કાગડાએ પૂછ્યું; 'અલ્યા દેડકા, તું હસે છે કેમ ?' દેડકો બોલ્યો; "કાગડા ! કાગડા ! આ છાપરા ઉપર મારા દાદા રહે છે. એ તને જોઈ જશે તો મારીજ નાખશે."

કાગડો તો ગભરાયો ને દેડકાને ચાંચમાં લઈ ઉડ્યો તે ખેતરની પાળે બેઠો. દેડકાએ તો પાછું હસવા માંડ્યું.

વળી પાછું કાગડાએ પૂછ્યું; 'અલ્યા દેડકા તું હસે છે કેમ ?'

દેડકો બોલ્યો; 'કાગડા ! કાગડા ! આ ખેતરની વાડમાં મારાં દાદાનાં દાદાં રહે છે. એ તને જોઇ જશે તો મારી નાખશે.'

કાગડો તો બીધો ને દેડકાભાઇને લઇને ઉડ્યો ને કુવાના થાળા ઉપર જઇને બેઠો. પછી એણે તો વિચાર કર્યો કે હવે દેડકાને ખાઉં પણ તેવામાં દેડકો બોલ્યો; "કાગડા ! કાગડા ! તારી ચાંચ તો બે કેવી બુઠ્ઠી છે. જરા આ પત્થર સાથે ઘસીને એની ધાર સરસ બનાવ પછી મને ખા. કાગડાભાઇ તો ચાંચ ધારદાર કરવા બેઠા. ચાંચ તૈયાર થઇ એટલે કો કો કરતાક આવ્યા. અને મોટે સાદે બોલ્યો; 'ચાલ દેડકા તૈયાર થા. હવે તને હું ખાઇશ."

"દેડકો તો હસીને બોલ્યો; "કાગડાભાઇ તૈયાર છું.'

કાગડો તો જેવા પાસે આવ્યો કે તરતજ દેડકા ભાઈ તો ડબ લઇને કુવામાં કૂદી પડ્યા. કાગડા ભાઇ તો ચાંચ ઘસતા રહી ગયા ને રડી પડ્યા.

— ર. કોઠારી

(આ વાર્તા તિબેટ દેશના લોકો પોતાનાં નાનાં છોકરાંઓને વારે વારે કહે છે)

બાળ ગીત

પેલી વડલાની ડાળ, વડલાની ડાળે
લટકે વડવાઈઓ, લટકે વડવાઇઓ
ઝોલા ખાવા, ચાલો ઝોલા ખાવા ॥
શીતળ છે છાંયડો, શીતળ શો છાંયડો
લાગે ના તડકો, જરા લાગે ના તડકો
ઝોલા ખાવા, ચાલો ઝોલા ખાવા ॥
સાથે મળીને સૌ, સાથે મળીને સૌ
નાનાં ને મોટાં, નાનાં ને મોટાં
ઝોલા ખાવા, ચાલો ઝોલા ખાવા ॥
ઝોલો ચગાવશું, ચાલો ચગાવશું
નવાં ગીત ગાશું, ત્યાં નવાં ગીત ગાશું
ઝોલા ખાવા, ચાલો ઝોલા ખાવા ॥

— જયંત શુક્લ; બોરડી

કોનું શું?....

૧	આગગાડીનો	ગડગડાટ
૨	અગ્નિનો	ભડભડાટ
૩	નોબતનો	ગડગડાટ
૪	આણસનો	બડબડાટ
૫	વાદળનો	ગડગડાટ
૬	માખીનો	ગણગણાટ
૭	ઘૂઘરીનો	ઝણઝણાટ
૮	રૂપિયાનો	ખણખણાટ
૯	બંદૂકની ગોળીનો	સણસણાટ
૧૦	વલોણાનો	ઘમઘમાટ
૧૧	પવનનો	સુસવાટ
૧૨	સમુદ્રનો	ઘુઘવાટ
૧૩	પક્ષીનો	કિલકિલાટ
૧૪	બાળકોનો	કલબલાટ
૧૫	ધનુષ્યનો	ટંકાર
૧૬	ઝાંઝરનો	ઝણકાર
૧૭	વિજળીનો	ચમકાર

—: અભિલાષા :—

પેલા.....પેલા પંખીની જેમ ઉડી જાઉં.
ઉંચે આભલીએ ઉડી જાઉં;
પંખી ત્યાં તો ગીતલડાં ગાએ,
નાની શી પાંખો સરૂએ ઢાળે,
એની જેમજ ગીત ગાવા જાઉં.....પેલા

પેલા.....પેલા સમંદરને કાંઠે જાઉં
દૂર દૂર ચાલ્યો જાઉં
પવન કાંઈ રમત રમે છે.
મોજાં એને સાથ આપે છે,
એની સાથેજ રમવા જાઉં.....પેલા

પેલા.....પેલા ખેડૂના ખેતરીએ જાઉં;
એની સાથે ખેડૂત બની જાઉં.
ખેડૂત બની ખેતર ખેડું,
સારા જગને અનાજ આપું.
સારા જગનો તાત કહેવાઉં.....પેલા.

—"નાગજી રબારી"

પતંગીયા

ફરફર ફરતાં પતંગિયાને
રંગબેરંગી પાં.....ખ
આવો આવો હો પતંગીયા
મારી વાડીમાં ફૂલ છે અપાર.....ફરફર
ગુલાબ ને મોગરો
જાઈ જૂઈ ચમેલી
રસથી ભર્યા છે ભરપૂર.....(૨)
ધમધમતા મારા ઉપવનમાં તમે
આવજો હોં હોં જરૂર (૨).....ફરફર
સુંદરતાના પૂંજ પતંગિયા
આવ તું આણી પેર
જઈશ ના દીપક પેર
આપણે બંને સંગ રમીએ
કરીએ લીલા લહેર (૨).....ફરફર

–દેવયાની ભટ્ટ

લુચ્ચું બગલું

એક તળાવને કિનારે બગલું રહેતું હતું. તે ખૂબ ઘરડું હતું. એટલે એનાથી બહુ માછલીઓ પકડાતી ન હતી. એક દિવસ એને યુક્તિ સૂઝી. એ તો આખો દિવસ ખાધા પીધા વગર ત્યાં ઉભું રહ્યું.

તળાવને કિનારે એક કરચલો રહેતો હતો. કરચલો બગલાને દરરોજ માછલી પકડતો જુએ. આજે બગલાને આમ ખાધા પીધા વગર ઉભેલો જોઇ એને નવાઇ લાગી. બગલા પાસે જઇ એણે પૂછયું, 'બગલાભાઇ, આજે તમે માછલી પકડી કેમ ખાતા નથી ?' બગલું બોલ્યું, 'અરે; શું વાત કરું, મને તમારા બધાની ફીકર થાય છે એટલે મારી તો ભૂખ પણ મરી ગઇ. આજે બે માછીમારો અહિં આવ્યા હતા. તેઓ બે દિવસ રહી પાછા આવવાના છે. આ તળાવમાં જાળ નાખી બધી જ માછલીઓ પકડી જવાના છે. અને તો તમારા બધાની બહુ દયા આવે છે.

બગલાની આ વાત સાંભળી પાણીની બધી માછલીઓ ખૂબ ગભરાઇ ગઈ. બગલાભાઈ અમને બચાવો, અમને બચાવો,' કહી એને પગે પડી. બગલું કહે, 'અહિંથી થોડે દૂર બીજું એક તળાવ છે. તે ખૂબ ઊંડું છે. તમે આવવા તૈયાર હો તો હું તમને ત્યાં લઈ જાઉં.' બધાં જ એક સાથે 'તૈયાર તૈયાર' બોલી ઉઠ્યાં. બગલું કહે, 'બધાને એક સાથે તો નહિ લઈ જવાય, થોડા થોડાને લઇ જઈશ.' બધાં કબુલ થયાં.

બગલું થોડી માછલીઓ ચાંચમાં પકડી ઉડવા લાગ્યું. થોડે દૂર એક પથ્થર પર બેસી બધી માછલીઓ ખાઈ ગયું. આ પ્રમાણે દરરોજ થોડી થોડી માછલીઓ તે ખાતું. એક દિવસ કરચલો તેની પાસે આવ્યો અને કહે, 'બગલાભાઈ, મને પણ બચાવો ને' બગલાંએ મનમાં વિચાર કર્યો, દરરોજ માછલી ખાઈ ને કંટાળી ગયો છું લાવ આજે કરચલો ખાઉં'. એ કરચલાને ચાંચ-પકડી ઉડવા લાગ્યો. પેલો પથ્થર આવ્યો ત્યાં એ નીચે ઉતરવા લાગ્યો. કરચલો કહે, 'બગલા-ભાઈ, અહિં તો પાણી નથી દેખાતું ?' પણ બગલો સાંભળે શાનો. એટલામાં કરચલાએ તો મરેલી માછલીઓનાં હાડકાં જોયાં. એ બગલાની લુચ્ચાઈ સમજી ગયો. એણે પોતાનાં ચાર પગથી બગલાની ડોક પકડી. બગલું છૂટવાનો પ્રયત્ન કરે પણ તેનાથી છૂટાય જ નહિ. કરચલાએ બગલાની ડોક તોડી નાખી. બગલું મરી ગયું. ત્યાં જઈ બગલાની લુચ્ચાઈની વાત બધાને કરી. બધાંએ કરચલાને ખૂબ શાબાશી આપી.

[પંચતંત્ર ઉપરથી]

બાલ શિક્ષણ અને સંઘ સમાચાર

(શનિવાર તા. ૪-૭-૫૩ ને દિવસે સંઘના નવા બંધારણ મુજબ ચૂંટાએલી શિક્ષણ સમિતિની પહેલી બેઠક દાદરમાં, પૂનાના બાલ-અધ્યાપન મંદિરના મુખ્યાધ્યાયિકા શ્રી. કમલિનીતાઇ દામલેના પ્રમુખપણા હેઠળ મળી હતી. આ સમિતિએ શહેર અને ગામડાંના બાલ શિક્ષણના વિકાસના પ્રશ્ન ઉપર ચર્ચા કરી હતી. આ ચર્ચાના થોડાંક નિર્ણયો સંઘના સભાસદો માટે અહિં આપીએ છીએ. -સં.)

(૧) નૂ. બા. શિ. સંઘના આ જીવન કાર્યકર્તા શ્રી. તારાબેન મોડકે આદિવાસી બાળકોના શિક્ષણ માટે ઘોડિયા ઘરથી (Creche) તે પ્રાથમિક શાળા સુધીની શિક્ષણ માટેની જે યોજના કરી છે તે આ સમિતિને ખૂબ જરુરી લાગે છે. ગામડાના બાળકોની કેળવણીનો પ્રશ્ન ગામડાના લોકોના જીવન સાથે સંકળાએલો છે. ગ્રામ-લોકોની મુશ્કેલીઓ સહાનુભૂતિપૂર્વક સમજી લઇને જ ગ્રામ-બાલશિક્ષણનો પ્રશ્ન ઉકેલી શકાશે એવો આ સમિતિનો મત છે.

(૨) સંઘના ગ્રામ-બાલ-શિક્ષણના પ્રયત્નમાં પ્રગતિની દૃષ્ટિએ નીચે મુજબનું કાર્ય થવું જોઇએ એવો આ સમિતિનો અભિપ્રાય છેઃ-

(અ) ગ્રામ-બાલ-શિક્ષણ કેન્દ્રમાં તાલિમ લેવા માટે જે ઉમેદવારો સરકાર તરફથી મોકલવામાં આવે છે તેમની પસંદગી જે રીતે થાય છે એમાં આ કાર્યને માટે લાયક એવા જ ઉમેદવારોની પસંદગી થવી જોઇએ એવો સુધારો થવો જોઇએ. અને આ કાર્ય માટે ગ્રામ-બાલ-શિક્ષા કેન્દ્રના મુખ્યાધ્યાપકોનો સહકાર સાધવો જરુરી છે. સરકારી શિષ્યવૃત્તિ એવાં જ ઉમેદવારોને મળવી જોઇએ કે જેમને ગામલોકોનો સારો એવો સાથ છે. જે ગામના લોકો પોતાના ગામમાં બાલવાડી શરૂ કરવા તૈયાર હોય એવા જ ગામના ઉમેદવારોને આ શિષ્યવૃત્તિ આપવામાં આવે, એવો સભાનો મત છે.

(બ) હાલ ગામડામાં રચનાત્મક કાર્ય કરનારી જે સંસ્થા છે એ સંસ્થા સાથે સંપર્ક રાખીને આ સંસ્થાએ બાલશિક્ષણ માટે પણ તેમના કાર્યક્રમમાં પૂરતું સ્થાન આપવું અને એ જાતનું કાર્ય કરવા માટે ઉપયોગી થઈ પડનાર શિક્ષક અથવા શિક્ષિકાને તાલિમ આપવા માટે તે સંસ્થાએ એમને ગ્રામ-બાલ-શિક્ષા કેન્દ્રમાં મોકલવા માટે પ્રયત્ન કરવો જોઇએ.

(૩) શહેરમાં બાલમંદિરની મુખ્ય મુશ્કેલી જગ્યાની છે. તે માટે સરકાર પોતાના કાર્યકર્તાઓ માટે જે પ્રમાણે શહેરમાંની ખાલી થએલી જગા આપવાની વ્યવસ્થા કરે છે, તેવી રીતે જો સરકાર બાલમંદિર માટે પણ આવી વ્યવસ્થા કરે તો એનાથી બાલમંદિરની જગાનો પ્રશ્ન સરળ થશે અને એનાથી ફકત જગા ન મળવાથી બાલશિક્ષણને જે ત્રાસ થાય છે તે અટકશે. તેથી સંઘે આ બાબતમાં યથાયોગ્ય પ્રયત્ન કરવો એવો સમિતિનો મત છે.



હિન્દનો

અગ્રગણ્ય

સ્વદેશી સ્ટોર

×—○—×

તમારી જરૂરિયાતો ખરીદવાનું

એક માત્ર

ભરોસાપાત્ર સ્થળ

: આજે જ પધારો :

ધી બોમ્બે સ્વદેશી

કો-ઓપરેટિવ સ્ટોર્સ કં. લિ૦

☆

સર ફિરોઝશાહ મહેતા રોડ,

ફોર્ટ, મુંબઈ ૧

ફોન : ૨૦૪૪૩

☆

શાખા :

મહાત્મા ગાંધી રોડ, પુના

જેમ્સ સ્ટ્રીટ, સિકંદરાબાદ.

—શિક્ષણ સાહિત્ય—

ક્યાંથી મેળવશો ?

(૧) બાળમંદિરને ઉપયોગી સાધનો
(૨) નર્સરી શાળાઓને ઉપયોગી પ્રબોધક સાહિત્ય
(૩) મજુર કલ્યાણ કેન્દ્રને ઉપયોગી સાધનો
(૪) પૂર્વપ્રાથમિક કેળવણીને ઉપયોગી સાધનો
(૫) નઈ તાલીમ કેળવણીને ઉપયોગી સાધનો
(૬) પ્રાથમિક શાળા-કેળવણીને ઉપયોગી સાધનો
(૭) માધ્યમિક કેળવણીને (હાઈસ્કુલને) ઉપયોગી સાધનો
(૮) વ્યાયામ કેળવણીને ઉપયોગી સાધનો
(૯) વૈજ્ઞાનિક કેળવણીને ઉપયોગી સાધનો
(૧૦) અધ્યાપન મંદિરની કેળવણીને ઉપયોગી સાધનો

ઉપર મુજબની સંસ્થાઓને ઉપયોગી તમામ સાહિત્ય નજરે જોવા અવશ્ય મુલાકાત લો. અગર સુચિત પત્ર મંગાવો.

જેવ્યંદ તલકશી એન્ડ સન્સ.
એમ્પાયર બિલ્ડીંગ. બોરીબંદર, ટ્રામ જંકશન
સામે, મુંબઈ ૧.

આગ-અકસ્માત-જીંદગી

મોટર, દરિયાઈ, વર્કમેન્સ, કોમ્પેન્સેશન
સર્વ પ્રકારનું વીમાકામ
સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને
સંતોષકારક મહેનતાણું :

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય
મંગાવો.

ધી ઈન્ડીઅન ગ્લોબ ઈન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—
૩૧૫-૩૨૧ પ્રારપેકટ ચેમ્બર્સ, હોર્નબી રોડ,
મુંબઇ.

શ્રી ન. બા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : શ્રી રમણિકલાઈ તુરખિયા, ૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઈ ૧૪
મુદ્રણ સ્થાન : પરફેક્ટ પ્રિન્ટિંગ વર્કર્સ, મુંબઈ-૨૨.

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ–૨૮ : અંક–૯ મો : સપ્ટેમ્બર, ૧૯૫૩

બાલ ચિત્રકારનું સંવર્ધન,

દરેક બાળક પોતાના આન્તરિક નિયમો વડે નિયંત્રિત હોય છે તેથી ચિત્રકળામાં તેના પોતાના તંત્રના વિકાસ માટે આપણે પુરતો અવકાશ આપવો જોઇએ. કોઇપણ બાળક પર તાંત્રિક શિક્ષણનો કડક ક્રમ લાદવો ન જોઇએ. મોટેરાની કલ્પનાનો અને કલાવિષ્કારની પદ્ધતિનો બાળક પર જુલ્મ ન થવો જોઇએ. તેને પોતાને ફાવે તેવું સાધન-સાહિત્ય પસંદ કરવાની અને પોતાની રીતે પ્રકટીકરણ ને સર્જન કરવાની પૂરેપૂરી સ્વતંત્રતા મળવી જોઇએ.

–શ્રી. પુલિનબિહારી દત્ત.

સંસ્થાપક :
સ્વ. ગિજુભાઈ બધેકા

તંત્રી :
તારાબેન મોડક

વાર્ષિક લવાજમ : ₹૦ ૪–૦–૦ : :

કાર્યાલય : ૧૧૮, હિન્દુ કૉલોની, દાદર, મુંબઇ, ૧૪. : :

છૂટક નકલ ૬ આના

નૂતન બાળ શિક્ષણ સંઘ

એટલે

વાલીઓ શિક્ષકો અને બાળ પ્રેમીઓનું

બનેલું અખિલ ભારતીય સંગઠન.

સંઘના પદાધિકારીઓ :-

પ્રમુખઃ શ્રી મોરારજીભાઇ દેસાઈ. ઉપપ્રમુખઃ આચાર્ય શ્રી ભિસે.

કાર્યાધ્યક્ષઃ શ્રી સરલાદેવી સારાભાઈ. કોષાધ્યક્ષઃ શ્રી વા. રા. પટવર્ધન

મંત્રીઓઃ શ્રી શેષ ના. નામલે. શ્રી યશસ્વતી બેન ભટ્ટ.

સ્થાનિક શાખા : કોઈપણ બાળ કેળવણીની સંસ્થા, વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓમાંથી ઓછામાં ઓછા સંઘના ૨૫ સભ્યો બનાવી, સંઘ માન્ય શાખા સ્થાપી શકે છે. આ જાતની શાખાને સ્થાનિક શાખા કહેવાય છે.

પ્રાદેશિક શાખા : કોઈપણ જીલ્લામાં ઓછામા ઓછી ચાર સ્થાનિક શાખા સ્થપાયેલી હશે તો તે વડે સંઘની, જીલ્લા પ્રાદેશિક શાખા સ્થાપી શકાય છે. અને આ જીલ્લા શાખાના પ્રતિનિધિ સંઘના અખિલ ભારતીય નિયંત્રણ મંડળમાં ચૂંટાઇ શકે છે.

સંઘનું પ્રચાર સાહિત્ય : સંઘનું બંધારણ, પ્રવેશ પત્રકો, સૂચના-માહિતી વિ સંઘને લગતું પ્રચાર સાહિત્ય મેળવવા માટે નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવા વિનંતી છે.

મંત્રી, નૂતન બાલ શિક્ષણ સંઘ
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૪.

: સંપાદક મંડળ :

દામોદરદાસ મોદી, હરપ્રસાદ ભટ્ટ, જયંતભાઈ ઓઝા, હેમલતાબેન સાળવી, મંજરીબેન રાયજી, રમેશભાઈ કોઠારી

અનુક્રમણિકા

	લેખ.	લેખક.
૧.	સંપાદકીય–પૂર્વ પ્રાથમિક શિક્ષણ... ..	શેષ નામલે.
૨.	સંસ્કારનો વારસો–આંગણી ચીંધ્યાનુ પુણ્ય ..	"ઓર્ફસ"
૩.	બાળ મંદિરમાં હસ્તલિખિત સાધન.....	મૃદુલા શેઠ.
૪.	ડોકટર અને બાળકો.....	તા. પરાંજપે.
૫.	નૂ. બા. શિ. સંઘનો નવો પ્રયોગ	...અનુતાઈ વાઘ.
૬.	બાળકનું ગણિત શિક્ષણ	શેષ નામલે.
૭.	નોંધ. ૮. સંકલન. ૯. બાળ શિક્ષણ અને સંઘ સમાચાર. ૧૦. ભારતીય બાલ વિકાસ સમિતિ.	

બાળ-વિભાગ

(૧)	ગણપતિ–જન્મ	સ. દેવધર.
(૨)	રક્ષા બંધન	શા. જોગલેકર.
(૩)	બિલ્લી માસી હારી	ર. કોઠારી.

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો.

કે– "શિક્ષણ પત્રિકા" એ નૂતન બાલ શિક્ષણ સંઘનું મુખપત્ર છે, તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપમેળેજ બની જાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા-પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે

કે– "શિક્ષણ પત્રિકા" ગુજરાતી, હિંદી અને મરાઠી ભાષામા પ્રતિ માસ અનુક્રમે તા. ૧ લી, ૭ મી અને ૧૫ મીએ પ્રગટ થાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર "પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે, પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરુરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" ના ગ્રાહક કોઈ પણ માસથી થઈ શકાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" ના બાળશિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫મી સુધીમા કાર્યાલયને મોકલાવી આપવા જરુરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા-અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" (ગુજરાતી અને હિંદી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનતિ છે.

—શ્રી રમણિકલાઈ તુરખિયા
વ્યવસ્થાપક "શિક્ષણ પત્રિકા"
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઈ ૧૪.

મુંબઈ, મધ્ય ભારત, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી

નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૮ : અંક ૯] મુંબઈ [સપ્ટેમ્બર ૧૯૫૩

સંપાદકીય

પૂર્વ પ્રાથમિક શિક્ષણ કઈ દિશા ભણી ?

ફરજિયાત પ્રાથમિક શિક્ષણની મર્યાદા છ પૂર્ણ વર્ષ નિશ્ચિત કરવાથી છ વર્ષની અંદરના બાળકોને સરકારમાન્ય પ્રાથમિક શાળામાં દાખલ કરી શકાતાં નથી. એનું એક અત્યંત અનિચ્છનીય પરિણામ પૂર્વ પ્રાથમિક શિક્ષણ ઉપર થાય છે. વાલીઓના અજ્ઞાન અને અજાગૃતપણાનો લાભ લઈને શિક્ષણના ક્ષેત્રમાં પણ કાળા બજાર થાય છે એવું જાણવા મળે છે.

એનું પરિણામ બિચારા બાળકોને ભોગવવું પડશે અને તેનાથી આખરે સમાજને ગેરફાયદો થશે એ આપણે ધ્યાનમાં લેવું જોઈએ.

ફી લઈને ચાલતી ખાનગી અથવા સાર્વજનિક શાળાની આવક ખાસ કરીને બાળકની સંખ્યા ઉપર આધાર રાખતી હોવાથી ફી લેનાર દરેક શાળા પોતાના બાળકોની સંખ્યા સતત ભરાએલી રહે એ દૃષ્ટિએ પ્રયત્ન કરતી હોય છે. પ્રાથમિક શિક્ષણના કાયદા પ્રમાણે છ વર્ષની અંદરના બાળકોને આવી શાળામાં દાખલ કરી શકાતા નથી. તેથી આ શાળાના સંચાલકોએ પોતાની શાળામાં શિશુવર્ગ અથવા પૂર્વ પ્રાથમિક વિભાગ કાઢવાની શરૂઆત કરી છે. શિશુવર્ગ કેવી રીતે ચલાવવો એ અંગે કોઈ પણ પ્રકારનો સરકારી અંકુશ ન હોવાથી શહેરમાં પણ આવા પ્રકારના શિશુવર્ગોની સંખ્યા સતત વધે છે. આવા શિશુવર્ગના મુખ્યત્વે બે પ્રકાર દેખાય છે. ખાનગી પ્રાથમિક શાળાને જોડાએલો શિશુવર્ગ અને બીજો સ્વતંત્ર શિશુવર્ગ એટલે કે બાળમંદિર.

આ બંને પ્રકારના શિશુવર્ગમાં બાળકોની સંખ્યા વધે એ માટે આ શિશુવર્ગનાં પહેલા ધોરણનું શિક્ષણ પૂર્ણ કરીને બાળક છ વર્ષનું થતાંજ એને બીજા ધોરણમાં પ્રવેશ મેળવી આપવામાં આવશે એમ કહેવામાં આવે છે. પોતાના બાળકનું એક વર્ષ બચે એ દૃષ્ટિએ વાલીઓ આવા પ્રકારના શિશુવર્ગમાં પોતાના બાળકોને મોકલવાનું વધુ પસંદ કરે છે. જરૂર પડે તો આવા વર્ગમાં તેઓ વધુ ફી ભરીને પણ પોતાના બાળકને દાખલ કરવા માટે પ્રયત્ન કરતા હોય છે. આવા પ્રકારના શિશુવર્ગમાં બાળકનું શિક્ષણ કેવા પ્રકારનું થાય છે એ તરફ જોવાની સરકારને જરૂર લાગતી નથી. એક સરકારી જવાબદાર વ્યક્તિએ મારી સાથે વાતો કરતા મને સીધે સીધુ કહી દીધું કે અહિં શિક્ષણના ક્ષેત્રમાં દરેકને પોતાપોતાની રીત પ્રમાણે પ્રયોગ કરવાની આપણે છૂટ આપવી જોઈએ." મેં કહ્યું, "આ પૂર્વ પ્રાથમિક શાળા કેવી રીતે ચાલે છે એની કંઈ આપને કલ્પના છે ?" ત્યારે એમણે કહ્યું, "કોઈ પણ રીતે આવા પ્રકારની શાળા ચાલે પરંતુ એ ચાલે તો છે ને ? સરકાર પાસે પૈસા નથી આવી પરિસ્થિતિમાં એ ખાનગી સંસ્થા બાળકોને માટે જે કંઈ કરે છે તે એક રીતે સરકારને મદદ જ છે. તમે એમ શા માટે કહો છો કે બાળકો ચાલીની ગંદી ગલીઓમાં ફરશે અને રસ્તામાં રમશે તો પણ ચાલશે પરંતુ આવી શાળા બંધ થવી જોઈએ ? આવી શાળાઓ બંધ કરવી એટલે સરકારે બાળકો માટે કંઈ પણ કરવું જોઈએ. અને સરકારથી આર્થિક તંગીને લીધે તેમ કરી શકાતુ નથી. ભોલેા હવે તમારે શું કહેવું છે ?"

મેં કહ્યું, "જે સરકારને બાળકનો વિચાર જ કરવો નથી તેને મારા કહેવાનો પણ શો ઉપયોગ થશે ? હું એટલું

કહુ છુ કે લોકોની નૈતિક કક્ષા જ્યાં બાળકનુ પણ શોષણ કરવા સુધી નીચી ગઈ છે ત્યાં નિયંત્રણો-અંકુશો અનિવાર્ય છે. પૈસા ખર્ચ્યા વગર પણ સરકારની ઈચ્છા હોય તો સરકાર કેટલીયે બાબતો કરી શકે પરંતુ આવી બાબતો તમારા જેવા અધિકારીઓએ સરકારને સૂચવવી જોઈએ.

મે ચાલુ રાખ્યુ ને કહયુ, "મારી એક વિદ્યાર્થિની મુંબઇની જ એક પ્રતિષ્ઠિત શાળામા નોકરી શોધવા માટે ગઈ હતી. આ વિદ્યાર્થીનીને મળેલો જવાબ પૂર્વ પ્રાથમિક શિક્ષણની હાલની પરિસ્થિતિ ઉપર વેધક પ્રકાશ પાડનારો છે તે હુ તમને એના પત્રમાંથી વાચી સંભળાવુ છુ' આ શાળાના મુખ્યશિક્ષક એ વિદ્યાર્થીનીને કહે છે "અમારી પાસે મોન્ટેસોરી બાન્ટેસોરી કંઈ ચાલતુ નથી. બાળકોને સંભાળવા માટેજ અમને એક શિક્ષિકા જોઇએ છે. અમારી પ્રાથમિક શાળાના પહેલા ધોરણમાં જાય ત્યાં સુધી એ બાળકોને ગમે તેમ ચલાવી લેવા. અમારી પાસે સાધન નથી, રમવા માટે જગા પણ ક્યાં છે ? આ એક ઓરડામાં ચાલીસ કોઈવાર પચાસ પણ બાળકો અમને ભરવા પડે છે. બોલો તમને ગાતા વિગેરે આવડે છે કે ? વાર્તા, ગીતો અને બેઠાં બેઠાં રમવાની રમત આવડતી હોય તો અમને એટલું જ બસ છે. ટ્રેઈન્ડ શિક્ષકોને શું કરવા છે ? શિશુવર્ગ અથવા પૂર્વપ્રાથમિક વિભાગને ગ્રાન્ટ તો મળતી નથી અને ખર્ચ તો નીકળવો જોઇએ. એટલે બાળકો તો વધારે લેવા જ પડશે. સાધનો લાવીને મૂકવા પણ ક્યાં ? તમારે નોકરી પર રહેવું હોય તો હા કહો નહિ તો અમને ઘણાં શિક્ષકો મળી રહે છે." પત્રનો ઉતારો સાંભળીને એ અધિકારી આશ્ચર્ય ચકિત થઈ ગયા. લોકોએ અને સરકારે આ બાબતમાં સમયસર જ ચેતી જવુ જોઇએ. પૂર્વપ્રાથમિક શિક્ષણ લોકોની શોષણવૃત્તિનુ કારણ ન બને તો જ આ શિક્ષણનો હેતુ સંપૂર્ણરીતે સફળ થશે.

—શે. ના. નામલે.

સંસ્કારનો વારસો

આંગળી ચીંધ્યાનું પુણ્ય.

કલકત્તા પહોંચ્યો ત્યારે હાવરા સ્ટેશને જ અમારા જૂના પડોશીના પુત્ર અનિલરાય મને લેવા આવેલા પાંત્રીશેક-વર્ષના અનિલરાય મારી સામે જોઈ રહયા અને એમણે તરત મને ઓળખી કાઢયો

લગભગ વીશ વર્ષે હું એમને જોતો હતો એટલે મારે માટે તો કિશોર અનિલમાંથી આ યુવાન બનેલા અનિલરાય ઓળખવા એ અશક્ય જ હતુ.

ઈસ્ત્રીબંધ કોટપાટલૂન અને વ્યવસ્થિત વાળવાલા એ મારી સામે આવીને નમસ્કાર કરી ઉભા રહયા. અને નમસ્કાર વિધિ પતાવી અમે એમની મોટરમા એમને બંગલે ઉપડ્યા.

બંગલે પહોચતાં પગથિયા પાસેજ તારવાલો મળ્યો અને અનિલરાય તાર વાચીને બોલી ઉઠયા.

'સુમનકાકા, મારે હમણાજ સાહેબ પાસે જવુ પડશે.'

અને મને લઈ બંગલામા દાખલ થતાજ એમણે બૂમ મારી.

'હસુ'

'એ ...નહાઉં છુ

'જલ્દી બહાર આવજે, આ સુમનકાકા આવ્યા છે. હું જરા ઉભાઉભ સાહેબ પાસે જઈ આવુ.'

'એ ભલે હમણાંજ નીકળી.'

અનિલરાય મારા તરફ ફરતા બોલ્યા

'એક મિનિટ, હા! હમણાં હસુ આવશે. અને હુ પણ પંદરવીશ મિનિટમા ઓવ્યો સમજો.'

અને એ માથે હેટ મૂકતા બોલ્યા.

"આખર નોકરી એ નો·કર·રી·જ ! સુમનકાકા!" એમ કહેતા એ ચાલ્યા ગયા.

હુ દિવાનખાનામાં સોફા ઉપર બેઠોબેઠો આસપાસ જોવા લાગ્યો. અનિલરાય વિમા કંપનીમાં કોઇમોટા અધિકાર ઉપર છે અને પામતા પહોંચતા માણસ છે.

એ દશેક વર્ષ ઉપર એક પત્ની ગુજરી જતાં બીજી વાર લગ્ન કરવા ગુજરાત તરફ આવેલા. એ લગ્ન વખતે મારા ઉપર કંકોત્રી હતી પણ જવુ જોઇએજ એટલા નજીક ન કહેવાઇએ.

આખુ દિવાનખાનું બહુજ સુદર રીતે શણગારેલુ હતુ. અને એમા સુરુચિ દેખાઈ આવતી હતી.

આમ પણ જે પંદરવીશ મિનિટનો એમનો

પરિચય થયેલો એ ઉપરથી એમનો સંસ્કારી પ્રેમળ સ્વભાવ ઓળખાઈ રહેતો હતો.

હું આ બધું જોતો વિચારમાં બેઠો હતો, ત્યાં અંદરથી ખૂબ સંભળાઈ. એ હસુબેનની જ હતી. એ બંગલીમાં નોકરને ચહા તૈયાર કરવાનું કહી રહ્યા હોય એમ અટકળ કરી.

અને બીજી જ પળે એ બહાર આવ્યાં. ચોવીસ, પચ્ચીશ વર્ષનાં એ હશે. એમના છુટા વાળમાંથી જલ-બિન્દુઓ ટપકતાં હતાં. માથે ઓઢતાં એ મારા તરફ આવ્યા અને હાથ જોડી મને નમસ્કાર કર્યા.

મેં પણ પ્રતિનમસ્કાર કર્યા.

પણ કોણ જાણે કેમ હસુબેન નમસ્કાર કરીને જાણે ચમકી ગયાં હોય તેમ લાગ્યું: એ મારા મ્હોં સામે જોઈજ રહ્યાં હતાં.

હું જરા મુંઝાતો હતો.

કેટલીક વારે એ બોલી ઉઠ્યાં :

'આ ...પ, સુમનકાકા?'

'હા' મેં જરા સ્મિત સાથે કહ્યું :

'કેમ, એમા કંઈ શક છે?'

'ના ...નહી. પણ.....

ફરી એ મુંગાં ઉભાં રહી મારી સામે જોઈ રહ્યા. ફરી થોડી વારે બોલ્યાં:

'આપ કયાંથી, અમદાવાદથી આવો છો?'

'નહી, મુંબઈથી આવું છું. પણ હા, હું અમદા-વાદમાં રહયો છું ખરો. ત્યારે મારી મીલમાં નોકરી હતી.'

હું એમની સામે જોયા વગર જ બોલ્યે જતો હતો.

'...અને ત્યાં કાળુપુરમાં.....'

વિશેષ આગળ બોલું તે પહેલાં, જોઉં છું તો હસુબેન પોતાના માથા ઉપરનો પાલવ વિશેષ ખેંચતાં એકદમ મારા પગમાં ઢગલો થઈને પડ્યાં.

'ઓ....સુમનકાકા.....,

આટલુંજ એ બોલી શકયાં. એમની આંખમાં આંસુ હતાં, અને તે આનંદાશ્રુ હતાં.

પણ હું તો મુંઝાઇ જ ગયો. હું કંઈ સમજી ન શકયો. હું મનભાવે જોઇજ રહયો. એ મારા ચરણસ્પર્શ કરીને ઉભાં થયા :

'મને ન ઓળખી?'

મે ખૂબ ધારીધારીને જોયું પણ કંઈ સમજ ન પડી.

'નહી. કંઈ ખબર નથી પડતી'

એમણે બૂમ મારી :

'પ્રતિમા'

અને બહાર ભાગમાંથી એક પાંચેક વર્ષની છોકરી આવી.

'કેમ મમ્મી?

હસુબેન પ્રતિમાને બાજૂમાં લેતા બોલ્યા :

'આ પ્રતિમાને જૂઓ. બોલો હવે કંઈ ઓળખ પડે છે?'

હું છોકરીને ધારીધારીને જોઈ રહયો.

જાણે એ છોકરીને કયાંક જોઈ હોય એવી ભ્રમણા થઇ. પણ કયાં જોયેલી, કયારે જોયેલી એ કંઈ ન સમજાયું.

હસુબેનનું મ્હોં મારી મુંઝવણ જોઇ હસુહસુ થઇ રહ્યું હતું.

'લાગે છે કે આપને કયાંક જોઇ હોય, પણ કયાં અને કયારે એ નથી યાદ આવતું.

એ હસતાં બોલ્યા.

'એ બિચારી તો કલકત્તાની બહારજ નથી ગઇ!'

'હા, તો બરાબર. એ તો મારી ભ્રમણા હશે.'

'નહી, એ ભ્રમણા પણ નથી.' હસુબેન બોલ્યા.

હું ઉત્સુકભાવે એમની તરફ જોઇ રહયો. એ આગળ બોલ્યા :

'એકવાર હું ય પ્રતિમા જેવડી હતી અને એવી જ દેખાતી હતી. અને ત્યારે હું ય કાળપુરમાં દિવાળી માશીને ઘેર .....'

એ આગળ શું બોલી એ મારા કાને ન સાંભળ્યું. હું એકદમ ઉશ્કેરાટમાં બોલી ઉઠ્યો :

'હેં! હસુ.....તું?'

'હા....કાકા ...'

એ એકદમ પાસે આવીને મારી બાજૂમાં સોફા ઉપર બેસતી મારો હાથ લઇ પોતાને માથે મુકતી બોલી:

'કાકા, આ તમારો પ્રતાપ છે. આજે હું જે સુખ ભોગવું છું, એ બધો ય તમારો પ્રતાપ છે,'

મારૂ મન પણ ખૂબ પ્રફુલ્લિત થઇ ગયું. એના માથા ઉપર હાથ ફેરવતાં મેં કહયું:

'સારૂં, સારૂં હસુ, મને ખૂબખૂબ આનંદ થાય છે. ભગવાન તને સદાય સુખી રાખે.'

પ્રતિમા તો આ બધું જોઇને ડઘાઇજ ગઇ હતી. અને મેં પાસે લેતાં કહ્યું:

'પ્રતિમા દિકરી, જો આ તારી મમ્મી તારા જેવડી હતી ને ત્યારે મેં એને રમાડેલી. હવે તને રમાડવા આવ્યો છું.

હસુ તો જાણે એ દિવસોની નાની બાળક હોય તેમ મારો હાથ પકડીને બેસી રહી.

પ્રતિમા જરા અપરિચિત લાગવાથી મારા હાથમાંથી છટકીને બહાર દોડી ગઇ.

હું એની પાછળ જોઈ રહ્યો.

કેટલીક વારે હસુ ઊઠી.

'કાકા, તમારે માટે ચહો લાવું.'

એ દોડતી અંદર ચાલી ગઇ. એ આવી ત્યારે એના હલનચલનમાં એક પ્રકારની ગંભીરતા હતી એ બધી જાણે ક્યાંય ચાલી ગઇ. એ પ્રતિમા જેવડી નાની બની દોડતી અંદર ચાલી ગઇ.

એના ગયા પછી મને એ ભૂતકાળના દિવસો યાદ આવવા લાગ્યા.

અમદાવાદમાં હું નવોજ મિલમાં કામે લાગેલો અને એકલોજ હોવા કારણે દિવાળીભાની એક ઓરડીમાં ભાડે રહેતો અને એમની બીશીમાં જ જમતો.

પહેલું જ ધ્યાન મારું આ હસુ ઉપર ગયું.

પહેલેજ દિવસે જ્યાં જમવા બેસું છું તો એક ૭ સાત વર્ષની છોકરી મારે માટે પાટલો માંડે છે, પાણી લાવે છે, થાળીવાટકો મૂકે છે. ત્યારે પીરસવાનું કામ તો દિવાળીમાં પોતેજ કરતાં. પણ જમી લીધું કે થાળી પણ પેલી છોકરી ઉપાડે છે અને ચોકો કરે છે.

આવડીક નાની છોકરીને આ બધું કામ કરતી જોઇને હું બહુ આશ્ચર્ય પામતો'તો-એક મોટી ઉંમરની બાઇ જેટલું જ એ કુશળતાથી કામ કરતી હતી. પણ છતાંય હું જોતો કે દિવાળી મા હાલતાં ચાલતાં એને ધમકાવ્યાજ કરતાં.

'વોય વેઢો, કંઇ ન આવડયું. માએ કંઇ શીખવાડયું હોય તો ને?'

આમ વાગ્બાણ ચાલ્યાંજ કરે.

પણ એ છોકરી જરાકે સામો જવાબ ન દે, કે ન તો એ રડી પડે. એ માત્ર મૂઢની માફક કામજ કર્યા કરે.

મને આથી બહુજ આશ્ચર્ય થયા કરે.

એમ કરતાં એકાદ મહિનો ગયો. અને હું ધીમે ધીમે હસુની નજીક આવતો ગયો.

હસુને કદિ કદિ હું પૈસો બે પૈસા આપું. કદિ ચહા પાઉં. કદિક ફળો ખાવા આપું.

પહેલાં તો એ કંઇ ન લે અને ચહા પણ ન પીએ.

આવડું બાળક આટલું વ્યવહારું, આટલું પીઢ જોઇ મને બહુ જ નવાઇ થતી'તી.

પણ રહેતે રહેને ઉપરનું એ કૃત્રિમ બોળીયુ ખસી ગયું. એકવાર એ મારી ઓરડીમાં આવીને ખૂબ રડી. અને મેં એને ખૂબ સમજાવીને શાન્ત કરી.

પછી તો એ મારી પાસે પોતાના મનમાં ઉઠતા બધા ભાવો કહેવા લાગી. એ ચહા પીવા નિયમિત આવવા લાગી. મારાં ફળોમાંથી એની મેળેજ ખાવા લાગી, પૈસા જોઇએ તો સામે ચાલીને માગવા લાગી. અને આમ કરતાં તો એ એટલે સુધી નજીક આવી કે એને પૈસા જોઇએ તો મારા ખીસ્સામાંથી લઇ લે અને મને કહેતી જાય કે આટલા પૈસા લીધાં છે.

આમ કરતાં અમારી દોસ્તી આગળ વધી. એની મા એને પાંચ વર્ષની મુકીને મરી ગયેલી. સગામાં આ એની વાધણ જેવી દિવાળી માશી.

માશી એક બાજૂથી બે નોકર જેટલું એની પાસેથી કામ લે અને ઉપર જતા પોતાના સગાં સંબંધીઓમાં કહેતી ફરે:

'આ બેન મરી ગઇ, એ તો છૂટી. પણ કંઇ મારે છૂટકો છે? આ હસુને હવે મારેજ ભણાવવી ગણાવવીને સારું ઘર જોઇ પરણાવવી રહી.'

વળી કહેશે:

'પણ અકર્મીના ભાગ્ય કાંણાજ હોય. મુઇને ભણાવવા કેટલું કરું છું. પણ ભણે તો ને? એની બેન એને મારે, હું વઢું, પણ એ ભણે તો ને?'

મેં એકવાર હસુને કહ્યું:

'હસુ, તું ભણવા કેમ જતી નથી?'

'નહિ, નથી ભણવું. નથી ગમતું.'

'અરે પણ ભણ્યા વગર ચાલે? તો શું આમ આખી જિંદગી તું વાસણ જ ઘસ્યા કરીશ?'

એ મુંગી થઇ જતી. એ જવાબ ન દેતી. પણ કોને ખબર એના મનમાંય હશે કે એક દિ' પોતાને પરણવા કોઇ રાજકુંવર આવશે ને પોતે સુખી થઇ જશે.'

પછી મેં એને થોડું થોડું ભણાવવા માંડ્યું. મેં

જોયું કે એ ખૂબ રસથી મારી પાસે ભણવા લાગી. અને પછી તો એને વાંચવામાં ખૂબ રસ લાગ્યો. હું એને માટે ખાસ પુસ્તકો લાવતો અને એ ઝપાટાબંધ વાંચી જતી.

આ સાથે એનું વેઠકામ તો ખરું જ, ઉપરાંત એ મારી ઓરડીનું બધું સ્વચ્છ ને વ્યવસ્થિત રાખે.

આમ અમારી દોસ્તી બે વરસ ચાલી ને એટલામાં તો એ અંગ્રેજી પણ ભણતી થઇ ગઇ.

પણ પછી મારી મુંબઈ બદલી થઇ. મને હસુને છોડી જવું નહોતું ગમતું. મેં દિવાળી માને કહી પણ જોયું. પણ એ કંઇ મારા જેવા પરાયા માણસને હસુ સોંપે ? –અને એથી એને પણ કેટલું નુકસાન થાય ?

આમ અમે વિખુટાં પડ્યાં. અને પછી તો જતાં આવતાં હું હસુને મળતો. એનું ભણતર બરાબર આગળ વધે એવી હું વારંવાર સલાહ દેતો રહેતો.

પણ પછી તો અમારો સંબંધ ઢીલો પડી ગયો. મારે ગામોગામ ફરવાનું થતાં હું એની ભાળ ન લઇ શકયો.

અને કેટલાંક વર્ષો પછી હું જ્યારે અમદાવાદ ગયેલો ત્યારે દિવાળીમાએ હસતાં હસતાં મને આવકાર આપેલો, મેં હસુના ખબર પૂછ્યા. એ હસી પડ્યા:

'સુમનભાઇ, તમે તો સતજુગની વાત કરો છો. અરે, હસુ તો કેવી નસીબદાર ! ખાસ્સા લખપતિને પરણી ને એ મજાની લહેર કરે છે–મને તમે શું સમજો છો ? તેં છોડીને જેવી તેવી ભણાવી'તી ? અરે પુરી બાલિસ્ટર બનાવી દીધી'તી !'

પણ મને પેટમાં ફાળ પડી કે જરુર એ લખપતિ કોઇ ઘરડો ખાખ હશે અને બિચારી હસુ કુવામાં ધકેલાઈ ગઇ હશે. આ ડોશીએ પણ સારો એવો દલ્લો માર્યો હશે.

વિશેષ પૂછ્યા વગર હું ત્યાંથી ઊઠી ગયો.

અને ત્યાર પછી તો વર્ષો વીતી ગયા.

કયાંય સ્વપ્નમાંય આશા ન હોતી કે એ ફફડતી પારેવડી એ આ હસુબેન હશે.

મારા મનનો આનંદ સમાતો નહોતો. 'આખરે હસુ સામે ભગવાને જોયું' એ વિચારે મારું મન પુલકિત થતું'તું. અને હું આનંદના આવેગમાં સોફાના હાથા ઉપર મારો હાથ થાબડતો પડયો હતો.

અને ત્યાં અંદરથી હસુ અને તેનો નોકર બંન્ને મોટા તાસકોમાં ચહા, નાસ્તો અને ફળો લઇ આવી પહોંચ્યાં.

હસુ પાછી મારી બાજૂમાં ઘુસી ચહા તૈયાર કરવા લાગી.:

'કાકા, કેવો યોગ ભગવાન ઘડે છે ! હું કેટલીય વાર સંભાર્યા કરું કે 'અરે કયાંય સુમનકાકા મળે ! મળે તો કેવું સારું ? અને આજ ભગવાને મારી આરતી સાંભળી–બસ હવે મારું બધુય સુખ પૂરું થયું. હવે મારે કંઈજ નથી જોઇતું.'

કેટલો એનો ઉમળકો ! કેટલો એનો પ્રેમ !

એ ચહા તૈયાર કરવા લાગી ત્યાંજ અનિલરાય આવી પહોંચ્યા.

મેં એમના તરફ નવીજ દૃષ્ટિથી જોયું. હવે એ મારે મન મારી સિન્ડેલાના રાજકુંવર હતા.

'હાં, બરાબર હસુ, વખતસર જ આવી પહોંચ્યો હું; ખરું ?

હસુને મારી બાજૂમાં આટલી નજીક બેઠેલી જોઇને એમને જરા વિમાસણ થયું.

પણ હસુ તો એજ સહજ ભાવે બોલી;

'હા, ઠીક થયું. નહિ તો આ બધું ઠરી જાત.'

પછી એ બહુજ ગંભીર ભાવે બોલી:

'જૂઓ તમે મને ઘણીવાર મહેણાં મારો છો કે મારે મા કે બાપ કોઇ નથી. અને દરેક વખત હું કહું છુ કે મારે મા ભલે ન હોય, પણ મારે બાપ છે ?

અનિલરાય વચ્ચેજ બોલી ઉઠ્યા:

'હા, ને એ કયાં છે એની તને કદિય ખબર નથી પડતી.'

'હા. પણ આજ ખબર પડી ગઇ છે.

અનિલરાય ખુરશીમાં બેઠા થઇ જતા બોલ્યા:

'શું કહે છે હસુ ? પત્તો લાગ્યો ?

બહુજ ગંભીર ભાવે હસુ બોલી રહી હતી.

'હા, અને જૂઓ, આજ આપણે ઘરેજ આવ્યા છે.

એ ફરી મારો હાથ પકડીને રમાડવા લાગી.

મારી અવસ્થાને ન શોભે પણ મારી આંખો હર્ષાશ્રુ ખાળી ન શકી.

અનિલરાય આશ્ચર્ય મુગ્ધ થઈ અમને બંન્નેને વારાફરતી જોઇ રહ્યા.

—'ઓજસ'

બાળમંદિરમાં હસ્તલિખિત સાધન

પૂર્વ પ્રાથમિક સંસ્થાઓમાં ઘણાં ભાષા તથા ગણિતના સાધનો કે જે તૈયાર બનાવેલા દુકાનેથી મળતા નથી, તે હાથે લખીને બનાવવાના હોય છે, પરંતુ ભાગ્યેજ કોઇક જ સંસ્થામાં સારા અને પુરાં સાધનો બનાવેલા નજરે પડે છે. આનું કારણ શું હશે ?

શું આપણને આ સાધનોની જરૂર નથી, કે એ વિષે પૂરી માહિતી હોતી નથી ? સંસ્થામાંથી શું સાધનો બનાવવા માટે જોઇતી વસ્તુઓ નથી મળતી ? કે આપણે આ બાબત માટે બેદરકાર કે આળસુ હોઈએ ? કયા સાધનો સારા કહેવાય ને કયા સાધનો ખરાબ કહેવાય એની શું આપણને દૃષ્ટિ નથી ? એમ કહેવાય કે એક જ સંસ્થાના શિક્ષકોમાં સહકાર ન હોવાથી કે અણબનાવને અંગે આપણે સાધનો નથી બનાવતાં ? આવા પ્રશ્નો શિક્ષકો પોતાની જાતને પૂછી જોશે તો પોતાની સંસ્થામાં સાધનો કેમ નથી તેનો જવાબ મળી રહેશે.

મેડમ મોન્ટેસોરીના કહેવા પ્રમાણે બાળકના વિકાસને પોષક, સ્વચ્છ, સુંદર અને આકર્ષક સાધનો તેની સમક્ષ આપણે ધરવા જોઇએ. હવે આકર્ષક ને સ્વચ્છ સાધનો ઓછા ખર્ચે કેવી રીતે બનાવી શકાય, એ વિષેનો મારો અનુભવ મુદ્દા સાથે જણાવીશ.

દરેક સંસ્થામાં બધા શિક્ષકોએ સાથે બેસીને જ ખંતથી સારામાં સારા સાધનો બનાવવા પ્રયત્ન કરવો જોઇએ. આ કાર્ય માટે લગભગ દરેક સંસ્થામાં શનિવારનો દિવસ ખાલી રાખવામાં આવ્યો હોય છે. તેથી સહેલાઇથી બધા શિક્ષકો સાથે બેસી એક બીજાના સહકારથી સાધનો બનાવી શકે છે. નવા સાધનો કયા કયા બનાવવા, કે કયા સાધનોનું સમારકામ (રીપેરીંગ) કરવાનું છે, અથવા હસ્તવ્યવસાયમાં શું માંડવાનું છે વિગેરે કામોની યાદી કરી, બધો વિચાર શુક્રવારે કરી, તેને લગતી ચીજ વસ્તુ છે કે નહિ તે તપાસી લઇ પૂર્વતૈયારી કરી રાખવાથી શનિવારે કામ ઘણું સરળ અને વધારે થાય છે. કાગળો, પૂંઠા, સાહી, ગુંદર વિગેરે વસ્તુઓ ઉંચી જાતની વાપરવાથી સાધનો સુંદર ને આકર્ષક બને છે. વળી ન જાય એવી જાતના કાગળો તથા પૂંઠા વાપરવાથી સાધનની આવરદા વધે છે, અને જે બનાવીએ તે સુંદર દેખાય છે. આને માટે સફેદ આર્ટ પેપર, વોટર પ્રૂફ રીબ્જ સાહી, રંગીન બોકસ પેપર અને વળી નહિ તેવા પૂંઠા ખૂબ સગવડતાવાળા થઇ પડે છે. આ જાતના કાગળો, બોકસ પેપર, પૂંઠા વિગેરે રીમ કે ગ્રોસના ભાવે બે કે ત્રણ સંસ્થા સાથે મળીને લે તો મોંઘા ન પડે. નાની મોટી કાપલીઓ તથા પૂંઠા, આર્ટ પેપર લગાડી જોઇતા માપનાં પ્રેસમાં કપાવવાથી એક સરખાં સરસ તૈયાર થાય છે. આ પણ બે કે ત્રણ બાલમંદિરો મળી વધારે પ્રમાણમાં સાથે કપાવે તો મોંઘુ ન પડે ને સુંદર સાધનો બની શકે. સાધનો લખાય ને તૈયાર થાય કે તરત જ બટર પેપર દરેક ઉપર વ્યવસ્થિત રીતે લગાડી ડબ્બાઓમાં રાખવામાં આવે, તો દોઢથી બે વર્ષ કાપલીઓ, ચોપડીઓ વિગેરે સારાં રહે છે. આમાં નાની મોટી દરેક જાતની કાપલીઓ પૂંઠા ઉપરે આર્ટ પેપર લગાડીને જ તૈયાર કરેલી હોવી જોઇએ જેથી વળી જતી નથી. લગભગ છ કે આઠ મહિને ઉપરના બટર પેપર, ને બોકસ પેપર મેલાં થાય કે ફાટે ત્યારે બદલવા પડે છે, આથી સારી વસ્તુઓ વાપરવા છતાં મોંઘી પડતી નથી. જો કે નાનામાં નાની કાપલીને પણ બટર પેપર લગાડવાનો હોય છે, તેથી એક સાધન બનાવતા ઘણો સમય લાગે છે. આ ચિઠ્ઠીઓ, ચોપડીઓ, ભૌમિતિક આકૃતિના ત્રણે કક્ષાના કાર્ડસ ને વૈજ્ઞાનિક કાર્ડસને ગણિતનાં ૯૯૯૯ સુધીના નાના મોટા પૂંઠાને, ચાર્ટને, એ બધાંને બટર પેપર ચોટાડવાથી ઘણો લાંબો વખત ટકી રહે છે. બટર પેપર બે જાતનો આવે છે. જેમાંથી અક્ષર સ્પષ્ટ દેખાય એવો જ લેવો જેથી બાળકોને વાંચતી વખતે મુશ્કેલી ન પડે. જીલેટીન પેપર ઋતુ પ્રમાણે નરમ અને કઠક થાય છે, એવું અનુભવથી માલમ પડવાથી એ લગાડવો નકામો છે. કોઈ પણ સાધન કે ક્રમ વિષે ચોક્કસ ખબર ન હોય તો ખોટું ખરૂં ન લખતા બીજી સંસ્થાઓ જે સાધન સંપન્ન હોય ત્યાં , જઈ તે વિષે સંપૂર્ણ માહિતી મેળવી લીધાં પછી જ સાધનો બનાવવા.

પછી સાધનો પ્રત્યક્ષ બનાવતાં પહેલાં તેનાં વિષે પૂરો વિચાર કરી, એક કાગળ પર પહેલાં શુધ્ધ જોડણી સાથે લખી, બરાબર છે કે નહિ તેની ખાત્રી કરીને જ કાપલી, પૂંઠા, ચોપડી વિગેરે જેનાં પર નક્કી કર્યું હોય તેના પર લખવું. અક્ષરનું માપ કક્ષા પ્રમાણે પહેલેથી નક્કી કરી લેવું. જરૂર પડે તો શુધ્ધ જોડણી જોવા શબ્દકોષનો ઉપયોગ કરવો

જેમનાથી સીધું કાપી શકાતું હોય, તેમજ સીધી લીંટી દોરી શકાતી હોય તેમણે જ કાપવાનું તથા દોરવાનું કામ લેવું. જેમનાં અક્ષરો સૌથી સુંદર હોય તેમણે જ લખવાનું કામ કરવું. ફૂટ વાપરવા છતાં ઘણાં સીધી લીંટી દોરી શકતાં નથી, તેમજ સીધી લીંટી દોરેલી હોય છતાં કોઈ કાતરથી સીધું કાપી શકતું નથી. માટે જ ઉપર પ્રમાણે કામની વહેંચણી કરી લેવાથી ખૂબ અનુકૂળતા થઈ પડશે. વાંકી લીંટી, ગમે તેવાં અક્ષર, વાંકુચુંકુ કાપેલ કે બટર પેપર લગાડતાં ગુંદર આજુબાજુ લાગે, આમાંનું કંઈપણ સે'જસાજ પણ ચલાવી ન જ લઈ શકાય તેવો આગ્રહ ખાસ રાખવો. આ રીતે કરવાથી સાધનો સરસ બને છે, પરંતુ દરેકને લગભગ એકનું એકજ કામ વહેંચણી કરવાથી કરવાનું રહે છે, આનો અર્થ એવો નથી, કે બીજું કામ શીખવાનો પ્રયત્ન જ ન કરવો. આપણાં કામની સાથેસાથ ખંતથી બીજું કામ શીખવાનો પ્રયત્ન કરી ધીમે ધીમે બધું કામ દરેકે કરતાં થઇ જવું જોઇએ. જાતજાતના ઘાટની ચોપડીઓ કાપવા કરતાં સાદી જ કાપવી, અંદર શબ્દો છૂટા છૂટા ચોપડીના માપ પ્રમાણેજ લખવાં. નાનાં મોટાં અક્ષરો ન લખતાં, એક સરખાં જે માપ બાળકની કક્ષાને યોગ્ય હોય તેવાંજ લખવા. જોડકણાં કે નાના પાઠો લખતી વેળાએ પાના કે પૂંઠા પર ઝાંખી લીંટીઓ એક સરખું અંતર રાખીને દોરવી. આને માટે ડબલ કે સીંગલ લાઇન જેવી દોરવી હોય તેવી નોટનું પાનું લઈ તેની લીંટીઓ પ્રમાણે જેના પર લખવું હોય તેના ઉપર પાનાને રાખી પેન્સીલથી ઝાંખા ટપકાં કરી લીંટીઓ દોરવાથી સહેલું પડે છે. કાપલીઓમાં બન્ને બાજુ સરખી જગ્યા રાખી જરૂર હોય તો દોરેલી લીંટી વચ્ચેજ લખવું. પછીથી હલકા હાથે સારા રબ્બરથી લીંટી ભૂંસી નાખવી. લખવામાં બરૂ કે કોપીની સ્ટીલો બેમાંથી વધારે જે ફાવે તેનાથી લખવું. ફળ, શાક, વાહન, પશુ, પક્ષી વિગેરેના નામની ચોપડીના પૂંઠા પર તેને લગતાં એક કે બે રંગીન ચિત્રો લગાડી ઉપર બટર પેપરનું પૂંઠું ચડાવી દેવાથી, ચોપડીઓ વધારે આકર્ષક બને છે અને ખરાબ થતી નથી. આવા ચિત્રો જૂના ઇંગ્લીશ માસિકો, નવા વર્ષના કાર્ડો કે "ઇલસ્ટ્રેટેડ વીકલી" માંથી ઘણાં મળી આવે છે. તેની પાછળ ખર્ચ કરવાનો હોતો નથી. સાધનની કાપલી ચોપડી વિગેરે જરાક ફાટે કે એકાદ કાપલી ખોવાઇ જાય તો આળસ ન કરતાં, તરત સમારકામ કરી લેવું અથવા તો નવું બનાવી મૂકી દેવું. રેતીઆ અક્ષરો કે અંક, પૂંઠા પરથી જરાક ઉખડે કે તરત ગુંદરથી પાછા ચોંટાડી દેવા. વસ્તુ ચિઠ્ઠી, ચિત્ર ચિઠ્ઠી, વિજ્ઞાનના કાર્ડ વિગેરે જોવા સાધનો તૈયાર થયા પછી તેને ટ્રેમા મૂકવા કરતાં યોગ્ય ઢાંકણાંવાળા ડબ્બામાં રાખવાથી વસ્તુઓ કે નામની કાપલીઓ કે કાર્ડો મેલાં થતાં નથી કે ખોવાઈ જતાં નથી. વસ્તુ ને તેની કાપલી તૈયાર હોય પરંતુ એ રાખવા ડબ્બો ન હોય તો બાળક સામે ધરવાની ઉતાવળ ન કરતાં, અધૂરું સાધન માની ડબ્બામાં મૂકયા પછીજ બાળકની સામે ધરવું. આમાં બે દિવસ મોડું થશે, પણ નુકશાનકર્તા થશે નહિ. ડબ્બાઓ પર એની અંદર શુ છે તે લખી લેવું. જેથી વાંચીનેજ બાળક પોતે જે લેવુ હોય તે સહેલાઇથી લઈ શકે. અનાજ કઠોળ વિગેરેની બાટલીઓ હોય છે તેથી તે ટ્રેમાં રાખી, સાથે નામની કાપલી ડબ્બામાં રાખવી. એમાં પણ ડોકટર પાસેથી ઇંજેકશનની બાટલીઓ લઈ તેમાં અનાજ વિગેરે રાખવાથી એ ઘણા મહિનાઓ સુધી બગડતુ નથી. વસ્તુ ચિઠ્ઠી માટે મોંઘા મોંઘા રમકડાં ન ખરીદતાં, વધારે ટકે એવાં પિત્તળ કે લાકડાનાં લેવા, અથવા તો જેના પૈસા ન પડે એવાં શંખ, કોડી, છીપલી જેવા રમકડાં રાખવા. પ્લાસ્ટીકનાં રમકડાં સરસ હોય છે, પરંતુ બહુ જલ્દી ભાંગી જતાં હોવાથી મોંઘા પડે છે. બે-થી ચાર આનાની કિંમતના રમકડાં ખરીદવાનો નિયમ રાખવો. એ જ રીતે ચિત્ર ચિઠ્ઠી માટે મોંઘી મોંઘી ચોપડીઓ ખરીદી ન ફાડતાં, સારા રંગની ને વધારે ચિત્રો મળી શકે અને કિંમત સસ્તી હોય એવાં જૂના માસિકો લેવા જોઇએ. એક કામ શરૂ કર્યું હોય તે પૂરું કરીને તેને વ્યવસ્થિત રીતે મૂકીને પછીજ બીજું કામ હાથમાં લેવુ. દરેક કામમાં વ્યવસ્થા મુખ્ય ભાગ ભજવે છે, તેમ આમાં પણ એમજ છે. ચીજ વસ્તુ વ્યવસ્થિત મુકવામાં ન આવી હોય તો અર્ધો સમય એ શોધવામાં ચાલ્યો જાય છે, ને સાધન બનાવતા પહેલાંજ કંટાળી જવાય છે. આથી કબાટનાં જૂદા જૂદા વિભાગ પાડી નાખવા, જેમ કે એક કબાટમાં સ્ટેશનરી, બીજામાં વધારાના સાધનો અને તેને લગતો સામાન, ત્રીજામાં હસ્તવ્યવસાયની ચીજો. દરેક વસ્તુઓને ડબ્બામાં મૂકી ઉપર નામ લખી તેને લગતાં કબાટમાં મૂકવી. આ રીતે વિભાગ પાડી નાખવાથી જે વસ્તુ જોઇતી હોય તે તરત મળે છે. દરેક જણે માત્ર બધી વસ્તુ પાછી તેજ ડબ્બામાં ને કબાટમાં તેનીજ જગ્યાએ વ્યવસ્થિત મુકવાનું ખાસ ધ્યાન રાખવું. મુખ્ય વાત ઝીણામાં ઝીણી વસ્તુ કે એક કાગળનો ટુકડો પણ ગેરવલ્લે ન જાય, કે તેનો દુરૂપ-

યોગ ન થાય એ તરફ સૌએ ધ્યાન રાખવું જોઈએ. દરેક વસ્તુ ક્યાં મૂકેલી છે, તેની ખબર બધાં શિક્ષકોને હોવી જોઈએ. અને દરેકને કોઇપણ વસ્તુ પોતાની જાતે લેવા મૂકવાની છૂટ હોવી જોઈએ. આવી રીતે કરવાથી એકબીજાની ગેરહાજરીમાં પણ કામ અટકી પડતું નથી.

દરેકે દરેક વખતે સુધારો કરતાં કરતાં સારામાં સારા સાધનો બનાવવા સુધીની પ્રગતિ સાધવી જોઇએ. આને માટે દરેક શિક્ષકે પૂરેપૂરા ખંતથી સમય તરફ જોયા વગર શક્ય તેટલો વધારે પોતાનો ફાળો આપવો જોઇએ.

ઉત્સાહ, ધીરજ અને સમયનો ભોગ આ ત્રણે શક્તિને કેળવવામાં આવે તો જરૂર બાળકના વિકાસને પોષક એવા આકર્ષક સાધનો બની શકે.

"ઝાઝા હાથ રળીઆમણા" એ કહેવત પ્રમાણે સાથે મળીને સાધનો બનાવવાથી કામ ઘણું થઈ શકે છે. નવા નવા વિચારો જાણવા મળે છે. બધાંને તેની એકસરખી કિંમત રહે છે. બધા સાધનોથી માહિતગાર રહી શકાય છે.

ઘણી સંસ્થામાં પ્રદર્શન પુરતાંજ કે સંસ્થા જોવા મહેમાનો આવે, ત્યારેજ વાપરવા માટે સાધનો બનાવવામાં આવે છે. આવો દેખાવ શા માટે? આવી ચોરી કરી બાળકોના ગુન્હેગાર બનવા કરતાં સાધનોની અગત્યતા ન જણાતી હોય તો નિઃસંકોચ બિલ્કુલ ન બનાવવા.

સૂર્યના કિરણો અને સ્વચ્છ હવા મનુષ્ય જીવનની તંદુરસ્તીને જેટલા વધારે ને સારા મળે તેટલા વધારે પોષક છે, તેજ પ્રમાણે ભાષા અને ગણિતના બધા સાધનો બાળકના વિકાસને ખૂબ વેગ આપનારા છે, તેથી તે સારામાં સારા ને પૂરાં દરેક સંસ્થામાં હોવા જ જોઇએ તેવો મારો આગ્રહ છે.

ઉપરના મુદ્દાઓ ધ્યાનમાં રાખીને જો સાધનો બનાવવામાં આવે, તો કઈ સંસ્થાના સારા ને કઇ સંસ્થાના નહિ તે કહેવું જ અશક્ય બની જાય. બાળકોના વિકાસને વેગ મળે અને પૂર્વ પ્રાથમિક સંસ્થાઓનું ધોરણ ઘણું ઊંચું થઇ જાય.

—મૃદુલા શેઠ.

ડોક્ટર અને બાળકો.

શાળાના બાળકોની ડોક્ટરી તપાસ થવાની હતી. ડોક્ટર બેન આવ્યા હતા. શિક્ષકે જરૂરી સામગ્રી એકઠી કરી, ડોક્ટર બેનને બોલાવ્યા અને તુરત તેઓ વર્ગમાં ગયા. હું પણ તેમની સાથે વર્ગમાં ગઇ. શિક્ષકે બાળકોની તંપાસણીના તખ્તા હાજરી પત્રકના અનુક્રમ પ્રમાણે ગોઠવી રાખ્યા હતા, અને એક એક બાળકને બોલાવી લાવવાની તૈયારીમાં તેઓ હતા. એક શિક્ષિકા બધા બાળકોની વચ્ચે બેસી તેમને વાર્તા કહેતા હતા. સર્વ તૈયારી સરસ હતી. પણ બાળકો સામે જોયું તો શું દેખાયું?

પોણાથી વધારે ભાગના બાળકો એકંદરે તૈયારી જોઇ ગભરાયેલા દેખાતા હતા, વહેમથી આમતેમ જોતા હતા. બહુજ થોડાં બાળકો ખુશીથી તપાસ કરાવવા તૈયાર હતા. આવાં નિર્ભય બાળકોથી તપાસ કામ શરુ થયું. બેન વાર્તા કહેતા હતા, તે સાંભળવી તો ગમતી હતી. પણ કોઈ કોઇ બાળકો વચ્ચે વચ્ચે એક વખત ડોક્ટર બેન તપાસતી વેળા શું શું કરે છે એ તરફ નજર નાખતાં દેખાતા હતા. ધીમે ધીમે સહકાર આપે એવાં બાળકો પૂરા થયાં. કોઇ કોઇ બાળક જરા હઠ કરી, આવવાની ના કહેતાં, પરંતુ બેન વાત કરતાં કરતાં ઊંચકીને લઈ જતા હતા. વળી કોઇ બાળકો અંદરથી જરા ડરતા તો પણ ગમે તેમ તપાસ કરાવી. કોઈકે માત્ર રડવાનું શરુ કર્યું. "તને તપાસવાના નથી" કહે તો પણ રડવાનું બંધ ન થાય. આવા બે ત્રણે આખી શાળા માથે લીધી. વાર્તા કહેવી ને સાંભળવી બંન્ને અધૂરા રહ્યા. આ બે ત્રણના રડવાથી જેની તપાસ થઈ હતી તેમનામાંય ગભરાટ પેદા થયો.

મને સમજાયું નહિ કે આ બે ત્રણ જણાંને ડોક્ટરને જોતાંજ આટલું રડવું કેમ આવ્યું? કારણ કે અમારા ડોક્ટર બેન બાળકો સાથે હસી બોલી, ગમ્મત કરી તપાસવાનું કામ કરતા હતા. તેમના કપડાં વિગેરે

પણ તદ્દન ઘરગથુ સાદા અમારા શિક્ષિકા જેવાં જ હતા. બીક લાગવા જેવું તેમની પાસે કાંઇજ ન હતુ. તે છતાં બાળકો ગભરાયેલા હતા.

આવી રીતે અનેક બાળકોને ડોકટરોથી બીતાં આપણે જોઇએ છીએ. વાસ્તવિક રીતે ડોકટર એ કંઈ એવું કોઇ ભયંકર પ્રાણી નથી કે જેને જોતાંજ બાળકે રડવાની શરુઆત કરવી, કે ગભરાઇ જઇ બાને અથવા એવાજ બીજા એક વિશ્વાસુ માણસને વળગીને બેસવું પડે! ઉલટા આપણે મોટા માણસો તો ડોકટર એટલે જાણે સર્વજ્ઞ એમજ માનીએ છીએ. આપણા શારીરિક રોગોથી આપણને મૂકત કરનાર, એટલુંજ નહિ પણ આપણને મૃત્યુમાંથી બચાવનાર એવા આપણાં મોટા હિતકર્તા ડોકટર સિવાય બીજું કોઇ નથી એમ આપણને લાગે છે. ગળગળા થઈ આપણે તેના પગે પડી આપણો પ્રાણ બચાવવા માટે તેને પ્રાર્થના કરીએ છીએ. અને આવા આ આપણાં જીગરજાન દોસ્ત-પરમેશ્વરને જોઇને બાળકોને ખૂબ બીક લાગે છે. એમ કેમ હશે?

બાળક એકદમ નાનું હોય છે ત્યાં સુધી તેને કાંઈનીજ બીક લાગતી નથી. આથી ડોકટરથી પણ તે બીતું નથી. છાતીને સ્ટેથસ્કોપ લગાડીને તપાસતા ડોકટરના ચશ્મા સામે મોટા કુતુહલની નજરે જોતા બાળકોને મેં જોયા છે. એવીજ રીતે બગલમાં થર્મામીટર રાખી અને તે હાથ દાબી રાખી થર્મામીટરનું ઘર કે બીજી એકાદ મોહક વસ્તુ બીજા હાથમાં આપી, ખુશીથી એની સાથે રમતાં બાળક પણ મેં જોયા છે. ઈંજેકશન આપતાં માત્ર એકદમ નાનું બાળક પણ રડે છે. પણ તે કેટલું? ક્ષણભર જ! શારીરિક વેદના અસહય થવાથી તે રડે પરંતુ તુરત બીજી પળે હસી રમવા લાગે છે.

કોઇ બાળક માત્ર ઘરમાં ડોકટરનાં પગલાં પડતાં જ કે ઘણાં ડોકટરનું નામ સાંભળતાંજ રડવા માંડે છે, મનમાંથીજ ગભરાઇ જાય છે. કેટલીક વાર, આપણને કંઇ થતું નથી, આપણા માટે દવા લાવવાની નથી, ઘરના બીજા કોઈ માટે દવા લેવા બા સાથે જવાના હોઈએ. આ સર્વ માહિતી હોવા છતાં બાળક દવાખાનાના રસ્તા પર ચાલતાની સાથે જ મનમાં અસ્વસ્થતા અનુભવે છે. કેટલીક વાર તે કહે પણ છે કે "હું દરવાજામાં થોભીશ. તું અંદર જઇ દવા લાવ," આવી રીતે ડોકટરથી બીતુ બાળક જો માંદુ પડે તો તેને તપાસી દવા આપવી બહુ મુશ્કેલ થઇ પડે છે. જો તેને એકાદ ગંભીર માંદગી આવે તો પહેલેથી જ અશકત થયેલા આ બાળકની પ્રકૃતિ પર ડોકટરની સારવારથી વિપરીત પરિણામ આવવાની પણ શકયતા ઉભી થાય છે. ડોકટર ઘરે આવી પાછા જાય ત્યાં સુધી તે બાળકને રડવાનો શ્રમ સહન કરવો પડે છે. આ વેળાએ બાળકના મનમાં ઘર કરી બેઠેલી આ બીકનુ કારણ શોધી કાઢી તે દૂર કરવાનો પ્રયત્ન આપણા તરફથી એકદમ સૂક્ષ્મ રીતે થવો જોઇએ એમ મને લાગે છે. અને સ્વાભાવિક રીતે જ આનુ કારણ શોધવાનુ કામ શરુ થાય છે. પરંતુ આ કારણો શોધવા બહુ દૂર જવું પડતુ નથી. આપણા ઘરની આસપાસ જરા ઉઘાડી આંખે જોઇશું અને વડીલોની બાળકો સાથે થતી વાતચીત સાભળશું તો આ કારણો મેળવવાનું સુલભ બનશે.

મા કયાંય પણ બહાર જવા નીકળી હોય, બાળક તેની સાથે બહાર જવાની હઠ લઇને બેઠું હોય, બાળકને સાથે લઇ જવામાં બાને અગવડ પડતી હોય, આવે સમયે તેની મા એકદમ સહેલો એક ઉપાય શોધી કાઢે છે. તે બાળકને કહે છે, "હું ડોકટરના દવાખાનામાં જવાની છું. ડોકટર મને બઇ કરવાના છે. તને એવી બઈ કરાવવી છે? નથી કરાવવીને? તો તું ગુપચૂપ ઘરમાં રહે." બાળક બિચારું બઈની બીકથી ગુપચૂપ ઘરે રહેવા કબુલ થાય છે. બા ઘરે આવે કે તેને પૂછે છે, "ડોકટરે બઈ કરી? જોઉં કયાં કરી? દુઃખે છે?" બા કહે, "આ જો" કહી બાળક સામે પોતે ગુન્હો કરી ઈંજેકશનથી એ બહુ દુઃખે છે એવો અભિનય કરી બતાવે છે. પોતાનું બ્હાનું ગળે ઉતારવા "ઓ રે! પ્રુંક માર" એમ પણ તે કહે છે. અને બચારું બાળક ધીમેથી પ્રુંકી માનું દુઃખ ઓછું કરવા પ્રયત્ન કરે છે. આ રીતે ડોકટર પાસે જવું દુઃખદાયક છે એમ મા જ બાળકને શીખવે છે. બાળક તેને એકલીને જ બહાર જવા દે માટે જ આવું જૂઠ્ઠું બોલે છે.

એક વખત એક બાઈને કયાંક ઓપરેશન કર્યું હતું. તેથી તે હોસ્પીટલમાં રહયા હતા. તેમનો ચાર વર્ષનો છોકરો ઘરેથી મળવા આવ્યો હતો. એ છોકરો મા પાસે બેઠો. વાત કરી પણ પછી ઘરે જવા તૈયાર થાય નહિ. આથી ત્યાં બેઠેલ નર્સે તેને કહયુ, "આમ જો, માને ડોકટરે મોટી બઇ કરી છે. તું જો અહિં રહેશે તો તને પણ તેવી જ બઈ કરશે. ચાલશે?' છોકરો બહુ હોંશીયાર હતો. તેણે કહયુ, "પણ હું માને લઈને ઘેર જઇશ." નર્સે કહયું, "પણ માને

એટલી મોટી ભૂલ કરી છે કે તેનાથી ઉડી એસી શકાતું નથી તેથી તે તારી સાથે કેવી રીતે આવી શકે ?" છોકરાને લઇ જવો પડયો. "બા તું એ દિવસમાં નક્કી ઘેર આવશે ને ?" એમ પૂછી ગળગળો થઇ એ ત્યાંથી નીકળી ગયો. પોતાની માને આ રીતે અપંગ કરી નાખનાર એટલું જ નહિ પણ પોતે ત્યાં રહે તો તેના પર પણ તેવો જ પ્રસંગ આણનાર ડોકટરના સકંજામાં ન સપડાવું તેવું તેણે નકકી કર્યું.-તે દિવસથી માને મળવા જવું પણ નુકશાન કારક લાગ્યું.

એક વખત એક છોકરીનુ ટોન્સીલ્સનુ ઓપરેશન કર્યું હતું. તેને સુંઘાડેલ દવા ઉતરતા પહેલાજ નકકી કરેલા ખાટલા પર તેને સુવાડવામાં આવી હતી. ધીમે ધીમે દવાની અસર ઓછી થવા લાગી. વચ્ચે વચ્ચે આંખ ઉઘાડી આમતેમ જોવાનો પ્રયત્ન કરવો લાગી. તેના ચહેરા પર એકદમ ફીકાશ આવી હતી. આંખો શાંત ને નિસ્તેજ દેખાતી હતી. નાકમાંથી લોહી નીકળવાથી ચહેરો મેલો દેખાતો હતો. ઉબકા આવી ઉલટી દ્વારા પેટમાંનું લોહી બહાર નીકળતું હતું. આથી ઓશીકા, ચાદર વિગેરેને પણ લોહીના ડાઘ પડયા હતા. એકંદરે એ દ્રશ્ય સારું ન હતું. આ વેળાએ તે છોકરીની એક બે ઓળખીતી સ્ત્રી પોતાના પાંચ ને ત્રણ વર્ષના છોકરાને અને છોકરીને લઈ ખબર કાઢવા આવી. ખરી રીતે એ બાઈઓને આટલાં વહેલાં આવવાની જરૂર ન હતી. છતાં પણ આવ્યા તો સાથે બાળકોને લાવવાની જરૂર ન હતી. તે બંન્ને બાળકોએ હોસ્પીટલમાં પગ મૂકયો ત્યારથીજ માને વળગેલા હતાં. તેઓ આ ઓરડામાં આવી પેલી નાની છોકરીની સ્થિતિ જોઈ ખૂબ ગભરાયા, તેમાં વધારો કરવાનું કામ ત્યાં હાજર રહેલા વડીલોએ કર્યું. "જોયું ને એનને કેવી બઈ કરી છે ? ઘરમાં ત્રાસ આપે તેને ડોકટર આવું કરે!" આમાં આશ્ચર્યની વાત તો એ હતી કે, એ આખી મંડળી બહુ સારી સુશિક્ષિત એવી હતી.

એક વખત એક ડીગ્રી ધરાવતી બાલશિક્ષિકાને ઘેર ગઈ હતી. તે શિક્ષિકાના બે નાના ભત્રીજા બહારગામથી ઘેર આવ્યા હતા. ખૂબ રમતિયાળ બાળકો હતા. તેમાંનો મોટો કબાટ પર ચડી કંઈક વસ્તુ કાઢવાની ખટપટમાં હતો. એ જોઈ બાલશિક્ષિકા સહજ રીતે બોલ્યા; "આમ જો આજે ડોકટર આવવાના છે. દાદાને "ટુચ" કરવા (ઈંજેકશન આપવા). તેથી હવે જો કોઇએ ગડબડ કરી તો હુ ડોકટરને કહેવાની છુ કે, આના પણ હાથે પર "ટુચ" કરો."

કેટલીક વાર નવો જન્મ લેનાર પોતાના ભાઇ બેન પણ પોતાના સુખના માર્ગમાં અડચણ રૂપ છે એમ બાળકને લાગતું હોય છે. આજૂબાજૂના વાતાવરણમાંથી જ તેના મનમાં એ નવાં બાળક બદલ અણગમો પેદા થતો હોય છે. આ નવુ બાળક મારા ઘરમાં શા માટે આવ્યું એમ પણ તેને લાગતું હોય છે. તેમાં પોતાની માને ખૂબ દિવસો સુધી પોતાને ઘરે રખી લેનાર અને પોતાના સુખમાં ભાગ પાડનાર ઘરે મોકલતાં પોતાનું સર્વસ્વ એટલે પોતાની મા આખો-વખત લઈ એમે એવું નવું બાળક તેણીની સાથે મોકલી દેનાર આ કોણ છે? આ આપણા ડોકટરજ છે, એમ બાળકને સમજાય છે. અને ડોકટર તરફ વધારે તિરસ્કાર પેદા થાય છે.

આવા જૂદાજૂદા પ્રસંગો સાંપડવાથી બાળકો ડોકટરથી બીએ છે, તેના કારણો સહેજે મળે છે. ડોકટર એ આપણું દુઃખ ઓછું કરનારા; આપણને સુખી કરનાર એવા જીગરજાન મિત્રો છે. એ ભાવના બાળકોના મનમાં ઉત્પન્ન થવાનો અવસર જ આપણા વડીલો ઉપસ્થિત કરતાં નથી. પરંતુ ડોકટર એટલે કોઈ એક દુષ્ટ રાક્ષસ જેવો છે તેમ આપણે તેને ઠસાવીએ છીએ ; અને તેની એજ કલ્પનાને પોષક એવું અનુકૂળ વાતાવરણ આપણે મોટેરાઓ સર્જતાં હોઇએ છીએ. એનાથી ઉલટુ થોડો વિચાર કરી, સંયમ રાખી જો બાળક સાથે આપણે બોલીએ, વર્તીએ કે ઘણા ડોકટરોએ આપણાં પાડોશીના બાળકો પર કરેલા ઉપચારને તેનાથી આપણને બધાને થએલો ફાયદો જો બાળકની નજર સામે લાવી આપવાનો પ્રયત્ન કરીએ તો બાળકના મનનો એક ખૂણો નિર્ભય કર્યાનો યશ આપણને મળનાર નથી કે ? આપણી જેમજ ડોકટર એ આપણાં મિત્ર છે, હિતકર્તા છે એમ બાળકો પણ માનવા લાગશે.

—તા. પરાંજપે.

જોઈએ છે

ભારતી નિકેતન, મંડાળા માટે સંગીતનું જ્ઞાન ધરાવતા મૉન્ટેસરી ટ્રેઈન્ડ શિક્ષકની જરૂર છે. પ્રમાણપત્રો સાથે તાકીદે લખો અથવા મળો :

આચાર્ય, ભારતી, નિકેતન, **મંડાળા**; વાયા-મીયાગામ, જિ. વડોદરા.

નૂ. બા. શિ. સંઘનો નવો પ્રયોગ

"ચાલો આજે જયંતભાઈની નવી શાળા જોઈ આવીએ" એમ નક્કી કરી અમે બહાર નીકળ્યા. અષાડી એકાદશી હતી. અમને રજા હતી. પણ જયંતભાઇને અને એમની શાળાને રજાની કંઇ જરૂર જ લાગતી નથી! એમની શાળા તો ચાલુ જ હતી! તેથી જ અમને એનો લાભ મળી શકયો.

નદી ઓળંગીને કાદવ ખૂંદતા અમે દરજીના વાડામાં પ્રવેશ કર્યો. ઘણાં અંદર ગયા પછી જીર્ણ-અવસ્થામાં ઉભેલા નાના એવા મકાનના વરંડામાં આ નવી શાળા ચલાવાતી હતી.

વરંડામાં ત્રણ ભાગ કર્યા હતા. તદ્દન પહેલા ભાગમાં ધાવણા બાળકો, વચમાં પ્રાથમિક શાળાના બાળકો તથા ત્રીજા વિભાગમાં બાલવાડીના બાળકો એ પ્રમાણે વ્યવસ્થા હતી.

"અરે! આ કેટલા મહિનાનું બાળક છે?"

"આઠ મહિનાનું"

હાથ પગ દોરડી જેવા, પેટ નગારા જેવું, ડોકું મોટું આંખો ઝીણી એવું આ બાળક સાદડી પર પાથરેલા સ્વચ્છ કપડા ઉપર પડયું હતું. કોઇ વાર હસતુ તો કોઈ વાર રડતુ. પણ હસવાને ને રડવાને પણ તેની પાસે શકિત કયાં હતી?

બીજું બાળક વર્ષ સવા વર્ષનું હશે! એની આગળ પડેલા ઘન ઈંટથી રમવામાં એ મશગુલ હતું. એનામાં કંઈક હિલચાલ કરવાની શકિત હતી.

પ્રાથમિક વર્ગમાં પાંચ છોકરીઓ વાળ ઓળીને સ્વચ્છ થઇને બેઠી હતી. દરેકની પાસે એક પાટી ને પેન હતી. ૧, ૨, ૩, ૪, ૫, સુધીનું અંક શિક્ષણ ચાલુ હતું. પરંતુ જયંતભાઇના કોઈ પણ પ્રશ્નનો ઉત્તર પહેલા મોટેથી હસ્યા વગર એ છોકરીઓ નહોતી આપતી. આ જ એમનો ક્રમ! પહેલા મોટેથી હસવું અને પછી પ્રશ્નનો ઉત્તર આપવો. એમને આ બધી બાબતોનું આશ્ચર્ય જ થતું હશે. આ પહેલા પણ હું એક આદિવાસી વસતિમાં ગઇ હતી. ત્યાંના બાળકોને વાર્તા કહી; તો સાંભળવાને બદલે આ બાળકો હસવા જ લાગ્યા. તદ્દન મૂકત રીતે એ લોકો હસતા હતા. પણ એ અજ્ઞાનનું ઘોતક હશે એવું મને લાગે છે. આ છોકરીઓ પણ એવું જ હસતી હતી.

બાલ મંદિર વિભાગના બાળકો એમની સામે જે ભાંગેલા તૂટેલા સાધનો હતા; રમવામાં મશગુલ હતા.

થોડીવારમાં મંજીરા વાગ્યા અને આવ જા થઈ અને બધાં બાળકો ભેગા થઇ બેઠાં. બધાંને સ્વચ્છ રુમાલ આપવામાં આવ્યો અને એમાં રોટલો લઈ આવવા માટે કહેવામાં આવ્યું. આ બાજુ બહુ નાના બાળકોને દૂધ પાયુ. એમની મોટી બહેનોને એમને માટે કંઇ ચિંતા કરવાનું કારણ નહોતું. પોતાના ભાંડુઓની સંભાળ રખાશે એમને ખાત્રી હતી.

બાળકો આવે ત્યાં સુધી મેં જયંતભાઈ સાથે થોડી વાતચીત કરી. અહિં આવનારા બાળકો બધાં આદિવાસીના જ છે. એમના માતા-પિતા ખેતરમાં કામે જાય છે, આ મોટી બહેનો ઘર સંભાળવાનું તથા નાના ભાંડુને સંભાળવાનું કામ કરે છે. આ છોકરીઓ તથા બાળ મંદિરના બાળકો અહિં જ હાથ પગ ધોઈને માથું ઓળી ને સ્વચ્છ થાય છે? બાળકો પણ જયંતભાઇની વાટ જોતા હોય છે. માતા-પિતા પણ કયારે જયંતભાઇ આવે ને છોકરાંઓને મૂકીને જઇએ એની વાટ જ જોતા હોય છે. હજી ઘોડીઆ, લુગડા-કપડાંની, ઝભલા-બોચલા વિગેરેની વ્યવસ્થા થવી જોઈએ. હમણા ઓછામાં ઓછા કંઇ નહિ તો છ ઘોડીઆ તો જોઇએ છે એમ જાણવા મળ્યું.

અમારી વાતચીત ચાલતી હતી ને બાળકો પાછા આવ્યા. બધા હારમાં બેઠાં ને હાથ પગ ધોઇ નાખ્યાં. ત્યાં સુધીમાં જયંતભાઇએ તેમના રૂમાલ ઉપર રોટલાના નાના નાના કટકા કરીને મૂકયા હતા. બીજી એક છોકરી આવી એણે પીત્તળના વાસણમાં ભાત આણ્યો હતો. ભાત તાજો અને ઊનો હતો. બધી તૈયારી થઇ ગઇ. પણ એક છોકરી કંઈ જ લાવી નહોતી. એણે સવારેજ પોતાનો ભાગ ખાઇ લીધો હતો. એટલે ઘરેથી એને બીજીવાર ભાગ ન મળ્યો. એટલે જયંતભાઇએ પ્રશ્ન કર્યો, "હવે એને કોણ રોટલો આપશે?" કોઈ એકદમ આપવાને તો તૈયાર ન થયા. પણ પછી રોટલાવાળા બાળકોએ પોતાના ભાગમાંથી થોડો થોડો હિસ્સો એ છોકરીને

આપ્યો. પણ ભાતવાળી બાળકી આપવાને બિલકુલ તૈયાર ન થઇ. પછી બધાને દાળ પીરસી. અને બાળકો જમવા લાગ્યાં. આ વખતે પણ હસવું સમાતું ન્હોતું. આવી રીતે દરરોજ બાળકો રોટલો કે ભાત ઘરેથી લઇ આવે છે અને દાળ એમને અહિંથી આપવામાં આવે છે.

ઘોડીયાના બાળકથી તે ૧૪ વર્ષ સુધીના બાળકો માટે એક અખંડ શાળા ચલાવવાની શ્રી. તારાબેન મોડકની કલ્પના આજ કેટલાય સમયથી એમના મનમાં હતી. એવી શાળાથી આ આદિવાસી લોકોની મુશ્કેલીઓ દૂર થશે. નાના બાળકોનું શાસ્ત્રશુધ્ધ સાંગોપાન થશે. બાળમંદિરના બાળકોને સારા સંસ્કાર મળશે અને મોટાં બાળકોને નાના બાળકોને સંભાળવાનું શિક્ષણ મળશે. એ ઉપરાંત થોડુંક 'સ્વાવલંબનનું પણ શિક્ષણ મળશે. તેમ ગણિત, ભાષા અને સામાન્ય જ્ઞાન આપવામાં આવશે. આ શાળાનો અભ્યાસક્રમ પહેલેથી તૈયાર થશે નહિ. પણ પ્રયોગ ચાલુ હોય તે સમય દરમ્યાન જ એ ઘડાશે.

એમના આ નવા પ્રયોગનું શુભ મુહૂર્ત આ નાની શાળાના રૂપમાં કરવામાં આવ્યું છે. હવે એની પ્રગતિ કેવી રીતે થશે એ જોવાનું કામ સરકારનું તથા જનતાનું છે. એ બંન્નેને સહાનુભૂતિપૂર્વક સહાયતાની જરુરત છે.

—અનુતાઈ વાધ

બાળકનું ગણિત શિક્ષણ.

લેખાંક ૫ મો

અંક પરિચય

(આની પહેલાના લેખમાં અંક પરિચય માટે 'પાલમનની પૂર્વ તૈયારી કરવાની દૃષ્ટિથી ડો. મોન્ટેસોરીની 'લાલ સીડી' 'ચોકલેટી ચક્તી' અને 'ગુલાબી મિનારો' આ નામથી જાણીતા એવા ઇંદ્રિયાશિક્ષણના રમકડાંનો કેવી રીતે ઉપયોગ થાય છે એની માહિતી આપી હતી. આ લેખમાં ડો. મોન્ટેસોરીના સાધનો દ્વારા પ્રત્યક્ષ અંક પરિચય કેવી રીતે આપી શકાય છે એ સંવાદ–પધ્ધતિથી અહિં રજુ કરવામાં આવ્યું છે.— સં.)

હું આજે સવારના જ્યારે કમળાબેનને ઘેર ગયો ત્યારે વિનય અને તેઓ બન્ને ગણિતનું સાધન લઇને રમવામાં મશગુલ થઇ ગયા હતા. વિનય આંખો બંધ કરીને ફક્ત હાથનો ઉપયોગ કરીને મિનારો ગોઠવતો હતો. કમળાબેન પોતાના દિકરાનો આ બૌધ્ધિક કાર્યક્રમ ખૂબ ઉત્સાહથી જોતા હતા. મિનારાના સાત–આઠ ઘન ગોઠવાઈ રહ્યાં પણ છેલ્લા બે ઘન મૂકતી વખતે આખું શરીર અને મન એકાગ્ર કરીને અને આંખો બંધ કરીને ખૂબ ધીમેથી મિનારાની પહેલા થએલી રચના તપાસીને વિનયે નવમો ઘન મૂક્યો.

"શાબાશ! વાહ! વાહ!" કમળાબેનના મોઢામાંથી ઉદ્‌ગારો નીકળ્યા. અને એમનું લક્ષ મારી તરફ ખેંચાયું. આ સર્વ દૃસ્યથી મારો આનંદ પણ સમાતો ન્હોતો.

નાક ઉપર આંગળી મૂકી ન બોલવાનું તથા વિનયનું કામ ચાલુ રાખવાનું સૂચન કર્યું. એટલી વારમાં વિનયે દશમો ઘન મૂકીને આંખ ઉઘાડીને હર્ષાવેશમાં તાળીનો ગડગડાટ શરૂ કર્યો. અમે પણ તાળી પાડીને એનું અભિનંદન કર્યું. આ અભિનંદનથી ઉત્સાહમાં આવીને તેને આ ગણિત સાધન ઉપર એને કેટલી જૂદી જૂદી રમતો રમતા આવડે છે તે એક પછી એક બતાવવા લાગ્યો.

બાળમંદિરમાં આ સાધન ૨॥ થી ૩॥ વર્ષના બાળકને આપવામાં આવે છે. પરંતુ વિનયની વય ૪॥ થી ૫ ની આસપાસ હોવાથી એક મહિનાની મુદ્દતમાં તેને કમળાબેન જેવા સમજુ અને પ્રેમાળ માતાના માર્ગદર્શન હેઠળ પોતાની બુધ્ધિ અને કૌશલ્યની પરિક્ષા માટે આ સાધનનો ઉપયોગ કર્યો. એક મહિનાની મુદ્દતમાં આ ત્રણે સાધનની રચના એ આંખો બંધ કરીને કરી શકતો હતો. એટલુંજ નહિ તો બાજુના ઓરડામાંથી સાધન રાખીને ત્યાંથી "ચાર લાવ", 'ચારનો ઘન લાવ' કહીએ તો પણ તરત એજ ઘન અથવા લાકડી એ લાવી શકતો.

"અંક પરિચયની આ પૂર્વ તૈયારી એકાદા શિક્ષક કરતા પણ કુશળતાથી ને સ્વાભાવિક રીતે કરી લીધી છે." મેં કમળાબેન તરફ ફરીને કહ્યું.

[અનુસંધાન પાનું ૧૭]

ગણપતિ જન્મ

કૈલાસ પર્વત
સૌથી ઊંચો
સૌથી મોટો

ટોચે બરફ, ખીણમાં બરફ
ચારે બાજૂ બરફ જ બરફ

પર્વત ઉપર વસતિ નથી
પર્વત ઉપર વનસ્પતિ નથી

નદીને નાળા
ઝરણાં ને વ્હોળા
શંકર ને પાર્વતી
બંન્ને જ જણ રહેતાં હતાં.

* * *

શંકર ગયા વનમાં
તપ કરવા જપ કરવા
ભગવાનને પ્રસન્ન કરવા

પાર્વતી માતા કહેવા લાગ્યા :
"તમે ચાલ્યા વનમાં
મારી સાથે કોણ રહેશે ?
હું કોની સાથે બોલું ?
હું કોની સાથે રમું ?"

શંકરજીએ સમજાવ્યું.
"તારી સાથે જે કોઈ ન રમે
તારી સાથે જે કોઈ ન બોલે

તો શરીરનો મેલ કાઢજે
તેનું એક પુતળું કરજે

એને જોરથી ફૂંક મારજે
એટલે એમાં જીવ આવશે
ને તારી સાથે રમવા લાગશે."

* * *

પાર્વતી માતા એકલા હતાં
કોઈ મળવા આવતા જ્હોતા
દિવસ પછી દિવસ જાય

ઘરમાં કંઈ ગમે નહિ
કામ કંઈ સુઝે નહિ
સમય કંઈ વીતે નહિ
શરીરમાંથી મેલ કાઢયો

એનું સુંદર પુતળું કર્યું
ફૂંક મારી જીવતું થયું
બધાને ખૂબ આનંદ થયો

નામકરણ વિધિ થઇ
ગણુપતિ બાપા નામ પડયું.

પા પા પગલી માંડવા લાગ્યા
આમ તેમ ફરવા લાગ્યા
મીઠું મીઠું બોલવા લાગ્યા
પાર્વતી માતા આનંદી થયા
આનંદમાં ફૂલી ગયા
કંટાળો હવે ઊડી ગયો
ઝટ ઝટ સમય જવા લાગ્યો

ગણુપતિજીને જમાડે
ગણુપતિજીને નવરાવે
એની સાથે વાત કરે
એની સાથે રમત રમે
એમાં તો સમય જાય
શંકરજીની યાદ ભૂલાય

ઘણાં વર્ષો વીતી ગયા
એક દિવસ મઝા થઈ
શંકરજીની સવારી આવી
ઘરમાં એ જવા લાગી
ગણુપતિજીએ અટકાવી

"દાઢીવાળા મુછવાળા
અંદર તમે જશો નહિ
અંદર જવાની રજા નહિ
મા ગઈ છે સ્નાન કરવા
હું છું ચોકી કરવા;"

શંકરજીને નવાઈ લાગી
આશ્ચર્યથી જોઈ રહ્યા
ગુસ્સાથી લાલ થયા
ઘરની અંદર ઘુસવા લાગ્યાં
ગણુપતિજીએ અટકાવ્યા.

શંકરજી ક્રોધે ભરાયા
તલવાર કાઢી
ડોકું કાપ્યું
હવામાં ઊડાવી દીધું
ઘરમાં ઘુસી ગયા
પાર્વતી માતા ગુસ્સે થયા
દુઃખી થઇને રડવા લાગ્યા.

શંકરજીને રસ્તો સુઝયો
જલદી જલદી દોડવા લાગ્યા
સામે મળ્યું તેનું ડોકું કાપ્યું
ગણુપતિજીના ધડને જોડયું.

માથુ હતું હાથીનું
હવે થયું ગણુપતિનું
પાર્વતી માતા શાંત થયા
રડતા એકદમ બંધ થયા
બધાને આનંદ થયો
સુખેથી રહેવા લાગ્યા.

—સ. દેવધર

'શિક્ષણ–પત્રિકા'ના લવાજમ બાબત

'શિક્ષણ-પત્રિકા'ના લવાજમની રકમ જેઓ ચેકથી મોકલવાં ઇચ્છે, તેઓ 'શિક્ષણ–પત્રિકા'ના નામે ન મોકલતાં **'સેક્રેટરી, નૂતન બાલ શિક્ષણ સંઘ'**, એ નામનો ચેક મોકલવા કૃપા કરે. —**વ્યવસ્થાપક.**

* રક્ષા બંધન *

ચિ-તોડના પરાક્રમી રાણા સાંગાના મૃત્યુ પછી રાણી કર્ણવતી ઉપર રાજ્યની જવાબદારી આવી પડી. વિક્રમાજિત ગાદી ઉપર આવ્યા. પરંતુ રાજ્યનો કારભાર ચલાવવા જેટલી ચતુરાઈ એમનામાં ન્હોતી. એ ઘણો નિર્બળ રાજા હતો. એટલે દિવસે દિવસે રાજ્યની દશા બગડતી ગઈ. ગુજરાતના રાજા બહાદુરશાહને આ તકનો લાભ લેવાની ઈચ્છા થઈ. એણે વિચાર્યું, "ચાલો! આ બહુ સારો સમય છે. ચિ-તોડ પર સામનો કરવાની આ સારી તક છે." અને રાજા બહાદુરશાહ ચિ-તોડ ઉપર ચઢાઈ લઈ આવ્યો. રાણી કર્ણવતીને ખૂબ ચિન્તા થવા લાગી. ચિ-તોડની જનતા પણ ખૂબ અસંતુષ્ટ હતી. બધાં સરદારો રાજાની વિરૂધ્ધ હતા. રાણીએ દેશને માટે એ બધાં રાજાને એકત્રિત કર્યા ને દુશ્મનનો સામનો કરવા માટે તૈયાર કર્યા.

રાજા બહાદુરશાહની પાસે ઘણી મોટી સેના હતી, તોપખાનું હતું, ને મોટું લશ્કર હતું. આ વિદેશી તોપચીઓની સામે વીરમાં વીર હયદળ પણ કેવી રીતે સામનો કરી શકે! રાણી બધી પરિસ્થિતિ સમજી ગઈ હતી. રાણીની પાસે ચુંટેલા ચતૂર ઓધ્ધાઓની સેના હતી. પરંતુ તોપોની સામે એ સેના કેટલા દિવસ સુધી ટકી શકે?

હવે શું કરવું? રાણીએ યુક્તિ શોધી કાઢી. દિલ્હીના બાદશાહ હુમાયુંને રાણીએ રાખડી મોકલી. રાખડી મળ્યા પછી એનું સન્માન તો કરવું જ જોઈએ ને! બાદશાહ હુમાયુંએ બહાદુરશાહનો સામનો કરીને ચિ-તોડને બચાવવાનો નિશ્ચય કર્યો.

બાદશાહે લશ્કરને તૈયાર રહેવાનુ કહી દીધું અને હુકમ કર્યો કે શેરશાહનો પીછો આ વખતે છોડવાનો નથી. કેટલીએ મુશ્કેલીઓ હોવા છતાં બાદશાહ હુમાયુંએ રાખડીનું માન રાખવાનું નક્કી કર્યું અને ચિ-તોડની મદદે આવ્યો.

"ભાઈ–બ્હેનનો સંબંધ અમર રહે. અને બ્હેનની રક્ષા કરવી જ પડે." અને તરતજ એણે બહાદુરશાહને અટકાવવા માટે ગુજરાત તરફ પોતાનું સૈન્ય રવાના કર્યું.

બહાદુરશાહ વચમાં રહી ગયો. ગુજરાતમાંથી વધુ સેના તથા રસાલો મંગાવવાનું સાધન ન રહ્યું. કંઇ ઉપાય ન રહેવાથી ચિતોડ ઉપર વધુ જોશથી હુમલો કર્યો. રજપુત વીરો કેસરીયા કરીને લડવાને નીકળી પડયા. વીર રજપૂતાણીઓ ચિત્તામાં કૂદી પડી ને કેસરીઆ કર્યા. બહાદુરશાહ કિલ્લામાં ઘુસ્યા. થોડા જ દિવસોમાં બહાદુરશાહ અને હુમાયૂં સામે સામે થઈ ગયા. પૂર જોશમાં લડાઈ થઈ. બહાદુરશાહ હારી ગયો. અને આ રીતે ચિતોડ ફરીને સ્વતંત્ર થઇ ગયું.

હુમાયૂંએ વિક્રમાજિતને ગાદી ઉપર બેસાડયો. રાખડીના વ્રતનો નિયમ એણે પાળ્યો. દિલ્હીના રાજ્ય સાથે મેવાડના રાજ્યનો રક્ષા બંધનનો સંબંધ કેટલીએ પેઢી સુધી કાયમ રહ્યો.

શા. જોગળેકર.

બિલ્લી માસી હારી.

૧

જડી જડી જડી,
એક બિલ્લી જડી,
કાળી કાળી કાળી,
પુંછડે ટીલ્લી કાળી.

૨

રોજ એ તો રાતે ફરે,
ઉંદર બાપડા ડરે;
બિલ્લી માસી હસે,
કુતરા જ્યારે ભસે.

૩

કુતરા કરે 'બ્હાઉ'
બિલ્લી કરે 'મ્યાંઉ'
કુતરા કરે 'વ્હી'
બિલ્લી કરે 'છીં'

૪

એને તો અભિમાન,
ઉંદરનો કાઢે જાન,
મન ફાવે તેમ કરે,
ઉંદર બિચારા મરે.

૫

એક દિવસની વાત,
ઉંદર બાંધા પાંચ,
છઠ્ઠા ઉંદર પાછળ જાય,
ત્યાં વાત મઝાની થાય.



૬

ઉંદર નિકળ્યો ભારી,
બિલ્લીને આપી તાળી,
બિલ્લી પાછળ પડી,
ઉંદરે મૂકી હડી.

૭

ઉંદર જરા અટક્યો,
બિલ્લીએ પંજે પટક્યો,
ઉંદર દોડ્યો સર .૨,
બિલ્લી તો લપસી ફર ...૨.

ઉંદર પોંચ્યો શીંકે.
બિલ્લી અથડાઈ ભીંતે,
બિલ્લીની બગડી મુંછ,
ઉંદરે કરડી પુછ.

૯

બિલ્લીબાઈ તો કૂદી,
દૂર જઈને ઉભી,
ઉંદર તો ગયો નાસ,
બિલ્લીને થયો ત્રાસ,

૧૦

બિલ્લી આવી સામે,
ને પાછી ખરી જમે,
ઉંદર પોંચ્યો માથે,
ને કાનને કડર્યા સાથે.

૧૧

બિલ્લી થઈ ગઈ ઉંધી,
ઉંદરને બુધ્ધિ સુઝી,
પેટે બચકાં સાત,
બિલ્લી બોલી 'બાપ.'

૧૨

બિલ્લી માસી હારી,
ને થઈ તો મઝા ભારી,
પીઠે ઉંદર બેસાડી,
માસીએ કાઢી સવારી.

—૨. કોઠારી.



બાળકનું ગણિત શિક્ષણ

[૧૨ માં પાનાથી ચાલુ]

"આજે તો હવે અંક પરિચય કેવી રીતે કરી લેવો એ તો તમે કહેવાના છો કે નહિ ?" મેં કરેલી એમની પ્રશંસા રોકવાની દૃષ્ટિથી કમળાબેને મને પૂછ્યું. "આ સાધનથી વિનયને સાધનનો પરિચય થયા ઉપરાંત એનાથી પણ એક મોટો ફાયદો થયાનો મને લાગે છે."

મેં પૂછ્યું, "એ મોટો ફાયદો તે શું છે ?"

"આ સાધનથી રમવા લાગ્યા પછી તેની મારી સાથેની વર્તણૂંકમાં ખૂબ ફરક પડયો છે."

"તમારા વર્તનમાં પણ મને આ મૂલાગ્ર ક્રાંતિ થએલી જણાય છે."

"એ વળી શું ?"

"તમારો પહેલાનો આગ્રહ અને અધીરાઈ ગઈ છે ને તમે વિનયને સમજવાનો પ્રયત્ન કરવા લાગ્યા છો. પહેલા પાટી ને પેન લઈને તમે જે એની પાછળ પડતા હતા તે હવે તમે છોડી દીધી છે. ખરું ને !"

"આ સાધનથી એ પોતાની મેળે સ્વયંસ્ફુર્તિથી રમે છે અને મને પણ રમવાનું કહે છે. એટલે મારે એને ભણવા માટે આગ્રહ કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

તમારો અને એની વચ્ચેનો આ જે માનસિક સંબંધ સુધર્યા છે એ, ખરેખર પરિમાણના પરિચય કરતા પણ વધુ મોટો ફાયદો છે એમ હું પણ સમજું છું અને તેથીજ કહું છું, "તમે પૂર્વતૈયારી કરવામાં તદ્દન પહેલી શ્રેણીમાં પાસ. આજે હવે પ્રત્યક્ષ મૂળ અંક-પરિચય વિશે ચર્ચા કરીએ."

"એકથી નવ સુધીના મૂળાંકને આપણે મૂળાંક કહીએ છીએ. કોઈ પણ દેશની અંક પધ્ધતિમાં મૂળાંકની આ જ મર્યાદા છે. જુદી જુદી ભાષામાં આ મૂળાંકનું લેખન (લીપી) જુદા જુદા પ્રકારની દેખાય છે. તે જ પ્રમાણે ભાષા પ્રમાણે મૂળાંકના નામ પણ જુદા જુદા જાણવા મળે છે. ભારતીય ભાષા અથવા અંગ્રેજી ભાષામાંના અંક-ચિહ્ન અને અંક-નામો ને ઝીણવટથી તપાસીશું તો તેમાં ખૂબ નવાઇ ભર્યું સામ્ય મળી આવશે. આ ચિહ્નો અને નામ દરેક ભાષામાં કેવી રીતે આવ્યા હશે એ શોધી કાઢીને બાળકને બતાવીશું તો બાળકોને ગમ્મત પડશે. આવી ઉપયોગી અને રમુજી વાતો બાળકોને કહેવો માટે લખી શકાય. ગણિત માટેની જીજ્ઞાસા તીવ્ર કરવાની દૃષ્ટિથી આવી વાતો બતાવવાની ઘણી જરૂર છે. પણ આ વિષયનું હું ફકત સૂચન કરીને ફરીને મૂળાંક પરિચય તરફ વળું છું. મૂળાંક પરિચય માટે (૧) મૂળાંક રાશીનો પરિચય કરી આપવો. (૨) મૂળાંકના ચિહ્નોનો પરિચય કરી આપવો તેવીજ રીતે (૩) મૂળાંકના ચિહ્નો અને રાશીનો સમન્વય બાળકના મનમાં થાય એ જોવું, પછી (૪) આ સમન્વયનું દૃઢીકરણ કરવું અને છેલ્લે (૫) અંક પરિચય બરાબર થયો છે કે નહિ એની પરીક્ષા કરવી. આ-બધી બાબતો વ્યવસ્થિત રીતે થવી જોઇએ. મોન્ટેસોરી પધ્ધતિમાં આ બધી બાબતો બાળક પોતાના પ્રયત્ને અને સ્વયંસ્ફુર્તિથી શીખી શકે એ રીતે સાધનની ક્રમશઃ યોજના કરી છે."

૧, મૂળાંક પરિચય.

"રાશી એટલે શું ?"

પહેલો જ પ્રશ્ન કમળાબેને મને પૂછ્યો.

મેં કહ્યું, "રાશી એટલે 'ઢગલો' ગણી શકાય એવી વસ્તુનો ઢગલો. 'ફળનો ઢગલો,' 'અનાજનો ઢગલો' વિગેરે શબ્દ-યોજનામાં રાશી એટલે સમૂહ એવા અર્થમાં આપણે રાશી શબ્દનો ઉપયોગ કરીએ છીએ. અંગ્રેજીમાંના Quantity શબ્દ અને રાશીનો અર્થ એકજ છે."

"તમે અત્યાર સુધી 'પરિમાણ' શબ્દ વાપર્યો હતો અને હવે આ નવો શબ્દ સૂચવ્યો એટલે મેં પૂછ્યું." કમળાબેન બોલ્યા.

મે કહ્યું, "અંક પરિચય કરી આપવા માટે નિશ્ચિત પરિમાણની રાશી આપણે કેવી રીતે લેવી જોઇએ એ અંગેની ચર્ચા આપણે એક વાર આગળ કરી હતી. મેડમ મોન્ટેસોરીએ બાળકોને અંકની રાશીનો પરિચય કરી આપવા માટે જે એક સાધનની યોજના કરી છે તેને ગુજરાતીમાં 'પટ્ટાવાળી સીડી' એમ નામ આપ્યું છે.

પટ્ટાવાળી સીડી.

લાંબી સીડી પ્રમાણે આ સીડીની એકની રાશીની લંબાઈ દશ ડેસીમીટર છે. (લંબાઈ અને પહોળાઈ ૧"×૧" છે) આગળ ક્રમશઃ બે થી દશ સુધીની રાશી એક એક ડેસીમીટર વધતી જાય છે એને છેલ્લી દશની રાશી એક મીટર લંબાઈની છે. બે થી આગળની રાશીની લાકડીઓ ઉપર લાલ અને ભુરાં એમ પટ્ટા છે. બેની લાકડી

ઉપર બે ત્રણની લાકડી ઉપર ત્રણ પટ્ટા એમ દશની લાકડી ઉપર દશ પટ્ટા છે.

પટ્ટાવાળી સીડીના ઉદ્દેશઃ

બાળકના મનમાં અંકના નામ તથા અંકની રાશી એ અંગેની સાહચર્ય નિર્માણ કરવું એ છે."

"આ પટ્ટાવાળી લાકડીની મદદથી બાળકને સરવાળા, બાદબાકી પણ શીખવી શકાય કે ?" કમળાબેને વચ્ચે જ કંઈક નવું સૂચન કર્યાના ઉત્સાહથી પૂછ્યું.

મેં કહ્યું, "કોઈ પણ વસ્તુનો અનેક ઉપયોગ કરી શકાય એમ હોય તો પણ તેનો ચમત્કાર આપણે બાળકની સામે એક જ સમયે બતાવવાથી બાળકના મનમાં ગોટાળો ઉભો થાય છે એ બાબત આપણે ધ્યાનમાં લેવી જોઈએ. આપણે બોલીએ એટલે તરત બાળકના મનમાં 'સામાન્ય બોધ' એકાએક નિર્માણ થતો નથી. 'સામાન્ય બોધ' એટલે એકાદી બાબત અંગેની સર્વસામાન્ય કલ્પના. આ કલ્પના ફરી ફરીને મળનારા અનુભવથી વિકાસ પામે છે. આવે સમયે એક જ વસ્તુની અનેક ઉપયોગની કલ્પના બાળકની સામે મુકીએ તો એને મુસ્કેલી ઉભી થવાનો સંભવ છે. એવી મુસ્કેલી ઉભી ન થાય એવું આપણે કરવું જોઈએ. તેથી શરૂઆતમા પટ્ટાવાળી સીડી સરવાળા, બાદબાકી કે બીજા કોઈ મૂળ કૃત્યો બાળકને કહેવાના ઉત્સાહમાં આપણે ન પડવું. બાળકની મનઃસ્થિતિ ધ્યાનમાં લઈને આ સમયે બાળકને દરેક રાશી અને એના નામનો સ્પષ્ટ પરિચય કેમ થાય આ જ એક ઉદ્દેશ ધ્યાનમાં લઈને આપણે આ સાધન ઉપરની રમતો યોજવી જોઈએ.

પટ્ટાવાળી સીડી ઉપરની રમતો.

૧, રાશી અને અંકના નામના પરિચયની રમત.

ત્રિપદ પદ્ધતિ :-કોઈ પણ વસ્તુનો પરિચય કરવા માટે એક ત્રણ પદના (પગથિયા) તંત્રનો ઉપયોગ કરવામાં આવે છે. એના પહેલા પદમાં બાળકની સામે વસ્તુ મુકવાની અને તે વસ્તુ બતાવીને તેનું નામ કહેવું. દા. ત. પેરૂ આ ફળના નામનો પરિચય કરી આપવો હોય તો પ્રત્યક્ષ પેરૂ બતાવીને કહેવું, "આ પેરૂ" આવી રીતે કેટલીએ વાર અથવા જરૂર હોય તો કેટલાએ દિવસ સુધી પરિચય કરતા રહેવું. પરિચય કર્યા પછી બીજા પદની શરૂઆત કરવી. બીજા પદમાં આપણે વસ્તુનું નામ કહેવું એને એ વસ્તુ બતાવવાનું બાળકને કહેવું. (દા. ત. પેરુ બતાવો) ત્રીજા પદમાં વસ્તુનું નામ ન બોલતા પ્રત્યક્ષ વસ્તુ બતાવી પૂછવું, 'આ શું છે ?' આ પ્રકારના ત્રણ પદનુ તંત્ર ફ્રેન્ચ શિક્ષણતજ્ઞ ડો. સેગ્વિને સૌથી પહેલા યોજ્યું હોવાથી એ સેગ્વિનની ત્રિપદ પધ્ધતિના નામે જાણીતી છે. કોઈ પણ વસ્તુના નામનો પરિચય કરી આપવા માટે આ તંત્રનો ઉપયોગ કરવાથી બાળકના મન ઉપર બોજો પડતો નથી.

રાશી પરિચય : "પટ્ટાવાળી સીડીમાં એકથી દશ સુધીના દરેક અંકની રાશી છે."

કમળાબેને વચ્ચે જ પૂછ્યું, "એટલે પટ્ટાવાળી સીડીમાં એક થી દશ સુધીની જુદી જુદી લંબાઇની લાકડીઓ છે. એમ જ તમારૂં કહેવું છે ને ?"

મેં કહ્યું, "તદ્દન ખરી વાત. રાશી શબ્દ તમને નકકામો ભારી [મોટો] લાગે છે. તેનો ઉપયોગ કરી કરીને તે સહેલા લાગે છે. હવે આ સાધનમાં લાકડીની રાશી છે એટલે આપણાથી લાકડી શબ્દનો ઉપયોગ કરી શકાશે. પરંતુ લાકડીને બદલે ઈંટો, પેરૂ, કેરી, પાણી એવા કોઇ પણ પદાર્થ આવે તો આપણાથી ફકત રાશી શબ્દ વાપરવાથી કામ સરશે નહિ. તેથી રાશી શબ્દ અંગ્રેજીમાંના Quantity શબ્દ જેવો બધે ઠેકાણે ઉપયોગી થઈ પડે એવો છે તેથી એ જ શબ્દનો ઉપયોગ કરીશું.

રાશી પરિચયની પહેલી રેમતમાં પરિચય માટે પહેલા બે જ રાશી લઈને રમવાની શરૂઆત કરવી. આ બે રાશી બાળકની સામે રાખીને ત્રિપદ પધ્ધતિથી એનો પરિચય નીચે પ્રમાણે કરાવવો.

"આ એક" અને 'આ બે' કરીને 'આ એક' અને 'આ બે' ફરીને પુનરાવર્તન તરીકે 'આ એક' અને 'આ બે' પછી પૂછવું, 'એક બતાવ' અને 'બે બતાવ' અને છેલ્લે પૂછવું, 'આ શું ?' અને "આ શુ ?"

આ પ્રમાણે પહેલી બે રાશીનો પરિચય થયા પછી આગળની બે રાશી લેવી. આ જ પ્રમાણે બધી રાશીનો પરિચય કરી આપવો.

આ પરિચય થતો હોય ત્યાર લાંબી સીડી પ્રમાણે જ રચના કરવાનું સૂચન કરવું. આ પરિચય દૃઢ કરવાની દૃષ્ટિથી યોજવાની રમતો બીજી વાર લઈશું.

—**શે. ના. નામલે.**

નોંધ

શિશુભારતી બાળ અધ્યાપન મંદિર, વડોદરા:—બાળ કેળવણીના ક્ષેત્રમાં સ્વ. શ્રી ગિજુભાઈ પાસેથી જેમણે દીક્ષા લીધી હતી તેમાં વડોદરાની શિશુભારતી સંસ્થાના સંચાલક શ્રી કમળાશંકર પંડિતનું કુટુંબ જાણીતું છે. શિશુભારતીના વિકાસ સાથે સાથે આ સંસ્થા બાળ શિક્ષકોની તાલીમ માટેનું એક આદર્શ કેન્દ્ર બની રહે, એવી શ્રી કમળાશંકરભાઈની ઉત્કટ ઇચ્છા કેટલાય વખતથી હતી. તા. ૨૫ મી જુનના દિને શિશુભારતી બાળ અધ્યાપન મંદિરની સ્થાપના થવાથી શ્રી. કમળાશંકરભાઇની આ ઇચ્છા સફળ થઇ છે, અને તેથી ગુજરાતને વડોદરામાં સૌથી પ્રથમ પૂર્વ પ્રાથમિક બાળ અધ્યાપન મંદિરનો લાભ થયો છે. આ સંસ્થાના મુખ્યાધ્યાપકપદે બાળ કેળવણી ક્ષેત્રના અનુભવી કાર્યકર શ્રી. સે. આ. કેળકર બી. એ. એલ. બી. એમ. એડ. ની નીમણુક કરવામાં આવી છે. સંસ્થાના કાર્યકર્તાઓ તેમજ તેના સંજોગો જોતા શિશુભારતીની આ નવી સંસ્થાનું ભાવિ ઉજ્જવળ રહેશે એમાં શંકા નથી. શિક્ષણ પત્રિકા શિશુભારતીના સૌ કાર્યકર્તાઓને આ નવા ઉપક્રમને માટે હાર્દિક અભિનંદન પાઠવે છે.

(૨) સંઘની પુનર્રચના પછીની સૌરાષ્ટ્રની પહેલી શાખા : શુક્રવાર તા. ૩૧ મીના દિવસે લીંબડીમાં શ્રી. દેવચંદ્રજી પુસ્તકાલયમાં નૂતન બાળશિક્ષણ સંઘના મુખ્ય નિરીક્ષક શ્રી. પ્રભુભાઇ ઉપાધ્યાયના શુભ હસ્તે નવા બ ધારણ મુજબ સૌરાષ્ટ્રની પહેલી સ્થાનિક શાખાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. તેની પાછળ લીંબડીના શ્રી. કીર્તિકાંત શાંતિલાલ સાર્વજનિક બાળમંદિરના કાર્યકરોનો બાળ સેવા માટેનો ઉત્સાહ અને પરિશ્રમ હતા. લીંબડીની આ બાલ કેળવણીની સંસ્થાની પ્રગતિ આ કાર્યકર્તાઓના ઉત્સાહ અને કાર્યક્ષમતાને જ આભારી છે.

આ સંસ્થાના આચાર્યપદે નવયુવાન શ્રી. ગનુભાઇ પિપલીયા છે. સંસ્થાના સંચાલકોના મંત્રીસ્થાને શ્રી. ગિરધરભાઈ ઉગરચંદ પરીખ અને શ્રી. ભાઈલાલભાઈ વકીલ જેવા બાલપ્રેમી ઉત્સાહી કાર્યકર્તાઓ છે આ સંસ્થા તરફથી વાલીઓની કેળવણીની દૃષ્ટિએ 'બકુલ' નામની માસિક પત્રિકા પ્રકાશિત કરવામાં આવે છે. બાળમંદિરની આ સંસ્થા લીંબડીના બાળકોની સેવા કરીને સૌરાષ્ટ્રની એક આદર્શ સંસ્થા બની રહે તે માટે સર્વ કાર્યકરો તત્પર છે. આ સંસ્થાના વિકાસના એક પગલા તરીકે આ સંસ્થાનું જોડાણ નૂ. બા. શિ. સંઘ સાથે કરવામાં આવ્યું છે તેમજ સંસ્થાના વાલીઓ સાથે નવી રીતે સંપર્ક સાધવાની દૃષ્ટિએ આ સંસ્થાએ નૂ. બા. શિ. સંઘની સ્થાનિક શાખાની સ્થાપના કરી છે. લીંબડીના આ પ્રયત્નને વધાવી લેવા ભાવનગરથી શ્રી. નરેન્દ્ર બધેકા અને બીજા કાર્યકર્તાઓ પણ હાજર રહયા હતા. લીંબડીના તેમજ સૌરાષ્ટ્રના ખૂણે ખૂણે નૂ. બા. શિ. સંઘના કાર્યકર્તાઓ છે. લીંબડીનો આ નવો પ્રયત્ન સૌને પ્રેરક બને એ જ અમારી હાર્દિક ઇચ્છા છે. લીંબડીના સર્વે કાર્યકર્તાઓને અમારા હાર્દિક અભિનંદન.

(૩) નૂ. બા. શિ. સંઘની નવી બાલવાડીનો પ્રયોગ

બોર્ડીથી બે અઢી માઇલ પૂર્વમાં આદિવાસીઓના ઠેર ઠેર નાના નાના વાસ છે. એમાં વાણીગામના આગળના ભાગમાં એક નવા પ્રકારની બાલવાડીનો પ્રયોગ ગયા જુલાઇ માસથી શરુ કરવામાં આવ્યો છે. આ બાલવાડીમા ઘોડિયા ઘાતું, બાળવાડી અને પ્રાથમિક શાળાનો ગામડાઓના લોકજીવનને ધ્યાનમાં લઇને સુંદર સમન્વય સાધવાનો પ્રયત્ન થાય છે. કુટુંબના બધા મોટેરાઓને રોજી માટે વાડીઓમા અને ખેતરોમાં જવાનું થાય છે ત્યારે ઘરના નાના બાળકોને સાચવવાની જવાબદારી બાળકોને સોંપાય છે એ વસ્તુસ્થિતિ ધ્યાનમાં લઇને એ જ કામ સાધિક રીતે ઉપાડીને તેમાં જે સમય બચાવી શકાય તેનો ઉપયોગ બાળકોનુ શૈક્ષણિક જીવન ઘડવામાં કરવામાં આવે તો એ પ્રકારની બાલવાડી અનેક રીતે ગ્રામલોકોને ઉપયોગી થશે એ કલ્પનાથી શ્રી. તારાબેન મોડકના માર્ગદર્શનથી આ નવો પ્રયોગ શરુ કરવામાં આવ્યો છે. આ નવી બાલવાડીનું સંચાલન સંઘના એક ખંતીલા કાર્યકર્તા શ્રી. જયંતભાઇ શુકલને સોંપાયું છે. શ્રી. તારાબેન પર લખેલા એક પત્રમાં શ્રી. જયંતભાઇ લખે છે : 'બાળકોની સંખ્યા એક દરે ત્રણે વિભાગ મળીને ૨૦ ની છે. વરસાદ બંધ થતાં બાળકો વધશે એવી પૂર્ણ શકયતા છે. નવીન તો એ છે કે હવે બાળકોને ઘેર બોલાવવા જવું પડતું નથી ઘંટ વાગતા પહેલા જ બાળકો આવી જાય છે અને પાણી ભરવામાં, માથા ઓળવામાં બ્હેનને મદદ કરે છે. પ્રવૃત્તિમાં દરજીભાઇએ સામેની વાડીમાં થોડી જગા આપી છે તેમાં કયારા કર્યા છે તેમાં સીંગ અને શાકભાજી વાવી છે. ચરખા પણ શરુ કર્યા છે. બાળકોને કાંતવામાં રસ પડે છે, જમવાની પ્રવૃત્તિ શરૂ કરી છે. આપણા તરફથી અપાતું કઠોળ તેમને બહુ ભાવે છે. અવાર નવાર બાળકો, પ્રવાસે પણ જાય છે. આ પ્રવાસોમાં ઘણીવાર વાડીના કોઈ બાળકને ઘેર જવાનું હોય છે. જે બાળકના ઘેર જવાનું હોય તેને ત્યાં ગયા પછી તે ઘર-આંગણની સાફસુફી કરીને ત્યાં સુશોભન કરીને ગીતો ગાવાનો કાર્યક્રમ થાય છે. ઘરના બધાનો પરિચય કરાવવામાં આવે છે. વાલીઓને પણ આવી રીતે બાળકો આવે તે ગમે છે.',

નવા પ્રયોગની આ પ્રકારની સુંદર શરૂઆત માટે અમે શ્રી. જયંતભાઇ તથા ગ્રામ બાલ શિક્ષા કેન્દ્રના કાર્યકર્તાઓને ધન્યવાદ આપીએ છીએ.

(૪) વાલીઓ માટે ફરતાં પુસ્તકાલય અને પ્રદર્શનોની યોજના

તા. ૧૫ મીના સ્વાતંત્ર્ય દિનના અવસરે મુંબઈ પ્રાદેશિક શાખાએ બાળમંદિરોના બાળકોના વાલીઓ તથા શિક્ષકો માટે ફરતા પુસ્તકાલયની યોજના મહારાષ્ટ્રના તપસ્વી નેતા શ્રી. સેનાપતિ બાપટના વરદ હસ્તે ખુલ્લી મૂકી છે. આ યોજના મુજબ જે જે બાળમંદિરોમાં સંઘની સ્થાનિક શાખાઓ સ્થાપવામાં આવી છે તે બાળમંદિરોના વાલીઓ અને શિક્ષકો માટે બાળઉછેર અને કેળવણીની દૃષ્ટિએ ખાસ પસંદ કરવામાં આવેલા પુસ્તકોની એક પેટી કોઇપણ પ્રકારનું મૂલ્ય લીધા વિના અપાશે. એક પેટીના બધા પુસ્તકો બધા સભ્યોએ વાંચી લીધા પછી પુસ્તકોની આ યોજનામાં કુલ ૩૦ સંસ્થાઓને એ રીતે લાભ આપી શકાય એ દૃષ્ટિએ ફરતા પુસ્તકાલયની યોજના ગયા વર્ષના ગિજૂભાઈ જયંતિ સપ્તાહમાં કરેલા એક આના ફાળામાંથી કરી છે.

ફરતા મફત પુસ્તકાલયની સાથે સાથે ફરતા પ્રદર્શનોની એક સુંદર યોજનાનો અમલ પણ મુંબઈ શાખાએ સ્વાતંત્ર્ય દિનના અવસરે કર્યો છે. પ્રદર્શનોની હારમાળામાં પહેલી પસંદગી બાલચિત્ર કથાને આપવામાં આવી છે. તા. ૧૪ મીની સાંજે જાણીતા બાળ ચિત્રકાર શ્રી. પુલિન બિહારી દત્ત બાબૂના હસ્તે ખુલ્લા મૂકાએલા પ્રદર્શનમાં મુંબઈની કુલ છવ્વીસ સંસ્થાના બે થી ચાર વર્ષના બાળકોએ પ્રદર્શન માટે ચિત્રોની ભેટ આપી હતી. દરેક સંસ્થાએ કુલ ૧૬ ચિત્રો મોકલ્યા હતા. દરેક સંસ્થામાં બાળકોની સરેરાશ સંખ્યા ૧૦૦ ગણીએ તો આ ચિત્રો ૨૬૦૦ બાળકોના ચિત્રોમાંથી પસંદ કરવામાં આવ્યા હતા. આ બધા ચિત્રોનું ઉપર મુજબ વર્ગીકરણ કરવામાં આવ્યું હતું. પ્રદર્શનની રચના પરથી મુંબઈના ૧૯૫૩ ના જૂદી જૂદી ઉમરના બાળકોની ચિત્રકળા કેવા પ્રકારની છે તેનો સુંદર ખ્યાલ રજુ થતો હતો. હવે આ સમગ્ર પદર્શન પ્રાદેશિક શાખાએ પોતાની પાસે રાખ્યું છે અને જે જે સંસ્થાઓ માગે તે દરેક સંસ્થાને આપવામાં આવશે. એ રીતે આ પ્રદર્શન દરેક સંસ્થાના બાળકો અને વાલીઓ જોઇ શકશે.

આ બન્ને ઉપક્રમો માટે અમે મુંબઇ શાખાના કાર્યકર્તાઓને વધામણી આપીએ છીએ.

(૫) અમદાવાદમાં નૂ. બા. શિ. સંઘની સભાઓ.

સપ્ટેમ્બર માસની તા. ૧૯ અને ૨૦ ના રોજ અમદાવાદમાં નૂ. બા. શિ. સંઘની શિક્ષણ સમિતિ, મધ્યસ્થ વ્યવસ્થાપક મંડળ તથા નિયંત્રણ મંડળની સભાઓ યોજવામાં આવી છે. સંઘના કાર્યના વિકાસ અંગે આ ત્રણે મંડળો સામે કેટલાક મહત્વના પ્રશ્નો છે. બાળમંદિરના શિક્ષકોના પગાર-ધોરણો અને સેવા સંબંધના નિયમો અંગે અનેક સંસ્થાઓ તરફથી સંઘની સલાહ મંગાય છે. બાળમંદિરોનું સંચાલન તેમજ તેના અભ્યાસ ક્રમ અંગે પણ સંઘનું માર્ગદર્શન ઘણી સંસ્થાઓ માગે છે. શિક્ષણ સમિતિએ આ પ્રશ્નો બાબત વિચારણા કરીને પોતાની ભલામણો વ્યવસ્થાપક મંડળને કરવી જોઇએ. નિયંત્રણ સમિતિએ સંઘના પ્રચાર કાર્યની યોજના કરીને પ્રાદેશિક શાખાઓને વધુ કાર્ય પ્રવૃત્ત કરવાની દૃષ્ટિએ વિચારવાનું રહેશે. બાલઅધ્યાપન નિયંત્રણ સમિતિનું કાર્ય પણ અત્યારે ચાલે છે તેના કરતા વધુ વેગથી ચાલવાની જરૂર છે. ઇંદોર તથા નાગપૂરમાં જે બાળ અધ્યાપન મંદિરો ફરીથી શરુ થયા છે તેને યોગ્ય માર્ગદર્શન સંઘ તરફથી થવાની તાત્કાલિક જરૂર છે. સંઘની આર્થિક સ્થિતિ સુધ્ધર કરવાની દૃષ્ટિએ આ વર્ષના સ્વ. ગિજૂભાઈ જયંતિ સપ્તાહમાં યોજાતા કાર્યક્રમની રૂપરેખા નિશ્ચિત કરવાની જરૂર છે. તે જ રીતે બોર્ડીમાં શરુ કરવામાં આવેલા પ્રયોગોનું સરવૈયું લઇને તેની પ્રગતિ માટે માર્ગદર્શન આપવાની જરૂર છે. અમદાવાદથી દૂર દૂર રહેલી શાખાઓએ ઓછામાં ઓછા એક પ્રતિનિધિ મોકલીને સંઘની આ દર ૩ માસે મળતી સભાઓને યશસ્વી કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. સંઘ આગળના મહત્વના પ્રશ્નો ધ્યાનમાં લઇને આ સભાઓ યશસ્વી કરવામાં દરેક પ્રાદેશિક શાખા પોતાથી બનતો પ્રયત્ન કરશે એવી અમને શ્રધ્ધા છે.

અમદાવાદ :-

નૂતન બાળ શિક્ષણ સમિતિના કાર્યકર્તા અને શિક્ષણ પત્રિકાના એક સંપાદક **શ્રી હરપ્રસાદભાઇ ભટ્ટ** યુરોપની વિધવિધ વિદ્યાપીઠો અને મનોવિજ્ઞાન સંસ્થાઓનું નિરીક્ષણ કરીને હાલમાં જ પાછાં ફર્યા છે. તેમના મિત્રો પ્રશંસકો અને સ્નેહીઓ એ. તેમના અનુભવોનો લાભ લેવા માટે, તા. ૨૫-૭-૫૩ના રોજ શારદા મંદિરમાં યોજાએલા એક વાર્તાલાપમાં સ્થાનિક કેળવણીકારો, કોલેજના પ્રોફેસરો, અને સામાજિક કાર્યકરોએ સારી હાજરી આપી હતી. ગુજરાતના સુપ્રસિદ્ધ લેખક શ્રી ઉમાશંકર જોષી, શ્રી રવિશંકર રાવળ તથા વિદ્યાધિકારી શ્રી રાયચુરાએ પણ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતાં.

તેમના અનુભવોનો તેમજ માર્ગદર્શન નો લાભ આપણને સમય સમય પર મળતો રહે, એ અભિલાષા.

બાલ શિક્ષણ અને સંઘ સમાચાર

વડોદરા નગર શાખા : શિશુભારતી બાલ અધ્યાપન મંદિરના નિયામક શ્રી. કમળાશંકર પંડિત તથા મુખ્યાધ્યાપક શ્રી. સ. આ. કેળકર બહાદુરપુરની મુલાકાતે જઇ આવ્યા. ત્યાંના સાર્વજનિક બાલ-મંદિરનુ નિરીક્ષણ કરીને સાંજના વાલીઓની સભા યોજવામાં આવી હતી. બાલ મંદિરના આચાર્ય શ્રી. ચંપકભાઇ તથા શ્રી. ચોકશી અને શેઠ શ્રી. શિરોળાવાલાના સક્રિય સહકારથી નૂ. બા. શિ. સંઘની એક સ્થાનિક શાખા શરૂ કરવામાં આવી છે.

ઓગસ્ટ ૧૫ મીના સ્વાતંત્ર્ય દિનના અવસરે પૂ. શ્રી. કેદારનાથજીના વરદ હસ્તે શિશુભારતીમાં શૈક્ષણિક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

મુંબઈ નગર શાખા : તા. ૧૪-૮-૫૩ ના રોજ મુંબઈની ૨૬ સંસ્થાઓના બે થી બાર વર્ષના બાળકોએ મોકલેલા ચિત્રોનું એક પ્રદર્શન જાણીતા બાલ ચિત્રજ્ઞ શ્રી. પુલિનબિહારી દત્તના હસ્તે ખૂલ્લુ મુકાયું હતું. આ પ્રદર્શન દરેક સંસ્થામાં જાય અને દરેક સંસ્થાના બાળકો તથા બાળકોના વાલીઓ તેનો લાભ લે એ પ્રકારની વ્યવસ્થા મુંબઇ શાખા તરફથી કરવામાં આવી છે.

તા. ૧૫-૮-૫૩ના રોજ મુંબઈ શાખાએ ફરતા પુસ્તકાલયની યોજનાની શરુઆત મહારાષ્ટ્રના તપસ્વી નેતા શ્રી. સેનાપતિ બાપટના વરદ હસ્તે કરી હતી.

શ્રી. નૂતન બાલ શિક્ષક સંઘ મુંબઈ

તા. ૨૨-૮-૫૩ના રોજ બાલ શિક્ષકોનું સ્નેહ-સંમેલન તેમજ તા. ૫-૯-૫૩ના રોજ શ્રી. વસંતભાઈના બાળ ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

સૌરાષ્ટ્રમાં નવા બે ધોરણ મુજબની પહેલી સ્થાનિક શાખા : તા. ૩૧-૭-૫૩ના રોજ શ્રી. કીર્તિકાન્ત શાંતિલાલ સાર્વજનિક બાલ મંદિરના કાર્યકરોના સહકારથી નૂ. બા. શિ. સંઘની એક સ્થાનિક શાખા સંઘના મુખ્ય નિરીક્ષક શ્રી. પ્રભુભાઇ ઉપાધ્યાયના હસ્તે ખોલવામાં આવી હતી.

મુખ્ય નિરીક્ષકનો સૌરાષ્ટ્રનો પ્રવાસ. આ પ્રવાસમાં શ્રી. કીર્તિકાન્ત શાંતિલાલ સાર્વજનિક બાલ મંદિર; લીંબડી, વઢવાણ બાલ મંદિર; વઢવાણ, શ્રી. મણિલાલ કોઠારી બાલ મંદિર; સુરેન્દ્રનગરનું નિરીક્ષણ કર્યું. સંચાલકો અને શિક્ષકો સાથે વાર્તાલાપ તથા બાલ મંદિરનાં વાલીઓ માટે દરેક ઠેકાણે પ્રવચનો કર્યા. વાલીઓ માટેના પ્રદર્શનો ખૂલ્લા મૂકયા. દરેક ઠેકાણે નૂ. બા. શિ. સંઘને કાર્યકર્તાઓનો સુંદર સહકાર પ્રાપ્ત થયો હતો. દરેક સંસ્થા પોત પોતાના સંજોગોમાં પ્રગતિ કરવા ઘણી તત્પર હતી.

શારદા મંદિર, અમદાવાદ : તા. ૧૭-૮-૫૩ના દિવસે સંસ્થાના સ્થાપના દિનની ઉજવણી અમદાવાદ વિભાગના વિદ્યાધિકારી ડો. રાયચુરાના પ્રમુખપદે કરવામાં આવી હતી.

અમદાવાદ નગર શાખા : તા. ૮-૮-૫૩ના રોજ બાલ શિક્ષણ પ્રેમી શ્રી. નિર્મળાબેન બકુલાદિના અવસાન અંગે શોક પ્રદર્શિત કરતો ઠરાવ શાખાએ પસાર કર્યો હતો. તા. ૮-૮-૫૩ના શનિવારના રોજ સ્વર્ગસ્થની પુણ્ય-સ્મૃતિમાં અમદાવાદના બાલ મંદિરો બંધ રાખવામાં આવ્યા હતા. તે દિવસે સાંજે શ્રી. હંસરાજ પ્રાગજી-હોલમાં ગુજરાતના પ્રસિધ્ધ કલાકાર શ્રી. રવિશંકર રાવળના પ્રમુખપદે જાહેર શોકસભા રાખવામાં આવી હતી.

સભ્યો માટે અગત્યનું :

અમદાવાદમાં નૂ. બા. શિ. સંઘની સભાઓ

નૂતન બાલ શિક્ષણ સંઘની શિક્ષણ સમિતિ, મધ્યસ્થ વ્યવસ્થાપક મંડળ તથા નિયંત્રણ મંડળ (Governing Body)ની સભાઓ આગામી તા. ૧૯ અને ૨૦ મી સપ્ટેમ્બરના રોજ અમદાવાદ ખાતે મળે છે. તે સમયે જે જે સભ્યો હાજર રહેવા ઇચ્છતા હોય તેઓ તા. ૧૦-૯-૫૩ પહેલાં શ્રી. હરજીવનભાઈ દીક્ષિત, મંત્રી, નૂ બા. શિ. સંઘ અમદાવાદ શાખા; મણીનગર, અમદાવાદના સીરનામે લખી જણાવવા કૃપા કરે.

"શિક્ષણ પત્રિકા"નો "દ્વિવાર્ષિક બાલવાર્તા વિશેષાંક"

આગામી તા. ૧ લી નવેમ્બરે પ્રગટ થતો "શિક્ષણ-પત્રિકા"નો અંક **"દ્વીવાર્ષિક બાલવાર્તા વિશેષાંક"** રૂપે પ્રગટ કરવામાં આવશે. એની વિશિષ્ટતામા ત્રણથી છ તથા છ થી બાર વર્ષના અને મોટેરાઓ માટે યોગ્ય શિક્ષણ શાસ્ત્રીઓ દ્વારા પસંદ કરાએલી બાળ-વાર્તાઓ હશે.

આ અંકને લગતી તૈયારીઓ અત્યારથીજ શરુ કરી દેવામાં આવી છે. આપ લેખક હો તો બાળકોને યોગ્ય એવી નાની બાળ-વાર્તા; આપ કવિ હો તો બાળકોને રસ પડે તેવા સુદર ગીત રચી મોકલવા અમારૂં ભાવભીનું આમંત્રણ છે.

વધુ વિગતો આગામી અંકે આપવામાં આવશે. **સંપાદક**

શિક્ષણ પત્રિકાના જુના અંકોની ફાઈલો.

છેલ્લા ૧૨ વર્ષની ગુજરાતી શિક્ષણ પત્રિકાની બાંધેલી ફાઇલો તૈયાર છે. કોઇ પણ એક વર્ષની ફાઇલ માત્ર રૂા. ૨-૮-૦ તેમજ કોઇ પણ એક વર્ષના ૧૨ અંકોની કિંમત માત્ર રૂા. ૨-૦-૦ રાખવામાં આવી છે. ટપાલ ખર્ચ જુદું. લખો; વ્યવસ્થાપક, શિક્ષણ પત્રિકા કાર્યાલય, ૧૧૮, હિંદુ કોલની, દાદર; મુંબઈ નં. ૧૪.

તમારા સીરનામા લખી મોકલો

સ્વ. ગિજૂભાઈ પાસે દક્ષિણામૂર્તિમાં અને રાજકોટમાં નૂતન બાલ શિક્ષણની તાલીમ પામેલા ભાઇ બ્હેનોની યાદી તૈયાર થઈ રહી છે તો આપનું ચાલુ સીરનામું, અભ્યાસનું વર્ષ, વતનનું કાયમી સીરનામું વિગેરે નીચેના સ્થળે લખી મોકલશો.

શ્રી. યશવંતિ બેન ભટ્ટ. ઉપ મંત્રી નૂ. બા શિ સંઘ.
બાલ મંદિર ખાડિયા, અમદાવાદ.

દુઃખદ અવસાન

નોંધ લેતાં અત્યંત દુઃખ થાય છે કે શ્રી. સરલા દેવી સારાભાઈના નણંદ શ્રી. નિર્મળાબેન બકુભાઇનું તા. ૩૧-૭-૫૩ ના વ્હેલી સંવારે ૩-૦ વાગે અવસાન થયું છે. સ્વર્ગસ્થ અમદાવાદના જાહેર જીવનમાં સને ૧૯૨૮ થી ૧૯૪૫ સુધી ખૂબજ રસ લેતા રહયાં હતાં.

તેમના અવસાન સમયે, શેઠ શ્રી અંબાલાલ સારાભાઈ, શ્રી સરલાદેવી સારાભાઇ, શ્રી ઈન્દુમતીબેન ચીમનલાલ શેઠ વ. હાજર હતા.

સ્વર્ગસ્થ નિર્મળાબેનની તબિયત છેલ્લાં પાંચ-છ વર્ષથી નબળી થઈ ગઈ હતી. કીડનીનું દર્દ અતિશય વધી જતાં, યુરેમીઆના પરિણામે હૃદય પર હુમલો થતાં તેમનું અવસાન થયું હતું. મૃત્યુ સમયે તેમની ઉંમર ૫૯ વર્ષની હતી.

સ્વર્ગસ્થ નિર્મળાબેને પોતાના પતિ શેઠ શ્રી બકુભાઇ મનસુખલાવનું અવસાન થયા પછી, જાહેર જીવનમાં ભાગ લેવાનું શરૂ કર્યું હતુ મોન્ટેસોરી પધ્ધતિનું સર્વપ્રથમ બાળ મંદિર સ્થાપી તેઓ બાળ કેળવણી ક્ષેત્રના અગ્રણી બની રહયા હતાં ઉપરાંત તેમણે વખતોવખત રાજકીય ચળવળોમાં પણ ઘણો મહત્વનો ભાગ લીધો હતો.

સ્વ. શ્રી નિર્મળાબેને હજુ હમણાંજ અમદાવાદની એજ્યુકેશન સોસાયટીને મોટી રકમનું દાન આપી "શેઠ બકુભાઇ મનસુખભાઈ ઈન્સ્ટીટયુટ ઓફ ચાઈલ્ડ ડેવલેપમેન્ટ" નામની સંસ્થા સ્થાપી હતી, જેમાં બાળ માનસને લગતા માનસ શાસ્ત્રીય સંશોધનનું કામ ભારતમાં આ એકજ સંસ્થામાં થતુ. સ્વ. નિર્મળાબેનનો આ એક કીમતી ફાળો છે. તેમના અવસાનને લીધે બાળ કેળવણીના ક્ષેત્રમાં એક અનુભવી અને અગ્રણી ઉત્સાહી એવા કાર્યકરની ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

પ્રભો, તેમના આત્માને ચિર શાંતિ પ્રદાન કરો, એ અભ્યર્થના છે.

ભારતીય બાલવિકાસ સમિતિ

The Indian Council for Child Welfare, New Delhi

સંયુક્ત રાષ્ટ્રીય મંડળની વિનંતી ઉપરથી ૧૯૫૦માં ભારત સરકારે જે સયુંક્ત રાષ્ટ્રના બાળક ફંડ માટે એક સમિતિ નિયુક્ત કરી હતી તેમાંથી જ હાલની ભારતીય બાલવિકાસ સમિતિની રચના ૧૯૫૨ માં થઇ. આ સમિતિ હવે સયુંક્ત રાષ્ટ્રીય મંડળથી સ્વતંત્ર હોઇ તેનું કાર્ય ભારતીય બાલવિકાસની દૃષ્ટિથી મર્યાદિત કરવામાં આવ્યું છે. આ સમિતિના પ્રમુખપદે માનનીય રાજકુમારી અમૃતકૌર છે. તથા અન્ય પદાધિકારીઓમાં શ્રી ઇન્દિરા ગાંધી (ઉપપ્રમુખ), શ્રી હન્ના સેન (મુખ્યમંત્રી), શ્રી રાજન નેહરુ (વ્યવસ્થા મંત્રી), સર શ્રી ગંગારામ કૌલ (ખજાનચી), શ્રી લુર્દ્રા (સ. ખજાનચી), વિગેરે બાળકોના કાર્યમાં જાણીતી અનુભવી વ્યકિતઓ છે. આ સમિતિના સભાસદોમાં શ્રી જયશ્રી રાયજી, શ્રી લેડી ધનવંતી રામરાવ, શ્રી હંસા મેહતા, શ્રી એમ. આર. મસાણી, શ્રી સરલાદેવી સારાભાઈ, શ્રી સુશીલા પૈ, શ્રી ડો. સુશીલા નાયર, ડો. જે. એમ. કુમારપ્પા, શ્રી ભારતીયા, શ્રી હુમાયૂન કબીર, શ્રી રફી અહમદ કીદવાઈ, શ્રી કિટી સિવ. રામ, શ્રી અમુ સ્વામીનાથન વિગેરે વ્યકિતઓ ભારતના જૂદા જૂદા વિભાગમાંથી સામાજિક ચળવળના નેતા છે.

ભારતીય બાલવિકાસના કાર્ય માટે બાળ કલ્યાણ ચળવળ કેટલી આવશ્યક છે તે નીચે જણાવ્યું છે.

બાળકના સર્વસામાન્ય વિકાસની દૃષ્ટિથી આવશ્યક એવા સાધનો મૂર્ત [Material] અને આત્મિક [Spiritual] આપણે આપવાજ જોઇએ. ભૂખ્યા બાળકોને અન્ન આપવું જોઇએ. માંદા બાળકોની માવજત કરવી જોઇએ. પછાત બાળકોને મદદ કરવી જોઇએ. અસમધારણ [Abnormal] બાળકોને સમધારણ કરવા જોઇએ અને અનાથ થએલા બાળકોને આશરો અને આશ્વાસન આપવું જોઇએ. મુશ્કેલીના સમયમાં બાળકોને પહેલાં મદદ કરવી જોઇએ, અને કોઇ પણ પ્રકારના શોષણમાંથી તેમને બચાવવાનો પ્રયત્ન કરવો જોઇએ."

બાળકનું સંવર્ધન તથા રક્ષણ અને સગર્ભા તથા સુવાવડી સ્ત્રીઓની બાબતમાં આપણો દેશ ખૂબજ પછાત છે. કેટલાંએ વર્ષોની બેદરકારીને લીધે હાલમાં જે સ્ત્રીઓ તથા બાળકોનો મૃત્યુનો આંકડો જાહેર થયો છે તેમાં જણાઈ આવે છે. દરેક હજારમાં ૨૦ સ્ત્રીઓ સુવાવડમાં અને ૧૬૦ બાળકો મૃત્યુ પામે છે. ઓસ્ટ્રલિયા અને ન્યૂઝીલેન્ડમાં દર હજારે ફકત ૩૦ બાળકો મરણ પામે છે. એમાંથી જીવતા રહેલા બાળકોમાંથી અડધા બાળકો દશ વર્ષ સુધી જીવે છે. આપણા દેશમાં મૃત્યુનું પ્રમાણ કેટલું ભયંકર છે એ નીચેની નોંધ ઉપરથી સ્પષ્ટ થશે.

ભારતમાં જન્મેલા બાળકોમાંથી ૨૪ ટકા પહેલુ વર્ષ પૂરુ થતાં પહેલા મૃત્યુ પામે છે. ઇંગ્લેન્ડમાં, આ પ્રમાણ સાત ટકાનું છે. પહેલા વર્ષથી તે પાંચ વર્ષ સુધીમાં ભારતમાં ઓગણીસ ટકા બાળકો મૃત્યુ પામે છે. તો ઇંગ્લેન્ડમાં ફકત ૧ ટકકો મૃત્યુ પામે છે.

ભારતીય બાલ વિકાસ સમિતિનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં બાલકલ્યાણની કોઇ પણ યોજનાનો સમિતિ દ્વારા અથવા પ્રત્યક્ષ રીતે મદદ કરવી એ છે. એ ઉપરાંત શકય હોય ત્યાં બાલકલ્યાણની યોજનામાં માર્ગદર્શન આપવુ બાલકલ્યાણ કાર્યકર્તા માટે તાલિમ [Training] સંસ્થા કાઢવી. આવા પ્રકારની ચાલુ સંસ્થાને ઉત્તેજન આપવું બાલકલ્યાણ વિષે અદ્યતન માહિતી પુરી પાડનાર કેન્દ્રો ચલાવવા, આ કાર્ય માટે લેકચર શિક્ષણ ચલાવવું, પરિષદો યોજવી, જરૂરી કાયદા ઘડવા વિગેરે અનેક વિધ ઉદ્દેશ આ સમિતિએ પોતાની સામે રાખ્યા છે.

આ સમિતિ અંગેની વધુ માહિતી જોઈતી હોય તો મંત્રી, ભારતીય બાલવિકાસ સમિતિ, ૫, સિકંદરા રોડ, ન્યૂ દિલ્હી સરનામેથી મળી શકશે —શે. ના. નાગ્રહે.



હેડ ઓફીસ મુંબઇ, ૫૪ શાખાઓ અને ૨૦ સેટ ડીપોઝીટ ચોકકસ.

૦ અરજાસ ફિકસ્ડ ડિપોઝીટ ડીપોઝીટ બાબતમાં
૨-૧/૪ % લેખે વ્યાજ આપવામા આવે છે. અને
રૂા. ૧૦૦૦થી ખાતું ખોલાય છે.

૦ અરજાથી ૬ વર્ષ અને ૭ વર્ષની ટેરા અરટીફીકેટ
લગભગ ૩-૧/૨ % અને ૪-૩/૪ % વ્યાજ આપે છે.

૦ અરજાસ સેવિંગ્સ બેંક ખાતાઓ મા
૧-૧/૨ % ટકા લેખે વ્યાજ આપવામાં આવે છે
અને રૂા. ૨૦ થી ખાતું ખોલાય છે

નાણાની બચત કરવામાં દેનાબેંક તમને મદદ કરશે

હિન્દનો

અગ્રગણ્ય

સ્વદેશી સ્ટોર

×—○—×

મારી જરૂરિયાતો ખરીદવાનું

એક માત્ર

ભરોસાપાત્ર સ્થળ

: આજે જ પધારો :

ધી બ્રાહ્મણ સ્વદેશી

કો-ઓપરેટિવ સ્ટોર્સ કં. લિ૦

☆

સર ફિરોઝશાહ મહેતા રોડ,

ફોર્ટ, મુંબઈ ૧

ફોન : ૨૦૪૪૩

☆

શાખા :

મહાત્મા ગાંધી રોડ, પુના

જેમ્સ સ્ટ્રીટ, સિકંદરાબાદ.

—શિક્ષણ સાહિત્ય—

કયાંથી મેળવશો ?

(૧) બાળમંદિરને ઉપયોગી સાધનો
(૨) નર્સરી શાળાઓને ઉપયોગી પ્રમોધક સાહિત્ય
(૩) મજુર કલ્યાણ કેન્દ્રને ઉપયોગી સાધનો
(૪) પૂર્વપ્રાથમિક કેળવણીને ઉપયોગી સાધનો
(૫) નઈ તાલીમ કેળવણીને ઉપયોગી સાધનો
(૬) પ્રાથમિક શાળા-કેળવણીને ઉપયોગી સાધનો
(૭) માધ્યમિક કેળવણીને (હાઈસ્કુલને) ઉપયોગી સાધનો
(૮) વ્યાયામ કેળવણીને ઉપયોગી સાધનો
(૯) વૈજ્ઞાનિક કેળવણીને ઉપયોગી સાધનો
(૧૦) અધ્યાપન મંદિરની કેળવણીને ઉપયોગી સાધનો

ઉપર મુજબની સંસ્થાઓને ઉપયોગી તમામ સાહિત્ય નજરે જોવા અવશ્ય મુલાકાત લો. અગર સુચિત પત્ર મંગાવો.

જેવંદ તલકશી એન્ડ સન્સ.

એમ્પાયર બિલ્ડીંગ. ઓરીબંદર, ટ્રામ જંકશન સામે, મુંબઈ ૧.

આગ-અકસ્માત-જીંદગી

મોટર, દરિયાઈ, વર્કમેન્સ, કોમ્પેન્સેશન

સર્વ પ્રકારનું વીમાકામ

સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને

સંતોષકારક મહેનતાણું :

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મંગાવો.

ધી ઈન્ડીઅન ગ્લોબ ઈન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—

૩૧૫-૩૨૧ પ્રાસ્પેકટ ચેમ્બર્સ, હોર્નબી રોડ,

મુંબઇ.

શ્રી નૂ. બ્રા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : શ્રી રમણિકલાઈ તુરખિયા, ૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઈ ૧૪
મુદ્રણ સ્થાન : પ્લેટફેક્ટા પ્રિન્ટિંગ વર્કર્સ, મુંબઈ-૨૨.

વર્ષ : ૧૦૩ વિષય ૧૫ મો અંક : ૧૨

શિક્ષણ-વિકાસ

વ્યવસ્થાપક : ચુ. ભોગીલાલ ગાંધી : ચીમનલાલ વકીલ



બાળકોને પોતાના સામાન્ય વિકાસ માટેના જરૂરી એવા સ્થૂળ અને સૂક્ષ્મ સાધનો મળવા જ જોઇએ. ભૂખ્યા બાળકોને ખવરાવવું જોઇએ, માંદાઓની સારવાર કરવી જોઇએ, પછાત બાળકોને સહાયતા અને વિકૃતિ પામેલાને પાછા મેળવવાની વ્યવસ્થા કરવી જોઇએ. અનાથ બાળકોને આશ્રય અને ઘરબાર ગુમેલાને મદદ મળવી જોઇએ. મુસ્કેલીની પરિસ્થિતિમાં તો બાળકોને જ બરેબર પ્રથમ સહાયતા મળવી જોઇએ અને તેમને દરેક પ્રકારના શોષણમાંથી બચાવી લેવાં જોઇએ.

—યુનાયટેડ નેશન્સની અપીલમાંથી.

સંસ્થાપક :
સ્વ. ભોગીલાલ ગાંધી

તંત્રી :
ચીમનલાલ વકીલ

વાર્ષિક લવાજમ :
રૂા. ૪-૭-૦ : :

કાર્યાલય :
૧૧૮, ગ્રિન્ટ કૉલેજની પાછળ, ગામદેવી, મુંબઇ, ૭.

છૂટક નકલ
: : ૬ આના

બાલશિક્ષણ જયંતિ સપ્તાહ ઊજવો

તા. ૧૫ મી નવેમ્બર એ નૂતન બાલશિક્ષણ સંઘના સંસ્થાપક સ્વ. ગિજુભાઇનો જન્મદિન છે. ગિજુભાઇનો સ્થૂલ દેહ આપણી વચ્ચેથી ચાલ્યો ગયો છે છતાં જે માટે ગિજુભાઈ જીવ્યા તે એમનું બાળકલ્યાણ અને કેળવણીનું કાર્ય ચિરંજીવ બન્યું છે એ કાર્યથી ગિજુભાઇ આપણી વચ્ચે ચિરંજીવ બન્યા છે. તેથી આપણે એમની જયન્તિ સપ્તાહ ઊજવીએ છીએ. તા. ૧૫ મીથી ૨૧ મી સુધીનો ગિજુભાઇ જયંતિ સપ્તાહ આપણે બાલશિક્ષણ જયન્તિ સપ્તાહ તરીકે દર વર્ષે ઊજવીએ છીએ. આ સપ્તાહ દરમ્યાન આપણે બાલશિક્ષણનો વિશેષ પ્રચાર કરીએ છીએ અને બાલકલ્યાણ તથા કેળવણીના કાર્યો ચલાવવા માટે નૂતન બાળશિક્ષણ નિધિ ભેગો કરીએ છીએ.

જયંતિ સપ્તાહમાં કેન્દ્રને ફાળે જે કંઇ નિધિ જવાનો છે તે સંઘના ગ્રામ બાલશિક્ષા કેન્દ્ર માટે જ વપરાતો હોય છે. દેશના દરેક પાંચ બાળકોમાંથી ચાર બાળકો ગામડાનાં છે. તેથી બાલ કેળવણીનો મુખ્ય પ્રશ્ન ગામડાના બાળકોની કેળવણીનો છે. આપણા રાષ્ટ્રીય નવરચનાના કાર્યોમાં આપણે ગામડાના બાળકોને સદંતર ભૂલ્યા છીએ. એ બાળકોને આપણે એમના વાલીઓના દારિદ્ર, અજ્ઞાન અને જીવન સંજોગો પર છોડી દીધાં છે. ગ્રામ બાલ શિક્ષા કેન્દ્ર ગામડાના અને આદિવાસી બાળકોના કલ્યાણનો અને કેળવણીનો માર્ગ શોધી રહ્યું છે. દેશના બહુ સંખ્યક બાળકો ગામડામાં જ છે એ જોતાં ગ્રામ બાલશિક્ષા કેન્દ્રના પ્રયત્નને રાષ્ટ્રીય મહત્વ મળી રહે છે. આ કાર્ય ચલાવવા માટે સંઘના કાર્યમાં રસ લેતા દરેક સભ્યે જનતા પાસેથી આર્થિક સહયોગ મેળવવા માટે હાથ લંબાવવાનો છે. સ્થાનિક શાખાના કાર્યકરોએ પોત પોતાના વિસ્તારમાં નીચેની રીતોથી આ નિધિ એકઠો કરે એમ સંઘનું નિયામક મંડળ ઇચ્છે છે.

(૧) બાળકો દ્વારા એક આના ફાળાની ટિકિટો વેચીને;
(૨) અથવા પોતાની વસતિમાં ઘર દીઠ અને કુટુંબ દીઠ ઓછામાં ઓછા ચાર આના લઇને;
(૩) બાળકોના મેળાવડા અથવા મનોરંજન કાર્યક્રમો ગોઠવીને;
(૪) શિક્ષકો અને વાલીઓના મનોરંજન કાર્યક્રમો ગોઠવીને

પહેલી બે રીતોથી ફાળો ઉઘરાવવા માટે કેટલીક પ્રાદેશિક શાખા પર તે શાખા માગે તેટલી એક આનાની ટિકિટો કેન્દ્રીય કાર્યાલય તરફથી મોકલવામાં આવશે. દરેક સ્થાનિક શાખાના અને અન્ય સંસ્થાઓના કાર્યકર્તાઓ આ ટિકિટો પોત પોતાની પ્રાદેશિક શાખાના મંત્રી પાસેથી તા. ૧૫ મી ઓક્ટોબર પછી મેળવી શકશે. આ રીતે જે કંઈ ફાળો થાય તે સમગ્ર ફાળો દરેક સ્થાનિક શાખા પોત પોતાની પ્રાદેશિક શાખાને આપે. પછી તેમાંથી પ્રાદેશિક શાખા પ્રથમ કેન્દ્રનો નિયત કરેલો ફાળો આપે અને બાકી રહેલા ફાળામાંથી અર્ધો પોતા પાસે રાખીને બાકીનો અર્ધો દરેક સ્થાનિક શાખાએ ભેગા કરેલા ફાળાના પ્રમાણમાં તેને પાછો આપે એવી સંઘના નિયંત્રણ મંડળની ભલામણ છે. દરેક સ્થાનિક શાખા એ વ્યવસ્થા સ્વીકારે તો ફાળાની વહેંચણીમાં કોઈ પ્રકારની ગૂંચ રહેશે નહિ.

આ વર્ષે દિવાળીની રજાઓ તા. ૧૫ મી નવેમ્બર પૂરી થાય છે. એટલે ઘણા ખરાં બાલકેળવણીની સંસ્થાઓ તા. ૧૬ મી નવેમ્બરે ખૂલશે તેથી શિક્ષકોને અને કાર્યકર્તાઓને જયંતિ સપ્તાહનો કાર્યક્રમ પહેલેથી જ એટલે કે ઓક્ટોબર માસમાં રજાઓ પડે તે પહેલાં જ વિચારી લેવાની જરૂર એ વસ્તુ પર અમે બધાનું ધ્યાન ખેંચવા માગીએ છીએ. દરેક સ્થાનિક અને પ્રાદેશિક શાખાઓ આ સપ્તાહના ક્રમ અંગેની પોત પોતાની સભાઓ ઓક્ટોબરના પ્રથમ અથવા બીજા અઠવાડિયામાં જ લે અને પોતાનો કાર્યક્રમ નિશ્ચિત કરે એ જરૂરી છે.

સંઘ વર્ષમાંના આ સપ્તાહમાં જ પોતાની શક્તિ કેરવે અને આમ જનતા તેને લગભગ લાખો લાખો સહાય કરે એ આપણે સૌએ જોવાનું છે.

શેષ નાગલે
— મંત્રી બા. આ. શિ.

સંપાદક મંડળ :
રામનારાયણ પાઠક, હરપ્રસાદ ભટ્ટ, જયંતભાઈ ઓઝા, હેમલતાબેન માળવી, મંજરીબેન રાયજી, રમેશભાઈ કોઠારી.

: અનુક્રમણિકા :

૧.	સંઘના પગલે પગલે	સંપાદકીય
૨.	પડઘા	ઓજસ્
૩.	હેલન કેલરનું શિક્ષણ	મા. સ. કેળકર
૪.	આને માટે જવાબદાર કોણ	સરલાબેન દેવધર
૫.	આપણી મનોરચના	શૈશવવાદી
૬.	એક બાળમંદિરની મુલાકાતે	હે. માળવી

બાળ-વિભાગ

(૧) શું કહેવાય ?....(૨) મોટર ચાલી રે (૩) જળબોડો
(૪) શલાકમૃગ અને જુક્રા

૧.	બાળમંદિરમાં નિરીક્ષણની યોજના	
૨.	બાળકનું ગણિત શિક્ષણ	શેષ નાગલે
૩.	બાળશિક્ષણ અને સંઘ સમાચાર	

મુંબઈ, મધ્ય ભારત, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી

નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૮ : અંક ૧૦] મુંબઈ [ઓક્ટોબર ૧૯૫૩

સંપાદકીય

સંઘના પગલે પગલે....

રવિવાર તા. ૨૦ મીના રોજ અમદાવાદમાં નૂતન બાલ શિક્ષણ સંઘના નિયંત્રણ મંડળ (Governing Body) ની સભા યોજવામાં આવી હતી. નિયંત્રણ મંડળ એ સંઘનું સર્વોપરી સર્વ સત્તાધારી મંડળ છે. આ સભામાં ઉત્તર ગુજરાત, અમદાવાદ નગર, વડોદરા નગર, સૂરત નગર, સૌરાષ્ટ્ર, થાણા જિલ્લો, મધ્યભારત, અને મુંબઈ શાખાના કુલે મળીને ૨૩ સભ્યો હાજર રહ્યાં હતાં. આ મંડળમાં સભ્યોની કુલ સંખ્યા ૬૯ જેટલી છે. મદ્રાસ, નાગપૂર, પૂના પ્રાદેશિક શાખાઓ તરફથી એક પણ પ્રતિનિધિ આ સભામાં ઉપસ્થિત નહોતા. નિયંત્રણ મંડળની આ સભાએ જે મહત્વના ઠરાવો પસાર કર્યા છે, તે આજ અંકમાં અન્યત્ર પ્રકાશિત કરવામાં આવેલ છે. આ ઠરાવો પરથી એમ સમજી શકાય છે કે સંઘ હવે પોતાના ઉદ્દેશ્યો પાર પાડવા માટે પોતાના સાંઘિક તંત્રનો ખૂબ જ નિશ્ચિત રીતે વિકાસ સાધી રહ્યો છે તેની ખાત્રી થાય છે.

સંઘ સમી બાળપ્રેમી જનતાના સહકારથી શુધ્ધ બાળ કેળવણીનું કાર્ય કરતી સંસ્થાએ બાળ-શિક્ષકોના પગાર ધોરણો અંગે વિચાર કરવો કે કેમ એ વિષે જુદા જુદા મંતવ્યો છે. સંઘનું કાર્ય ચલાવવા આજ સુધી સંઘે સૌની પાસેથી ત્યાગની અપેક્ષા રાખી છે. સૌનો ત્યાગ એજ સંઘનું બળ છે એવી આપણી માન્યતા છે. ત્યાં શિક્ષકોને આ મળવું જોઇએ, તે મળવું જોઇએ, એવી ભાષા સંઘના મુખે શોભે નહિ, એવો કેટલાકોનો મત હતો. સ ઘ બાળક માત્રની સેવાને વરેલો છે. વાલીઓ, સંચાલકો અને શિક્ષકો બધા બાળ સેવકો જ છે, એમ સંઘ માને છે. સેવાનું મૂલ્ય શે નિશ્ચિત કરી શકાય ? શિક્ષકોની સેવાનું મૂલ્યાંકન કરીને સંઘે સેવાના પોતાના આ આદર્શને આ પગલાથી કંઇક ઝાંખો બનાવ્યો છે, એમ કેટલાંક માને છે.

પરંતુ આ પ્રશ્નની એક બીજી વ્યવહારિક બાજુ પણ છે. સંઘે પોતાનું કાર્ય સમાજમાં જ રહીને કરવાનું છે. સમાજથી અધ્ધર રહીને કોઇ પણ સંસ્થા પ્રગતિ સાધી શકે નહિ. પરિસ્થિતિ શી છે તેનો ખ્યાલ કોઇ પણ પ્રગતિશીલ સંસ્થાએ રાખવોજ રહ્યો. સમાજના બધા જ ઘટકો શુદ્ધ સેવા પરાયણ છે, એમ તો આપણે ભાગ્યે જ કહી શકીશું. એ બધાની વચ્ચે શિક્ષકે કાર્ય કરવાનું હોય છે. નરી આંખે આજે આપણે જોઇ રહ્યા છીએ કે શહેરોમાં ઘણા ખરા બાલમંદિરો બાલસેવાની દૃષ્ટિએ નહિ, પણ સ્વાર્થી ધંધા તરીકે ચલાવવામાં આવે છે. તેથી બહુ સખ્યક બાલશિક્ષકોનું જીવન એવા સ્વાર્થ કેન્દ્રિત લોકોની રીતિ નીતિને સોંપાયું છે. તેના પરિણામ સ્વરૂપે આજના ઘણા ખરા બાળમંદિરો યાંત્રિક અને નિર્જીવ થઇ બાળકના વિકાસને પોષક થવાને બદલે સંચાલકોના આળસ અને સ્વાર્થને પોષક બન્યાં છે. નિયંત્રણ મંડળે પરિસ્થિતિનો ખ્યાલ રાખીને બાલ શિક્ષકોના આર્થિક જીવનની મર્યાદાઓ જે સ્પષ્ટ કરી છે, તે પરથી સંઘે બાળ કેળવણી માટેનું આપણું સામુદાયિક તંત્ર વિકસાવવાની દિશાએ એક અતિ આવશ્યક પગલું ભર્યું છે, એમ જણાયા વગર રહેશે નહિ. નિયંત્રણ મંડળની સભામાં આ પ્રશ્ન પર સૌથી વધુ સમય ખર્ચાયો પરંતુ અંતે સંઘે જે નિર્ણય લીધો છે તે માટે સંઘ અભિનંદનીય છે.

એ જ સભામાં બીજા ચાર મહત્વના ઠરાવો પસાર

કરવામાં આવ્યાં છે. તેમાં (૧) ગિજુભાઇ સપ્તાહની ઉજવણી સંબંધે, (૨) વિકાસ વાડીના નવા પ્રયોગ સંબંધે, (૩) બાલ અધ્યાપન નિયંત્રણ સંબંધે અને (૪) પૂર્વ પ્રાથમિક શિક્ષણ ક્રમો અંગેના છે.

શ્રી ગિજુભાઈ જંયતિ સપ્તાહ :–પ્રતિ વર્ષે તા. ૧૫ મીથી તા. ૨૧ મી સુધી સંઘના સંસ્થાપક સ્વ. ગિજુભાઇની વર્ષગાંઠ નિમિ-તે સંઘની બધી શાળાઓમાં સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. સંઘના ઉદ્દેશ્યોને પાર પાડવા માટે સંઘને ફંડની અત્યંત જરૂર હોય છે. સંઘે પોતાની શક્તિ મુજબ આદિવાસી અને પછાત પ્રદેશોની બાળ કેળવણી માટે પોતાનો પ્રયોગ કેન્દ્ર ઓર્ડીમાં શરુ કર્યો છે. તે માટે નાણાંની જરૂર અહે તે દેખીતું છે. ઉપરાંત દરેક જિલ્લા, નગર તથા ગામેગામની સ્થાનિક શાખાઓના કાર્યોને વેગ આપવા માટે પણ નાણાંની અગત્ય રહે છે. સંઘના કાર્યોને આ ફંડના આધારે જ વિકસાવી શકાય છે. આ વસ્તુસ્થિતિને ધ્યાનમાં લઇ હવે દરેક પ્રાદેશિક શાખા સંઘના કેન્દ્રિય પ્રાદેશિક અને સ્થાનિક શાખાના કાર્યોને વેગ આપવા અગા-ઉથી જ ચેતીને નિશ્ચિત યોજના કરે તે જરૂરનું છે એમ અમારુ માનવું છે.

વિકાસ વાડીના પ્રયોગને આવકાર :–ઓર્ડીમાં શ્રી તારાબેને આંગણવાડી કે વિકાસવાડીનો જે નવો ઉપક્રમ શરૂ કર્યો છે, તેને બહાલી આપીને સંઘે એક અખિલ ભારતીય પ્રશ્નને સ્પર્શ કર્યો છે, એવો અમારો મત છે. હિંદની ૮૪ ટકાની પ્રજા ગામડાઓમાં વસે છે. તે માટે આજની આપણી આર્થિક પરિસ્થિતિમાં બાળકો માટે શું કરવું જોઇએ, તે પ્રત્યક્ષતઃ બતાવી આપતો પ્રયોગ મહત્વનો છે. ગ્રામ્ય જનતાનો નામોચ્ચાર કરીને શહેરી ઠાઠમાઠની આપણી આર્થિક પરિસ્થિતિને ભલે ન શોભે એવી યોજ-નાઓ કરવાથી શહેરી કેળવણીકારોને સંતોષ મેળવી લેવાશે, પરંતુ ઓર્ડીના પ્રયોગથી સરકાર ધારે તો લાખોની ઉભરાતી ગ્રામ્ય જનતાનો સંતોષ મેળવી શકાશે, એનું દિશા–સૂચન અમોને ઓર્ડીના પ્રસ્તુત પ્રયોગમાંથી મળી રહે છે.

બાલ અધ્યાપન અને બાલ શિક્ષણક્રમો વ્યવસ્થિત થશે :—બાકી રહેલાં બે ઠરાવોમાં સંઘ સાથે જોડાએલી સર્વ બાલ અધ્યાપન અને બાળ શિક્ષણ સંસ્થા-ઓનું કાર્ય એકસુત્રી કરવાની વિશાળ યોજના અમને દેખાય છે. આજે વાલીઓ, શિક્ષકો, સંચાલકો અને નિરી-ક્ષકોના બાલકેળવણી અંગેના ખ્યાલો સ્પષ્ટ નથી. આ ઠરાવમાં યોજાએલી પુસ્તિકાઓથી તેમજ તે તે સમિતિના કાર્યથી સંઘ પોતાની બધી સંસ્થાઓને, કેળવણીના ક્ષેત્રે યોગ્ય માર્ગદર્શન કરી શકશે, એવી અમારી શ્રધ્ધા છે.

સંસ્કાર નો વાર સો

પ....ડ....ઘા

આજ રવિવાર છે.

દર રવિવારે સવારે મહેન્દ્રભાઇને ઘરે રેડિયો સાંભળવા બેસું છું. આજ મહેન્દ્રભાઈ ઘરે નથી, એટલે હું જ એકલો બેઠો બેઠો રેડિયો સાંભળી રહ્યો છું.

સામે ખુણામાં મહેન્દ્રભાઇની નાની પાંચ વરસની બેબી એના કામમાં મશ્ગુલ છે. એ મોટી ભડભાદર જેવી થઇને કંઈક લખી રહી છે. એ એકલી એકલી કંઈ બોલતી જાય છે ને લખતી જાય છે.

મહેન્દ્રભાઇનું દિવાનખાનું આજ, જેટલું ખાલી કદિ ય હોતું નથી. એમાંય રજાને દિવસે તો ભલે અહીં જ બાળ મંદિર ચાલતું હોય એમ લાગે. બાળકોને આ હીંચકાનું બહુ આકર્ષણ રહે છે. હીંચકો માત્ર હીંચકવા માટે જ નથી. એ તો બાળકોની રેલગાડી બને છે. એમાં તો ઉતારુઓ બેસે છે. ડાઇવર એ ચલાવે છે. ગાર્ડ હુકમ કરે છે અને ઉતારુઓ જુદે જુદે ગામ ચડે ઉતરે છે. આમ કોઈ અદભુત આમંત્રણ છે એ હીંચકાનું તો !

અને આ મોટી ધમાલમાં હું ને મહેન્દ્રભાઈ રેડિયો સાંભળતા બેઠા હોઇએ ! એટલી ગરબડ થાય પણ મહેન્દ્રભાઈ કદિ ય બાળકોને ન તો વઢે, ન તો બહાર કાઢી મૂકે.

પણ આજ તો સદભાગ્યે બજાર ખાલી હતું એટલે હું શાન્તિથી રેડિયો સાંભળી રહ્યો હતો.

પણ ત્યાં તો બારણાં ઠેલાયાં ને બહારથી આવાજ આવ્યો :

'બીજ્જી ! બીજ્જી !!'

'એ, ઉધાડું છું હોં સુશી!'

બેબીએ જવાબ આપ્યો ને ઉઘાડવા દોડી.

એણે બારણાં ઉઘાડ્યાં ને પડોશીની બે વરસની સુશી અંદર આવી.

આવતાં જ એ હસી પડી અને બેબી પણ હસી પડી !

'સુશી, રમવું છે ? આવો.'

બેબી સુશીને એના જેવી જ કાલી બોલીમાં 'ચૂચી' કહેતી હતી. સુશી પણ બહુ જ મીઠી બોલીમાં બોલી :

'હા બીબ્બી લમવુ ચે ! હા, આ લમવું ચે.'

'રમશું હોં ચૂચી. અહીં બેચો.'

બેબીએ સુશીને પોતાની પાસે બેસાડી અને પોતે પાછું લખવાનું શરુ કર્યું.

પણ સુશી કંઈ થોડી જ શાન્ત બેસી રહેવાની હતી ! એ તો તરત જ બેબીની નોટ બેચવા લાગી !

'આ જોઇએ'

સુશી બેંચતી બોલી.

'એ ન લેવાય હોં ચૂચી'

બેબી એજ ધીરજથી બોલી.

'નઈ....આપ.'

સુશી બેંચવાનું ચાલુ રાખતી બોલી.

'નહીં ચૂચી, તું ડાહી છો ને ?'

પણ તો ય સુશીએ નોટ બેંચી લીધી.

પણ છતાં ય બેબી હસતી બોલી :

'ઠીક લે. જો, આ મેં શું લખ્યું છે ?

સુશી જાણે પોતે વાંચતી હોય તેમ બોલી :

'ઉ, ઉ; ઉવા, હા. આ....બે.

બેબી કહે :

'બોલ સુશી : કાકા, મામા, દાદા.'

સુશી બોલી : કાકા.....

બહારથી દોડતી સુશીની બહેન રંજન આવી.

'બે ય સુસલી, ચાલ બા બોલાવે.'

અને એમ કહેતી એ હીંચકે બેઠી.

'નઇ....હતુ....'

સુશીએ મારવા હાથ ઉગામ્યો.

'મારછ ? ઉભી રહે !'

રંજને તરત જ સુશીને એક લપડાક લગાવી દીધી. બેબી એકદમ વચ્ચે પડી.

'બેય રંજુ, એમાં મારે છે શાની ? એ તો કેટલી નાની છે.'

'હા એ તો મરાય ! સુસલી તો બહુ તોફાની છે. તને ખબર છે, એ કેવડાં મોટાં બચકાં ભરી લે છે ! એને તો પીટી જ નાખવી જોઇએ.'

એમ કહેતીકને એણે ફરી સુશીને ધબ્બો માર્યો.

'હતુ'

કહેતીકને સુશી રંજુને હાથે બચકું ભરવા ગઇ. પણ રંજને હાથ બેંચી લીધો.

'બીબ્બી, આ અજુ... છી..છી.'

સુશીએ બેબી પાસે ફરિયાદ કરી.

'હા સુશી, રંજુ છીછી છે ખરૂં ?

સુશીએ હકારથી માથું હલાવ્યું.

થોડીવારમાં તો ભરતી વધવા લાગી. શશી આવ્યો, જગુ આવ્યો, હરુ આવ્યો.

આવતાં જ શશી બોલી ઉઠ્યો :

'રંજલી જા, બા બોલાવે છે. જા વાસણ માંઝી આવ.'

રંજને મ્હોં ચડાવીને ડચકારો કર્યો.

'નથી જતી ? કહેવા દે જો બાપુજીને. તારો અડદાવો ન કઢાવું તો કહેજે.'

'હા, ભલે જા. સસલા !'

'શુ બોલી ?

શશી બોલતોકને રંજન ઉપર તૂટી પડ્યો. બે ચાર ગાલે દઈ દીધી. પણ એ મારથી એને વાગ્યું હશે એનાથી સો ગણો માર પડ્યો હોય એટલા જોરે રંજને ભેંકડો તાણ્યો.

અને એના અવાજમાં મારો રેડિયો ડુબી ગયો.

'બે ય શશી, અહીં મારવાનું નહીં.'

બેબી બોલી ઉઠી :

'મારવું હોય તો જા તારે ઘરે.'

'તારે શું છે ? બે મારી બેન છે. હું તો મારીશ'

'તને કહ્યું નહિ અહીં મારવાનું નહીં. બે બા આ શશી જુઓને રંજુને મારે છે.'

જો કે બા કંઇ આવ્યા નહીં, પણ પછી સંવાદ અટકી ગયો.

'ચાલો રેલગાડી, રેલગાડી રમીએ.'

હરુ બોલી ઉઠ્યો.

બધાય રાજી થતાં હીંચકા ઉપર ચડી બેઠાં.

'મને, મને, બે'વુ છે.'

સુશી હીચકા પાસે જઇ બોલી.

'હા ચુચી, બે'વું છે ? બેસારું છું હોં.'

બેબીએ બે ભારે વજનને ઊંચકીને હીંચકા ઉપર મૂક્યું.

'આ સળિયો પકડી રાખજે હોં ચૂચી.
બહારથી વળી નવી ભરતી આવી :
મીના, લલિતા, મંછા ને રમાની ટોળી આવી :
'અમને રમાડો.'
'નહિં, છોકરીઓ નહિ.'
શશી બોલી ઉઠયો.
'હા, શશી છોકરીઓ બહુ ચાબલી થાય છે.'
જગુએ સાદ પૂરાવ્યો.
'પણ રમાનો તો આ હીંચકો છે.'
હરુએ દલીલ કરી
'હા તો એક રમા ભલે બેસે.'
શશીએ એક અરજી પાસ કરી.
'ના, ના, હું કંઈ મારી બેનપણીઓને મૂકીને નહિ રમું.'
રમા બોલી.
'તો કંઈ નહિ, તો પછી કોઇ જ નહિ.'
શશીએ ચુકાદો ફેરવ્યો.
'એ ય શશી, હીંચકો તારો નથી. બધાય બેસશે બધાયે રમવાનું છે.'
નાની બેબીએ હુકમ ફરમાવ્યો. હરુએ પણ અનુમોદન આપ્યું. પછી બધાંય હીંચકે બેઠાં.
હીંચકો તો થર્ડ ક્લાસનો ડબ્બો જ બની ગયો !
'જગુડા, આઘો બસને. અમને બેસવા તો દે.'
જગુ એકદમ તાડુકતો બોલી ઉઠયો :
'મીંદડી, મીંદડી અહીં શુ તારૂં દાટયું છે ? ઉંદરડા ખાવા જા.'
'કેમ રે જગુડા, કંઇ બહુ ફાટી ગયો છે ! તારો ભાઈ તો ચોર છે ને જેલમાં ગયો છે. તું ય ચોર છો-ભાગ અહીંથી'.
ધકકો મારતો શશી બોલી ઉઠયો.
જગુને ઉતારી મૂકયો. ફરી બેબીનો મિજાજ ગયો :
'શશી, તું કોણ મોટો જગુને કાઢી મૂકવાવાળો. હીંચકો અમારો છે. જગુ તું તારે બેસ.'
ફરી જગુને બેસાડવામાં આવ્યો.
'આ..... હ
એક તીણી ચીસ પાડતી મંછા રડી પડી.
'શું થયું ?'
'આ રંજુએ મને ચીંટીયો ભર્યો'
'રંજુ ચીંટીયા કેમ ભરે છે ભઇ ?
'તો એ, મને કેમ ધક્કા મારે છે ?
'ધક્કા કયાં મારું છું ? હું શું કરું ? સાઠમાં ધક્કા મુક્કી થાય તે !'
'રંજુ, જો એમ નહીં કરવાનું. નહિ તો પછી તને રમતમાં નહિ લઇએ.
રમાએ બહુ મિઠાશથી કહ્યું.
'હવે એમ ના કરતી હોં.'
રંજુએ માથું હલાવ્યું.
'અચ્છા ચાલો, બોલો બધાંને કયાં જવુ છે ?'
હરુનો અવાજ આવ્યો.
'ચાલો હું ડ્રાઇવર ને શશી ગાર્ડ.'
બસ, પછી તો જાતજાતનાં ગામોના મુસાફરો ગાડીમાં ચાલ્યાં. સ્ટેશનો આવવા લાગ્યાં ને ગાડી આગળ ચાલવા લાગી. એ તો ભકછૂક, ભકછૂક જાય ચાલી.
બેબીની બાજુમાં સુશી એક હાથે સળિયો પકડીને બેઠી હતી. અને બીજા હાથમાં બેબીની ફૂટપટ્ટી પકડી એ પણ ગાડી ચલાવતી જાય.
પણ એની તો ઘોડાગાડી હતી. એમાં એની ફૂટપટ્ટી હવામાં વીઝતી જાય અને બોલતી જાય.
'હત્, હત્, ડચ ડચ.'
આમ રમત ચગી હતી. એમાં એકાએક બેબી ખૂબ મોટેથી રડી પડી.
રેલગાડી ઉભી રહી ગઈ. બધાં પૂછવા લાગ્યાં :
'શું થયું, શું થયું ?'
પણ બેબી ચીસો પાડીને રડયા જ કરે. એને તો જવાબ દેવાની પણ ત્રેવડ નહોતી.
રમા બેબીને બાથમાં લેતી બોલી :
'શું થયું મારી બેનને ? બોલ તો શું થયું !
પણ બેબી તો રડયા જ કરે.
સુશી પણ બેબીને રડતી જોઇને રડવા જેવી થઈ ગઈ.
ઉપરની મેડીએથી ચંદુ દોડતો નીચે આવ્યો :
'અરે શું થયું મારી બેબલીબાઇને ?'
એમ કહેતો એ પણ બેબી પાસે નીચે બેસી ગયો. પણ બેબી છાની ન રહે.
'શું થયું મારી ? બેલાં બો શું થયું.'
એમ કહેતાં અંદરથી મેનાબેન આવ્યાં.
કોઇને કંઈ ખબર જ નહોતી.
પણ મેનાબેન પાસે આવ્યાં એટલે બેબીએ રડતાં રડતાં જ કહયું :

(અનુસંધાન છેલ્લાં ટાઇટલ પર)

હેલન કેલરનું શિક્ષણ.

[વર્ષો પૂર્વે પ્રસિધ્ધ પામેલી આંધળી ને બહેરી કુ. હેલનનું શિક્ષણ કઇ રીતે થયુ તે હકીકત ઉદ્બોધક હોવાથી સને ૧૯૦૩ ની સાલમાં છપાએલાં તેના ચરિત્રના આધારે અપાયેલી છે. —સં.]

યુનાઇટેડ સ્ટેટસ ઓફ અમેરીકાનાં આલાબામાં રાજ્યમાં ટસ્કંબીઆ શહેરમાં ૨૭ મી જૂન ૧૮૮૦ માં કુ. હેલન કેલરનો જન્મ થયો હતો. દોઢ વર્ષ સુધી તેની તબીયત સારી હતી. છ મહીના પછી તે થોડું થોડું બોલવા લાગી- અને બીજાને જોઈ કંઈક વાતો પણ કરવા લાગી. એક વર્ષની થઈ ત્યારે ચાલવા લાગી. પણ '૮૨નાં ફેબ્રુઆરીમાં તેને સખત તાવ આવ્યો અને તેમાં મગજને ઈજા થવાથી તે આંધળી ને બહેરી થઈ ગઈ. થોડો વખત તો એ જીવશે એવી કોઇને આશા જ ન હતી. પણ એક દિવસ આપોઆપ તાવ ઉતરી ગયો ને તે જીવી. પણ તેની જોવાની અને સાંભળવાની શક્તિ નાશ પામી અને જે થોડા શબ્દો તે બોલતાં શીખેલી તે પણ ભૂલી ગઇ. ફક્ત પાણી માટે વોટર શબ્દ તેને યાદ હતો અને તેનો ઉચ્ચાર તે 'વા....વા' એમ કરતી.

પહેલેથી જ તે થોડી હઠીલી હતી. હવે તો તેનાં મા બાપ અને બીજાં લોકો દયાના માર્યા તેની બધી હઠ પૂરી કરવા લાગ્યાં. તેથી તે વધારે હઠીલી બની. બીજાં બાળકોની જેમ જમીન પર આળોટે કે હાથ પગ પછાડે કે તેની હઠ પૂરી પડાતી હતી.

માંદગી પછી તેનો શારીરિક વિકાસ સાધારણ સારો થયો. ઘરની પાસે મોટાં ઝાડ ને ફુલનાં ઝાડો હતાં; તેની વાસ ઉપરથી એ બાગમાં એકલી ફરવા લાગી. તેની હોંશિયારી જોઈ તેના પિતાએ ૮૬ની સાલમાં બોસ્ટનમાં આંધળા માટેની પર્કિન્સ સંસ્થામાં તેને માટે એક શિક્ષિકાની માગણી કરી. સારે નસીબે તે સમયે ત્યાં કુ સુલિવન નામની વીસ વર્ષની ત્યાં જ શીખેલી એક સ્ત્રી હતી. તેને ૬ મહિના વધુ શિક્ષણ આપી ૮૭ ની માર્ચમાં ટસ્કમ્બિયા મોકલવામાં આવી.

કુ. હેલનનો પહેલો પાઠ :—

કુ સુલિવન આવી પહોંચી એક બે દિવસમાં જ હેલનનાં હઠીલા સ્વભાવનો તેને ખ્યાલ થયો. આવતાંની સાથે તેણે હેલનને એક ઢીંગલી આપી ને આપતાં આપતાં હાથનાં આંગળા વડે ડી–ઓ–લ–લ એમ અક્ષરો કરી તે શબ્દ હેલનને શીખવ્યો. હેલને તેજ શબ્દ પોતાના હાથ વડે કરી પોતે સમજી છે તેમ બતાવ્યું. હેલન પાસે પહેલાં પણ એક ઢીંગલી હતી અને તે એને ખૂબ જ ગમતી હતી. અને હવે બીજી મળી એટલે તો એ બહુ જ ખૂશ થઈ. પણ આપેલી ઢીંગલી સુલિવને પાછી લીધી કે એને તો ખૂબ ગુસ્સો ચડયો, જમતી વખતે પાસે બેઠેલા માણસની –રકાબીમાંથી હાથ નાખી જે જોઇએ તે લઈ લેવાની તેને ટેવ હતી બે દિવસ રહી સુલિવનની રકાબીમાં હાથ નાખવા લાગી. પણ સુલિવન તેને આમ કરવા દે નહિ. તેથી હેલનની હઠ શરૂ થઈ અને છેવટે તે જમીન પર હાથ પગ પછાડવા લાગી. પણ સુલિવને તેની હઠને નમતું ન આપ્યું. આ પ્રમાણે થોડા દિવસ નાની નાની બાબતોમાં હેલનને સુલિવનનો ઝગડો થાય તેથી સુલિવને કહ્યું કે તે અને હેલન જુદા ઘરમાં રહેશે નહિ ત્યાં સુધી હેલનની હઠ ઓછી થશે નહિ; હઠ જશે નહિ ત્યાં સુધી તે કંઈ પણ શીખી શકશે નહિ. સુલિવન માનતી હતી કે મહત્વની બાબતમાં બાળકોએ આજ્ઞા પાળવી જ જોઇએ. કારણ તેને નવી બાબત સમજવાનો અને નજીકનાં માણસનો પ્રેમ અનુભવવા માટે આજ્ઞાધારકપણું એ એક જ માર્ગ છે. હઠીલા બાળકની હઠ પુરી કરવાથી એને એમ લાગે છે કે વડીલ માણસો પોતાનું કર્તવ્ય બજાવે છે. પરંતુ એને માટે પ્રેમ છે એટલે હઠ પુરી કરે છે એવું એને લાગતું નથી. સારે નસીબે હેલનના માબાપે સુલિવનનું કહ્યું સાંભળ્યું. તેમનાં ઘરથી થોડેજ દૂર બીજું એક નાનું ઘર હતુ તેમાં ફક્ત સુલિવન ને હેલનને જ રાખ્યા. ત્યાં એક બે દિવસમાં જ હઠ કરવાથી કંઈ વળતું નથી એમ સમજી હેલને હઠ કરવાનું છોડી દીધું. એટલું જ નહિ પણ એને નવી નવી વસ્તુ શીખવામાં ને નવા નવા શબ્દો જાણવામાં ખૂબ મજા પડી. દોરીમાં મણકા પરોવવા, પૂઠા પર કાણામાંથી દોરો કાઢી સીવવું વગેરે સહેલી પ્રવૃત્તિ આપ્યા પછી તેને ઊનથી ગૂંથવાનું શીખવવામાં આવ્યું અને તે એને ખૂબ ગમ્યું. પહેલાં તે માતા સિવાય કોઇને પ્રેમથી વ્હાલ કરવા દે નહિ, સુલિવનને પણ નહિ, પણ નવા ઘરમાં થોડા જ દિવસમાં બન્નેને પરસ્પર લાગણી વધી. સુલિવન ફક્ત શીખવવા માટે આવી છે

છતાં માની જેમ પોતાને ચાહે છે એવો અનુભવ થવાથી હેલનના સ્વભાવમાં ઘણો મહત્વનો ફેરફાર થયો. આધુનિક શિક્ષણ શાસ્ત્રમાં ગુરુશિષ્યનાં સંબંધમાં પ્રેમ હોવો જોઇએ એમ કહેવાય છે પણ આવો સંબંધ તો અપવાદરૂપે જ દેખાઈ આવે છે. ઉપર કહ્યા પ્રમાણે માબાપ અને નાનાં બાળક વચ્ચે પણ પ્રેમ હોય જ એવું કહી શકાતું નથી. કારણ બાળકને કયારે લડાવવો અને કયારે નહિ તે સુશિક્ષિત માણસો પણ સમજતા નથી જેથી કરી આજ્ઞાધારક બાળકો મળવાં ઘણાં અઘરાં છે. હેલનનાં માબાપે સુલિવનનું કહ્યું સાંભળી તેને આજ્ઞાધારકપણું શીખવવામાં જે મદદ કરી તેમ જો બધાં જ માબાપ કરે અથવા પોતે જ શીખવે તો બાળકનાં બુધ્ધિ વિકાસમાં ઘણી મદદ થાય.

હેલનની માનસિક સ્થિતિ :-

આ સમયે હેલન પોણાસાત વર્ષની હતી. તેમ છતાં તેની માનસિક સ્થિતિ વધારે નાનાં બાળક જેવી હતી. દોઢ વર્ષમાં જે જે વસ્તુ તેણે જોઈ હતી તેમાનું એને બહુજ થોડું યાદ હતું. તે પોતાની મેળે જમતી હતી પણ તે પદાર્થનાં નામ તેને ખબર ન હતાં છતાં પણ તેનાં હાથનું ને શરીરનું સ્પર્શ-જ્ઞાન ટેવને લીધે એટલું વિકસિત થયું હતું કે દૂરથી આવનાર માણસને તેની ચાલ અને બોલવા ઉપરથી તે ઓળખી શકતી. પાસે માણસો બોલતાં હોય તો તે ગુસ્સામાં બોલે છે કે સાદું તે પણ જાણી શકતી. માનાં બોળામાં બેસી તેનાં મોઢા પર હાથ ફેરવતાં તેનો મનોવિકાર સમજી શકતી. આગળ જતાં પુતળીઓનાં મોઢાં ને હાથપગ ઉપર હાથ ફેરવવાથી શિલ્પ-કારોએ તેનાં મોઢા પર બતાવેલા ભાવ તે સમજી શકતી. અંગ્રેજી શાસ્ત્રજ્ઞ ગેલ્ટનનાં મત પ્રમાણે આંધળાનું સ્પર્શજ્ઞાન બીજા માણસો જેવું જ હોય છે. સાધારણ માણસનું આંખ અને કાન તરફ વધારે ધ્યાન જવાથી સ્પર્શ તરફ જતું નથી. હેલન આંધળી ને બહેરી થઈ ત્યારથી વાસ અને સ્પર્શ આ બે ઇન્દ્રિયો દ્વારા જ તેને આજુબાજુનું જ્ઞાન થઈ શકતું. તેને આવાપીવાનો સ્વાદ સમજતો ને નાનાં બાળક જેમ ગળી વસ્તુ ભાવતી. તેની ઢીંગલી પણ તેને ખૂબ ગમતી ને તેની સાથે રમતાં તેનો થોડો વખત પસાર થતો. ઘરમાં કૂતરો પણ તેને ગમતો. આમ તેની આવી પરિસ્થિતિમાં આપોઆપ એનો જેટલો વિકાસ શક્ય હતો તેટલો થયો હતો. પણ તેને કેમ શીખવવું તે માબાપને ખબર ન હોવાથી અને તેની હઠ ચાલુ હોવાથી તેની વિચાર શકિત અને મનનો વિકાસ અટક્યો હતો. સુલિવને તેની હઠ રોકી, તેને શીખવવા શરૂ કર્યું ત્યારે બે ત્રણ અઠવાડિયામાં જ તેની મન.સ્થિતિમાં મહત્વનો ફરક પડયો અને ભાષા તથા બીજી વસ્તુઓ શીખવાની તીવ્ર ઇચ્છા તેને થઇ. તેથી તેનો ભાવરહિત પહેલાંનો ચહેરો બદલાઈ તેમાં હોશિયારી ને બીજા મનોવિકાર દેખાવા લાગ્યા.

આધુનિક પ્રયોગ પરથી જણાય છે કે જેમ જેમ મગજનો વિકાસ વધારે થાય છે તેમ તેમ બાળકને નવી વસ્તુ શીખવાની ને કરવાની સહેલી પડે છે. ૨—૩ વર્ષની હેલનને શીખવવું એક દૃષ્ટિથી સહેલું પડત કારણ તે સમયે મગજનો વિકાસ થતો હોય છે એટલે બાળકો જલ્દીથી શીખી શકે છે. પણ તે સમયે તેની વિચાર શકિત ઓછી હોવાથી તેને શીખતા વાર લાગતે. સાત વર્ષે મગજનો વિકાસ થઈ ગએલો હોવાથી અને તેને શીખવાની ઇચ્છા થવાથી પદાર્થનાં નામ અને બીજાં ઘણાં શબ્દો તે જલ્દી શીખી અને પછી તો અંકગણિત ને બીજા વિષયો પણ તે જલ્દીથી સમજી શકી.

હેલનનાં સ્પર્શજ્ઞાન પરથી બીજી ખાસ વસ્તુ સમજાય છે. તે એ કે તેનું ઘર એક નાનાં ગામનાં એક ખૂણામાં હતું જેથી શહેરમાના કારખાના, આગગાડી, ગાડી વગેરેની આવજની તેને કલ્પના ન હતી. આગળ જતાં જ્યારે તે કોઇક વાર શહેરમાં જતી ત્યારે આ અવાજોનો એને ઠીક ત્રાસ પડતો. સાધારણ માણસ આવા અવાજોથી ટેવાઇ ગયો હોય છે તેથી તેને ત્રાસ પડતો નથી તેમ છતાં આધુનિક સંશોધન પરથી સમજાય છે કે શહેરનાં ધોંધાટની અસર આપણા જ્ઞાનતંતુ પર થાય છે જેથી મગજને ત્રાસ થાય છે અને કોઈ પણ જાતનુ કામ કરતા થાક ઘણો લાગે છે. હોસ્પિટલો પાસે તેથી જ મોટરના હોર્ન વગાડવાની મનાઇ કરવામાં આવતાં પાટિયા રખાય છે તેમ છતાં બીજો ધોંધાટ પણ ખૂબ હોય છે માટે હોસ્પિટલો વસતિથી થોડે દૂર જ હોવી જોઇએ. હેલનનાં ગામમા તે વખતે આગગાડીનું સ્ટેશન હતું. પણ ત્યાંથી તેનુ ઘર લગભગ માઇલ દૂર હતું. તેથી જ તેનુ શરૂઆતનુ શિક્ષણ બહુ એકાંતમાં થયું.

હેલનનો બીજો પાઠ :

સુલિવને આવતાંની સાથે જ હેલનને એક ઢીંગલી આપી હતી અને સાથે સાથે અંગ્રેજી શબ્દ 'ડોલ' આંગળાનાં અક્ષરોથી શીખવ્યો હતો. એમ ઉપર કહ્યું છે. આ પ્રમાણે રોજ એને એક બે શબ્દો અપાતા. નવા ઘરમાથી એની હઠ જતાં તે બે-ને પાછા જુનાં ઘરમાં આવ્યાં હતાં.

માર્ચની આખર સુધીમાં ૧૮ નામ અને ૩ ક્રિયાપદો શીખી હતી. ૪ અવયવોનાં નામ તેણે પોતે પૂછ્યાં હતાં. પછી ૫મી એપ્રિલે તેણે પાણી માટે શબ્દ પૂછ્યો અને તે તેને કહેવામાં આવ્યો. તેની પહેલાં દૂધ અને તેનું વાસણ 'મિલ્ક' 'મગ' એ બે શબ્દોમાં કયો કોને માટે છે તેમાં જરા ગોટાળો થતો હતો. અને તે દૂર કરવા સુલિવને તેને પાણીનાં નળ પાસે લઈ ગઈ અને તેનાં હાથમાંનાં 'મગ' ની અંદર પાણી નાખ્યું અને પછી પાણીનો શબ્દ કહ્યો. આ વખતે હેલનનાં મનમાં એકદમ પ્રકાશ પડયો કે, 'દરેક વસ્તુને શબ્દ હોય છે અને તે સમજવા માટે આંગળીનાં અક્ષરો વડે બનાવેલા 'સ્પેલિંગ' દ્વારા જ સમજાય છે. જેવું તેને આ સમજાયું કે તેનાં હાથમાંથી વાસણ નીચે પડી ગયું. કારણ આ નવાં મેળવેલા જ્ઞાનથી તેને અકલ્પિત આનંદ થયો હતો તેથી બાગમાંથી ઘેર પાછાં આવતાં તેણે ઘણી ચીજોનાં નામ પૂછ્યાં અને તે એક જ દિવસમાં ૩૦ શબ્દો શીખી. બાળકોને શીખવાની ઇચ્છા થઇ કે તેઓ કેટલાં જલ્દી શીખી શકે છે તેનો આ એક દાખલો છે. તે ઉપરાંત આ દિવસે તેને ફકત શીખવાની ઇચ્છા થઇ એટલું જ નહિ પણ આ પ્રસંગને તેણે પોતાનાં આત્મચરિત્રમાં 'આત્માની જાગૃતિ અથવા વ્યકિતત્વની જાણ' કહ્યું છે તે મહત્વનું છે. એક મહિના સુધી તેનું શિક્ષણ ધીરે ધીરે આગળ વધી રહ્યું હતું. તેની હઠ ઓછી થઈ હતી અને તે પોતે થોડો વિચાર કરતી થઈ હતી પણ આ વિકાસમાં થોડી જબરજસ્તી તથા જુલ્મ જણાતા હતા. આ દિવસે તેનામાં જે જાગૃતિ આવી તેને લીધે તેને ખ્યાલ આવ્યો કે શિક્ષિકા પોતાને માટે કેટલું મથે છે અને ત્યાર પછી શિક્ષિકા માટે તેનામાં પ્રેમ અને આદર ઉત્પન્ન થયાં અને પછીથી તેની સાથે પોતાની માની જેમ જ વર્તવા લાગી. આત્મજાગૃતિને લીધે જવાબદારી ને કર્તવ્યની જાણ થતા વ્યકિતની ભાવના ને આચરણમાં કેવો ફેર પડે છે તે આ ઉદાહરણથી સ્પષ્ટ સમજાય છે. શિક્ષણ દ્વારા બાળકનું વ્યકિતત્વ જાગૃત કરી તેને સ્વાવલંબી બનાવવાનુ હોય છે એ વાત હમણાંની શિક્ષણ–પધ્ધતિમાં ઘણીવાર ભૂલાઈ જાય છે. દરેક બાળક સ્વયંસ્ફુર્તિથી શીખે છે. તેને જોર જુલમથી શીખવાડાતું નથી એ વાત શિક્ષણશાસ્ત્રમા માન્ય રખાઈ છે તેમ છતાં તેનો પ્રત્યક્ષ આગ્રહ બહુ રખાતો નથી. મનુષ્યનું વ્યકિતત્વ આત્મિક છે અને ખાસ કરીને નાનાં બાળકોમાં દેહબુધ્ધિના વિકાસ પહેલા થોડીક આત્મિક શકિત સ્પષ્ટ દેખાઈ આવે છે આ વાત અત્યારે હિંદી લોકોને સમજવી ભારે થઈ ગઈ છે. ૩૫ વર્ષ પહેલાં અમેરિકામાં ડોલ્ટન યોજના નીકળ્યા પછી કોઇ કોઇ શાળાઓમાં બાળકો પોતાની શકિત પ્રમાણે દરેક વિષયો શીખી શકે એવી પધ્ધતિ રાખી. તે પધ્ધતિની માહિતી અહિંના શિક્ષકોને હોય છે પણ રૂઢ બનેલી પધ્ધતિ બદલવા માટેની કલ્પના શિક્ષણખાતાને હોતી નથી. તેથી બાળકોમાં આત્મજાગૃતિ ઉત્પન્ન થાય એવો શિક્ષણપધ્ધતિનો પ્રચાર આપણી બાજુએ કોણ કરશે તે એક પ્રશ્ન જ છે. પ્રગતિશીલ શાળાઓએ ડોલ્ટન પધ્ધતિનો પ્રયોગ આપણાં દેશમાં પણ કરવો જોઇએ (ક્રમશઃ)

—મા. સ. કેળકર.

આનું માટે જવાબદાર કોણ ?

એક ઉંચ વર્ગનું કુટુંબ હતું. માબાપ સુશિક્ષિત હતા. ૩૦–૩૫ વર્ષની ઉંમરે છોકરો થયો. પહેલો ને મોડો જન્મેલ હોવાથી બહુ લાડકો હતો. છોકરાને પોતાની પાસેથી માએ કયારેય દૂર કર્યો નહિ, બીજા કોઈ પાસે જાય તો પોતા જેવો પ્રેમ લાગે નહિ એવી ભૂલ ભરેલી સમજણમાં તેને વાર્તા કહે, ગીતો ગાઈ, તેની સાથે રમે. પરંતુ છોકરાને માની સાથે ન રમતા પોતા જેવડા છોકરાં પાસે જવાનું મન થાય, પણ બહાર જાય તો પડે, વાગે, કોઇ મારે એ બીકથી કયારે બહાર મોકલે નહિ.

મોટો થયા પછી છોકરો શાળામાં જવા લાગ્યો, પરંતુ બીજા બાળકો સાથે ભળવાની ટેવ ન હોવાથી અબોલ ને વિચારી બન્યો. બુધ્ધિનો હોશિયાર હોવા છતાં હોશિયારીનો ઉપયોગ થતો ન હતો. બીજા સામાન્ય વિષયોમાં ભાગ લેતા આવડે નહિ. આથી છોકરાને પોતાને કંઈ આવડતું નથી એમ લાગવા માંડયુ ને તેની અસર તેના મન પર થવા લાગી. સમાજની રીતભાત ફાવે નહિ, આથી મોટી ઉંમરે પણ આગળ આવી શકયો નહિ. આને માટે કોણ જવાબદાર ?

(૨)

ઉચ્ચ વર્ગનું એક શ્રીમંત કુટુંબ હતું. બાપ સુશિક્ષિત, મા ચાર ચોપડી ભણેલ. ૩૮–૩૯ વર્ષની વયે બાળક થયું. શ્રીમંતનું બાળક હોવાથી નોકર ચાકર ઘણાં હતા. બાળકે

કયારેય નીચે (જમીન પર) પગ મૂકેલ નહિ. હંમેશાં પલંગ પર હોય, આથી ઘૂંટણીઆ ભરતાં આગળ સરકતા, ઘોડો કરવો એ સ્વભાવિક હિલચાલને બદલે પલંગ પર આ છેડાથી પેલા છેડા સુધી આળોટવા સિવાય બાળકની પ્રગતિ થઈ ન શકી. બહુ મોડું ચાલતાં શીખ્યું. અન્ન પૂરતું મળતું હોવા છતાં બાળક અશકત રહયું. હાથ, પગ પાતળા, માથું માત્ર મોટું થયું હતુ. વારે વારે દસ્ત થવાનો રોગ લાગ્યો. બીજા બાળકોમાં રમવાની બીક લાગવા માંડી; પ્રતિકાર અથવા સામનો કરવાની શકિતનો વિકાસ ન થયો તેથી બાળક ખૂબ બીકણ બન્યું. આને માટે જવાબદાર કોણ?

(૩)

ખાનદાન કુટુંબ, ચાર છોકરીઓ પછી છોકરો થયો. કુટુંબનો તારણહાર છે, એ હિસાબે એને હાથમાંથી નીચે મૂકવામાં આવે નહિ, આથી સ્વભાવિક હિલચાલનો વિકાસ બીલકુલ થયો નહિ. અશકત છે એમ સમજીને કપડાં, અન્ન ને દવાનો મારો ચાલુ થયો, પરંતુ જે જાતની કસરત મળવી જોઇએ તે ન મળવાથી તેનો ઉપયોગ ન થયો. છોકરો બુધ્ધિથી ચાલાક પરંતુ એ બીજી દિશામાં વપરાતી હોવાથી મોટાં થતાં પણ એકલા જવાની બીક લાગતી. રસ્તામાં ચાલતાં ગરદીની બીક લાગે. આ બીકને અંગે મનનો વિકાસ થવો જોઇએ તેવો થયો નહિ. બુધ્ધિ હોવાથી પરીક્ષા પાસ થતો ગયો; પરંતુ આગળની જીંદગીમાં બીકણપણું નડવા લાગ્યું. બુધ્ધિ હોઇને પણ જીંદગી નકામી. આને માટે જવાબદાર કોણ?

(૪)

શ્રીમંત વર્ગનું કુટુંબ હતું. બાપા સરકારી નોકરીમાં મોટા હોદ્દા પર હતા. એથી આ હોદ્દાના માન પ્રમાણે છોકરાઓને સંભાળવા આયા ને નોકર હતા. માબાપ સાથે છોકરાંઓનો ખાસ સંપર્ક રહેતો નહિ. બાળકોનું બોલવું, ચાલવું બધું નોકરો પ્રમાણે થવા લાગ્યું. એક બીજાને ગાળો દેવી, મારવું, મારામારીનું પ્રમાણ વધારે. બાળકોની વર્તણુક બરાબર ન હોવાથી માબાપ બહાર જતી વખતે કોઇને પણ ઘેર સાથે ન લઈ જતાં.

પણ પરીણામે મોટા થતાં બાળકો રીતભાત વગરના થયા. ચાર છ માણસો સાથે બોલવું નહિ. ફકત નોકરોની જ સોબત ને તેમની સાથે જ ગપ્પા.

સમાજ તેને ધિક્કારવા લાગ્યો, સમાજે તેમને ખરાબ ગણ્યા. પણ આને માટે જવાબદાર કોણ?

—સરલાબેન દેવધર.

સુલભ માનસ શાસ્ત્ર

આપણી મનોરચના

આપણામાંથી દરેકને મન હોય છે. મન એટલે બનાર હિલચાલ પાછળની સમગ્ર શકિત. આપણું દરેકનું મન સ્વતંત્ર નથી; કારણ તેનો સંબંધ આપણા માતાપિતા સાથે તથા પેઢી દર પેઢી વૃક્ષનો વિસ્તાર ગમે તેટલો ફૂલતો ફાળતો રહે તો પણ તેની ડાળીઓ સ્વતંત્ર છે એમ આપણે કહી શકતા નથી તે જ પ્રમાણે આપણા વંશનો વિસ્તાર ગમે તેટલો થાય તો પણ આપણું દરેકનું મન સ્વતંત્ર છે એમ આપણાથી કહી શકાય નહિ.

મનનું સનાતનપણું

આપણું દરેકનું મન સ્વતંત્ર નથી એટલે તેની શરુઆત આપણા દરેકના જન્મ પછી થાય છે એમ ન હોઇ આપણું મન જે પ્રકારનું છે તેનું સ્વરૂપ માતાપિતા અથવા તેના પૂર્વની પેઢીની વ્યકિતમાં પણ દેખાઇ આવે છે. એના ઉપરથી આપણા મનની શરૂઆત પૃથ્વી ઉપર મનુષ્યના આગમનની સાથે થઇ જીવોની જુદા જુદા પ્રકારની ઉત્ક્રાંતિમાંથી થયો હશે તો મનની શરુઆત મનુષ્યના આગમન પહેલા પણ થઇ હશે એવું અનુમાન કરી શકાય.

મન કેવી રીતે ઘડાય છે?

મનોવ્યાપાર દ્વારા મન ઘડાયેલું હોય છે. મનુષ્ય જીવનની શરુઆતથી જ મનુષ્યના મનનો વ્યાપાર (હિલચાલ) શરુ થઈ જાય છે એમ જો કહીએ તો મનુષ્યના મનની નવરચના ત્યારથી જ થઈ હોવી જોઇએ. આ નવરચના મુખ્યત્વે મનના ત્રણ પ્રકારના વ્યાપારો દ્વારા ઘડાય છે. મનનો પહેલો અને મહત્વનો મનોવ્યાપાર એટલે મનની ધારણાશકિત. આ ધારણાથી મનને જાગૃત (Conscious) અજાગૃત (Subconscious) રીતે જે કંઇ અનુભવો મળે છે એ અનુભવો નાશ પામતા નથી. મનને મળનારા દરેક પ્રકારના અનુભવનો સંગ્રહ મન હંમેશ કરતું રહે છે.

ટૂંકમાં મનની ધારણા શકિત એટલે મનની અનુભવ ધારણ (સંગ્રહ) કરવાની શકિત. મનના બીજા મહત્વના મનોવ્યાપારને ચેતના કહીએ છીએ. આ ચેતનાશકિત દ્વારા મન હંમેશા કાર્યરત રહે છે. કારણ મળે કે મનની પ્રતિક્રિયા શરુ થાય છે. આપણો શારીરિક વિકાસ અથવા સર્વ પ્રકારની માનસિક તથા શારીરિક હિલચાલની પાછળ મનની આ ચેતનાશકિત કાર્ય કરતી હોય છે. મનના આ બંને પ્રકારના વ્યાપારો (એટલે ચેતના અને ધારણા) ઉત્તમ રીતે થવા માટે મન વધુ એક ત્રીજા પ્રકારનો વ્યાપાર કરતું હોય છે. આ મનોવ્યાપારને આપણે "સંશકિત" એમ નામ આપીએ. સંશકિત એટલે પાસે આવવું અથવા સંગઠન. મનની આ શકિતથી મન જે કંઇ અનુભવ મેળવે છે તે અનુભવમાં એક રીતની વ્યવસ્થા નિર્માણ થાય છે. જીવનમાં જે જે પ્રકારના અનુભવો થાય તે અનુભવ કચરાની પેટીમાં નંખાતા કચરા પ્રમાણે અસ્તવ્યસ્ત ઢગલાની જેમ તેનો સંગ્રહ થતો નથી પરંતુ મળેલા દરેક અનુભવનું મનમાં સ્વતઃ વર્ગીકરણ થાય છે અને દરેક પ્રકારના અનુભવને મનમાં યોગ્ય સ્થાન મળે છે. દાખલા તરીકે પ્રભુભાઈ નામના એક ગૃહસ્થ નાનપણથી મારા મિત્ર છે. તેમનું નામ સાંભળતા ગયા પચ્ચીસ વર્ષમાંના જુદા જુદા અમુક પ્રસંગે તેમની જે છાપ મારા મન ઉપર પડી હતી તે જુદા જુદા પ્રસંગે કટકે કટકે પડેલી હોય છે. તેમ છતાં તેમની પાસેથી મળેલો જુદો જુદો અનુભવ મને એક જ સમયે યાદ આવે છે. એટલું જ નહિ તો આ મિત્રના વ્યકિતત્વ અંગેની જે સમગ્ર છાપ મારા મન પર પડી છે તેમાં દરેક પ્રસંગે આવેલા અનુભવના તાણાવાણા કેમ વણાય છે એનો વિચાર પણ મારું મન કરી શકે છે. ટૂંકમાં મનના ત્રીજા પ્રકારના વ્યાપારથી મનને મળનારા અનુભવનું યથાયોગ્ય વર્ગીકરણ થાય છે અને તેને લીધે કોઇપણ પ્રકારનો નવો અનુભવ લેવા માટે અથવા વર્તવા માટે મનની કાર્યક્ષમતા વધે છે. મનોવ્યાપારથી મન ઘડાય છે એમ જો આપણે કહીએ, તો એનો અર્થ એમ થશે કે મનની રચના મનને થનાર અનુભવમાંથી અને વર્તનમાંથી થતી હોય છે. એ આપણે ધ્યાનમાં લેવું જોઇએ. એમ કહેવાય છે કે મનને જે કંઈ અનુભવ મળે છે એ કંઇ જેમનો તેમ–આખોનો આખો મનના સંગ્રહાલયમાં સંગ્રહાતો નથી. અનુભવ જે પ્રકારનો હોય તે અનુભવ દ્વારા મનને અનુકૂળ અથવા પ્રતિકૂળ વલણ મળે છે. ભીની માટી ઉપર હાથના આંગળા દાબીએ એટલે જેમ માટી વળે છે અને એના ઉપર આંગળીના દબાવવાની છાપ રહે છે તેવી મનની સ્થિતિ થાય છે. એટલે કે ભીની માટીની ઉપમા મનના સ્વરૂપનું યથાર્થ વર્ણન કરી શકતી નથી. કારણ એક તો મન એટલે માટી જેવો નિર્જીવ પદાર્થ નથી. મન વિકાસશીલ છે. અનુભવ એ એનું પોષણ છે અને તેમાંથી જ મનની કાર્યક્ષમતા વિકાસ પામે છે.

આજના આપણા મનની રચના.

આજના આપણા દરેકના મનનું ઘડતર એ ફકત આપણા પોતાના અનુભવમાંથી અથવા વર્તણુકમાંથી થયું છે એવું નથી પરંતુ તેમાં આપણા માતા-પિતાનો તે જ પ્રમાણે પૂર્વજોના વંશ પરંપરાના અનુભવનો પણ ભાગ આપણને મળે છે એ આપણે જોયું. જન્મની સાથે આપણે જે મન સાથે લઇને આવીએ છીએ એ મનનું જે મૂળભૂત વલણ દેખાઈ આવે છે તે જ આપણા દરેકનો વંશ પરપરાનો ભાગ હોય છે. આગળ ઉપર જ્યારે આપણા જીવનની શરુઆત થાય છે ત્યારે મનની વિકસવાની ક્રિયા તેવી જ રીતે ફરીને શરુ થાય છે. આપણી આજુબાજુની પરિસ્થિતિ, ભાષા, આચાર, વિચાર, નાની મોટી વ્યકિત અને અનુભવ મેળવતા મેળવતા આપણા વર્તનનુ નવું વલણ નિર્માણ થાય છે. એટલે કે જીવનશિક્ષણની દૃષ્ટિએ આપણા જીવનની શરૂઆતમાં આ જે વલણો અથવા ટેવો નિર્માણ થાય છે તેના ઉપર જ આપણા જીવનની ભવિષ્યની પ્રગતિ અવલંબેલી હોવાથી જીવનની શરૂઆતના કાળને શાસ્ત્રજ્ઞોએ વધુ મહ-ત્વ આપ્યુ છે. બાલશિક્ષણ માટે અભિરૂચિ હોય એવી દરેક વ્યકિતને પોતાના મનનો વિકાસ કેવી રીતે થાય છે એની માહિતી હોય તો બાલશિક્ષણ વિષે વધુ સ્પષ્ટતાથી વિચાર કરી શકશે.

—**શૈશવવાદી.**

—કર્મ કરો અને ફળની આશા ન રાખો. ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ માટે ઈષ્ટ પ્રવૃત્તિ હશે તો તેનું શુભ પરિણામ નિશ્ચયરૂપે આવવાનું જ છે. એટલે આપણે જાગૃત રહેતા થઇશું, સર્વગ્રાહી દ્રષ્ટિએ બધું જોતાં થઈશું તો આપણો વિકાસ માર્ગ સ્વચ્છ થશે અને હૃદય અને બુધ્ધિ પણ નિર્મળ થશે, એમાં સંશય નથી.

એક બાળમંદિરની મુલાકાતે

મારી એક બ્હેનપણી કે જેમનું નામ નિર્મળાબેન છે, એમને એના ૩॥ વર્ષના દિકરાને બાળમંદિરમાં મૂકવો હતો. પોતાના ઘરની પાસે એક પણ સ્વતંત્ર બાળમંદિર નહોતું. એમના ઘરની પાસે એક શાળા હતી, તેમાં પૂર્વ પ્રાથમિક વર્ગો ચાલતા હતા. એમનાં દિકરાને એમાં દાખલ કરવા માટે અમે એ સંસ્થાની મુલાકાતે ગયા.

શાળાનાં રસ્તા ઉપર નજર નાખતા, મારી બ્હેનપણી બોલી, "અહીં આટલી ગીચ વસતિ હોવા છતાં આજુબાજુ સ્વચ્છતા અને વ્યવસ્થા લાગે છે."

મેં કહ્યું, "અંદર પણ એવું હોય તો સારું!" એટલું બોલતાં સુધીમાં અમે શાળાના દરવાજા સુધી આવી પહોંચ્યા હતા. ત્યાં દરવાને અમને કોનું કામ છે વિગેરે પૂછી અમને મુખ્ય આચાર્યની ઑફિસનો રસ્તો બતાવ્યો.

શાળામાં મુખ્યાચાર્યની રજા લઇ અમે એ શાળામાં પૂર્વ–પ્રાથમિક વિભાગમાં પહોંચ્યા. ઓરડાની બહાર ક્રીડાંગણનાં સાધનો નજરે જોતાં નિર્મળાબેન બોલ્યા, "બાબાને લપસવાનું ને હિંચવાનું ખૂબજ ગમે છે. અહીં એ નથી, તો એને કેમ ગમશે?"

મેં કહ્યું, "બાળકના શારીરિક વિકાસ માટે જરૂરી હોવાથી બાળકને એ પ્રિય થઇ પડે છે. તો એ ન હોય તો બાળકના શારીરિક વિકાસને હાનિ પહોંચે ને!" અને અમે સૌથી પહેલી શ્રેણીના ઓરડા આગળ આવી પહોંચ્યા.

"આમ હારમાં કેટલા બધાં બાળકો બેસાડયા છે." એમને ફરવાની કે હાલવા ચાલવાની પણ જગ્યા ન હતી. કંઈ નહિ તો પણ એ ઓરડીમાં પચાસ બાળકો હતા.

"સાડા ત્રણ ચાર વર્ષના બાળકો આમ પગ–વાળીને કેટલા કલાક સુધી બેસી શકતા હશે?" નિર્મળાબેને પૂછયું: "હજુ આ બાળકોને એના શરીરના સ્નાયુઓને વિકસાવવાના છે, એના પર કાબુ મેળવવાનો છે. ત્યાં જો આવી રીતે લાંબો સમય સુધી બેસી રહેવું પડે તો સ્નાયુઓનો વિકાસ અટકી પડે, અને બેસી રહેવાથી કરોડ પણ વળી જાય.

"એટલા માટે જ પૂર્વ–પ્રાથમિક શાળામાં જગ્યાની તથા ક્રીડાંગણની છૂટ હોવી જોઇએ."

બાળક હિલચાલ કરીને જ પોતાના શરીરનો વિકાસ સાધે છે, માટે જ જગ્યાની મોકળાશ તથા ક્રીડાંગણના સાધનો ઉપરાંત બાળકને હરવા ફરવા તથા રમવાની છૂટ હોવી જોઇએ."

એટલી વારમાં બાળકોને પાણી પીવાની રજા આપતો ઘંટ વાગ્યો ને બાળકો જાણે બંધનમાંથી છૂટતાં હોય એમ બધાં બહાર ભાગ્યા.

એટલે વળી નિર્મળાબેને કહ્યું, "આવી રીતે ઘંટ વાગે ત્યારે જ બહાર જવાય એવું હોવાથી ઊલટી વધુ અવ્યવસ્થા જન્મે છે."

"એ વાત સાચી છે. જો દરેકને જ્યારે બહાર જવું હોય ત્યારે જવાની છૂટ હોય તો આવી રીતે બધાં એકી સાથે ધસી ન જાય."

સ્હેજ નવરાશ મળતાં શિક્ષિકાબેન અમારી સાથે વાતોએ વળગ્યાં. હાલમાં જ આ શાળાના મુખ્યાચાર્ય પરદેશ ફરી આવ્યા છે એટલે આ વિભાગમાં કોઇ એક પધ્ધતિ ન અનુસરતાં જુદી જુદી પધ્ધતિમાંથી સારા તત્વો લીધાં છે. અને ભીંતે આ જે ચિત્રો લટકાવ્યા છે, તે પણ તેઓ પરદેશથી લઇ આવ્યા છે. થોડાંએક નવા સાધનો પણ લઈ આવ્યા છે."

"પણ એ નવા સાધનોથી તો બાળકોને કંઇ રમતાં જોયા નહિ!"

એને ઉત્તર આપ્યો, "પણ જગ્યા નથી; એટલે કયાં કાઢીએ? હમણાં તો કબાટમાં મૂકી રાખ્યા છે. કોઇવાર બહાર કાઢીશું."

મેં પૂછયું, "હવે બાળકો શી પ્રવૃત્તિ કરશે?

એને ઉત્તર આપ્યો, "હવે એમને ચિત્રકામનો પીરિયડ છે."

આ વર્ગ પધ્ધતિ અને પીરિયડની વ્યવસ્થા આટલા નાના બાળકને અનુકૂળ આવે છે?"

એને કહ્યું, "પ્રાથમિક શાળામાં વર્ગપધ્ધતિ

હોય છે, અને આ વર્ગના નાના બાળકોને તો પ્રાથમિક શાળા માટે જ તૈયાર કરવાના હોય છે. એટલે એને તો એ પ્રમાણે ટેવાવું જ જોઇએ ને !"

એટલી વારમાં પાણી પીવાની "રીસેસ" પૂરી થતા બાળકો પોત પોતાની જગાએ આવી ગયા કે તરત જ ચિત્રકામના શિક્ષક પણ આવી પહોંચ્યા. એમની ઓળખાણ કરાવતાં એમણે કહ્યું, કે આ નીલેશ બાબુ છે. અને શાન્તિનિકેતનમાં ચિત્રકામનો ખાસ અભ્યાસ કર્યો છે. પરસ્પર નમસ્કાર ઝીલ્યા, એમને તો બાળકોને ચિત્રકામની ચોપડીમાં અમુક ચિત્ર કાઢવાનું કહ્યું, અને પોતે એક બાળક જે ચિત્ર જોતું કાઢતું ને અવ્યવસ્થિત બેઠું હતું; એને ગાલે એક તમાચો ખેંચી કાઢી સરખા બેસીને કામ કરવાની ફરજ પાડી.

બાળકે ફરીયાદ કરી, "સર, મને અંધારું પડે છે ! દેખાતું નથી." સર વધુ ગુસ્સે થયા. "બધાંને દેખાય છે ને તને નથી દેખાતું ?"

નિર્મલાબેને બહાર નીકળી કહ્યું, " પેલા બાળકને આપણા દેખતાં માર્યું, એટલે બિચારું કેવું દુઃખી થઈ ગયું હતું. વળી એને એ કરવા બેસાડયો. વળી ઓરડામાં ખરેખર અંધારું છે, તો એની ફરીયાદ અસ્થાને જોતી."

મેં કહ્યું "નાના બાળકોને પોતાને ઇચ્છા થાય અને કાર્ય કરવા બેસે ત્યારે જ તેઓ એકાગ્ર થઇ શકે છે. આવી રીતે મારીને કામ કરાવવાથી એમને કામમાંનો રસ બિલકુલ ઊડી જાય છે."

"સાચી વાત છે. એક તો એને હજુ આવડતું ન હોય ત્યાં માર પડે એટલે તો કામ માટે પ્રયત્ન કરવાનું પણ મન ન થાય. વળી ચિત્રકામ માટે આવું અંધારીયું વાતાવરણ પણ અયોગ્ય ગણાય.

બહાર નીકળતા ચિત્રો પર નજર પડતાં નિર્મળાબેને કહ્યું. "ચિત્રો તો ઘણા સુંદર છે. બાળકોને ગમે એવા ચિત્રો છે, પરંતુ કેટલા બધા લાઇનબંધ ટીંગાડી દીધા છે."

" કલાના નિષ્ણાત શિક્ષકો હોવાં છતાં ચિત્રોની કે સાધનોની કલાત્મક ગોઠવણી ક્યાં જણાતી હતી. સાધનોની તો જાણે દુકાન માંડેલી !"

જેમ ઘર શણગારવામાં પણ દૃષ્ટિ કેળવવી પડે છે તેમ વર્ગ ગોઠવવામાં–ચિત્રો ટિંગાડવામાં પણ દૃષ્ટિ કેળવવી પડે છે. ઘરમાં જેટલી વસ્તુ હોય એટલી દિવાનખાનામાં ગોઠવાતી નથી. પરંતુ વાર તહેવારે બદલતા રહીએ છીએ. એવી જ રીતે સાધનોમાં તેમજ ચિત્રોમાં જો કલાત્મક ગોઠવણી હોય તો વર્ગ સુંદર લાગે છે અને એવા વર્ગમાં બાળકોને રમવું પૂણ ગમે !"

આમ વાતો કરતાં અમે શાળાની બહાર નીકળી ગયા. ત્યાં બહાર શાળાનું બોર્ડ પડતાં નિર્મળાબેન બોલ્યા: "કેળવણીની નૂતન પદ્ધતિથી શાળાનું સંચાલન નિષ્ણાતોના હાથે થાય છે." બહારના ભભકાંથી અંજાઇને ઘણાં વાલીઓ બાળકને શાળામાં મૂકતા હશે. "તમે મારું ધ્યાન ખેચ્યું જોતે તો હું પણ બાબાને બેસાડી દેતે."

મેં કહયું, " આવી શાળામાં જવા કરતાં તો ઘરે જ બાળકનો શારીરિક અને માનસિક વિકાસ વધારે થાય " એટલું કહી અમે છૂટા પડયા. —હે. માળવી

દેવલાલી બાલગૃહ ફરીથી શરૂ થાય છે

ત્રણથી તેર વર્ષના બાળકો માટે શિક્ષણ અને સંસ્કાર દેતું બાળકોનું ઘર.

આપના બાળકોને દાખલ કરવા લખો :

શ્રી જયંતિલાલ ઓઝા, પંચવટી, નાસિક.

"જશિયા, આસન આપ તો!"

કમળાબહેનના ઘરમાં બે બાળકો છે. એક પાંચ વર્ષના રમેશભાઈ અને બીજા બાર વર્ષના જશભાઇ. કમળા બહેન ભલાં છે અને ઉચ્ચ આદર્શ સેવવાવાળા છે. એ અને એમના પતિ મોહનભાઈ બન્ને ઇચ્છે છે કે એમના બાળકો સંસ્કારી બને.

એક દિવસ કમળાબહેને એમના મોટા દિકરાને બૂમ મારી "જશિયા, મણિમાશીને બોલાવ." આ સાંભળીને નાના રમેશે એ વાક્ય ફરી ઉચ્ચાર્યું: "જશિયા મણિ-માશીને બોલાવ." નાના રમેશે મોટા ભાઇને જશિયો કહ્યો એ કમળાબહેનને ખૂચ્યું. એમણે કહ્યું: "જશિયા નહિ જશભાઇ કહેવાય" રમેશ બોલ્યો 'જશિયા નહિ જશભાઈ કહેવાય' નાનો રમેશ અને કમળાબહેન બન્ને હસી પડ્યાં.

થોડી વારે મણિમાશીને બોલાવીને જશભાઈ આવ્યા એટલે કમળાબહેન બોલ્યા "જશિયા, આસન આપ તો" રમેશ પણ બોલ્યો: "જશિયા આસન આપ તો" આ સાંભળીને કમળાબહેન બોલ્યા "ફરી જશિયા બોલ્યો કે?" રમેશ હસતો હસતો બોલ્યો "ફરી જશિયા બોલ્યો કે?"

રમેશ જશભાઇને તુંકારાથી બોલાવતો હતો એથી કમળાબહેન મુંઝાતા હતાં પણ એને સુધારવો કઇ રીતે એની એમને ગમ નહોતી પડતી.

મણિબહેને કહ્યું: મોટાં બહેન, નાના બાળકો તો આપણું અનુકરણ કરતા હોય છે. આ રમેશ પણ અનુકરણ કરે છે એથી ગભરાવાની જરૂર નથી પણ આપણે કુટુંબમાં કોઇને તુંકારાથી બોલાવવા નહિ.

કમળાબહેન તે દિવસથી જશિયાને બદલે જશભાઇ કહેવા લાગ્યા અને નાનો રમેશ પણ જશભાઈ બોલવા લાગી ગયો.

—બબલભાઇ મહેતા

પૂર્વ પ્રાથમિક કેળવણી વિષે

પંચવાર્ષિક યોજનાનું મંતવ્ય

[પંચવાર્ષિક યોજનાના તેત્રીસમાં પ્રકરણમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ અંગે માત્ર પંદર લીટીનું લખાણ આપવામાં આવ્યું છે. એ વિષયના રસિકો માટે અહીં તે લખાણ આપીએ છીએ. —સં.]

દેશની બહુ સંખ્યક કુટુંબોની હાલની કટોકટી ભરી પરિસ્થિતિ ધ્યાનમાં લેતાં જ્યાં પૂર્વ પ્રાથમિક કેળવણીને વધુ મહત્વ આપવાની જરૂર છે, ત્યાં આપણા દેશમાં આ કેળવણી દુર્લક્ષિત બની રહી છે. જ્યારથી કેળવણી ફરજીઆત કરવામાં આવી છે, તે ૬ વર્ષની ઉમર પહેલાંનો બાલ્યાવસ્થાનો સમય કેળવણીની દૃષ્ટિએ સંભવ-નાત્મક (Potential) વલણશીલ અને અત્યંત સંસ્કારક્ષમ હોય છે. અત્યારની ઘણી ખરી પૂર્વ પ્રાથમિક શાળાઓ શહેરોમાં છે, અને તેનાથી માત્ર ધનિક વર્ગના બાળકો જ સગવડ મેળવે છે. ગ્રામવિસ્તારો અથવા કામ-ગાર વસતિના વિસ્તારો જ્યાં આ પ્રકારની શાળાઓની વધુ જરૂર છે, ત્યાં લગભગ પૂર્ણ અંશે દુર્લક્ષ્ય રહ્યું છે.

નાણાંની અછતને લીધે સરકાર આ ક્ષેત્રમાં માત્ર મર્યાદિત જવાબદારી જ સ્વીકારી શકશે. આ જવાબદારી દેશની પરિસ્થિતિને ધ્યાનમાં લઇને યોજવાનું શિક્ષણ પધ્ધતિઓનું સંશોધન કાર્ય, શિક્ષકોની તાલીમ તથા ગ્રામીણ વિભાગમાં બાલવાડીઓ ચલાવીને આ પ્રકારનુ કાર્ય કરતી બાનગી (સાર્વજનિક સંસ્થાઓને પુરસ્કાર (Grant-in-aid) આપીને મદદ કરવી વગેરે પૂરતી જ રહી શકશે. ઉદ્યોગવાળા વિભાગમાં એ પ્રકારની શાળાઓ ચલાવવાની જવાબદારી તે તે ઉદ્યોગો પર જ રહેવી જોઇએ. બીજા વિભાગોમાં બાલવાડીઓ ચલાવવાની મુખ્ય જવાબ દારી સ્થાનિક સંસ્થાએ ઉપાડવી જોઇએ. જ્યાં આ પ્રકારની આખા વખતની સંસ્થાઓ ચલાવવા માટે આર્થિક અનુ કૂળતા નથી, ત્યાં સવારે અથવા સાંજે ઓછા કલાક માટેની બાલવાડીઓ સામાજીક કાર્યકર્તાઓએ ચલાવવી. જ્યા મકાન ન મળી શકે ત્યાં ઋતુમાનને અનુસરીને શાળાઓ ખુલ્લી હવામાં ચલાવવી.



શું કહેવાય ?

કૂતરાનાં	બચ્ચાંને	કુરકુરિયું.	ગધેડાના	બચ્ચાંને	ખોલકું
ગાયના	,,	વાછરડું.	ભૂંડના	,,	ભૂંડકું.
ભેંસના	,,	પાડું.	બિલાડીના	,,	મીનડું.
બકરીના	,,	લવારૂં.	મરઘીના	,,	પીલુ
ઘોડાના	,,	વછેરો.	સાપના	,,	કણેા.
ઘેટાંના	,,	ગાડરું, મેડું	હાથીના	,,	મદનિયું.
ઊંટના	,,	બોતડું.	માણસના	,,	બાળક, છોકરું.

મોટર ચાલી રે

ચાલી રે ચાલી રે ચાલી રે....
મોટર ચાલી રે....(૨)

શિશુ વિહારથી બેસીને આવતા
ચર્ની રોડ ઉતરી જાતા રે....મોટર....

લીના, કીકા, નાનુ સાથે
અમે ગયા સહુ ટેકરી માથે,
હેંગીંગ ગાર્ડન ત્યાં જોયા રે....મોટર....

ત્યાંથી ઊતરી ચોપાટી આવ્યા.
ભૈયાની પાસેથી ભેળપુરી લાવ્યા.
અમને તે ખૂબજ ભાવ્યા રે.....મોટર....

ત્યાંથી આવ્યા પાલવા બંદર
અમે ગયા સૌ તાજમહેલ અંદર
મ્યુઝયમ ત્યાં અમે જોયું રે.....મોટર.

મ્યુઝયમ જોઇને રાણીબાગ આવ્યા
પ્રાણીઓ ત્યાંના અમે નિહાળ્યા
મઝા ત્યાંની લૂંટી લાવ્યા રે.....મોટર.

નવી નવાઇની વાતો કરીને
બાળમંદિરમાં થોડું ફરીને
અમે અમારે ઘેર ગયાં'તાં રે....મોટર ચાલી રે....
ચાલી રે....ચાલી રે....ચાલી રે મોટર ચાલી રે

—નટવર મહેતા

જળઘોડો

એવું કહેવાય છે કે ઇશ્વરે જળઘોડો નિર્માણ કરીને તો હાથ જ ધોઇ કાઢયા છે. આજ સુધીની બધી સૃષ્ટિ કરતા જળઘોડાનું બધું જ કંઇ જુદું અને આશ્ચર્યકારક !

તેનો આકાર જ જુઓને ! તેની ગરદન જોઇએ તો એકાદા સુંદર પાણીદાર ઘોડા જેવી બાંકદાર. એની છાતી જોઇએ તો કબુતર જેવી ફૂલેલી. એની પૂંછડી તો વાંદરા જેવી! એને કંઇ પકડવું હોય તો તે પૂંછડીથી જ પકડે ! એનો રંગ જોઇએ તો સરડાની જેમ સતત બદલાતો રહે છે. એની બન્ને આંખો ગોળ ગોળ ફરી શકે. તેથી તે એક આંખથી પાણીની સપાટી ઉપર નજર નાખતો હશે તો બીજી આંખે પાણીની નીચે જોતો હશે. સૌ થી આશ્ચર્યકારક વાત એટલે એની જાતમાં નર જળઘોડાને બચ્ચા થાય છે. આ આશ્ચર્યની વાત નથી ? આ જળઘોડામાં પણ ચાળીસ જાતો છે. તેમાં એક ઇંચ લંબાઇના પણ ઘોડા આવે અને વધુમાં વધુ એક ફૂટ લંબાઇના પણ ઘોડા હોય છે. એની તરવાની રીત પણ બીજી માછલીઓ કરતાં કંઇક જુદી જ ! અન્ય માછલીઓ ઊંધી પડીને આડી તરે છે તો આ ઘોડેસ્વાર ઉભા રહીને તરે છે.



સાધારણ રીતે એનો રંગ કાળાશ પડતો રાખોડી અથવા લાલાશ પડતો કાળો હોય છે. પણ આપણા હિંદી મહાસાગરના તથા ભૂમધ્ય સમુદ્રના ઘોડા કમ્મર સુધી કંઈક અંશે પીળાશ પડતા ગુલાબી હોય છે. એથી જળઘોડાએ પીળાશ ગુલાબી અને વાદળી જાકીટ પહેર્યા જેવું લાગે છે. પરંતુ જ્યારે કોઇક ભયમાં આવી પડે છે ત્યારે તેનો રંગ કાળાશ પડતો તપકીરી થઇ જાય છે. જાણે કે આજુબાજુના ખડકનો જ એક ભાગ બની જાય છે.

ઓસ્ટ્રેલિયામાં એમના જ મિત્રો રહે છે તેમને સમુદ્રમાં ઉગતી વનસ્પતિ જેવા બારીક રંગીન તંતુ લટકતાં હોય છે. એથી શરીર ઉપર રીબીન બાંધીને નીકળી પડયા હોય એમ લાગે છે.

જાણે આટલો શણગાર ઓછો હોય તેમ એમના માથામાં એક મુગટ પહેરાવેલો હોય છે. કેશરી રંગની ઝીણી ઝીણી સોયો (જોઇએ તો કાંટા કહો) એના માથા પર દેખાય છે. આ શણગારથી આપણે એને મુગટધારી જળઘોડા કહી શકીએ. પરંતુ આટલાથી જ એનો શણગાર કંઇ પૂરો થતો નથી.

આ જળઘોડના શરીર પર એક સાધારણ કઠણ હાડકાંનું પાતળું કવચ હોય છે. જાણે કે બખ્તર પહેરીને નીકળેલો કોઇ સ્વાર જ હોય ! આ કવચ હોવાથી જ એને ઉભા ઉભા તરવું પડે છે.

તમને એમ લાગતું હશે કે આટલેથી પૂરું થતું હશે? પણ ના રે ના! તેની પીઠ ઉપર પાંખ જેવા "કલ્લા" હોય છે. તેનો ઉપયોગ એ સુકાનની જેમ કરે છે? જે તરફ એ વળે તે તરફ આ કલ્લાને ફેરવવાનો. એનો બધોએ શણગાર સુંદર નથી શું?

પણ આ કવચ હોવાથી તેનાથી બીજી માછલીઓની જેમ આડા તરી શકાતું નથી. તેથી જ જળઘોડો ઉભો ને ઉભો તરે છે. તે આગળ પાછળ જાય છે. તેવી જ રીતે ઉપર નીચે પણ જાય છે.

આ ઉપરાંત તેના કાનની પાછળ બે પારદર્શક કલ્લા હોય છે. તે એકસરખાં અંગ્રેજી આઠના જેમ આકારમાં ફરતા રહે છે પણ તે આપણને બિલકુલ દેખાતા નથી.

પરંતુ એ જ્યારે છાતી ફૂલાવીને અકડીને હોંશિયારી મારીને ફરતો હોય ત્યારે જો એ કશાં સાથે અથડાઇ પડે અને તેના પેટની ગેસની કોથળીને કાણા પડે તો એની બધી હોંશિયારી નીકળી જાય હોં કે! પછી એનાથી પાણી ઉપર રહી જ શકાતું નથી. તે ડૂબીને સમુદ્રને તળીએ બેસે છે. ઘણા સમય પછી ધીરે ધીરે તેની એ કોથળીમાં ફરીને જ્યારે ગેસ ભરાય ત્યારે જ ભાઇસાહેબ ફરીથી જલક્રીડા કરી શકે છે.

આ જળઘોડાને ઘેર લાવીને કોઇથી ઉછેરી ન શકાય. આખા જગતમાં એક અમેરીકન બાઇ પોતાના માછલીઓના કુંડમાં આ જળઘોડાને ઉછેરી શકી હતી. એને ખાવા શું આપવું એજ મોટો પ્રશ્ન હોય છે. કારણ સમુદ્રમાં તેઓને જે અતિસૂક્ષ્મ જીવ-જન્તુ તથા વનસ્પતિ મળે છે તે ઘેર મેળવી શકાતી નથી. અને આ ઘોડાઓ તો એટલા મિજાજી હોય છે કે ભૂખે મરશે પણ બીનું કશું જ ખાશે નહિ.

જળઘોડા જલ્દીથી તૂટી જાય એવા હોય છે તો પણ એમની ચામડી જરા જાડી ને કાંટાવાળી હોય છે. તેને કોઇજ ખાતું નથી. બીજી માછલીઓ પણ કોણ જાણે કેમ આ ઘોડાનો શિકાર કરતી નથી. અને માણસો પણ તેને ખાતા નથી.

આ જળઘોડાનો લગ્ન પ્રસંગ પણ ખૂબ મઝાનો હોય છે. ચોવીસ અથવા અડતાલીસ કલાક વર-વધુનો નાચ ચાલે છે. નાચની સાથે પોતેજ ઝીણા ઢોલની જેમ અવાજ કરતા હોય છે. એક બીજાની આજુબાજુ નાજુક રીતે ગોળ ગોળ ફરતો હોય છે. જાણે કે રાધા-કૃષ્ણની રાસલીલા જ ચાલતી હોય ને!

આવી રીતે વાજતે ગાજતે લગ્ન પતી જાય કે પછી માદા ઇંડા મૂકે. બાસા ૨૦૦ થી ૬૦૦ સુધીના ઇંટ રંગના આ ઇંડા હોય છે. પણ એ સેવવાની માથાકૂટ એને ગમતી નથી. ત્યારે એ શું કરે છે, ખબર છે? નરના પેટ આગળ એક કોથળી હોય છે. તેમાં બધા જ ઇંડા મૂકી દે છે અને પછી પોતે દૂર દૂર નીકળી પડે છે, તરવા ને મજા કરવા.

નર ઘોડો બિચારો ઇંડાને પેટમાં રાખીને પોતાના શરીરમાં દોઢ મહિના સુધી રહેવા દે છે. ઇંડા ફૂટવાનો સમય આવે કે નાના અલ્પવિરામ જેવડાં થોડા બચ્ચા બહાર નીકળે છે એને નરની સામે ઉપર-નીચે આગળ-પાછળ નાચવા માંડે છે. પછી નર બીજાને પણ હલાવે છે. ઠંડીને લીધે જેમ શરીર ધ્રુજે તેમ નર ધ્રુજવા માંડે છે. તેમ તેમ ઇંડા ફૂટીને બચ્ચા બહાર આવે છે. થોડી વાર રહીને એક નાનો બોલ જ એકદમ બહાર નીકળે છે. આ બોલ એટલે એ બધાં બચ્ચા એક બીજાની સાથે ચોંટી ગએલા હોય છે એને

પાણીના પરપોટામાં અટવાઇ ગએલા હોય છે. આ બોલ પાણીની સપાટી ઉપર આવે છે અને એમાંથી પચાસ સાઠ બચ્ચા નીકળી આજુ-બાજુ ફેલાઈ જાય છે. આવી રીતના સેંકડો નાના બચ્ચા સમુદ્રમાં ફેલાઈ જાય છે. એ પોતાના મા--બાપ જેવા જ હોય છે. ફરક એટલો જ કે ઉપરનું કવચ તદ્દન પારદર્શક હોય છે. ઉપરની ચામડી પારદર્શક હોવાથી એમના શરીરના બધા ભાગો ને ધબકતું હૃદય પણ જોઈ શકીએ છીએ. એનામાં રંગ પછીથી આવે છે.

જલઘોડાને ખોરાક તરીકે કોઇ ખાતું નથી. પરંતુ ઔષધ તરીકે આજ હજારો વર્ષથી જુદા જુદા દેશમાં તેનો ઉપયોગ થાય છે. ગ્રીસ અને એથેન્સમાં જલઘોડાને દારૂમાં ડુબાડી રાખવાનો રિવાજ હતો. તેઓ એમ માનતા કે એનામાં કંઈક જાદુઇ શકિત છે. બીજી રીતે હલાહલ ઝેરના ઉતારા તરીકે તેનો ઉપયોગ થાય છે. આજ પણ ચીન-અને અમેરીકામાં, ન્યૂયોર્ક અને સૅન-ફ્રાંસીસ્કોમાંના વૈદો એને દવા તરીકે વેચે છે.

દરેક શાળાના સંગ્રહસ્થાનમાં એક જલ-ઘોડો તો રાખવોજ જોઇએ. તમારા કોઈ મિત્ર રામેશ્વર કે મદ્રાસ તરફ જતા હોય તો તેમને જળઘોડા વેચાતા લઇ આવવાનું કહેતા ભૂલશો નહિ. અને પછી પોત પોતાની શાળાના સંગ્રહ-લયમાં મૂકવા માટે આપશો.

—તારાબેન મોડક.

શાહમૃગ અને જીપ્રા.

શાહમૃગ અને જીપ્રા બન્ને આફ્રીકાના રહેવાસી. શાહમૃગ કૂબળા શરીરનું પણ મજબૂત પગનું પક્ષી. દોડવાની અજબ શકિત. મોટા મોટા ડોળા નું અવાજ તો સિંહની ગર્જના જેવો. એક ડગલામાં પચ્ચીસ ફૂટ આગળ જાય એવા એ જબરજસ્ત પક્ષીની દોસ્તી ગધેડા જેવા એક જીપ્રા જનાવર સાથે થઇ. જીપ્રા ગધેડા જેવું પ્રાણી છે. આકારમાં ગધેડા કરતા જરા મોટું, કાન અને પૂંછડી ગધેડા જેવાં જ. આખા શરીર પર કાળા કાળા પટ્ટા હોય છે. માણસોને પીઠ પર બેસાડી લઇ જાય છે. શાહમૃગની અને જીપ્રાની વચ્ચે દોસ્તી જામી. શાહમૃગનાં પગ મહા બળવાન, શરીરની બધી શકિત પગમાં ઊતરી છે. દોડવામાં કોઇ તેને હરાવી ન શકે.

સિંહના જેવા અવાજે ગર્જના કરવા લાગે કે બધા વનચર થરથર ધ્રૂજવા લાગે. પરંતુ વાસની બિલકુલ સમજણ હોતી નથી તેમજ સૂક્ષ્મ અવાજ પણ સાંભળતો નથી. આ બાબ તમાં જીપ્રા બહુ ચાલાક હોય છે. તાબડતોબ શાહમૃગને સાવધ કરે છે, અને શત્રુથી બચાવે છે.

એક પક્ષી છે. એક જનાવર છે, છતાં એક બીજાને મદદ કરે છે અને પોતપોતાનું રક્ષણ કરે છે.

—શાલિનીબેન જોગલેકર.

બાળમંદિરમાં નિરીક્ષણની યોજના

બોર્ડીમાં થએલા સંઘના નિયંત્રણ મંડળના ઠરાવ પ્રમાણે સંઘના મુખ્ય નિરીક્ષક શ્રી. પ્રભુભાઇ ઉપાધ્યાયને નિરીક્ષણ બાબત યોજના કરવા અને તે માટે સંઘની શિક્ષણ સમિતિની સૂચના ધ્યાનમાં લઇ વ્યવસ્થાપક મંડળ સામે મૂકવા માટે કહેવામાં આવ્યું હતું. તે પ્રમાણે શ્રી પ્રભુભાઇએ બધી પ્રાદેશિક શાખાઓનો અભિપ્રાય મંગાવી તેના અનુસંધાનમાં એક યોજના તૈયાર કરી હતી અને તે પહેલાં શિક્ષણ સમિતિમાં ને પછી વ્યવસ્થાપક મંડળ સામે મૂકી હતી અને તે મંજૂર થઈ હતી. તે યોજના નીચે પ્રમાણે છે:

૧. સંઘને જોડાએલા બાલમંદિરનાં બે પ્રકાર રાખવા,

(અ) જોડાએલા (Associated) બાલમંદિરો.

(બ) પ્રમાણિત (Affiliated) બાલમંદિરો.

સંઘનો ઉદ્દેશ માન્ય રાખી જે સંસ્થા બાલ કલ્યાણ અને બાલ-શિક્ષણ કાર્યમાં પોતાની પદ્ધતિ પ્રમાણે પ્રયોગ કરવા તૈયાર છે, અને જે સંઘ પાસેથી કોઈ પણ જાતની મદદ અથવા માર્ગદર્શન માગતી નથી, પણ ફક્ત સંઘના કાર્ય સાથે સહાનુભૂતિ રાખે છે અને સંઘ સાથે સહકાર ઇચ્છે છે એવી સંસ્થાઓને જોડાએલી સંસ્થા કહેવામાં આવશે.

બીજી સંસ્થા કે જે સંઘના ઉદ્દેશને શિક્ષણ કાર્યમાં બરાબર સંઘની રીત પ્રમાણે જ વર્તી સંઘનું માર્ગદર્શન સ્વીકારે જેથી તેમનું નિરીક્ષણ પણ સંઘ તરફથી થાય અને તે પ્રમાણે તેમને પ્રમાણપત્ર મળે. આવી સંસ્થાને પ્રમાણિત સંસ્થા કહેવામાં આવશે.

૨. બન્ને પ્રકારની સંસ્થાની વાર્ષિક વર્ગણી માત્ર રૂા. ૧૦–૦–૦ રહેશે.

૩. પ્રમાણિત સંસ્થાનું નિરીક્ષણ સંઘ તરફથી થશે.

૪. થોડી સંસ્થા મળીને જો સ્વતંત્ર નિરીક્ષકની માંગણી કરે અને તેનો ખર્ચ તે સંસ્થાઓ આપવા તૈયાર હોય તો તે માટે યોગ્ય નિરીક્ષકની નિમણુંક કરી શકાશે.

૫. જેણે સંઘમાં પ્રમાણિત સંસ્થા તરીકે જોડાવવું હોય તેણે પહેલાં સંઘમાં જોડાઇ મુખ્ય નિરીક્ષકને પોતાની સંસ્થાનું નિરીક્ષણ કરવાની સૂચના આપવી. ત્યાર પછી– તે સંસ્થાનું નિરીક્ષણ થશે અને નિરીક્ષણના અહેવાલાનુસાર તેને પ્રમાણ–પત્ર મળશે.

૬. નિરીક્ષણ માટે સંઘ આ ક્ષેત્રમાં અનુભવી વ્યક્તિઓની મદદ લેશે. દરેક વ્યક્તિને મર્યાદિત કામ સોંપી નિરીક્ષણનું કામ મુખ્ય નિરીક્ષક કરાવશે.

૭. ચાલુ વર્ષ માટે નીચેનાં કાર્યકર્તાઓનાં નામો શિક્ષણ સમિતિની સૂચના પ્રમાણે સંઘે નિરીક્ષક તરીકે સ્વીકાર્યા છે.

(૧) શ્રી. સરલાતાઇ દેવધર (૨) શ્રી. અનુતાઇ વાઘ (૩) શ્રી મૃદુલા શેઠ (૪) શ્રી. સ. આ. કેળકર (૫) શ્રી. કમલાશંકર પંડિત (૬) શ્રી. ઈશ્વરલાલ આચાર્ય (૭) શ્રી. શાંતિલાલ રાવળ (૮) શ્રી. માલિનીબાઇ પરાંજપે (૯) શ્રી. કમલિનીબાઇ દામલે (૧૦) શ્રી. કુસુમબેન શાહ (૧૧) શ્રી. નરેન્દ્ર બધેકા (૧૨) શ્રી. મોંઘીબેન બધેકા (૧૩) શ્રી. હરપ્રસાદ ભટ્ટ (૧૪) શ્રી. શાંતાબાઈ આઠવલે (૧૫) શ્રી. શાંતાબાઇ ચૂડગર (૧૬) શ્રી તારાબાઈ પરાંજપે (૧૭) શ્રી. શાલિનીબાઇ મોઘે (૧૮) શ્રી. શાલિની જોગળેકર (૧૯) શ્રી. માલતી મનોહર (૨૦) શ્રી. હેમલતા માળવી (૨૧) શ્રી. મંજરી રાયજી (૨૨) શ્રી. શાતાબાઇ ક્ષીરસાગર.

'શિક્ષણ–પત્રિકા'ના લવાજમ બાબત

'શિક્ષણ-પત્રિકા'ના લવાજમની રકમ જેઓ ચેકથી મોકલવા ઇચ્છે, તેઓ 'શિક્ષણ–પત્રિકા'ના નામે ન મોકલતાં **'સેક્રેટરી, નૂતન બાલ શિક્ષણ સંઘ'**, એ નામનો ચેક મોકલવા કૃપા કરે. **—વ્યવસ્થાપક.**

બાળકનું ગણિત શિક્ષણ.

લેખાંક ૬ ઠ્ઠો

પટ્ટાવાલી સીડી ઉપરની રમતો

"વિનયને પટ્ટાવાળી સીડી ગમી કે ?" એ પ્રશ્નની સાથે મેં ચર્ચાની શરુઆત કરી. મોટા ટેબલ ઉપર પટ્ટાવાળી સીડીની લાકડીઓ વ્યવસ્થિત રીતે ગોઠવી આજની ચર્ચાની પૂર્વતૈયારી કમળાબેને કરીજ રાખી હતી.

"ગયે વખતે પટ્ટાવાલી સીડી ઉપરની તમે બતાવેલી રમતો વિનયને ગમી જ છે. પણ એની સાથે રમતા મારા મનમાં અનેક વિચારો ઉદ્‌ભવ્યા. આ-સાધનના યોગ્યકની પ્રશંસા કરવાનુ મને મન થયુ. અંકની રાશી અને નામતો પરિચય આટલો બધો સુલભ કરી શકાય છે એ મને ખરેખર આશ્ચર્ય જ લાગે છે."

મેં કહ્યું, "ગયે વખતે આ સીડી ઉપર યોજેલી ફક્ત એકજ રમત મેં બતાવી હતી. આજે બીજી ત્રણ નવી બતાવીશ."

"એટલે શું આ એક જ સાધન ઉપર જુદી જુદી રમતો હોય છે ? તમે જે 'રમત' બતાવી તે જ અને તેવી જ રીતે રમવાનું એવું હું સતત વિનયને કહેતી હતી. કારણ એકવાર તેને લાકડીનો ઘોડો કરીને 'રેસ' શરુ કરી અને બીજી વાર નાની લાકડીઓની તલવાર બનાવીને તેમના મિત્ર મંડળે લડાઈની રમત શરુ કરી. ત્યારે મેં તે તરત બંધ કરાવી અને કહ્યું, આ કંઈ તલવારો અને ઘોડા બનાવવાની લાકડીઓ નથી. ઘોડાની રમત રમવી હોય તો બીજી સુંદર નાની નાની લાકડીઓ આપીશ અને તલવારથી લડાઈની રમત રમવી હોય તો ખરેખર તલવાર જેવી દેખાય એવી પૂઠાની અથવા લાકડાની તલવારો બનાવીશુ." કહી કમળાબેને તરત જ વિનય માટે ઘોડાની રમત રમવા માટે બીજી રંગીન ગોળ લાકડી અને પૂઠાની સફેદ રંગલગાડેલી તલવારો બતાવી.

એમના આવા વિવેકપૂર્ણ ઉત્તરથી અને એમના કામથી તેમના પ્રત્યેનો મારો આદર વધ્યો. અને મેં કહ્યું, "એક જ સાધન ઉપર યોગ્ય અને અયોગ્ય એવી બે પ્રકારની રમતો રમી શકાય છે. શાસ્ત્રીય શૈક્ષણિક સાધનનો હેતુ નિશ્ચિત હોય છે અને એ પાર પાડવાની દ્રષ્ટિથી રમવાની જે રીત હશે તે સ્વાભાવિક રીતે યોગ્ય રમત ગણવી પડશે. અને એનાથી વિરુદ્ધ જે રમતોનો સાધનોના હેતુ સાથે કંઈ જ સંબંધ નથી એવી રમતો અયોગ્ય ગણવી પડશે. આવી અયોગ્ય રમતને તમે જે પ્રકારે બંધ કરી છે તે પરથી લાગે છે કે તમે સાચે જ નૂતન બાલશિક્ષિકાની જેમ જ વર્ત્યા છો.'

"મને કંઈ તમારા શાસ્ત્રોની ખબર નથી. પણ જે સમયે બુધ્ધિપૂર્વકનું જે સુઝયું તે જ મેં કર્યું છે."

મેં કહ્યું, "આ મુદ્દા પર મોટી શિક્ષણતજ્ઞ લેખાતી વ્યકિતઓમાં પણ બહુ મતભેદ છે. કોઈ કહે છે, એકાદી વસ્તુનો ઉપયોગ વિવિધ રીતે પોતાની કલ્પના પ્રમાણે કરવાથી જ બાળકની માનસિક શકિતનો વિકાસ થાય છે. લાકડીનો ઘોડો અથવા તલવાર કરવામાં બાળકની કલ્પના-વૃત્તિ જણાઈ આવે છે, અને આ કલ્પનાવૃત્તિની રમતમાં જે સ્વયંશિક્ષણ થાય છે એ જ એનું ખરું શિક્ષણ છે. રાશિ-પરિચય કરતાં પણ આવું શિક્ષણ સારુ થાય છે. એવો આ શિક્ષણતજ્ઞોનો મત છે.

"પણ," કમલાબેન વચ્ચે આવી શિક્ષણતજ્ઞોને ઉત્તર આપવાના આવેશમાં બોલ્યા, "મારે પંઢરપૂર જવું હોય તો પંઢરપૂરનો રસ્તો છોડીને રસ્તામા કવિતા કરવા માંડુ તો કવિતા થાય પરંતુ પંઢરપુર પહોંચી ન શકુ એ સ્પષ્ટ નથી કે ? આપણી પ્રવૃત્તિનો હેતુ લક્ષમાં ન લેતાં કલ્પનાના ઘણાએ ચમકારા દેખાય તો પણ તેનો જીવનમાં શો ઉપયોગ ?"

"હું તો એમ કહેવા માગું છું કે શિક્ષણમાં હેતુ-પૂર્વકની ક્રિયાને વધુ સ્થાન મળવું જોઈએ કે વિહતુક કલ્પના-વૃત્તિને વધુ સ્થાન મળવું જોઈએ ? કલ્પનાવૃત્તિને હેતુ ન હોય તો કલ્પનાવૃત્તિનો પણ શો અર્થ છે ? એને કેવળ નિરર્થક કલ્પનાવિલાસ કહેવી પડશે."

મેં કહ્યું, "કલ્પના જીવનોપયોગની દ્રષ્ટિએ નિરર્થક હશે. પરંતુ એ નિર્હેતુક હોય છે એમ ન કહી શકાય. બાળક લાકડીનો ઘોડો કરે છે એમાં એનો હેતુ તમને અને મને ન દેખાય તો પણ તેમાં બાળકનો સ્પષ્ટ અથવા અસ્પષ્ટ હેતુ હોય જ છે. તેથી તેમનાં હેતુની પૂર્તિ માટે ઘોડો ઘોડે રમવા માટે બીજી-લાકડીઓ આપી અથવા તલવાર બનાવ-વાની કલ્પના સુઝી એ તો યોગ્ય જ થયું. લાકડીનો આપણા હેતુ પ્રમાણે ઉપયોગ કરવામા જ શિક્ષણ છે અને કલ્પના શકિતનો પણ ઉપયોગ છે એ શિક્ષણતજ્ઞોનુ કહેવું નકારી શકાશે નહિ. પરંતુ પટ્ટાવાળી સીડી જેવું સાધન કે જે

ચોક્કસ હેતુ માટે બનાવ્યું છે તેનો ઘોડો ઘોડો કરવો એ વસ્તુનો દુરુપયોગ છે એમ મને લાગે છે. ઘોડો ઘોડો રમવાની ઈચ્છા થવી અયોગ્ય નથી અથવા ઘોડો રમવું પણ શૈક્ષણિક હશે, પરંતુ ખાસ હેતુપૂર્વક યોજેલા સાધનનો કંઈ ત્રીજોજ ઉપયોગ કરવાથી તે સાધન યોજવાનો હેતુ સફળ થતો નથી એ સ્પષ્ટ છે. તેમ છતાં બાળક સ્વીકારે નહિ તો આવા સાધનોનો હેતુ બાળક ઉપર લાદવાથી પણ શિક્ષણનુ કાર્ય થશે નહિ. તેથી તમે પટ્ટાવાલી સીડીની લાકડીઓનો ઘોડો રમવાની ના પાડી અને તેની સાથે જ ઘોડો ઘોડો રમવા માટે બીજી સુંદર લાંકડીઓ લાવી આપી એ મારા મત પ્રમાણે ખૂબ જ યોગ્ય કર્યું છે."

"ચર્ચામાં આપણો ઘણો સમય ગયો નહિ ?" કમળાબેન બોલ્યા.

મેં કહ્યું, "મને ખ્યાલ જ ન રહ્યો"

" પટ્ટાવાલી સીડીનો મુખ્ય હેતુ અંકની રાશીને અને નામનો પરિચય કરવાનો છે. આ હેતુને અનુસરીને કુલ ચાર રમતો યોજાઈ છે. (૧) રાશી અને નામના પરિચયની રમત. (૨) રાશી રચના અને ગણત્રીની રમત. (૩) નાની મોટી રાશી ઓળખવાની અને ગણત્રીની રમત અને (૪) રાશી બતાવવાની રમત. આમાની પહેલી રમત મેં ગયે વખતે બતાવી છે. તેમાં એકથી દશ સુધીની રાશીનો જોડી જોડીમાં (૧-૨, ૩-૪, ૫-૬, ૭-૮, ૯ ૧૦) ક્રમશઃ ત્રિપદ પદ્ધતિથી પરિચય કરાવવો. જોડીઆ દૂર મૂકાવીને તેમાંથી છૂટી રાશી મંગાવવાની વિગેરે રમત રમી શકાય છે. આ રમત રમવામાં ગમ્મત પડે છે. વિનય જેવો મોટો છોકરો એક જ અઠવાડીઆમાં બધી રાશી ઓળખી શકશે.

" મને હજી એક શંકા છે " કમળાબેન વચ્ચે જ બોલ્યા.

મેં પૂછ્યું : "શી શંકા છે ?

" રાશી અને નામ પરિચયની રમતમા દરેક અંકની રાશી આપણે ગણીને બતાવવી કે નહિ? દા. ત. ૭-૮ આ બન્ને લાકડીનો પરિચય ત્રિપદ પદ્ધતિથી આ સાત અને આ આઠ એમ કહેવું કે આ સાત અને પછી દરેક પટ્ટાપર આંગળીઓ મૂકીને ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, એમ ગણ્યા પછી કહેવું? આ-સાત અને તે ૪ પ્રમાણે આ આઠ ને ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, એમ ગણવું ?

મેં કહ્યું, "તમારી શંકા બિલકુલ વ્યવહારિક છે આ રમતમા ગણત્રી શીખવવાનો હેતુ નથી. દરેક અંકની રાશીના એકમ(Unit)ની સ્પષ્ટ છાપ બાળકના મન ઉપર પડે એ આપણો ઉદ્દેશ છે. એથી સાત અને આઠની લાકડીઓ પાસે પાસે આડી ગોઠવીને સાત કરતા આઠ મોટું-વધારે છે એ જ ખાસ કરીને બાળકના ધ્યાનમાં આવે એમ કરવું જોઈએ. ગણત્રી કરવાથી આ કલ્પના વધું સ્પષ્ટ થતી હોય તો ગણત્રી કરવામા વાંધો નથી ઉલટું એનાથી બીજી રમતની એક રીતે પૂર્વતૈયારી જ થશે.

(૨) રાશી રચના અને ગણત્રીની રમત :

શરુઆતમાં એકની રાશી લઈને બાળકની સામે આડી ગોઠવવી. પછી એની રાશી (લાકડી) લઈને પહેલી રાશીની બાજુમા આડી મૂકવી. આમ કરતી વખતે બાળકની જમણી બાજુએ લાકડીઓના છેડાની સીધી લીટી થાય એમ જોવું એનાથી સીડીની રચના નીચે ચિત્રમાં બતાવ્યા પ્રમાણે થશે.



આમ સંપૂર્ણ રચના થાય કે પછી ત્રણે બાજુથી ગણીએ તો દશ જ થાય છે એ બતાવવું. આ રમતથી અંકનો અનુક્રમ વધુ દૃઢ થાય છે. અહીં આ ચોક્કસ પ્રકારની રચના મહ-ત્વની છે. આમ રચના કરીને ગણવામાં કેવી મઝા પડે છે એ શિક્ષકે બતાવવું જોઈએ."

કમળાબેને પોતે આ રચના કરીને જોઈ અને પછી ત્રણે બાજુથી ગણત્રી કરી અને બોલ્યા " અરે સાચે જ ગમ્મત છે !"

મેં કહ્યું, " બસ ! આ જ અનુભવ બાળકને મળે એમ આપણે કરવું જોઈએ. એમાં જ શિક્ષકની કુશળતા છે.

(૩) નાની મોટી રાશી ઓળખવાની અને ગણત્રીની રમત

"આ રમતમાં આપણે કોઇ પણ એક રાશી લઈને બાળકને આનાથી એક મોટી સંખ્યાની લાકડી લાવ અથવા આ સાતની લાકડી છે, તું આઠની લાવ

અથવા આ રાશીથી એક નાની સંખ્યાની લાકડી લાવ અથવા આ સાત છે તું છની લાકડી લાવ જોઉ. એમ કહી નાની–મોટી રાશી મંગાવીને પછી ગણત્રી કરીને લાકડી બરાબર લાવે છે કે નહિ તે તપાસી લેવી.

(૪) રાશી બનાવવાની રમત

આ રમતમાં પહેલાં એક દશની લાકડી ઉચકીને આ લાકડીની જેટલી જ કેટલી લાકડી બનાવી શકાશે એ જોઇએ. એમ કરીને ૯+૧, ૮+૨, ૭+૩, ૬+૪ એમ દશની ચાર લાકડીઓ બનાવી તે સરખી મૂકીને બતાવવી. અને પછી કહેવું તું હવે ૯ની લાકડીઓ બનાવ જોઉ. આ પ્રમાણે બધી રાશી જુદી જુદી રાશીમાંથી કેમ બનાવી શકાય છે તેની ગમ્મત બાળકને પડે એવી રીતે રમત રમવી જોઇએ. આ ચારે રમતનો હેતુ–વ્યાપક હેતુ–એક જ છે અને તે અંકની રાશી તથા અંકના નાનાં બાળકને ક્રમશઃ તુલનાત્મક રીતે સમજાય. આ હેતુથી બાળક કોઈ બીજી રમતો શોધી કાઢે તો આવી રમતો શિક્ષકે બાળકને રમવા દેવી

—શેષ નામલે.

બાળશિક્ષણ અને સંઘ સમાચાર

વડોદરા: તા. ૩૦-૮-૫૩ને રવિવારે શિશુભારતી તારકેશ્વર નૂ. બા. શિ. સંઘની પ્રાદેશિક શાખા તરફથી મોન્ટેસરી જયંતી સ્ત્રી અધ્યાપન મંદિરના પ્રિન્સપાલ શ્રી ગંગુબાઇ પટવર્ધનના પ્રમુખપદે ઉજવવામાં આવી હતી. શહેરના તમામ બાળમંદિરોના શિક્ષક ભાઇ-બેનો, જિલ્લામાંથી કેટલાક બાળમંદિરોના શિક્ષકો તેમજ સ્થાનિક પ્રતિષ્ઠિત નાગરિકોની સારી સંખ્યામાં ઉપસ્થિતિ હતી. આ પ્રસંગે શિક્ષકો અને વાલીઓ માટે સંઘની આ શાખા તરફથી યોજવામાં આવતી વ્યાખ્યાન માળાની વિગતો આપવામાં આવી હતી.

મીઠાપુર (સૌરાષ્ટ્ર) તા. ૧૦-૯-૫૩ના રોજ શ્રી પુરૂશો-તમભાઈ જુઠાભાઈ મશરુના પ્રયત્નો વડે સૌરાષ્ટ્રની લીંબડી પછીની બીજી સ્થાનિક શાખા મીઠાપુરમાં સ્થાપિત કરવામાં આવી છે. શાખાના પ્રમુખ શ્રી બચુભાઇ ભાઇશંકરભાઇ દવે છે. શ્રી પુરૂષોતમભાઇ મશરુ મંત્રી છે. જ્યારે શ્રી જયશંકર ભાઇ કલ્યાણજી જોશીએ ખજાંચીનું કામ સંભાળ્યું છે.

મુંબઇ :- ભગિની સમાજ બાળમંદિરની સ્થાનિક શાખા તરફથી શ્રી નિર્મળાબેન ઓઝાના બાળગીતોનો કાર્યક્રમ તા. ૭–૮–૫૩નો રોજ રાખવામાં આવ્યો હતો, તા. ૫–૯–૫૩ના રોજ શ્રી વસંતભાઇના બાલગીતોનો કાર્યક્રમ યોજાયો હતો.

અમદાવાદ:-અહિં તા. ૧૯ અને ૨૦ મીના રોજ મળેલી સંઘની શિક્ષણ સમિતિ, વ્યવસ્થાપક મંડળ અને નિયંત્રણ મંડળની સભાઓ માટે ઉપસ્થિત થએલા સદસ્યો માટે સ્થાનિક બાલમંદિરોના સહકારથી એક રંજન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

વર્ધા:- હિંદુસ્તાની તાલીમી સંઘ તરફથી યોજવામાં આવતું નવમુ અખિલ ભારતીય નઇ તાલીમ સંમેલન આ વર્ષે નવેંબરના બીજા અઠવાડીઆમાં ટીટાબર, આસામમાં મળશે.

દિલ્હી :-ભારતીય બાલ વિકાસ સમિતિના ઉપક્રમે ચારથી ચૌદ વર્ષના બાળકોએ ચિત્રિત કરેલી સુંદર અભિનંદન પત્રિકાઓનું મુદ્રણ કરવામાં આવશે. દિવાળી, દશેરા, નૂતન વર્ષ વગેરે દિનો પર આ અભિનંદન કાર્ડો જનતાને વેચાતાં મળે એવી વ્યવસ્થા કરવામાં આવશે. એના વેચાણ વડે મળતાં નાણાંનો ઉપયોગ સમિતિ બાળ સેવાના કાર્યમાં વાપરશે. આ કાર્ડો મેળવવા માટે (૧) ભારતીય બાલ વિકાસ સમિતિ, ૫, સિકંદરા રોડ, ન્યૂ દિલ્હી અથવા કોટેજ ઇન્ડસ્ટ્રીજ એમ્પોરીયમ, સર ફિરોઝશાહ મેહતા રોડ, ફોર્ટ, મુબઇ–૧, એ સરનામે પત્રવ્યવહાર કરવો.

— પરિમલ —

—જીવનને સમુદ્રના વારિ જેવું ખારું કે નદીના નીર જેવું મીઠું બનાવવુ એ જીવનારાના જ હાથમાં છે.

—કંટક ડંખવાનું ન છોડે તેથી કંઇ ફૂલ મહેકવાનું થોડુ જ છોડી દે છે.

નિયંત્રણ મંડળીના મહત્વના ઠરાવો

ઠરાવ - ૧ :- ગિજુભાઈ સપ્તાહની ઉજવણી અંગે: ચાલુ વર્ષમાં દરેક પ્રાદેશિક શાખાએ કેન્દ્રિય કાર્યો માટે નિશ્ચિત રકમ આપવા સ્વીકારેલું હોવાથી, ગિજુભાઇ જયંતિ સપ્તાહમાં પોત પોતાના પ્રદેશોમાંથી નૂતન બાળ શિક્ષણ ફાળો મેળવવાની યોજના સ્વતંત્ર રીતે કરે. સંઘના ટ્રસ્ટીઓને પાર પાડવા માટે સ્થાનિક અને પ્રાદેશિક શાખાઓને પણ ફંડની જરૂર હોય છે. તેથી દરેક શાખા આ સપ્તાહમાં ફંડ એકઠું કરવા વધુમાં વધુ પ્રયત્નો કરે અને સાથે સાથ સંઘના સહાયક સભ્યો વધારવા માટે પણ વધુ ધ્યાન આપે. આ વર્ષે દિવાળીની રજાઓ તા. ૧૫ થી નવેમ્બર સુધી છે તેથી ગિજુભાઈ સપ્તાહની સામાન્ય રૂપરેખા રજાઓ પહેલાંજ ઓકટોબરમાં વિચારી લેવી જરૂરી છે. દરેક નગર શાખા પર કેન્દ્રિય કાર્યાલય તરફથી સપ્તાહ ઉજવણી અંગેના સામાન્ય સૂચનો મોકલવામાં આવે.

ઠરાવ - ૨:- બાલ અધ્યાપન નિયંત્રણ સમિતિ અંગે:- નિયંત્રણ મંડળે નીમેલી બાસ સમિતિ તરફથી કાયમી અધ્યાપન નિયંત્રણ સમિતિની રચના અને કાર્ય અંગે જે અહેવાલ રજુ કરવામાં આવ્યો તેની નોંધ લેવામાં આવી. બાલ અધ્યાપન અંગેના અભ્યાસક્રમો ઘડવા પરીક્ષાઓ યોજવી, અધ્યાપન સંસ્થાઓને માન્યતા આપવી, તેનું નિરીક્ષણ કરવું વગેરે કાર્યો ચલાવવા માટે નૂતન બાલ શિક્ષણ સંઘ તરફથી બાલ અધ્યાપન નિયંત્રણ સમિતિની (Board for the Control of Pre-Primary Training) સ્થાપના કરવામાં આવે છે. આ સમિતિમાં નીચેના સદસ્યોના નામ નિયંત્રણ મંડળે સૂચવ્યા છે:- (૧) શ્રી મોમીનેન દુસ્તમજી (૨) શ્રી ભા. ધો. કર્વે, (૩) શ્રી ચંદ્રવદન શા (૪) શ્રી શેષ નામલે, (૫) શ્રી સ. આ. કેળકર, (૬) શ્રી હરપ્રસાદ ભટ્ટ (૭) શ્રી નરેન્દ્રભાઈ બધેકા, (૮) શ્રી શાન્તિનીબેન શેાધે

ઠરાવ - ૩ :- વિકાસ વાડીના નવા પ્રયોગ અંગે:- નૂ. બા. શિ. સંઘના આજીવન કાર્યકર્તા શ્રી તારાબેન મોડકે બોરીમાં આદિવાસી બાળકો માટે ઘોડીયા ઘર, બાલવાડી અને પ્રાથમિક શાળાના કાર્યનો સમન્વય કરતો જે નવો પ્રયોગ શરૂ કર્યો છે તે માટે આ સભા શ્રી તારાબેન તથા તેમના સહકારીઓને ધન્યવાદ પાઠવે છે. ગ્રામ બાલ કેળવણીનો પ્રશ્ન ગામડાના જીવન સાથે સંકળાએલો છે. ગ્રામીણ લોકોની મુશ્કેલીઓ સમજીને અને તેના પ્રત્યે સહાનુભૂતિપૂર્વક વિચારીને જ ગામડાની બાળ કેળવણીના પ્રશ્નનો ઉકેલ આવશે, એમ આ સભા માને છે. અને આ નવા પ્રયોગની સફળતા ઈચ્છે છે.

ઠરાવ - ૪ :- બાલ શિક્ષકોના પગાર અંગે:- પૂર્વ પ્રાથમિક સંસ્થાઓમાં અત્યારે પગારોનું કોઈ પણ નિશ્ચિત ધોરણ નથી. તેથી આ સભા નૂતન બાલ શિક્ષણ સંઘ પ્રમાણિત શિક્ષકોને ભારત સંઘના જુદા જુદા રાજ્યોના પ્રાથમિક શિક્ષકોને જે પ્રકારના પગાર ધોરણો, મોંઘવારી અને મકાન ભાડું વગેરે સરકારી નિયમો પ્રમાણે અપાય છે, તે જ ધોરણે પૂર્વ પ્રાથમિક શિક્ષકોને તેની યોગ્યતા મુજબ મળવું જોઈએ, એમ ઇચ્છે છે. બાલ ક્રીડાંગણનુ પ્રમાણ પત્ર ધરાવતા શિક્ષકોને પ્રાથમિક શાળાન્ત શિક્ષકો જેટલું અને એસ. એસ. સી અથવા મેટ્રિક અને તેથી વધુ લાયકાત ધરાવતા શિક્ષકોને માધ્યમિક શાળાઓમાં તેજ લાયકાતવાળા શિક્ષકોને જે ધોરણે પગારો આપવામાં આવે છે, તેજ આપવામાં આવે, એવી સંઘ અપેક્ષા રાખે છે.

ઠરાવ - ૫ :- પૂર્વ પ્રાથમિક શિક્ષણ ક્રમો અંગે :- ગામડાઓની તેમજ શહેરોની પરિસ્થિતિ ધ્યાનમાં લઈને પૂર્વ પ્રાથમિક સંસ્થાઓના કેવા કેવા પ્રકારો છે તેનું સ્વરૂપ અને વ્યવસ્થા અંગે નિયમાવલી બનાવવા માટે તેમજ તેની સાધન સામગ્રીનો ખ્યાલ રજુ કરવા માટે અને તેના અભ્યાસ ક્રમનો ખ્યાલ સ્પષ્ટ કરવા માટે શિક્ષકો, વાલીઓ, સંચાલકો અને નિરીક્ષકો માટે જુદી જુદી અલ્પ મૂલ્યવાળી પુસ્તિકાઓ પ્રકાશિત થવી જોઈએ. એ પ્રકારની પુસ્તિકાઓની હસ્તલિખિત પ્રતો આવતા ચાર માસમાં બનાવવા માટે નિમ્ન વ્યકિતઓની એક સમિતિ નીમવામાં આવે છે:

(૧) શ્રી તારાબેન મોડક (૨) શ્રી શેષ નામલે (૩) શ્રી હરપ્રસાદ ભટ્ટ (૪) શ્રી ચંદ્રવદન શાહ (૫) શ્રી પ્રભુભાઈ ઉપાધ્યાય.

☆ કાલી કાલી બોલી બોલતાં બાળમાં ગમતાં બાલુડાંઓને સાંભળવી ગમે;

☆ નિશાળે જતાં કિશોરોને વાંચવી ગમે;

☆ મોટેરાંઓને એક વખત હાથમાં લીધા પછી પૂરી વાંચ્યા વગર પાછી મૂકવી ન ગમે;

એવી સુંદર, શિષ્ટ, શિષ્ટ અને જ્ઞાનદાયી વાર્તાઓથી ભરપૂર.

બાળ જગતમાં અનેરી ભાત પાડતો

"શિક્ષણ-પત્રિકા"નો "દિવેટિયા સ્મારક બાલ વાર્તા-વિશેષાંક"

પૂર ઝડપે તયાર થઈ રહ્યો છે.

આ રહ્યાં આપના ને બાળકોના મિત્રોમાંના થોડાંકના નામો અને એમની કલમ પ્રસાદી, જે આપને એ અંકમાં જોવા મળશે.

જટો હલકારો ... . રામનારાયણ પાઠક.	છોટા શિકારી ... . રોપ નાગલે.
અલ્લા રખિયો ... . વિનોદીની નીલકંઠ.	અજગ એડિસન ... ...રમેશ ઠાકોરી.
નવું એંજીન .. .. જયંતભાઇ ઓઝા.	લાખનું નાક ... .કમલિનીબાઈ દાણલે.
દુર્ગાદાસ રાઠોડ.... ... . ચુનિલાલ વ. શાહ.	સંત હામાજી . સરલાતાઈ દેવધર.

આ અને આવી બીજી કેટલીયે વાર્તાઓનો રસથાળ આપને તેમાં સાંપડશે.

નવેંબર માસ સુધી ગ્રાહક થનારને તે અંક લેટ મળશે.

આપ ગ્રાહક ન હો તો આજેજ ગ્રાહક બનો અને આપના મિત્રોને ગ્રાહક બનવા પ્રેરણા આપો ...લવાજમ ૩.

(પૃષ્ટ ૪ થી ચાલુ)

'સુશીએ કાંડા ઉપર લાકડી મારી.

મેનાબેને જોયું તો બેબીના કાંડા ઉપર લાલ સોડ ઉઠી આવેલી હતી.

મેનાબેન બોલ્યા :

' અરે બેબાં તે કંઈ રડાય ? સુશી કંઇ થોડી સમજે છે ?-અરે સુશી, આ શું કર્યું ? બીલ્લી રડે છે ના ?'

સુશી આ બધું શું ચાલે છે એ ન સમજતાં બાઘાઇથી જોઇ રહી હતી.

સુશી-બોલી ઉઠી :

' મા -. ઈ, આ, બીલ્લી ઉ. ઉં...ઉં..'

બધાંય હસી પડ્યાં. બેબી પણ હસી પડી.

' એ ય સુસલી, કેમ માર્યું ?'

શશી વઢવા લાગ્યો.

'શશી વઢ મા. એમાં શું થયું ? સુશી કંઇ થોડી સમજે છે ?' મેનાબેને કહ્યું.

સુશી બેબી તરફ ફરતી બોલી.

'બીબ્બી, ઉ... ઉં...ઉ... ઉ.'

બેબી હસી પડી ને સુશીને બાથમાં લેતી બોલી:

'સુશી, હતા નહી હોં !'

સુશી શશીને મારતી બોલીઃ

'હત'

'હતા નહીં સુશા !'

બેબી ફરી બોલી.

'નહીં'

સુશી બોલી એટલે બેબી ચોને બાથમાં લેતી બોલી :

'મારી સુશી બહુ ડાહી છે, બરાં ?'

સુશીએ માથું હલાવ્યું ને ફરી રેલગાડી ઉપડી

—ઓજસ'

શ્રી ન. બા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : શ્રી ચમનલાલભાઇ તુરખિયા, ૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઇ ૧૪
મુદ્રણ સ્થાન : પુરુષોત્તમ પ્રિન્ટિંગ બ્યુરો, મુંબઇ-૨.

ગિજુભાઈ ચાંદ્રાણાની દીપોત્સવી

બાળવાર્તા વિશેષાંક



સંસ્થાપક
સ્વ. બિપુલાય બાબેક્સ

કિંમત ૨ રૂપિયા

સંપાદક
તારાબેન બોડટ

કાર્યાલય : ૧૧૮, હિન્દ કૉલોની, કાકર, મુંબાપ, ૧૪.

નૂતન બાળ શિક્ષણ સંઘ

૧૧૮ હિંદુ કૉલની, દાદર, મુંબઇ–૧૪.

બાલ શિક્ષણ જયંતિ નિધિમાં મદદ કરો !

આ ફાળો મુખ્યત્વે ગ્રામીણ, પછાત અને આદિવાસી બાળકોના કલ્યાણ અને કેળવણી પર જ ખર્ચાય છે. એનો બાકીનો ભાગ એ ફાળો સંઘની શાખાના જે પ્રદેશમાથી મળે તે પ્રદેશના બાળ કલ્યાણ અને કેળવણી અંગેના કાર્યો માટે વાપરવામાં આવે છે.

ગામડાના અને આદિવાસી જેવી આર્થિક સ્થિતિથી ભાંગી ગયેલી જાતિઓના બાળકોનો ખૂબજ મોટો પણ અગત્યનો આપણો રાષ્ટ્રીય પ્રશ્ન છે. દેશના દરેક ચાર નાના બાળકોમાં ત્રણ બાળકો ગામડાના છે.

નૂતન બાળ શિક્ષણ સંઘ તરફથી બોર્ડીની આજુબાજુ આવેલા આદિવાસીઓના વાડામાં જયા કામ ચાલે છે ત્યાં બાળકોને ભણાવતા પહેલા તેમના ભૂખ્યા પેટને કંઈક પોષણ આપવાનો, નગ્ન શરીરોને વસ્ત્રો વડે ઢાંકવાનો પ્રશ્ન મુખ્ય બને છે. સંઘ તરફથી ચલાવવામાં આવતાં વિકાસ વાડીના કેન્દ્રમાં બે માસથી બાર વર્ષ સુધીના બાળકોને રાખવામાં આવે છે. એ બાળકો માટે ઘોડિયા ઘાતું, બાળવાડી અને પ્રાથમિક શાળા એ ત્રણે પ્રકારની સંસ્થાઓનો સમન્વય સાધતી એક બુનિયાદી ઢબે ચાલતી વિકાસવાડી યોજવામાં આવી છે. આ વાડીને આદિવાસીઓનો ખૂબ ખૂબ સાથ અને અંતરના આશીર્વાદ મળ્યાં છે. આવી કેટલીય વિકાસ વાડીઓ ચલાવવાની હદવગરની જરૂર છે. જનતા જેટલી આર્થિક મદદ કરે છે તેની ભારોભાર સરકાર પણ આ પ્રકારના કાર્યને આર્થિક મદદ આપે છે.



જનતાની આર્થિક મદદ લેવા માટે નૂ. બા. શિ. સંઘ વર્ષમાં એક જ વાર તા. ૧૫ મી થી ૨૧ નવેમ્બર સુધીના ગિજુભાઈ જયંતિ સપ્તાહમાં જનતા પાસે જાય છે. બાળકો દ્વારા એક આનો ફાળો એકઠો કરવામા આવે છે. વાલીઓ, શિક્ષકો, નાગરિકો અને વ્યાપારીઓને પોતાનું દાન આ કાર્ય માટે આપવાની વિનંતિ કરવામા આવે છે. જનતા સંઘના આ પવિત્ર અને અગત્યના કાર્યને વધાવી લે એમ અમે ઈચ્છીએ છીએ.

શેષ નામલે, મંત્રી નૂ. બા. શિ. સંઘ

નૂતન બાલ શિક્ષણ સંઘ

વાલીઓ, શિક્ષકો અને બાલપ્રેમીઓનું અખિલ સંગઠન

સંઘના પદાધિકારીઓ

પ્રમુખ : માનનીય શ્રી મોરારજીભાઈ દેસાઈ
ઉપપ્રમુખ : આચાર્ય શ્રી. શં. રા. ભિસે
કાર્યાધ્યક્ષ : શ્રી. સરલાદેવી સારાભાઈ
કોષાધ્યક્ષ : શ્રી. વા. રા. પટવર્ધન
મંત્રી : શ્રી. શેષ નામલે
ઉપમંત્રી : શ્રી. યશસ્વતીબેન ભટ્ટ

સંઘની કાર્ય પ્રવૃત્તિઓ

(૧) સામાન્યતઃ બાલ કલ્યાણ અંગે અને વિશેષતઃ બાળ કેળવણી અંગે પ્રચાર કરવો.

(૨) ગ્રામ બાલ શિક્ષા કેન્દ્રનું સંચાલન કરવું. આ કેન્દ્રમાં ગ્રામીણ તેમજ આદિવાસી જેવા પછાત બાળકોના પ્રશ્નો અંગે સંશોધન કરવું. કેન્દ્રમાં ગ્રામીણ બાળકોના પ્રશ્નો ધ્યાનમાં લઈને (૧) બાલવાડી (૨) આંગણવાડી (૩) વિકાસ વાડી અને (૪) ગ્રામ બાલ અધ્યાપન મંદિર જેવી જુદી જુદી પ્રયોગ રૂપે સંસ્થાઓ ચલાવવામાં આવે છે.

(૩) ગુજરાતી, મરાઠી અને હિંદી શિક્ષણ પત્રિકાઓ દ્વારા દર મહિને વાલીઓ, શિક્ષકો અને બાળકોને ઉપયોગી સાહિત્ય પહોંચતું કરવામાં આવે છે.

(૪) બાળકેળવણીની ૧૫૦ જેટલી સંસ્થાઓને માર્ગદર્શન અને સલાહ સૂચન આપવામાં આવે છે.

(૫) વાલીઓ અને શિક્ષકો માટે શિક્ષણક્રમો તેમજ સંસ્કાર વર્ગો યોજવામાં આવે છે,

(૬) બાળકેળવણીના સાધનો ઉપજાવી વાલીઓ, શિક્ષકો અને બાળકો માટે ફરતા પ્રદર્શનની યોજના કરવામાં આવે છે.

(૭) સંઘના જુદા જુદા પ્રદેશોમાં વાલીઓ, શિક્ષકો અને બાળકો માટે સભાઓ સંમેલનો અને શિબિરો યોજાય છે

(૮) પૂર્વપ્રાથમિક શિક્ષણ સંસ્થાઓ અને અધ્યાપન સંસ્થાઓ તપાસીને પ્રમાણિત કરવામાં આવે છે.

(૯) ઉપર મુજબની સંસ્થાઓ માટે શિક્ષણ ક્રમો રચાય છે.

(૧૦) બાળ શિક્ષકોની પરીક્ષાઓ લઈને તેમને પ્રમાણ પત્રો અપાય છે.

સંઘની સ્થાનિક શાખાઓ

કોઈ પણ બાળકેળવણીની સંસ્થા વાલીઓ, નાગરિકો અને શિક્ષકોમાંથી સંઘના ઓછામાં ઓછા ૨૫ સભ્યો બનાવી સંઘની સ્થાનિક શાખા પ્રાદેશિક અથવા તો કેન્દ્રની સંમતિથી સ્થાપિત કરી શકે છે.

સંઘની પ્રાદેશિક શાખાઓ

કોઈ પણ જિલ્લામાં ઓછામાં ઓછી ચાર સ્થાનિક શાખાઓ સ્થપાય કે કેન્દ્રની સંમતિથી તે પ્રદેશમાં પ્રાદેશિક શાખાઓ સ્થપાઈ શકે છે.

આજનું સંઘ બળ

સ્થાનિક શાખાઓ ૮૦; પ્રાદેશિક શાખાઓ ૧૦; જોડાયેલી અને પ્રમાણિત સંસ્થાઓ ૧૫૦; કુલ સભ્યો ૫૦૦૦ ઉપરાંત.

સંઘના પ્રચાર અને માહિતીના સાહિત્ય માટે કાર્યાલયના સીરનામે લખવા વિનંતિ છે.

મંત્રી : નૂ. બા. શિ. સંઘ, ૧૧૮ હિંન્દુ કોલોની, દાદર, મુંબઈ ૧૪.

શિક્ષણ પત્રિકા

: સંપાદક મંડળ :

રામનારાયણ પાઠક, હરપ્રસાદ ભટ્ટ, જયંતભાઈ ઓઝા,
હેમલતાબેન માળવી, મંજરીબેન રાયજી, રમેશભાઇ કોઠારી

સાં.....ક.....ળી.....યું

ક્રમ	લેખ	લેખક	પાનું
૧	દિવાળી કેમ ? ..	શ્રી ગુલામ મહંમદ શેખ	૧
૨	આવ રે વરસાદ. ...	,, સાધના ઓઝા	૪
૩	નદી અને તળાવ . .	,, લીલાવતી ભાગવત	૫
૪	શબ્દ ગમ્મત	,, રતિભાઇ પુરોહિત	૭
૫	અલ્લા રખિયેા ..	,, વિનોદિની નીલકંઠ	૮
૬	અનિલની યુક્તિ ..	,, ...	૧૧
૭	પછી રમુ સૌની થઇને રહી	,, વલ્લભદાસ અકકડ	૧૩
૮	ગાંધીજીની ગોદડી	,, રામનારાયણ પાઠક	૧૬
૯	ભકત દામાજી	,, સરલાતાઈ દેવધર	૧૭
૧૦	દિવાઓની ભાઈ-બીજ	,, અનુતાઈ	૨૧
૧૧	સસારાણા	,, રમેશ કોઠારી	૨૩
૧૨	નવું એંજીન	,, ઓજસ્	૨૫
૧૩	સાહુડી ને કાળુડી	,, સ. દેવધર	૨૮
૧૪	છોટા શિકારી ...	,, શેષ નામલે	૨૯
૧૫	ભાઈ બહેન	,, માલતી વાયંગણકર	૩૩
૧૬	કાલિદાસને પાછા લાવ્યા	,, તારાબેન મોડક	૩૫
૧૭	દુર્ગાદાસ રાઠોડ	,, ચુનિલાલ વ. શાહ	૩૮
૧૮	મરઘી અને કૂતરો	,, જંયત બક્ષી	૪૧
૧૯	સોનેરી કાયદો	,, બબલભાઈ મેહતા	૪૩
૨૦	અજબ એડિસન	,, રમેશ કોઠારી	૪૫
૨૧	ચાંદા. મામા	,, માલિની હુજુરબજાર	૪૮
૨૨	ચંપીના ગલુડિયાં	,, જયંતિલાલ ઓઝા	૫૦
૨૩	આનંદની ભરતી ..	,, શાલિનીબેન જોગલેકર	૫૩
૨૪	લાખનું નાક ...	,, કમલિનીબાઇ દામલે	૫૫
૨૫	બહાદુર વાન્યા ...	,, મોંઘીબેન બધેકા	૫૮
૨૬	તુલસીનું ભાગ્ય ...	,, ખંડેરાવ મા. પવાર	૬૯
૨૭	સૌથી મોટો ધર્મ : માનવ ધર્મ	,, રતિલાલ સાં. નાયક	૬૪
૨૮	ઉષા અને એનું હરણ	,, રમેશ કોઠારી	૬૬
૨૯	મોર ને ઢેલ	,, કુસુમ ઠાકોર	૬૮
૩૦	ગોવિંદનો શંખ	,, દુર્ગા ભાગવત	૭૧
૩૧	રામ તારું રખવાળું	,, નટુભાઈ બુરાનપુરિયા	૭૫
૩૨	અમુ હુસન	,, મંજરી રાયજી	૭૮
૩૪	સંપાદકીય	,, ...	૮૦

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો !

કે- "શિક્ષણ પત્રિકા" એ નૂતન બાલ શિક્ષણ સંઘનું મુખપત્ર છે, તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપમેળેજ બની જાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા-પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે- "શિક્ષણ પત્રિકા" ગુજરાતી, હિંદી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમે તા. ૧ લી, ૭ મી અને ૧૫ મીએ પ્રગટ થાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર "પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે. પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરુરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" ના ગ્રાહક કોઈ પણ માસથી થઇ શકાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" માં બાળશિક્ષણ, તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫મી સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા જરુરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" (ગુજરાતી અને હિંદી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતિ છે.

—શ્રી રમણિકભાઈ તુરખિયા
વ્યવસ્થાપક "શિક્ષણ પત્રિકા"
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઈ ૧૪.

મુંબઈ, મધ્ય ભારત, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી



શિક્ષણ પત્રિકા

દીપોત્સવી બાલવાર્તા અંક

વર્ષ ૨૮ : અંક ૧૧] મુંબઇ [નવેમ્બર ૧૯૫૩

દિવાળી કે ?

લે. શેખ

બાળક : અલ્યા દિવાળીના દીવલિયા,
કર ધીમે ધીમે ટમકાર....
શાને કેમ બધે ટગમગતો ?
સાથે સાથી લઈ ઝગમગતો ?
કેમ તારી બધે હારોહાર ?....
ઘેર-ઘેર બધે તું ટમકે !
ચૌટે ચકલે પણ તું ચમકે !
કેમ ખૂટે ન તેજ-ચમકાર ?....
શું છે એવું જાદુ કંઈ ?
કે કોઇને આવડે નહિ ?
તોયે કેમ તારા આવા દીદાર ?....

દીપક :- ઘેર ઘેર સૌ મને ટમકાવે,
ચૌટે ચકલે પણ સળગાવે,
છૂપ્યો એની પાછળ મોટો,
રસિક મીઠો ઈતિહાસ....
નટખટ બાળુડા....

બાળક :-તું જાણે છે એનો ઇતિહાસ ?
તો કહેને મને એની વાત...

દીપક :- સાંભળ—

ચોગમ ઊંચા ડુંગરા ઉભા,
ને વચમાં નાનું ગામ,
પાંચ-પચીસ બોરડાં એમાં,
રહેતા બેડુ તમામ,
એવા એ ગામને છેડે,
નાના પડતર ઝૂંપડે;



ડોસો, ડોસી ને દીકરી નાની,
કરતાં એકલા વાસ.
કામ કરીને ગામ લોકોનું-પામે રોટલા-છાશ
ગરીબી દુઃખમાં ગાળે,
એમ જીવન ગુજરે...
ડોસાને ડોસીથી પછી તો કામ કંઈ ના થાયજી.
ઘડપણ આવ્યું બેસી રહે, ના જવાય કે
ઉઠાયજી.

પણ દીકરી નાની એમની
તો યે કામે શૂરી.
ગામ આખાનાં વાસણ માંજે-
પહોંચી વળે પૂરી...

બાળક :—શા પડયાં બિચારીને દુઃખ ?....
કયાંય મળ્યું ના સુખ ?....

દીપક :— અરે ! પડયાં દુઃખ નાનપણમાં
એ બિચારીને શિરે રે !
રમવા જેવડી, જલના બેડાં
ભરતી નદીના તીરે રે !

ત્યાં તો—

ફૂટે ટેટા ફટાકા ભડાક્,
કયાંક વછૂટે ગડદિયાં ધડાક્,
જુનું વર્ષ પુરૂં થયું....
નવું વર્ષ દોડી આવ્યું...
બાળક તો થઈ ઘેલાં ઘેલાં
આનંદે નવ માય....

મિઠાઈ કોઈ
મેવા આરોગે–
કોઈ નાચે
કોઈ ગાય....
ફટાકડાં કોઈ
ટેટા ફોડે–
આનંદે હરખાય....
નવાં નવાં કપડાં
પહેરીને–
લાગે વડીલને
પાય...

ત્યારે—
નાની બિચારી છોકરડીનું કુમળું હૈયું....
ભાળી સઘળે આનંદ બિચારૂં કરમાયું...

પાણી ભરતાં, દળણાં દળતાં—
હૈયું એનું ચડે વિચારે.
વાસણ માંજતાં, કપડાં ધોતાં—
મન સોચે વારે વારે....

બધાંય બાળક નાચે રાચે,
મિઠાઈ–મેવાં ખાતાં સાથે....
નવાં કપડાં પહેરે મજાનાં,
ફોડે ફટાકડા ગજબ મજાનાં...
સર્વે છોકરા રમવા જાય...
હું તો એકલ ડી.....
સહુયે ઘેરે જમવા જાય....
હું તો ભૂખલ ડી.....
કપડાંયે મારાં ફાટેલાં....
સવારના વળી ભૂખ–કડાકા....
નાની બિચારી છોકરડીનું હૈયું ગયું ભરાઈ....
આંસુ લુછી, તોય બિચારી, ઘેર સીધાવી ગઈ.
ગરીબ–અમીરના ભેદ એ ભુલકાંને શે સમજાય ?
જગત તણી માયાની ગુંચ આ, શી રીતે ઉકેલાય ?

અંતરમાં સંતાપ લઇને ઘેરે આવી પહોંચીજી.
માત પિતાને જમાડી મેલાં કપડાં ધોવા ચાલીજી.

ત્યારે આભે રાતો સૂરજ–
સંધ્યામાં જાતો'તો ડૂબી.

કાળા અંધારા લઈ ઘેરી–
રાત હતી પાસે ઊભી.

એવા સમયે એ છોકરીએ કપડાં માંડયા ધોવાજી.
પણ હૈયું ના હાથ રહ્યું રે! લાગી એ તો રોવાજી.

નદી કિનારે,
સૂની સાંજરે,
ખર્યાં એની પાંપણેથી આંસુના બિન્દુ.
અંતર નીચોઈ,
વલોપાત જોઈ,
વાદળાંની પાછળ સંતાયો ઈન્દુ.

નાની છોકરીની આંખેથી
આંસુ ન અટકે....
રોવે, રોવે, રોવે બિચારી,
અંતર કેરા ઘટકે....નાની...
એની આંખ નીચોવી ટપકે,
આંસુ બિન્દુની ધારા...
જોઈને કાળા આભની આંખે–
ફૂટયાં આંસુનાં તારા....નાની...
કયાંય પડયાં ધોવાના કપડાં,
આંખે આંસુ ટપકે....
ટપકીને બિન્દુડાં નદીનાં–
પાણીમાં જઈ લપકે....નાની....

ઝમઝમ કરતી રાતડી ચાલી
રડી રડી થઈ આંખો રાતી....
તો ય છોકરી રૂવે...



એવા સમયે–
તેજ પ્રસરે....
બધે તેજ પ્રસરે....
કાળી રાતના
અંધારા તૂટે,
તિમિરે તેજ–
કિરણ ફૂટે,
કોઈ તેજ
લિસોટો વછૂટે,
આભેથી કોઈ
નીચે ઉતરે....
તેજ પ્રસરે....



શાં રે પડયાં દુઃખ ? છોરી !....

સૂનાં સૂનાં અંધારે,
શાંતિને ઓવારે,
ધીમા ધીમા બોલ રણકે...
છોકરીના કાન ચમકે....
ઊંચુ જોયું છોકરીએ
બધે ગયું તેજ ફેલાઈ....
વચ્ચે ઊભા જગમાઈ....
પડી છોરી દેવીને પાય....
વિતક વાત સુણાઈ....

'ઓ રે નાની છોરી !
વાત તારી દુઃખ ભરી.
કહું હું જે રીતે તે, ઓ છોરી ! આજ રાતે કરજે !
મળે જેટલાં દીપક લઈને–ઘેર તારાં સળગાવજે.
બાળજે દીપક તમામ.
સવારે જોજે પરિણામ....

નવા વર્ષની આગલી રાતે—
થશે જે ઘરે દીપ–ઉજાસ....
ત્યાં જ થશે લક્ષ્મીનો વાસ....'

ઘેર જઈને છોકરીએ તો હતાં જેટલાં પૈસા તેથી
જઈ ગામમાં ઝટપટ તે તો, આવી ખરીદી દીપક લેતી.
ઘેર આવી સળગાવ્યાં.
ઘરમાં બધે ગોઠવ્યાં....

છોકરીની પાસે
આવી, તેજ
લિસોટો તૂટયો.
અંદરથી કોઇ
દેવી શો, પડછાયો
ધીમે ફૂટયો.
'કેમ રડે ?....
કેમ રડે ?....'

કેમ રડે ?....'

અંધારમાં ગોદડી લઇને પછી છોકરી સૂતી.
શમણાંની મીઠી નિંદરમાં ગઈ રાતડી વીતી.
રજનિનું અંધાર ભરેલું સ્વપ્નું ગયું વિખરાઈ.
તિમિર–ધાડાં પવન વેગે નાસી ગયાં કરમાઈ.
પૂર્વે સૂરજ ઝૂલે, તેજે તિમિર ડૂબે....
છોકરીએ ઉઠી તરત જ જોયું દીવા સામે.
બધાંય દીવા ઝળહળ ઝળકે, પીળાં તેજ ઝગારે.
પાસે જઈને જુએ છોકરી : આમ બન્યું કેમ ?
સઘળાં માટીનાં દીવા તો, બની ગયા'તાં હેમ.
છોરી હર્ષે રાચી.
આનંદે કૂદી નાચી.
ડોસા ને ડોસીએ પછી તો હર્ષે કરી ઉજાણી.
ત્યાર પછી તો જાણી સૌએ વાત આ મજાની.
તેજ દિવસથી સૌ આનંદે—
એ રાત મનાવે....
નવા વર્ષની આગલી રાતે,
સૌએ દીપ જલાવે....
ધીમે ધીમે રાતની સાથે થયો તહેવાર દિવસ,
નામ પડયું પછી તો દિવાળી, એજ દિનનું સરસ.

સાંભળ્યું બાળ,
'લ્યા !
સાંભળ્યું બાળ !
કેમ બની આ
દિવાળી !
આજ છે ભેદ બધો
મારા ટમકવાનો.
શેરીએ શેરીએ,
ચૌટે ઝબકવાનો.

સમજ્યો હવેને એલા બાળ ?....

–બાળક એટલે વિશ્વ કર્મોની સર્જન કલાનો વિજય મુગટ.

થોભ રે વરસાદ — આવ રે વરસાદ :

વાર્તા કહેનાર :
સાધના ઓઝા (ઉ. વ. ૫)

એક છોકરી હતી.
એ ખાવું લેવા જતી હતી.
પણ ઘરમાંથી નીકળીને જુએ તો
વરસાદ આવે.
ખૂબખૂબ વરસાદ આવે.
હવે ખાવું લેવા કેમ જવાય?
છોકરી કહે :
"વરસાદ, વરસાદ, થોભી જા.
મારે ખાવું લેવા જવું છે."
વરસાદ તો થોભી ગયો.
છોકરી ખાવું લેવા ગઇ.
છોકરી કહે :

"ભૈયાજી, ભૈયાજી, બે પૈસાના ચણા આપો.
ઝટપટ આપો. પાછો વરસાદ આવશે."
ભૈયાજીએ ઝટઝટ ચણા દીધા.
છોકરી તો ઝટઝટ ઘરે આવી.
પછી છોકરી કહે :
'વરસાદ, વરસાદ, હવે આવ.'
એટલે વરસાદ પાછો આવવા લાગ્યો!
બસ:
છોકરીએ ખાવું ખાધું, બધાને આપ્યું ને
મજા કરી.
વાર્તા ખલાસ.

'વરસાદ વરસાદ થોભી જા.'

નદી અને તળાવ

—લીલાવતી ભાગવત

એક હતી નદી ને એક હતું તળાવ.

નદી તો ખૂબ જોરમાં જાય: ડુંગર ઉપરથી જાય. ગામ પાસેથી જાય. ખેતરને શેઢેથી જાય. ખળ-ખળ ખળખળ ગુંજતી જાય.

પણ તળાવ તો એક નંબરનું આળસુ.

એ તો બસ એક જ જગ્યાએ બેઠું રહે. ન હલે કે ચલે.

અને મનનું પણ એવું સાંકડું કે કોઈને ચોકખું પાણી પણ ન દે.

આ તળાવની આસપાસ ગીચ ઝાડી. એ તળાવની ચોકીદાર.

કોઈ પાણી પીવા જાય તો આ ગીચ ઝાડી-માંથી જવાય જ નહીં!

બાવળના કાંટા ભચોભચ ભોંકાય. વડની વડવાઈમાં ફસાઈ જ જવાય. પીપળાની ડાળોમાં માથું બોખરું થઈ જાય.

એટલે તળાવ નજીક તો નાનુંય કુતરૂંય જઈ શકે નહીં.

તળાવ તો માને: "કેવું સરસ? આપણું પાણી ટીપુંય ખૂટે નહીં."

એક દિવસ નદી જાતાં જાતાં તળાવ પાસે આવી,

તળાવ કહે: "એય એય નદી, ક્યાં રે ચાલી?"

નદી કહે: "આ ચાલી ફરવાને, દરિયાને મળવા જઉં છું."

તળાવ કહે: ગાંડી જ છો ને! કેવી જોરથી દોડે છે! જોને પાણી તો બધું બેય બાજુ છલકાતુ જાય છે! ડુંગર ઉપરથી કૂદી ત્યારે જોયું નહિ તેં? બડકો ઉપર કેટલું પાણી છંટાયું!"

નદી કહે: 'એ તો સારૂં થયું ના? બિચારા બડકાંઓ તાપમાં તપી ગયાં હતાં. એમને પીવા પાણી મળ્યું.'

તળાવ કહે: 'વળી પાછી બેતરને શેઢેથી હવે ચાલી! પછી લોકો તારૂં પાણી ભરી જશે ને? અને બેડુતો બેતરને પાશે.'

નદી કહેઃ 'વાહ એથી રૂડું બીજું શું ? ખેતરમાં ધાન્ય પાકશે ને લોકો પોંક કરીને ખાતાં હશે ને એ મજા જોતી જોતી જ હું ગીત ગાતી ચાલી જઈશ.'

તળાવ કહેઃ 'અરે મુરખ, તને તે શું કહેવું ? અરે ગામ પાસેથી ચાલી કે લોકો તારા પાણીમાં ધૂબકા મારી નહાશે. ને ગંદા કપડા ધોશે. પછી તારું પાણી કેવું ગંધાઈ ઉઠશે ?'

નદી કહેઃ ભલે ગંધાઈ જાય. પણ ખરે જ, છોકરાં નહાવા આવ્યાં કે હું તો વિશેષ ખળખળ હસી ઊઠું. એને કૂબકી દાવ રમાડું. કોઈ ડોશીમાં ધોવા આવ્યાં કે એના કપડાં જ તાણી જાઉં ! ને ડોશીમા જેવાં બૂમાબૂમ કરે કે કપડાં પાછાં લાવી દઉં !...શું મજા આવે !'

તળાવ કહેઃ 'સાવ ઉલ્લુ જ છો તું ! અરે પણ, પછી તારી પાસે રહેશે શું ? પાણી તો આમ જ બધું ખૂટી જશે ! પછી તું દરિયા પાસે શું લઈ જશે ? ને તારી પોતાની પાસે શું રહેશે ?'

નદી કહેઃ 'એમાં શું ? વધ્યું ઘટ્યું દઈશ દરિયાને ! દરિયાને તો એટલું ઘણું'ય. અને મને તો કંઈજ ન જોઇએ. મને તો લોકોને આપવામાં જ આનંદ આવે છે. ને મારે જોઇએ તો કયાં વાદળ બાપા નથી ! એ તો ઢગલા મોઢે આપે ! માટે હું તો સદાય આમ જ દોડવાની ને રમવાની !'

નદી તો એમ કહેતીકને દોડી આગળ.

તળાવ કહેઃ 'સાવ મૂર્ખી જ છે નદી તો. મરશે ! આપણે શું ?'

પણ પછી શું થયું ?

તળાવ પાસે તો કોઈ જઇ જ ન શકે. ચોમાસામાં તો તળાવ છલોછલ ચારે કાંઠે ભર્યું હતું. પણ શિયાળો આવ્યો, ને ઝાડનાં પાન માંડયા ખરવા. ટપ, ટપ, ટપ, ટપ, પીંપળાનાં, વડના, બધાંય પાન

પડે તળાવમાં ! પાન તો પાણીમાં પડી સડવા લાગ્યાં. બીજી બાજુ કોઈ પાણી લે નહીં એટલે પાણી ઉપર જામી શેવાળ. અને તળાવ તો ગંધાઈ ઊઠયું. ઓછામાં પૂરું એમાં થયાં મચ્છર.

બાજુના ગામના લોકો તો આ દુર્ગંધથી ને મચ્છરથી ખૂબ ત્રાસી ગયા. લોકો કહેઃ આ બધો ત્રાસ આ તળાવને લીધે છે. ચાલો બધાં એને જ પૂરી નાખીએ. આમેય એનું પાણી તો કંઈ આપણને મળતું નથી.

હવે લોકોને તળાવ પાસે જતાં રોકે એમ પણ કોણ હતું ? આસપાસનાં ઝાડનાં પાન ખરી ગયાં હતાં. ડાળો તૂટી પડી હતી.

બધા લોકો ઉપડયાં તળાવે. કોદાળી પાવડા લઈને. અને માંડયા માટી ખોદવા ને લાગ્યા તળાવ પૂરવા ! આગા હાથ રળિયામણા ! એ તો બધાં કામે લાગે ત્યાં વાર શું લાગે ! એ તો એક દિવસમાં તળાવ પૂરીને કરી નાખ્યું ચોપટ મેદાન !

ફરી વરસાદ આવ્યો. ફરી નદી બળબળ વહેતી નીકળી. એનાં પાણી તો છલોછલ ઉભરાતાં જાય. એ તો એવી જ રમતી ચાલી જાય અને હસતી જાય ! પણ તળાવ ભાઈનો ક્યાં પત્તો હતો ? એનું પાણી તો ન એનેય કામ આવ્યું ન બીજા કોઈને કામ આવ્યું.

નદી તળાવને ઠેકાણે મેદાન જોઈ બોલી ઉઠી:

'કીડી સંચરે તેતર ખાય,
લોભી કા ધન કુત્તા ખાય.'

શ્રી બદ્રુ ગા રમ્યુ ત રતિભાઈ પુરોહિત

[ઊભું અને આડું વાંચો]

(૧) ચકલી કલમ લીમડો	(૨) બદામ દાડમ મમરા	(૩) રિવાજ વામન જનમ
(૪) આમલી મલમ લીમડો	(૫) નાનક નવલ કલમ	(૬) ટપાલી પાગલ લીલમ
(૭) વાંદરો દમામ રોમન	(૮) જમીન મીરજ નજર	(૯) પવાલી વાલમ લીમડો
(૧૦) બતક તગાવી કવિતા	(૧૧) લોલક લગામ કલમ	(૧૨) કાબર બદામ રમણ
(૧૩) રોમન મલમ નમન	(૧૪) રતન તગાવી નવીન	(૧૫) દફન ફરાક નકલ.



અબ્દુલ સખિયો



વિનોદિની નીલકંઠ

જે દિવસે બાબા બચુકડું બકરીનું બચ્ચું લઈને ઘેર આવ્યા, તે દિવસે અબ્દુલનો શો હરખ! શો ઉત્સાહ હતો! બાબાએ કહ્યું હતું: "અબે અબ્દુલ્લા, લે આ બચ્ચું. બકરી ઈદને દિવસે તેને કાપીએ ત્યાં સુધી તું એને રમાડી, બવડાવીને તાજું રાખજે." અબ્દુલે તરત પૂછ્યું હતું, "તે બાબા, બકરી ઈદને હજી કેટલી વાર છે?" ત્યારે બાબા બોલ્યા હતા, "અરે હજી તો છ મહિના છે. ત્યાં તો બચ્ચું મોટું અને બાવા લાયક માંસલ બની જશે." "ઘેર આપણી નજર નીચે, સારામાં સારો ઘાસ પાલો બવડાવીને ઉછેરીશું, તો પછી બાવા લાયક કેમ નહિ બને?" અબ્દુલની અમ્માએ પણ ટાપસી પૂરી હતી.

"અમ્મીજાન, આ બકરાનું નામ શું પાડીશું?" અબ્દુલે ઉમંગથી માને પૂછ્યું, ત્યારે માએ કહ્યું હતું, "તારા બકરાનું નામ તું જ પસંદ કરજે." અબ્દુલે ખૂબ વિચાર કર્યો. મનમાં તેણે ઘણાં નામ પસંદ કરીને મનમાં ને મનમાં જ રદ કરી નાખ્યાં. બચ્ચું ધોળું દૂધ જેવું હતું. મોતી, હીરા, ધોળિયો, સાકર, દુધિયો એવાં ઘણાં નામ તેને યાદ આવ્યાં, પણ એકે તેને બરાબર ગમ્યું નહિ. છેવટ તેણે બચ્ચાનું નામ "ગોરટિયો" પાડ્યું.

અબ્દુલ એના મા-બાપનો એકનો એક દીકરો હતો. તેના જન્મ પછી, તેની માતાને પેટમાં મોટી ગાંઠ થઈ હતી, ડાકતરોએ કેન્સરનો ભય બતાવ્યો, અને મોટું ઑપરેશન કરવું પડેલું. ત્યાર પછી બીજું બાળક અવતરવાની આશા રહી જ ન હોતી. અબ્દુલ એનાં માતા-પિતાનો ખૂબજ લાડકો હોવા છતાં તે બગાડી કે મોઢે ચઢાવી મૂકેલાં છોકરાં જેવો મુદ્દલ ન હતો. એકલો હોવા છતાં તે જરાએ એકલપેટો કે સ્વાર્થી ન હતો.

આખો દિવસ તો અબ્દુલ નિશાળે જતો, ત્યાં સરખે સરખા ભાઈબંધ દોસ્તદારો સાથે રમવાની તેને ઘણી ગમ્મત આવતી, પણ ઘેર તેની સાથે રમનારું કોઈ ન હોવાથી, તેને બહુ એકલવાયું લાગતું

તેથી બાબા જ્યારે બકરીનું બચ્ચું લાવ્યા, ત્યારે અબ્દુલ તે બચ્ચા પાછળ ઘેલો બની ગયો. સવારે ઊઠી તે 'ગોરટિયા'ને ફરવા લઇ જતો, તેને પાલો બવડાવવો, બકરાને નવરાવીને ચોખ્ખો રાખવો, તેને બીલે બાંધી દેવો, એ બધું કામ અબ્દુલ હોંશથી કરતો. થોડાજ દિવસમાં બકરો પણ એની સાથે હળી ગયો.

નિશાળેથી ઘેર આવી અબ્દુલ, શાળામાં બનેલી બધી વાતો ગોરટિયાને કહી સંભળાવતો. ગોરટિયો પણ અબ્દુલાના શરીર ઉપર પોતાનું માથું પ્રેમથી ઘસીને તેની વાતો જાણે રસપૂર્વક સાંભળતો. બે મહિનામાં તો બકરો બાસ્સો તગડો બન્યો. એક દિવસ બાબાએ કહ્યું, "અબ્દુલ્લા ! તારો ગોરટિયો હવે ચાર મહિનાનો મહેમાન છે. ઘરાઇને રમાડી લેજે.' ત્યારે અમ્મા બોલ્યાં હતાં, "આપણા જેવું મીઠું માંસ આખા મહોલ્લામાં કોઇને ઘેર ઇદને દિવસે રંધાશે નહિ. અબ્દુલ્લો કેટલી કાળજીથી બકરાનું જતન કરે છે, તે જાણો છો ને ?" બાળક અબ્દુલને મનથી ચાર મહિના એ અનન્તકાળ જેવો લાંબો સમય હતો. અને પોતાના ગોરટિયાનું માંસ બીજાં બધાં બકરા કરતાં વધુ મીઠું હશે, એ વાત જાણી તેને બહુ ગર્વ થયો. ગોરટિયાનો વધ થશે, તે મરી જશે, એટલી લાંબી કલ્પના તેના બચુકડા મગજમાં ઉતરેલી નહિ.

અને બીજા ચાર મહિના પણ પાણીના રેલા માફક ચાલ્યા ગયા. બકરી ઇદને હવે ત્રણજ દિવસ બાકી રહ્યા હતા. બાબાએ છાજલી ઉપરથી મોટો છરો ઉતારી, જુમ્મેરાતે ઘસીને ચળકતો અને ધારદાર બનાવ્યો હતો. વળતે દિવસે, જુમ્માની રજા હોવાથી અબ્દુલ ઘરમાં હતો. તેણે તે છરો જોયો. જોતાંજ તેને મનમાં બધી વાતની સમજણ પડી. "આ છરો મારા ગોરટિયાના ગળા ઉપર ફરી વળશે, રાતું ચોળ લોહી વહી જશે, બાબા મારા ગોરટિયાનું ચામડું ઉતરડી નાખશે, અને તેનાં હાડકાં બાજુએ કાઢી લઈ, અમ્મા ગોસ રાંધશે અને ઇદનો તહેવાર ઉજવાશે." આ કલ્પના નાનકડાં અબ્દુલને અસહ્ય લાગી, તે જોરથી બોલી ઊઠ્યો; "ના, ના. મારા ગોરટિયાને નહિ મારવા દઉં." અમ્માએ તે સાંભળ્યું અને તે પૂછવા લાગ્યાં, "શું કહે છે અબ્દુલ્લા ?"

અબ્દુલ રડી પડતાં બોલ્યો, "મારા ગોરટિયાને નહિ મારવા દઉં. મારા ઉપર તે કેટલો પ્યાર કરે છે! મારા ઉપર તેને કેવો ભરોસો છે ?"

"પણ બેટા હલાલ કરવા માટે તો તેં એને ઉછેરીને મોટો કર્યો છે. અને છેને તે એનું કુમળું માંસ તો એવું માખણ જેવું લાગશે, તું તો બાઇને ખુશ થઈ જઇશ."

રાત્રે અબ્દુલના ઉંઘી ગયા પછી, અમ્માએ બાબાને બધી વાત કરી. બાબા કહે, "એ તો બે દિવસમાં ભૂલી જશે. અને બકરાનું ગોસ તો એને બહુ ભાવે છે. જો જો ને, ના પાડે છે, પણ ઇદને દિવસે તો હોંશથી બાશે." છતાં અમ્માના મનમાં જરા શંકા હતી, તેથી તેમણે કહ્યું, "એના દેખતાં તો નજ મારશો. નહિ તો રડારોળ કર્યા વગર નહિ રહે."

અબ્દુલને ફોસલાવીને કોઈ ભાઈબંધને ઘેર રમવા મોકલી દઈ, બાબાએ ઇદને દહાડે સવારે ગોરટિયાને 'બિસ્મિલ્લા'ના ઉચ્ચાર સાથે માર્યો. થોડીવારે અબ્દુલ તો ભાઈબંધની વાડીમાંથી આમલીનો પાલો પાડી, ગોરટિયાને તે બાટાં પાંદડાં બવડાવવાની હોંશમાં ઘેર આવ્યો, ત્યારે ઘરનો ચોક ગોરટિયાના લોહીથી રંગાઈ ગયો હતો, તે જોઈ અબ્દુલ ઉછળીને ચિત્કાર કરી ઊઠ્યો. બરેબરજ તેના પ્યારા ગોરટિયાને બાબાએ મારી નાબ્યો હતો. ગોરટિયાનું શબ લોંય ઉપર પડેલું હતું. તેના ગળામાં ફૂલનો હાર પહેરાવ્યો હતો, તે લોહીથી બરડાઈ ગયો હતો. અબ્દુલ આ દૃષ્ય જોઈ સ્તબ્ધ બની ગયો! બોલવા ગયો પણ કશું બોલાયુંજ નહિ. આંસુથી તેનું ગળું રૂંધાઈ ગયું. ચુપચાપ તે સૂવાના કમરામાં દોડી ગયો અને ત્યાં પથારીમાં પડ્યો પડ્યો

તે ખૂબખૂબ રડયેા. સગેા સહેાદર ભાઈ મરી ગયેા હેાય, એવેાજ શેાક તેને હૈયે ઉભરાઈ રહ્યો હતેા. બાબા અને અમ્મા ચેાકમાં બેઠાં બેઠાં અંદરથી આવતાં અબદુલનાં હીબકાં સાંભળી રહ્યા હતાં. પસ્તાવાથી, શરમથી તેમના ચહેરા ઊતરી ગયા હતાં. જે થઈ ગયું તે ન થયું કરવાની કેાઇની તાકાત ન હતી. પણ અન્દર જઈ અબદુલને છાનેા રાખવાની તેમની હિમ્મત ચાલતી ન હતી.

અમ્માએ ગુપચુપ ચેાકમાંથી લેાહીના ડાઘા ધેાઈ નાંખ્યા. બાબાએ બધું હાડ માંસ કસાઇને ઘેર આપી દીધું. એક ટુકડેા પણ ઘેર રાંધવા ન રાખ્યેા. એટલું જ નહિ પણ બકરી ઈદને તહેવારે તેમને ઘેર ચુલેાજ ન ચેત્યેા! બીજે દિવસે અબદુલને ખૂબ તાવ ભરાયેા. આંખેા લાલચેાળ થઇ ગએલી, અને શરીર તેા તપીને અંગારા જેવું બની ગએલું. માથા ઉપર તાવ ચઢી ગએલેા, અને 'ગેારટિયેા' 'ગેારટિયેા' સિવાય બીજું કાંઇ તે બેાલતેા જ ન હેાતેા. અમ્મા તથા બાબાના જીવ અધ્ધર થઇ ગયા હતા. અમ્મા કહે, "યા અલ્લાહ! આ વખતે અમારી કસૂર માફ કરીને અમારા પ્યારા બેટાને સાજો કરી દેા. એક પૂરા બેટાનાં મા–બાપ ઉપર રહેમ નજર કરેા. અલ્લાહમિયાં! હવેથી ઈદને દિવસે ઘેર તેા બકરેા નજ મારીએ, પણ બજારમાંથી પણ બકરાનું માંસ લાવીને નહિ ખાઇએ. દીકરાના કસમ ખાઇને કહું છું."

ચાર પાંચ દિવસે અબદુલનેા તાવ હળવેા થયેા. દસેક દહાડે તેણે પથારી છેાડી. તે દુબળેા, પાતળેા ને ફીકકેા પડી ગયેા હતેા. ગેારટિયાને બાંધવાના ખીલા તરફ તેની નજર ઘડી ઘડી દેાડી જતી અને નિરાશ થઈ પાછી ફરતી. તે હસતેા નહિ, રમતેા નહિ, કેાઇ સાથે બેાલતેા પણ નહિ, શુનમુન જેવેા બેસી રહેતેા.

અમ્મા અને બાબાથી આ કેમ સહન થાય! તેમણે અન્દર અન્દર મસલત કરી ગેારટિયા જેવું જ એક ધેાળું દૂધ જેવું બકરીનું બચ્ચું આણ્યું. અને અબદુલ નિશાળે ગયેા હતેા, ત્યારે પેલેજ ખીલે તેને બાંધી દીધું.

સાંજે અબદુલ ઘેર આવ્યેા, ત્યારે છ મહિનાથી ટેવાઇ ગએલી નજર પેલા ખીલા તરફજ દેાડી ગઇ. ત્યાં બચુકડું બચ્ચું કુદમ્ કુદા કરી રહ્યું હતું. અબદુલ ચેાપડીએા ચેાકમાં ફેંકી તે તરફ દેાડી ગયેા. બચ્ચાને વળગી પડયેા. તેની સ્લેટ ચેાકમાં પછડાઇને ફૂટી ગઇ. તેના કકડા બાબા અને અમ્મા વીણતાં હતાં ત્યારે તેમની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં હતા.

રાત્રે જમતી વખતે અબદુલ પૂરા ખુશ મિજાજમાં હતેા, તેણે કહ્યું, "આનું નામ મેં અલ્લા રખિયેા પાડયું છે, એટલે કેાઈ તેનેા વાળ પણ વાંકેા નહિ કરી શકે."



અનિલની યુક્તિ

દિવાળી આવી ને સાફસૂફી ચાલી,
ઘર બાર ધોળ્યાં ને ધોળી આખી ચાલી.
ઘુઘરા કર્યા ને ઘેબર કરી,
મોનથાળ, મેસુબ ને બરફી કરી.

એમાં બેનનો દિવાળી તહેવાર
એટલે બાની ભારે ધમાલ.
કારણ, સહાંજે આવે જમાઇ,
પછી ધમાલની કેવી નવાઇ !

તેમાં બાપો કરે ઉત્પાત,
દવા ન પીએ મારે લાત.
બાપો મોઢું ઉઘાડે નહીં,
બાપો દવા પીએ નહીં.

બા કહે : અનિલ, તું પકડ હાથ,
બાએ પકડયું બાબાનું નાક.
નાક દબાતાં મોં ઢું ખૂલ્યું,
બાબાના પેટમાં એરંડીયું પડયું.
અનિલ આ બધું જોઇ રાખે,
જોઇને બધું ધ્યાનમાં રાખે.

બંદરે આગબોટ આવી,
જમાઈરાજને લેર લાવી.
જમાઇ આવ્યા, બેન પણ આવી,
ઘરમાં ભારે ગરબડ જામી.

જમાઇ કાલના ભૂખ્યા દાટ,
અહીં તો ના હજુ જમવા ઘાટ.
બેનનો આનંદ તો માય નહીં,
જમાઇ તરફ ધ્યાન જાય નહીં.

જમાઈના પેટમાં કુરકુરિયાં બોલે,
જમાઇ ચીવડાનો ડબ્બો ખોલે.
મુઠ્ઠી ભરીને મ્હોંમાં એ ફાંકે,
ત્યાં સાસુજી આવ્યાં હરખાતે.

જમાઇ બિચારા મુંઝાઇ મરે,
સાસુજી પૂછગાછ તો કરે.
જમાઈનું મોઢું ચીવડે ભર્યું,
જમાઇએ મોઢું બંધ જ કર્યું.

સાસુજી પૂછે ખૂબ ખૂબ,
જમાઇ છે ઊભા ગુપ ચુપ.

ચીવડો કંઇ ખવાય નહીં,
જવાબ પણ દેવાય નહીં.

❦ ❦ ❦

સાસુજી તો ગભરાયાં :
'જમાઇ શું માંદા છે પડયા ?
ડોકટર કાકાને બોલાવ્યા,
ડોકટર આવી ઊભા રહ્યા.

❦ ❦ ❦

ડોકટર સૌ તપાસે અંગ,
જુએ નાડી ને આંખનો રંગ.
ડોકટર કાકા સમજે ના કાંઇ.
'ખબર ન પડે આમાં ભાઇ.'

❦ ❦ ❦

અનિલ તમાશો સઘળો જુએ,
બા, બે ન ને બાબો રુએ.
અનિલને સાંભરી સવાર,
અનિલને સૂઝયો વિચાર.

અનિલે નાનું બાજઠ ઉંચકયું,
જમાઇરાજની પાસે મૂકયું.
ઉપર ચડયો ને નાક દાબ્યું,
જમાઈરાજનું મોઢું ખૂલ્યું.



મોઢું ખૂલ્યું ને પડયો ચીવડો બહાર !
જમાઈ શરમાય ને હસે સૌ ઘરબાર,
અનિલની તો યુક્તિ ફળી.
દિવાળી ઉજવે સૌ મળી.

—બાળકોની કુમળી વયમાં શરુઆતથી જ સારાં સંસ્કારો સીંચો, તેમના જીવન પંથમાં ફૂલો વેરો, અને અંતે તમે જોઈ શકશો કે તેમનો તેમજ તમારો જીવન પંથ વેરેલાં ફૂલોની સુગંધથી આપોઆપ મઘમઘી ઉઠશે.

"પછી રમુ મુન્નીને થઇને રહી!" —વલ્લભદાસ અકકડ.

ચિત્ર ૧ :–

બાએ રમુને કહ્યું : "આટલું શાક સુધારી આપને!"

છણકો કરતી રમુ બોલી : "જોતી નથી, મારે આ બધું લેસન કરવાનું છે, તે?"

ચિત્ર ૨ :–

બાપુજી બોલ્યા: "રમુ, દાઢી કરવા માટે જરા પાણી લઈ આવ તો."

રમુ કહે : "હું હમણા અંબોડો લઉં છું. ગમુને કહો."

ચિત્ર ૩ :–

બહાર જતાં જતાં દાદાજી બોલ્યા: "રમુડી, જો ને, મારી લાકડી ક્યાં છે?"

જાણે સાંભળતી જ ન હોય એમ રમુડી નાસી ગઈ.



ચિત્ર ૪ :–

પાડોશની સવિતાએ આવી રમુનું રબર માંગ્યું, ત્યારે રમુએ કહ્યું, "ના, હું નહિ આપું. તું તારે તારું જુદું રાખ !"



ચિત્ર ૫ :–

મુંબઈથી બાપુજીના મિત્ર આવેલા. વિવેકથી બોલ્યા:–

"રમુ બહેન, તમારા નોકરને બોલાવશો ?"

રમુએ ઠોક્યું, "એ તો કોણ જાણે ક્યાંએ રખડતો હશે."–



ચિત્ર ૬ :–

શાળામાં ગુરુજીએ કહ્યું: "રમુબહેન, નકશો લઈ આવશો ?"

ને રમુ બોલી: "સાહેબ, 'મોનીટર' ને જ કહોને."



ચિત્ર ૭ :–

પુનમની ચાંદનીમાં રમુ રાત્રે પથારીમાં પડી. બારીમાંથી ચાંદા મામાને ખીલતો જોઈને એ પણ મનમાં કંઈ બોલે, કંઈ બોલે, વાત નહિ! ધારી ધારીને ચંદ્રમાને નીરખતી.

ચિત્ર ૮ :–

ત્યાં તો ચાંદામામા વાદળામાં લપાયા. સાવ અંધારું. રમુ કરગરતી : "મામા, મામા, અજવાળાં કરો ને."



ચિત્ર ૯ :–

પણ મામા છુપાયેલા તે બહાર નીકળે જ શાના ! વાદળાંમાંથી ડોકિયું કરી એ જાણે કહેતા હતા :

“ગાંડી રે ગાંડી,
તું આવી તે કેવી ?
ન માની થાય,
ન બાપની થાય,
ન દાદાની થાય,
ન સખીની થાય,
ન અતિથિની થાય,
ન ગુરૂની થાય,
અરે ! બધાં તારાં થાય,
તો યે તું કોઇની ન થાય ?

બધા આપણા થાય તો આપણે બધાંના થઇને રહીએ.

ચિત્ર ૧૦ :–

તે પછી વાદળ
ભેદી દૂધ જેવો ઊજળો
ચન્દ્રમા રમુનાં ગોરાં
મુખ પર ઉન્નશ ઉન્નશ
પાથરી રહ્યો.



રમુને નિર્મળ

વહાલમાં નવડાવી જાણે એ પૂછતો ન હોય :—

“ને હું તારો થયો, હવે તો તું બધાની થશે ને ?”

સુતરાઉ, રેશમ અને આર્ટ–જ્યોર્જેટ પર
* સુંદર અને સફાઇદાર
* રંગવા છાપવાનું ખરેખાપાત્ર
સ્થળ :

* ભૂપેન્દ્ર *
ડાઇંગ એન્ડ પ્રિન્ટીંગ વર્કર્સ
૧૯૫–૧૯૭, ખેતવાડી મેન રોડ,
મુંબઇ–૪.

સૌને પરવડે તેવા વ્યાજબી ભાવ

ડીલીવરી એક માસમાં અપાશે.

ફોન : ૭૦૮૬૮ ૦ શાખાઓ નથી.

પ્લાસ્ટીકનાં રમકડાં
તેમજ
લેધર અને રબ્બર



બેલ્ટીંગ, મશીનરી અને
ઓઇલ એન્જીન, લુબ્રીકેટીંગ
ઓઇલ વ. માટે લખો :

જોલી એન્ડ કોનેક્ટ
જી. પી. ઓ બોક્સ નં. ૪૩૪
મુંબઈ–૧.

ગાંધીજીની ગાંધી

રામનારાયણ પાઠક

ગાંધીજી સેવાગ્રામમાં રહેતા. ત્યાં તેમણે આશ્રમ બાંધેલો. આશ્રમમાં એક ગોશાળા હતી. ગોશાળામાં એક ગરીબ છોકરો કામ કરતો હતો. તેની પાસે ઓઢવા પાથરવાનું કશું ન હતું. એક કોથળો પાથરી સુઇ રહેતો અને પછેડી ઓઢતો. શિયાળાના દિવસો આવ્યા. ગાંધીજી ગોશાળા જોવા આવ્યા. ગાયોને હાથ ફેરવ્યો, વાછરડાંને પંપાળ્યાં પછી છોકરાંને પૂછ્યું: "તું કયાં સૂએ છે?"

"અહીં ગાયોની પાસે."

બાપુ કહે: "એ તો હું સમજયો. પણ તારી પાસે ઓઢવાનું શું છે?"

"આ એક પછેડી છે, બાપુ."

ગાંધીજી એ વખતે તો કશું ન બોલ્યા. એમના મનમાં વિચાર થયો કે આશ્રમમાં છોકરો ટાઢે ઠરે તે ઠીક નહીં. ગાંધીજી પોતાની ઝુંપડીમાં આવ્યા. આવીને તરત કસ્તુરબાને બોલાવ્યાં. બા આવ્યાં એટલે પૂછ્યું: "તમારી પાસે જુની સાડીઓ છે કે?"

બાએ કહ્યું: "હા બે સાડીઓ છે."

બાપુ: "તો લાવો. આપણી ગોશાળામાં પેલો બાળક ટાઢે ઠરે છે, તેને એક ગોદડી બનાવી આપીએ."

કસ્તુરબા સાડીઓ લઈ આવ્યાં. ગાંધીજીએ જુનાં છાપાં ને થોડું રૂ મંગાવ્યું. સાડીઓ સીવીને તેની બોળ બનાવી, બોળની બેવડમાં જુનાં છાપાનાં મોટા કાગળ પાથર્યાં. નકામુ રૂ લઈ તેને સાફ કરી હાથે પીંજયું. એક પાતળા પડમાં મૂકયું. પછી બા તથા બાપુએ મળીને સીવી લીધું. વચ્ચે સરસ મજાના દોરા ભર્યા. ગોદડી તૈયાર થઈ. એટલે પેલા છોકરાને બોલાવ્યો. છોકરો આવ્યો. બાપુ કહે: "લે આ તારી ગોદડી, આજે પછેડી ઉપર આ ઓઢજે."

બીજે દિવસે. સવારે ગાંધીજી ગોશાળા જોવા ગયા ત્યારે એ કહેવા લાગ્યો: "બાપુ, આજ મને બહુ મીઠી ઊંઘ આવી."

બાપુજી હસીને બોલ્યા: "એમ, ત્યારે તો લાવ, હુંય એવી એક ગોદડી બનાવી લઉં. મહાદેવ, તમારાં જુનાં પંચિયાં આપો."

મહાદેવભાઈનાં બે જુનાં પંચિયાની ગાંધીજીએ

બાપુ: "તો લાવો. આપણી ગોશાળામાં પેલો ગોદડી બનાવી. એમને ભારે મીઠી ઊંઘ આવી.

ભક્ત દામાજી

સરલાતાઈ દેવધર

મુસલમાનનો કાળ હતો
મહંમદશાહ બાદશાહ હતો;
દામાજીપંત થાણેદાર હતા,
બાદશાહના નોકર હતા,
મંગળવેઢમાં રહેતા હતા.

પડોશમાં હતું જે ગામ,
પંઢરપૂર કહેવાયે ધામ;
વિઠ્ઠલ રૂક્મિણી વસે જ્યાં,
ભક્ત જન સૌ આવે ત્યાં,

દામાજી પણ રોજ જતા,
વિઠ્ઠલના એ દર્શન કરતા;
દિલ જેનું મોટું દરિયાવ,
મન એનું કરૂણા આધાર.
કો'નું દિલ એ દુભવે ના
કો'ને ક્રોધથી દુઃખવે ના.

પંઢરપૂર પરગણું એ,
દુકાળનું તો થાણું એ;
વરસાદ સારો આવે નહિ,
પાક પૂરતો લાવે નહિ

લોક બિચારાં ચિંતા કરે,
દુકાળથી સૌ કોઈ ડરે.
એકવાર આવો દુકાળ પડયો,
વરસાદ છાંટો યે ના પડયો;
ખેતરમાં પડી મોટી તડયો.

લોક બિચારા મુંઝાઈ રે,
મુઠ્ઠી અન્ન કારણે એ તો કરગરે;

પૈસાદારો પણ મુંઝાય,
ગરીબના ત્યાં હાલ શા થાય?
કોઈ કોઈનો ન ભાવ પૂછે,
રોતાંનાં ન કો આંસુ લૂછે.

સૌ પોતાની ચિંતા કરે,
મૂળ, ડાંખળે પેટ ભરે.

બપોરના એ તાપ હતા,
દામાજીપંત ઘરમાં હતા,
કામ કાજમાં મશગુલ હતા

આંગણે એક બ્રાહ્મણ ઉભો,
એના પેટમાં બાડો ઊંડો.
"પંઢરપૂનો બ્રાહ્મણ છું,
બે દિવસનો ભૂખ્યો છું."

દામાજીનું દિલ દ્રવ્યું,
બ્રાહ્મણને બોવાનું ધર્યું,
બ્રાહ્મણ પાટલે બેઠો જમે,
દામાજીપંત બેઠા સામે.

જમતાં જમતાં બ્રાહ્મણ અટકયો,
મોંનો કોળિયો મોંમાં અટકયો;
દામાજીને અચરત થાય,
બ્રાહ્મણનાં આંસુ રેલાય,
દામાજી દેખી દૂભાય.



"મોંનો કોળિયો મોંમાં અટકયો"

"મહારાજ, આંસુ શાનાં આ?
મારી ભૂલ થઈ છે ક્યાં?
મનની વાત કહો મહારાજ,
દિલ ખોલીને કરજો સૌ વાત."

"ના, ના, પંતજી, ન ભૂલ તમારી,
આપ તો છો વિઠ્ઠલ અવતારી,
પણ..અન્ન ન મારું નીચે જાય,
મ્હોં માં થી પાછું ઠેલાય.

"બેરી છોકરાં ભૂખ્યાં ઘરે,
બે દિવસથી ભૂખે મરે;
જમતાં જમતાં એ સાંભરે,
કોળિયો કેમ ગળે ઉતરે?

"તમે તમારે ભોજન કરો,
આપીશ ઘર માટે બાજરો;
તે લઈ તમે ઘર પાછા ફરો
બૈરી, છોકરાને ભોજન ધરો."

બ્રાહ્મણે ભોજન પૂરું કર્યું,
બાજરાનું પોટકું ભર્યું,
દામાજીનો માન્યો ઉપકાર,
પંઢરપૂરની લીધી વાટ.

બીજા દિવસની ઊગી સવાર,
બ્રાહ્મણ બારણે ગુણીજુવાર;
"આખું વર્ષ નીકળી જશે!
બૈરી, છોકરાં જીવતાં રહેશે.

બ્રાહ્મણનો આનંદ ના માય,
ગામમાં એની વાતો થાય.

'મંગળવેઢના દામાજી પંત,
સૌને અન્ન દીયે એ સંત;
ચાલો, ચાલો સૌ કો' ચાલો,
સમય ગુમાવો નહીં ઠાલો."

ગામનાં લોકો સહુ નીકળ્યાં,
દામાજીના ઘેર ઊમટ્યાં;
હાથમાં ઝોળી, કાંખમાં બાળ,
ઊભાં દામાજીને દ્વાર.
ભોજન માટે સૌ ટળવળે,
દામાજી તો વિચાર કરે.

"સૌને ધાન્ય દેવું કેમ!
સૌનું પેટ ભરવું કેમ!"

એક ક્ષણ વિચાર જ થયો,
બીજા ક્ષણ ઉપાય જ થયો;
"કોઠાર માંહે અનાજ તો છે,
સરકારનો એ કોઠાર જ છે.
આજ ભૂખ્યાને દઈ દેવું,
શિક્ષા થાય તો સહી લેવું."

વિચાર થયો ને કર્યો હુકમ,
કોઠાર ખુલ્લો મૂક્યો એકદમ;
લોકો બધાં ખૂબ રાજી થયાં,
કોઠાર આખો લૂંટી ગયાં.

કારભારીએ કર્યો ઉકળાટ,
બાદશાહને મોકલી વાત;
બાદશાહને ગુસ્સો ચડ્યો,
--જમાદારને ત્યાં મોકલ્યો.

'દામાજી! ચલો હમારી સાથ,
બાદશાહ સલામત દેખે રાહ.'

'જમાદાર! ઠે'રો ભેધડી,
પંઢરપૂર જઈ આવું અબઘડી;
દેવનાં દર્શન કરી હું આવું,
પછી તમારી સાથ હું આવું.

જમાદાર તો શાન્ત રહ્યા,
પંઢરપૂર દામાજી ગયા.

ભેદરમાં દરબાર ભરાય,
બાદશાહ બેઠા ત્યાં દેખાય,
નાચ મુજરા ચાલે છે;
રંગ રાગમાં મ્હાલે છે.

'દરવાજે આ કોણ ઉભો ?
ચિંથરે હાલ ને ગંદો ગોબરો?
નિકાલો એને, આ રાજદરબાર,
આ નથી કંઈ ભિક્ષા આગાર.

ચોકીદારો ધક્કા દીયે,
બાદશાહ દૂરથી એ જુએ,
ચોકીદારને કર્યો હુકમ,
'અંદર એને લાવો એકદમ'



"કોણ તું ને ક્યાંથી આવ્યો ?
સાથ પોટલું, શું શું લાવ્યો ?"

"મહારાજ, હું છું વિઠ્ઠલો ઢેઢ,
પંઢરપૂરથી આવ્યો ઠેઠ,

દામાજી મોકલ્યો હું આવું,
મહારાજ આ સોનામ્હોર હું લાવું;
દામા પંતે ધાન્ય જે લીધું,
તેનું આ સોનું છે દીધું."



વજીરે સોના મ્હોર ગણી,
વિઠ્ઠલને તેની પહોંચ ધરી;
વિઠ્ઠલ ઢેઢ કંઈ બોલ્યા નહિ,
પાવતી પહોંચ કંઈ લીધી નહિ.

બાદશાહે હુકમ કર્યો,
"પાવતી પંઢર પૂરકો ભેજો,
દામાજીકો જાકર દેદો."

દામાજી હજુ મંદિરમાં હતા,
દેવની સામે બેઠા હતા;
દેવને એ વિનવતા હતાઃ

"દેવ આ મારી ભૂલ કહેવાય ?
રત્ન વિના કયમ અન્ન દેવાય ?
પણ લોકોનાં દુઃખ શે જોવાય ?
અન્ન દીધા વિના કયમ રહેવાય ?"

પણ બહાર આ ગરબડ શાની ?
ધૂમ સંભળાય છે લોકોની.
વચ્ચે પેલો કોણ સવાર ?
લોકો શાની કરે ધમાલ ?

"ના પકડો, ઓ, ના પકડો,
અમ દામાજીને ના પકડો."

દામાજી પંત આવ્યા બહાર,
ઉભા એ મંદિર પગથાર,
સવાર એમને ઓળખી ગયા,
ઘોડા ઉપરથી નીચે ઉતર્યા;
ચાલી પંતની પાસે જાય,
લોક સમૂહ આડો અંતરાય.

ફરી ફરીને એક જ ધૂમ;
"ના પકડો, ઓ, ના પકડો,
અમ દામાજીને ના પકડો."

દામાજી ખુદ આગળ આવ્યા,
લોકો સર્વે શાન્ત થયા.

"લોકો! સૌ સાંભળજો વાત,
રહેજો સૌએ મનથી શાન્ત;
મેં દીધું છે આમને વચન,
મારે પાળવું જોઇએ વચન;
મારે તાબે થાવું ઘટે,"
દામાજી એમ વાણી વદે.

'સરદાર! હવે હું છું તૈયાર,
ચલો, લઈ ચાલો મને દરબાર.,

પણ, સવારે સલામ ભરી,
ચિઠ્ઠી પંતને ચરણે ધરી;

લોકો બધાંયે ચિંતાતુર,
દામાજી માટે આતુર;
કોઈ રડે, કોઈ ગણગણ કરે,
કોઈ બાદશાહને ગાળો ભણે,
સવાર સામે ઘુરકી રહે,
તિરસ્કારથી જોઈ રહે.

દામાજી ચિઠ્ઠી વાંચે છે,
લોક બધાં ટીકી જુએ છે;
"પણ ચિઠ્ઠીમાં શું'ય હશે?
દામાજી કયમ ચકિત દીસે?"

એ પૈસાની પહોંચ હતી,
અન્નની 'કિંમત પહોંચી' હતી,
બાદશાહનો સિક્કો હતો;
દામાજીને અચંબો થતો.

આંખો એની આનંદે ઉભરાય,
દડ્ દડ્ દડ્ આંસુ વહી જાય;
દામાજી દોડે વિઠ્ઠલ પાસ,
'વિઠ્ઠલ તેં રાખી મારી લાજ.'

લોકો પાવતી જોઈ હરખાય,
વિઠ્ઠલ ઢેઢના ગાણાં ગાય;
આનંદ આનંદ થયો કિલ્લોલ,
આનંદનો ત્યાં શોર બકોર,
રડતા લોકો હસી પડયા,
નાચવા, કૂદવા, ગાવા લાગ્યા,

"અરે, કોણ હશે એ વિઠ્ઠલ ઢેઢ?
વિઠ્ઠલ દેવ, થયા વિઠ્ઠલ ઢેઢ!

વિઠ્ઠલ હરિએ રૂપ લીધું!
દામા પંતનું કરજ દીધું!"

કૈંક વર્ષો આ વાતને થયાં,
તો ય ન લોકો ભૂલી ગયાં;
સૌ હજુ યે, તે યાદ કરે,
પંતના ગુણપદ ગાતાં ફરે:

"ભકત દામાની રાખી લાજ,
ઢેઢ બન્યા વિઠ્ઠલ મહારાજ;
ભકત કહે: 'હું પ્રભુનો દાસ',
પ્રભુ કહે: 'હું ભકતનો દાસ."

દિવાઓની ભાઈ બીજ ..... -અનુતાઈ.



આજે મિનુ, વિનુ, દિનુ ને હું મળીને દિવાળીની રોશની જોવા ગયા હતા. અડધી રાત્રે જોઇને પાછા આવ્યા. પથારીમાં પડતાંજ આંખો મીંચાઈ ગઈ અને મને સ્વપ્નું આવવા લાગ્યું.

હું જાણે કે ગામ બહાર ઘન આંબાવાડીઆમાં રસ્તે ભૂલી પડી છું. અંધારૂં થઈ ગયું હતું તેથી કઇ બાજુથી જવું તે કંઈ સમજાતું જ નહોતું. આખરે થાકીને એક ઝાડ નીચે બેઠી. અરે! ત્યાં તો ચમત્કાર થયો! સામેના પત્થર ઉપર કશુંક ઝબકતું હતું. અરે આ તો કોડિયું! અને જોઉ છું ત્યાં તો દિવો ને મીણબ-તી પણ બીજી બાજુથી દેખાવા લાગ્યા. મશાલ આવી. ફાનસ ને એનું સ્ટેન્ડ પણ આવ્યું. ગેસની બત્તી આવી ને વિજળીનો પણ દિવો આવ્યો. એટલે હવે જ્યાં ત્યાં પ્રકાશ જ પ્રકાશ! એમની તે કેવી સભા હશે! એટલે હું પણ ધ્યાન દઈને સાંભળવા લાગી.

ફાનસમંત્રી આગળ આવ્યા; ને બોલવા લાગ્યા. "ભાઇઓ અને બ્હેનો! આજે આપણા સૌભાગ્યનો દિવસ છે. આજે બધાંજ જણ આપણી પુજા કરે છે તો આપણે પણ આપણામાંથી જે સારા હોય એની પુજા કરીએ.

ટમટમતા કોડિયાભાઇ પોતાની નાનકડી જ્યોત સંભાળતા આગળ આવ્યા અને બોલ્યા, "ભાઇઓ અને બ્હેનો! મારી મૂર્તિ બ્હુબ નાની છે પણ મારી કીર્તિ બહુ મોટી છે. સૂર્ય-નારાયણ આથમે, પ્રકાશ બંધ થાય, ચારે બાજુ અંધારું થાય તેવા અંધારાના વખતે મારો જન્મ થયો છે; અને મેં માનવીને પ્રકાશ આપ્યો છે. હવે તમે બધાં જણ મારા કરતાં મોટા થઈ ગયા હો તો પણ મારૂં માન વધારે છે.

દિવીબાઈ ઉતાવળે ઉતાવળે આગળ આવ્યા અને બોલ્યા; "અરે કોડિયું! હું તારી સાથેની જ છું ને! અને આ મીણબત્તી ને આરતી બધાંને ભૂલી ગઈ કે? મારો પ્રકાશ સારો હોય છે. લગ્ન કાર્યમાં, ગીતા-ભાગવત વાંચતી વખતે મહારાજ પાસે હું જ હોઉં

છું. તમારા કરતાં મારો ઉપયોગ વધુ હોય છે. તેથી મારું માન વધારે છે. સમજ્યાને !



આ સાંભળીને મશાલે હસીને ઉત્તર આપ્યો "અરે ! તમે બધાં ધીમા પ્રકાશવાળા. ઘરમાં જ તમારો મિજાજ ! હું તમારો ભાઈ. હું તમારી સાથેનો જ પણ રસ્તામાં ફેરવવો હોય તો તમારો કંઈ ઉપયોગ છે કે ? પવનનો સપાટો આવે કે ઓલવાઇ જાવ. હું તો પવન આવે ને, તો પણ ભડ ભડ બળતો જ હોઉં છું. પુરતું તેલ આપો એટલે પત્યું.

આ સાંભળતા જ ફાનસ ભાઇ એને વચ્ચેથી અટકાવીને બોલ્યા, "અરે ! મશાલ તારામાં કેટલું યે તેલ નાખે તો પણ જોરમાં પવનનો ઝપાટો આવે અને વરસાદ આવે કે થયું, તમારો મિજાજ ખલાસ. એ ઉપરાંત તમને બધાંને મીઠું તેલ પીવાને જોઇએ અને મને જુઓ, હું કેવો ગ્યાસતેલ પીઉં છું. ઘરમાંયે રહી શકું બહાર પણ રહી શકું. વરસાદમાં પણ રહી શકું. મને ક્યાંય પણ ફેરવો હું અહીં હમેશ પ્રકાશ આપું છું. પણ મારા કરતાં મોટેરાંઓ હાજર છે.



ગેસની બત્તી આગળ આવીને જોરમાં કહેવા લાગી, "હું એ જ કહેતી હતી. ફાનસ બમથું પોતાના વખાણ કરતું હતું. હું પણ ઘરમાં બહાર બધે જ રહી શકું છું. પણ મારો પ્રકાશ કેટલો ? સૂર્ય જેટલો ! હું જ તમારા બધાંથી મોટી છું.

આ સાંભળીને ધીમેથી મલકાતા વીજળીબાઈ આગળ આવ્યા. અને કહે, "શું પણ આ ગેસ બત્તીના બણગા !

તમારામાં કંઈ ઠાવકાપણું છે ?



કયાંય પણ લઈ જાવ. કશે પણ ફેરવો. માણસની તહેનાતમાં હાજર. વરસાદથી ઓલવાતી નથી, પવનથી ઓલવાતી નથી. બટન દાબીએ કે ઝગઝગાટ. ફરી દાબીએ કે બંધ. નાનું બાળક પણ આ કામ કરી શકે છે."

મીણબત્તી, "હા ! હા ! પણ વચ્ચે એકાદો તાર તૂટે કે પછી મારી જ મદદ લેવી પડે. કારણ પછી બધી બાજુ અંધારું જ અંધારું.

ફાનસ કહે, "અરે મિત્રો, હવે સવાર પડશે. સૂર્યનારાયણ ઉગશે. પછી આપણી કંઈ જ કિંમત નથી. આપણે બધાં જ સારું કામ કરીએ છીએ. આપણે બધાંજ સરખા છીએ. માટે હવે લડવાનું બંધ કરીએ." આ વાત બધાંને માન્ય થઈ પડી એટલે દિવાઓની સભામાં તાળીઓનો ગડગડાટ થયો. એના અવાજથી હું જાગી ગઈ. જોઉં છું તો હું મારી પથારીમાં હતી.

સસારાણો ફૂલો

રમેશ કોઠારી

એક જંગલ. જંગલમાં એક સસારાણો રહે. સસારાણો ભારે આળસુ. સવારના ઊંઘે તે સાંજે જાગે. દોસ્ત પાસે જઇને ખાવા માંગે. ખાવાનું મળે ને સસારાણો ચણે. ચણીને પાછા આંખો મીંચે. માથું નાખે નીચે ને જોર જોરથી નાક બોલાવે. એમના નાકના અવાજે આજુબાજુનાં પંખીઓ જાગે. પણ સસારાણો ઊંઘમાંથી ના જાગે તે ના જાગે.

શિયાળો આવે ત્યારે જંગલમાં ફળ ન હોય. ફૂલ ન હોય. અરે ઝાડની ડાળી પણ ન હોય. બધાં સસલાં તો પહેલેથી ફળો ભેગાં કરે. ને પોતાની બખોલમાં ભરે. ટાઢના દહાડા હોય. જંગલમાં ખાવાનું કાંઇ ન હોય. ત્યારે બધાં નિરાંતે બખોલમાંથી ફળો કાઢે ને લહેર ઉડાવે. પણ આપણો સસારાણો શું ઉડાવે? એ તો ઊંઘમાંથી પરવારે ત્યારે ફળો ભેગાં કરે ને!

એક વાર તો કડકડતો શિયાળો આવ્યો. બધું ઠંડીથી થીજી જાય એવી ઠંડી લાવ્યો. ઝાડના પાન સુકાયાં. પશુ પંખી પોતાના ઘરમાં છુપાયાં. કોઇ બહાર ન નીકળે.

એક દિવસે તો આવી ઠંડીમાં સસારાણો ઊંઘમાંથી ઉઠ્યા. દશ દશ દિવસના એ ભૂખ્યા. દોડયા એ તો દોસ્તના ઘેર. દોસ્ત તો ગએલો મામાના ઘેર. સસારાણો તો ગભરાયા. આખા જંગલમાં અકળાયા. ફળ ફૂલ તો નામે ના મળે. પાન તો શોધ્યું ના જડે. રખડી રખડી થાકયા. ભૂખ ભારે. સસારાણાની આંખમાં આંસુ ટપકયાં. બે ટપકયાં, બાર ટપકયાં, બાવીસ ટપકયાં. ને ના અટકયાં તે ના અટકયાં. ત્યાં એક કાગડાનું બચ્ચું ફરવા નીકળેલું. ઝાડની ડાળે બેઠેલું. એ તો સસારાણાને બરાબર ઓળખે. એણે તો કહ્યું; 'સસાકાકા રડશો ના! ચાલો મારી સાથે. આજ બવડાવું બાસ. મારા માળા નીચે. સસલાં સારાં રે' છે. મારાં છે એ દોસ્ત. રમીએ છીએ અમે રોજ. એમની બખોલમાં ફળ. અપાવીશ હું તડ.'



સસારાણો તો ચાલ્યા. કાગડાના બચ્ચાંએ તો નાનાં સસલાં પાસે સસારાણાને ફળ અપાવ્યા. સસારાણાએ તો ખૂબ ખાધાં. ઉપરથી ભલાં સસલાંએ- એમને એક મીઠું ફળ ભેટ આપ્યું. પણ કાગડાના બચ્ચાંએ સસારાણાના કાનમાં કહ્યું 'સસાકાકા! સસાકાકા! આજ પછી ઊંઘશો ના! વખત જતો કરશો ના!

"એ ટપકયાં, બાર ટપકયાં બાવીસ ટપકયાં. . ....

એક મીઠું ફળ ભેટ આપ્યું

બધાં સસલા ગભરાતાં હતાં ત્યાં તો આપણા સસારાણા આવ્યા, આવીને મોટે સાદે બોલ્યાં; 'સસાભાઇઓ ને સસીબેનો, ડરશો ના! ગભરાશો ના! ભૂખના માર્યાં મરશો ના! ચાલો મારે ઘેર. ફરશું લીલા લ્હેર. બખોલ ભરી છે સો. ના રાખશો કંઇ ભો. ખવાય તેટલું ખાજો ને તાજાં માજાં થાજો!

બધાં સસલામાં તો જીવ આવ્યા.

બધાંને ખાવાનું મળ્યું. મીઠું મીઠું ને મઝાનું.

ઠંડી તો બે ત્રણ દિવસ પછી ચાલી ગઇ. પણ સસારાણાની વાત સસલાની દુનિયામાં રહી ગઇ. બધાં સસલાં ભેગાં મળ્યાં. સસારાણાનાં માન કર્યાં. આપી ફૂલની માળ. વખાણ કીધાં અપાર.

સસારાણા તો હસે. પણ એમના દાંત બે બહાર જ વસે.

સસારાણા એવા! એ તો ભાઇ જેવા જેવા!



સસારાણાના માન કર્યા.....

કામ વગરના ફરશો ના! નાહક ભૂખ્યા મરશો ના! આંખે આંસુ સરશો ના!'

સસારાણા બોલ્યાઃ 'કાગડા ભત્રીજા, તારી વાત સોનાની. આજથી મેં એ માની.'

એમ કહીને સસારાણાએ તો દોટ મૂકી.

પછી તો ઠંડી ઓછી થઇ. બધાં સસલાં તો ફળ ભેગાં કરવાનું ભૂલી ગયાં પણ સસારાણાને તો શિક્ષા લાગેલી. એમણે તો મનમાં ગાંઠ બાંધેલી. એમણે તો ફળ ભેગાં કરવાનું ના છોડયું.

એક બખોલ ભરી, બીજી ભરી અને એમ કરતાં કરતાં સો બખોલ ભરી. મીઠાં મીઠાં ફળ. જાત જાતના ફળ.

શિયાળો તો ચાલુ જ હતો. ધીમે ધીમે પાછી ઠંડી વધી ગઇ. બધાં સસલા તો એમ જ માનતાં'તાં કે હવે ઠંડી પડશે જ નહિ. થાય શું? હવે છેલ્લી ઘડીએ કરાય શું? જંગલમાં તો જવાય ના, ખાવાનું ભેગું કરાય ના. ખાવું કયાંથી? પીવું કયાંથી?

નવું એંજિન



ગોજારુ

(વાર્તા કહેનારને સૂચના : આ વાર્તામાંના કેટલાક શબ્દો એંજિનના થતાં અવાજોમાં બંધ બેસતા થાય એમ વાપર્યા છે. અને એ શબ્દો વાર્તા કહેતાં એંજિનના અવાજો સાથે જ ઉચ્ચારવા જરૂરી છે. —લેખક.)

એક હતું નવું એંજિન.
બિલકુલ નવું નોખ.
કોરું ધાકોર.
કારખાનામાં એ તો પડયું હતું.
ત્યાં એક જુનું એંજિન આવ્યું.
અને નવા એંજિનને બહાર એંચી ગયું.
જુના એંજિનને તો ચાલતાં આવડે.
એ તો મિજાજથી ચાલે :
"ધસ્સ્....ધસ્સ્....ધસ્સ્....ધસ્સ્....."
જુના એંજિને નવા એંજિનને સ્ટેશનમાં ડબ્બા સાથે જોડી દીધું.
અને એ તો પાછું ચાલ્યું ગયું :
"ધસ્સ્....ધસ્સ્....ધસ્સ્....ધસ્સ્....."
નવા એંજિનને તો ચાલતાં આવડે નહિ.
એ તો જોઈ જ રહ્યું,
નવું એંજિન કહે :
"હુંમ્, આમ જ ચલાતું હશે.'.
એ તો ચાલવા ગયું પણ આવડે તો ને !
નવું એંજિન તો બૂબ ખિજાઇ ગયું.
એ તો બૂમ પાડવા લાગ્યું,
"પૈડાં મારાં ફરતાં કરો,
શીશોટી તીણી ફૂંકાઓ;
વરાળ, ધુમાડો ચાલુ કરો,
દીવાથી અજવાળું કરો."

એકદમ ડ્રાઇવર દોડી આવ્યો.
ડ્રાઇવર કહે :
"કેમ દોસ્ત એંજિન, શું છે? શાની બૂમો
મારે છે?"
એંજિન કહે :
"પૈડાં મારાં ફરતાં કરો,
શીશોટી તીણી ફૂંકાઓ;
વરાળ ચાલુ કરો,
દીવાથી અજવાળું કરો."
ડ્રાઇવર કહે : "અરે દોસ્ત એંજિન,
સાંભળને તું કહેવું મારું,
થા ડાહ્યું ને સાથે ધીરું;
પહેલાં સઘળું શીખી જા,
પછી દોટ મૂકીને દોડી જા."
ડ્રાઇવર કોળસાવાળાને કહે :
"કોલસાવાળા, એંજિનમાં કોલસા નાખો."
કોલસાવાળાએ એંજિનમાં કોલસા નાખ્યા.
અને એંજિનમાં અગ્નિ સળગ્યો.
અગ્નિ કહે :
"હું અગ્નિ મોટો કહેવાઉં;
કોલસા સર્વે ભરખી જાઉં."
ડ્રાઇવર પાણીવાળાને કહે :
"પાણીવાળા, એંજિનને પાણી પાઓ,"
પાણીવાળાએ એંજિનમાં પાણી ભર્યું

પાણી કહે :
"પાણી ખળખળ જાઉં છું,
વરાળ ફકફક થાઉં છું."
અગ્નિ કહે :
"હું અગ્નિ મોટો કહેવાઉં,
કોલસા સર્વે ભરખી ખાઉં;
પાણીને પળમાં પી જાઉં,
વરાળ કરીને ફૂંકી ધાઉં."
એંજિન કહે :
"હુંમ્ બરાબર. હવે ચલાશે."
એ તો ચાલવા ગયું. પણ ચલાય નહિ !
એ તો ફરી ગુસ્સે થઇ ગયું.
એંજિન કહે :
"કોલસા ખાધા, પાણી પીધું,
પેટ મારું ભરી લીધું;
પણ કેમ કરીને દોડું હું,
જાણું ના તો યે હજી હું."
ડ્રાઇવર કહે : "દોસ્ત એંજિન,
સાંભળને તું કહેવું મારું,
થા ડાહ્યું પણ સાથે ધીરું:
પહેલાં સઘળું શીખી જા,
પછી દોટ મૂકીને દોડી જા."
ડ્રાઇવર તેલવાળાને કહે :
તેલવાળા, એંજિનના પૈડામાં તેલ ઉંગો."
તેલવાળાએ એંજિનના પૈડામાં તેલ મૂકયું
તેલ કહે :
"ચુડુડુડુ ચુડુડુડુ થાય ના,
કુડુડુડુ કુડુડુડુ ગાય ના;
કુચુડ કુચુડ ગાજે ના,
ચુડુક ચુડુક વાજે ના."
એંજિન કહે :
"તેલ કોલસા પાણી પીધું,
પેટ મારું ભરી લીધું:
પણ કેમ કરીને દોડું હું,
જાણું ના તો યે હજી હું."
ડ્રાઇવર કહે : "દોસ્ત એંજિન,
સાંભળને તું કહેવું મારું.
થા ડાહ્યું ને ધીરું;
પહેલાં સઘળું શીખી જા,
પછી દોટ મૂકીને દોડી જા."
ડ્રાઇવર ફાનસવાળાને કહે :
"ફાનસવાળા, એંજિન આગળ ફાનસ સળગાવો."
ફાનસવાળાએ એંજિન આગળ ફાનસ સળગાવ્યું.
ફાનસ કહે :
હું ફાનસ ઉજળું સૌ માંય
મારે તેજ અંધારું જાય.
રાત આખી બળ્યા કરું
સુરજ આવે ત્યારે ઠરું.
બધે તેજ તેજ થઈ ગયું.
એંજિન તો રાજી થઈ ગયું.
એંજિન કહે :
"હુમ્ બરાબર. હવે ચલાશે."
એ તો ચાલવા ગયું. પણ ચલાય નહિ !
એ તો ફરી ગુસ્સે થઈ ગયું.
એંજિન કહે :
"તેલ, કોલસા પાણી પીધું,
તેજ દિવાનું જાયે સીધું;
પણ, કેમ કરીને દોડું હું,
જાણું ના તો યે હજી હું."
ડ્રાઇવર કહે : "દોસ્ત એંજિન,
સાંભળને તું કહેવું મારું,
થા ડાહ્યું ને સાથે ધીરું;
પહેલાં સઘળું શીખી જા,
પછી દોટ મૂકીને દોડી જા."
છી ડ્રાઇવર તો નવા એંજિનની અંદર ગયો.
છી ડ્રાઇવર તો સંચા ફેરવવા લાગ્યો.
ડ્રાઇવરે એક સંચો ફેરવ્યો,
ડ્રાઇવર કહે :
"નવા એંજિન, શીશોટી વગાડો."
ત્યાં તો શીશોટી વાગી :

"ટુટુ....ટુ....ટુઉઉઉઉઉઉ....."
ડ્રાઇવરે બીજો સંચો ફેરવ્યો.
ડ્રાઇવર કહે :
"નવા એંજિન વરાળ છોડો."
ત્યાં તો વરાળ છૂટી :
શ....રુઉઉઉઉઉઉ....શ... રુઉઉઉઉઉઉ...."
ડ્રાઇવરે ત્રીજો સંચો ફેરવ્યો.
ડ્રાઇવર કહે :
"નવા એંજિન ધુમાડો કાઢો."
ત્યાં તો ધુમાડો નીકળ્યો :
"ધપ્, ધપ્, ધપ્, ધપ્, ધપ્, ધપ્."
ડ્રાઇવરે ચોથો સંચો ફેરવ્યો.
ડ્રાઇવર કહે :
"નવા એંજિન, પૈડાં ફેરવો."
ત્યાં તો પૈડાં ફર્યાં :
"હું ગોઓળ...જાઉં, હું ગોઓળ....જાઉં."
પછી ડ્રાઇવર ખૂમ પાડી ઉઠ્યો :
"દોસ્ત નવા એંજિન,
પૂરી થઈ છે સૌ તૈયારી,
હવે આવી છે તારી વારી;
દોડ, દોડ તું દોડી જા,
ઘંટ પૈડાંનાં ગીતો ગા."

નવું એંજિન પણ ખૂબ આનંદમાં આવી ગયું.
નવું એંજિન કહે :
"તેલ, કોલસા, પાણી પીધું,
તેજ દીવાનું જાયે સીધું;
બળ કરીને દોડી જાઉં,
ઘંટ પૈડાંના ગીતો ગાઉં."
સ્ટેશનમાં ઘંટ વાગ્યો :
"ટનન્ ટન્, ટનન્ ટન્, ટનન્ ટન્
ટનનનનનનન્ નાન્ન્ નાન્ન્ નાન્ન્"
બધાં બાળકો સ્ટેશનમાં આવ્યાં અને ડબ્બાઓમાં બેસી ગયાં.
ગાડે શીશોટી વગાડી :
ટુરરરરર ટુરરરરર ટુરરરરર"

નવા એંજિને પણ શીશોટી વગાડી :
"ટુટુટુટુટૂઉઉઉઉઉ ....."
નવા એંજિને વરાળ છોડી :
શ્....રૂઉઉઉ. . શ્ .રૂઉઉઉ ..."
નવા એંજિને ધુમાડો કાઢ્યો :
"ધપ્, ધપ્, ધપ્, ધપ્, ધપ્"
નવા એંજિને પૈડાં ફેરવ્યાં :
"હું ગોઓળ જાઉં, હું ગોઓળ જાઉં."
નવું એંજિન ચાલવા લાગ્યું :
"જાઉં ઊં છૂંઉઉઉ...,જા ઊં છૂંઉઉઉ...,
જા...ઉં છૂંઉઉઉ...., જા ..ઉં છૂઉં, જા...ઉં છૂઉં, જા....
ઉછૂ, જા .ઉંછૂ, જા ...ઉંછૂ, જા...ઉંછૂ, જા....ઉંછૂ, જા..
ઉંછૂ, જાઉંછૂ, જાઉંછું, જાઉંછું, જાઉંછું. જાઉંછું.
નવું એંજિન ગયું,
રેલગાડી ગઇ.
બાળકો પણ ગયાં.
પછી નવું એંજિન પાછું આવ્યું.
પછી રેલગાડી પાછી આવી.
પછી બાળકો પણ પાછાં આવ્યા.
સાંભળો, સાંભળો; નવું એંજિન આવે છે :
આઉંછૂં, આઉંછૂં, આઉંછૂં, આઉંછૂં, આઉંછું,
આઉં છૂં, આ ...ઉછૂં...., આ ...ઉંછૂં ..., આ ...ઉંછૂં...,
આ...ઉછૂં..., આ....ઊં છૂઉઉઉ..., આ....ઉ છૂંઉઉઉ...,
આ...ઉંછૂઉઉ..., આ ...ઊં છૂઊંઉઉઉઉ . , આ ...ઉં....
છૂઊઊઊ ... ., આ ..... .ઉ .... ..છૂ ઊ ઊ ઊં ઊં.....
ડ્રાઇવરે નવા એંજિનને બ્રેક મારી :
' હાં આં આં આં.....બ સ્સ્સ્.....'
નવું એંજિન ઉભું રહ્યું.
રેલગાડી ઉભી રહી.
બધાં બાળકો ઉતરી ગયાં.
સૌ સૌને ઘેર ગયાં.
બાધું, પીધું ને મજા કરી!

શાહુડી અને કાળુડી



સ. દેવધર

એક હતી શાહુડી શાહુડી
એને મળી કાળુડી કાળુડી
બન્નેની જામી મૈત્રી મત્રી
તમને થશે ખાત્રી ખાત્રી.
એક દિવસ ચાલતા ચાલતા
દૂર ફરવા નીકળ્યા નીકળ્યા
શાહુડી ચાલે ધી....રે ધી....રે
કાળુડી ચાલે જો....ર જો....ર
શાહુડી કહે: 'એ કાળુડી કાળુડી
જરા પાછું વાળી જો તો ખરી, જો તો ખરી
આગળ આગળ દોડીશ ના દોડીશ નાં
મને પાછળ છોડીશ ના છોડીશ ના
આપણે જઈશું ગમ્મત કરતા—ગમ્મત કરતા
બન્ને મળીને જોડીમ —જોડીમાં"
કાળુડી કહે : 'એ શાહુડીબેન શાહુડીબેન
મારી પીઠ ઉપર બેસો બેન બેસો બેન
શાહુડી પીઠ-ઉપર બેઠી બેઠી
ખડખડ ખડખડ હસી હસી
શાહુડી બેઠી વટમાં વટમાં
કાળુડી ચાલે રોફમાં રોફમાં
કેવી હતી મૈત્રી મૈત્રી
કદી ન થાય કદી ખટ્ટી
થઇને તમને ખાત્રી ખાત્રી
અમારી વાર્તા પૂરી પૂરી
હતી ને કેવી નાની નાની.

છોટા શિકારી

લેખક :
શેષ નામલે



આખા આફ્રિકા ખંડ ઉપર ગોરા લોકો રાજ કરે છે. માત્ર બાકી રહ્યા છે બે જ દેશ. એકનું નામ લાયબેરિયા ને બીજાનું નામ એબિસિનિયા.

એબિસિનિયાની રાજધાની એડીસઅબાબા અને આ એડિસઅબાબામાં રહે રણવીરના બાપુ માનસિંહ. માનસિંહ ત્યાંના લશ્કરમાં મોટા સરદાર.

માનસિંહને શિકારનો ભારે શોખ. પણ શિકાર કોનો કરે? હરણાં મારવાં કે કબુતર મારવાં એ તો એને મન છોકરીની રમત. એ તો લડવું તો મરદ સાથે લડવું. કંઈ સિંહ છે, વાઘ છે, ચિત્તા છે, એવાનો સામનો કરીએ તો કંઇ સામનો કર્યો લેખે. માનસિંહ એકલો બબ્બે સિંહ સાથે લડે એવો. પોતાની નિશાનબાજીનું એને ખૂબ અભિમાન. પેલા સાહેબલોક જેમ માંચડા બાંધીને ઉપરથી શિકાર કરે એ તો એને મન નામર્દાઈ લાગે. એ તો મેદાનમાં સામે મોઢે શિકાર ખેલે. માનસિંહના પરાક્રમની વાતો આખા એબિસિનિયાભરમાં લોકો ગાય.

એવા પરાક્રમી પિતાનો પુત્ર રણવીર. હતો તો નવદશ વર્ષનો. પણ જુઓ તો જાણે ચૌદ પંદર વર્ષનો અલમસ્ત લાગે. ઊંચો પણ પુરો. એ પણ એના બાપ જેવો જ ચપળ ને હીંમતબાંજ. બુધ્ધિ પણ ચમકદાર.

આખી બ્રિચીશ ને ઉપર આખી કોટ અને માથા ઉપર ટોપો. પહોળી છાતી ઉપર કારતુસનો પટો. અને કમ્મરે લટકતી પિસ્તોલ.

આખું એડિસઅબાબા એને છોટા શિકારી કહે.

એડિસઅબાબા શહેર વિશાળ ઊંચા ડુંગરાળ પ્રદેશમાં વસ્યું છે.

આસપાસનો બધોય પ્રદેશ વિશાળ ઘાસનાં મેદાનોથી ઢંકાયેલો છે. અને વચ્ચે વચ્ચે ડુંગરો ને જંગલો આવેલાં છે. એડિસઅબાબામાં ઘર જુઓ તો આ જ ઘાસમાંથી બનાવેલાં ગોળ ગોળ ઝૂંપડાં.

આ જ ઘાસનાં મેદાનો અને જંગલો એટલે શિકારનાં મોટાં ધામો. પટ્ટાદાર ઝીબ્રાઓ ને લાંબી ડોકવાળા ચટ્ટાદાર જીરાફનાં ટોળાંનાં ટોળાં અહીં ઉભરાતાં હોય છે. અહીં સેંકડો જાતનાં હજારો હરણોનાં ટોળાંઓ જ્યારે એ હરિયાળાં ઘાસ ઉપર ફાળ ભરતાં હોય છે ત્યારનું એ મનોરમ દૃશ્ય અહીં સિવાય ભાગ્યે જ જગતમાં બીજે કયાંય જોવા મળે. અહીં પક્ષીઓનાં પણ ટોળાંનાં ટોળાં બતકથી લઇને શાહમૃગ સુધીનાં અનેકવિધ. નદી કાંઠે જઇને જુઓ તો આ મોટાં મોઢાં ફાડીને મોટા મગરો બેઠા હોય.

મેદાન છોડીને જરા જંગલની અંદર જઇએ કે આ હરણાં ને ઝીબ્રા ને જીરાફ ને મારી ખાનારાં પશુઓ દેખાય. તરસ, વરુ, વાઘ, સિંહ ખૂબખૂબા હોય છે.

એક દિવસ માનસિંહને ત્યાં એના અંગ્રેજ દોસ્તો શિકાર માટે આવ્યા. થઈ તૈયારી. ઘોડા ઉપર જીન નખાયા.

રણવીરે પણ પોતાનું ટટ્ટુ તયાર કર્યું.

સૌએ શિકારનો સરંજામ સાથે લઇ લીધો. સાથે ખાવાપીવાનો સામાન.

સવારનો નવ દશનો સુમાર. શિકારીઓએ પીઠે બંદુકો બાંધી. ને ઘોડા દોડાવતા, ઘાસના મેદાનો ઓળંગતા પહોંચ્યા જંગલ પાસે. હવે અહીંથી ઘોડા છોડીને સૌએ પગે ચાલવાનું હતું. માત્ર રણવીરના ટટ્ટને સાથે લીધું.

બીજામાં એક જગ્યાએ ખાવાપીવાનું પતાવ્યું.

સિંહની બખોલો તો જંગલમાં કયાંય ઊંડે આવેલી હતી, જો કે આ જંગલ કંઈ બહુ ગીચ ઝાડીનું તો નહોતું એટલે હાલવા ચાલવા માટે બહુ તકલીફ નહોતી પડતી.

બે ત્રણ કલાક શિકારીઓ ચાલ્યા પણ છતાંય ક્યાંય શિકારનો પત્તો લાગતો નહોતો. ઢોલ વગાડવા ને મોટી બૂમો મારીને ગોકીરો કરનારાના દૂર દૂરથી અવાજો આવતા હતા. પણ શિકારના પગલાં કયાંય દેખાતાં નહોતાં. કે પછી શિકારીનાં પગલાં જંગલમાં થયાં ને આ શિકારના પગલાં જંગલ બહાર થયાં?

પણ ત્યાં તો માનસિંહનું હૃદય ધડકી ઉઠે એવું એક દૃષ્ય એણે જોયું.

એણે ઢોલ વગાડનારાઓને ચુપ થવા ઇશારત કરી.

બે પ્રચંડ સિંહોનું એ દ્વંદ્વયુધ્ધ હતું કે માત્ર એ બંને રમત રમી રહ્યા હતા એ જ પહેલાં તો સમજાય એમ નહોતું. પણ આખીય બીણમાં પડઘા પાડતી એમની ગર્જનાઓ સંભળાતી હતી એકબીજાને મહાત કરવા બંને એક બીજા ઉપર મરણિયા થઇને તૂટી પડતા હતા.

થોડે દૂર બે ત્રણ બીજાં પ્રાણીઓ શાન્તિથી આ યુધ્ધ જોતાં બેઠાં હતાં. એમાં એક હતી મોટી સિંહણ અને બીજાં બે હતાં એના મોટાં વાછરાં જેવડાં બચ્ચાં.

શિકારીઓ સૌ આ દૃશ્ય સ્તબ્ધ પુતળાં જેમ જોતા ઊભા હતા.

માનસિંહે સર્વ સાથીઓને હોંશિયાર રહેવા સૂચના દીધી. અને સૌએ પોતાની બંદુકો તૈયાર રાખી.

પણ નિમેષ માત્રમાં એ દૃષ્ય બદલાઈ ગયું.

એકાએક ગર્જનાઓ બંધ પડી ગઈ. અને ઝાડીની પાછળ લપાતાં છુપાતાં એ હિંસક પશુઓ શિકારીઓ તરફ આવવા લાગ્યાં.

એવામાં ધડાધડ કોઈની બંદુકની ગોળીઓ છુટી અને એના પડઘાઓથી આસપાસની બીણો ગાજી ઊઠી. અને હિંસક પશુઓ પણ અવાજથી બિનજાઈને શિકારીઓ ઉપર આવતા દેખાયાં.

પણ શિકારીઓ પણ કંઈ કાચા પોચા નહોતા.



એક ક્ષણમાં તો શિકારીઓએ ઇશારતથી કોણે કોનો સામનો કરવો એ નક્કી કરી નાખ્યું અને બીજી જ ક્ષણે બંદુકો ધડાધડ ફૂટવા લાગી. શિકારીઓ આગેકદમ થયા. અને આ ચોપાસથી આવતા હુમલાથી હવે એ પ્રાણીઓ ગભરાઈ ગયાં. છતાંય બંને શિકાર અને શિકારીઓ એક બીજાને ઘેરવા મથી રહ્યા હતા.

રણવીર પણ પિસ્તોલ તાકી આ બધું જોતો હતો. રણવીરનું ટટ્ટુ થર થર કાંપતું હતું અને એક ડગલું એ આગળ ભરતું નહોતું. શિકારીઓ તો શિકારની ધૂનમાં આગળ જ ધપી રહ્યા હતા. પણ રણવીર પાછળ પડી ગયો હતો. હવે શું કરવું એ રણવીરને કંઇ સૂજે નહિ. એવામાં ટટ્ટુએ મોઢું ફેરવ્યું અને ભાગવા માંડયું. રણવીરને હવે વિચાર થઈ પડયો. ટટ્ટુ છોડીને શિકારીઓ સાથે જવું એય ઠીક નહોતું ત્યારે આ ટટ્ટુ તો આગળ જવા તૈયાર જ નહોતું.

આમ કેટલોય વખત ચાલ્યો ગયો. કોણ કયાં હશે એની કોઇને ખબર નહોતી. ઊડી ઊડી એ બીણોમાં થતાં બંદુકના અવાજો દૂર ને દૂર જતા સંભળાતા હતા. રણવીર એની ટોળીથી છૂટો પડી ગયો.

'હવે તો ચાલ, બધા ઘોડા રાખ્યા છે ત્યાં જાઉં'. રણવીરે વિચાર કર્યો.

રણવીર જંગલ છોડીને મેદાનમાં આવ્યો. પણ ઘોડાઓ કંઈ દેખાયા નહીં. માથાડૂબ ઘાસમાં એ બૂબ ઘુમ્યો પણ ઘોડાઓનો પત્તો લાગ્યો નહીં.

રણવીરની છાતી ધડ ધડ કરતી હશે ખરૂં ?

અરે, એ તો વજ્ર છાતીવાળા વીર માન-સિંહનો બેટો ! એનાં મ્હોં પર કયાંય ડર દેખાતો નહોતો–હા માત્ર એ વિચારમાં જરુર હતો.

"અંધારું થાય એ પહેલાં જ કોઈ આસરો શોધવો જોઇએ."

રણવીર વિચારવા લાગ્યોઃ 'આટલામાં કોઈ ઝાડ હોય તો ઉપર ચડીને તપાસેય કરું પણ આ ઘાસના મેદાનમાં કોઈ ઝાડ પણ કયાં દેખાય છે ?'

પણ એને એક તુક્કો સૂઝયો. એ ટટ્ટુની પીઠ ઉપર ઊભો થયો.

દૂર દૂર નમતા સૂરજના લાંબા કિરણો પડતાં દેખાતાં હતાં.

"અરે પેલા કાળાં કાળાં તે વાદળાં હશે કે ધુમાડાના ગોટા ? હા, ધુમાડાના ગોટા જ લાગે છે.... વાદળાં આમ હવાથી પથરાઈ ન જાય. હું તો ધુમાડો જયાં છે ત્યાં અગ્નિ પણ હોય ને અગ્નિ હોય તો ત્યાં માણસો પણ હોય જ."

આમ એના મનમાં એક પછી એક વિચારો આવવા લાગ્યા.

રણવીરે આ ધુમાડાની દિશા તરફ ટટ્ટુ વાળ્યું.

"અરે આ તો કોઈ મોટી કોઠીમાંથી ધુમાડો નીકળતો લાગે છે. અહીં કયાંય ઘર બર તો દેખાતું નથી ! આ શાની કોઠી હશે ! અરે આ તો એન્જિન ! અરે પણ એંજિન ને વળી આ મેદાનમાં ? ધુમાડો નીકળે છે તો એન્જિનમાં ડ્રાઇવર પણ હશે. પણ એંજિન અહીં શાનું ઉભું છે ? ચાલ, જઇને જોઇએ."

ટટ્ટુ લઈ રણવીર એંજિન પાસે ગયો. પણ કોઈ માણસ ત્યાં ન દેખાયો. રણવીર ટટ્ટુ ઉપરથી કુદકો મારી નીચે ઉતર્યો અને એંજિન ઉપર ચડયો અંદર પણ કોઈ નહોતું. બે ત્રણ ટોપાઓ અંદર લટકી રહ્યા હતા.

"પાણી ખૂટયું હશે એટલે જ એંજિન અહીં થોભ્યું હશે !"

રણવીરના મનમાં એક સરસ તુક્કો આવ્યો ને એની આંખો ચમકી ઉઠી;

એંજિનને સીટી હતી. એણે સીટી વગાડવાનો હાથો ખેંચ્યો.

'ટુ ઉં ઉં ઉં ઉં.....'

સીટી દસે દિશામાં ગાજી ઉઠી.

ડ્રાઇવર અને એના સાથીઓ નદી ઉપર ગયેલા. તેઓ સીટીનો અવાજ સાંભળીને ચકિત જ થઈ ગયા.

"અરે, આ તે કોણ પહોંચ્યું એંજિનમાં ?"

એ તો બધા પાણીના ડબ્બા ઉપાડીને દોડયા એંજિન તરફ.

રણવીરે ત્રણે માણસોને દૂરથી આવતા જોયા એને થયું: "ચલ આ લોકોની પણ જરા ગમ્મત ઉડાવું." રણવીર ચુપચુપ એંજિનના નીચેના ભાગમાં જઇને છુપાઈ બેઠો. ડ્રાઇવરે એંજિનમાં જઈ જોયું તો કોઈ ન મળે !

સંધ્યાકાળનો લાલ પ્રકાશ બધે પડતો હતો. એ લોકોએ એંજિનની ચારેબાજુ તપાસ કરી.

"સીટી કોણે વગાડી ? વાંદરાં બાંદરાં પણ કંઈ અહીં દેખાતાં નથી."

ત્રણે વિચારમાં પડી ગયા. એટલામાં

"બસ હાર ગયે ?" રણવીરે મોઢેથી હસતાં બૂમ મારી. ત્રણે જણ ચમકી ગયા. પણ પછી જ્યાં જુએ છે તો એક નવ દશ વર્ષનો છોકરો !

રણવીર કહેઃ 'રામ રામ કાકા, રામ રામ.'

"અરે ! તું કયાંથી અહીં ?"

રણવીરે પોતે કેવી રીતે ત્યાં આવી પડયો એની બધી વાત માંડીને કરી.

"શાબાશ રણવીર ! તું તો ભારે બહાદૂર છો." ડ્રાઇવર બોલ્યો.

'પણ તારા બાપ પણ તારી ગોતાગોત કરતા હશે.' એક સાથી બોલ્યો.

'આપણે અહીં મોટું તાપણું કરીને બેસીએ ત્રીજો બોલ્યો.

'હા, એ બરાબર, તાપણાનો પ્રકાશ જોઇને એ બધા શિકારીઓ અહીં આવશે. આપણે એંજિન અહીં જ રાખીએ.' ડ્રાઇવર બોલ્યો અને આગળ કહ્યુઃ

'રણવીર, ખાવાપીવાનું જોઇએ એટલું અમારી પાસે છે.'

'મારી પાસે બધું'ય છે.' રણવીર બોલ્યો.

તાપણું કરવામાં આવ્યું. અને એના જ પ્રકાશમાં સૌએ ખાવાપીવાનું કર્યું. અને મલક-મલકના ગપ્પાં મારતાં બધા બેઠાં.

રાતના બારેકનો સુમાર થયો હશે એવામાં ઢોલ પીટનારાના ઢોલ સંભળાવા લાગ્યા. રણવીર આનંદમાં નાચી ઉઠયોઃ

"ડ્રાઇવર સાહેબ, તમારી યુક્તિ બરાબર સફળ થઈ. મારા બાપુ આ બાજુ જ આવતા લાગે છે.'

અર્ધોક કલાક ગયો ને એ તાપણાંના ઝાંખા પ્રકાશમાં રણવીર અને તેના દોસ્તોએ ઘોડા ઉપર મારેલા સિંહ નાખી બધા શિકારીઓને એ તાપણા તરફ આવતા જોયા.

રણધીર દોડતોક ને પાછો એંજિનમાં ઘુસ્યો ને એણે કાન ફાડી નાખે એવી એંજિનની સીટી વગાડવા માંડી.

'પિતાજી !' એ જોરથી બૂમ પાડી ઉઠયો.

માનસિંહે રણવીર તરફ દોટ દીધી અને પોતાના બહાદુર બેટાને એ ઉંચકીને ભેટી પડયો. બધાય શિકારીઓ એક અવાજે બોલી ઉઠયાં.

"શાબાશ ! છોટા શિકારી શાબાશ !"



એક હતા ભાઇ બહેન
ભાઇનું નામ સૂર્યકાન્ત
બ્હેનનું નામ વસુન્ધરા.
સૂર્યકાન્ત બૂબ ક્રોધી અને ગરમ
એકવાર બન્ને લડી પડયા.
સૂર્યકાન્ત ચિઢાયો; એણે બેનને માર્યો ધક્કો
વસુંધરા ગબડતી ગબડતી નીચે આવી
સૂર્યકાંત ઉપર આકાશમાં રહી ગયો.
તો પણ તેનો ગુસ્સો નરમ થયો નહિ.
એણે ઉપર રહીને બળબળતો તડકો
પાડવાની શરુઆત કરી.
બળબળતો તડકો ને ભડભડતો તડકો
વસુંધરાના ડુંગરા દાઝી ગયા.
જંગલો બળી ગયા.
ઝાડપાન સુકાઇ ગયા.
વેલાઓ કરમાઇ ગયા.
નદી નાળા સુકાઈ ગયાં.
આટલો મોટો સમુદ્ર !
એ પણ ગરમ થવા લાગ્યો.
વસુંધરા ગુસ્સાથી ધુંઆકુંઆ થઇ ગઇ
ગુસ્સાની ગરમીને લીધે સમુદ્રમાંથી
વરાળ બહાર નીકળવા લાગી
વસુંધરા બોલી, "હવે આ સૂર્યને કંઈ
શિક્ષા કરીશ ત્યારે ખરી."
એણે વરાળને કહ્યું, 'વરાળ વરાળ
ઉપર ચઢ અને સૂર્યને બાફી કાઢ.
વરાળ નીકળી અરબી સમુદ્રમાંથી
વરાળ નીકળી બંગાળના સમુદ્રમાંથી
વરાળ નીકળી હિંદી મહાસાગરમાંથી
બધાં સમુદ્રમાંથી નીકળી.
રસ્તામાં મળી ટેકરી.
"વરાળ વરાળ ક્યાં ચાલી ?

વરાળ કહે : "ટેકરી ટેકરી.....
હું ઉપર જઉં છું સૂર્યને બાફી કાઢીશ.
ટેકરી તો ગભરાઇ ગઇ, પાસે આવીને
ઉપર ચઢવા લાગી.
રસ્તામાં મળ્યો ડુંગર, ડુંગરે પૂછ્યું,
"વરાળ વરાળ ક્યાં જાય છે'
વરાળે કહ્યું, "ડુંગર ડુંગર આઘો
ખસી જા જોઉં !
હું ઉપર જઉં છું, સૂર્યને બાફી કાઢીશ.
ડુંગર ગભરાયો, હવે સૂર્યનું શું થશે'
પણ વરાળ શાની સાંભળે ? એ તો હજી
જરા વધુ ઉંચે ચઢવા લાગી
હવે આડો ઉભો રહ્યો મોટો પર્વત
સૈહ્યાદ્રી અને હિમાલય.
પર્વતે પૂછ્યું, "વરાળ વરાળ ક્યાં જાય છે ?
વરાળ હવે ચઢી ચઢીને થાકી હતી
સૂર્યનો તો પત્તો જ નહોતો. તો પણ
જોરમાં કહેવા લાગી, "પર્વત પર્વત
તું બાજુમાં ખસી જા.
હું ઉપર જઉં છું, સૂર્યને બાફી કાઢું છું"
ઓહો ! તો પછી અજવાળું કોણ આપશે
"મને ખબર નથી" એમ કહીને
ફરી ઉપર ચઢવા પ્રયત્ન કરવા લાગી.
એટલે તરત પર્વતનું એક શિખર આડું
આવ્યું.

બીજું આડું આવ્યું, ત્રીજું આવ્યું.
કોઈ ઉપર જવા દે ના.
વરાળના પગ તો એકદમ થાકી ગયા હતા.
થાક અને ક્રોધથી એ એકદમ.....
ક ડ.....ક ડ ગ ડ.....ગડ ચીસો
પાડવા લાગી.

નીચેથી વસુંધરાએ અવાજ સાંભળ્યો.
એને બીક લાગી, થયું છે શું'
એના શરીરની આગ થતી હતી.
તો પણ હવે એને દુઃખ થવા લાગ્યું.
સૂર્યકાંતને ખૂબ દુઃખ થયું છે કે શું :
એણે ધીમેથી ઉપર જોયું. અરે ત્યાં તો શું!
સૂર્ય દેખાતો જ નહોતો.
કાળાં કાળાં મોટાં વાદળાં
થયું ! સૂર્યને વરાળે ઢાંકી દીધો લાગે છે.
ગુંગળામણથી એજ ધુમ્મો પાડે છે.
ગડ ગડ ગડ કડ કડ કડ.
વસુંધરાનું મોઢું સુકાઈ ગયું
એટલી વારમાં.....
નદો વ્હેવા લાગ્યા, વાવ ઉભરાઇ ગઇ
જંગલો લીલાછમ થઇ ગયા.
ચાર મહિના થયા અને એક દિવસ
સૂર્ય આકાશમાં આવીને ઉભો રહ્યો.
બહેનની સામે જોઇને હસવા લાગ્યો.
વસુંધરાનો ક્રોધ પણ ક્યાંય ક્યાંય
ભાગી ગયો.
વસુંધરા ખડખડ હસી.
લીલી સાડી પહેરી ફૂલો લઇને
ભાઇબીજને દિવસે ભાઇને વધાવવા ચાલી.



કાલિદાસને પાછા લાવ્યા

તારાબેન મોડક

રાજા ભોજ બહુ રસિક ચતુર રાજા હતા. એના દરબારમાં નવ પંડિતો નવ રત્ન કહેવાતાં હતાં. અને કાલિદાસ તો આ રત્નોમાં મુકુટમણિ ગણાતા.

કાલિદાસ સૌ કવિઓના મિત્ર હતા. નેતા હતા. કવિઓની દુર્દશા એનાથી જોઈ જાય નહિ. એણે એકવાર રાજા ભોજને એક સલાહ આપી અને રાજા ભોજનેય એ પસંદ પડી.

રાજાએ આખા રાજ્યમાં ઢંઢેરો પીટાવ્યો કે "જે કોઈ કવિ નવિન કાવ્ય કરી લાવશે તેને હજાર સોનામ્હોર ઇનામ આપવામાં આવશે.'

કવિઓ ખૂબ આનંદ પામ્યા.

આથી રાજ્યમાં અનેક નવિન નવિન કવિતાઓ થવા લાગી. અને અનેક કવિઓને સોના મ્હોરો મળવા લાગી. કવિઓ તો ખૂબ સુખ ચેનથી રહેવા લાગ્યા.

આથી કાલિદાસને પણ ખૂબ સંતોષ થયો.

પણ એકવાર એવું બન્યું કે ભોજરાજા ને કાલિદાસ વચ્ચે વાદવિવાદ જામ્યો. અને એમાં રાજા ભોજ ખૂબ ક્રોધમાં આવીને કાલિદાસને રાજ્યમાંથી દેશનિકાલ કર્યો.

દેશનિકાલ કરતાં તો કરી દીધાં, પણ પછી રાજાને ઘણો પસ્તાવો થાય. કાલિદાસ જેવા રસિક, ચતુર કવિ; ભોજ જેવો ગુણી રાજા. કોની સાથે વિનોદ કરે? કોની સાથે મશ્કરી ઉડાવે? કોની સાથે ચર્ચા કરે?

રાજાને કંઈ ગમે નહીં. કામકાજમાં પણ જીવ લાગે નહીં.

હવે તો કોઈ રીતે કાલિદાસને બોલાવવા એમ રાજાને થયા કરે. પણ ગોતવા ક્યાં?

રાજાએ દશે દિશાએ માણસો તપાસ કરવા મોકલ્યા. પણ કાલિદાસનો પત્તો લાગે નહીં.

રાજા મનમાં વિચાર કરે: 'આ કાલિદાસ તે ક્યાં છુપાઈ બેઠો હશે? આને તે શોધવો કેમ?'

પણ રાજાય હતો ભોજ રાજા. એય કંઈ અક્કલમાં ઓછો નહોતો. એણે એક યુક્તિ શોધી કાઢી.

રાજાએ વિચાર કર્યો:

'કાલીદાસને કવિઓનું ખૂબ દાઝે છે એટલે જો આ કવિઓને કંઈ દુઃખ પડયું તો કાલિદાસ દોડતો આવી પહોંચશે. એટલે આ કવિઓને પૈસા ન મળે એવું કરવું.'

રાજાએ તો તરત કર્યો ઉપાય.

કાશીથી મોટા પંડિતો બોલાવ્યા. એક પંડિત એવો કે જે કંઈ એકવાર સાંભળે એ એને હૈયે રહી જાય, બીજો એવો કે બે વાર સાંભળે એટલે યાદ રહી જાય. ત્રીજો ત્રણ વાર ને ચોથો ચાર વાર સાંભળે એટલે યાદ રહે.

એવા આ ચાર પંડિત દરબારમાં બેસે.

કોઈ કવિ નવી કવિતા બોલે એટલે રાજા આ પંડિતોને પૂછે:

'કેમ પંડિતજી, આ તો કંઈ નવી કવિતા નથી લાગતી. આ તો સાંભળી છે.'

તરતજ પહેલો પંડિત જવાબ આપે:

'હા મહારાજ, આ તો જુની છે. આ તો મનેય યાદ છે. આ તો હું નાનો હતો ત્યારે જ શીખેલો."

એમ કહીને એ આખી કવિતા બોલી જાય. એને તો એકવાર સાંભળે એટલે યાદ રહેતી હોય!

ત્યાં તો બીજો પંડિત પણ કહે:

'હા મહારાજ. આ તો મનેય યાદ છે.' એ બે વાર સાંભળે એટલે એનેય યાદ રહી જાતી હોય. એટલે એ પણ બોલી જાય.

ત્રીજો પણ ત્રણ વાર સાંભળે અને બોલે ચોથો ચાર વાર સાંભળે એટલે પઢી જાય !

આમ પેલા કવિની ઠેકડી ઉડાવે અને કંઈ પણ આપ્યા વગર રાજા એને બહાર કાઢે.

આ ચાર પંડિતોને કારણે હવે તો કોઈ કવિતા નવી ઠરે નહીં. અને એટલે કોઇને ઈનામ મળે નહીં. ગમે તેવી અઘરી કવિતા છોને હોય આ પંડિતો તરતજ બોલી જાય.

આમ કરતાં કરતાં છ મહિના થઈ ગયા. કવિઓ બિચારા ફરી દરિદ્ર થઈ ગયા.

પણ કાલિદાસ કંઈ દેખાયા નહીં.

રાજાને ચિંતા થાય. ?

'કાલિદાસ કેમ આવતો નથી ? મારી આ યુક્તિ ફોકટ જશે કે શું ? આ બિચારા કવિઓ દુઃખી દુઃખી થઈ રહ્યા છે.'

કવિઓ પાસેથી બધું સાંભળી લીધું. એ બધુ સમજી ગયા:

'આ પંડિતો મોટા શ્રુતિધર લાગે છે,'

એણે એક યુક્તિ કાઢી:

'કવિરાજ, તમે કાલ દરબારમાં જાઓ. હું એક કવિતા કરી આપું છું તે બોલજો. કોઈની દેન નથી કે તમારી કવિતાને જુની કહે. પણ જે ઈનામ મળે તે તમારું એકલાનું નહીં. સૌ મળીને વહેંચી લેજો.'

બધા કવિઓ કબુલ થયા.

રાજાનો દરબાર ભરાયો છે.

પ્રતિહારીએ જાહેર કર્યું કે એક કવિ નવી કવિતા લાવ્યા છે.

રાજાને ખૂબ આનંદ થયો. 'ઘણેય દિવસે આજ નવી કવિતા સાંભળવા મળશે.'



કવિઓ તો હવે નિરાશ થઈ ગયા. ન કોઇ કવિતા કરે છે. ન કોઈ પુસ્તક વાંચે છે. ન કોઈ પોથી લખે છે. કાવ્ય, સંગીત બધુંય બંધ થઈ ગયું. રાજાએ લાખ સોના મ્હોરનું ઈનામ રાખ્યું તોય કોઈ કવિતા કરતું નથી !

આ બાજુ રહેતાં રહેતાં કાલિદાસને કાને આ વાત પહોંચી. એનાથી આ કવિઓનું દુઃખ કેમ જોયું જાય ! એ તો ગુપ્ત વેશમાં આવી પહોંચ્યા.

એક બાજુ પેલા ચાર પંડિતો તૈયાર થઈને બેઠા છે. ગામના સૌ કવિઓ, વિદ્વાનો, સંગીતકારો, કલાકારોની પણ ભીડ જામી છે. અને આ ભીડમાં છૂપા વેશે કાલિદાસ પણ ઘુસીને છુપાઈ બેઠા છે.

કવિએ કવિતા ગાઈ.

આખો દરબાર ચુપ થઈ ગયો.

રાજા અને પંડિતો મુંઝાઈ ગયા.

એક પંડિત માથું નીચું કરી ગયેા. ચારે પંડિત એકમેકનું મ્હોં જોયા કરે.

કવિતામાં શું હતું બબર છે ?

કવિતામાં હતું કે 'હે રાજા, તારા પિતાએ બમારા પિતા પાસેથી એકવાર સેા બબજ સેાના મહેારેા ઉછીની લીધી છે. અને એ હજુ પાછી કરી નથી. તારા જેવા નીતિવાન રાજા પિતાનું ઋણ રાખી પિતાના આત્માને ત્રાસ દીયે એ બહુ બરાબ કહેવાય. માટે હે રાજા ! તું આટલું નાનકડું કરજ હવે ફેડી દે !'

શું બેાલે પંડિતેા ?

જો એમ કહે કે 'હા આ કવિતા જુની છે તેા રાજા માથે સેા બબજ સેાના મહેારનું કરજ ચેાટે ! ને નથી એમ કહે તેા લાખ સેાના મહેારનું ઈનામ આપવું પડે !'

રાજા પણ સમજી ગયેા. પણ એને તેા પંડિતને પૂછવું જ જોઇએ !

રાજા બેાલ્યા:

'હે વિદ્વાન પંડિતેા તમારેા શેા અભિપ્રાય છે ?'

એક પંડિત મુંઝાતેા બેાલ્યેા:

'મહારાજ, આ કવિતા તેા અમે કદિય સાંભળી નથી. આ તેા બિલકુલ નવીજ લાગે છે.'

રાજા હસી પડયા. એણે પ્રધાનને બેાલાવી કવિને લાખ સેાના મહેારેા અપાવી.

ચતુર રાજા આનંદમાં આવી ગયા. એણે એ કવિને પાસે બેાલાવ્યેા. અને પૂછયું:

'કવિરાજ, આ કવિતા નવી એ કબુલ. પણ આ કવિતા તમારી નથી. જેણે બનાવી હેાય તેને મારી પાસે લાવેા. આ કવિતા બીજા કેાઈની નહીં, આ કાલિદાસનીજ છે. સાચું કહેજો કવિરાજ. એમાં ગભરાવાનું કંઈ કારણ નથી. આજ મહિનાઓ થયા આપણા દરબારનેા મુકુટમણિ બેાવાયેા છે. એને લાવી આપેા. હું તમારી બધીય જુની કવીતાઓના ઈનામેા પણ તમને આપીશ.

રાજાનેા કાલીદાસ માટેનેા આવેા પ્રેમ રાજાના અવાજમાં દેખાઈ આવતેા હતેા. હવે કાલીદાસથી ન રહેવાયું. કાલીદાસ પેાતેજ પેાતાને સ્થાનેથી ઉઠી રાજા પાસે આવ્યા.

રાજા ભેાજે દૂરથી કાલીદાસને જોયા કે પેાતાના સિંહાસનેથી ઉઠીને સામે આવ્યા અને કાલીદાસને ભેટી પડયા.

આખેા દરબાર આનંદના પેાકારેાથી ગાજી ઉઠયેા. કવિઓ, વિદ્વાનેા, કલાકારેા, આખી પ્રજાનેા આનંદ ઉભરાવા લાગ્યેા.

કાશીના મહાન પંડિતેા પણ કાલીદાસ પાસે આવ્યા અને કહ્યું.

'મહાકવિરાજ ! આજનેા દિવસ ધન્ય થયેા. આખર મહારાજની આપને શેાધી કાઢવાની યુક્તિ ફળી–અને અમારૂં કામ પણ પુરું થયું.

પણ રાજાએ એ પંડિતેાને પણ પેાતાના રાજયમાં રાખી લીધા.

આખા રાજયમાં આનંદ આનંદ થઇ રહ્યેા.

ઢબકુ ઢબકુ ઢોલ વાગે, વાગે જોડ નગારાંની
આસાનો દુર્ગો ન હોતે, સુન્નત થાતે જન સારાની

||
ચુનિલાલ વ. શાહ.

દિલ્હીમાં ત્યારે ઔરંગજેબ બાદશાહ અને જોધપુરમાં ત્યારે જશવંતસિંહ. મહારાજ જશવંતસિંહને એક સરદાર

સરદારનું નામ આસકરણ રાઠોડ.

આસકરણને બે બૈરી.

એક માનીતી અને બીજી અણમાનીતી.

આસકરણ તો માનીતી સાથે જોધપુરમાં રહે.

અને અણમાનીતી બિચારી લુણાવા ગામે એકલી રહે.

એને એક દીકરો. દીકરાનું નામ દુર્ગો. મા ગામનાં કામ કરે ને દીકરાને મોટો કરે.

ગમે તેવી ગરીબ તો ય મા રજપુતાણી. એ કંઈ દુઃખ દેખી રડી પડે એવી નહોતી. એ તો દીકરાને રજપુતને છાજે એમ ઉછેરે.

દીકરો દુર્ગો મોટો થયો. અને જોધપુર શાહુકારની જમીન ખેડી ગુજરાન ચલાવવા લાગ્યો.

એકવાર દુર્ગો ખેતરમાં હોલાં ઉડાડતો હતો ત્યાં જુએ છે તો ખેતરમાં રાયકો પેઠો. રાયકાની પાછળ હારનીહાર સાંઢણિઓ.

આ સાંઢણિઓ ખેતરમાં પડે તો તો ખેતરનો પાક ખૂંદી જ નાખે !

'એલા એય રાયકા, એમ કયાં ચાલ્યો ? જોતો નથી પાક ઉભો છે તે ?'

દુર્ગો તો દોડયો રાયકા તરફ હાથમાં મોટી કડિયાળી ડાંગ લઇને.

પણ રાયકો તો અભિમાનનું પુતળું. કેમ ન હોય અભિમાન ? સાંઢણિયો હતી જોધપુરના સરદારની. પછી તો રાયકો શાનો સાંભળે ?

એ તો જાણે કોઈ નાનું કૂતરું ભસતું હોય ને હાથી ચાલ્યો જાય એમ ખેતરમાં આગળ વધ્યો.

'એલા જોતો નથી, આંધળો છે ! આ તારી સાંઢણિયો મારો પાક ખૂંદવા લાગી.'

એમ કહેતોકને દુર્ગો ડાંગ લઇને ફરી વળ્યો.

રાયકાનો મિજાજ ગયો.

'એલા એ છોરા, તારું મોત ગંધાતું લાગે છે.'

'ભોત છો ગંધાય. પણ મારા ખેતરમાંથી જવા દઉ તો હું દુર્ગો જ નહિ !

રાયકો મૂછે તાવ દેતો બોલ્યો :

'એલા વેંતીયા, તું ઓળખે છે હું કોણ છું તે ?'

'તું ભલે ને ચમ્મરબંધીનો ગગો હોય તેથી શું ? એટલે શું તું મારી બાર મહિનાની મહેનતનું પાણી કરી નાખે ?' દુર્ગો તાડુકી ઉઠયો.

રાયકો પણ વિશેષ મિજાજથી બોલ્યો : 'એલા સાંભળજે, આ તું કોની સામે થાય છે તે ? આ સાંઢણી છે સરદાર કુંવરસિંહની. કોઇ રેંજીપેંજીની નથી. સમજ્યો ? આ તું સિંહની સાથે બાથ ભીડે છે.'

'તે શું થયું ? મારો શેઠ રાજમલ પણ કંઇ રેંજીપેંજી નથી.' દુર્ગાએ સામે કહ્યું.

'હવે જોયો તારો રાજમલ. અરે એવા ધનપતિઓના ધોળા ઢુંઢા તો મારા સરદારને ઘેર ઝાડુ મારે છે.

'એલા મારા શેઠને ગાળ કાઢે છે ?'

દુર્ગાનો ગુસ્સો હાથ ન રહ્યો. એના હાથની ડાંગ હવામાં વીંઝાઈ ગઇ અને જાતીકને પડી રાયકાની ટાંગ ઉપર. રાયકો ધબ્બ દઇને પટકાયો ધરતી પર. પણ એને હજુ કળ વળે તે પહેલાં જ દુર્ગાએ બીજી ફટકારી રાયકાની કેડ ઉપર. કમર ભાંગી ગઈ ને રાયકો બેભાન થઈ ગયો.

દુર્ગાએ સાંઢણિયોને હાંકી કાઢી. સરદારે જોધપુર મહારાજા પાસે ફરિયાદ કરી :

'મહારાજ મારા રાયકાને લુણાવાના દુર્ગાએ મરણતોલ માર માર્યો.'

મહારાજ બોલ્યા : 'એ દુર્ગો કોણ છે ? લાગે છે કોઈ માથા ભારે !'

ત્યાં એક સરદાર બોલ્યો :

'મહારાજ, એ દુર્ગો એ આપણા સરદાર આસકરણનો દીકરો.'

'એમ ? ત્યારે બોલાવો આસકરણ સરદારને. આસકરણ રાઠોડે આવીને મહારાજને પ્રણામ કર્યા.

'આસકરણ રાઠોડ, આ તમારા દીકરાએ સરદાર કુંવરસિંહના માણસને મરણતોલ માર્યો.'

આસકરણ બોલી ઉઠયા :

'નહિ મહારાજ, મારા દીકરા તો બધાય અહીં જોધપુરમાં આપની નોકરી કરે છે, મારો લુણાવામાં કોઈ દીકરો છે નહિ.'

મહારાજાએ લુણાવાથી દુર્ગાને બોલાવી મંગાવ્યો.

'એલા તેં રાયકાને આવો કેમ માર્યો ?'

'મહારાજ, શું કરું ? રાયકો મારા ખેતર સોંસરો સાઢણીઓ કાઢતો'તો. મહારાજ મારી બાર મહિનાની મહેનત ઉપર પાણી ફેરવતો'તો. પણ એય ઠીક. પણ મહારાજ એણે અમારા રાજમલ શેઠને ધોળા ઢુંઢા કરીને ગાળ કાઢી. મહારાજ, એમ મારવાડના મહાજનને એટલો રાયકો ધોળા બવીશ કહે એ કેમ સહેવાય ? એટલે જ મેં એને માર્યો.,

મહારાજ તો છોકરાની વાત કરવાની રીતથી ચકિત થઇ ગયા. એમને થયું કે છોકરો ભારે તેજસ્વી લાગે છે.

'એલા તું કોનો દીકરો ?'

'આસકરણ રાઠોડનો, મહારાજ'

આખો દરબાર ચમકી ગયો. આસકરણ રાઠોડનું મ્હોં ગુસ્સાથી લાલ લાલ થઈ ગયું.

'કેમ રાઠોડ, તમે તો કહેતા'તાને કે લુણાવામાં તમારો કોઈ દીકરો નથી ?'

મહારાજાએ પૂછયું:

'આવા નાલાયક કપૂતને હું મારો દીકરો જ નથી ગણતો. મહારાજ.'

'એ તમારી ભૂલ છે આસકરણજી, છોકરો ભારે બહાદુર છે. મારવાડનું નાક રાખે એવો છે.

અને દુર્ગા તરફ ફરતા મહારાજ બોલ્યા:

'શાબાશ દુર્ગા, શાબાશ. તું ખરો રાઠોડ બચ્ચો છે. આજથી તું અહીં મારી પાસે જ રહે.'

એજ ઘડીથી મહારાજાએ દુર્ગાને પોતાની પાસે રાખી લીધો.

અને એજ છોકરો તે ઇતિહાસમાં પ્રસિદ્ધ વીર દુર્ગાદાસ રાઠોડ.

એ જ વીર દુર્ગાદાસે ત્રીશ ત્રીશ વરસ સુધી ઔરંગઝેબ સામે યુદ્ધ ચલાવેલું. અને એ દુર્ગાદાસ હિંદુઓનું રક્ષણ કર્યું.

મારવાડમાં આજે ય ગવાય છે:

ઢબક ઢબક ઢોલ વાગે, વાગે જોડ નગારાંની
આસાનો દુર્ગો ન હોત, સુન્નત થાતે જનસારાંની

આસકરણનો દીકરો દુર્ગાદાસ ન જન્મ્યો હોત તો ઔરંગઝેબના જુલમથી બધા હિંદુ વટલાઇને મુસલમાન થઈ જાત.

અવાજ નહિ! તે ઉંઘે છે!

ગઇ કાલે આ બાળક ત્રાસજનક
ખાંસીથી પીડાતું હતું. આજે ત્વરાકોડિન
ડ્રપ વપરાવા આપવાથી તેને
સંપૂર્ણ રાહત મળી. હવે તે ઘસઘસાટ ઉંઘે છે.

ત્વરા ય કો ડિ ન
ડ્રપ્સ વપરાવો

એવેન્સિસ કેમિકલ વર્કસ પ્રા. લિ., વડોદરા, ૩.

EVEREST GUV. 53.36

મરઘી અને કૂતરો

–જયંત બક્ષી.

એક મરઘી અને તેનાં બે બચ્ચાં વાડામાં રહેતાં હતાં. એક દિવસ તેમને બહાર ફરવા જવાનું મન થયું. વાડાની બહાર સીધો રસ્તો હતો. રસ્તાને છેડે ઘાસનું મેદાન હતું. ઘાસના મેદાનમાં જવાનું તેમણે નક્કી કર્યું.

અને તેઓ તો ઉપડ્યા.

જેવાં બહાર નીકળ્યાં તેવોજ બદામી રંગનો એક નાનકડો કૂતરો તેમની પાછળ દોડ્યો! 'વ્હાઉ વ્હાઉ–વ્હાઉ' કૂતરો ભસતો હતો.

મરઘી અને તેનાં બચ્ચાં તો ગભરાઇ ગયાં. જેને જેમ ફાવ્યું તેમ દોડી ગયાં. ત્રણે જુદી જુદી દિશામાં દોડી ગયા.

કૂતરો ચટપટીને ચાલ્યો ગયો. કૂતરો ચાલ્યો ગયો એટલે મરઘી બહાર આવી.

"કૂક-કૂક-કૂક" મરઘીએ બચ્ચાંને બોલાવ્યાં: "અહીં મારી પાસે ચાલ્યા આવો."

મરઘી અને તેનાં બચ્ચાં બરોબરનાં બીધાં. આંખો મીંચીને જીવ બચાવવા ગમે તેમ નાઠાં. મરઘી ગઇ દક્ષિણમાં, એક બચ્ચું ગયું પશ્ચિમમાં તો બીજું દોડ્યું પૂર્વમાં.

કૂતરો ચટપટીને ચાલ્યો ગયો એટલે મરઘી બહાર આવી.

"કૂક-કૂક-કૂક" મરઘીએ બચ્ચાંને બૂમ મારી: "અહીં મારી પાસે આવો."



માનો સાદ સાંભળી બચ્ચાં દોડી આવ્યા. એક આવ્યું પશ્ચિમમાંથી; તો બીજું આવ્યું પૂર્વમાંથી.

"પીન-પીન-પીન" બચ્ચાં બોલ્યાં: "અમે આ રહ્યાં."

ત્રણે આગળ ચાલવા માંડ્યાં.

થોડુંક ચાલ્યાં હશે અને ફરી કૂતરો દોડી આવ્યો. 'વ્હાઉ-વ્હાઉ-વ્હાઉ' કૂતરો ભસ્યો.

પશ્ચિમમાંથી એક બચ્ચું દોડતું દોડતું આવ્યું. બીજું આવ્યું પૂર્વમાંથી.

"પીન-પીન-પીન" બચ્ચાં બોલ્યાં: "અમે આ રહ્યાં."

અને તેઓ આગળ ચાલ્યાં. થોડેક ગયા અને ફરી પાછો કૂતરો દોડી આવ્યો.

'વ્હાઉ--વ્હાઉ–વ્હાઉ" કૂતરો ભસ્યો.



કૂતરાનો અવાજ સાંભળતાંજ બચ્ચાં નાઠાં. બન્ને જુદી જુદી દિશામાં દોડી ગયાં.

પણ આ વેળા મરઘી નાઠી નહીં. તે તો ઊડીને કૂતરા પાસે ગઇ. ચાંચ વડે કૂતરાનું નાક કરડી ખાધું.

"ઉ-ઉ-ઉ" કૂતરાંથી રડી દેવાયું. રડતો રડતો તે ઊભી પુંછડીએ ઉત્તરમાં નાઠો. પાછું વળીને જુએ છે જ કોણ!

"કૂક-કૂક-કૂક" મરઘીએ બચ્ચાંને બોલાવ્યાં. "અહીં મારી પાસે આવો"

એક બચ્ચું પશ્ચિમમાંથી દોડી આવ્યું તો બીજું બચ્ચું પૂર્વમાંથી.

"ચીન-ચીન-ચીન" બચ્ચાં બોલ્યાં: "અમે-આ રહ્યાં."

પછી મરઘી અને તેનાં બચ્ચા આગળ ચાલ્યાં. આ વેળા કૂતરો તેમની પોછળ પડયો નહીં.

* * *



નૂતન વર્ષાભિનંદન
અને
હાર્દિક સુભેચ્છાઓ
સ્વસ્તિક ઑઈલ મિલ્સ લી. વડાલા, મુંબઇ

સોનેરી કાયદો

.. શ્રી. બળવંતભાઈ મહેતા.

રમણ હતો નાનો પણ એ ભણવામાં હોંશિયાર, રમવામાં હોંશિયાર, અને કામકાજ કરવામાં પણ હોંશિયાર હતો. શાળામાં એ વિદ્યાર્થીઓ અને શિક્ષક બધાનો પ્રિય હતો.

એની સાફ સુઘડ ચોપડી જોઈને કોઈકુ વખત શિક્ષકને પણ એની ચીવટ અને સ્વચ્છતાના શોખની પ્રશંસા કરવાનું મન થઈ જતું.

એના સાદા છતાં સ્વચ્છ કપડાં જોઈને વિદ્યાર્થીઓ એની બાજુમાં બેસવાનું પસંદ કરતા.

એના મોતીના દાણા જેવા ચમકતા અને દૂધ જેવા સફેદ દાંત તેમજ હસતો ચહેરો જોઈને એની સાથે ગુસ્સે થવા આવનારનો પણ ગુસ્સો ઉતરી જતો.

એના મરોડદાર અને આંખમાં ખૂંપી જાય એવા સુંદર અને સુવાચ્ય અક્ષરો જોઈને પરીક્ષકને પણ એનું લખાણ જોઈને બે માર્ક વધારે આપવાનું મન થતું.

સ્પષ્ટ છતાં શાંતિપૂર્વક અને કર્ણમધુર લાગે એવી એની મીઠી વાણી સાંભળીને ભલભલા એના તરફ આકર્ષાતા. એનામાં નમ્રતા ભારોભાર હતી.

પણ એક દિવસ એવું બન્યું કે સતીશ નામના વિદ્યાર્થીથી ચિત્ર જોવા જતાં એની ચોપડીનું એક પાનું ફાટી ગયું. આથી એ ગુસ્સે થઇ ગયો અને એણે કહ્યું કે આ સતુડિયો તો આવો જ છે. સતીશને બધાની વચ્ચે આવું કહ્યું તેથી બહુ માઠું લાગ્યું. એણે પણ આવેશમાં કહ્યું કે બેસ બેસ રતણી. જા તારાથી થાય તે કરી લે, આટલું બોલીને એ તો નાસી ગયો. પછી તો એ જ્યારે મળે ત્યારે રમણને રમણી કહીને બીજવે.

આથી રમણ અકળાયો. એને રમણી કહીને બોલાવે એ ગમતું નહોતું. પણ શું કરવું એ સૂજતું નહોતું.

રમણના એક દોસ્તે એને કહ્યું કે તું એને સતુડી કહેને. બીજા એક મિત્રે કહ્યું કે ચાલ આપણે બધા ભેગા થઇને એને મારીએ, પણ રમણે તો એની ફરિયાદ શિક્ષક પાસે રજુ કરી. શિક્ષકે પૂછ્યું તને ક્યારથી એણે આવું કહેવા માંડયું ? અને શા માટે ? રમણે ચોપડીનું પાનું ફાડયાની તથા સતુડિયો કહ્યાંની બધી વાત શિક્ષકને કહી સંભળાવી. એટલે શિક્ષકને બધી વાતની સમજણ પડી ગઈ. રમણે અને બીજા વિદ્યાર્થીઓએ આપેલી સલાહની

વાત પણ કહી બતાવી. આ સાંભળીને શિક્ષક સ્હેજ હસ્યા અને કહ્યું તું એને મારીશ તો એ તને મારશે. તમે બે ચાર જણ હશો તો એ નાસી જશે. કદાચ માર ખાશે પણ પાછો તુંકારાથી જ બોલાવશે તો તું શું કરીશ ? રમણ મુંગો થઇ ગયો. તું એને સતુડી કહીશ એથી કાંઈ તું રમણ કે રમણભાઈ થયો ?

રમણ વિચારમાં પડી ગયો કે એ વાત ખરી. હું એને સતુડિયો કહીશ એથી એ મને રમણભાઇ તો નહિ જ કહેવાનો. એણે શિક્ષકને સવાલ પૂછ્યો "પણ એ મને રમણી રમણી કહે છે એનું શું ?"

શિક્ષકે કહ્યું એનો હું તને ઉપાય બતાવું. પહેલું તો એ કે એ તને રમણી કહે ત્યારે તું બિલકુલ ખીજવાનું છોડી દે. બીજું તું એની દોસ્તી કર અને ત્રીજું તું એને માનથી બોલાવ એ તને જરૂર માનથી બોલાવશે. હું કહું છું એના ઉપર તું વિચાર કરજે હું તને કહું છું કે મારો આ ઉપાય રામબાણ છે." રમણ વિચાર કરવા લાગ્યો. એણે નિશ્ચય કર્યો કે શિક્ષક કહે છે એ પ્રમાણે કરી તો જોવું પણ એની મુંઝવણ એ હતી કે સતીશ સાથે આવી વઢવાઢ થયા પછી ભાઇબંધી શી રીતે કરવી ?

પણ બન્યું એવું કે તે દિવસે સાંજે બધા નિશાળેથી છૂટયા એ વખતે સતીશ પણ દોડતો દોડતો જતો હતો ત્યાં એનો પગ નજીકમાં બાંધેલા ચિયાના કાદવમાં ખસ્યો, અને એ પડયો. એના કપડાં પલળી ગયાં. એની ચોપડીઓ પણ કાદવમાં ખરડાઈ. આજુબાજુનાં બધા છોકરા ઉભા ઉભા હસવા લાગ્યા. એટલામાં એક છોકરો બોલ્યો એ તો એજ લાગનો છે. બધાંને પજવે છે. એ તો સારું થયું.

રમણ નજીકમાંથી જ જતો હતો. એણે સતીશની પડી ગયેલી ચોપડીઓ એકઠી કરવામાં મદદ કરી. પોતાના રૂમાલથી લુંછી એણે કહ્યું કે સતીશ ચાલ મારા ઘરે. હું તને મારા સારા લુગડાં આપું. એ બદલીને તું તારે ઘેર જા. તારું ઘર દૂર છે. પાછળથી એ મોકલી આપજે.

રમણના આ વાક્યથી સતીશ આભોજ બની ગયો. એણે કહ્યું 'ના રમણ હું તો ઘરે જ જઇશ' રમણનું ઘર નજીક આવ્યું ત્યાં ફરી રમણે આગ્રહ કર્યો. એટલે સતીશે એનું કહ્યું માની લીધું. રમણના ઘરમાં જઇને ધોયેલી સારી ચડ્ડી એણે બદલી લીધી અને હસતે મોઢે રમણનો મનમાં આભાર માનતો એ ઘેર ગયો.

ત્યારબાદ સતીશે કદી રમણને રમણી નથી કહ્યું. એટલું જ નહિ પણ એ એનો જીગર દોસ્ત બની ગયો.

એક દિવસ રમણે એના શિક્ષકને જઇને કહ્યું : સાહેબ તમારી વાત સાચી પડી. મેં તમારું કહ્યું કર્યું, એથી સતીશ મારો પાકકો દોસ્ત થઈ ગયો.

શિક્ષકે કહ્યું કે દુનિયાનો આ જ "સોનેરી કાયદો" છે, જેવું જોઇતું હોય તેવું બીજાને આપવું. માન જોઇતું હોય તો માન આપવું, પ્રેમ જોઇતો હોય તો પ્રેમ આપવો. "જેવું કરશો એવું પામશો"

થોમસ એડીસન

રમેશ કોઠારી



આજથી સો વરસ પહેલાંની વાત છે. સાવ સાચી વાત. પેલી રાજકુંવર જેવી ગપ્પાબાજી નથી. પણ વાતમાં રંગ જામી જાય છે.

દૂર દૂર આવેલા અમેરિકા દેશમાં સો. વર્ષ પહેલાં એક છોકરો રહે. બધાંને એ ભારે તોફાની લાગે. પણ એ બિચારાને જાત જાતની વસ્તુઓ જાણવામાં મઝા પડે.

એકવાર એ નદીએ ગયેલો. નાવડી જોવામાં એ લીન થઈ ગયેલો. નાવડી જેમ કિનારા પાસે આવે તેમ તેમ એ પણ આગળ ધપે. જોવાની ધુનમાં ને ધુનમાં એ એટલો વધ્યો કે ધડમધુમ લઈને કિનારા ઉપરથી નદીમાં પડયો. સારું થયું કે એને કોઇએ બચાવી લીધો.

વળી એક દિવસ એને થયું કે આ ઘાસ કેવી રીતે બળતું હશે? એ તો ઉપડયો ઘાસની ગંજી પાસે. લગાવી એમાં આગ.

આવા છોકરાને લોકો તોફાની ના કહે તો બીજું કહે પણ શું?

બાર વર્ષની ઉંમરે તો એણે પોતાનો આગલો ધંધો શરૂ કર્યો. એક રેલગાડીમાં એ છાપાં અને બાટીમીઠી પીપર વેચતો. મઝાની વાત તો એ છે કે એણે ગાડીમાં જ એક નાનું છાપખાનું ગોઠવેલું. સ્ટેશને સ્ટેશને એ છાપું વેચે ને સમાચાર ભેગા કરે. શોધખોળનો શોખ એને ભારે. છાપખાનાની પાસે એક પાટીયા પર જાત જાતની દવાઓ રાખે. વખત આવે કે એ તરત અખતરા કરવા માંડે. એક દિવસ ગાડીમાં બેઠો હતો. ને ગાડીના ડબ્બા જોડાય. ગાડીના ડબ્બા તે દિવસે જરા જોરમાં અથડાયા. એ છોકરાની પેલી શીશીઓ પાટીયા પરથી ધક્કાને લીધે પડી ગઈ. બે એવી દવાઓ ભેગી થઈ કે આગ પેદા થઇને આખો ડબ્બો સળગ્યો. આખી આગગાડી લોકોએ સળગતી બચાવી પણ ગાર્ડસાહેબે ગુસ્સામાં પેલા છોકરાના કાન ઉપર લાફો ચોડયો. ત્યારથી એ છોકરો બહેરો થઈ ગયો.

આ બહેરા છોકરાનું નામ તમને ખબર છે? એનું નામ થોમસ આલ્વા એડીસન.

બિચારો એડીસન તો કામ વિના રખડતો હતો. એક દિવસ તો એ એક સ્ટેશનના પ્લેાટફેાર્મ ઉપર ઉભેા હતેા. સામેથી ગાડી આવતી હતી ને પ્લેાટફેાર્મ પરથી પાટા પર જઇને કેાઇનું નાનું બાળક રમતું હતું. એડીસને આ જોયું. ગાડી સાવ પાસે આવી ગયેલી. બાળક તદ્દન પાટા ઉપર. એડીસને તેા ઝડપથી દેાટ મારીને બાળકને ઉંચકી લીધું. બધે હાહાકાર થઈ ગયેા. છેાકરું તેા સ્ટેશન માસ્તરનું નીકળ્યું. એમણે તેા એડીસનનેા ખૂબ આભાર માન્યેા ને એને રેલ્વેના એક નાના સ્ટેશન ઉપર તાર માસ્તરનું કામ અપાવ્યું.

તારનું કામ કેાઈકિ વાર એને રાતે કરવાનું. રાતે રેલ્વે લાઇનિ ઉપર બાસ કામ ન રહે એટલે તાર માસ્તરેા બાસ કામ ન કરે. એ માટે તારબાતાના અમલદારે કાયદેા કાઢયેા કે જે માણસ રાત્રે તાર ઓફીસ પર હેાય તેણે કલાકે કલાકે શહેરની મેાટી ઓફીસ પર તાર કરવેા. એડીસન તેા આખેા દિવસ શેાધખેાળ કરે અને વાંચે એટલે એને રાત્રે ઉંઘ ભારે આવે. પણ ઉંઘાય પણ કેવી રીતે ? એણે તેા પાછી પેાતાની બુધ્ધિ દેાડાવી અને એવું યંત્ર શેાધી કાઢયું કે જે એકવાર ચાવી આપીએ તેા કલાકે કલાકે એની મેળે શહેરની તાર ઓફીસ પર તાર કરે. એડીસનને તેા આ યંત્ર બૂબ ફાવ્યું. જ્યારે રાતનું કામ હેાય ત્યારે તારના સંચા પાસે એનું કલાકીયું યંત્ર મુકીને નીરાંતે ઉંઘે. એક દિવસ તેા રેલ્વેમાં કાંઈ ભંગાણ પડેલું, એડીસનના સ્ટેશનની આજુબાજુમાં જ કયાંક. તેની બબર કાઢવા રાત્રે બે ત્રણ માણસ પર પડાવ નાખેલા રેલ્વેના અમલદારે એડીસનને તાર કર્યેા. જવાબ તેા કાંઈ ન આવ્યેા. પણ દર કલાકે પેલેા તાર ચાલુ. સાહેબ તેા આ કૌતક જોઈને વિચારમાં પડયા. એમને થયું કે આ શું ? જવાબ નથી આવતેા ને તાર તેા આવેજ છે. ચાલેા આપણે જાતે જઈ આવીને જોઈએ. એડીસન કાંઈ મુશ્કેલીમાં તેા નથી !'

સાહેબ તેા એડીસનની તાર ઓફીસમાં આવ્યા ત્યારે તેા એડીસન સાહેબ ધસધસાટ ઉંઘે, ને દર કલાકે પેલેા સંચેા એનું કામ કરે. સાહેબ એડીસનની ચતુરાઈ પર ખુશ થયાં પણ નેાકરીમાંથી રજા આપી.

એડીસન તેા પાછેા રખડતેા થઈ ગયેા, એને સંઘરે કેાણ ? કાંઈકિ થેાડું કામ મળે ને પાછું છૂટી જાય.

રખડતેા રઝળતેા એ અમેરિકાના મુખ્ય શહેરમાં આવી ચઢયેા. શહેરમાં ન કાંઇ ઓળખાણ કે ન કાંઈ પીછાન. એને તેા કાંઈ સમજણ ન પડે કે શું કરવું. રાત પડી. સુવાનેા વખત થયેા. પણ સુવું કયાં ? આખરે એણે તેા એક મેાટી તાર મેાકલવાની કંપનીના દાદરની બાજુની ખાલી જગ્યામાં સુવાનેા વિચાર કર્યેા. પણ રજા કેાણ આપે ? એટલામાં કંપનીના મેનેજર સાહેબ પસાર થતા હતા. એડીસને સુવાની રજા માગી. સાહેબ બહુ ભલા. એમણે રજા આપી અને રખડતા એડીસનને આસરેા મળી ગયેા. એકવાર એ કંપનીના તાર કરવાના યંત્રમાં કાંઈ બગાડ થયેા. ભલ ભલા ઈજનેર આવી ગયા પણ ઠેકાણે ન પડે. બધા કંટાળ્યા. આખરે ભિખારી જેવા દેખાતા એડીસને ડરતાં ડરતાં મેનેજર સાહેબને પૂછયું, 'સાહેબ ! હું સમુ કરી શકું ?' સાહેબ તેા થાકી ગયેલાં. એમણે તેા તરત સંમતિ આપી. જે કામ આખા દિવસમાં મેાટા ઈજનેરેાથી ન થયું તે કામ એડીસને આંખના પલકારામાં કરી નાખ્યું. એને મન તેા આ રમત હતી. બધાં તેા દંગ જ થઇ ગયા. બીજે જ દિવસે એડીસનને એ કંપનીના તાર તપાસનારની ઉપરી જગ્યા મળી. કંપનીને એટલે સુતેા ભિખારી એકદમ કંપનીનેા સાહેબ થઇ ગયેા. એને પૈસા પણ બૂબ મળ્યા ને તેથી શેાધખેાળ કરવાની પણ અનુકૂળતા મળી આવી.

પછી તેા એડીસને પેાતાનું શેાધખેાળનું કામ આગળ ધપાવ્યું. એકવાર એને એની શેાધ

માટે લગભગ એક લાખ રૂપિયા મળ્યા. એ તો ખુશ થઈ ગયો, એણે તો પોતાની શોધખોળ માટે પ્રયોગશાળા બનાવી. પછી તો એ શોધો કરતો જાય ને લાખો રૂપિયા મળતા જાય. રૂપિયા મળતા જાય ને પ્રયોગશાળા વધતી જાય. આખા દેશના સારા સારા શોધ કરનારાઓને એ કામ આપે. બધા ભેગા મળી જાતજાતની શોધો કરે.

વિજળીના દિવાની શોધ એડીસનની. સીનેમાના મશીનની શોધ પણ એની. ગ્રામોફોન વાજું પહેલવહેલું એણે બનાવ્યું, રેડિઓ કેમ બને એનો પણ એણે વિચાર કર્યો, અરે! ઘંટડીવાળા ઘડીઆળની શોધ પણ એની. વિચાર તો કરો કે એડીસન ન હોત તો આપણને કેટલી વસ્તુઓ ન મળત! આવી આવી એડીસને એક હજારથી પણ વધારે શોધો કરી.

એડીસન તો આપણને યાદ રહી જશે.

'શિક્ષણ-પત્રિકા'ના લવાજમ બાબત

'શિક્ષણ-પત્રિકા'ના લવાજમની રકમ જેઓ ચેકથી મોકલવા ઇચ્છે, તેઓ 'શિક્ષણ-પત્રિકા'ના નામે ન મોકલતાં 'સેક્રેટરી, નૂતન બાલ શિક્ષણ સંઘ', એ નામનો ચેક મોકલવા કૃપા કરે. —વ્યવસ્થાપક.

'ચાં...દ...મા...મા'

—માલિની હુજુર બળદ

હું પંદર દિવસ આપને દર્શન આપું છું, ને પંદર દિવસ સંતાઈ જાઉં છું. હું ચારે દિશામાં શીતળ ચાંદની ફેલાવું છું. મારી શીતળ ચાંદની લોકોને ખૂબ ગમે છે. નદી કિનારે, સમુદ્ર કિનારે, ખુલ્લા મેદાનમાં, અગાશીમાં બેસીને તમે પણ ચાંદનીનીમઝા લૂંટો છો, મારી પ્રશંસા કરો છો, મારી તરફ ટીકી ટીકીને જુઓ છો. અંદર અંદર એક બીજા સાથે મારી વાતો કરતા પણ



મેં સાંભળ્યા છે. અરે! દોસ્ત 'આ ચન્દ્ર કેવી રીતે ચમકતો હશે? એની અંદર શું હશે? મને કહેને ભાઇ! મને તો ચન્દ્રમાંની અંદર હરણ દેખાય છે. બીજો મિત્ર કહે છે કે ભાઇ મને તો રથ દેખાય છે. વળી કોઇ વાર તેજથી દોડતો ઘોડો દેખાય છે. વળી બીજો દોસ્ત કહે છે કે અંદર તો સસલું છે. એ ધોળુ ધોળુ દેખાય છે.

જ્યારે તમે નિર્ણય નથી કરી શકતા ત્યારે તમે વૈજ્ઞાનિક લોકોને પૂછો છો. એ લોકોએ મારે અંગેની ઠીક ઠીક શોધ કરી છે. એ લોકો તમને કહે છે. "બાળકો આ બધી તમારી કલ્પના જ છે? અમે એને અંગેની માહિતી શોધી કાઢી છે." હવે એ લોકો શું કહે છે તે તો સાંભળો. વૈજ્ઞાનિકો કહે છે કે મારામાં મોટા મોટા પહાડો છે. એના શિખરો ૨૭૦૦૦ ફૂટના ઊંચા છે. પહેલા એમાં જવાલામુખીના પહાડો પણ હતા. પરંતુ હવે એ ઠંડા થઈ ગયા છે. હું ઘણો ઠંડો છું એટલે મારામાં વનસ્પતિ તથા પ્રાણીઓ રહી શકતા નથી.

આ સાંભળ્યા પછી તમને પ્રશ્ન થશે કે હું મહિનામાં ફકત પંદર દિવસ જ કેમ દેખાઉં છું? તમને મારી સ્થિતિ કેવી હોય છે એ

સાંભળીને આશ્ચર્ય થશે ! આનંદ પણ થશે. જરા ધ્યાનથી સાંભળજો. હું જ તમને એની વાત કહું છું.....તમે રોજ સવારના મારા પિતા સૂર્યના તો દર્શન કર્યાજ હશે ! - મારી માને તમે પણ ધરતીમાતા કહો છો. એટલે તમે અમને બંનેને જાણો છો. હું મારી માની આજુબાજુ ફરું છું. એની સાથે સાથે હું મારી ધરી ઉપર ગોળ ગોળ ફરું છું. જ્યારે હું મારી માની આજુબાજુ ગોળ ફરતો હોઉં છું. ત્યારે પિતાજીની સેવા માટે એ પણ પોતાની આજુબાજુ ફરતી હોય છે. આ રીતે હું મારો ફેરો ૨૯૧૨ દિવસમાં પૂરો કરું છું. મારા ફરવાથી તથા માં પણ સાથે સાથે ફરવાથી મારો એક જ બાજુનો ભાગ એ જોઈ શકે છે. આ ભાગ પણ મારા પિતાની કૃપાથી જ ચમકે છે, જ્યારે મારે આ અડધો ચમકતો ભાગ મારી મા જુએ છે ત્યારે તમે બધાં કહો છો કે આજ પૂર્ણિમા છે. પણ બીજ જ દિવસથી હું નાનો થતો જાઉં છું. અને બીજા પંદર દિવસ સુધી હું પ્રકાશ આપતો નથી. કારણ હું મા અને પિતા વચ્ચે આવી જાઉં છું. મારી બા દેખાય એવા મારા સામેના ભાગને પિતા પ્રકાશિત કરે છે. એટલે હું માને નથી જોઇ શકતો અને મા મને જોઇ શકતી નથી. એક દિવસ માને તો બિલકુલ અંધારામાં રહેવું પડે છે. એ દિવસને તમે અમાસ કહો છો. આમ બે પખવાડીઆને તમે અંધારીયું તથા અજવાળીયું કહો છો.

હું મારી બાથી ઘણો દૂર છું લગભગ બે લાખ માઈલ દૂર છું ! તેમ છતાં દરેક પૂર્ણિમાને દિવસે તમે મારો પ્રકાશ જોઇ શકો છો. નારીયેળી પૂર્ણિમા, શરદ પૂર્ણિમા, હોળી પૂર્ણિમા બધાં લોકો ધામધુમથી ઉજવે છે. શરદ પૂર્ણિમાને તો તમે ખૂબ જ મહત્વ આપો છો. મારી સ્વચ્છ, શીતળ, સુખાદાયી ચાંદનીમાં બેસીને તમે દૂધ પૌઆ ખાઓ છો. ખીર ખાઓ છો. રમો છો ગાઓ છો ને ગરબા રાસ પણ લો છો. આ રીતે મારી પ્રશંસા કરો છો. આ ઉત્સવમાં નાના મોટાં છોકરા છોકરી બધાં ભાગ લે છે. નાના નાના બાળકો તો મને ચાંદામામા કહે છે. ને હું દેખાઉં છું ત્યારે "ચાંદા પોળી" નું ગીત પણ ગાય છે. એક રીતે સાચું છે. હું નાના બાળકોનો મામો જ થાઉં છું. પૃથ્વી તમારી બધાંની માતા છે. એટલે આપણે બધાં ભાઇ-બ્હેન બ્હીએ. તમારા છોકરાં મારા ભાણેજ થાય.

કહે છે કે રામચન્દ્રજીએ તો મને મેળવવા માટે બાળપણમાં હઠ લીધી હતી. હવે તમે સમજી ગયા હશો કે હું કોણ છું ? હું છું તમારો વ્હાલો ચાંદામામા.

અરે ! પણ હું ઉત્પન્ન કેવી રીતે થયો એ કહેવાનું તો ભૂલી જ ગયો. મારી મા કેટલાએ વર્ષો સુધી ખૂબ ઝડપથી પોતાની ધરી ઉપર ફરતી રહી. આમ ફરતા ફરતા એના શરીરમાંથી એક ચમકતો ગોળો બહાર તૂટી પડયો. ધીરે ધીરે એ નક્કર થતો ગયો. સૂર્યને ખૂબ આનંદ થયો. એણે કહ્યું કે એ મારો પૌત્ર છે. હું એને પ્રકાશ આપીશ. એ જ નક્કર ગોળો ચન્દ્રમાના નામથી જાણીતો થયો. સૂર્ય ને એણે પ્રકાશ આપ્યો. એ જ હું છું. તમારા વ્હાલા 'ચાંદા મામા'

ચાંદાં મામા ચાંદા મામા
મારી સાથે રમવા આવો.
મારી સાથે રમવા આવો.
સરસ ! વાતો કરવા આવો.

ચંપી

લેખક :

આખા ફળિયામાં ચંપીની હાક વાગે. કોઇ અજાણ્યો આવ્યો કે ચંપી 'હુઊફ્' કરતીકને ઉઠે ! બિચારો અજાણ્યો માણસ પહેલો તો હબકી જ જાય. પણ ચંપી તરત જ શાન્ત થઈ જાય.

પણ ભિખારીના તો બાર જ વાગી જાય. ભિખારીની ટેલ નાખવી ને ચંપીનો મિજાજ જાય ! એ ગમે ત્યાં હોય ત્યાંથી આવી પહોંચે અને 'હુઊફ્' કરતીકને કરડવા ધાય. બિચારો ભિખારી એવો ડરી જાય કે માંડે ભાગવા. અને એ જેમ દોડવા લાગે તેમ ચંપી પાછળ પડે જ. અને ભિખારીને પગે ચોટી પડે !

ચંપી બધાં કૂતરામાં રાણી જેવી બેસે. બધાંય કૂતરાં ચંપીથી ડરે.

પણ એક આડો થાય લાલિયો. એ જ્યારે આવે ત્યારે ચંપી સાથે ઝગડે ને ચંપી-લાલિયાની લડાઈ જામે. લાલિયો આ....મોટો ડાઘિયો કૂતરો. એ કંઈ ચંપીથી ડરે નહિ. પણ ચંપી ચે કંઈ ગાંજી જાય નહિ.

ચંપી, આખા ફળિયામાં એક ચકવે રાજ કરનારી ચંપી આ રખડતા લાલિયાથી હારે ? એ બને જ કેમ ?

ચંપી લડયા વગર ન રહે અને લાલિયો એને બચકે બચકે ઉતરડયા વગર ન રહે. ચંપી લોહી લુહાણ થઇ જાય પણ ફરી એ લડવા તૈયાર જ હોય.

પણ હમણાં તો લાલિયાનો જુલમ બહુ વધી ગયો છે.

ચંપીને ચાર ગલુડિયાં આવ્યા છે. ચંપી આડે દિવસે તો વઢકણી બની જ. પણ એ વીંયાય



ત્યારે તો એ વીફરેલી વાઘણ જ બની જાય. ત્યારે તો કોઈ છોકરું ય એની પાસે ન ફરકે.

પણ છોકરાં ય માળાં બહુ જબરાં ! એ તો ચંપીને દૂધની લાલચ આપે ને રોટલી બતાવે. અને હળવેકથી ગલુડિયાંને હાથ ફેરવે !

ચંપી ખાય ત્યાંસુધી તો માત્ર ધીમુ ઘુરકયા કરે. પણ ખાઈ લીધું કે એક એવો તો ફૂંફાડો મારે કે છોકરાં બધાં જાય ભાગ્યાં !

પણ એક દિ' ભારે થઈ.

ચંપી એના નાનાં ગલુડિયાંને લઈ પાટ નીચે પડી હતી. ગલુડિયાંની તો હજુ આંખોય બંધી હતી.

ત્યાં પેલો લાલિયો આવ્યો.

ચંપી એકદમ ઘુરકી ઉઠી. પણ આજ એ ગલુડિયાંને છોડી બહાર લડવા ન આવી. પણ લાલિયો કયાં છોડે એવો હતો ! એ તો પાટ નીચે ઘુસ્યો. ચંપી એકદમ તાડુકી ઉઠી. પણ લાલિયો તો જરાક પાછો હઠી આગળ ધપ્યો અને ચંપીના એક ગલુડિયાં ઉપર ઝડપ મારી.

ગલુડિયાએ તો ઉંદર જેમ થોડું ચૂં ચૂં કર્યું ને પછી બંધ થઇ ગયું. ગલુડિયું મરી ગયું. લાલિયો એનો એક કોળિયો જ કરી ગયો.

ચંપી એની પાછળ પડી પણ લાલિયો ભાગી જ ગયો. ચંપી એની પાછળ ન ગઈ. એ તો ખૂબ દુઃખ ભર્યું રડવા લાગી અને બીજાં ગલુડિયાં ઉપર પોતાના પગ અને પૂંછડી પસારીને બેઠી.

એ તો એવી રડે, એવી રડે કે છોકરાંઓ બધાં ભેળાં થઈ ગયાં.

ગલુડિયાં.....

–શ્રી જયંતિલાલ ઓઝા.

'લાલિયો ચંપીનું ગલુડિયું ખાઈ ગયો.'

કનુએ રમાને કહ્યું : 'બિચારી ચંપી કેવુ રડે છે ?'

બધાં છોકરાં પણ બહુ દુઃખી થયાં; અને ઘરમાંથી બાવાનું લાવી ચંપીને બવરાવવા લાગ્યાં.

ચંપી ખાતી જાય અને રડતી જાય.

છોકરાઓ ગલુડિયાંને બવરાવવા લાગ્યાં, પણ ચંપી આજ ઘુરકી નહિ. પછી તો છોકરાંઓ બચ્ચાં ઉપાડી રમાડવા લાગ્યાં. તો ય ચંપી કંઈ ન બોલી.

'રમા, ફરી લાલિયો આવશે ને બીજંયે બાઈ જશે તો ?'

'નહિ કનુ, આપણે વારાફરતી ચોકી કરશું. લાલિયાને આવવા જ નહિ દઈએ.'

'પણ આપણે નિશાળે જઈશું ત્યારે ?'

'હા એલા, એ બરુ ! ત્યારે ?'

રમણ બોલ્યો : 'તો એમ કરોને આપણે ચંપીને આપણી ઓસરીમાં જ લઈ જઈએ.'

બધાં એકમત થયાં.

ચંપીને દૂધની રકાબી બતાવતાં ઓસરીમાં લઈ ગયાં અને ત્યાંજ ખુણામાં એક કોથળો પાથરીને એની જગા કરી.

અને ત્યારથી ચંપીને એના ગલુડિયાં ત્યાંજ રહેવા લાગ્યાં. છોકરાંઓને પણ હવે ગલુડિયાં રમાડવામાં મઝા પડવા લાગી.

* * *

મહિનો માસ વીતી ગયો.

હવે તો ગલુડિયાં પણ એની માની જેમ ઝીણું ઝીણું ભસવા લાગ્યાં છે. એ પણ માની સાથે બિચારીઓ પાછળ દોડવા લાગ્યાં છે.

હવે લાલિયો આવે છે, પણ હવે તો ચંપ એની ઉપર વાઘણની જેમ તૂટી પડે છે. હવે તે લાલિયો ચંપીથી હારી જાય છે.

ચંપીના બચ્ચાંને હવે કોઇની દેન નથી કે ઈજા કરી જાય. છોકરાંઓ પણ લાલિયાને દેખ્યો મુકતાં નથી.

ફરી ચંપી રાણીના સિંહાસનથી ફળિયામાં બેસે છે અને એની આગળ એનાં ત્રણ ગલુડિયાં કૂદતાં ગેલ કરતાં હોય છે.

o o o o o

પણ અરેરે આજ એકાએક આ શું થઈ ગયું ?

હું ઉપર મેડીએ બપોરનો આરામ લેતો સૂતો હતો. એ ઠંડા આવતા પવનથી મારી આંખો મળી ગઈ હતી.

એકાએક નાની સુધા મને હલબલાવતી ઉઠાડી રહી હતી.

મારી આંખો ઉઘડી અને સુધા બોલી ઉઠી. એના મ્હોં પર ખૂબ ચિંતા દેખાતી હતી.

"કાકા, કાકા, ચાલો ચાલો, જલદી ચાલો, લાલિયો ચંપીને મારી નાખશે.'

અને સાથે જ મને ફળિયામાંથી કૂતરાંની લડાઇના અવાજો આવ્યા.



મેં બારીમાંથી બહાર જોયું તો લાલિયાની ને ચંપીની મોટી કુસ્તી જામી હતી.

ચંપી ખૂબ જોરથી ભસતી લાલિયા ઉપર ધસતી હતી. પણ લાલિયો તો સાવ મુંગો બની ચંપીને બચકાંઓથી ઉતરડી રહ્યો હતો.

ચંપી લોહીલોહાણ થઈ ગઇ હતી.

ચંપીના નાનાં નાનાં ગલુડિયાં પણ માની સાથે લાલિયા ઉપર ધસી જતાં હતાં અને લાલિયાની પૂંછડી કે પાછલા ભાગ પર ઉપર બચકાં ભરતાં હતાં. અને સાથે જ ઝીણું ઝીણું ભસી રહ્યાં હતાં.

લાલિયો ગલુડિયાંઓને પણ બચકે બચકે ઉતરડી કાઢતો હતો.

ચંપી અને બધાંય ગલુડિયાં લોહી લોહી થઈ ગયાં હતાં.

પણ ચંપી હવે ગાંડી ગઈ હોય તેમ ભસતા ભસતાં આમ તેમ ભાગતી હતી. એનું ભસવું લડવાનું નહિ પણ રડવાનું હતું.

પણ પેલાં નાનાં મૂર્ખ ગલુડિયાં તો હજુ ય લાલિયા સામે થતાં હતાં.

લાલિયાએ એક ગલુડિયાને એવું તો બચકું ભર્યું કે એ તો મોટી ચીસ પાડી ઊઠ્યું.

ભાગતી ચંપી ફરી લાલિયા ઉપર ધસી આવી. પણ હવે એ થાકી ગઈ હતી.

લાલિયાએ ગલુડિયાને એક બાજુ ફેંકયું અને એ ચંપી ઉપર ધસી ગયો.

ચંપીનો ધસારો સાવ ઢીલો હતો.

લાલિયો એકાએક ચંપી ઉપર કૂદી પડયો અને ચંપીના ગળે ચોટી પડયો.

ચંપીની ચીસ ફાટી ગઈ.

મને થયું કે આ લાલિયો જરુર ચંપીને મારી નાખશે. અને એટલે હું મારી લાકડી લઈ નીચે દોડયો.

અત્યારે ચંપીના બધાય રક્ષકો નિશાળે ગયા હતા. અને નાની સુધાને લાલિયો થોડો જ ગાંઠવાનો હતો ?

પણ નીચે હું પહોંચ્યો અને જોઉં છું તો ચંપી મરડાયલી ડોકે નીચે પડી છે. અને એની પાસે લોહી વહી રહ્યું છે. ચંપી છેલ્લા શ્વાસ લઈ રહી છે.

હજુ ય એના ગલુડિયાં તો લાલિયાને કરડવા દોડી રહ્યાં છે અને ભસી રહ્યાં છે !

લાલિયો હવે ચંપીને છોડી ગલુડિયાં પાછળ પડયો. ગલુડિયાં પણ લાલિયાથી ડરીને ચંપીની ગોદમાં છુપાવા જાય છે.

પણ લાલિયો હવે એમને છોડે એમ નથી. એ તો વારાફરતી બંને ગલુડિયાંને બચકાં ભરવા લાગ્યો.

ગલુડિયાં કાળી ચીસો નાખતાં રડવા લાગ્યાં. અને છૂટાં થતાં જ માની ગોદમાં રક્ષા મેળવવા દોડી જવા લાગ્યાં.

હું દોડતો ગયો અને મારી લાકડી ઉગામી. લાલિયો ગલુડિયાં છોડીને દૂર ભાગ્યો. દૂર ઉભો ઉભો એ ભસવા લાગ્યો.

બિચારાં નાનાં ગલુડિયાં લોહીલોહાણ થઈ ગયાં અને તો પણ રડતાં હોય એમ લાલિયા તરફ જોઇ ભસી રહ્યાં છે. અને માની રક્ષા મેળવવા માની ગોદમાં ભરાય છે.

મરતી ચંપીનું પેટ ધમણ જેમ હલે છે. એની આંખો ગલુડિયાં ઉપર ચોટી રહી છે. ગલુડિયાં રડતાં હોય એમ મા સામે જોઈ ઝીણું ભસી રહ્યાં છે. રોજની જેમ આજ એમની મા એમની રક્ષા કરવા ઉઠતી નથી—ચંપીના શ્વાસ પૂરાં થયાં હતાં.

ચંપીના ગલુડિયાં લાલિયાની દિશામાં દિવસો સુધી રોજ રડતા હોય એમ ઝીણું ઝીણું ભસતા હતાં.

આનંદની ભરતી આવી

શાલિનીબેન જોગલે

આંબાના મોટા ઝાડ ઉપર
પોપટનું એક ગામ હતું
ઝાડની ડાળીએ ડાળીએ
પોપટ-મેનાનાં માળા હતા.
તે જ આંબાના મૂળમાં
નાગના ઘણા દર હતા
વસંતની બહાર આવી
મેનાએ ઈંડા મૂકયા

કેટલાંક ઈંડામાંથી બચ્ચા નીકળ્યા.
લાલ લાલ ને નાજુક નાજુક.
બચ્ચાં થોડાં મોટાં થયા
કલબલ કલબલ કરતા થયા
મૂળનાં નીચેના ઊંડા દરમાં
નાગના મોઢામાં પાણી છૂટયુ
મેના હવે અંદર નથી
ચાલો હવે ઉપર જઈએ
ને બધાં બચ્ચાં ગળી જઈએ.

સર સર નાગ ઉપર ચઢયો.
બખોલ જોઈ અંદર ઘુસ્યો
એક પોપટની નજર પડી
'દોડો દોડો નાગ આવ્યો
પડઘા ઉપર પડઘા પડે
દસ બાર પોપટ આવ્યા
પાંચ પચ્ચીસ પોપટ આવ્યા
ચારે બાજુ કલબલાટ કલબલાટ

બચ્ચાં બિચારાં ગભરાયા
દૂર ખુણે જઈ સંતાયા
નાગ બખોલમાં ઘુસે છે
જીભ કાઢીને સરકે છે
અડધો અંદર ને અડધો બહાર
પોપટ બધાં ચિઢાયા
નાગની પૂંછડી ઉપર તૂટી પડયા
નાગે તો મોઢું ફેરવ્યું



પટ પટ પૂંછડી પછાડે
ફૂ ફૂ ફૂંફાડા મારે
ધપ ધપ ફણ પછાડે
પણ પોપટ પૂંછડીને ચોટી રહ્યા.
બચ બચ બચકાં ભરવા લાગ્યા
થોડા પોપટ લટકી ગયા
થોડા પોપટ આગળ આવ્યા
નાગના શરીરને ટોચવા લાગ્યા
ટચ્, ટચ્, ટચ્, ટચ્.
આખરે નાગ બિચારો હાર્યો
પોપટે એને ખેંચી કાઢયો
ધબ દઈને નીચે પડયો
નીચેના દરમાં ઝટ સરકયો
પોપટ મેનાનો વિજય થયો
મેના પોતાની બખોલમાં આવી
થરથરતા બચ્ચાં જોયાં
મા ને બચ્ચાં ફરી મળ્યા
આનંદ આનંદ થઈ રહ્યો
અમારી નાની વાર્તા પૂરી થઈ.

ઓળખો !

આમારા હાથમાં શું છે ?

અમે કહીએ ?

વેસ્ટર્ન ઇંડિયા ની શિક્ષણ-વિવાહની પૉલીસી !! છે ના ?

હા, બિલકુલ બરાબર છે !!

અમારા વડીલોએ અમારા માટે દર માસે પાંચ--પાંચ રૂપિયા ભરીને લીધી છે. બરાબર છે ને !

મુંબઈ શાખાધિકારી પાસેથી સર્વ માહિતી સાંપડશે :

વેસ્ટર્ન ઈન્ડિયા હાઉસ

સર પી. એમ. રોડ, ફોર્ટ, મુંબઈ—૧.

ટે. નં. ૨૬૯૦૫

વેસ્ટર્ન ઇંડિયા લાઇફ ઇન્શ્યોરન્સ કં. લિ.

ના...ખ્...નું ના...ક..... .... કમલિનીબાઈ દામ

એક મોટો દેશ છે. દેશનું નામ અમેરિકા. અમેરિકાના લોકો અમેરિકન કહેવાય. એક મોટા બાગમાં એક અમેરિકન છોકરો રેતીમાં રમતો'તો. એનું નામ હતું અર્નેસ્ટ ઓકર. પાસે જ બાંકડા ઉપર ઓકરની મા અને બીજી એક બાઈ વાતો કરતી બેઠી હતી.

આ ફૂલોની કેવી મીઠી સુવાસ આવે છે?' ઓકરની મા ફૂલનો ગજરો સુંઘતી બોલી.

બીજી બાઈ કહે : 'બરુ છે. પણ એ માત્ર મીઠી જ નથી, એમાં થોડી ખટાશ પણ લાગે છે.'

ઓકરની માને આશ્ચર્ય થયું. એણે ફૂલોને ફરીથી સુંઘ્યાં.

'અરે હારે, તમારી વાત સાચી છે. એમાં બાટી વાસ પણ આવે છે! તમે તો તરત જ પારખી ગયાં!'

બીજી બાઈ બોલી : 'એમાં કાંઇ નવાઈ નથી એ તો આપણે સુંઘવાની ટેવ પાડીએ એટલે સહેલાઈથી કળાય. તમે જો આ તમારા દીકરાને અત્યારથી જ વાસ જાણવાની ટેવ પાડો તો એ મોટો થતાં બહુ જ સૂક્ષ્મ વાસ પણ પારખી શકશે. જાપાનમાં તો જાપાની લોકો આ વાસ પારખવાનો મોટો ઉત્સવ કરે છે. અને મોટાં મોટાં ને ઘરડાં પણ એમાં ભાગ લે છે!'

'શું કહો છો? વાસ લેવાનો ઉત્સવ?'

'હા બેન, અને તે ય કાંઈ સહેલી હસ રમવાની વાત નહિ હોય. આ ઉત્સવમાં ભાગ લે એ લોકો તે દિવસે મોટે ભાગે ભૂખ્યાં જ રહે! બા તો હલકું ભોજન બાય. કાંદા લસણ જેવા ઉ વાસના પદાર્થો તો બવાય જ નહિ. અરે સુવાસિ ફૂલો પણ પાસે રખાય. માથામાં તે ન નખાય. મોં પાવડર ન લગાડાય અને વાસ લેવા માટે નાકને સાફ રાખવાનું અને તે કેવી રીતે બબર છે! ગરમ ગરમ પાણીથી ધોઈને સાફ કરવાનું! અને આ ઉપરાંત એ વખતે ગપ્પા ગોષ્ટિ પણ ન કરાય.'

ઓકરની માને બહુ આશ્ચર્ય થયું, 'વાહ રે બેન, એ લોકોનો શોખ ભારે!' બીજી બાઈ આગળ બોલી :

'બેન' જાપાની લોકો ફૂલો પાછળ તો ગાંડા ગાંડા અને એવાંજ સુગંધી પદાર્થના શોખીન. જુઓ આ ઉત્સવમાં બુઢિયાઓ ભાગ લે. પાસે પડી હોય ધૂપદાની ને જાત જાતના ધૂપો અને કાગળ પેન્સીલ. ધૂપદાનીમાં ધૂપ નાખે, એનો ધુમાડો થાય ને ફોરમ છૂટે. તરત જ પેન્સીલ લઇને એ ધૂપમાં શાની શાની વાસ આવે છે એ લખી નાખે. આમ ઝીણામાં ઝીણી વાસ પણ એ લોકો ઓળખી કાઢે,'

ઓકરની મા આ વાત સાંભળીને બહુ જ

ચકિત થઈ ગઈ. એણે ત્યાં બેઠાં બેઠાં જ પોતાના પુત્ર તરફ નજર નાખી. એને એકાએક વિચાર આવ્યો. એણે બૂમ મારી :

'ઓકર, બેટા અહીં આવ તો.'

ઓકર પાસે આવ્યો. એની મા કહે :

'બેટા ઓકર. તું આંખ બંધ કર તો.' ઓકરે આંખ બંધ કરી, એટલે એની માએ પેલાં ફૂલો એના નાક પાસે ધર્યા અને કહે :

'બોલ તો બેટા, કેવી વાસ આવે છે ?'

'મીઠી મીઠી, મમ્મી.' ઓકર બોલી ઉઠ્યો. ઓકરની મા ફરી બોલી :

'હજુ ય ફરી સુંઘ. જો તો મીઠી ઉપરાંત બીજી કેવી વાસ આવે છે ?'

ઓકરે થોડીવાર સુધી ફૂલો સુંઘ્યા કર્યાં. પછી બોલ્યો :

'મમ્મી, કંઇક ખાટી ખાટી વાસ આવે છે. પણ મીઠી ખાટી વાસ આવે છે—આવે છે ના મમ્મી ?'

ઓકરે આંખો ઉઘાડી. એની મા એને બાથમાં લેતી બોલી ઉઠી :

'બરૂં બેટા, ખાટી મીઠી બંને વાસ આવે છે.' ઓકર તો પાછો દોડી રમવા ચાલ્યો ગયો.

'બેન, આજ તમે મને એક નવી જ સુગંધી દુનિયા બતાવી. હું મારા દીકરાને એની બરાબર તાલીમ આપીશ.'

અને બરે જ ઓકરની માએ એ કામ શરુ કર્યું. રોજ ઓકરને લઈ એ બાગબગિચા ને વનમાં ફરે ને ઓકરને ફૂલો, ને પાંદડાં ને એવી અનેક વસ્તુઓ સુંઘાડીને એ પઢાવે.

જોતજોતામાં ઓકરને બહુ જ આછી તેમજ ઉગ્ર વાસ સમજાવા લાગી. વાસનો પણ સ્વાદ હોય છે એ હુવે તેને સમજાયું. અને જેમ આપણે જાત જાતના ભોજન ખાઈ સ્વાદ કરીએ છીએ તેમ એ પણ જાત જાતના સુગંધના ભોજન કરવા લાગ્યો.

એમ કરતાં મોટી લડાઈ આવી. આખી દુનિયામાં લડાઇ ચાલી. ઓકર લશ્કરમાં સિપાઈ બન્યો અને લડાઈ લડતાં કેદ પકડાયો. એને એક ઓરડીમાં પૂરી દીધો.

હવે એને અહીં કેદખાનામાં કંઇ જ કામ નહોતું. એટલે ફરી એની વાસ લેવાની રમત યાદ આવી. એની ભેળો હતો એક બીજો કેદી. એનું નામ હેન્ડરસન. ઓકરને ને હેન્ડરસનને જામી ભાઇબંધી. અને પછી તો હેન્ડરસન પણ આ વાસ–વિદ્યામાં હોંશિયાર થવા લાગ્યો.

બંને જણા આસપાસમાંથી જે મળે તે સુંઘે અને પછી બંને એની વાસ પરીક્ષા કરે. એમ કરતાં તો એ લોકોએ વાસનું મોટું શાસ્ત્ર જ બનાવી કાઢયું !

અને બબર છે એમણે કેટલા પ્રકારની વાસ શોધી કાઢી ?—ચાર હજાર છસ્સો પ્રકારની વાસ શોધી કાઢી ! આ ગપ્પું નથી હોં–સાચી વાત છે !

આપણે જો આંખ બંધ કરીને વાસ લઇએ તો શું કહીએ ? કહીએ :

'આ ફૂણસ જેવી વાસ કે આ ચમેલી જેવી વાસ કે આ સુખડ જેવી વાસ !

અથવા તો કહીએ :

'બરાબ વાસ ! સારી વાસ ! ઉગ્ર વાસ કે ગંદી વાસ ! ખાટી કે મીઠી વાસ ! બહુ તો દાઝયાની વાસ કે તૈલી વાસ.

પણ આ દોસ્તોએ તો આ શાસ્ત્રને ખૂબ ખેડયું.

ઓકર કહે છે કે કોઈ વાસ સાદી એક જ હોતી નથી. મિશ્ર હોય છે. એટલે એ મિશ્ર વાસને છૂટી કરીને ચડઉતર એને નંબર આપવા પડે છે.

એટલે આ દોસ્તો વાસને આંકડામાં લખે છે ! ઓકરે એક ગુલાબની વાસ નોંધી ;

'આ ગુલાબની વાસ ૬૫૨૩ છે !'

આપણે આમાં શું સમજીએ ?

ઓકર કહે છે : 'આ ગુલાબમાં માત્ર એકજ વાસ નથી. એમાં મીઠી વાસ છે, ખાટી પણ છે કંઈક ધુમાડિયા, કંઈક તૈલી.' આમ મિશ્રવાસ છે. આ ચાર પ્રકાર જેટલા પ્રમાણમાં હોય તેને નંબર અપાય.

મીઠીવાસ ૬ ટકા, ખાટી ૫ ટકા, ધુમાડીયા ૨ ટકા ને તૈલી ૩ ટકા. આમ ગુલાબની વાસ થઇ ૬૫૨૩ ! એટલે ગુલાબની વાસ ૬૫૨૩ કહેવાય.

આમ કરતાં કરતાં લડાઈ પૂરી થઈ અને બંને દોસ્તો કેદમાંથી છૂટયા.

પછી એ બંને એક-રસાયનશાળામાં કામે લાગ્યા અને સાથે જ એમની આ વાસવિદ્યા પણ આગળ ચાલી.

ટેલીફોનની ઘંટડી વાગી. હેન્ડરસને ફોન લીધો :

'કોણ ?'

'હું-ઓકર. હેન્ડરસન મારા હાથમાં ૬૪૪૩ છે. બોલ શું હશે ?'

હેન્ડરસને માથું ખંજવાળ્યું અને થોડીક વારમાંજ ફોન ઉપર જવાબ આપ્યો :

'ઓકર, હન્ટમતનો સાબુ, બરુ ?'

'બરુ.'

અને આમ-એમની રમુજ મઝા પણ વાસ પરીક્ષાની ચાલે !

આમ કરતાં બંને દોસ્તો મઝા કરે.

એકવાર એક સાબુના કારખાનાવાળાને મોટી મુંઝવણ થઇ. એ નહાવાના સાબુ બનાવે. સાબુ સારો પણ અંદર એ જે સુગંધી નાખે એ ઉડી જાય એટલે લોકો એ સાબુ પસંદ ન કરે.

એને ખબર પડી કે અર્નેસ્ટ ઓકર નામનો માણસ વાસવિદ્યામાં મોટો જાણકાર છે.

એ તો દોડયો ઓકર પાસે. પોતાની મુશ્કેલીની વાત કરી. ઓકરે એ કામ માથે લીધું અને એનું કામ કરી આપ્યું.

હવે એ સાબુમાંથી વાસ ઉડી જતી નથી. એટલું જ નહિ પણ એ કારખાનાવાળાને ૫૦ લાખ રૂપિયાનો બચાવ થયો !

અને એટલેજ લોકો ઓકરના નાકને ૫૦ લાખ રૂપિયાનું નાક કહે છે. આજ "૫૦ લાખના નાક વાળો ઓકર" એ નામે એ પ્રસિદ્ધ છે !

જોઈએ છે

ગુજરાતના ગામે ગામે સેવાભાવી

કાર્યકર્તાઓ પગાર રૂ. ૮૦-૦-૦

તથા માસિક એલાવન્સ રૂ. ૭૦-૦-૦

વિમાનું કામકાજ કરવાની

પૂરતી કેળવણી આપવામાં આવશે.

વિગતો માટે લખો :—

ધી વોર્ડન ઇન્સ્યુરન્સ કું., લી.

પો. બો. નં. ૮૫, અમદાવાદ.

આર. એચ. ઠાકર-રિવીઝનલ મેનેજર

બહાદૂર વાન્યા

(સાચી બનેલી વાત)

ઓંધીબેન બધેકા



પહેલાં તો એને બબર જ ન પડી કે એકા-એક એ શા માટે જાગી ગયેા. પણ પછી રાતની નીરવ શાંતિમાં દૂર દૂર કાંઈક અવાજ થતેા હેાય એવું લાગ્યું. જાણે કે કુહાડીથી કેાઇ લાકડાં કાપે છે.-વાન્યા પથારીમાંથી ઉભેા થયેા. એની નાની બેન નાદિયા અને ઝીનાને એના ફાટેલા કેાટ સરખા ઓઢાડયા. અને દૂરથી આવતેા આછેા અવાજ સાંભળી રહ્યા.

ઝીના ઊંઘમાં બબડતી હતી. પછી એકાએક ચીસ પાડી જાગી ઉઠી: "બા, બા ! જર્મન, જર્મન !

પણ વાન્યાને બબર હતી. એ જંગલમાં ગેરીલા ટુકડીને મળ્યેા હતેા. ગેરીલા ટુકડીએ કહ્યું હતું કે આવતી કાલે લાલ લશ્કર અહીં આવશે. અને જર્મનેાને તગડી મૂકશે. જર્મન પંજામાંથી બધાંને છેાડાવશે.

વાન્યા જર્મનેાને ધિક્કારતેા હતેા. હજી ગઇ કાલે જ જર્મન જલ્લાદેા એના ઝુંપડામાં પેસી ગયા હતા. એની બેન ઝીનાને પાટુ મારી હતી. એની દાઢીને ધમકાવી હતી. એની બા પાસેથી બટેટાની બધી જ ગુણેા લઇ લીધી હતી. ઘરમાંથી બવાય એટલું બાધું હતું, અને લેવાય એટલું લીધું હતું. "દુષ્ટેા, રાક્ષસેા !" એ મનમાં બબડતેા હતેા. બારીમાંથી દૂર દૂર જોતેા ઉભેા હતેા. "અમારું આબું ઝુંપડું ચુંથી નાબ્યું. અમારું બાવાનું બાધું ગયા, અમારું ગામ તારાજ કરી નાબ્યું. અમારા માણસેા મારી નાબ્યા."

જર્મનેા આબ્યા વાન્યા ત્યારે પથારી પાછળ સંતાઇ ગયેા હતેા. એનેા ફાટેલેા બેાવરકેાટ એણે સંતાડી દીધેા હતેા. રૂંવાટીવાળેા કેાટ જર્મનેા દીઠેા મૂકતાં નહિ. રુંવાવાળેા કેાલર હેાય તેાયે કાપીને લઈ જતા. વાન્યાનેા કેાટ સાવ ફાટી ગયેા હતેા. ફાટેલા કેાટ સેાંસરવી ટાઢ એને ધ્રુજાવતી હતી. પણ ....પણ એ કેાટ એને કિંમતી હતેા કારણ કે એને લાંબા બીસા હતા. બે બીસામાં એ બટેટા ભરતેા હતેા અને ગેરીલા ટુકડીને પહેાંચાડતેા હતેા. એના ગુપ્ત ભંડારમાં એણે અને એની બાએ બટેટાના ઘણાં કેાથળાં સંતાડી રાબ્યા હતા.

આગલે દિવસે ઘણાં જર્મનેા ગામ છેાડી ગયા હતા. પણ હજી ઘણા બાકી હતા. બાકી રહેલાં જર્મનેા મકાનેાની દીવાલેાને બાંકેારાં પાડતા હતા ને તેમાં મશીનગનેા ગેાઠવતા હતા. વાન્યાએ એની સગી આંખે આ બધું જોયું હતું. મશીનગનેા ચાલતી હતી, મકાનેા સળગી રહ્યાં હતાં, અને બચેલાં મરતાં હતા પણ હજી કયાંય લાલ લશ્કરનેા પત્તેા ન હતેા.

સવારના પહેાંરમાં વાન્યા એના મનમાં વિચારતેા હતેા. "લાલ લશ્કર કેમ નહિ આબ્યું હેાય? આવવાનું તેા ચેાકકસ હતું જ." એ ચિંતિત બની ગયેા, પણ ત્યાં તેા દૂર દૂર એને કાંઈક દેખાયું. ધેાળું ધેાળું એ નજીક આવતું ગયું અને વાન્યાએ એને પિછાન્યું. એ લાલ લશ્કર હતું.

લાલ લશ્કર સીધું જ ચાલ્યું આવે તેા જર્મન મશીનગનેા એના ફૂરચા જ બેાલાવી દે. વાન્યાનું ઘર ગામને છેડે ટેકરી ઉપર હતું. ટેકરીની પાછળથી એક બીજો રસ્તેા જતેા હતેા. લાલ લશ્કરને આ રસ્તેથી આવતું અટકાવીને એ રસ્તે લઈ જવું જોઇએ. અને વાન્યા દેાડયેા.

"ઉભા રહેા, ઉભા રહેા." વાન્યા બેાલતેા હતેા પણ એનેા કુણેા ને નાનેા અવાજ દૂર સુધી પહેાંચ્યેા નહિ. પહેલી ટુકડી ટેકરી ઉપર આવી ને

મશીનગનો ગર્જી ઉઠી. પેલી ટુકડી ખતમ થઈ ગઈ. પણ હજી બીજી ટુકડીઓ ચાલી આવતી હતી. તેમને તેમના સાથીદારોના ખતમ થયાના ખબર નહોતા.

વાન્યા એક ક્ષણ પણ ગુમાવ્યા વિના મુઠ્ઠીઓ વાળીને દોડતો હતો. મશીનગનો ફરીવાર ગર્જી ઉઠી ને વાન્યાનું નાનકડું શરીર ગબડી પડ્યું.

બારીમાંથી જોઈ રહેલી વાન્યાની બેને ક્રાળી ચીસ પાડી: "બા, વાન્યા ગયો. જર્મનોએ મારી નાખ્યો."

પણ વાન્યા મરી ગયો નહોતો. તેણે દુશ્મનોને મૂરખ બનાવ્યા હતા. ટેકરીના બરફ ઉપરથી ગબડતો તે નીચે ઉતરતો હતો. અને ગબડી રહ્યો એટલે પાછો દોડતો હતો. "અટકી જાઓ, અટકી જાઓ. આગળ ન વધો. જર્મન મશીનગનો તમારી વાટ જુએ છે."

ટુકડીના સરદારે વાન્યા સામે જોયું. 'કેમ છોકરા, તું કોણ છો અમને અટકાવનારો?'

'હું? હું વાન્યા.'

'પણ તું સાચું બોલે છે તેની શી ખાત્રી? અમને છેતરતો હોય તો?'

'નહિ નહિ' વાન્યાએ જોરથી માથું ધુણાવીને કહ્યું: 'હું તમને છેતરું? જુઠું બોલુ! બિલકુલ નહિ. હું ગેરીલા ટુકડીને હમેશા બટેટા આપવા જાઉ છું.'

'તો ચાલ તું અમને રસ્તો બતાવ.' ટુકડીના સરદારે કહ્યું.

વાન્યા લાલ લશ્કરને બીજે રસ્તે લઈ ગયો. લાલ લશ્કરે પાછળથી જર્મનો ઉપર હલ્લો કર્યો. જર્મનો શરણે થઈ ગયા.

એકે એક ઘરનાં બારી બારણાં ઉઘડી ગયા. પોતાના મુક્તિદાતાને સત્કારવા લોકો દોડી આવ્યાં.

અને ત્યારે લાલ લશ્કરનો વડો વાન્યાની પીઠ થાબડતો બોલતો હતો: "વાન્યા જ અમને બીજે રસ્તે લઈ આવ્યો છે. એની મદદથી જ અમે જર્મનોને હરાવ્યા છે. તમારો વાન્યા તમારો મુક્તિદાતા બન્યો છે."

વાન્યા હસતો ઉભો હતો. નાદિયા ને ઝીના પોતાના મહાન બનેલા ભાઇને જાણે ઓળખતી ન હોય તેમ જોઈ રહી હતી.

બાળકને જીવનની શરૂઆતથી

બાલ

પિ યુ ષ

નિયમિત આપો

કાયમી, તંદુરસ્ત, રૂષ્ટપુષ્ટ અને

આનંદી બનાવો.

દરેક સ્થળે વેચાય છે.

નિર્ભુવન આયુર્વેદિક ફાર્મસી

ગાંધી રોડ, અમદાવાદ.

તુલસીનું ભાગ્ય

ખંડેરાવ માનાજી પવાર

એક જંગલ હતું.

જંગલમાં ઝાડોનાં મોટાં ઝુંડનાં ઝુંડ. જંગલ એટલે ઝાડોનું જાણે મોટું સંગ્રહસ્થાન! એમાં તો ઊંચા ઊંચા સાગ હોય ને નીચાં નીચાં ઘાસ ને વેલા હોય. જાડા જાડા વડલા હોય ને પાતળા પાતળા વાંસ હોય. કાળા કાળા સીસમ હોય અને લાલ લાલ ખેર હોય, સુગંધી સુખડના ઝાડ હોય અને ગંધાતલા નેરલાં હોય.

આવા ઘેરા જંગલની વચ્ચે એક નાનકડો તુલસીનો છોડ. નાની નાની ડાળો ને નાનાં નાનાં પાન ઉપર મંજરીઓ મ્હોરે.

પણ તુલસીને બહુ એકલવાયું લાગે.

આ મોટાં મોટાં ઝાડો ઉપર તો પંખીઓ કિલ્લોલ કરતાં હોય. પણ તુલસી પાસે કોઈ આવે નહીં. તુલસીને બહુ દુઃખ થાય.

એક દિવસ તુલસીની પાસેના નાના ઝાડ ઉપર એક પોપટ આવીને બેઠો. લીલો લીલો રંગ ને લાલ લાલ ચાંચ. કાળો કાંઠલો ને વાંકી વાંકી ચાંચ.

તુલસી તો જોઈજ રહી:

'આવો રુપાળો પોપટ!'

તુલસી કહે:

'પોપટભાઈ, પોપટભાઈ, ત્યાં ઊંચે ઊંચે શું બેઠા છો? આવોને, મારી ડાળે બેસો ને? આપણે વાતો કરીએ, આવો.'

'ના રે બહેન, તમે તો સાવ આવડીક છો. હું તમારી ડાળે બેસું તો તમારી ડાળજ ભાંગી જાય!'

તુલસી બહુ દુઃખી થઈ:

'અરે રે, હું તે કયારે આ બધા ઝાડ જેવડી થઈશ?'

બીજે દિવસે એક મેના આવી:

'મેના બેન, અહીં આવો ને મારી ડાળે આપણે વાતો કરીએ.'

'ના રે તુલસીબેન તમે તો સાવ ટિનકુડાં છો હું બેસું તો તમે ભાંગી જ પડો ના?

તુલસીએ મોટો નિસાસો નાખ્યો!

'અરે રે, હું તે કયારે ઝાડ થઈશ?'

એક દિવસ એક ચકલી પાસેના ઝાડ ઉપર માળો કરતી'તી. તુલસી કહે:

'ચકલી બેન, તમે તો મારા જેવડાં નાના જ છો. તમે તો આવો. અહીં મારી ડાળે માળો કરો ને!'

'અરે બેન, તમે તો સાવ સુકલકડી છો ચપટી પાન ને બે ચાર સાંઠિકડાં જેવી તમારી ડાળીઓ. એમાં કયાં માળો કરું?

તુલસી રડી પડી:

'અરે રે હું તો કોઇને કામની નથી. હું તે કયારે મોટું ઝાડ થઇશ ?'

રાત પડે ને બધાં મોટાં ઝાડો વાદ વદે : એક કહેશે હું મોટું ને બીજું કહેશે હું મોટું.

સાગ કહે :

'અરે હું તો આખી દુનિયાને કામ આવું. લોકો તો મારાં ઘર કરે. ઘરમાં રાચરચિલું કરે. મોટાં મોટાં વહાણ કરે. હું તો તમારામાં સૌથી મોટો છું.

બિચારી તુલસી સાંભળીને નિસાસો મૂકે :

'અરે રે હું તો કશા જ કામની નહીં ?'

ત્યાં તો સીસમ બોલી ઉઠયું :

"હવે બડાઈ શાનો મારે છે સાગ ? તારા કરતાં તો હું ભારે ! મારી તો તારા કરતાંય વધારે કિંમત. મારું લાકડું કારીગર દેખે તો રાજીરાજી થઈ જાય. એ તો સુન્દર કોતરણી કરે. કબાટ, ટેબલ, કુરશી બધુંય કોતરણીથી શણગારી દે. હું જ સૌથી મોટો છું.

બિચારી તુલસી ફરી નિસાસો મૂકે :

'અરે રે, હું તો કશા જ કામની નહિ ?'

ત્યાં હવે બેર બોલી ઉઠયું :

'તમે ભલે બડાઇ હાંકો, પણ મારા જેવું તો કોઇ નહિ. મારા લાકડા જેવું તો એકે મજબુત નહીં. અને મારા જેવું તો કોઈ ઉપયોગી નહીં. મારામાંથી જ ગાડાંનાં પૈડાં બને. બેરસાલ બને. અરે લોકો ઉધરસ આવે તો મને મ્હોંમાં રાખે. મ્હોં લાલ કરવા મારો કાથો બાય.'

તુલસી ફરી બોલી ઉઠી :

'અરે રે હું તો કશાજ કામની નહીં ?'

સુબડનું ઝાડ કાંઈ મૂંગું રહે '

'અરે તમે બધા ય શાની બડાશ હાંકો છો ? મારી કિંમત તો સૌથી વિશેષ. મારું લાકડું એટલે તો સોનું. એ શું કોઈ જેવા તેવા લોકો લઈ શકે ? અરે મારું લાકડું તો રાજા મહારાજ કે મોટા મોટા લોકો જ વાપરી શકે. મારા લાકડામાંથી તો કોતરણીદાર પેટી બસ્કોતરાં બને. ને દેશપરદેશમાં વેચાય. મારી મધુરી સુગંધથી તો મહેલ ને મંદિરો ધમકી હાલે. ધૂપદાનો ફોરી ઉઠે. બોસરિયે ઘસીને ભક્તો કપાળે લગાડે. આવું કોઇ છે ઝાડ તમારામાં ?'

બિચારી તુલસી દુઃખી થાય:

'અરે રે હું તો કશાજ કામની નહિ ?'

એને થયું: સોથી વિશેષ તો આ સુબડનું ઝાડ કહેવાય.

આમ બિચારી તુલસી દુઃખી થતી એકલી એકલી એ ઘોર જંગલમાં રહે.

એકવાર એવું બન્યું કે બે નાના છોકરાઓ એ જંગલમાં આવી ચડયા. એકનું નામ મનહર ને બીજાનું નામ વિભાકર.

મનહરની નજર તુલસી ઉપર પડી.



'અરે, આ તો તુલસી માતા ! વિભાકર વિભાકર અહીં તો આવ. જો જો અહીં તુલસી માતા છે.'

બેય છોકરાઓ રાજી થતા તુલસીને પગે લાગ્યા:

તુલસી તો આ જોઈને વિચારમાં જ પડી ગઈ.

'તુલસી માતા ! હું માતા ? હું આવડીક માતા ક્યાંથી કહેવાઉં ?'

પણ એને ખૂબ આનંદ થયો.

વિભાકર કહે:

'મનહર, ચાલો તુલસી માને ઘેર લઈ જઈએ.'

તુલસી તો મનમાં ખૂબ રાજી થઈ:

'આખર, કોઇને પણ હું કામની છું. હાશ. હવે મને એકલું નહિ લાગે.'

મનહરે છોડની આસપાસ ખોદ્યું અને ઘણી કાળજીથી તુલસીના મૂળિયાં માટી સાથે હાથમાં ઉંચકી લીધાં.

તુલસી તો રાજી રાજી થઇ ગઈ.

ઘરનો ઓટલો ચડતાં જ વિભાકર બોલી ઉઠ્યો:

'બા, બા, બહાર આવ. આ જો અમે શું લઈ આવ્યા ?'

વિભાકરની બા વિમળા એકદમ બહાર આવ્યાં અને જુએ છે તો વિભાકરના હાથમાં તુલસી માતા. એ તો રાજી થઈ ગયા.

'અરે દીકરા, આ તો તુલસી માતા પધાર્યા. બહુ સારું કર્યું બેટા. આપણે ઘરે તુલસી માતા ન હતાં. તુલસી મા પધારો ને અમારી રક્ષા કરો.'

તુલસીનો હરખ તો ક્યાંય માય નહીં.

'હું આવડીક ટિનકુડી ને આ લોકો તો માતા, માતા કરે છે. વાહ. આ તો બહુ મઝા.'

મા ને દીકરાએ મળીને ઇંટ માટીનો ક્યારો બનાવ્યો ને ખૂબ પૂજા વિધિ કરીને ભક્તિ ભાવ સાથે તુલસી માને ક્યારામાં પધરાવ્યાં.

તુલસીને તો આ બધી નવાઈ હતી.

'અરે, આ લોકો તો જાણે હું કોઈ મોટી મહારાણી હોઉં એમજ પૂજે છે. વાહ !'

આસપાસના આડોસીપાડોશીઓ પણ આવ્યાં અને તુલસીમાની પૂજા કરવા લાગ્યાં. સુખડનો ધૂપ કરે ને ચંદનના છાંટ છાંટે. કંકુના ચાંલ્લા કરે ને ફૂલના હાર ચડાવે. અને નીચા વળી વળી સૌ પ્રણામ કરે.

તુલસી તો આનંદમાં ખૂબ ખીલી ઉઠી:

'અરે, મારી પાસે તો પેલા સુખડનો ધૂપ થાય છે.' હું તો એ સુખડથી પણ વિશેષ મોટી.

ચાંપશીદાદા લાકડી ઠકઠક કરતા આવ્યા ને તુલસીમાતાને પગે લાગ્યા.

તમારાં બાળકો સુંદર ચિત્રો સર્જે એ તમને ગમે છે?

તો આજેજ મંગાવો

હિંદમાંજ બનેલી શુદ્ધ સ્વદેશી

રંગીન પેન્સીલો

લખો :

એકમે એજન્સીજ

(પેન્સિલો બનાવનારા)

મોતીલાલ મેન્શન, ત્રીજે માળે,

કાપસીઆ બજાર

અમદાવાદ ૨.

બધાં છોકરાંઓ પણ પગે લાગતા ચાંપશી દાદાને ઘેરી વળ્યા.

'દાદા, તુલસીમાતાને માતા કેમ કહીએ છીએ?'

દાદા બોલ્યા :

'બેટાઓ, એ તો બરેબર માતા જ છે. એ તો માની જેમજ આપણું સૌનું રક્ષણ કરે છે. એ આંગણે હોય તો ઘરમાં રોગ ઘુસી જ ના શકે. તુલસીમાનાં બે પાંદડાં લીધા કે તાવ જાય. મા સૌને સાજાં નરવાં રાખે.' ચાંપશીદાદા પગે લાગ્યા.

તુલસી તો આ સાંભળીને ખૂબ રાજી થઈ. 'અહોહો, ત્યારે હું પણ કંઇ કામની છું બરી.'

પછી તો કારતક સુદ અગિયારસ આવી. તુલસી ક્યારો રંગાયો. ત્યાં બૈરાંછોકરાંની સવારથી ધમાલ લાગી. તુલસીને તો કાંઇ આ ધમાલ સમજાય નહીં.

કેળના થાંભલા બંધાયા ને તોરણ બંધાયા. છોકરાંઓ નાચવા લાગ્યા ને બોલવા લાગ્યા.

'આજ તો તુલસી વિવાહ છે.'

તુલસીને ત્યારે સમજાયું.

'મારું લગ્ન ? કોની સાથે ?'

ત્યાં તો વરઘોડો આવી પહોંચ્યો. વાજા નગારાં વાગે છે. સાજનમહાજન સાથમાં છે

પાલખીમાં વિષ્ણુ ભગવાન બેઠા છે!

તુલસી પણ નવી ચૂંદડી ને બંગડી પહેરી શણગારાઈ છે. વિષ્ણુ ભગવાન તુલસી પાસે આવ્યાં અને વિમળાબેને તુલસીના વિવાહ કર્યા.

તુલસીએ જરા શરમાતે મોંએ ઉંચે જોયું. તો ત્યાં કોણ છે! 'બા! આ તો સાક્ષાત ભગવાન વિષ્ણુ પોતે! એની સાથે મારાં લગ્ન ?

તુલસીના લગ્ન થયાં. તુલસી વિષ્ણુ ભગવાનને ખૂબ પ્રિય થયાં. તુલસી વગર વિષ્ણુ ભગવાન ભોજન ન કરે.

તુલસીના આનંદનો પાર નથી.

'ઓહોહો, મારાં કેવાં મોટાં અહોભાગ્ય!'

૬૦

વર્ષથી આયુર્વૈદિક દવાઓ માટે સુપ્રસિદ્ધ

ઊંઝા ફાર્મસી લિ.

ઊંઝાની કેટલીક અદ્ભૂત પ્રસિધ્ધ દવાઓ :

સ્ત્રીઓના પ્રદર ઋતુદોષ વિ. તમામ રોગો માટે

સુંદરી સંજીવની

અકસીર છે. બાટલી રૂા. ૨–૦–૦

મલેરિઆ, ટાઢિયોતાવ, એકાંતરિયો તાવ ને

મૅલેરિયા મિક્ષ્ચર

એકજ દિવસમાં નાબૂદ કરે છે.

બાટલી ૧ ના રૂા. ૧-૪–૦

ઝાડા તથા મરડા માટે અજોડ

એન્ટ ડિસેન્ટ્રોલ,

ગમે તેવા ઝાડા થતા હોય તો પણ એકજ દિવસમાં કાબુમાં લાવે છે.

બાટલી ૧ નો રૂા. ૧–૦–૦

ચોમાંસાની ઋતુમાં તાકાત અને તાજગી માટે

અંગુરાસવ વાપરો

૧॥ રતલી બાટલી ૧ ના રૂા. ૨–૧૨–૦

ઊંઝા ફાર્મસીની દવાઓ દરેક દવા વાળાઓ વેચે છે.

એજન્ટ : **પારેખ મેડિકલ સ્ટોર્સ**

ગાંધી રોડ અમદાવાદ.

સૌથી મોટો ધર્મ : માનવ ધર્મ..... .....

રતિલાલ સાં. નાયક

ગુરુ ગોવિંદસિંહ શીખોના મોટા ગુરુ હતા. એમના શીખ ધર્મ ઉપર ત્યાંના મુસલમાન સુબાએ જુલમ ગુજારવા માંડયો હતો. આથી તેની સાથે તેમને લડાઇમાં ઉતરવું પડયું હતું.

તેમની એક શીખ ટુકડી એક જગ્યાએ મુસલમાન ટુકડી સાથે લડી રહી હતી. ખૂનખાર યુદ્ધ મચ્યું હતું. બંને ટુકડીમાંથી માણસો કપાતાં ને મરતાં જતાં હતાં. લડાઇમાં હંમેશા એવું જ થાય છે. એથી કશું સિદ્ધ થતું હોય કે ન હોય પણ એનાથી માણસોની ખુવારી તો જરૂર થાય છે જ. ગુરુ ગોવિંદસિંહ જો કે આ નહોતા સમજતા તેમ નહિ. છતાં તેમને તેમના સૈનિકોમાં વીરતા અને અભય કેળવવાં હતાં એટલે એમના માટે લડાઈ કર્યા વિના બીજો ઉપાય નહોતો.

પેલી બે ટુકડીઓએ મોડી સાંજ સુધી લડયા કર્યું. આખરે સૂરજનો અમલ ઊતર્યો ને લડાઇના નિયમ મુજબ એ દિવસનું લડવાનું કામ પુરું થયું.

સૌ પોતાની છાવણીમાં જવા લાગ્યા. એ વખતે કનૈયા નામના એક શીખ સૈનિકે કપાઇને પડેલા એક મુસલમાન સૈનિકને પાણી માટે આજીજી કરતો સાંભળ્યો. કનૈયાના હૃદયમાં દયા ઉભરાઈ આવી. પાણી માંગતો સૈનિક દુશ્મન છે–અરે! એટલું જ નહિ પણ બીજા ધર્મનો છે–એ બધું ભૂલી ગયો. એણે પાસે દોડી જઇને પેલાને પાણી પાયું.

અને એ જ વખતે એક બીજા શીખ સૈનિકની એ કનૈયા ઉપર નજર પડી. એણે તરત કનૈયાને પકડી લીધો.

કનૈયાને ગુરુ ગોવિંદસિંહ આગળ હાજર કરવામાં આવ્યો. ગુરુ આગળ એની હકીકત રજુ કરવામાં આવી.

ગુરુએ પૂછયું, 'તારો શો જવાબ છે, કનૈયા?'

કનૈયાએ શાંતિથી કહયું, 'મેં જે ઘવાયેલા સૈનિકને મરવાની ક્ષણોમાં પાણી પાયું તે દુશ્મન છે એટલું જ નહિ પણ પરધર્મી છે એ જાણ્યા છતાંય

મરતાંની છેલ્લી ઇચ્છા પૂરી કરવામાં હું મોટો માનવધર્મ માનું છું. કોઈ પણ મરનાર માણસ એ મારે માટે ઈશ્વર બરાબર છે–પછી એ ગમે તે કોમ કે ધર્મનો હોય. આથી વધારે મારે કશું જ નથી કહેવું.

હવે સૌની નજર ગુરુના ચહેરા તરફ મંડાઈ. ગુરુ હવે કનૈયાને કેવી શિક્ષા કરે છે એ જોવા સૌ આતુર થયા.

ગુરુએ સૌ તરફ નજર ફેરવીને તેમના હૈયાનો આ ભાવ જાણી લીધો. પછી ચહેરા ઉપર પ્રસન્નતા ને સ્મિત ધારણ કરી બંડીના ગજવામાંથી એક મલમની દાણડી કાઢી.

ગુરુના મોંના આ ફેરફારની સૌએ નોંધ લીધી. ગુરુએ મલમની દાણડી શા માટે કાઢી એ હજુ સૌને મન કોયડો હતો.

થોડીક ક્ષણ એ દાણડી હાથમાં રાખીને પછી ગુરુએ કનૈયા તરફ હાથ લંબાવ્યો. પેલી દાણડી એના હાથમાં મૂકી.

કનૈયો પણ ગુરુના આ વર્તનને ન સમજી શકયો. બધાની માફક એ ગુરુના મોં સામે તાકી રહ્યો.

ગુરુએ થોડીક ક્ષણો સૌને ગુંચવાડમાં રહેવા દીધા. પછી એમનું મુખ ખૂલ્યું. અમૃત જેવી વાણીમાં એમાંથી શબ્દો નીકળ્યા :

'શું જોઈ રહ્યો છે મારા મોં સામું, કનૈયા? ઝટ જા એ મરતા સૈનિક પાસે. ને એના ઘા ઉપર આ દાણડીમાંનું મલમ લગાડવા માંડ. મારા સૈનિકો પાસે હું આવા જ માનવધર્મની આશા રાખું છું. સામી છાતીએ લડીએ ત્યારે આપણે ને મુસલમાનો દુશ્મનો છીએ, પણ આપણામાંથી કે એમનામાંથી ઘવાઈને કોઈ રણભૂમિમાં સૂતું હોય ત્યારે તો એ પ્રભુનું માનવી બની જાય છે. એનો તિરસ્કાર ન હોય; કેમકે પ્રભુનો આપણે તિરસ્કાર નથી કરતા.'



સૌ શિષ્યોને ગુરુની વાણીમાંથી આજે જાણે નવી જ વાત જાણવા મળી. ગુરુજી માત્ર શીખ ધર્મના જ નહિ પણ માનવધર્મનાય પ્રચારક હતા એ નવું સત્ય એમને સમજાયું.

'ગુરુ ગોવિંદસિંહની જય!' સૌ પોકારી ઉઠયા.

'ગુરુ ગોવિંદસિંહની જય.' દૂર પેલા ઘવાયેલા મુસલમાન સૈનિકના ઘા ઉપર મલમ લગાવતો શીખ સૈનિક કનૈયો પણ બોલી ઉઠયો.

અને એ અવાજમાં એક ત્રીજો થોડોક ધીમો અવાજ પેલા ઘવાયેલા સૈનિકના હૈયાના ઊંડાણમાંથી પણ નીકળીને ભળ્યો, 'ખુદા ઉસકા ભલા કરે.'

લો આ

- સફેદ વાળને શ્યામ કરે છે.
- માથાને ઠંડુગાર રાખે છે.
- ટૂંકા વાળને વધારી, રેશમ જેવા મુલાયમ બનાવે છે.
- જુ, ખોડો દૂર કરે છે.
- દાઝવા તેમજ ચામડીનાં દર્દો ઉપર દવાનું કામ કરે છે.

આ બધા ઉપરાંત તબિયતને તર કરે એવી મીઠી સુગંધ ધરાવે છે. બધે જ ઠેકાણે વેચાય છે.

: સોલ એજન્ટસ :

એમ. એમ. ખંભાતવાલ્લા,

રાયપુર, અમદાવાદ.

સી. નરોત્તમની કું. મંગલદાસ રોડ, મુંબઈ ૨.

ઉષા અને એનું હરણ

–રમેશ કોઠારી.

એ છોકરીનું નામ ઉષા. ઉષા બિચારીને મા બાપ નહીં. એની એક ફળફૂલની વાડી. તેમાં એ રહે. આખો દિવસ બાગમાં કામ કરે. કયારા ખોદે ને પાણી પાય. પણ એને રમવા કોઈ દોસ્ત નહિ.

એકવાર તો એ ઘડો લઇને પાણી ભરવા જતી'તી. ત્યાં અચાનક ઝાડીમાં કોઇના આવવાનો અવાજ આવ્યો. એણે તો ઝાડી તરફ જોયું તો એક હરણું હાંફતું હાંફતું આવતું હતું. એ તો ઉષા પાસે આવીને ઉભું રહ્યું. ઉષાએ એના તરફ હેત ભરી નજરે જોયું. અન્નેની વચ્ચે દોસ્તી જામી ગઈ. પછી તો ઉષા એને વાડીમાંના પોતાના નાના ઘરમાં લઈગઈ. કુમળું કુમળું ઘાસ ખાવા આપ્યું. મીઠું પાણી પીવા આપ્યું.

જયારે ઉષા વાડીમાં ફૂળ તોડવા જાય ત્યારે હરણ એની સાથે જાય. જયારે બપોરે ઉષા ઝાડોને પાણી પાય ત્યારે હરણ એની સાથે ઝાડે ઝાડે ફરે. ઉષા જે કહે તે પેલું હરણ કરે.



એક દિવસ તો ઉષા બપોરે ઊંઘી ગએલી. હરણ વાડીમાં ચરવા ગએલું. ચરતાં ચરતાં એ બહાર નીકળી ગયું. ત્યાંથી જ રાજની રાજકુંવરી શિકારે નીકળેલી. એણે તો આ હરણ જોયું. તરત એણે તો હુકમ કર્યો કે પેલા હરણને પકડો. પછી તો પૂંછવું જ શું ? સિપાઈઓએ તો પવનવેગે ઘોડા દોડાવ્યા. પેલા હરણ પાછળ. હરણ બિચારૂં ક્યાં જાય. વાડીના દરવાજા પાસે પહોંચ્યું. એટલામાં તો ઘોડાએાએ એને ઘેરી લીધું. હરણ તો પકડાયું. કુંવરીના સિપાઇઓ એને રાજકુંવરીના મહેલમાં લઈ ગયા. આખા શહેરમાં કુંવરીના રૂપાળા હરણનાં વખાણ થયા.

આ બાજુ તો ઉષા જાગી. એને હરણ મળે નહીં. એના મનમાં ફાળ પડી. હરણ ક્યાં ગયું હશે ?

ઉષા તો ઉઠીને આખી વાડીમાં શોધી વળી. બહાર જોયું. બૂમો પાડી. ઉષાની આ બૂમો સાંભળીને એક ઘેટાં ચરાવતાં ભરવાડે કહ્યું, 'ઉષા તારૂં હરણ તો રાજકુંવરી પકડીને શહેરમાં લઈ ગઇ.

ઉષાએ તો ચાલવા માંડયું શહેર ભણી. અંધારૂં થઈ ગયું પણ શહેર ન આવે. ખૂબ ચાલી ત્યારે શહેરના દીવા દેખાયા. એના મનમાં આશા બંધાઈ કે હવે કદાચ હરણ મળશે. પણ રાત્રે મહેલમાં કેવી રીતે જવાય?

જ્યારે ઉષા શહેરમાં પહોંચી ત્યારે તો શહેરના દરવાજા બંધ થઈ ગયેલા. ઉષાની આંખમાં આંસુ આવ્યાં. એ તો બિચારી એક ઝાડ તળે બેસી ગઈ. કલાક થઈ ગયો પણ એનું રડવું અટકે નહીં. એટલામાં ત્યાંથી એક માણસ જતો હતો. કાળાં એણે કપડાં પહેરેલાં. મોં પર બુકાની બાંધેલી. આટલી અંધારી રાતે એક રડતી છોકરી જોઇને એ અટકી ગયો. એણે પૂછયું: 'એય છોકરી તું કોણ છે? અત્યારે કેમ રડે છે?' પણ ઉષાએ જવાબ ન આપ્યો. પેલા માણસે જરા હેતથી કહ્યું: 'બહેન કહે તો ખરી તને શું થયું છે? હું તને મદદ કરીશ.' પણ ઉષા કાંઈ બોલી નહીં.

પેલો માણસ તો કંટાળીને આગળ ચાલ્યો. જરા દૂર ગયો હશે ત્યાં બિચારાનો પગ ખાડામાં પડયો ને એ પડી ગયો. એના મોંમાંથી 'ઓ....આહ! કરીને અવાજ નીકળી પડયો, એનો પગ છોલાયો ને લોહી નીકળવા માંડયું.

એનો અવાજ સાંભળી ઉષા દોડી. પેલા માણસને હાથ આપી ઉભો કર્યો. દૂર કોઇના ઝુંપડામાં દીવો સળગતો હતો ત્યાં લઈ ગઈ. ધીરેથી બારણું બોલાવ્યું. પોતાના ઘણીયામાંથી કપડું ફાડી પાટો બાંધ્યો. બંને ઝુંપડાવાળાનો આભાર માની બહાર આવ્યાં.

પેલા માણસે કહ્યું: 'બહેન તું મારા ઘર સુધી મને મૂકી ન જાય?'

ઉષા તો માણસને ટેકો આપતી પેલા માણસ સાથે ચાલી. એને મદદ કરતાં પોતાનું દુઃખ થોડી વાર માટે ભૂલી ગઈ.

શહેરના કોટની એક બારી પાસે બં આવ્યાં. પેલા માણસે બે ટકોરા માર્યા ને બે વ કકડું બબડાવ્યું. અંદર બારી ખૂલી- બંને શહેરમ દાખલ થયાં. કેટલીય ગલીઓ ઓળંગ્યા. પણ પેલ માણસનું ઘર ના આવે. ઉષાને વિચાર આવે કે વળ આ માણસ તે ક્યાં રહેતો હશે?

ચાલતાં ચાલતાં બંને રાજાના મહેલના કો પાસે આવ્યાં. દરવાજા પર પાછા પેલા માણસે ટકોરા માર્યા. દરવાજાની ટાંકાળારી ખૂલી. સીપાઇ ઓએ ઝુકી ઝુકીને સલામ ભરી. છોકરીને તો બધું કાંઈ ભેદી લાગ્યું. એણે પૂછયું, 'હવે તમે જા શકશો? હું જાઉં?' પેલો માણસ બોલ્યો: 'હ મારૂં ઘર દૂર નથી. આટલે સુધી તું આવી છે ત્યા ઘરમાં આવ્યા વિના તો ચાલે?' પછી તો બંને એ મોટા મહેલમાં ગયાં. શું સુંદર એ મહેલ હતો! પેલા માણસે કહ્યું: 'આ મારૂં ઘર. અને હું આ શહેરનો રાજા. રાતે હું નગર ચર્યા કરવા નીકળેલો તું કહે તો ખરી બેટા તું કેમ રડતી હતી?

ઉષાને તો પલકવાર એમ થયું કે આ સપનું છે. રાજાએ પૂર્વ દિશાની બારી ખોલીને બહારથી સવારનું સુંદર આકાશ બતાવ્યું. ઉષાએ કહ્યું: 'તમે રાજા છો? ત્યારે મને તમારી રાજકુંવરી જે હરણ લઈ આવી છે તે મને ન અપાવો? એ હરણ તો મેં પાળેલું છે. એના વિના મને મારી વાડીમા ગમતું નથી.'

રાજાએ રાજકુંવરીને બોલાવીને તરત હરણ અપાવી દીધું. બે રથ જોડાવ્યા. એકમાં ઉષા ને હરણ ને બીજામાં પોતે. પોતાની સાથે વજીરને લીધા.

ઉષા અને હરણને વાડીએ પહોંચાડયાં. કેટલો બધી તો ભેટો આપી. વજીરને વાડીમાં એક સુંદર ઘર બનાવવાનો હૂકમ આપ્યો.

ઘર બંધાયું. ઉષા ને હરણને મઝા પડી ગઈ. પછી તો રાજા ને રાજકુંવરી પણ ઉષા સાથે મઝા કરવા આવતા.

એમ આ વાર્તા થઇ પૂરી.



ગોકુળ

શ્રી કુસુમ
ઠાકોર

એક લીલા વનમાં,
લીલાં વૃક્ષની લીલી લીલી છાંયમાં,
મોર ને ઢેલ
હસતાં રમતાં, રહેતા હતાં.
લીલા લહેર કરતા હતાં.
આંબે હીંચતાં,
પિપળે ઘૂમતાં,
વડલે ઝૂલતાં,
ઉડતાં ઉડતાં,
ફરતા ફરતાં
વનવગડાંની મીઠી ચણ ચણતાં હતાં.
નદીના આરે,
તલાવની પાળે,
ઝરના કિનારે,
નિર્મળ પાણી પીતાં હતાં, પીતાં હતાં.
મીઠાં કણ ખાતાં ખાતાં
નિર્મલ પાણી પીતાં પીતાં,
હરીનાં ગુણ ગાતા હતાં, ગાતા હતાં.
સવાર પડે,
સૂરજ ઉગે,
ફૂલ ખીલે,
કાનો ગોવળ
દૂધ દોહીને,
ગાયો ચરાવા
લીલાં વનમાં
જાતો હતો, જાતો હતો.
ગાયો ચરતી,
પાણી પીતી,
ધાસ વાગોળતી,
બપોર પડતાં,
ઝાડની છાંયે,
બેઠી હતી, બેઠી હતી.
કાનો ગોવળીયો
રોટલો ખાઇને

દૂધ પીને,
મીઠો પાવો,
વગાડતો હતો, વગાડતો હતો.
પાવો સુણીને
ઝીણું ટહુકતાં,
ધીમું ચલંતાં
મોર મલપંતાં,
ઢેલ રાણી ઢમકતાં
નાચતાં ગાતાં
કાનાંની પાસે
આવતાં હતાં, આવતાં હતાં,
લાલ ફાળીયાનો
છેડો છોડીને
છેડે બાંધેલી
નીલમ બાજરી
ને મોતી જુવાર,
કાનો હેતેથી, કાનો પ્રીતેથી,
મોરને ને ઢેલને
ખવરાવતો હતો, ખવરાવતો હતો.
જમી રમીને,
સંધ્યાં ઢળે,
સૂરજ નમે,
આવતા અંધારે
સૌ સૌને ગામે,
જાતાં હતાં, જાતાં હતાં.

એક સમી સાંજે,
વનમાં શિકારી આવ્યાં,
બંદુકડી સાથે લાવ્યાં,
જાળ પણ સાથે લાવ્યા,
બંદુક ફૂટી ધૂમ ધડાકા,
પંખી ફફડયાં ફડફડાટ,
પંખી ફફડયાં ફડફડાટ.
હોલાં ઊડયાં,
કબુતર ઊડયાં,
ફૂ ફૂ કરતાં કોયલ ઉડયાં
કા કા કરતાં કાગડાં ઉડયાં
ચકચક કરતાં ચકલાં ઉડયાં
મીઠાં મોરલાભાઇ જળે ભરાઇને
ઉડવા જાતાં પડી ગયાં.
પડતાં પડતાં રડી પડયાં, રડી પડયાં.
ઢેલ રાણીએ સાદ દીધો
મોર ભાઇએ ના જવાબ દીધો,
ઢેલ રાણીએ
આધું જોયું, પાછું જોયું
મોર રાણાનું જળનું બંધન
સગી આંખે નજરે જોયું
સગી આંખે નજરે જોયું.
ઢેલ રાણી તો
રડતાં રડતાં,
ચઢે વિચારે, ચઢે વિચારે,
" રોતાં રાત ખટે નહિ,

બેઠાં બંધન તૂટે નહિ,
મોર રાણા છૂટે નહિ"
કાળી રાતે ઢેલ ઉડયાં,
કાના ગોવાળની ડેલીયે દોડયાં
બારણે જોયું ત્યાં
કાનો ગોવળીયો
ઢોલીયો ઢાળી સૂતો હતો, સૂતો હતો.
ઢેલ રાણીએ
ઢોલીએ બેસી,
કાના કુંવરને સાદ દીધો,
ઢેલ રાણીને કાના ગોંવાળીયે,
પ્રશ્ન પૂછીને સાથ દીધો.
"કેમ રે મારાં ઢેલડી માતા
વન વગડાંના લક્ષ્મી માતા"
"કેમ આવ્યાં છો, કહોને માડી
માંડીને વાત માંડીને વાત"
ઢેલકી રાણી બોલી ન વાણી
કાના ગોવાળનો છેડો ઝાલીને
સરસર કરતા આગળ ચાલે
કાનો ગોવાળીઓ પાછળ ચાલે, પાછળ ચાલે.
હીંડતા ચાલતા,
વનમાં આવ્યો.
વનમાં મોરલો રડતો હતો
ઢેલ રાણીને બંધન છોડાવવા કહેતો હતો.
કાના ગોવાળીએ બંધન છોડયાં
મોર નાચે, ઢેલ કૂદે
આનંદની મસ્તીમાં ઝૂલે
કાને ગોવાળીયે
પાવો વગાડીને
મોર મુક્તિના મંગળ ગાયાં, મંગળ ગાયા.

દેવલાલી બાલગૃહ ફરીથી શરૂ થાય છે.

ત્રણથી તેર વર્ષના બાળકો માટે શિક્ષણ અને સંસ્કાર દેતું બાળકોનું ઘર.

આપના બાળકોને દાખલ કરવા લખો :

શ્રી જયંતિલાલ ઓઝા, પંચવટી, નાસિક.

ગો....વિં....દ ....નો શં....ખ..... —દુર્ગા ભાગવત

ઘણાં દિવસ પહેલાંની વાત છે.
શાલિગ્રામ નામનું એક ગામ હતું.
તેમાં એક ખેડૂત રહેતો હતો.
એનું નામ ગોવિંદ.
રાત્રે હરણો ખેતરમાં આવતા
ને પાકનું નુકસાન કરતાં
એટલે ગોવિંદે યુક્તિ કરી.
ખેતરમાં એક ઝાડ ઉપર બેસતો.
ને હરણનો ભાસ થતો કે
એ મોઢેથી શંખ ફૂંકવા માંડે.
શંખનો અવાજ હવામાં ઊંચે ઊંચે
ઘૂમે ને હરણો ભાગી જતાં.
એક દિવસ આવી જ રીતે
રાત્રે ગોવિંદ ચોકી કરતો હતો.
ધણ ચોરીને જતા ચોર
કોઇના ઢોર ચોરી જતા હતા.
અંધારું ઘોર હતું. આંખો
ફાડીને જોઇએ તો પણ
કંઈ જ ન દેખાય.
ચોરીને લઈ જતા ધણના
પગલાંનો અવાજ સાંભળતાં જ
ગોવિંદને લાગ્યું,
"હા; હરણો આવ્યા.'
પૂર જોશથી એણે શંખ
ફૂંકવા માંડ્યો. શંખ ફૂંકવામાં
ગોવિંદ બરોબર એકકો હતો.
શંખ ફૂંકે કે એવો કંઈ
અવાજ ઘૂમે કે હરણો તો
બિચારા ભયભીત બનીને ભાગે.
ચોર પણ એવા ગભરાયા
એવા ગભરાયા કે એમને લાગ્યું
કે મને કોઇ પકડવા આવે છે.
ધણ એમજ ખેતરમાં મૂકીને
જીવ લઇને એ તો નાસી છૂટ્યા.

સવાર પડી ને ગોવિંદ
ઝાડ ઉપરથી નીચે ઉતર્યો,
ગાય ભેંશનું એક મોટું ધણ ત્યાં
ચરતું જોયું. ધણ છે, ગોવાળ નથી.
ગોવિંદે વિચાર કર્યો.
ગોવાળ નથી તો હું શા માટે
આ ધણ ન લઈ લઉં ?
ગામના લોકો પૂછશે એટલું જ ને !
એમને કંઇ પણ અષ્ટમ
પષ્ટમ સમજાવી દઇશું
દેવે દીધા એમ કહી દઇશ.
એમને પણ થોડું આપીશ.
પછી આપણને કોણ બોલશે ?
ગોવિ દે નક્કકી કર્યું. ધણ
દોરીને એ ગામ તરફ ગયો.
ગામમાં એણે બધાને બોટું
બોટું કહ્યું, આડોશીને
પાડોશીને એને થોડી ગાયો આપી.
લોકો ખૂબ ખુશ થઈ ગયા.
ગોવિંદની બધે વાહ ! વાહ !
બોલાવા લાગી. ગોવિંદને
બધા માન આપવા લાગ્યા.
ગામ લોકોએ ગોવિંદને જ આગળ
ઉપર મુખી નિમ્યો.
પણ આવું આવું બોટું બોટું



કેટલા દિવસ સુધી ચાલે ?
થોડા દિવસ પછી ચોરોને
પણ ખબર પડી કે આપણે
ફસાઈ ગયા છીએ.
ગોવિંદ સુખી બન્યો છે કેમ ?
ચોરોએ વિચાર કર્યો કે એની
બરાબર ખબર લઇએ.
ગોવિંદને ચોરોના નિર્ણયની
ખબર નહોતી.
આગલે વર્ષે ફરીને ખેતરમાં
અનાજ પાકયું, હરણોનો
એવોજ ત્રાસ થવા લાગ્યો.
એટલે ગોવિંદે શંખ ફૂંકવો.
શરૂ કર્યો.
એવી જ પહેલા જેવી
અંધારી રાત હતી
ધણ દોરીને ચોર ખેતરને
રસ્તે જતા હતાં. ગોવિંદે
જોર જોરથી શંખ ફૂકયો
પણ હવે ચોર શાના બીએ ?
ગોવિંદનું શંખ ફૂંકવાનું ચાલુ હતું
ચોરો રસ્તો કાઢતા ગોવિંદવાળા
ઝાડ પાસે આવ્યા.

બિચારો ગોવિંદ !
ચોરો ગોવિંદને ઘેરી વળ્યા.
અને ઝાડ ઉપરથી નીચે ખેંચ્યો.
લાકડીએ માર માર્યો.
મોઢામાં ડૂચો દીધો.
શરીરના કપડાં કાઢી લીધા.
ઠંડીમાં ધ્રૂજતો છોડી મૂકયો.
ગોવિંદ બિચારો શું કરે ?
એની ઝુંપડીમાં બાંધેલા ઢોર
પણ ચોરો લૂંટી ગયા.
આખું ગામ સવારે ભેગું મળ્યું
કોઈ કહે : "જુઠ્ઠો કંઈના !"
કહે દેવ પ્રસન્ન થયા છે.
દેવે એને ગાયો દીધી.
હવે ક્યાં ગયા એ દેવ ?'
કોઇ કહે : કેમ ગોવિંદ
તારા કપડાં કયાં છે ?
દેવ લઈ ગયા હશે ખરું ને ?"
આખરે કોઇએ એના મોઢાનો
ડૂચો કાઢયો. કોઇએ કપડાં
આપ્યા પણ બધા એની
ટીખ્ખલ કરતા ઘેર ગયા.



રામ તારું રખવાળું

—નટુભાઈ બરાનપુરીયા

એક મોટું જંગલ હતું. એ જંગલમાં એક મોટા ઝાડ પર એક પક્ષી, તેના બે બચ્ચાં સાથે માળો બાંધીને રહેતું હતું. આ પક્ષીનો કંઠ બહુ મધુર હતો. એ જ્યારે ગાતું ત્યારે આજુબાજુના પશુ પક્ષીઓ. સ્થિર થઈને એને સાંભળતાં. એવો મીઠો અને સુંદર એનો અવાજ હતો કે કલાકો સુધી ત્યાંથી કોઈ બસતું નહિ.

એક દિવસ એક શિકારી ફરતો ફરતો શિકારની શોધમાં ત્યાં આવી ચઢયો. અને એણે આ પક્ષીનું ગીત સાંભળ્યું, શિકારી ઘડીભર તો મુગ્ધ થઈ ગયો. એણે વિચાર કર્યો કે આવું સરસ પક્ષી રાજાને ભેટ આપીશું તો જીંદગીભરનું દળદર ફીટી જશે.

પણ એ પક્ષીમાં એક ખોડ હતી અને તે એ કે જ્યારે એ ગાતું ત્યારે તે ઉડી શકતું નહીં.



શિકારી ચુપકીદીથી ધીરે ધીરે ઝાડ ઉપર ચઢયો. અને પક્ષીને પકડી લીધું. પક્ષીને પોતાની નબળાઇનો ખ્યાલ આવ્યો. ચીસા ચીસ કરવા માંડી. બચ્ચાં પણ ચીસા ચીસ કરવાં લાગ્યાં. શિકારીએ ઝાડ-પથી નીચે ઉતરી પક્ષીને લઈને ચાલવા માંડયું. આખા જંગલના પક્ષીઓ શોક કરવા લાગ્યા.

શિકારીએ દોડતાં દોડતાં ચાલવા માંડયું રખેને કોઈ આવી પક્ષીને છોડાવી જાય.

રસ્તામાં એક ઘોડાનો સોદાગર મળ્યો. પક્ષીએ મોટા અવાજે રૂદન કરતાં કહ્યું:

સોદાગરભાઇ, ઓ સોદાગરભાઈ!
ઝાડપર બચ્ચાં એકલડાં ભાઈ
વિજળીથી એ ચમકશે
વરસાદથી એ પલળશે
ઠંડીથી એ થરથરશે
ગરમીથી એ ગભરાશે
ભૂખે તરશે મરી જશે
મને છોડાવીશ તો ભગવાન તારૂં ભલું કરશે.

પક્ષીનું બોલવું સાંભળી સોદાગરને દયા આવી. શિકારીને કહ્યું: "ભાઈ તારે જોઇએ તેટલા ઘોડા લે, પણ આ બિચારા પક્ષીને છોડી દે. એના વગર એના બચ્ચાં ટળવળી મરી જશે."

શિકારીએ હસીને કહ્યું "ઘોડાને હું શું કરું? ઘોડા કંઈ ગાઈ શકે છે? આ પક્ષી તો સરસ મજાનું ગાય છે.

પક્ષી હું રાજાને દઈશ
સો સોના મહોર ભેટ લઈશ
સોના મહોરનું અનાજ લઈશ
બાલ બચ્ચાંને સુખી કરીશ."

એમ કહીને શિકારીએ આગળ ચાલવા માંડયું. રસ્તામાં એક ઊંટની વણઝાર મળી. પક્ષીએ રડતાં રડતાં કહ્યું:

રાયકાભાઈ, ઓ રાયકાભાઈ!
ઝાડપર બચ્ચાં એકલડાં ભાઈ
વિજળીથી એ ચમકશે
વરસાદથી એ પલળશે
ઠંડીથી એ થરથરશે
ગરમીથી એ ગભરાશે
ભૂખે તરસે મરી જશે.

મને છોડાવીશ તો ભગવાન તારૂં ભલું કરશે.

પક્ષીની વાણી સાંભળી રાયકાને દયા આવી. પક્ષીના બદલામાં એકથી હુનર ઊંટ લઈ લેવાની શિકારીને વિનંતિ કરી. શિકારીએ ગણકાર્યું નહિ. લુચ્ચાઈ ભર્યું હસી જવાબ આપ્યો.

રાયકા ! તારા ઊંટને શું કરું ?

તારા ઊંટ તો ગાંગરે છે. અને આ પક્ષી તો સરસ મજાનું ગાય છે.

પક્ષી હું રાજાને દઈશ.
સો સોના મહોર ભેટ લઈશ.
સોના મહોરનું અનાજ લઈશ.
બાલ બચ્ચાંને સુખી કરીશ.

શિકારી આગળ ચાલ્યો. ગાયનો ગોવાળ મળ્યો. ભેંસનો ગોવાળ મળ્યો. દરેકે પક્ષીને છોડી દેવાના બદલામાં કંઈ ને કંઈ આપવાનું કહ્યું. પણ શિકારીને સંતોષ થયો નહિ. એણે આગળ ચાલવા માંડ્યું. ચાલતાં ચાલતાં રસ્તામાં એક ખેતર આવ્યું. શિકારી થાક ખાવા એક ઝાડ નીચે બેઠો. પાસે જ ખેતરમાં એક ખેડૂત અનાજના ઢગલા કરતો હતો. દયામણા અવાજે પંખીએ હતું તેટલું જોર ભેગું કરી બોલી ઉઠ્યું :

ખેડૂતભાઈ, ઓ ખેડુતભાઈ!
ઝાડ પર બચ્ચાં એકલડાં ભાઈ
વિજળીથી એ ચમકશે
વરસાદથી એ પલળશે
ઠંડીથી એ થરથરશે
ગરમીથી એ ગભરાશે
ભૂખે તરસે મરી જશે
મને છોડાવીશ તો ભગવાન તારૂં ભલું કરશે.

બેડૂતે અનાજ ઉલાપતાં જોયું તો શિકારીના હાથમાં પંખી કકળાટ કરી રૂદન કરી રહ્યું છે. પાસે આવીને શિકારીને કહ્યું, "ભલા ભાઈ! શા માટે બિચારા આ આઝાદ પંખીને પકડ્યું છે? છોડી દે! બચ્ચાંનાં વિયોગમાં કેવું તરફડે છે. તારે જોઇએ તેટલું અનાજ લઈ જા. પણ બિચારા આ નિર્દોષ પંખીને છોડી દે."

શિકારી બેડૂતની વાત સાંભળી ખુશ ખુશ થઈ ગયો. એણે કહ્યું: "મારે તો એટલું જ જોઇતુ હતું. હું ને મારું કુટુંબ ભૂખના ત્રાસથી ગભરાઇ ઉઠ્યા છીએ અને માટે જ મેં આ પક્ષી રાજાને ભેટ આપવા માટે પકડ્યું હતું. બાકી મને ખૂબ શરમ લાગે છે, કે આ પેટ માટે મારે આવું બરાબ કામ કરવું પડે છે. હું આ પક્ષીને છોડી મૂકું છું. એ ખુશીથી પોતાનાં બચ્ચાં પાસે જાય." અને શિકારીએ પક્ષીને છોડી દીધું.

પક્ષીની પ્રાર્થના ફળી. ઝાડ ઉપર પાછા આવી બચ્ચાંને હેમખેમ જોઇ રાજી રાજી થઈ ગયું. બેડૂતનું ભલું ઈચ્છ્યું. શિકારીનું ભલું ઈચ્છ્યું.

શિકારી પણ અનાજ લઈ ઘેર આવ્યો. બાલબચ્ચાં ખુશ થઇ ગયા. પક્ષીનું ભલું ઇચ્છ્યુ. બેડૂતનું ભલું ઇચ્છ્યું. અને ભલુ કર્યા બદલ સંતોષ માણ્યો.



આભાર

"શિક્ષણ–પત્રિકા"ના દ્વીપોત્સવી બાલ વાર્તા વિશેષાંકની જાહેરાત કરતાંની સાથે જ, અમારી વિનંતિને માન આપી, જે જે લેખક ભાઇ–બેનોએ, પોતાની કૃતિઓ યથાસમય અમને લખી મોકલાવી પ્રસ્તુત અંકને સુંદર અને સમૃદ્ધ બનાવવામાં સહયોંગ આપ્યો છે, તે માટે સૌનો અમે અહીં હાર્દિક આભાર માનીએ છીએ, અને સાથે જ ઇચ્છીએ છીએ કે તેઓ આવી જ રીતે "શિક્ષણ–પત્રિકા" માટે પોતાનું સાહિત્ય મોકલતાં રહેશે.

ક્ષમા–યાચના

પ્રસ્તુત અંક માટે પ્રસંગને અનુકૂળ એવી વાર્તાઓની માગણી થતાં, સંખ્યાબંધ વાર્તાઓ કાર્યાલયને મળી; પરંતુ એ બધીયે વાર્તાઓને આ વિશેષાંકમાં સ્થાન આપવું શકય બન્યું નથી. તેથી જે જે ભાઇ બેનોની વાર્તાઓને આ અંકમાં સ્થાન આપી શકાયું નથી, તેઓ તેથી માઠું ન લગાડે. તેમની વાર્તાઓને હવે પછીના "શિક્ષણ–પત્રિકા"ના બાળ વિભાગમાં ક્રમશઃ સ્થાન અપાતું રહેશે, તેની નોંધ લેવા વિનંતિ છે.

"શિક્ષણ - પત્રિકા"ના ગ્રાહકો અને શુભેચ્છકોને :

"શિક્ષણ–પત્રિકા" છેલ્લાં ૨૮ વર્ષથી બાળ કેળવણી અને બાળ કલ્યાણના ક્ષેત્રે પોતાની સેવા બજાવી રહી છે એથી આપ સૌ સુપરિચિત છો. 'શિક્ષણ–પત્રિકા' એ નૂતન બાળ શિક્ષણ સંઘનું મુખપત્ર છે, અને એ રીતે એ કોઇ વ્યકિતગત પત્ર નથી. પરંતુ તેની પ્રગતિમાં આપણીજ પ્રગતિ સન્નિહિત છે, એ દ્રષ્ટીતું છે. અમે નમ્રપણે માનીએ છીએ કે "શિક્ષણ–પત્રિકા"ના એકે એક ગ્રાહક અને તેના કાર્યમાં રસ ધરાવતાં ભાઈ બેન, તેના પ્રચારકો છે. એ દૃષ્ટિએ, જો દરેક ગ્રાહક તથા શુભેચ્છક ભાઇ, બેન એના ૧૦–૧૦ ગ્રાહકો બનાવી આપે, અથવા તેને માટે યોગ્ય જાહેરાતો (વિજ્ઞાપનો) મેળવી આપે તો "શિક્ષણ–પત્રિકા" માં હાલમાં જે રીતે સાહિત્ય અપાય છે, તેમાં વધારો કરી શકાશે અને ગ્રાહકો તથા વાંચક બંધુઓને તેથી વિશેષ લાભ થશે.

અમોને આશા છે કે આ ટૂંકા પણ સચોટ નિવેદનથી આપને જરૂરી એવી પ્રેરણા મળી રહેશે અને એના માટે આપ કાર્ય તત્પર બનશો, એ અભિલાષા છે. –વ્યવસ્થાપક.

બાલ શિક્ષણ અને સંઘ–સમાચાર

* **ગ્રામ બાલ શિક્ષા કેન્દ્રનો** સત્રાન્ત ઉત્સવ ગુરૂવાર તા. ૧૫–૧૦–૫૩ ના રોજ માનનીય ઉપમંત્રી શ્રી દ. ન વાંદરેકરના પ્રમુખપદે ઉજવવામાં આવ્યો, જે પ્રસંગે બાળ કેળવણી અંગેનું પ્રદર્શન, વિકાસવાડીની મુલાકાત, ગ્રામજનોની સભા અને રંજન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

* **વડોદરા નગર પ્રાદેશિક :** શિશુભારતી બાલ અધ્યાપન મંદિરની સ્થાપના પછી વડોદરાના સંઘના કાર્યકર્તાઓએ સંઘનું કામ ખૂબજ ઉત્સાહ પૂર્વક ઉપાડ્યું છે. બહાદરપુરની સ્થાનિક શાખા પછી હવે ડભોઇના કાર્યકર્તાઓના સહકારથી તા. ૫–૧૦–૫૩ ના રોજ ડભોઇ સ્થાનિક શાખાની સ્થાપના કરવામાં આવી છે. તા. ૨–૧૦–૫૩ ના ગાંધી જયતિના શુભ અવસરે હરિજન વાસમાં શિશુભારતી બાલવાડીનું ઉદ્‌ઘાટન વડોદરાના નગરપતિ ડૉ. વેણીલાલ મોદીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. એજ દિવસે વહેલી સવારે નાના બાળકોનું સ્થાનિક વ્યાયામ શાળાના બેંડ સાથે સરઘસ કાઢવામાં આવ્યું હતું. હરિજન સેવા સંઘના મંત્રી બિંદુભાઇ પરિખે વડોદરાના સોળ હરિજન વાસમાં આ પ્રકારની બાળ વાડીઓ હોવી જોઇએ એવી ઇચ્છા વ્યકત કરી હતી. તેજ દિવસે સાંજે શિશુભારતી સંસ્થામાં શિક્ષકો–અને બાળકોનું સમૂહ કાંતણ યોજવામાં આવ્યું હતું.

* **શિશુ વિહાર દાદર, મુંબઈ :** ગાંધી જયંતિના અવસરે આ સંસ્થાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ અઢી કલાકના સમૂહ સીવણનો એક અભિનય કાર્યક્રમ યોજયો હતો. એમાં ત્રણ વર્ષની અંદરના બાળકોને ઉપયોગી થાય એવા જાત જાતના ૧૦૦ કપડા સીવ્યા હતા. આવશ્યક કપડું વિદ્યાર્થી, શિક્ષકો અને સંસ્થાએ પૂરું પાડ્યું હતું. આ કપડા ગ્રામ બાળ શિક્ષા કેન્દ્ર, બોર્ડી અને બીજી ગરીબ વસતીના બાળકોને સંસ્થા તરફથી ભેટ આપવામાં આવશે.

* **ગુજરાતી હિંદુ સ્ત્રી મંડળ; મુંબઈ :** તા. ૨૪–૧૦–૫૩ ના રોજ ઉજવાએલા વાલી દિન નિમિત્તે ડૉ. કે. આર. મસાનીનું બાળમાનસ પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

* **ભૂલ સુધાર :** પત્રિકાના ગતાંકમાં નિયંત્રણ મંડળના ઠરાવ ન. પાંચમાં પૂર્વપ્રાથમિક શિક્ષણક્રમ સમિતિમાં જે વ્યકિતઓની સૂચિ છે તેમાં વડોદરાના શિશુ ભારતી બાલ અધ્યાપન મંદિરના પ્રિન્સિપૉલ શ્રી. સ. આ. કેળકરનું નામ શરતચૂકથી રહી ગયું છે. તેમના નામ સાથે આ સમિતિ પર હવે કુલ ૭ નામ થયા છે.

* સંઘના નવા બંધારણ મુંજબ જ્યાં જ્યાં બાળમંદિર છે. ત્યાં ત્યાં સંઘની સ્થાનિક શાખાઓ સ્થાપિન કરી શકાય છે. સૌરાષ્ટ્રમાં આ પ્રકારની શાખાઓ કેવી રીતે સ્થાપિત કરી શકાય તે અંગેની સર્વ માહિતી સાર્વજનિક બાળમંદિર લીંબડીના આચાર્ય શ્રી. ગનુભાઇ પીપળીયા પાસેથી મળશે. સંઘના કાર્યમાં રસ લેતા ભાઇ બેનોએ એમની સાથે પત્ર વ્યવહાર કરવો.

* **"શિક્ષણ પત્રિકા"** ના ગુજરાતી, હિંદી અને મરાઠી આવૃતિઓના દીપોત્સવી બાલ વાર્તા વિશેષાંકોનો એક પ્રકાશન સમારંભ મુંબઈ રાજ્યના શિક્ષણ- સચીવ માનનીય શ્રી દિનકરભાઇ દેસાઇના પ્રમુખપણા હેઠળ, શિશુ વિહાર, દાદર ખાતે તા. ૨૫ ૧૦-૫૩ ના રોજ યોજવામાં આવ્યો હતો, જેની સવિસ્તૃત નોંધ "શિક્ષણ-પત્રિકાના" આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે.

કેમ દોસ્ત ! પાસ પડયા ને ?
અને જરા પણ ભય ન્હોતો....

"ચરક' ના ચ્યવનપ્રાશે

આપણી યાદશક્તિ વધારી છે.....
યાદશક્તિ ટકાવી છે અને ફરીથી આપી છે

જે વિદ્યાર્થીઓએ 'ચરક' નો 'ચ્યવનપ્રાશ' (અષ્ટવર્ગ) ખાવો
શરૂ કર્યો હતો તેઓ પરીક્ષામાં સારા માર્ક મેળવી પાસ થયા છે.

દરેક શહેરમાં જાણીતા દવાવાળાઓ વેચે છે.

અબુ હુસન

[અરેબીયન નાઇટસ પરથી]

બગદાદ ગામમાં ખલીફ હારૂન-અલ-રશીદ રાજ્ય કરતો હતો. ત્યાં એક વેપારી રહેતો હતો. તેનું નામ હતું અબુ હસન.

અબુ હસન પાસે બૂબ પૈસો હતો. પણ એણે બધાજ પૈસા થોડા જ વખતમાં ઉડાવી નાખ્યા. એ ગરીબ થઇ ગયો. એના મિત્રો એને છોડી ચાલ્યા ગયા. કોઈ એની સાથે બોલે નહિ કે ચાલે નહિ.

અબુ હસનને બૂબ દુઃખ થયું. એને બગદાદનાં લોકો પર ગુસ્સો ચડયો. એણે નકકી કર્યું કે કોઇ દિવસ બગદાદનાં લોકો સાથે દોસ્તી ન કરવી, પણ દરરોજ કોઇ નવા આવેલા મુસાફરને પોતાને ત્યાં આશરો આપવો ને બાવા આપવું.

આ પ્રમાણે એ દરરોજ કરતો. એક દિવસ એ બગદાદનાં પૂલ પાસે બેઠો હતો. ત્યાં એક મુસાફરને એના નોકર સાથે આવતો જોયો. આ મુસાફર તે ખલીફ હારૂન-અલ-રશીદ પોતે જ. તે ધર્યો વેશ પહેરી ગામમાં ફરવા નીકળ્યા હતા. અબુ હસને મુસાફરને પોતાને ત્યાં આવવાનું આમંત્રણ આપ્યું. ખલીફે તે સ્વીકાર્યું. બન્ને જણા અબુ હસનને ઘેર ગયા. જમ્યા પછી શરબત આવ્યું. બન્ને જણ ગપ્પાં મારવા લાગ્યા. વાતમાં ને વાતમાં ખલીફે અબુ હસન વિષે બધું જાણી લીધું. તેની આવી મહેમાનગીરી માટે તેણેઅબુ હસનનો આભાર માન્યો. અને એને કંઈ જોઇતું કરતું હોય તો માગવા કહ્યું. અબુ હસને હસતાં હસતાં કહયું, "મારે તો એટલું જ જોઇએ કે હું એક દિવસ માટે ખલીફ બનું, અને આ ગામના ઇમામને ચાબુકથી સો ફટકા મારવાનો હુકમ આપી શકું. આ ઇમામ છે તે બહુ ખરાબ છે. એ આખો વખત કુથલીજ કરતો હોય છે અને બીજાનાં કામમાં માથું માર્યા કરતો હોય છે.

આ સાંભળી ખલીફ બૂબ હસ્યો. એ બોલ્યો "હું પણ ઇચ્છું છું કે તારી આશા સફળ થાય."

અબુ હસન આમ વાતો કરતો હતો, ત્યારે એ ન જાણે તેમ ખલીફે તેના શરબતમાં એક જાતનો પાઉડર નાખી દીધો. શરબત પીધા પછી એને બૂબ ઊંઘ આવવા લાગી. થોડી જ વારમાં તે ઘસઘસાટ ઊંઘી ગયો.

ખલીફે એના નોકરને હુકમ કર્યો, "આને મારા મહેલમાં લઈ જાઓ, અને ત્યાં મારા પલંગમાં સૂવાડી દો." પછી એણે વઝીરને બોલાવી કહ્યું, "કાલે આ માણસને સિંહાસન પર બેસાડજો. અને એને ખલીફ તરીકે બોલાવજો. બધાને એ પ્રમાણે કરવા કહેજો-"

બીજે દિવસે સવારે ખલીફ જલ્દી ઉઠી ગમ્મત જોવા એક જગ્યાએ સંતાઇ ગયો. થોડીવારમાં અબુ હસન આંખ બોલીને જુએ છે તો સરસ મોટા પલંગ પર તે સૂતો હતો. કીનખાબનું તો એનું ઓઢવાનું હતું. પલંગની આજુબાજુ નોકર ચાકર ઉભા હતા. એને તો થયું કે આ સ્વપ્નું જ છે. ત્યાં તો એક નોકર બોલ્યો, "ખલીફ, હવે ઉઠો દરબારમાં જવાનો વખત થયો છે." 'અરે! હું સ્વપ્નામાં નથી પણ જાગુ છું!' એમ બોલી તે બેઠો થયો. નોકર તરફ ફરીને પૂછ્યું, અરે ભાઈ તું કોની સાથે બોલી રહ્યો છે?' નોકર બોલ્યો, 'બાદશાહ, આપ જ ખલીફ છો આજે તમારી તબીયત તો સારી છે ને?' આ સાંભળી

અબુ હસન તો બૂબ હસ્યો. અને કહે, "બારુ એમ હોય તો તું મારી આંગળી કરડી ને. એટલે મને ખબર પડશે કે હું સ્વપ્નમાં છું કે જાગુ છું.' નોકરે ગભરાતાં ગભરાતાં આંગળી કરડી, 'ઓ રે! હું જાગુ છું' કહી અબુ હસને આંગળી ખેચી લીધી. 'કોઈ જાદુથી હું ખલીફ બન્યો છું.'

અબુ હસન ઉઠ્યો. કીનખાબનાં કપડાં પહેર્યાં અને દરબારમાં ગયો. એની પાછળ પાછળ બલીફ પણ સંતાતો સંતાતો ગયો. અબુ હસન સિંહાસન પર ચઢ્યો. દરબારનાં લોકોએ નીચા વળી ખૂબ સલામ કરી. અબુ હસનને થયું કે હવે તો એ બરોબર જ બલીફ બની ગયો છે. એની આશા ફળીભૂત થઇ છે.

અબુ હસનનું દરબારમાં વર્તન જોઇ બલીફ ખૂબ ખૂશ થયો. દરબારમાં પોલીસ ઓફીસર હતો. તેને જોઈ અબુ હસન બોલ્યો : "મારે એક હુકમ ફરમાવવાનો છે. અમુક રસ્તા પર–એણે રસ્તાનું નામ આપ્યું–એક મસ્જિદ છે તેમાં ઈમામ રહે છે. તેને જઇને ચારસો ચાબખા મારો અને ઉંધે ગધેડે બેસાડી આખા ગામમાં ફેરવો. અને લોકોને કહેતા જાવ કે ઈમામને આવી શિક્ષા કરી છે કારણ કે તે બધાની બહુ કુથલી કરે છે ને લોકોમાં ઝઘડો કરાવે છે."

થોડી વારમાં પોલીસ આવ્યો ને બોલ્યો : "બલીફ તમારા હુકમ પ્રમાણે કરવામાં આવ્યું છે." પછી અબુહસને ફરમાવ્યું : "એ જ લત્તામાં જાઓ અને ત્યાં એક અબુહસન છે તેની મા રહે છે તેને એક હજાર સોના મહોરો આપી આવો."

દરબાર પૂરો થયો. જમવાનો વખત થયો. સોનાની થાળીમાં જાતજાતની વાનીઓ હતી. પીવાને રંગબેરંગી શરબત હતો. તે ખાતો જાય ને સંગીત સાંભળતો જાય. એક નોકરે ફરી પાછો એના શરબતમાં પાઉડર નાંખી દીધો. અબુ હસનને ખૂબ ઊંઘ આવવા માંડી. થોડી જ વારમાં તે ઘસઘસાટ સૂઈ ગયો.

બલીફ આ બધું સંતાઇને જોતો હતો. એ હસતો હસતો બહાર આવ્યો. એણે હુકમ કર્યો કે અબુ હસનને ફરી પાછા એના જુનાં કપડાં પહેરાવી, એને ઘેર એની પથારીમાં મૂકી આવો.

અબુ હસન ખૂબ મોડે સુધી ઊંઘ્યો. ઉઠીને જુએ તો પોતાની પથારીમાં હતો. એણે મોટો ધાંટો પાડ્યો. એની મા દોડતી દોડતી આવી ને પૂછે, "દીકરા તને થયું છે શું?" અબુ હસન મીજાજમાં બોલ્યો : "કેમ દીકરા કોને કહે છે?" તે બોલ્યો : "અરે! તને ભાન છે તું શું બોલે છે. તેનું. હું તો બલીફ છું બલીફ."

માને થયું અબુ હસન ગાંડો થઇ ગયો છે એણે વાત ઉડાડવા આગલા દિવસની વાત કરવી શરૂ કરી. ઈમામની ફજેતી થઈ તે કહી સંભળાવ્યું ને એક હજાર સોનામહોરની વાત કરી. આ વાત સાંભળતાં અબુ હસન બોલી ઉઠ્યો : "સાંભળ! આ બધુ મારા કહેવાથી જ થયું છે એટલે હું જ બલીફ છું."

માને થયું કે આ તો બોકકસ ગાંડો થઈ ગયો છે. લોકો જાણશે તો ફજેતી જ કરશે. બલીફને કાને વાત જશે તો ચીડાશે. એ અબુ હસનને ઘરની બહાર જવા ન દે. એની ખૂબ સારવાર કરે.

એમ કરતાં કરતાં થોડા દિવસ વીત્યા. અબુ હસન વિચાર કરે, 'જો હું બલીફ હોઉં તો આવા નાનકડા ઘરમાં અને આવા ફાટેલાં કપડામાં કેમ ફરું?' 'અરે પણ પેલા ઈમામને ફટકાવવાનો અને એક હજાર સોના મહોરો મારી માને આપવાનો હુકમ તો મેં જ આપ્યો હતો. બરોબર કંઈ સમજાતું નથી. આ બધું સ્વપ્નું જ હશે સ્વપ્નું.'

એણે મા પાસે જઇ માફી માગી. 'મા હું તો તારો જ દીકરો છું. હું કંઇ બલીફ નથી. એ તો એક અદ્‌ભૂત સ્વપ્નું જ હતું. આ સાંભળી મા ખુબ રાજી રાજી થઈ ગઇ 'હાશ! મારો અબુ હસન સારો થઇ ગયો એનું સ્વપ્નું હવે ઉડી ગયું!'

અ. : મંજરી રાયજી.



પ્રિય બાલમિત્રો,

દિવાળીનાં આનંદમાં તમને ગમતી બધી વસ્તુઓ જોઇએ છે ને? ત્યારે તમને આ બાલકથા અંક ગમ્યો કે? આ અંકમાં બસ વાર્તા જ વાર્તાઓ છે. કાવ્યો નથી, ટૂચકા નથી નિબંધ પણ નથી. તમને બધાં કરતાં વાર્તા જ વધારે ગમે છે ખરું? એટલે બસ વાર્તાનો જ આ વિશેષાંક બનાવ્યો છે. પણ આમાંની બધી જ વાતો વાંચવા માટે નથી. વાર્તાની ખરી મઝા સાંભળવામાં પણ છે ખરું ને? જે કહેનાર હાવભાવ સાથે વાર્તા કહે તો તો વધારે મઝા પડે, નહીં? પણ કોઇ કોઇ વાતો બીજાને વાંચી સંભળાવવાની પણ એટલી જ મઝા પડે છે. એવી વાર્તાઓમાં આપણે તલ્લીન થઈ બીજાને પણ તલ્લીન બનાવી દઇએ છીએ. તમારામાંથી થોડાં મોટાં હશે તે આમ વાંચી બતાવવાનો પ્રયોગ કરશે. આ અંકની બધી વાર્તાઓ એક જ પ્રકારની નથી. કોઇ નાનાં બાળકો માટે છે. કોઇ કહેવા માટે, કોઈ વાંચવાં માટે, તો કોઇ વાંચી બતાવવા માટે છે. બાસ તમને ગમે એટલે જ આ વાર્તાઓ લખી છે. પણ તેથી કંઇ તમને બધી જ વાર્તાઓ ગમવી જોઇએ એવું કંઇ નથી. તેથી તમને આ વાર્તાઓ ગમી કે નહિ તે તમારે અને લખી મોકલવું જોઇએ. તેથી તમને જે જાતની નવી વાર્તાઓ જોઇએ તે જાતની અમે લખીશું. તેથી આ અંકની દરેક વાર્તા માટે અમને લખજો વાર્તાઓમાં શું ગમ્યું ને શું ન ગમ્યું તે છૂટથી લખજો. તમે લખશો તેથી મને ઘણો આનંદ થશે. દિવાળીની રજામાં આ અંક વાંચો, કોઇ પાસે વંચાવી લ્યો, તેની અંદરની વાર્તા બીજાને કહો, બીજાં મોટાં અથવા તમારા જેવડાં પાસેથી સાંભળો. તમારી દિવાળી ખૂબ આનંદદાયક નીવડે એવી મારી શુભેચ્છા છે.

ધી વલકન ઇન્સ્યુરન્સ કંપની
લિમિટેડ.

સ્થાપક : સ્વ. શ્રી જે. સી. સેતલવડ.

સ્થાપના : ૧૯૧૯

આગ, મોટર અકસ્માત, દરિયાઈ, વર્કમેન્સ કોમ્પેન્સેશન, એમ્પ્લોયર્સ લાયેબિલિટી વગેરે વિમાનું કામકાજ લખવામાં આવે છે.

ડાયરેક્ટર ઇન ચાર્જ : શ્રી વી. સી. સેતલવડ.

જનરલ મેનેજર : શ્રી કે. સી. દેસાઇ.

પ્રાન્ચ તથા એજન્સી ઑફીસો હિંદ ભરમાં તેમજ બ્રિટીશ ઈસ્ટ આફ્રિકા અને બર્મામાં છે.

હેડ ઑફીસ : ૭૬, ચર્ચગેટ સ્ટેશનની સામે, ઇન્ડસ્ટ્રીઅલ એસ્યુરંસ બિલ્ડીંગ, કોટ, મુંબઇ–૧.

Gram-UDAYBHANU *Phone-33766*

S. MANSUKHLAL & CO.

EXPORTERS, IMPORTERS, AGENTS AND REPRESENTATIVES

395, KALBADEVI ROAD, BOMBAY 2.

WE EXPORT

ALL SORTS OF INDIAN GOODS FROM HOSIERY TO HARDWARE TO ANY PART OF THE GLOBE

WE IMPORT

MANY IMPORTANT COMMODITIES & BRING WORLD MARKET AT YOUR DOOR
A GOOD CHAIN BETWEEN MANUFACTURERS & MERCHANTS.

UDAYBHANU

A GOOD NAME FOR BETTER BUSINESS !

ચીમનલાલ પેપર કંપની

પેપરો અને બોર્ડ માટેના મીલના પ્રતિનિધિ
તેમજ ઉચ્ચ પ્રકારના પેપરો આયાત કરનારાઓ.

પોસ્ટ બોક્સ નં. ૧૪૭૫.
બોમ્બે મ્યુચ્યલ બિલ્ડીંગ
હોર્નબી રોડ, કોટ, મુંબઇ.

ટેલીગ્રામ : "SELECTION"
ટેલીફોન : ૨૩૨૩૨

હિન્દનો

અગ્રગણ્ય

સ્વદેશી સ્ટોર

×—○—×

તમારી જરૂરિયાતો ખરીદવાનું

એક માત્ર

ભરોસાપાત્ર સ્થળ

: આજે જ પધારો :

શ્રી બ્રોમ્બે સ્વદેશી

કો-ઓપરેટિવ સ્ટોર્સ કં. લિ૦

☆

સર ફિરોઝશાહ મહેતા રોડ,

ફોર્ટ, મુંબઈ ૧

ફોન : ૨૦૪૪૩

☆

શાખા :

મહાત્મા ગાંધી રોડ, પૂના

જેમ્સ સ્ટ્રીટ, સિકંદરાબાદ.

—શિક્ષણ સાહિત્ય—

કયાંથી મેળવશો ?

(૧) બાળમંદિરને ઉપયોગી સાધનો
(૨) નર્સરી શાળાઓને ઉપયોગી પ્રબોધક સાહિત્ય
(૩) શિક્ષણ કેળવણીને ઉપયોગી સાધનો
(૪) પૂર્વપ્રાથમિક કેળવણીને ઉપયોગી સાધનો
(૫) નઈ તાલીમ કેળવણીને ઉપયોગી સાધનો
(૬) પ્રાથમિક શાળા-કેળવણીને ઉપયોગી સાધનો
(૭) માધ્યમિક કેળવણીને (હાઈસ્કુલને) ઉપયોગી સાધનો
(૮) વ્યાયામ કેળવણીને ઉપયોગી સાધનો
(૯) વૈજ્ઞાનિક કેળવણીને ઉપયોગી સાધનો
(૧૦) અધ્યાપન મંદિરની કેળવણીને ઉપયોગી સાધનો

ઉપર મુજબની સંસ્થાઓને ઉપયોગી તમામ સાહિત્ય નજરે જોવા અવશ્ય મુલાકાત લો. અગર સુચિત પત્ર મંગાવો.

જેયંદ તલકશી એન્ડ સન્સ.

એમ્પાયર બિલ્ડીંગ. ઓરીએંટર, ટ્રામ જંકશન સામે, મુંબઈ ૧.

આગ-અકસ્માત-જીંદગી

મોટર, દરયાઈ, વર્કમેન્સ, કોમ્પેન્સેશન

સર્વ પ્રકારનું વીમાકામ

સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને

સંતોષકારક મહેનતાણું :

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મંગાવો.

ધી ઈન્ડીઅન ગ્લોબ ઈન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—

૩૧૫-૩૨૧ પ્રાસ્પેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ,

મુંબઇ.

ન. બા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : શ્રી રમણિકલાલ તુરખિયા, ૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઇ ૧૪

મુદ્રણ સ્થાન : પરફેક્ટા પ્રિન્ટિંગ વર્કર્સ, મુંબઈ-૨૨.

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ-૨૮ : અંક-૧૧-અ : ડિસેમ્બર ૧૯૫૩

સુરાજ્ય બાળ કેળવણીમાં મોખરે જ રહે છે.

ભારતની ત્રણસો બાળ-સંસ્થાઓમાંથી ૧૫૦ એકલી મુંબઈ રાજ્યમાં છે. રાજ્યના આ પ્રકારના ગૌરવનો મોટો ફાળો સ્વ. ગિજુભાઈ અને શ્રી તારાબેનના પ્રયત્નને આભારી છે. માત્ર પૈસાથી જ એવું કાર્ય બન્યું છે, એમ નથી, દેશપ્રેમની પ્રખર લાગણી એની પાછળ છે. મુંબઈ રાજ્યમાં જ્યાં પ્રાથમિક કેળવણી ઉપર રૂા. ૮ કરોડનું બજેટ થાય છે. ત્યાં શિશુ સંસ્થાઓ માટે માત્ર રૂા. ૩૦,૦૦૦ ફાજલ પાડવામાં આવે છે. એ પણ એક પ્રકારની કઠોરતા જ છે.

–ડૉ. પરાંજપે

[સ્વ. ગિજુભાઈ જયંતિ પ્રસંગે વડોદરામાં કરેલા પ્રવચનમાંથી]

સંસ્થાપક :
સ્વ. ગિજુભાઈ બધેકા

તંત્રી :
તારાબેન મોડક

વાર્ષિક લવાજમ : રૂા. ૪-૦-૦ : : કાર્યાલય : ૧૧૮, હિન્દુ કૉલની, દાદર, મુંબઈ, ૧૪. : : છૂટક નકલ ૬ આના

નૂતન બાળ શિક્ષણ સંઘ

એટલે

વાલીઓ શિક્ષકો અને બાળ પ્રેમીઓનું

બનેલું અખિલ ભારતીય સંગઠન.

સંઘના પદાધિકારીઓ :-

પ્રમુખ: શ્રી મોરારજીભાઇ દેસાઈ. ઉપપ્રમુખ: આચાર્ય શ્રી ભિસે.

કાર્યાધ્યક્ષ: શ્રી સરલાદેવી સારાભાઈ. કોષાધ્યક્ષ: શ્રી વા. રા. પટવર્ધન

મંત્રીઓ: શ્રી શેષ ના. નામલે. શ્રી યશસ્વતી બેન ભટ્ટ.

સ્થાનિક શાખા : કોઈપણ બાળ કેળવણીની સંસ્થા, વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓમાંથી ઓછામાં ઓછા સંઘના ૨૫ સભ્યો બનાવી, સંઘ માન્ય શાખા સ્થાપી શકે છે. આ જાતની શાખાને સ્થાનિક શાખા કહેવાય છે.

પ્રાદેશિક શાખા : કોઈપણ જીલ્લામાં ઓછામાં ઓછી ચાર સ્થાનિક શાખા સ્થપાયેલી હશે તો તે વડે સંઘની જીલ્લા પ્રાદેશિક શાખા સ્થાપી શકાય છે. અને આ જીલ્લા શાખાના પ્રતિનિધિ સંઘના અખિલ ભારતીય નિયંત્રણ મંડળમાં ચૂંટાઇ શકે છે.

સંઘનું પ્રચાર સાહિત્ય : સંઘનું બંધારણ, પ્રવેશ પત્રકો, સૂચના-માહિતી વિ. સંઘને લગતું પ્રચાર સાહિત્ય મેળવવા માટે નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવા વિનંતી છે.

મંત્રી, નૂતન બાલ શિક્ષણ સંઘ.
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

: સંપાદક મંડળ :

રામનારાયણ પાઠક, હરપ્રસાદ ભટ્ટ, જયંતભાઈ ઓઝા,
હેમલતાબેન માળવી, અંજરીબેન રાયજી, રમેશભાઇ કોઠારી

અનુક્રમણિકા

	લેખ.	લેખક.
૧.	બાળમંદિરનો પ્રશ્ન	સંપાદકીય
૨.	સંસ્કારની હવા	ઓજસ્
૩.	લંડનની નર્સરી શાળાઓ	હરપ્રસાદ ભટ્ટ
૪.	બાળકનું તોતડાપણું	બંસીધરજી
૫.	બાળશિક્ષકોના અનુભવો	બાબુભાઇ શાહ, વિનાયક એકબોટે
૬.	બાબો રંજાડે છે	રતિભાઇ અમીન

બાળ વિભાગ

૧.	એક હતો રાજકુંવર	રમેશ કોઠારી
૨.	રાજકુમાર અને વટાણો	... ...
૭.	બાળકનું ગણિત શિક્ષણ ...	શેષ નામલે
૮.	ટૂંકી નોંધ . ..	સંપાદક
૯.	બાળ શિક્ષણ—સંઘ સમાચાર	....

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો !

કે- "શિક્ષણ પત્રિકા" એ નૂતન બાલ શિક્ષણ સંઘનું મુખપત્ર છે, તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપમેળેજ બની જાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા-પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે- "શિક્ષણ પત્રિકા" ગુજરાતી, હિંદી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમે તા. ૧ લી, ૭ મી અને ૧૫ મીએ પ્રગટ થાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર "પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે. પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરુરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" ના ગ્રાહક કોઈ પણ માસથી થઈ શકાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" માં બાળશિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫મી સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા જરુરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" (ગુજરાતી અને હિંદી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતિ છે.

—શ્રી રમણીકભાઈ તુરખિયા
વ્યવસ્થાપક "શિક્ષણ પત્રિકા"
૧૧૮, હિંદુ કોલોની, દાદર મુંબઇ ૧૪.

મુંબઈ, મધ્ય ભારત, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી



નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૮ : અંક ૧૧-અ] મુંબઇ [ડિસેમ્બર ૧૯૫૩

પ્રાદેશિક શાખાઓની વિચારણા માગી લેતો

બાળમંદિરનો પ્રશ્ન

પૂર્વ પ્રાથમિક સંસ્થાઓને જે કંઇ થોડી ઘણી મદદ મુંબઇ રાજ્યનાં કેળવણી ખાતા તરફથી હતી તે ગયા વર્ષથી બંધ કરવામાં આવી છે અને તે રકમ પછાત વર્ગના અથવા Slumsમાં રહેનારા બાળકો માટે ચાલતી સંસ્થાઓને આપવામાં આવી છે. આમ ખર્ચ કરવાનું ધોરણ નક્કી કર્યા પછી તે જાતની વસ્તીમાં કેટલી નવી સંસ્થાઓ ઉભી થઈ છે. તેની માહિતી કાઢવી અને તેમ કરવામાં સરકાર યશસ્વી નીવડી છે કે નહિ તે જાણવું ઘણું ઉપયોગી થશે. પણ તેમ કરવાથી ઇતર બાલ સંસ્થાઓ પર જે કંઇ પરિણામ આવ્યું છે તેમાંની નીચેની બાબતો મુખ્યત્વે દેખાઈ આવે છે.

(૧) નવા બાલ મંદિરો અથવા જેને ગ્રાન્ટ મળે છે એવા બાલમંદિરોને સરકારી નિયમો માન્ય રાખવાની હવે જરુર લાગતી નથી. અને સરકારી નિયમો માન્ય રાખ્યા વગર સંસ્થા ચલાવવાની પ્રવૃત્તિ વધતી જતી દેખાય છે.

(૨) ધંધાદારી બાલ શિક્ષણ સંસ્થાઓ વધતી જાય છે અને તેનું સંચાલન કરનાર અનટ્રેન્ડ કાર્યકર્તાઓ હોઈ આવી સંસ્થામાં ટ્રેન્ડ શિક્ષિકા આર્થિક દૃષ્ટિથી વધારે કામમાં આવે માટે એવીજ શિક્ષિકાઓ દિવસે દિવસે નીમાય છે.

(૩) વાલી વર્ગ બાળકના વ્યક્તિત્વના વિકાસને બદલે તેને લેખન-વાંચન-ગણિત કેમ જલદી શીખી શકાય તે દૃષ્ટિએ બાલશિક્ષક તરફ જુએ છે તેથી બાલ મંદિરમાં સાધનોનો કાર્યાત્મક ઉપયોગ ન કરતાં બાળકોને ગમે તે પધ્ધતિથી શીખવી તૈયાર કરે છે. આથી બાલમંદિરનું એક પ્રાથમિક શાળાનું સ્વરૂપ જ થઇ ગયુ છે.

જેઓ બાલશિક્ષણમાં થોડું સમજે છે તેવા લોકો હવે બાલમંદિર પર ટીકા કરવા લાગ્યા છે. અને તેનો દોષ ટ્રેનિંગ સંસ્થા પર અથવા લોકોની ધંધાદારી ને સ્વાર્થી વૃત્તિ પર ઢોળે છે અને બાલશિક્ષણ માટે અનુચિત ઉદ્‌ગારો કાઢે છે તેથી આ બાબત શું કરવું તેનો ગંભીરપણે વિચાર કરવો જરૂરી છે.

અમારા મત પ્રમાણે ફકત ટ્રેનિંગ સંસ્થાને કે લોકોની અરાષ્ટ્રીય ધંધાદારી વૃત્તિને દોષ દેવાથી કશું વળશે નહીં. બાલશિક્ષણની નાની નાની સંસ્થાઓ વધતી જાય છે એનો અર્થ એ જ કે લોકોને આવી સંસ્થાની જરૂરિયાત લાગે છે અને આવી સંસ્થામાં લોકો પોતાના બાળકોને બબડતાં બબડતાં પણ ફી ભરીને મોકલે છે.

બીજું એ કે આ સંસ્થા કાઢનાર જે સંચાલક વર્ગ છે તે હમણાં બેકાર સ્થિતિમાં પોતાને અને કુટુંબને એક નિર્વાહનું સાધન થઈ રહે એમ માની બાલ શિક્ષણને ન છૂટકે એક વ્યવસાયિક સ્વરુપ આપે છે. વસ્તુતઃ બાલશિક્ષણનો વ્યવસાય આર્થિક દૃષ્ટિએ ઘણો વિલોભનીય હોય અને તેમાં અનગળ કમાણી થઇ શકે અને એથી તેમાં વ્યવસાયનું સ્વરુપ આવી શકે એવું અમને લાગતુ નથી. આ જાતની સંસ્થા વધારે શહેરોમાં જ હોય છે. આવી સંસ્થામાં સાધારણ રીતે એક સંચાલક અને એક બે શિક્ષકો હોય છે. બાળકોની સંખ્યા ૪૦ થી ૭૫ અથવા તો ૧૦૦ સુધીની હોય છે. સાધારણ રીતે એક શિક્ષકના હાથ નીચે ૨૫ થી ૩૦ બાળકો હોય છે. બાળકો પાસેથી ૧॥ થી ૭ રુપિયા સુધીની ફી લેવાય છે. ધારો કે દરેક બાળક પાસ ચાર રુપિયા ફી લેતા હોય

તો બધા વર્ગની કુલ ફી ૧૦૦ થી ૧૨૦ રૂપિયા થાય તેમાં શિક્ષકને ૪૦ થી ૫૦ રૂપિયા મળે, વર્ગના ઓરડાનું ભાડું ૧૫ થી ૨૦ રૂપિયા, નોકર ને સાધન સામગ્રીના ૨૦ રૂપિયા એટલે સંચાલકને એક જ વર્ગમાંથી ૨૫ થી ૩૦ રૂપિયા કમાણી થાય. અને જો સંસ્થામાં ત્રણ વર્ગ થઇ શકે તો સંચાલકની કમાણી ૧૦૦ રૂપિયાથી વધારે થઈ શકે નહિ. આ વ્યવસાયમાંથી આટલી જ કમાણી થાય તેથી તેમાંથી બંગલો અથવા મોટર બનાવવાનો વ્યવસાય થઇ શકતો નથી એમ અમને લાગે છે. પણ શિક્ષણનું કાર્ય જ પોતાનો વ્યવસાય બનાવનાર બધામાં જ સમાજ કાર્યની ભાવના નથી એમ માનવાને કારણ નથી. અતિ મુશ્કેલીભરી પરિસ્થિતિમાં તેઓએ સંસ્થા કાઢી હોય છે. અને તે જ પ્રમાણે કપરી મુશ્કેલીમાં પોતાની સંસ્થાનો. વ્યવહાર ચલાવી રહ્યા હોય છે. તેમની પર ટીકા કરવાથી તેમની સંસ્થાની પ્રગતિ થવાની નથી. તેમની મુશ્કેલીઓ ધ્યાનમાં લઈ તેમનું સંગઠન કરવામાં આવે તો તેમાંથી બાલશિક્ષણનું કાર્ય બહુ સારી રીતે થાય. આ સંગઠન દ્વારા તેમની મુશ્કેલીઓ દૂર કરવાનો પ્રયત્ન થઈ શકે. અને સરકારી મદદ મેળવવાનો પણ આ સંઘ તરફથી પ્રયત્ન થઈ શકે.

અમે આ પ્રશ્ન તરફ સંઘના કાર્યકર્તાઓનું ધ્યાન ખેંચવા માગીએ છીએ. દરેક જીલ્લા અથવા નગર પ્રાદેશિક શાખાએ પોતાના પ્રદેશમા જે નાની મોટી બાલ-શિક્ષણ સંસ્થાઓ છે તેની નોંધ કરી તેમનાં સંમેલન કરવાં. આવા સમેલનોમાં દરેક બાલમંદિરના પ્રતિનિધિ લઈ તેમની સામે આ પ્રશ્નની ચર્ચા થવી જોઈએ. બાલ-મંદિરની સંસ્થા માટે કઈ કઈ સગવડતા મળવી જોઇએ. તેનું એક ચાર્ટર તૈયાર કરી સ્થાનિક સંસ્થા અને સરકાર પાસેથી મેળવી લેવાનો પ્રયત્ન થવો જોઇએ. આ બાબતમાં સંસ્થાની પ્રાદેશિક શાખાઓ આગળ વધી આ કાર્ય કરે એવી અમારી નમ્ર સૂચના છે.

સંસ્કારનો વારસો

સંસ્કારની હવા

"નૂતન વર્ષાભિનન્દન."

બેસતા વર્ષે વહેલી સવારે અમારા પડોશી જગત-ભાઈ અને સવિતાબેન અમારા ઘરે આવતાં જ બોલ્યા. એમની સાથે એમનો નાનો દોઢ વર્ષનો રશ્મિ પણ હતો.

આજ અમે બધાં ઘણા વહેલાં ઉઠેલાં.

નાની સુધાએ પણ અત્યારમાં નાહી લીધું છે. અને એની દીદી એને શણગારી રહી છે.

કાન ઉપર માથાનો અંબોડો લીધો છે. અને એની આસપાસ વેણી અને રંગરંગીન ફૂમતા નાખ્યા છે. હાથમાં મોટા ચુડલા પહેર્યા છે.

સુધા એના નવા લાલ ફ્રોકમાં ઢીંગલી જેવી લાગે છે.

મેં ઉઠીને જગતભાઇ અને સવિતાબેનને નમ-સ્કાર કર્યા.

'રશ્મિ, કાકાને જે જે કરો.'

નાનો રશ્મિ મારી સામે હસતો જોઈ રહ્યો.

'કરો. કાકાને જે જે કરો રશ્મિ.'

એમ કહેતાં જગતભાઇએ પોતે જ રશ્મિના બે હાથ ભેળા કર્યા.

અને પછી તો રશ્મિ પણ જોડેલા હાથ રાખીને હલાવવા લાગ્યો.

સુધાની દીદી પણ એનું કામ છોડીને નમસ્કાર કરી ગઈ. અને પછી મિઠાઇનો થાળ લાવી.

"દીદી, હું, હું આપીશ."

નાની સુધા થાળ લઈ લેતી બોલી. અને પછી એણે બધાં પાસે થાળ ધર્યો.

જગતભાઈ અને સવિતાબેને ના કહ્યું.

નાના રશ્મિ પાસે થાળ ધરતી સુધા બોલી:

'રશ્મિ, લ્યો, મમ્ લ્યો.'

અને પોતેજ એક મોહન થાળનો ટુકડો ઉપાડીને એને આપ્યો,

પછી એ લોકો ઉઠ્યાં.

એમની પાછળ સુધા જોઇ રહી હતી. એ પાછી ફરી :

'કાકા, જગતકાકા આજ કેમ અત્યારમાં આવ્યા હતા ?'

'આજ નવું વર્ષ બેસે છે એટલે આવ્યા હતા.

'એટલે શું કામ આવ્યા હતા ?'

'નવા વર્ષે સવારમાં બધાં લોકો એકબીજાને નમસ્કાર કરવા જાય.'

'એમ ?'

સુધા આનંદમાં નાચતી બોલી ઉઠી.

'ત્યારે કાકા, હુંય બધાંને ઘેર જઈને નમસ્કાર કરી આવું ?'

'હા બેન. જાને.'

અને એ નાચતી ઢીંગલી બહાર દોડા ગઇ.

એના ગયા પછી હું વિચારે ચડી ગયો .

મને થયું : વાતાવરણ એ કેવડો મોટો ગુરુ છે !

એજ વખતે મને જરાક હસવું પણ આવ્યું !

'વાતાવરણ !'

'હા. વાતાવરણ બરુંસ્તો !'

'અલબત્ત એ ભલું બુરું બેય પ્રકારનું હોય.'

મને હસવું આવેલું, કેમકે મને એ વખતે એક પાનવાળાની દુકાન સામે દેખાઈ.

તે દિવસે હું સાંજનો બજારમાં નીકળેલો.

એક પાનની દુકાન પાસેથી પસાર થતાં મેં જોયું તો એક પચ્ચીસેક વર્ષનો જુવાન એવડા જ બીજા જુવાનને ગળેથી પકડીને પાનની દુકાન તરફ ખેંચી રહ્યો છે.

અલબત્ત બંને હસતા હસતા.

'છોડી દે, કહું છું, મારી પાસે પૈસા નથી.'

'નથી શું ?–ઉધાર લે.'

'ના, ના. ઉધાર કોણ લે. તારી કસમ. કાલે જરૂર ડબલ પાન અને ઉપર હાથી–પછી કાંઈ ?'

"કાલબાલ કંઈ નહીં ચાલે. હું તને ઓળખું છું ને, મોટો મખ્ખીચૂસ છો તું. કોઇ દિ' સાંભરે તેં પૈસો ખર્ચ્યો હોય ! સાલ્લા, તું રોજ પાન ખાઈ જાય છે ને સિગારેટ ઉડાવી જાય છે તે તારા બાપનો માલ છે ?"

ત્યાર પછી શું થયું એ મને ખબર નથી.

પણ ત્યાર પછી હમણાં જ રેલગાડીમાં બીજું દ્રશ્ય જોયેલું એ યાદ આવ્યું :

હું અમદાવાદથી પાછો આવતો હતો.

ડબાની અંદર ખૂબ ભીડ હતી. આખું બાનું સીંધી નિર્વાસિતોથી ભર્યું હતું. હું બારણા પાસે એક બાજુ ઉભો રહ્યો.

ગાડી ઉપડી ને એક ભાઈ મારી સામે જોતાં બોલ્યા :

"સાંઈ, આઓ, ઈધર બૈઠો."

બધાએ થોડા હઠી મને જગ્યા કરી આપી, અને હું ત્યાં બેઠો.

ત્યાર પછી વાતો ચાલતી રાજકરણ ઉપર ઉતરી.

જેઓ પોતાની જનમભોમમાંથી ઉખેળાઇને સંયોગોની હવા પ્રમાણે આમ તેમ ફેંકાયા કરતા હોય એમનું રાજકરણ ટાઢે પેટે આરામ કરતાં માનવીથી જુદું જ હોય છે.

હું તો માત્ર પ્રેક્ષકજ રહ્યો હતો.

'સાંઈ, તમે શું કહો છો ?'

મારા પાડોશીએ મારો અભિપ્રાય માંગ્યો. મે પ્રજા રાજ્યની મારી કલ્પના આપી અને મેં જોયું કે બધકારના જે તણખા ઉડી રહ્યા હતા તે શમતા જતા હતા.

એક સ્ટેશને એ લોકો શાક અને કેળાં ખરીદી લાવ્યા અને પોતાની ભાખરીઓ કાઢી.

'સાંઈ, ચલો રોટી ખાઓ.'

મેં નમસ્કાર કરી ના પાડી. પણ એ લોકોનો આગ્રહ એટલો બધો હતો કે મારે છેવટ કેળાં તો લેવાં જ પડ્યાં.

એમનું ભોજન પૂરું થયું.

ત્યાર પછી એ લોકો સીંધીમાં કંઈક ગરમા ગરમ ચર્ચા કરતા હતા. પણ હું સમજતો નહોતો.

'અચ્છા, તો ચલો સાંઇસે પૂછેં.'

એક સીંધીએ કહ્યું અને મારા તરફ ફરી બોલ્યો.

એણે કહ્યું ત્યારે જ મને ખબર પડી કે એ તો મીઠો ઝગડો હતો !

જે માણસ શાક અને કેળાં ખરીદી લાવ્યો હતો એ બીજા પાસેથી પૈસા લેતો નહોતો. જ્યારે બધા એ આપવા દબાણ કરી રહ્યા હતા.

બપોરનો તડકો તપતો હતો. ઉપરના પંખાઓ ફરતા હતા છતાં ગરમીથી પરસેવો વળતો હતો, ઉપરાંત ગરદી પણ ખૂબ હતી.

આમ અમે એક સ્ટેશને પહોંચ્યા.

સ્ટેશન ઉપર એક ભાઈ બે ત્રણ વખત અમારા ડબ્બા પાસેથી પસાર થયા. દરેક વખત એ મારી પાસેની બારી પાસે થોભે અને અંદર ડોકીયું કરે.

હું જોઈ શકયો કે એમને કયાંય જગ્યા મળતી નથી. અને અહીં આટલી ભીડ જોઈ અંદર આવતાં પણ અચકાય છે.

" કેમ તમને જગ્યા મળતી નથી લાગતી ! તો પછી આ ડબ્બામાં જ ચાલ્યા આવો. એકાદ માટે વાંધો નહીં આવે.'

મેં એમને કહ્યું. પણ એમની ચિંતા કંઈ ઓછી થઈ ન દેખાઈ.

" મારો એકનો સવાલ નથી. અમે ચાર માણસ છીએ અને અમારી સાથે એક તો માંદા માણસ છે."

હું મૂંગો થઈ ગયો અને મારા સાથીઓના મ્હોં તાકવા લાગ્યો.

" આપ ક્યા કહતે હૈં ?"

એક ભાઇએ મને પૂછ્યું ને મેં હકીકત કહેતાં ઉમેર્યું,

" બિમાર આદમી ખડા તો નહિ રહ સકતા ?"

બધા બોલી ઉઠ્યા.

" કોઇ હર્જ નહીં. આપ લોગ આ જાઈએ."

પેલા ભાઈ ખૂબ રાજી થઈ ગયા. એ દોડતા જ ગયા. અને થોડી વારે એમના માણસો સાથે આવી પહોંચ્યા.

એમની સાથે ઠેલણ ખુરશીમાં એક વૃધ્ધ પુરૂષ હતા. અને સાથે એક વૃધ્ધા અને એક યુવતી હતાં.

બહુ મહેનતે એ વૃધ્ધ પુરૂષને ડબ્બામાં લીધા.

હવે જરા મુંઝવણ થઇ.

અમને કોઈને કલ્પના નહીં કે માંદી વ્યકિત આટલી માંદી હશે !

પણ બીજી જ પળે મારા સાથીઓએ એક બાંકડો ખાલી કરી આપ્યો. અને બધા જ દૂર ખસીને ઉભા થઇ ગયા.

ઘણી તાણાતાણ પછી માંદા માણસ માટે પથારી કરવામાં આવી અને એમને સુવાડવામાં આવ્યા.

બાકીના ત્રણે જણા એમની સરભરામાં લાગ્યા. વૃધ્ધ ખૂબ માંદા લાગ્યા.

સ્ટેશનો પછી સ્ટેશનો જવા લાગ્યા.

અને ગાડી આગળ વધતી જતી હતી અને અમે પણ એ નવા સાથીઓના પરિચયમાં આગળ વધતા ગયા.

રહેતે રહેતે જણાયું કે એ વૃધ્ધ અને વૃધ્ધા પતિ પત્ની હતા. અને આ જુવાન દંપતી એમના પડોશી હતા.

વૃધ્ધની તબિયત બહુ ખરાબ થતાં આ લોકો એમને મુંબઇ સારવાર માટે લઈ જતાં હતાં.

વચ્ચે એક સ્ટેશને પેલા યુવાને ચહા નાસ્તો મંગાવ્યો અને સૌએ ચાહ નાસ્તો લીધો. મેં જોયું કે વૃધ્ધાને રોકીને યુવાને બધા પૈસા આપ્યા.

વૃધ્ધાની આંખમાં આંસુ આવી ગયાં.

એણે મને સામે જોતો જોયો એટલે બોલ્યા :

"ભાઈ, ભગવાને અમને તો કોઇ સંતાન ન આપ્યું પણ ભગવાને કોઈ દીકરો વહુ પણ ન કરે એવી સેવા કરનાર આવા પાડોશી દીધા. ભગવાનની લીલા અપાર છે.'

" સાચું છે. મા."

હું માય એટલું જ બોલી શકયો.

" માજી, હું તમારો દીકરો નથી એટલે જ તો તમે આમ બોલો છોના ?

યુવાને એની મુખની મિઠાશ વેરી.

" ના ભાઇ, તમે તો મારે દીકરા - વહુથી યે વિશેષ છો."

અને આમ જ અમે મુંબઈ પહોંચ્યા.

બધોય વખત મારા મનમાં એક જ વિચાર ઘોળાતો હતો કે :

'આ યે બની રહ્યું છે આ જ—આ સ્વાર્થી ગણાતા જગતમાં જ !'

મારા મનમાં આ ભૂતકાળની ફીલ્મ ફરતી હતી. અને હું ય એની સાથે ફરતો હતો ત્યાં જ બહારથી અવાજ આવ્યો અને હું જાણે ઉંચકાઈને મારા ઘરમાં ફેંકાઈ ગયો !

સુધા પાછી આવીને મારા સામે હાથ જોડીને હસતી બોલતી હતી :

" કાકા, નૂતન વર્ષાભિનંદન"

'ઓજસ્'

લંડનની નર્સરી શાળાઓ

શહેરના જે વિભાગમાંથી મા અને બાપ બંને કામે જાય છે તે વિભાગમાં નર્સરી શાળાઓનો સમય સવારના ૭ થી સાંજના ૭ સુધીનો હોય છે. આ શાળાઓને ડે નર્સરીઝ (Day Nurseries) કહે છે. પણ સામાન્ય નર્સરી શાળા પોણા નવથી નવની અંદર ખૂલે છે. નર્સરી શાળાઓમાં વિદ્યાર્થીઓ મોડા વહેલા આવે તો પણ ચાલે. શાળામાં આવતાં જ બાળકો પોતાનો કોટ વગેરે ઉતારી પોતાની જાતે જ ટીંગાવે છે. આ રીતે પોતાની જરૂરીઆત માટે સ્વતંત્ર થવાની તાલીમ શાળામાં આવતાં જ શરુ થાય છે.

દરેક નર્સરી શાળામાં કાર્યક્રમ વિધવિધ પ્રકારના હોય છે.

જો હવામાન સારું હોય તો બાળકો શરુઆતમાં લાંબો વખત ખૂલ્લામાં રમે છે. જો આખો દિવસ પ્રકાશવાળો અને અનુકૂળ માલૂમ પડે તો બાળકોની લગભગ સાર્વત્રિક પ્રવૃત્તિઓ બહાર જ હોય છે. સાર્વત્રિક પ્રવૃત્તિઓમાં વિશેષતઃ રમત, બપોરનું ખાણું અને આરામ હોય છે.

સ્વયં વિકાસનો અવકાશ :

બાળકોને સ્વયંવિકાસ માટે અને સ્વતંત્ર પ્રવૃત્તિ માટે અવકાશ આપવામાં આવે છે. શિક્ષિકા તો દૃષ્ટા કે માર્ગદર્શિકા તરીકે જ હોય છે. જો કોઈ નવું બાળક આવ્યું હોય અથવા કોઈ બાળકને કાંઇ મુશ્કેલી જણાય તો-જ તે મદદ કરે છે. બાળકોમાં કોઇ વખતે વિવાદ વધી પડે કે કોઈ વસ્તુ હાથ ધરવાની બાબતમાં ઝગડો પડે ત્યારે-જ તે વચ્ચે પડે ને અરસપરસના વારાને કે અધિકારને (હકકને) માન આપવા સમજાવે છે. જો બાળક નિષ્કારણ કિંમતી વસ્તુઓ ભાંગી ફોડી નાખે તો તેને અટકાવવા સમજાવે છે અને આ ભાંગફોડ માટેની તેની વૃત્તિને પોષક એવી ઇતર પ્રવૃત્તિઓ આપે છે. બાળકની સર્વ પ્રકારની પ્રવૃત્તિઓને અને આવેગોને તે સમજવા પ્રયત્ન કરે છે અને પોષક વાતાવરણ રચી આપવા આ શિક્ષિકા હંમેશ તૈયાર હોય છે.

સાધનો :

દરેક નર્સરીમાં સામાન્યતઃ ઓછામાં ઓછા નીચેના સાધનો તો હોય છે જ.

સ્નાયુઓના વિકાસ માટે–લપસણાં, ચાલવા માટેનાં વિધવિધ આકારનાં પાટીઆં, દોરડાં, હીંચકા, ચઢવા માટે ખાનાખાનાવાળું પાંજરું, દંડા, સમતુલા માટેના સળિયા (Balancing Bars) વગેરે હોય છે.

સર્જનાત્મક પ્રવૃત્તિ માટેના સાધનો :

લાંકડાની ઈંટો, ધન, નાનાં છાપરાં માટેનાં પાટીઆં રેતી, માટી, પાણી ઝારા, ડોલ, નાની કોદાળી, પાવડા અને રેતીના કે માટીના વિવિધ આકારો બનાવવા માટેનાં લાકડાનાં અને એલ્યુમિનિયમનાં સાધનો (Moulds) હોય છે. ચિત્રને માટે રંગ, પીંછીઓ અને લાકડાની ધોડીઓ કે જેના ઉપર કાગળો લગાડેલા હોય છે.

સામાજિક પ્રવૃત્તિઓ માટે–ઢીંગલી ઘર (Doll's house), ધોવાનાં, લૂછવાનાં, વાળવાનાં. માંજવાનાં અને રાંધવાનાં તદ્દન નાનાં નાનાં સાધનો, જમવા માટે ટેબલ તૈયાર કરવાની સઘળી વસ્તુઓ, ફૂલો ભરવા માટે ફૂલદાનીઓ અને પાણી વગેરે.

નાસ્તો અને હાજતો :

લગભગ સવાદસ વાગે બાળકો ક્રીડાંગણોમાંથી શાળામાં આવે છે. સારી ઋતુમાં બાળકો બહાર જ રહે છે. આ વખતે તેઓ સાધારણ નાસ્તો કરે છે. નાસ્તામાં બ્રેડ, માખણ અને દૂધ હોય છે. નાસ્તા માટે આવતાં પહેલાં અને પછી સૌ હાથ મોં ધૂએ છે. આમાં પણ વ્યવસ્થા પૂરેપુરી જાળવવાની હોય છે. બાળકને હાજતે જવા માટે શિક્ષિકા તરફથી સૂચના કરવામાં આવે છે. બાળકની હાજત વખતે શિક્ષિકાઓની ફરજ વારાફરતી આવે છે. બાળકોની તંદુરસ્તીના હિતમાં આ એક મહત્વનું અંગ ગણાય છે. આ કાર્યમાં શાળાના ઉચ્ચ અધિકારી પણ સક્રિય સાથ આપે છે. આ કાર્ય કદી નવી આવેલી શિક્ષિકા પર છોડી દેવામાં આવતું નથી.

નાસ્તા પછીની પ્રવૃત્તિઓ :

નાસ્તો લીધા પછી મોટાં બાળકો થોડો સમય વાતો સાંભળે છે, અને સંગીત કરે છે. નાનાં બાળકોને રસ હોય તો વાતોમાં કે સંગીતમાં જોડાય, નહિ તો તે શાળાની અંદરની પ્રવૃત્તિઓમાં રમવા જતાં રહે છે. ઘણી શાળાઓમાં રમતના બીજા વિભાગમાં અથવા પિરિયડમાં બાળકોને ચિત્રકામ, માટીકામ (Modelling), રચનાત્મક રમકડાં સાથે રમત અને જેમાં શ્રમ ન પડે એવી અન્ય સર્જનાત્મક પવૃત્તિઓ યોજવામાં આવે છે. પરંતુ જો

બાળકને આ પ્રવૃત્તિઓ ન ગમે અને સવારની શરૂઆતમાં જ આદરેલી પ્રવૃત્તિઓને પુનઃ લેવી હોય તો તે લેવા દેવામાં આવે છે.

લગભગ સાડા અગીઆર વાગે કેટલાંક બાળકો પોતાના હાથ ધૂએ છે અને જમવા માટે ટેબલ તૈયાર કરે છે. અન્ય બાળકો થોડીવાર પછી નાની નાની મંડળીઓમાં એક પછી એક હાથ ધૂએ છે અને જ્યાં સુધી ભોજનની પુરી તૈયારી થઈ ન રહે ત્યાં સુધી ચિત્રો જુએ છે કે વાર્તા સાંભળે છે.

બપોરનું ખાણું : દાંતની કાળજી :

બપોરનું ખાણું પૂરતું અને પુષ્ટિકારક હોય છે. આ ખાણા પછી અથવા અન્ય વખતે બાળકોને કોડલીવર ઓઇલ અને ફળોનો રસ આપવામાં આવે છે. કેટલીક શાળાઓના છોકરાંઓને શાળામાં આવે કે તરત ફળનો રસ આપવામાં આવે છે. અને બપોરના ખાણા સાથે કોડલીવર ઓઇલ આપવામાં આવે છે. ખાણું સ્વસ્થતાથી અને શાંતિથી સૌ બાળકો લે એની ખાસ કાળજી લેવામાં આવે છે. જમી રહ્યા પછી સૌ બાળકો હાથ અને દાંત સાફ કરે છે. કેટલીક શાળાઓમાં દાંત સાફ કરવા માટે ગાજર કે સફરજન ખાવા માટે આપવામાં આવે છે.

બપોરનો આરામ :

જમ્યા પછી બાળકો સૂઈ જાય છે, તેમને માટે નાના મઝાના ખાટલા હોય છે. સૌ પોતપોતાના ખાટલા પાથરી દે છે અને ઉઠાવી લે છે. નાનાં બાળકોને મોટાં બાળકો મદદ કરે છે અગર શિક્ષિકા મદદ કરે છે. જે બાળકોને સુવાની વૃત્તિ જ ન હોય તેવાને શાંત પ્રવૃત્તિ આપવામાં આવે છે; પણ આ પ્રવૃત્તિ એવી હોય છે કે જેમાં તેમને આરામ અને શાંતિ મળી રહે. મોટાં બાળકોનો આરામનો સમય નાના બાળકો કરતાં ઓછો હોય છે. જે બાળકો ઘસઘસાટ ઊંઘતાં હોય તેમને પરાણે ઉઠાડવામાં આવતાં નથી. ઊંઘીને ઉઠ્યા પછી બાળકો ક્રીડાંગણમાં રમે છે. લગભગ પોણાચાર વાગે તેમના માતા કે પિતા તેમને લેવા આવે છે. જેમનાં માબાપ સાંજે સાત વાગે લેવા આવે છે તે બાળકોને અર્ધો રતલ દૂધ વિશેષ આપવામાં આવે છે.

બૌદ્ધિક વિકાસ :

ઉપરની હકીકત પરથી સ્વાભાવિક રીતે જ જણાશે કે નર્સરીમાં માત્ર રમતનેજ પ્રાધાન્ય આપવામાં આવે છે અને ભણવાનું તો કાંઈ હોતું જ નથી. પછી અત્રે એમ માનવામાં આવે છે કે રમતમાં જ ઘણા વિષયોના સંસ્કાર બાળક પર પડે છે. ભાષા શિક્ષણ માટે કોઈ અમુક સમય કે નિશ્ચિત કાર્યક્રમ નથી રાખ્યો પણ બાળકો સાથેની વ્યકિતગત વાતચીત દ્વારા અને વાર્તા દ્વારા શિક્ષિકા ભાષાના ઉત્તમ સંસ્કારો બાળકમાં મૂકે છે. વળી જ્યારે બાળક કોઇ પણ રમત કે પ્રવૃત્તિ કરતું હોય ત્યારે શિક્ષિકા તેની નોંધ લે છે. અને તેનો વિશેષ બૌદ્ધિક વિકાસ થાય તેવાં સાધનો અને વાતાવરણ પ્રયોજે છે. અહિંયાં હાલ સૌ સંપૂર્ણપણે માને છે કે બાળકની બૌદ્ધિક ભૂખ સંતોષવી જ જોઇએ. આથી કોઈ પણ બાળકને જો વાંચવાની, લખવાની કે ગણિત કરવાની સ્વયં ઇચ્છા જાગે તો તેને માટે પણ પૂરતી અનુકૂળતા આપવા શિક્ષિકા તત્પર રહે છે. વળી નાનાં અને મોટાં બાળકો સાથે રમે તેવી પ્રવૃત્તિઓ પણ યોજવામાં આવે છે જેથી નાના બાળકને મોટા બાળક પાસેથી ઘણું જાણવાનું મળે છે. પણ આ તો દિવસના અલ્પ ભાગમા બને છે. કારણ કે ઘણીવાર એવું પણ બને છે કે બે વર્ષના બાળકની રુચિને ચાર વર્ષનુ બાળક સમજી શકતું નથી તદ્વત ચાર વર્ષનો બાળકની રુચિને ત્રણ વર્ષનું બાળક સમજી શકતું નથી. પણ આનો નિકાલ શિક્ષક કુનેહથી લાવે છે.

અત્રેની નર્સરી શાળાઓમાં ફ્રોબેલ અને મોન્ટેસોરીનું કેટલેક અંશે સંમિશ્રણ છે. નર્સરી શાળાઓમાં બાળકની ઉમ્મર ૨ થી ૫ વર્ષની હોય છે. દરેક વર્ગમા ૩૫ થી ૪૦ બાળકો રાખવામાં આવે છે. નર્સરી શાળામા કામ કરનાર શિક્ષકે શિક્ષણનો વ્યવસ્થિત અભ્યાસ બે વર્ષ સુધી કર્યો હોવો જ જોઇએ. કોઇપણ શાળામાં શિક્ષણની વ્યવસ્થિત તાલીમ લીધા વિનાના શિક્ષકને રાખવામા આવતા નથી.

માનવીનાં પિતાની કાળજી :

ઉપર જણાવેલા દૈનિક કાર્યક્રમમાં જે નાસ્તાનો અને કોડલીવર ઓઇલ, ફળ અને ભોજનનો સમાવેશ કરવામાં આવે છે. તે સબંધી પ્રશ્ન ઉપસ્થિત થાય કે દરેક શાળામાં આ કેવી રીતે સંભવિત હોય! આના ઉત્તરમાં એટલું જ જણાવવાનું કે હાલ સરકાર તરફથી દરેક શાળાને દૂધ તો મફત આપવામાં આવે છે પરંતુ તે સિવાય નાસ્તા કે ભોજન માટે વિદ્યાર્થી પાસેથી અઠવાડિયે ૧ શિ. ૬ પેન્સ કે એક શિ. નવ પેન્સ લેવામાં આવે છે. વળી જે

બાળકનાં માતા–પિતા આટલું પણ ખર્ચ વેઠી શકે તેમ ન હોય તેમનાં બાળકનું ભોજન ખર્ચ રાજ્ય વેઠે છે. અહીંનું શિક્ષણ ખાતું આશા સેવે છે કે સૌ બાળકોને તે તદ્દન મફત નાસ્તો ભવિષ્યમાં આપે. 'બાળક માનવીનો પિતા છે' એ સૂત્રને અહીં સૌ અક્ષરશઃ સમજવા પ્રયત્ન કરે છે, અને સૌ માને છે કે માનવ–વ્યકિતત્વનાં અને સ્વાસ્થ્યનાં મૂળ બાલ્યાવસ્થામાં જેટલાં મજબૂત હશે તેટલો જ માનવી સુદૃઢ અને સશકત બનશે. માનવીની મેધા પણ આજ ઉંમરમાં પોતાનાં મૂળ ઊંડા નાખે છે. બાલ્યાવસ્થામાં સ્વાસ્થ્ય, મેધા અને વ્યકિતત્વના અંકુરો ફૂટે છે. અને આગળ જતાં તે અંકુરો વિકસે છે. જો બાલ્યાવસ્થામાં બાળકની માનસિક કે શારીરિક સંભાળ શાસ્ત્રીય રીતે લેવામાં ન આવે તો સમાજમાં નાદુરસ્તી, દુઃખ, અને ગુન્હા તેમજ માનસિક અસ્થિરતાનું પ્રમાણ વધી પડે.

બાળશિક્ષણનું મહત્વ :

આથી અહિંયા તો ૧૮૪૪ પછી તો નર્સરી શાળાઓને પણ સરકારે એક અતિ મહત્વનું અંગ ગણ્યું છે. જો કે ફરજિયાત કેળવણીની (શિક્ષણની) ઉંમર તો ૫ વર્ષથી જ શરૂ થાય છે. અત્યાર સુધી નર્સરી શાળાઓ મરજિયાત હતી એટલે આ શાળાઓનો ખર્ચ સમાજનાં વિધ વિધ મંડળો ઉપાડી લેતાં. આ શાળાઓને કાયદાથી મદદ થઇ તે પહેલાં પ્રજાએ ઘણો સારો સાથ આપ્યો હતો. અને આજે પણ સઘળી પ્રજા આવા કાર્યને સંપૂર્ણ સાથ આપે છે. બાલશિક્ષણને અહીંયા ઉચ્ચ શિક્ષણ જેટલું જ મહત્વ આપવામાં આવે છે અને તેથી જ બાલ શિક્ષણનો શાસ્ત્રીય અભ્યાસ યુનિવર્સિટીના શિક્ષણ સાથે જોડવામાં આવ્યો છે. અત્રે સૌ નિઃશંકપણે માને છે કે પાયાનું શિક્ષણ મજબૂત હોવું જોઇએ. નાની ઉંમરમાં મેળવેલી માનસિક અને શારીરિક તંદુરસ્તી ઉપરજ પ્રજાના ખમીરનો આધાર માનવામાં આવે છે.

—હરપ્રસાદ ભટ્ટ.

બા ળ કે નું તો ત ડા પ ણું

બોલવું એ બાળકને માટે સૌથી મોટી અને મહત્વપૂર્ણ સિધ્ધિ છે. એ સિધ્ધિ પ્રાપ્ત કરવા માટે બાળકને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તોતડાપણું એ અનેક મુશ્કેલીઓમાંની એક છે. બાળકને એના ઉપર વિજય પ્રાપ્ત કરવાનો હોય છે.

સાધારણ રીતે બે થી ત્રણ વર્ષનું બાળક તોતડું બોલે છે. અને એ પણ જોવામાં આવ્યું છે કે છોકરીઓ કરતાં છોકરાઓ વધુ તોતડું બોલે છે, તોતડું બોલવાના અનેક કારણો હોઈ શકે છે. એમાંના કેટલાએક નીચે આપ્યા છે.

બાળક તોતડું બોલે છે. એની લગભગ સંપૂર્ણ જવાબદારી માતાપિતા ઉપર છે. બાલવિકાસના નિયમોની એમને જાણ ન હોવાથી તેઓ એવી ભૂલ કરી બેસે છે જેને કારણે બાળક તોતડું બોલવા લાગે છે. માતાપિતાની બેદરકારી, અન્યગૃતપણું, માનસિક તાણ, ઉદ્વેગ, અધીરાઈ, મોહ વિગેરે કારણોને લઇને બાળકો તોતડું બોલે છે. માતપિતા પોતાના દરરોજના વ્યવહારમાં એટલા બધા અટવાઈ ગયા હોય છે, કે બાળકની જરૂરીઆતો, અનુકૂળતાઓ તથા ભાવનાઓનો જરા પણ વિચાર કરતા નથી. બાળકની શારીરિક જરૂરીઆતો ઉપરાંત એની ખાસ બીજી કશાની કાળજી લેતા નથી. માતાપિતાના અસદ્વર્તનની બાળકના મન ઉપર ઊંડી અસર પડે છે. એના પરિણામ રુપે બાળકમાં અનેક વિકૃતિઓ આવે છે. તોતડું બોલવું એ અનેક વિકૃતિઓમાંનું એક છે. માતાપિતાને ગળે આ વાત નહિ ઉતરે પરંતુ આ બિલકુલ સત્ય બાબત છે.

જે માતાપિતા કડક આજ્ઞાપાલનમાં માને છે અને એને આધારે બાળકની સાથે કઠોર રીતે વર્તે છે, અને બાળકને ડગલે ને પગલે દબાવે છે, ડરાવે છે, અને પોતાના આદેશો ને ઉપદેશો દ્વારા બાળકની ભાવનાઓના ઉત્સાહને કચડી નાંખે છે, જે એની અભિરુચિ તરફ તદ્દન ઉદાસીનતા દાખવે છે, તથા જે બાળકને સ્વતંત્ર રીતે કામ કરવાની જરા પણ તક આપતા નથી, એમનું બાળક પણ તોતડું બોલે છે.

જે બાળકનું પ્રદર્શન કરવામાં આવે છે; જેને મહેમાનોની સામે બોલવા માટે આગ્રહ થાય છે; જેની સાથે માતાપિતા ખૂબ બોલે છે અને બાળકને બોલવાનો જરા પણ અવકાશ આપતા નથી, જેને લખવા વાંચવા માટે ખૂબ ઉતાવળ કરાવવામાં આવે છે, એવું બાળક પણ તોતડું બોલે છે.

જે બાળક બરાબર ન બોલી શકે એને વઢવામાં આવે, એના ઉપર ગુસ્સે થાય, એનું અપમાન કરવામાં આવે એને ધમકાવવામા આવે. એને મારવામાં આવે તો આવું બાળક પણ તોતડું બોલવા લાગે છે.

જે બાળક પાસે એના માતાપિતા એની શક્તિ કરતાં વધુ આશાઓ રાખે, તથા બાળક જવાબદારી ઉઠાવી શકે એ પહેલાં એના ઉપર જવાબદારીનો ભાર નાખવામાં આવે, એવું બાળક તોતડું બોલે છે. એનો અર્થ એવો નથી કે બાળકને કોઈ કામ ન કરવા દેવું. કામ કરવું–પ્રવૃત્ત કરવી એ તો બાળકનું જીવન છે. કામ વગર બાળક જીવી શકતું નથી. મારો કહેવાનો ભાવાર્થ માત્ર એટલોજ છે કે જે કામ બાળક સહેલાઈથી ને પોતાની ઇચ્છાથી નથી કરતું એ કામ એની પાસે ફરજીઆત ન કરાવવું જોઇએ. એને માટે વધારે પડતી આકાંક્ષાઓ ન રાખવી.

બાળકના વિકાસમાં સ્નેહ, સહાનુભૂતિ તથા રક્ષણ ઘણા જરૂરના છે. જે બાળક આ બધી બાબતોથી વંચિત રહે છે, એ પણ તોતડું બોલે છે.

જે બાળકમાં પોતાના ભાઈ-બહેન માટે ઇર્ષ્યા-દ્વેષ જાગે છે એવું બાળક પણ તોતડું બોલે છે. એક નાનું બાળક હતું. એ બિલકુલ સ્પષ્ટ બોલતું હતું. પરંતુ જ્યારે એને ઘરે એની નાની બહેનનો જન્મ થયો ત્યારે એ બાળકને એના તરફ ઇર્ષ્યાનો ભાવ જાગ્યો અને ત્યારથી એ તોતડું બોલવા લાગ્યું.

કોઈ અપરિચિત વ્યક્તિના સંપર્કમાં આવવાથી પણ બાળક તોતડું બોલવા લાગે છે. એક અઢી વર્ષની છોકરી સ્પષ્ટ બોલતી હતી. પરંતુ એની જુની બાઈ (આયા) બહારગામ ગઈ એટલે એને નવી બાઈ સાથે રહેવું પડયું. તે વખતથી એ તોતડું બોલવા લાગી. પરંતુ થોડા દિવસ પછી એ નવી બાઈ સાથે હળી ગઈ અને એને એની સાથે ફાવી ગયુ એટલે એ ફરીથી સ્પષ્ટ બોલવા લાગી અને એનું તોતડાપણું દૂર થઈ ગયું.

જે બાળકને સંપૂર્ણ આરામ નહિ મળતો હોય અને જેને પૂરી સ્વસ્થપણે ઊંઘ ન આવતી હોય, જે ગંદકી તથા અશુદ્ધ વાતાવરણમાં રહેતા હોય, જે અસ્થિર, અસ્વસ્થ, તથા શારીરિક દૃષ્ટિથી જે તન્દુરસ્ત નથી હોતા એવા બાળકો તોતડું બોલે છે.

એ ઉપરાંત બાળકો જ્યારે નાના હોય છે ત્યારે નાના નાના શબ્દો તથા વાક્યોથી પોતાનું કામ ચલાવી લે છે પરંતુ બે–ત્રણ વર્ષના થયા પછી બાળક પોતાના આજુ-બાજુના વાતાવરણને વધુ સમજવા પ્રયત્ન કરે છે અને સાથે સાથે પોતાના વિચારો તથા પોતાની જાતને પૂર્ણ રીતે વ્યકત કરવા માટે મોટા તથા લાંબા વાક્યો વાપરે છે. આને માટે ઘણીવાર એમને યોગ્ય વાક્યો મળતા નથી તો કોઇવાર ખૂબ ઉતાવળ કરે છે. તેથી તોતડું બોલે છે.

વળી કોઈ બાળક બીજાને જોઇને તોતડું બોલતાં શીખે છે. બાળક અનુકરણશીલ હોય છે. એટલે જો એના વાતાવરણમાં કોઈ બાળક તોતડું બોલતું હશે, તો એ પણ તોતડું બોલે છે.

ડાબે હાથે કામ કરતાં બાળકને જો જબરજસ્તીથી જમણે હાથે કામ કરવાની ફરજ પાડવામાં આવે તો આવું બાળક પણ તોતડું બોલવા માંડે છે. એનું કારણ એ છે કે બાળક જે હાથે કામ કરે છે એનો સંબંધ મગજના એ ભાગમાં છે કે જેની મદદથી બાળક બોલે છે. એથી ડાબે હાથે કામ કરનાર બાળકને જમણે હાથે કામ કરવાની ફરજ પાડવામાં આવે છે ત્યારે એના મગ-જમાં આઘાત પહોંચે છે. અને એને લીધે બાળક તોતડું બોલે છે.

માનસિક ઉપરાંત શારીરિક વિકૃતિ હોય તો પણ બાળક તોતડું બોલે છે, જીભમાં કંઈ ખોડ હોય તો બાળક તોતડું બોલે છે.

ઉપર આપેલા કારણો ઉપરથી સ્પષ્ટ થાય છે કે બાળકના તોતડું બોલવામાં માતાપિતાનો કેટલો હિસ્સો છે. એને સુધારવા માટે સૌથી પહેલા માતાપિતાએ બાળકના સંવર્ધનની જવાબદારી સ્વીકારવી જોઇએ તથા શ્રધ્ધાપૂર્વક અને સ્વેચ્છાએ એ નિભાવવી જોઈએ. માતાપિતાએ બાળકના સંવર્ધન અંગેની સંપૂર્ણ માહિતી મેળવી લેવી જોઇએ, અને એ અનુસાર વર્તવું જોઇએ. આપણું વાતા-વરણ એવું રહેવું જોઇએ કે જેમાં રહીને બાળક સદા પ્રસન્ન અને સ્વસ્થ રહે. આવા વાતાવરણમાં બાળકને તોતડું બોલ-વાની ટેવ જ પડતી નથી. એટલે સૌથી ઉત્તમ ઉપાય તો

એ જ છે કે બાળકને તોતડુ બોલવાની ટેવ જ ન પડે. સાધારણ રીતે એ જોવામાં આવ્યું છે કે સ્વસ્થ તથા તન્દુરસ્ત બાળક તોતડુ બોલતુ નથી. એથી સ્પષ્ટ બોલવા માટે બાળકને સ્વસ્થ, તન્દુરસ્ત તથા પ્રેમાળ વાતાવરણની ખાસ જરૂર છે. તેમ છતા બાળકના સંવર્ધનમાં જ્યારે માતાપિતા હંમેશ જાગૃત તથા તત્પર રહે ત્યારે જ આવું વાતાવરણ શકય થાય છે. એ ઉપરાંત માતાપિતા અંદર અંદર લડાઈ ઝગડા કરીને મન ઉપરનો ભાર વધારી ન મૂકે.

વળી આ બાબતમાં માતાપિતા વારંવાર બાળકને ટોંક ટોંક ન કરે તથા એને માટે વધારે પડતી ચિંતા ન કરે તો એ ટેવ આપોઆપ મોટપણે જતી રહે છે. એ ઉપરાંત નકારાત્મક આદેશો તથા ઉપદેશો દ્વારા બાળકના મનમા દ્વિધા જાગૃત ન કરવી. વારંવાર આદેશો ને ઉપદેશોથી બાળકનું તોતડાપણું દૂર થતું નથી તેમ છતાં જો ઘરનું વાતાવરણ પ્રેમાળ તથા સ્વસ્થ નહિ હોય તો એ ટેવ કેટલાયે વર્ષો સુધી બાળકનો પીછો છોડતી નથી. માતાપિતા જો બાળક સાથે પ્રેમાળ રીતે તથા સહાનુભૂતિપૂર્વક વર્તી એના મનમાં સુરક્ષણની (Protection) ભાવના પેદા કરે તો એ બાળકનું તોતડાપણું દૂર થશે. સાથે સાથે બાળકની દરેક વાત ધ્યાનપૂર્વક સાંભળીને એની યોગ્ય માગણી તથા જરૂરીઆતો પૂરી કરવી જોઇએ.

તોતડુ બોલના બાળકની સાથે બહુ વધારે પડતી વાતચીત ન કરવી જોઈએ. એનું પ્રદર્શન ન થવું જોઈએ બાળકને મહેમાનની સામે ગાવાનું કે વાતો કરવાનો આગ્રહ ન રાખવો. એ ઉપરાંત ભૂલમાં પણ એની આ ત્રુટી ઉપર હસવું ન જોઇએ કે એ બાબતની મશ્કરી ન કરવી જોઇએ. અથવા ન તો એના ચાળા પાડવા જોઈએ, કે એની સાથે તોતડી ભાષામાં પણ વાતો ન કરવી, વળી એ અંગે એનું અપમાન પણ ન થવું જોઇએ, ન તો એને લજ્જિત કરવો જોઈએ તથા ન એને કોઈ પણ રીતે ઉશ્કેરવો જોઇએ. ઘણા માતાપિતા એને સુધારવા માટે વાક્યો વારંવાર બોલાવે છે કે એને ધીમે ધીમે બોલવાનું કહે છે એટલે પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે એને એના તોતડાપણાનું ભાન કરાવી આપે છે. આ બાબતો એના મનને ખૂબ આઘાત પહોંચાડે છે, એને માટે સૌથી ઉત્તમ ઉપાય એટલે એની સાથે સ્પષ્ટ, શુધ્ધ તથા ધીમી ગતિથી બોલવું જોઇએ, સાથે સાથે એનો શબ્દ ભંડોળ વધે એ માટે એને વાર્તા કહેવી, બાળકની સાથે વાતચીત કરવી, ગીતો ગાવા તથા વાતારણમાંની ચીજ, વસ્તુના નામ કહેવા જોઇએ. બાળકનો શબ્દ ભંડોળ વધવાથી પોતાના વિચાર તથા ભાવ વ્યકત કરવામાં બહુ મુસ્કેલી નહિ આવે એટલે આપોઆપ એનું તોતડાપણું દૂર થશે,

તોતડુ બોલવા માટે બાળકને કોઈ પ્રકારની સજા ન કરવી તથા બીક કે લાલચ ન બતાવવી. બીક તથા લજ્જાથી બાળક વધુ તોતડુ બને છે.

આપણે મોટેરાંઓ બાળકને આપણી અભિરુચિ, ગતિ તથા ઇચ્છા પ્રમાણે વર્તવાનો આગ્રહ રાખીએ છીએ. એને બદલે બાળકને તેની ગતિ, ઇચ્છા તથા અભિરુચિ પ્રમાણે વર્તવાની અનુકૂળતા કરી આપવાથી એનું તોતડાપણું દૂર થશે

બાળકનું તોતડાપણું દૂર કરવા માટે એને સતત પ્રવૃત્તિમાં રાખવું જોઇએ. એને જે પ્રવૃત્તિમાં રસ હોય એ પ્રવૃત્તિમાં વિકાસ સાધી શકે એવી વૈજ્ઞાનિક સાધન સામગ્રી તેને આપવી જોઇએ. બાળકને સ્વેચ્છાએ તથા સ્વતંત્રતાથી તથા કોઈના રોકટોક વગર કામ કરવાની અનુકૂળતા મળવી જોઇએ. તેમ છતાં બાળક જ્યારે આપણી મદદ માગે ત્યારે જરુર એને મદદ કરવી જોઈએ, એને એની શકિત પ્રમાણે કામ કરવા દેવું, એની તુલના બીજા ભાઈ–બ્હેન કે બાળકો સાથે ન કરવી.

બાળકની તબિયત નાતંદુરસ્ત હોય તો એને સંપૂર્ણ આરામ મળવો જોઈએ. એનો થાક દૂર થાય, સાથે સાથે એને ઊંઘ મળવાથી બાળકનુ તોતડાપણું દૂર થાય છે. એની જીભમાં કંઇ ત્રુટિ હોય તો કોઈ સારા બાલચિકિત્સકને બતાવી એનો ઉપચાર કરવો જોઇએ.

—બંસીધર.

'શિક્ષણ–પત્રિકા'ના લવાજમ બાબત

'શિક્ષણ-પત્રિકા'ના લવાજમની રકમ જેઓ ચેકથી મોકલવા ઇચ્છે, તેઓ 'શિક્ષણ–પત્રિકા'ના નામે ન મોકલતાં **'ટ્રેઝરર, નૂતન બાલ શિક્ષણ સંઘ'**, એ નામનો ચેક મોકલવા કૃપા કરે. —વ્યવસ્થાપક.

બાલ શિક્ષકોના અનુભવો

(૧)

નિવેદીતાને પેટમાં દુખ્યું

બાલમંદિરના નાસ્તાનો સમય થયો. હાથ, મોઢું ધોઈ સૌ પોતાની જગાએ ગોઠવાતા હતાં. અચાનક બહારથી આવી નિવેદીતાએ ધ્રૂસકો મૂકી રડવા માંડયું. "મને પેટમાં દુઃખે છે, બહુ દુઃખે છે" કહેતી જાય અને રડતી જાય. પેટમાં દુખવું એટલે શું તે નિવેદીતા જેવું બાળક સમજી શકે એવડી તેની ૬।। વર્ષની ઉમર હતી. પોતાના નાના ભાઇને બાલમંદિરમાં જતો આવતો કરવાં પ્રાથમિક શાળામાં જોડાવાનું એક સત્ર મોડું કરી તે હજુ બાલમંદિરમાં જ રહી હતી.

પેટમાં કયે ઠેકાણે દુઃખે છે તે પણ શિક્ષિકાબેને તપાસી લીધું અને સામાન્ય રાહત પુરતા ઉપચાર લીધાં પછી તે દિવસે તો નિવેદીતાને ઘેર મોકલવી પડી.

આવા પ્રસંગોએ જો બાળકોને વાલીઓના આરોગ્ય વિષેના અજ્ઞાન તેમજ તરંગી ખ્યાલોમાંથી છોડાવવા હોય અને શકય હોય ત્યાં લાડ કે વહાલનો અતિરેક અટકાવવા દૃષ્ટિ આપવી હોય તો વાલીસંપર્ક એ મોટો ઉપાય છે. અને તે પણ સફળ નીવડે છે. માત્ર ઉપદેશ, કેવળ બળાપો, વાલીઓના અજ્ઞાન તરફ અણગમો કે ખીજ અથવા લાચારી બતાવવાથી આ દિશામાં સાચો ઉકેલ જડતો નથી. અને જડે તો ઉપરના પૂર્વગ્રહો મનમાં ભરી રાખ્યા હોય ત્યાં સુધી વાલીસંપર્ક માત્ર ઔપચારીક જ બની રહે છે.

નિવેદીતા અત્યારે પોતાના મોસાળમાં રહે છે. મામા અને મામી બંને કેળવાયેલ છે, છતાં આવાં નાજુક પ્રશ્નો હાથ ધરતાં પહેલા એમને વિશ્વાસમાં લેવા જોઇએ. જેથી આપણી વાતનો અમલ થાય અને તેમ કરતાં, "ત્યારે અમને આટલીય ખબર નથી?" એવું મનમાં આવતાં એમનું અહં ન ઘવાય કે બીજા પ્રકારે પોતે લઘુગ્રંથીમાં સપડાઈ અકળાઈ ન જાય, આવો માનસિક ઉદ્‌ગાર કાઢી શિક્ષિકાબેને નિવેદીતાને ઘેર જઈ વાતની શરૂઆત કરતાં પૂછ્યું "નિવેદીતાની કાલે નાસ્તા વખતે તબીયત બગડી હતી, તે હવે કેમ છે?"

"હા, કાંઈ પેટમાં દુઃખે છે એમ કહેતી આવી'તી ખરી, પણ અમે તો રાતે જુલાબ આપી દીધો." મામીએ ખુલાસો કર્યો.

"પછીની ખબર નથી પણ એવું તેવું હોય તો અમે તો જુલાબ આપી દઇએ છીએ અને કાંઈ ફેર નહિ પડે તો બીજો જુલાબ આપશું!" નિવેદીતાના એ મામી જાણે રોગ સામી કોઇ અજોડ કિલ્લેબંધી કરી હોય તેમ સ્વભાવિક—પણે જ બોલ્યા.

શિક્ષિકાબેન તો મૂળ વાતનો તાગ લેવા માગતા હતા. અને વાત પકડી રાખી બોલ્યા, "નિવેદીતાને નાસ્તો માગે ત્યારે શુ આપો છો?"

"ધાણી આપીએ, શીંગ આપીએ, પણ હમણાં તો ચણાની દાળ પણ હું તો આપું છું" મામીએ નિઃસકોચ-ભાવે કહી દીધું.

કાચી ચણાની દાળ જે પ્રૌઢ વયના માણસો પણ ચાવીને ખાધા છતાં મહામુસ્કેલીએ પચાવે છે તો સાડા છ વર્ષનું બેઠાડુ કુટુંબજીવન જીવતા કુટુંબનું બાળક કેમ પચાવી શકે! કાચી ચણાની દાળ ને ચણા મમરા જેમ ચવાણાં તરીકે આપવાનો રિવાજ આ પ્રદેશમાં પહેલેથી જ હોવાથી નિરૂપાય થઈ શિક્ષિકાબેન નિવેદીતાના પાચનતંત્રો ઉપર ગુજરતા જુલ્મોથી ઘડીવાર ઉદાસ થઇ ગયા.

કુલફી, કાચી ચણાની દાળ, પપૈયા કે તરબુચની કાપેલી તૈયાર વેચાતી ચીરો, શેકરીનથી બનાવેલું શરબત તેવા શરબતના ભીંજવેલા ગોળા, ખોરા અને વાસી થઈ ગયેલા બીસ્કીટો, ગરમીમાં ખુલ્લી રેંકડીમાં પડયા પડયા પોચા થઇ ગયેલા કેળાં, ખુલ્લા તડકામાં રસ્તાની ફૂટપાથ ઉપર વેચાતી રાયણો, સુકી ભાજીને નામે વેચાતું બે ત્રણ દિવસથી વેચાતા વેચાતા વધેલું બટાટાનું કોરું શાક, વિગેરે જેવી ચીજો, નિવેદીતાની મામી સાથેની પોણા કલાકની લંબાણ ચર્ચા પછી, નિવેદીતાને નાસ્તા તરીકે અપાતી હોવાનો શિક્ષિકાને ખ્યાલ આવ્યો.

થોડાંક ગીતો, વાર્તાઓ, સાધનોના ઢગલા અને બાલમંદિરની ચાર દિવાલોની વચ્ચેથી બહાર નીકળ્યા એટલે બાલ શિક્ષણનું કામ પુરૂં થયું? નિવેદીતા જેવાં કેટલાં બાળકો, એમના વાલીઓ જેવા કેટલાં વાલીઓ, આ વાલીઓના આરોગ્ય અને ખોરાક વિષેના તરંગી ખ્યાલો, આ બધાં ઉપરાંત અનિવાર્ય એવી અત્યારની દોડતી દુનિયા ભેગા રહેવાનો એક એક જણનો નિષ્ફળ પ્રયાસ, તે અંગે ઉઠતી સામાજીક વિષમતાઓ, વિષમતાઓના નિવારણને અભાવે બાળકોના બંધાતા શરીર ઉપર થતા મનસ્વી અખતરાઓ... શિક્ષિકાનું મન આ તર્ક વિતર્કની સીડી ઉપર ચડઉતર કરવા મંડયું, પણ ઉઠવાનો સમય બતાવતી ઘડીયાળે આઠ ટકોરા પાડયાં એટલે મન સ્થિર થયું અને સ્થિર મનમાંથી બીજો અવાજ આવ્યો.

૧. વાલીસંપર્ક જો થોડોક પણ અટકી જાય તો આ બાળકોને બાલમંદિરમાં અપાતી તાલીમની ફજેતી કેવી થાય!

૨. બાલશિક્ષણ હજી પણ વધુ અસરકારક કરવા એના કેટલાં અંગો બાકી છે?

—બાબુભાઈ શાહ

(૨)

દિનુભાઇમાં પરિવર્તન થયું

દિનુભાઈ આજે જાણે તપ કરવા બેઠા હોય એમ દેખાતાં હતાં. કેટલા શાંત ! રોજ એક સેકંડ પણ શાંત ન બેસનાર દિનુભાઈ આજે ખૂબ જ શાંત દેખાતા હતા. કારણ શું ?

લગભગ આઠેક દિવસથી એમના મકાનની બાજુમાં રામનામનો જપ ચાલતો હતો. ઘણી મોટી મંડળી એ જપ કરવા આવતી. તેમાં કેટલાક નાના છોકરાઓ પણ આવતા હતાં. દિનુભાઈની ઉમર ફકત ૩।। વર્ષની હતી. દિનુભાઇએ એક દિવસ એ ઓરડાનું નિરીક્ષણ કર્યું. ઓરડામાં શ્રીરામચંદ્રની છબી દેખાતી હતી. છબી ઘણી જ સુંદર હતી. આકર્ષક હતી. ફૂલમાળા ચઢાવેલી હતી. ધૂપિયું મૂકયું હતું. અગરબત્તી સળગતી હતી. ઘીનો દીવો પોતાનું શાંત તેજ ફેલાવતો હતો. મોટેરાંઓ આવી ખીંટીએ ભેરવેલી જપ કરવાની માળાઓ લઇ પ્રભુને પગે પડતા. પાટલા ઉપર બેસી રામનામનો જપ કરવાની શરુઆત કરતા હતા. ઓરડામાં ખૂબ જ શાંતિ હતી. પોતાનો જપ કેટલો થયો તે લખવા માટે ચોપડી અને પેન્સીલ રાખી હતી, તેમાં દરેક જણ પોતાના જપનો આંકડો લખી, નમસ્કાર કરી ઘેર જતા. દિનુભાઇને આ જોવા, નિરીક્ષણ કરવા, સવાર, બપોર, અને સાંજ એમનો એકાદ ફેરો તો થવાનો જ.

હું દિનુભાઇને રોજ જોયા કરતો. દિનુભાઇના બાએ મારી પાસે કેટલી વખત એમના તોફાન બાબત ફરિયાદ કરેલી. હું ફરિયાદ સાંભળી લેતો અને કહેતો કે સવિતા બેન, તમે જરા પણ ફિકર કરશો નહિ. વખત જતાં એમના સ્વભાવમાં પરિવર્તન થશે. મેં કહ્યું: "તમે દિનુભાઇને બાલમંદિરે કેમ મોકલતા નથી ! બાળમંદિર ઘણું દૂર છે. પાછા આ ભાઈ સીધા બેસે ન બેસે, કંઈ અડપલું કરે અને ફોડે તોડે તો, રોજ તકરારો લઇને ઘેર આવશે." સવિતા બેને કહ્યું. હું તો સાંભળી રહ્યો. મેં કહ્યું, કંઈ હરકત નથી. બાળકો તો એમ જ કરે. મેં તો દિનુભાઇને બાલ મંદિરમાં મોકલવાનો આગ્રહ કર્યો. ભલે ફોડે કે તોડે પણ ત્યાં જશે તો ચોક્કસ એમના સ્વભાવમાં ફરક પડશે.

પણ દિનુભાઈમાં તો એકદમ પરિવર્તન થયું. દિનુભાઇ રોજ એ જપ કરવાના ઓરડમાં આવે—જુએ, અવલોકન કરે, શ્રી રામચંદ્રના ફોટાને પ્રણામ કરે. માળા લઈ જપ કરવા બેસે. ચચૂડા મૂકે, ગણે. જપ કરતી વખતે આંખો બંધ કરી બેસે. જાણે મોટા સાધુ ન બેઠા હોય. દિનુભાઇના ચેહરા ઉપર પ્રસન્નતા દેખાતી હતી. શાંતિનું તેજ ચળકતું હતું. શરૂઆતમાં તો દિનુભાઇ બે ત્રણ મિનિટ જ બેસતાં. સ્વભાવ પ્રમાણે ગડબડ કરવા જાય પણ આજુબાજુનુ વાતાવરણ એવું શાંત હતું કે તેમનું મન ગડબડ કરવાની પ્રવૃત્તિ તરફ જતું જ નહિ સ્વયં શાંતિ જાળવવા. દિનુભાઈનામાં રોજ થતો આ ફરક મારી નજરમાં ગયો. ધીમે ધીમે ૫ મિનિટ સુધી બેસવા લાગ્યા. ખૂબ જ શાંતિથી બેસતાં અને બીજાનુ અનુકરણ કરવાની શકિત એમનામાં જાગૃત થતી. મોટા માણસો જે પ્રમાણે જપ કરતાં તે પ્રમાણે દિનુભાઈ પણ કરતાં. દિનુભાઇના બા સવિતાબેન પણ રોજ જોતાં. એમના મને તો દિનુભાઈની કટકટ જતી રહી એ માટે શાંતિ હતી. પણ આ બાજુએ દિનુભાઈના સ્વભાવમાં મોટું પરિવર્તન થયું હતું એની કલ્પના એમને ન હતી. આજે દસ દિવસ થયા. દિનુભાઈનો જપ બીજાની માફક ચાલુ છે. તેઓ ઘણા જ શાંતિથી બેસે છે અને હવે તો બહાર પણ કે ઘરમાં પણ એમનામાં ઘણો જ ફેર જ માલમ પડે છે. હવે દિનુભાઇ કોઇની તકરાર લાવતાં નથી. બધાની સાથે શાંતિથી બોલે છે. પણ તેમનું વર્તન ઘણું શાંત માલમ પડે છે. દિનુભાઇની આ પ્રગતિ જોઈ ખરેખર સવિતાબેનને તો ઘણી નવાઈ લાગી. હવે તે પણ મારી પાસે તકરાર લાવતા નથી.

"હવે તો દિનુભાઇને બાલમંદિરમાં મોકલો." મેં કહ્યુ. "સારુ જરૂર મોકલીશ" સવિતાબેને આનંદથી કહ્યું, હું સવિતા બેનને તેડી બાલમંદિર બતાવવા લઈ ગયો. બાલ મંદિરમાં બાળકો શાંતિથી બેઠેલા જોઈ એ ખુશ થયા. શિક્ષક વાર્તા કહેતા હતા. બાળકો સાંભળતાં હતા. કેટલી શાંતિ ! બીજી બાજુએ કેટલાક બાળકો જુદા જુદા રંગીન મણકા પરોવતા હતા. અવાજ કર્યા વગર કામ ચાલતું હતુ. કેટલાક બાળકો સાધનો સાથે રમવામાં મશગુલ હતા. આ બધું જોઈ દિનુભાઇને પણ બાલમંદિરમાં આવવાની ઇચ્છા થઈ. દિનુભાઈ બાલમંદિરમાં આવતાં થયાં. હવે એમના સ્વાભાવમાં ઘણોજ ફેર માલમ પડે છે.

વિનાયક ક. એકબોટે
આચાર્ય
એલેમ્બિક શિશુકુંજ.

'બાપો રંજાડે છે'

'બાપો આટલો રંજાડે છે પણ તમે કાંઈ દિ' કાંઈ કહેતાએ નથી.'

'પણ એમાં હું શું કહું ?'

'કેમ શું કહું ? ત્યારે મારે કામ કરવું કઈ રીતે ? હું શાક સમારું તો હાથમાંથી છરી પડાવી લે. હું તમારે માટે જમવાનો પાટલો નાખું તો તે તેના ઉપર ચડી બેસે

'એટલે તેનો અર્થ તું એ કર્યો કે બાપો તને રંજાડવા ખાતર એમ કરે છે !'

'ત્યારે બીજું શુ ? હવે તો એનાથી તોબાહ ! તેને બે કલાક પેલા બાળમંદિરમાં બેસી આવો ને !'

'બાલમંદિરમાંથી આવ્યા પછી બાપો એમ જ કરશે તો તું શું કરીશ ?'

'પછી તમે તો ઓફિસે જતા રહ્યા હશો. તમે નહિ હો. ત્યારે એક બે ધબ્બા મારીને સીધો રાખીશ કે સાથળમાં એવી ચીમટી લઈશ કે ફરી ઊંચો નહિ થાય !'

'એમ કરી જોજે. એમ કરવાથી એ જ'પે એમ તને લાગે છે ?'

'ધબ્બાઓએ મારું છું ને ચીમટાઓ પણ ભરું છું. એ મુઓ થાકતોય નથી.'

'ત્યારે એનો રસ્તો બતાવું તો ?'

'રસ્તો બતાવો તો તમારા જેવા પ્રભુએ નહિ.'

'હુ બતાવું તે પ્રમાણે કરીશ ને ?'

'હારસ્તો'

'જો, પહેલાં આ બાપો તારો બાપો છે ને એ તારું બાળક છે તે તુ ભૂલી જા. ને તું કહે તેમ તેણે કરવું જ જોઈએ એ આગ્રહ છોડી દે.'

'એવું તે કેમ થાય વળી ? તે કરે તે બધું કરવા દેવું અને આપણે કંઈ કહેવું જ નહિ !'

'ના. આપણે જોયા કરવું.'

'એ તો કાલ ચુલામાં પાણી રેડશે ને આ પાટલીઓ ઉપર પવાલાં ફેંકશે.'

'એ એમ કરે જ નહિ. એમ કરે તો બે ઘડી જોયા કરવું.'

'પછી ?'

'પછી તને સમજાશે કે તું ને હું જેમ આપણાં નોખાં નોખાં કામ કરીએ છીએ તેમ તેય કામ કરે છે ને તેનાં કામો નોખી જાતનાં છે.' એને કામ કરવું ગમે છે એના હાથ પગ હલનચલનની ક્રિયાઓ માગે છે પણ તેની મુન્સરી પ્રમાણે; આપણા નક્કી કરેલા બીબા ચોખઠા પ્રમાણે નહિ. અને એ આપણી માન્યતા પ્રમાણે કામ કરતો નથી જણાતો તેથી તેને આપણે તોફાની, મસ્તીખોર, ભાંગફોડ કરનારો ને રંજાડનારો કહીએ છીએ.'

'હા વાત તો ખરી. માંજેલાં વાસણ તે ઠેકાણે મૂકવા દોડતો આવે છે. કાચની રકાબી પ્યાલા ઝટ પકડે છે પણ તે ફોડી નાખવાની બીકે હું ઝટ ઝુંટવી લઉં છું.'

'એને એ ફોડવા નથી; પણ હાથની પકડ બરોબર આવી નથી હોતી તેથી કયાંક હાથમાંથી બસી જાય ને પડીને ફૂટી પણ જાય. એ વખતે આપણા મીજાજની કસોટી છે. તેને પણ લાગે તો છે કે 'આ ફૂટી ગયું.' 'આ ભૂલ થઇ' એ વખતે તેને ગભરાવ્યા કે ધમકાવ્યા વિના 'કંઈ નહિ. આમ બે હાથે પકડાય. મજબૂત પકડાય હો.' કહીને જતો કરીએ તો ભવિષ્યમાં ફૂટતી અનેક વસ્તુઓ ઉગારવાનો મંત્ર તેને મળી જશે ને ચોકસાઈથી ધીરજથી કામો કરવાની તેનામાં સ્વાવડત ઉભી થશે :

'હા એ ખરું !'

એમજ શાક સમારવાની છરી જ્યારે તે પડાવે ત્યારે તારે તેને આપવી. તારે બીજી છરી લેવી. તે કાપે તે જોવું. બનતી મદદ આપવી. ફકત તે હાથ ન કાપે એટલું જ જોતા રહેવું. એમ કરતાં કરતાં તેને છરી પકડી શાક કાપવાની હિંમત ને હથોટી આવશે.

'બાળકો સાથે ત્યારે આમ તો ઘણું કામ કરવા જેવું છે.'

'છે જ તો.'

'ઘર જ બાળકોનું બાલમંદિર બની જાય.' પેલી આપણી પ્રાચીન કહેણી ખરી પડે કે 'એક શિક્ષિત માતા સો શિક્ષકો બરાબર છે.'

'પછી બાપો રંજાડશે નહિ ને !'

'એ કહેવાની નહિ પણ અનુભવ કરી લેવાની બાબત છે.'

શ્રી રતિલાઈ અમીન



એ ક હ તો રા જ કું વ ર

એક રાજનો રાજકુંવર. ગગનકુંવર એનું નામ. ગપ્પમ સપ્પમ એનું ગામ. ગમે તેમ હોય પણ રાજકુંવર બહુ રુપાળો. દિવસે બહાર નીકળે તો જાણે સૂરજ નીકળ્યો હોય એવો લાગે. રાત્રે બહાર નીકળ્યો હોય તો જાણે ચાંદો નીકળ્યો હોય એવો લાગે.

એનાં તો માન પણ બહુ. એ માગે તે લાવી આપે સૌ. એને ખાવા ખાસ જવા દેશથી કેરી આવે ને ઇટાલીના દૂર દેશથી ચેરી આવે. તમે પૂછશો ચેરી એટલે શું ? એક જાતનું ફળ. વિલાયતી ફળ હં કે ! પીવા પંજાબથી પાણી આવે. પહેરવા કાશ્મીરથી કીનાખાબ આવે. રમવા સાવંતવાડીથી સતરંજ આવે ને ફરવા કચ્છથી કચ્છી ઘોડા આવે. રાજકુમાર જે માગે તે બધાં લાવે.

એક દિવસ તો રાજકુંવર ઊંઘમાંથી જાગ્યો. એણે તો વજીરજીને બોલાવ્યા. વજીરજી તો આવ્યા ને બોલ્યા : "બોલો મારા રાજકુંવર, શો હુકમ છે ? શું ખાવાનું મંગાવું ? શું પીવાનું મંગાવું ? શું પહેરવાનું મંગાવું ? શું ઓઢવાનું મંગાવું ? શું રમવાનું મંગાવું ?" રાજકુંવરે કહ્યું; 'કાંઈ નહિ !—કાંઇ નહિ ! મારે પરણવું છે!'

આ વાત સાંભળીને તો બધા આભા જ બની ગયા. થોડી વાર તો એવી શાંતિ પથરાઈ ગઈ કે જાણે બધાં પત્થરનાં પૂતળાં જ. પછી વજીર બોલ્યા : 'રાજકુંવરજી હું હમણાં જ દૂર દૂર દેશમાં રાજકુંવરીઓ જોવા માણસો મોકલું છું.' રાજકુંવરે જરા કડક થઇને કહ્યું : "માણસ નથી મોકલવાં, હું જાતે જ જઇશ. મારી આંખે જ જોઇશ ને મને મનગમતી કુંવરી પરણીશ."

"તો કાલે લશ્કર તૈયાર કરી આપીશ. ઉપડજો તમે." વજીર બોલ્યા.

'કાલે નહિ, આજે જઇશ ને અત્યારે જઇશ! કુંવર બોલ્યો.

'પણ લશ્કર હાથી ઘો.....' વજીર બોલવા ગયા.

'ઘોડા બોડા કાંઇ નહિ. નોકર ચાકર પણ નહિ. હું એકલો જ જઇશ. મારો ઘોડો ને હાથી,

મારો નોકર ને ચાકર કે મારો ચોકીદાર જે ગણો તે મારો પડછાયો થશે. હું એકલો જઇશ.' રાજકુંવરે તો પોતાના મનની વાત ચોખ્ખી રીતે કહી દીધી.

રાજકુંવરની મરજીની સામે કોણ પડે. કોઈ સામું પડે તો રાજા એમને દંડે ને સામે પડનારો બિચારો ફાંસી ચઢે. રાજકુંવરે તો પોતાના જરીના જમા કાઢી નાખ્યા. પોતાના ગુલ્ફેદાર વાળ કપાવી નાખ્યા. પોતાના ઘરેણાં ઉતારી નાખ્યાં. ભગવાં કપડાં પહેરીને નીકળી પડયો. એક દેશથી બીજે દેશ. એક રાજકુંવરીના મહેલથી બીજી રાજકુંવરીને મહેલ. એને તો જાત જાતની કુંવરી મળી. કુંવરીઓનાં તો ચંપાના ફૂલ જેવાં રુપ.

રાજકુંવર તો મીનદેશની કુંવરીને મહેલ ગયો. એણે તો કહેવડાવ્યું કે મોટા સાધુ મા'રાજ આવ્યા છે. જ્યોતિષવિદ્યા લાવ્યા છે. જે પૂછો સવાલ, તેનો મળશે જવાબ. રાજકુંવરીએ તો સંન્યાસી મા'રાજને બોલાવ્યા. સોનાને આસને બેસાડયા, હીરા જડેલ પ્યાલામાં પાણી પાયું. જાત જાતનું ખાવાનું આપ્યું. પછી પૂછયું : "મા'રાજ મને એવો વર જોઇએ જે મને આખી દુનિયા જીતીને આપી દે."

સન્યાસીએ પૂછયું : 'પણ દુનિયા જીતી ન આપે તો ન ચાલે ?'

રાજકુંવરી તો ચીઢાઇને બોલી : 'ના.... ના....ને ના !'

સન્યાસી તો ઉઠયા ને બીજા દેશની રાજકુંવરીને મહેલ પહોંચ્યા. રાજકુંવરીએ તો પૂછયું : 'મા'રાજ મને એવો વર મળે કે જે આખી દુનિયાનાં ઘરેણાં લૂંટી લાવીને મને આપે.'

સન્યાસીએ પૂછયું : 'પણ ઘરેણાં લૂંટી ન લાવે તો ન ચાલે ?'

રાજકુંવરી તો ચીઢાઇને બોલી: 'ના....ના.... ને ના !'

રાજકુંવર તો આગળ ચાલ્યો. કંઈક કેટલીય રાજકુંવરીઓ જોઇ. પણ બધીને ફાંઇક ને કાંઇક જોઇએ જ. રાજકુંવર તો આ અભિમાની ને સ્વાર્થી રાજકુંવરીઓ જોઇને કંટાળી ગયો.

આખરે એ તો ફરતો ફરતો જંગલના રસ્તે આવી ચઢયો. તાપ તો વૈશાખનો. ધોમ ધખતો'તો. પંખી પેઠાં'તાં માળામાં. રાજકુંવરને તો લાગેલી તરસ. સાથે ભૂખ પણ લાગેલી. પેટમાં તો જાણે આગ લાગેલી પણ ખાવાનું કયાંથી મળે ? પીવાનું કયાંથી મળે ?

એ થોડે દૂર ચાલ્યો હશે, ત્યાં તો એને એક છોકરી દેખાઇ. કાળી કાળી સાડી એની. ભીલની દીકરી જેવી. ખાવાનું કરતી'તી. ઝાડની ઘટા નીચે એનો ચૂલો. ઉપર નાની તપેલી. રાજકુંવરના મોમાં તો પાણી આવ્યાં. રાજકુંવર તો ગયો એની પાસે. એ તો કાંઈ બોલ્યો નહિ. છોકરીએ માટીના વાસણમાં ઠંડુ પાણી આપ્યું. પાનના પત્રાળે ગરમ ગરમ ખાવાનું આપ્યું. રાજકુંવરે પૂછયું : 'તમે શું ખાશો ? બધું તો મને આપ્યું.' છોકરી બોલી : "તમે તમારે ખાવને. હું તો ફળ ખાઈશ. જંગલમાં જઇને તોડી લાવીશ. તમે તો તાપમાંથી આવ્યા. તમે અમારા મહેમાન એટલે આનંદ લાવ્યા."

રાજકુંવર તો પેટ ભરીને જમ્યો. એનો જીવ તો શાંતિ પામ્યો. છોકરીને એણે કહ્યું : 'માગ, માગે તે આપું. લાખ રૂપિયાનો હાર આપું. મહેલ મોટા ત્રણ ચાર આપું. રથ આખા હજાર

આપું.

છોકરી બોલી; "ના ! ના ! મારે એ કાંઇ ન જોઇએ મા'રાજ. તમે મહેમાન થયા એટલે મારે સુખના ઢગલા. બરેબર મારે કાંઇ નહિ જોઇએ."

સન્યાસી તો તે દિવસે ચાલતા થયા.

પણ બીજે દિવસે તો રાજકુંવરે હાથી કઢાવ્યો. સોનાના સાજે સજાવ્યો. જંગલ તરફ હંકાર્યો. પેલી વનની છોકરીના ઝાડ પાસે લઈ આવ્યો. છોકરીને કહ્યું; 'તું આજથી મારા રાજની રાણી. તેં કાંઇ ન માગ્યું પણ મને તો તું ગમી. લોકો કહેશે : 'રાજાને ગમી રાણી ને વનમાંથી ભમતી આણી.'

છોકરી તો શરમાતી રાજકુંવરની પાલખીમાં બેઠી. પછી પાલખી તો ચાલવા માંડી ગપ્પમ સપ્પમ દેશ ભણી.

(ગુરૂદેવ પરથી.) –રમેશ કોઠારી.

રાજકુમારી અને વટાણો

એક હતો રાજકુંવર. ખૂબ રૂડો ને રૂપાળો. જાણે ચંદ્રમાનો અવતાર. એને પરણવાનું મન થયું. રાણીને જઇને વાત કરી.

'બા,. બા, મારે પરણવું છે.'

રાણી કહે, 'કયા રાજાની કુંવરીની સાથે?'

'એ હું કાંઈ ન જાણું.' રાજકુંવરે કહ્યું. 'મારે તો સાચ્ચી, સાવે સાવ સાચ્ચી રાજકુંવરીની સાથે લગ્ન કરવા છે. આવી સાચ્ચી રાજકુંવરી લાવો, પછી એ ગમે તે રાજાની હોય.

રાણી તો ભારે વિચારમાં પડી ગઈ. રૂપિયો ખોટો કે સાચો હોય, વાત ખોટી સાચી હોય, પણ કુંવરી કાંઈ ખોટી સાચી હોય? તોય એણે કુંવરને હા પાડી.

રાણીએ રાજાને વાત કરી. રાજાએ પ્રધાનજીને વાત કરી. પ્રધાનજીએ એ વાત પોતાના મંત્રીને કરી. એ મંત્રીએ પોતાના મંત્રીને વાત કરી. બીજાએ કચેરીના કારકુનોને વાત કરી. સાચી રાજકુંવરીની વાત સાંભળી પહેલાં તો બધા હસી હસીને બેવડ વળી ગયા. અંદર અંદર વાત કરવા લાગ્યાં કે ન્યાય ખોટો સાચો હોય, ફરિયાદ ખોટી સાચી હોય, હૂકમ ખોટો સાચો હોય, પણ કંઈ કુંવરી ખોટી સાચી હોય? અને સાચીને ઓળખવી કેવી રીતે? રૂપિયો હોય તો પછાડીને લેવાય, ઘી હોય તો ચાખીને લેવાય, નાળિયેર હોય તો ગડગડાવીને લેવાય, પણ આ સાચી કુંવરી ઓળખવી કેમ? પણ હસવું તરત બંધ કરવું પડયું. કારણ હૂકમ હતો. છ મહિનામાં સાચી રાજકુંવરીને હાજર કરો ! .નહિ તો ધડ માથે માથાં સલામત નથી !

ઘણી તપાસ કરી. પણ રાજકુંવરી ન મળી તે ન મળી. સાચી રાજકુંવરી ન મળી. એમ ને એમ ઊનાળો ગયો, ચોમાસુ આવ્યું ને ગયું ને અંતે આવ્યો શિયાળો. ભારે કડકડતી ટાઢ પડે. રમકડાના માણસના હાથપગની જેમ ટાઢથી સૌના હાથ પગ ધ્રૂજવા લાગ્યા. એમાં એક દિવસ વરસાદ વરસ્યો. પાણીનો નહિ પણ હિમનો વરસાદ. આકાશમાંથી જાણે કોઇ રૂ પીંજીને નીચે ફેંકતું

ન હોય! આખ્ખો દિવસ હિમ વરસ્યેા. રસ્તા બરફની જાડી ચાદરથી ઢંકાઇ ગયા. સુસવતેા પવન વાવાં લાગ્યેા. સૌ માણસેા ઘરનાં બારીબારણાં બંધ કરીને સગડીની આસપાસ જઇને બેઠાં. રાજમહેલમાં પણ એવું જ હેા? રાજા, રાણી ને રાજકુંવર સગડીની આસપાસ બેઠાં બેઠાં તાપે છે. હજી સાચ્ચી રાજકુંવરી નથી મળી એટલે રાજકુંવર તેા સાવ ફીક્કેા પડી ગયેા છે. દડા જેવું ગેાળમટેાળ મેાઢું હતું તે હવે જાણે દડેા કાપીને એનાં બે કાચલાં ઊંધાં ગેાઠવ્યાં હેાય એના જેવા ગાલમાં ખાડા પડી ગયા છે. રાજમહેલનાં બારી બારણા બંધ છે ને અંદર બધું સૂમસામ છે. બહાર હિમ પડે છે ને પવનની આગગાડીનાં એંજિનેા સૂસવાટા કરે છે.

ત્યાં તેા રાજમહેલનેા દરવાજો ખખડયેા. પવનથી એ ખખડયેા હશે? કેાઇએ ધ્યાન ન આપ્યું. આવી કડકડતી ટાઢમાં કેાણ જોવા જાય? બીજી વાર ખખડયેા, ત્રીજી વાર ખખડયેા, ખૂબ જોરથી ખખડયેા. બારણાં ઉઘાડવાં પડયાં. જુએ છે તેા એક સુંદર છેાકરી.

"તું કેાણ છે? અત્યારે કેમ આવી છે?"

"હું રાજકુંવરી છું ને આવી રાતમાં આશરેા માગું છું."

રાજકુંવરી! આ શબ્દથી કુંવરના કાન ચમક્યા. એણે છેાકરી સામે જોયું. એ ભીંજાયેલી હતી. પણ એ દેખાતી'તી રુઆબદાર અને રુપાળી.

રાણીએ દાસીને બેાલાવી રાજકુંવરીને બીજાં કપડાં આપવા કહ્યું. એને માટે ખાવાપીવાનેા બંદેાબસ્ત કર્યેા. અને પછી સૂવાની તજવીજ કરી.

રાણીએ શું કર્યું? એણે એક નાનેા વટાણેા લીધેા. પલંગ ઉપર પહેલાં એ વટાણેા મૂક્યેા. એ વટાણા ઉપર એક પછી એક એમ સત્તર મશરુના મુલાયમ ગાદલાં પથરાવ્યાં. ગાદલે ગાદલે એક એમ સત્તર કિનખ્વાબની સુંવાળી ચાદરેા પથરાવી. એની ઉપર રાજકુંવારીને સુવાડી.

સવાર પડી. રાણીએ રાજકુંવરીને પૂછ્યું: "કેમ દીકરી, રાતે ઊંઘ તેા બરાબર આવી હતી ને?"

"ના રે ના," રાજકુંવરી બેાલી. "આખી રાત પથારીમાં મને કંઈક ખૂંચ્યું."

બસ. આ સાચ્ચી રાજકુંવરી. સત્તરસત્તર પથારી ને સત્તરસત્તર ચાદરેા છતાંયે જેને વટાણેા ખૂંચ્યેા એવું મુલાયમ શરીર બીજા કેાનું હેાય? એ જ સાચી રાજકુંવરી.

રાજકુંવરનાં અને સાચી રાજકુંવરીના લગ્ન થયાં. રાજકુંવર પાછેા સાજો થયેા. વાજાં વગડાવીને મેાટા બધેા વરઘેાડેા કાઢયેા. આખા ગામને ખૂબ મીઠાઇ મળી. ખાધુંપીધું ને રાજ કર્યું ને કેાઠિંબડાંનું શાક કર્યું.

[હેન્સ એન્ડરસનની વાર્તા પરથી.]

લેખાંક ૭મો

બાળકનું ગણિત–શિક્ષણ

અંક પરિચય

'ગયે વખતે આપણે અંક પરિચય એ વિષયની શરુઆત કરી હતી. આજે તેની આગળની રમત બતાવશો ને?' હું બોલું એ પહેલા જ કમળાબેને વાતચીતની શરુઆત કરી.

મેં કહ્યું, "આમ ઉતાવળ કરવાથી કેમ ચાલશે? પૂનાથી મને શ્રી તારાબેન પરાંજપેનો પત્ર આવ્યો છે, તેમાં એમણે કંઇક માર્મિક શંકા ઉપસ્થિત કરી છે. શંકા ઉપસ્થિત થાય એટલે વિષયની સ્પષ્ટતા માટે વધુ અનુકૂળતા થઈ પડે છે."

"એમની શંકા શી છે?" કમળાબેને ઉત્સુકતાથી પૂછ્યું.

"શંકા પહેલી : કોઇ પણ વસ્તુનો પરિચય ત્રિપદ પદ્ધતિથી કરી આપવો હોય તો વસ્તુ એક લેવી કે બે? એમના મત પ્રમાણે વસ્તુ હોવી જોઇએ અને આકાર અને ઉચ્ચારમાં એમાં ઘણો તફાવત હોવો જોઇએ."

"તો શું તમારું કહેવું કંઈક જુદું છે?" કમળાબેને પૂછ્યું.

મેં કહ્યું, "જો પરિચય એક જ વસ્તુનો કરવાનો હોય તો દરેક વખતે બીજી વસ્તુ મળશે જ એવુ નથી. પણ બે કે વધારે વસ્તુઓ હોય તો તેમાં જેમાં વધુ તફાવત હોય એવી વસ્તુની પસંદગી કરવી એ શ્રી તારાબેનનું કહેવું બરાબર છે."

શંકા બીજી, સ્મૃતિરમત ક્યારે લેવી? મારો મત એવો છે કે ત્રિપદ પદ્ધતિના બીજા પદ પછી સ્મૃતિ રમત લેવી અને પછી ત્રિપદ પદ્ધતિનું ત્રીજુ પદ પૂર્ણ કરવું.

કમળાબેને પૂછ્યું, "આ બાબતમાં તમારો શું મત છે?'

'મેં કહ્યું, ત્રિપદ પદ્ધતિનું બીજુ પદ કે ત્રીજુ પદ એ સ્મૃતિની રમત જ છે. બીજા પદમાં સામે રહેલી વસ્તુ અને વસ્તુનાં નામનો સંબંધ જે આપણે પહેલા પદમાં જોડીએ છીએ તે બાળકના મનમાં જોડાયો છે કે નહિ તે આપણે તપાસીએ છીએ. ત્રીજા પદમાં વસ્તુ બતાવીને તેનું નામ યાદ કરવાનુ કહીએ છીએ. આવી રીતે દરેક જોડીનો પરિચય કરી આપીએ છીએ અને પછી જેમ જેમ જોડીઓ વધતી જાય તેમ તેમ સ્મૃતિ રમતની વિશાળતા વધતી જાય છે. મારા લેખમા આ બાબત સ્પષ્ટ ના કરવાની રહી ગઇ છે તે બરાબર છે.

'શંકા ત્રીજી રાશિનો પરિચય ક્રમશ : કરાવવો કે આગળ કહ્યું તેમ, 'આકાર અને ઉચ્ચારમા વિરોધ હોય' એવી રાશિની જોડી લઇને પરિચય કરાવવો?'

'એટલે,' વચ્ચે જ કમળાબેન બોલ્યા, 'તારાબેનનું કહેવું ૧–૨, ૩–૪, ૫–૬, એમ ક્રમમાં અંકની જોડીઓ ન લેતાં ૧–૧૦, ૨–૯, ૩–૮, એમ જોડીઓ બાળકની સામે ધરવી?'

મેં કહ્યું, 'તમે એમની શંકા બરાબર સમજ્યાં છો. આ શંકાનો ઉત્તર આપવો જેટલો લાગે છે તેટલો સહેલો નથી. પરંતુ એક અનુભવી શિક્ષક તરીકેનો મારો અનુભવ હું અહી આપી શકીશ. જોડી ક્રમશઃ ન આપવાથી ગણત્રી કરતી વખતે બાળકના મનમાં કેવો ગોટાળો ઉભો થાય છે અને શરુઆતથી જ ક્રમશઃ આપવાથી ગણત્રી કેટલી સહેલી થઈ પડે છે એ બાબતનો મને અનુભવ છે. બીજાં શિક્ષકોએ પણ આ બાબતમાં પોતાનો અનુભવ જણાવવો. લાકડીઓમાંની '૧–૨' બાળકની સામે મૂકીએ તો તેમાંનો ફરક બરાબર સ્પષ્ટરીતે સમજાય એવો છે. તેથી એમાં વધુમાં વધુ ફરક એટલે '૧–૧૦' ની જોડી ન પસંદ કરતાં જે ક્રમ બાળકને મોઢે થવો જોઇએ એ ક્રમમાં જોડી આપવી એવી મારી ભલામણ છે."

"શંકા ચોથી : પટ્ટાવાળી સીડીની રચનામાં બાળકની ડાબી બાજુ વધતી જતી રાશિ લેવાને બદલે જમણી બાજુથી કેમ ન લેવાય? આ બાબતમાં બોર્ડીમાં જે પૂર્વપ્રાથમિક અધ્યાપકોનું સંમેલન ભરાયું હતું તે સંમેલનમાં ભાવગનરના બાલઅધ્યાપન મંદિરના મુખ્યાધ્યાપક શ્રી નરેન્દ્રભાઈ બધેકાએ એક કારણ એમ આપ્યું હતુ કે, "આપણે સંખ્યા જે ક્રમમાં લખીએ છીએ તેમાં ડાબી બાજુ જેમ જેમ જઇએ છીએ તેમ તેમ અંકની કિંમત વધતી જાય છે; જમણી બાજુ જઇએ છીએ તેમ તેમ અંકની કિંમત ઓછી થતી જાય છે, આ લક્ષમાં લઇને આપણે સીડીની રચના પણ આ જ રીતે કેમ ન કરીએ? બધાં અધ્યાપકોને આ વાત ગળે ઊતરી હતી. તે જ પ્રમાણે મેં સીડીની રચનાનું સૂચન કર્યું છે. તેથી

દરેકે આ બાબતનો પ્રયોગ કરીને જોવામાં કંઈ વાંધો નથી એવો મારો મત છે.”

“શ્રી. તારાબેનની શંકાને લીધે મારી નાની નાની બાબતોની પણ સ્પષ્ટતા થઈ છે.” કમળાબેને પોતાના મનનું સમાધાન કર્યું.

મેં કહ્યું, “હવે એક પરિચયમાંના બીજા મુદ્દાઓ પર આપણે વિચાર કરીએ.”

અંકના ચિહ્નોનો પરિચય :

રાશિ પરિચયની સાથો સાથ જ એકના ચિહ્નોનો પરિચય થવો જોઇએ. મેડમ મોન્ટેસોરીના શબ્દમાં કહીએ તો રાશિ પરિચય અને ચિહ્ન પરિચયની રમતોનો સમાન્તર વિકાસ થવો જોઇએ. તેમા રાશિ પરિચય થયા પછી ચિહ્ન પરિચય એવો ક્રમ નથી. પરંતુ બન્ને રમતો સાથો સાથ જ થવી ઘટે એવુ સૂચન છે પરંતુ આ બન્ને રમતો એકજ સમયે જ લેવી એવો એનો અર્થ નથી. રાશિ પરિચય અને ચિહ્ન-પરિચય આ બન્ને કાર્યો સ્વતંત્ર રીતે કરી લેવા જોઇએ આ રમત આપતી વખતે ચિહ્ન પરિચયની રમત થયા પછી વચ્ચે થોડો સમય જવા દીધા પછી રાશિ – પરિચયની રમત સ્વતંત્રપણે લેવી; અથવા એનાથી ઊલટી રીતે તે પણ રમત લઇ શકાય.

ચિહ્ન પરિચયનું સાધન : રેતીઆ અંકો

એક નાના લાકડાના ડબ્બામાં ૧ થી ૧૦ સુધીના દરેક અંક માટે એક બે પ્રમાણે ૪૫”×૩૫” આકારના ૧૦ પૂંઠા હોય છે. આ પૂંઠા ઉપર પહેલા બેરેા ભૂરો કાગળ ચોંટાડેલો હોય છે અને તેના ઉપર સફેદ રેતીઆ કાગળોમાંથી કાપી કાઢેલા અંકો પૂંઠાની જમણી બાજુએ ચોંટાડેલા હોય છે અંકની નીચેની બાજુમાં પૂંઠાની ધારે એક કાળી લીંટી દોરેલી હોય છે. આ લીટીથી અંકની કઈ બાજુ નીચેની અને કઇ ઉપરની એનુ સૂચન બાળકને મળે છે બન્નેરમા મળતા અંક-પૂંઠા ઉપર આ જાતની લીંટી હોતી નથી, તે શિક્ષકોએ દોરી લેવી.

ચિહ્ન પરિચય રાશિ પરિચય પ્રમાણે જ ત્રિપદ પધ્ધતિથી કરી લેવો પડે છે. રાશિની જોડી જેમ આપણે ક્રમશઃ લીધી તેવી જ રીતે ચિહ્નની જોડી પણ ક્રમશ લેવી વ્યવહારિક લાગે છે. તેથી ‘૧-૨’, ‘૩-૪’, ‘૫-૬’ એમ જોડી જોડીના અંક અક્ષર પ્રમાણે જ કોથળીમાં મૂકવાથી શિક્ષકને એ વધુ અનુકૂળ થઇ પડશે.

૧.	૨.
આ	આ

આ પહેલું પદ બતાવતા જ અંક ઉપર આંગળીઓ કેમ ફેરવવી તે શિક્ષકે બતાવવું જોઇએ. આ બતાવતી વખતે શિક્ષકે પોતાની સામે બાળકને યોગ્ય એટલી ઊંચાઇનું ટેબલ લેવું. બાળકને શકય હોય તો શરુઆતમાં પોતાની જમણી બાજુએ બેસાડવું અને પછી ૧ અને ૨ ની પૂંઠાની જોડી લઈ નીચે પ્રમાણેની ક્રિયા કરી બતાવવી.

(૧) તર્જની તથા વચલી આંગળી તથા અંગૂઠાની મદદથી અંક પર ઘૂંટી બતાવો.

(૨) મોટેથી અંકનો ધીમે પણ સ્પષ્ટ રીતે ઉચ્ચાર કરી બતાવો આજ ક્રિયા પછી દૂર મૂકાવીને સ્મૃતિ રમત રમાડવી. છેલ્લે ત્રીજું પદ લેવું. આવી રીતે અંકની જોડીઓ ધીરેધીરે વધારતા જવું આવી જ રીતે અંકના ચિહ્નોનો અને અંકના નામનો પરિચય દ્રઢ કરી લેવો.

કમળાબેને આ બધું સાંભળી તો લીધુ પણ તેમના ચહેરા ઉપરથી તેમના મનમાં અસંખ્ય પ્રશ્નો જાગ્રત થતાં હોય તેમ મને જણાયુ. તેથી મેં પૂછ્યું, “શુ આમા શંકાને સ્થાન છે ?

એટલે તરત જ એ બોલ્યા; “ પહેલી શંકા એ કે તો પછી સ્લેટ ઉપર - અંક લખીને આપીએ અને પેનથી એના ઉપર ઘૂંટે તો શુ ખોટુ ?”

મેં કહ્યું, ‘પહેલા તમારી આ શંકાનુ નિરાકરણ કરીએ પછી બીજી શંકાઓની વાત. પહેલી વાત એ છે કે બાળકની આ સમયે સાડાત્રણથી ચાર વર્ષની વય હોય છે. પેન્સીલ પકડવા માટે આવશ્યક હોય એટલા જ્ઞાનતંતુનો તેનો વિકાસ આ સમયે બરાબર થયેલો હોતો નથી સામાન્ય રીતે લગભગ પાચ વર્ષે લેખન ઉપયોગી જ્ઞાનતંતુનો યોગ્ય વિકાસ થતો હોય છે. તેથી તમારા વિનયને (એ આજે પાચ વર્ષનો છે.) પાટી ને પેન આપીએ તો હરકત નથી. પરંતુ સાડા ત્રણથી ચાર વર્ષનાં બાળક માટે આ સાધનની યોજના કરવામાં આવી છે. આ વયમાં બાળકની સાધારણ રીતે વસ્તુ સ્પર્શ કરીને જોવાની પ્રવૃત્તિ હોય છે. રેતીઆ અંકમા ચિહ્નનુ વર્ણન બાળક (૧) સ્પર્શ કરીને (૨) જ્ઞાનતંતુ દ્વારા (૩) આંખથી જોઇને એકી સમયે લક્ષમાં લઈ શકે છે. આ સમયે સ્પર્શ જ્ઞાન અતિતીવ્ર હોય છે. તેથી આંગળીથી અંક ઉપર પ્રત્યક્ષ સ્પર્શ કરવો બાળકને સ્વભાવથી ગમતું હોય છે. એની આ વય ચાલી

ગઈ હોય તો એને આંગળી ફેરવવામાં મઝા પડતી નથી. તેથી આ સમયે પાટી પેનને બદલે આ સાધન અનેક રીતે ઉપયોગી લાગે છે.

કમળાબેને વચ્ચે જ પૂછ્યું, 'એટલે તમારી પધ્ધતિમાં અંક શિક્ષણ વર્ષ દોઢવર્ષ જલ્દી શરુ થાય છે એમ તમારું કહેવું છે ને?"

મેં કહ્યું, "ફકત અંક શિક્ષણ જ નહિ પણ અમારી પધ્ધતિમાં દશમાન પધ્ધતિ, સરવાળા, બાદબાકી, ભાગાકાર, ગુણાકારની કલ્પના પણ બાળકને લખતાં આવડે એ પહેલાં જ રજુ કરવામાં આવે છે."

"તો એનાથી આટલી નાની વયમાં બાળકોને અભ્યાસનો જરા બોજો લાગતો હશે ખરું ને?"- કમળાબેને પ્રશ્ન કર્યો.

મે કહ્યુ, "જરાય નહિ, તદ્દન રમતા રમતા બાળકો આ બધુ ગ્રહણ કરતા હોય છે. હજી આ વિષયની ચર્ચા આગળ ઉપર થશે જ. તમારી બીજી કોઈ શંકા હોય તો પૂછો."

"મારી હવે ખાસ કોઇ શંકા રહી નથી પણ મારે થોડો વધુ ખુલાસો કરી લેવો છે."

"શેનો ખુલાસો?" મેં પૂછ્યું.

તેમણે કહ્યું, રાશિ પરિચય અને ચિહ્ન પરિચય એ સ્વતંત્ર રીતે લેવા માટે તમે શા માટે આગ્રહ રાખો છો તે સમજાવીને કહો."

મેં કહ્યું, 'સામાન્ય રીતે શાળામાં અંક ક્રમ શીખવાડાય છે તેની તમને કલ્પના છે? સાધારણ શાળામાં પહેલા પાટી પર અંક ચિહ્ન ઘૂંટાવીને ચિહ્ન પરિચય કરાવે છે. તેની સાથે જ અંકનો ક્રમ મોઢે થાય એ દ્રષ્ટિથી રોજ આંક ગોખાવી લેવામાં આવે છે.

ત્યાર પછી ચિચુકા ગણી અથવા એવા પ્રકારની અન્ય વસ્તુઓ દ્વારા અંકની નાના મોટાની અથવા કિંમતની કલ્પના આપે છે. તેથી અંકની કિંમતનુ ખૂબ જ અસ્પષ્ટ ચિત્ર બાળકની સામે અવ્યવસ્થિત રીતે મૂકવામાં આવે છે. અને તેના મનમાં ગોટાળો થાય છે. 'છ વધારે કે સાત વધારે?' 'ચાર વધારે કે પાંચ વધારે?' એવા પ્રશ્નો બાળકોને કેટલાયે સમય સુધી સ્પષ્ટ થતા નથી, એટલે આંકડા અને ગણિતનો કંટાળો આવવા લાગે છે.

ગણિત એક અમૂર્ત વિષય છે. અંક અંગેનો સામાન્ય બોધ શકય તેટલો વ્યવસ્થિત રીતે અને સરળતાથી કરી અપાય એવી પધ્ધતિનો આપણે સ્વીકાર કરવો જોઈએ. અંક શિક્ષણ એ ગણિતનો પાયો છે. આ પાયો જ જો વ્યવસ્થિત રીતે ન ચણાય તો એના ઉપરની ઈમારતનું ભવિષ્ય જાણવા માટે જ્યોતિષની જરૂર નહિ પડે. રાશિ પરિચય, નામનો ક્રમ, ચિહ્ન પરિચય, અંક લેખન, આ બધી બાબતો બાળકોને માટે તદ્દન નવી હોય છે. આ બધી બાબતો એકી સમયે બાળક પાસે જવાથી તેને ગણિતનો કંટાળો આવે નહિ તો બીજું શું થાય? તેથી જ બાળમંદિરમા અમે આ બાબતોનું ખૂબ જ કાળજી પૂર્વક તંત્ર રચેલું હોય છે. પહેલા રાશિ અને નામનો પરિચય, તેની સાથો સાથ ચિહ્નો અને નામનો પરિચય આપીએ છીએ. આ પરિચય કરાવતી વખતે નામનો ક્રમ આપોઆપ મોઢે થઈ જાય છે. પોતાની મેળે બાળકના મનમાં રાશિનું અને ચિહ્નનું સાહચર્ય નિર્માણ થવા લાગે છે. અને કોઈ કોઈ વાર તો જેતીઆ અંકો લઈને બાળકો પોતે જ પટાવાળી સીડીની લાકડીઓ ઉપર તે ગોઠવે છે. આમ વ્યવસ્થિત રીતે એક એક નવી બાબતો તેની સામે રજુ કરવાથી તે બાબત શીખવામા એનો ઉત્સાહ વધે છે.

આગળ હું જ બોલ્યો હતો એની યાદ આપતા કમળાબેન તરત બોલ્યા, "તમે વિનયને શીખવવાનુ બંધ કરો" એવુ જે કહ્યું હતું એનો અર્થ હવે હું સમજી. વિનયને ગણિતનો ખૂબ કંટાળો આવતો હતો આવી પરિસ્થિતિમાં વચ્ચે થોડો સમય જવા દીધા પછી બાળકનો ઉત્સાહ દેખાય ત્યારે કામ થવુ જોઈએ.

"બાળકનાં મનમાં આવી રીતે રાશિનું અને ચિહ્નનું સાહચર્ય ઉત્પન્ન થવા લાગે પછી તમે શુ કરો છો?" કમળાબેને આગળ પૂછ્યું.

તરત જ બિસ્તામાંથી ૨"×૩"ના સુંદર છાપેલા અંકનો મેટ બતાવીને મે કહ્યું, "પછી અમે બાળકોને આવા અંકના કાર્ડનો સાદો મેટ આપીએ છીએ. બાળકને ન ગુઝે તો શિક્ષક પટ્ટાવાળી સીડીની રચના કરીને બતાવે છે. અને દરેક લાકડીને છેડે તે તે રાશિ બતાવનાર કાર્ડો ગોઠવી બતાવે છે. પછી બાળકો આવા પ્રકારની રમત રમે છે. તેમા વિવિધતા લાવવામાં આવે છે.'

'અંક પરિચય પૂરો થયો કે?' કમળાબેને વચ્ચે જ પૂછ્યું.

મેં કહયું, 'અમારી પધ્ધતિમાં ઉતાવળથી કોઇ પણ બાબત કરવામાં આવતી નથી. હજી કેટલાયે પગથિયાં બાકી છે. એની હવે પછી ચર્ચા કરીશુ.'

—શેષ નામલે.

ટૂંકી નોંધ :

(૧) ગિજુભાઈ-જયંતિ : બાળ શિક્ષણ જયંતિ :

તા. ૧૫ મી નવેંબર ૧૮૮૫ એ ગિજુભાઇનો જન્મ દિન છે. રાષ્ટ્રનું પુનરુત્થાન બાળકો દ્વારા જ થાય તો તે પુનરુત્થાનને કાયમી સ્વરુપ આવી શકે, એ ગિજુભાઇ સમજી ગયા હતાં. અને તેથી બાળ કલ્યાણ, કેળવણી અને સેવાના આ કાર્ય માટે એમણે પોતાના જીવનનું સમર્પણ કર્યું હતું. આજે ગિજુભાઇનો પાર્થિવ દેહ આપણી વચ્ચે નથી, છતાં રાષ્ટ્ર રચનાના આ કાર્ય તરફ એમણે આપણાં સૌનું ધ્યાન ખેંચ્યું છે. વરસે-વરસે આ કાર્યનો વધી રહેલો વિસ્તાર જોઇને ગિજુભાઈ આપણી વચ્ચે રહીને જ જાણે આ કાર્ય કરતાં હોય, એવો અનુભવ થાય છે. તેથી આપણે ગિજુભાઇનો જે જયંતિ ઉત્સવ ઉજવીએ છીએ તે સાર્થ લાગે છે. આ વર્ષના જયંતિ ઉત્સવમાં ઠેર ઠેર બાળકોના સરઘસો, બાળમેળાઓ, વાલી-સભાઓ, મનોરંજન કાર્યક્રમો, બાળ શિક્ષણ પ્રચાર પ્રવાસો, બાળ શિક્ષણ પ્રચાર-પ્રદર્શનો, બાળકોને મીઠાઇ આપવાનો કાર્યક્રમ વગેરે અનેક વિધ ઉપક્રમો યોજવામાં આવે છે. આ સપ્તાહમાં ગિજુભાઇના સ્મારકરુપે નૂતન બાળ શિક્ષણ સદનું જે કાર્ય ચાલુ છે તે માટે નિધિ મેળવવાનુ કામ પણ કરવામાં આવ્યું છે. કાર્યના વધતાં વિસ્તારને દ્રવ્યની જરુર હોય છે. જેટલા પ્રમાણમાં દ્રવ્ય મળે, તે પ્રમાણમાં કાર્યનો વિસ્તાર થવાની પણ ઘણી શક્યતા છે. આ નિધિ એકઠો કરવા માટે માત્ર એક સપ્તાહનો અવધિ બહુ જ ટૂંકો પડે છે, તેથી દર વરસે ઘણી શાખાઓને આ સપ્તાહ લંબાવવો પડે છે. એ અનુભવ ધ્યાનમાં લેતાં હવે પછી આપણે જયંતિ સપ્તાહ નહી, પરંતુ જયંતિ માસ ઉજવીને બાળ કેળવણીનો પ્રચાર અને તે માટે નિધિ ઉઘરાવવાનું કાર્ય કરવું જોઇએ, એવી અમોરી નમ્ર સૂચના છે. કાર્યકર્તાઓ તેનો અવશ્ય વિચાર કરે.

(૨) 'શિક્ષણ - પત્રિકા'ની અભિલાષા :

'શિક્ષણ - પત્રિકા' નો વિષય સમાજ - જીવનને સ્પર્શતો અત્યંત મહત્વનો હોઇ આ માસિક અધિકાધિક લોકોપયોગી બને અને તેના લેખો બાળ જીવનના દૈનિક પ્રશ્નો ચર્ચી વાલીઓ અને શિક્ષકોને ઉપયોગી અને ઉદ્બોધક થાય, એવી સર્વની ઇચ્છા છે. આ દ્રષ્ટિએ 'પત્રિકા'ના અત્યારે જેટલાં પાનાં છે, તેમાં વધારો થવો જોઇએ, એમ અમને લાગે છે. અત્યારે "પત્રિકા"માં મુખપૃષ્ઠના ૪, બાળ વિભાગના ૪ અને પ્રૌઢ વિભાગના પાના ૧૬, એમ કુલ્લે મળીને ૨૪ પાનાની જગ્યા છે. પ્રૌઢ વિભાગમાં હાલમાં જ જે ૪ પાનાં વધાર્યા છે, તેની અસર વાંચકો ઉપર સારી દેખાય છે. આ વિભાગમાં શિક્ષકો વાલીઓ, માતાપિતા, સામાન્ય નાગરિકોને અનુલક્ષીને બાળ સંગોપન, બાળ આરોગ્ય, બાળ માનસ શાસ્ત્ર, બાળ કલ્યાણ અને બાળ શિક્ષણના સંબંધમાં ધરગથ્થુ, શાળાકીય અને સામાજિક પ્રશ્નોની ચર્ચા સુબોધ રીતે મૂકવાનો પ્રયત્ન થાય છે. આ વિભાગના ૨૪ પાના કરીને જો ભિન્નભિન્ન અભિરૂચિવાળા વાંચકોને સંતોષવાની મર્યાદા વધારી શકાય, તો અત્યારના કરતાં વાંચકોને કંઇક વધુ સમાધાન આપી શકાશે. બાળ વિભાગમા પણ ઓછામાં ઓછા ૪ પાનાં તાત્કાલિક વધારવાની જરૂર છે. એ રીતે 'પત્રિકા' માં અત્યારે છે, તેનાં કરતાં ૮ પાનાં વધારવાની અત્યંત આવશ્યકતા જણાય છે. પણ એની સાથે સાથ 'પત્રિકા'ના પાનાં વધે, તો પણ એનું લવાજમ ન વધવું જોઇએ, એમ અમે માનીએ છીએ. એ રીતે લવાજમ વધાર્યા વગર જો 'પત્રિકા'ના પાના વધારવા હોય તો તે માટે સંઘના કાર્યકર્તાઓએ 'શિક્ષણ-પત્રિકા'ને પોતાની સમજીને બે રીતે મદદ આપવી જોઇએ:—

૧. અત્યારે ગૂજરાતી પત્રિકાના ૧૬૧૦ જેટલા ગ્રાહકો છે, તેને બદલે હજુ ૯૦૦ ગ્રાહકો આવતાં માર્ચ સુધીમાં ગૂજરાત ભરની બધી શાખાઓએ કરી આપવા જોઇએ.

૨. બીજી વાત અત્યારે કેટલાક કાર્યકર્તાઓની મદદથી "શિક્ષણ-પત્રિકા"ને ૫ પાનાં જેટલી બાર માસની જાહેરાતો મળી છે. અને તેમાં હજુ પાંચ પાનાંનો વધારો થાય, તો "પત્રિકા'ના અંકમાં અપાતાં પાનાની સંખ્યા ૪૨ થી ૪૪ સુધી કરી શકાય તેમ છે. તેના મુખપૃષ્ટને વધુ આકર્ષક બનાવી શકાશે. સમગ્ર બાળ વિભાગ સચિત્ર કરીને બે રંગમાં છાપી શકાશે. કાર્યકર્તાઓ એ રીતે ૯૦૦ ગ્રાહકો મેળવે અને પાંચ પાનાની જાહેરાતો મેળવવાની મહેનત લે તો એપ્રિલના અંકથી જ આપણે 'શિક્ષણ - પત્રિકા'માં વાંછિત સુધારો વધારો કરી શકીશું. આશા છે કે કાર્યકર્તાઓ આ વાત પોતાના મન પર લે અને 'પત્રિકા'ને વધુ ઉપયોગી અને આકર્ષક બનાવવા માટે પોતાનો કાળે આપે

(૩) ખરગોન (નિમાડ)નું બાળ-શિક્ષા નિકેતન :-

શ્રી કમળાબાઈ કાકેાડકર જેવા નિષ્ઠાવાન અને નિરપેક્ષ કાર્યકર્તાએ ચલાવેલી આ એકમેવ સસ્થાનેા ગયા ચાર વર્ષનેા ઇતિહાસ બાળ કેળવણીની દૃષ્ટિએ પછાત ગણાતાં પ્રદેશમાં સર્વકર્તાઓને અત્યંત ઉદ્બોધક લાગશે, એમ હું માનું છું. એકડા--બગડા, લેખન, વાંચન, એને જ કેળવણી માનવાવાળા વાલીઓ આગળ નવી ક્રિયાત્મક કેળવણીનું મહત્વ રજુ કરવું એ મુંબઈ-અમદા-વાદ જેવા શહેરેામાં પણ એક મુશ્કેલીભર્યું કાર્ય થઈ પડ્યું છે, તે પરથી શ્રી કમલાબાઈ કાકેાડકરને નિમાડ જેવા પ્રદેશમાં નૂતન શિક્ષણનું પ્રચાર કરવાનું કામ કેટલું મુશ્કેલીભર્યું જણાયું હશે. તેની કલ્પના કાર્યકર્તાઓ સમજી શકશે. આર્થિક મુશ્કેલીઓ તેા ચારે ય કેાર છેજ. સામાન્ય ગામમાં શહેર કરતાં તે વધુ વિકટ હેાય તે દેખાતું છે. વાલીઓને ત્યાં બાળ કેળવણી પર વધુ ખર્ચ કરવાની ટેવ હેાતી નથી. હાલની પરિસ્થિતિમાં કેળવણીખાતું જ્યારે કેાઈ પણ પ્રકારની મદદ કરી શકતુ નથી અને સ્થાનિક સંસ્થાઓમાં આ પ્રશ્નની બાબતમાં કેાઈ પણ પ્રકારની જાગૃતિ દેખાતી નથી, ત્યારે બાળ-કેળવણીની સંસ્થાઓને શિક્ષણ રસિકેાનેા આશ્રય લઈનેજ પેાતાના દિવસેા કાઢવા પડે છે. સમાજના બાળકેા માટે અરજીઓ, વિનંતિઓ, ભિક્ષા માગીને કામ ચલાવવું પડે છે, અને તે ન મળતાં સંસ્થાનેા નિર્વાહ ચલાવવા માટે સચિંત રહેવું પડે છે. આ પરિસ્થિતિમાં ધીરજ રાખીને અને પ્રવૃત્તિશીલ રહીને શ્રી કમલાબાઇએ ખરગેાનમાં આ બાળ શિક્ષણ સંસ્થા સ્થાપિત કરીને જે કાર્ય કર્યું છે તે અત્યંત પ્રશંસનીય છે. જનતા તેને પૂરતી સહાય આપે, એમ અમે ઇચ્છીએ છીએ.

(૪) બેાર્ડી સ્થા. શાખાનું પ્રશંસનીય કાર્ય :

બેાર્ડીની વસતી ૮૦૦ થી ૧૦૦૦ ઘરની છે. સંઘની ત્યાં બે સ્થાનિક શાખાઓ છે. એક ગામ લેાકેાની અને બીજી ગ્રામ બાલ અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓની. ગામની શાખાએ પેાતાનું કાર્ય ગામમાંજ ચલાવ્યું છે ત્યારે અધ્યાપન મંદિરની શાખા બેાર્ડીની આજુબાજુના ગામડાઓમાં કાર્ય કરતી હેાય છે. ગામની શાખાએ ગામના મધ્યમાં આવેલ વાચનાલયમાં ત્યાંના ગૂજરાતી મંડળના સહકારથી બાળ વાચનાલયની સુંદર વ્યવસ્થા કરી છે. આ સંસ્થામાં મરાઠી તેમજ ગૂજરાતી વિભાગેા છે. બન્ને વિભાગેામાં બાળકેાની સંખ્યા બીચેાબીચ છે. બાળકેા પુસ્તકેા કઈ રીતે પસંદ કરે છે, વાંચેલા સાહિત્ય પર એમનેા શેા અભિપ્રાય છે વગેરેની અહી કાળજીપૂર્વક નેાંધ થાય છે. રજાઓના દિવસેામા બાળ પુસ્તકેાની વિશેષ ગેાઠવણ કરીને બાળ વાચનાલય ચલાવવામાં આવે છે. બાળકેા તેનેા ભરપૂર લાભ લે છે. લાભ લેનારાઓની સંખ્યા વધુ હેાય છે, છતાં ત્યાંની શાંતિ, પ્રસન્નતા અને વ્યવસ્થા વખાણવા લાયક હેાય છે, વાચનાલયની અને-કેાએ મુલાકાત લીધી છે. એક ધનિકે આ પ્રશંસનીય ઉપક્રમ જોઈને આ બાળ વાચનાલયને હમણાજ રૂા. ૫૦૦) આપ્યા છે.

વાચનાલયના કાર્યક્રમની સાથેજ બાળ સભા નામનેા બીજો એક અનુકરણીય ઉપક્રમ અહી યેાજવામાં આવ્યેા છે. દર શનિવારે સાંજે બાળકેાની બાળ સભા થાય છે. તેમાં કેાઈ વાર બાળ-વાર્તાઓ, કેાઈ વાર મનેા-રંજન કાર્યક્રમ, કેાઈ વાર વાદ-વિવાદ તેા કેાઈ વાર રમતેા વગેરે કાર્યક્રમેા યેાજાય છે. બાળકેાની સંખ્યા દિન પ્રતિ દિન વધતી જાય છે.

બહારના પ્રદેશમાં અધ્યાપન વિદ્યાર્થીઓની શાખા વાલીઓ માટે બાળ કેળવણીના નિદર્શનેા અને મનેા-રંજન કાર્યક્રમેા યેાજે છે. એની સાથેા સાથ સંઘ માટે નિધિ મેળવવાનેા કાર્યક્રમ પણ રખાય છે. ગિજુભાઈ જયંતિ સપ્તાહમાં એ શાખાએ ગામડે ગામડે પગપાળા પ્રવાસ કરીને સંઘ માટે સારેા નિધિ મેળવ્યેા છે. બેાર્ડીની આ બંને શાખાને અમારા અભિનંદન !

(૫) નાગપૂરની મરાઠી બાળ શિક્ષણ પરિષદ ;

આગામી તા. બીજી અને ત્રીજીએ નાગપૂર નગર શાખાના ઉપક્રમે મધ્ય પ્રદેશની બાળ શિક્ષણ સંસ્થાઓનુ સંગઠન કરવાના ઉદ્દેશથી, બાળ અધ્યાપન નિયંત્રણ સમિતિના મંત્રી અને મરાઠી શિક્ષણ પત્રિકાના સંપાદક શ્રી ભા. પેા. કર્વેના પ્રમુખપદે એક બાળ શિક્ષણ પરિષદ ભરવાનું નકકી કરવામાં આવ્યું છે. આ પરિષદમાં વાલી શિક્ષક ચર્ચા, બાળ કેળવણી અંગે પરિ-સંવાદ યેાજવામાં આવ્યેા છે.

આ પરિષદમાં મધ્ય પ્રદેશની બધી સંસ્થાઓએ ભાગ લઈ બાળ કેળવણી પ્રચારની એક વ્યવસ્થિત યેાજના કરવી જોઈએ, એમ અમને લાગે છે. એ યેાજનાનેા ઉદ્દેશ ચાલુ સંસ્થાઓની કાર્યક્ષમતા વધારવી અને અનુ-

કૂળ સ્થળે નવી સંસ્થાઓ શરૂ કરવી, એ હોવો જોઇએ. સંઘ એટલે બધી બાળ શિક્ષણ સંસ્થાઓનો સંઘ છે એવી લાગણી નિર્માણ થવી જોઇએ. અને દરેક બાળ શિક્ષણ સંસ્થા સંઘનું પ્રભાવી કેન્દ્ર કેમ બને, તે શોધવાનો આ પરિષદમાં પ્રયત્ન થશે તેવી અપેક્ષા રાખીએ છીએ.

(૬) શિશુ ભારતીની પંચવર્ષીય વિકાસ યોજના :

વડોદરાની શિશુ ભારતી સંસ્થામાં અત્યારે બાળમંદિર, પ્રાથમિક શાળા, અધ્યાપન મંદિર અને બાળવાડી એવા ૪ વિભાગોની યોજના પૂર્ણ થઈ છે. અને આગામી પાંચ વર્ષમાં એ સંસ્થાએ પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંશોધન, કેન્દ્ર પછાત વિભાગોમાં બાળ વાડીઓનો પ્રચાર, ચાલુ પ્રાથમિક શાળાઓનો વિકાસ, બેસીક શિક્ષણનો પ્રયોગ, સર્વોદયલક્ષી વસતી ગૃહ, મરાઠી બાળ મંદિર અને પ્રાથમિક શાળા અને બાળગૃહ વગેરે નવા વિભાગો રચવાની યોજના કરી છે.

પૂર્વ પ્રાથમિક સંસ્થા અને પ્રાથમિક સંસ્થા ઘણે ઠેકાણે સાથે સાથે જ હોય છે, તો પણ પ્રાથમિક વિભાગ જુની ઢબે અને બાળ વિભાગ જુદી ઢબે એવું ચિત્ર બધે દેખાય છે. બાળ મંદિરની પધ્ધતિનો પ્રચાર પ્રાથમિક શાળામાં પણ પહોંચાડવાની દૃષ્ટિએ કોઈ ઠેકાણે પ્રયત્ન થતો દેખાતો નથી. શિશુભારતી સંસ્થાનો બાળ કેળવણીનો વિવિધ અને સમગ્ર વિકાસનો જે કાર્યક્રમ યોજાયો છે, તેથી બાળ કેળવણીના પ્રયોગનું મૂલ્ય-માપન આ સંસ્થા કરી શકશે, અને બાળ મંદિરની પધ્ધતિને લીધે બાળકો પર શી શી અસરો થાય છે તેનું ચિત્ર જનતા આગળ મૂકી શકાશે. આ સંસ્થાએ સંશોધન વિભાગની જે કલ્પના રજુ કરવા ધારી છે, તે કોઈ પણ આદ્યવત્ સંસ્થાને શોભે એવી જ છે. જનતા શિશુ ભારતીના આ સર્વાંગી પ્રયત્નને અને કાર્યકર્તાઓના ઉત્સાહને વધાવી લે, એમ અમે ઇચ્છીએ છીએ.

ગ્રા હ કો ને

"શિક્ષણ-પત્રિકા"ના વડોદરા, અમદાવાદ અને સૂરત શહેરના ગ્રાહકોના ચાલુ વર્ષના લવાજમો આ માસે પૂરાં થાય છે. જે ગ્રાહકોના લવાજમો પૂરાં થયાં છે, તેમને આ સાથે તેની છાપેલી સૂચના મોકલવામાં આવી છે. ગ્રાહક બંધુઓની સગવડતા ખાતર નીચેના સ્થળોએ લવાજમો ભરવાની વ્યવસ્થા કરવામાં આવી છે:—

અમદાવાદ : (૧) શ્રી યશસ્વતીબેન ભટ્ટ.
ઉપ-મંત્રી, નૂતન બાલશિક્ષણ સંઘ
ખાડિયા બાલમંદિર, ખાડિયા,
અમદાવાદ.

(૨) શ્રી હરજીવનભાઈ ધનજી દીક્ષિત,
મંત્રી, નૂ. બા. શિ. સંઘ
અમદાવાદ શાખા,
આદર્શ પ્રાથમિક શાળા, મણિનગર,
અમદાવાદ.

સૂરત : શ્રી કુસુમબેન શાહ,
જીવન ભારતી, નાનપરા,
સૂરત.

વડોદરા : શ્રી વસુમતિબેન મહેતા,
મંત્રી, નૂ. બા. શિ. સંઘ,
વડોદરા શાખા
શિશુભારતી, સારકેશ્વર,
વડોદરા.

મોડું ન થાય તે પહેલાં, આપનું ૧૯૫૪ના વર્ષનું લવાજમ ભરી દેવા વિનંતિ છે.

—વ્યવસ્થાપક.

બાળ શિક્ષણ અને સંઘ સમાચાર

[૧] નૂતન વિદ્યા મંદિર, મલાડ :-

આ સંસ્થાનો પ્રથમ વાર્ષિક મહોત્સવ શ્રી રણછોડદાસ ગોકળદાસ જે. પી. ના પ્રમુખપદે તા. ૨૫-૧૦-૫૩ ના રોજ ઘણા ઉત્સાહથી ઉજવાયો હતો.

[૨] ચંદનવાડી પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઇ–સ્યુ. ચાલ્સ ટેનેન્ટ્સ એસોસીએશન :-

આ ભાડુત સંઘના કાર્યનો ઇ. સ. ૧૯૪૬ થી ૫૩ નો અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો છે. ચંદનવાડીના રહીશો, પ્રાયઃ ઘણીજ ઓછી આવકવાળા વર્ગમાં ગણાય તો પણ સંઘબળ વડે એક ચાલીના રહીશોએ બાળ-શિક્ષણનું જે પ્રકારનું કાર્ય યોજ્યું છે, તે ઇતર ચાલીના રહીશો માટે પણ અનુકરણીય અને ઉદ્બોધક છે.

[૩] શિશુ–વિહાર–કૃષ્ણનગર; ભાવનગર :-

શ્રીયુત્ માનશંકર ભટ્ટ અને તેમના સહકારીઓ રચનાત્મક કાર્યોના ઉત્સાહ માટે જાણીતાં છે. તેમની સંસ્થામાં ક્રીડાંગણ, એનો માટે જ્યોતિ મંડળ, પુસ્તકાલય, વ્યાયામ શાળા, શ્રમ-શિબિર, પછાત વર્ગો માટે સંસ્કાર કેન્દ્ર, રાષ્ટ્ર ભાષા વર્ગ. નવજીવન બાળ શાળા અને એ જાતના અન્ય વિભાગોના મંડળો યોજી તેમણે સમાજ સેવાના ક્ષેત્રે જે કાર્ય કર્યું છે તે તેમની સંસ્થાના ૧૩મા વર્ષના અહેવાલ પરથી દૃષ્ટિગોચર થાય છે. અમે તેમને આ પ્રવૃત્તિઓ માટે અભિનંદન આપીએ છીએ.

વારદ્દ બાલવાડી, સોલાપૂર :—

શ્રી વારદ્દે પોતાના ખેતરો પર કામદારોના બાળકોના શિક્ષણ અર્થે એક બાલવાડી શરુ કરી છે. પ્રસ્તુત બાલવાડીના સુસંચાલન માટે તેમણે પોતાની પુત્ર-વધુને જ એની તાલીમ માટે મોકલી, તેમને એ કામ સોંપ્યું છે. એક ખેતીવાડીના માલિકે પોતાના કામદારોના બાળકો માટે કરેલી આ વ્યવસ્થા સ્તુત્ય છે.

(૫) ઓલ ઇન્ડિયા એજ્યુકેશન કોન્ફરન્સ :—

ઓલ ઇન્ડિયા ફેડરેશન ઓફ એજ્યુકેશનલ એસોસિયેશનના આશ્રયે આ પરિષદનું ૨૮ મું અધિવેશન ડિસેંબર ૨૪ થી ૩૧ના દિવસોમાં કલકત્તા ખાતે યોજવામાં આવ્યું છે. આ પરિષદના બાળ અને ગૃહ શિક્ષણના મંત્રી શ્રી એલ. એન. સકસેના ગાંધી નગર કાનપૂર છે.

ગિજુભાઈ જયંતિ કાર્યક્રમ :

મુંબઈ: તા. ૨૫-૧૨-૫૩ના રોજ "જન્મભૂમિ" અને અખંડ આનંદના તંત્રી શ્રી સોપાનના પ્રમુખપદે એક જાહેર સભા યોજવામાં આવી હતી, જેમાં પરમાનંદભાઈ કુંવરજીકાપડિયા, શ્રી જમુભાઇ દાણી તેમજ શેષ નામલેના ભાષણો થયા હતા. અન્ય કાર્યક્રમોમાં બાળકોનો એક આના ફાળો વાલીઓનો આઠ આના અને રૂપિયાનો ફાળો તેમજ વિશેષાંકોનું વેચાણ યોજવામાં આવ્યું હતું.

અમદાવાદ :— શ્રી મગનભાઈ દેસાઈ, તંત્રી 'શિક્ષણ અને સાહિત્ય'ના પ્રમુખપદે તા. ૧૫-૧૧-૫૩ના રોજ જાહેર સભા, સપ્તાહ દરમ્યાન વાલી સભા, એક આનો ફાળો, બાળ સંમેલન, ગિજુભાઇ બાળમેળો, બાળકેળવણી રસિકોનું સમેલન અને વિશેષાંકોનું વેચાણ—એવો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. [અનુ. ૪થા ટાઇટલ પર]

હેડ ઓફીસ મુંબઇ, ૫૪ શાખાઓ અને ૧૦ સેફ ડીપોઝીટ વોલ્ટ.

- અમારા સ્પેશ્યલ સેવિંગ્સ ડીપોઝીટ ખાતામાં ૨-૧/૪ % લેખે વ્યાજ આપવામા આવે છે. અને રૂ. ૧૦૦૦થી ખાતું ખોલાય છે.
- અમારી ૬ વર્ષ અને ૩ વર્ષની ફિક્સ ડીપોઝીટોપર લગભગ ૩-૧/૨ % અને ૨-૩/૪ % વ્યાજ આપે છે.
- અમારા સેવિંગ્સ બેંક ખાતાઓમાં ૧-૧/૨ % દર લેખે વ્યાજ આપવામાં આવે છે અને રૂ. ૨૦ થી ખાતું ખોલાય છે

નાણાની અગત્ય હોવાથી દેનાબેંક તમને આવકારે છે

હિન્દનો

અગ્રગણ્ય

સ્વદેશી સ્ટોર

તમારી જરૂરિયાતો ખરીદવાનું

એક માત્ર

ભરોસાપાત્ર સ્થળ

: આજે જ પધારો :

ધી બોમ્બે સ્વદેશી કો-ઓપરેટિવ સ્ટોર્સ કં. લિ.

☆

સર ફિરોઝશાહ મહેતા રોડ,

ફોર્ટ, મુંબઈ ૧

ફોન : ૨૦૪૪૩

☆

શાખા :

મહાત્મા ગાંધી રોડ, પૂના

જેમ્સ સ્ટ્રીટ, સિકંદરાબાદ.

ભાવનગર : જાહેર સભા, બાળકોનું સરઘસ, જીવન મંદિરનો કાર્યક્રમ, અને સૌ સંસ્થાઓના સહકારથી બાળમેળો યોજવામાં આવ્યો હતો.

સુરત. સ્થાનિક બાળશિક્ષણ સંસ્થાઓના સહકારથી બાળકોનો મનોરંજન કાર્યક્રમ તેમજ સંસ્થા-સંચાલક તથા શિક્ષકો સાથે શ્રી નામલેભાઇનો વાર્તાલાપ તેમજ નગર શાખા સ્થાપવા માટે પ્રચાર અને સભ્યોની નોંધ અને બાળકોનો એક આનો ફાળો યોજવામાં આવ્યો હતો.

વડોદરા : કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ શ્રી કોલ્હાટકરના પ્રમુખપદે જાહેર સભા યોજવામાં આવી હતી. અને તેમાં ડો. પરુલેકર, શ્રી સ. આ. કેળકર, શ્રી કુસુમબેન ઠાકોર, શ્રી કમળાશંકર પંડિત, અને વસુમતિબેન શાહના ભાષણો થયા હતાં.

મુંબઈ : આદર્શ બાલમંદિર, જારમાં બાળકોની સભા અને મનોરંજન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

જગડિયા : તા. ૪-૧૧-૫૩ને દિને સવારમાં દશ વાગે ભરૂચ જિલ્લા કલેકટર શ્રી ચંદ્રકાંતભાઇ ભટ્ટના શુભહસ્તે બાળમંદિરનું ઉદ્ઘાટન થયું તે પ્રસંગે સંઘના મુખ્ય નિરીક્ષક શ્રી પ્રભુલાલ ઉપાધ્યાયે 'બાળમંદિર'ના મહત્વ વિષે પ્રવચન કર્યું હતું અને બાળકોને 'કાગડા'ની વાર્તા કહી હતી. સાંજના ૫ વાગે મા-બાપો, વાલીઓ, શિક્ષકો અને કાર્યકર્તાઓની સભામાં 'બાળકો' સંબંધી વાર્તાલાપ યોજાયો હતો.

આગ-અકસ્માત-જીંદગી

મોટર, દરયાઈ, વર્કમેન્સ, કોમ્પેન્સેશન

સર્વ પ્રકારનું - વીમાકામ

સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકર્તાને

સંતોષકારક મહેનતાણું :

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મંગાવો.

ધી ઈન્ડીઅન ગ્લોબ ઈન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—

૩૧૫-૩૨૧ પ્રાસ્પેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ,

મુંબઈ.

ન. ભા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : શ્રી રમણિકલાલ તુરખિયા, ૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઇ ૧૪
મુદ્રણ સ્થાન : પરફેક્ટ પ્રિન્ટિંગ વર્કસ, મુંબઈ-૨૨.

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ–૨૮ : અંક–૧૧–૧૨ : જાન્યુઆરી ૧૯૫૪

બાળકોનો જન્મસિદ્ધ હક્ક

–બાળક રમે છે તે પોતાના શારીરિક અને માનસિક વિકાસ માટે. તેની દૃષ્ટિએ રમવું એ જ તેનું સ્વાભાવિક પ્રાથમિક જીવન કર્તવ્ય છે. આ કર્તવ્યને આપણે તેના જન્મસિદ્ધ હક્ક તરીકે સ્વીકારવો જોઇએ અને આપણા નાગરિક જીવનમાં યોગ્ય સ્થાન આપવું જોઇએ. જ્યાં બાળકોનો આ હક્ક સ્વીકારવામાં આવતો નથી ત્યાં બાળકોનો સ્વયં વિકાસ અને વ્યક્તિત્વ જોખમમાં છે એમ સમજવું વધારે પડતું નથી.

સંસ્થાપક :
સ્વ. ગિજુભાઇ બધેકા

તંત્રી :
તારાબેન મોડક

વાર્ષિક લવાજમ : ૩. ૪–૦–૦ : : કાર્યાલય : ૧૧૮, હિન્દુ કૉલની, દાદર, મુંબાઇ, ૧૪. : : છૂટક નકલ ૬ આના

: સંપાદક મંડળ :

રામનારાયણ પાઠક, હરપ્રસાદ ભટ્ટ, જયંતભાઈ ઓઝા,
હેમલતાબેન માળવી, મંજરીબેન રાયજી, રમેશભાઇ કોઠારી

અનુક્રમણિકા

	લેખ.	લેખક.
૧.	નૂતન બાલ શિક્ષણનો કાળો શો હશે ? ...	સંપાદક.
૨.	'શિક્ષણ-પત્રિકા'ની આગેકૂચ	વ્યવસ્થાપક.
૩.	અનામત-મૂડી	ઓજસ્.
૪.	ભય : બાલ ઉછેરનો એક પ્રશ્ન	હરપ્રસાદ ભટ્ટ.
૫.	બાળકનું ગણિત શિક્ષણ	શેષ નામલે.
૬.	ધા	તા. પરાંજપે.
૭.	બાળ કેળવણીમાં નાટક	રમેશ કોઠારી.
૮.	ત્રણ કલાકના ક્રીડાંગણો	શેષ નામલે

બાળ વિભાગ

૧.	ઘર....ઘર	રમેશ કોઠારી.
૨.	મિયાં કમાલ	ઈશ્વરાચાર્ય.

દેવકરણ નાનજી બેંકિંગ

DEVKARAN NANJEE BANKING CO. LTD

હેડ ઓફીસ મુંબઇ, પ૪ શાખાઓ અને ૧૦ સેફ ડીપોઝીટ વોલ્ટ.

○ અમારા સ્પેશ્યલ સેવિંગ્સ ડીપોઝીટ ખાતામાં ૨-૧/૪ % લેખે વ્યાજ આપવામા આવે છે. અને રૂા. ૧૦૦૦થી ખાતું ખોલાય છે.

○ અમારી ૬ વર્ષ અને ૩ વર્ષની ફેક્સ ડિપોઝીટ્સ લગભગ ૩-૧/૨ % અને ૨-૩/૪ % વ્યાજ આપે છે.

○ અમારા સેવિંગ્સ બેંક ખાતાઓ માં ૧-૧/૨ % દર લેખે વ્યાજ આપવામાં આવે છે અને રૂા. ૨૦ થી ખાતું ખોલાય છે

નાણાની બચત કરવામાં દેનાબેંક તમને મદદ કરશે

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો !

કે– "શિક્ષણ પત્રિકા" એ નૂતન બાલ શિક્ષણ સંઘનું મુખપત્ર છે, તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપમેળેજ બની જાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા-પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે– "શિક્ષણ પત્રિકા" ગૂજરાતી, હિંદી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમે તા. ૧ લી, ૭ મી અને ૧૫ મીએ પ્રગટ થાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" ના દરેક ગ્રાહકના ગ્રાહક નંબર "પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે. પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરુરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" ના ગ્રાહક કોઈ પણ માસથી થઇ શકાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" માં બાળશિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫મી સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા જરુરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" (ગૂજરાતી અને હિંદી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતી છે.

—શ્રી રમાણકલાઈ તુરખિયા

વ્યવસ્થાપક "શિક્ષણ પત્રિકા"

૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

મૅનેજર

(૨જી આવૃત્તિ)

ગુજરાતી સંક્ષિપ્ત આવૃત્તિ

ઑફીસ, બુકશેલ્ફ અને ફીઓલેન્ડ

પહેરવેશ માટે

આસ્ક અનુકૂળ

કોટી પૂતળી

પ્રકાશક :

શ્રી અમદાવાદ જયભારત પ્રેસ લીમ્ટેડ કું. લી.

અમદાવાદ.

ટેલીગ્રામ : "JAYABHARAT" ટેલીફોન : 5333

અનામત મૂડી

મનુબેન અને હું ત્યારે શિક્ષણ પત્રિકાના પ્રચાર માટે ફરતાં હતાં

અમે એક બંગલાંદરના પગથિયાં ચડ્યાં અને સંચાલિકા બહેન સામે આવ્યા, એમના મ્હોં ઉપરનો પ્રેમ અને આનંદ અમારું દૂરથી જ અમારું સ્વાગત કરી રહ્યા હતા.

'ઓ... હો...હો ! મનુબેન, કેટલે વર્ષે ? તમે ક્યાંથી ? પધારો પધારો.'

અને સાથે જ એમણે મને નમસ્કાર કર્યા

મેં પ્રતિ નમસ્કાર કર્યા એટલે મનુબેને મારી ઓળખાણ આપી.

'આ સુમનભાઈ, એમને બાલશિક્ષણમાં ખૂબ રસ છે.'

અને મારા તરફ ફરતા બોલ્યાં :

'સુમનભાઈ, આ અપારાં મંદા બેન. જુઓ, એમનો ઉત્સાહ એમની આ ઉમરે કોઈ જુવાનને પણ શરમાવે એવો છે.'

મંદાબેને ફરી નમસ્કાર કર્યા અને અમને બાલ મંદિરમાં લઈ ગયા.

પ્રૌઢાવસ્થામાં ઠીક આગળ વધેલાં મંદાબેન ખરેજ એમના માનસિક ઉત્સાહને જર્જરિત જુસ્સાથી બધું બતાવતા હતા એમની વાણી જેટલી શાન્ત હતી એટલીજ એ સ્પષ્ટ અને સંયમિત હતી.

એમના બીજા સાથીઓ સાથેનો એમનો વર્તાવ પ્રેમાળ હતો, છતાં એ મોળો ન હોતો.

એ બધું બની જતાં હતાં અને સાથે જ પોતાનાં મંતવ્યો અને અનુભવો તાં જતા હતા બધામાંજ એમની એ વિશિષ્ટ સંયમિત વાણી મારા કાનમાં ગુંજી રહી હતી

હું બાલમંદિરમાં કંઈ જ જોઈ ન શક્યો ! ન કંઈ સાંભળી શક્યો ! મારું બધું જ ધ્યાન, એમનું મગજ કેટલું ચેતનવંતું છે, કેટલું ગતિશીલ છે અને સાથે જ પોતાની મર્યાદા બરાબર પણ કેટલું સભાન છે, એના જ વિચારમાં રોકાઈ ગયું.

હું ઉપર ઉપરથી એટલું સાભળી શક્યો કે જે બંગલામાં આપણે અડચણોને કારણે બાલ મંદિર ચલાવવાની તૈયારીમાં હતું એ મંદાબેનને સૂત્રો સંભાળ્યા પછી સાધ્વર પાયા ઉપર મૂકાઈ ગયું છે.

ત્યારે બાળકો ઘરે જવાની તૈયારીમાં હતા એટલે એ કામ મંદાબેનો પોતાના સાથીઓને સોંપ્યું અને બાળકોને પોતે નમસ્તે કરી અમને એમના ઘર તરફ લઈ ચાલ્યા.

'બેન, નમસ્તે બેન, નમસ્તે'

અગણિત અવાજે ગાજી ઉઠ્યા અને મંદાબેન એમના એ નમસ્કાર હસતે મુખડે ઝીલતાં અમને લઈ ચાલ્યા.

'મને અહીં જ વ્યવસ્થાપકોએ બે ખંડ રહેવા આપ્યા છે' મંદાબેન બોલ્યા અને એમણે ઘરના બારણા ઉપર ટકોરા માર્યા.

બારણાં ઉઘડ્યાં અને અમે સાંભળ્યું મંદાબેનનો જ જાણે યુવાવસ્થાની છબી હોય એવી ઝાંખી જોઈ એ જ ચહેરા, મ્હોં પર એ જ પ્રેમ અને આનંદના ઉભરાતા

અચાનક અપરિચિત નાકે જોયેલા બેન કોઈમાર સુલભ આવકાર આપ્યો પણ બીજી જ પળે એ શાન્ત થતી બોલી.

'નમસ્તે

અને મા તરફ ફરતી બોલી :

'મા, મારું મંદિર છૂટ્યું કે શું ?'

'હા સરુ પણ હજુ બારણાં વાસ્યાં નથી.'

પછી અમારા તરફ ફરતા બોલ્યા

'આ મારી મમ્મા-નાટકની છે

અને બીજી મિનિટે અમારી ઓળખાણ ચલાવતા જ અમે ઘરમાં અમારા જગ્યા લીધી.

એટલામાં તો નાનો રમેશ અને એનાથી નાની રમેશ કૂદકા મારતા મા પાસે દોડી આવ્યા અને બંને સાથે જ મંદાબેને ઉંચકી પલંગ ઉપર બેસાડ્યા.

'એક મિનિટમાં આવી હોં.'

એમ કહેતા એ અંદર ગયાં. એમની પાછળ સરિતા જતાં જતા બોલી:

'મા, મનીને અત્યારે બિલકુલ ટેમ્પરેચર નથી.'

'નથી ના? વહ વાહ! ચાલો ત્યારે હવે તાવ ગયો!'

આમ બોલતાં મંદાબેન અંદર જઈને ખરેજ બીજી મિનિટે બહાર આવ્યા અને અમારા તરફ જોતાં બોલ્યાં-એમાં પણ પેલી સ્થિરતા તો એવીજ હતી:

'નાની મનીબાને આજ અઠવાડિયાથી તાવ આવે છે. ડોકટર કહેઃ ટાઈફોઈડ છે.—જે હો તે આજ તો એ ઉતરી ગયો એટલે જાણે ગંગા નહાયા.'

અને એમ બોલતાં એ મનુબેનની બાજુમાં બેઠાં.

અંદરથી સ્ટવનો અવાજ આવ્યો એટલે તરતજ મનુબેને કહ્યું:

'અરે, આ સુમનભાઈ ચહા નથી લેતા હોં. ચહા નહીં કરતાં. મેં પણ હમણા જ પીધી છે.'

'તો કોફી કરું.'

અને એમણે સરિતાને બૂમ મારી. સરિતા બહાર આવી અને હુકમ માટે ઉભી રહી.

'પણ કોફીની કંઈ જરૂર નથી. હું કંઈજ લેતો નથી.'

'અરે, એમ તે ચાલે. આજ પહેલી જ વખત તમે મારે ત્યાં આવ્યા છો. એટલે કંઈક તો લ્યો જ.'

અને એમણે સરિતાને કહ્યું:

'તું કોફી મૂક અને રમેશ બેઠા, બનો તો બેન સાથે એ ફળો લઈ આવો.'

અને મારા તરફ ફરતાં ઉમેર્યું:

'ફળો તો ચાલશે ને?'

મેં હકારાત્મક માથું હલાવ્યું.

'મારે થોડા કવરપત્તા બનેવીએ છે. અહીં આટલામાં કયાંય મળશે કે?'

મનુબેનો પૂછ્યું. સામેથી ફળોની થાળી લાવતો રમેશ બોલી ઉઠ્યોઃ

'હા, હા. અહીં નજીક જ દુકાન બોરીસ છે લાવો હું લાવી આપું.'

અને એ પૈસા લઈ દુકાન બોરીસે દોડી ગયો.

'મા, કોણ આવ્યુ છે?'

નાનો રમેશ માની પીઠે બંધોલુ મીડું થતો માના ગળામાં હાથ નાખી બોલતો હતો. એના કાલા કાલા શબ્દો બહુ મીઠા લાગતા હતા.

'અરે વા, તારી તો ઓળખાણ કરાવવી જ રહી ગઇ! સુમનભાઈ, આ અમારા રમેશભાઇ! બહુ મોટા થઈ ગયા છે!'

અને રમેશ તરફ ફરતા બોલ્યા:

'અને રમેશ આ તે છે ને તે મનુબેન છે. એ તો છૂક ગાડીમાં બેસીને તને મળવા આવ્યા છે. એ સરસ મજાની વાર્તાઓ કહે છે. તારે સાંભળવી છે?'

રમેશે હકારમાં માથું હલાવ્યું પણ ત્યાંજ કોફી નાસ્તો આવ્યાં અને એ સમારંભમા વાર્તા પાછળ રહી ગઇ

એટલામાં બહારથી સરિતાની ત્રણેક વર્ષ મોટી એવી છોકરી આવી. એમાં ઓળખાણ કરાવવી પડે એવું હતું જ નહી. મંદાબેનની બધી વિશિષ્ટતાવાળુ એ મોહો પોતે જ પોતાની ઓળખ આપતુ હતું

'અરે અરે વખતસર જ આવી ચંદ્ર.'

મંદાબેન બોલ્યા:

'આ મારી મોટી દીકરી ચંદ્રા. કોલેજના છેલ્લા વરસમાં છે અને સાથેજ નોકરી પણ કરે છે.'

ચંદ્રાએ અમને નમસ્કાર કર્યા. એ અંદર ગઇ અને થોડીવારે હાથ મોહો ધોઇ પોતાનો કોફીનો પ્યાલો લાવી અમારી સાથે બેઠી.

'સૌથી મોટો મારે એક દિકરો છે. એ પૂનામા એન્જિનિયરિંગના છેલ્લા વર્ષમાં છે.'

અને તરતજ એ ભાઇ વિશે બંને બહેનો સાથે જ વખાણ કરવા લાગી. એમનો ઉત્સાહ કયાય સમાતો નહોતો. મોટોભાઇ કેવો બુદ્ધિશાળી છે કે। ચપળ છે કેટલો મહેનતુ છે, એ પણ કોલેજની પોતાનુ ખર્ચ કમાઇ લે છે-બધુંય વર્ણન સવિસ્તર કર્યું.

મને તો હકીકતો કરતાંય હકીકતો કહેનારમાં વિશેષ રસ હોઇ હું તો વિગતો તો સાંભળું જ બોળા!

હું મારો નાસ્તો ઉડાવતો ઉડાવતો બધુ જ સાંભળી રહ્યો-બધું જ જોઈ રહ્યો હતો.

ચંદ્રા આવી કે રમેશ તેની બાજુમાં ઘુમી ગયો હતો. અને ચંદ્રા જ જાગે એની મા હોય એમ એ પોતાની કોણી રમેશને પાઇ રહી હતી.

આ બધું મારે મન અસામાન્ય હતું. હજુ મારા મગજમાં બધી વિગતો થાળે પડતી ન હોતી.

મોતબેન, આ મનુબેન છે. એ સલસ વાર્તા કે' છે. એને કે'ને ચલે વાર્તા સાંભળવી છે.'

'વાર્તા સાંભળવી છે કે તારે?'

મનુબેને જ સીધું પૂછ્યું અને એણે હકારમાં જવાબ આપ્યો.

પછી મનુબેનની મીઠી વાણીમાં વાર્તા ચાલીને અમે બધાં જ શ્રોતા બની ગયાં.

વાર્તા અને ચહા નાસ્તો સાથે જ પુરાં થયાં અને પછી તો થોડી જ વારમાં બધાં જ આઘાં પાછાં થઈ ગયાં.

રહ્યાં માત્ર અમે ત્રણ.

'હાં, તો હવે મનુબેન તમારી વાત કહો. અત્યાર સુધી તો મેં મારી જ રામાયણ ચલાવી!'

ચંદ્રાબેન એમ કહેતાં ભીતને અઢેલીને બેઠાં.

'અમારે તો બીજું શું કહેવાનુ હોય?'

મનુબેન વાતની શરુઆત કરતાં બોલ્યાં.

'આ ગિજુભાઇ જયંતિ ચાલે છે એટલે દર વરસની જેમ આ વખતે અમે શિક્ષણ પ્રચારાર્થે નીકળ્યાં છીએ. અને એ માટે જ તમારી પાસે આવ્યાં છીએ.'

'જરુર જરુર.'

મંદાબેન એજ ઉત્સાહથી બોલ્યાં.

'એમાં મને કહેવાનું હોય? મને હુકમ કરવાનો હોય.'

'તો જુઓ આ વખતે શિક્ષણ પત્રિકાનો ખાસ અંક કાઢયો છે. આ વેચવાના છે. અને શિક્ષણ પત્રિકાના ગ્રાહકો બનાવવાના છે - સાથે આ એક-આના ફાળો પણ કરવાના છે. - આ કામ લઈને તમારી પાસે આવ્યાં છીએ.'

હું મંદબેનના મ્હોં સામે જ ધારી ધારીને જોઈ રહયો હતો. કેમ કે આજ વાત અમે અનેક ઠેકાણે કરતાં શરુઆતના ઉત્સાહનો ઉકાળો આ વાત સાંભળી કેવો હેઠો બેસી જાય છે એ અમારા અનુભવની વાત હતી.

અને અહીં એ જ વાત જે વ્યક્તિમાં મને પહેલેથી જ કંઇક વિશિષ્ટતા દેખાતી આવી હતી ત્યાં શી અસર કરે છે એ મારે જાણવું હતું.

પણ મેં આશા રાખેલી એવું જ પરિણામ આવ્યું:

મંદાબેનના મ્હોં પરની એક પણ રેખા ન બદલાઇ એ એ જ ઉત્સાહથી બોલ્યા:

'મનુબેન આ તો આપણું સૌનું કામ છે. તમે ન બીજાદાર છો કે આ કામ માટે આમ ફરી શકો છો મારા એ મયેગો નથી, નહીં તો હું પણ એ જ કરતી હોત. પણ છતાં મને એનુ દુખ નથી-હું મારાથી બનતું બધું કરીશ.'

મનુબેનનો ઉત્સાહ વધી ગયો. અમારી આગળની અનુભવજન્ય બીક ચાલી ગઇ. અને એમના ઉત્સાહે જરા વધારે પ્રમાણમા કૂદકા માર્યો:

'તો જુઓ મંદાબેન, તમે એક સો નકલો બુકાવી આપો. અને સો એક રૂપિયાનો આ એક--આના ફાળો કરી આપો.'

મંદાબેન એકાદ જ ક્ષણ માન રહ્યાં. પણ છતા ત્યારેય એમના મ્હોં ઉપર જરાક ફેરફાર ન થયો.

'વાત એમ છે મનુબેન, કે હું મારી મર્યાદા જાણું છું અને હું કદિય એની ઉપરવટ કોઈ આશા બાંધતી નથી, કે આપતી નથી. હું કોઈની પાસે પહોચી શકું તો એ મારા બાલમંદિરના માબાપો પાસે એટલે એમાં હું જેટલું કામ કરી શકું એટલી જ જવાબદારી હું લઇશ.'

અને એમણે પોતાની મેળે જ ખાસ અંકોમાંથી ગણીને એક થોકડો ઉપાડી લીધો.

'બસ આટલા હું ખપાવીશ જ.'

અને એજ રીતે એમણે એક આના ટિકીટોનું એક બંડલ લીધું.

'અમે, મંદાબેન, તમારી ઝાઝી આશા રાખેલી.'

મનુબેને કઈક દબાતે અવાજે કહયું.

'ખરું છે, મનુબેન, જીવનમાં મેં પણ મારી પાસેથી ઝાઝી આશા રાખેલી. પણ અનુભવે મને વાસ્તવિક બનાવી છે. અલબત્ત એનો અર્થ એવો ન કરતાં કે હું નિરાશાવાદી બની ગઈ છુ — નહી જ.

[અનુસંધાન ત્રીજા ટાઈટલ પર]

ભય : બાલ ઉછેરનો એક પ્રશ્ન

સૌ માનવકુટુંબ આશા નિરાશા, જય પરાજય સુખ દુઃખ, સંપત્તિ વિપત્તિ વગેરે દ્વન્દ્વોમાં ઝોલાં ખાતું હોય છે. આ દ્વન્દ્વોનો શાંત પળોમાં સમજપૂર્વક વિચાર કરીએ તો તે દ્વન્દ્વ ન લાગે પરંતુ માત્ર પરિસ્થિતિનો ફેરફાર જ જણાય. તેના ફેરફારથી મનના આવેગો રૂપાન્તર અનુભવે છે. મનના કે તનના સઘળા આવિષ્કારોમાં જીવનપ્રવાહનું સાતત્ય જેમ આપે છે. જીવનશક્તિપ્રવાહ શિથિલ કે સ્થગિત થતાં માનવીનું મન અને તન નબળા વિચારોનું ભોગ બને છે અને તેમ થતાં કોઈ ને કોઈ વિકૃતિઓનો ઊગમ શરૂ થાય છે. જીવનશક્તિપ્રવાહ સ્થગિત થવાનું મૂળ કારણ ભય છે. આ ભયનું મૂળ તપાસીએ તો તે બાલ્યકાળથી જ શરૂ થયેલું હોય છે. દરેકના જીવનમાં ભય કેટલાં વિષમ પરિણામો લાવે છે તે પ્રત્યેક માનવી આત્મપરીક્ષણ દ્વારા સમજી શકે. કોઈ પણ વ્યકિતને પૂછો કે તમે કદિ ભય અનુભવ્યો છે? ભાગ્યે જ એવી કોઈ વ્યકિત હશે કે જેણે જીવનભર ભય નહિ અનુભવ્યો હોય. વિરલ વ્યકિતઓ હશે કે જેઓ ભયના ભોગ નહિ બન્યા હોય.

દરરોજ દરેકને કાંઈ ને કાંઈ ભયનો સામનો કરવાનો રહે છે. દા. ત. તંદુરસ્તી બગડવાનો ભય, ખૂબ કામથી થાકી જવાનો ભય, પડોશીને કે અન્યને ખોટું લાગવાનો કે ગેરસમજનો ભય, અપમાનિત થવાનો ભય કે આજીવિકાનું સાધન ગુમાવવાનો ભય, વગેરે.

નિષેધાત્મક હુકમો કે અઘટિત વિધાનો

ભયના પૂર્વગ્રહોથી અંકિત આપણે સૌ બાળકમાં નાનપણથી જ ભયનું વાતાવરણ સર્જીએ છીએ અને નિષેધાત્મક હુકમો કર્યા જ કરીએ છીએ. અવાજ ન કરો, અડશો નહિ, ઝાડ પર ન ચઢો, પડી જવાશે, લપસી જવાશે, જો જો, કૂતરું કરડશે, વગેરે.

વળી આપણા વારસામાં મળેલાં કેટલાંક અઘટિત વિધાનો બાળક ઉપર ઠોકી બેસાડવાથી પણ આપણે બાળકમાં ભય ઉત્પન્ન કરીએ છીએ. દા. ત. જુઠું બોલશો તો ભગવાન સજા કરશે, ચોપડી ઉપર પગ મૂકવાથી પાપ લાગશે, કાગળ બાળવાથી વિદ્યા બળી જશે, વગેરે વગેરે. આ બધું બોલતી વખતે આપણને યાદ નથી હોતુ કે આપણે બાળકને ભયભીત બનાવીએ છીએ અથવા તો ભયની લાગણી તો જરુર પેદા કરીએ છીએ.

પ્રત્યેક માનવીને હાડમારી, હાર અને હાંસીનો ભય સૌથી વિશેષ હોય છે. નામોશી, ભોંવહાનિ જેવો ભય કાર્યની પ્રારંભવૃત્તિને જ અટકાવી દે છે. આપણે સૌ જાણ્યેઅજાણ્યે વાતાવરણમા રહેલા ભયોની વાતો કરીએ છીએ અને કેટલીય વાર બાળકને તેવા ભયોમાથી બચાવવા માટે આગામી ભયની વાતો કરીએ છીએ. આવી વાતો બાળકને ખૂબજ સ્પર્શી જાય છે અને તેને ભયભીત બનાવે છે. ખરી રીતે ભય પ્રેમ જેટલો જ અસરકારક અને આકર્ષક હોય છે.

વધુ પડતા સાવધ રહેવું તે પણ ભયની જ નિશાની છે. જે વિદ્યાર્થી કે વકતા "આ ભૂલી ન જવાય તો સારું" એમ સતત ચિન્તતો હોય છે તે સાચે જ ખરા પ્રસંગે મુદ્દાની હકીકત વ્યકત કરવાની ભૂલી જાય છે. મનના પૃથકકરણને અન્તે એટલું સાબિત થયું છે કે જ્ઞાત કે અજ્ઞાત મનમાં રમતા ભયો માનવીને સ્મૃતિભ્રંશ કરાવે છે અને તેની બુધ્ધિમત્તાને પણ હયમેધાવી મૂકે છે. સામાન્ય અનુભવો પણ આપણને શીખવે છે કે જે વસ્તુથી આપણે ડર્યા કરીએ તે જ વસ્તુ આપણને વધુ ને વધુ ડરાવે છે. ઘણીયે વાર એવું બને છે કે જે વ્યકિતની કે જે પરિણામની આપણે ઉપેક્ષા કરતા હોઇએ તે જ વ્યકિત કે પરિણામ આપણી સામે વારંવાર ખડાં થાય છે. ભયનુ સાચું કારણ તો મનની જાગૃત તેમજ સુષુપ્ત ગડમથલો જ હોય છે.

જીવનશક્તિપ્રવાહ કહે; 'કરો.' મનનો ભય કહે: 'ના કરો.' આ વિસંવાદ જ માનવીને ભરખી જાય છે અને પરિણામે જીવનશક્તિપ્રવાહ અટકી જાય છે. જીવનશક્તિપ્રવાહ અટકતાં માનવીમાં ઉદાસીનતા આવે છે અને નિરન્તર જવાબદારીમાંથી છટકવા પ્રયત્ન કરે છે. આવો માનવી કોઇ પણ ભોગે સદંતર શાન્તિ ઇચ્છે છે અને ગડમથલોથી પાછો ભાગે છે. આમ કરવામા તે અસાધારણ અગવડો વેઠે છે, મુંઝવણો અનુભવે છે, અન્યાયો સહે છે અને છતાં તેથી તેની ચિન્તા કે મુંઝવણ ઓછા થતાં નથી અને પરિણામે તે નાદુરસ્ત બને છે અને પક્ષાપક્ષી, નિંદા, સ્પર્ધા કે વિરોધની લાગણી સેવે છે. આથી આપણે સૌએ આપણા અને બાળકોના સામાન્ય ભયો, તે ઉત્પન્ન થવાના કારણો અને તેના ઉપાય જાણવા જોઇએ

ભય અને ચિન્તા

ભય અને ચિન્તા, વર્તન અને તંદુરસ્તી બન્ને પર કેવી વિપરીત અસર કરે છે તે નીચેના દૃષ્ટાંત ઉપરથી સમજાશે.

એક પાંચ વર્ષની બાળા છે. તેને બે વર્ષનો એક ભાઇ છે. તે હજી હમણાં જ પગલીઓ માંડતો થયો છે. આ ભાઈ નાની બહેનની રમતોની, રમકડાંની આડે આવે છે. આ બાળક જ્યારે તેડવાની અવસ્થામાં હતો ત્યારે તેને જોઇને નાની બેનને વહાલ ઊપજતું હતું. વળી તેની સંભાળ લેવામાં તે ગર્વ લેતી હતી. માને પણ તે ખૂબ હરખાતી જોતી હતી. હવે જ્યારે નાનો ભાઈ તેનાં રમકડાં તોડી નાખે છે ત્યારે તેને તે જરાય ગમતો નથી. પોતાની આ લાગણી હવે વ્યક્ત કરતાં તેને આશંકા રહે છે કે માને કદાચ તેની આ વર્તણૂક ગમશે નહિ; અને માની 'વહાલી દીકરી'નું બિરુદ તે ગુમાવશે. નાનો ભાઇ જ્યારે રમકડાં તોડી નાખે ત્યારે મા કહે: 'ફિકર નહિ, ભાઈ રમકડું ભાંગી નાખશે તો આપણે સમરાવીશું, તને નવું લાવી આપીશું' પણ આવા આશ્વાસન તેને જરાય શાંતિ આપતાં નથી. પરિણામે આ બાળા પોતાનું એવડું વ્યક્તિત્વ દર્શાવે છે. તે પોતાના નાના ભાઈની ઉપર ઉપરથી સંભાળ લે છે, પણ એક દિવસ સવારના પહોરમાં દૂધ પીતાં કહે છે કે દૂધ સારું નથી અને પીતી નથી. વળી જમતા વખતે પણ કજિયો કરે છે અને કહે છે: 'આ ભાવતું નથી,' 'આ ખાવું નથી.' વગેરે વગેરે. ઘરમાં સૌને આશ્ચર્ય થાય છે કે જે બાળક દૂધ પીવા માટે કે જમવા માટે કદી આનાકાની કરતું ન હતું તે હવે આમ કેમ કરે છે! ધીમે ધીમે તેના જિદ્દ, દુરાગ્રહ વધતાં જાય છે. જ્યારે તેનો નાનો ભાઈ તેનાં રમકડાં તોડતો બંધ થાય છે કે જ્યારે તેને ખાતરી થાય છે કે તેની મા અને ઘરનાં સઘળાં સાચેસાચ તેને તેના ભાઈ જેટલું જ ચાહે છે ત્યારે તેનામાં આવેલી આ વિકૃતિઓ સહસા અટકી જાય છે; આ ઉપરથી એટલું ફલિત થાય છે કે વિરોધની લાગણી કેટલીક વાર સીધેસીધી વ્યક્ત થતી નથી પણ તેનું આરોપણ ગમે તે વસ્તુમાં થાય છે.

ભયના પ્રકાર

મોટેરાંના અને નાનાં બાળકોના ભય ભિન્નભિન્ન પ્રકારના હોય છે. બાળકોના ભય સામાન્ય રીતે નીચે પ્રમાણેના હોય છે:

(૧) અજાણ્યાનો ભય.
(૨) શારીરિક હાનિ કે શારીરિક દુઃખનો ભય.
(૩) હાંસીનો કે અવગણનાનો ભય.
(૪) મોટા થવાનો ભય.

અજાણ્યાનો ભય

અજાણ્યાનો ભય પુરાતન કાળથી ચાલ્યો આવે છે. પુરાતન માનવીનું કલેવર ભયથી ઘેરાયલું હતુ અને તેથી જ તે અવલંબન ખાતર સચરાચર વસ્તુને પૂજતો. જેમ જેમ માનવીની તર્કશક્તિ કેળવાવા લાગી તેમ તેમ તેને ભય ઓછો થવા લાગ્યો. બાળક પ્રથમના ચાર વર્ષોમાં અજાણ્યાથી ભય વિશેષ સેવે છે. અજાણ્યા ચહેરાઓ, વિચિત્ર રમકડાં કે અજાણ્યું સ્થળ તેમને વિશેષ ભય પમાડે છે.

બાળકને છાનું રાખવા માટે કે તોફાન કરતું અટકાવવા માટે માબાપ ઘેણીવાર બાળકને ચિત્રવિચિત્ર ભયો દર્શાવે છે તેમાં ખાસ કરીને બાવડીયાનો, કૂતરો, કરોળિયાનો, માળિયા ઉપર ભૂતના 'ઊ'નો, અંધારામાં પૂરી દેવાનો, ઘરની બહાર કાઢી મૂકવાનો, વગેરે ભયો મુખ્ય હોય છે. આવા ભયો દર્શાવતાં બાળક કેટલીક વાર તત્ક્ષણ શાંત બને છે પણ આ રીત તો ઓરીને બરફ ઘસીને મટાડવા જેવી છે. આથી તો તેની કાલ્પનિક મનોભૂમિને આપણે એવી ઉત્તેજી મૂકીએ છીએ કે તે બાળક નથી નિરાંતે ઊંઘી શકતું કે નથી મુક્ત વિહાર કરી શકતું. પરિણામે તે દિવાસ્વપ્નો સેવતું બને છે, તેને રાત્રે પેશાબ થઇ જાય છે, ઊંઘમાં બોલવા માંડે છે, રાત્રે ઊઠી ચાલવા માંડે છે, ભયકારક સ્વપ્નાં જુએ છે, નાશકારક કે ઘાતકવૃત્તિનો આશ્રય લે છે અને આત્મવિશ્વાસ ગુમાવી બેસે છે.

શારીરિક હાનિનો ભય

શારીરિક હાનિનો ભય બાલજીવનમાં અજ્ઞાત મુંઝવણો ઊભી કરે છે. શારીરિક હાનિનો ભય માબાપે કરેલાં વધુ પડતાં લાડમાંથી અથવા તો વધુ પડતી લીધેલી દરકારમાંથી કે કડક નિયમનમાંથી જન્મે છે. બાળકમાં પરાક્રમવૃત્તિ કે કુતૂહલવૃત્તિ સહજ હોય છે. બાળક પોતાનો વિકાસ સાધવા માટે ક્ષણે ક્ષણે નવા અનુભવોની અજમાયશ કરતું જ હોય છે. આવા પ્રસંગો–બાળક

ચાલવાની શરૂઆત કરે છે ત્યારે, શાળામાં ક્રીડાંગણનાં સાધનો જુએ છે ત્યારે, રસ્તો ઓળંગતી વખતે, સાઈકલ શીખતાં કે તરવાનું શીખતી વખતે–અને છે. આવા દરેક પ્રસંગે બાળક પોતાની કુતુહલવૃત્તિ અને પરાક્રમવૃત્તિનો આનંદ અનુભવતું હોય છે. આવા પ્રસંગે બાળકની સંભાળ લેનાર સચિંત ન હોય કે તેને અનુકૂળ વાતાવરણ ન આપે તો તેને ઘણા કડવા અનુભવો થાય છે. તેમાં થતાં પડવાના, વાગવાના કે ડૂબવાનાં ભયો ઘણીયે વાર બાળકને કાયમી ભીતિ ઉત્પન્ન કરે છે. અને તેની પ્રારંભ શક્તિને અટકાવી દે છે. ક્વચિત્ ક્વચિત્ આવા વિષમ અનુભવોથી બાળક માંદુ પણ પડી જાય છે.

એક બાળક સાઈકલ શીખતું હતું. તેના પ્રથમ અનુભવમાં જ તે વાડમાં જઈને ભટકાયુ અને તેને સખ્ત વાગ્યું. સવારમાં જોયું તો આ બાળકને ખૂબ તાવ ચઢ્યો હતો. આ તાવ ઘણો લાંબો વખત ચાલ્યો. વૈદ્યકીય તપાસ કરતાં તાવનું કાંઈ જ કારણ ન મળ્યું. છતાંય વાતવાતમાં જ્યારે તેને ખાતરી કરાવી કે સાઈકલ શીખતાં આવા અનુભવો સર્વસામાન્ય હોય છે,–પછી ભલે તે નાનાં બાળકો શીખતાં હોય કે મોટાં શીખતાં હોય-ત્યારે તેને તાવ સહસા ઊતરી જાય છે. આનું મુખ્ય કારણ એ હતુ કે આ બાળકને સાઈકલ તો શીખવી જ હતી છતાં પડવાથી પોતાની શક્તિ માટે સાશંક બન્યું હતું. વળી પુનઃ સાઈકલ શીખવા દેવામાં આવશે કે નહિ તેની પણ તેને ચિંતા હતી આ જ પ્રકારે એક બાળક શાળામાં દાખલ થતાં જ જ્યારે વર્ગશિક્ષકનું કડક નિયમન જુએ છે કે અન્ય વિદ્યાર્થીને શારીરિક શિક્ષા પામતુ જુએ છે ત્યારે ભયભીત બને છે અને બીજે દિવસે શાળાએ જવા આનાકાની કરે છે અને અભ્યાસ પરત્વે અરુચિ સેવે છે.

ઘરમાં કે શાળામા એકધારી શિસ્ત નથી હોતી ત્યારે પણ બાળક ઘણું મુંઝાય છે. પરિણામે તે ઉદાસીનતા સેવે છે અને એકાંતપ્રિય બને છે અથવા ભયગ્રસ્ત વાતાવરણમાંથી છૂટકારો શોધવા બહિર્મુખ વૃત્તિવાળો બને છે.

હાંસીનો ભય

હાંસીનો ભય બાળકોમાં સૌથી વધુ તીવ્ર હોય છે. હાંસીપાત્ર બન્યા પછી તેના ઘા ઊંડાં મૂળ ઘાલે છે અને ઘણીય વાર બાળક સ્વલ્પતાનુભવનો ભોગ બને છે. આ પ્રસંગ પછી તેનામાં મંદતા, જિદ્દ, પરપીડનવૃત્તિ, નિક્ષોભ (Trauma) વગેરે માનસશાસ્ત્રીય વિકૃતિઓ પ્રવેશે છે. હાંસીનો ભય કેટલીક વાર બાળકને દંભી અને અસત્યભાષી બનાવે છે. એક બાળક તાજેતરમાં જ ઘોડાગાડી જોતાં શીખેલો અને પોતાની આ શક્તિ માટે તે ગર્વ લેતો હતો. એક દિવસ પોતાના પાડોશીને ત્યાં તે રમતો હતો. સાંજ પડતી હતી. દરમિયાન ઘેર જવાનો સમય નજીક આવતો હતો. તે વખતે તે ઘડિયાળ સામું જોતો હતો તેવામાં તેના મિત્રે કહ્યું: 'તું ઘોડાગાડી સામું જોતો લાગતો નથી. ઘડિયાળ તો અટકી ગયું છે, ખરું ને?' તેને થયુ કે આ મિત્ર મારા માટે શુ સમજતો હશે? આથી તે ઘડિયાળ સામું જોતો હતો છતાં કહેવા લાગ્યો: 'હું તો પેલા કૂતરા તરફ જોતો હતો, હું તે વળી ક્યાં ઘડિયાળ સામુ જોતો હતો?' આ રીતે તે દંભનો કે જૂઠાણાનો આશ્રય લે છે અને ત્યાર પછી કોઇ પણ પ્રસંગે છટકબારી (escape) શોધવા માટે નિત્ય નૂતન અજમાયશો અનુભવમાં મૂકવા પ્રવૃત્ત થાય છે.

આ જ રીતે શબ્દના ખોટા ઉચ્ચારણ વખતે કે સામાજિક ભૂલ અંગે જો બાળક પ્રત્યે હસવામાં આવે તો તેને માર કરતાં પણ વધુ નુકસાન પહોંચે છે. બાળક પ્રત્યે આવા સમયે ધૂરકવાથી તેના નાડીતન્ત્રને ઘણો ધોકો પહોંચે છે એટલું જ નહિ પણ સ્વમાનહાનિથી પોતાની શક્તિ વિષે સાશંક બને છે અને પરિણામે તેની જીભ તોતડાય છે, અને તેની ક્રિયાશીલતા શિથિલ બને છે, તેનામાં અસહિષ્ણુતાના પગરણ મંડાય છે અને પડકાર ઝીલવામાં કાયરતા કેળવાય છે.

અવારનવાર ઘણાં કુટુંબો પોતાને ત્યાં વિશિષ્ટ મુલાકાતીઓ આવે ત્યારે બાળકને સભ્યતાના પાઠ આપવા માંડે છે કે કેટલીય વાર પોતાના બાળકે પ્રાપ્ત કરેલી સિદ્ધિઓનું પ્રદર્શન કરવામાં આનંદ માણે છે. આવા પ્રસંગે બાળકને કોઈ નિર્દેશ કરે છે કે 'નમસ્કાર કર.' 'ચાલ, પેલું ગીત તને આવડે છે તે ગા જોઇએ!' 'પેલુ નૃત્ય કરી બતાવ ને?' વગેરે વગેરે. શાન્ત જણાતું બાળક કદાચ આ સૂચનોનો અમલ કરે પણ જે તેજસ્વી છે તે ઘણી વાર તે પ્રમાણે અમલ કરવાને બદલે નાસી જવા પ્રયત્ન કરે છે, ખુરશી પાછળ કે બારણાં પાછળ સંતાઈ જવા પ્રયત્ન કરે છે. વળી કદાચ પોતાનો રોષ બતાવવા તરતજ કાંઈ ને કાંઈ આડુ અવળુ કરી દેવા પ્રયત્ન કરે છે. આવા પ્રસંગે નાના અને મોટાનો ગજ-

ગ્રાહ શરુ થાય છે. આવા પ્રસંગે સૌની વૃત્તિ એ થાય છે કે બાળક કેમે કરીને પાછું આવે અને તેમની ઇચ્છા પ્રમાણે વર્તે, તેમની સામાજીક પ્રતિષ્ઠા જાળવે. પરિણામે બાળકને લાલચ આપવાની શરૂ થાય છે, સમજાવટની ભિન્ન ભિન્ન અજમાયશો અજમાવવામાં આવે છે, તેની શક્તિ વિષે શંકા ઊભી કરવામાં આવે છે અથવા તો ધીરજ ખોઈ બેસતાં કેટલાંક અઘટિત વચનો બોલાઈ જાય છે; આનું નુકસાન બાળકને પારાવાર થાય છે.

બાળકને સભ્યતાના પાઠ શીખવવા હોય તો મહેમાન આવતાં પહેલાં જરુર સમજાવી શકાય. તેનો કાર્યક્રમ બતાવવાની ઇચ્છા હોય તો તેની અનુમતિ પહેલેથી લઇ શકાય. પણ બોચિંતા આ પ્રમાણે કરવામાં આવતાં બાળક પોતાનામાં ન હોય તેવો વર્તાવ વ્યકત કરે છે કારણ કે પોતે કદાચ ખોટું કરી બેસશે તો હાંસીપાત્ર થશે તેનું મંથન તેના મનમાં ચાલતું જ હોય છે. આવા પ્રસંગે જો મોટેરાં વિશિષ્ટ આગ્રહ રાખે તો બાળકમાં કાયમને માટે ભીરૂતા કે અયોગ્ય લજ્જા કેળવાય છે.

ગતિની ભિન્નતા

આપણી અને બાળકની વિચારની, વર્તનની કે દૈનિક જીવનની ગતિમાં ઘણો ફેર હોય છે. જ્યારે બાળક સાથે વર્તાવ કરવાનો હોય છે ત્યારે આપણે સૌ આ વાત વીસરી જઇએ છીએ. આવા પ્રસંગો-બાળકને તૈયાર કરતી વખતે, બાળકને ભણાવતી વખતે, બાળકની સાથે ફરવા જતી વખતે કે બાળકોના માંહેમાંહેના કજિયા પતાવતી વખતે બને છે. ખરી હકીકત એ છે કે આપણામાં તેમની ગતિએ ચાલવાની ધીરજ હોતી નથી તેથી આપણે દરેક પ્રસંગે બાળકની સ્વાધીનતાની વૃત્તિને અજાણ્યે દબાવી દઈએ છીએ. બાળકને બિનજરૂરી મદદ આપી તેના સ્વભાવિક વિકાસને આપણે રૂંધીએ છીએ અને પરિણામે તેને પરાધીન બનાવીએ છીએ. આ પરાધીનતામાંથી જોહુકમી જન્મે છે. આ જોહુકમી વાસ્તવિક રીતે નિર્બળતાનું જ પરિણામ હોય છે. આથી આપણે આપણી ગતિએ જવામાં બાલમાનસને પૂરતું નહિ સમજતાં બાળકમાં તોફાનીવૃત્તિ, વેરવૃત્તિ કે અસામાજીક વૃત્તિને ઉત્તેજીએ છીએ. બાળકને નિર્ભય બનાવવા માટે તેની સ્વાધીનતા કેળવાય તેવું વાતાવરણ રચવાની જરુર છે.

ઘરની કે શાળાની એકધારી ચારસના ઊણપને લીધે પણ બાળકોમાં અનેક ભયો ઉત્પન્ન થાય છે ઘરમા એક બાળક વણપૂછ્યે ચોકલેટ કે પિપરમીટ ખાઈ જાય તો કહીએ 'કંઈ નહિ' અને જો ટેબલ પર પડેલો રૂપિયો ઉઠાવે તો કહીએ 'ચોરી કરી' તો બાળક સાચે જ વિચારમાં પડી જાય છે.

મોટા થવાનો ભય

જ્યાં માબાપમાં વારંવાર વિસંવાદ ઊભો થતો હોય, નાની કે મોટી બાબતોમાં કલેશ, ચકમક કે ટીકાનું જ વાતાવરણ રહ્યાં કરતું હોય ત્યાં બાળકને મોટા થવાનો ભય ઉત્પન્ન થાય છે. કિશોરાવસ્થામાં આવેલી એક બાળા પોતાની માતા તરફનો પિતાનો કે અન્ય સગાંઓનો ખૂબ કડક અને અયોગ્ય વર્તાવ જોઈ સુકાવા લાગે છે. તેની સ્મરણશક્તિ ક્ષીણ બને છે, કેટલીય વાર તે પલાયનવૃત્તિ સેવે છે અને જીવનને કલેશમય ગણી જીવનનો અંત આણવા પ્રયત્ન કરે છે. આ જ બાળા કેટલાય વખત પછી ઘરમાં પલટાયલું વાતાવરણ જુએ છે ત્યારે તેની સ્મરણશક્તિ ખીલે છે, ઔષધિ વિના તંદુરસ્તી આવે છે અને ઉત્સાહી બને છે. આ શું બતાવે છે?

નિર્ભયતાની બાતરી

નાના બાળકોને કે કિશોરોને પ્રેમ, સહીસલામતિ અને વ્યકિતત્વની ગણનાવાળું વાતાવરણ નવપલ્લવિત કરે છે. વ્યકિતના વિકાસ માટે નિર્ભય વાતાવરણની ખાસ જરૂર છે. જ્યાં સ્વાધીનતા, નિયમન અને સ્વાતંત્ર્ય સાચા અર્થમાં છે ત્યાં બાળક મુકત છે, નિર્ભય છે બાળકના ઉત્તમ વિકાસ માટે આપણા સૌની ફરજ છે કે આપણે તેને નિર્ભયતાની બાતરી કરાવવી જોઇએ નિર્ભયતા પ્રાપ્ત થતાં જીવનશક્તિપ્રવાહ અધિક વેગથી વહેશે અને બાળકમાં સ્વાવલંબીપણું, શ્રમનો સાહજિક આનંદ, નિર્ણયાત્મક બુધ્ધિ, વસ્તુનો આપમેળે ઉકેલ પડકાર ઝીલવાની શક્તિ, આત્મવિશ્વાસ અને વિવેકબુધ્ધિ કેળવાશે.

-હરપ્રસાદ ભટ્ટ

'શિક્ષણ-પત્રિકા'ના લવાજમ બાબત

'શિક્ષણ-પત્રિકા'ના લવાજમની રકમ જેઓ ચેકથી મોકલવા ઇચ્છે, તેઓ 'શિક્ષણ-પત્રિકા'ના નામે ન મોકલતાં **'ટ્રેઝરર, નૂતન બાલ શિક્ષણ સંઘ'**, એ નામનો ચેક મોકલવા કૃપા કરે. —વ્યવસ્થાપક.

લેખાંક ૮મો

બાળકનું ગણિત શિક્ષણ

અંક પરિચય : રાશિ ચિહ્ન - સાહચર્ય [Association] પટ્ટાવાળી સીડી તથા અંકનો સાદો સેટ.

'ગયે વખતે ૨ 'X૩' ના સુંદર લીસા કાગળ ઉપર છાપેલા પત્તા જેવો સેટ વિનુને ખૂબ ખૂબ ગમ્યો' કમળાબેન બોલ્યા. 'કેટલીયે રમતો એણે પોતાની મેળે એ સેટની યોજી છે.'

મેં કહ્યું, 'બાળકને પોતાની મેળે રમવાનો અવકાશ મળવો જોઇએ એટલે જ મેડમ મોન્ટેસોરીએ આ સાદા સેટની યોજના કરી છે. કેટલાક શિક્ષકો આવો સેટ ન વાપરતાં રેતીઆ અંકોના સેટનો ઉપયોગ કરે છે. એ બરાબર નથી. એક તો રેતીઆ અંકનો સેટ મોંઘો હોય છે. જુદી જુદી રમતો માટે તેનો ઉપયોગ કરવાથી તે જલદીથી ખરાબ થઈ જાય છે, ને બીજુ એટલે ઘૂંટવા માટે એમાં ખાસ સગવડ કરવામાં આવી હોવાથી એનો ઉપયોગ ફકત એ જ કામ માટે કરવો. એ વધુ ઇચ્છનીય છે. આ પ્રકારની વ્યવહારુ સૂચના શિક્ષકોએ બરાબર ચિવટાઈપૂર્વક પાળવી જોઇએ.'

"આપણા વૈદકીય ધંધામાં તો આવી અનેક પ્રકારની બાબતો અમને ઘણી ચિવટાઈપૂર્વક પાળવી પડે છે." કમળાબેન વચ્ચે જ બોલ્યા. "એની પાછળ લાંબા સમયનો અનુભવ હોય છે. આવી બાબતોનો અમલ કરીએ કે એની પછી એની ખૂબીઓ સમજાય છે."

"વિનય આ સેટ ઉપર કઇ કઈ રમતો રમ્યો છે એની તમે કંઇ નોંધ રાખી છે." મેં પ્રશ્ન કર્યો.

"હા, વળી, હું હમણા તમને એ જ કહેવાની હતી" કમળાબેને આગળ ચલાવ્યું. (૧) એની પહેલી રમત એટલે પાનાની જેમ એણે એ કાર્ડસ્ પાસી જોયા પણ થોડી વાર પછી એના ધ્યાનમાં આવ્યું કે સેળભેળ થઈ. આમ કરવાથી અંકનો ક્રમ જાય છે એટલે એકની નીચે એક મૂકી એણે અંકનો ક્રમ ગોઠવ્યો. અંક ક્રમમાં ગોઠવવાની રમત એક વાર નહિ પરંતુ એનું પુનરાવર્તન એણે કેટલીયે વાર કર્યું. (૨) તે આમ કાર્ડ ગોઠવતો હતો, એ ઉપરથી મને એક કલ્પના આવી. પાંચના અંક ઉપર આંગળી મૂકી મેં વિનુને કહ્યું, "આની લાકડી તને લાવતા આવડશે કે ?" દૂર ખૂણામાં લાકડીઓ ગોઠવી મૂકી હતી. મારી આંગળી તરફ જોતો જોતો તે એ ખૂણામાં ગયો. એ એક લાકડી ઊંચકી લાવ્યો પાંચને બદલે એ લાકડી છની હતી. પણ મેં કંઈ જ કહ્યું નહિ. મેં આંગળી મૂકવાનું એને સૂચવ્યું. એણે ત્યાં ગોઠવી. પછી છના કાર્ડ ઉપર આંગળી મૂકીને કહ્યું, 'હવે છની લાકડી લાવ જોઉ'

ખૂબ ઉત્સાહપૂર્વક જઇને એ છની લાકડી શોધવા લાગ્યો. લાકડી શોધવા માટે એ દરેક લાકડીના પટ્ટા ગણવા લાગ્યો.

પછી તે બોલ્યો, "બા ! બા ! પેલી જ છની લાકડી છે."

"અરે મારા ધ્યાનમાં જ આવ્યુ નહિ ને !" મને બબર જ પડી ન હોય એમ હું બોલી. પોતાની ભૂલ પોતાની મેળે સુધાર્યાનો આનંદ એની આંખમાં ચમકી રહ્યો.

એ, બોલ્યો, 'બા, આ પાંચની અને તે છની છે.'

'આગળ ઉપર બધાં જ કાર્ડ પૂરા થાય ત્યાં સુધી આ રમત ચાલી.' મેં કહ્યું 'વાહ ! વાહ ! કમળાબેન તમે અમારા નવા શિક્ષકના તંત્રનો મર્મ બરાબર સમજ્યા હોય એમ લાગે છે. બાળકની ભૂલ દેખાય કે એનું આપણે ભાન કરાવવું અને એ જ બધાં સાચું માને છે.

કેટલાકનું તો એવું માનવું હોય છે કે ભૂલો આવી રીતે જ બતાવવાથી એનામાં સુધારો થશે. એક શાળાનું ઈન્સ્પેકશન ચાલુ હતું. શિક્ષિકાબહેન આવો જ કોઈ પાઠ આપતી હતી. અને ખરી વસ્તુ લાવવાને બદલે બાળકોએ ભૂલ કરી. ઈન્સ્પેકટરબેને તરત મારા કાનમાં કહ્યું, 'તમારી પધ્ધતિ પ્રમાણે ભૂલ સુધારવાની નહિ, ખરું ને ?' આગળ અમારી ચર્ચાનો રંગ જામ્યો. મેં કહ્યું, 'આ તબકકે ભૂલ સુધારવી એ મહત્વની બાબત નથી. બાળક મહત્વની વાત છે. એના આત્મવિશ્વાસને આઘાત ન પહોંચે એ મહત્વનું છે. એની ઇચ્છાને પોષવી એ જરુરી છે.' પણ ઈન્સ્પેકટર બેનને ગળે આ વાત કંઇ ઉતરી નહિ. 'અહીં મારો મતભેદ છે' એમ કહીને એમણે ચર્ચા બંધ કરી.

મને લાગે છે કે તમે વિનુને 'પ્રથમ ગ્રાસે મક્ષિકા-પાતઃ' એમ માનીને જો એની ભૂલ બતાવી હોત તો પોતાની ભૂલ શોધી કાઢવાનો આનંદ એને ચોકકસ મળ્યો જ ન હોત. હશે! આગળ વિનુ કઇ કઈ રમત રમ્યો?'

'તે દિવસે એ એટલેથી જ અટકયો. પણ બીજે દિવસે જોઉં છું તો ક્રમશઃ એકની આગળ એક લાકડી ગોઠવીને લાકડીનો મોટો સાપ ઝડપથી બનાવ્યો અને દરેક લાકડી ઉપર તે તે લાકડીનો કાર્ડ મૂકયો અને એનું મહા પરાક્રમ બતાવવા માટે એ મને દવાખાનામાથી એ ચી લાવ્યો.

મેં કહ્યું 'કેટલાક બાળકો દસની લાકડી પ્રથમ મૂકીને એના એક છેડે કાટખૂણામાં નવની લાકડી મૂકે છે. અને પછી નવની લાકડીને બીજે છેડે કાટખૂણે આઠની લાકડી મૂકે છે. એજ રીતે આઠની લાકડીને છેડે સાતની લાકડી પછી છની એમ ગોઠવતાં ગોઠવતાં સાથેની આકૃતિમાં બતાવ્યા મુજબ ચોરસનું કુંડાળુ કરે છે. કોઈ વાર એજ રીતે ત્રિકોણનું કુંડાળું પણ તેઓ કરતા દેખાય છે.

આ પ્રકારની રમતોને આપણે બાળકની સ્વયંસ્ફૂર્તિ પ્રતિક્રિયાઓ તરીકે ઓળખીશું. એમા દરેક અંકનું મૂર્ત મૂલ્ય સમજીને તેમાંથી કાંઈક રચના કરવાનો પ્રયત્ન દેખાય છે. આ પ્રકારની રમતો શિક્ષકે પોતે ન બતાવવી પરંતુ બાળક જો આવી રમતો ઉપજાવી કાઢે તો તેની સામે શિક્ષકે વાંધો ન ઉઠ-વવો જોઇએ. સહેજ ગુણ ગ્રહણ કરતું અભિનંદન પણ શિક્ષક આ બાબતમાં આપી શકે છે.

મેં કહ્યું, 'તમારા કહેવા મુજબ હવે આગ-ળના સાધન માટે વિનુની માનસિક તૈયારી સરસ થઈ છે તેથી આજે હું થોડું આગળ કહીશ.'

'મને પણ એ જ જોઇએ છે' કમળાબેન બોલ્યા.

મોઇની પેટી

મોઇની બે પેટી સામે ધરીને મેં કહ્યું, 'આ સાધન જુઓ. આ દરેક પેટીમાં પાંચ પાંચ ખાના છે, અને અહીં દરેક ખાના ઉપર અંક લખ્યા છે. પહેલી પેટીમાં ૦ ૧, ૨, ૩ ને ૪ એમ ક્રમ છે. ને બીજી પેટીમાં ૫, ૬, ૭, ૮ ને ૯ એમ અંક લખ્યા છે. આ પેટીની સાથે બરાબર ૪૫ મોઈ છે.

'આ મોઈનું શું કરવાનુ?' કમળાબેને પૂછયું.

મેં કહ્યું, 'પહેલા તમે જેમ કાર્ડ ઉપર આંગળી મૂકી લાકડી મગાવી તેમ હવે મોઇ મંગાવવાની.'

એટલે કમળાબેને તરત પૂછયું, 'પણ આ મોઈ તો છૂટ્ટી છે! હવે ગણવા માટે આવી છૂટી વસ્તુ ચાલે કે?'

મેં કહયું, 'હવે મૂળાંકમાંના દરેક અંકની વિન-યને બરાબર કલ્પના આવી છે. એટલે હવે છૂટી વસ્તુની યોજના કરીએ તો રાશિ અંગે તેને ગોટાળો ઉભો થવાનું કારણ નથી. તેથી છૂટી વસ્તુ આપવાથી તેની પ્રગતિમાં તે મદદરુપ જ થઇ પડે છે.

'આ શૂન્યના ખાનાનુ શું?' એમા શુ નાખવાનું?'

મેં હસતા હસતા કહયું 'એમાં શૂન્ય મોઈ નાખવાની.'

'શૂન્ય મોઈ?' કમળાબેન વિચારમાં પડયા. 'પણ વિનયને શૂન્યની કયાં ખબર છે!' એમણે પોતાની મુશ્કેલી જણાવી.

મેં કહયું, 'શૂન્યની તેને કલ્પના નથી પણ એટલે જ એને આપવી જોઇએ.'

'પણ હજી બધા અંકો પૂરા શીખ્યા પહેલા જ એને શૂન્યની કલ્પના આપવી!

મેં કહયું, 'આ જ તબકકે એ કલ્પના આપવી જરૂરી છે. આમ તો એને એક વાર શૂન્ય જોયું છે.'

'ક્યાં?' કમળાબેને પૂછયું.

'પહેલા રેતિઆ અંકના ૧૦ ના આંકડામાં ને પછી અંક કાર્ડના સાદા સેટના ૧૦ ના અંકમાં. હવે એને સમજાવું જોઇએ કે શૂન્ય એટલે કંઈ નહી. આગળ ઉપર જલ્દીથી દશમાન પધ્ધતિની અને પછી અંક રચનાની કલ્પના આપવી પડશે. તેથી જ શૂન્યના કલ્પના અત્યારથી જ અપાય તો સારૂં.'

એમણે તરત પૂછયું, 'શૂન્યની કલ્પના આપશો કેવી રીતે?'

મેં કહ્યું, 'તમે હમણા જેમ પૂછયું ને કે આ ખાનામાં (શૂન્યના ખાનામાં) કેટલી મોઈ મૂકવાની? તેમ

બાળકો પણ પૂછે છે. બાળક એમ પૂછે એટલે આપણે સ્વાભાવિક રીતે કહેવાનું કે અહીં શૂન્ય મોઇ મૂકવ ની.'

'પણ શૂન્ય એટલે શું ?' એમ બાળક સ્વભાવિકપણે પૂછશે.

'શૂન્ય એટલે કંઇ નહિ. શૂન્ય એટલે એક પણ મોઇ નહિ નાખવાની એમ આપણે કહેવું. કદાચ શરૂઆતમાં બાળકો યાંત્રિકરીતે શુન્યના ખાનામાં કંઈ પણ નહિ નાખે પણ ધીરે ધીરે શૂન્યની કલ્પનાનો સામાન્ય બોધ તેના મનમાં દૃઢ થતો જશે. આ દૃષ્ટિથી શૂન્યની થોડીએક જુદી રમત પણ શિક્ષકોએ જરુર બતાવવી. એમાં તાળીઓ પાડવાની રમત આવી શકે. આ રમતમાં આવે એટલા બાળકોને લેવા ને કહેવું 'હું કહું એટલી વાર તાળી પાડો. સામુદાયિક તાળી પણ પડાવી શકાય. વ્યક્તિગત બાળકને પણ કહી શકાય. 'ચાલો તૈયાર, ત્રણ તાળી પાડો.' એટલે બાળકો એક, બે, ત્રણ તાળી પાડશે.

'ચાલો ત્યારે હવે પાંચ તાળી પાડો'–એટલે બાળકો પાંચ તાળી પાડશે.

'ચાલો હવે ફરીવાર બે તાળી પાડો.'

વચમાં એમ પણ કહેવાનુ 'જુઓ સાંભળો, હવે શૂન્ય તાળી પાડો.'

બાળક નહિ સમજશે તો ગુંચવાઈ જશે. શૂન્ય એટલે કંઇ નહિ. શૂન્ય એટલે એક પણ તાળી પાડવાની નથી.'

'હવે ફરીથી રમીએ'–એમ કહીને રમતનું પુનરાવર્તન કરાવવું. આ સમયે બાળકોને 'શૂન્ય એટલે કંઇ નહિ' એમ કલ્પના આવી હશે તો શુન્ય તાળી પાડવાનું કહેવામા આવશે ત્યારે બાળકો એક પણ તાળી નહિ પાડે. એ જ પ્રમાણે 'કૂદકા મારવાની રમત', 'મોતી તથા મોઈ લઇ આવવાની રમત' વડે શૂન્યની કલ્પના સ્પષ્ટ કરવામાં આપણે મદદ કરવી જોઇએ. શૂન્યની કલ્પના બાળકને આવી જાય એટલે મોઇ પેટીથી રમવામા કોઇ પણ જાતની મુશ્કેલી આવશે નહિ.

'પેટી ખાલી કરીને દરેક ખાનામાં મોઇ મૂકવાની રમત શરુ થશે.' કમળાબેને કહ્યું, 'પણ સમજો કે ત્રણના ખાનામાં ભૂલથી ચાર મોઈ મૂકી દે તો ?'

મેં કહ્યું, 'મોઈની સંખ્યા એટલે જ ખાસ '૪૫' રાખી છે. એકથી નવ સુધીના અંકનો સરવાળો ૪૫ થાય છે તેથી એકાદા ખાનામાં મોઈ નાખતા ભૂલ થાય તો છેવટના ખાનામાં મોઈ ઓછી પડશે નહિ તો વધશે. અને તેથી તરત પોતાની કયાય ભૂલ થઇ છે એમ બાળકના ધ્યાનમાં આવશે. અમે આવા સાધનને સ્વયં–ભૂલસુધારક સાધન કહીએ છીએ. એટલે સાધન રમતા થએલી ભૂલ પોતાની મેળે ધ્યાનમાં આવશે. આવી રીતે પોતાની ભૂલ પોતે શોધી કાઢયાનો આનદ એને મળે છે અને તેનો આત્મવિશ્વાસ વધે છે.

કમળાબેને કહ્યુ, 'હું, તમારૂં આ કહેવુ મને બરાબર લાગે છે. હજી કઈ વધારે રમતો આ સાધન ઉપર રમી શકાય ?'

'ભૂલ વગર ગણત્રી કરતા આવડવુ ને શૂન્યની કલ્પના સ્પષ્ટ થવી એટલો જ આ સાધનનો હેતુ છે. આટલો હેતુ પાર પડે પછી એ સાધનથી રમવાની ખાસ જરુર રહેતી નથી. આ સાધન ઉપર અંકની રાશિ અને અંકના ચિન્હોનું સાહચર્ય બાળકના મનમાં બરાબર દૃઢ થાય છે, ને વારંવાર તેનું પુનરાવર્તન થાય છે.'

'એટલે હવે મૂળ અંકનો પરિચય પૂરો થયો એમ કહી શકાય ?'

મેં કહ્યું. 'મૂળ અંક પરિચય પૂર્ણ થયો છે પણ આ પરિચય દૃઢ કરવાની દૃષ્ટિથી હજી બીજી રમતો છે તે આગળ ઉપર જોઇશું.'

–શેષ નામલે.

ઘા

શાળા છૂટવાનો સમય હતો. મોટરમાં ઘરે જનારાં બાળકો હમણાં જ ઘરે ગયા હતા ચાલતાં ઘરે જનારાં બાળકોને કોણ ને કોઇ તેડવા આવ્યુ હતું. ફકત છ સાત બાળકો જ હવે બાકી હતા તે બધાં બહાર ઝાડ નીચે રમતા હતા; જમીન ખોદવાનું કામ ચાલુ હતું. કયારો તૈયાર કરવાનો હતો. આમાંના બે બાળકો ઘરે ગયાં. હવે બાકી ચાર પાંચ જ રહ્યાં. શિક્ષકાએ વિચાર કર્યો, "બાળકો રમે છે અને બાઇ પણ ત્યાં જ ઉભી છે. હું ઓફિસમાં બેસી મારૂં કામ પતાવી કાઢું. ઓફિસની બારી સામે જ બાળકો રમે છે એટલે એમની તરફ ધ્યાન

તો અપાશે જ.” એમ વિચાર કરતાં તે અંદર ગયાં. વર્ગની હાજરી માંડવાનું, બાળકોની પ્રગતિ લખવાનું વગેરે કામ કરવાં બેઠાં. બાળકો પોતાની પ્રવૃત્તિમાં મશગુલ હતાં. એક બે બાળકોને લેવા કોઈ આવ્યું, તે બાળકો અંદર આવ્યાં. હાથ પગ ધોઈ, પોતાના ડબ્બા લઈ, નમસ્તે કરી ઘરે ગયાં. હવે ત્રણ જ બાળકો રહ્યાં હતાં. કોદાળીથી ખોદવાનું અને પાવડાથી માટી ભેગી કરવાનું કામ ચાલુ હતું. બાઈએ કામ કરતાં બાળકો વચ્ચે ભરપૂર અંતર રાખ્યું હતું. તેથી કોઈ જાતનો ઝગડો ઉભો થયો ન હતો. નિરાતે બાળકો કામ કરતાં હતાં.

પણ જે થાય છે તે કહીને થોડું જ થાય છે! કોદાળી જમીન ખોદી ઉપર ગઇ ને એટલામાં તે જગ્યાએ કંઇ ચકમકતું દેખાયું એટલે અનિલ આગળ આવ્યો અને તે જોવા માથું નીચું કર્યું. હાથમાનો પાવડો ત્યાં જ બાજુમાં નાખ્યો. તેનું માથું આગળ ગયું તેટલામાં જ ઉપર ગએલી કોદાળી નીચે આવી. બાઇ ‘અરે, અરે! કહેતી આગળ આવે તે પહેલાં તો કોદાળી અનિલનાં માથા પર પડી. અનિલ પાછળ હઠ્યો. બાઇનો અવાજ સાંભળી શિક્ષિકા બહાર દોડી આવ્યાં. પણ જે થવાનું હતું તે તો પળમાં જ થઇ ગયું. એક ક્ષણમ તો આખો દેખાવ બદલાઇ ગયો.

શિક્ષિકાએ અનિલને ઉંચકી લીધો. જોતજોતામ તો એનાં ઘામાંથી એટલું લોહી નીકળ્યું કે એનાં બધ જ કપડાં ખરાબ થઇ ગયાં. અનિલને અંદર લઇ આવ્યા. ઘા ઉપર કામ પૂરતું ડ્રેસીંગ કર્યું. અનિલનાં કપડ બદલ્યાં અને પછી તેને પાસેનાં ડોકટર પાસે લઇ ગયાં. ડોકટરે તરતજ યોગ્ય ઉપચારો કર્યા. તેને એક જેકશન પણ આપ્યું. શકય તેટલી કાળજી લીધી, ગાડી ફરી અનિલને ઘેર પહોંચતો કર્યો. આ પ્રસંગથી લગભગ બધાને જ ધકકો લાગ્યો હતો.

આ દરમ્યાન જે બાળકની કોદાળી વાગી હતી તેનું શું થયું? બીજું એક બાળક પણ ત્યાં હતું એનું શું થયું? તેમની તરફ જોવાનો વખત કોઇને હતો જ નહિ. અનિલને પ્રથમોપચાર કરતાં હતાં ત્યારે જેની કોદાળી વાગી હતી તે બાળક બાવરૂં બની આમતેમ બધે જોતું હતું. એટલામાં તે બન્નેની માતાઓ આવી તેમને ઘેર લઇ ગઇ. તે બાળક સાથે બોલવાનો કોઇને પ્રસંગ જ ન આવ્યો.

બીજે દિવસે શાળા શરૂ થઈ. ગપ્પાગોષ્ટી થઇ રહી હતી. કાલના પ્રસંગ વખતે જે ત્રીજું બાળક હાજર હતું તેને એકદમ તે પ્રસંગ યાદ આવ્યો અને તેણે અનિલ માટે પૂછ્યું. શિક્ષકા શાળામાં આવતાં પહેલા અનિલને જોવા ગયાં હતા. તેમણે બાળકોને ગઇ કાલની હકીકત કહી સંભળાવી અને અનિલની તબીયત સુધારા પર છે તે પણ જણાવ્યું. અને તે જ વખતે તેમનું ધ્યાન ખેંચાયું કે પેલું બીજું બાળક હજી શાળામાં આવ્યું નથી.

થોડીજ વારમાં તે બાળક શાળામાં આવ્યું. રોજ હસતું હસતું શાળામાં આવનારૂં બાળક આજે માની કેડ પર બેસીને આવ્યું હતું, અને નવાઈ જેવુ તો એ કે તે કેડ પરથી નીચે ઉતરવા પણ તૈયાર ન હતું. માએ ખૂબ સમજાવ્યું, શિક્ષિકાએ તેને લેવાનો ખૂબ પ્રયત્ન કર્યો. પણ ના રે! બાળક નીચે ઉતરવા બિલકુલ તૈયાર ન હતું. એ તો વ્હીલે મોઢે આમતેમ જોયા કરતું હતું. થોડી જ વારમાં તેની આંખો ભરાઇ આવી. અંતઃકરણનું દુઃખ બહાર આવવા મથી રહ્યું હતું. તેણે દુ.ખ દાબી રાખવાનો ખૂબ પ્રયત્ન કર્યો હતો પણ તેને ખૂબ દુ.ખ થતું હતું તે એનાં મોઢા પરથી સ્પષ્ટ રીતે દેખાઇ આવતું હતું. તે છાતી ઠાલવીને રડી પણ શકતું ન હતું.

શિક્ષકા સમજી ગયાં કે આ કાલના પ્રસંગનું પરિણામ છે. તેમણે સૂચવ્યું કે આજનો દિવસ બાળકને ઘરે રમવું હોય તો ઘરે લઇ જાઓ. કાલે તે શાળામાં આવશે. માતાને તે ન ગમ્યું. તે સ્વભાવિક જ હતું. તેને ગઈ કાલના બનાવ વિષે કંઈ ખબર ન હતી. તેણે તો બાળકને સાંજ રાખવાનો આગ્રહ કર્યો. એક જણને તે કહેવા લાગ્યા, ‘કાલ સાંજથી તેનામાં ભૂત ભરાયું છે. શાળાનુ નામજ બોલવા દેતો નથી.’ તેનાં બોલવામાં ગુસ્સો અને આશ્ચર્ય બન્ને હતાં. શિક્ષિકા બધું સમજી ગયા હતા પણ તે બાળક અને બીજા બાળકોની સામે તે માતાને કઇ કહી શકયા નહિ. તેથી તેમણે ફરીથી બાળકને કહયું, ‘આજે તો તું ઘેર જ રહેશે ને? કાલે તું શાળામાં આવજે. આજનો દિવસ તને છૂટ્ટી છે હં કે.” ન છૂટકે માતા બાળકને ઘેર લઈ ગઈ.

બીજે દિવસે બાળક પોતાની બાઇ સાથે શાળામાં આવ્યું. પણ તેની મનઃસ્થિતિ કાલના જેવી જ હતી. શિક્ષિકાએ તેને ઉંચકી લીધું. તેને વર્ગમ લઈ ગયા.

(અનુસંધાન ૧૭ મેં પાને)



ધો...રી...ધો...રી

—નાનાં બાળકો માટે નાનું નાટક—

(એક છોકરો રંગભૂમિ પર આવે છે ને મોટથી બોલે છે.)

છોકરો :

ઘર....ઘર....તો
રમીએ ભાઈ,
બા વા કુ ચુ,
કરીએ ભાઈ,
ઘર ઘર.....ચાલો ભાઈ.....ઘર ઘર....

છોકરી :

આ શેની બૂમો પાડો છો ?
નાહક ના બરાડો છો ?
બા સૂતાં છે બાપુ સૂતા,
બધાં ને જગાડો છો.
કહેવું હોય તો કાનમાં કહો
ચાલો ચાલો તરત કહો.

(છોકરો છોકરીના કાનમાં કાંઈ કહે છે)

ઘર....ઘર....તો
રમીએ ભાઈ,
બા વા કુ ચુ,
કરીએ ભાઈ.

છોકરી :

ઘર શેનું !
ને બર શેનું !
ઘર તો બને
છે પત્થરનું.

છોકરો

પત્થરની શી વાત !
મારું પહાડને લાત !
લાત મારું ને પહાડ તોડું,
મોટા મોટા પત્થર ફોડું,
પત્થર તો કડીઆને દઉં,
ઘર તો મોટું બનાવી રહું.

બાપ રે ! ભાઇ સા'બની મોટી વાત,
વાતોમાં ભીમસેનની જાત,

મોટા મોટા પહાડ તોડે,
એથી મોટા પત્થર ફોડે;
ચાલો ઠીક
ઘર તો બન્યું,
પણ આવાનું તો
ક્યાં છે ભર્યું ?

છોકરી

આવાની શી વાત !
એની શી વિસાત !
મોટા હું જંગલમાં જઉં
જામફળ ને બદામ લા'ઉં.
કેળાં ને બપૈયાં આઉં,
સોનેરી સીતાફળ લા'ઉં,
બધાં બીનું ગાડું ભરું,
ઘેર લાવીને બાગ જ કરું.
ફળનું મોટું જંગલ બને,
આવાની તું વાત શું કરે !

છોકરી :

જો ફળનું મોટું જંગલ બને,
તો વાઘ સિંહ ને વરૂ જ ફરે,
'આઉં ને વાઉ વાઉ' કરતાં ફરે,
રોજ રોજ ડરાવ્યા કરે,
ફળ તો ફળના ઝાડે રહે,
ને આપણી આંખે આંસુ સરે.

સાવ ડરપોક ! સાવ ડરપોક !
ભાઇ બહાદુરનો જો જે રોફ,
બંદુક લેશે મોટી છેક,
છોડશે ગોળી આઠ દશેક,
સિંહ બિચારો ભાગી જશે
વાઘ બિચારો બકરી થશે,
વરૂ ફરની શી વિસાત
રોજ રોજ એ ખાસે ઘાસ.

ભાઇ મારો છે બહુ બહાદુર,
વાત વાતમાં ચડતું શૂર,
મોંથી એ ફોડે બંદુક,
સિંહની એ છે પકડે પૂંછ.

વાતોમાં એ બુદ્ધુ ભાઇ,
પણ બિલ્લીથી એ બીને ભાઈ,
બિલ્લી માસી બ્યાઉં જો કરે,
ભાઇ બાપડા ચેં ભેં કરે,
જો જો હમણાં ગમ્મત કરું,
ભાઇ સા'બનો લાગ જ કરું.

બ્યાઉં, બ્યાઉં, બ્યાઉં,

બ્યાઉં, બ્યાઉં, બ્યાઉં,

બેન રે ! બિલ્લી માસી.
(છોકરી બાજુ પર)

બ્યાઉં, બ્યાઉં, બ્યાઉં.

(દોડીને બેન પાસે જાય છે)
બાપ રે ! બિલ્લી માસી.

ચાલો ભાઇ
ચાલો ભાઈ
ઘર ઘર તો
રમીએ ભાઇ.

ના...બા
બિલ્લી મારી.

ચાલો ભાઇ
બાવા કુચુ
કરીએ ભાઇ
કરીએ ભાઇ.

ના, બેન
બિલ્લી મારી.
ઘેર ચાલ,
અંદર ચાલ.

ના.....ના
ઘર.....ઘર

(બેનને વળગીને)
ના–બેન
અંદર ચાલ.

ના....ના
બાવા–કુચુ.

ઉં....હું
ના....ના
નથી રમવું
નથી રમવું.

(પડદો પડે છે.)

નાનું એક ગામ હતું. ગામને ગોંદરે એક નાનો ચોરો હતો. ચોરે કોઈવાર ગામનું પંચ આવી પંચાત કૂટે, વટેમાર્ગુ જરા આડે પડખે થાય કે ચટણી - રોટલાનું શિરામણ કરે; કોઈ બંધાણી બેઠો બેઠો અફીણના ઘેનમાં રાગોરા પાડતો હોય તો કયારેક વળી કોઈ મોટો દરબારી અમલદાર ભોળાં ગામડિયાંને ભેગાં કરી દમામભેર ધમકાવતો હોય.

પણ આ તો આવતા જતાની વાત કરી. આ ચોરાના રોજના બે સોબતી હતા. એક મિયાં કમાલ ને બીજા મિયાં જમાલ. એમનું કામકાજ આ સરકારી ચોરાને સાચવવાનું, કોઇ અમલદારનો ઉતારો હોય ત્યારે ગામના લોકને સાહેબની રૂબરૂ ધમકાવવાનુ, સાહેબની રસોઇની સગવડ કરાવવાનું, સાહેબને સારુ ચા અને એમના ઘોડાને સારુ ચારની વ્યવસ્થા કરવાનું અને એમના કારકુનની મીઠાઈ 'હુકમ કે સાથ 'હાજર' કરવાનું રહેતું. ને જ્યારે કોઈ સાહેબનો ઉતારો ન હોય ત્યારે ? ત્યારે અલ્લાબેલી કાઢે અફીણની દાબડી અને લગાવે જોર! અફીણ ચડતું જાય અને મિયાંની જબાન ખૂલતી જાય. જમાલ કહે, "વાહ મિયાં કમાલ" અને કમાલ કહે, "વાહ મિયાં જમાલ!"

ચોરાને અને મિયાંને એવી પાકી દોસ્તી કે તૂ: જ નહીં. ગમે તેટલે છેટે ગામતરે જવું પડે પણ પગ પાછા અહીંને અહીં લઇ આવે. આ દોસ્તી એવી થઈ પડી કે મિયાંનું ઘરનું ગમે તેવું કામ પણ રઝળી પડે. ચોરે આવવુ જ પડે, અફીણ લેવું જ પડે. અને ઝોકાં ખાતાં ખાતાં ગપ્પાં મારવાં જ પડે અમલદારો પણ એમનાથી કંટાળ્યા. કામે મોકલે ત્યાંથી એ

આવે ધોયેલા મૂળા જેવા, રંગિયા ગઢવી જેવા કે ઘોઘે જઈ આવેલા હીરા જેવા.

મિયાં જમાલ ને કમાલ પણ કંટાળ્યા. બન્નેએ નક્કી કર્યું કે નોકરી કરવી તો પાક દાનતથી કરવી, માથે ખુદા રાખીને કરવી. આ ઠીક ન કહેવાય. બરાબર કામ બનાવીને જ પાછા ફરવું. અફીણની તલપ લાગે ત્યાં બાર્ઈ લેવું.

પણ કહેવત છે ને કે પડી ટેવ તો ટળે કેમ ટાળી. મિયાંએ મન સાથે નક્કી કર્યું પણ અફીણના પ્રતાપે પગ મનનું કહ્યું કરવાનું જ ભૂલી ગયા હતા. તે જ્યાં વખત થાય ત્યાં ચોરે આવીને અટકયા જ છે!

પગથી કંટાળીને મિયાં કમાલે એક ભાડૂતી ટટ્ટુ રાખ્યું. પોતાના પગ કરતાં પારકાના પગનો વિશ્વાસ રાખવો સારો ટટ્ટુ હવે ચોરા તરફ કયાં વળવાનું છે! ને આથી મિયાં મનમાં ને મનમાં રાજી થયા.

આજે એમને ગામ ફોજદાર સાહેબ આવવાના હતા. મિયાં કમાલ - જમાલે ચોરો વાળી - ઝુડીને વ્હોરા ભાઈના તોલા જેવો સફાચટ બનાવી દીધો. કુંભારને ત્યાંથી મટકી મંગાવીને વેઠે પાણી ભરાવી લીધું. સાહેબ આવ્યા એટલે ઝૂકી ઝૂકીને સલામ કીધી. ફોજદાર સાહેબ નવા હતા એટલે એમણે સલામ ઝીલી નામ - ઠામ પૂછયાં. ત્યાં કમાલ-જમાલનું ટટ્ટુ હણહણ્યું. સાહેબે પૂછયું." આ કોનું ટટ્ટુ છે?

જમાલ છાતી કાઢીને આગળ આવી બોલ્યા, " હમારા સા'બ, ટટ્ટુ હૈ, મગર હૈ ઘોડા જૈસા!"

સાહેબનો કારકુન મિયાંને ઓળખતો હતો. એણે પૂછયું, કયારે ખરીદયું મિયાં?"

" ભાડે લિયા, " મિયાં બોલ્યા.

સહુ હસી પડયા. "કેમ મિયાં ટટ્ટુની શી જરૂર પડી?" સાહેબે રમુજમાં પૂછયું.

ઐસા હૈ સા'બ, હમકો એક બૂરી આદત હૈ. હમારે પૈર હમારે કાબુમેં નહીં હૈં."

" અચ્છા!"

" હાં સા'બ, જબ શામ હોતી હૈ તો વે દોનોં યે ચોરે કી તરફ ચલે આતે હૈ, ચાહે ઘરકુ હો યા દસ મૈલ દૂર, ચાહે જરૂરી કામ હો યા બિન જરૂરી."

" અરે, વાહ!"

" ફીર હમને સોચા યે પાંવ તો અપના કામ બિગાડતા હૈ ઔર સરકારકા કામ બિગાડતા હૈ. ફીર હમને યે ટટ્ટુ રખ લિયા. અપને પાંવ પર યકીન રખના અચ્છા નહીં; દૂસરે કે પાંવ અચ્છે!"

સાહેબ મિયાંની ફિલસૂફી પર હસી પડયા ને પછી એમને ગામના મુખીને બોલાવવા મોકલ્યા.

બપોર પડી અને સાહેબને ચાહની તલપ લાગી. મિયાં કમાલે ચૂલો સળગાવીને તપેલી તો ચડાવી, પણ જુવે તો ચાહ ન મળે. સાહેબને જોઈએ તેવી ચાહ તો ગામમાં મળે તેમ નહોતું. છેટે આવેલા બીજે ગામ જાય તો મળે. મિયાં કમાલે ટટ્ટુ કર્યું તૈયાર ને ઉપડયા.

પણ ટટ્ટુ જેનું નામ તે જલ્દી ચાલે શાનું? બદકૂક, બદકૂક ચાલે. પાછલા પગ ઉછાળે ને આગલા ઊંચા કરે. માખીઓ બેસે એટલે પૂંછડાની ચમરી માર્યા જ કરે એડી મારો કે ડોક પર લગામ લગાવો, એ તો ચાલતું હોય એમ જ ચાલે.

ત્યાં એક ચોંતરો નજરે પડયો અને મિયાંએ આકાશ ભણી નજર કરી. સાંજ પડી ગઈ હતી અને અફીણ વિના નાડો તૂટતી હતી. બિસ્સામાંથી દાણડી કાઢી અફીણ બાધું. અફીણ ઉપર કાંઈ બીડી પીધા વિના ચાલે! બીડી કાઢી અને સળગાવવા દીવાસળી ઘસી પણ સામેનો પવન હોવાથી સળગે ને તરત હોલવાઈ જાય. ઘણુ યે કર્યું, પણ બીડી સળગી જ નહીં અને થાકીને મિયાંએ ટટ્ટુનુ મ્હોં આવ્યા હતા તે રસ્તા તરફ ફેરવ્યુ. હવે પવન પાછળનો થયો એટલે બીડી સળગી મિયાંએ લહેરથી ઊંડી ફૂંક લીધી અને અફીણનુ ઘેન ચડવું શરૂ થયું. તાનમાં ને તાનમાં મિયાંએ ટટ્ટુ ઉચકાર્યું ને આગળ હાંકયું. ટટ્ટુ આવ્યું હતું તે જ રસ્તે જવાનું હોઈ ઝડપથી ચાલવા માંડયું.

ત્યાં દૂરથી દેખાયો ચોરો ને મિયાં અર્ધ ઘેનમાંથી ઝબક્યા! જોયું તો પોતે જ્યાંથી ઉપડયા હતા ત્યાં જ આવીને ઉભા હતા! સાહેબની નજર પડી ને પૂછયું, " કયું મિયાં, ચાહ લાયે?"

મિયાં શું જવાબ આપે? શરમીંદા બની જઈ દાઢી પર હાથ ફેરવતાં બોલ્યા, " કયા કહું સાબ? અફીણી કા ટટ્ટુ ભી અફીણી; ચલ કે આયા ચોરે કે પાસ."

મિયાં કમાલે બધી વાત કરી ને સાહેબ પેટ પકડીને હસવા લાગ્યા. સાહેબે કહ્યું, " વાહ રે મિયાં, તમે તો કમાલ કરીને?"

કમાલ મિયાં લમણે હાથ મૂકી ચોરા ઉપર ઝુકી ગયા અને ભાડૂતી ટટ્ટુએ ઊભાં ઊભાં ઝોકાં ખાવા માંડયાં.

—ઇન્દ્રજિત

(અનુસંધાન ૧૨માં પાનાથી ચાલુ)

બાળકની નજર ચારે તરફ કંઇક શોધતી હતી. ઘણે ભાગે તે અનિલને શોધતો હતો પણ અનિલ શાળામાં આવી શકતો ન હતો. થોડીવારમાં તે બીજા બાળકો સાથે ભળી ગયો અને સાધનો સાથે રમવા લાગ્યો.

આમ જ ત્રણ ચાર દિવસો ગયા. અનિલની તબિયત ઠીક થઈ. તેણે શાળામાં આવવાનું શરૂ કર્યું. જેવું અનિલે શાળામાં આવવાનું શરૂ કર્યું કે પાછું પેલા બાળકનું વર્તન બદલાયું. અનિલને જોતાં જ તે રડવા જેવો થઈ જતો. શિક્ષિકાએ તેને પોતાની પાસે બેસાડ્યો. ગપ્પાગોષ્ટી વખતે તેમણે અનિલને પૂછ્યું, 'અનિલ તને હવે સારું છે ને ?' અનિલે કહ્યું, 'હા, ડોકટરે તો કહ્યું છે કે હવે થોડા જ દિવસમાં પાટો પણ છોડી નાખવાનો છે.' શિક્ષિકા બોલ્યા, 'જુઓ તો ખરા ડોકટર કેટલા સારા છે. આપણા અનિલને વાગ્યું અને એમણે કેટલું જલ્દી મટાડી દીધું.' પેલું બાળક શિક્ષિકાના ખોળામાં બેઠું બેઠું આ વાત સાંભળતું હતું અને પોતાની આંખો લૂછતું હતું.

હવે અનિલ રોજ શાળામાં આવવા લાગ્યો. પેલું બાળક પણ રોજ આવતુ. પણ તેનું દુઃખ ઓછું થતું નહિ. શાળામાં આવતાં તે આનંદિત દેખાતું નહિ. મા આગ્રહ કરે એટલે જ તે આવતું. શિક્ષિકાએ માતાને બધીજ હકીકત કહી સંભળાવી હતી તેથી મા પણ ખૂબ સંભાળીને તેની સાથે વર્તતી. પણ એક અઠવાડિયા પછી પણ તેની મનઃસ્થિતિમાં કોઇ જાતનો ફેર પડયો નહિ. ઉલ્ટુ તે વધારે સુનમુન દેખાવા લાગ્યું. શાળામાં આવતાં રોજ રડવાનો ક્રમ. તેનું વજન ઓછુ થાય છે એમ લાગવાથી તેને ઘરેજ રાખવાની તેની માને સૂચના કરવામાં આવી.

મહિનો થયો. બાળક ઘરે જ હતું. ઘર પાસેથી આવતા જતાં શિક્ષકને બાળક રોજ ઘરે બોલાવતુ પરંતુ શાળાનું નામ કદિ લેવા દે નહિ. પણ બીજી ખૂબ વાતો કરે. શિક્ષિકાએ થોડા ઘણાં પ્રયત્નો કરી જોયા પણ બાળક શાળામાં આવ્યું નહિ. ત્રણ ચાર મહિના પછી તેણે પ્રાથમિક શાળામાં જવાનું શરૂ કર્યું.

આ પ્રસંગ યાદ કરતાં લાગે છે કે અનિલને ગંભીર માર લાગ્યો હતો તેમ છતાં એનો આ શારીરિક ઘા આઠ દસ દિવસમાં રુઝાઇ ગયો. થોડા જ દિવસમાં તો એ બધું ભૂલી પણ ગયો હશે. પરંતુ પોતાની બહુ મોટી ભૂલ થઈ છે એ વિચારથી અને બીજા કોઇએ એનો વાંક ન કાઢયો હોવા છતાં તે બાળકના મનને થએલી ઇજા કેટલે ઊંડે સુધી પહોંચી ગઈ હતી ! અને અમને તો એ ઘા પહેલા દેખાયો પણ ન હતો. આ ઘા રુઝાતા ચાર છ મહિના લાગ્યા હતા, હજુ આ બાળક કોઇકવાર એની જુની શાળામાં લપસણા પર લપસવા આવે છે, પણ કોણ જાણે એનો આ ઘા સંપૂર્ણપણે રૂઝાઇ ગયો છે કે હજુ અંતકરણમાં એની અસર રહી છે !

બાલમનના આવા ઘા પારખવાની દિવ્ય દૃષ્ટિ અને તે મટાડવાની શક્તિ દરેક બાલશિક્ષક અને માતા-પિતામાં આવે એવી મારી પ્રાર્થના છે.

–તા. પરાંજપે.

બાળ કેળવણીમાં નાટક

બાળ કેળવણીમાં રોજ રોજ નવા અખતરા થાય છે. નવાં સાધનો યોજાય છે. નવાં સત્યોનું શોધન થાય છે. નવી શિક્ષણ યુક્તિઓ અને નવાં શિક્ષણ માધ્યમો સર્જાય છે.

આ બધા સાધનોમાં આપણે એક નવું સાધન ઉમેરવું હોય તો એ નાટક છે. એનો અર્થ એ નથી કે આપણે આપણી બાળ કેળવણીમા નાટકને સ્થાન નથી આપ્યું. આપ્યું જરુર છે પણ એ આખા વિષયનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરીને એને એક ચોકકસ શિક્ષણ અંગ બનાવવાનું હજી આપણાથી નથી બન્યું.

નાટક એ એવું સાધન છે કે જે સમજદાર શિક્ષક જાતે સર્જી શકે. એ સાધન પેદા કરવા એને ઝાઝા પૈસાની કે બહારના કારીગરની બહુ જરુર ન પડે. એની આજુબાજુના વાતાવરણમાંથી એ વિકસે એને માટે ઉત્સાહ અને વૈજ્ઞાનિક રીતે મુદ્દો ઉકેલવાની ચીવટ જોઇએ.

ભારત જેવા આર્થિક અગવડો વેઠતા દેશના દરેક ગામમાં આપણે મોન્ટેસોરીના સાધનો કદાચ પૂરાં પાડી ન શકીએ કે પુસ્તકો મૂકતપણે વહેંચી ન શકીએ પણ નાટક, ગીતો, નૃત્યો અને એવી બીજી પ્રવૃતિઓ મહેનત કરીને જરુર રચી શકીએ.

નાટ્ય પ્રવૃત્તિનું સ્થાન શાળામાં કેમ ?

(૧) બાળકોને એક બીજા સાથે કાર્ય કરવાની ટેવ પડે. સામાજિક વ્યક્તિ-ત્વનો પાયો અહીં જ નખાય.

(૨) શિક્ષકને બાળકના સહજવર્તાવથી એનું માનસ સમજાય.

(૩) બાળકની વિશિષ્ઠ શક્તિઓ તરી આવે.

(૪) બાળકની ભાષા શુધ્ધિ માટે નાટક અમૂલ્ય સાધન છે.

(૫) મૂકત નાટ્ય-જેમાં બાળક પર બંધન ન હોય એ સુંદર પ્રમોદસાધન તરીકે વાપરી શકાય.

(૬) સામુદાયિક અને વ્યકિતગત હલન ચલનની ખૂબીઓ પણ બાળકો નાટ્ય દ્વારા સહજમાં શીખી જાય.

(૭) બાળકને આપણે સમગ્ર કેળવવું હોય તો નાટ્યમાં ખૂબ અવકાશ રહે છે. મન, શરીર અને ચિત્ત એ ત્રણ તંત્રોને સમગ્ર કેળવણી કેવી સુંદર રીતે મળે છે એ તો નાટક પ્રવૃત્તિઓ રચનાર ભાઈ બહેનોને ખબર હશે જ.

નાટ્ય પ્રવૃત્તિનું ક્રમિક આયોજન ;

૭ વર્ષ સુધી : બાળકોને સામદાયિક સાદા ગીતો સામુદાયિક તાલબધ્ધ ગતિ, સાદો સામુદાયિક અભિનય. જોડાકણાં ઉખાણાં.-

આજ ગાળામાં શિક્ષક પોતાની બુધ્ધિ વાપરી બાળકના આજુબાજુના વાતાવરણમાંથી નાટ્યના વિષયો તારવી શકે.

અમારા કેન્દ્રની આજુબાજુ જાત જાતના પંખીઓ આવે છે. (જો કે અમારી પાસ સાત વર્ષ સુધીનાં બાળકો માત્ર પાંચ જ છે. છતાંય પંખીઓ ઉપરથી તૈયાર કરેલું એક અભિનય ગીત ખૂબ હોંશે જમે છે.) પંખીઓને બાળકો રોજ જુએ છે. એટલે જ એ ગીત હોંશથી બોલે છે. આ રહી ગીતની બે ચાર લીંટીઓ:

કાગડા ભાઈ તો કાળા
ઊંચે બાંધે - માળા,
કાકા કાકા કરતા ફરે,
ગંદુ ગંદુ ચરતા ફરે.

આ લીંટીઓ બધાં બાળકો સાથે બોલે અને વ્યકિતગત રીતે પણ જેને રજુ કરવી હોય એ બાળક કરે. એક વાર તો સુનિલ કરીને એક બાળક કાળી ચડ્ડી ને કાળી બંડી પહેરી લાવીને અભિનય કરી ગયેલો. આ રીતે બાળકનો મૂકત અભિનય વિચારતંત્ર વિકસાવવામા ખૂબ ઉપયોગી થઈ પડે છે.

ગામડાની સફરે જઈ આવીને અમે નીચેની લીંટીઓ અભિનય માટે આપેલી.

બે બળદની જોડી,
ગાડી લઈને દોડી,
દડબડ દડબડ દોડી જાય,
સૌ બાળકના મન હરખાય,
ખાડા ટેકરા ખૂબ જણાય,
ઊંચે, નીચે ઠીક ઉછળાય,
બે બળદની જોડી
ગાડી લઇને દોડી.

આ લીંટીઓનો જે અભિનય બાળકોએ કરેલો એ જોઈને કોઇને પણ બાળકોની અનહદ સર્જનશકિતની પ્રતીતિ થાય. બાળક ગમે ત્યાં હોય અને ગમે તે સંજોગોમાં હોય પણ એને યોગ્ય વાતાવરણ મળતાં જ એની આંતરિક સર્જનશકિતની ધારા મૂકત થઇને બહાર ધસી આવે છે.

૭ થી ૧૦ વર્ષ : બાળકોની આ ઉમરના નાટકોને જાત જાતની વાર્તાઓમાંથી બનાવી શકાય. આ ઉમરમાં બાળકોને પ્રાણીઓની વાર્તાઓ ગમે પરીઓની વાર્તાઓ, ગમ્મત પડે એવી વાર્તાઓ, શૂર ચઢી જાય એવી વાર્તાઓ અને એમની આજુબાજુના ચિત્રો અને વાતાવરણને વણી લેતી વાર્તાઓમા એમને ભારે રસ પડે.

તૈયાર નાટકનાં પુસ્તકો માટે શિક્ષક રાહ જુએ તે તો ન ચાલે. શિક્ષક જાતે જ નાટકો લખે બાળકોને વાંચી બતાવે. ઘણી વાર તો બાળકો પણ ઘણી રમુજ પડે એવા સંવાદો ઉપજાવે.

૧૦ વર્ષથી ૧૨ વર્ષ : નાટ્ય પ્રવૃત્તિમાં ખૂબ અગત્યની ઉમર આ છે. આ ગાળામાં બાળક અભિનયને એક કળા તરીકે શીખી શકે.

આ ગાળામાં પરીવાર્તાઓ છોકરાંઓને ન રુચે. એમને પરીવાર્તાઓ ખૂબ કળામય હોય તો જ આપવી. એમાંય તે મસ્કરીનું તત્વ ભારોભાર જોઇએ. મસ્કરીનું ધોરણ ઊંચું જોઇએ. ખૂબ વાસ્તવદર્શી લાગણીથી ભરપૂ

અને ભેદી વાર્તાઓ ઉપર રચાએલાં નાટકો માટે આ ઉમરમાં બાળકો ખાસ પક્ષપાત દેખાડે છે. આદર્શવાદી વિષયો એમને બહુ ગમે છે. તેથી સ્વદેશપ્રેમ, કુટુંબપ્રેમ કે માનવપ્રેમ વિષેના નાટકો ઘણા યોગ્ય ગણાય.

આજ ગાળામાં પ્રચાર નાટિકાઓ બાળકો ખૂબ ધગશથી ભજવે. તેથી જ સ્વચ્છતા, ઉદારતા અને નાગરિકતા જેવા મુદ્દાઓ સુંદર રીતે ચર્ચી શકાય.

આ ગાળામાં અમે અર્થશાસ્ત્ર જેવો તદ્દન અશક્ય લાગે એવો વિષય સુંદર રીતે નાટક રુપે રજુ કર્યો છે. પણ પ્રચાર નાટકનું લખાણ ખૂબ કાળજીથી અને કલાથી લખવું પડે.

—રમેશ કોઠારી.

ત્રણ કલાકનાં ક્રીડાંગણો

—ક્રીડાંગણ એટલે બાળકોનું ક્રીડા કેન્દ્ર. ક્રીડા એટલે રમત ખરી, પણ ખૂબ જ વ્યાપક અર્થમાં. રમવું, એ બાળકોનો સ્વભાવ છે બાળક રમે છે, તે મોટેરા મુજબ સમય પસાર કરવા કે રંજન માટે નથી રમતું એ તેને માટે સ્વયંવિકાસનું એકમેવ માધ્યમ છે. તે રમે છે, તે પોતાના જીવનના શારીરિક અને માનસિક વિકાસ માટે રમે છે તેની દૃષ્ટિએ રમવું એ તેનું કુદરતી પ્રાર્થમિક જીવન કાર્ય છે. બાળકનું આ જીવન કાર્ય સારામા સારી રીતે થાય અને તેથી તેના શરીરનું–મનનું એ વ્યક્તિગત તેમજ સામાજિક સર્વાંગી વિકાસ થાય, એજ ક્રીડાંગણનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

— જન્મથી પહેલાંના બાર, ચૌદ વર્ષને આપણે બાલ્યાવસ્થા તરીકે ઓળખીએ છીએ પરંતુ બાલ્યાવસ્થામાં ત્રણ ઉપાવસ્થાઓ સ્પષ્ટ દેખાઈ છે.

(૧) અર્ભકાવસ્થા (૦ થી ૩ વર્ષ), (૨) શૈશવાવસ્થા (૩ થી ૬ વર્ષ), (૩) બાલ્યાવસ્થા (૬ થી ૧૨ વર્ષ).

આ ત્રણે ઉપાવસ્થામાં બાળકની રમતોનો હેતુ જુદો જુદો હોય છે. તેજ પ્રમાણે તેઓના રમતોનું સ્વરુપ પણ જુદું જુદું હોય છે. પહેલી ઉપાવસ્થામાં બાળકોની ક્રીડા મુખ્યત્વે વ્યક્તિગત તો બીજી અવસ્થામાં તે વ્યક્તિગત અને સામાજિક હોય છે. આ દૃષ્ટિએ જુદી જુદી ઉપાવસ્થાના બાળકો માટે જુદા જુદા પ્રકારના ક્રીડાગણોની વ્યવસ્થા જરૂરી છે. પ્રસ્તુત લેખમાં આપણે શિશુઓના ક્રીડાંગણ સંચાલન સંબંધમાં વિચારીશું.

શિશુ ક્રીડાંગણનો હેતુ અને સ્વરૂપ : શૈશવની ક્રીડાઓ પાછળ જે જીવનનો વ્યાપક હેતુ છે, તે ધ્યાનમાં લઈનેજ શિશુ ક્રીડાંગણની યોજના થવી જોઈએ એ ક્રીડાંગણમાં તેના શરીર સાથે મનને પણ માત્ર કસરતજ નહીં, પરંતુ પોષણ પણ મળવું જોઈએ. તેના વ્યક્તિગત તેમજ સામાજિક જીવનના વિકાસ માટે તેને ફરતાં સાધનો તેમજ માર્ગદર્શન મળવુ જોઈએ. શિશુઓનું ક્રીડાંગણ એ કેવળ શારીરિક વિકાસની દૃષ્ટિએ ચલાવવામાં આવતી વ્યાયામ શાળા ન બને તેમજ શારીરિક હિલચાલની મર્યાદામાં મૂકી કેવળ મન પર સંસ્કાર કરવામાં માનતું તે જ્ઞાન મંદિર પણ ન થાય તે જોવું જોઈએ. અહીં શિક્ષકે શીખવવાનું નથી.. બાળકોના સ્વયંવિકાસના પ્રયત્નમાં તેઓના સાથી બનવાનુ તેનું કામ છે. શિશુઓના ક્રીડાંગણોમાં કેવળ ખોટી ખોટી કલ્પનામય રમતના અર્થવા કેવળ આંખને રમ્ય લાગે એવા આકર્ષક રમકડાં રાખીને ક્રીડાંગણનું વાતાવરણ કૃત્રિમ ન બનવું જોઈએ.

એક ક્રીડાંગણમાં વધારેમાં વધારે ૫૦ કરતા વધુ બાળકો ન હોવા જોઈએ, અને એનું સંચાલન ઓછામાં ઓછા બે માર્ગદર્શકો (શિક્ષકો) દ્વારા થવું જોઈએ. ક્રીડાંગણ સાધારણ રીતે ત્રણ કલાકથી વધારે સમય ચલાવવા ન જોઈએ. બાળકના સર્વાંગી વિકાસ માટે આપણે ઓછામાં ઓછું શું કરવું જોઈએ કે હોવું જોઈએ એ દર્શાવવા માટેની આ એક યોજના છે. પ્રસ્તુત મર્યાદાને ઓળંગવાનો જેમ જેમ પ્રયત્ન થશે તેમ તેમ ક્રીડાંગણને બાળમંદિરનું સ્વરુપ મળતું જશે. ગામડામાં આ પ્રકારની કાર્ય–સમય મર્યાદા બતાવતી સંસ્થાને આપણે "ફરતી આંગણ-વાડી" એમ નામ આપ્યું છે. 'ફરતી આંગણવાડી' એટલે ગામેડાના બાળકના વિકાસ માટે ઓછામાં ઓછું આપણે શું કરી શકીએ એ બતાવનારી સસ્થા જે ત્યારે શિશુનું ક્રીડાંગણ એ. શહેરના પછાત વર્ગના બાળકો માટે શુ કરી શકાય એ બતાવનાર સંસ્થા છે.

ક્રીડાંગણની જગ્યા :—ક્રીડાંગણના સાધનો સુરક્ષિત મૂકવા માટે એક ઓરડા અને છાંયડો હોય એવી ખૂલ્લી જગ્યા અને તેના પાસે બાથરૂમ, મુત્રી અને સંડાસ એટલી વ્યવસ્થા હોય કે ક્રીડાંગણ શરુ કરી શકાય. ક્ષેત્ર-

ફળની ભાષામાં કહીએ તો ૧૦'×૧૨ નો એક ઓરડો ૩૦×૪૦'ની છાંયડાવાળી ખૂલ્લી જગ્યા અને આ જગ્યાથી બે ગણી બીજી ખૂલ્લી જગ્યા ક્રીડાંગણ માટે આવશ્યક છે.

ક્રીડાંગણની સામગ્રી : ક્રીડાંગણની સામગ્રીમાં ઓછામાં ઓછી નીચેની બાબતોનો સમાવેશ થવો જોઇએ.

(૧) ત્રણ ૪×૮ ની તાલપત્રીઓ

(૨) એ ટેબલો ૧૮'×૧૦'×૧૪'

(૩) ૩૦ થી ૫૦ જરૂરિયાત પ્રમાણે આસનો ૨૧'×૪૧'

(૪) ૨ કબાટો ૫×૩×૧॥

(૫) ૨ તપેલી ઢાંકણા સાથે.

(૬) ૨ ચમચા નાસ્તાના ૩૦ થી ૫૦ વાટકા, છરી, ચાકુ બાલી ડબ્બા.

ક્રીડાંગણના સાધનો : ૧ હીંચકો, દોરીની સીડી, રોમન રીંગ, લપસણું, ૨ રેતીની ટ્રે. ૨×૩ ચાણીઓ ૯'×૬'×૨'

વ્યવહારિક સાધનો : ૧. હાથ ધોવા માટે નળવાળુ પીપ, ડોલ નેપકીન, ૨. પાણી પીવા માટે નળવાળુ મોટલું ઢાંકણા સાથે ૩ પ્યાલા, ડોલ. ૩. અરીસો ૮'×૧૦' અને ત્રણ કાંસકા, ૪. નખ કાપવાની કાતર, ૫. અનાજ માપવા માટે પાલી માપ, ડબ્બો, મોટી થાળી. ૬. પાણી ભરવા રેડવા માટે - બોટલી, ગેંડી, ડોયો, પાણીનું વાસણ ને ગુણપાટ. ૭. અનાજ વીણવા માટે-નાનો પાટલો થાળી, ડબ્બા. ૮. કપડાની ઘડી કરવા માટે- ૪ રુમાલ ને ડબ્બો. —નાના બાળકોના જુના કપડાં શક્ય હોય તો. ૯. નોંડી નાંખવા માટે પડદો ને ચટ્ટી. ૧૦. બટનીંગ ફ્રેમનો સેટ. ૧૧. ઝાડુ વાળવા માટે સુપડી—સાવરણી નં. ૬. ૧૨. લાદી લૂછવા માટે ડસ્ટર નં. ૬.

સંગીતના સાધનો : ૧ ખંજરી. મંજીરા ૨ જોડ, ડાંડીઆ જોડી ૧૨

નાટકનો સામાન (કપડાં વગેરે) : મૂકત વ્યવસાય અને હસ્તવ્યવસાયના સાધનો.

(૧) બાંધકામ અને રચનાના કાર્ય માટે

૩'×૧॥'×૯' ઈંટો (લાકડાની) નં. ૫૦

૩'×૧॥'×૧૮' પટ્ટી નં. ૬

૩'×૧॥'×૨૭' ,, ,,

(૨) મોતી પરોવવાનું કામ :

રંગીન મોતી. નાની ટોપલી નં. ૩. સળીયાને બુટલેસ.

(૩) ફ્લોર મોઝેક.

(૪) કાંતકામ : ૬ કાતર, ૬ ટોપલી, ગુદરની બાટલી, રંગીન કાગળો ને જૂના છાપાના કાગળો.

(૫) ચિત્રકામ : રંગીન પેન્સીલ, પેસ્ટલ્સ કાગળ તથા ચાકુ, કાળા પાટિયા નં. ૬ ૧૮'×૨૪' તથા ચોક. માટીના રંગો તથા કૂચાના બ્રસ.

(૬) સીવણ કામ : સીવણના પાટિયા, કાર્ડસ ઉન, રેશમ ને સોય.

(૭) માટી કામ: ૯'×૧૨' ૧' ના પોલીશ કરેલા પાટિયા, ૫ રતલ માટી.

(૮) ચિત્રોની આલ્બમ્સ - પુસ્તકો.

(૯) જુદા જુદા રમકડાં.

(૧૦) કપાસ પીંજવું, સાફ કરવું, તથા પૂણી બનાવવા માટેના સાધનોના ત્રણ સેટ.

ઉપરના સાધનોની યાદી સંપૂર્ણ નથી. તેમાં કામોમાં પરિસ્થિતિ અનુસાર વધુ ઉમેરો કરી શકાય છે. બધાં સાધન સામગ્રીની કીંમત રૂ. ૪૦૦ થી રૂા. ૫૦૦ સુધી થાય છે.

શિક્ષક : સાધારણ રીતે એક તથા એક મદદનીશ એક ક્રીડા કેન્દ્ર ચલાવવા માટે અર્ધા સમય (Part Time) માટે શિક્ષકો નીમવા અને તેમને અનુક્રમે રૂ. ૫૦ તથા રૂ. ૩૦ સુધી પગાર આપવો જોઇએ. મુખ્ય શિક્ષક પૂર્વપ્રાથમિક શિક્ષક પ્રમાણ પત્ર મેળવેલ તથા મદદનીશ બાલ શિક્ષણ પ્રવેશ - ક્રીડાંગણ પ્રમાણપત્ર અથવા પૂર્વ પ્રાથમિક પ્રથમ વર્ષ તાલિમ પામેલા હોવા જોઇએ. શિક્ષકો ઉપરાંત અન્ય નોકર રાખવાની જરુર નથી. શિક્ષકોએ વાર્તા, ગીતો, રમતો તથા નાટકોની સ્વતંત્ર નોંધ કરીને તેમાં કક્ષા પ્રમાણે સાહિત્ય લખીને રાખવું. જનરલ રજીસ્ટર, હાજરી પુસ્તક, જમા ખર્ચની રોજનિશી તથા ખાતાવહી ડેડસ્ટોક, પ્રગતિની નોંધ વિગેરે રેકોર્ડ ક્રીડાંગણ માટે પણ રાખવો જોઇએ.

ક્રીડાંગણનો દૈનિક કાર્યક્રમ : ૧ જગા સાફ સૂફ કરીને ક્રીડાંગણના સાધનો ગોઠવવા. ૨. હાથપગ મોઢું ધોવુ પીવાનુ તથા હાથ--પગ ધોવા માટે પાણી ભરવું. ૩. માથુ ઓળવુ. ૪. સામુદાયિક વાતચીત અથવા વાર્તા રમત, નાટકો કે સંગીત. ૫. સ્વતંત્ર પ્રવૃત્તિ. ૬. આવરા અવર. (સાધનો બધાં એની જગ્યાએ મૂકવાની પ્રવૃત્તિ) ૭. હાથ પગ ધોવા. નાસ્તાની તૈયારી. ૮. નાસ્તો, વાર્તા ભાષાની મૌખિક રમતો, ૯ આવરા આવર કરીને ઘરે જવાનું.

—શેષ નામલે

અવાજ નહિ! તે ઉંઘે છે!

ગઇ કાલે આ બાળક ત્રાસદાયક
બાંસીથી પીડાતું હતું. આજે ગ્લાયકોડિન
ટર્પ વસાકા આપવાથી તેને
સંપૂર્ણ રાહત મળી. હવે તે ઘસઘસાટ ઉંઘે છે.

ગ્લા ય કો ડિ ન
ટર્પ વ સા કા

એલેમ્બિક કેમિકલ વર્કસ કું. લિ., વડોદરા, ૩.

EVEREST GTV. 53. 3G

સુતરાઉ, રેશમ અને આર્ટ-જ્યોર્જેટ પર
* સુંદર અને સફાઇદાર
* રંગવા છાપવાનું ઉત્તમોત્તમ પાત્ર
સ્થળ:

* ભૂપેન્દ્ર. *

ડાઇંગ એન્ડ પ્રિન્ટીંગ વર્કસ

૧૯૫-૧૯૭, ખેતવાડી મેન રોડ,
મુંબઇ ૪.

સૌને પરવડે
તેવા
વ્યાજબી ભાવ

ડીલીવરી
એક માસમા
અપાશે.

ફોન : ૭૦૮૬૮

બ્રાંચ નથી.

પ્લાસ્ટીકનાં રમકડાં
તેમજ
લેધર અને રબ્બર



બેલ્ટીંગ, મશીનરી અને
ઓઇલ એન્જીન, લુબ્રીકેટીંગ
ઓઇલ વ. માટે લખો:

જોલી એન્ડ એસોસ્ટ

જી. પી. ઓ બોક્સ નં. ૪૩૪

મુંબઇ-૧.

—એ જ સેટ—

- હેર ઓઇલ
- શાહી
- બુટ પોલીશ
- સફેદો

તમારાં બાળકો સુંદર ચિત્રો સર્જે
એ તમને ગમે છે?
તો આજેજ મંગાવો
હિંદમાંજ બનેલી શુદ્ધ સ્વદેશી

રંગીન પેન્સીલો

લખો:

એકકે એજન્સીજ

(પેન્સિલો બનાવનારા)
મોતીલાલ મેન્શન, ત્રીજે માળે,
કપાસીઆ બજાર
અમદાવાદ ૨.

બાળકને જીવનની શરૂઆતથી

બાલ

પિયૂષ

નિયમિત આપી

કાયમી, તંદુરસ્ત, રૂષ્ટપુષ્ટ અને

આનંદી બનાવો.

દરેક સ્થળે વેચાય છે.

નિર્મળ આયુર્વેદિક ફાર્મસી

ગાંધી રોડ, અમદાવાદ.

—શિક્ષણ સાહિત્ય—
ક્યાંથી મેળવશો?

(૧) બાળમંદિરને ઉપયોગી સાધનો
(૨) નર્સરી શાળાઓને ઉપયોગી પ્રબોધક સાહિત્ય
(૩) મજુર કલ્યાણ કેન્દ્રને ઉપયોગી સાધનો
(૪) પૂર્વપ્રાથમિક કેળવણીને ઉપયોગી સાધનો
(૫) નઈ તાલીમ કેળવણીને ઉપયોગી સાધનો
(૬) પ્રાથમિક શાળા-કેળવણીને ઉપયોગી સાધનો
(૭) માધ્યમિક કેળવણીને (હાઈસ્કુલને) ઉપયોગી સાધનો
(૮) વ્યાયામ કેળવણીને ઉપયોગી સાધનો
(૯) ગૈજાનિક કેળવણીને ઉપયોગી સાધનો
(૧૦) અધ્યાપન મંદિરની કેળવણીને ઉપયોગી સાધનો

ઉપર મુજબની સંસ્થાઓને ઉપયોગી તમામ સાહિત્ય નજરે જોવા અવશ્ય મુલાકાત લો. અગર સુચિત પત્ર મંગાવો.

જેચંદ તલકશી એન્ડ સન્સ.
એમ્પાયર બિલ્ડીંગ. ખોરીબંદર, ટ્રામ જંકશન
સામે, મુંબઈ ૧.

બાલ શિક્ષણ અને સંઘ સમાચાર

વિરમગામ : બાળ - મંદિર, કુમાર મંદિરનો ત્રીજો વાર્ષિક સમારંભ તા. ૬-૧૨-૫૩ ના રોજ રાતના ૭-૩૦ વાગે શ્રીયુત ચંદ્રકાંતભાઈ ગાંધી, ઉપ - નગરપતિ, અમદાવાદ કોરપોરેશનના પ્રમુખપદે જાણીતા બાળ કેળવણીકાર શ્રી વજુભાઈ દવે, આચાર્ય શારદા મંદિર, અમદાવાદ; કવિશ્રી ત્રિભુવનભાઈ વ્યાસ તેમજ સ્થાનિક પાંચેક હજારના જન સમુદાય સમક્ષ ઉજવાયો હતો. સંસ્થાના ૧૨૫ જેટલા બાળક - બાળિકાઓએ આકર્ષક અભિનય તથા કલામય વેશ-ભૂષા, મૂકત વિવિધ રંજન કાર્યક્રમ અને ગીત ગરબા, રાસ નૃત્ય વગેરે ઉપક્રમો સફળતા પૂર્વક રજુ કર્યા હતાં.

સંસ્થાની સફળતા ઈચ્છતા અનેક સંદેશાઓમાં શ્રી દિનકરભાઈ દેસાઇ, કેળવણી પ્રધાન, મુંબઇ રાજ્ય; શ્રી સરલાદેવી સારાભાઇ, ચેરમેન, ન્યૂ. બા. શિ. સંઘ; શ્રી પ્રાણલાલ દેવકરણ નાનજી, મુંબઇ; બાળકેળવણીકાર; શ્રી તારાબેન મોડક વગેરેના મુખ્ય હતા.

વિસનગર : સ્વ. ગિજુભાઈ જયંતિ નિમિત્તે શ્રી ચકુબાઈ બાલ મંદિર-કુમાર મંદિરના આશ્રયે તા. ૧૩-૧૨-૫૩ના દિને રાત્રે ૮-૩૦ વાગે, નૂતન સર્વ વિદ્યાલયના હોલમાં પ્રાર્થના, ધુધરીયાં બાજે, અભિનય ગીત, 'શેખચલ્લી'નું નાટક, વગેરે વિવિધ મનોરંજન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તા. ૧૩-૧૪ અને ૧૫ મી ડિસેંબરે એક શૈક્ષણિક પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું, જેનું ઉદ્‌ઘાટન સ્થાનિક જાણીતા આગેવાન શ્રી કરસનદાસ શેઠના હસ્તે થયું હતું. પ્રસંગને અનુલક્ષી બાળ કેળવણી પર ભાર મૂકતું એક સુંદર પ્રવચન તેમણે કર્યું હતું.

અમદાવાદ . રવિવાર તા. ૨૦-૧૨-૫૩ ને રોજ સંસ્કાર કેન્દ્રના વાર્ષિકોત્સવની ઉજવણીમાં યોજવામાં આવેલા બાલ શિક્ષણ સપ્તાહનું, વડોદરા વિદ્યાપીઠના ગૃહ—વિજ્ઞાન ખાતાના માજી મુખ્ય પ્રાધ્યાપક શ્રી લીલાવતીબેન શાહના શુભ હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. એજ પ્રસંગે સપ્તાહ દરમ્યાન શ્રી નામલેભાઇ, શ્રી હરપ્રસાદ ભટ્ટ, શ્રી સ..આ. કેળકર વગેરે વકતાઓના પ્રવચનો ગોઠવવામાં આવ્યા હતાં. તેમજ બાળ શિક્ષણ નગર પ્રદર્શન દ્વારા

[અનુસંધાન માટે જુઓ ચોથું ટાઈટલ]

(અનુસંધાન ૪થા પાનાનું ચાલુ)

'પણ હું મારી શકિતની મર્યાદા ન સમજું અને જે માત્ર લાગણીના ઉભરાઓથી દોરવાયાં કરું તો હું મારી આવરદા ઓછી કરી નાખું.'

અને મારા તરફ ફરતા બોલ્યા :

'સુમનભાઈ, મારા આ શરીરને હું મારી પાસે મૂકેલી અનામત મૂડી સમંજું છું. એનો દુરુપયોગ કરવાનો મને જરાકે અધિકાર નથી. હું સામાન્ય ભણેલી બાઈ છું. અને તમે જુઓ છો તેમ મારાં બાળકોની બધી જવાબદારી મારા ઉપર છે. અને હજુ મારી સામે ઘણું કામ પડયું છે. આ નાની મનીષાને મોટી કરી પગ ઉપર ઉભી ન કરું ત્યાં સુધી હું આ મૂડીને વેડફી ન શકું.'

'એટલે હું મારો દરેક શ્વાસ, મારી દરેક હિલ્લ-ચાલ હું ગણીગણીને જ કરું છું. અને છતાં હું મારી સમાજ તરફની ફરજોમાંથી છૂટવા નથી માગતી. અને એટલે જ તો એ વ્યવસ્થામાં વધુમાં વધુ જેટલું બેસી શકે એટલું આ કામ મેં મારી મેળે જ લઈ લીધું છે. આથી વિશેષની હું આશા નથી આપતી. તેમજ આ લીધેલાં અંકોમાંથી એકે અંક પાછો પણ નહિ મોકલું એ પણ ખાત્રી રાખજો.'

હવે મનુબેન કંઈ બોલી શકે એમ ન હતું.

અને હું તો, જો બોલવાનું આવતે તો મંદાબેનના વકિલ થઈને જ બોલત!

મને હવે આનંદ થઇ ગયો. મારા મગજમાં ન બેસતી ઘડો સહેજે જ યથાસ્થાને બેસી ગઈ.

—અને અમે જે ઉમળકાથી આવકારાયાં હતા. એજ ઉમળકા સાથે અમે વિદાય લઇ ચાલી નીકળ્યાં.

"બો-જ-સ્."

તાકીદે જોઇએ છે :

સંસ્થાના બાલમંદિર તથા કુમાર મંદિર માટે સિનીયર તથા મોન્ટેસોરી ટ્રેન્ડ શિક્ષક-શિક્ષિકાઓ જોઇએ છે. લાયકાત તથા પૂરતી વિગતો સાથે લખો :—

માનાર્હ મંત્રી, શ્રી કેળવણી મંડળ, વિરમગામ.

હિન્દનો
અગ્રગણ્ય
સ્વદેશી સ્ટોર
×—○—×
તમારી જરૂરિયાતો ખરીદવાનું
એક માત્ર
ભરોસાપાત્ર સ્થળ
: આજે જ પધારો :
ધી બોમ્બે સ્વદેશી
કો-ઓપરેટિવ સ્ટોર્સ કું. લિ૦
☆
સર ફિરોઝશાહ મહેતા રોડ,
ફોર્ટ, મુંબઈ ૧
ફોન : ૨૦૪૪૩
☆
શાખા :
મહાત્મા ગાંધી રોડ, પૂના
જેમ્સ સ્ટ્રીટ, સિકંદરાબાદ.

મહેમદાવાદની જનતાનું બાળ કેળવણી વિષે પ્રત્યક્ષ ખ્યાલ આપવામાં આવ્યો હતો. ખેડા જીલ્લાના બાલ શિક્ષકોનું એક સંમેલન શ્રી રમણભાઇના પ્રમુખપદે રખાયું હતું, જેમાં બોરસદ, નડિઆદ, પેટલાદ અને કપડવંજના શિક્ષકોએ ભાગ લીધો હતો. ખેડા જીલ્લામાં નૂ. બા. શિ. સંઘની પ્રાદેશિક શાખા સ્થાપન કરવા માટે પ્રયત્ન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

બોરી : ગ્રામ બાલ શિક્ષા કેન્દ્ર, બોરીનો ૮ મો વાર્ષિકોત્સવ રવિવાર તા. ૨૦-૧૨-૫૩ના રોજ ખૂબ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

ગિજુભાઈ જયંતિ સપ્તાહ સમાચાર

નૂ. બા. શિ. સંઘની નિયંત્રણ મંડળની તા. ૨૧-૩-૫૩ના રોજ બોરડી મુકામે મળેલી બેઠકમાં સંઘની જુદી જુદી શાખાઓ પર સંઘના મધ્યસ્થ કાર્યાલયના કાર્યોના સંચાલન માટે જુદી જુદી રકમ આપવાની જવાબદારી સોંપવામાં આવેલી, તે મુજબ મુંબઈ નગર શાખા તરફથી રૂા. ૨૫૦૭ અને વડોદરા નગર તેમજ જીલ્લા શાખા તરફથી રૂા. ૨૫૭ મળ્યાં છે.

બંને શાખાઓના કાર્યકર્તાઓને ધન્યવાદ!

આગ-અકસ્માત-જીંદગી
મોટર, દરયાઈ, વર્કમેન્સ, કોમ્પેન્સેશન
સર્વ પ્રકારનું વીમાકામ
સરળ શરતોથી થાય છે.
લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકર્તાને
સંતોષકારક મહેનતાણું :
એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય
મંગાવો.
ધી ઈન્ડીઅન ગ્લોબ ઈન્સ્યુરન્સ કું. લી.
—: હેડ ઓફિસ :—
૩૧૫-૩૨૧ પ્રોસ્પેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ,
મુંબઇ.

નૂ. બા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : શ્રી રમણિકલાલ તુરખિયા, ૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઇ ૧૪
મુદ્રણ સ્થાન : પરેકટા પ્રિન્ટિંગ વર્કર્સ, મુંબઈ-૨૨.

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ-૨૮ : અંક-૧૧-૬ : ફેબ્રુઆરી : ૧૯૫૪

શિક્ષકનું મનોવિજ્ઞાન

—જ્ઞાનનું કેવું મધુર પરિણામ હોય છે! એ આપણને માફ કરે છે. આપણે ગુસ્સે થઇને કોઇને દુઃખી કરી બેઠા પછી આપણને ગુસ્સાનું આપણી અંદરનું કારણ સમજાતાં જરાક પસ્તાવો કરીને 'માફ કરજો હોં, એ તો.....' કહી આપણે આપણને માફ કરીએ છીએ. આપણને સમજાય છે કે સમજવું એટલે માફ કરવું. પરસ્પરની સહાનુભૂતિની ક્રિયાવાળું આ નૂતન સમજણ અથવા જ્ઞાનનું નામ શિક્ષકનું મનોવિજ્ઞાન છે.

—ચંદ્રભાઈ ભટ્ટ.

સંસ્થાપક :
સ્વ. ગિજુભાઇ બધેકા

તંત્રી :
તારાબેન મોડક

વાર્ષિક લવાજમ : રૂા. ૪-૦-૦ : : કાર્યાલય : ૧૧૮, હ્યુન્દુ કૉલની, દાદર, મુંબઇ, ૧૪. : : છૂટક નકલ ૬ આના

નૂતન બાળ શિક્ષણ સંઘ

એટલે

વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓનું બનેલું અખિલ ભારતીય સંગઠન.

સંઘના પદાધિકારીઓ :-

પ્રમુખ: શ્રી મોરારજીભાઇ દેસાઈ. ઉપપ્રમુખ: આચાર્ય શ્રી ભિમે.
કાર્યાધ્યક્ષ: શ્રી સરલાદેવી સારાભાઈ. કોષાધ્યક્ષ: શ્રી વા. રા. પટવર્ધન
મંત્રીઓ: શ્રી શેષ ના. નામલે. શ્રી યશસ્વતી બેન ભટ્ટ.

સ્થાનિક શાખા : કોઈપણ બાળ કેળવણીની સંસ્થા, વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓમાંથી ઓછામાં ઓછા સંઘના ૨૫ સભ્યો બનાવી, સંઘ માન્ય શાખા સ્થાપી શકે છે. આ જાતની શાખાને સ્થાનિક શાખા કહેવાય છે.

પ્રાદેશિક શાખા : કોઈપણ જીલ્લામાં ઓછામાં ઓછી ચાર સ્થાનિક શાખા સ્થપાયેલી હશે તો તે વડે સંઘની જીલ્લા પ્રાદેશિક શાખા સ્થાપી શકાય છે. અને આ જીલ્લા શાખાના પ્રતિનિધિ સંઘના અખિલ ભારતીય નિયંત્રણ મંડળમાં ચૂંટાઇ શકે છે.

સંઘનું પ્રચાર સાહિત્ય : સંઘનું બંધારણ, પ્રવેશ પત્રકો, સૂચના-માહિતી વિ. સંઘને લગતું પ્રચાર સાહિત્ય મેળવવા માટે નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવા વિનંતી છે.

મંત્રી, નૂતન બાલ શિક્ષણ સંઘ.
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

: સંપાદક મંડળ :

રામનારાયણ પાઠક, હરપ્રસાદ ભટ્ટ, જયંતભાઈ ઓઝા, હેમલતાબેન માળવી, મંજરીબેન રાયજી, રમેશભાઇ કોઠારી,

અનુક્રમણિકા

ક્રમ	લેખ.	લેખક.
૧.	સંસ્કારનો વારસો	ઓજસ્.
૨.	કપડાં આરોગ્ય પોષક છે કે બાધક ?	... મા. સ. કેળકર
૩.	અરુણ	અનુતાઈ
૪.	બાળકનું ગણિત શિક્ષણ ...	.... શેષ નામલે.
૫.	મંતવ્યો	[સંકલિત]
૬.	પથારી ભીની કરવાની બાળકની ટેવ	.... બંસીધરજી
૭.	બાળ શિક્ષણ અને સંઘ સમાચાર	.... સંપાદક
૮.	ટૂંકી નોંધ	.... ,,
૯.	બાળ-ક્રીડા કેન્દ્ર	.... સમાલોચના

બાળ વિભાગ

૧.	સરકસ આવ્યું	.... રમેશ કોઠારી.
૨.	સિકંદરનો ઘોડો	....
૩.	એન્ડ્રોક્લિસ અને સિંહ	.... હરપ્રસાદ ભટ્ટ.
૪.	રંગ છે એ ઘોડાને !	.... નિર્મળા ભટ્ટ

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો !

કે- "શિક્ષણ પત્રિકા" એ નૂતન બાલ શિક્ષણ સંઘનુ મુખપત્ર છે, તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપમેળેજ બની જાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા-પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે- "શિક્ષણ પત્રિકા" ગૂજરાતી, હિંદી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમે તા. ૧ લી, ૭ મી અને ૧૫ મીએ પ્રગટ થાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર "પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે. પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરુરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" ના ગ્રાહક કોઈ પણ માસથી થઇ શકાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" માં બાળશિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫મી સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા જરુરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" (ગૂજરાતી અને હિંદી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતી છે.

—શ્રી રમાણકલાઈ તુરખિયા
વ્યવસ્થાપક "શિક્ષણ પત્રિકા"
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪

મુંબઈ, મધ્ય ભારત, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલા

નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૮ : અંક ૧૧-૬] મુંબઇ [ફેબ્રુઆરી, ૧૯૫૪

સંસ્કા ૨ નો વા ૨ સો

અજ્ઞાત મનનો ઈલમ

આ રવિવારે પણ હંમેશ મુજબ મહેન્દ્રભાઇને ત્યાં ચાલીનાં બધાં બાળકો ભેળાં થયેલાં અને હું અને મહેન્દ્રભાઈ રેડિયો સાંભળતા બેઠા હતા.

આજ હીંચકાની રેલગાડી નહોતી ચાલતી. આજ તો ગરબાની તાલીમ લેવાતી હતી. એ લોકો સંક્રાન્તિની રાત્રે નાટકો કરવાનાં હતા.

આમાં રેડિયો સંભળાતો નહોતો તોય અમે બને ગંભીર થઇને એ સાંભળતાં હોઇએ એમ બેઠા હતા અને આંખો એ બાળકોના ગરબા તરફ હતી. આમાં થતું'તુ એવું કે ન આંખ ગરબો જોતી'તી, ન કાન રેડિયો સાંભળતા હતા !

થોડીવારે મહેન્દ્રભાઇનો મીસ્ત્રી કંઈ કામે આવ્યો. મહેન્દ્રભાઈનું કારખાનું ઘર સામે જ થોડે અંતરે છે.

'તું જા, હું હમણાં આવું છું.'

મહેન્દ્રભાઇએ એને કહયું અને એ ચાલ્યો ગયો.

'સુમનભાઇ, ચાલો, આપણે કારખાનામાં બેસીએ. ત્યાં મારી થોડી જરૂર પડી છે.'

અમે બંને કારખાને ગયા.

મહેન્દ્રભાઇની ઈમારતી લાકડાની વખાર છે. જઇને એમણે મીસ્ત્રી સાથેનું કામ પતાવી દીધું. અને પછી અમે બંને એક ઝાડ નીચે ખુરશીઓ હતી એમાં બેઠા.

અમારી આસપાસ બધે મોટા મોટા લાકડાના ઢગ પડયા હતા પાછળ થોડે દૂરથી લાકડા વેરાવાનો કર્કશ અવાજ આવી રહ્યો હતો.

બેસતાં બેસતાં મેં આસપાસ નજર કરી અને મેં કેટલાંક જોરાઓને લાકડાની છાલ કાઢી ટોપલા ભરતાં જોયાં. આ જોરાઓને અનેકવાર મેં આમ છાલ ભરી જતા જોયેલા.

'આ લોકો રોજ આમ છાલ ઉપાડી જાય છે !'

મારાથી કોઇપણ ઉદ્દેશ વગર બોલાઇ જવાયું.

મહેન્દ્રભાઈ માત્ર હસતાં એ લોકો તરફ જોઇ રહયા. પછી મારા સામે ફરતાં બોલ્યા:

'સુમનભાઈ, એ એક સારી વાત છે !'

'એટલે ?'

હું જિજ્ઞાસાથી બોલી ઉઠયો કેમકે મહેન્દ્રભાઇની વાતમાં હંમેશા કંઈક જાણવા જેવું હોય અને આપણે ધુણાવીએ નહિ ત્યાંસુધી એમના મોંમાંથી વાત નીકળતી નથી.

એમણે મારા સવાલનો જવાબ તરત ન આપ્યો. હું જોઇ શકયો કે એમનું મન વાત કરવી કે ન કરવી, એના વિમાસણમાં પડયું હતુ.. પણ મેં મારો પ્રશ્ન ફરી કર્યો એટલે એ બોલ્યા :

'સુમનભાઈ, તમને સંસ્કારોનું બહુ આકર્ષણ છે. મને તમારા લેખો ગમે છે. પણ તમે જે સંસ્કારોની વાતો કરો છો એ માત્ર ડાળાંડાખળાં છે. એના મૂળમાં તમે નથી જોતા.'

મારે માટે આ વાત જરા આંચકા જેવી હતી !

એ આગળ વધ્યા :

'સંસ્કારોના મૂળ બહુ ઊંડા છે. અને એને માટે તમારે વિશેષ ઊંડુ જોતાં થવું પડશે. આ આમનો જ પ્રસંગ લઈએ:

છેલ્લા એકાદ કલાકથી આપણે સાથે જ છીએ. હવે તમે જ કહો, આ દરમ્યાન તમે શું શું જોયું ?'

હું જાણે પરીક્ષામાં બેઠો હોઉં તેમ જરા ગભરાયો :

'ખાસ કંઈ નોંધપાત્ર તો મેં નથી જોયું. ઘરે છોકરીઓ ગરબાની પ્રેકટીસ કરતી'તી એ જોયું. પછી અહીં આવતાં એક ચારેક વર્ષની છોકરી કૂતરા સાથે રમતી'તી એ જોયું અને અહીં આ માણસો છાલ ઉખેડી ટોપલા ભરે છે એ જોઉં છું. આમાં કંઈ નોંધપાત્ર નથી દેખાતું.'

'અચ્છા, હવે મેં શું જોયું એ કહું :

પહેલાં કહું, આ છોકરી અને કૂતરાની વાત.

આપણે દૂરથી જોતા'તા કે એ છોકરી કૂતરાની પૂંછડી તાણતી હતી. અને જેટલીવાર એ પૂંછડી તાણતી હતી એટલીવાર કૂતરું પોતે જાણે બચકું ભરતુ હોય એમ છોકરીના હાથ ઉપર દાંત બેસાડતું હતું. છોકરી હસતી હતી કેમકે કૂતરું પણ ખીજમાં નહીં પણ વહાલમાં છોકરીને બચકું ભરતું હતું. અને એટલે એના દાત છોકરીને બેસતા નહોતા.'

હું બોલી ઉઠ્યો :

'હા, એ ખરું હો. એ તો જાણે એનાં બચ્ચાંને રમાડે એમ છોકરીને રમાડતું હતું !—એ તો મેં'ય જોયેલું.'

'બરાબર, એ તમે જોયેલું પણ મેં કહ્યું એમ વિગતે વિચારેલું નહીં—ખરું ?'

'હા, એ ખરું.'

મારે કબુલ કરવું પડ્યું.

'પણ એ નિરીક્ષણ પણ ઊંડું નથી. મૂળ વાત તો સુમનભાઈ, હવે આવે છે; આપણે નજીક પહોંચ્યા એટલે છોકરી આપણા તરફ જોઈ રહી અને એણે પૂંછડી ખેંચવી છોડી દીધી.'

'હા, એ પણ મેં જોયેલું.'

'પણ એ જોવાથી તમને કંઈ વિચાર ન આવ્યો ?'

'નહીં !'

'આમ નિર્દોષ આનંદ કરતાં બે પ્રાણીઓએ આપણને જોઈ એમનો આનંદ કેમ છોડી દીધો ?'

હું કંઈ જવાબ ન આપી શક્યો.

'એટલા માટે કે એ છોકરીને લાગ્યું કે આપણે એને વઢશું. આપણે વઢશું એમ એને એટલા માટે લાગ્યું કે મોટેરાંઓ એને હમેશ કંઈપણ કરવા માટે મના કરતા આવ્યાં છે. અથવા તો વઢયાં છે. એના મન ઉપર એવો સંસ્કાર પડી ગયો છે કે પોતે જે કંઈ કરે છે એ અયોગ્ય જ હોય છે. અને એટલે એ મોટેરાંથી છુપાવવું જોઈએ.'

'અને એ છોકરી કંઈ બોટી પણ નથી'

કોઈ બીજાએ એને પૂંછડી ખેંચતી જોઈ હોત તો એ છોકરીને જરુર વઢયું હોત. કેમકે એ મોટેરું જરાકે ઊંડુ ઉતર્યા વગર નીતિ-બોધના પાઠ આપવા મંડી જાત :

'એય છોકરી, બિચારા મૂંગા પ્રાણીને હેરાન કેમ કરે છે ? તારો કોઈ ચોટલો ખેંચે તો ?—વગેરે વગેરે.

'એને એ જવાનો સમય પણ નથી હોતો કે એ બને પ્રાણીઓ કેટલા વહાલથી રમી રહ્યાં છે.'

'કેવા નિર્દોષ અને પ્રેમ ભરપૂર એ રમત હતી !'

'આપણે બે—જેને મન રાક્ષસ છીએ એવા બે—પ્રાણીઓ પાસે ગયા અને એમનો આનંદ વીંખી નાખ્યો.'

'ખરું, મહેન્દ્રભાઈ, તમારી વાત સાચી છે.—મને આ કંઈ ન દેખાયું.

'અને સુમનભાઈ, આ જ સંસ્કારનું પનરાવર્તન થતાં થતાં મોટપણે આપણામાં કેવડું મોટું ફાલેલું વૃક્ષ બનતું હશે એનો કદિ કોઈ વિચાર કર્યો છે ? ગુન્હાહિત વૃત્તિ, નાસ્તિકતા અને આત્મશ્રધ્ધાનો નાશ—એવા અનેક ફળો એ ઝાડને લાગતાં હશે.'

હું મૂગો જ થઈ ગયો. મનમાં વિચાર આવવા લાગ્યા કે :

મહેન્દ્રભાઈ જેવા મિતભાષી બહુ જ થોડામાં કેટલું કહી દે છે ! અને એમણે બતાવેલ દિશામાં હું અનેક પરિણામો જોવા લાગ્યો.

'હવે બીજી વાત કહું, છોકરીઓના ગરબાની.'

'બધા માં શોભા છોકરી મોટી છે તેમ હોશિયાર પણ લાગે છે–ખરું ?'

'હા, એ તો ખરેખર બહુ હોશિયાર છે.'

મહેન્દ્રભાઇ આગળ બોલ્યા :

'ગરબા માટે દયા એની નાની બ્હેનને તેડીને આવી. એ પણ ગરબામાં રહી હતી. પણ એણે એની બહેનને તેડી હતી, એટલે એ ગરબો નહોતી લઇ શકતા. શોભા વચ્ચે ઉભી રહી ગવરાવતી હતી. દયાએ શોભાને કહ્યું :'

'શોભા, તું મારી બ્હેનને તેડને ! તો મારાથી ગરબો લઈ શકાય.'

'ત્યારે શોભાએ શો જવાબ આપ્યો એ તમે સાંભળેલો ?'

'હા એણે તો, માળી, જાણે મોટી ભડભાદર હોય તેમ કેવી દલીલ કરી !–છે હોશયાર !'

'હોશિયાર છે અને એ પોતે પણ જાણે છે કે પોતે બહુ હોશિયાર છે. એણે કહ્યું :

'હું તો કોઇ નથી ગમ્મતી તારી બહેનને. હું કંઈ તારી નોકર નથી. મારે કયાં મારી બહેન નથી કે તારી બહેનને રાખું ? એમ પારકાં છોકરાં કોણ રાખે !'

'હા બરાબર, એ તો જાણે કોઈ મોટેરું બોલતું હોય એમ જ બોલતી'તી !'

'હા બસ્સ ! મારે એ જ કહેવું છે કે એ બરાબર મોટેરાંની ઢબથી જ, મોટેરાંઓએ ઘસકેલા મારેલું ડહાપણ વાગોળતી હતી. અને એવું બોલે ત્યારે એને મોટેરાંઓ 'હોશિયારી' ગણે છે. પણ સુમનભાઈ, અહીં માત્ર પેલી ફૂતરા સાથે રમતી છોકરી જ મોટી થઈને નાનપણથી વાવતી આવેલી સંસ્કારના બીજનાં છોડ કરી આપણી સામે બતાવતી હતી.'

'સુમનભાઈ, સંસ્કારનો વારસો તો જુઓ આમ અપાતો હોય છે. એ માત્ર બાળકોને હાથ જોડી નમસ્કાર કરવાનું કહેવાથી સંસ્કાર નથી આવતા.'

હું મૂંગો થઇ ગયો.

ફરી મહેન્દ્રભાઇ આગળ બોલ્યા :

'અને હવે છેલ્લી વાત, આ છાલ ઉખેડી જતી બાઇઓની–એમાંથી તો આ આપણી ચર્ચા જન્મી છે।

'સુમનભાઈ, વરસ દિ' પહેલાં મેં જ્યારે પહેલી આ લાતી કરી ત્યારે આ બૈરાઓ છાલ કાઢવા એક દિવસ આવેલાં.

'હું આજ, આપણે બેઠા છીએ ત્યાંજ ખુરશીએ બેઠો કંઈક વાંચતો હતો

'મારી નજર એકાએક એ લોકો ઉપર પડી ને હુ તરત બરાડી ઉઠયો:

'એય, તમે તે છો કોણ ? કોના હુકમથી તમે આ છાલ લેવા લાગ્યા છો ? બધીજ નાખી દો, ચાલો અને જલ્દી મહાર નીકળી જાઓ–નહીં તો પોલીસને બોલાવીશ.'

'બૈરાંઓ સાવ નરમ પડી ગયાં અને મને ખૂબ નમ્રતાથી વિનવવા લાગ્યાં. એ શું બોલતા'તાં એ હું સાંભળતો નહોતો. મારા કાનમાં તો મારાંજ ક્રોધભર્યાં વાકયોના પડઘા પડતા હતા.

અને એજ વાકયોના પડઘાઓએ મને વિચાર કરવા પ્રેર્યો.

મને થયું : 'આખર લઈ લઇને એ માત્ર છાલ જ લઈ જાય છે. અને લાકડું વહેરતાં પહેલાં તો આપણે એ માણસો પાસે ઉખેળાવવી જ પડે છે અને એ છાલનો કોઈ ખાસ ઉપયોગ પણ નથી. પછી હું શા માટે આમ કરું છું ? અને મને ત્યારે કોન્ફ્યુશિયસનું એક વચન યાદ આવ્યું :

'જ્યારે ધનિકો એની પાઈપાઈની ચીકણાઇ કરે છે ત્યારે ગરીબો ભૂખે મરે છે.'

અને પછી મેં જરા એમ જ રૂવાબથી કહ્યું :

'અચ્છા, તો જુઓ એકલી છાલ લેજો. જો જો કોઈ લાકડાનો ટુકડો નથી લેવાનો.'

'નહીં રે દાદા અમને લાકડું હરામ છે.'

'અને રાજી થતાં એ બૈરા છાલ લેવા લાગ્યાં. –અને ત્યારથી એ લોકો છાલ લઈ જાય છે.'

અને મહેન્દ્રભાઇ જરાક સ્મિત કરતા આગળ બોલ્યા:

આ કે સુમનભાઈ આ છાલની વાત !

'આમાં તમે કંઇ જોઈ શકયા ?'

હું કંઈક કલ્પના કરવા લાગ્યો. પણ મેં કંઇ જવાબ ન આપ્યો.

'જુઓ સુમનભાઈ, હું આજ પચ્ચાશે પહોંચ્યો છું અને તમે માનો છો કે હું મહાજ્ઞાની છું ! અને

હું'ય કબુલ કરું છું કે મેં ઠીક ઠીક જીવન વિશે વાચ્યું વિચાર્યું છે અને એટલેજ આ લોકો વિષે રહી રહીને પણ વિચાર આવ્યા !

પણ એનો શો કામનું ? હું જ્ઞાની હોઈશ પણ હું સંસ્કારી તો ન કહેવાઉં.

એ વિચારો કયારે આવ્યા ?

પહેલાં તો હું એક અજ્ઞાની સ્વાર્થીની માફક તાડુકીજ ઊઠયો. મારામાં અને પેલી શોભામાં શો ભેદ ?

મોટપણે ગમે તેટલાં જ્ઞાનનાં થોથાં વાચીએ. પણ કૂતરા સાથે ખેલતી છોકરીની વચે ભોંયતળિયે જે સંસ્કારોનું મુદ્રણ કામ થઇ રહ્યું હોય છે એને આ થોથાં કાઢી શકતાં નથી.

'આ છુપા રૂસ્તમ સાથે કુસ્તી કરવી એ જ ખરૂં છે શિક્ષણકારોનું કામ. અને એ કામ અત્યારે કોઇ નથી માનતું કે એ કામ શિક્ષણનું હોય

'અત્યારે તો પ્રોતાનું સંતાન બીજાનું રમકડું આંચકી લે તો માબાપ હસતા કહે છે :

'મારૂં કેવું હોંશિયાર છે !'

મારા મનમાં વિચાર પ્રવાહ વહેવા લાગ્યો:

'ખરેખર આ બાજુ તો આપણું કેટલું ઓછું લક્ષ જાય છે. સંસ્કારનો વારસો ખરેજ આ અજ્ઞાત ભોંયતળિયેજ અપાતો હોય છે. ત્યાં એના બીજો નખાય છે અને એમાંથી જ વિષવૃક્ષો ફાલીને સારા જગતને છાઈ દેતાં એ જ જીવનને ભીષણ અરણ્ય બનાવી રહ્યા છે.'

'સુમનભાઈ, તમને કદાચ આશ્ચર્ય થશે પણ હું માનું છું કે મારા કરતાં મારી પત્ની મેના વિશેષ સંસ્કારી છે.'

હું બોલ્યો નહીં. પણ મારા ગળે એ વાત ન ઉતરી. મેનાબેન એટલા ક્રોધી છે, એટલાં બટકબોલાં છે કે એમને હું સંસ્કારી ગણવા તયાર નહોતો.

હું માત્ર મહેન્દ્રભાઈ તરફ જોઈ રહ્યો.

'તમને એ નહીં સમજાય. મેના ગમે તેટલી ક્રોધીલી હશે છતાં એ સ્વપ્નમાં પણ કોઈનું બુરું નહીં ઈચ્છે. એ આજ તમારી સાથે લડશે પણ આવતી કાલે જ જો તમારૂં માથું દુઃખશે તો એ દવા લઇને દોડી આવશે. અને એજ છે સાચા સંસ્કાર.'

''જ્યારે હું ગમે તેટલું કરીશ તોય જો તમારી સાથે લડું તો એકાદ વરસે તો નહી બોલી શકું !—જુઓને પેલી બાઈઓને ફરી છાલ લેવા છૂટ આપી તે પણ કેવા રૂઆબથી જ આપી ! ત્યારે હું એમ ન કહી શક્યો કે:

'બાઈઓ, મારી ભૂલ થઈ, તમે તમારે છાલ લો. એમાં મારૂં કંઈ નુકસાન નથી થતું. ઉલટું તમે મારૂં કામ કરી આપો છો.'

'નહીં એ માટે તો સંસ્કારના મૂળ છેક બાલ્યાવસ્થામાં વવાવાં જોઇએ ના !'

મહેન્દ્રભાઈ, તમે આવા વિચારો ધરાવો છો, તેથી તમારે તો શિક્ષણ કાર્ય કરવું જોઇએ. તમે આ શું લાકડા લઇને બેઠા છો !'

'એક દિવસ હું શિક્ષક જ હતો !'

'શું કહો છો ?'

'પણ મને આજના શિક્ષણમાં રસ નથી અને એટલેજ તો મેં એ છોડી દીધું છે. અને મારા શિક્ષણમાં સમાજને રસ નથી !

'આજ ભાતભાતના વિષયો શીખવાય છે. શીખવવાની રીતો પણ જાતજાતની શોધાઈ છે. આ બધું'ય છતાં માનવ જાતિમાં સંસ્કારની બાબતમાં તો મીંડુજ રહ્યું છે ! આ શિક્ષણ એકડા વગરના મીંડા જેવું છે.

શિક્ષણે કંઈ કરવાનું હોય તો તે સંસ્કારોના બીજો, આપણે વાત કરી એમ, ભોંયતળિયામાં વાવવાના છે.'

સ્વામી રામકૃષ્ણ પરમહંસ સુવર્ણ ધાતુ અસ્પૃશ્ય સમજતા હોઇ ધાતુ માત્રનો સ્પર્શ ન કરવો એવો એમનામાં દ્રઢ ભાવ હતો. આથી એ લોટે જતાં; ધાતુના લોટાને સ્પર્શ કરવા જતા ત્યારેય એમનો હાથ પાછો પડતો. આનું નામ ઊંડા સંસ્કાર !

અને જેમના એ અજ્ઞાત મનમાં ઊંડા સંસ્કાર પડયા છે તે માનવી સ્વપ્નમાં પણ કોઇનું બુરૂં નહીં જોચે.

આજના જગતને પાંડિત્ય જોઇએ છે. સજ્જનતા નથી જોઇતી અને સજ્જનતા વગરનું પાંડિત્ય એ એકડા વગરના મીંડા જેવું છે.

અને આજ આખું જગત પેલી શોભા કરતાં વિશેષ ઉચ્ચ આદર્શને નથી સેવતું.

''એટલે તમે જે સંસ્કારના વારસાની વાત કરો છો એ જો સાચેસાચ અપાતો હોય તો તે આમ ઊંડો અપાઈ રહ્યો છે

અને એ અજ્ઞાત મનનો ધ્વમ (Education of the unconcious) એજ હોવું જોઇએ શિક્ષણનું ધ્યેય.'

મહેન્દ્રભાઇ આટલું બોલીને મુંગા થઇ ગયા અને હું પણ એ વાત વગોળતો ચૂપ રહ્યો.

—ઓજસ્.

કપડાં આરોગ્ય પોષક છે કે બાધક ?

ડો. એર્ખીટ એમ. ડી. એલએલ. ડી. યુનાઇટિડ સ્ટેટસ ઓફ અમેરીકા, એ ગઇ શતાબ્દીની આખરે 'પ્રિન્સિપલ્સ ઓફ લાઇટ એન્ડ કલર' અને 'હ્યુમન કલ્ચર એન્ડ કયોર' નામનાં બે મોટા પુસ્તકો આ વિષય પર પ્રસિદ્ધ કર્યાં હતાં. હમણાં તે મદ્રાસની થિઓસોફિકલ સોસાયટીમાં મળે છે અને 'ક્રોમોપેથિક ઇન્સ્ટિટયુટ' વિજયવાડા તરફથી આપણે ત્યાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. (તેની કિંમત રૂા. ૨૦–૦–૦ છે.) તે મારા વાંચવામાં આવ્યા. તેથીજ તેમાંની થોડી મહત્વની બાબતો નીચે આપી છે.

અનેક દેશોમાં આદિવાસીઓ ઘણું ખરૂં ઉનાળામાં અને શિયાળામાં ઉઘાડા ફરતા હોવાથી તેમનાં શરીર નિરોગી અને સશકત હોય છે. આ તો ઘણે ભાગે બધાને જ ખબર હશે પણ તેની શકિતની કલ્પના ગઇ શતાબ્દિનાં અનેક પ્રવાસોનાં વર્ણન પરથી મળશે.

(૧) બોર્નિયો બેટનાં એક આદિવાસી માટે એક અંગ્રેજ સિપાઇ કહે છે, એક વખત એક હુંગરાળ પ્રદેશમાં ઉંચાનીચા રસ્તા પરથી થોડા અંગ્રેજ સિપાઇઓ જતા હતા. સામન ઉપાડવા થોડા ચીની અને આદિવાસી મજૂરો હતા. તેમાંના ચીની મજૂરો જલ્દી થાકીને બેસી ગયા ને રડવા લાગ્યા એક અંગ્રેજ સાર્જંટ પણ બંદૂક અને અન્ય વજનના ભારથી થાકી ગયો. ત્યારે એક આદિવાસી મજૂર થોડા તંબાકુનાં બદલામાં પોતાની પાસે ચાર મણ વજન ઉપરાંત બીજો બોજો ઉપાડવા તૈયાર થયો. અને તે પહેલાનાં જેટલી જ સહેલાઇથી ઢાળ ચઢી શકયો.

(૨) વેંકૂવર બેટનાં આદિવાસીનાં આંગળાની પકડ એક યંત્રનાં પકડ જેવી જ હોય છે. ગોરો માણસ ખૂબ મહેનતે ઉંચકે એટલું વજન તે આંગળાથી તોળી શકે છે.

(૩) અંદામાન બેટના આદિવાસીઓ ઠીંગણા પણ સશકત હોય છે. અને તેમનાં બલાસીઓ પોતે જ બનાવેલી હોડી એટલી ઝડપથી ચલાવે છે કે તેમની આગળ ઘડાએલા અંગ્રેજી બલાસીઓ ટકી શકતા નથી.

(૪) ચીની લોકો કપડાં પહેરે છે તેથી અશકત હોય છે. જ્યારે જાપાનીસ લોકો પહેલાં સખત ઉનાળા કે શિયાળામાં પણ ઉઘાડા રહેતાં હતાં. તેથી જ તેઓ વધારે હોશિયાર, સશકત અને વધારે ઉંચા પણ હતા. બરફ પડતો હોવા છતાં તે ઉઘાડે શરીરે બાણમાં કામ કરી શકતાં અને લગભગ ઉકળતા પાણીથી નહાતા ગોરા માણસોથી ઉંચકાય નહિ એટલું વજન તે સહજ ઉંચકી શકતા.

ગોરાઓનાં સહવાસમા આવવાથી હવે તેઓ પણ કપડાં પહેરવા લાગ્યા છે. પણ તેઓને કસરત પ્રિય હોવાથી હજુ પણ સશકત રહ્યા છે.

(૫) આફ્રિકામાં કાફર એકી વખતે ૯૦ થી ૧૦૦ માઇલ દોડી શકે છે. તેઓ ૭ મણ બોજો સહેજે ઉપાડી શકે છે અને એમાંના કેટલાંક તો બમણું વજન ઉપાડી શકે છે. તેમની સ્ત્રીઓ બધુ કામ કરે છે અને પુરુષો વધારે તો વ્યાયામ જ કરતા હોય છે. પણ તેમની શકિત ફકત વ્યાયામથી જ નથી વધતી પણ તડકામાં ઉઘાડા ફરવાથી વધે છે.

(૬) અરબી ઘોડા ચપળ હોવાથી પ્રસિધ્ધ મનાય છે. પણ કોઇ આરબ લોકો તેને પણ હરાવી નાખે છે. બદ્રિનમાં મિનારો ચઢતાં ને ઉતરતા તેમને બહુ થોડી વાર લાગે છે. આરબ લોકો સાચું બોલે છે અને કદી પણ ચોરી કરતા હોતા નથી.

(૭) આરબ બાળકો બીજાં બાળકો કરતા અર્ધાજ સમયમાં તેટલું જ શીખે છે. કૈરોની એક અમેરીકન મિશન સ્કુલમાં ૧૦ થી ૧૩ વર્ષનાં ૧૨ છોકરાઓએ ૪ વર્ષમાં અરબી અંગ્રેજી, ફ્રેન્ચ, અને જર્મન ભાષાઓ પર એટલું પ્રાવીણ્ય મેળવ્યું કે કોઇ અમેરીકન બાળક જેમ અંગ્રેજી વાંચે તેટલી જ વારમાં તે કોઇ પણ ભાષાની કવિતાનું બીજી જ ભાષામાં ભાષાન્તર કરી શકે. આ બાળકોએ પહેલાં કોઇ જાતનો અભ્યાસ કર્યો ન હતો.

તડકામાં રહેનારા લોકો પાતળા કે જાડા નથી હોતા. ગોરા લોકો તેમાં દેશવાળા જંતુઓ લાવ્યા તો પણ તેમની વૃધ્ધિ થઇ નહિ.

અમેરીકન કવિ વોલ્ટ વિટમન એકવાર લગભગ મરવા પડયો ત્યારે ગામડામાં જઇ તડકામાં ઉઘાડા ફરી અને થોડો વખત પાણીમાં રમીને સારો થઇ ગયો હતો. કપડાં પહેરનારા લોકોને તડકાથી ત્રાસ થવાનું કારણ ફકત ટેવ નથી એટલું જ નહિ પણ આંખોને તડકો લાગે છે તે જ છે માટે આંખ સિવાય બીજા ભાગને તડકો લાગવાથી ત્રાસ થતો નથી. તેવી જ રીતે ઠંડીમાં ઠંડા પાણીની ટેવ પાડવાથી ચામડી વધારે મજબુત થાય છે તેથી નાનપણથી જ બાળકને બહુ કપડાં ન પહેરાવી તડકામાં થોડો વખત રમવા દેવા જોઇએ અને ઠંડા પાણીથી નહાવા દેવા જોઇએ.

મા. સ. કેળકર

અરૂણ

(અવલોકનનાં વર્ગમાં થતી ચર્ચા પરથી)

આજનાં અવલોકનની ચર્ચાનો વિષય હતો 'અરુણ' ૫ વર્ષનો ઠીંગણો ગઠ્ઠિયો, સાધારણ સ્થિતિનાં વાડીવાળાનો છોકરો એની ઉપર બધા જ વિદ્યાર્થીઓની નજર. 'અરુણ બહુ મારે છે.' 'અરુણ ચીમટા ખણે છે,' 'અરુણે બહુ દોડાદોડ કરી,' 'અરુણે ખંજરી સંતાડી દીધી,' 'અરુણ પાટિયા પર આવીને પડયો.' એમ અનેક વાતો એની સામે બોલાય. જેમ ગોપીઓ જશોદા આગળ કૃષ્ણની ફરિયાદ કરતી તેમ જ વર્ગમાં બધા અરુણની ફરિયાદ કરતા. એક જણ વચ્ચે જ બોલી ઉઠયું "તેને બોદકામ; ઝાડને પાણી પાવું એવા કામો બહુ જ ગમે છે એવું કંઈ મળ્યું કે તે ગડબડ કરતો બંધ થાય છે. અહીં મેં તેમને તેણે ખૂબ એકાગ્ર થઈને કરેલાં કાતરકામની યાદ આપી. 'એટલે કે અરુણ કલાકૌશલ્યનું કામ પણ કરતો હોય છે ફકત મહેનતનું જ કામ નહિ—તો પછી તેની આટલી ગડબડ શા માટે ?

એકે પ્રશ્ન કર્યો, 'બાલમંદિરનાં સાધનો તેને પુરક નહિ હોય, તેને ખૂબ સહેલાં લાગતાં હશે.'

આ મુદ્દો પણ બરોબર ન હતો. કારણ હજુ ઘણાં સાધનોનો તેણે ઉપયોગ જ ન હોતો કર્યો. તો પછી આમ કેમ ? બધાં માટે અરુણ એક પ્રશ્ન જ થઈ પડયો હતો. ખાસ તો આગલે દિવસે એક પ્રસંગ બન્યો હતો. તેથી અરુણ તરફ બધાનું ધ્યાન વધારે ગયું હતું.

પ્રાર્થના ચાલુ હતી, અરુણ બહુ તાનમાં આવી જઈ પાસેના બાળક સાથે અટકચાળાં કરતો હતો. માલતીતાઇ તેની પાસે જઇ સમજાવવા ગયાં ત્યાં તો તેમને જ પકડી લીધાં મેં પાછળથી જઈ તેને પકડી લીધો. અને હું પાસેનાં ઓટલા પર બેઠી. અરુણનાં હાથ મારા હાથમાં હતા તેણે મને જોરથી ચીમટી ભર્યો. મેં કંઇ ધ્યાન જ ન આપ્યું સામેના કાર્યક્રમ તરફ જ મારું ધ્યાન હતું. ફરી પાછો નખ ભોંકીને બીજો ચીમટો ભર્યો. તો પણ હા હુ નહિ, ગુસ્સો નહિ, હસવું નહિ કશું જ નહિ; અરુણ તરફ ધ્યાન જ નહિ. અને પછીનાં ચીમટા તો નહિ જેવા જ હતા. અને મને વધારે ત્રાસ આપવાની અરુણની ઇચ્છા પણ દેખાઈ નહિ. અને ઠીક વખત પછી અરૂણને પણ સામેનાં કાર્યક્રમમાં તલ્લીન જોઈ મેં તેનો હાથ છોડી મૂકયો. અને થોડો વખત રહી મેં તેને ખંજરી વગાડવા આપી. આ રીતે અરૂણ ફરી વર્ગમાં સામેલ થઈ ગયો.

અરૂણે મને બહુ ચીમટા ભર્યા હશે એમ વિદ્યાર્થીઓનો અંદાજ હતો તેથી બધા તેની સામે થઇ ગયા હતા.

પણ મેં જ્યારે કારણ આપ્યું ત્યારે બધાનો આ ભ્રમ દૂર થયો.

કારણ :—કાલે સવારે અરૂણ પોતાની મા સાથે કેળાં વેચવા લઈ આવ્યો હતો. તેણે બધાંને જઈ જઇને કેળાં આપ્યાં મળેલા પૈસા ભેગા કરી માને આપ્યા. અને આ કામ કરતાં એટલી મઝા પડતી હતી કે એના આનંદનો પાર નહોતો. અમે બધાં તેના વધુ ઓળખીતાં, ઘરના જેવાં જ. અને પોતે અમને કેળાં આપ્યાં છે એવી આત્મીય ભાવના તેનામાં પ્રબળ હતી. તે જ આનંદમાં બાલમંદિરમાં ફરી અનુતાઈ, માલતીતાઇને સવારે કેળા લેનાર વિદ્યાર્થીઓ નજરે પડતાં જ તેને લાડ કરવાનું મન થયું. તેથી જ તેણે માલતીતાઇને પકડયાં અને મને ચીમટા ભર્યા. મારી પર ગુસ્સો ન હતો. ત્રાસ આપવાનો હેતુ પણ ન હતો. પણ તે પોતાપણાંનો લાડ હતો. તે દિવસે સાંજે પણ મને રસ્તામાં મળ્યો અને કહે, "મેં તમને કેવાં કેળાં આપ્યાં હતાં.' આ વાત બધાંને સમજાઇ પણ તેનાં શરીરમાં વધારે શકિત છે તેથી તે વધારે અટકચાળા કરતો, એ તો બાકી જ હતું.

અરૂણને બાલમંદિરમાં આવ્યે એક વર્ષ થયું. શરૂઆતમાં તો જેને તેને, 'તને મારી નાખીશ' 'કુહાડીથી તોડીશ,' 'મારું ?' આમ જ બોલતો અને હાથ હંમેશ મારવા માટે ઉચા જ રહેતા મોટા મોટા લાકડાંના કટકાને માટીનાં ઢેફા લઇ 'મારૂ ? મારૂ ?' કહી નીચે પાડયા છે. આ એની પહેલાની વૃત્તિ ખૂબ જ બદલાઇ છે. અરૂણ હવે ખૂબ શાંત થયો છે એવું લખાણ વચ્ચે વચ્ચે તેનાં ઉપરનાં અવલોકનમાં આવે છે. તેથી તેનું આ મૂળનું તોફાન તેનાં ઘરનાં વાતાવરણમાંથી જ આવ્યું છે તે ચોખ્ખું દેખાય છે. તેને ઘેર મા, બાપ, બે ત્રણ ભાઈ બેન, એક ઘરડાં દાદી એટલાં લોકો છે. બાપા—કામ પુરતું જ કમાય છે, મા ખૂબ મુશ્કેલીથી ઘર ચલાવે છે. અને દાદી દિવસભર બોલબોલ કરતી હોય છે. સાધારણ આર્થિક પરિસ્થિતિથી થોડું ત્રાસિત બનેલાં આ કુટુંબમાં ઘણી વાર કટકટ ઉભી થાય તે અરૂણનાં કાન પર પડે. સિવાય મા બાપ સાથે બેતરમાં

જતાં હોવાથી શરીરનું સ્વાસ્થ્ય સારૂં છે. તેથી તેની ઉમ્મર પ્રમાણે થોડી તો તોફાનમસ્તી છે જ.

બાલમંદિરમાં જુદું જ વાતાવરણ અને યોગ્ય પ્રવૃત્તિ કરવા મળવાથી તે શાંત થયો છે. સ્થિર થયો છે. આમ વચ્ચે વચ્ચે દેખાતી તેની ગડબડ એટલે ભાવનાનાં જોરદાર દબાણથી બહાર આવતી તેની મૂળ વૃત્તિ એમ જ સમજવું બાકી અરૂણ બહુ મીઠ્ઠો છોકરો છે.

અમે આ નિર્ણય પર આવ્યાં અને અમારી ચર્ચા પૂરી થઈ.

અનુતાઈ

લેખાંક ૯મો

બાળકનું ગણિત શિક્ષણ

અંક પરિચય : રાશિ–ચિહ્ન સાહચર્યનું દૃઢીકરણ

મોઝની પેટીમાં ચોક્કસ અંકના ખાનામાં મોઝ બરાબર નાંખતા આવડે, તો પણ તેમાંની રાશિ અને ચિહ્નનો પરિચય બાળકના મનમાં દૃઢ થવો જોઈએ. આ માટે હજી એક નવી રમત મેડમ મોન્ટેસોરીના સાધનમાં સૂચવી છે. આ રમતનું નામ છે ટોપલીની રમત.

ટોપલીની રમતમાંના સાધનો.

ઘાસને વળ આપીને અને રંગીને બનાવેલી એક સારી મોટા આકારની ટોપલી જોતાંની સાથે કમળાબેન બોલ્યા, 'તમે લોકો એકાદા જાદુગરની જેમ તમારી ગાંસડીમાંથી એક પછી એક સુંદર અને ગમત પડે એવા સાધનો કાઢતા જ રહો છો!

મેં કહ્યું, એ પણ અમારી શિક્ષણ પદ્ધતિનું એક તંત્ર જ છે! આપણા મોટાંઓની જેમ પણ બાળકોને પણ વિવિધતા જોઈએ છે. બધાં સાધનો એક સરખા હોય તો તેમાં નવીનતા લાગતી નથી. દરેક સમયે બાળકને એમા કંઈક અદ્‌ભુત લાગવું જોઈએ. એ જ પ્રમાણે સૌન્દર્યની દૃષ્ટિથી પણ સાધન વ્યવસ્થિતને આકર્ષક હોવું જોઈએ, એટલે સ્વાભાવિક રીતે જ એના ઉપર કામ કરવું ગમે છે.'

'સાચે જ આ ટોપલી, તેનો રંગ અને તેનું નકશી કામ સુંદર છે! અને આ એનું ઢાંકણું પણ સરસ છે! અરે! પણ આ ટોપલીમાં છે શું?'

મેં કહ્યું, 'હું ટોપલી ઉઘાડું છું અને તમે ટોપલીમાં હાથ નાંખો અને તમારા હાથમાં જે આવે તે લો.'

કમળાબેને ટોપલીમાં હાથ નાંખ્યો અને હાથમાં જે આવ્યું તે બહાર કાઢ્યું. એટલે એમાં રંગ બેરંગી ચિઠ્ઠીઓ જ ચિઠ્ઠીઓ બહાર નીકળી.



દરેક ચિઠ્ઠીના મધ્યમાં એક અંક લખ્યો હતો. ચિઠ્ઠી વાળી દઈએ એટલે એક ચોરસ ઘડી જેવી લાગતી હતી એમાં જુદા જુદા ત્રણ રંગોની ચિઠ્ઠીઓ દેખાતી હતી. દરેક અંકની દશ દશ ચિઠ્ઠીઓ અને આવી રીતે ત્રણ સેટની ચિઠ્ઠીઓનો જુદો જુદો રંગ હોય છે.

"આ રંગિત ચકચકિત કાગળોની ચિઠ્ઠીઓનું શું કરવાનું છે?" કમળા બેને પુછ્યું.

મેં કહ્યું, 'આ ટોપલીની સાથે બીજી ત્રણ ટોપલીઓ છે. એ પણ એટલીજ સુંદર અને બાળકને ગમે એવી છે. એકમાં નાના શંખ, બીજામાં કોડી તો ત્રીજામાં લાલ વાલ છે."

'હા! પણ એનું કરવાનું શું?"

મેં કહ્યું, 'મોઝની પેટી ઉપર બાળક વ્યક્તિગત રીતે રમતું હતું હવે અહીં આ સાધન ઉપર તેવી જ રીતે ગણત્રીની રમત રમવાની હોય છે. પણ અહીં બધાં બાળકોએ સાથે રમવાની છે. શરુઆતમાં શિક્ષકે બધાં બાળકોની સંમતિ લેવી એ લીધા પછી શિક્ષકના ટેબલ ઉપર ત્રણ ટોપલીઓ કે જેમાં જુદી જુદી વસ્તુઓ છે તેના ઢાંકણાં ઢાંકીને મૂકવી અને એ ત્રણ ટોપલીની સામે ચિઠ્ઠી વાળી મોટી ટોપલી ખૂલ્લી મૂકવી. બાળકને પોતાની જગા ઉપર બરાબર બેસાડીને પછી ક્રમશઃ એમને આવવાનું સૂચન કરીને ટોપલીમાં થોડી ચિઠ્ઠીઓ લઈ જવાનું કહેવું. દરેક બાળક થોડી ચિઠ્ઠીઓ લઈને પોતાની જગા ઉપર જશે. ત્યાં ગયા પછી પહેલા એક ચિઠ્ઠી ઉઘાડીને બાળક વાંચશે. અને એને ટેબલ ઉપર કે પોતાના આસન ઉપર મૂકશે.

પછી એ ચિઠ્ઠીમાં જેટલા અંક હશે તે ધ્યાનમાં રાખીને તે પ્રમાણે શિક્ષક પાસેની ઉઘાડી ટોપલીમાંની વસ્તુ તે ગણીને લે છે. પછી પોતાના ટેબલ કે આસન ઉપરની ચિઠ્ઠીની નીચે, નીચે બતાવ્યા પ્રમાણે બાળક ગોઠવે છે.



આ રીતે જેટલી ચિઠ્ઠીઓ હશે તે પ્રમાણે વસ્તુ લાવીને વ્યવસ્થિત રચના કરવાની આ સામુદાયિક રમત હોય છે. તે વખતે વર્ગનું દૃશ્ય ખૂબજ મઝાનું થઈ જાય છે. દરેક જણ ગણવાના કાર્યમાં મગ્ન. હિલચાલ પણ પગનો અવાજ બિલકુલ ન કરતા. બીજાને ત્રાસ ન થાય એવી રીતે કરે છે. મૂંગા મૂંગા આ કામકાજ બાળકો કરતા હોય છે ત્યારે શિક્ષક ફરતા ફરતા દરેક બાળકની પાછળ ઉભા રહીને ગણત્રી બરાબર થાય છે કે નહિ તેની નોંધ લે છે.

વીસ પચ્ચીસ મિનિટમાં બધાં બાળકોની જાણે કે આ અંકપરિચયની પરીક્ષા જ થાય છે. બધી ચિઠ્ઠી આગળ વસ્તુ મુકીને થયા પછી બાળકે શિક્ષકને એ જોવા બોલાવવા જેમનું જોવાઈ જાય એ પોતાની ચિઠ્ઠીઓ પાછી ટોપલીમાં નાંખી આવે, તેમ જ વસ્તુ પણ ટોપલીમાં નાંખવાની; અને ઇચ્છા હોય તો બીજી વાર થોડી ચિઠ્ઠીઓ લાવીને રમવાનું શરૂ કરવું.

સમ અને વિષમ અંકની કલ્પના.

ટોપલીની રમત બે ચાર વાર રમાઈ જાય કે પછી સમ વિષમ અંકની કલ્પના આપવાની દ્રષ્ટિથી બાળકની ભૂમિકા તૈયાર થઈ છે એમ સમજવું.

સમ વિષમની રમતને કેટલાક એકી-બેકીની રમત કહે છે. આ રમત હું જરા થોડી જુદી રીતે આપું છું. આ રમત માટે મેં ખુલ્લા દરવાજાના ચિત્રવાળા પાંચ કાર્ડ તથા બંધ દરવાજાના ચિત્રવાળા પાંચ કાર્ડ એમ દશ કાર્ડ યોજ્યા છે. કાર્ડનુ માપ ૧" x ૨" ના હોવા જોઇએ. એ ઉપરાંત સાદા કાર્ડનો (૨" x ૩") એક સેટ કે જેમાં એકથી તે દશ સુધી અંકો લખ્યાં હોય છે એની જરૂર પડે છે. તેજ પ્રમાણે પંચાવન કચુકા કે કોડીનો એક ડબ્બો હોય છે.

આ રમતમાં શરૂઆતમાં સાદા અંકના કાર્ડ ક્રમમાં ગોઠવવા. પછી તેની નીચે ટોપલીની રમત પ્રમાણે વસ્તુ ગોઠવવી. વસ્તુની રચના થઇ ગયા પછી શિક્ષકે સમ-વિષમ અંકનો પાઠ બાળકને આપવો.



બંધ દરવાજાનું ચિત્ર



ખુલ્લા દરવાજાનું ચિત્ર

બાળકને કહેવું આ રચના કરીને ગોઠવેલા અંકમાં બે પ્રકારના અંક છે. એક છે સમ અંકને બીજો છે વિષમ અંક. દરેક અંકની નીચે વસ્તુની રચનાની વચમાંથી આંગળી સરકાવીને પૂછવું કે 'દરવાજો ખુલ્લો કે બંધ?' વિષમ રચના એટલે જ્યાં વચ્ચે જ વસ્તુ આવે છે, ત્યાં આગળ આંગળી માટે દરવાજો બંધ થઈ જાય છે. ત્યાં આગળ બંધ દરવાજાનું ચિત્ર મૂકવું, અને જે સમ અંક હશે ત્યાં વસ્તુ હારની વચમાંથી આંગળી સરકાવીને બોલવાનું કે 'દરવાજો ખૂલ્લો' અને તેની નીચે ખૂલ્લા દરવાજાનું ચિત્ર મુકવું.

શરૂઆતમાં વસ્તુની રચના કરાવીને ખૂલ્લા અને બંધ દરવાજાના ચિત્રો ગોઠવવા કહેવું. પરંતુ પછી આગળ ઉપર જ્યારે બાળકને સમ અને વિષમ અંકની કલ્પના આવી જાય પછી અંકના કાર્ડ ગોઠવી દીધા પછી દરેક અંકની નીચે કયું ચિત્ર મુકવાનું છે એ પુછવું. આવી રીતે ક્રમશ ગોઠવીને કે પછી આગળ અંક ક્રમમાં ન હોય તો પણ દરવાજાના ચિત્રની મદદથી બાળકો અંકનું વર્ગીકરણ (સમ છે કે વિષમ અંક છે એ અંગેનું) કરી શકે એ જોવું.

—શેષ નામલે

મંથન

[પુલચંદ બાપુજી બાલમંદિરના ઉપક્રમે ગિજુભાઈ જયંતિ દરમ્યાન એક બાલશિક્ષણ સપ્તાહ યોજવામાં આવ્યો હતો. ખરું જોતાં બાલશિક્ષણના મહત્વ વિષે આપણી જનતાને જાગ્રત કરવાનો એ એક પ્રચાર–પ્રયત્ન હતો, એક પ્રયોગ હતો. અને તે કંઈક અંશે સફળ પણ થયો હતો. સંસ્થાના પ્રમુખ શ્રી શિવાભાઇ પટેલે આ સપ્તાહના પૂર્ણાહુતિ પ્રસંગે જાહેર કર્યું હતું તેમ, આ સપ્તાહ દ્વારા આશરે ચારથી પાંચ હજાર માણસોને બાલ શિક્ષણનો સંદેશો પહોંચાડયો હતો. સમિતિએ સાચી રીતે જોતાં એક લોક શિક્ષણનું કામ કર્યું હતું. અને જનતા તરફથી આવા વધારે કાર્યક્રમો ગોઠવવાની માગણી પણ આવીને ઉભી છે. આ સપ્તાહ દરમ્યાન જે વ્યાખ્યાનો થયાં હતાં તે રસભર્યાં, માહીતિવાળા અને જનતાની જ્ઞાન ભૂખને સંતોષે તેવાં હતાં. તેમાંના અગત્યના ભાગો અહીં પ્રગટ કરીએ છીએ–આ કંઈ અક્ષરશઃ ઉતારા નથી, પણ જે મુદ્દાઓનો વકતાઓએ સ્પર્શ કર્યો હતો તેનું ટૂંકમાં તત્વ નિરૂપણ છે.]

બાળક અને માતા

મા. મા, બાળક બને છે તે પહેલાં પણ બાળકની અપેક્ષામાંજ રહે છે. તેનું આખું સત્વ બાળકની પ્રતિક્ષામાં લીન રહે છે. ગર્ભધારણ પછી અને જન્મ પહેલાં જે કંઈ તકલીફો અને વેદના તેને સહન કરવાં પડે છે તે દરમ્યાન બાળકને મેળવવાની તેને આશા અને આનંદ એ બધી વેદનાઓ સહન કરવાનું તેને બળ આપે છે. અને ભાંગી પડાય તેવી સ્થિતિમાં પણ તેને ટટ્ટાર રાખે છે.

મા બાળકન માટે શું સહન નથી કરતી? અરે, જીવનનું સ્વાર્પણ કરવાની તૈયારી વિના બાળક મેળવી પણ નથી શકાતું દરેક મા પોતાના જીવનને જોખમમાં મૂકીને જ બાળકને મેળવે છે. એવું બાળક પોતાની જાત કરતાં પણ માને વધારે વહાલું હોય એમાં શો આશ્ચર્ય છે? અને જે મા પોતાની જાતને ખોવા તૈયાર થઈને બાળકને મેળવવા ચાહે છે તે મા પોતાના બાળકને માટે શું ત્યાગ નહીં કરે? માતાએ પોતાની જાતને બાળકને અર્થે અર્પણ કરેલી છે માનું આખું જીવન એક સ્વાર્પણના યજ્ઞ સમું છે અને તેથી જ આપણા ઋષિઓએ ગાયું છે કે; "માતૃ દેવો ભવઃ"

આવી માને અજ્ઞાન દશામાં રાખીને કેળવણીને યોજી શકાય જ નહીં.

—વિનોદિની બહેન નીલકંઠ

બાળક અને ભય

બાળકનું અવતરણ તેને કેટલું ગુંગળામણવાળુ હશે તેની કલ્પના આપણને આવી શકે તેમ નથી. પણ માની વેદના તો આપણે જોઈ શકીએ છીએ, તે ચીસ પાડી અને વ્યકત કરી શકે છે, બાળક તો બિચારૂં, તે વ્યકત પણ કરી શકે એમ નથી. અવતરણકાળની બાળકની આ ગુંગળામણને દૂર કરવાની કોઇ દવાજ નથી. તેમાંથી છૂટવાનો કોઈ ઉપાય નથી. તેમાંથી પસાર થયા વિના બીજો કોઇ વિકલ્પ જ નથી. અને એ ગુંગળામણમાંથીને પસાર થઇને જ્યારે બાળકનો અવતાર થાય છે ત્યારે આપણું ધ્યાન તો માની સારવારમાં જ રોકાએલું હોય છે. જે ભયંકર ગુંગળામણ અને ભયની સ્થિતિમાંથી તે છુટકારૂં પામ્યું છે એ મૂકતતાની દશામાં તેને સ્થિર કરવા માટે આપણે ગંભીરતાપૂર્વક પ્રયાસ કરવા જોઇએ. કોઈ પણ પ્રકારે ભયનો સંચાર તેનામાં ન થાય તેવી જાગૃતિ ભરી કાળજી આપણે રાખવી જોઇએ તેને બદલે આપણા અજ્ઞાનના કારણે આપણામાંથી બધાય બાળકને બીવરાવ્યા વિના રહેતાંજ નથી. માતા, પિતા, બહેન ભાઇ, સમાજ અને શિક્ષકે એને બીવરાવ્યાં જ કર્યું છે. એ બીધેલું બાળક કોઈ કેળવણીના પ્રતાપે, કે હાથમાં શસ્ત્ર ધારણ કરીને કે પોતાની પાછળ ઉભેલા લશ્કરના આધારે નિર્ભય થઈ શકશે એવી ધારણા ભ્રમણા જ છે.

—અજરામર દોશી

બાળક અને પ્રજા

અનેક યુધ્ધોના ઘા અને યાતનાઓ ખમી ખમીને માણસ થાકી ગયો છે. જગતની પ્રજાઓ થાકી ગઈ છે, અને યુધ્ધના પડછાયાઓ અને ભયની વચમાં રહીને માનવ જાતિ આજે શાંતિની ઝંખના કરી રહી છે. શાંતિ સ્થાપિત કરવાની પોતાની શકિત વિષે પણ તેને શંકા જાગી છે. માનવ–માનવ વચ્ચે અને પ્રજા–પ્રજા વચ્ચે જે રાગ, દ્વેશ, વેરને ઝેર શંકા અને આશંકા જાગેલાં છે તેને નિર્મળ કેવી રીતે કરી શકાય? ઘડાઇ ગએલો માણસ પોતાનામાં કંઈ પણ ફેરફાર કરી શકતો નથી. જુનાની ઉપર નવ ઘડતર થઈ જ શકતું નથી.

શાંતિ તોજ સ્થાપી શકાય જો આપણે પારણામાં

ઝુલતી પ્રજામાં શાંતિના બીજ રોપી શકીએ, પ્રેમના નીર સીંચી શકીએ. તો જ શાંતિ વૃક્ષ ફાલી ફૂલી શકશે જો આપણાં રાગ, દ્વેશ આપણા આગ્રહો આપણા મત મતાંતરો આપણી મતિનાં કે ધર્મના જનૂનથી ઉગતી પ્રજાને આપણે જો બચાવી શકીએ તો જ શાંતિને સ્થાપી શકીએ. જગતમાં શાંતિ, સંપ, પ્રેમ, કલા, ઔદાર્ય સ્થાપવાં હોય તો બાળક દ્વારાજ તે સ્થાપી શકાશે. તમે ચાહો તો નવ સર્જન પણ તેજ કરશે અને ચાહો તો વિનાશ પણ તેજ કરશે. —કપિલા બહેન મહેતા

બાળક અને ગર્ભાવસ્થા

નવ વધુને જોઇને આપણે નમસ્કાર કરવા જોઇએ કારણ કે તેણે પોતાના કુટુંબનો ત્યાગ કરીને નવા કુટુંબનો સ્વીકાર કર્યો છે. જે કંઈ તેનું પોતાનું હતું તે બધાનો ત્યાગ કરીને આપણે તેને જે કંઈ આપીએ તે પ્રેમથી સ્વીકારવાને આવે છે. જ્યારે પ્રથમ અવતાર થયો ત્યારે તેને પોતાનું ભાન પણ ન હતું. વધૂ-પદ એક નવા અવતાર છે એ અવતારમાં ગઈ કાલની બધી યાદ ભરેલી છે. એ બધાં પ્રેમ-સ્નેહ-લાડ-સંબંધનું વિસ્મરણ કરીને જે નવા અવતારમાં પગલાં માંડે છે તે આપણાં વંદન જ નહિ પણ પ્રેમ અને સહાનુભૂતિનું પૂરેપૂરું અધિકારી જ છે. તે આપણા કોઈ ખુણામાં સમાવા જ આવે છે. એના પ્રત્યે પ્રેમ, સદ્‌ભાવ અને આદર જગાડીને રાખવાં જોઇએ કે જેથી તેનું અને આપણું હૃદયનું મિલન વધારે જલદી થાય. તેને બદલે આપણે સમાજમાં શું જોઇએ છીએ ?' તેના ઉપર સાસુ-સસરાનું, નણંદ-ભોજાઈનું, દિયેર-જેઠનું, સર્વ કોઈનું વર્ચસ્વ હોય છે. રાણીને બદલે તે દાસીની જેમ જીવે છે. આપણે રાણી પુત્રો જોઇએ છીએ કે દાસી પુત્રો ?

ગર્ભાવસ્થામાં બે જીવ હોવા છતાં બાળક અને માતા-વ્યક્તિરૂપે તો એકજ છે, એટલે માતાના આહાર વિહારની, આરોગ્ય અનારોગ્યની જેમ બાળકના વિકાસ ઉપર અસર થાય છે. તેમ તેના માનસિક સ્વાસ્થ્યની, ચિત્તની પ્રસન્નતાની બાળક ઉપર અસર થાય છે. એટલે માતાના આ કાળ દરમ્યાન, માતાનું શારીરિક-માનસિક સ્વાસ્થ્ય અને ચિત્તની પ્રસન્નતા જળવાયાં કરે એ જાતની જાગૃતિપૂર્વકની કાળજી કુટુંબમાં અને વાતાવરણમાં જળવાયાં કરે તે જોવાની આપણી ફરજ છે.

—ડો. હરપ્રસાદ ભટ્ટ

બાળક અને સામાજીક વિષમતા

બાલમંદિરનું દર્શન કરવાની, તેનું અવલોકન કરવાની પણ એક દ્રષ્ટિ હોય છે. ઘણા જોનારાઓ આવે છે ને આ સારું છે ને આ સારું નથી; આ ગમે છે ને આ નથી ગમતું એમ કહીને બાલમંદિરનું દર્શન કરવાને બદલે પોતાનું જ પ્રદર્શન કરે છે. જો કે દર્શન-પ્રદર્શન તો થતું જ હોય છે, કરવા કરાવવાનો ખ્યાલ પણ હોતો નથી. કેટલાક એવા ધીર-ગંભીર માણસો પણ હોય છે કે જેઓ દર્શન કરે, પ્રદર્શન જુએ-છતાં પોતાનું દર્શન પ્રદર્શન ન થઈ જાય તેની તેઓ ખાસ જાગૃતિ રાખે છે.

બાલમંદિરમાં બાળકોનો એક સમુદાય હોય છે તે તેમાં સંતોષી, અસંતોષી, ધરાયલાં તેમજ ભૂખ્યાં, સ્થિતિવાળાં ને સ્થિતિ વિનાનાં, પ્રસન્ન તેમજ ચીડીયાં એમ જાત જાતનાં બાળકો આવે છે અને સ્વતંત્ર વાતાવરણમાં તેઓ એક બીજાની સાથે કેમ વર્તે છે અને પોતાની જાતનું કેવી રીતે પ્રદર્શન કરે છે એ જોવું તે પણ એક લ્હાવો છે.

શ્રીમંતોના બાળકોને પોતાની ચીજ વસ્તુઓની કંઈજ પડી નથી હોતી. જ્યારે ગરીબ બાળકો પોતાને જરૂરની કે જોઇતી વસ્તુ જ્યાંથી મળે ત્યાંથી લેવાને અધીરાં હોય છે. અને જે વસ્તુ ફરીથી મળવા વિષે શંકા હશે તે વસ્તુનો છાનાંમાનાં એકલાં એકલાં ઉપયોગ કરતાં હોય છે. અથવા જો તે ઝુંટવાઈ જવાનો ભય લાગે તો નાશ પણ કરતા હોય છે. આવી રીતે ભિન્ન પરિસ્થિતિમાંથી આવતાં બાળકો ભિન્ન પરિસ્થિતિમાં એક સરખી રીતે જ વર્તતા હોતાં નથી. આવી અનેક સામાજીક વિષમતાઓ સ્થૂળ અને સૂક્ષ્મ જે બાળજીવનમાં આપણને દેખાય છે, ને જેનાં મૂળ આપણી સામાજીક પરિસ્થિતિમાં રહેલાં છે તેનો અભ્યાસ કરી તેનું નિવારણ કરવાના માર્ગો વિચારવાની બાળમંદિરની પરિસ્થિતિ આપણને એક તક પૂરી પાડે છે.

—યશસ્વતી ભટ્ટ

પથારી ભીની કરવાની બાળકની ટેવ

નાનપણમાં ઘણાં બાળકો પથારીમાં પેશાબ કરી દે છે. સમયસર જાજરુ જવું તથા પેશાબ કરવા જવાની કુદરતી હાજતની તાલીમ આપવાથી સાધારણ રીતે બે વર્ષની અંદર પથારીમાં પેશાબ કરવાનું છોડી દે છે. પરંતુ જે બાળકને ઉપર પ્રમાણેની તાલીમ ન મળી હોય અથવા જેને પથારી ભીની કરવાની બિમારી હોય એવા બાળકો પંદર–વીસ વર્ષના થાય ત્યાં સુધી પથારીમાં પેશાબ કરી દે છે.

કોઇ કોઇ બાળકો રાત્રે પથારી ભીની કરે છે, કોઈ બાળકો દિવસના પથારી ભીની કરે છે તો કોઇ બાળક એવા પણ હોય છે કે જે દિવસના અને રાતના બન્ને વખત પથારી ભીની કરે છે. કેટલાંક બાળકો સુસ્તીને લીધે પથારી ભીની કરે છે. પરંતુ સાધારણ રીતે વધુ બાળકો અચેતન અવસ્થામાં જ આવી રીતે પથારી ભીની કરતાં હોય છે.

કોઈ પણ કારણ હોય પરંતુ જન્મથી જ માતા પિતા જો બાળકના સંવર્ધનમાં કાળજી રાખે તો બાળક ઘણી જલ્દીથી આ ટેવથી છૂટકારો મેળવી શકે છે. આમ શરુઆતથી સંવર્ધનના કામમાં કાળજી ન રાખવાથી કેટલાએ વર્ષો સુધી બાળકને આ ટેવનો ભોગી બની રહેવું પડે છે.

પથારી ભીની કરવાથી બાળક પર શી અસર થાય છે?

(૧) વારંવાર પથારી ભીની કરતું બાળક ચિડિયું તથા ક્રોધી બને છે.

(૨) એને મોઢેથી નખ કરડવાની ટેવ પડે છે.

(૩) અતિશીઘ્ર આવેશમાં [excite] આવી જાય છે.

(૪) પોતાના ઉપર કાબુ રાખી શકતો નથી.

(૫) બહુ જ અસ્વસ્થ તથા અવ્યવસ્થિત રહે છે.

(૬) ખૂબજ અસ્થિર રહે છે. કોઇ પણ એક પ્રવૃત્તિમાં એ સ્થિર થઈ શકતું નથી. એ આમથી તેમ ફર્યા કરે છે.

(૭) એ એટલો બધો સંકોચશીલ બને છે કે કોઇ સાથે વાત કરવી કે કોઇના સમાગમમાં આવવાનું એ પસંદ કરતું નથી.

ઉપર વર્ણવેલી વિકૃતિઓ ઉપરાંત બીજી પણ અનેક ત્રુટિઓ બાળકમા આવે છે. એટલે માત–પિતાનું કર્તવ્ય છે કે પોતાની બેદરકારી અથવા આળસને લીધે બાળકોમાં આ ટેવો ન પડે એની કાળજી લેવી જોઇએ.

પથારી ભીની કરવાના કારણો

૧. કેટલાંએ બાળકો સાત્વિક અથવા પૌષ્ટિક ખોરાકને અભાવે અથવા તો શારીરિક અશક્તિને કારણે આ ટેવનો શિકાર બની જાય છે. એવા બાળકોનું મૂત્રાશય એટલુ તો નિર્બળ બની જાય છે કે એમનાથી પેશાબ થઇ જાય છે. સ્નાયુની નિર્બળતાને કારણે, બાળક પથારી ભીની કરે છે

૨. વધુ પડતો ખોરાક લેવાથી, વધુ મસાલેદાર ખારાં પદાર્થો ખાવાથી, વધુ મીઠાઇ ખાવાથી, પાચનશક્તિ કમ્જોર થવાથી, પેટમાં ચરમ થવાથી, રાત્રે સુતી વખતે વધારે પડતું પાણી અથવા દૂધ પીવાથી તથા ચત્તા સુવાથી પણ બાળક પથારીમાં પેશાબ કરી દે છે.

૩. જે બાળકને નાનપણમાં સમયસર પેશાબ કરવાનું નહિ શીખવાડયું હોય અથવા સમય કરતા વહેલા જ બાળકને પેશાબ કરવા માટે આગ્રહ કર્યો હોય અથવા જે બાળકને પથારી ભીની કરવા માટે બીવડાવ્યું–ધમકાવ્યું કે ગુસ્સે થયા હોઇએ અથવા તો જે બાળકને પેશાબની હાજત થતાં એને રોકે છે તે બાળક પથારી ભીની કરવા માંડે છે.

(૪) જે બાળકને પહેલા રહેવા તથા સુવા માટે જુદો ઓરડો આપ્યો હોય, પરંતુ પછી એ ઓરડો લઇ લેવામાં આવે તો બાળક પથારી ભીની કરવા માડે છે.

(૫) જે બાળકને એક સ્થાન ઉપરથી બીજા સ્થાન ઉપર જવું પડે છે એ બાળકના મૂત્રાશય ઉપર તાણ પડે છે અને જેના પરિણામે બાળક પથારીમાં પેશાબ કરવા માંડે છે. યુધ્ધના સમયમાં જ્યારે બાળકોને પોતાના ઘરથી દૂર જુદા રાખવામાં આવ્યા હતાં ત્યારે એમાંથી ઘણાં બાળકો પથારીમાં પેશાબ કરવા લાગ્યા હતા. પરંતુ કેટલાક દિવસો પછી એ ટેવ પોતાની મેળે જતી રહે છે.

(૬) જે બાળકો કામ કરતા તથા રમતા રમતા ખૂબ થાકી જાય છે અથવા જે બાળકને પૂરતો આરામ

મળતો નથી અથવા જે બાળકને ગાઢ નિદ્રા મળતી નથી અથવા જે બાળક ખૂબ સુસ્ત રહેતું હોય એ બાળક પથારી ભીની કરવા માંડે છે.

૭. પહેલીવાર શાળામાં દાખલ થાય ત્યારે, ઘરમાં વધારે મહેમાનો આવવાથી અથવા નવા ભાઈ-બ્હેનના જન્મથી, અથવા દૂર પ્રવાસે જવાથી બાળકના મન ઉપર ખૂબ શ્રમ પડે છે, એના પરિણામે બાળક પથારી ભીની કરવા લાગે છે.

૮. જે બાળક ખૂબ જલદીથી આવેશમાં આવી જાય છે, અથવા જે બાળક ઈર્ષ્યા કરે છે, અથવા જે બહુ ડરે છે અથવા જે બાળક બહુ સંકોચશીલ હોય છે, અથવા જે બાળક ખૂબ જોરથી હસે છે એવા બાળક પણ પથારી ભીની કરે છે.

૯. જે બાળક વધુ કલ્પનામય અથવા ભૂત–પ્રેત રાક્ષસની વાર્તાઓ સાંભળે છે, અથવા જે બાળકને ઉ-તેજીત કરવાવાળી બાબતોનો અનુભવ કરાવાય, અથવા જે બાળક ખૂબ સીનેમાં નાટક વિગેરે જુએ છે એ બાળક પણ પથારી ભીની કરે છે.

૧૦. જે બાળકનો પરીક્ષામાં પાછળનો નંબર આવે છે અથવા જે બાળક પરીક્ષામાં નાપાસ થાય છે, અથવા જે બાળક મન્દબુધ્ધિ હોય તે અથવા જે બાળકની બધા મશ્કરી કર્યા કરતા હોય એવું બાળક પણ પથારી ભીની કરે છે.

૧૧. જે કોઈ બાળકને વિના કારણે અપરાધી ઠરાવવામાં આવે, જે બાળકને બધાની સામે શરમ દેા કરવામાં આવે, અથવા જે બાળકને બહુ ડરાવવા તથા ધમકાવવામાં આવે, જે બાળકને નજીવી બાબતો માટે સજા કરવામાં આવે કે જે બાળકને વધુ પડતા સખત બંધનમાં રાખવામાં આવે એ બાળક પણ પથારી ભીની કરે છે.

૧૨. જે બાળકમાં કોઈપણ કારણસર દીનતાનેા ભાવ જાગૃત કરવામાં આવે, અથવા તેા જે બાળકનેા આત્મ-વિશ્વાસ નષ્ટ કરવામાં આવે એવા બાળકેા પણ પથારી ભીની કરે છે.

૧૩. જે બાળકને પહેલા ખૂબ લાડ કોડમાં ઉછેરવામાં આવે, જેની દરેક યેાગ્ય અયેાગ્ય માગણીઓ પૂરી કરવામાં આવે અને એને ગમે તે કરવાની છૂટ આપવામાં આવે પરંતુ પ્રછી એકદમ આ બધી બાબતોથી વંચિત કરવામાં આવે તેા એ બાળક પણ પથારી ભીની કરવા લાગે છે.

૧૪. જે બાળકને માતાપિતાનેા જોઇએ એટલેા સ્નેહ મળતેા નથી અથવા જે બાળકના માતાપિતા સદા લડતા ઝગડતા રહે છે અથવા જે બાળકના માતાપિતા એક બીજા સાથે છુટાછેડા લે છે, એવું બાળક ભટકતું રહે છે, અને આ જગતમાં પેાતાનું કોઇ નથી એમ એને લાગે છે, તેા એના પરિણામમાં બાળકના મૂત્રાશય ઉપર તાણ પડે છે અને બાળક પથારી ભીની કરવા માંડે છે.

૧૫. જે બાળકનેા શારીરિક, માનસિક તથા ભાવનાત્મક વિકાસ યેાગ્ય રીતે થતેા નથી, અથવા જે બાળકને જન્મથી જ સંઘર્ષણમાં ઉતરવું પડે છે, અથવા જે બાળકની આકાંક્ષાઓ અને ઈચ્છાઓને દાબી દેવામાં આવી હોય અથવા જે બાળકને દિલ ખોલીને પેાતાના વિચારેા વ્યકત કરવાનેા અવસર પ્રાપ્ત ન થતેા હોય, અથવા જે બાળકને પેાતાના સમેાવડીયાઓ સાથે રમવા કૂદવાની તક આપવામાં ન આવી હોય, અથવા જે બાળકને રાત દિવસ ચાર દિવાલેાની અંદર પૂરી રાખવામાં આવે એવા બાળકેા પણ પથારી ભીની કરે છે.

પથારી ભીની કરવાના બીજાં અનેક કારણેા હોય છે પરતુ અહીં જે મુખ્ય કારણેા આપ્યા છે; તેમને માતાપિતા જો ધ્યાનમાં લે તેા બાળકની આ ટેવ સહેલાઈથી દૂર થઈ શકશે.

પથારી ભીની કરવાની ટેવ દૂર કરવાના ઉપાયેા.

(૧) પથારી ભીની કરવાની ટેવ છોડાવવા માટે સૌથી પહેલી વાત એટલે કોઇ બાલ માનસશાસ્ત્રના જાણકાર તથા યેાગ્ય અને અનુભવી ડોકટર પાસે બાળકની સંપૂર્ણ તપાસ કરાવવી જોઇએ, અને પછી એના આદેશાનુસાર અમલ કરવેા જોઇએ તપાસ કરાવતી વખતે એ બાળકને કોઇ પ્રકારનુ માનસિક દુઃખ ન થાય અથવા એને લાંબા સમય સુધી હોસ્પીટલમાં રહેવું ન પડે એ બાબતનું માતાપિતાએ ખાસ ધ્યાન રાખવું.

(૨) બાળકને બિલકુલ હલકેા સાદેા ને જલ્દીથી પચી જાય એવેા સપ્રમાણ, ખેારાક આપવેા. ખૂબ મસાલેદાર પદાર્થો તથા વધારે પડતી મીઠાઈઓ પણ ન આપવી. સાંજનું જમવાનું સૂર્યાસ્ત પહેલા થઇ જવુ જોઈએ.

(૩) રાત્રે સુતી વખતે બાળકને દૂધ, પાણી જેવા પ્રવાહી પદાર્થો ન આપવા પરંતુ આવા પ્રકારના નિયમ બનાવતા પહેલા બાળકની રજા લેવી અત્યંત જરુરી છે. બાળકની ઇચ્છા વિરૂધ્ધ આવા નિયમેા કરવાનેા પ્રયત્ન

(અનુસંધાન પૃષ્ઠ ૧૭ પર જુઓ)



* * * * * * * સરકસ આવ્યું * * * * * * *

(૧)

સરકસ સરકસ,
આવ્યું આવ્યું,
ખેલ નવા તો,
લાવ્યું લાવ્યું;

(૨)

પડઘમ વાજાં,
ગાવે ગાવે,
નાના મોટા,
ભેગા થાવે,

(૩)

સરકસમાં તો
ચક્રમ એક,
સાવ ભાઇ,
ધનચક્કર છેક,

(૪)

લાંબી લાંબી
ઝેની ટોપ,
બગલા જેવી,
લાંબી ડોક,



(૫)

જાડા જાડા,
હાથી ચાર,
ઘોડાનો ના,
લાગે પાર,

(૬)

જમે રૂડા,
ઝુલા ખેલ,
વાઘ ને વાંદર,
કરતાં ગેલ,

(૭)

ચીના મીના
છે દસ બાર,
ખેલ કરતાં,
ના લાગે વાર,

(૮)

બાળક મન તો
ખૂબ હરખાય,
લંબુ આખો,
તો ઉભરાય,

(૯)

સરકસ આવ્યું, સરકસ આવ્યું, ખેલ નવા તો, લાવ્યું લાવ્યું.

—રમેશ કોઠારી.

સિકંદરનો ઘોડો

સિકંદરનું નામ કોણે નહિ સાંભળ્યું હોય? એણે કેટલાય દેશ જીત્યા. એ કેટલી ચતુરાઈવાળો હતો. એની તો ઘણી વાતો છે. પણ આપણી આ વાત એના પ્રખ્યાત ઘોડાની છે. એ ઘોડાનું નામ બ્યુસ ફેલસ.

એક વાર કોઇ માણસ આ ઘોડો સિકંદરના બાપ પાસે વેચવા લાવ્યો. ઘોડો તો શું જબરો! બધા જોયાજ કરે. કદાવર એનું શરીર. થનગનતા એના પગ. રૂપાળું એનું માથું. કમળના ફૂલની પાંખડી જેવા ઘાટીલા એના કાન. રેશમ ફરફરતા તોરણ જેવી એની કેશવાળી. બ્યુસે ફેલસ બરેબર સુંદર ઘોડો હતો.

ફિલીપ રાજા તો સિકંદર અને પોતાના ઉમરાવોને લઇને મેદાનમાં ઘોડાને જોવા ગયા. એક પછી એક ઉમરાવે ઘોડા ઉપર બેસી જોવા પ્રયત્ન કરી જોયો, પણ પાણીમાં. કોઇ પણ ઉપર ચઢવા જાય છે કે ઘોડો ઝાળ થઇને ફૂદે. આખું મેદાન ગજવી મૂકે. બેસનાર તો ગભરાઈ જાય. ભલભલા હાર્યા. રાજાએ તો ગુસ્સે થઈને કહ્યું; 'લઈ જાઓ આ ઘોડાને, મારે નથી જોઇતો. આ તે ઘોડો છે કે આફત?' રાજા ફિલીપે વાત પૂરી કરી. એટલે નાનો સિકંદર બોલ્યો; 'બાપુજી, મને બેસવા દો.' બધા તો હસી પડ્યા. રાજાએ કહ્યું 'અલ્યા, આટઆટલા અનુભવી થાકયા ને તારાથી આવડો મોટો ઘોડો વશ થશે?'

સિકંદરે કહ્યું, 'તમે કેમ ચિંતા કરો છો બાપુ? મને જવા તો દો!'

ફિલીપે સિકંદરને રજા આપી. સિકંદરે તે બ્યુસે ફેલસનું મોં સૂર્ય સામે કર્યું. બ્યુસે ફેલસ તો તદ્દન શાંત થઇ ગયો. જરા બોલે કે ચાલે. આવો ડાહ્યો ઘોડો જવલ્લેજ જોવા મળે. બધાંના અચંબાનો પાર ન રહ્યો. જે કામ મોટા મોટા ઘોડાના ઉસ્તાદો ન કરી શકયા તે આવડો નાનો સિકંદર કેવી રીતે કરી શકયો? પણ વાત સાવ સાદી હતી. સિકંદર ઘોડાના મનની વાત સમજ્યો હતો. ઘોડાને પોતાના અને માણસના પડછાયાની બીક લાગતી હતી. સિકંદરે એ ઘોડાને સૂર્ય તરફનું મોં કરાવ્યું એટલે એને પડછાયા દેખાતા બંધ થયા. બીક નીકળી ગઇ ને તોફાન બંધ થયું.

પછી તો ઘોડાને અને સિકંદરને ભારે દોસ્તી થઈ ગઇ. સિકંદરની રજા વિના કોઇપણ સવારને ઘોડો ઉપર બેસવા ન દે. સિકંદર પણ બીજા ઘોડા ઉપર ન બેસે. સિકંદર તો મોટો થઇને દેશ પરદેશ જીતવા લાગ્યો. ઘોડાએ પોતાના માલિકને ખૂબ સાચવ્યો. જ્યારે સિકંદર હિંદ જીતવા આવ્યો ત્યારે તો ઘોડો ઘરડો થઈ ગએલો, પણ લડાઇમાં સિકંદર આજ ઘોડો વાપરે. એકવાર સિકંદર ઘાયલ થએલો ને ઘોડો પણ ખૂબ ઘાયલ થયેલો. છતાંય ઘોડો સિકંદરને યુધ્ધના મેદાનમાંથી લઈ જઇને એક સહિસલામત જગ્યાએ મૂકી આવ્યો. પછી ત્યાંજ ઘોડાએ પ્રાણ છોડયા. સિકંદરની આંખમાં આંસુ આવ્યા. એનો જીગરજાન દોસ્ત એનાથી છૂટો પડયો હતો.

સિકંદરે પોતાના ઘોડાના નામ પરથી બ્યુસે ફેલસ નામનું શહેર વસાવ્યું.

આવી હતી ઘોડા ને સિકંદરની દોસ્તી.

એન્ડ્રોક્લિસ અને સિંહ

રોમ નામે એક નગર હતું. તેમાં એન્ડ્રોક્લિસ નામે એક ગુલામ રહેતો હતો. તેનો માલિક તેને ખૂબ દુઃખ દેતો હતો. આખરે એનડ્રેક્લિસ તેનાથી કંટાળી ગયો. ઉપાય શોધી નાસી છૂટ્યો. શહેર વટાવી તે સીમમાં ગયો; સીમ વટાવી જંગલમાં ગયો. ચાલી ચાલીને થાકી ગયો. તેવામાં તેણે એક ગુફા જોઇ. આરામ લેવા તે ગુફામાં પેઠો. થોડીજ વારમાં તેણે સિંહની ત્રાડ સાંભળી. જોત-જોતામાં સિંહ ગુફાને બારણે આવી પહોંચ્યો. સિંહને જોઇ



એન્ડ્રોક્લિસ બી ગયો. સિંહ તેની પાસે આવ્યો. પાસે આવીને તેણે આગલો પંજો ઊંચો કર્યો. તેના પગમાં કાંટો હતો. કાંટાથી તે રિબાતો હતો. એન્ડ્રોક્લિસે તે દીઠો અને ધીરેથી ખેંચી કાઢ્યો. સિંહ ખૂબ ખુશ થયો. એન્ડ્રોક્લિસના પગમાં તે આળોટ્યો.

કેટલાય દિવસ પસાર થયા. પછી એન્ડ્રે લોકોએ પકડ્યો. તે જમાનામાં ગુલામોને પકડી સિંહના મોં આગળ મૂકતા. આથી એન્ડ્રોક્લિસને એક મંડપમાં ઉભો રાખ્યો. તેની આજુબાજુ ઊંચી જગાએ સૌ ગોઠવાયા. તેની બાજુમાં એક પાંજરૂ હતું. પાંજરામાં એક સિંહ હતો. થોડીવારે પાંજરૂં ખોલ્યું. પાંજરામાંથી મોટો સિંહ બહાર આવ્યો. કેટલાય દિવસથી તે ભૂખ્યો હતો. એન્ડ્રોક્લિસ પાસે જ ઉભો હતો. તેના ઉપર તે ધસ્યો. લોકોએ કિકિયારીઓ કરી મૂકી.

પણ આ શું? મોટો વનરાજ એન્ડ્રો-ક્લિસના પગમાં બેસી ગયો. ગેલમાં આવી પૂંછડી પછાડવા લાગ્યો. જાણે પાળેલો કૂતરો ન હોય! એન્ડ્રોક્લિસ જાણી ગયો કે આ પેલોજ સિંહ છે. એન્ડ્રોક્લિસે પોતાનો હાથ સિંહ પર મૂક્યો. તે પ્રાણી અને આ માણસ બને મંડપની બહાર નીકળ્યા. કોઈએ તેમને રોકવાની હિમત કરી નહીં. બંને જંગલમાં જઇ વસ્યા.

—હુરબક્ષસાહેબ બક્ષ

'શિક્ષણ–પત્રિકા'ના લવાજમ બાબત

'શિક્ષણ-પત્રિકા'ના લવાજમની રકમ જેઓ ચેકથી મોકલવા ઈચ્છે, તેઓ 'શિક્ષણ–પત્રિકા'ના નામે ન મોકલતાં **'ટ્રેઝરર, નૂતન બાલ શિક્ષણ સંઘ'**, એ નામનો ચેક મોકલવા કૃપા કરે. —વ્યવસ્થાપક.

રંગ છે એ ઘોડાનો!

એક ગામમાં એકવાર ઘોડા વેચનાર સોદાગર આવી ચઢયો. તે જાતજાતના ઘોડા લાવેલો. દરેક ઘોડાના રંગ પણ જુદા. ગામના લોકો જોવાને ભેગા મળ્યા. આજુબાજુના ગામમાંથી પણ કેટલાક આવ્યા. રાજાનો દિવાન પણ ઘોડા ખરીદવા માટે આવ્યો. ઘોડાની તો ત્યાં હાટ મંડાઇ.

તે ગામમાં વીરસિંહ નામનો રજપૂત રહે. તેને લડાઈમાં જવાનો શોખ લાગેલો. તે પણ નીકળ્યો ઘોડો લેવા. રાજા રજવાડાનો માણસોએ ઘણાં પૈસા આપી સારા ઘોડા વેચાતા લીધા. વીરસિંહ તો એક પછી એક ઘોડો જોવા લાગ્યો પણ તેની નજરમાં એકે ઘોડો આવ્યો નહિ. એવામાં એણે એક ધોળો ઘોડો જોયો. ઘોડો દેખાવે પાતળો અને નાનો હતો. કેશવાળી પણ એટલી સુંદર ન હતી. પણ તેની આંખો ચમકાક હતી. તેના પગ પાતળા, લાંબા અને થનગનતા હતા. વીરસિંહને આ ઘોડો ખૂબ ગમી ગયો. તેણે થોડા પૈસામાં આ ઘોડો ખરીદયો. ગામના લોકો તેને હસવા લાગ્યા, મશ્કરી કરવા લાગ્યા, તેને મૂર્ખો કહી તેની ઠેકડી ઉડાડવા લાગ્યા, પણ વીરસિંહે ગણકાર્યું નહિ. એ તો ઘોડો લઇને ઘેર ગયો.



થોડા વખત પછી તે ગામના રાજાને પાસેના ગામના રાજા સાથે લડાઇ થઈ. તે દિવસોમાં એવો રિવાજ હતો કે જ્યારે લડાઇ જાગે ત્યારે દરેક ઘરમાંથી એક એક રજપૂત લડવા માટે જાય. વીરસિંહે પણ પોતાનો ઘોડો તૈયાર કર્યો અને બધાની સાથે નીકળ્યો.

આ બાજુ ગામના લોકો રોજ પાદરે એકઠા થાય. લડાઇના સમાચારની રાહ જુએ. પોતાના માણસો જીતીને આવે એ માટે પ્રાર્થના કરે.

આમ કરતાં થોડા દિવસો ચાલ્યા ગયા. બુનબાર લડાઈ થઇ, તેમાં એ ગામનો રાજા જીત્યો. રાજાએ ફરમાન કર્યું, જે વિજય પતાકા લઇ પહેલું ગામમાં પહોંચશે તેને મોટું ઇનામ મળશે. ત્યાં તો એક, બે, ત્રણ, અરે દસ વીસ, ગણ્યા ગણાય નહિ તેટલા ઘોડાઓ દોડયા. જુઓ તો જાણે હરિફાઇ જામેલી. ભાથામાંથી તીર છૂટે તેમ ઘોડાઓ દોડવા લાગ્યા. સૌની સાથેસાથ વીરસિંહે પણ પોતાનો ઘોડો છૂટો મૂકયો. લોકો મીટ માંડીને જોવા લાગ્યા. કોઇ ઝાડ પર ચઢયા, કોઈ ડુંગર પર ચઢયા. કોનો ઘોડો પહેલો આવશે તેની વાતો થવા લાગી.

પણ અરે આ શું? વીરસિંહનો ઘોડો વિજય પતાકા લઇને સૌની મોખરે ગામમાં પહોંચ્યો! લોકોના આશ્ચર્યનો પાર ન રહ્યો. કેટલાક મોંમાં આંગળા ઘાલી ગયા. કેટલાક મનમાં ને મનમાં બીજવા લાગ્યા. કેટલાક ઘોડાને શાબાશી આપવા લાગ્યા.

રાજાએ તો ગામ લોકોને એકઠા કર્યા. વીરસિંહને થાળ ભરીને સોના મહોરો આપી. ઘોડાને શણગારી ફૂલની માળા પહેરાવી. આખા ગામમાં ફેરવ્યો, ને ખૂબ શાબાશી આપી.

રંગ છે એ ઘોડાને.

શ્રીમતી નિર્મલા ભટ

—દ્રાક્ષ, દહીં, મધ મધુર છે, તેથી છે સુધા મધુર;
પણ જેને મન જે ગમ્યું, તેને તે જ મધુર.

(પૃષ્ઠ ૧૨ થી ચાલુ)

કરીશું તો બાળક એનો વિરોધ કરશે અને ચોરી છુપીથી આવા પદાર્થો પીશે.

(૪) બાળકને કબજીઆત ન થાય અને માંદુ ન ન પડે એની પણ ખાસ કાળજી લેવી જોઇએ.

(૫) રાતના બાળકને પેશાબ કરાવ્યા પછી જલ્દીથી સુવાડી દેવું જોઇએ તથા સવારના વહેલું ઉઠાડવું જોઇએ. રાત્રે સુતા પછી પણ બે ત્રણ કલાક પછી બાળકને જગાડીને પેશાબ કરાવવો જોઇએ. રાત્રે જગાડતી વખતે બાળકને ભાન કરાવવું જોઇએ કે એને પેશાબ કરવા માટે જગાડયો છે. બીજું એ કે બાળક ચત્તુ ન સુતા જમણે કે ડાબે પડખે સુએ એ તરફ ધ્યાન રાખવું જોઇએ.

(૬) જે બાળક પથારી ભીની કરી દેતુ હોય એને જુદા ઓરડામાં સુવાડવું જોઇએ, કારણ કે કોઇ ચીડવે નહિ. બાળકની રજા લઇને એના ઓરડામાં એક એલાર્મ ઘડિયાળ રાખવું જોઇએ કે જેનો અવાજ સાંભળીને એ પેશાબ કરવા માટે ઊઠે.

(૭) બાળકને પાણીમાં તથા ભીની માટીમાં રમવા દેવું જોઇએ.

(૮) બાળકને દિવસના ખૂબ આરામ કરવા દેવો તથા રાત્રે શાંતિપૂર્વક ઊંઘવા દેવો જોઇએ. દિવસના બાળકને વધારે પડતુ કામ ન કરવા દેવું તથા વધારે પડતો રમવા પણ ન દેવો જેથી એ થાકીને લોથ થઈ જાય. પરંતુ એનો અર્થ એમ નથી કે એની શક્તિની મર્યાદામાં એને રમવા તથા કામ ન કરવા દેવું.

(૯) ઘરમાં સગવડતા પ્રમાણે બાળકના વિકાસ તથા મનોરંજન માટેના સાધનો વસાવવા જોઇએ. એની બેઠક કે એના ઓરડામાં સુંદર આકર્ષક ચિત્રો, ફોટા તથા સાધન સામગ્રી રાખવી જોઇએ જેથી બાળક આનંદમાં રહી શકે અને એને બેઠકમાં બેસીને કામ કરવાની કે રમવાની ઇચ્છા થાય. એનાથી વિરૂધ્ધ બીક જાગૃત કરે એવા ચિત્રો, ઉત્તેજનાત્મક સમાચારો તથા બનાવોથી એને વાકેફ ન કરવો.

(૧૦) બાળકને સ્વતંત્ર રીતે એવા કામ કરવાની તક આપવી જોઇએ કે જેમાં એ એકાગ્ર થઇને આનંદથી પોતાનો સમય વીતાવી શકે. વારેવારે કામ બદલાવવું બાળકને માટે હિતકર નથી.

(૧૧) બાળકને વિના સંકોચે તથા સ્પષ્ટતાથી પોતાના ભાવો પ્રગટ કરવા દેવા જોઇએ. કોઇ પણ પરિસ્થિતિમાં બાળકની અંદર દીનતાનો અને તુચ્છતાનો ભાવ જાગૃત ન થવો જોઇએ. કોઇએ એવું કામ ન કરવું જોઇએ જેથી બાળકના નાજુક દીલને આઘાત પહોંચે, અથવા એની ભાવનાઓ ઉત્તેજીત થાય અથવા એ આવેશમાં આવી જાય.

(૧૨) કોઈ પણ પરિસ્થિતિમાં બાળકને એવું ભાન ન કરાવવું કે પથારી ભીની કરવી એ મહાભયંકર પાપ છે. આ બાબતમાં માતાપિતાએ જાગૃત તો રહેવું જોઇએ પરંતુ એનાથી દુઃખી કે ચિન્તા મગ્ન ન રહેવું જોઇએ. માતાપિતા જો આ રીતે દુ.ખી અને ચિન્તામગ્ન રહે તો એ બહુ ઉદાસ રહે છે. એના પરિણામે બાળકને તાણ પહોંચે છે અને એ પથારી ભીની કરે છે.

(૧૩) ઘરનું વાતાવરણ એટલું પ્રેમાળ હોવું જોઇએ કે બાળક સદા પ્રફુલ્લિત રહે. માતાપિતા ઘરમાં પ્રેમથી રહે તથા બાળક સાથે પ્રેમથી તથા સહાનુભૂતિથી વર્તે તો જ પ્રેમાળ વાતાવરણ ઉભું કરી શકાય છે. માતાપિતાના વ્યવહારથી બાળકને એવું ભાન ન થવું જોઇએ કે એઓ બાળકની આ ટેવથી ખૂબ દુઃખી તથા ચિન્તિત છે.

(૧૪) બાળકના સર્વાંગીણ વિકાસ માટે યોગ્ય એવી વ્યવસ્થા કરવી જોઇએ. શક્ય હોય તો બાળકને કોઇ એક શાસ્ત્રીય ઢબે ચાલતા બાલઘરમાં દાખલ કરાવી દેવો જોઇએ.

(૧૫) આ ટેવ છોડાવવા માટે ભૂલથી પણ શિક્ષા, બીક, ઈનામ કે લાલચનો પ્રયોગ ન કરવો જોઇએ

(૧૬) બાળકે અઠવાડિઆમાં કેટલી વાર પથારી ભીની કરી એની નોંધ રાખવી જોઇએ અને ટેવ ઓછી કરવા માટે આનો આધાર રાખી બાળકને પ્રોત્સાહન આપવું જોઇએ.

(૧૭) આ ટેવ છોડાવવા માટેનો સૌથી ઉત્તમ તથા સહેલો માર્ગ એ છે કે બાળકમાં એટલો આત્મવિશ્વાસ જાગૃત કરવો જોઇએ કે એ ટેવ એ છોડી શકશે. બાળકને એ પ્રેરણા આપવી કે એનામાં એટલું મનોબળ છે કે એ સહેલાઈથી આ ટેવ ઉપર વિજય મેળવી શકશે. આ ટેવમાંથી છૂટકારો મેળવવાની જવાબદારી તથા કર્તવ્ય બાળકનું પોતાનું છે એવું ભાન બાળકને કરાવવું જોઇએ. બાળકને એ પણ સમજાવવું કે આ ટેવમાંથી છૂટકારો મેળવ્યા પછી બધાં એનુ સન્માન કરશે; બધાં એના વખાણ કરશે. બાળકમાં આત્મવિશ્વાસ જાગૃત કરવામાં જો આપણે સફળ થયા તો ખાત્રીપૂર્વક કહી શકાય કે વહેલુ મોડુ બાળક આ ટેવ દૂર કરવામાં સફળ થશે.

—બંસીધરજી

બાલ શિક્ષણ અને સંઘ સમાચાર

સ્વાગત સમારંભઃ તા. ૩–૧–૫૪ના રોજ સવારે ૧૦ વાગે નૂ. બા. શિ. સંઘ મુંબઇ શાખા તરફથી ચીનના સંસ્કૃતિ પ્રધાન પિંગ–ત્સે–લિનના નેતૃત્વ હેઠળ આવેલા ચીની સંસ્કૃતિ મંડળનો સત્કાર સમારંભ ન્યુ ઇરા સ્કૂલમા યોજવામાં આવ્યો હતો. સમારંભના અધ્યક્ષ તરીકે શ્રી એમ. ટી. વ્યાસ હતા. જુદા જુદા બાળમંદિરના બાળકોનો રંજન કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. તેમજ સંઘ તરફથી બાલસાહિત્યના કેટલાક સારા પુસ્તકો ચીની સંસ્કૃતિ મંડળને ભેટ આપવામાં આવ્યાં હતા. સસ્કૃતિ મંડળે પણ સંઘને કેટલાક ચિત્રો અને વિશ્વ શાંતિના પ્રતિક તરીકે બિલ્લાઓ આપ્યા હતા.

વાર્ષિક સમારંભઃ હિંગણે સ્ત્રી-શિક્ષણ સંસ્થા સંચાલિત શિશુવિહાર અને બાલ અધ્યાપન મંદિરનો વાર્ષિક સમારંભ પૂના મહાનગર પાલિકાના નગરપતિ શ્રી ગણપતરાવ નલાવડેના પ્રમુખપદે યોજાયો હતો જેમાં વાલીઓ માટે શિશુવિહાર કાર્યનું પ્રાત્યક્ષિક સફળ રીતે યોજવામાં આવ્યું હતું.

સંઘની બાલ અધ્યાપન નિયંત્રણ સમિતિઃ ૧૯૪૬માં સ્થાપન થયેલી પૂનાની પૂર્વ પ્રાથમિક અધ્યાપન સમિતિનું વિસર્જન કરવામાં આવ્યું. આ સમિતિનું કાર્ય હવે સંઘ સંચાલિત બાલ અધ્યાપન નિયંત્રણ સમિતિ તરફથી કરવામાં આવશે. આ સમિતિના પ્રમુખપદે મિસ એમી. બી. એચ. જે. કુરતુમજી અને મંત્રીપદે શ્રી ભા. ધો. કર્વેજીની પસંદગી કરવામાં આવી છે. આ સમિતિ તરફથી આ વર્ષે બાલ અધ્યાપન સસ્થાઓનું નિરીક્ષણ તેમજ જુદા જુદા અધ્યાપન શિક્ષણ ક્રમોની પરિક્ષાઓ યોજવામાં આવશે. આ સમિતિ અંગેનો પત્રવ્યવહાર, શ્રી **ભા. ધો. કર્વે**, હિંગણે બુદ્રુક, **પૂના**, ૪,ના સરનામે કરવો.

મધ્ય પ્રદેશીય પહેલી બાલશિક્ષણ પરિષદઃ નૂતન બાલશિક્ષણ સંઘ, નાગપૂર શાખા તરફથી શ્રી ભા. ધો. કર્વેના પ્રમુખપદે તા. ૨જી અને ૩જી જાન્યુઆરીના દિવસે મધ્ય પ્રદેશીય પહેલી બાલ શિક્ષણ પરિષદ ભાગનિ મંડળના અંબાઝરી રોડ પરના મકાનમાં યોજવામાં આવી હતી. આ પરિષદમાં એ પ્રદેશની જુદી જુદી ૧૬ પૂર્વ પ્રાથમિક સંસ્થાઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. મધ્ય પ્રદેશમાં વર્ધામાં પૂર્વ બુનિયાદી તાલિમ કેન્દ્ર તેમજ યવતમાલમાં મોન્ટેસોરી ઇંટર નેશનલ સાથે જોડાએલું બાલ અધ્યાપન મંદિર તેમજ નાગપૂરમાં નૂ બા. શિ. સંઘ સાથે જોડાએલું બાલ અધ્યાપન મંદિર ચાલે છે. આ ત્રણે સંસ્થાઓએ પરિષદમાં ભાગ લઇને પરિષદને યશસ્વી બનાવી હતી. નાગપૂર શાખાના પ્રમુખ શ્રી વિમલાબાઇ દેશપાડે તેમજ તેમની સહકારી મંડળીને ધન્યવાદ.

વાર્ષિકોત્સવો ઉજવાયા :

તા. ૧૧-૧૨ના રોજ ભાટિયા સ્ત્રી મંડળ–કેશવજી કરસનદાસ બાળમંદિરમાં શ્રી ધનુબેન ઉપાધ્યાયના પ્રમુખપદે વાલી દિન ઉજવવામાં આવ્યા હતો.

તા. ૧૪ના રોજ સંઘના મુખ્ય નિરીક્ષક શ્રી પ્રભુભાઇ ઉપાધ્યાયના પ્રમુખપદે વનિતા સમાજ દાદરના બાલોદ્યાનનો વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

તા. ૨૪–૧–૫૪ના રોજ શેઠ હંસરાજ પ્રેમજી શ્રોફ શિશુ શિક્ષણ મંદિરનો વાર્ષિકોત્સવ શ્રી હોમી જે. તાલ્યારખાનના પ્રમુખપદે ઉજવવામાં આવ્યો હતો. એ પ્રસંગે બાલમંદિરના બાળકોની હસ્તક તેમજ મુંબઇ શાખા તરફથી સંગ્રહિત કરેલાં બાળકોના ચિત્રોનુ પ્રદર્શન શ્રી. પુલિન વિહારી દત્તના શુભ હસ્તે ખૂલ્લુ મૂકવામાં આવ્યું હતુ. શ્રી. નામલેએ પ્રસગોચિત ભાષણ કર્યું હતું.

તા. ૨૩–૧–૫૪ના રોજ વિર્લેપાર્લેના શ્રી રૂક્ષ્મણી બાળમંદિરનો પ્રથમ વાર્ષિકોત્સવ ખૂબ ઉત્સાહથી શ્રી. વીરચંદ પાનાચંદના પ્રમુખપદે ઉજવવામાં આવ્યો હતો. ઉત્સવ નિમિ-તે 'ભૂમિદાન' નામના બાળનાટકનો પ્રયોગ, પ્રદર્શન તથા રમતગમતનો ત્રણ દિવસનો કાર્યક્રમ રાખવામા આવ્યો હતો.

તા. ૨૪–૧–૫૪ના રોજ અમદાવાદ શાખાના ઉપક્રમે બાળકેળવણીમાં રસ લેતા ભાઇ બહેનોની એક સભા રાયપૂર દરવાજા બહાર મહિપતરાય અનાથાશ્રમના મકાનમાં નૂ. બા. શિ. સંઘના કાર્યાધ્યક્ષ શ્રી સરલાદેવી સારાભાઇના પ્રમુખપદે યોજવામાં આવી હતી. એ પ્રસંગે એજ્યુ. ઇન્સ્પેકટર ડો. રાયચુરાએ પૂર્વ પ્રાથમિક કેળવણી વિશે મહત્વપૂર્ણ વિચારો રજુ કર્યા હતા.

તા. ૭–૨–૫૪ના રોજ શિશુ ભારતી વડોદરામાં નૂ. બા. શિ. સંઘના વ્યવસ્થાપક મંડળની ચોથી સભા યોજવામાં આવી છે. સભા આગળ ચાલુ

વર્ષના સંઘના કાર્યની સમાલોચના કરીને આગામી વર્ષ માટેના કાર્યની રૂપરેખા દોરવાનું મહત્વનું કાર્ય છે.

(૨૫) મુંબઇમાં-ભગિની સમાજનો પ્રગતિ ઉત્સવ ઉજવવાનું નક્કી થયું છે અને એનો પ્રારંભ તા. ૩૧-૧-૫૪ને દિવસે 'બાલોત્સવ'થી કરવાનું નક્કી થયું છે. 'બાલોત્સવ'નાં કાર્યક્રમમાં બાળકોની રમતગમત, ફેન્સી ડ્રેસ, કલ્પવૃક્ષ, પશુ પંખી મેળો, આનંદ બજાર વગેરે અનેક આકર્ષણોની યોજના કરવામાં આવી છે.

મીઠાપુર: મીઠાપુર બાલમંદિરે પ્રજાસત્તાક દિન તેમજ સંસ્થાનો ૫ મો સંસ્થાપન દિન ખૂબજ ધામધૂમ પૂર્વક તેમજ ઉત્સાહપૂર્વક ઉજવ્યો હતો. સવારના ૮-૦ વાગે સંસ્થાના પટાંગણમાં ધ્વજવંદન કર્યું હતું. તાતા કેમીકલ્સ કુંતા વર્કસ મેનેજર શ્રીયુત એમ. બી. ભાગવત સા. ના વરદ હસ્તે યોજાએલ બાળ કેળવણી પ્રદર્શનીનું ઉદ્ઘાટન થયું હતું. પ્રસંગાનુલક્ષી સુંદર નાટિકા તેમજ અભિનય ગીતો, બાળકોએ રજુ કર્યા હતા આ કાર્યક્રમમાં સ્થાનિક તેમજ બહારગામના મળીને ૧૫૦૦ વ્યક્તિઓએ ભાગ લીધો હતો.

ટૂંકી નોંધ

મધ્ય પ્રદેશીય બાલશિક્ષણ પરિષદનો પરિસંવાદ:

સંઘની નાગપૂર શાખાના ઉપક્રમે મધ્ય-પ્રદેશમાં તા. ૨ અને ૩ જાન્યુઆરીએ પહેલી બાળ શિક્ષણ પરિષદ યોજવામાં આવી હતી. એ પરિષદમાં શિક્ષકોએ રજુ કરેલા બાળકો અંગેના અવલોકનો જેટલા રસપ્રદ અને સૂચક હતા તેટલોજ, આ પરિષદે યોજેલો 'મોન્ટેસરી પધ્ધતિ અને શૈક્ષણિક સાધનો' એ વિષય પરનો પરિસંવાદ symposium ખૂબજ ઉદ્બોધક હતો. નૂતન બાળશિક્ષણ સંઘના મૂળમાં મેડમ મોન્ટેસોરીના સાહિત્યની પ્રેરણા છે. સંઘના સંસ્થાપક સ્વ. ગિજુભાઇ તેમજ સહકાર્યકર્તા શ્રી તારાબેન મોડક અને શ્રી સરલાદેવી સારાભાઇ તથા સંઘના નાના મોટા કાર્યકર્તાઓના મનમાં મેડમ મોન્ટેસોરી વિષે અનન્ય ભક્તિભાવ છે. તેથી સંઘે છેલ્લા ૨૫ વર્ષ મેડમ મોન્ટેસોરી પુરસ્કૃત મોન્ટેસોરી પધ્ધતિના, આપણા દેશના પશ્ચિમ વિભાગમાં મોટા પાયા પર, ગામડાઓમાં તેમજ શહેરોમાં અનેક પ્રયોગો અનેક સંસ્થાઓ દ્વારા કર્યા છે.

આજના તબક્કે જ્યારે આપણા દેશની સમગ્ર કેળવણીનું નવું ચણતર થાય છે ત્યારે એ રાષ્ટ્રની નૂતન કેળવણીમાં મોન્ટેસોરી પધ્ધતિમાંથી શું લેવા જેવું અને ન લેવા જેવું છે તે વિષે સંઘ એકલોજ સ્પષ્ટ આદેશ કરી શકે એ સ્થિતિમાં છે. એ મૂલ્યમાપન શાસ્ત્રીય દ્રષ્ટિએ કરવા માટે આજના જેટલો ઉચિત સમય બીજો નહિ મળે. નાગપૂરની પરિષદે આ સમયની જરૂરિયાત ઓળખીનેજ આ પરિસંવાદની યોજના કરી હતી. તેમાં સંઘના મંત્રી શ્રી શેષ નામલેએ અને વર્ધાના પૂર્વ બુનિયાદી તાલીમના અનુભવી કાર્યકર્તા શ્રી શાંતાબાઇ નારૂળકરે ભાગ લીધો હતો. આજે સંઘને મેડમ મોન્ટેસોરીએ બાળકેળવણીમાં, જાગૃતિ આણી તે માટે માન છે, પણ એ પધ્ધતિ બાળકેળવણીનાં ક્ષેત્રમાં જો કોઇ સંપ્રદાયનું સ્વરૂપ લે તો સંઘ એનો વિરોધ કરશે. આજના સંઘ સામે મોન્ટેસોરી પધ્ધતિ કરતાં પણ આપણી પ્રજાના **ઘડતરનો** પ્રશ્ન મહત્વનો છે અને એ પ્રશ્ન હલ કરવાની દ્રષ્ટિએજ સંઘની સર્વ શક્તિ સંગઠિત થશે. સંઘ કોઇ સંપ્રદાય કે પધ્ધતિને વરેલો નથી. **વિભૂતિ કરતાં તે વિજ્ઞાનને વરેલો** છે. આજે તેની પાસે મોન્ટેસોરી પધ્ધતિના પ્રયોગોનો વ્યાપક અનુભવ છે અને તેથી જ એ પધ્ધતિના સંબંધમાં સંઘ પોતાનો અભિપ્રાય વ્યકત કરવાને માટે વધુ યોગ્યતા ધરાવે છે. મોન્ટેસોરી પધ્ધતિના, દોષ, સ્ખલનોનો સ્પષ્ટ નિર્દેશ કરીને સંઘ પોતાના અનુભવના આધારે કેવી રીતે પોતાના પગલા ભરી રહયો છે તેનો ખ્યાલ મંત્રીએ આપ્યો હતો. મોન્ટેસોરી પધ્ધતિનું સાચેજ આજે શાસ્ત્રીય દ્રષ્ટિથી મૂલ્યમાપન કરવાની જરૂર છે.

અધ્યાપન મંદિરોના અભિનય શિબિરો:

શિશુવિહાર બાલઅધ્યાપન મંદિર સંસ્થાના ઉપક્રમે આ વર્ષે પૂર્વ પ્રાથમિક શિક્ષકોના તાલીમની દ્રષ્ટિએ એક અત્યંત ઉપયુકત પગલું ભરવામાં આવ્યુ છે. આ સંસ્થાના અધ્યાપન વિદ્યાર્થીઓ દર વર્ષે શૈક્ષણિક પ્રવાસો

યોજે છે અને તેમાં અન્ય કેળવણીની સંસ્થાઓના કાર્યનો પરિચય મેળવે છે. પરંતુ આ વર્ષે આ પ્રકારના શૈક્ષણિક પ્રવાસને બદલે, આદિવાસી બાળક અને તેનું વાતાવરણ' પ્રશ્નના અભ્યાસાર્થે બે શિબિરોની યોજના કરી હતી. એક શિબિર ઉદવાડા નજીક આવેલા 'ખડકી ડુંગરી' નામના ગામડામાં ભગિની સમાજના કાર્યકર્તા શ્રી કપિલા બેનના ઉમંગભર્યા સહકારથી યોજવામાં આવ્યો હતો જ્યારે બીજો શિબિર બોરડીના ગ્રામબાલ શિક્ષક કેન્દ્રના આચાર્ય શ્રી. ભિસેજી તથા તેમના સહકાર્યકર્તાઓની મદદથી 'બ્રુનવડા' નામના વારલીઓના ગામમાં યોજવામાં આવ્યો હતો. 'ખડકી ડુંગરી' શિબિરમાં સંસ્થાના ૬૩ ગુજરાતી અધ્યાપન વિદ્યાર્થિઓ તથા દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન મંદિરના ૩૦ વિદ્યાર્થિઓ જોડાયા હતા. તેમજ 'બ્રુનવડા' શિબિરમાં સંસ્થાના ૫૨ મરાઠી વિદ્યાર્થિઓ તેમજ ગ્રામબાલ શિક્ષા કેન્દ્રના ૩૦ વિદ્યાર્થિઓ જોડાયા હતા

બન્ને સ્થળોએ વિદ્યાર્થિઓએ બાળવાડીઓ ચલાવી હતી તેમજ બાળકોનું વાતાવરણ અને તેમના પ્રશ્નોનો અભ્યાસ કરવા માટે જુદા જુદા વિષયોના મંડળો રચવામાં આવ્યા હતા. રોજ ગ્રામ જીવનના પ્રશ્નો પર અધિકારી વ્યકિતઓના વાર્તાલાપો ગોઠવવામાં આવ્યા હતા. તેમજ રાતના સમયે રંજન કાર્યક્રમો યોજવામાં આવતા. ત્રણ દિવસના અભ્યાસના પરિણામે 'દુબળા બાળક' અને 'વારલી બાળક'ના પ્રશ્નો અંગે હસ્ત લિખિત પ્રકાશિત કરવામાં આવ્યું. આ શિબિરોનો કાર્યક્રમ ગ્રામજનોને તેમજ અધ્યાપન વિદ્યાર્થિઓને ખૂબ જ સંતોષદાયક અને લાભદાયી નીવડયો. દર વર્ષે આ પ્રકારના શિબિરો યોજવાથી બાળકેળવણીના પ્રશ્ન અંગે જે પ્રત્યક્ષ લાભ મળ્યો તે નવા શિક્ષકોની તાલીમનું એક અગત્યનું પગલું બની રહેશે, એમ અમારું માનવું છે. પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક અધ્યાપન મંદિરોએ તેને વધાવી લેવું જોઇએ.

અમદાવાદ શાખાનું વાર્ષિક સંમેલન :

સંઘના કાર્યાધ્યક્ષ શ્રી સરલાદેવી સારાભાઈના પ્રમુખપદે અમદાવાદની શાખાએ પોતાનું વાર્ષિક સંમેલન ખૂબજ ઉત્સાહપૂર્વક ઉજવ્યું. આ સંમેલનમાં અમદાવાદ વિભાગના પુરોગામી એજ્યુ. ઇન્સ્પેકટર ડો. રાયચુરાએ 'પૂર્વ પ્રાથમિક કેળવણીના મહત્વ અંગે પોતાના મનનીય વિચારો રજુ કર્યા હતા. સભામાં ગુજરાત યુનિવર્સિટી બકુભાઇ ચાઇલ્ડસ ગાયડન્સ ઇન્સ્ટિટયુટના પ્રો. મઇતી, સંઘના ઉપમંત્રી શ્રી. યશસ્વતી બેન ભટ્ટ, મ્યુ. સ્કૂલ બોર્ડના એ. ઓ. સૈયદ સાહેબ તેમજ ડો. લક્ષ્મીપ્રસાદ અને અમદાવાદ વાર્ડ શાળાના પ્રમુખો તેમજ બાળકેળવણીના સંચાલકો અને શિક્ષકો મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

સંઘના પુનર્વિધાન પછી અમદાવાદમાં સંઘની શાખા સ્થાપન થયે માત્ર એકજ વર્ષ થયું છે છતાં અમદાવાદ શાખાએ વાલી સભાઓ, બાળ મેળાઓ શિક્ષક મિલન, આનંદ બજાર વગેરે વિવિધ પ્રકારના કાર્યક્રમો યોજ્યા છે. આ વર્ષે સંઘના કેન્દ્રીય કાર્યો ચલાવવાની જવાબદારી, મુબઇની ભારોભાર રહીને ઉપાડી છે. સંમેલનના અંતમાં શાખાના કાર્ય પરત્વે સંઘના કાર્યપ્રમુખ શ્રી. સરલાદેવીએ સંતોષ વ્યકત કર્યો હતો. આવતા વર્ષ માટે આ શાખા વધુ કટિબધ્ધ બનીને બાળકેળવણીના હિતાર્થે બાળકેળવણી સંસ્થાઓ માટે સહકારી ધોરણે ટ્રસ્ટ બનાવીને સંસ્થાઓના સંગઠનની કલ્પનાનો અમલ કરવા આ શાખા સમર્થ બને તો તેનું અનુકરણ બધેય થઇ શકશે. અમદાવાદના નાના મોટા કાર્યકરોને આ માટે ધન્યવાદ.

ગિજુભાઇ જયંતિ ફાળો.

ગિજુભાઇ જયંતિ સપ્તાહમાં નૂ. બા. શિ. સંઘના વિવિધ કાર્યો માટે જુદી જુદી સંસ્થાઓના અને બાળકેળવણી પ્રેમીઓના સહકારથી ફાળો કરવામાં આવે છે. ૧૯૫૩–૫૪ ના વર્ષમાં મુંબઇ શાખાએ સંઘના કેન્દ્રિય કાર્યો માટે રૂ. ૨૫૦૦ આપવાનુ સ્વીકાર્યું હતું. તેમજ મુંબઇ શાખાને પોતાના કાર્યો માટે પણ થોડી આર્થિક મદદની જરૂર હતી. તેથી મુંબઇની બાળકેળવણીની સંસ્થાઓને સંઘની શાખા તરફથી મદદ માટે વિનંતિ કરવામાં આવી હતી. તે માટે એક આના, આઠ આના અને એક રૂપિયાની દાન ટિકિટો કાઢવામાં આવી હતી. દરેક બાળકેળવણીની સંસ્થા સાથે આર્થિક પ્રશ્નો હોવા છતાં દરેક સંસ્થાએ સઘ પ્રત્યે સહાનુભૂતિ રાખીને જે પ્રકારની સહાય આપી છે તે મુંબઇની પ્રતિષ્ઠાને શોભાવે એવું જ છે. ગિજુભાઇ જયંતિ ફાળામાં આ બધી સંસ્થાએ મળીને રૂ. ૪૦૦૦ ઉપરાંતન દાન આપ્યુ છે અને દિવાળી પર સંઘ તરફથી જે બાળવાર્તા વિશેષાંક કાઢવામાં આવ્યો તે અંકોનો પ્રચાર કરીને સંઘનું આ પગલું વધાવી લીધું છે. મુંબઇની બાળકેળવણીની સંસ્થાઓની આ સંઘ-ભાવના માટે એ સંસ્થાઓના નાના મોટા સંચાલકો અને કાર્યકરોને અમે ધન્યવાદ આપીએ છીએ. —સંપાદક

બાલ ક્રીડા કેન્દ્રો (Play Centres)

(પંજાબ રાજ્ય ભારતીય બાલ વિકાસ સમિતિ તરફથી પ્રકાશિત પુસ્તિકા)

પંજાબ રાજ્ય ભારતીય બાલ વિકાસ સમિતિ માટે કુ. એસ. બી. રૂસ્તમજીએ બાલ ક્રીડા કેન્દ્ર ચલાવનારને ઉપયોગી થઇ પડે એ માટે (Play Centres) બાલ વિકાસ કેન્દ્રો નામની જે એક અંગ્રેજી પુસ્તિકા અત્યંત શ્રમપૂર્વક તૈયાર કરી છે તે માટે સમિતિને હાર્દિક અભિનંદન ઘટે છે. ...

૬૦ પાનાની આ પુસ્તિકાના શરુઆતના ૨૩ જાતના ક્રીડા કેન્દ્રો શરુ કરવાની ઇચ્છા ધરાવીએ છીએ પાનામાં બાલ ક્રીડા કેન્દ્ર માટે જગ્યાની પસંદગી, તેનું સ્વરુપ અને આરોગ્ય અંગેની સગવડતા, સ્વાસ્થ્ય અને આરોગ્યની દૃષ્ટિએ સગવડો, પ્રકાશ, પોષક અને આવશ્યક બાંધકામ, બાલ ક્રીડા કેન્દ્રનું સંચાલન, કાર્યકર્તાઓ, બાળકોના જુદા જુદા પ્રકાર, સામાન્ય આરોગ્ય, કેન્દ્રનો કાર્યક્રમ, વાચનાલય, કેન્દ્રના સાધનો, છંદ, રીતભાત અંગે લેખિકાએ પોતાનાં વિચારો સ્પષ્ટપણે રજુ કર્યા છે. બીજા વિભાગમાં બાલ ક્રીડાંગણ પર રમવા જેવી રમતોની માહિતી આપી આ પુસ્તિકા કાર્યકર્તાને દૈનિક સંચાલનમાં ઉપયોગી થઇ પડે તે માટે પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ પુસ્તિકા વાંચતાં એક વસ્તુ ખૂંચે છે કે આપણે એવી જેના કાર્યકર્તાઓ હિંદી હશે, અને તેમાં આવનાર બાળકો હિંદી હશે તો આ પુસ્તકને અંગ્રેજીમાં પ્રગટ કરવાનો પ્રયોજન શો હશે ? આવી પુસ્તિકા હિંદીમાં હોત તો ખુદ પંજાબમાં જ એનો વધારે ઉપયોગ થાત. એ રીતે આ સમિતિ આ પુસ્તિકા હિંદીમાં પ્રકાશિત કરે એવી અમારી ભલામણ છે.

આ પુસ્તિકા વાંચવાથી બીજા એક મહત્વના મુદ્દાની વિચારણા કરવાની ઇચ્છા થાય છે. બાલ ક્રીડા કેન્દ્ર એ બાલશાળાનોજ એક ભાગ હોવો જોઇએ કે તે આ યોજના પ્રમાણે સ્વતંત્ર હોવો જોઇએ ? આ યોજના પ્રમાણે ક્રીડા કેન્દ્રની જે કલ્પના છે તે ફકત રમત પૂરતી મર્યાદિત નથી. તેમજ રમત એટલે શારીરિક વ્યાયામ ને મનોરંજનનું સાધન એમ લેખિકાની કલ્પના નથી. આ કેન્દ્રમાં સાંસ્કૃતિક કાર્યક્રમ, વાંચનાલય, હસ્તવ્યવસાયને પણ સ્થાન અપાયું છે. એ જોતા એમ લાગે છે કે શાળાઓમાં ફકત પુસ્તકિયા જ્ઞાનને બદલે સાંસ્કૃતિક કાર્યક્રમ, ટેવ, હસ્તવ્યવસાય, રમત, કસરત ને બાગકામને પણ મહત્વ આપવું જોઇએ અને બીજું તો બાળકના ક્રીડાંગણને બને તો શૈક્ષણિક અથવા સાંસ્કારિક સ્વરૂપ આપવું જોઇએ એમ આપણા વિચારની ભૂમિકામાં તો દેખાઇ આવે છે. આ પ્રશ્નનો રાષ્ટ્રિય કક્ષાએ વિચાર કરીએ તો આજની શાળાને આપણે ક્રીડાકેન્દ્રનું સ્વરૂપ આપીએ કે શાળાની પદ્ધતિને વળગીને નવા ક્રીડાકેન્દ્રો કાઢીએ એ ઘણો વિકટ પ્રશ્ન છે. હમણાની આપણી આર્થિક પરિસ્થિતિ અને તેની કેટલી હદે શકયતા છે તેનો વિચાર બરાબર થવો જોઇએ અને તેનો નિર્ણય ગમે તે આવે તો પણ આ પુસ્તિકાની ઉપયુકતતા ઓછી થતી નથી. આમાં બાલક્રીડા કેન્દ્રની કલ્પના

(અનુસંધાન ૪ થા ટાઇટલ પર)



હેડ ઓફીસ મુંબઇ, ૫૪ શાખાઓ અને ૧૦ સેફ ડીપોઝીટ વોલ્ટ.

○ બચત સેવિંગ્સ ડીપોઝીટ ખાતામાં ૨-૧/૪ % લેખે વ્યાજ આપવામા આવે છે. અને રૂા. ૧૦૦૦થી ચાલું ખોલાય છે.

○ મુદતી ૬ વર્ષ અને ૩ વર્ષની ડેપો વ્યવસ્થામાં વખતોવખત ૩-૧/૨ % અને ૨-૩/૪ % વ્યાજ આપે છે.

○ બચત સેવિંગ્સ બેંક ખાતાઓમાં ૧-૧/૨ % લેખે વ્યાજ આપવામાં આવે છે અને રૂા. ૨૦ થી ચાલું ખોલાય છે

નાણાંની બચત કરવામાં દેનાબેંક- તમને મદદ કરશે

હિન્દનો

અગ્રગણ્ય

સ્વદેશી સ્ટોર

×—○—×

તમારી જરૂરિયાતો ખરીદવાનું

એક માત્ર

લહેવાપાત્ર સ્થળ

: આજે જ પધારો :

ધી ગ્રોસ્મ્યે સ્વદેશી

કો-ઓપરેટિવ સ્ટોર્સ કં. લિ૦

☆

સર વિરોજશાહ મહેતા રોડ,

ફોર્ટ, મુંબઈ ૧

ફોન : ૨૦૪૪૩

☆

શાખા :

મહાત્મા ગાંધી રોડ, પૂના

જેમ્સ સ્ટ્રીટ, સિકંદરાબાદ.

(૩ જા ટાઇટલથી ચાલુ)

શહેર માટેજ થઇ છે. તેમાં ગામડાની પરિસ્થિતિનો વિચાર બહુ થયો હોય એમ લાગતું નથી. એ એક આરોપ આ પુસ્તકો પર મૂકી શકાય. આનો જવાબ તો એજ છે કે લેખિકાઓ જે ભૂમિકા ઉપરથી આ પુસ્તક લખ્યું છે તેમાં ગામડાઓના કાર્યકર્તાઓ પણ પોતાની પરિસ્થિતિ મુજબ યોગ્ય માર્ગદર્શન આ પુસ્તકો દ્વારા મેળવી શકશે. બાલકલ્યાણ પ્રવૃત્તિ કરતા કાર્યકર્તાઓએ આ પુસ્તકો જરૂર સંગ્રહમાં રાખવ જેવી છે.

અગત્યનું.....

કેટલાંક ગ્રાહક ભાઇ-બેનો પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર જણાવતાં નથી; તેથી જવાબ આપવામાં વિલંબ થાય છે. તેથી પત્ર-વ્યવહાર કરતી વખતે આપનો ગ્રાહક નંબર લખવાનું ચૂકશો નહીં.

—વ્યવસ્થાપક.

આગ-અકસ્માત-જીંદગી

મોટર, દરિયાઈ, વર્કમેન્સ, કોમ્પેન્સેશન

સર્વ પ્રકારનું વીમાકામ

સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકર્તાને

સંતોષકારક મહેનતાણું :

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય

મંગાવો.

ધી ઈન્ડીયન ગ્લોબ ઈન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—

૩૧૫-૩૨૧ પ્રારપેઠ ચેમ્બર્સ, હોર્નબી રોડ,

મુંબઇ.

મે. વા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : શ્રી રમણિકલાલ તુરખિયા, ૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઇ ૧૪
મુદ્રણ સ્થાન : પરફેક્ટ પ્રિન્ટિંગ વર્કસ, મુંબઈ-૨૨.

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ–૨૮ : અંક–૧૨ : માર્ચ, ૧૯૫૪

સાચી કેળવણી

બુદ્ધિયુક્ત અને સમાજભાવથી કરવામાં આવતો ઉદ્યોગ એ એક જ આખરે મનુષ્યની સાચી કેળવણીનું માધ્યમ થઈ શકે છે. શાળાઓ કેળવણીનું આ માધ્યમ સ્વીકારે તો જ તે સાચા અર્થમાં આપણાં આર્થિક અને સાંસ્કૃતિક જીવનની સાથે એકરૂપ થઈ શકશે.

સંસ્થાપક :
સ્વ. ગિજુભાઇ બધેકા

તંત્રી :
તારાબેન મોદક

વાર્ષિક લવાજમ : ₹. ૪–૦–૦ : : કાર્યાલય : ૧૧૮, હિન્દુ કૉલોની, દાદર, મુંબઇ, ૧૪. : : છૂટક નકલ ૬ આના

નૂતન બાળ શિક્ષણ સંઘ

એટલે

વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓનું બનેલું અખિલ ભારતીય સંગઠન.

સંઘના પદાધિકારીઓ :-

પ્રમુખ: શ્રી મોરારજીભાઇ દેસાઈ. ઉપપ્રમુખ: આચાર્ય શ્રી ભિસે.

કાર્યાધ્યક્ષ: શ્રી સરલાદેવી સારાભાઈ. કોષાધ્યક્ષ: શ્રી વા. રા. પટવર્ધન

મંત્રીઓ: શ્રી શેષ ના. નામલે. શ્રી યશસ્વતી બેન ભટ્ટ.

સ્થાનિક શાખા : કોઈપણ બાળ કેળવણીની સંસ્થા, વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓમાંથી ઓછામાં ઓછા સંઘના ૨૫ સભ્યો બનાવી, સંઘ માન્ય શાખા સ્થાપી શકે છે. આ જાતની શાખાને સ્થાનિક શાખા કહેવાય છે.

પ્રાદેશિક શાખા : કોઈપણ જિલ્લામાં ઓછામાં ઓછી ચાર સ્થાનિક શાખા સ્થપાયેલી હશે તો તે વડે સંઘની જિલ્લા પ્રાદેશિક શાખા સ્થાપી શકાય છે. અને આ જિલ્લા શાખાના પ્રતિનિધિ સંઘના અખિલ ભારતીય નિયંત્રણ મંડળમાં ચૂંટાઇ શકે છે.

સંઘનું પ્રચાર સાહિત્ય : સંઘનું બંધારણ, પ્રવેશ પત્રકો, સૂચના-માહિતી વિ. સંઘને લગતું પ્રચાર સાહિત્ય મેળવવા માટે નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવા વિનંતી છે.

મંત્રી, નૂતન બાલ શિક્ષણ સંઘ.
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

: સંપાદક મંડળ :

રામનારાયણ પાઠક, હરપ્રસાદ ભટ્ટ, જયંતભાઈ ઓઝા, હેમલતાબેન માળવી, મંજરીબેન રાયજી, રમેશભાઇ કોઠારી

: અનુક્રમણિકા :

ક્રમ	લેખ.	લેખક.
૧.	ટૂંકી નોંધ	સંપાદક
૨.	'બા મને કામ આપો !'	તા. પરાંજપે
૩.	બાળ શિક્ષણ અને સંઘ સમાચાર	...
૪.	બાળકનું ગણિત શિક્ષણ	શેષ નામલે
૫.	સંસ્કારનો વારસો	ઓજસ્.
૬.	બાળકોનો કંકાસ	ડો. જે. સી. મારફતીયા
૭.	બાળકો હવે બોજારુપ નથી	[સંકલન]
૮.	બાળમંદિરમાં શું જોશો ?	...
૯.	ઉજવણી	અનુતાઈ
૧૦.	વિવિધ ફાળો...	

બાળ વિભાગ

૧.	કીડીકાકી અને તીડભાઈ ...	દિવ્યકુમાર ત્રિવેદી
૨.	નાનાબેન	.... રમેશ કોઠારી.
૩.	શોધી કાઢો	.... સંપાદક
૪.	વરસાદની વાત	.... નરેન્દ્ર ભટ્ટ
૫.	વસંત આવી	....

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો !

કે- "શિક્ષણ પત્રિકા" એ નૂતન બાલ શિક્ષણ સંઘનું મુખપત્ર છે, તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપમેળેજ બની જાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા-પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે- "શિક્ષણ પત્રિકા" ગુજરાતી, હિંદી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમે તા. ૧ લી, ૭ મી અને ૧૫ મીએ પ્રગટ થાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર "પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે. પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરુરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" ના ગ્રાહક કોઇ પણ માસથી થઇ શકાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" માં બાળશિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫મી સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા જરુરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" (ગુજરાતી અને હિંદી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતી છે.

—શ્રી રમાણુકલાઈ તુમખિયા

વ્યવસ્થાપક "શિક્ષણ પત્રિકા"
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

મુંબઈ, મધ્ય ભારત, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી

નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૮ : અંક ૧૨] મુંબઈ [માર્ચ, ૧૯૫૪

..... ટૂંકી નોંધ .....

ગૂજરાતી 'શિક્ષણ પત્રિકા'નું વીતનું વર્ષ

ગૂજરાતી 'શિક્ષણ પત્રિકા' આ માસની આખરે પોતાની ૨૮ વર્ષની મજલ કાપી ૨૯માં વર્ષમાં પ્રવેશ કરે છે, એ જાણી બાલ શિક્ષણમાં રસ ધરાવતી દરેક વ્યકિત આનંદ અનુભવશે. આ ૨૮ વર્ષની લાંબી હાથીચાલમાં તેને ઘણું ઘણું નવું જૂનું જાણવાનું, રજુ કરવાનું અને અપલી બનાવવાનું સાંપડયું છે. જે ઉદ્દેશને લઇને તે અસ્તિત્વમાં આવી હતી, તેને આજ સુધી સંપૂર્ણપણે તે વળગી રહી છે, એથી સૌ સુપરિચિત છે.

પત્રિકાનું વર્ષ શરૂઆતમાં એપ્રિલથી માર્ચ સુધીનું ગણાતું હતું, પરંતુ વચ્ચે કારણવશાત્ જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીનું ગણી લેવામાં આવ્યું. ગયા વર્ષે સંઘનું હિસાબી વર્ષ એપ્રિલથી માર્ચ રાખવાનું નિશ્ચિત કરવામાં આવ્યું છે, તેથી 'પત્રિકા'નું વર્ષ પણ હિસાબી દ્રષ્ટિએ એપ્રિલથી માર્ચ ગણવું સગવડભર્યું જણાયું. તેથી અમારી પૂર્વ જાહેરાત મુજબ એપ્રિલ ૧૯૫૪થી "શિક્ષણ પત્રિકા" પોતાના ૨૯માં નવલ વર્ષમાં પગલાં માંડશે. પણ સહાયક કે સક્રિય સભ્યો કોઇપણ માસથી થઇ શકાશે. એમાં કશો ફેરફાર કરવામાં આવ્યો નથી.

સંઘની પ્રગતિમાં તેનું આ ૨૮મું વર્ષ, તેમાં થયેલી કેટલીક વિશેષ ઘટનાઓને લીધે મહત્વનું લેખાશે સંઘનું નવું બંધારણ અમલી બનતાં તે સંપૂર્ણતઃ પ્રજાતાંત્રિક બન્યો છે. એની સાથે સાથે 'શિક્ષણ પત્રિકા'ના વ્યવસ્થા તંત્રમાં પણ કેટલાંક ફેરફારો અનિવાર્ય બન્યા હતાં. એને લીધે 'પત્રિકા'ના અંતરંગ તેમ જ બહિરંગમાં પણ આવશ્યક એવા સુધારા થયાં છે. આ સુધારા-વધારાઓને, 'પત્રિકા'ના વાંચક-લેખક અને લાગણીભાવુકોનો સહકાર સાંપડયો છે.

નોંધ .....

આ વીતતાં વર્ષ દરમિયાન 'પત્રિકા'માં પ્રગટ થએલી લેખમાળાઓ પૈકી શ્રી મા. સ. કેળકરની 'શૈક્ષણિક માનસ શાસ્ત્ર', શ્રી 'ઓજસ'નો 'સંસ્કારનો વારસો' અને શ્રી શેષ નામલેની 'ગણિત શિક્ષણ'ની લેખમાળાઓ 'પત્રિકા'ના વાંચક વર્ગમાં ખાસ આકર્ષણ પામી હતી. બાળ વિભાગમાં રજુ થતાં રમુજી બાળમુધ્ધગમ્ય સાહિત્યમાં, શ્રી સરલાતાઈ દેવધર, શ્રી કપિનાબેન ઠાકોર, શ્રી મોંઘીબેન બધેકા, શ્રી રમેશભાઇ કોઠારી, શ્રી અનુતાઈ વગેરેએ લિખિત વાંચનને બાળકોએ ખૂબ જ રસથી વાંચ્યું હતું 'પત્રિકા'માં મોટેરાંઓ માટે ૧૬ પાનાં અને અમારા માટે માત્ર ચાર જ પાનાં રાખી તમે અમને અન્યાય કરો છો, એમ કેમ?' બાળદોસ્તોની એ ફરિયાદ પર સંઘના સંચાલકો એ વિચાર કર્યો અને નિર્ણય લીધો છે કે એપ્રિલ માસથી બાળ વિભાગમાં ૪ પાનાનો વધારો કરી બાળકોને સંતોષવાં. આ નિર્ણયથી બાળ જગત જરૂર આનંદ અનુભવશે.

આ વર્ષના અન્ય લેખકો અને ભાષાંતર કર્તાઓમાં ડો. પરશરામ, શ્રી કાંપલાબેન મહેતા, શ્રી ધીંદુમતિ દેવ, શ્રી હેમલતાબેન માળવી, શ્રી મંજરીબેન રાયજી, શ્રી. પુષ્પાબેન વકીલ, શ્રી મૃદુલાબેન શેઠ, પ્રો. શ્રી કે. યુ ભામરા, શ્રી કમલિનીબેન દામલે, શ્રી તારાબેન પરાંજપે, વગેરે ભાઇ બહેનોએ અનન્ય ભોગ આપી 'પત્રિકા'ના ઘડતરમાં યથાશકિત ફાળો આપ્યો છે, એ લખતાં અમે ખરેખર હર્ષ અનુભવીએ છીએ.

ચાલુ વર્ષ દરમિયાન 'દીપાવલી'ના પ્રસંગે 'પત્રિકા'એ પોતાનો દીપોત્સવી બાલ વાર્તા વિશેષાંક' પ્રગટ કરી, પોતાની મજલની યશકલગીમાં એક ઉમેરો કર્યો છે. પ્રસ્તુત અંકને બાલ સાહિત્યના રસિકો અને સંસ્થાઓના અનેક દાતાઓએ ખૂબ સરસ આવકાર આપ્યો હતો. આ

પીઠબળને અનુલક્ષીને સંઘના વ્યવસ્થાપક મંડળે આ પ્રકારના વિશેષાંકો બહાર પાડવા માટે વધુ ઉ-તેજન આપ્યું છે. આ વિશેષાંક માટે અને વીતેલા વર્ષ દરમિયાન જે જે લેખક ભાઇ–બહેનોએ પોતાની રચનાઓ મોકલી જે રસ દાખવ્યો છે, તે સહુનો અમે અહીં આભાર માનવાની તક લઈએ છીએ.

પોતાના નવ–વર્ષના ભાવિ વિકાસ માટે 'પત્રિકા' એ અત્યારથી-જ કેટલીક યોજનાઓ વિચારી લીધી છે. તેના અંતરંગ અને બહિરંગ, તેનું સાહિત્ય અને વિચાર-સરણી વધુ ઉપયોગી અને આકર્ષક બનાવવાના ભરસક પ્રયત્નો તો ચાલુ જ રહેશે. અમારા આ પ્રયાસમાં વાંચકો અને શુભેચ્છકો અમને બે રીતે મદદ કરી શકે છે:

(૧) 'પત્રિકા'નો વધુ પ્રચાર કરીને;

(૨) 'પત્રિકા'માં રજુ થતાં સાહિત્યમાં અને વિચારસરણી અંગે પોતાના સૂચનો મોકલીને.

આ બંને રીતે સર્વ કોઈ પોતાનો સક્રિય લાભ અમોને આપે, એ અમારી નમ્ર વિનંતી છે.

વ્યવસ્થાપક મંડળની મહત્વની સભા :-

અખિલ હિંદ નૂતન બાલ શિક્ષણ સંઘની કાર્યવાહક મંડળની સભા વડોદરાના શિશુભારતીમાં રવિવાર તા. ૭–૨-૫૪ના રોજ સંઘના કાર્યાધ્યક્ષ શ્રી સરલાદેવી સારાભાઈના પ્રમુખપદે મળી હતી. આ સભામાં મુખ્યત્વે, સંઘે ૧૯૫૪-૫૫માં પોતાની પ્રવૃત્તિ કઈ દિશામાં વધારવી તે અંગે વિચાર કરવામાં આવ્યો હતો. 'શિક્ષણ પત્રિકા'ના પ્રકાશન અને મુદ્રણ માટે સંઘ પોતાનું જ મુદ્રણાલય શરૂ કરી શકે કે કેમ તે માટે પણ વિચારણા થઈ હતી. અને ચાલુ વર્ષ સંઘને સેન્ટ્રલ સોશ્યલ વેલફેર બોર્ડની નવા બાલક્રીડાંગણો શરૂ કરવા જે ગ્રાંટ મળી છે, તે જ રીતે જો ૧૯૫૪–૫૫ માટે પણ મળે તો એ દિશામાં સંઘ શું શું કરી શકે તે સંબંધેની યોજના ઘડી કાઢવામાં આવી હતી. બાળકેળવણીના પ્રચારાર્થે અલ્પ-મૂલી પુસ્તિકાઓની જે યોજના ગયા વર્ષે રજુ થઈ હતી, તે માટે નવા વર્ષના અંદાજ–પત્રકમાં જોગવાઇ કરવામાં આવી. ગયા વર્ષે 'શિક્ષણ પત્રિકા'નો દીપોત્સવી બાલ વાર્તા વિશેષાંક જેમ પ્રગટ કરવામાં આવ્યો હતો, તેવો જ અંક આવતી દીપાવલી અવસરે પણ પ્રગટ કરવામાં આવે, એવું અત્યારથી જ વિચારવામાં આવ્યું. આમ બાલ શિક્ષા કેન્દ્રએ ૧૯૫૪–૫૫ માટે યોજેલા કાર્યક્રમને મંજુર રાખવામાં આવ્યો. સંઘના કાર્યોની પ્રગતિની દ્રષ્ટિએ વડોદરામાં મળેલી આ કાર્યવાહક મંડળની સભામાં જે નિર્ણયો લેવામાં આવ્યા છે, તે ખૂબજ આવકારદાયી છે, એમ અમારૂં માનવું છે.

મુંબઇ શિક્ષક સંઘનું વિલીનીકરણ :

મુંબઈમાં સૌથી વધુ બાળશિક્ષણ સંસ્થાઓ છે. એ સંસ્થાઓમાં કાર્ય કરતાં શિક્ષકોને પારસ્પરિક પરિચય સાધવાની તક મળે તેમજ તેમના વ્યવહારિક હિતો, પારસ્પરિક સહકારથી જળવાઇ રહે એ માટે શ્રી જયંતભાઇ શુકલ અને તેમના સહકાર્યકર્તાઓના પ્રયાસથી મુંબઈમાં બાળશિક્ષક સંઘની સ્થાપના સને ૧૯૪૮ માં કરવામાં આવી હતી. આ સંગઠનના ઉદ્દેશ્યોમાં એક ધ્યેય નૂતન બાળશિક્ષણ સંઘને વધુ મજબુત બનાવવાનો હતો. મુંબઇમાં નૂ. બા. શિ. સંઘે જે જે કાર્યો ઉપાડ્યાં તે બધામાં શિક્ષક સંઘે ખૂબ જ સહકાર આપ્યો હતો. આ શિક્ષક સંઘ જે ઉદ્દેશ્યો માટે સ્થપાયો હતો તે ઉદ્દેશ્યો હવે નૂતન બાળશિક્ષણ સંઘમાં રહીને પણ સાધ્ય કરી શકાશે એવી ખાત્રી એને થતાં તા. ૨૯–૧-૫૪ ના રોજ મળેલી શિક્ષક સંઘની વ્યવસ્થાપક તેમજ સામાન્ય સભાએ તેના નૂ. બા. શિ. સંઘમાં થતાં વિલીનીકરણને માન્ય રાખ્યું છે. મુંબઈના બાળશિક્ષકો માટે નૂતન બાલ શિક્ષણ સંઘ શું શું કરી શકે તેનો ખ્યાલ આપીને વિલીન થતાં શિક્ષક સંઘે પોતાનું રૂા, ૨૨૫૭–૧–૦ જેટલી રોકડ રકમ અને અન્ય માલ મિલ્કત નીચેની શરતોએ મુંબઇ શાખાને સોંપી દીધાં છે.

(૧) સંઘ સાથે જોડાયેલાં બાલમંદિરોના શિક્ષકોના બાળકોને પ્રાથમિક શાળાનો અભ્યાસ પૂરો થતાં સુધીના પુસ્તકો આપવા.

(૨) અ. પૂર્વ પ્રાથમિક શિક્ષણની તાલીમ લેવા ઇચ્છતા બાલમંદિરના મુંબઇમાં વસતાં કોઇપણ લાયક શિક્ષકોને ફી માટે લોન આપવી.

બ. નૂ. બા. શિ. સંઘ સાથે જોડાયેલાં બાલમંદિરોના તાલીમ પામ્યા વગરના શિક્ષકોને પહેલી પસંદગી આપવી.

(૩) નૂ. બા. શિ. સંઘની મુંબઇ શાખામાં નવી ચૂંટણી ન થાય ત્યાં સુધી નીચેના બે પ્રતિનિધિઓને કાર્યવાહક સમિતિમાં લેવાં :

(૧) શ્રી વિમળાબેન અમીન

(૨) શ્રી પ્રભુભાઈ પટેલ.

મુંબઈના બાળશિક્ષકોને અમારા ધન્યવાદ.

'બા મને કામ કરવા આપને!'

સુનીલ સાડાચાર વર્ષનું બાળક છે. માતાપિતાને ખૂબ મોટી વયે તથા એક દીકરીની પાછળ થએલો દીકરો. ઘરમાં એકાદ "પૌત્ર"નું મોહું જોઇને સુખમાં આ જીવન યાત્રા પૂરી કરું એવું ઇચ્છતા મોટી બા સુનીલના જન્મથી ખૂબ રાજી થયા હતા.

બા, બાપુજી, મોટી બા, ફોઇ, મોટી બેન, બધાનું જ સુનીલ રમકડું બની ગયો હતો. આમાંથી કોઇપણ સુનીલને જરાપણ નજર બહાર થવા દેતા નહિ. એને જરા પણ રડવા ન દેવો એવું જાણે બધાંએ નક્કી ન કર્યું હોય! સુનીલ કોઇપણ વસ્તુની માંગણી કરે એટલે એ પૂરી કરવી જ જોઇએ એમ બધાં માનતા. આટલી કાળજી લેવાં છતાંય સુનીલ અઠવાડીએ અઠવાડીએ માંદો પડી જતો. ખરું જોતા વધુ પડતી કાળજી લેવાથી જ એ વારંવાર માંદો પડતો હતો એમ કહેવામાં જરાએ વાંધો નથી. અધુરામાં પૂરું વડીલ મંડળી 'લાવ એની વારંવાર ખબર લઇ જાય છે' એમ અભિમાન પૂર્વક બધાંને જણાવતા હતા.

બાળમંદિરમાં જવા જેટલી સુનીલની વય થઇ હતી. તેને બાળમંદિરમાં મૂકવા માટેનો થોડો ઘણો અસફળ પ્રયત્ન પણ તેમના બાએ કર્યો હતો. પણ બાળમંદિરમાં સુનીલ રડે છે એટલે હાલ એને બાળમંદિરમાં નથી મૂકવો એવો વિચાર એમની ઘરની બધી મોટી વ્યક્તિઓએ કર્યો હતો.

સુનીલની શરીરપ્રકૃતિ સારી થતાં જ તેની શારીરિક તથા માનસિક હિલચાલ ખૂબજ જોરમાં શરૂ થઇ. સતત કંઇને કંઇ પ્રવૃત્તિ કરતાં રહેવું જોઇએ એમ એને લાગતું. ઘરમાં રમકડાં ખૂબ હતાં. ફળીયામાં છોકરાંઓ પણ ઘણાં હતાં. પણ એ બધાં છોકરાંઓ ઘરે આવે છે અને સુનીલના રમકડાં તોડી–ફોડી નાંખે છે એમ સુનીલના ઘરની વ્યક્તિઓની ફરિયાદ હતી. અને તેથી દિવસનો ઘણો થોડો સમય એમને સુનીલના ઘરમાં આવવાની પરવાનગી હતી.

એટલે જ આખો દિવસ સુનીલ બાની કે ફોઇની પાછળ ફર્યા જ કરતો હોય. આજે હું સુનીલને ઘરે એની બાને મળવા ગઇ હતી. સુનીલના ફોઇ બહાર ગયા હતા. એટલે એ એની બાની પાછળ પાછળ ફર્યા કરતો હતો. સવારનો નવ વાગ્યાનો સમય હતો એટલે સુનીલની બા કામમાં હતી. હું ગઇ એટલે બેસવા માટે મને પાટલો આપ્યો અને બીજી બાજુ એમનું કામ ચાલુ હતું. સુનીલને શું કરવું એ સુઝતું જ નહોતું. એ સતત બાને કહેતો હતો "બા મને કામ કરવું છે!" બા તેને કહેતા 'જા તું રમવા જા! છોકરાંઓને શાનું કામ કરવાનું.' સુનીલ જરા બહાર આંટો મારીને પાછો રસોડામાં આવતો. કારણ આખો દિવસ સાથે ફરનાર એના ફોઇ આજે ઘરે નહોતાં. તેની ઇચ્છા પ્રમાણે રમાડનાર એની મોટી બહેન પણ શાળામાં ગઇ હતી; અને સુનીલના રમકડે રમવા ભેળ એટલે એ કહે એ પ્રમાણે રમતા ફળીઆના છોકરાઓ પણ આવ્યા નહોતા. એટલે હવે એને રમવું પણ શું અને કોની સાથે!

બે બે મિનિટે સુનીલ બા પાસે આવે ને એમનો છેડો પકડી એમને કહેઃ બા મને કંઇ કામ કરવું છે!' બા કોઇ વાર ઉપર પ્રમાણે જ ઉત્તર આપે તો કોઇ વાર મુંગા જ રહેતા. મારી સાથે ગપ્પા મારવાનું તથા હાથેથી કામ કરવાની એમની પ્રવૃત્તિ ચાલુ હતી આવી રીતે પાંચ છ વાર સુનીલે કામની માંગણી કરી એટલે મારાથી રહેવાયુ નહિ એટલે મેં કહ્યું, 'એને કંઇ કામ સોંપોને!' એટલે એમણે તરત કહ્યું, 'હં! એને શું કામ આવડે અને એ કરશે પણ શું? એ તો મારી પાછળ પડીને મને સતાવવા માટે આવું કરે છે! બીજુ શું વળી!' ફરી જ્યારે સુનીલની કચકચ શરૂ થઇ એટલે કંઇ નહિ તો મારા દેખતા એની તરફ તદ્દન દુર્લક્ષ કરવું અશકય થવાથી તેમને કહ્યું," આમ જો, સુનીલ હમણાં હું તને નહવડાઉં છું અને નાહ્યા પછી હું તને કઇક સારું સારું ખાવાનુ આપવાની છું. આજે સવારે તેં ફકત ચહા જ પીધી છે ને! અને આજે જમવાને ખૂબ મોડુ થવાનું છે એટલે તુ નાસ્તો કર અને પછી હું તને કામ સોંપુ છું.' સુનીલ ખરેખર ખૂબ ડાહ્યો છોકરો કહેવાય! એણે એની બાનું કહ્યું માન્યુ અને બમીસ અને પાટલુન કઢાવવા માટે બાની સામે જઇને ઉભો રહ્યો. મેં કહ્યું, 'સુનીલ જા જોઉં, તું તારા કપડા લઇ આવ તો. શરીર લૂછવાનો ટૂવાલ લાવ જોઉં!' એટલે સુનીલના બા બોલ્યા, 'એ શાનો કપડા લાવે! ઉંચા સ્ટુકાય છે. તે કંઇ એનાથી ઉતરાય નહિ અને કબાટમાંથી કાઢવા જાય કે એમાના બાકીના બધાં કપડા અવ્યવસ્થિત કરી નાખે.'

(અપૂર્ણ)

બાલ શિક્ષણ અને સંઘ સમાચાર

લીંબડીઃ નૂતન બાલ શિક્ષણ સંઘની સૌરાષ્ટ્રમાંની પહેલી શાખાઃ લીંબડી શાખાના કાર્યવાહક મંડળની ચૂંટણી ફેબ્રુઆરી માસમાં થઈ ગઈ છે. આ ચૂંટણીમાં ચૂંટાયેલા સભ્યો બીનહરિફ ચૂંટાયા હતાં. પદાધિકારીઓ તરીકેઃ શ્રી ગિરધરલાલ ઉ. પરિખ, પ્રમુખ; શ્રી ભાઈલાલભાઈ એમ. વકીલ ખજાચી; અને શ્રી ગનુભાઇ પીપળીયા, મંત્રી તરીકે ચૂંટાયા હતાં.

સૌરાષ્ટ્રમાં ચાલતી બાળ કેળવણીની સંસ્થાઓ પણ પોતાને ત્યાં સંઘની શાખાઓ સ્થાપે તો તે આવકારદાયક લેખાશે. આ અંગેનું સાહિત્ય, **શ્રી સંયોજક નૂ. બા. શિ. સંઘઃ સૌરાષ્ટ્ર પ્રદેશ, લીંબડી (સૌરાષ્ટ્ર)** એ સીરનામેથી મળી શકશે.

સુરેંદ્રનગરઃ શ્રી રતિલાલ વર્ધમાન શાહ બાળકેળવણી મંડળ સંચાલિત શ્રી મણિલાલ કોઠારી બાલમંદિર અને શ્રી પ્રુલચંદભાઇ કુમાર મંદિરનો વાર્ષિકોત્સવ શ્રી ચંદુલાલ વર્ધમાન ના પ્રમુખપદે તા. ૨૪ ફેબ્રુઆરી થી ૨૮ મી ફેબ્રુઆરી સુધી ખૂબજ ઉત્સાહપૂર્વક રંજન કાર્યક્રમો સાથે ઉજવવામાં આવ્યો હતો.

રાજકોટઃ ભારતીય બાલ વિકાસ સમિતિની સૌરાષ્ટ્ર શાખાનું ઉદઘાટન તા ૮–૨–૫૪ ના રોજ ભારત સરકારના આરોગ્ય પ્રધાન શ્રી રાજકુમારી અમૃતકૌર ના વરદ હસ્તે થયું હતું. આ પ્રસંગે પ્રમુખસ્થાનેથી બોલતાં સૌરાષ્ટ્ર સરકારના મુખ્ય પ્રધાન શ્રી ઢેબરભાઇએ સ્વ. શ્રી ગિજુભાઇ બધેકા અને દરબાર શ્રી ગોપાલદાસની બાળકેળવણી અંગેની સેવાઓને ભાવભરી અંજલી અર્પી હતી.

વડોદરાઃ અહીંના એલેમ્બિક શિશુકુંજના બાળકોએ શનિવાર તા. ૨૭–૨–૫૪ ના રોજ એક ચૂંટણી નાટક શ્રી ધીરજબેન ર. અમીનના પ્રમુખપદે ભજવ્યું હતું. સામાન્ય ચૂંટણીમાં રહેતો બંદોબસ્ત, મત આપવાનુ તથા લેવાનું કામ બાળકોએ જાતેજ ખૂબ ઉત્સાહથી કર્યું હતું. શિશુકુંજના આચાર્ય શ્રી એકબોટે તથા અન્ય શિક્ષકોએ આ ચૂંટણીનુ સંચાલન કર્યું હતું. ચૂંટણીના આ પ્રત્યક્ષ પ્રયોગથી, ઉપસ્થિત પ્રેક્ષકોએ ખૂબજ આનંદ વ્યકત કર્યો હતો.

મુંબઈઃ- શિશુ વિહાર મંડળ સંચાલિત શિશુ વિહારનો ૧૮મો વાર્ષિકોત્સવ શ્રી તારાબેન મોડકના પ્રમુખપદે તા. ૨૭–૨–૫૪ના દિને ઉજવવામાં આવ્યે હતો. આ સમયે શિશુ વિહારના બાળકોએ, જુદી જુદી જાતના રંજન કાર્યક્રમો રજુ કર્યા હતા.

મલાડઃ- શ્રી નૂતન વિદ્યા મંદિરનો દ્વિતીય બાલ શારીરિક દિવસ શ્રી જ. હ. ત્રિવેદીના પ્રમુખપદે તા. ૧૪–૨–૫૪ના રોજ ઉજવાયો. જાણીતા ક્રિકેટ ખેલાડી શ્રી. વિજય મરચન્ટ મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા.

નાગપૂરઃ- ભગિની મંડળ સંચાલિત બાલકમંદિરનું સ્નેહ સંમેલન રવિવાર તા. ૨૮–૨–૫૪ના રોજ, મધ્યપ્રદેશના શિક્ષણ સચીવ શ્રી આર. પી. નાયકના પ્રમુખપદે યોજવામાં આવ્યું હતું.

કલકત્તાઃ- એસોસિએશન મોન્ટેસોરી ઇન્ટરનેશનલ સંચાલિત ૧૩મો ઇન્ડિયન મોન્ટેસોરી ટ્રેનિંગ કોર્સ માર્ચ માસથી કલકત્તા ખાતે શરૂ થાય છે. વધુ માહિતી **૯૯, બીલીગંજ પાર્ક રોડ, કલકતા,** લખવાથી મેળવી શકાશે.

સિધ્ધપૂરઃ- આંગણવાડીઓ અને બાલક્રીડાંગણોની પ્રવૃતિઓ શાળામાં વધારવાની દ્રષ્ટિએ મહેસાણા જિલ્લાની નૂ બા. શિ સંઘની શાખાએ ઊંઝા ખાતે તા ૨૮–૨–૫૪ના રોજ એક સભા બોલાવી હતી. ગયા વર્ષે આ શાખાએ બાલક્રીડાંગણો શરૂ કર્યા છે.

ઘાટકોપર, મુંબઇઃ- શ્રી રામજી આસર વિદ્યાલય સંચાલિત મોરારજી વસનજી બાલમંદિરનો રજતોત્સવ શ્રીમતિ હેમંતિની નરોત્તમ ધરમસી ભાટીયા, બી. એ.ના પ્રમુખસ્થાને તા. ૬ અને ૭મી માર્ચના રોજ ઉજવાયો હતો

રજતોત્સવનું આરંભિક મંગલ પ્રવચન નૂ બા. શિ. સંઘના મંત્રી શ્રી શેષ નામલે, બી. એ. એ કર્યું હતું. રજતોત્સવના ઉપક્રમે બાલ શિક્ષણ પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું.

મુંબઇ:- પ્રો. કે. યુ. ભરાનો, મોન્ટેસોરી પધ્ધતિ પરનો તેરમો બાલ શિક્ષણ તાલીમ વર્ગ તા. ૧૫મી એપ્રીલ, ૧૯૫૪થી શરૂ થશે. આ શિક્ષણમાં રસ ધરાવતી વ્યકિતઓ વધુ માહિતી માટે, શ્રી શાંતિલાલ મ. પંડયા, પ્રિન્સિપાલ, શેઠ ગોરધનદાસ કરસનદાસ બાલમંદિર–પ્રાથમિક શાળા, ૩૩૦, વડગાદી મુંબઇ ૩નો સંપર્ક સાધે.

લેખાંક ૧૦મો

બાળકનું ગણિત શિક્ષણ

દશમાન પરિચય :

"એકથી દશ સુધીના અંકો કેમ શીખવવા એની સંપૂર્ણ કલ્પના આવી, પરંતુ હવે આગળ સો સુધી કેવી રીતે શીખવવું ? પહેલા ધોરણમાં સો સુધીના અંકની ઓળખાણ તથા અંક લેખન થવા જોઇએ એમ કહે છે.' કમળાબેન બોલ્યા.

'એક થી દશ સુધી આવડે કે આગળ દશથી વીસ અને આગળ ઉપર વીસથી ત્રીસ એમ કરતા કરતા સો સુધી પહોંચવું; આવો હાલની આપણી પ્રાથમિક શાળાના અંક શિક્ષણનો ક્રમ છે. આ ક્રમ અનુક્રમની દ્રષ્ટિથી બરાબર હોય તો પણ ગણિત શિક્ષણની દ્રષ્ટિએ શાસ્ત્ર શુદ્ધ નથી.' મેં કહ્યું

'શાસ્ત્ર શુદ્ધ નથી એટલે ?' કમળાબેન આશ્ચર્યથી મારી સામે જોઇ રહ્યાં અને પછી બોલ્યા; 'તો તમે પછી શું શીખવો છો ?'

'એક થી નવ અંકને મૂળાંક કહેવાય છે. સંખ્યાની રચના આ મૂળાંક ઉપર આધાર રાખે છે. મૂળાંકનો-ઉપયોગ કરીનેજ આપણે કોઇપણ સંખ્યા બનાવી શકીએ છીએ. દરરોજની ભાષામાં આપણે '૧૦ સુધીના અંક' અને '૧૦૦ સુધીના અંક' એમ બધાંને જ અંક તરીકે ઓળખાવીએ છીએ તો પણ ૧ થી ૯ આ મૂળાંકનું સ્વરુપ ૧૦ની આગળના અંકો કરતા જુદું છે. મૂળાંક બનાવી શકાતાં નથી પરંતુ સંખ્યા મૂળાંકનું સ્થાનાંતર કરીને બતાવી શકાય છે. દા. ત. ૧૦માં 'એક' દશક સ્થાને લખવાથી '૧૦' આ સંખ્યાની રચના થાય છે. તે જ પ્રમાણે '૧૧' આ સંખ્યામાં દશક સ્થાનમાં તથા એકમના સ્થાનમાં એક મૂળાંકની યોજના કરવાથી આપણે '૧૧' આ સંખ્યાની રચના કરી શકીએ છીએ. ટૂંકમાં દશ અને દશની આગળના બધાંજ અંકો સંખ્યા છે. તેની રચના દશમાન પદ્ધતિ ઉપર જ અવલંબે છે. તેથી દશમાન અને દશમાન પદ્ધતિનો પરિચય બાળકને સરળતાથી કરાવ્યા વગર સંખ્યાનું મહત્વ–મૂલ્ય બાળકને સમજાવું કઠિન થઇ પડશે.

આ બધું સાંભળીને કમળાબેને શંકાથી પૂછ્યું: 'તમે કહો છો એનો અર્થ એમ થાય છે કે બાળકને ૧૧, ૧૨ ૧૩ વિગેરે આગળના અંકોની ઓળખાણ કરી આપતાં પહેલાં જ દશમાનો અને દશમાન પધ્ધતિનો પરિચય કરી આપવો જોઇએ ? પણ એ કેવી રીતે શક્ય છે ? દશમાનમાંના ૧૦, ૧૦૦, ૧૦૦૦ આ પણ સંખ્યા જ છે ને ? તેમાં પણ રચના છે. તો પછી એની કલ્પના કેમ આપવી એ પણ પ્રશ્નજ છે ને ?'

મેં કહ્યું, '૧૦, ૧૦૦, ૧૦૦૦ આ સંખ્યા છે પરંતુ દશમાન પધ્ધતિમાં આપણે આ દશગણી વધતી સંખ્યાને દશમાન કહીને આપણે પહેલાં ઓળખીએ છીએ. દશમાનો એટલે દશગણી વધી જતી સંખ્યાના સ્થાનો આ સ્થાનો પરથી કોઇપણ સંખ્યાને દશક વડે ગણવાની કે સો વડે અથવા હજાર વડે ગણવાની એની કલ્પના આવી શકે છે. એકમ, દશક, સો ને હજાર આ દશમાનો એટલે દશ વડે ગણવાના માપજ છે. આ માપો અથવા માનો પહેલા જ સમજાય તો જ સંખ્યાનું મહત્વ–મૂલ્ય (ઓછાવત્તાપણું) સમજવું સહેલું પડે છે. દા. ત. ૭૫. આ સંખ્યામાં ૭ એટલે સાત દશક છે અથવા ૭૫૩ આ સંખ્યામાં ૭ એ સો છે એ જો ન સમજાય તો આ સંખ્યાનો અર્થબોધ જ આપણને સમજાશે નહિ. તેથી જ સંખ્યા–રચના સમજવા માટે પહેલાં દશમાનનો પરિચય થવો જરૂરી છે. માપ સમજ્યા વગર આપણે કેવી રીતે ગણી શકીશું ?

'તમારું કહેવું તો બરાબર લાગે છે. પણ તો પછી અમે સો સુધીના અંકો કેવી રીતે શીખ્યા હતા તે જરા યાદ કરવાનો પ્રયત્ન કરું છું. અમને કઇ મૂશ્કેલી નડી હતી ?' કમળાબેન થોડીવાર સુધી એકલા વિચાર કરતા રહ્યાં. પછી બોલ્યા, 'અમે અંકો કેમ શીખ્યા તે કંઇ યાદ આવતું નથી પણ, ઘણા દિવસો સુધી પાટી પર આંક લખીને બાને બતાવતી હતી. અને વળી દરરોજ નિયમિતપણે કેટલાયે દિવસો સુધી આંક મોઢે બોલતી હતી. એકમ, દશકમાં મને લાગે છે ત્યાં સુધી કેટલાય દિવસો સુધી હું ગૂંચવાઇ પણ ગઇ હઇશ. અહીં લખીએ, પાંચ ને પાંચશો કેમ કહેવાય અને જરા આગળ લખીએ તો પાંચ હજાર અને જમણી બાજુ લખીએ એટલે પાંચ કેમ કહેવાય એ મને કેટલાએ દિવસો સુધી સમજાયું જ નહોતું એ માટે બાપુજીનો માર પણ ખાધો હતો.'

'તમને ખરેખર ગણિત વિષય ગમે છે કે ?' મેં પૂછ્યું.

'ગમે તો છે પણ તેનો કંટાળો પણ તેટલો જ આવે છે.' કમળાબેને કહ્યું.

'એક વખત એ વિષય ગમે છે અને સાથે સાથે તેનો કંટાળો પણ આવે છે આ વાત નવાઈભરી નથી લાગતી?' મેં કહ્યું

આગળ ઉપર હું ગણિત ટાળતી ગઈ પણ એમ જોવા જાઉં તો મારી બુદ્ધિ ગણિત જેવા વિષય માટે ઓછી હતી એવું મને તો નથી લાગતું. હાલમાં તો આ વિષયમાં મને ગમ્મત પડે છે'.

મેં કહ્યું 'આ વિષયનું તમારું શિક્ષણ કેવા પ્રકારનું થયું હતું એનું ચિત્ર મારી સામે છે. આજની શાળામાં પણ, તમે જે પધ્ધતિથી શીખ્યા હતા, તેજ પધ્ધતિ ચાલુ છે. આ કંટાળાભરેલી પધ્ધતિથી ગણિત વિષય નકકામો અધરો બન્યો છે. ૧ થી ૧૦૦ સુધીના જુદા જુદા અંકના નામો અને તેના ચિહ્નો કંઈ પણ સમજ્યા વગર મોઢે કરવા તથા ઓળખવા એ ખરેખર નવાઇની વાત છે. ૧૦૦ ચિહ્નો અને તેના ૧૦૦ જુદા જુદા નામો મોઢે કરવાનું કામ કોઇને પણ ભારી લાગે એવું જ છે. આ ચિહ્નોનો ઉપયોગ સમજ્યા વગર અથવા તેમાંની સુસંબંધતા ધ્યાનમાં ન આવે એટલે તો આ કાર્ય વધુ અધરું લાગે છે. તેમ છતાં આ વયના બાળકો શિક્ષકોની-વાલીઓની સામ, દામ, દંડ, ભેદનીતિને વશ થઈને સમજ્યા વગર આંક ગોખ્યે રાખે છે. અને રોજને રોજ યંત્રવત લખી કાઢે છે'.

'મારા વિનયનું પણ હમણા એ જ ચાલુ છે.' કમલાબેને જરા ચિંતાયુકત સ્વરે કહ્યુ 'શિક્ષક રોજ આંક લખીને લાવવાનું કહે છે. ગયા છ મહિનાથી આ ચાલુ છે. એને એ લખવા જોઇએ એટલે અમારા બન્નેના ઘરમાં અને શાળામાં ખેંચતાણનાં અનેક પ્રયત્નો ચાલુ છે. અને તેની સાથે ગણિત વિષયને માટે તેનો કંટાળો પણ ઓછો થવાને બદલે વધવાના પ્રમાણ દેખાય છે. આંક લખાવી લેવા તથા બોલાવી લેવાની વિરૂધ્ધ જ તમે બધાં છો કે?'

મેં કહ્યું 'અમારો ગમવા કે ન ગમવાનો આ પ્રશ્ન નથી. જે પધ્ધતિ દ્વારા બાળકને કોઈ પણ કામ મનથી કરવાની ઇચ્છા, અભિરુચિ તથા ઉત્સાહ જાગે તે પધ્ધતિ સારી. આંક બોલાવી લેવા કે લખાવી લેવાના વિરોધમાં અમે નથી. પરંતુ એ કરાવી લેવામાં કે લખાવી લેવામાં બાળકની મુશ્કેલીઓનો વિચાર થતો નથી અને તેથી આંક કરાવી લેવાનો મુખ્ય ઉદ્દેશ (એટલે ગણિત વિષય સરળ અને રસપ્રદ બને) નિષ્ફળ બને છે.

'મૂળાંક પછી દશમાન પરિચય લેવો જોઇએ એ જ તમારૂં કહેવું છે ને?' કમલાબેન મને મુદ્દા ઉપર લાવવા માટે બોલ્યા 'દશમાન પરિચય કઇ રીતે કરાવવો?' એમણે પૂછ્યું.

મેં કહ્યું. "મૂળાંક પરિચય કેવી રીતે કરાવ્યો? પહેલાં પરિમાણુબધ્ધ રાશિનો પરિચય, તેજ સમયે સમાન્તર ચિહ્નોનો પરિચય પછી રાશિ અને ચિહ્નોનો સમન્વય પછી રાશિ અને ચિહ્નોના સાહચર્યનું દૃઢીકરણ અને છેલ્લે કસોટી."

'આ પગથિયા બરાબર છે ને?' કમલાબેને પૂછ્યું. મેં કહ્યું, 'ગમે તેટલી લેઈશું તો પણ બાળક ગભરાશે નહીં એવો મારો અનુભવ છે. પરંતુ એકમ, દશક, સો ને હજાર એમ ચારજ દશમાનો લેવા અનેક દ્રષ્ટિથી અનુકૂળ છે.

'આ દશમાન માટે પરિમાણો કયા લેવા?'

'એકમ માટે ૧૦ સેન્ટીમીટરની લાકડી લઇએ તો દશક માટે એક મીટરની લાકડી જોઇએ. અહીં સુધી વાંધો નથી. પરંતુ સો લેવા પડે તો આ પરિમાણ માટે ૧૦૦ મીટર લંબાઇની લાકડી લેવી પડે અને આગળ ઉપર હજાર માટે કેટલી લાંબી લાકડી જોઇએ? તેથી આટલું મોટું પરિમાણ લેવું સગવડતાભર્યું નથી. એટલે મેડમ મોન્ટેસોરીએ બાળકને ગણવા માટે સરળ થઇ પડે એ દ્રષ્ટિએ મોતીનું નવું પરિમાણ લેવાનું સૂચવ્યું છે.

દશમાન પરિચયના સાધનો

મોતીનો હજારનો ઘન, મોતીના સોના દશ ચોરસ, દશની દશ સળીઓ અને છૂટા દશ મોતી. એક મોતી અને ત્રણ નાની ટ્રેઝ. દશમાન ચિહ્નોના કાર્ડનો મોટો સેટ.

પહેલી રમત: એકમ દશક સો ને હજાર આ પરિમાણનો પરિચય:

શરૂઆતમાં ફકત એકમ (છૂટા) અને દશક સામે રાખીને જરૂર હોય તો ત્રિપદ પદ્ધતિથી આ બન્ને પરિમાણોનો પરિચય કરાવી આપવો. સાધારણરીતે આ બન્ને પરિમાણો બાળકના પરિચિત હોય છે. પછી સો ને હજાર સામે મૂકીને તેનો પ્રત્યક્ષ પરિચય કરાવી આપવો. પછી ચારે પરિમાણો દૂર મૂકાવીને તેના નામ કહીને તે મંગાવવા તેજ પ્રમાણે પરિમાણો ઉપર આંગળી મૂકીને તેના નામો પૂછવા અને આ રીતે પરિચય દૃઢ કરાવવો.

બીજી રમત : રાશિની ગોઠવણી અને દશમાન મૂળહજાર બનાવેલો હજાર બનાવેલો સો. બનાવેલો દશક બનાવિવા. શરૂઆતમાં રાશિ કેમ ગોઠવવી તે બતાવવું.

હજાર સો દશક એકમ







બાળકને પણ આ પ્રમાણે એકમમાંથી દશક, દશકમાંથી સો અને સોમાંથી હજાર બનાવવાનું સૂચન કરવું. આ પ્રમાણે દશમાન બનાવતા આવડે એટલે વચ્ચે વચ્ચે સૂચક પ્રશ્નો પૂછવા.

કેટલા એકમનો એક દશક?

કેટલા દશકનો એક સો?

કેટલા સોનો એક હજાર?

રમત ત્રીજી : રાશિ મંગાવવાની રમત.

એક બાજુ રાશિ ગોઠવાવી બાળકને એક નાની ટ્રે આપવી અને મોઢેથી રાશિ મંગાવવી. શરુઆતમાં જ પરિમાણુની રાશિ મગાવવી. પછી બે અને ત્રણ અને છેલ્લે ચારે પરિમાણોની રાશિ મંગાવવી. માગણી ધીરે ધીરે વધારવી. કેવી રીતે મગાવવી તે નીચે બતાવ્યું છે.

'બે એકમ લાવો'

'ત્રણ દશક લાવો'

'પાંચ સો લાવો'

પછી 'બે સો અને ચાર એકમ લાવો'.

'ત્રણ દશક અને સાત એકમ લાવો'

પછી 'ચાર સો ત્રણ દશક અને સાત એકમ લાવો'

આ પ્રમાણે રાશિ પરિચયની રમત લેતા જવી.

પહેલી રમત:

એકમ, દશક, સો ને હજારના ચિહ્નોનો પરિચય રાશિની જેમજ પહેલાં |૧| અને |૧૦|નો પછી |૧૦૦| ને |૧૦૦૦| આ ચિહ્નો લખેલા કાર્ડસનો પરિચય કરાવવો તથા એનું દૃઢીકરણ કરાવવુ.

૧૦૦૦નો ઘન

આ ચોરસ ઉપર પ્રમાણે સોનો

આ સળીઓ ઉપર પ્રમાણે ૧૦૦

આ ચોરસ સમજવો.

બધી રાશિ લેવી હોય તો તે છૂટી કરીને ગોઠવવી. આ એક રમત શરુઆતમાં બાળકોને ગમે છે. સાધારણ ત્રણ ચાર વાર ગોઠવવાની રમત રમાયા પછી એટલે એકમનો દશક અને દશકના સો તથા સોનો હજાર કેમ બને છે તે શિક્ષકે બતાવવું. તે બતાવવા માટે ઉપર પ્રમાણે રચના કરવી અને પછી એક એક એકમ ઊંચકીને એ દશકની બાજુમાં ગોઠવીને બતાવવાં. પછી બધી દશકની સળીને સોના ચોરસ પાસે ગોઠવીને ચોરસ બનાવવો અને પછી બધાં ચોરસ કામમાં ઊંચકીને હજારની બાજુમાં ચોરસનો હજાર કરીને બતાવવો.

રમત બીજી :

પરિમાણ ચિહ્નોની રચના

૧૦૦૦	૧૦૦	૧૦	૧
	૨૦૦	૨૦	૨
	૩૦૦	૩૦	૩
	૪૦૦	૪૦	૪
	૫૦૦	૫૦	૫
	૬૦૦	૬૦	૬
	૭૦૦	૭૦	૭
	૮૦૦	૮૦	૮
	૯૦૦	૯૦	૯

રમત ત્રીજી:

સંખ્યા મંગાવવી, તથા સંખ્યાની રચના કરવી અને વાંચવી.

રાશિ પ્રમાણે જ શરૂઆતમાં એક પરિમાણ પછી બે અને ત્રણ પરિમાણોની સંખ્યા મંગાવવી.

પહેલા 'ચાર એકમ લાવો.'
'પાંચ દશક લાવો'
'છ સો લાવો'

પછી 'પાંચ સો બે દશક લાવો.'
'ચાર દશક ત્રણ એકમ લાવો'

છેલ્લે 'ચાર સો. ત્રણ દશક પાંચ એકમ લાવો'

આ રીતે પરિમાણોનાં કાર્ડ લાવે એટલે એક ઉપર એક ગોઠવીને | ૪: ૧: ૩ | સંખ્યા ક્રમ બને છે તે બતાવવી. પછી દરેક વખતે લાવેલા કાર્ડની સંખ્યા બતાવતાં જવું. (એમાં સૌથી મોટો કાર્ડ નીચે પછી એનાથી નાનો, પછી એનાથી નાનો એમ એક ઉપર એક ગોઠવવા અને તે ડાબી બાજુ પરથી સરખી કરી લેવાથી સંખ્યા બને છે). આ સંખ્યા બાળકને વાંચવા માટે સૂચવવું. ચાર સો એક દશક અને ત્રણ એકમ' હજી બાળકને અગિયાર બાર, તેર એવા નામો ખબર નથી હોતા તેથી સંખ્યાવાંચન ઉપર પ્રમાણે થશે. આગળ ઉપર એકમને બદલે મૂળાંકનું નામ લેવાથી એકમ સમજવો એ પ્રથા દૃઢ કરવી.

રમત ૪થી: રાશિચિન્હ સાહચર્ય

એમાં શિક્ષકે પ્રથમ રાશિ અને કાર્ડની ગોઠવણી બે જુદે જુદે ઠેકાણે કરવાનું બાળકને કહેવું. પછી પોતેજ કોઈવાર કાર્ડ પાસે બેસીને બાળકની ટ્રેમાં કાર્ડની સંખ્યા આપીને રાશિ મંગાવવી, તો કોઈવાર રાશિ પાસે બેસી બાળકની ટ્રેમાં રાશિ મૂકી એ પ્રમાણેનાં કાર્ડ મંગાવી સંખ્યા બનાવવા તથા વાંચવા કહેવું. આ રમતથી રાશિ-ચિહ્ન સાહચર્ય દૃઢ કરાવવો.

દશમાન પરિચય, સંખ્યા રચના અને સંખ્યા-વાંચનની આ તદ્દન સહેલી રમત જોઈને કમલાબેનનાં ચહેરા ઉપર વારંવાર આશ્ચર્યના સમાધાનનાં ચિહ્નો જણાતાં હતાં.

—શેષ નામલે

અગત્યની સૂચના

ફેબ્રુઆરી અને માર્ચ માસમાં "શિક્ષણ પત્રિકા"ના કેટલાંક સભ્યોના લવાજમો પૂરાં થાય છે. જેમના લવાજમો પૂરાં થયાં છે, તેઓને આ અંકની સાથે સૂચના મોકલવામાં આવી છે. સૌ સભ્યોને વિનતિ છે કે તેઓ પોતાનું લવાજમ વહેલી તકે મોકલી આપવા કૃપા કરે. જેમનું લવાજમ કે તે અંગે કાંઇ સૂચના નહીં આવે, તેમને આવતો અંક વી. પી. થી મોકલવામાં આવશે, જે સ્વીકારી લેવા વિનતિ છે. —વ્યવસ્થાપક.

* રેકર્ડ વા....ગી *

આજ આખો દિવસ સામે શંકરની ઝુંપડીમાં મોટી ધમાલ હતી.

શંકર માળી ભૂવો છે અને એણે પોતાની ઝુંપડીમાં દેવીની સ્થાપના કરી છે.

આજ એ દેવીનો ઉત્સવ છે.

આજ સવારથી શંકરે ધજાગરા, પતાકડા અને તોરણોથી એની ઝુંપડી શણગારી છે. એક ખૂબ ઊંચા વાંસ ઉપર લાંબી ધજા ફરકાવી છે.

બધાંય વખત ઢબઢબ ઢોલ વાગ્યા કરે. ઝાંઝપખાજ ખબખબ્યા કરે છે.

સવારે ઘણાં લોકો ભેળાં થયેલાં અને શંકર એની ભૂવાની ફરજ પ્રમાણે માતાજી સામે ધૂણેલો.

શંકરની વહુ કૌશી પણ આજ સારાં કપડાં પહેરી ખૂબ આનંદમાં ફરે છે. એનો દીકરા રામો અને નાની પાંચ વરસની દીકરી શાન્તી સારાં કપડાં ઉપર ફૂલના હાર પહેરી ફરે છે.

કોઇ સાવ અળગો પડી જતો હોય તો તે શંકરનો બાપ ભીખો છે. એ તો રોજની જેમ આજ પણ એક ખુણામાં પડયો છે. એ જ એનાં ગંદાં ફાટેલાં, કાળાંમેશ જેવાં કપડાં એની એજ, ફાટેલી લીરા જેવી પાઘડી.

એ જેમ કંઇ બોલતો નથી તેમ કોઈ એનો પણ ભાવ પૂછતું નથી.

ડોશો બહુ ક્રોધી છે અને છાશ વારે એ ઘરમાં ઝગડતો હોય છે. શંકરની વહુ કૌશી અને એને ઉભું રહ્યું બનતું નથી.

ડોશો ખૂબ વૃધ્ધ થઇ ગયો છે. એના હાથ પગ સાવ અશકત થઇ ગયા છે અને ધ્રૂજતો હોય છે. એ કુંડેથી વળી ગયો છે.

એ આખો દિવસ આમ એના નિશ્ચિત ખુણામાં પડયો રહે છે. કેટલીક વાર નજીકના રામ મંદિર પાસે બેસી ભીખ માગતો હોય છે.

આજ બધાં આનંદ ઉત્સવમાં ખૂબ ખુશ છે. પણ આ ડોશો તો જાણે અયોગ્ય થઈ રહ્યું હોય તેમ મ્હોં ચડાવીને બેઠો છે અને એકલો એકલો બડબડે છે.

વચ્ચે વચ્ચે રામો અને શાન્તી એની પાસે આવતાં અને ડોસાની કંથને કંઇ છુંછી કરી જતાં.:

'અદા જો, મારી કેવી સરસ બંગડી !'

શાન્તી ડોસાને બંગડી બતાવતી બોલી.

પણ ડોસાએ તો એને ધક્કો મારી કહ્યું :

'બાળ તારી બંગડીને રાં....મર્ય.'

છોકરી તરતજ બોલી ઉઠી:

'તું મરને ?'

અને એમ બોલીને શાન્તી આઘી ભાગી ગઇ પણ થોડીવારે એની માને લઈને આવી.

કૌશી તાડુકતી બોલી.

'એલા ઘેડો થીયો તોય કાંઇ સાન ન આવી ? મારી શેન્તીને ગાળ શેનો દે છ, સપરને પરમે ? માતાજી એને ખમા ખમા કરે.'

ડોશો કંઇ બોલ્યો નહીં. અને એ વાત એટલેથી જ અટકી.

બપોરે જમણ થયુ અને પછી શંકરના ઝુંપડામાં અને બહાર એના મહેમાનો લાંબા થઈને સૂતાં.

પછી થોડી શાંતિ થઇ.

પણ થોડા વખતમાં શંકર ક્યાંકથી જૂનું ભૂંગળાવાળું ફોનોગ્રાફ લઈ આવ્યો. અને પોતે વગાડવા બેઠો.

જૂના જમાના વખતની નાટકની ઘસાઈ ગયેલી એ રેકર્ડો ફૂટેડા બોલતા હોય એમ ઘસાતી ઘસાતી વાગતી હતી. એની આસપાસ છોકરાંઓ કુતૂહલથી જોતાં બેઠાં હતાં. અને સૂતેલાં મહેમાનો સૂતાં સૂતાં જ વાગતા ગીત સાથે સૂર પૂરાવતાં હતા.

ત્યાર પછી તો શંકરને પણ ઊંઘ આવવા માંડી એટલે એણે વાજું બંધ કર્યું. પણ ત્યાં એનો જુવાન દીકરો રામો પાસે આવ્યો:

'બાપા, મને દે, હું વગાડું.'

'ના, તું કયાંક બોટકાવી નાખે, તો ?'

'નહીં, નહીં, હું નહીં બોટકી નાંખું.'

'જો જે હોં, નહીં તો પછી રામજી માસ્તરનું પૂરું નહીં પડે.'

એમ કહેતો શંકર ઉઠયો અને રામો વાજું વગાડવા બેઠો. રામાએ ચાવી દેવા માંડી:

'હાં, હાં; એમ ધુમડ ધુમડ નહીં કર–જરા ધીરે ચાવી ફેરવ!'

પછી રેકર્ડ કેમ ધીમેથી મૂકવી, કેમ પીન નાખવી, વગેરે બધું શંકરે બતાવ્યું અને વાજું વાગવા લાગ્યું.

હવે શંકરે પણ મહેમાનો સાથે લંબાવ્યું. બધા મહેમાનો ચપટીઓ વગાડતા જતા હતા અને બગાસાં ખાતા જતા હતા. અને ઊંઘ ઘેરા આંખોએ સંગીતાનંદ માણી રહ્યા હતા.

થોડા વખતમાં બધાં એ સંગીતના હાલરડાં સાંભસતાં ઊંઘી ગયા

હવે ફકત રામો વગાડતો' તો અને આજુબાજુ છોકરાંઓ બેઠાં સાંભળતાં હતાં.

એક માત્ર દૂર બેઠો ડોશો જાગતો સાંળળી રહયો હતો,

રામાની બાજુમાં શાન્તી પોતાનો ખાસ હકક ભોગવતી ઉભી ઉભી ભૂંગળામાં કાન માંડી સાંભળી રહી હતી. એ જોઈ બીજાં બાળકો એ મજા માણવા ઊઠયાં. અને કાન માંડી માંડી ખૂબ ગમ્મત અનુભવવા લાગ્યાં.

પણ રામાએ પોતાની રીતે ધમકાવીને બધાંને બેસાડવા માંડયાં છતાં છોકરાઓ એને બહુ દાદ દેતાં નહોતા.

રામો બીજયો અને એક છોકરાનો હાથ ખેંચી બેસાડવા લાગ્યો. છોકરાએ બીજે હાથે ભૂંગળું પકડી રાખ્યું.

આથી વાજું થોડું હલ્યું અને એટલે કરીને રામાએ છોકરાનો હાથ છોડી દીધો. પણ આથી તો છોકરાનું વજન ગયું અને એ બીજી બાજુ પડયો.

એ તો પડયો પણ સાથે ભૂંગળુ પણ નીચું થઇ ગયું અને વાજું એક બાજુ ઢળી પડયું.

ભૂંગળામાંથી એક મોટો રેકર્ડનો અવાજ આવ્યો અને સાથે જ રેકર્ડના ટુકડા થઇ ગયા–અને રેકર્ડ વાગતી બંધ થઈ ગઈ.

હવે છોકરાઓ બધા ચમકીને ગભરાઇ ગયા અને ત્યાંથી દૂર નાસી ગયાં.

પણ આ વાર એવડો મોટો થયો હતો કે એથી શંકર અને બીજા મહેમાનો પણ ઝબકીને જાગી ગયાં.

'એલા શું થયું?'

શંકર સફાળો બેઠો થતાં બોલી ઉઠયો.

'તાવડી તૂટી ગઇ.'

રામાએ ગભરાતાં જવાબ આપ્યો.

'ઇ, આ બધાં સદુડાના કામ.'

રામાએ બોળબોળ સદુ ઉપર નાખી.

સદુ દૂર ઊભોજ બોલ્યો:

'હું શું કરું? તેં મારો હાથ ખેંચ્યો, એમાં હું શું કરું?'

પણ શંકરને એ સંવાદમાં રસ નહોતો:

'માં'ળી વાંદરાની જાત. મેં તને, રામલા, પહેલેથી જ કહ્યું'તું કે તું તોડી નાંખશે. જો આખર કર્યું ને –વિવાનું વરસી? હવે માસ્તરને શું જવાબ દેવો? આ તાવડીના રૂપિયા પડે છે પાંચ–કયાંથી લાવવા?'

અને એ એમજ ગુસ્સામાં ઉપરાઉપર ગાળોની ઝડી વરસાવવા લાગ્યો. બીજા મહેમાનો પણ હવે જાગી ગયા અને પોતાના છોકરાઓને બોલાવી વઢવા લાગ્યાં.

ભીવો ડોશો બેઠો બેઠો આ તમાશો જોતો હતો. એનાથી ન રહેવાયું. એ બોલી ઉઠયો,

'આ જો આવ્યો, મોટો ધનેશ્રીનો કુંવર! રહી ગીયો'તો વાજા વગરનો–લે હવે વગાડ વાજું!'

હવે શંકરનો મિજાજ હાથ ન રહયો:

'એલા ડોશલા, તું શાની બડબડ બેઠો બેઠો કરે છે? પડયો પડયો બાધ બગાડે છે. એલા અમે ઊંઘી ગયા'તા પણ તું તો જાગતો ગુંડાણો'તોના? બેઠો બેઠો તમાશાં જોયા કરે છે! જાણે કોઇ ત્રિયાત હોય, જાણે અમારો દુશ્મન!'

ભીવો તાડૂકયો:

(અનુસંધાન પાના ૧૬ પર)

બાળકોનો કંકાસ

ગુસ્સાના આવેગમાં ઘણીવાર અયોગ્ય વર્તન જોવામાં આવે છે. ખાસ કરીને બાળકોમાં. કારણ એમણે હજુ પૂરતો કાબુ મેળવ્યો નથી કે તેમને પૂરતો અનુભવ કે શિક્ષણ નથી. મોટાઓ પોતાને જોઈતી વસ્તુ તરત ન મળતા ધીરજ રાખી શકે છે જ્યારે નાના બાળકથી એમ થતુ નથી વળી માબાપ તરફથી બંધન અથવા રૂકાવટ થાય અથવા તો સહજ પ્રવૃતિનાં વિકાસમાં અવરોધ આવવાથી ઘણુંખરૂં ગુસ્સો ઉત્પન્ન થાય છે.

બાળકો ફકત કંકાસ કરીનેજ ગુસ્સો વ્યકત નથી કરતા. શરમાવવું, રીસાવવું, ઉદાસ રહેવું એ પણ ગુસ્સો વ્યકત કરવાની બીજી રીતો છે. ઉદાસ રહી બાળક અંદર ને અંદર ધુંધવાયા કરે છે દિવાસ્વપ્નમાં રાચે છે અને વેર વાળવાના સ્વપ્ના સેવે છે.

કંકાસ કરવો એટલે ખુબ ચીસાચીસ પાડવી, પગ અફાળવા, શ્વાસ પકડવો એવા શરીરનાં ચાળા કરી ગુસ્સો વ્યકત કરવો.

બેથી ચાર વર્ષના બાળકો જેમણે હજી સ્કુલમાં જવાનું શરૂ કર્યું નથી એવા બાળકોમાં આવી કંકાસ કરવાની વૃત્તિ વધારે દેખાઇ આવે છે કારણ આ ઉંમરે બાળક પોતાનો વિકાસ સાધવાનું પ્રયત્ન કરતું હોય છે. તેને બધું પોતાની મેળેજ કરવું હોય છે. કપડા જાતે પહેરવા હોય છે, બુટની લેસ હાથે બાંધવી હોય છે અને પોતાની મેળેજ જમવું હોય છે. તેને એમ લાગે છે કે જે બધું મોટાઓ કરી શકે છે તે બધું પોતે પણ કરીજ શકે. તેમની આ વિકાસ સાધવાની ઇચ્છાને મોટાઓ ઘણીવાર ઉ-તેજન નથી આપતાં કારણ તેમનામાં ધીરજ ને સહનશીલતા નથી હોતા અને બાળકના આવા પ્રયત્નને નિયમનો ભંગ કર્યો એમ માને છે. બાળક પોતાનું કામ પુરૂં કરી લે એટલો વખત વાટ જોવાની ધીરજ એમનામા નથી હોતી. તેઓ કાંતો બાળકને ધમકાવે, ઝડપથી કરવા કહે અથવાતો બાળકને ન ગમતું હોવા છતાં વચ્ચે વચ્ચે મદદ કરવા જાય. બાળકને આમ અડચણ પડવાથી તેઓ ગુસ્સે થાય છે. તેથીજ બાળક નહાતી વખતે, કપડા પહેરતી કે જમતી વખતે કંકાસ કરતું દેખાય છે. બાળકને એક સ્વાવલંબી સ્વતંત્ર વ્યકિત બનાવવી હોય તો એની વિકાસ સાધવાની તીવ્ર ઇચ્છા સંતોષવી જોઇએ.

કંકાસના કારણો.

પૂરતી ઉંઘ કે આરામ ન મળવાથી બાળક કંકાસ કરે છે. તેની શકિત રમત દ્વારા ખર્ચાતી નથી તેથી તે અસ્થિર અને ચીડિયું બની જાય છે. ખુબ ઉ-તેજક (excitement) વાતાવરણથી પણ તે અસ્થિર બને છે. માનસિક થાકને લીધે પણ તેઓ જલદીથી ચીડાઈ જાય છે.

બાળકને કંકાસ કરવાથી કંઈ ફાયદો થયો હોય તો પછી તેને જોઇતી વસ્તુ મેળવવા માટે કંકાસ કરવાની ટેવ પડી જાય છે અને નવાઇ જેવું એ કે એવું સ્થળ ને એવો સમય કંકાસ કરતા પસંદ કરે કે એને નમતું આપ્યા સિવાય છુટકો જ ન રહે. દા. ત. કોઇ મહેમાન વેર આવ્યા હોય ત્યારે એ કંકાસ ઉભો કરી મુકે એટલે એને જે જોઇએ તે આપવું જ પડે. લાલચ આપવાથી તો કંકાસ વધતો જ જાય.

પરાધીનતા (over protection) એ કંકાસનુ મહત્વનું કારણ છે. જે બાળકને જોઇતી વસ્તુ તરત મળી જતી હોય છે તે સમજી જાય છે કે કંકાસ કરવાથી બધાનું ધ્યાન પોતાની તરફ ખેંચી શકે છે અને બધાને પોતાના કાબુમાં રાખી શકે છે. તેથી એકનું એક બાળક ઘણીવાર કંકાસીયું હોય છે. કોઈ સખત માંદગી વખતે કે માંદગી પછી બાળક કજીયાખોર ને ચીડિયું બની જાય છે અને સહાનુભુતિ ને બીજાનું ધ્યાન પોતાના તરફ ખેંચવાનો પ્રયત્ન કરે છે

માબાપનાં વર્તનની છાપ પણ કંકાસમાં દેખાઇ આવે છે. બાળકો અનુકરણશીલ અને સૂચનાપ્રધાન હોય છે. ઘણીવાર તે માને કહેતા સાંભળે છે, "એ તો બહુ જલદી ચીડાઈ જાય છે. એના બાપ જેવો જ છે. એ લોકોના કુટુંબમાં બધા એવાજ છે" તેથી કુટુંબનું એક લક્ષણ હોવાથી કંકાસ કરવામાં બાળક અભીમાન લે છે. એને થાય છે કે માની ઇચ્છા મુજબ કંકાસ કરવો જ જોઇએ. કોઇવાર શિક્ષા થઈ હોય ત્યારે વચ્ચે જ અથવા શિક્ષા મળવાની બીકે કંકાસ ઉભો કરે છે.

ભાવનાત્મક અસલામતી (Emotional insecurity)ને લીધે પણ કંકાસ ઉભો થાય છે. વાસ્તવિક અથવા તો કાલ્પનિક રીતે બાળક એમ ખ્યાલ ધરાવતું હોય છે કે એની તરફ કોઇને પ્રેમ કે લાગણી નથી તે

પછી અજાણતાજ શું સાચું છે તે કંકાસ દ્વારાજ તે જાણવાનો પ્રયત્ન કરે છે. એ જાણે પોતાને પૂછે છે, "હું ખરાબ છું (કંકાસ કરું છું) તેથી મા મને મારશે કે મારી નાખશે?" આમ તેના અવિકસિત (unconscious) માનસમાં બીક રહ્યા કરે છે. જો તેની મા તેને મારે તો પછી પોતાની મા ક્રૂર છે એ ખ્યાલ એનામાં દ્રઢ થાય છે, જેથી ભાવનાત્મક અસલામતી વધે છે અને તેથી કંકાસ પણ વધતો જ જાય છે અને તે દ્વારા પોતાની માતા વિષેના પોતાના અભિપ્રાયની તે પરીક્ષા કરે છે.

અતિશય ક્રોધ કોઈ શારીરિક રોગ થયો હોય ત્યારે પણ જોવામાં આવે છે. દા. ત. post-encephelitic સ્થિતિ, ફેફરું (epilepsy)ને માથાની ઈજા.

જેઓમાં માનસિક ખોડ હોય તેમનામાં પણ જોર ભેર ગુસ્સો દેખાઇ આવે છે.

ઉપાય.

કોઇ રોગ તો નથી તે જાણવા માટે શારીરિક તપાસ કરાવવી જોઇએ. બાળકની સાધારણ તબીયતની તપાસ કરી ખાવા સુવા ને મલ વિસર્જન બાબત કોઇ કુટેવો હોય તો સુધારવી. બાળકને પૂરતું રમવા ન મળતું
ય તો રમતનો પ્રબંધ કરવો.

કંકાસના કારણો બરાબર શોધી કાઢવા જોઇએ. બાળક પ્રત્યે વાલીઓનું ખોટું વર્તન કે જેને લીધે કંકાસ ઉભો થાય છે તે સુધારવું જોઇએ અને તેમ ન થાય તો તેમાં થોડો ફેરફાર કરવો જોઇએ. આને લીધે વાતાવરણ શાંત થાય છે અને એને અનુકુળ થવું બાળકને સહેલું પડે છે. વાલીઓમાં પણ વિશ્વાસ ઉભો કરવો જોઇએ કે એમના બાળકને કોઇ જાતનું ગાંડપણ નથી કારણ બાળકને કંકાસ કરતું જોઈ એ જાતના વિચારો એમના મનમાં ઘણી વખતે પ્રવેશ પામે છે.

કંકાસ વખતે બાળકને વઢવું ન જોઇએ અને વાલીઓ પણ પોતાનો મીજાજ ખોવો ન જોઈએ. એને શાંતિથી કારણો આપી સમજાવવું જોઈએ. શા માટે એની ઇચ્છા મુજબ થઇ શકતું નથી. એની માગણી અયોગ્ય છે તેમ સમજાવવું જોઇએ. આમ છતા જો કંકાસ કરે તો એની દરકારજ ન લેવી જોઈએ. એનું તોફાન પુરૂ થવા દેવું પણ આ સમયે તદન બેદરકારી ન બતાવતા વચ્ચે વચ્ચે બાળકને સમજાવવાનો પ્રયત્ન પણ કરવો નહિ તો એમ લાગે કે માતાને પોતાની તરફ બિલકુલ પ્રેમ નથી. આથી ઘણું ખરૂં આવી ટેવ થોડાજ વખતમાં જતી રહે છે. બાળક શીખે છે કે કંકાસ કરવાથી કંઇ બધા પર પોતાનો હક્ક સ્થાપિત કરી શકાતો નથી. આમ ચોકકસ આગ્રહ રાખવાથી આ જાતની જોઇતી વસ્તુ મેળવવાની કે બીજાનુ ધ્યાન પોતાની તરફ ખેંચવાની કે લાલચ લેવાની ટેવ દુર થાય છે કારણ કે એની દ્વારા એને કોઇ જાતનો ફાયદો મળતો નથી અમુક કંકાસ જે - post-troumatic (માથાનો માર) અને post encephalitic જેવા રોગોને લીધે ઉભો થાય છે તેની ઉપર Amphetamine sulphateની બહુ સારી અસર થાય છે. જો કંકાસનું કારણ કોઇપણ જાતનો રોગ ન હોય છતાંપણ જેમાં બાળક ખૂબ મારતું પણ હોય અને E. E. G. ખૂબ કૃત્રિમ હોય તેમાં પણ amphetamin sulphate આપવાથી ફાયદો થાય છે.

ઘટનાઓના દાખલા.

એક ડોકટર સાત વર્ષના છોકરાને ચાઇલ્ડ ગાઇડન્સ ક્લિનિક (Child Guidance Clinick)માં લઇ આવ્યા કારણ તેને બાળકના વાલીઓએ કહ્યું કે તે બાળક આખો વખત પેટમાં છરી ભોંકી અથવા તો બારીમાંથી બહાર કુદી પડી આપઘાત કરવાની બીક બતાવ્યા કરે છે વાલીઓને મળવાથી જાણ્યું કે તેમને બીક હતી કે તેમના બાળકમાં કોઇ જાતનું ગાંડપણ છે. તેમણે એમ પણ કહ્યું કે બાળક ગમે તેવી અયોગ્ય વસ્તુ માંગે તો પણ મળવીજ જોઇએ, નહિ તો ખુબ હઠ લઇને બેસે (દા. ત. એને એકવાર સાયકલ જોઇતા હતી. સાઇકલ પાછળ પૈસા-ખર્ચી શકે એવી એમની સ્થિતિ નથી એમ ઘણું સમજાવ્યું, પરિસ્થિતિ સુધરતા જરૂર અપાવશે છતાં માન્યું નહિ) એનો કંકાસ શરૂ થઇ જાય, ખાવા પીવાનું બંધ થઈ જાય ને આપઘાતની વાત શરૂ થઈ જાય, થોડે અંશે એનું બોલવાનું પણ અશુધ્ધ હતુ. અમુક શબ્દોના ઉચ્ચાર તે કરી શકતો નહિ. તેની મા બહુ ગભરાઈ જતી અને જે માંગે તે તરત આપી દેતી. મહેમાન ઘેર આવ્યા હોય ત્યારે તો ખાસ આ પ્રમાણે વર્તે. જ્યારે ડોકટર બાળકને ક્લિનિકમાં લાવ્યા ત્યારે માબાપ તો તેનાથી તદ્દન કંટાળી ગયા હતા અને શું કરવું તેની કાંઈ સમજ પડતી ન હતી.

એનો વિકાસ સર્વસામાન્ય હતો એટલુંજ કે

* * * * * *

એક નાનું સરખું ખેતર. એને નાની સરખી ખાવા જેઇશે. ઠંડીમાં શોધવા જશો તો મરી વાડ. વાડમાં બે જણ રહે. એક રહે કીડીકાકી જશો." પણ તીડભાઇ શેનાં સાંભળે? તે તો બસ અને બીજા રહે તીડભાઇ. કીડીકાકી કામે જાય ઘોર્યા જ કરે.

અને તીડભાઇ ખૂબ ખાય. કીડીકાકી આખો પછી તો શિયાળો આવ્યો. ઠંડી તો ખૂબ દિવસ ખાવાનું ભેગું કરે અને તીડભાઇ તો બેસી જ પડવા લાગી. બહાર તો નીકળાય નહિ, કામકાજ રહે, આંખો મીંચીને ઊંઘ્યા જ કરે, નસકોરાં થાય નહિ. તીડભાઈએ ખાવાનું એકઠું કરેલું બોલાવ્યા જ કરે. તે તો ખૂબ આળસ કરે. પણ નહિ. અને પેટમાં તો લાગે લાય. હવે શું થાય?

કીડીકાકીને ઘડીની યે નવરાશ નહિ. આખો દિવસ કીડીકાકી આવ્યા. થોડું ખાવાનું લાવ્યા. ચાલ ચાલ કરે અને ખાવાનું એકઠું કરે. તીડભાઈ જમ્યા. તેમને કીડીકાકી બહુ ગમ્યાં.

કીડીકાકી તીડભાઇને કામ કરવા બહુ તીડભાઈ શરમાયા. તે બોલ્યા, "કીડીકાકી. હવે હું સમજાવે. પણ તીડભાઇ તો એકના બે ના થાય. રોજ કામ કરીશ અને ખાવાનું ઘરમાં ભરીશ."

એમનો દિવસ આળસમાં જ જાય. કીડીકાકી કહે, રોજ રોજ જે કરીએ કામ,

"તીડભાઇ, થોડું ખાવાનું ભેગું કરી લો. શિયાળામાં દુઃખ તણું ના આવે નામ.

દિવ્યકુમાર દ્વિવેદી



ઉડ્યું

નાની બેન

નાની બેન મારી,
ગમે મને ભારી,
આખો દિ, ગીત ગાતી,
સૌને લાગે વા'લી,....
નાનીબેન મારી

એને ગીતે મીઠાશ,
એની મીઠી સુવાસ,
એ ઊડે આસપાસ,
એ ધરતી ભરે સારી....
નાનીબેન મારી

હસતી એ રોજ રોજ,
સૌને કરાવે મોજ,
જાણે વસંતની,
ખીલી ફૂલ કયારી....
નાનીબેન મારી

—રમેશ કોઠારી

આ નાનાં ખાનામાં એક
સુંદર પક્ષી
ખોવાઇ ગયું છે!
તમારે શોધી કાઢવું છે!
તો
એક ટપકાંવાળા ખાનામાં ભૂરો રંગ પૂરો,
બે ટપકાંવાળા ખાનામાં લીલો રંગ અને
ત્રણ ટપકાંવાળા ખાનામાં વાદળી પૂરો.

તમારી પાસે રંગ ન હોય તો
બધાં ખાનામાં પેનસિલનો રંગ પૂરો.
જે પક્ષીનું ચિત્ર નીકળે એની ઉપર એકાદ
જોડકણું લખો કે થોડાં સરલ વાકયો લખો.
પછી એ લખાણ અમને મોકલજો. સરસ હશે
તો બાલવિભાગમાં છાપીશું. તમારી ઉમર ને
તમારું સરનામું જરૂર લખશો. અમારું સરનામું :

બાલવિભાગ—કેસરબાગ—વડોદરા કેમ્પ.

એક મોટું જંગલ, તેમાં ઊંચા ઊંચા ઝાડ. અમાસની રાત્રે ચંદ્ર તો ઊગે જ શાનો? બધે અંધારૂં અંધારૂં.

એક બાજુ વાઘની ગર્જના સંભળાય, બીજી બાજુ શિયાળની લાળી સંભળાય. ઝાડ પક્ષી ઘુવડ ઘુ.....ઘુ કરી ઘુરકે.

તબડાક. તબડાક.

જંગલમાં થઇને એક ઘોડો દોડયો જાય છે. પાસેના ગામનો રાજકુંવર જંગલમાં શિકાર કરવા નીકળેલો. શિકાર પાછળ ઘોડો દોડાવતાં દોડાવતાં ભૂલો પડી ગયો. રાત પડી ગઇ. રસ્તો જડે નહિ. રાજકુંવર થાકી પણ ગયેલો, પણ કાંઈ જંગલમાં એમ ઊંઘી જવાય?

દૂર દૂર રાતના અંધારામાં દીવાનો જબકારો દેખાયો. 'શું હશે? કોઇનું ઘર! લાવ; તપાસ કરું' કહી એણે તો ઘોડો દોડાવ્યો.

મોટા મોટા ઝાડ વચ્ચે એક મોટું મેદાન હતું. અંધારામાં આખું ઘર તો દેખાયજ શાનું! દરવાજામાં, દીવા નીચે એક કાળો કાળો માણસ ચોકી કરતો ઊભેલો. એવો ભયંકર કે બીકણ હોય તે તો એને જોઇને નાસીજ જાય! રાજકુંવર તો હિંમતથી પાસે ગયો. પૂછયું:

'ભાઇ પ્રવાસી છું. જંગલમાં ભૂલો પડયો છું. રાત રહેવા મળશે?'

ચોકીદાર કહે: 'અરે, અહીં રાત રહેવાનું કેવું? પણ ઊભો રહે, મોટી બાને પૂછી જોઉં!

થોડી વારે બારણું ઊઘડયું અને મોટી બાએ બહાર ડોકિયું કર્યું. કાળા કાળા સાડલામાં ગોરું ગોરું મોં, ગોરું ગોરું મોં ને પાછી કાળી ચમકતી આંખો. મોટી બા ભલી લાગી.

રાજકુમારે પોતાની વાત કરી. મોટી બાએ એને રાત રહેવાની રજા આપી.

ઘર તો મોટું મહેલ જેવડું. એક મોટા ઓરડામાં એને લઇ ગયા. સરસ સરસ બબડાવ્યું અને ઓરડાની વચ્ચે નાની ગાદીમાં એને સુવડાવ્યો. પછી મોટી બા ગઇ.

ઠબ, ઠબ, ઠબ. ઠબાક, ઠબ, ઠબ.

બહાર ઘણા માણસો દોડાદોડ કરતાં હતાં. રાજકુમાર જાગી ગયો. બારણા પાસે બે જણ વાતો કરતાં હતા:

'હવે શું કરીશું! મોટો તો મામાને ઘરે ગયો છે. નાનો દાદાને ગામ ગયો છે. વરસાદ હવે કોણ વરસાવશે!' મોટી બા બોલી.

'એક ઉપાય છે, બા' દાસી બોલી. 'આપણા મહેમાનને કહીએ. એ આપણું, આટલું કામ કરશે. ઘોડે બેસતા તો એને આવડે જ છે.'

રાજકુમાર તો ઊઠીને બહાર દોડયો. કહે: 'શું કામ છે?

મોટી બા કહે: 'મારાં બંને છોકરા દૂર દેશ ગયાં છે. એ છે ઇન્દ્રરાજાનાં દૂત. ઇન્દ્રરાજા દેવોના રાજા, વરસાદ વરસાવવાનું એમનું કામ. એમનો હુકમ આવ્યો છે: આ દેશમાં વરસાદ વરસાવો. એ કામ હવે કોણ કરશે? કામ ન થાય તો મારા છોકરાને સજા થાય.'

રાજકુમાર કહે: ઓહો, એમાં શું! વરસાદ વરસાવવાનું તો મને ગમે. કામ કેમ કરવાનું એ કહો.'

મોટી બાએ કહ્યું: 'એ તો બહુ સહેલું છે. જો, અમારો આકાશી ઘોડો છે. એના પર બેસીને તારે વાદળમાં ઉડવાનું. આ શીશીમાં વરસાદ ભર્યો છે. જ્યાં જ્યાં ઘોડો પગ પછાડે, ત્યાં ત્યાં તારે એક ટીપુ વરસાદનું રેડવું. જોજે વધારે રેડીશ નહીં. કામ પૂરું થશે એટલે ઘોડો પોતાની મેળે જ પાછો અહીં આવશે.'

બહાર સફેદ પાંખવાળો ઘોડો તૈયાર જ હતો. રાજકુમાર તો એના પર બેસીને ઉડયો.

કાળી કાળી રાતમાં કાળા કાળા વાદળાં વચ્ચે થઇને એનો સફેદ ઘોડો ઊડતો જાય. ઘોડો પગ પછાડે એટલે ધડાકા અને ગડગડાટ થાય-જાણે હાથીઓ ગબડયાં, જાણે તોપો ફૂટી. રાજકુમાર શીશીમાંથી ટીપું રેડે કે વરસાદના ફોરા પડવા માંડે.

વસંત આવી! વસંત આવી!
રંગબેરંગી! ફૂલ ફૂલાવી!

વસંત આવી
વસંત આવી
વસંત આવી! વસંત આવી!
આખા વગડે, રંગ જમાવી!

હસતી આવી
રમતી આવી
વસંત આવી ! વસંત આવી
મીઠી લહેરો! લેતી આવી!

ખીલતી આવી,
ઝુલતી આવી,
વસંત આવી ! વસંત આવી!
ડાળે ડાળે ! પાને પાને!

રંગ બેરંગી,
ફૂલડાં લાવી,
વસંત આવી! વસંત આવી!
બાળકને મન આનંદ લાવી,

રંગ ભરેલો,
ઉત્સવ લાવી
વસંત આવી! વસંત આવી!
વસંત આવી! વસંત આવી!

સરર્ર સરર્ર કરતો વરસાદ જમીન તરફ દોડે. અંધારામાં જમીન દેખાય નહીં. ઘોડો વળી આગળ દોડે.

એકવાર ઘોડાએ જોરથી પગ પછાડ્યો એટલે તો ગડગડાટ સાથે વીજળીના ચમકારા પણ થયા. વીજળીના ચમકારમાં નીચે જોયું તો લીસોટા જેવી શેરીઓ અને ટપકાં જેવડાં ઘર. નાના ટપકાં વચ્ચે એક મોટું ટપકું દેખાયું.

એ મોટું ટપકું હતું એનો રાજમહેલ.

ઘર યાદ આવ્યું અને રાજકુમાર મોટી બાની વાતજ ભૂલી ગયો. એણે તો શીશી ત્યાંજ ઊંધી વાળી દીધી. પછી તો વરસાદના ઝાપટે ઝાપટાં પડ્યાં. જમીન પર બધે પાણીને પાણી.

ઘોડો તરત જ પાછો ફર્યો. મોટીબાના ઘર આગળ આવીને જમીન પર ઉતર્યો. બારણામાં જ મોટી બા ઊભેલી એની મોટી મોટી આંખોમાંથી આંસુઓનો વરસાદ વરસે. રાજકુમાર તો વિચારમાં પડી ગયો.

મોટી બા બોલી:

'આ તેં શું કર્યું, છોકરા! એક ટીપાને બદલે વીસ ટીપા સામટાં નાખી દીધા! એક ટીપુ વરસાદ નાખે તો જમીન પર એક ફૂટ પાણી ભરાય. તે વીસ ટીપા નાખ્યા એટલે ત્યાં વીસ ફૂટ પાણી ભરાઇ ગયું. બધા ગામ ડુબી ગયાં, બધા ગાય-ભેંસ તણાઇ ગયા, કેટલાય માણસ મરી ગયાં. તુ હવે નાસી જા. તારા બા-બાપુની બબર કાઢ. મારો છોકરો આવશે તો તને જીવતો નહીં મૂકે. નાસ, છોકરા, નાસ.'

રાજકુંવરે તો પોતાનો ઘોડો પશ્ચિમ દિશામાં દોડાવી મૂક્યો. સૂરજ ઊગે ત્યારે અંધારું નાસી જાય એમ એ પણ નાસી ગયો. અને અદૃશ્ય થઈ ગયો.

(પૃષ્ઠ ૧૨ થી ચાલુ)

એ બોલતા જરા મોડો શીખ્યો હતો. એ હંમેશ માંદલો તો રહે છે. એને પાંચ ભાઇ ને બે બેન છે. એનાં કરતાં એકજ નાનું બાળક છે. એની I Q પણ સર્વસામાન્ય છે અને એની શાળાની પ્રગતિ પણ સાધારણ સારી છે એ પોતાનાથી નાનાંને બહુ ચીડવતો, એને પોતાનાં નાનાં ભાઇની આંગળી મરડી નાખવી બહુ ગમતી. એનો નાનો ભાઈ મા પાસે સૂવે એટલે એને ભાઇ પ્રત્યે બહુ અદેખાઇ થતી.

સકાઇએટ્રિક (Psychiatric) મુલાકાત વખતે તે સંકોચ વગર છૂટથી વાતો કરતો. એ કહેતો કે એને અને એના ભાઇ વચ્ચે ખૂબ પક્ષપાત (discrimination) થતો. એને જ્યારે પોતાને ગમતાં ભાઇબેન ક્રમવાર બોલવા કહ્યું ત્યારે સૌથી નાના ભાઇ સિવાય (જણી જોઇને) બીજા બધાંના નામો બોલી ગયો. તેને પોતાના નાના ભાઇ પ્રત્યે ઇર્ષા ને સ્પર્ધા થાય છે તે સમજાવ્યું અને અજાણતાં તે પોતાની માતાનું ધ્યાન તથા સહાનુભૂતિ પોતાની તરફ મેળવવાનો પ્રયત્ન કરે છે એમ કહ્યું અને એમ પણ સમજાવ્યું કે આ જાતની ધ્યાન ખેંચવાની રીત બહુ અણવિકસિત (immature) હતી. વાલીઓની પણ મુલાકાત લીધી અને નીચે પ્રમાણે સૂચના આપી :–

પહેલાં તો તેમને ચોકકસ અભિપ્રાય આપ્યો કે બાળકમાં કોઇ પણ જાતનું ગાંડપણ નથી તેથી તેમની ચિંતા દૂર થાય. તેમને ચેતવ્યા કે બાળકના આપઘાતની બીકથી ચેતતા રહેવું અને તે કંકાસ કરે એમ લાગે કે તરત છરી, કાતર જેવા સાધનો એનાથી સંતાડી દેવા અને અગાસીનું બારણું બંધ કરી દેવું. પણ આ સાવચેતીની બાળકને ખબર પડવા દેવી નહિ.

એ કંકાસ કરે ત્યારે એની બિલકુલ દરકાર ન કરવી અને એને સમજાવી દેવું કે એ માગે છે તે વસ્તુ મળવાની નથી. આમ સમજાવ્યા પછી પણ કંકાસ ચાલુ રહે તો તેની તરફ તદ્દન બેદરકારી બતાવવી. પણ વચ્ચે વચ્ચે એની ઇચ્છીત વસ્તુ કેમ મળતી નથી તે સમજાવવાનો પ્રયત્ન કરવો. વાલીઓને કહી રાખ્યું હતું કે અયોગ્ય માગણી હોય તો પૂરી પાડવાનો પ્રયત્ન નજ કરવો. અને પોતે પણ ચીડાઇ ન જાય તે પર ખાસ ધ્યાન આપવુ અને તેના અને બીજા ભાઇ બેન પ્રત્યે સરખી લાગણી ને પ્રેમ બતાવવા. તેમને સમજાવ્યું કે કંકાસનું કારણ અજાણતા માબાપની સહાનુભૂતિ ને ધ્યાન પોતાની તરફ ખેચવું તે જ છે. આમ કરવાનું કારણ એટલું જ કે એને પક્ષપાત થઈ રહયો છે. એના ભાઇ તરફ વધારે સહાનુભૂતિ અને ધ્યાન અપાઇ રહયું છે. માબાપને કહેવામાં આવ્યું કે કુટુંબમાં બીજા બધાંને સૂચના આપી રાખે કે કોઇએ એને ચીડવવો નહિ કે ગાંડો છે એમ કહેવું નહિ. 'વાલીઓનો બહુ સારો સહકાર મળ્યો અને એમણે બધી જ સૂચનાઓ અમલમાં મૂકી

થોડો વખત કિલનિકમાં આવ્યા પછી એનો મોટો ભાઇ આવીને કહી ગયો કે હવે એને બહુ સારૂં છે. હવે એનો કંકાસ બંધ થયો છે. પણ હજુ થોડું તોફાન કરે છે. જો કે એ જાતનું તોફાન એની ઉમ્મરના બીજા બાળકોમાં સામાન્ય રીતે દેખાઇ આવે છે. હવે એ આપઘાત કરવાની બીક બતાવતો નથી કે નથી નાના ભાઈની અદેખાઇ કરતો. તેની હાલ મુલાકાત લેતા જણાયું કે હજુ પણ તેનામાં વધુ ને વધુ સુધારો થતોજ જાય છે.

[ધી ઇન્ડીયન જર્નલના – ચાઇલ્ડ હેલ્થના સૌજન્યથી] –ડા. જે. સી. મારફતીયા

બાળકો હવે બોજારૂપ નથી

બાળકોની સંભાળ લેવામાં અને ઘરકામમાં કોઇ મદદ માટે ન હોવાથી કામ કરતી કેટલીયે સ્ત્રીઓએ પોતાનું કામ છોડી ઘરમાં બેસવું પડે છે. પણ નૂતન ચીનની શી સ્થિતિ છે ? એના જવાબ માટે એક કાપડની મીલમાં કામ કરતી સ્ત્રીને આપણે મળીએ.

આ સ્ત્રીને સાત છોકરાં છે.–ત્રણ છોકરી ને ચાર છોકરા – સૌથી મોટી ૧૬ વર્ષની છોકરી મ્યુનિસિપલ માધ્યમિક શાળામાં ભણે છે. બીજાં ત્રણ છોકરાં ઇસ્ટ ચાઇના બોર્ડ ઓફ ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીએ સ્થાપેલી કામગારોનાં છોકરાઓ માટેની પ્રાથમિક શાળામાં જાય છે. એક પાંચ વર્ષનો છોકરો કિન્ડરગાર્ટન શાળામાં જાય છે. ત્રણ વર્ષના બાળકને ઘેર દાદીમા સંભાળે છે ને સૌથી નાનું બાળક મીલનાં ઘોડિયા ઘર–ક્રેશ–માં જાય છે.

નવાઇ જેવું તો એ છે કે આ બધાનો ખર્ચ લગ-

ભાગ ૩૧૭,૦૦૦ યેન જેટલો થાય છે. એટલે તેમની આવકમાંનો બહુ જ થોડો ભાગ એમાં વપરાય છે. તે અને તેનો પતિ–જે ટેકનીશીયન છે. તે બન્ને મળી લગભગ ૨,૪૦૦,૦૦૦ યેન જેટલું કમાય છે. ક્રેશને ફક્ત મહિને ૫૦૦૦ યેન આપવા પડે છે અને તેના બદલામાં તેમનાં બાળકને પાઉડર વાળું દૂધ, ઈંડા, લીવર, કોડલીવર ઓઇલ ગ્લુકોઝ ને કેલ્શિયમની ગોળીઓ મળે છે. ખોરાક સિવાય કપડાંમાં તેમને પૈસા ખરચવા પડે છે. આ વધતાં જતાં બાળકોનાં કપડાં પાછળ લગભગ અર્ધો લાખ યેન ખર્ચવા પડે છે. અને વળી એ બધાં લોકોને સારાં સારાં કપડાં ગમે એટલે ખર્ચો તો થાય જ ને ! બધો જ ખર્ચ કર્યા બાદ તેઓ મહિને ૨૦૦,૦૦૦ યેન બચાવે છે અને તે બેન્કમાં મૂકે છે.

વળી લેબર ઇન્સ્યોરન્સ રેગ્યુલેશન્સ પ્રમાણે ટ્રેડ યુનિયન કમીટીનો એક સભ્ય સ્ત્રી કામગારોને કામમાં અથવા ઘરમાં ઉભી થતી મુશ્કેલીઓ દૂર કરવામાં મદદ કરે છે. ટ્રેડ યુનિયનનાં સભ્યો તરીકે તેમને અનેક ફાયદા થાય છે. તેમાંનો એક તે સુવાવડ વખતે પગાર સાથે ૫૬ દિવસની રજા મળે. આવું પહેલાં તો કોઈ દિવસ બન્યું જ ન્હોતું ! તે ઉપરાંત કામગારો માટે ડોકટરી તપાસની પણ બહુ સારી વ્યવસ્થા કરવામાં આવી છે.

તેમની સુવાવડ વખતે સંભાળ રાખવા પાંચ ડોકટરો ને નર્સોની વ્યવસ્થા રાખવામાં આવી છે. સુવાવડી સ્ત્રીઓને સહેલું કામ આપે છે જેથી કસુવાવડનો ભય ન રહે. બધાં જ કારખાનાં અને મીલોમાં કામ કરતાં કામગારોનાં કુટુંબોને પણ મફત ડોકટરી મદદ મળી શકે છે. સારો પગાર, લેબર ઈન્સ્યોરન્સ રેગ્યુલેશન્સને ટ્રેડ યુનિયનમાંથી જોઇએ એટલો લાભ મળવાથી આ સ્ત્રી કે તેના પતિને કોઇ જાતની ચિંતા રહેતી નથી. આ નવા લોકશાહી રાજ્યમાં તેઓની અનેક આશાઓ ફળીભૂત થઇ છે. અને પોતાના રાજ્ય માટે તેમને અભિમાન છે. અત્યારે ચીનમાં આ સ્ત્રી જેવી બીજી હજારો સ્ત્રીઓ છે જે નિશ્ચિંતપણે પોતાનું જીવન યાપન કરી રહી છે.

('ચાઈના પિકટોરીઅલ' જુન, ૧૯૫૩)

બાળમંદિરમાં શું જોશો ?

૧. શિક્ષક-શિક્ષકો અને બાળકો આનંદી છે ? માનસિક ખેંચતાણ (Nervous Tension) થી તેઓ મૂકત દેખાય છે ? દમાએલા વાતાવરણને લીધે તેઓ અપ્રસન્ન દેખાય છે ? કે પોતાનાં કાર્યમાં ઉત્સાહ અને સ્વાભાવિકતા છે ? બાળમંદિરનાં વાતાવરણમાં તદ્દન વ્યવસ્થા કરતાં પણ પ્રસન્નતાને મહત્વ અપાય છે. અપ્રસન્નતા એ સારા બાળમંદિરનું લક્ષણ હોઈ શકે જ નહિ.

૨. બાળકો પ્રવૃત્તિમય દેખાય છે ? તમે બાળમંદિરમાં જેટલો વખત ગાળ્યો તેટલા વખતમાં બાળકો પોતપોતાનું કામ શોધી તેમાં મગ્ન દેખાતાં હતાં કે આમ તેમ ફરતાં સૂચનાની વાટ જોતાં હતાં. તેઓ જે કંઇ કરતાં હતાં તેમાં રચનાત્મક પ્રયત્ન દેખાતો હતો કે ફકત વખત ગાળવા જ તેમ કરતાં હતાં ?

૩. બાળમંદિરનો વિભાગ, ક્રોડાંગણ, આંગણું, બાગ વ્યવસ્થિત ને સ્વચ્છ દેખાતાં હતાં ? ત્યાં નિષ્કાળજી, બેદરકારી ને અવ્યવસ્થાનું પ્રદર્શન તમને દેખાયું ? બાળમંદિરમાં સુંદર વ્યવસ્થા એ સારા સંચાલનનું લક્ષણ છે. બધી વસ્તુ બરોબર જ્યાં હોવી જોઇએ ત્યાં જ હોય તે બાળશિક્ષણની દૃષ્ટિએ ઘણું મહત્વનું છે. જ્યાં ગેરવ્યવસ્થા ને ગોટાળો હોય ત્યાં બાળકને કઇ જાતનું શિક્ષણ મળી શકે !

૪. બાળમંદિરનાં કાર્યકર્તાઓમાં સંઘવૃત્તિ (Team spirit) જણાઇ આવે છે ? જ્યાં દરેક વ્યકિત પોતાનું કાર્ય પાર પાડી બીજાને ઉત્સાહભેર મદદ કરવાનો પ્રયત્ન કરે અને શાળાનું અંતિમ હિત ધ્યાનમાં રાખનારા જ કાર્યકર્તાઓ હોય તેવા વાતાવરણમાં વ્યવસ્થા અને એકમત જ દેખાઈ આવે છે.

૫. બાળમંદિરમાં તમારા બાળક માટે પૂરતી જગ્યા છે કે ? એક નાનાં ભરચક ઓરડામાં બાળકો બેઠાં છે કે એની પ્રવૃત્તિ ને હિલચાલ માટે ખૂલ્લી, પ્રકાશ ને હવાથી ભરપૂર જગ્યા છે ? બાળકનાં આરોગ્યની દૃષ્ટિએ તેની હિલચાલ માટે મોકળી જગ્યા પોષક અન્ન જેટલી જ મહત્વની છે.

૬. બાળમંદિરમાં શિક્ષક – શિક્ષિકાની સંખ્યા પૂરતી છે ? સામાન્ય રીતે ૨૫ બાળકોની સંખ્યા થાય તો એક શિક્ષક કે શિક્ષિકા હોવાં જોઇએ.

૭. સાધનો અને પ્રવૃત્તિ પૂરતાં છે ? ફકત સાધનની સમૃદ્ધિને લીધે અથવા તો સુંદર ઇમારત ને સુંદર સાધનોને લીધે બાળમંદિર સુંદર છે એમ કહી શકાય નહિ. પણ સાધન કે પ્રવૃત્તિના અભાવે ઉત્તમ ક્રિયાત્મક શિક્ષણ પણ શકય નથી. ક્રિયાત્મક શિક્ષણમાં સાધનોની જરૂરિયાત હોય છે જ. વિવિધ સાધનો હોવાં જોઇએ અને તેનો વપરાશ પણ થવો જોઇએ.

(પૃષ્ઠ ૧૦ થી ચાલુ)

'લે હવે, મને શાનો વચમાં લે છે? તારો આ કુંવર ને પેલી તારી વેંતની છછુંદરી ફાવે એમ નાચે ને કંઈ ભાંગવટ થઈ કે પકડ મારું ગળું!-તુંય ખરો દીકરો છો!'

'પણ તને દેખાતું નહોતું?—આંધળો હતો? —તારે છોકરાંને વાળવા નો જોવેં?'

'અરે એ તો બેઠો બેઠો સરાખું દેતો હશે.'

પાછળથી શંકરની વહુ બોલી ઊઠી:

'એની આંખે આ બધું દીઠું ખમાતું નથી.'

શંકર બોલી ઉઠ્યો:

'દેખાતું ન હોય તો આંખોમાં બીલા મારે-સા...ડોશલો. સાઠી બુદ્ધિ નાઠી. હવે આ કંઈ જીવવાની વય છે તારી?—હજી શું અમારા લેણાં બાકી રહ્યાં છે?'

'તને હું શું નડું છું? હું મારે અહીં એક કોરે પડયો રહું છું. તું દે છે તો કટકો રોટલો ખાઉં છું ને નથી દેતો તો ભીખ માંગી ખાઉં છું. —અને ત્યાંય જાણે તું જ મને પાળતો હોય એમ ગામમાં ગાજે છે!'

'ના, હું નહીં, બીજો તારો કાકો તને પાળવા આવે છે.'

'અરે એ તો ખાતો જાશે ને બાસડો આપતો જાશે.'

પાછળથી કૌશી બોલી.

મહેમાનો બધાં શાંત પાડવા વચ્ચે પડતાં હતાં પણ શંકરનો પિત્તો હવે હાથ નહોતો.

'બાસડાં તો એ બાશે.'

શંકર આગળ વધ્યો:

'જોયું છે આ ડાબા પગનું? માથામાં પડશે તો આલ ઉતરી જશે'

એણે તો ખરે જ જોડો કાઢયો ને હાથમાં લઈ બતાવ્યો.

હવે ડોશાનો બિજાજ હાથમાં ન રહ્યો. એ જેવી આવે તેવી ગાળોનો વરસાદ વરસાવવા લાગ્યો. આથી શંકર ખૂબ તપી ગયો અને એણે હાથમાંનો જોડો ઉપાડીને ડોશાના માથામાં માર્યો.

ડોશો તો એક ધક્કાનો જ સાથી હતો. એ નીચે પડી ગયો. પછી તો બીજા લોકોએ શંકરને રોકી લીધો.

છતાં શંકર મ્હોંએથી જેટલી આપી શકાય એટલી ગાળો દઈ રહ્યો હતો.

ડોશાની પાઘડી એક બાજુ પડી ગઈ હતી.

ડોશાએ ગાળો કાઢતાં પાઘડી લીધી અને ઉભા થઇ માથે વીંટાળવા માંડી:

'વાહ રે વાહ દીકરા, તારા જોડાનો માર તારો બાપ ન બાય તો કોણ બાય? વાહ તારી બહાદુરી! હવે લાનત છે મને જો હું એક મિનટે તારા ઘરમાં રહું તો. હું મારે ચોરે ચૌટે પડયો રહીશ ને ભીખ માંગીને જીવીશ, પણ તારે આંગણે પગ દેવો હરામ છે.'

એમ કહી ડોશો પાઘડી વીંટતો જ વાકી કેડે ચાલવા લાગ્યો. બીજાઓ એને રોકવા માંડ્યો. પણ એ છેવટ છુટીને ચાલ્યો ગયો.

પાછળ શંકરની ગાળો ચાલુજ હતી:

'અરે જા, જા, ટળ અહીંથી. તારા પરતાપે મારું ઘર સદાય મોટો હોળો બનતું રહ્યું છે. તારું, તે કે'દિ' મોત થાય, એની જ હું તો વાટ જોઉં છું.

ડોશો ચાલ્યો ગયો.

શંકરની વહુ બડબડવા લાગી:

'આ તે કોણ જાણે કેવો બાપ છે! અરે એ તો મારા પહેલા છોકરા શિવલાને ભરખી ગીયો'તો! હા, હું બોટું નથી બોલતી. પૂછો જીવા પટેલને. તે દિ' શેન્તીના બાપ ધૂણ્યા તૈયેં શું કીધું'તું? -ઇ ડોશલો જ. —બીજું કોઈ નઇ!'

હવે બધું વાતાવરણ શાન્ત થતું ચાલ્યું હતું. બધાં શાન્ત થઈ નીચે બેસી બીડીઓ પીતા હતા.

જીવા પટેલે ખૂબ ધીમેથી કહ્યું

'અરે પણ ઠંડીનો ઇ ડોશલો ક્યાંક મરી જાશે.'

'કોઇએ જવાબ ન આપ્યો. પણ એકાએક નાની શાન્તી બોલી ઉઠી :

'ભલે મરતો ડોશલો, ઇ ઇજ લાગનો છે.'

બધાંય મહેમાનો એની સામે જોઇ રહ્યાં અને પછી હસી પડ્યા.

એક ન હસ્યો શંકર. એ ગુસ્સામાં બરાડી ઊઠ્યો:

'ચપ કર રાં શેંતડી.

—અને આખા પ્રસંગનો સાથી, એવો હું શાન્તી તરફ જોતો માત્ર આટલુંજ બોલી ઉઠ્યો:

'રેકર્ડ વાગી બરી!'

—બોજસ્.

ઉજ્વલા

દોઢેક વર્ષ પહેલાની આ વાત છે. બાલમંદિરના શિક્ષકો બહાર જવા નીકળ્યાં હતાં. આજકાલ દરરોજ કોઈને કોઈ વાલીને ઘેર મળવા જઈ તેમની સાથેનો સંપર્ક વધારવાનું જ કામ જોરમાં ચાલી રહ્યું છે.

'કેમ આજે કોને ત્યાં જવાના છો?' મેં અમસ્તું જ પૂછ્યું.

'અરે, પેલી ઉજ્વલા છે ને તેને ઘેર. ઉજ્વલા તો એક પ્રશ્ન જ છે ભાઈ.''

'એમ કેમ?' ત્રણેક વર્ષની ઠીંગણી ગોળમટોળ એવી ઉજ્વલાની મૂર્તિ મારી આંખ આગળ ઉભી થઈ. બિલકુલ બોલતી જ નથી અને કંઈ કરતી જ નથી. ઠોયા જેવી આમતેમ ઉભી જ હોય છે. એક સાધન એની આગળ મૂકયું કે જરા હાથ લગાડશે અને ફરી પાછી બાલી એવી જ રહેશે. તે ફરી પાછું જગા પર મૂકતી પણ નથી કે બીજું સાધન લેવાની ઇચ્છા પણ તેના મોઢા પરથી જણાતી નથી.''

'રડે છે બરી?'

'ના. એ કંઈ રડતી પણ નથી. અમસ્તી જ આમતેમ ઉભી હોય છે.'

'થોડો વખત રહીને રમશે અને બોલશે પણ બરી, જરા વાટ જુઓ.'

તેઓ પોતાને કામે ગયા.

ઉજ્વલા સુશિક્ષિત મ
છોકરી છે. બાપ ખૂબ ઉત્સાહી છે
પ્રાણીઓ પાળવા. તેને બહુ ગમે છે
બતક, મોર, હરણ, ગાય એવાં બ
વરણ ખૂબ શાંત હોય છે અને તેથા ઘરમાં બધી જાતની
અનુકૂળતા છે. પણ એક જ વસ્તુ પ્રતિકૂળ છે, તેનાં
જેટલું ઘરમાં બીજું કોઈ જ નથી. મોટાભાઈઓ ઠીક
ઠીક મોટા છે ને આજુબાજુ બહુ બાસ વસ્તી નથી.


23125

પાંચ છ મહિના પછીની વાત છે. અવલોકનની ચર્ચા થઈ રહી હતી. તેમાં ઉજ્વલા પર જ મારો હતો. 'ઉજ્વલા બોલતી નથી', 'ઉજ્વલા કોઈ પણ સાધન પોતાની મેળે લેતી નથી,' 'પહેરેગીર જેવી આમતેમ ઉભી હોય છે' એવી ટીકા ચાલી રહી હતી.

'ઉજ્વલા બહાર દોડી તો નથી જતીને?' 'ના, ના' 'રડતી નથી ને?' 'ના રે ના,' 'ત્યારે જરા વાટ જુઓ' 'પણ કેટલી વાટ જોવાની?' કયારના અમે જોતાં આવ્યા છીએ પણ એ તો એવી ને એવી જ છે; પણ ઘેર બહુ જ બોલે છે.''

'એમ ને? ત્યારે વાટ જુઓ' તે દિવસની ચર્ચા ત્યાંજ પૂરી થઈ.

બીજા બે મહિના ગયા. આજે ઉજ્વલા સાધન લઈ રમતી.' 'હવે ઉજ્વલા રમવા માંડી લાગે છે?' 'અરે ના રે, આપણે એની આગળ એક મૂકીએ તો રમે છે પોતાની ઉત્સુકતા તો છે જ નહીં.' પછી આઠ દિવસ પછી ઉજ્વલાના બાપુજી મળ્યા. 'અરે, ઘેર ઉજ્વલા તો એટલું બોલે છે કે બડબડ કર્યા જ કરતી હોય છે.' 'એમ કે'. પછી બાલમંદિરમાં તપાસ કરતાં જણાયું કે તે બરે-બર ખૂબજ બોલવા મંડી હતી. ખૂબ સરસ રીતે રમતી ી અને તેના મોઢા પર આનંદ દેખાતો હતો.

કળી ઉઘડી. તેના મનોવિકાસ પરનું આવરણ ૂર. હવે તેનો વિકાસ ઝપાટાબંધ થશે. વાટ જોવી એ. ધીરજ રાખવી જોઈએ. બાળક પોતાની ગતિથી જતુ હોય છે એટલે તે અબોલ છે કે કંઈ કરતું નથી એવી ટીકા કરવી યોગ્ય નથી. એ જ ઉજ્વલાએ શીખ-વ્યું બરૂંને?

—અનુતાઇ

'શિક્ષણ-પત્રિકા'ના લવાજમ બાબત

'શિક્ષણ-પત્રિકા'ના લવાજમની રકમ જેઓ ચેકથી મોકલવા ઇચ્છે, તેઓ 'શિક્ષણ-પત્રિકા'ના નામે ન મોકલતાં **'ટ્રેઝરર, નૂતન બાલ શિક્ષણ સંઘ'**, એ નામનો ચેક મોકલવા કૃપા કરે. **—વ્યવસ્થાપક.**